1943 - 1953

(1)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪
અંક : ૧૭

મુંબઈ : ૧ જાનેવારી ૧૯૫૩, ગુરુવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

જીવો જીવસ્ય જીવનમ્

'જીવ જીવનું જીવન છે' એવી લોકોક્તિ પ્રસિદ્ધ છે તેનું મૂળ જીવનમાં રહેલ પશુતા અથવા અમાનુષી ભાવોમાં છે. જીવોના એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના વર્ગો છે. તેમાંથી અમુક પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યને બાદ કરીએ તો સર્વ જીવોની યોનિઓમાં ઉક્ત સૂત્ર તેના યથાર્થરૂપે જોવા મળે છે. એટલે કે સર્વત્ર મત્સ્યગલાગલ ન્યાય પ્રવૃત્ત છે. મોટા જીવો નાના જીવોનો સંહાર કરીને જ જીવનનિર્વાહ કરે છે. તિર્યંચની વાત જવા દઈએ અને મનુષ્ય જાતિના ભૂતકાળ વિષે જો વિચાર કરીએ તો જણાશે કે મનુષ્યે પણ મનુષ્યનો સંહાર કરીને જીવનનિર્વાહ કર્યો છે. જેમ જેમ તેમાં મનુષ્યતાનો વિકાસ થયો છે તેમ તેમ જીવનનિર્વાહ માટે જીવહત્યાનું ક્ષેત્ર સંકુચિત થતું ગયું છે.

સૌથી આશ્ચર્યની વાત તો એ છે કે મનુષ્યના ધાર્મિક જીવનના પ્રારંભનો ઇતિહાસ જોઈએ છીએ તો ત્યાં પણ જીવહત્યા તો શું પણ મનુષ્યહત્યા સુદ્ધાં ધર્મનું અંગ મનાયું છે. અને એવી હત્યા કરીને છેવટે તો તેનો ઉપયોગ જિહ્વા તૃપ્તિમાં જ થતો હતો. ધર્મની આવી પ્રાથમિક સમજથી જ્યારે મનુષ્ય ઉપર ઊઠ્યો ત્યારે તેણે સર્વપ્રથમ અહિંસાની પ્રતિષ્ઠા કરી અને નિશ્ચય કર્યો કે હિંસા અને ધર્મનો મેળ નથી, પણ અહિંસા અને ધર્મનું ઐક્ય છે. સમજ એક વસ્તુ છે પણ તેને જીવનમાં ઉતારવી એ તદ્દન જુદી વસ્તુ છે. એક તત્ત્વ હાથ લાગ્યા પછી તેને જીવનમાં કેમ ઉતારવું એની મથામણ ચાલી.

તત્ત્વજ્ઞાનના પ્રારંભનો વિચાર કરીએ તો અતિ પ્રાચીન કાળમાં પણ, જ્યારે મનુષ્યને કશું જ તત્ત્વજ્ઞાન હતું નહીં ત્યારે પણ તેણે અણુ અણુમાં જીવોનું અસ્તિત્વ સ્વીકાર્યું જ હતું. તેને સર્વત્ર ચેતન તત્ત્વ–જીવન તત્ત્વ–નું અસ્તિત્વ ભાસ્યું હતું. આવી સ્થિતિમાં જ્યારે તેને અહિંસામાં ધર્મ સમજાયો ત્યારે અહિંસાને જીવનમાં સ્થાન કેવી રીતે દેવું તેની ઉંડી મથામણ ચાલે તે સ્વાભાવિક છે. જીવનની એક પણ પળ એવી નથી જ્યારે તેને શ્વાસોચ્છ્વાસ વિના ચાલતું હોય–અને જો વાયુમાં જીવ હોય તો તે વિના જીવન કેવી રીતે ટકે ? અને અહિંસાનું પાલન કેવી રીતે થાય ? ભોજનમાં દેખીતી રીતે માંસ જે કહેવાય છે તેને છોડી દે, છતાં જીવશૂન્ય એવી કઈ વસ્તુ છે જેના આધારે તે જીવન ટકાવી શકે ? જલ, સ્થલ, સર્વત્ર જીવોનું સામ્રાજ્ય છે, તો અહિંસક કેમ બની શકાય ?

આ મથામણમાંથી નિવૃત્તિમાર્ગ તરફ ધાર્મિક લોકોની પ્રવૃત્તિ થઈ. તે એટલે સુધી કે શરીરની, વચનની અને મનની બધી ચેષ્ટાઓને રોકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આ માર્ગ અતિ કઠણ હતો. એકલદોકલ વ્યક્તિને માટે સંભવિત છતાં તે સંઘરૂપે સંગઠિત કોઈ સમાજ માટે સર્વથા અસંભવ હતો. પરિણામે નિવૃત્તિમાર્ગીઓને હિંસા–અહિંસાની વ્યાખ્યા વિષે પુનર્વિચાર કરવો પડ્યો, અને ફલસ્વરૂપે દેખીતા જીવવધમાં હિંસા માનવી જ જોઈએ એ વિચારને જતો કરવો પડ્યો. હિંસાનો આધાર દેખીતા જીવવધ ઉપર જ નહીં પણ વધકના માનસિક ભાવો ઉપર પણ છે અને તે પણ મુખ્યરૂપે છે એમ માનવું પડ્યું. આ પ્રકારે અહિંસામાર્ગીઓએ પોતાની હાર કબૂલી અને 'જીવો જીવસ્ય જીવનમ્' એ સૂત્રનું સામ્રાજ્ય અટળ છે એમ સ્વીકારી લીધું.

નિવૃત્તિમાર્ગીઓએ પોતાના અનુભવને બળે જે હિંસા–અહિંસાની વ્યાખ્યા શોધી અને સ્વીકારી તેથી પ્રવૃત્તિમાર્ગીઓને તો તેમાં એક સારું એવું હથીયાર મળી ગયું. શ્રીમદ્ ભગવદ્ગીતામાં અહિંસાની એ જ વ્યાખ્યાનું રૂપાન્તર મળી આવે છે. અને આત્મા તો અછેદ્ય છે, અદાહ્ય છે એમ કહીને શત્રુ હણવામાં કશી જ હિંસા નથી એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. કર્તવ્યબુદ્ધિ મુખ્ય છે. મનુષ્યના કર્તવ્યો પ્રકૃતિએ નક્કી કરેલાં છે અને તે કરવામાં અનાસકત ભાવ હોય તો કર્તાને કોઇ પણ પ્રકારનો કર્મબંધ–પાપબંધ નથી એમ કહી ક્ષત્રીયનું કર્તવ્ય શત્રુવધ હોય તે કરવામાં કંઈ જ પાપાચરણ માનવાની આવશ્યકતા નથી એમ પ્રતિપાદન કરવામાં આવ્યું. સરવાળે નિવૃત્તિમાર્ગી હોય કે પ્રવૃત્તિમાર્ગી તે બન્ને દેખીતા જીવવધમાં એકાંત પાપ છે જ એમ માનતા નથી. આ પ્રકારે ભારતીય ધાર્મિક સૂક્ષ્મવિચારકો હિંસા–અહિંસાનો વિવેક કરવામાં એક હદ સુધી આગળ વધી અટકી ગયા છે. અને 'જીવો જીવસ્ય જીવનમ્' એ સૂત્રને ખોટું પાડી શકયા નથી. જીવહત્યાના ક્ષેત્રને સંકુચિત કરી શકયા છે પણ જીવહત્યાથી સર્વથા બચવાનો માર્ગ શોધી શકયા નથી. આમાં પરિસ્થિતિની અનિવાર્યતા કારણ છે કે મનુષ્યની પોતાની સ્વાર્થતત્પરતા એ વિચારવું પ્રાપ્ત થાય છે.

પ્રાણધારી જીવની પરિસ્થિતિ જ એવી છે કે તે સ્વાર્થતત્પર ન હોય છતાં પણ કશી જ પ્રવૃત્તિથી શૂન્ય–સર્વશૂન્ય થઇ આ લોકમાં ટકી જ શકતો નથી. પ્રવૃત્તિશૂન્ય થવું એટલે મૃત્યુ–પછી તે ભલેને મોક્ષ માટે હોય–નોતરવું જ જોઈએ. એમ નથી બનતું કે તે પ્રવૃત્તિશૂન્ય થઈ પણ જાય અને આ લોકમાં જીવતો પણ રહે. આ જ કારણ છે કે જૈનમતે અયોગીકેવલીનો સમય પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારથી પણ અલ્પ મનાયો છે. એટલે મનુષ્ય જે કરી શકે છે તે એટલું જ કે જીવહત્યા–હિંસાનું ક્ષેત્ર ઓછું કરી શકે છે પણ તેનો સર્વથા લોપ કરી શકતો નથી. આ અનિવાર્ય પરિસ્થિતિ મનાવી જોઈએ.

આ દૃષ્ટિએ જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે મનુષ્યે અહિંસાની અત્યાર સુધી જે પ્રગતિ કરી છે તે ઉજ્જવલ છે. એની હિંસાશકિત વિજ્ઞાને જે વધારી આપી છે તે જોતાં તેની અહિંસાશકિતની પ્રગતિ પણ તેટલા જ વેગમાં થઈ રહી છે તે સ્વીકારવું જ પડે છે. અન્યથા જે અણુશકિતની સંહારકાનું બળ તેને મળ્યું

છે તેનું મારક બળ અહિંસાનું બળ પણ તેને ન મળ્યું હોત તો કયારનોય માનવસૃષ્ટિનો નાશ થઇ ગયો હોત. આર્યોની માત્ર ઘોડા અને રથને બળે જેવી વિજયયાત્રા થઇ હતી તે જ ગતિએ જો અણુબળના ધરાવનારા વિજયયાત્રા કરવા નીકળી પડે તો સૃષ્ટિના સંહારનું કાર્ય કેટલા દિવસ માગે? પણ મનુષ્યે માત્ર એક જ દિશામાં પ્રગતિ નથી કરી. તેણે જેમ હિંસા અને હિંસક સાધનોમાં પ્રગતી કરી છે તેમ અહિંસા અને અહિંસક સાધનોમાં પણ પ્રગતિ કરી છે. એટલે જ આપણે બધા વિનાશના ગર્તમાં નથી જઈ રહ્યા. અને અહિં પણ છેવટે તો 'जीवो जीवस्य जीवनम्'–એ સૂત્ર જ તેના સદર્થમાં કામ કરી રહ્યું છે, અને તે સદર્થ બીજે કોઇ નહિં પણ આચાર્ય ઉમાસ્વાતિએ જેનો નિર્દેષ કરેલ છે તે—'परस्परोपग्रहो–जीवानाम्'—એટલે કે જીવો પરસ્પરના ઉપકાર અર્થે છે. એ ઉપકારની આપ–લે મારીને જેમ થઈ શકે છે તેમ જીવાડીને પણ થઈ શકે છે. તો આપણે જો જીવાડીને ઉપકારની આપ–લે કરી શકતા હોઇએ તો મારીને શા માટે કરવી? આમાં જ હિંસા ઉપર અહિંસાનો વિજય રહેલો છે. તે જેટલા પ્રમાણમાં સફલ થાય તેટલા પ્રમાણમાં અહિંસાની વૈજયન્તી છે.

દલસુખ માલવણિયા

બનારસની સંસ્કૃત-વિશ્વ-પરિષદ

ગયા નવેમ્બરની પંદરમી અને સોળમી તારીખે બનારસમાં સંસ્કૃત–વિશ્વ–પરિષદનું બીજું અધિવેશન થયું. પહેલું અધિવેશન સોમનાથની સ્થાપના વખતે પ્રભાસપાટણમાં થયું હતું. બનારસ અધિવેશનના પ્રમુખ યુકતપ્રાન્તના રાજ્યપાલ શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી હતા. રાષ્ટ્રપતિએ ઉદ્‌ઘાટનક્રિયા કરી. રાજા, મહારાજાઓ મોટા મોટા જમીનદારો તથા રાજ્યાધિકારિઓએ આ અધિવેશનમાં ભાગ લીધો. અંગ્રેજોના શાસનકાળમાં જે લોકો અંગ્રેજી ભાષા અને અંગ્રેજી સંસ્કૃતિના પરમ ઉપાસક હતા, તેઓ પણ સંસ્કૃત તથા ભારતની પ્રાચીન સંસ્કૃતિના ગીતો ગાતાં નજરે પડયા. કાશીના પંડિતોને માટે તો જાણે સત્યયુગ આવી ગયો હતો. એમના પગ ધરતી પર છળતા નહોતા. એવું લાગતું હતું કે જાણે ભોજ પોતાના દરબાર સાથે સ્વર્ગમાંથી ઊતરી ન આવ્યો હોય!

શ્રી મુનશી ભારતીય સભ્યતા અને સંસ્કૃતિના સાચા ઉપાસક છે. આપણા દેશની પ્રાચીન કળાઓ અને વિદ્યાઓનો પુનરુદ્ધાર થાય એવી એમની હાર્દિક ઇચ્છા છે. ઉપરોકત પરિષદ પણ એમની જ કલ્પના અને પ્રેરણાનું પરિણામ છે. પરંતુ અધિવેશન તથા એમાં સ્વીકારાયેલા ઠરાવો પરથી પ્રતીત થતું હતું કે એના આયોજનમાં ભાવુકતા અને મોહ અધિક છે અને વિદ્યોપાસકની સાચી નિષ્ઠાની ઊણપ છે.

એ સત્ય છે કે ભારતીય પ્રતિભાનો ઉન્મેષ સંસ્કૃતમાં થયો. હૃદય તથા બુદ્ધિ બન્ને એમાં પ્રતિબિંબિત થયાં. પરંતુ ઇસ્વી સનની શરૂઆતથીયે કેટલાક સૈકાઓ પહેલાં સંસ્કૃત ભાષા રાજદરબાર અને પાંડિત્યપ્રદર્શન પૂરતી સીમિત થઈ ગઇ હતી. સાધારણ જનસમાજ સાથેનો તેનો સંબંધ લગભગ નષ્ટ થયો હતો. આ જ કારણથી મહાવીર અને બુધ્ધે પ્રાકૃત અને પાલીનો આશ્રય લીધો હતો. ઇ. સ. પૂર્વે ચોથી શતાબ્દિના નિકટતમ કાળનાં નાટકોમાં પણ સાધારણ પાત્રો પ્રાકૃત બોલે છે. આનો અર્થ એ છે કે એ સમયે સંસ્કૃત બોલચાલની ભાષા રહી નહોતી. અશોકનો રાજ્યકાળ ભારતનો સુવર્ણયુગ મનાય છે. એ સમયે પણ રાજ્યભાષા પાલી હતી. અહિંસાની આધારશિલા પર જે પંચનિરપેક્ષ રાજ્યનું ભારતમાં નિર્માણ થઇ રહેલ છે એ અશોકની ધર્મલિપિઓમાં પ્રતિબિમ્બિત થાય છે. અને આ બધું જ પાલીમાં છે.

ગુપ્ત સામ્રાજ્યમાં ફરીથી બ્રાહ્મણયુગ આવ્યો. સંસ્કૃતને પ્રોત્સાહન મળ્યું. દર્શન, તર્કશાસ્ત્ર, વ્યાકરણ, કાવ્ય, આખ્યાયિકા આદિ સર્વ પ્રકારના ઉત્તમ સાહિત્યનું નિર્માણ સંસ્કૃતમાં થયું. તો પણ એ જનતાનાં સાહિત્યની ભાષા બની શકી નહિ. એનું ક્ષેત્ર રાજદરબાર, પુરોહિત તથા પંડિતોથી આગળ વિસ્તરી શકયું નહિ. જૈન વિદ્વાનોએ બ્રાહ્મણોથી પ્રભાવિત થઇ સંસ્કૃત ગ્રન્થોની રચના કરી, પરન્તુ પ્રાકૃતની પરંપરા પણ ચાલુ રહી.

ઇસુની બીજી સહસ્રાબ્દિમાં પણ એક બાજુ બ્રાહ્મણ વર્ગમાં સંસ્કૃતનો પ્રચાર હતો અને વૈદિકપરમ્પરાને ટકાવી રાખવાના પ્રયાસો કરવામાં આવતા હતા, તો બીજી બાજુ હિન્દુ અને મુસલમાનોના સંમિશ્રણથી એક નવી સંસ્કૃતિ અને એક નવી ભાષાનો જન્મ થઇ રહ્યો હતો. સોળમી સદીના સન્ત કવિઓએ એ ભાષા દ્વારા જનમાનસ સુધી પહોંચવાના પ્રયત્નો કર્યા હતા.

આ રીતે આપણે જોઇ શકીએ છીએ કે ભારતની પ્રાચીન સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ સંસ્કૃત પૂર્ણપણે નથી પામી શકતી. ગુપ્ત કાળ પછી તો એ કેવળ સામ્રાજ્યવાદની ભાષા રહી છે. એને સંપૂર્ણ ભારતીય સંસ્કૃતિની પ્રતિનિધિ માનીયું તો એ એક મોટી ભૂલ થશે.

આપણી સરકારે જાહેર કર્યું છે કે ભારતમાં સંપ્રદાયવાદ અને જાતિવાદને કોઇ પણ જાતનું મહત્ત્વ આપવામાં આવશે નહિ. સરકાર ઇચ્છે છે કે ભારતમાંથી આ બંને રોગો સર્વથા નષ્ટ થઈ જાય. પરન્તુ સંસ્કૃત–વિશ્વ–પરિષદ દ્વારા આ બન્નેને કેટલું પ્રોત્સાહન મળ્યું છે એ કોઇથી છાનું રહી શકે તેમ નથી. ભારતીય સંસ્કૃતિનો અર્થ એટલે વર્ણાશ્રમ ધર્મ એ હકીકત તો કાશીના પંડિતોમાં દૃઢમૂલ થઇ ગઇ છે.

જ્યારે સાધારણ જનસમાજમાં સંસ્કૃતના પ્રચારનો પ્રશ્ન આવ્યો ત્યારે એક પંડિતે સુધારો મૂકયો કે એમાં "भारतीय नाट्य प्रणालीमनुसृत्य" એટલું વધારે જોડી દેવામાં આવે. આનો અર્થ તો એ થયો કે સંસ્કૃતનો પ્રચાર પ્રાચીન નાટકોની શૈલીને અનુસરીને કરવામાં આવે. જે લખાયાં છે એ નાટકોમાં તો ઉત્તમ પાત્રો સંસ્કૃત બોલે છે. સ્ત્રીઓ તથા મધ્યમ અથવા અધમ પાત્રો વિવિધ પ્રકારની પ્રાકૃત ભાષાઓ બોલે છે. પંડિતજી સંસ્કૃતનો પ્રચાર તો ઇચ્છતા હતા, પણ સાથે સાથે એ પણ ઇચ્છતા હતા કે સ્ત્રીઓ અને શુદ્રો એનું જ્ઞાન ન મેળવે. આ હકીકત જો સીધા રૂપમાં મૂકવામાં આવી હોત તો હાંસી થાત. એ માટે દ્રાવિડી પ્રાણાયામ કરવામાં આવ્યું. તો પણ સમજવાવાળા તો સમજી જ ગયા. બહારથી આવેલા કેટલાક આર્યસમાજી પંડિતોએ આનો વિરોધ પણ કર્યો. જો કે તે સુધારો સ્વીકારાયો નહિ પરન્તુ એ હકીકતનું ઉચિત સ્પષ્ટીકરણ કરવામાં ન આવ્યું. સંસ્કૃત અથવા તો ભારતીય સંસ્કૃતિનો ઉદ્ધાર એટલે કે જાતિભેદને આશ્રય આપવો એવો અર્થ કોઇ ન કરે એ હકીકત આવા પ્રત્યાઘાતી વર્ગને પ્રમુખ તરફથી સમજાવવામાં આવે એ અત્યંત આવશ્યક હતું.

બીજે દિવસે શાસ્ત્રાર્થ સભા ભરવામાં આવી. લગભગ સવા બસો પંડિતોએ લાભ લીધો. રાષ્ટ્રપતિએ સ્વયં પ્રત્યેક પંડિતના પગ ધોયા, તિલક કર્યાં અને ૧૧ રૂ. દક્ષિણા આપીને પૂજા કરી. જો આ પૂજા વિદ્યાની હોત તો જગત સમક્ષ એક નવો આદર્શ ઉપસ્થિત થાત. પરંતુ ત્યાં પણ જાતિવાદને જરા ન કર્યો. સમ્મેલનમાં એવા અનેક પંડિતો હતા કે જેઓ બ્રાહ્મણો ન હોવા છતાં પણ ધુરન્ધર વિદ્વાનો હતા. તેમાંથી કોઇને પણ શાસ્ત્રાર્થ સભામાં લેવામાં આવ્યા નહિ. બ્રાહ્મણોમાં પણ મદ્રાસ, પંજાબ આદિના બ્રાહ્મણોને આ સભાને યોગ્ય ગણવામાં ન આવ્યા. જાતિવાદ જ્યાં પોતાના ઉગ્ર રૂપમાં પ્રકટ હોય એવી સભામાં રાષ્ટ્રપતિ ભાગ લે એ કોઇ પણ દૃષ્ટિએ ઉચિત કહેવાય નહિ.

આનું સમાધાન કરવાને માટે એક વાત કહેવામાં આવે છે કે આમાં રાષ્ટ્રપતિએ ભાગ નથી લીધો, પરન્તુ ડો. રાજેન્દ્રપ્રસાદે

વૈયક્તિક રૂપમાં ભાગ લીધો છે. પરન્તુ ઉદયમાન ભારત રાષ્ટ્રપતિનાં આ બે જુદાં સ્વરૂપો માનવા માટે તૈયાર થશે નહિ. જે વ્યક્તિ પોતાના વૈયક્તિક જીવનમાં જાતિવાદને આટલું સ્થાન આપે તે શું રાષ્ટ્રપતિને યોગ્ય કહી શકાય ? શું આપણા રાષ્ટ્રપતિ અરબી અથવા તો ફારસી વિદ્વાનોની પણ આ રીતે પૂજા કરી શકશે ?

પરિષદમાં જે પ્રસ્તાવો પસાર કરવામાં આવ્યા તેમાં પણ ભાવુકતા વધારે પ્રમાણમાં દેખાતી હતી. સંસ્કૃત-વિશ્વ-વિદ્યાલય ખોલવા માટે એક ઠરાવ આવ્યો હતો અને એને માટે અગિયાર અધ્યાપકો રાખવાનો ખર્ચ પણ મળી ગયો. શ્રી મુનશીનો વિચાર છે કે લોકસભામાં બીલ લાવવાની વ્યવસ્થા થયા બાદ કાર્ય શરૂ કરવામાં આવે. આ કાર્ય અભિનન્દનને પાત્ર છે. પરંતુ એ માટે વિશાળ દૃષ્ટિની અતિ આવશ્યકતા છે. સંસ્કૃત-વિશ્વ-વિદ્યાલયનું કેવું સ્વરૂપ હોવું જોઇએ એ હજુ અનિશ્ચિત છે. જો એને બનારસના રાજકીય સંસ્કૃત મહાવિદ્યાલયના જેવું, કેવળ શાસ્ત્રી, આચાર્ય આદિ પરીક્ષાઓને માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે અને તેમની પરીક્ષા લેવા માટેનું કેન્દ્ર બનાવવામાં આવે તો તેનાથી વધુ લાભ નહિ મળે. એમાં જે જરૂરી છે તે એ છે કે ભારતના સમસ્ત પ્રાચીન સાહિત્યનું અધ્યયન થાય, એનો પ્રચલિત ભાષામાં અનુવાદ થાય અને તેને સમસ્ત જગત સમક્ષ મૂકવામાં આવે. જર્મનીમાં સંસ્કૃતનું કોઈ વિશ્વવિદ્યાલય નથી. તો પણ એણે જે કાર્ય કર્યું છે તે કોઈ ભારતીય લોકો નથી કરી શક્યા. જો કોઇને વેદોનું શુદ્ધ સંસ્કરણ જોઇએ તો તેને જર્મનીથી મંગાવવું પડે. જર્મનીએ જ ભારતીય સાહિત્યને સર્વ પ્રથમ દુનિયાની સમક્ષ મૂકયું છે. આ પ્રકારે ફ્રાંસ, અમેરિકા, અને ઇગ્લંડમાં પણ કાર્ય થયું છે. જો સંસ્કૃત-વિશ્વ-વિદ્યાલય પણ આ પ્રકારે કંઇ કાર્ય કરી શકશે તો તે ઉત્તમ ગણાશે. પછી ભલે એનું નામ, વિશ્વવિદ્યાલય, વિદ્યાપીઠ અથવા તો બીજું કંઇ પણ રાખવામાં આવે. મોટા મોટા નામનો મોહ જવો જોઇએ. કંઇ પણ નક્કર કાર્ય થવું જોઇએ.

પ્રભાસપાટણમાં સોમનાથની સ્થાપનાના અવસર પર અને બનારસમાં પરિષદના જે અધિવેશનો થયાં તે બન્નેમાંથી એક તટસ્થ વ્યક્તિ બે પરિણામો જોઇ શકે. જો એમ માનવામાં આવે કે આ આયોજન રાજ્ય સાથે કોઇ જાતનો સંબંધ ધરાવતું નથી, રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ તેમાં કેવળ વ્યક્તિગત રીતે ભાગ લે છે; તો એમ કહી શકાય કે આ ભારતીય સંસ્કૃતિ નહિ પણ બ્રાહ્મણવાદને પુનર્જિવિત કરવાનો પ્રયત્ન છે. સંસ્કૃતનાં નામે જડપૂજા, યજ્ઞયાગાદિ, જાતિવાદ અથવા તો સંપ્રદાયવાદનો પુનરુદ્ધાર થાય છે. આ ભયસ્થાન માટે ભારતીય જનતાને જ નહિ, પરંતુ સરકારને પણ સાવધાન થવાની જરૂર છે. જો એમ કહેવામાં આવે કે રાજ્ય સ્વયં આ કાર્યમાં રસ લે છે તો એનો એટલો લાભ જરૂર થાય કે પંડિતોને પ્રસન્ન કરીને અંધશ્રદ્ધાળુ જનતાનો આદર પ્રાપ્ત કરવામાં આવે અને જે જનતા સરકારી કાનૂન તથા ભ્રષ્ટ કર્મચારીઓ દ્વારા શોષાય છે અને પીડાય છે તે પંડિતોની વ્યવસ્થાને માન્ય કરી દે અને વર્તમાન રાજ્યને ધર્મરાજ્ય કહેવાનું શરૂ કરી દે. પરંતુ આ માર્ગે દેશનું કલ્યાણ નહિ થાય.

આપણે આશા સેવીએ કે ભારત સરકાર આ પ્રશ્ન પર ગંભીરતાથી વિચાર કરે અને આવા આયોજનો વિષે અત્યંત સાવધાન રહે. સંસ્કૃત તથા ભારતીય સંસ્કૃતિનો પુનરુદ્ધાર અવશ્ય થવો જોઇએ, પરંતુ તે બહાના તળે સંપ્રદાય અને જાતિવાદનું અનિષ્ટ પ્રવેશ ન કરી જાય તે માટે સાવધાન પણ રહેવું જોઇએ.

પંડિત ઇન્દ્ર એમ. એ; પી એચ. ડી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૦-૧-૧૯૫૩ શનિવારના રોજ સાંજના ૬ વાગે સંઘના કાર્યાલય (સીલ્વર મેન્શન, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ) માં મળશે. જે વખતે નીચેનું કામકાજ હાથ ધરવામાં આવશે:—

૧ વાર્ષિક વૃત્તાંત, ઓડીટ થયેલો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું મંજુર કરવા.

૨ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, તથા શ્રી મુંબઇ જૈન યુવક સંઘના નવા વર્ષ (૨૦૦૯) માટેના અંદાજપત્રો મંજુર કરવા.

૩ પ્રમુખ, ઉપપ્રમુખ, બે મંત્રીઓ, કોષાધ્યક્ષ તથા કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની નિમણુંક કરવા.

૪ હિસાબ અન્વેષકની નિમણુંક કરવા.

દરેક સભ્યને વખતસર હાજર રહેવા વિનંતિ છે.

જયંતિલાલ લલ્લુભાઇ પરીખ
રમણલાલ સી. શાહ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

મારી આટલી જ પ્રાર્થના છે

(મૂળ બંગાળીમાંથી હિંદી અને હિંદીમાંથી ગુજરાતી અનુવાદ)

સંકટને વખતે મારું રક્ષણ કરો એ મારી પ્રાર્થના નથી, પણ સંકટ જોઇને ડરું નહિ એટલું હું ઇચ્છું છું. હું એમ પણ ઇચ્છતો નથી કે દુઃખતાપથી મારું ચિત્ત જો વ્યથિત થાય તો તું સાન્ત્વના આપ; પણ દુઃખો પર વિજય મેળવી શકું એટલી શકિત મને આપ આટલું જ હું ચાહું છું. આવશ્યક સહાયતા મને મળે ન મળે તો હું હિંમત ન હારું, મારું બળ ક્ષીણ ન થાય આટલું જ હું માગું છું. વ્યવહારમાં મને હાનિ થાય અને મને લૂંટે તો પણ મને પરવા નથી, પણ હિંમત હારીને 'હવે શું કરું ? મારું સર્વસ્વ ગયું !'-કહીને રોવા ન બેસું આટલું જ હું માગું છું.

વિનાશના પ્રવાહમાં હું તણાઇ જાઉં, તો 'તું મારું રક્ષણ કર, મને બચાવી લે' એવી પ્રાર્થના નહિ કરું, પણ પ્રવાહમાં તરી જવાનું મારું બાહુબળ સલામત રહે આટલું જ હું તારી પાસે માંગું છું. મારા પર જે બોજો છે તે હલકો થાય એવી સહાયતા હું નહિ ઇચ્છું, પણ જેટલો બોજો મારા પર આવશે તે ઉઠાવવાની શકિત આપ, એમ હું માંગીશ. સુખને વખતે ગર્વાન્વિત ન થતાં નમ્રતાથી તને ઓળખી શકું અને જ્યારે દુઃખ રાત આવે, સર્વત્ર અંધારું છવાઇ જાય અને પગ તળેની ધરતી પણ ખસી જવા લાગે, તે વખતે તારે વિષે, તારી હસ્તી વિષે અને તારા કૃપાને વિષે મનમાં સહેજ પણ સંદેહ પેદા ન થાઓ, આટલું હું માગું છું.

(હરિજનબંધુમાંથી સાભાર ઉદ્ધૃત) રવીન્દ્રનાથ ટાગોર

પ્રકીર્ણ નોંધ

શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાનો સ્વર્ગવાસ

જયપુરવાસી શ્રી ગુલાબચંદ ઢઢ્ઢાનું ગયા ડીસેંબર માસની ૨૩ મી તારીખે ૮૬ વર્ષની ઉમ્મરે જયપુર ખાતે અવસાન થયું. જૈન સમાજના શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજના તેઓ એક વયોવૃદ્ધ આગેવાન હતા. તેઓ આગ્રા યુનીવર્સીટીના ઘણું ખરું પ્રથમ એમ. એ. હતા. વિદ્યાર્થી તરીકેની તેમની કારકીર્દી અત્યન્ત ઉજ્જ્વળ હતી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ જેનું ગયા જુન માસમાં મુંબઇ ખાતે સુવર્ણ અધિવેશન ભરવામાં આવ્યું હતું તે કોન્ફરન્સનો તેમણે ૧૯૦૨ માં આજથી ૫૦ વર્ષ પહેલાં ફલોધી ખાતે પાયો નાંખ્યો હતો અને ત્યાર પછી પણ કેટલાએક વર્ષ સુધી તેઓ એ કોન્ફરન્સના અગ્રગણ્ય કાર્યકર્તા રહ્યા હતા અને એ કારણે તેમને 'જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના પિતા' તરીકે ઓળખવામાં આવતા હતા. જીવનના પ્રારંભમાં તેમણે જયપુર રાજ્યમાં તેમ જ અન્ય રાજ્યોમાં એક યા અન્ય મહત્વના રાજ્યાધિકારને શોભાવ્યો હતો. પછીનાં કેટલાંક વર્ષ તેમણે મુંબઇ બાબુએ ગાળ્યા હતા. પાછળનાં વર્ષો તેમણે ઉમેદપુર જૈન બાળાશ્રમ, ઉમેદપુર જૈન વિદ્યાલય, વરકાણા જૈન વિદ્યાલય, ફાલના જૈન કોલેજ વગેરે સંસ્થાઓની સેવામાં વ્યતીત કર્યા હતાં. છેલ્લે છેલ્લે ઉપર જણાવેલ મુંબઇના સુવર્ણઅધિવેશન દરમિયાન મુંબઇના જૈન સમાજ તરફથી માનપત્ર આપી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું અને મારવાડી જૈન સમાજ તરફથી પણ એ જ પ્રસંગ ઉપર એક થેલી તેમને અર્પણ કરવામાં આવી હતી.

તેમનામાં અપૂર્વ સૌજન્ય, ઉંડી સેવાવૃત્તિ તેમ જ અનુકરણીય કાર્યકુશળતા હતી. પૂર્વકાળમાં અનેક પ્રતિકુળ સંયોગોમાં તેમણે કોન્ફરન્સનું નાવ દક્ષતાપૂર્વક ચલાવ્યું હતું. તેમનામાં ઉચ્ચ કોટિનું વકતૃત્વ હતું અને તેમની વાણી પ્રસન્નતા અને મધુરતાથી ભરેલી હતી. તેમની રીતભાતમાં ઉમદા પ્રકારની ખાનદાની હતી. તેઓ નહોતા સુધારક, નહોતા કટ્ટર સ્થિતિચુસ્ત. પરસ્પરવિરોધી બળો વચ્ચે સમાધાનીપૂર્વક અને ઉચિત બાંધછોડ કરીને કામ કરવું અને સમાજને બે ડગલાં પણ આગળ લઇ જવો એવી તેમની કાર્યનીતિ હતી. તેમણે અનેકવિધ સેવાઓ વડે પોતાના લાંબા જીવનને ચરિતાર્થ કર્યું હતું. તેમના અવસાનથી શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજને એક વિશિષ્ટ વ્યકિતત્વ ધરાવતા અગ્રેસર અને સેવકની મોટી ખોટ પડી છે. આ સમાજે ગયા મહીના દોઢ મહીનામાં આ રીતે ત્રણ વૃદ્ધ પુરૂષોને ગુમાવ્યા–શ્રી સુરચંદ પુરૂષોત્તમ બદામી, શ્રી કુંવરજી કપુરચંદ લાલન, શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા. આ રીતે જુની પેઢીના વૃદ્ધોની આખી પેઢી જાણે કે વિસર્જિત થઇ રહી હોય એમ લાગે છે. આવી શીલસંપન્ન શકિતશાળી વ્યકિતઓની ઉજ્જ્વળ જીવન કારકીર્દી આપણને સદા માર્ગદર્શક બનો અને તેમનું સ્મરણ આપણને સદા સત્કાર્યપ્રેરક બનો એમ આપણે ઇચ્છીએ અને પ્રાર્થીએ !

સમાજસેવક શ્રી દલપતભાઇ ભણશાલીની સેવાઓની કરવામાં આવેલી કદર

મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના વર્ષોજુના કાર્યકર્તા શ્રી દલપતભાઇ ભણશાળીનાં તૈલચિત્રનું એ સંસ્થા તરફથી ડો. કાંતિલાલ મલુકચંદ ભણશાળીના પ્રમુખપણા નીચે યોજાયેલા સમારંભ દ્વારા તા. ૨૮-૧૨-૫૨ ના રોજ અનાવરણ કરવામાં આવ્યું હતું અને સાથે સાથે શ્રી દલપતભાઇને એ સંસ્થા તરફથી રૂા. ૨૫૦૦ ની થેલી અર્પણ કરવામાં આવી હતી.

વિશાળ જનસમાજથી મોટા ભાગે અજાણ અને જેવી રીતે એક પતિવ્રતા સ્ત્રી પોતાના પતિની અનન્ય ભાવે એક પણ શબ્દ ઉચ્ચાર્યા સિવાય માત્ર સેવા કરવામાં જ પોતાના જીવનની કૃતાર્થતા માને તેવી રીતે મુંબઇ જૈન સ્વયંસેવક મંડળની ૧૯૨૬માં સ્થાપના થઇ ત્યારથી આજ સુધી એક નિષ્ઠાથી અને કેવળ મૂકભાવે અથાક સેવા કરનાર શ્રી દલપતભાઇની આ રીતે કદર કરવા બદલ મુંબઇ જૈન સ્વયંસેવક મંડળને ધન્યવાદ ઘટે છે. સાધારણ રીતે માનવી દિલમાં સેવા અને મહત્વાકાંક્ષા–એ બે વૃત્તિઓ સાથે સાથે ચાલે છે. અને તેથી આજે આપણે જેમને પ્રતિષ્ઠાપાત્ર સમાજસેવક તરીકે ઓળખીએ છીએ તેમની સર્વ જાહેર પ્રવૃત્તિઓ શુદ્ધ સેવાની ભાવનાથી પ્રેરિત છે કે મહત્વાકાંક્ષા જ તેમને ગતિમાન રાખે છે એ તારવવું ઘણી વખત મુશ્કેલ બને છે. દલપતભાઇ આ પ્રકારના સમાજસેવક નહોતા. કારણ કે તેમણે પોતાની સેવાના પરિણામે કોઇ મહત્વનું સ્થાન મેળવવાની કદિ અપેક્ષા સેવી નહોતી. સામાન્ય પ્રસિદ્ધિથી પણ તેઓ હંમેશા દૂર જ રહ્યા હતા. આજે તો તેઓ નાદુરસ્ત તબિયતના કારણે થોડા સમયથી મુંબઇ અને પોતાનું ખાસું મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ છોડીને પોતાને વતન રાધણપુર જઇને રહ્યા છે અને શારીરિક અસહાયતાને કારણે ફરજિયાત નિવૃત્ત જીવન તેમને સ્વીકારવું પડયું છે, પણ મુંબઇમાં તેઓ રહેતા હતા તે દરમિયાન તેઓ મહાજનમાં રહ્યું કામ કરતા હતા અને તેમાંથી બચતો બધો વખત જૈન સ્વયંસેવક મંડળને અર્પતા હતા. એમણે પોતાની બધી શક્તિઓ માત્ર આ મંડળને સમર્પિત કરી હતી. મંડળની દરેક પ્રવૃત્તિના પ્રારંભથી તે લગભગ ગઇ કાલ સુધી તેઓ આધાર અને પ્રાણ હતા. અને વખત આવ્યે સેવાકાર્યમાં જીવનું જોખમ ખેડતા પણ તેઓ કદિ પાછી પાની કરતા નહોતા. જેમ એક નાનો સરખો દીવો આખા ઘરને અજવાળે તેમ દલપતભાઇના દીન રાતના જલન વડે સ્વયંસેવક મંડળ પ્રભાવિત થયું હતું. આવા એક મૂક વિનમ્ર અને જાતિભાઇઓ વિષે અનુકંપાથી ભરેલા સેવકનું સન્માન કરવું એ સાચી માનવતાની આરાધના કરવા બરોબર છે. અને તેથી જ આવું સન્માન આપણા અન્તરના ઉંડાણને સ્પર્શે છે અને આપણને તેમના પગલે ચાલવાની ઉત્તેજના આપે છે.

શ્રી ઇન્દ્રને જૈન સમાજના અભિનંદન

શ્રી ઇન્દ્રે થોડા સમય પહેલાં હિંદુ યુનીવર્સીટી તરફથી પી. એચ. ડી. ની ડીગ્રી પ્રાપ્ત કરી તેબદલ જૈન સમાજનાં તેમને અનેક અભિનંદન ઘટે છે. તેઓ મૂળ પંજાબના છે. પ્રારંભિક ઉર્દુ શિક્ષણ પોતાના વતનમાં પ્રાપ્ત કરીને નવ વર્ષની વયે તેઓ વિશેષ અભ્યાસ માટે બીકાનેર ગયા હતા અને ત્યાંના શેઠીઆ સંસ્કૃત–પ્રાકૃત વિદ્યાલયમાં છ વર્ષ અભ્યાસ કરીને ૧૪ વર્ષની વયે ન્યાયતીર્થની પદવી તેમણે પ્રાપ્ત કરી હતી. પછી તેઓ કાશીની હિંદુ યુનીવર્સીટીમાં દાખલ થયા. ૧૯૩૭માં તેમણે શાસ્ત્રાચાર્યની પદવી પ્રાપ્ત કરી. સાથે સાથે અંગ્રેજીનો અભ્યાસ પણ ચાલુ હતો જેના પરિણામે તેઓ ૧૯૩૮માં બી. એ. થયા હતા. ત્યાર બાદ જીવનના પ્રતિકુળ સંયોગોને લીધે તેઓ લગભગ દશેક વર્ષ સુધી એક યા બીજા સ્થળે જૈન શિક્ષણ સંસ્થાઓમાં કામ કરતા રહ્યા અથવા તો જૈન સાહિત્યને લગતી પ્રકાશન પ્રવૃત્તિમાં જોડાયેલા રહ્યા. અને તે દરમિયાન તેઓ એમ. એ. થયા. ૧૯૪૮ માં તેઓ પાછા બનારસ આવ્યા અને 'શ્રમણ' નામના માસિકનું સંપાદનકાર્ય તેમણે હાથ ધર્યું. એ 'શ્રમણ' પત્રે તેમને વિશેષ પ્રસિદ્ધિ આપી. કારણ કે તે પત્રદ્વારા તેમની સ્વતંત્ર વિચારદૃષ્ટિનો તેમ જ બહુમુખી પાંડિત્યનો જૈન સમાજને સારો પરિચય થયો. તેઓ બનારસમાં હતા તે દરમિયાન Epistemelogy of Jain Agamas–જૈન આગમોમાં રહેલો જ્ઞાનવાદ–એ વિષય ઉપરનો નિબંધ તૈયાર કરીને તેમણે લાહોરમાં પી. એચ. ડી. ની ડીગ્રી પ્રાપ્ત કરી. હાલ તેઓ મુંબઇ આવીને

વસ્યા છે અને જૈન પ્રકાશનું સંપાદન કરે છે. મુંબઈ જૈન યુવક સંઘના તેઓ સભ્ય છે. તેઓ બહુશ્રુત વિદ્વાન અને સૂક્ષ્મ સમીક્ષક છે. તેઓ ઉત્તરોત્તર આગળ વધતા રહે અને તેમની વિદ્વત્તાનો જૈન સમાજને ખૂબ લાભ મળતો રહે એવી તેમના વિષે સૌ કોઇની શુભેચ્છા અને આકાંક્ષા છે.

વડોદરાની સેન્ટ્રલ લાઇબ્રેરી મુંબઇ સરકાર સંકેલી લે છે.

કોઇ કોઇ વખત મુંબઇ સરકારના નિર્ણયો ભારે આશ્ચર્ય પેદા કરે છે. તાજેતરમાં સમાચાર પ્રગટ થયા છે કે કરકસરના હેતુથી મુંબઇ સરકારે વડોદરાની સેંટ્રલ લાઇબ્રેરી વેરવિખેર કરવાનો નિર્ણય કર્યો છે અને ત્યાં જે પુસ્તકોનો વિપુલ સંગ્રહ છે તે મુંબઇ પ્રાંતની ચાર યુનીવર્સીટીઓને વહેંચી દેવામાં આવનાર છે. આ પુસ્તકાલયમાં Reference Section એટલે કે કોઇ પણ બાબતની માહીતી મળી શકે તેવાં પુસ્તકોના વિભાગમાં બે લાખ ચોપડીઓ છે, જેમાં એક લાખ અંગ્રેજી, ૬૦૦૦૦ ગુજરાતી અને ૪૦૦૦૦ હિંદી અને મરાઠી છે. મુંબઇ સરકારનો આ નિર્ણય ભારે ચોંકાવે અને રોષ ઉપજાવે તેવો છે. આ લાઇબ્રેરી સ્વર્ગસ્થ સયાજીરાવ ગાયકવાડની ગુજરાતને અનુપમ બક્ષીસ છે. અનેક વિદ્વાનો, પંડિતો અને સંશોધકો માટે આ એક તીર્થસ્થાન છે. આ લાઇબ્રેરીને વિકસાવવાની વાત તો બાજુએ રહી, અન્ય કોઇ કેન્દ્રમાં આવી લાઇબ્રેરી ઉભી કરવાની તો વાત જ ક્યાંથી હોય, પણ જે છે તેને પણ આમ છિન્નભિન્ન કરી નાંખવાનો મુંબઇ સરકાર નિર્ણય કરે એ અત્યન્ત શોચનીય છે. કરકસરની કુહાડી આવી અતિશય ઉપયોગી સંસ્થા ઉપર પડે તે અસહ્ય છે. ધારો કે મુંબઇ સરકાર આ લાઇબ્રેરી નીભાવવા નથી માંગતી. તો પણ વડોદરામાં યુનીવર્સીટી છે તેને આ લાઇબ્રેરી શા માટે સોંપવામાં આવતી નથી ? વડોદરા યુનીવર્સીટી આ લાઇબ્રેરી સંભાળવા માટે પુરતી સમર્થ છે. તેનાં પુસ્તકો ચાર ઠેકાણે વહેંચી દેવાનો કશો અર્થ જ બનતો. આ બાબતમાં મુંબઇ સરકારે ફરીથી વિચાર કરવો ઘટે છે. આ જ્ઞાનની પરબને જે રીતે ચાલે છે તે કોઇ પણ રીતે ચાલતી રાખવી જ જોઇએ. આ બાબતમાં ગુજરાતના શિષ્ટ વર્ગે ઉગ્ર ઉહાપોહ કરવો જોઇએ અને સરકારના આ નિર્ણય સામે સખ્ત વિરોધ ઉઠાવવો જોઇએ.

જૈન વિશ્વવિદ્યાલય?

જૈન શ્વે. મૂ. સમાજના અગ્રેસર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ મુંબઇમાં તેમના ચાતુર્માસ દરમિયાન જૈન વિશ્વવિદ્યાલય ઉભું કરવાની આવશ્યકતા તરફ અવારનવાર જૈન સમાજનું ધ્યાન ખેંચતા હતા અને એ સ્વપ્નને પોતાની જીંદગી દરમિયાન મૂર્તિમન્ત થયેલું જોવા ઝંખતા હોય એમ એ વિષેની તેમની આતુરતા ઉપરથી લાગતું હતું.

પોતે જે સમાજના અગ્રણી આચાર્ય છે અને જે સમાજમાં ઉચ્ચ કેળવણીનો ફેલાવો કરવા માટે પોતાથી બનતું કર્યું છે તે સમાજ તરફથી એ સમાજના ઉત્કર્ષ અર્થે એક વિશ્વવિદ્યાલય ઉભું થયેલું જોવાની તેમની ઝંખના તદ્દન સ્વાભાવિક અને ઉચિત છે. આમ છતાં પણ આ વિશ્વવિદ્યાલયનો અર્થ જૈન યુનીવર્સીટી થતો હોય અને તે સંબંધમાં એવી કલ્પના હોય કે આ યુનીવર્સીટી જૈનો માટે જ હોય અથવા તો આ વિશ્વવિદ્યાલયમાં જૈન વિદ્યાર્થીઓને વિશેષ અવકાશ અને અધિકાર મળે અને આ વિશ્વવિદ્યાલયમાં ભણનાર વિદ્યાર્થીને જૈન ધર્મનો અભ્યાસ ફરજિયાત કરવો પડે એવો પ્રબંધ હોય તેમ જ આ વિશ્વવિદ્યાલયની બધી પ્રવૃત્તિઓ જૈન ધર્મનો પ્રચાર અને ફેલાવાને કેન્દ્રમાં રાખીને જ કરવામાં આવે–આવી જો જૈન વિશ્વવિદ્યાલયની કલ્પના હોય તો આવું વિશ્વવિદ્યાલય નિર્માણ કરવાની આજની નવી રાજ્યરચનામાં શક્યતા નથી એ આપણે સમજી લેવું જોઇએ. કારણ કે આઝાદી મળ્યા બાદ આપણા દેશમાં જે નવી રાજ્યરચના ઉભી કરવામાં આવી છે તે પોતાને અસાંપ્રદાયિક રાજ્ય તરીકે ઓળખાવે છે. આ પ્રકારની રાજ્યસંસ્થા કોઈ પણ નવા ફોમી કે સાંપ્રદાયિક વિશ્વવિદ્યાલયને સંમત કરે એ સંભવનીય નથી, અને એ સંભવનીય હોય તો પણ ઉપર જે કલ્પના આપી છે એવા જૈનધર્મપ્રચારપ્રધાન વિશ્વવિદ્યાલયને તો કોઈ પણ સંયોગમાં સરકાર સંમત કરે તેમ છે જ નહિ. કાશીમાં જે હિંદુ યુનીવર્સીટી છે અને અલીગઢમાં જે મોસ્લેમ યુનીવર્સીટી છે તે દરેક પોતપોતાના સમુદાયના વિદ્યાર્થીઓ માટે મર્યાદિત હતી અને તે દરેકમાં પોતપોતાના ધર્મના પ્રચાર અર્થે અનેક ખાસ સગવડો અને બંધનો હતાં. પરંતુ થોડા સમય પહેલાં આ બંને યુનીવર્સીટીના બંધારણમાં કેન્દ્રસ્થ સરકાર તરફથી મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે અને તેમાંથી કોઇ પણ ધર્મના વિશિષ્ટ અધિકારો કરવામાં આવ્યા છે. બન્ને યુનીવર્સિટીઓને દરેક ફોમના વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મૂકવામાં આવી છે અને ફરજિયાત ધાર્મિક શિક્ષણ બંધ કરવામાં આવ્યું છે. વળી જૈન વિશ્વવિદ્યાલય સાચા અર્થમાં ઉભું કરવું હોય તો તે માટે પોણા કરોડથી કરોડ રૂપિયાનું ફંડ જોઇએ. એ વાતને બાજુએ રાખીએ તો પણ ઉપર જણાવેલ આજની પરિસ્થિતિ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે જેની પાછળ ફોમી કે સાંપ્રદાયિક ભાવના હોય–અને ઉપર જણાવેલ યુનીવર્સિટીની કલ્પના પાછળ આ જ ભાવના રહેલી છે એ બાબતનો ઇનકાર થઈ શકે તેમ છે જ નહિ–તેવી યુનીવર્સિટીની આજે શક્યતા છે જ નહિ. અલબત્ત સરકારની સંમતિ તેમ જ સ્વીકૃતિની અપેક્ષા છોડીને આવું વિશ્વવિદ્યાલય ઉભું થઇ શકે છે, પણ એવાં વિશ્વવિદ્યાલયમાં આજે કેટલા વિદ્યાર્થીઓ ભણવા આવશે એ એક પ્રશ્ન છે.

આ જ વિચારણા જૈન કોલેજ ઉભી કરવાની બાબતને અમુક અંશે લાગુ પડે છે. જૈન કોલેજમાં પણ ધાર્મિક શિક્ષણ કદિ ફરજિયાત બનાવી નહિ શકાય. એટલું ખરું કે ધાર્મિક શિક્ષણની સગવડ આપી શકાશે, પણ તે ઐચ્છિક ધોરણ ઉપર જ ચલાવી શકાશે. બીજું કોલેજોમાં આર્ટ્સ કોલેજ જ એક એવો પ્રકાર છે કે જેમાં જૈન ધર્મના અભ્યાસને અને સંશોધનને વધારે અવકાશ આપી શકાય. બીજી કોલેજોમાં તે તે વિષયનું જ જ્ઞાન આપવાનું હોય છે. આજના વખતમાં વિદ્યાર્થીઓ આર્ટ્સ કોલેજમાં બહુ ઓછા જાય છે અને જે ભણવાથી ધંધો ઉદ્યોગ કે વ્યવસાય મળે એવી વૈજ્ઞાનિક ટેકનીકલ શિક્ષણ આપતી કોલેજો તરફ જ તેમનો મોટો ધસારો રહે છે. કારણ કે આજે આર્થિક સમસ્યા સૌ કોઇ માટે વધારે તીવ્ર બનતી જાય છે. વિદ્યાર્થીઓને રહેવા ખાવાની સગવડો આપતી સંસ્થાઓ પણ વિદ્યાર્થીઓને આ દિશાએ જ વાળવા પ્રયત્ન કરતી હોય છે. આ સંયોગમાં એકાદ જૈન કોલેજ–અને તે પણ આર્ટ્સ કોલેજ જ હોવાની–કાઢવાથી કેટલો લાભ થાય એ કોલેજપ્રેમીઓએ વિચારવાનું રહે છે.

આજના સમયમાં કોમી દૃષ્ટિએ વિચાર કરતાં પણ બે જ માર્ગ વ્યવહારૂ છે. એક તો કોમના વિદ્યાર્થીઓ માટે અલગ કોલેજો કાઢવાનો વિચાર બાજુએ રાખીને તેમને જ્યાં જ્યાં પ્રવેશ મળે ત્યાં ત્યાં દાખલ થવા કહેવું અને કોઈ પણ વિદ્યાર્થી આર્થિક તંગીના કારણે ભણતો અટકી ન જાય એની પુરી તકેદારી રાખવી, એટલું જ નહિ પણ અહિંનો અભ્યાસ પુરો કર્યા બાદ જે કોઇ તેજસ્વી કે શક્તિશાળી વિદ્યાર્થી હોય અને પરદેશ જઇને પોતાના વિષયનું વિશિષ્ટ જ્ઞાન મેળવવા ઇચ્છતો હોય તેને તે માટે પણ નાણાંની પુરતી સગવડ આપવી અને એ પાછળ કોમે જોઇતું દ્રવ્ય પુરું પાડવા સદા તત્પર રહેવું. કોમના વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે આ સાદો, સીધો અને વ્યવહારૂ માર્ગ છે.

સાથે સાથે જૈન ધર્મ, જૈન શાસ્ત્રો, જૈન સાહિત્ય–એનો વિશિષ્ટ અભ્યાસ કરવાની સગવડ હોય, એને લગતો સર્વ સંગ્રહ

હોય, જૈન ધર્મને લગતી સર્વ પ્રકારની માહીતી મળે એવું પુસ્તકાલય હોય-આવી એક સંસ્થા-મુંબઇમાં ભારતીય વિદ્યા-ભવન છે તેવી-ઉભી કરવાની ખાસ જરૂર છે. જૈન સભ્યતા અને સંસ્કૃતિના નામથી જેને ઓળખવામાં આવે છે તેનું આ કેન્દ્ર હોય, આ સંસ્થામાં જૈન વિષયો સંબંધી ગ્રેજ્યુએટ થયા પછી એમ. એ. તથા પી એચ. ડી. નો અભ્યાસ કરવાની સગવડ હોય. તે માટે યોગ્ય વિદ્વાનોને રોકવામાં આવેલ હોય, તેમાંથી પંડિતો, ધાર્મિક શિક્ષકો અને જૈન વિષયના સંશોધકો પેદા થાય એવો વ્યવસ્થિત પ્રબંધ હોય-આવી યોજનાપૂર્વકનું, જો એક જૈન વિદ્યા-ભવન મુંબઈ કે અમદાવાદ જેવા સ્થળમાં ઉભું કરવામાં આવે તો જૈન વિશ્વવિદ્યાલયના અભ્યવહારૂ સ્વપ્નને જેટલું વ્યવહારૂ સ્વરૂપ આપવાની શકયતા છે તે આવી સંસ્થાદ્વારા મૂર્તમન્ત થાય અને આજે ભારતવર્ષમાં જે નવી સંસ્કૃત પેઢી થઈ રહી છે અને જેના નિર્માણમાં આજે અનેક શકિતઓ અને બળો કામ કરી રહ્યા છે તેમાં જૈન ધર્મ અને જૈન વિચારધારાએ પણ અમુક ફાળો આપવો જોઇએ એમ માનનારા સૌ કોઇની ભાવના આવી સંસ્થાદ્વારા જ પરિપૂર્ણ થાય. આ દિશાએ જૈન સમાજના ભિન્ન ભિન્ન સંપ્રદાયના આગેવાન આચાર્યો, વિદ્વાનો તેમ જ શ્રીમાનો પ્રવર્તમાન થાય એવી પ્રાર્થના છે.

સેવાભાવી મુનિ શુભવિજયજી

જૈન સાધુના આચારબંધનો એટલા સખ્ત છે કે જે સાધુ સમાજની સક્રિય સેવા તરફ વળે છે તેના માટે આ આચારનિય-મોનું સર્વાંગી પાલન અશકય બને છે. તેનામાં જેમ જેમ સેવાવૃત્તિ ઉગ્ર બને છે તેમ તેમ તેની સામે બે વિકલ્પ ઉભા થાય છે. કાં તો આ સેવાવૃત્તિની લાગણીને દાબી દેવી, છુંદી નાખવી અથવા તો આચારપરંપરા તોડીને આગળ ચાલવું અને સેવાપ્રવૃત્તિ શરૂ કરવી. સંતબાલજી આ કનડતોને સચોટ રીતે પુરવાર કરતો આપણી સામે મોજૂદ દાખલો છે. તેમના જીવનમાં એક કટોકટીનો પ્રસંગ આવ્યો કે જ્યારે તેમણે પોતાના ગુરુનો-સંઘાડાનો-ત્યાગ કરવો ઉચિત લાગ્યું અને સ્વતંત્ર માર્ગે તેઓ વિચારતા થયા. આજે પણ તેઓ જૈન સાધુના ઘણાખરા આચાર પાળે છે એમ છતાં પણ પરંપરા-પરાયણ સાધુવર્ગ તેમને આચાર બહારનાં લેખે છે. સામાજિક ક્ષેત્રે તેઓ આજે કેવું વ્યાપક કાર્ય કરી રહ્યા છે તે સૌ કોઈ જાણે છે.

પ્રમાણમાં ઓછી શકિતવાળા અને નાના પાયા ઉપર કાર્ય કરતા-પોતાની મર્યાદાનો ખ્યાલ રાખીને એક નાના સરખા વર્ગ પૂરતી પોતાની સેવાપ્રવૃત્તિ મર્યાદિત રાખીને સમાજકલ્યાણ સાધતા-મુનિ શુભવિજયજીનો થોડા સમય પહેલાં પરિચય થયો. તેઓ મૂળ અમદાવાદ બાજુના છે. નાની ઉમ્મરે શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાયના સાધુ પાસે તેમણે દીક્ષા લીધેલી. આજે તેમની ૫૬ વર્ષની ઉમર છે. ઉપર જણાવ્યું તેમ જનસેવાની તેમનામાં ઉંડી ઝંખના ભરેલી હતી. ગુરુસંપ્રદાયના ચોકઠામાં રહીને કંઇ પણ સંગીન કાર્ય કરવાની તેમને અશકયતા લાગી. આજથી દશ વર્ષ પહેલાં તેમણે એકલવિહાર શરૂ કર્યો. અને કચ્છ તરફ ગયા. કચ્છમાં આવેલ ભદ્રેશ્વર તીર્થમાં તેમણે પહેલાં આયંબીલ ખાતું શરૂ કર્યું; પછી ભોજનશાળા શરૂ કરી અને તે બે કામ પગભર થયાં એટલે તેમણે કચ્છ માંડવીમાં થાણું નાંખ્યું. ત્યાં જૈન વૃદ્ધ, અંધ બહેરા ભાઈ બહેનો માટે એક આશ્રમ શરૂ કર્યો. કચ્છી સમાજ ભોળો, શ્રધ્ધાળુ, અને ઉદાર, સારા અને સાચો સાધુ દેખે તો આચારવિચારની બહુ ઝીણવટમાં ન ઉતરે. આશ્રમનું કામ વધતું ગયું અને સમાજ આગળથી દ્રવ્ય પણ મળતું ગયું. આજે એ આશ્રમ પાસે બે લાખનું ભંડોળ છે અને એક લાખનાં મકાન છે. તે આશ્રમનો આજે ૫૭ સ્ત્રીપુરુષો લાભ લે છે. તેઓ ફંડફાળા માટે મુંબઇ જતા આવતા રહેતા હતા. છેલ્લાં બે વર્ષથી મુંબઇમાં પણ તેમણે સેવા પ્રવૃત્તિ શરૂ કરી છે. શરૂઆતમાં કચ્છી જૈનોને લોજમાં ભોજનનો જે ખર્ચ આવતો તેમાં અમુક પ્રમાણમાં તેમણે રાહત આપવા માંડી. ગયા વર્ષે અખાત્રીજના રોજથી તેમણે મુંબઇ ખાતે પાલા ગલીમાં આવેલ કચ્છી વીશા ઓશવાલની મહાજન-વાડીમાં 'કચ્છી વીશા ઓશવાલ જૈન ભોજનાલય' શરૂ કર્યું. આ ભોજનાલયની યોજનામાં બે બાબતનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું. એક તો હામ વાસણ પાણી અને જગ્યાની સ્વચ્છતા અને બીજું ચોખ્ખાં ઘી દૂધ અને અનાજ તેમ જ સારું શાક પાંદડું. આ ભોજનાલય આજે જ્યાં ચાલે છે તે જગ્યા પ્રમાણમાં સાંકડી છે એમ છતાં ઉપર જણાવેલી બન્ને બાબતોનો ખુબ સારી રીતે અમલ થતો જોઇને ભારે આશ્ચર્ય તેમ જ આનંદ થાય તેવું છે. ભોજનાલયની બીજામાં બીજી બાબત ઉપર મહારાજની નજર હોય છે. આજે આ ભોજનાલયનો ૩૧૬ ભાઇઓ લાભ લે છે. દરેકને માસિક રૂા. ૩૦) આપવા પડે છે. મુંબઇની લોજને ૪૫ થી ૫૦ રૂપીઆ માસિક લે છે, છતાં સ્વચ્છ અને સાચા અર્થમાં પૌષ્ટિક આહારનું નામ નિશાન હોતું નથી. આને બદલે માત્ર રૂા. ૩૦ માં ચોખ્ખાં ઘી દૂધ અને અનાજ મળે એ ઓછું આવકારદાયક ન લેખાય. આ રીતે ભોજનાલય ચલાવતાં ખોટ આવે જ છે પણ એ ખોટને પહોંચી વળવા મહારાજનો ફંડફાળો ચાલુ હોય છે. હમણાં વળી બેકાર ભાઇઓને રૂા. ૧૦૦ સુધીની લોન આપવાનું કામ તેમણે શરૂ કર્યું છે. આ લોન એટલે રોકડી રકમ નહિ પણ જથ્થાબંધ વેપાર કરતા કચ્છી વેપારીઓને ત્યાંથી જેને જેની ફેરી કે છુટકળ વેચાણ કરવું હોય તેને તેટલી રકમનો સસ્તા ભાવે માલ અપાવી દેવાનીગોઠવણ. તદુપરાન્ત તેમણે હાલ જ્યાં ભોજ-નાલય ચાલે છે ત્યાં એક ધર્મશાળાનું મકાન બંધાવવાની યોજના વિચારી છે. આ મકાન થાય તો નીચે ભોજનાલય અને ઉપરના માળામાં રહેઠાણ વિનાના ભાઇઓને સુવા બેસવા રહેવાની ગોઠવણ કરી આપવા તેમનો વિચાર છે. આ માટે તેમણે ફંડ શરૂ કર્યું છે. તેમણે મુંબઇમાં વસતા કચ્છી વીશા ઓસવાળ સમુદાય પ્રત્યે પોતાની સેવા પ્રવૃત્તિ મર્યાદિત રાખી છે. કારણ કે તેઓ પોતે કચ્છી નહિ હોવા છતાં આ સમુદાય સાથે તેમનો પ્રારંભથી વધારે સમાગમ રહ્યો છે. આ ઉપરાંત તેમની ૫૬ વર્ષની ઉમ્મર બહુ મોટી ન ગણાય છતાં કઠણ અને કષ્ટમય જીવને તેમના શરીરને જર્જરિત કરી નાખ્યું છે અને આંખે પણ હવે તેમને બહુ ઓછું દેખાય છે. કોઇની મદદ સિવાય તેઓ બહાર જઇ શકતા નથી. ચોવીશે કલાક પોતાના કાર્યમાં નિમગ્ન રહે છે. અને સેવા-કાર્યમાં સાધુજીવનની સાર્થકતા માને છે. વેશ સાધુનો રાખે છે છતાં બીજો કોઈ દંભ કે ખોટો દેખાવ કરતા નથી તેમ જ પોતે આચારમાં જે છુટ લઈ રહ્યા છે તે કોઇ ઠેકાણે છુપાવતા નથી. ઉપર જણાવ્યું તેમ શારીરિક નિર્બળતા વધતી જતી હોવા છતાં મહારાજના દિલમાં સેવાના મનોરથ પારવિનાના છે. અમેરિકા જાઉં, જાપાન જાઉં, અને નાના ગૃહઉદ્યોગો દેશમાં લઈ આવું અને જાતિભાઇઓને ઠેકાણે પાડવામાં મદદરૂપ થાઉં આવાં સ્વપ્નાં પણ તેઓ સેવી રહ્યા છે. આવી વ્યકિત જે સમુદાયની સેવા અર્થે પ્રવૃત્ત થાય છે તે સમુદાય માટે મહાન આશીર્વાદ રૂપ બની રહે છે. આ સેવાભાવી શુભવિજયજીને ચિર આયુષ્ય અને સુદૃઢ આરોગ્ય પ્રાપ્ત થાઓ કે જેથી તેમના સેવા મનોરથો સફળ થાય એમ આપણે અન્તરથી ઇચ્છીએ અને પ્રાર્થીએ! **પરમાનંદ**

વિષયસૂચિ		પૃષ્ઠ
જીવો જીવસ્ય જીવનમ્	દલસુખ માલવણિયા	૧૩૫
બનારસની સંસ્કૃત-વિશ્વ-પરિષદ	પંડિત ઈન્દ્ર	૧૩૬
મારી આટલી જ પ્રાર્થના છે	રવિન્દ્રનાથ ટાગોર	૧૩૭
પ્રકીર્ણ નોંધ શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાનો સ્વર્ગવાસ, સમાજસેવક શ્રી દલપતભાઇ ભણશાળીની સેવાઓ ની કરવામાં આવેલી કદર, શ્રી ઇન્દ્રને જૈન સમાજના અભિનંદન, વડોદ-રાની સેન્ટ્રલ લાઇબ્રેરી મુંબઇ સરકાર સંકેલી લે છે, જૈન વિશ્વવિદ્યાલય ?		
સેવાભાવી મુનિ શુભવિજયજી.	પરમાનંદ	૧૩૮
પરિવાર-નિયોજનનું તૃતીય-વિશ્વ-સંમેલન	ભંવરમલ સિંઘી	૧૪૧

પરિવાર-નિયોજનનું તૃતીય-વિશ્વ-સંમેલન

(શ્રી મંવરમલ સિંઘી જેઓ વર્ષોથી કલકત્તા વસે છે અને ત્યાંની જૈન સમાજના એક અગ્રગણ્ય યુવાન કાર્યકર્તા, ચિન્તક અને વિચારક છે, તેમ જ 'તરુણ' નામના હિંદી સામયિકના આદ્યસંસ્થાપક અને સંપાદક છે તેમણે તાજેતરમાં મુંબઇ ખાતે યોજાયેલ આન્તર રાષ્ટ્રીય પરિવાર-નિયોજન પરિષદમાં એક પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો. એ પરિષદનાં સ્મરણો તેમણે હિંદીમાં લખી મોકલેલા જેનો નીચે અનુવાદ આપવામાં આવે છે. તંત્રી)

પરિવાર-નિયોજનના વિષય ઉપર ચાર વર્ષમાં ત્રણ વિશ્વ-સંમેલનો ભરાયા, તે બતાવે છે કે વિશ્વના વિચારકોનું ધ્યાન આ મહત્ત્વના વિષય તરફ કેટલું ઝડપથી દોરાઇ રહ્યું છે. પહેલું વિશ્વ-સંમેલન સન ૧૯૪૮માં સ્વીડનમાં ભરાયું. બીજું સન ૧૯૪૯ માં ઇંગ્લેંડમાં ભરાયું અને ત્રીજું તારીખ ૨૪ થી ૩૦ નવેમ્બર (૧૯૫૨) સુધી મુંબઇમાં ભરાયું. અને લગભગ એ પણ નક્કી થઇ ચુકયું છે કે ચોથું વિશ્વ-સંમેલન ઓગસ્ટ ૧૯૫૩ માં ફરી વખત સ્ટોકહોમમાં ભરાશે. દરેક સંમેલન આગલા સંમેલન કરતાં વધારે મહત્ત્વ ધરાવતું રહ્યું છે. પરંતુ ત્રીજું સંમેલન ભારત વર્ષમાં ભરાયું તે એક રીતે વિશેષ મહત્ત્વપૂર્ણ બન્યું છે. જેમકે સંમેલનની કાર્યવાહી શરૂ કરતી વખતે ભારતીય પરિવાર-નિયોજન-સંઘના પ્રમુખ શ્રીમતી રામરાવે કહ્યું "આ વિશ્વ-સંમેલન મુંબઈમાં ભરાવાથી આખી દુનિયાનું ધ્યાન હિંદુસ્તાન તરફ ખેંચાયું છે. છેલ્લા ત્રણ ચાર વર્ષોમાં આ દેશમાં પરિવાર-નિયોજન સંબંધી જે પ્રચાર અને કાર્ય થયું છે તે હોલાંડ, ઇંગ્લાન્ડ, અમેરિકા, જાપાન વિગેરે દેશો કરતાં પ્રમાણમાં થોડું થયું છે, પરંતુ તે ભવિષ્યના કાર્યનું સૂચક છે."

આ સંમેલનમાં ૧૫ રાષ્ટ્રોનાં પ્રતિનિધિઓ આવ્યા હતા. રશિયા અને ચીનના પ્રતિનિધિઓની ગેરહાજરી ઉલ્લેખનીય હતી અને તે બાબત એક ભારતીય પ્રતિનિધિએ પ્રશ્ન પણ કર્યો હતો અને તેના જવાબમાં કહેવામાં આવ્યું કે એ બન્ને દેશો પરિવાર-નિયોજનના પ્રશ્નમાં રસ ધરાવતા નથી. ભારતના અને બહારના બધા મળીને એકંદર લગભગ ૫૦૦ પ્રતિનિધિઓ હતા, જેમાં ૨૦૦ પરદેશથી આવ્યા હતા. તેમાં ડોકટરોની સંખ્યા વધારે હતી, અને એમ હોવું સ્વાભાવિક હતું. જે દેશમાં આજ પણ વસ્તીના ઘણા મોટા ભાગમાં જાતીય-પ્રશ્નો ઉપર વાત કરવામાં લજ્જા અને સંકોચ અનુભવાય છે. ત્યાં ૫૦૦ સ્ત્રી-પુરુષો એક સાથે બેસીને જાતીય-જીવન સંબંધી પ્રશ્નો ઉપર પૂર્ણ સ્પષ્ટતા અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી વિવેચન કરે એવો આ પહેલો પ્રસંગ હતો. સતત સાત દીવસ સુધી પરિવાર-નિયોજનના જુદા જુદા દૃષ્ટિબિંદુઓ પર દુનિયાની કેટલીએક વિશેષજ્ઞ લેખાતી વ્યકિતઓ દ્વારા ચર્ચા કરવામાં આવી. શ્રીમતી માર્ગરેટ સેંગર, ડો. અબ્રહામ સ્ટોન, ડો. સી. પી. બ્લેકર, ડો. ગેમ્બલ, ડો. હેલેના રાઈટ, ડો. કાન મજ્મા, પ્રો. હેલ્પટન એ સર્વે પોતપોતાના વિષયોમાં વિશેષજ્ઞ તરીકે જાણીતા છે. ભારતીય પ્રતિનિધિઓમાં વધારે સંખ્યા ડોકટરો અને સામાજિક કાર્યકરોની હતી. સંમેલનનો પ્રબન્ધ કરવાવાળી તો બધી બહેનો જ હતી, જેમનો ઉત્સાહ અને કાર્યપ્રણાલી પ્રશંસનીય હતી.

ભારત વર્ષના ઉપ-રાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણનનું ઉદ્ઘાટન ભાષણ એ આ સંમેલનની સૌથી મોટી વિશેષતા હતી. મેં કેટલાયે ભારતીય અને વિદેશી પ્રતિનિધિઓને એમ બોલતા સાંભળ્યા કે પરિવાર-નિયોજનના વિષય ઉપર આટલું સુસ્પષ્ટ અને અર્થપૂર્ણ ભાષણ આ પહેલું જ સાંભળવા મળ્યું. એક પ્રતિનિધિએ તો એમ કહ્યું કે આ ભાષણ પરિવાર-નિયોજનના ઇતિહાસમાં હંમેશને માટે અપ્રતિમ રહેશે. ધર્મ, દર્શન અને સામાજિક તથા રાજનીતિની વીચારધારાઓ ઉપર અધિકાર પૂર્વક બોલી શકે એવું ડો. રાધાકૃષ્ણન સિવાય આપણા દેશમાં બીજું કોણ છે ? તેમણે થોડા સમયમાં પરિવાર-નિયોજનની આવશ્યકતા અને તે સંબંધી ઉભી થનાર ધાર્મિક અને નૈતિક આપત્તિઓ સંબંધી જે વિવેચનપૂર્ણ જવાબો આપ્યા તે અવશ્ય સાંભળવા જેવા હતા. મહાત્મા ગાંધીજી આ બાબતમાં જે વિરોધ કરતા હતા તેનો ઉલ્લેખ કરીને પણ તેમણે અહિંસાનો દાખલો આપીને ખૂબ જ અસરકારક જવાબ આપ્યો. તેમણે સ્પષ્ટ કહ્યું કે પરિવાર-નિયોજન આજે વ્યકિત અને સમાજની બહુ જ મોટી જરૂરિયાત છે. ડો. રાધાકૃષ્ણનનું ભાષણ જેટલું વિવેચનપૂર્ણ, સ્પષ્ટ અને પ્રભાવોત્પાદક હતું, તેટલું જ અસ્પષ્ટ અને ધુંચવણ ઉત્પન્ન કરે તેવું આપણા મુખ્ય પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ તરફથી મોકલવામાં આવેલું નિવેદન હતું. નહેરુના નિવેદનમાં શબ્દો ઘણા હતા, પરંતુ સ્પષ્ટ માર્ગદર્શન ઓછું હતું. સંમેલનના સ્વાગતાધ્યક્ષ શ્રીમતી કમળાદેવી ચટોપાધ્યાય હતાં, જેમનું લખેલું ભાષણ પણ ઘણું વિવેચનપૂર્ણ હતું. ભારતના મુખ્ય સેનાપતિ જનરલ કરિઅપ્પા, મુખ્ય ન્યાયાધીશ શ્રી. પતંજલિ શાસ્ત્રી અને નાણામંત્રી શ્રી. ચિંતામણ દેશમુખના સંદેશાઓ પણ ઉલ્લેખનીય હતા.

ભાષણોની ચર્ચામાં ડો. રાધાકૃષ્ણન પછી સર્વથી વધારે ઉલ્લેખનીય નામ ડો. એસ. ચંદ્રશેખરનું ગણાય. ભારતના આ અર્થશાસ્ત્રીએ પોતાની વકતૃત્વશકિત અને પાંડિત્ય વિષે બહુ પ્રસિદ્ધિ મેળવી છે. જનસંખ્યા સંબંધની સમસ્યાઓ ઉપર વર્ષોથી આ વિદ્વાન એકનિષ્ઠ અધ્યયન અને અનુશીલનપૂર્વક કાર્ય કરી રહ્યા છે. થોડા વર્ષો પહેલાં એ સંયુકત રાષ્ટ્રસંઘના અંતર્ગત જનસંખ્યા સંબંધી વિષયો પર કાર્ય કરતા હતા. અત્યારે વડોદરામાં ઇંડિયન ઇન્સ્ટીટયુટ નામની સંસ્થામાં જનસંખ્યા સંબંધી અધ્યયન માટે તેઓ કામ કરી રહ્યા છે. કોન્ફરન્સમાં તેમણે જે ભાષણ આપ્યું તેમાં તેમણે પરિવાર-નિયોજનની વિરુદ્ધ થયેલી દરેક પ્રકારની દલીલોના ચોકકસ આધારો આપીને સ્પષ્ટ જવાબો આપ્યા. આપણા સ્વાસ્થ્યમંત્રી રાજકુમારી અમૃતકુંવર હમેશાં કહ્યા કરે છે કે હિન્દુસ્તાનની જનતા ગર્ભનિરોધના વૈજ્ઞાનિક સાધનોના પ્રયોગોના પક્ષમાં નથી. તેનો ઉત્તર આપતાં ડો. એસ. ચંદ્રશેખરે કેટલાક આંકડાઓ રજુ કર્યા હતા કે જે વડોદરાની કેટલીક સ્ત્રીઓ સાથે થયેલા પ્રશ્નોત્તરના પરિણામરૂપ હતા. આ આંકડા તે તે સ્ત્રીઓની પરિવાર-નિયોજનને લગતી દૃષ્ટિને સ્પષ્ટ રૂપમાં રજુ કરતા હતા. ડો. ચંદ્રશેખરનું નવું પુસ્તક Hindi Peoples & Empty Lands નું આ કોન્ફરન્સ વખતે જ પ્રકાશન થયું હતું.

સંમેલનમાં જેટલાં પ્રતિનિધિઓ આવ્યા હતા તેમાં સૌથી મહાન વ્યકિતત્વ શ્રીમતી માર્ગરેટ સેંગરનું હતું. એ ઘણી વૃદ્ધ સ્ત્રી છે. પરંતુ સન ૧૯૧૨ માં જેવી પ્રેરણા, નિષ્ઠા અને ઉત્સાહથી તેણે કાર્ય શરૂ કર્યું હતું એ જ રીતે આજે પણ તે કામ કરી રહેલ છે. જેવી રીતે આપણે કોંગ્રેસના અધિવેશનોમાં ગાંધીજીની છાયા દરેક વસ્તુમાં અનુભવ્યા કરતા હતા એવી રીતે આ સંમેલનમાં શ્રીમતી માર્ગરેટ સેંગરનાં કાર્યનું હરવખત સ્મરણ થતું હતું અને તે સ્વાભાવિક હતું. શ્રીમતી સેંગરનું નામ એ જ પરિવાર-નિયોજનના પાછલા ચાલીશ વર્ષનો ઇતિહાસ છે. જે કોઇ વકતા મંચ ઉપર ઉભા થતા હતા તે સભાપતિના નામની સાથે સાથે શ્રીમતી સેંગરનું નામ પણ બોલતા જ હતા.

શ્રીમતી માર્ગરેટ સેંગરે પોતાના એક ભાષણમાં પરિવાર-નિયોજનના ઇતિહાસ ઉપર બોલતાં બોલતાં જ્યારે ગાંધીજી સાથે થયેલી તેમની મુલાકાતનો ઉલ્લેખ કર્યો અને તેમની સાથે કદી ન ટળી શકે એવા મતભેદની વાત કહેતાં કહેતાં ગાંધીજીના અત્યન્ત પ્રભાવપૂર્ણ વ્યકિતત્વ વિષે પોતાનો અભિપ્રાય

જણાવ્યો ત્યારે આખી કૉન્ફરન્સમાં સૌ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા હતા. શ્રીમતી સેંગરની વાણીમાં તેમના સાધનામય જીવનની એક અદ્‌ભૂત છાપ રહેલી છે.

સંમેલનમાં બે મહિલાઓ અન્ય સર્વથી વધારે રોકાયલી દેખાતી હતી, પરંતુ મંચ પર તેમને એક પણ શબ્દ બોલતા સાંભળી નહિ. એક હતાં આન્તરરાષ્ટ્રીય પરિવાર-નિયોજન-સંઘના મંત્રી શ્રીમતી વેરા હાફ્ટન અને બીજા હતા ભારતીય પરિવાર-નિયોજન-સંઘના મંત્રી શ્રીમતી વેમ્બુ. બન્ને પર આખી કૉન્ફરન્સની સંપૂર્ણ જવાબદારી હતી, પરંતુ માઇકની સામે અગર ફોટોગ્રાફની સામે એ બન્નેમાંથી એકેય કયારેય જોવામાં આવ્યા ન હતાં. કૉન્ફરન્સ સંચાલનનું માઇકનું આખું કામ શ્રીમતી રામરાવે સંભાળી લીધું હતું. આટલી ઉમરે પણ શ્રીમતી રામરાવ જે ઉત્સાહ, તત્પરતા અને તન્મયતાથી કાર્ય કરતાં હતાં તે જરૂર પ્રશંસનીય ગણાય.

કૉન્ફરન્સની સાથે એક નાનું એવું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું, જેમાં પરિવાર-નિયોજનને લગતું સાહિત્ય અને વૈજ્ઞાનિક સાધનો પણ રાખવામાં આવેલ હતાં. સાથે સાથે કેટલીક ધંધાદારી કંપનીઓના સ્ટોલો પણ રાખવામાં આવ્યા હતા. પરંતુ પ્રદર્શન એકંદર સફળ થયું ન ગણાય.

મારૂં માનવું છે કે, આપણા દેશની ભાષાઓમાં પણ આ પ્રશ્નોને લગતું જે સાહિત્ય ઉપલબ્ધ હોય તે ત્યાં હોવું જોઇતું હતું. અને એ સિવાય કેટલાક નકશા અને મોડેલ્સ પણ આ સમયે તૈયાર રાખવા જોઇતા હતા.

સંમેલનના કાર્યક્રમમાં બધાથી વધારે ખટકે એવી વાત જાહેર સભાઓના કાર્યક્રમ સંબંધી હતી. આ સભાઓ માટે કોઈ પણ જાતનો પ્રચાર કરવામાં આવ્યો નહોતો, જેનું એ પરિણામ આવ્યું કે કૉન્ફરન્સના અધિવેશનથી વધારે આ જાહેર સભાઓમાં કંઈ ન જોવામાં આવ્યું. પ્રતિનિધિઓ સિવાય સામાન્ય જનતાએ આમાં જુજ ભાગ લીધો. મેં તપાસ કરી તો જણાયું કે સ્થાનિક હિન્દી, ગુજરાતી, મરાઠી વિગેરે પત્રોમાં તો નહિ પરંતુ અંગ્રેજી પત્રોમાં પણ આ જાહેર સભાઓની કોઈ જાહેરાત થઈ ન હતી. મારૂં માનવું છે કે આ અવસર ઉપર કૉન્ફરન્સ હોલથી દૂર કોઈ પાર્ક અગર તો બીજા કોઈ મોટા સ્થળ ઉપર એક બે જાહેર સભા બોલાવવાની જરૂર હતી. એમ થયું હોત તો આ વિષયના પ્રચારમાં તેથી સારી મદદ મળી હોત.

કૉન્ફરન્સમાં સૌથી વધારે ચર્ચાના વિષયો ગર્ભ-નિરોધના ઉપાયો અને સર્વજન-સુલભ સાધનોની શોધને લગતા હતા. પરિવાર-નિયોજન વિષે બહુ તર્કવિતર્ક કરવાની જરૂર આજે રહી નથી, કેમકે પરિવાર-નિયોજન આવશ્યક છે એમ હવે લગભગ બધા માનવા લાગ્યા છે. હવે પ્રશ્ન રહે છે એવું સાધન શોધવાનો, કે જે સસ્તું તથા સુગમ હોય. સાધનોના સંબંધમાં જાણકાર ડોકટરોએ પોતપોતાના અનુભવોના આધાર ઉપર વિવિધ સામગ્રિઓના ગુણદોષની ચર્ચા કરી. કેટલાક રાસાયણિક વિધિઓ વિષે ચર્ચા કરતા હતા તો કેટલાક રબ્બરની ટોટીઓ અને આવરણો વિષે પોતાના અભિપ્રાયો જણાવતા હતા અને કેટલાએક પુરૂષ અને સ્ત્રીઓના ઓપરેશનની ઉપયોગિતા વિષે વિચારો રજુ કરતા હતાં. જેમ કે મને શ્રીમતી માર્ગરેટ સેંગરે કહ્યું કે આ આંદોલનનો સૌથી મોટો પ્રશ્ન એવું સાધન શોધી કાઢવાને લગતો છે, કે જે સફળ, સસ્તુ, સુલભ, હાનિરહિત અને ડોકટરની સારવારની જરૂરિયાત વિના વાપરી શકાય એવું હોય. કૉન્ફરન્સમાં જેટલી ચર્ચા થઈ એમાં હજુ સુધી તો રબ્બરનું ડાયાફ્રામ અને જેલીની વિધિ ઉપર મુખ્ય ભાર અપાતો હતો. પરંતુ આ વિષય પર કૉન્ફરન્સમાં માલુમ પડ્યું કે ભિન્ન ભિન્ન દેશોના વિશેષજ્ઞ ડાકટરો નિરંતર કામ કરી રહ્યા છે. કેવળ હિન્દુસ્તાનમાં જ નહિ પરંતુ વિદેશોમાં પણ સ્ત્રીઓ આવી દવા મેળવવા માટે ખૂબ પ્રયત્નો કરે છે કે જે ખાઈ લેવાથી ગર્ભ-નિયંત્રણમાં સહાયતા મળે. આવા પ્રકારનું ઔષધ મેળવવા માટે કેટલાય જાણકાર ડોકટરો પણ પ્રયત્ન કરી રહ્યા છે. કૉન્ફરન્સમાં આ દિશામાં કરવામાં આવતા પ્રયત્નો વિષેના નિબંધો પણ વાંચવામાં આવ્યા હતા. પરંતુ હજુ સુધી ખાવાની એવી કોઇ સફળ દવા મળી શકી નથી. પરંતુ આ વિષયના સંશોધનકારોએ તદ્દન આશા છોડી દીધી નથી. સંભવ છે કે કોઇક દિવસ આવી દવા મળી જાય, જેનાથી જન્મ-નિયંત્રણની આખી સમસ્યા ઉકેલવામાં ગમે તેવી અશિક્ષિત સ્ત્રીને માટે પણ તે સુગમ બને.

જુદા જુદા દેશોમાંથી આવેલા જાણકારોના અધ્યયન અને અનુભવોના લાભ મેળવી શકાય એ દ્રષ્ટિએ કૉન્ફરન્સમાં જુદા જુદા ચાર અધ્યયન મંડળોની રચના કરવામાં આવી હતી. જેની ચર્ચાના વિષયો નીચે મુજબ હતા:—

(૧) ગર્ભ-નિરોધ અને તેનાં સાધનો
(૨) વંધ્યત્વ અને ગર્ભપાત
(૩) કામ-શિક્ષા અને વિવાહ સંબંધી પ્રશ્નોના વિષય પરત્વે પરામર્શ
(૪) પરિવાર-નિયોજન-કેન્દ્રની સ્થાપના અને સંચાલનની વ્યવસ્થા અને જન-સ્વાસ્થ્યની યોજનાઓમાં પરિવાર-નિયોજનનું મહત્વ.

જે પ્રતિનિધિઓને જે વિષયમાં વધારે જિજ્ઞાસા અને દીક્ષારૂપી હતી તે પ્રતિનિધિઓ તે મંડળની બેઠકોમાં ભાગ લઇને પોતાના પ્રશ્નોનું સમાધાન કરવા માટે ચર્ચા-વિચારણામાં ભાગ લેતા હતા.

સામાન્યતઃ લોકો પરિવાર-નિયોજનના પ્રશ્ન ઉપર વિચાર કરતાં જનસંખ્યાની વૃદ્ધિ અને તેની આર્થિક બાજુ પર વધારે ભાર મુકે છે. પરંતુ આ કૉન્ફરન્સની ચર્ચાઓમાં આ બાબતોની અપેક્ષાએ સ્ત્રી અને બાળકના સ્વાસ્થ્યને લગતી બાબત ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો હતો. સ્ત્રીઓનો આ અધિકાર છે અને એ હોવો જોઇએ કે કોઈ પણ સંજોગોમાં સ્ત્રીઓને પોતાની ઇચ્છા સિવાય જબરજસ્તીથી ગર્ભધારણ કરવાની ફરજ ન પડે. અને જ હું કૉન્ફરન્સનો મોટામાં મોટો સંદેશ લેખું છું. જો આપણે આ દૃષ્ટિથી આ પ્રશ્નનો વિચાર કરીએ તો કોઈ પણ દેશની આબાદી અધિક છે કે અલ્પ છે અથવા તો તેથી ઉત્પન્ન થવાવાળી મુશ્કેલીઓને પહોંચી વળવા માટે જન્મ-નિયંત્રણ યોગ્ય સાધન છે કે આર્થિક ક્રાંતિ—આ પ્રશ્નોમાં આપણને પડવાની જરૂર નથી. આજની સભ્ય દુનિયામાં સ્ત્રીઓને આ સ્વાધિકારથી કોઇ પણ કારણસર વંચિત રાખી શકાય નહિ. વિજ્ઞાનની પ્રગતિએ આપણને અનેક પ્રાકૃતિક વિવશતાઓથી મુકત થવામાં સહાય કરી છે. અથવા તો એ પ્રકારની મુકિત પ્રાપ્ત કરીને સામાજિક જીવનના આપણે નવાં મૂલ્ય પ્રાપ્ત કરતા રહ્યા છીએ. વિજ્ઞાનની મદદ વડે ગર્ભધારણની વિવશતાથી મુકત બનીને નારીજીવન એક મોટા અભિશાપથી મુકત થઇ શકશે, અને ત્યારે જ માતૃત્વનો સાચો આનંદ મેળવવામાં સ્ત્રી જાતિ સફળ થશે. આજનું માતૃત્વ તેના ઉપર લાદવામાં આવ્યું છે. ભવિષ્યમાં તે ઇચ્છા અને યોજનાપૂર્વકના માતૃત્વ પ્રાપ્તિની અધિકારિણી બનશે. આ સંદેશને દુનિયાને ખૂણે ખૂણે પહોંચાડવા માટે કૉન્ફરન્સમાં આવેલા ૧૫ રાષ્ટ્રના પ્રતિનિધિઓએ પરિવાર-નિયોજનનો વિશ્વસંઘ સ્થાપિત કર્યો છે.

સત્યયુગ આવી રહ્યો છે

ગયા અંકમાં પ્રગટ થયેલો આ લેખ હરિજનબંધુમાંથી ઉધ્ધૃત કરવામાં આવ્યો હતો. **તંત્રી**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ ૧૪ અંક : ૧૮ | મુંબઈ : ૧૫ જાનેવારી ૧૯૫૩, ગુરુવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

ગુજરાતી સાહિત્યનો પ્રદેશ

તા. ૨૮, ૨૯, ૩૦ ડીસેંબર ૧૯૫૨ ના દિવસો દરમિયાન નવસારી ખાતે મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૮મા સંમેલનના પ્રમુખસ્થાનેથી માન્યવર શ્રી હરસિદ્ધભાઈ દિવેટિયાએ ગુજરાતી સાહિત્યને લગતા અનેક વિષયોને સ્પર્શતું એક મનનીય અને વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. જગ્યાને અભાવે તે આખું વ્યાખ્યાન અહિં આપવું શક્ય નથી, પણ જ્યારે હિંદના પ્રાન્તોનું પણ પુનર્વિભાજન કરવામાં આવે અને એક અલાયદા રાજકીય એકમ તરીકે ગુજરાતનું નિર્માણ કરવામાં આવે ત્યારે તેમાં કયા કયા પ્રદેશો સંમિલિત કરવા જોઇએ એ વિષેની તેમની કલ્પના પ્રબુદ્ધ જૈનના વાંચકોને યથાસ્વરૂપે જાણવા મળે અને આજના વિવાદાસ્પદ સીમાપ્રદેશો સંબંધે તેઓ કેવા પ્રકારના મંતવ્યો ધરાવે છે તેનો પણ ખ્યાલ આવે એ હેતુથી તેમના પ્રવચનમાંનો જરૂરી ભાગ નીચે રજુ કરવામાં આવે છે. તંત્રી

આ બધું વિવેચન તો ગુજરાતી સાહિત્ય વિષે થયું. પણ **ગુજરાતી સાહિત્ય એટલે** કયા પ્રદેશનું સાહિત્ય ? પરિષદના બંધારણમાં 'ગુજરાતી ભાષા' અને 'ગુજરાતી સાહિત્ય'નું વર્ણન આ પ્રમાણે આપ્યું છે: "કોઈ પણ સમયે ગુજરાતના કે તેના કોઈ પણ ભાગના વતનીઓ જે માતૃભાષા બોલતા હોય તેનો સમાવેશ ગુજરાતી ભાષામાં થશે અને આવી ભાષામાં લખાયેલા સાહિત્યનો સમાવેશ 'ગુજરાતી સાહિત્ય'માં થશે. એટલે કે જે પ્રદેશને અત્યારે વિશિષ્ટ નામે 'ગુજરાત' કહેવાય છે તેટલો જ નહીં, પણ જ્યાં ગુજરાતી ભાષા બોલાતી હોય તેનો પણ ગુજરાતમાં સમાવેશ થાય છે."

આપણે સૌરાષ્ટ્ર અને કચ્છ જાણે ગુજરાતથી તે જુદાં હોય એમ બોલીએ છીએ. પરંતુ ઐતિહાસિક બનાવોને લીધે વહીવટમાં જુદા પડેલા વિભાગો ભાષા એટલે સાહિત્યના દ્રષ્ટિબિંદુથી જો તે વિભાગોની મૂળ ભાષા એક જ હોય તો તે સર્વે ખરી રીતે એક જ શરીરનાં અંગો છે, અને તેથી જ વિભાગોનાં નામો ગમે તે હોય, પણ ભાષાપરત્વે એ સર્વ ગુજરાત છે. તાત્પર્ય એ છે કે કોઇ પણ વિભાગનું વહીવટના ધોરણે જુદું નામ આપવામાં આવ્યું હોય પણ એની ભાષાનું મૂળ ગુજરાતી હોય તો તે ગુજરાતનો જ વિભાગ છે. મુસલમાન અને બ્રિટીશ રાજ્યોના અમલમાં વહીવટની દૃષ્ટિએ અસલના પ્રાન્તોમાં અનેક ફેરફારો થઇ ગયા. મરાઠી તેલુગુ અને કન્નડ ભાષાઓ બોલનારા પ્રાન્તોમાંથી ટૂકડાઓ થઇને હૈદરાબાદનું રાજ્ય બન્યું. કન્નડભાષા બોલનારાં મૈસુર એક જુદું દેશી રાજ્ય બન્યું. કાનડાના પણ બે વિભાગ પડી એક મુંબઇ-રાજ્યમાં અને બીજો મદ્રાસમાં ગયો. આવા અનેક દાખલાઓ આપણા તાજેતરના ઇતિહાસમાં મળી આવે છે. આ રીતે છિન્નભિન્ન થયેલા પણ ભાષાનું ઐક્ય ધરાવતા પ્રાંતોની એક ભાષાના ધોરણથી પુનઃરચના કરવાની જરૂર આપણા દેશના નેતાઓને જણાઈ અને કોંગ્રેસે આવા પ્રાંતોની રચના માટે ઠરાવ કર્યો. આ ઠરાવનો અર્થ એ છે કે અત્યારે પ્રાંતોના ટૂકડા ગમે તેવા પડેલા હોય પણ તે ટૂકડા પડ્યા તે પહેલાં ભાષાકીય ઐક્ય ધરાવતા પ્રાંતોની પુનઃસ્થાપના કરવી; એટલે કે અત્યારના પ્રાંતોના સીમાપ્રદેશમાં ભાષા વગેરેની બાબતમાં જે કાંઇ ફેરફારો, ટૂકડા પડ્યા પછી થયા હોય તે ફેરફારની પાછળ જઇ તે પહેલાંની સ્થિતિ શી હતી તેનો નિર્ણય કરી, ફરી પાછા તેમને અસલના પ્રાન્તોમાં દાખલ કરવા જોઇએ. આ ધોરણે કોઇ પણ પ્રાંતનો સીમાપ્રદેશ નક્કી કરવો એ કોંગ્રેસના ઠરાવમાંથી ફલિત થાય છે. આ ઠરાવને અમલમાં મૂકવાનો સમય આવશે ત્યારે ચોકકસ પધ્ધતિસર સીમાપ્રદેશ નકકી કરવા માટે સમિતિઓ નીમાશે. અત્યારે આપણે આવી સમિતિ નીમી ગુજરાતને જુદો પ્રાંત કરી નાંખવાની માગણી કરતા નથી. એમાં તો ભાષા ઉપરાંત અનેક દૃષ્ટિબિંદુઓનો વિચાર કરવાનો આવશે. પરંતુ ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્ય પરત્વે ગુજરાતના કયાકયા વિભાગો છે તે તપાસી તે સર્વને, જ્યાંસુધી સીમાસમિતિઓનો છેવટનો નિર્ણય ન આવે ત્યાંસુધી, અત્યારની સ્થિતિ પ્રમાણે અકબંધ રાખવા એવી માગણી તો આપણે અવશ્ય કરવાની છે.

આ પ્રદેશ કયો છે તે નકકી કરવામાં કેટલાએક નિયમો લાગુ પડે છે. ભાષા અને વ્યવહાર એ બન્ને એકબીજા ઉપર આધાર રાખે છે. સીમા ઉપર આવેલા કોઇ પણ પ્રદેશની ભાષા તદ્દન શુદ્ધ હોતી નથી. પણ તે બન્ને બાજુએ આવેલા પ્રાંતોમાંથી કયા પ્રાંતની ભાષા એની મૂળ ભાષા છે તે નકકી કરવામાં ભૂતકાળમાં એનો ઘણોખરો વ્યવહાર કયા પ્રાંત સાથે હતો તે જોવાનું છે; કારણ કે વ્યવહારથી ભાષા ઘડાય છે અને વ્યવહાર તે પ્રદેશની ભૌગોલિક સ્થિતિ તથા વ્યાપારિક સંબંધ ઉપર આધાર રાખે છે. તે પ્રમાણે ભાષાથી પણ કેટલેક અંશે વ્યવહાર ઘડાય છે; કારણ કે એક જ ભાષા બોલનારા લોકો વચ્ચે વ્યવહાર વધારે હોય એ દેખીતું છે. આ વિષે યૂરોપના જુદાજુદા દેશો વચ્ચેનો સીમાપ્રદેશ નકકી કરવા માટે કેટલાએક આવા સિદ્ધાંતો પણ નકકી કરાયા છે કે ભાષાની એકતા અથવા સામ્ય ઉપરાંત રસ્તાઓ, નદીઓ, નહેરો, વગેરે, ભૌગોલિક તથા ઐતિહાસિક પરિસ્થિતિનો સઘળો વિચાર કરીને સીમાપ્રદેશનો નિર્ણય કરવો જોઇએ કે જેથી કોઇ પણ દેશના વિકાસ માટેનાં કુદરતી સાધનોનો લાભ તેને મળી શકે.

આબુપ્રદેશ

હવે આ નિયમો પ્રમાણે ગુજરાતનો ભાષાકીય સીમાપ્રદેશ અત્યારે શો છે તે જોઇએ. જે પ્રદેશ ગુજરાતમાં જ ગણાય છે અને જેને માટે કાંઇ મતભેદ નથી તે બાદ કરતાં બાકીના પ્રદેશ વિષે જ ચર્ચા કરીશું. ઉત્તરથી શરૂ કરીએ તો પાલણપુર તથા દાંતાની ઉત્તરના પ્રદેશ વિષે અને ખાસ કરીને શીરોહીના પ્રદેશ વિષે હમણાં ઉગ્ર મતભેદ ઉત્પન્ન થયો છે. પહેલાનું શીરોહીરાજ્ય અથવા તેનો કોઇ ભાગ ગુજરાતી ભાષા બોલતી પ્રજામાં ગણાવાં

જોઇએ કે નહીં તે વિષે મધ્યસ્થ સરકારે ત્રણ વરસ પહેલાં એવો નિર્ણય કર્યો છે કે આબુપર્વત અને તેની આજુબાજુનો પ્રદેશ ભાષાકીય તેમ જ ઐતિહાસિક ભૌગોલિક અને વ્યવહારિક દૃષ્ટિબિંદુએ ગુજરાતનો વિભાગ છે અને તેથી તેનો વહીવટ મુંબઇ રાજ્યે કરવો જોઇએ. આ નિર્ણય થયા પછી તે વિભાગોના પડોશના રાજસ્થાનપ્રાન્તે ફરીને તેને રાજસ્થાનપ્રાંતમાં ભેળવી દેવા જોઇએ એવી માગણી કરી છે. આ નિર્ણય ભલે કામચલાઉ હોય, પરંતુ તેને ફેરવવા માટે સબળ કારણો જોઇએ. તે કારણો બતાવવાનો બોજો રાજસ્થાનીઓ ઉપર છે. તેથી હાલમાં આબુ ગુજરાતનો વિભાગ છે કે નહીં તે પ્રશ્ન નથી, પણ સઘળો વિચાર કર્યા પછી આબુને ગુજરાતનો વિભાગ તરીકે ગણવાનો નિર્ણય થયો છે તે ફેરવવાને કોઈ સબળ કારણો છે કે નહીં તે જ ખરો પ્રશ્ન છે. છતાં લેવાયલા નિર્ણય માટે કયા સમર્થ કારણો છે તે આપણે અહીં સંક્ષેપમાં વિચારીએ.

દૂરના ઇતિહાસમાં જવાની જરૂર નથી. ગુર્જરરાષ્ટ્ર અથવા ગુર્જરત્રા જેને કહેવામાં આવે છે તેનું સામ્રાજ્ય ઉત્તરમાં ઠેઠ મથુરા સુધી પહોંચ્યું હતું એ હકીકત તો સર્વ કોઇ જાણે છે. આચાર્ય આનંદશંકરભાઇએ એમના પરિમલના પ્રમુખ તરીકેના ભાષણમાં જેમ કહ્યું હતું તેમ "ગુર્જરભૂમિનો પ્રદેશ એક વખતે રાજસ્થાનને અંતર્ગત કરતો એ વાત, જે સ્થળે "ગુર્જરત્રા" શબ્દવાળા શિલાલેખ મળ્યા છે અને એમાં જે સ્થળોનો ઉલ્લેખ છે તેનાથી અત્યારે સુવિદિત થઇ ચૂકી છે. અને શૌરસેની અપભ્રંશ, શૌરસેની પ્રાકૃત અને સંસ્કૃતભાષાદ્વારા, તથા રાજસ્થાન અને મથુરાની આસપાસના શૂરસેનદેશદ્વારા હિંદીની ભૂમિ સુધી ગુજરાતીનો સાંબંધ પહોંચ્યો છે. આ જોતાં બહુ દૂર સુધીના ભાગોને પ્રાચીન પરિભાષામાં ગુજરાત જ ગણવો જોઇએ એ સ્પષ્ટ છે. એમને આપણે "વર્તમાન ગુજરાત" અને "બૃહદ્ ગુજરાત" થી ભિન્ન પાડીને બોળભાવના "મહાગુજરાત" કહી શકીએ"

કાળે કરીમે આ મહાગુજરાત સંકોચાતું ગયું. રણની ભૂમિ વધતીઓછી હાલના ગુજરાતની સમીપ આવી પહોંચી અને શ્રીમાળ ઉર્ફે ભિન્નમાળ, ઝાલોર, વગેરે પ્રદેશ જે હાલમાં મારવાડ કહેવાય છે તેની વસ્તિ ગુજરાતમાં આવીને વસ્યા પણ આબુપ્રદેશનું પાટનગર ચંદ્રાવતી હતું જેમાં પરમાર રાજાઓ રાજ્ય કરતા હતા તે અણહીલપુરપાટણના સોલંકી વંશના રાજાઓ જે ગુર્જરેશ્વર કહેવાતા તેમના સામંતો હતા. પરમારોને પછી ચૌહાજ તરફના દેવડા ચૌહાણોએ ચંદ્રાવતી લીધું અને તેઓ પણ ગુજરાતના રજપૂત રાજાઓના સામંતો જ રહ્યા. ગુજરાતના રાજા ભીમદેવ પહેલાના સમયમાં તેના મંત્રી વિમળશાહે તથા પહેલા વિશળદેવ વાઘેલાના સમયમાં બે ભાંત્રીભાઇઓ વસ્તુપાલ અને તેજપાલે આબુમાં જે જગદ્વિખ્યાત જૈનમંદિરો બંધાવ્યાં છે તે સર્વને સુવિદિત છે. પુરાણોમાં આબુનો પ્રદેશ તો ગુજરાતમાં જ હોવાનું વર્ણન મળે છે. મુસલમાન રાજ્યની શરૂઆત પછી પણ ગુજરાતના સુલતાનના હાથ તળે ગુજરાતના વિભાગ તરીકે સોળ વિભાગોનાં નામો મીરાતે અહમદીમાં છે એમાં આબુ, ડુંગરપુર અને વાંસવાડાનો સમાવેશ થાય છે. તે પછી મોગલ બાદશાહે ગુજરાત જિત્યા પછી પણ એ જ સ્થિતિ કાયમ રહી. અકબરના સમયમાં ટોડરમલે નવા સુબાઓની રચના કરી ત્યારે શીરોહીને અજમેરના સુબા તળે મૂકયું. પરંતુ મીરાતે અહમદીમાં જણાવ્યા પ્રમાણે પછીના મોગલરાજાના અધોગતીના સમયમાં શીરોહી પાછું ગુજરાતના સુબા તળે આવ્યું. અને મરહઠાઓએ જ્યારે અમદાવાદ લીધું ત્યારે પણ શીરોહી, ડુંગરપુર, વગેરેની ગણતી ગુજરાતમાં જ થતી. આ હકીકતોનું શીરોહીરાજ્યના ઇતની સુવિખ્યાત પંડિત ગૌરીશંકર ઓઝાએ પણ તેમના રજપૂતાનાના ઇતિહાસમાં સમર્થન કર્યું છે. એક નોંધવા લાયક હકીકત એ છે કે ઔરંગઝેબ જેવા જબરી બાદશાહે ગિરનાર અને આબુના પર્વતોની સનદ અમદાવાદના નગરશેઠ અને જૈનોના મુખ્ય શેઠ શાન્તિદાસ ઝવેરીને આપી. તે સનદમાં એમ પણ ફરમાન હતું કે કોઈ પણ રાજા અમલદારોએ આ બક્ષિસની વિરુદ્ધમાં વર્તન ચલાવવું નહીં, અને દેર વખતની સનદ પણ માગવી નહીં, આમ છતાં મોગલ રાજ્યની પડતી પછી જાત્રા માટે જૈનોના હકકો રહ્યા પણ આબુનો કબજો શીરોહીદરબારે લઇ લીધો. આ સ્થિતિ બ્રિટિશ અમલ સુધી ચાલી. દરમિયાનમાં શીરોહીની પ્રજાનો વ્યવહાર તો ગુજરાત સાથે જ રહ્યો. જોધપુરરાજ્યનું વર્ચસ્વ શીરોહી ઉપર જ્યારથી જોધપુરના રાજા મોગલો તરફથી ગુજરાતના સુબા હતા ત્યારથી જ હતું. અને બન્ને રાજાઓ રાઠોડ હોવાથી બન્ને વચ્ચે સગપણનો સાંબંધ પણ હતો. ક્રમેક્રમે શીરોહીના રાજાઓનો પ્રદેશ પણ ટૂંકો થતો ગયો. અત્યારસુધી રાજસ્થાન કે રજપૂતાના જેવો પ્રદેશ જ ન હતો. મારવાડ, મેવાડ, મેવાત, ભાળવા, મત્સ્યપ્રદેશ વગેરે પ્રદેશોમાં રજપૂત રાજાઓનું રાજ્ય હતું. પણ જ્યારથી કર્નલ ટોડ તે પ્રદેશના રેસિડંટ તરીકે આવ્યો ત્યારથી રજપૂતાનાનાં રાજ્યોનું નસીબ ફરવા લાગ્યું. કર્નલ ટોડ રજપૂત રિયાસતોનો બેહદ પ્રશંસક હતો. એનું સ્વપ્ન આ રાજ્યોને રાજસ્થાન નામનો પ્રદેશ સ્થાપી તેમાં સંગઠન કરવાનું હતું. આબુના પર્વતની આજુબાજુને પહેલાં કોઈ જાણતા પણ ના હતી. પણ કર્નલ ટોડે પશ્ચિમહિંદના પ્રવાસમાં પોતાને આબુનો સ્વાસ્થ્યપ્રદ શોધક માની ત્યાંની શીતળ આબોહવાથી મુગ્ધ થઇને તેને પોતાના સ્વપ્નના પ્રમાણે રજપૂતાનામાં ભેળવી દેવાની યોજના શરૂ કરી. પરંતુ તે સમયે શીરોહી, વાંસવાડા, ડુંગરપુર, વગેરે ગુજરાતની સરહદ ઉપરનાં તમામ રાજ્યો ગુજરાતનો જ ભાગ ગણાતાં. કર્નલ વૉકર બ્રિટિશ સરકારના પ્રતિનિધિ તરીકે વડોદરામાં રેસિડંટ તરીકે હતા અને સને ૧૮૨૦ માં એમણે મુંબઇ સરકારને કરેલા રિપોર્ટ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે ગુજરાતના બ્રિટિશ અમલદારો શીરોહી, વાંસવાડા, ડુંગરપુર, ઝાબુઆ, અલીરાજપુર, વગેરે દેશી રાજ્યોના વિભાગોને ગુજરાતની અંદર એને લીધે મુંબઇ સરકારની સત્તા તળે જ ગણતા હતા. પણ પછીથી રાજસ્થાનના પોલિટિકલ અમલદારો ફાવ્યા અને શીરોહીનો વહીવટ રજપૂતાના એજન્સી તળે મૂકાયો. બ્રિટિશ અમલદારો હિંદુસ્થાનની શીતળ ટેકરીઓને તેમનું સ્વર્ગ માનતા હતા. રજપૂતાનાના રણની ગરમ હવામાંથી બચવા માટે તેમને આબુ એક વિશાળ શીતળ ટેકરી જોઇતી હતી. આબુ જેવું સુંદર સ્થાન રજપૂતાનામાં બીજે કોઈ ઠેકાણે ન હતું. રજપૂતાનાની લશ્કરી ટૂકડીઓ માટે આરામની જગા બીજે કયાંય નહોતી એટલે છેવટે આબુની બાતર શીરોહીને પણ રજપૂતાના એજન્સીમાં ભેળવવા તેઓ સફળ થયા અને શીરોહીના રાજાને આબુપર્વતનો સારામાં સારો ભાગ લશ્કરી વપરાશ માટે સોંપી દેવાની ફરજ પાડી. તે પછી તો રજપૂતાનાના રાજાઓની કોઠીઓ આવી અને આબુ રજપૂતાનાનું ક્રીડાંગણ બની ગયું. ગુજરાત બિચારું જેસી રહ્યું. કવીશ્વર દલપતરામે "દીઠો ત્યાજ આબુ ગિરિરાજ એવો !" એ કવિતા સંભળાવી ત્યારે કોઇને એમ થયું કે આ આબુ તો આપણો હતો અને કોઈ દિવસ પાછો મળશે ખરો ? યૂરોપિયન અમલદારોને આબુ રાજસ્થાનમાં રહે કે ગુજરાતને પાછું મળે એની શી પરવા હતી ?

આવી રીતે આબુ શીરોહીમાં અને ત્યાંથી રજપૂતાનામાં ગયો એ એક માત્ર ઐતિહાસિક અકસ્માત જ હતો. કર્નલ ટોડના પક્ષપાતનું પરિણામ હતું. ગુજરાતનો ભાગ રજપૂતાનામાં ભેળવી દેવાની યોજના કૃત્રિમ હતી. પણ નૈસર્ગિક નિયમો તો કૃત્રિમ અંતરાયોને બાંધ તોડીને, પણ બહાર નીકળે છે. વહીવટી ફેરફારને પરિણામે આબુ રાજસ્થાનમાં ગયાથી રાજસ્થાનીઓની સંખ્યા વધી. આબુરોડ સ્ટેશન અને આબુ ઉપર રાજસ્થાનના પરચૂરણ વેપારીઓ

આવી વસ્યા. રાજ્યકારભારની ભાષા રાજસ્થાનની થઈ પણ આબુ-પ્રદેશના જનસમાજનાં સંસ્કૃતિ અને સંબંધ તો ગુજરાતી બોલતી પ્રજા સાથે જ વધારે રહ્યાં. એનું મુખ્ય કારણ તો ભાષા અને વ્યવહાર. સેંકડો વરસના ગાઢ સંબંધો માત્ર એક સૈકાના કૃત્રિમ ફેરફારથી કેમ બદલાય ? દરેક સીમા પ્રદેશની ભાષા મિશ્રિત તો હોય જ, પણ શીરોહીપ્રદેશની ભાષા તો મૂળ ગુજરાતી ઉપર મારવાડીનો રંગ, અને નહીં કે મારવાડી ભાષા ઉપર ગુજરાતીની અસર. ત્રણેક વરસ પહેલાં શીરોહીરાજ્યના વારસની તપાસસમિતિના પ્રમુખ તરીકે મને ત્યાંની ભાષામાં લખાયલા કેટલાએક દસ્તાવેજો જોવાનો પ્રસંગ મળ્યો હતો. રાજસ્થાની ભાષા નહીં જાણતો હોવા છતાં મને તેનો અર્થ સારી પેઠે સમજાતો હતો. આપણી જૂની ગુજરાતીમાં મારવાડી શબ્દો મળીભળી ગયા હોય એમ જ લાગતું હતું. વિભક્તિઓ, પ્રત્યયો, વગેરે, વ્યાકરણનાં અંગો આપણા જેવાં જ જણાતાં હતાં. મુખ્ય ફેર એ હતો કે આપણે ત્યાંની જૂની ગુજરાતી હતી તેના જેવી તે જણાતી હતી. લિપિ પણ તેવી જ હતી. ગ્રીઅર્સન, ટેસીટોરી, ડો. સુનીતિકુમાર ચેટરજી, વગેરે, ભાષાની ઉત્પત્તિના પંડિતોનો અભિપ્રાય એવો છે કે ગુજરાત અને અત્યારના પશ્ચિમદક્ષિણ રાજસ્થાનની ભાષા મૂળે એક જ છે. શીરોહીની ભાષા તે શીરોહીગુજરાતી છે તેનો મને પ્રત્યક્ષ અનુભવ થયો.

સરકારી ગેઝેટીઅરો તો આબુને રાજસ્થાનમાં ભેળવ્યા પછીથી લખાયાં એટલે એમાં આબુ ગુજરાતનો વિભાગ છે એવા ઉલ્લેખની આપણે આશા રાખીએ નહીં. તેમ છતાં તેમાં પણ આબુ ગુજરાતમાં હોવાની કબુલાત આવે છે. મુંબઇ ઇલાકાના સરકારી ગેઝેટીઅરના નવમા ગ્રંથનો પ્રથમ ભાગ જે ગુજરાતની વસતિ વિષે છે તેમાં ભૌગોલિક તથા ભાષાની દ્રષ્ટિએ આબુપર્વતથી દમણ સુધી ગુજરાતની સીમા જણાવી છે. (પૃષ્ઠ VIII–૮) તથા ઉત્તર ગુજરાતની હદ આબુપર્વતથી મહીનદી સુધીની જણાવી છે. અને તે આબુપર્વતને બાદ કરીને નહીં, પણ આબુસુદ્ધાંત. આબુ અને ગુજરાતનાં બીજાં યાત્રાનાં સ્થળો સાથે તેને ઉત્તર ગુજરાતમાં મૂક્યો છે (પૃષ્ટ IX–૯/૫૪૩, ૫૪૯.) તે ઉપરાંત સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે જૈનધર્મનાં અખિલ હિંદમાં વિખ્યાત એવાં દહેરાં આબુ, શત્રુંજય અને ગિરનારના ત્રણ પર્વતો ઉત્તર ગુજરાતમાં આવેલાં છે. (પૃષ્ઠ ૫૫૦) સત્ય હકીકત કોઈ દિવસ ઢાંકી રહે ખરી ?

પણ આટલેથી વાત પૂરી થતી નથી. પોતાની ભાષાને પરભાષાનો ગમે તેટલો ઓપ લાગ્યો હોય પણ માતૃભાષા તરફનો પ્રેમ તેથી કાંઈ જાય ? શીરોહી અને ખાસ કરીને તેના દક્ષિણના આબુપ્રદેશનાં સ્થળોમાંથી સાહિત્યના શોખીનો જોધપુર કે અજમેર નહિ પણ ગુજરાત કે મુંબઈમાં આવી ગુજરાતી ભાષા અને સાહિત્યની સેવા કરે, તેમાં શું આશ્ચર્ય છે ? આબુની તળેટીના હાથળગામના વતની ગોકુળભાઇ ભટ્ટ મુંબઇ આવી ગુજરાતી સાહિત્યની સેવા કરે, ત્યાંના ઉપનગરની સાહિત્યસભાના મંત્રી થઇ અંધેરીમાં ભરાયલા ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનના પણ કાર્યવાહક મંત્રી થાય એમાં કાંઇ આશ્ચર્ય છે ? શીરોહીરાજ્યના વતની પ્રખ્યાત પુરાતત્ત્વવિદ્ મહામહોપાધ્યાય ગૌરીશંકર ઓઝા નડીઆદમાં ભરાયેલી સાહિત્યપરિષદના ઇતિહાસવિભાગના પ્રમુખ થઈ ગુજરાતીમાં ભાષણ આપે અને તે ભાષણમાં પોતાની માતૃભૂમિ–ગુજરાત–નાં આબુનાં મંદિરોની કળાનાં વખાણ કરે એમાં પણ કાંઇ આશ્ચર્ય છે ? શીરોહીના વતની વલ્લભ ભીમાશંકર શર્મા આજથી પંદરેક વરસ ઉપર ત્યાંની જનતામાં જાગૃતિ લાવવા માટે ગુજરાતી ભાષામાં 'શીરોહી સંદેશ' નામનું વર્તમાનપત્ર પ્રગટ કરે તથા શીરોહીના કવિ 'આનંદી' ગુજરાતી ભાષામાં 'એ અબુંદના લાડકવાયા' નામનું કાવ્ય રચે એમાં પણ કાંઇ આશ્ચર્ય છે ? લગભગ પંચોતેર વરસ પહેલાંથી હમણાંસુધી ત્યાંની ગુજરાતી બોલતી પ્રજા સાથે સંપર્ક ચાલુ રાખવા માટે શીરોહીના દીવાનો ગુજરાતીઓ હોય એમાં પણ શું આશ્ચર્ય છે ? આશ્ચર્ય માત્ર એટલું જ છે કે આટલી સ્પષ્ટ હકીકતો હોવા છતાં ભાષાની દ્રષ્ટિએ પણ આબુનો પ્રદેશ રાજસ્થાનમાં છે એવું ઠોકી બેસાડવાના પ્રયત્નો થાય છે. એનો ઘણોખરો આધાર તો જ્યારથી આબુને રજપૂતાનામાં જોડવામાં આવ્યું ત્યારથી ત્યાંથી જે લોકો આવ્યા તેમની ભાષા ઉપરથી જે ફેરફારો થયા તેના ઉપર જ રાખવામાં આવે છે. આપણે ઉપર જોયું તેમ હજી દસપંદર વરસ પહેલાં તો શીરોહીના વતનીઓ માટે ગુજરાતી વર્તમાનપત્રો કહાડવાં પડતાં અને હજી પણ ગુજરાતી વર્તમાનપત્રો મોટી સંખ્યામાં આબુપ્રદેશમાં જાય છે. કચ્છી બોલી શુદ્ધ ગુજરાતી ભાષાથી જુદી જ લાગે છે. પણ કોઇએ એમ કહ્યું કે કચ્છ ભાષાપરત્વે ગુજરાતમાં નથી ? આબુનું પણ તેમ જ છે. ખરી રીતે આબુ ગુજરાતનો ભાગ છે કે નહીં તેનો નિર્ણય તેને કૃત્રિમ રીતે રજપૂતાનામાં જોડયું તેના પહેલાં શી સ્થિતિ હતી તે ઉપરથી કરવાનો છે. શીરોહીની પ્રજાએ સંમેલન ભરીને ગુજરાતમાં જોડાવાનો ઠરાવ કર્યો તે ઉપરથી તો સરદાર વલ્લભભાઇએ સઘળી તપાસ કરીને આખું શીરોહીરાજ્ય નહીં તો આબુનો પ્રદેશ ગુજરાતને પાછો આપવો જોઇએ એમ ઠરાવ્યું. તે ઠરાવ મધ્યસ્થ સરકારે માન્ય રાખ્યો અને તેટલા માટે આબુને મુંબઈ સરકારના વહીવટ તળે મૂક્યો. ભલે તે કામચલાઉ ગણાય, છતાં તેને ફેરવવાનાં સબળ કારણો તો હજી આપણે જાણવાનાં જ રહ્યાં. ભાષા, વ્યવહાર, ભૌગોલિક સ્થિતિ એ દરેક દ્રષ્ટિબિંદુથી પણ આપણી મજબૂત માગણી અત્યારે તો એક રાજકીય જાળમાં સપડાઇ ગઇ છે એ જ કમનસીબી છે. આપણે કોઈનું કાંઇ લઇ લેવા માગતા નથી. જે સૈકાથી આપણું હતું, જેને આપણી પાસેથી ખૂંચવી લેવામાં આવ્યું હતું, પણ જે આપણને પાછું મળ્યું છે તેને ફરીથી આપણાથી છૂટું ન જ પાડવું જોઇએ એટલું જ કહી આપણે માત્ર ન્યાય માગીએ છીએ.

ડુંગરપુર, વાંસવાડાનો પ્રદેશ

હવે ઉત્તરમાંથી પૂર્વ તરફ વળીએ. ડુંગરપુર, વાંસવાડા, બાંસવા તથા તેની આજુબાજુનો પ્રદેશ પણ ગુજરાતમાં જ હતો. પછીથી જેમ શીરોહીને પશ્ચિમરાજસ્થાનમાં નાંખ્યું તેમ આ પ્રદેશને પૂર્વરાજસ્થાનમાં ભેળવી દીધો. મહીનદીની બન્ને બાજુએ આવેલો આ પ્રદેશ ઐતિહાસિક, ભૌગોલિક તેમજ વ્યવહારિક અને ભાષાકીય દ્રષ્ટિએ ગુજરાતનો જ છે એમાં કાંઇ શક નથી. એને પણ કૃત્રિમ રીતે જુદો પાડવામાં આવ્યો છે, છતાં એના સાંસ્કૃતિક સંબંધો તો હજી પણ ગુજરાત સાથે જ છે.

ડાંગપ્રદેશ

હવે પૂર્વમાંથી નીચે ઉતરતાં ખાનદેશનો પ્રદેશ આવે છે અને પૂર્વદક્ષિણે ડાંગ આવે છે. ખાનદેશનો પશ્ચિમ ભાગ અને ડાંગ બન્ને એક વખત બાગલાણ નામના મૂલકના વિભાગો હતા. પશ્ચિમખાનદેશમાં નંદરબાર, કુકુરમુડા, વગેરે ઠેકાણે ગુજરાતી ભાષા જ બોલાતી હતી. પ્રેમાનંદકવિ ઘણું ખરું નંદરબાર અને તેના આસપાસના પ્રદેશમાં રહી આખ્યાનો કરતા હતા એ આપણે સર્વે જાણીએ છીએ. અત્યારે પણ આ પ્રદેશમાં ગુજરાતી બોલનારાઓની સંખ્યા ઘણી છે. ઠેઠ મોગલોના સમય સુધી ડાંગ સુહ્યાં અને ઠેઠ માહીમ સુધીનો પ્રદેશ ગુજરાતના સુલતાનોના હાથમાં હતો. પરંતુ મરાઠારાજ્યના સમય પછી કેટલાએક ભાગો ગુજરાતની હકુમતમાંથી ગયા. ખાનદેશનો પશ્ચિમ ભાગ વહીવટની દ્રષ્ટિએ ગુજરાતમાંથી ગયો. પણ સાંસ્કૃતિક દ્રષ્ટિએ હજી એ ગુજરાતનો જ ભાગ છે.

નંદરબારના પ્રદેશમાં આજે પણ વેપાર ગુજરાતીઓના હાથમાં છે, અને ગુજરાતી સાહિત્ય પણ ત્યાં વંચાય છે. પણ અત્યારે તો મુખ્ય પ્રશ્ન ડાંગનો ઉભો થયો છે. ડાંગ તો હજી હમણાંસુધી બ્રિટિશરાજ્યના વડીવટમાં પણ ગુજરાતના સંકલિત ભાગ તરીકે ગણાતું. એ અસલના દંડકારણ્યનો ભાગ ગણાય છે. ત્યાંના ભીલ રાજાઓ ગુજરાતના હાથ તળે હતા એ તો ઇતિહાસસિદ્ધ હકીકત છે. મરાઠી રાજ્યના સમયમાં પણ ડાંગનો ભાગ ગાયકવાડની હકુમત તળે હતો; કારણ કે તે ગુજરાતમાં જ હતું. બ્રિટિશ અમલની શરૂઆતમાં ડાંગના ભીલોનાં બંડો સતત ચાલુ રહ્યાં. કેટલાંએક વરસ પછી ડાંગના પોલિટિકલ એજંટ તરીકે ખાનદેશના કલેકટર તળે તે મૂકવામાં આવ્યું હતું, પણ રસ્તાઓ લેવડદેવડ વગેરે બધો વ્યવહાર ગુજરાત સાથે હોવાથી ત્યારપછી તેનો વહીવટ સુરતના કલેકટરને સોંપાયો હતો. ત્યારપછીથી અત્યારસુધી તે ગુજરાતની એજંસી તરીકે જ રહ્યું. આ કૃત્રિમ નહિ, પણ કુદરતી રચના હતી; કારણ કે ડાંગના સંબંધ અને વેપાર કુદરતે જ ગુજરાત સાથે રાખ્યા હતા. એની પૂર્વ તરફ ટેકરીઓ છે, પણ પશ્ચિમ તરફ પૂર્ણા, અંબિકા, ઔરંગા, પાર, દમણગંગા વગેરે નદીઓ ડાંગમાંથી નીકળી ગુજરાત તરફ વહી તે દરિયામાં મળે છે. આ ભૌગોલિક સ્થિતિને લીધે તેનો સંબંધ પહેલેથી જ ગુજરાત સાથે હોય એ તદ્દન સ્વાભાવિક છે. મહારાષ્ટ્ર તરફ ઊંચીઊંચી ટેકરીઓ હોવાથી ભૂતકાળમાં તેની સાથે વાહનવ્યવહાર, લેવડદેવડ મુશ્કેલ હતાં. ત્યારે રસ્તાઓ અને નદીઓ મારફત પશ્ચિમ અને ઉત્તર તરફનો વેપારધંધો સીધો ને સહેલો હતો.

પણ આ બધા કારણો કરતાં પણ ડાંગની ગુજરાત સાથે એકતાનું મુખ્ય કારણ તો ત્યાંની ભાષા છે. ડાંગની ભાષાને ખાનદેશી બોલીનો એક પ્રકાર ગણતા પ્રખ્યાત ભાષાશાસ્ત્રી ગ્રીઅર્સનનો એવો અભિપ્રાય છે કે ખાનદેશી ભાષા તે મરાઠીમાંથી ઉત્પન્ન થઈ નથી, પણ તેની અંતર્ગત વ્યાકરણીય રચના ગુજરાતી અને રાજસ્થાની ભાષાને ઘણી વધારે મળતી આવે છે. આ માત્ર તર્ક નથી, પણ આપણા અનુભવની વાત છે. એ તો જેઓએ ડાંગની લિપિ બોલી, વગેરેનો શાસ્ત્રીય પદ્ધતિએ અભ્યાસ કર્યો છે, તે જ જેમનો ડાંગની સાથે વ્યવહાર છે, તે સર્વેને સ્પષ્ટ રીતે જણાય છે. જેવો ગ્રીઅર્સનનો નિષ્પક્ષપાત અભિપ્રાય છે તેવો જ અભિપ્રાય રેવરંડ સી. થોમસને સને ૧૮૭૫ માં બહાર પાડેલા ભીલી વ્યાકરણમાં જણાય છે. મુંબઇ ગેઝેટીઅરના બારમા પુસ્તકમાં પણ તેના યુરોપીઅન લેખકે જણાવ્યું છે કે ડાંગના વતનીઓ ગુજરાતી, હિન્દી અને મરાઠી મિશ્રણથી બનેલી ભાષામાં બોલતા, પણ તેમાં ગુજરાતીનું પ્રમાણ વધુ હતું. સને ૧૮૭૨ ના ડાંગના એક ભીલ રાજાએ કરી આપેલા દસ્તાવેજ અત્યારે દક્ષિણગુજરાતમાં જે પ્રકારની ભાષા બોલાય છે તેમાં જ લખાયેલો છે. આ વિષે મારે અહીં વિસ્તારથી વિવેચન કરવાની જરૂર નથી; કારણ કે ગુજરાત સાહિત્યસભાએ ડાંગની ભાષા માટે નીમેલી સમિતિએ ત્યાં જઇ સઘળી માહિતી મેળવીને જે પ્રકાશન કર્યું છે તે એટલું બધું સર્વગ્રાહી અને અભ્યાસપૂર્ણ છે કે તે વાંચ્યા પછી ડાંગનો પ્રદેશ ભૌગોલિક, વ્યવહારિક, ભાષા વિષયક, વગેરે અનેક દૃષ્ટિબિંદુઓથી ગુજરાતનો જ ભાગ છે એમ કોઇ નિષ્પક્ષપાત વાચકને પણ જણાયા વિના રહે નહીં. તેમાં પણ આપણા ભાષાશાસ્ત્રી ડો. ટી. એન. દવેએ ડાંગની ભાષાનું વ્યાકરણ દૃષ્ટિએ પૃથક્કરણ કરીને સિદ્ધ કરી આપ્યું છે કે ડાંગની ભાષા દક્ષિણગુજરાતની ભાષાને જ મળતી છે. આ ઉપરાંત ગુજરાત સંશોધન મંડળ તરફથી પ્રગટ થયેલી "મહાગુજરાતની ભાષાકીય સીમાઓ," શ્રી. કનૈયાલાલ મુનશીએ પ્રગટ કરેલું "ભાષાકીય પ્રાંતો અને મુંબઇનું ભવિષ્ય," ગુજરાત સીમા પરિષદનો અહેવાલ એ ડાંગના વિષય ઉપર પુષ્કળ પ્રકાશ નાંખે છે. આપણી દલીલો આ પ્રકાશનોમાં એટલી તો સબળ રીતે દર્શાવવામાં આવી છે કે એથી વધારે કહેવાનું કાંઇ રહેતું જ નથી, અને એથી વિરુદ્ધ શું કહી શકાય તે સમજાતું પણ નથી. થોડા વખતથી ડાંગની વસતિને ગુજરાતી શિક્ષણ માટે જે અંતરાયો પડ્યાં છે તે સત્વર દૂર થાય અને ડાંગની પ્રજાનો ગુજરાત સાથેનો સર્વકાલીન સઘળો સંબંધ પૂર્વવત્ કાયમ રહે એમ માત્ર આપણે જ નહીં, પણ આખુયે ગુજરાત આશા રાખે છે.

પૂર્વદક્ષિણમાંથી દક્ષિણ તરફ ઉતરતાં ગુજરાતની સીમા દમણગંગા સુધી છે એમ કહેવાય છે, પરંતુ તેની દક્ષિણે પણ લગભગ સોપારા સુધી ગુજરાતી ભાષાનું પ્રમાણ વધારે અંશે છે એમ કહીએ તો તેમાં લેશમાત્ર અતિશયોક્તિ નથી. થાણા જિલ્લાને પહેલાં મુંબઇ ઇલાકાના મધ્ય વિભાગમાં નહિ પણ ઉત્તર વિભાગમાં મૂકેલો હતો તેમાં પણ આ એક કારણ હોવું જોઇએ. જે કોંકણપટ્ટી કહેવાય છે તે ઉત્તરમાં સુરત પાસેથી શરૂ થતી અને તે પટ્ટીનો લગભગ મુંબઇ સુધીનો ભાગ ગુજરાતમાં જ હતો. સંજાણમાં પારસીઓ ઉતર્યા ત્યારથી તેમની ભાષા બીજી કોઇ નહીં પણ ગુજરાતી થઇ એ પણ સૂચક વસ્તુ છે.

ગુજરાતની પશ્ચિમ દિશાએ તો સમુદ્ર જ આવેલો છે, એટલે એમાં તો હજી સુધી કોઇએ કાંઇ દાવો કર્યો નથી. આ પ્રમાણે આપણા સીમાપ્રદેશની સ્થિતિ છે. આપણે તો તેને મુખ્યત્વે કરીને ભાષા ને સાહિત્યના દૃષ્ટિબિંદુથી તપાસવાની છે. પરંતુ એને બીજાં દૃષ્ટિબિંદુઓથી પણ જુદું પાડી શકાય તેમ નથી. સમગ્ર દૃષ્ટિબિંદુથી જોતાં પણ ગુજરાત અને તેની સંસ્કૃતિ અત્યારે વહીવટી ધોરણે જે ગુજરાતમાં ગણાય છે તેના કરતાં પણ બહારે વિસ્તૃત પ્રદેશમાં છે. એનું સાહિત્ય પણ અત્યારે ગુજરાતની બહાર ગણાતા પ્રદેશોના લોકો પોતાના સાહિત્ય તરીકે જ વાંચે છે. ગુર્જરદેશ સંકોચાતોસંકોચાતો અત્યારે ખાતળો થઇ ગયો છે. ગુજરાત વેપારમાં ગમે એટલું પહોંચેલું હોય, પણ સ્વભાવે નરમ, ભોળું અને ઉદાર દિલનું છે. એનો લાભ લેવાયો છે, અને હજી પણ લેવાતો જાય છે. ગુજરાતને હમણાં ને હમણાં જ જુદો ભાષાકીય પ્રાંત બનાવવો જોઇએ એવી માગણી આપણે કરતા નથી. અત્યારે જે કંઇ સ્થિતિ છે તેમાં ફેરફાર કરવો નહીં એટલું જ આપણે ભારપૂર્વક કહીએ છીએ. આગળ ઉપર જ્યારે સીમાસમિતિઓ નીમાય ત્યારે તેનો છેવટનો નિર્ણય થઇ શકશે. પરંતુ તે પહેલાંથી જ જ્યારે ગુજરાતના શરીરના ટુકડા કરવાની વાતો ચાલે છે ત્યારે તો માત્ર તેના પ્રદેશની સીમાનો જ નહીં, પરંતુ તેની સહનશક્તિની સીમાનો સવાલ પણ ઉભો થાય છે.

સોએક વરસ પહેલાં ગુજરાતના ગૌરવ માટે ગર્વ ધરાવનાર આપણા પ્રથમ રાષ્ટ્રભક્ત કવિ નર્મદના હૃદયમાંથી ઉદ્ગારો નીકળ્યા હતા :

"કોની કોની છે ગુજરાત ?"

એનો જે ઉત્તર આપ્યો એમાં હવે આટલું ઉમેરવાનો વખત આવ્યો છે :

" પૂર્વજ જેના ગુર્જર ભૂમિનાં, સીમાપ્રદેશે જઇને વસ્યા,
રંગ છો લાગ્યો પરભાષાનો, રીતરિવાજે ગુર્જર રહ્યા,
તેની તેની છે ગુજરાત,
પછી પડ્યા ગમે તે ભાગ,
તોપણ ગણાય સૌ ગુજરાત,
એવી અખંડ રહો અમ માત ! "

વિષયસૂચિ		પૃષ્ઠ
ગુજરાતી સાહિત્યનો પ્રદેશ.	શ્રી હરસિદ્ધભાઇ દ્વિવેદીયા	૧૪૩
કેશરિયાજીની વસ્તુસ્થિતિ	રિષભદાસ રાંકા	૧૪૭
શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ બાલદિક્ષાના પંથે	પરમાનંદ	૧૪૮
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ વાર્ષિક વૃત્તાંત	મંત્રીઓ	૧૪૯
શ્રી મ. મો. શાહ રાં. વા. પુ. વાર્ષિક વૃત્તાંત	મંત્રી	૧૫૧
સંઘના તથા વા. પુ. ના સરવૈયા તથા આવક જાવકના હીસાબો	...	૧૫૩

કેશરિયાજીની વસ્તુસ્થિતિ

જૈન જગતમાં ભારત જૈન મહામંડળના કાર્યાધ્યક્ષ શ્રી રિષભદાસ રાંકાનો કેશરિયાજી તીર્થ સંબંધમાં એક લેખ પ્રગટ થયો છે. કેશરિયાજી તીર્થમાં આજે ચાર હિતો વચ્ચે એક પ્રકારનો સંઘર્ષ ચાલી રહેલ છે. આ તીર્થ સંબંધમાં દિગંબર જૈનો અને શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો વચ્ચે ઘણાં વર્ષોથી ચાલતી આવેલી અથડામણ બહુ જાણીતી છે. ત્રીજું હિત ત્યાં વસતા બ્રાહ્મણ પંડ્યાઓનું છે જેમના એ તીર્થ ઉપર કેટલાક લાગાઓ લાગેલા પડ્યા છે. ચોથું હિત પહેલાં ઉદેપુર રાજ્યનું અને હવે રાજસ્થાન સરકારનું છે. ઉપર જણાવેલ ત્રિપક્ષી ઝગડાઓનું કોઇ નિરાકરણ થતું નથી એ જોઇને ઉદેપુર રાજ્યે એ તીર્થના વહીવટનો કેટલાંક વર્ષોથી કબજો લીધો છે અને તીર્થની આવક રાજ્યની તીજોરીમાં જમે થાય છે. આ તીર્થ સંબંધમાં જરૂરી માહિતી મેળવીને તેમજ જાતે આ તીર્થની મુલાકાત લીધા બાદ શ્રી રિષભદાસજીએ ઉપર જણાવેલ લેખ લખ્યો છે, તેમાંથી જરૂરી ભાગ તારવીને નીચે આપવામાં આવે છે. આખો લેખ કેશરીયાજી તીર્થની સમસ્યાનો ઉકેલ લાવવા માટે શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ અને દિગંબર સમાજ સચ્ચે એકતા અને ચોકકસ પ્રકારની સમજુતીની આવશ્યકતા ઉપર ખૂબ ભાર મૂકે છે અને તે તદ્દન વ્યાજબી છે. એ એકતા અને સમજુતીનું વાતાવરણ પેદા કરવું એ જેઓ જૈન સમાજનો જુદા જુદા સંપ્રદાયમાં વહેચાયેલા સમાજ તરીકે નહિ પણ એક સમગ્ર સમાજ તરીકે વિચાર કરી રહ્યા છે એવા સમાજ-શુભહિતચિન્તકોનું ખાસ કર્તવ્ય છે. **પરમાનંદ**

જો કે આ તીર્થ પર સર્વ ધર્મવાળા દર્શન-પુજન કરે છે પરંતુ શિલાલેખ, મૂર્તિઓ વિ. ઐતિહાસીક સામગ્રીના આધાર પર આ તીર્થ જૈનોનું રહ્યું. દિગમ્બર શ્વેતામ્બર બન્ને સમ્પ્રદાયવાળા સમાન રૂપથી માનતા આવ્યા એવું જોવામાં આવે છે. બીજી વાત એ છે કે કોઇવાર દિગંબર સમાજનું અને કોઇ વાર શ્વેતાંબર સમાજનું જોર વધી ગયું છે. પણ વસ્તુતઃ બને સંપ્રદાયો માટે સમાન રૂપથી પુજ્ય રહ્યા છે. અહી બંને સંપ્રદાયોની મૂર્તિઓ છે. શરૂઆતમાં આ ઇંટોનું બનેલ જિનાલય હતું. આરસનું મંદિર તો જીર્ણોદ્ધાર દ્વારા બનેલ છે. મંદિરના બીજા વિભાગો જુદા જુદા સમયે બનેલ છે. અને તે સર્વ બંનેના ભક્તોએ બનાવેલ છે. આજ પણ બંને સંપ્રદાયોના લોકો પુજા-દર્શન માટે બરાબર આવે છે.

સંભવ છે કે આપણા પુર્વજોએ આ તીર્થ બન્ને સંપ્રદાયોમાં સમન્વય તથા નિષ્પક્ષ દ્રષ્ટિથી બનાવરાવ્યું હોય. જ્યાંથી મૂર્તિ લાવવામાં આવેલ છે તે પ્રદેશના નિવાસી ભાઇઓમાં આજ પણ પરસ્પર સહાનુભુતી જોવા મળે છે. ત્યાંસુધી જાણવામાં આવે છે કે એક પરિવારમાં દિગંબર તથા શ્વેતાંબર માનવાવાળા લોકો ખુશીથી રહે છે. ત્યાં કોઇ જગ્યાએ ૧૮ દિવસનું પર્યુષણ માનવામાં આવે છે. જ્યારે જૈન અને વૈષ્ણવો વચ્ચે સંબંધ મળી શકે છે ત્યારે આ તો સહજ અને સરળ છે કે દિગંબર અને શ્વેતાંબર પરિવારોમાં સંબંધ બંધાય અને પ્રેમભાવ તથ મેળ-મીલાપ રહે.

પણ આ ઉદાર અને સમાનતાના ભાવના છેલ્લા થોડા વર્ષોમાં ઓછી થતી ગઇ. તેનું કારણ સાંપ્રદાયિક કટ્ટરતા તો છે જ. પણ અહીં પ્રસિદ્ધિની સાથે સાથે પરિગ્રહ પણ વધતો ગયો, જેણે સત્તા જમાવવાની ઇચ્છામાં ઉત્તેજિત કરી. યાત્રિકોની સંખ્યા વધવાથી ચઢાવો (બોલીની રકમ) ખર્ચ કરતાં વધારે આવવા લાગી. આનાથી બન્ને સંપ્રદાયોમાં ભાગીદારી હક્ક માટે ઝગડો વધતો ગયો, ત્યાં સુધી કે સાધર્મિક ભાઇઓની હત્યા પણ અહીં થઇ. કીડી જેવા જીવની હિંસામાં પાપ સમજવાવાળાએ પવિત્ર તીર્થ પર સત્તા અને સાંપ્રદાયિક કટ્ટરતાના કારણે નશામાં પોતાના ધર્મ-બંધુઓનું ખુન કરી દીધું. આમાં દોષ કોનો છે અને કોનો નથી આ માટે કોઇ પ્રકારનો ન્યાય આપવો અસંભવ છે, આ માટે જેટલી જેટલી સામગ્રી મારી પાસે આવી છે તે પક્ષપાત વગરની નથી એમ પણ નથી કહી શકતો, તે માટે ન્યાય દેવો અથવા કરવો તેને બદલે આપસ ઝગડાનું પરિણામ જોવું અને તેમાંથી બોધ લેવો તે વધારે શ્રેયસ્કર લાગે છે. અત્યારે તીર્થ સરકારને આધીન છે. તીર્થનો ખજાનો અને સમ્પત્તિ પર અધિકાર પણ સરકારનો છે.

સરકારે શ્રી કેસરિયાજી તીર્થની વ્યવસ્થા પોતાને હાથ એટલા માટે લીધી છે કે ત્યાંનું ધન સુરક્ષિત રહે, વ્યવસ્થા સારી થાય. સરકારની ઇચ્છા ભલે શુભ હોય, પણ અત્યારે ત્યાં જે કંઇ જોવામાં આવે છે તેથી સરકાર પોતાના ઉદ્દેશમાં સફળ નથી થઇ શકી એ સ્પષ્ટ છે, કારણ કે ત્યાંની વ્યવસ્થા સારી નથી અને ત્યાંની સંપત્તિ અને ધનનો ઉપયોગ જૈન ધર્મની માન્યતાઓ મુજબ નથી થતો. ત્યાં ઝઘડા વધી રહ્યા છે, અને એનું મૂળ ત્યાંની વ્યવસ્થા સરકારી નોકરોના હાથમાં છે એ છે. અમે સરકારી વ્યવસ્થા કે સત્તાને ખરાબ નથી માનતા; ખરાબી તો એ થઇ છે કે તેથી અનેક પ્રકારના અનર્થો પેદા થયા છે. ત્યાં જે ઝંઝટો, અવ્યવસ્થા, ગંદકી અને ખરાબી ફેલાયેલાં છે તેને દૂર કરવા-કરાવવા તરફ આપણું વિશેષ ધ્યાન ગયું હોય એમ નથી લાગતું, તેથી તીર્થની સંપત્તિનો સરકારની મરજી મુજબ ગમે ત્યાં ઉપયોગ થવાનો સંભવ છે. એટલા માટે તીર્થની વ્યવસ્થાને બન્ને સંપ્રદાયવાળાઓ મળીને પોતાને હાથ ધરે એ જરૂરી છે. જ્યાં સુધી બન્ને સંપ્રદાયવાળાઓ સંપી નહીં જાય ત્યાં સુધી વ્યવસ્થા અને સત્તા સરકારને હાથ રહેવાની. જો બન્ને સંપ્રદાયવાળા સંપી જાય તો આ કામ થઇ શકે.

તીર્થની વ્યવસ્થાને માટે સરકાર તરફથી જે અધિકારીઓ રહે છે તેઓ ધર્માત્મા કે જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધા રાખવાવાળા કે તેના જાણકાર હોય એવું નથી. તેઓ પોતાની સત્તાને મજબૂત બનાવવા અજૈનોને ઉશ્કેરતા નહીં હોય, એમ ન કહી શકાય. આવડા મોટા તીર્થની વ્યવસ્થાને હાથમાં રાખવાનો મોહ કોને ન થાય? એ અધિકારીઓને જૈનો સાથે શી લેવાદેવા? જે ચઢાવો વગેરે આવે છે તે ખજાનામાં જમા થાય છે, પણ એમાં કંઇ ધાલમેલ નહીં થતી હોય એમ કહેવું મુશ્કેલ છે. તીર્થના ૨૧ લાખ રૂપિયા સરકારી ખજાનામાં જમા છે. એ પડ્યા રહેલા ધનનો ઉપયોગ જનહિતના કાર્યોમાં સરકાર ન કરે એ બનવા જેવું નથી.

જે દેવદ્રવ્યનો ઉપયોગ કોઇ પણ સામાજિક કામમાં જૈન સમાજ નથી કરી શકતો તે જ સરકારના હાથે બીજાને આપવામાં આવે છે. ભવિષ્યમાં પણ જનકલ્યાણની યોજનાઓ તૈયાર થશે અને નાણાંની જરૂર પડશે ત્યારે, સરકાર આમાંથી પૈસાનો ઉપયોગ નહીં કરે એમ કહેવું મુશ્કેલ છે. કારણ કે જે ધનનો કોઇ સારો અને યોગ્ય ઉપયોગ ન કરી શકે એને સરકાર જપ્ત કરે એ હવે સંભવિત નથી લાગતું. તેથી આ ધનને આપણે આપણા હાથે જ જરૂરી અને ઉપયોગી કાર્યોમાં શા માટે ન વાપરીએ? અને આ તો ત્યારે જ બની શકે જ્યારે બન્ને સંપ્રદાયવાળાઓ સંપી જઇને આ તીર્થને પોતાના હાથમાં લે.

તીર્થની અવ્યવસ્થાનું સૂચન ઉપર કર્યું છે. ત્યાંની અવ્યવસ્થા અને ગંદકીને જોઇને સાચે જ દુઃખ થાય છે. ધર્મશાળામાં ન તો ચોખ્ખાઇ છે, ન એને ધોળાવવામાં આવે છે, કે ન એનું સમારકામ થાય છે. તેની ગાદીઓ અને કપડાં પણ ચોખ્ખાં નથી. વાસણોની પણ આ જ દશા છે. નાહવાની ઓરડીમાં અને દેરાસરમાં સમારકામની જરૂર છે. પૂજન વગેરેનાં કપડાં પણ ચોખ્ખાં નથી.

લાખો રૂપિયાની આવક હોવા છતાં અહીં યાત્રાળુઓની સગવડ વધારવાનો પ્રયત્ન થતો નથી. અવ્યવસ્થા, ગંદકી, સમારકામનો અભાવ સ્પષ્ટ બતાવે છે કે–અધિકારીઓ, આ સંબંધમાં ધ્યાન નથી આપતા. જ્યાં લગી શ્રદ્ધાળુ જૈનો ત્યાં જતા રહેશે ત્યાં લગી આવક તો થતી જ રહેશે. સમારકામ, ધોળાવવું અને સાફસૂફીમાં પૈસા ખર્ચ્યા વગર જ જો કામ ચાલતું હોય તો તેઓ ખર્ચ શા માટે વધારે ?

છેલ્લા દિવસોમાં પંડ્યાઓ અને જૈનો વચ્ચેના ઝઘડાની વાતો છાપાંઓમાં આવેલી, તેના ઉપર વિચાર કરતાં લાગ્યું કે, આનું મૂળ પણ ત્યાંની વ્યવસ્થા જૈનોના હાથમાં નથી એજ છે. એ ઝઘડાઓ જેટલા ગંભીર સમજવામાં આવે છે એટલા ગંભીર નથી. અને સમાજે આ ઝઘડાઓ તરફ ધ્યાન આપીને ત્યાંની સાચી સમસ્યાથી દૂર ન થવું જોઇએ. આવી નાની વાતોમાં અટવાઇને મૂળ પ્રશ્ન તરફ બેદરકાર ન બનીએ અને આપણા વિરોધીઓની સંખ્યામાં વધારો ન કરીએ, એ જ ઉચિત લાગે છે. અત્યારે પંડ્યાઓ કે પૂજારીઓની સાથે ઝઘડવામાં નહીં, પણ સરકારના હાથમાંથી આપણા હાથમાં વ્યવસ્થા લેવામાં જ તમામ શક્તિને કામે લગાડીએ.

અત્યારે આ તીર્થમાં પૂજન-વિધિ વગેરે જેવી રીતે ચાલે છે તેવી રીતે ભલે ચાલ્યા કરે, પણ બન્ને સંપ્રદાયવાળાઓએ હળીમળીને એવી વ્યવસ્થા કરવી જોઇએ, જેથી આ તીર્થ આપણા સારે-આખા જૈન સમાજને માટે-એક પ્રતીક બની જાય અને આપણને એક બીજાની નજીક આવવામાં પ્રેરક બને. આ કામ હવે વહેલામાં વહેલી તકે થવું જોઇએ. વધારે દિવસ લગી એને અણઉકેલ્યું રાખવામાં આપણને નુકસાન થવાનું છે. બન્ને સંપ્રદાયના નેતાઓએ આ માટે જલદી પગલાં ભરવાં જોઇએ. કદાચ કોઈ કારણસર આપણા નેતાઓ આ કામ ન કરી શકે કે એમને એ માટે વખત ન હોય તો, જનતામાંથી સારા માણસોએ આગળ આવીને આ કામને પોતાને હાથ ધરવું જોઇએ, અને જો સફળતા ન મળે તો આ માટે ચળવળ, સત્યાગ્રહ પણ કરવો જરૂરી થઈ પડે તો તે કરવો જોઇએ. પત્રકારોની ફરજ છે કે તેઓ સાંપ્રદાયિક જોશ નહીં ફેલાવતાં અને નાનાનાના ઝઘડાઓને મહત્ત્વ નહીં આપતાં, આ તીર્થની વ્યવસ્થા જૈનોના હાથમાં લેવાનો પ્રયત્ન હાથ ધરી શકાય એવું વાતાવરણ ઉભું કરે ગમે તેમ કરીને આ તીર્થ એ લોકોના હાથમાં આવવું જરૂરી છે કે જેઓએ એની સ્થાપના કરી, વધાર્યું અને સમૃધ્ધ કર્યું, અને આ ત્યારે જ થઇ શકે જ્યારે બન્ને સંપ્રદાયના લોકો હળીમળીને પગલાં ભરે.

શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ બાલદીક્ષાના પંથે

ગઈ દીવાળી બાદ નવા વર્ષના પ્રારંભમાં મુંબઈ શહેરમાં જૈન શ્વે. મૂ. વિભાગના એક પ્રમુખ અને વયોવૃદ્ધ આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભ સૂરિનો જન્મજયન્તી મહોત્સવ ભારે ધામધૂમપૂર્વક ત્રણ કે ચાર દિવસ સુધી ઉજવાયો હતો ત્યારે કોઇ એક મારવાડી જૈન ગૃહસ્થે પોતાનો ૧૩ વર્ષનો છોકરો આચાર્ય મહારાજને અર્પણ કર્યો હતો. આવી રીતે કોઈ ગૃહસ્થ પોતાનું બાળક કોઇ આચાર્યને ભેટ આપે અને એ આચાર્ય તેનો સ્વીકાર કરે એ ઘટના કાંઇક વિચિત્ર લાગતી હતી અને રખેને આ છોકરાને દીક્ષા આપવાનો આ પાછળ હેતુ નહિ હોય એવો એક તર્ક તે વખતે ચિત્તને સ્પર્શી ગયો હતો. પણ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ આજના પ્રત્યાઘાતી અને કેવળ જુનવાણી વિચારધારા ધરાવતા મોટા ભાગના સાધુ-સમુદાયથી ઘણા અંશે જુદા પડતા, એક આગળપડતા વિચારો ધરાવતા, જમાનાને ઓળખતા અને તેમની અને એ જ સંપ્રદાયના અન્ય દીક્ષાવૈરી આચાર્યશ્રી વિજયરામચંદ્ર સૂરિની વર્ષોજુની અથડામણમાં બાળદીક્ષા વિરોધી આચાર્ય તરીકે આપણ સર્વને જાણીતા હોઇને ઉપર જણાવેલા તર્કને કશો પણ અવકાશ હોઇ ન જ શકે એ રીતે ઉપર જણાવેલી બાબત પૂરતું મન નિશ્ચિંતતા અનુભવતું હતું.

પણ ઘણા દુઃખ સાથે જણાવવું પડે છે કે તાજેતરમાં મળી રહેલા સમાચાર આ નિશ્ચન્તતાને ખોટી પાડે છે ઉકત આચાર્યશ્રી આજે મુંબઈ નજીક થાણામાં લગભગ એકાદ માસથી બીરાજે છે અને તેમના સાન્નિધ્યમાં શ્વે. મૂ. સમુદાયમાં આજે બહુ પ્રચલિત બનેલી ઉપધાન નામની એક તપક્રિયાનો સમારંભ ચાલે છે. એ સમારંભની તા. ૧૮-૧-૫૩ સોમવારના રોજ પૂર્ણાહુતિ છે અને તે જ દિવસે આચાર્યશ્રી તરફથી પાંચ વ્યકિતઓને દીક્ષા અપાવાની છે એમાં એક ઉપર જણાવેલ ૧૩ વર્ષના છોકરાનો અને બીજા ૧૫ વર્ષના છોકરાનો સમાવેશ થાય છે. અન્ય ત્રણ વ્યકિતઓ પ્રમાણમાં મોટી ઉમ્મરની છે એમ માલુમ પડે છે.

આ નાની ઉમ્મરના બે છોકરાઓને દીક્ષા નહિ આપવા માટે આચાર્યશ્રીને અનેક જવાબદાર વ્યકિતઓ તરફથી ખુબ અનુરોધ કરવામાં આવ્યો છે. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના મંત્રી તરીકે હું તથા શ્રી ટી. જી. શાહ તથા શ્રી લીલાવતીબહેન દેવીદાસ અને શ્રી રમણિકલાલ મણિલાલ શાહ પણ આ અનુચિત દીક્ષા નહિ આપવાને આચાર્યશ્રીને સમજાવવા બને તેટલો પ્રયત્ન કરી છુટયા, તેમજ સ્થાનકવાસી સાધુસમુદાયે દીક્ષા આપવા સંબંધમાં અઢાર વર્ષની ઉમ્મરની મર્યાદા સ્વીકારી છે એ હકીકત તરફ તેમનું ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યું પણ, તેમનો આ બાબતમાં એટલો જ જવાબ હતો કે "એવું કોઇ બંધન આપણા સાધુસમુદાયે સ્વીકાર્યું નથી, એ બે છોકરાઓમાં એક તો એમને સોંપાયેલો છે, તેઓ બન્ને દીક્ષા લેવાને અત્યન્ત આતુર છે. તે બન્નેના માબાપોની દીક્ષા આપવા સંબંધમાં પૂરી સંમતિ છે: શાસ્ત્રમાં આ ઉમ્મરે દીક્ષા આપવાનો કોઈ નિષેધ નથી. દીક્ષા સંબંધમાં ઉમ્મરને અમે કંઇ મહત્ત્વ આપતા નથી. આવી અદીક્ષિત સ્થિતિમાં આ છોકરાઓને અમે કયાં સુધી રખડાવીએ ? માટે તેમને દીક્ષિત બનાવવાનું અમે ઉચિત ધાર્યું છે." આવા બચાવ સાથે કાચી ઉમ્મરના આ છોકરાઓને જૈન દીક્ષા વ્રત જેવા અત્યન્ત કઠણ અને આજીવન વ્રતથી બાંધી લેવા એ કોઇપણ રીતે યોગ્ય નથી. એ છોકરા જો આચાર્યશ્રીને સોંપાયા હોય તો તેમના રહેવા કરવાનો તેમ જ આગળ અભ્યાસને લગતો સર્વ પ્રબંધ આચાર્યશ્રી પોતાના અનુયાયીઓ મારફત કરાવી શકે તેમ છે. તેમને મોટા થવા દ્યો; જ્ઞાનસંપન્ન બનવા દ્યો; દુનિયા શું છે, સંસાર શું છે, ચિત્તના વિકાર અને સંયમ શું છે તેનું સાચું ભાન તેમને થવા દ્યો, અને ત્યારબાદ આજનો અજ્ઞાનગર્ભિત વૈરાગ્ય પછી પણ કાયમ રહે અને ત્યાગ તરફ જ તેમનું મન ઢળેલું રહે તો તેમને જરૂર સાધુ બનાવો અને આત્મકલ્યાણના માર્ગે યથેચ્છ વિચરવા દ્યો. પણ આ છોકરાઓ પોતાને સોંપાયેલા છે અથવા તો તેમના મા બાપોનો વિરોધ નથી આટલી વાત આગળ ધરીને બાળદીક્ષા જેવા અનિષ્ટને ઉત્તેજન આપવું એ લગભગ મૃતપ્રાય બનેલી અનર્થપરંપરાને પુનર્જીવિત કરવા બરાબર છે.

આચાર્યશ્રીએ આજ સુધીમાં જે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે અને અને જે પ્રતિભાનું આપણને દર્શન કરાવ્યું છે તે ઉભયને ભારે ઝાંખપ આપે એવું આ કાર્ય છે. જેવી રીતે દ્રવ્યમોહ શ્રાવકથી છુટતો નથી તેવી રીતે શિષ્યમોહ જૈન સાધુથી છુટતો નથી. આવી સામાન્ય માન્યતામાં શ્રી વિજયવલ્લભસૂરિને અપવાદરૂપ લેખવામાં આવતા હતા. ચાલુ પરંપરાના તેઓ પરમ ઉપાસક હોવા છતાં કાળબળને ઓળખ્યું અને તે મુજબ ચાલુ પરંપરામાંથી એક યા બીજી રીતનો માર્ગ કાઢી જૈન સમાજને પ્રગતિના માર્ગે આગળ લઈ જવા એવી દૃષ્ટિ ધરાવતા જૈન આચાર્યોમાંના તેઓ એક છે—આ રીતે જૈન સમાજનો શિક્ષિત અને સુધારક વર્ગ તેમના પ્રત્યે ભારે આદરથી જોતો હતો અને તેમની ન ગમે તેવી કોઈ કોઈ પ્રવૃત્તિ પ્રત્યે ઉપેક્ષાભાવથી વર્તતો હતો. આ બનેલી રહેલી ઘટના આ આદરભાવ અને ઉપેક્ષાભાવ ઉભયને મૂળગત આઘાત પહોંચાડે છે. આ હકીકતોને અને આ આઘાતપ્રત્યાઘાતોને ધ્યાનમાં લઇને હજુપણ આ બાલદીક્ષાઓ બંધ રાખવા આચાર્યશ્રીને આગ્રહપૂર્વક વિનંતિ છે. **પરમાનંદ કુંવરજી કાપડિયા**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

વાર્ષિક વૃત્તાંત

વિ. સં. ૨૦૦૮નું વર્ષ પુરું થવા સાથે આપણો મુંબઇ જૈન યુવક સંઘ ૨૪ વર્ષ પુરાં કરે છે અને ૨૫ માં વર્ષમાં પ્રવેશ કરે છે. નવા વર્ષે આ સંઘ પોતાનો રજતમહોત્સવ ઉજવવાની યોગ્યતા પ્રાપ્ત કરશે.

આ વૃત્તાંતના પ્રારંભમાં સંસ્થાના પ્રાણ શ્રી મણિલાલ મોકમચંદ શાહની સંઘને કદિ ન પૂરાય એવી પડેલી ખોટનો સૌથી પહેલો ઉલ્લેખ કરવો પડે છે. ગયા જુલાઇ માસની ૨૬ મી તારીખે તેમણે આપણી વચ્ચેથી વિદાય લીધી. જીવનની છેલ્લી ક્ષણો સુધી તેમની જીભે જે જ સંસ્થાઓ રમતી હતી. એક શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ અને બીજી આપણી સંસ્થા. આપણા સંઘના આદ્ય-સંચાલકોમાંના તેઓ એક હતા. સંસ્થાને પ્રાણદાયી અને ચેતનવંત કરનાર પણ તેઓ જ હતા. આથી તેઓ સંસ્થાના પિતા તરીકે ઓળખાતા. સંસ્થાના તે બાબતના ચોકીદાર હતા. મુખ્ય કાર્યકર્તાઓને શિથિલ બનવા દેતા નહિ. કામ માગી લેતા અને કામ આપે કાર્યકર્તાઓ વચ્ચે તેઓશ્રી સાંકળરૂપ બની રહેતા. તન મન અને ધનથી સંસ્થા માટે સર્વ કાંઇ કરી છૂટતા. તેમના અવસાનથી સંસ્થાને જબર-જસ્ત આઘાત લાગ્યો છે. એમને ખાતરી છે કે જે વૃક્ષ તેમના હાથે રોપાયું છે, રતિદિન ઉછેરી તેઓશ્રીએ જળસિંચન કર્યું છે તે આ સંસ્થા આપણા સૌના સહકારથી અને યત્નથી વટ-વૃક્ષમાં પરિણમે. એમની પુણ્યસ્મૃતિ કાયમ જીવંત એ રીતે જ શોભશે.

આપણી સંસ્થાના અનેક સભ્ય ઉપપ્રમુખ તરીકે રહેલા જાણીતા વકીલ અને કાર્યકર્તા શ્રીયુત શાંતિલાલ હરજીવન શાહની મુંબઇ પ્રાંતના પ્રધાનમંડળમાં મજૂર અને આરોગ્ય ખાતાના પ્રધાનપદે તરીકે નિમણૂક થઇ છે. એ હકીકત સંઘને માટે ગૌરવપ્રદ કહી શકાય. આ મજબ આપણી સંસ્થાના એક વખતના પ્રમુખ અને અત્યારે ઉપપ્રમુખ શ્રી વીમનલાલ ચકુભાઇ શાહ સૌરાષ્ટ્રના સોરઠ વિભાગમાંથી ધારાસભાના માટે ઘણી મોટી બહુમતીથી ચૂંટાઈ આવ્યા છે. એ પણ આપણા માટે અત્યંત જ આનંદની વાત છે. એ સિવાય આપણી સંસ્થાના સ્નેહી સભ્ય શ્રી રતીલાલ ચી [illegible] તરીકે [illegible] તરીકે ચૂંટણી થઇ [illegible] અભિનંદન [illegible] તેમની [illegible]

[illegible] સભ્યોનો [illegible] ૨૧ [illegible] ચૂંટણી પછી [illegible] તે મુજબ [illegible] કાર્યકરો [illegible] તેમજ [illegible] પ્રસંગો યોજાએ [illegible]

વર્ષ દરમિયાન મહાત્મા ભગવાનદીનજીએ તથા શ્રી ભારત જૈન મહામંડળના પ્રમુખ શ્રી રિષભદાસજી રાંકાએ સંસ્થાની મુલાકાત લીધી હતી. મહાત્મા ભગવાનદીનજીએ તે પ્રસંગે પોતાના અનુભવો દર્શાવ્યા હતા, જ્યારે શ્રી રીષભદાસજી રાંકાએ શ્રી ભારત જૈન મહામંડળની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો.

સંઘના પ્રાણ સમા શ્રી મણિલાલ મોકમચંદ શાહનું તૈલ-ચિત્ર તૈયાર કરાવીને સંઘના કાર્યાલયમાં મૂકવાનું કેટલાય સમય પહેલાં નક્કી કરવામાં આવ્યું હતું. તે મુજબ જાણીતા ચિત્રકાર શ્રી. રવિશંકર રાવળના હાથે તૈયાર કરાવવામાં આવેલ તૈલચિત્રની અનાવરણવિધિ પહેલી માર્ચના રોજ પ્રસિદ્ધ સાહિત્યકાર અને રાજ-સભાના સભ્ય શ્રી. કાકાસાહેબ કાલેલકરના શુભ હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી. મણિભાઇના પ્રશંસકોએ તથા સંઘના સભ્યોએ સારી હાજરી આપી તેમના પ્રત્યેની શુભ લાગણી વ્યકત કરી હતી. કાકાસાહેબે યોગ્ય શબ્દોથી શ્રી. મણિભાઇનું બહુમાન કર્યું હતું.

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે શ્રી. અરવિન્દના મુખ્ય ઉપાસક અને સાહિત્યકાર શ્રી. અંબાલાલ પુરાણીનું 'સાવિત્રી' એ વિષય ઉપર હીરાબાગની વ્યાખ્યાનશાળામાં એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું અને આ વ્યાખ્યાનનો અનેક ભાઇબહેનોએ બૂબ લાભ લીધો હતો.

સંઘની વર્ષોની મહેનત પછી બાળદીક્ષાના પ્રસંગો બહુ ઓછા બને છે, અને જે બને છે તે કોઇ દૂર દૂરના સ્થળોએ. વર્ષો પછી મુંબઇમાં જ બાળદીક્ષા આપવાનો એક પ્રયત્ન થયો. ઘોઘાનિવાસી શ્રી. તલકચંદની ચૌદ વર્ષની પુત્રી પ્રિયવંદાને દીક્ષા અપાવવાની તૈયારી ચાલે છે એવા સમાચાર મળ્યા. આથી આ દીક્ષા અટકા-વવાના પ્રયત્નો સંઘે ચાલુ કર્યા. એ દરમિયાન અમદાવાદના જ્યોતિસંઘના તથા અનાથાશ્રમના કાર્યકર્તાઓએ અદાલતનો આશ્રય લઈ આ દીક્ષા અટકાવી. ૧૪ મી માર્ચના રોજ આ અંગે હીરાબાગમાં જૈનોની જાહેર સભા બાળદીક્ષા સામે વિરોધ જાહેર કરવા બોલાવવામાં આવી હતી.

મુંબઇ ધારાસભાના નિવૃત થતા સ્પીકર માનનીય શ્રી કુંવરજી ફિરોદિયાનું જાહેર સન્માન જૈનોના ત્રણ પીઢ કાર્યકરોની આયોજક સંસ્થાઓએ કર્યું તેમાં આપણી સંસ્થાએ સાથ આપ્યો હતો. તા. ૨૩ મી માર્ચના રોજ ભારતીય વિદ્યાભવનમાં આ સન્માનવિધિ યોજાયેલો તે પ્રસંગે આપણી સંસ્થાના પ્રમુખશ્રી વીમનલાલભાઇએ શબ્દોદ્વારા તેમનું સન્માન કર્યું હતું.

જુદી જુદી ધારાસભાઓ અને મધ્યસ્થ લોકસભા માટેની દેશ સ્વતંત્ર બન્યા પછી પુખ્તમતાધિકારને ધારણે થયેલી ચૂંટણીમાં જૈન સમાજના જે જે ભાઇ બહેનો ચૂંટાઇ આવ્યા તેમના બહુ-માન કરવા માટે ૨૭મી માર્ચના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલય-માં મુંબઇ ધારાસભાના માજી સ્પીકર શ્રી કુંવરજી આણંદજી હિરોદિયાની પ્રમુખપદે મેળાવડો યોજવામાં આવેલો. આ પ્રસંગે ચૂંટાયેલા સભ્યોમાંથી નીચેના સભ્યોએ હાજરી આપી હતી. મોસા-કાઉન્સીલ ઓફ સ્ટેટમાં ગયેલા બે જૈન ગૃહસ્થોનો પણ પરિચય થયો હતો:

(૧) શ્રી. અજિતપ્રસાદ જૈનો
(મુંબઇ સરકારના નિવાસિત પ્રતિનિધિ)
(૨) શ્રી. વીમનલાલ ચકુભાઇ શાહ
(૩) ... શાંતિલાલ હરજીવન શાહ
(૪) ... ઉષ્મર્તીબહેન ચા... સાવલ [illegible]

(૫) શ્રી લીલાવતીબહેન બેંકર
(૬) ,, કુલચંદભાઈ
(૭) ,, પોપટલાલ રામચંદ શાહ
(૮) ,, નાથાલાલ ડી. પરીખ
(૯) ,, પી. એચ. ગુંજાલ
(૧૦) ,, શાંતિલાલ સરૂપચંદ શાહ
(૧૧) ,, શ્રેયાંસપ્રસાદ જૈન
(૧૨) ,, મણિલાલ ચતુરભાઈ શાહ
(૧૩) ,, લાલચંદ હીરાચંદ દોશી

કોમી જણાતી પણ કાર્યથી બીનકોમી એવી આપણી સંસ્થાની પ્રવૃત્તિઓથી આ સંમેલનદ્વારા સૌ કોઇ વાકેફ થયા હતા.

મુંબઇ પ્રાંતના પ્રધાનમંડળની રચના થઇ તેમાં આપણા સંઘના વર્ષો જુના સભ્ય, વર્ષો સુધીના કાર્યવાહક સમિતિના સભ્ય અને અમુક સમય સુધીના ઉપપ્રમુખ શ્રી. શાંતિલાલ હ. શાહ મજુર તથા આરોગ્ય ખાતાના પ્રધાન નીમાયા. તેમને અભિનંદન આપવા ત્રણે ફીરકાઓની સંસ્થાઓના સહકારથી ૩૦ મી એપ્રીલના દિને શ્રી. કેદારનાથજીના પ્રમુખપણા નીચે એક મેળાવડો યોજાયો હતો. આ પ્રસંગે ત્રણે ફીરકાઓની અગ્રગણ્ય વ્યકિતઓએ સારી હાજરી આપી હતી. અને સૌએ શ્રી. શાંતિલાલ હ. શાહ તરફ સ્નેહ વ્યકત કર્યો હતો.

આપણી સંસ્થા છેલ્લા બાર વર્ષથી શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય ચલાવે છે. ઝવેરી બજાર અને તેની આજુબાજુમાં વસતા ભાઇબહેનો સારી સંખ્યામાં તેનો લાભ લે છે. ગત વર્ષ દરમિયાન આ પ્રવૃત્તિને લગતી સમિતિના મંત્રી તરીકે શ્રી. ધીરજલાલ ધનજીભાઇ શાહને નીમવામાં આવ્યા હતા, તેમણે આ પ્રવૃત્તિને વધારે વ્યવસ્થિત બનાવી છે અને તેમની પ્રેરણાથી ચાલુ નિયમોમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. વાચનાલયનો કશા ભેદભાવ સિવાય આશરે બસો ભાઇ બહેનો રોજ લાભ લે છે. તેઓ પાસેથી કોઇ પણ પ્રકારનું લવાજમ લેવામાં આવતું નથી. હાલમાં દૈનિક, અઠવાડિક, પાક્ષિક માસિક અને ત્રિમાસિક વગેરે મળી કુલ ૫૭ પત્રો આવે છે. બીજું, કોઇ પણ વ્યકિત માત્ર પાંચ રૂપિયા અનામત મૂકી વિનાલવાજમે પુસ્તકાલયનો લાભ લઇ શકતી હતી, તેના ફેરફાર કરીને પુસ્તકોનો લાભ લેવા ઇચ્છનાર વ્યકિત પાસેથી રૂ. ૪) નું વાર્ષિક લવાજમ લેવાનું નકકી કરવામાં આવ્યું છે. વિનાલવાજમની યોજના સમયે આશરે સાતસો વ્યકિતઓ પુસ્તકાલયનો લાભ લેતી હતી. નવી યોજનામાં હજુ ૨૩૪ વ્યકિતઓનાં નામ નોંધાયા છે. યોજના નવી હોવાથી હજુ જોઇએ તેટલું આકર્ષણ પેદા કરી શકી નથી. છતાં આ વર્ષમાં એ આંકડો ૪૦૦ સુધી પહોંચી જશે એવી આશા રહે છે. દર વર્ષે નવાં પુસ્તકો ખરીદ કરવાનાં હોય જ છે. વળી પુસ્તકો જુનાં થાય તે પણ રદ કરીને નવા વસાવવાનાં રહે જ. આ અંગેની વિગતવાર હકીકત વાચનાલય અને પુસ્તકાલયના જુદા અહેવાલમાં આપેલ છે.

વાચનાલય અને પુસ્તકાલયના જુદા અહેવાલમાં સૂચવેલ છે તે મુજબ કાયમી ફંડ રૂપિયા પચાસ હજાર સુધી વધારવાની જરૂર છે, આથી વાચનાલય અને પુસ્તકાલયને અદ્યતન રાખી શકાય.

શ્રી. ધીરજલાલ ધનજીભાઇએ વર્ષ દરમિયાન જે ચીવટથી કાર્ય કર્યું છે, તેની અત્રે નોંધ લેવી જરૂરી છે. તેઓએ પોતાના અહેવાલમાં સૂચવેલ છે તે મુજબ વાચનાલય અને પુસ્તકાલયને સહર બનાવવા આપણે સૌએ સહકાર આપવો જોઇએ.

સંઘની બીજી મુખ્ય પ્રવૃત્તિ તે પ્રબુદ્ધ જૈન. આ પાક્ષિક પત્ર ચૌદ વર્ષથી ચાલે છે. આ પત્રમાં જૈન સમાજના ચાલુ પ્રશ્નો ઉપરાંત ગાંધૂના અને અન્ય સમાજના પ્રશ્નોની છણાવટ કરવામાં આવે છે. આ પત્રે વિચારક્રાંતિ પ્રતિષ્ઠા મેળવી છે. પ્રસ્તુત આ પત્રમાં દર્શાવાતા વિચારશ્રેણી ઘણા બીજા પત્રો અનુસરવા ઉત્તારદ્વારા અથવા નોંધ દ્વારા કરે છે. આર્થિક બાજુ જોઇએ તો પ્રબુદ્ધ જૈન તાત્પુરતું આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી છે. આગલે વર્ષે બચેલી કમીટી તરફથી સભ્ય રૂા. ૨૫) વિગેરે આપીને સારી રકમ એકત્ર કરી પ્રબુદ્ધ જૈનના ગ્રાહકો વધારવા પ્રયત્ન કર્યો હતો. તેને રૂા. ૨૫૦૦) આશરે ફાળો આવવા સંભવ છે. પત્રના ૪૨૫ ગ્રાહકો હતા તે ઘટીને હાલ ૩૫૦ છે. પત્ર સંસ્થાનું મુખપત્ર છે. આથી તેના ગ્રાહકો વધારવાની રીતે સરભર બને તે વિચારવું જરૂરી છે. પ્રબુદ્ધ જૈનને યશસ્વી રીતે ચલાવવા બદલ સંઘના પ્રમુખ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાનો સૌ વતી અમે આભાર માનીએ છીએ.

દર વર્ષ માફક આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાનો નવ દિવસનો કાર્યક્રમ તા. ૧૭-૮-૫૨ રવિવારથી તા. ૨૫-૮-૫૨ સુધીનો સફળતાપૂર્વક પાર પડયો હતો. વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન પંડિત સુખલાલજીએ શોભાવ્યું હતું. પહેલા સાત દિવસની સભાઓ ગ્લેવેટ્રસ્ટી લોજમાં ભરવામાં આવી હતી અને છેલ્લા બે દિવસની સભાઓ મેસર્સ કપુરચંદ બ્રધર્સની ઉદારતાથી રોકસી થીએટરમાં ભરવામાં આવી હતી.

વ્યાખ્યાતાઓમાં પંડિત સુખલાલજી ઉપરાંત શ્રી. બાબુલાલ ડેરિયા, ઉમાશંકર જોષી, કિસનસિંહ ચાવડા, રતિલાલ દીપચંદ દેસાઇ તેમજ નાનાભાઇ ભટ્ટ બહારગામથી આવ્યા હતા. વળી શ્રી આદમ અદિલ, ઉષાબહેન મહેતા, દસ્તુરજી ખુરશેદજી, રજનીકાંત મોદી, કરસનદાસ માણેક તથા નાનાભાઇ દવે આ વ્યાખ્યાનમાળામાં પહેલી જ વાર વ્યાખ્યાતાઓ તરીકે આવ્યા હતા. તાત્ત્વિક વ્યાખ્યાનો ઉપરાંત સંગીતનો પણ સાથે રસમય કાર્યક્રમ યોજાયો હતો. શ્રી. શાંતિલાલ શાહ, અભિરામ ભગત, શ્રી. શ્યામલા મજુમદાર, પિનાકિન ત્રિવેદી તથા મધુભાઇ પટેલે ભજનો તથા ગીતો સંભળાવ્યા હતા. આ ઉપરાંત દરેક સભાનો પ્રારંભ પણ કોઇ ને કોઇ બહેનના પ્રાર્થનાગીત વડે થતો હતો. આપણા કાર્યક્રમમાં સંખ્યાબંધ ભાઇબહેનોએ બહુ મોટી સંખ્યામાં રસપૂર્વક ભાગ લીધો હતો અને રોકસી થીએટરના બેલા બે દીવસની સભામાં ભાગ લેવા આવેલાં ભાઇબહેનોનો સમાવેશ કરવો મુશ્કેલ થઇ પડયો હતો.

સંઘના ફંડમાં રૂા. ૨૫૧૬, વાચનાલય અને પુસ્તકાલયના ફંડમાં રૂા. ૧૨૬૩, પર્યુષણ-વ્યાખ્યાનમાળામાં રૂા. ૫૬૨, તથા વૈદ્યકીય રાહત ખાતામાં રૂા. ૫૦) ની આવક થઇ હતી. આ ઉપરાંત સાત ગૃહસ્થોએ પાંચ વર્ષ સુધી બસો બસો રૂપિયાની મદદ આપવાનું વચન આપ્યું હતું.

આ પર્યુષણ વ્યાખ્યાનમાળા માત્ર જૈન સમાજ માટે જ નહિ પણ મુંબઇના સંસ્કારી સમાજ માટે અતિ આકર્ષક બની રહી છે. તેને એક સરખી ટકાવવી એટલું જ નહિ પણ ઉત્તરોત્તર વિકસાવવી એ આપણા સર્વની ખાસ ફરજ બને છે.

આ પ્રવૃત્તિને સફળ બનાવવામાં જે અનેક વ્યકિતઓએ એક યા બીજી રીતે ફાળો આપ્યો છે, તે સર્વનો સમુચ્ચયે આભાર માનવામાં આવે છે. અને તેમનો સહકાર અમને સદા મળતો રહેશે એવી આશા રાખવામાં આવે છે.

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સ્મૃતિફંડ માટે આપણા સંઘની કાર્યવાહક સમિતિએ રૂા. ૨૫૦૦૦ ની રકમ એકત્ર કરી શ્રી. સંયુકત જૈન વિદ્યાર્થીગૃહને આપવી એવો નિર્ણય કરેલ, જેને સ્વર્ગસ્થ માટે યોજાયેલ શોકસભાએ સ્વીકાર્યો. આ કાર્યને વેગ આપવા માટે એક કમિટિ નીમી. મંત્રીઓ તરીકે આપણી કાર્યવાહક સમિતિના બે સભ્યો શ્રી. તારાચંદ લ. ઝોહારી અને શ્રી. ધીરજલાલ ધનજીભાઇ શાહને નીમ્યા. રૂપિયા દસ હજાર આશરેની

રકમ એકત્ર થઇ છે. શ્રી. મણિભાઇ તરફની આપણી ફરજ જોતાં આ રકમ સત્વર એકત્ર થાય તે આપણે સૌએ જોવું જરૂરી છે.

વર્ષ દરમિયાન જૈન કાર્યકર સંમેલન યોજવા માટેની વિચારણા થતાં, આ સંમેલન કઇ રીતે યોજવું તે માટે વિચાર કરવા એક કમિટિ નીમી. આ વિચાર નવા વર્ષમાં અમલમાં મૂકવાની આશા સેવીએ છીએ. આવું સંમેલન ભરાય તો તે ઇષ્ટ છે. સંમેલનમાં વિચારોની આપ-લે થાય ને બીજી કોમને માર્ગદર્શક બને એમ અમારું માનવું છે.

લાંબા સમયથી કેટલાક સભાસદોની એવી ઇચ્છા હતી કે સંયોગોને લક્ષમાં લઇ બંધારણમાં ફેરફાર કરવો. આથી કાર્યવાહક સમિતિએ સાત સભ્યોની બનેલી બંધારણ સમિતિ કેટલાંક સમય પહેલાં નીમી હતી. આ સમિતિએ બંધારણની જુદી જુદી કલમો ઉપર ચર્ચા કરીને કેટલાક સુધારા સૂચવ્યા છે. આ સમિતિનો અહેવાલ તૈયાર થયેલો છે, જે ટુંક સમયમાં આપ સમક્ષ વિચારણા માટે રજુ કરવામાં આવશે.

આપણા હૃદયશૂન્ય બનતા જતા જીવનમાં માનવતાની લાગણી પ્રજ્વલિત કરતી વાર્તાઓ ભાઇ શ્રી વ્રજલાલ મેઘાણી લખતા હતા. આ કોટિની વાર્તાઓ સારા સારા લેખકો પાસે લખાવી અથવા તેથી પ્રસિદ્ધ થયેલી વાર્તાઓનો સંગ્રહ કરાવી તે પ્રગટ કરવા સસ્તુ સાહિત્યવર્ધક મંડળને રૂા. ૨૫૦૦ ની રકમ સોંપી છે. આ રકમ શ્રી વ્રજલાલ મેઘાણી સ્મારક માટે ભેગી કરવામાં આવી હતી. આ વર્ષે 'માણુસાઇની વાતો' નામનો ત્રીસ વાર્તાઓનો સંગ્રહ શ્રી. પીતાંબર પટેલ પાસે તૈયાર કરાવીને એ સંસ્થા તરફથી પ્રગટ કરવામાં આવેલ છે.

શ્રી કિશોરલાલ મશરૂવાળા કે જેમણે મહાત્મા ગાંધીજી પછી વિચારોની વિશદ છણાવટ કરનાર અને ગાંધીજીના ચુસ્ત અનુયાયી તરીકે પોતાનું નામ શોભાવ્યું છે, તેમ જ કોઇની સેહ રાખ્યા વગર જેઓ સ્પષ્ટ વિચારો વ્યકત કરનારા હતા. તેમને દેશને ઓસની જરૂર હતી, તે સમયે આપણી વચ્ચેથી કુદરતે લઇ લીધા. આપણે સભ્યો પ્રત્યે તથા પ્રબુદ્ધ જૈન માટે તેમને ખૂબ જ મમતા હતી. તેમના અવસાનથી આપણી સંસ્થાએ મુરબ્બી અને શુભેચ્છક ગુમાવેલ છે.

આપણી સંસ્થાની આર્થિક સ્થિતિ એવી નથી કે જે સહાય વગર ટકી શકે. હાલના મંદીના સમયમાં પણ આપણી કાર્યવાહક સમિતિના સભ્યોએ સંસ્થાને સહેર કરવા જે પ્રયત્ન કર્યો છે તેનો ઉલ્લેખ આવશ્યક છે. કાર્યવાહક સમિતિના મોટા ભાગના સભ્યોએ પોતે આપીને અથવા કોઇ પાસેથી ઓછામાં ઓછા રૂા. ૧૦૦ મેળવી આપી રકમ એકત્ર કરી આપી છે, એટલું જ નહિ પરંતુ પુષ્કળ વ્યાખ્યાનમાળા સમયે કાર્યવાહક સમિતિના મોટા ભાગના સભ્યોએ ફંડ એકત્રિત કરવામાં રસ લીધો છે. આઠ દીવસ દરમિયાન સંધ્યાન્તે તેના ફંડ ચાલતી પ્રવૃત્તિઓ માટે આશરે રૂા. ૪૪૦૦ જેવી સારી રકમ એકઠી કરી છે. ઉપરાંત સાત સદ્‌ગૃહસ્થો પાસેથી દર વર્ષે દરેક પાસેથી રૂપિયા બસો, એમ પાંચ વર્ષ સુધી એટલે કે દર વર્ષે રૂા. ૧૪૦૦ ના વચનો મેળવ્યા છે. આ માટે સમિતિના સભ્યોનો અને સહાય કરનારા શુભેચ્છકોનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

વર્ષ દરમિયાન સંસ્થાના પ્રમુખ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાનો અમોલો સહકાર ભૂલાય એમ નથી. સાથે સાથે કાર્યવાહક સમિતિના સભ્યોને પણ ભૂલવા જોઇએ નહિ. અમો [illegible] હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આશા રાખીએ [illegible] કાર્યવાહક સમિતિને આવતા વર્ષ દરમિયાન સહકાર [illegible] વધુ [illegible] બનાવવા આપણે [illegible] અભિનંદન [illegible] અપીલ કરીએ છીએ.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી. મ. મો. શાહ સા. વાચનાલય અને પુસ્તકાલય

વાર્ષિક વૃત્તાંત

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયનો કાર્યવાહક મંડળ તરફથી સંવત ૨૦૦૮ ના વર્ષનો અહેવાલ તથા હિસાબ આપની સમક્ષ રજૂ કરીએ છીએ.

શરૂઆતમાં સૌ પ્રથમ આ સંસ્થાના આદ્યપ્રેરક તથા સંસ્થાપક અને રૂા. ૨૪૦૦૧ ની રકમનું દાન કરનાર શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, જેમનું તારીખ ૨૫ જુલાઇના રોજ અવસાન થયું છે તેમનું સ્મરણ કરવું આવશ્યક છે. તેઓ આ સંસ્થાના પ્રાણ હતા; એટલે તેમની ખોટ આ સંસ્થાને અણપુરાય તેવી છે; અને અમારા નમ્ર મંતવ્ય મુજબ અણપુરાયલી રહેશે.

સંસ્થાના ઉપજ ખર્ચનો હિસાબ તથા સંસ્થા પાસે જે જે ટ્રસ્ટફંડો તથા અરકયામતો વગેરે છે તેનો હિસાબ પણ આ સાથે છે.

સંસ્થા પાસે રૂા. ૨૪૦૬૧ નું એક કાયમી ફંડ છે, તે રકમ ડીબેન્ચરો તથા મ્યુનિસિપલ લોનમાં રોકવામાં આવી છે. આ રકમમાં રૂા. ૫૦૦ ચાલુ વર્ષે ઉમેરતા આ કાયમી ફંડ રૂા. ૨૪૫૬૧ નું થાય છે.

ચાલુ વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની ૩ મીટીંગો મળી હતી.

અત્યાર સુધી આર્થિક દૃષ્ટિએ સંસ્થાને દર વર્ષે સારી એવી રકમ ખોટ તરીકે માંડી વાળવી પડતી હતી; કારણ કે વાંચનાલય અને પુસ્તકાલયનો ઉપયોગ કાંઇ પણ લવાજમ લીધા વગર સૌ કોઇ કરી શકતું હતું, જ્યારે આવકમાં એ પક્ષેથી કાંઇ ન હતું. જો આ રીતે દર વર્ષે ખોટ માંડી વાળવી પડે તો સંસ્થા લાંબો વખત ટકી શકે નહિ; તેથી ચાલુ વર્ષ દરમિયાન વૈશાખ માસથી પુસ્તકાલય વિભાગ માટે એક નવી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના મૂજબ પાંચ રૂપિયા અનામત તરીકે મૂકી, કોઇ પણ વ્યકિત આ પુસ્તકાલયના સભ્ય થઇ શકે છે. પરંતુ તેમણે દર છ મહીને બે રૂપિયા લવાજમ આપવાનું રહે છે, એટલે કે વાર્ષિક લવાજમ રૂપિયા ચાર આપવાના હોય છે. વિનાલવાજમની યોજના મુજબ પુસ્તકાલયના ૭૬૫ સભ્યો હતા, જ્યારે નવી યોજના મુજબ છ માસિક ૧૮૫ અને ત્રીમાસિક ૪૯ મળી કુલ ૨૩૪ સભ્યો છે. ધાર્યા મુજબ સભ્યસંખ્યા થઇ શકી નથી; કારણ કે યોજના નવી હતી; વાંચકોને તેથી ટેવાવાની જરૂર પણ ખરી. પરંતુ હવે નવી યોજના તરફ વાંચકોનું વલણ ઢળતું જાય છે. એટલે નવા વર્ષે સભ્યસંખ્યા ઠીક ઠીક રહેવા સંભવ છે. જો આ યોજના મુજબ સભ્યસંખ્યા ૫૦૦ સુધી પહોંચે તો અમારી વિચારણા ઘેર-બેઠાં પુસ્તકો પહોંચાડવાની છે.

વર્ષની શરૂઆતમાં પુસ્તકાલય પાસે ૪૧૧૭ પુસ્તકો હતાં; તેમાં વર્ષ દરમિયાન ૪૮૮ ખરીદાયેલાં ૩૦૯ ભેટ મળેલાં પુસ્તકો ઉમેરતાં કુલ પુસ્તક સંખ્યા ૪૯૦૫ થાય છે. આ પુસ્તકોનું વર્ગીકરણ કરવું જરૂરી છે—જેમકે બાળકો માટેનાં પુસ્તકોનો જુદો વિભાગ; ધર્મ તત્વજ્ઞાન તથા વિવેચનના જુદા વિભાગો; જૈન તત્વજ્ઞાનનો જુદો વિભાગ, વિગેરે. ઉપરાંત સૂચિપત્રિકા પણ અદ્યતન કરવાની જરૂર છે, જેથી વાચકને સહેલાઇથી પુસ્તક જડી શકે.

વર્ષ દરમિયાન ૧૧૦૬૨ પુસ્તકોની વાચકોમાં હેરફેર થઇ; જે સરેરાશને હિસાબે દરરોજની સાડત્રીની સંખ્યા ગણી શકાય.

વાચનાલયમાં કુલ ૫૭ પત્રો આવે છે જેમાંના કેટલાક "પ્રબુદ્ધ જૈન"ના બદલામાં આવે છે. આ પત્રોનું વર્ગીકરણ કરીએ તો ૬ દૈનિક, ૧૭ સાપ્તાહિક, ૬ પાક્ષિક, ૨૭ માસિક અને ત્રીમાસિક છે. આ વાચનાલયનો લાભ કોઇ પણ વ્યકિત વિના-

લવાજમે લઈ શકે છે. અત્યારે સરરાશ દરરોજ તેની બસોથી ઉપર લાભ લે છે.

આવક જાવકની દૃષ્ટિએ વર્ષને અંતે રૂા. ૫૦૫-૯-૯ ના વધારા રહે છે. વ્યાજ, પાસબુક, દંડ, લવાજમ, પરદેશી વિગેરે ભેટ વગેરેના મળી કુલ રૂા. ૩૩૦૬-૭-૯ ની આવક થઈ છે, તો બજાર, પત્રોનું લવાજમ, મકાનભાડું, પરચુરણ ખર્ચ વગેરે મળી કુલ રૂા. ૨૮૪૨-૧૦-૯ થયેલ છે. એટલે તે રૂા. ૩૬૩-૧૩-૦ નો આવકમાં વધારો બતાવે છે; તેમાં પુસ્તક ખરીદીના રૂા. ૧૦૫૮-૪-૦ વર્ષની શરૂઆતમાં જુદા રાખ્યા હતા, તેમાંથી રૂા. ૯૧૬-૭-૩ નાં પુસ્તકો ખરીદ્યાં તે બાદ કરતાં રૂા. ૧૪૧-૧૨-૯ બાકી રહે તે ઉપરોકત રકમમાં ઉમેરતાં જમા બાજુ રૂા. ૫૦૫-૯-૯ નો વધારો બતાવે છે.

આવકનો ઉલ્લેખ કરતી વખતે બે હકીકતોનો નિર્દેશ જરૂરી છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન, શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના કેટલાક સભ્યોના ઉત્સાહથી સારી એવી રકમ એકત્ર થઇ શકી છે, તેમ જ પુસ્તકાલય માટેની નવી યોજના અમલમાં આવતાં, જે વ્યકિતઓ પુસ્તકાલયના સભ્ય તરીકે રહેવા ઇચ્છતી નહોતી તેમણે પોતાની અનામત પાછી લેતી વખતે સંસ્થાને કંઇક પણ ભેટ આપવાની ઉદાર વૃત્તિ દર્શાવી, 'ફૂલ નહિ તો ફૂલની પાંખડી' ભેટ તરીકે આપેલ છે. આવી વૃત્તિ હોય તો જ સંસ્થા ફાલીફૂલી શકે એ દૃષ્ટિએ આ સંસ્થા આ પગલાંને એક શુભ ચિન્હ તરીકે સ્વીકારે છે.

નવા વર્ષનું અંદાજ નીચે મુજબ છે.

આવક :—

રૂા. ૧૧૦૦) ડીબેન્ચર્સ તથા લોનનું વ્યાજ, રૂા. ૧૦૦૦) લવાજમ, રૂા. ૧૨૫) પસ્તીનું વેચાણ, રૂા ૫૦) દંડની રકમ, રૂા. ૨૫) પાસબુકની કીમત, કુલ ૨૩૦૦).

ખર્ચ :—

રૂા. ૧૬૬૦) પગાર (અધિક માસ સાથે), રૂા. ૫૦૦) પત્રોનું લવાજમ, રૂા, ૪૫૦) મકાનભાડું તથા બીજળી ખર્ચ, રૂા. ૨૫૦) પરચુરણ, કુલ ૩૧૬૦).

આ હિસાબે રૂા. ૮૬૦) ની વર્ષની આખરે ખોટ આવવા અંદાજ છે; તેમાં જો નવા વર્ષે રૂા. ૧૦૦૦) નાં પુસ્તકો ઓછામાં ઓછાં ખરીદીએ તો ખોટની રકમ રૂા. ૧૮૬૦) થવા સંભવ છે આ ખોટ પુરી કરવા માટે વર્ષ દરમિયાન વાચકોની સંખ્યા વધે તે જોવાનું રહેશે. તેમ જ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સારી એવી રકમ ભેટ મળે તે માટે યત્ન કરવાના રહેશે.

વાચનાલય અને પુસ્તકાલયને અદ્યતન કરવા માટે નીચેના મુદ્દા વિચારણીય છે :—

(૧) પુસ્તકાલયમાં છેલ્લામાં છેલ્લું પ્રગટ થયેલું પુસ્તક હોવું જોઇએ.

(૨) પુસ્તકોનું લેખકવાર, પુસ્તકવાર તથા વિષયવાર એમ ત્રિવિધ વર્ગીકરણ જરૂરી છે.

(૩) પુસ્તકાલય–વાચનાલય માટે વિશાળ જગાની જરૂરિઆત છે.

(૪) કાયમી ફંડ ઓછામાં ઓછું રૂા. ૫૦૦૦) સુધીનું હોવું જોઇએ, જેથી આવકની દૃષ્ટિએ દર વર્ષે મૂંઝવણ ઓછી રહે.

ઉપરના મુદ્દાઓ વિચારતાં અમારું નમ્ર સૂચન એ્યું મુદ્દા તરફ રૂા. ૫૦૦૦૦) નું કાયમી ફંડ કરવા તરફ સૌપ્રથમ છે. આ દૃષ્ટિએ, આ કાર્યને વેગ મળે તે માટે, આપણી પાસે ચાલુ વર્ષની આખરે જે રૂા. ૫૦૫-૯-૯ ની રકમ બચત તરીકે રહે છે તેમાંથી રૂા. ૫૦૦) કાયમી ફંડમાં લઇ જવાનું અમે નકકી કર્યું છે; અને-હવેથી દર વર્ષે જે કાંઇ બચત રહેશે તેમાંથી યોગ્ય રકમ કાયમી ફંડમાં લઇ જવામાં આવશે.

છેલ્લો એક હકીકતનો ઉલ્લેખ જરૂરી છે. શ્રી જયપુર મેટલ વર્કસના રૂા. ૫૦૦૦)ના આપણી સંસ્થા પાસે ડીબેન્ચર્સ હતા. તેના ભાવ લગભગ ત્રીસ ટકા નીચે ગયા હતા; પણ સંસ્થા તરફના પ્રમત્નથી ખેરાતી શ્રી કોમાણી ઇન્ડસ્ટ્રીઝના મુખ્ય કાર્યકર્તા શ્રી. પુનમચંદ કામાણીએ તે ડીબેન્ચર્સ-બળ લોન ખરીદી લીધા તે માટે સંસ્થા તરફથી તેમનો આભાર માનીએ છીએ. વળી વર્ષ દરમિયાન આપ સૌએ આપેલ સાથ સહકાર વર્ષને સરળ કરવામાં એક યા બીજી રીતે ફાળો આપ્યો છે તે માટે આપ સૌનો આભાર માનીએ છીએ–તેમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, બંધુત્રી બેલડી–શ્રી જયંતિલાલ એલ. પરીખ અને શ્રી રમણલાલ સી. શાહ તથા શ્રી તારાચંદ કોઠારી અને શ્રી રમણિકલાલ મણિલાલ શાહનો ખાસ. તેમના સહકારથી અમારું કાર્ય સરળ બન્યું છે, રસમય થયું છે.

ફરી વખત આપ સૌનો આભાર માની, વાચનાલય-પુસ્તકાલય સમૃદ્ધ થાય તે માટે આપ સૌનો સહકાર માગીએ છીએ.

મંત્રી–શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વા. પુ.

વાર્ષિક સભા અને ચૂંટણી

તા. ૧૦–૧–૫૩ શનીવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સભા સંઘના કાર્યાલયમાં મળી હતી. સભામાં સંભ્યોની હાજરી સારા પ્રમાણમાં હતી. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. શરૂઆતમાં ગત સામાન્ય સભાનો વૃત્તાંત વંચાયા બાદ સંઘના મંત્રી શ્રી. જયંતિલાલ પરીખે વિ. સં. ૨૦૦૯ની સાલનો વૃત્તાંત વાંચી સંભળાવ્યો હતો તથા સંઘનો આવક જાવકનો હીસાબ અને સરવૈયું રજુ કર્યાં હતાં ત્યાર બાદ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયનો વૃત્તાંત તેને લગતી સમિતિના મંત્રી શ્રી. ધીરજલાલ ધનજીભાઇ શાહે વાંચી સંભળાવ્યો હતો. આ બંને વૃત્તાંતો તથા આવક જાવકનો હીસાબ તથા સરવૈયું જે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ છે તેને સામાન્ય સભા તરફથી મંજુરી આપવામાં આવી હતી. ત્યાર બાદ નવા વર્ષના અંદાજ પત્રો મંત્રી તરફથી રજુ કરવામાં આવ્યા હતા અને તેને સામાન્ય સભા તરફથી બહાલી આપવામાં આવી હતી.

ત્યાર બાદ સંઘના નવા વર્ષ માટેના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિની ચૂંટણી કરવામાં આવી હતી જેનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.

શ્રી ખીમજી માંડણ ભુજપુરિયા–પ્રમુખ	
,, રતીલાલ ચી કોઠારી–ઉપપ્રમુખ	
,, ચીમનલાલ પી શાહ–કોષાધ્યક્ષ	
,, પરમાનંદ કુંવરજી કાપડિયા	} મંત્રીઓ
,, ટી. જી. શાહ	
,, ચીમનલાલ ચકુભાઇ શાહ	
,, નાનચંદભાઇ શામજી	
,, રમણિકલાલ મણિલાલ શાહ	
,, વલ્લભદાસ પ્રેમચંદ મહેતા	
,, ચંચળબહેન ટી. જી. શાહ	
,, જસુમતીબહેન મનુભાઇ કાપડિયા	
,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ	
,, પાસુભાઇ ખીયરી પુરિયા	
,, લખમશી વેલાભાઇ	
,, કાંતિલાલ ખરેડિયા	
ડો. ઇન્દ્ર	
શ્રી છોટાલાલ કાળીદાસ શાહ	
,, ચંદુલાલ સાંકળચંદ વકીલ	
,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ	
,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ	

નિવૃત્ત થતા મંત્રીઓ શ્રી જયંતિલાલ લલ્લુભાઇ પરીખ તથા શ્રી રમણલાલ સી. શાહ, એ બન્નેએ પોત, પોતાના અધિકારસમય દરમિયાન સંઘની જે અનેકવિધ સેવાઓ બજાવી હતી તે માટે તે બન્નેનો સામાન્ય સભા તરફથી હાર્દિક આભાર માનવામાં આવ્યો હતો.

સંઘના ઓડીટર તરીકે સંવત ૨૦૦૯ ના વર્ષ માટે શાહ મહેતા એન્ડ ચોકસીની કું. ને નીમવામાં આવ્યા હતા અને અલ્પાહાર બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંવત ૨૦૦૮નો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું

પ્રબુદ્ધ જૈન

જ		ઉ	
શ્રી પ્રબુદ્ધ જૈનના લવાજમના	૧૪૬૨—૧—૦	શ્રી પ્રબુદ્ધ જૈન પેપર ખાતું	
શ્રી ભેટના ખાત્યા	૩૭—૦—૦	વર્ષ દરમ્યિાન ખરીદ્યો ૬૯૩—૯—૦	
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સરભેાના	૪૨૦—૦—૦	દીવાળીનેા સ્ટેાક બાદ ૧૧૫—૮—૦	
વર્ષની આખરે ખેાટના સંઘમાં લઇ ગયા	૨૩૩૫—૧૨—૯		૫૭૮—૦—૦
		શ્રી પ્રબુદ્ધ જૈન અર્થ ખાતે	૧૧૨—૬—૦
		શ્રી પ્રબુદ્ધ જૈન છપામણી	૨૦૪૦—૪—૦
		શ્રી પ્રબુદ્ધ જૈન પેાસ્ટ	૫૬૩—૮—૯
		શ્રી જનરલ ખર્ચના ખાડધા	૬૬૦—૧૧—૦
	૪૨૫૪—૧૩—૯		૪૨૫૪—૧૩—૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

જ		ઉ	
વ્યાજના	૨૪૨—૬—૦	પેાસ્ટ ખર્ચના	૬૧—૩—૭
ભેટના	૩૬૫૨—૭—૯	પ્રીન્ટીંગ અને સ્ટેશનરી	૬૦—૧૨—૬
પ્રબુદ્ધ જૈનના સભ્ય લવાજમના	૬૬૮—૬—૦	પરચુરણ ખર્ચના	૬૬૭—૭—૬
૨૦૦૮ના ,, ,, ...	૧૦૪૬—૧૦—૦	જનરલ ખર્ચના ખાડધા	૬૬૦—૧૧—૦
વ્યાખ્યાનમાળાના પેડયા હતા તે	૧૬૨—૧—૬	પ્ર. જૈનના લવાજમના	૪૨૦—૦—૦
	૫૫૬૧—૧૫—૩	પ્રબુદ્ધ જૈનની ખેાટના ૨૩૩૫—૧૨—૯	
		ગઇ સાલની પચત બાદ ૧૪૫૬—૫—૦	
			૮૭૯—૭—૬
		ચાલુ સાલનેા વધારેા જનરલ ફંડમાં લઈ ગયા	૨૩૪૨—૫—૦
			૫૫૬૧—૧૫—૩

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

સંવત ૨૦૦૮ ની સાલનું સરવૈયું

જ		ઉ	
બીજ ફંડ		ધી ઇન્ડીયન સ્લમ પ્રાઇપ્રેા કાં. લી. ના પ્રા. શેરના ડીબેન્ચર્સ (ફેઇસ વેલ્યુ રૂા. ૪૦૦૦) વા	
ગયા વર્ષના બાકી	૧૦૦—૦—૦	ગયા વર્ષના બાકી	૪૨૩૬—૬—૨
જનરલ ફંડ		શ્રી. મણિલાલ મેાકમચંદ શાહ સાર્વજનિક	
ગયા વર્ષના બાકી.	૬૭૭—૧૩—૧૭	વાચનાલય અને પુસ્તકાલય ખાતે ઉ.	૪૫૮—૧૬—૦
શ્રી. ભા. એા. શાહ વા. પુ. ની			
ગયા વર્ષની ખેાટ બાદ ૬૬૭—૫—૦		શ્રી પ્રબુદ્ધ જૈન પેપર ખાતે (દીવાળીનેા સ્ટેાક)	૧૧૫—૮—૦
	૭૪૦—૮—૭	ધી મેન્ક એાફ ઇન્ડીયા લી. (કરન્ટ એકાઉન્ટ)	
વધારેા ચાલું વર્ષમાં ખર્ચ		ખાતે ઉધાર	૬૬૩૪—૧—૧૧
કરતા આવકમાં વધારેા ૨૩૪૨—૫—૦		રેાકડ પુરાંત હાથ પર.	૪૬—૮—૫
	૨૩૦૮૨—૧૩—૭		૮૪૬૧—૩—૧૦
શ્રી પુસ્તક પ્રકાશન ખાતું			
ગયા વર્ષનેા બાકી ૩૧૮૩—૧૦—૬			
ચાલું વર્ષમાં ખરચાયા તે બાદ ૧૧૫૦—૦—૦			
	૩૦૩૩—૧૦—૬		
શ્રી વૈદ્યકીય સહાયક ખાતું			
ગયા વર્ષના બાકી. ... ૫૬૨—૧૦—૩			
ચાલું વર્ષમાં ભેટના મળ્યા ૧૦૬—૦—૦			
	૬૬૮—૧૦—૩		
ચાલું વર્ષમાં મદદના આપ્યા ૩૦૪—૧૬—૯			
	૩૬૩—૧૨—૬		
શ્રી માતજત ખાતે જમા	૩૨૬—૧૫—૩		
,, માતજત ડીપેાઝીટ ખાતે જમા	૫—૨૫—૦—૦		

જ			ઉ		
શ્રી ૨૦૦૯ અને ૧૦ના સભ્ય લવાજમના	૧૫૨—૦—૦ ૧૦—૦—૦				૮૪૯૧—૩—૧૦
		૧૬૨—૦—૦			
શ્રી ઉપલક ખાતે જમા		૧૬૪—૦—૦			
ધી ઉષા પ્રીન્ટર્સ લી. ખાતે જમા		૧૪૦—૦—૦			
		૮૪૯૧—૩—૧૦			

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું ઉપલું સરવૈયું ચોપડાઓ, રસીદો, વાઉચરો અને બેંક પાસ બુક સાથે તપાસ્યું છે અને આથી રીપોર્ટ આપીએ છીએ કે તે અમોને બરાબર માલમ પડયું છે.

એચ. પી. કુંભાણીની કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્
મુંબઈ, તા. ૮-૧૨-૫૨

સંવત ૨૦૦૮ની સાલનો શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વા. પુસ્તકાલયનો આવક જાવકનો હિસાબ

જ			ઉ		
શ્રી પુસ્તક ખાતે					
ગયા વર્ષે આ ખાતે જમા હતા તે આ વર્ષે આવક જાવક ખાતે જમા કર્યા		૧૦૫૮—૪—૦	શ્રી પગારના		૧૭૩૬—૫—૦
શ્રી વ્યાજ ખાતે		૧૦૨૦-૧૪—૦	,, પુસ્તક ખરીદના		૬૧૬—૭—૩
,, પાસ બુકના		૪૫—૬—૯	,, પરચુરણ ખર્ચ ખાતાના (૪૫૮ાા ભાડું અને લાઇટ સાથે)		૭૩૪—૭—૬
,, દંડના		૧૧૪—૪—૬	શ્રી પેપર લવાજમના		૪૬૧-૧૪—૦
,, ભેટના		૧૫૮૬—૦—૦	**શ્રી ખર્ચ કરતાં આવકનો વધારો**		
,, પુસ્તક લવાજમના		૪૧૬—૦—૯	કાયમી ફંડમાં લઈ ગયા રૂા.	૫૦૦—૯—૦	
,, પેરતી વેચાણના		૧૧૭-૧૫—૦	આવક જાવક ખાતે જમા રહ્યા	૫—૬—૬	
		૪૩૬૪-૧૧—૬			૪૩૬૪-૧૧—૬

સંવત ૨૦૦૮ ની સાલનું શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયનું સરવૈયું.

જ			ઉ		
શ્રી મણિલાલ મોકમચંદ શાહ સા. વા. પુ. ખાતે					
ગયા વર્ષના બાકી	૨૪૦૦૧—૦—૦		ધી થર્ડ ડીમેન્ચર્સ ઓફ રાવળગામ સ્યુગર ફાર્મ લી. ખાતે ઉધાર (૪ ટકાના) ફેઈસ વેલ્યુ રૂા. ૧૦૦૦૦)	૧૦,૦૦૦—૦—૦	
ફરતી લાયબ્રેરીના ડીપોઝીટના જમા હતા તે આ ખાતે હવાલો નાંખ્યો તેના	૬૦—૦—૦		ધી બોમ્બે સ્ટીમ નેવીગેશન કું. ખાતે ઉધાર ડીબેન્ચર્સ (૪.૫ ટકાના) ફેઇસ વેલ્યુ રૂા. ૧૦૦૦૦)	૧૦,૦૦૦—૦—૦	
આવક જાવક ખાતાના વધારાનો હવાલો	૫૦૦—૦—૦		ધી બોમ્બે મ્યુનીસીપાલીટી લોન ૧૯૨૬ ખાતે ઉ. (૫ ટકા) (ફેઇસ વેલ્યુ રૂા. ૩૦૦૦)		૩૫૧૫—૦—૦
		૨૪૫૬૧—૦—૦	૪૫૫. ડી. જયપુર મેટલ વર્કસ ઇન્ડસ્ટ્રીઝ લી. આગલા સરવૈયા મુજબ	૫૦૦૦—૦—૦	
શ્રી ડીપોઝીટ ખાતે જમા		૨૭૭૮—૮—૦	ખાદ તે ડીબેન્ચર્સ ચાલુ વર્ષમાં વેચ્યા	૫૦૦૦—૬—૦	
,, વધારાના ડીપોઝીટ ખાતે જમા		૭૮—૦—૦			
,, મુંબઈ જૈન યુવક સંઘ ખાતે જમા (વર્ષની આખરનો ભાડા અને લાઇટનો હવાલો)		૪૫૮-૧૧—૦	ધી બેંક ઓફ ઇન્ડીયા લી. ખાતે ઉધાર (કરન્ટ એકાઉન્ટ)		૪૨૬૩—૧૧—૦
શ્રી. આવક જાવક ખાતે જમા		૫—૬—૬	પુરાંત રોકડા		૩—૧—૬
		૨૭,૮૮૧-૧૨—૬			૨૭ ૮૮૧-૧૨—૬

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ પબ્લીક લાયબ્રેરી અને રીડીંગ રૂમનું ઉપલું સરવૈયું, ચોપડાઓ, રસીદો વાઉચરો અને બેંક પાસ બુક સાથે તપાસ્યું છે અને આથી રીપોર્ટ આપીએ છીએ કે તે અમોને બરાબર માલુમ પડયું છે.

એચ. પી. કુંભાણી ll કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
મુંબઈ, તા. ૮-૧૨-૫૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ, ૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪
અંક : ૧૯

મુંબઈ : ૧ ફેબ્રુઆરી ૧૯૫૩, રવીવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

પંચવર્ષીય આયોજન

આયોજનની આવશ્યકતા

જુલાઈ ૧૯૫૧માં રાષ્ટ્રીય નિયોજન પંચે દેશના વિકાસની યોજનાનો એક ખરડો રજુ કર્યો હતો. પંચવર્ષીય આયોજનના મંડાણ આમ એપ્રીલ ૧૯૫૧માં મંડાયા અને આયોજનની સમાપ્તિ માર્ચ ૧૯૫૬માં થવી જોઇએ. આ નિયોજન પંચ તરફથી આ પંચવર્ષીય યોજનાનું આખરી સ્વરૂપ તા. ૮ મી ડિસેંબરે આપણા દેશની વિધાન સભા સમક્ષ રજુ કરવામાં આવ્યું હતું. તે યોજનાની રૂપરેખા આપણે ક્રમશઃ જોઈશું.

દુનિયાના બીજા આગળ વધેલા દેશોની સરખામણીમાં આપણો દેશ આર્થિક ક્ષેત્રે ઘણો જ પછાત છે એ એક નકકર હકીકત છે અને તે આપણને બધાને સુવિદિત છે. અર્થશાસ્ત્ર અને નાણાશાસ્ત્રના વિશારદો આપણા અર્થતંત્રના વિધવિધ ક્ષેત્રના આંકડાઓ અને દલીલોથી આ હકીકત પુરવાર કરી શકે. પ્રજાજીવનના ખોળિયામાંથી ચરબી નીકળી જઈ સુકકાં હાડકાં દેખાવા લાગ્યાં છે. આપણી અપાર ગરીબી, સાવ નીચું જીવનધોરણ, ભેળસેળવાળો સમાજસ્વાસ્થ્યને પારાવાર નુકસાન કરતો ખોરાક, ઔદ્યોગિક અને કૃષિ વિષયક ઓછું ઉત્પાદન, કારમી બેંધવારી, ચીજોની અછત, દુનિયામાં ખૂબ નીચું ગણાય તેવું માથાદીઠ આવકનું ધોરણ, ઓછી રાષ્ટ્રીય આવક–એવી બધી આપણા અર્થતંત્રમાંની ક્ષતિઓ–આર્થિક શરીરને ગંધાવી નાંખતાં ગુમડાંઓ–આજે પણ નજરે ચડે છે. શહેરી જનતા ભલે કદાચ એ ભૂલે–અથવા સાધનસંપન્ન લોકો ભલે પોતાની જ નજરે બધું ઘટાવવા પ્રયત્નશીલ હોય, પણ હકીકતે આપણો દેશ કૃષિ–પ્રધાન છે અને તેના નિયોજનમાં ખેતી, ગ્રામોદ્યોગ, નાના પાયાના ઉદ્યોગ અને ગ્રામવિસ્તારના લોકોના આર્થિક ઉત્કર્ષનું સ્થાન અચૂક છે. આ કાયમી મુંઝવતા સવાલોમાં દેશના ભાગલાને પરિણામે અને યુદ્ધ પછીની આર્થિક વિટંબણાઓએ પરિસ્થિતિ વધુ બગાડી. શ્રી મનુ સુબેદાર કહે છે તેમ "લડાઇ એ એક ભયંકર વ્યાધિ છે. તેમાંથી હાનિકારક પરિણામો અને દુર્દશા જ નીકળે છે. એવું કહેનારા છે કે લડાઇને લીધે અમુક દેશને, અમુક પ્રજાને અથવા અમુક વર્ગને ફાયદો થયો ! થોડા સમયને માટે દેખીતી પૈસાની રેલમછેલ ઝાંઝવાનાં જળ સમાન જ છે." આ વસ્તુસ્થિતિનો અસ્વીકાર થઈ શકે તેમ નથી. યુદ્ધથી દેશની બેહાલજલાલી અને સુખશાંતિ ઘટયા છે. દેશના ભાગલા પડવાથી કમનશીબે જે પરિસ્થિતિ નિર્માણ થઇ તેથી સંયુકત ભારત રચાઇ શકયું હોત તો જેની અર્થરચના અને આર્થિક ભવિષ્ય અને સંકલના એક જ જાતની રહી શકી હોત તેમાં ખૂણો લાગ્યો. એ રાજકીય ઘટનાએ પણ પારાવાર વિટંબણાઓ ઉભી કરી. આ આર્થિક અંધાધુંધીનો ક્રમ સંતોષકારક ઉકેલ લાવવો તે નિયોજનનું કાર્યક્ષેત્ર અને ધ્યેય થઇ રહે છે.

કોઇ પણ મધ્યમ વર્ગનો માણસ આજે જાણે છે કે ઘરસંસાર આબરૂભેર ચલાવવામાં કેટલી મુશ્કેલી છે. તેને પણ કાં તો આવક વધારવાનો વિચાર કરવો પડે છે–તાણી તૂંસીને પણ અને નહી તો ખર્ચ પર કાપ મૂકવો પડે છે. કાપ મૂકતાં કયાં કાપ વધુ મૂકી શકાય, કયાં કાપ ઓછો મૂકી શકાય, કઇ ચીજો 'ફેમીલી બજેટ' માંથી ઉડાવી દઇ શકાય વિ. બાબતો ધ્યાનમાં લઇને ટાંટીયા મેળવવા પ્રયાસ કરવો પડે છે. કુટુંબની આર્થિક સ્થિતિનો વિચાર કરવામાં જો આની જરૂર હોય તો ગામ, શહેર, રાજ્ય અને બધા રાજ્યોની કેન્દ્ર સરકારને કેટલી આવશ્યકતા જણાય અને તેમાં કેવી મુંઝવણો પડે તે સમજી શકાય તેવું છે. સાધનો મર્યાદિત હોય, કામ મુશ્કેલ હોય, ઝડપથી વિકાસ કરવો હોય, કઇ વસ્તુ પહેલા હાથ ધરવી અને કઇ પછી તે નકકી કરવાનું હોય ત્યારે જ નિયોજનની જરૂર પડે છે. પાયાનું જ્યાં મતભેદ ન હોય ત્યાં ઉભા કરી એક વર્ગ જે વાત કરે તેનો બીજા વર્ગે વિરોધ કરવો જ જોઇએ એવો જાણે આપણા દેશમાં રવૈયો થઈ ગયો છે. રચનાત્મક ટીકા અને સકારણ વિરોધનું હંમેશા સ્થાન છે જ, છતાં રાજકીય મતમતાંતરને કારણે ટીકાઓ ન થવી જોઇએ. આ સંજોગોમાં આપણા વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરૂ અકળાઈ ઉઠે છે એ સ્વાભાવિક છે. એમણે રાષ્ટ્રીય નિયોજનના કાર્યને પોતાની નજર સમક્ષ રાખ્યું છે અને આને પાર પાડયા વિના દેશનો ઉદ્ધાર નથી થવાનો એમ એ માને છે. તેમની સરકારે રાષ્ટ્રીય પંચને આ કામગીરી સોંપીને ખૂબ ડહાપણ કર્યું છે એમ તેઓ કહે છે.

નિયોજનનો ખ્યાલ આપણા દેશમાં નવો નથી. રશિયામાં પંચવર્ષીય આયોજનથી જે આર્થિક અને સામાજીક વિકાસ સાધી શકાયો તેનાથી આખી દુનિયા ચકિત થઇ ગઇ. આપણું નિયોજન જૂદી પદ્ધતિનું છે. લોકશાસનને સિદ્ધાંતે, વ્યકિતવિશેષનો સ્વીકાર કરીને, મરજીયાત રીતે આનો અમલ થવાનો છે. ફરજીયાત રીતે–ફ્રેન્ચ્કીપ્રાનની ઢબે–આ નિયોજન અમલમાં આવી શકે જ નહીં એ દેખીતું છે. આ રાષ્ટ્રીય નિયોજનનું અંતિમ ધ્યેય તો ભારતની સમસ્ત પ્રજાની શારીરિક, આર્થિક અને નૈતિક ઉન્નતિ જ છે અને તેમાં બે મતને સ્થાન નથી. મહાત્માજી જેને 'દરિદ્રનારાયણ' કહેતા હતા તે પરિસ્થિતિને ધરમૂળમાંથી નાબુદ કરવાનો દેશનો આ સાહસિક અને વ્યાજબી પ્રયાસ છે–ધ્યેયને પહોંચવાની સીડીનું આ પહેલું પગલું છે.

૧૯૩૦–૩૨ થી આપણે રાષ્ટ્રીય નિયોજન વિશે સાંભળીએ છીએ. સર એમ. વિશ્વેશ્વરૈયાએ આ બાબતમાં પ્રજાનું ધ્યાન ખેંચ્યું હતું. તે પછી અવારનવાર બીજા અર્થશાસ્ત્રના અભ્યાસીઓએ પણ આ વિષય તરફ નજર દોડાવી હતી. કોંગ્રેસે પંડિત નહેરૂના પ્રમુખપણા નીચે ૧૯૩૮માં એક નેશનલ પ્લાનીંગ કમીટી નીમી હતી જેણે સુંદર કાર્ય કર્યું હતું અને અનેક પ્રશ્નોની

ગંભીર ચર્ચા કરી હતી. બધા નેતાઓના ૧૯૪૨ માં જેલમાં જવા પછી આ કામ ઓરંજે પડયું. એટલામાં લડાઇને લીધે તેના પ્રશ્નો વધુ ચર્ચાવા લાગ્યા અને તેણે જાહેર જનતાનું વધારે ધ્યાન ખેચ્યું. તેટલામાં હિન્દના આર્થિક વિકાસની યોજનાનું પ્રયોજન ૧૯૪૪ માં સર પુરૂષોત્તમદાસ ઠાકોરદાસ, જે. આર. ડી. તાતા, જી. ડી. બીરલા અને બીજા પાંચ ઉદ્યોગપતિઓએ કર્યું, જેને 'તાતા–બીરલા પ્લાન' અથવા 'બોમ્બે પ્લાન' તરીકે લોકો ઓળખવા લાગ્યા. તેમની યોજના મુજબ દસ હજાર કરોડ રૂપિયા ખર્ચાવાના હતા અને તે યોજનાનો મુખ્ય હેતુ પંદર વર્ષની અંદર દરેક હિન્દીની માથાદીઠ આવક બેવડી કરવાનો હતો. વસ્તીમાં થતા વધારાને ધ્યાનમાં લેતાં આટલું લક્ષ્ય સાધવા કુલ રાષ્ટ્રીય આવક આજે છે તે કરતાં ત્રણ ગણી કરવી પડે તેમ હતું. ખેતીનું વધારે પડતું વર્ચસ્વ ઘટી ઉદ્યોગો વધે તે પણ યોજનાનું લક્ષ હતું. આ બોમ્બે પ્લાનના ત્રણ તબકકાઓ રહેવાના હતા–ત્રણ પંચવર્ષીય યોજના–જેમાં પહેલા તબકકામાં રૂા. ૧૪૦૦ કરોડ, બીજા તબકકામાં રૂા. ૨૯૦૦ કરોડ અને છેલ્લા તબકકામાં રૂા. ૫૭૦૦ કરોડ ખર્ચાવાના હતા. આ ખર્ચ ઉદ્યોગો, ખેતીવાડી, વાહનવ્યવહાર, શિક્ષણ, પ્રજા સ્વાસ્થ્ય, નિવાસસ્થાનો વિગેરે કાર્યો સારૂ થવાનો હતો. નાણાં ઉભાં કરવાનાં સાધનોની ગણત્રીમાં લગભગ ૧/૪ ભાગ બહારના નાણામાંથી અને ૩/૪ ભાગ આંતરિક નાણામાંથી ઉભો કરવામાં આવશે એવો ખ્યાલ હતો. નોંધવા જેવી હકીકત એ છે કે આમાં લગભગ ૩/૧૦ જરૂરિયાત "ઉભો કરેલો પૈસો"–ક્રીએટેડ મની–તરીકે વર્ણવવામાં આવ્યો હતો અને આમ કરવાથી ફુગાવાનો ઘણો ભય રહેશે એમ વિરોધીપક્ષે કહેવામાં આવ્યું હતું.

આ જ વખતે શ્રી એસ. એન. અગ્રવાલે 'ગાંધીઅન પ્લાન' બહાર પાડયો હતો અને કોમરેડ રોયે "રોય પ્લાન." કોંગ્રેસે જેલમાંથી બહાર આવ્યા પછી ૧૯૪૬માં ફરી પ્લાનીંગનું કામ હાથમાં લીધું હતું પણ રાજકીય ક્ષેત્રે ચીલઝડપથી બનાવો બન્યે જતા હતા જેથી આ બાબતમાં ખાસ કાંઈ થઈ શકયું નહીં. માર્ચ ૧૯૫૦ માં કેન્દ્રીય સરકારે એક રાષ્ટ્રીય નિયોજન પંચ નીમ્યું જેમાં આપણા વડા પ્રધાન પ્રમુખ અને શ્રી ગુલઝારીલાલ નંદા ઉપપ્રમુખ હતા. બીજા સભ્યોમાં શ્રી વી. ટી. કૃષ્ણમાચારી, શ્રી સી. ડી. દેશમુખ, શ્રી જી. એલ. મહેતા અને શ્રી આર. કે. પાટીલ હતા. જુલાઇ ૧૯૫૧માં આ ખરડો બહાર પડયો અને તે પછી આખરી સ્વરૂપમાં આ સમસ્ત યોજના હાલમાં લોકો સમક્ષ મૂકવામાં આવી છે.

આજે એને પંચવર્ષીય યોજના તરીકે ઓળખીએ એ એક રીતે ખોટું છે. કારણ બે વર્ષ પુરાં થઈ ગયાં છે અને હવે ત્રણ વર્ષ જ આ મહાન કાર્ય માટે બાકી રહ્યા છે. પહેલાના ખરડામાં અને છેલ્લી યોજનામાં રૂા. ૫૦૦ કરોડનો વધારો થઇ ગયો છે. પહેલા ખરડામાં એવી ધારણા હતી કે રૂા ૧૪૯૩ કરોડ આવશ્યક વિકાસ માટે ખર્ચાશે અને ૩૦૦ કરોડ બહારથી મદદ મળશે તો જ વિકાસ યોજના સારૂ વપરાશે. આયોજન પંચે જે આખરી યોજના રજુ કરી છે તેમાં આવી જાતની વિભાગીયતા નથી. અને હવે આ વિકાસ યોજનાઓ પાછળ રૂા. ૨૦૬૯ કરોડ ખર્ચાશે અને મળી શકે તેવા ભંડોળ અને જરૂરીયાતનાં ભંડોળ વચ્ચે રૂા. ૬૫૫ કરોડનો ગાળો અંદાજવામાં આવ્યો છે જે બહારની મદદથી અથવા બીજી રીતે પૂરો કરવો રહ્યો.

પંચવર્ષીય આયોજનની મુખ્ય બાબતો અને તે અંગેની ચર્ચાના અગત્યના મુદ્દાઓ આપણે હવે પછી જોઇશું.

અપૂર્ણ **કાન્તિલાલ બરોડિયા**

સંઘના નવા અધિકારીઓ અને કાર્યવાહક સમિતિની ચૂંટણી.

એક ખુલાસો.

મુંબઇ જૈન યુવક સંઘની નવી કાર્યવાહક સમિતિ અને અધિકારીઓની ચૂંટણી સંબંધી ગેરસમજુતી ફેલાવતું એક પત્રિકા સંઘના સભ્ય શ્રી જટુભાઇ મહેતાની સહીથી તા. ૧૫-૧-૫૩ના 'જનશકિત'માં પ્રગટ થયું છે અને તે જ મતલબના સમાચાર તેમની સહી વિના તા. ૧૪-૧-૫૩ના 'વંદેમાતરમ્'માં તથા તા. ૧૭-૧-૫૩ના 'જૈન' પત્રમાં પણ પ્રગટ થયેલ છે. જનશકિતમાં પ્રગટ થયેલ પત્રમાં જણાવવામાં આવ્યું છે કે "સંઘના બંધારણ મુજબ દર વર્ષે સામાન્ય સભાના સભ્યો પોતાને યોગ્ય જણાય તે સભ્યને મતપત્રિકામાં મત આપીને હોદ્દેદારો અને કાર્યવાહક સમિતિના સભ્યોની ચૂંટણી કરે છે, પરંતુ આ વર્ષે સંઘના કેટલાક આગેવાન જુવાન સભ્યોના વિરોધ છતાં એવી પદ્ધતિ અખત્યાર કરવામાં આવી હતી કે પ્રથમ મંત્રીની ચૂંટણી કરવામાં આવે, અને પછી તે મંત્રી પોતાને અનુકુળ આવે તે મુજબ, પ્રમુખ, ઉપપ્રમુખ, સંયુકત મંત્રો તથા ખજાનચી પસંદ કરી તેમના નામ જાહેર કરે અને સભા તેનો સ્વીકાર કરે. કોંગ્રેસ અને બીજી કેટલીક સંસ્થાઓમાં એવું બંધારણ હોય છે કે પ્રથમ પ્રમુખની ચૂંટણી થાય અને પછી તે પોતાને અનુકુળ આવે તેવા હોદ્દેદારો અને કારોબારીની નિમણુંક કરે. પરંતુ મુંબઇ જૈન યુવક સંઘની ચૂંટણીમાં તો પ્રથમ આગલા વર્ષના પ્રમુખ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાની એક મંત્રી તરીકે ચૂંટણી કરવામાં આવી અને પછી પ્રમુખ તરીકે શ્રી. ખીમજી માંડણ ભુજપુરીઆ, ઉપપ્રમુખ તરીકે શ્રી. રતીલાલ ચી. કોઠારી, સંયુકત મંત્રી તરીકે શ્રી. ટી. જી. શાહ અને ખજાનચી તરીકે શ્રી. ચીમનલાલ પી. શાહનાં સુચનો રજૂ કર્યાં અને સામાન્ય સભાએ તે બહુમતીએ મંજુર કર્યાં."

વસ્તુતઃ આ અધિકારીઓની ચૂંટણી નીચે મુજબ થઇ હતીઃ–

વાર્ષિક વૃત્તાંત, હિસાબ તથા અંદાજપત્રો મંજુર થયા બાદ શ્રી. પરમાનંદભાઇને પ્રમુખસ્થાને ચૂંટવાની દરખાસ્ત રજુ થતાં તેમણે પ્રમુખસ્થાન સ્વીકારવાની અનિચ્છા દર્શાવી. આમ છતાં પણ આ બાબતમાં હાજર રહેલા બધા જ સભ્યો તરફથી ખૂબ આગ્રહ થતાં શ્રી. પરમાનંદભાઇએ પ્રમુખ થવા સંબંધમાં પોતાની પ્રતિકુળતા, ગયા વર્ષે તેમને અન્ય અધિકારીઓ સાથે થયેલાં ધર્ષણો વગેરે બાબતો રજુ કરી અને જો તેમણે સંઘના જવાબદાર અધિકાર ઉપર આવવું એવો સૌ ભાઇઓનો આગ્રહ હોય અને પોતાને અનુકુળ અધિકારીઓ આપવામાં આવે તો આ ધુંચના ઉકેલ તરીકે સંઘના મંત્રી તરીકે કામ કરવાની તેમણે ઇચ્છા સૂચવી. આ તેમની સૂચના ઉપર કેટલીકચર્ચા થયા બાદ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે, શ્રી. ખીમજી માંડણ ભુજપુરીઆને સંઘના પ્રમુખ તરીકે ચૂંટવાની દરખાસ્ત મૂકી. તે સામે શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે શ્રી. તારાચંદ કોઠારીનું પ્રમુખસ્થાન માટે બીજું નામ સૂચવ્યું. આ બન્ને દરખાસ્તો ઉપર મત લેવાતાં શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆને બહુ મોટી બહુમતીથી ચૂંટવામાં આવ્યા. ત્યાર બાદ શ્રી. રતીલાલ ચીમનલાલ કોઠારીને ઉપપ્રમુખ નીમવાની શ્રી ચીમનલાલ ચકુભાઇની દરખાસ્ત સર્વાનુમતે પસાર કરવામાં આવી અને શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી ટી. જી. શાહને મંત્રી તરીકે નીમવાની શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહની દરખાસ્ત એક મત વિરૂદ્ધનો બાદ કરતાં સર્વાનુમતીથી મંજુર કરવામાં આવી. એ જ રીતે શ્રી. ચીમનલાલ પી. શાહની કોષાધ્યક્ષ તરીકે સર્વાનુમતે ચૂંટણી કરવામાં આવી. કાર્યવાહક સમિતિના અન્ય પંદર સભ્યો માટે પંદર નામોથી વધારે નામો ન સૂચવાતાં એ પંદર નામો ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા.

આ ઉપરથી માલુમ પડશે કે મુંબઇ જૈન યુવક સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના સભ્યોની ચૂંટણી ચાલુ પદ્ધતિસર કરવામાં આવી છે અને શ્રી જટુભાઇ મહેતા જે પ્રકારની અનિયમિતતા જણાવે છે તેવી કોઇ પણ પ્રકારની અનિયમિતતા કે ગેરરીત અખત્યાર કરવામાં આવી નથી. **ટી. જી. શાહ**

મંત્રી, મુંબઇ જૈન યુવક સંઘ

સંઘ સમાચાર

તા. ૧૬-૧-૫૩ ના રોજ મળેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ નીચે મુજબના બે ઠરાવો કર્યા હતા.

૧ થાણામાં અપાનાર બાલદીક્ષાનો વિરોધ

તા. ૧૬-૧-૫૩ સોમવારના રોજ થાણા ખાતે જૈન શ્વે. મૂ. વિભાગના સુપ્રસિદ્ધ આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ એક તેર વર્ષ અને બીજા પંદર વર્ષના એમ બે છોકરાઓને દીક્ષા આપવાના છે આ સમાચારથી આજની સભા સખ્ત આઘાત અનુભવે છે. જે આચાર્યશ્રીએ જૈન સમાજને ઉચ્ચ કેળવણીના ક્ષેત્રમાં આગળ વધારવા માટે અનેક સંસ્થાઓની સ્થાપના કરી છે અને પ્રગતિશીલ વિચારો ધરાવનાર જૈનાચાર્ય તરીકે જેમની આજ સુધી જૈન સમાજના સુધારક વર્ગમાં ખ્યાતિ છે અને એ કારણે સુધારક વર્ગ પણ જેમની વિષે ઉંડો આદરભાવ અનુભવે છે તેવા આચાર્યશ્રીના હાથે આવા નાની ઉમ્મરના છોકરાઓને દીક્ષા આપવામાં આવે એ ભારે આશ્ચર્યજનક છે. બાલદીક્ષાના અનિષ્ટ વિષે આજે પ્રગતિશીલ વિચાર ધરાવતા વર્ગોમાં કશો મતભેદ રહ્યો નથી. આ હકીકત ધ્યાનમાં લઇને આજની સભા થાણા ખાતે યોજાયલી બાલદીક્ષાઓનો સખ્ત વિરોધ કરે છે અને તેને બંધ રાખવા આચાર્યશ્રીને આગ્રહપૂર્વક અનુરોધ કરે છે.

૨ થાણાના સંઘને ધન્યવાદ

સાધારણ રીતે ઉપધાનસમારંભ જેવા ખર્ચાળ ધાર્મિક સમારંભો પાછળ થતા દ્રવ્યવ્યય સામે આ સંઘનો હંમેશા વિરોધ રહ્યો છે એમ છતાં પણ થાણા ખાતે યોજાયેલ ઉપધાનસમારંભને લગતી ઉપધાનતપ-સમિતિએ ઉપધાન દરમિયાન બોલાતી બોલીનું દ્રવ્ય સાધારણ ખાતામાં લઇ જવાની બોલી બોલનારને છુટ આપીને સાધારણ ખાતાને જે પુષ્ટિ આપી છે અને સાધારણ ખાતાની આવકનું મોટું દ્વાર ખુલ્લું કર્યું છે તે માટે આજની સભા ઉપધાનતપ-સમિતિને અને થાણાના શ્રી સંઘને ધન્યવાદ આપે છે.

બાલદીક્ષા વિરોધી જૈનોની જાહેર સભા

તા. ૧૭-૧-૫૩ શનીવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆના પ્રમુખપણા નીચે બાલદીક્ષાવિરોધી જૈનોની એક જાહેર સભા મળી હતી જે પ્રસંગે શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ તા. ૧૯-૧-૫૩ના રોજ થાણા ખાતે અપાનાર બે બાલદીક્ષા સંબંધમાં પ્રાસંગિક વિવેચન કર્યું હતું, તેઓ તથા શ્રી મુંબઇ જૈન યુવક સંઘના બીજા ત્રણ સભ્યો થાણા ખાતે બીરાજતા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ પાસે ગયા હતા અને તેમના હાથે અપાનારી બાલદીક્ષા અટકાવવા સંબંધે તેમની સાથે જે ચર્ચા કરી હતી તેનો વિગતવાર તેમણે ખ્યાલ આપ્યો હતો અને બાલદીક્ષાને નિર્મૂળ કરવાની આવશ્યકતા સંબંધે પોતાના વિચારો જણાવ્યા હતા અને ત્યાર બાદ પ્રસ્તુત બાલદીક્ષાનો સખ્ત વિરોધ કરતો મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ પસાર કરેલો ઉપર જણાવેલો ઠરાવ રજુ કર્યો હતો જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી મ. મો. શાહ સા. વાચનાલય-પુસ્તકાલય સમિતિની નિમણુંક તથા અન્ય સમાચારો

તા. ૨૩-૧-૫૩. શુક્રવારના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ શ્રી રતિલાલ ચીમનલાલ ઝોઢારીનું કેટલાક અંગત કારણસર સંઘના ઉપપ્રમુખ તરીકે આવેલું રાજીનામું સ્વીકાર્યું હતું અને ત્યાર બાદ નીચેના સભ્યોની કાર્યવાહક સમિતિમાં પુરવણી કરી હતી.

શ્રી રતિલાલ ચીમનલાલ ઝોઢારી
શ્રી લીલાવતીબહેન દેવીદાસ
શ્રી વેણીબહેન કાપડિયા
શ્રી નાગશી ધારશી શેઠીઆ

ત્યાર બાદ શ્રી મ. મો. શાહ સા. વાંચનાલય-પુસ્તકાલય સમિતિમાં કાર્યવાહક સમિતિ તરફથી નીચેના સભ્યોની નિમણુક કરવામાં આવી હતી.

શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆ
શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહ
શ્રી વલ્લભદાસ પુલચંદ મહેતા
શ્રી વેણીબહેન કાપડિયા

આ વાંચનાલય પુસ્તકાલયના નીચે જણાવેલ ટ્રસ્ટીઓ અધિકારની રૂઇએ આ સમિતિના સભ્યો છે.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
શ્રી રતિલાલ ચીમનલાલ ઝોઢારી
શ્રી રમણિકલાલ મણિલાલ શાહ
શ્રી પ્રવીણચંદ્ર હેમચંદ્ર અમરચંદ

આ સમિતિના મંત્રી તરીકે શ્રી રમણિકલાલ મણિલાલ શાહની નીમણુંક કરવામાં આવી હતી.

માર્ચ માસના પહેલા બે અઠવાડીઆ દરમિયાન સંઘના સભ્યોનું એક પર્યટણ ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહનું નવું મકાન

પ્રબુદ્ધ જૈનના વાંચકોને યાદ હશે કે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના મકાનનો પાયો ગયા વર્ષે સદ્‌ગત મણિલાલ મોકમચંદ શાહના શુભ હસ્તે નાંખવામાં આવ્યો હતો, પણ ત્યાર બાદ લોખંડ મળી નહિ શકવાને લીધે કેટલાય સમય સુધી બાંધકામની શરૂઆત થઇ શકી નહોતી. પછી તો જોઇતી સીમેન્ટ મળી અને લોહું પણ મળ્યું પણ વર્ષાઋતુ કામ શરૂ કરવાની આડે આવી. વર્ષાઋતુ પત્યા બાદ કામની શરૂઆત થઇ. અને હવે તો બાંધકામ ધમધોકાર ચાલી રહ્યું છે. પાયો પુરાઈ ગયો છે; અને ભોંયતળીયા ઉપરનું કામ શરૂ થઇ ચુકયું છે. આ ધોરણે આગામી જુન માસ પહેલાં આખું મકાન તૈયાર થઇ જવાની પુરી આશા રહે છે અને એ રીતે નવા સત્રથી વિદ્યાર્થીઓને વસાવી શકાશે એવી આશા બંધાય છે. બાંધકામ વધવા સાથે દ્રવ્યની ખેંચ પડવાની બીક રહે છે, તો જે જે ગૃહસ્થોએ મકાન ફંડમાં ભરાવેલાં નાણાં હજુ સુધી આપ્યા ન હોય તે તે ગૃહસ્થોને પોતપોતાનો ફાળો મોકલી આપવા વિનંતિ છે અને અન્ય જૈન ગૃહસ્થોને આ સંસ્થાપ્રત્યે ઉદારભાવ દાખવવાનો અનુરોધ કરવામાં આવે છે.

મંત્રીઓ, સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ

કાકાસાહેબ કાલેલકરનું આફ્રિકા વિષે પ્રવચન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૬-૨-૫૩ શુક્રવારના રોજ સાંજના ૬ વાગે ચર્ચગેટ સ્ટેશન સામે પાછળના ભાગમાં આવેલા ઇન્ડીયન મરચન્ટસ ચેમ્બર એન્ડ બુરોની વ્યાખ્યાનશાળામાં કાકાસાહેબ કાલેલકર 'આફ્રિકા' ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. માન્યવર શેઠ પ્રાણલાલ દેવકરણ નાનજી જે.પી. પ્રમુખસ્થાને બીરાજશે. આ વિષયમાં રસ ધરાવતા ભાઇબહેનોને સાદર આમંત્રણ છે.

મંત્રીઓ, જૈન યુવક સંઘ

પ્રકીર્ણ નોંધ

બાલ દીક્ષા

આખરે જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજીએ તા. ૧૯-૧-૫૩ સોમવારના રોજ અનેક વ્યકિતઓની વિનવણી, સમજાવટ તથા ચેતવણીને અવગણીને એક ૧૩ વર્ષનો અને અન્ય ૧૫ વર્ષનો એમ બે છોકરાને દીક્ષા આપી અને મૃતપ્રાય બની રહેલા બાલદીક્ષાના અનિષ્ટને નવું જીવન આપ્યું. 'આત્મસાધના ખાતર સાંસારિક ગૃહસ્થજીવનના ત્યાગની અને ચોકકસ પ્રકારના સાધુજીવનના સ્વીકારની પ્રથા દરેક ધર્મ યા સંપ્રદાયની પરંપરામાં જોવામાં આવે છે. આમ છતાં પણ જે પ્રકારની સુગ્રથિત સાધુસંસ્થા જૈન ધર્મ, બૌધ્ધ ધર્મ અને ખ્રીસ્તી ધર્મમાં અસ્તિત્વ ધરાવે છે એવી સંસ્થા અન્ય સંપ્રદાયોમાં નજરે પડતી નથી. હિંદુસમાજવ્યવસ્થામાં માનવીજીવનને ચાર આશ્રમમાં વહેંચવામાં આવ્યું છે. અને તેમાં સંન્યસ્તાશ્રમને જીવનની આખરી અવસ્થા સાથે જોડવામાં આવેલો છે. આવો ક્રમ જૈનો, બૌધ્ધો કે ખ્રીસ્તીઓને માન્ય નથી. બૌધ્ધોમાં તો વળી એવી પ્રથા છે કે દરેક બૌદ્ધ યુવાને વિદ્યાર્થીજીવન દરમિયાન અથવા તો ગૃહસ્થજીવનની પૂર્વે અમુક સમય માટે (ઘણું ખરું એકાદ વર્ષ માટે) બૌદ્ધ દીક્ષા અંગીકાર કરીને સાધુજીવનનો અનુભવ લેવો જ જોઇએ. આ ઉપરાંત પરિમિત મુદ્દત માટે પણ દીક્ષાવ્રત આપવાનો રીવાજ બૌદ્ધોમાં કંઇ કાળથી પ્રચલિત છે. ખ્રીસ્તીઓમાં સાધુવ્રતની દીક્ષા સામાન્યતઃ આમરણાન્તની હોય છે, પણ તેમની સાધુસંસ્થામાં જે તે વ્યકિત, ફાવે તે ઉમ્મરે અને મનમાં આવ્યું ત્યારે દાખલ થઇ શકતી નથી. સાધારણ રીતે જેનું દીલ ખ્રીસ્તી સાધુ થવા તરફ ઢળેલું હોય છે તેને યોગ્ય તાલીમ આપવા માટે ચોકકસ પ્રબંધ હોય છે. આ તાલીમમાંથી તેમ જ ચોક્કસ પ્રકારની કસોટીમાંથી પસાર થયા બાદ તેને દીક્ષિત બનાવવામાં આવે છે. તે સંપ્રદાયમાં પાદરી તૈયાર કરવા માટે ખાસ કોલેજો-શિક્ષણ-સંસ્થાઓ હોય છે જેમાં પાદરી થવાની ઉમેદવારી કરતા છોકરાઓને નાની ઉમ્મરથી દાખલ કરવામાં આવે છે. તેમને ધર્મશાસ્ત્રોનું, અન્ય ધર્મ સાહિત્યનું તેમ જ બીજા અનેક સંસ્કારલક્ષી વિષયોનું તથા ભિન્ન ભિન્ન ભાષાઓનું શિક્ષણ આપવામાં આવે છે. પાદરી બનવા માટે જરૂરી તાલીમનો ત્યાં પ્રબંધ હોય છે. આ રીતે લગભગ ૨૦ વર્ષની ઉમ્મર સુધી શિક્ષણ આપ્યા બાદ પણ તેની ઇચ્છા ગૃહસ્થજીવનમાં જવાની હોય તો તેમ કરવાને તે તદ્દન સ્વતંત્ર હોય છે. જો સાધુ થવાની ઇચ્છામાં તે મક્કમ હોય તો તેને આગળ લઇ જવામાં આવે છે; તેની જુદી જુદી રીતે કસોટી કરવામાં આવે છે અને જરૂરી પરીક્ષામાંથી તેને પસાર થવાનું હોય છે. ત્યાર બાદ તેને પાદરીની પદવી આપવામાં આવે છે. આમ પૂર્વતૈયારી અને યોગ્યતાની પ્રતીતિ સિવાય ખ્રીસ્તી સંપ્રદાયમાં કોઇને પણ પાદરી બનાવવામાં આવતો નથી.

પણ જૈન સંપ્રદાયમાં સાધુ બનાવવા માટે કશી પણ યોગ્યતાની જરૂર લેખવામાં આવતી જ નથી. તેમ જ તેને લગતી પૂર્વતૈયારી સંબંધમાં કશો પણ પ્રબંધ કે નિયમન જોવામાં આવતું નથી. ઉલટું જેટલી વધારે વ્યકિતઓને દીક્ષા આપી શકાય તેમને દીક્ષા આપવા-અપાવવામાં ધાર્મિકતાની જાણે કે પ્રતિકર્તવ્યતા હોય એમ જૈન સાધુઓ તેમ જ તેમના અનુયાયી શ્રાવકો માનતા હોય છે. જૈન સાધુની મોટામાં મોટી નબળાઈ શિષ્યપરિગ્રહ છે. જે પૂછતો આવ્યો તેને મુંડી નાખવો-તેને વધારે વિચાર કરવાની તક બીલકુલ ન આપવી-આવી વૃત્તિ અનેક સાધુઓને વરેલી જોવામાં આવે છે. આ શિષ્યઘેલછાએ અનેકનાં ઘર ભાંગ્યા છે; અનેક સ્ત્રીઓને રઝળતી કરી છે; અનેક માબાપોને પોતાનાં બાળકો ગુમ થવાના કારણે માથું કૂટતાં કર્યાં છે. આવી અયોગ્ય દીક્ષા સામે અને તેમાં પણ દીક્ષા આપવા માટે નાની ઉમરના છોકરાઓને સંતાડવા, ભગાડવા સામે જૈન સમાજમાં ખાસ કરીને શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં યુવકો તરફથી આજથી ૨૫-૩૦ વર્ષ પહેલાં એક જબરદસ્ત આંદોલન ઉપાડવામાં આવ્યું હતું. આ આંદોલનના પરિણામે બાળદીક્ષા સામે બળવાન લોકઅભિપ્રાય ઉભો થયો હતો અને વડોદરાની સરકારે બાળદીક્ષાની સખ્ત બંધી કરતો કાયદો પણ પોતાની ધારાસભામાં પસાર કરાવીને અમલમાં મૂકયો હતો. આ દેશવ્યાપી આંદોલનનું એ પરિણામ આવ્યું છે કે છોકરાઓને દીક્ષા આપવાના હેતુથી ભગાડવા નસાડવાની પ્રવૃત્તિનો આજે લગભગ અન્ત આવ્યો છે અને દીક્ષા લેનારની સંખ્યા ઉપર પણ કાંઇક અંકુશ મુકાયો છે. આમ છતાં પણ નાની ઉમ્મરના છોકરાઓને દીક્ષા આપવાની પ્રવૃત્તિનો હજુ સુધી અન્ત આવ્યો નથી. આ પ્રવૃત્તિ વિશેષે કરીને શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં અમુક અંશમાં અને તેરા પંથી સમાજમાં ઘણા મોટા પ્રમાણમાં ચાલી રહેલી જોવામાં આવે છે. સ્થાનકવાસી સાધુઓના નવા સંગઠ્ઠને આ સંબંધમાં ૧૮ વર્ષની ઉમ્મરની મર્યાદા સ્વીકારી છે. દિગંબર સમાજમાં નગ્નત્વ જ સાધુ થવામાં ભારે અંતરાય રૂપ હોઇને બાળદીક્ષાની ઘટના ભાગ્યે જ બનવા પામે છે. ઉપર જણાવેલ બૌદ્ધ તેમ જ ખ્રીસ્તી સંપ્રદાયમાં જેને આપણે બાળબ્રહ્મચારી કહીએ છીએ તેવા અનેક સાધુઓ હોય છે. પણ તે સંપ્રદાયમાં બાળદીક્ષાનું અનિષ્ટ કોઇ પણ અંશમાં અસ્તિત્વ ધરાવતું જાણવા કે સાંભળવામાં આવ્યું નથી.

એ સાધારણ સમજણની વાત છે કે દીક્ષા જેવું કઠણ અને અનેક જવાબદારીઓથી ભરેલું વ્રત ગમે તે વ્યકિતને આપી ન જ શકાય. આ વ્રત માટેની યોગ્યતાની વિચારણામાં પરિપકવ ઉમ્મર અતિ મહત્વનું સ્થાન ધરાવે છે. ઉંડા વૈરાગ્યના પાયા ઉપર જ દીક્ષાની ઇમારત ઉભી કરવી ઘટે છે, જ્યારે કાચી ઉમ્મરના છોકરાની બુદ્ધિમાં સાચા કે સમજણપૂર્વકના વૈરાગ્યની કોઇ સંભાવના કલ્પી શકાતી નથી. કોઇની ભોળવણી કે વાતાવરણમાંથી પ્રાપ્ત કરેલી ધુનના પરિણામે કોઇ છોકરો દીક્ષા લેવા નીકળી પડે છે અને ધર્મગુરૂ આવા છોકરાને દીક્ષા આપીને મલકાય છે. પણ પછી ઉમ્મર વધતાં અનેક વૃત્તિવિકારો જાગૃત થાય છે અને અકુદરતી દમન તેને અકુદરતી આવિષ્કાર તરફ સ્વાભાવિક રીતે ઘસડી જાય છે. એક કાળે લગ્નસંબંધો પણ કાચી ઉમ્મરે નિર્માણ થતાં પણ તેનાં માઠાં પરિણામો અનુભવીને લગ્નવયની મર્યાદા શિષ્ટ સમાજમાં સર્વત્ર સારા પ્રમાણમાં વૃદ્ધિંગત થઈ ચુકી છે. પૂર્વકાળમાં કોઈ નાની ઉમ્મરે પરણેલી વ્યકિતએ પોતાના જીવનમાં મોટો પુરૂષાર્થ દાખવ્યો હોય તે ઉપરથી આજે આપણે બાળલગ્નનું સમર્થન કરતા નથી, તેવી જ રીતે ભૂતકાળનું કોઇ એવું જ ઉજળું દૃષ્ટાન્ત આજે બાળદીક્ષાના સમર્થનમાં આગળ ધરવું યોગ્ય નથી. બાળદીક્ષાનું અકુદરતીપણું આજે સૌ કોઇને સહજગમ્ય હોવું જોઇએ. મોક્ષ માત્ર માટે રાજમાર્ગ ગૃહસ્થજીવનનો છે. અને તે માર્ગે સૌ કોઈ ચાલે એ સાધારણ સમાજ માટે હિતાવહ છે. આમ છતાં કોઈ વિશિષ્ટ યોગ્યતા ધરાવતી વ્યકિત લગ્નબંધન વિનાનું જીવન ગાળવા ઇચ્છે તો તેનો આપણે વિરોધ નથી કરતા. તેવી જ રીતે પરિપકવ ઉમ્મરે કોઈ વિશિષ્ટ વ્યકિત પુરી યોગ્યતા પ્રાપ્ત કરીને જ્ઞાનપૂર્વકના સ્થાયી વૈરાગ્યપૂર્વક કૌટુંબિક તેમ જ સામાજિક બંધનો તોડીને અહિંસા, સંયમ અને તપના પાયા ઉપર રચાયેલ સાધુધર્મ સ્વીકારવા તૈયાર થાય તો તેને પણ આપણે જરૂર આવકારીએ. પણ સાથે સાથે એ ન ભૂલીએ કે એ દીક્ષાનો માર્ગ વધારે કાંટાળો અને ઘણી મોટી જવાબદારીઓથી ભરેલો છે અને તેના ખરા અધિકારી પણ સાધારણ રીતે બહુ જ

ઓછી વ્યક્તિઓ હોઇ શકે છે. આ દીક્ષાનો અધિકાર ન તો કોઇ કાચી ઉમ્મરના છોકરા છોકરીને હોઇ શકે, કે ન તો કોઇ થાકેલા, હારેલા, ભુખમરાથી પીડાતા, કૌટુંબિક કે સામાજિક જવાબદારીથી ભાગી છુટવાની વૃત્તિવાળા, અને ધર્મ શું, ત્યાગ શું, વૈરાગ્ય શું– તેનો કક્કો બારાખડી પણ નહિ જાણનારા માનવી–મગતરાંઓ માટે હોઇ શકે.

બાલદીક્ષા સંબંધમાં બીજો એ પણ ખ્યાલ રાખવાની જરૂર છે કે કોઇ પણ માબાપને જેમાંથી કાળાન્તરે પણ ખસકી ન શકાય એવા, અત્યન્ત કરુણ, માનવીજીવનના અન્ય અનેક પુરૂષાર્થ દ્વારોને સદાને માટે બંધ કરનાર અને જેમાં આત્મવિકાસ માટે અતિ ઉપયોગી ધડતર અને સેવા સમર્પણને સારો અવકાશ રહેલો છે એવા ગૃહસ્થજીવનથી સદાને માટે વંચિત રાખનાર આજીવન સાંયુક્રતથી પોતાના સંતાનને આખી જીંદગી માટે જકડાવા દેવાનો અધિકાર છે જ નહિ અને તેવી જ રીતે કોઇ પણ ધર્મગુરૂને કોઇ પણ છોકરાછોકરીને આ રીતે જીંદગીભર બાંધી લેવાનો અધિકાર છે જ નહિ. માબાપનું કર્તવ્ય છે પોતાના સંતાનને સાચી કેળવણી આપીને મોટા કરવાનું, આગામી જીવન–સંગ્રામનો સફળ સૈનિક બને તેવી તાલીમ આપવાનું; ધર્મગુરૂનું કર્તવ્ય છે ઉગતી પ્રજાને ધર્મના સાચા સંસ્કાર આપવાનું, તેમાં રહેલી શક્તિઓને ઉન્નત વળણ આપવાનું. આથી અન્યથા વિચારનાર કે વર્તનાર કેટલી પ્રજાનો ભારમાં ભારે દ્રોહ કરે છે. આવો જેના ગર્ભમાં દ્રોહ રહેલો છે તેવી બાલદીક્ષાની પ્રવૃત્તિને બાલલગ્નની પ્રથા માફક રાજ્યશાસનથી દાબી દેવાની અનુપેક્ષણીય આવશ્યકતા છે.

આજના કોઈ વિચિત્ર વાતાવરણમાં બાલદીક્ષાની ઘટના લોકમાનસમાં પહેલાં જેવો સામાજિક ક્ષોભ પેદા કરતા નથી. કારણ કે આજની બાલદીક્ષામાં જવાબદાર ગણાતા સર્વ પક્ષોની સાધારણ રીતે સંમતિ હોય છે અને બાલદીક્ષા કેવો વિકૃત માનવી પેદા કરે છે તેનું સામાન્ય જનતાને સાચું ભાન હોતું નથી. પણ વસ્તુતઃ બાળલગ્ન કરતાં બાલદીક્ષા વધારે ભયાનક અને અનિષ્ટ–પરિણામી છે. બાલલગ્નનો ભોગ બનેલ વ્યકિત તેના માંહાં પરિણામ તે પોતે તેમ જ તેનું કુટુંબ જ ભોગવે છે, જ્યારે બાલદીક્ષાનાં માઠાં પરિણામો આખા સમાજને સ્પર્શે છે. આ વસ્તુસ્થિતિ ધ્યાનમાં લેવા અને જ્યાં જ્યાં બાલદીક્ષા અપાવાનો સંભવ માલુમ પડે ત્યાં ત્યાં તેનો અવરોધ કરવા સમાજના શ્રેયાર્થી યુવક યુવતીઓને વિનંતિ છે અને આ બાલદીક્ષાને કાયદાથી અટકાવવા આજના પ્રજાશાસકોને પ્રાર્થના છે.

શ્રી કેશવલાલ રાઘવજી સંઘરાજકા એન્ડ બ્રધર્સ વિદ્યાલયના મકાનનું શિલારોપણ

ઉપર જણાવેલ વિદ્યાલયનો પાયો નાંખવાનો શુભવિધિ તા. ૨૫–૧–૫૩ના રોજ મુંબઇ સરકારના મજુર પ્રધાન માન્યવર શ્રી શાન્તિલાલ હ. શાહના હાથે કરવામાં આવ્યો હતો. આ વિદ્યાલયનો ઉદ્ભવ માનવી દિલમાં રહેલી ઉદારતા અને સંવેદનશીલતાનું એક રોમાંચક દૃષ્ટાન્ત રજુ કરે છે.

આપણે અનેક માનવીઓને ધરડા થતાં, માંદા પડતાં, અને મૃત્યુશરણ થતાં જોઇએ છીએ અને એમ છતાં આપણું રવાડું સરખું ફરકતું નથી અને આપણું જીવન ચાલુ ચીલે ચાલ્યું જાય છે. જ્યારે ભગવાન બુધ્ધે એક ઘરડો માણસ જોયો, એક વ્યાધિગ્રસ્ત જોયો અને એક શબને લઈ જવાતું જોયું અને તેના દિલમાં એકાએક મોટું મંથન જાગી ઉઠ્યું અને આ વિશ્વવ્યાપી દુઃખમાંથી માનવજાતને કેમ મુકત કરવી એ કરુણાપરાયણ વિચારનું પરિણામ મહાભિનિષ્ક્રમણમાં આવ્યું. આપણે આજે અનેક વિદ્યાર્થીઓને પાઠશાળામાં કે કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે અહિં તહીં ફાંફા મારતા અને પ્રવેશ નહિ મળતાં હતાશ બનતા જોઇએ છીએ અને તેમના વિષે દિલમાં લાગણી ઉઠે છે, ઉઠે છે અને શમી જાય છે, અને આ બાબતમાં જાણે કે કશું પણ કરવાપણું ન હોય એવી કર્તવ્યબધીરતા આપણે અનુભવીએ છીએ, જ્યારે એક ઝવેરચંદ સંઘરાજકા બે વાર નપાસ થયેલા કોઇ એક જૈન વિદ્યાર્થીને સર ચુનીલાલ ભાઇચંદ વિદ્યાલયમાં દાખલ કરાવવા માટે એ સંસ્થાના સંચાલક પાસે જાય છે. એ સંસ્થામાં વિદ્યાર્થીની પરીક્ષાવિષયક ગુણવત્તાના ધોરણે વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવતા હોઇને અને એ રીતે જરૂરી સંખ્યાના વિદ્યાર્થીઓને લઇ લેવામાં આવેલા હોવાથી પેલા વિદ્યાર્થીને દાખલ કરવાનું શક્ય નથી એમ તે સંચાલક તરફથી જણાવવામાં આવે છે અને શ્રી ઝવેરચંદભાઇએ ફરી ફરીને એ વિદ્યાર્થીને લેવાનો આગ્રહ કરે છે. અને એમ છતાં પણ તેને લઇ શકાય એટલી છાત્રાલયમાં જગ્યા જ નથી એમ જ્યારે તેમને જણાવવામાં આવે છે ત્યારે જગ્યાના અભાવે પોતાની કોમના એક વિદ્યાર્થીને પાછો ફરવું પડે એ દૃશ્ય એ અનુભવ-તેમના દિલને હલાવી નાંખે છે અને આવી પરિસ્થિતિ તેમના માટે અત્યન્ત અસહ્ય બને છે. આનો ઉપાય શું? આ રીતે કેટલાય વિદ્યાર્થીને પાછા ફરવા પડતું હશે અને એ રીતે ઉગતી જીવનકળીઓ કેમને એમ કરમાઈ જતી હશે! એક નહિ તો અગિયાર છાત્રાલયો ઉભા કરો, પણ આગળ ભણવા ઇચ્છતા વિદ્યાર્થીઓને જગ્યાના, અભાવે, સગવડના અભાવે ભણતા અટકી જવું પડે એમ ન જ બનવું જોઇએ એમ તેમનું દિલ પોકારી ઉઠ્યું. એ તીવ્ર મનોમન્થનમાંથી પોતાની સ્થાનકવાસી કોમના બીજા ૬૦૦ વિદ્યાર્થીઓ રહી શકે એવું એક નવું છાત્રાલય ઉભું કરવા તેઓ કૃતનિશ્ચય થયા અને તે માટે એકાએક, કશી પણ લાંબી ચર્ચા કે વાટાઘાટ સિવાય રૂ. ૬૧૧૧૧) ની બાદશાહી સખાવત તેમણે પોતા તરફથી જાહેર કરી અને આ છાત્રાલય માટે મુંબઇમાં વડાલા સ્ટેશન રોડ ઉપર એક જમીનનો ટુકડો ખરીદવામાં આવ્યો અને ત્યાં નવા મકાનનો પાયો નાંખવાની ક્રિયા ઉપર જણાવ્યું તે મુજબ શ્રી શાન્તિલાલ શાહના હાથે કરવામાં આવી. આ છાત્રાલયનો વહીવટ મુંબઇના શ્રી જૈનસ્થાનકવાસી સમાજ સાથે સંબંધ ધરાવતા શ્રી જૈન કેળવણી મંડળ તરફથી કરવામાં આવશે. આવી સ્વયંસ્ફુરિત ઉદારતા માટે શ્રી ઝવેરચંદ સંઘરાજકા તેમ જ તેમના ભાઇઓને જૈન સમાજના અનેક ધન્યવાદ ઘટે છે.

સૌરાષ્ટ્રની વેચાણકરવેરા વિરોધી લડતના નૈતિક રૂપરંગ

સૌરાષ્ટ્રમાં છેલ્લા બે માસથી ચાલતી વેચાણકરવેરાવિરોધી લડતની રાજકીય તથા આર્થિક બાજુ બાજુઓએ રાખીએ, પણ આ લડતની નૈતિક બાજુ તો ખરેખર દુઃખ અને શરમ ઉપજાવે તેવી છે. આ લડતને પ્રજાની સત્યાગ્રહની લડત તરીકે વર્ણવવામાં આવે છે અને આ આંદોલન દરમિયાન સત્ય અને અહિંસાના ઓઠાનો વારંવાર ઉપયોગ કરવામાં આવે છે અને એમ છતાં સત્ય કે અહિંસાની, સંયમ કે વિવેકની રક્ષા કરવાની લડતના કોઇ અંગમાં લેશ માત્ર ચિન્તાનું દર્શન થતું નથી, પ્રજાના વેચાણ કરવિરોધી લડતમાં મારામારી કે કાપાકાપી કરવામાં આવતી નથી અને એટલે એ લડત અહિંસક છે એમ કોઈ કહેતું હોય તો તે એક મોટો ભ્રમ છે. એ વર્ગના આગેવાનોના માનસમાં હિંસા ભરેલી જ છે જે તેમનાં ઉદ્ગારોમાં અને અનેક ગર્હણીય ભાષણોમાં જ્યાં ત્યાં પ્રગટ થઇ આવે છે. આ ઉપરાંત આજ સુધીમાં નાનાં મોટાં તોફાનોની અને લડતવિરોધીઓને જ્યાં ત્યાં ત્રાસ આપવાની, માર મારવાની અનેક ઘટનાઓ બની ચુકી છે. કોઈ પણ અનિષ્ટ ઘટનાનો લોકલાગણી ઉશ્કેરવામાં ફાવે તેવો ઉપયોગ કરતાં આગેવાનો જરાપણ અચકાતા નથી. ભાવનગરમાં કેટલાએક દિવસો પહેલાં પોલીસે વેચાણકરવિરોધી વિકૃરેલા ટોળા ઉપર ગોળી બહાર કર્યો અને

એ સ્થળેથી પસાર થતા અને ચાલુ લડત સાથે કશો પણ સંબંધ નહિ ધરાવતા નાની ઉમ્મરના પ્રવીણચંદ્રનું ગોળી બહારથી મૃત્યુ નીપજ્યું—આ બનાવ અત્યન્ત દુઃખદ છે અને ઉભયપક્ષે એક ભારે કમનસીબ ઘટના છે. જાણવા મળતી વધારે વિગતો ઉપરથી એમ પણ લાગે છે કે પોલીસે આ ગોળી બહાર શરૂ કરવામાં ઘણી ઉતાવળ કરી હતી અને લોકોને પુરી ચેતવણી આપવામાં આવી નહોતી અને શરૂઆતના ગોળી બહાર સાધારણ રીતે આકાશમાં કરવામાં આવે છે તેવી કોઇ સંભાળ પણ આ પ્રસંગે લેવામાં આવી નહોતી. આ બધું ગમે તે હોય પણ આ કમનસીબ ઘટનાના ભોગ બનેલા પ્રવીણચંદ્રને શહીદ કહેવો અને એ શહીદના નામ ઉપર લોકલાગણી ઉશ્કેર્યા કરવી એ શહીદ શબ્દનો કેવળ અનર્થ અને દુરૂપયોગ કરવા બરોબર છે.

આવી જ રીતે રાજકોટમાં તા. ૨૭-૧-૫૩ના રોજ ત્યાંની વેસ્ટ હોસ્પીટલમાં મણિબહેન મૂળજી નામની એક બાઇનું મૃત્યુ થયું. આ ઘટના સંબંધે લડતના પ્રચારકો તરફથી એવા સમાચાર ચોતરફ વહેતા મૂકવામાં આવ્યા કે એ બહેન લડતના પ્રારંભથી ઉપવાસ ઉપર હતાં; તેમને સરકારી જેલમાં પૂરવામાં આવ્યાં હતાં અને તકેદારીથી તેમના ઉપવાસ છુપાવવામાં આવ્યા હતા અને જેલમાં હવે તેમની શરિરસ્થિતિ ટકી શકે એમ નથી એમ જ્યારે સરકારને લાગ્યું ત્યારે જ તેમને હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા, જ્યાં તેમનું ૫૮ દિવસના ઉપવાસના પરિણામે મૃત્યુ થયું અને એ બહેન શહીદ થઇ ગયાં. આ સમાચાર સામે વાસ્તવિક હકીકત એ મુજબની છે કે એ બહેનને જાન્યુઆરીની ૭ મી તારીખે અન્ય બહેનો સાથે કાનુનભંગ અંગે ગીરફતાર કર્યાં હતાં. જેલમાં જવા બાદ પોતે અનાજ ખાતા નથી એમ એ બહેને જણાવ્યું એટલે સરકાર તરફથી દુધ, ફળ, ચા, સાકર વગેરે તેમને પુરાં પાડવામાં આવ્યાં અને તેનો તેમણે ઉપયોગ કર્યો અને ૧૧ મી જાન્યુઆરીએ બીજી બહેનો સાથે તેમને છોડી મૂકવામાં આવ્યા. ઘેર જવા બાદ કોઇ માંદગીના કે એવા કોઇ કારણે તેમને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યાં, જ્યાં તેમનું મૃત્યુ થયું. આવી હકીકત હોવા છતાં આ બહેનને શહીદ તરીકે જાહેર કરવામાં આવ્યાં અને તેમની રાજકોટમાં ભવ્ય સ્મશાનયાત્રા કાઢવામાં આવી. અસત્યપ્રચારનો આથી વધારે કપોલકલ્પિત નમુનો આપણે ભાગ્યે જ કલ્પી શકીએ છીએ.

મુનિ સંતબાલજી કેટલાએક સમયથી સૌરાષ્ટ્રમાં વિચરે છે. વેચાણકરવેરા વિરોધી લડતનો અભ્યાસ કરવાના હેતુથી અને એ લડતનું કોઇ રીતે સમાધાન થઇ શકતું હોય તો તેવો પ્રયત્ન કરવાના હેતુથી તેઓ થોડા દિવસ પહેલા રાજકોટ આવ્યા. તેમની સત્યનિષ્ઠા કે શુભભાવના વિષે આજે કોઇ પણ ઠેકાણે બે મત છે જ નહિ. તેઓ ઉપાશ્રયનું એકાન્ત જીવન ગાળતા સ્વલક્ષી જૈન મુનિ નથી. પણ ઉદારચરિત તપસ્વી લોકસેવક છે અને તેમના પ્રત્યે શાસક તેમ શાસિત ઉભય વર્ગ ખૂબ આદર ધરાવે છે. તા. ૨૦-૧-૫૩ના રોજ એક સામ્યવાદી કાર્યકર બહેન શ્રી નિરૂપમા પટેલની આગેવાની નીચે દોઢથી બે હજાર માણસોનું ટોળું સંતબાલજીના નિવાસસ્થાન ઉપર ધસી આવ્યું અને સંતબાલજી વિષે યદ્વાતદ્વા બોલવા લાગ્યું. જાણે કે આ બહેનને અહિંસાની-ભગવાન મહાવીરના ધર્મની-ભારે પડી હોય તેમ 'હિંસાને ઉત્તેજે કોણ?' 'મહાવીર ધર્મને લજવે કોણ?' 'સાધુકપડાં લજવે કોણ?' એવાં સૂત્રો બોલાવવા એ બહેને શરૂ કર્યાં અને 'સંતબાલજી, સંતબાલજી' એ રીતે લોકો તેમને ઝીલવા લાગ્યા-પ્રત્યુત્તર આપવા લાગ્યા. આ સાંભળીને મુનિ સંતબાલજી બહાર આવ્યા અને ઓટલા ઉપર ઊભા રહ્યા અને લોકોને શાન્ત રહેવા કહ્યું પણ શાન્ત રહે એ બીજા. 'સાધુનો વેશ ઊતારી નાખ,' 'તારે ને કોંગ્રેસને શું?' 'થાકી રહીશ.' ઘરમાં ગડી જા,' 'પાછો જા,' 'અહીં શું કામ આવ્યો છે?' આમ તેમની સામે ઊભેલાં બહેનો તથા ભાઇઓ જેમ તેમ બોલવા લાગ્યાં. કેટલાકે સંતબાલજી સામે ધુળ ઊડાડી; કેટલાકે કાંકરા નાંખ્યા; કોઇએ મુનિશ્રીનું કપડું ખેંચ્યું, સંતબાલજી સ્થિર મુદ્રાએ ઉભા રહ્યા. ન કોઇ બોલ્યા, ન ઉશ્કેરાયા. લગભગ અડધો કલાક આ રીતે તોફાન કરીને ટોળું વીખરાયું. એક સન્ત સાધુ પુરૂષ સામે આપણા જ ભાઇ બહેનો આવું ઉછૃંખલ વિનયહીના વર્તન દાખવે એ આપણા સર્વને માટે ભારે શરમાવનારૂં છે. જે પ્રશ્ન ઉપર આ લડત ચાલી રહી છે તે પ્રશ્ન વિષે બેમત હોઈ શકે છે. જેને વેચાણવેરો અન્યાયરૂપ લાગતો હોય તેને તેનો વિરોધ કરવાનો પુરો અધિકાર છે અને તેવી જ રીતે વેચાણવેરા સામે ચાલતી લડત અનુચિત છે એમ જેને લાગતું હોય તેને પણ પોતાનો અભિપ્રાય વ્યકત કરવાનો અને ખોટા માર્ગે જઇ રહેલા લોકોને સાચા માર્ગે લાવવાનો ઓટલો જ અધિકાર છે. વેચાણવેરા સામેની વ્યાપારીઓની લડત તદ્દન વ્યાજબી છે એમ માની લઇએ તો પણ હિંસા, સત્ય, સંયમ, વિનય, વિવેક એ સર્વની સતત આહુતિ આપાયા કરે એવું પ્રસ્તુત લડતને રૂપ અપાતાં લડતના પાયા નબળા પડે છે અને પ્રજામાનસમાં લડત સામે એક પ્રકારની ઘૃણા પેદા થાય છે. એક સંત પુરૂષની આવી રીતે આંતરડી કકળાવીને આપણે આપણું પોતાનું જ અકલ્યાણ નોતરીએ છીએ એ આપણે ન ભુલીએ.

આ રીતે નૈતિક કક્ષામાં વેચાણકરવેરાની લડત એકદમ ઉતરતી જાય છે. વ્યાખ્યાનપીઠ ઉપરનાં ભાષણો મોટા ભાગે પ્રચારલક્ષી અત્યુકિતઓ અને અસત્યોથી ભરેલા હોય છે. હડતાળ પાછળ ગુંડાગીરી પણ મહત્વનો ભાગ ભજવી રહેલ છે અને પાછલે બારણે યા રાતના વખતે વેપાર જ્યાં ત્યાં ચાલી રહ્યા હોય છે. જાહેરજીવનમાંથી ગાંભીર્ય, પ્રતિભા, પરસ્પર આદરભાવ લોપાતા જાય છે અને જે વધારે અમર્યાદ રીતે સરકારને, કોંગ્રેસને, વર્ષોજુના સમાજના કાર્યકર્તાઓને વખોડી શકે, તુચ્છકારી શકે તેનું બહુમાન થાય છે લડતની ભિન્ન ભિન્ન બાજુઓ તપાસતાં સૌરાષ્ટ્રનું શાણપણ, પરસ્પર સમાધાનથી કામ લેવાની દીર્ઘદ્રષ્ટિ, વિનય વિવેક—આ બધું કયાં લુપ્ત થઇ ગયું એવો પ્રશ્ન થાય છે. હજુ પણ પ્રજા સમજે, માત્ર સૌરાષ્ટ્રનો જ વિચાર કરવાને બદલે સમગ્ર હિંદના અનુસંધાનમાં સૌરાષ્ટ્રનો પ્રશ્ન સમજવા પ્રયત્ન કરે, આ કર ન જોઇએ અને તે બંધન ન જોઇએ એવી ટુંકી દ્રષ્ટિ છોડીને લાંબદોર દ્રષ્ટિએ સૌરાષ્ટ્રના સર્વાંગી વિકાસને ધ્યાનમાં લે, અને એ દ્રષ્ટિએ જે કાંઈ કરભારણ જરૂરી લાગે તે હસતા મોઢે ઉપાડી લેવા તત્પરતા દાખવે, બીજી બાજુએ આ લડતના મૂળમાં આ કે તે કરની અસહ્યતા નથી રહેલી (વેચાણકરવેરો બીજા પ્રાન્તો માટે સુસહ્ય છે તે સૌરાષ્ટ્ર માટે અસહ્ય છે એમ માનવાને કોઇ કારણ નથી) પણ ભાંગતા જતા વ્યાપારના પરિણામે અકળાતા મુંઝાતા દુખતા મધ્યમવર્ગનો ઉંડો અસંતોષ રહેલો છે—એ વાસ્તવિકતા લક્ષ્યમાં રાખીને સ્વીકારીને મધ્યમ વર્ગનો વ્યાપાર કેમ ટકી રહે અને તેમની આજીવિકા કેમ સરળ થાય એના ઉપાયો અને માર્ગો સોરાષ્ટ્ર સરકાર પ્રજાના મધ્યમ વર્ગના આગેવાનો સાથે મળીને વિચારે, ચિન્તવે, અમલમાં મૂકે, સર્વોદય એ જો સૌરાષ્ટ્ર સરકારનું લક્ષ્ય હોય તો તે સર્વોદયમાં મધ્યમ વર્ગનો ઉદય પણ સમાયલો જ છે અને સમસ્ત પ્રજાગણની સભ્યતા, સંસ્કૃતિ, અને આચારવિચાર સમધારણનો આધાર આખરે મધ્યમ વર્ગ જ છે એ સામાજિક તથ્ય સમજીને તેને જીવાડવા, ટકાવવા, ઉંચે લાવવા સૌરાષ્ટ્ર સરકાર વધારે સજાગ બને—આવી ઉભય વિષે સૌ કોઇની સાદ્રચ્છા અને પ્રાર્થના છે. પરમાનંદ.

વિષયસૂચિ		પૃષ્ઠ
પંચવર્ષીય આયોજન	શ્રી કાન્તિ બરોડિયા	૧૫૫
પ્રકીર્ણ નોંધ-બાલ દીક્ષા, શ્રી કેશવલાલ રાઘવજી સંઘરાજકા એન્ડ બ્રધર્સ વિદ્યાલયના મકાનનું શિલારોપણ, સૌરાષ્ટ્રના વેચાણકરવેરા વિરોધી લડતના નૈતિક રૂપરંગ.	પરમાનંદ	૧૫૮
કલ્યાણયાત્રી	શ્રી કરસન માણેક	૧૬૧
સત્યની ક્રાંતિકારી શકિત	મહાત્મા ટોલ્સ્ટોય	૧૬૨

કલ્યાણયાત્રી

(આ કાવ્ય સુખ્યાત સાક્ષર કવિ શ્રી કરસનદાસ માણેકની તેજસ્વી કલમની પ્રસાદી છે. ગાંધીજી આજે આપણી વચ્ચે હયાત નથી એમ છતાં પણ આપણાં મનોમય ચક્ષુ સમીપ આજે પણ ગાંધીજી હજુ એટલા બધા જીવતા લાગે છે. કે તેમની નિર્વાણ તિથિના ટાંકણે પ્રગટ થતા પ્રબુદ્ધ જૈનના આ અંકમાં આ કાવ્યનું પ્રકાશન કોઇને પણ લેશ માત્ર અસમયોચિત નહિ લાગે. આ કાવ્ય ગાંધીજીની અપૂર્વ જીવનપ્રતિભાનું આપણને એક ભવ્ય દર્શન કરાવે છે. તે લોકોત્તર વિભૂતિને આપણાં અનેકશ: વંદન હો! તંત્રી)

ભાવના

અંધારઘેર્યા જગમાર્ગ પે જ્યે,
પ્રકાશરેખાં પગલાં કરંતો,
વાધી રહ્યો કો અવધૂત શાન્ત,
અમીટ મીટે જગને ભરંતો !

ગમાં પુરુષનું જોમ, ઉરે માનવતા વસી
ર્યદંડે તનુ ધારી જે કેવો જાય છે ધસી !
ોણે સો વર્ષના ભારે દબાયા નિજ દેહની,
યા ખાવા જેટલીયે એને નીરાંત છે નહિ !

વાધે સદા રામનું નામ લેતો,
ઉરે ધરી દીપ અનંત આશનો,
વાયુ કદી હો અનુકુળ શાન્ત,
કૂંકાય વંટોળ જ વા વિનાશનો !

ાસંતે વા, શિશિરે વા, વર્ષામાં, ગ્રીષ્મમાંહી વા,
ાધે છે સરખે વેગે યાત્રા એ નવભીષ્મની.
એની દૃષ્ટિ જડ જગતની ભીંત ભેદી રમે છે:
ર્વા આત્માના અમર વિભવે પંચભૂતો શમે છે;
ન્દ્રિયોના પળસુખદ ને દુ:ખદાયી સદાનાં,
ર્યા ના હોયે રમણ, ભ્રમણો વામણા વાસનાનાં !
સૃષ્ટિને સર્જંતી વેળા સચ્ચિદાનંદને ઉરે
હતું જે સોણલું એક તે જ એને ઉરે સ્ફુરે !

તે સ્વપ્ન છે મંગલ સૃષ્ટિ કેરું,
અખંડ જ્યાં સાત્ત્વિક રાસ ઘ્વનિનો;
જ્યાં માનવી સર્જનહાર એની
બની રહે બાન્ધવજોડલી કો !

માનવી માનવી સાથે સાધી સંવાદ સંચરે:
પ્રજે આ વિશ્વમાં સ્વર્ગ, જેવું સ્રષ્ટાતણે ઉરે!
પરંતુ વિશ્વકર્તાના મનની મનમાં રહી,
ે ચાલ્યું વિશ્વ આખું આ અન્ય કો મારગે વહી,

માર્યો તે, ને નયન ભરીને દીઠું જ્યાં વિશ્વ એણે,
અશ્રુઓની સરિત વહી, તે રોકી રોકાય શેણે ?
જ્યાં જુએ ત્યાં જલધિ ઉછળે દુ:ખના, ક્લેપના યે
તાપોના, હૃદયમળના, ઘોર વિદ્વેપના યે !
મસ્તૂને સત્યને ઠામે, જડ ચૈતન્યઆસને,
મેણે આનંદને સ્થાને, દીઠું દુ:ખ પ્રતિષ્ઠિત.

ોઠું એણે મનુજ બનિયો દાનવોથી ય દુષ્ટ:
ાવા ચાહે સકલ ભરખી યૈન કેન પ્રપુષ્ટ;
હું'તી વેદી પર સતત એ અન્ય સૌને વધેરે:
લિદા જ્યાં ત્યાં નર અસુરની લોહીભીની જ લ્હેરે!

ીરખ્યું તેવું નાણ્યું ને, શીઘ્ર કીધો સુનિશ્ચય:
જંપુ ત્યારે જ, હું જ્યારે કરું આ પાપનો ક્ષય.'
પછી તો દાયકાઓ પે દાયકાઓ વીતી ગયા:
ાળના યે ઘસારાને, તમે બાપુ, જીતી ગયા !

જે હર્ષથી ભાર વહે યુગોનો
બનાવવા માનવી ભારમુકત,
તેની કને પોણી શતાબ્દિ કેરા,
સ્વલ્પાલ્પ આ ભારની શી વિસાત !

પરંતુ અધૂરી યાત્રા હજુ યે બાપુ, આપની:
કો જાણે કેટલી બાકી પોઠો માનવ-પાપની.
બુદ્ધ ને ઈસુ ને કૃષ્ણ અને આપ સમા ચડ્યા,
આહુતિ બનીને, તોયે યજ્ઞ કાં અધૂરા પડ્યા ?

તે ધર્મક્ષેત્ર-કુરુક્ષેત્રથકી વહી જે
ગીતા-સુધા-સરિત પાર્થતણે નિમિત્તે
ને સારનાથમહીં જે થયું ધર્મચક્ર-
કેરું પ્રવર્તન તથાગતપુણ્યહસ્તે
પીયૂષ જે જિસસને મુખથી સર્યું, ને
પંકાયું જે ગિરિ-પ્રબોધતણે સુનામે:
તે સર્વ વિસ્મરણશીલ જગજ્જનોને
સંભારી દીધ, નિજ જીવન ગીતગાને !

કંસથી અદકો દર્પ, અદકો મોહ મારથી,
હેરોદથી વધુ હિંસા સામે ઝુઝ્યા તમે મથી-
વીરના વીર્યથી ઝુઝ્યા, કર્યાં કેસરિયાં સદા:
સ્થિતપ્રજ્ઞતણી શાંતિ છતાં ના વીસર્યા કદા !
ધરા શા ધીરગંભીર, વ્યોમ શા વિપુલાત્મ છો
ઉંડાણે ઉદધિ જેવા, તેજ શા શુદ્ધ છો તમે !
ઝુઝો છો જેમની સામે તેમના હિતને ચહો:
વિશ્વમાંગલ્યની ચિંતા સદાયે અંતરે વહો !
નિજ ને પરના ભેદો તમારે અંતરે નથી:
માનવી માત્ર બન્ધુ: એ ભાવના છે ઉરે ગૂંથી !

ધર્ષણ

લેખવે સ્વાર્થને ધર્મ: યથા શંખણીમાં સતી,
દેખે કર્તવ્ય હિંસામાં: એવી આજની સંસ્કૃતિ !
જુએ સાફલ્ય આયુનું તર્પણે ઇન્દ્રિયો તણા:
'અહં' યજ્ઞતણા સાને લેખવે જડઈંધણાં !

સત્ય ને માનવતાની પ્રતિષ્ઠા લેશ ના મળે:
વિશ્વભક્ષંત કાળાગ્નિ સહસ્રજ્વાલ થૈ બળે !
છતાં યે માનવી એમાં અંજાઈ, આથડે દડે:
વિનાશી રૂપના તૃષ્ણા પતંગો અગ્નિમાં પડે !
તમે દીઠું બાપુ, વિભુવર-રચ્યું નંદનસમું
જગત પલટાયેલું રુધિરભર સંહાર-ઘરમાં,
સશકતોને હાથે જહિં સતત રેંસાય નબળાં
જહિં આક્રંદોનો અફળ ધ્વનિ આકાશ ભરતો !

સત્તામાં સત્ય જોવાની આ અરાજકતા બધી
રાજ્યતંત્રે સમાજે ને ધર્મમાં યે થતી છતી !
વ્યકિતઓ વ્યકિતઓ વચ્ચે, રાષ્ટ્રો વચ્ચે પુરાતન
શોણિતાર્દ્ર થયાં ઉભાં ઘોર હિંસાતણાં વન !
પૂર્વે ગાંડિવધન્વાએ ખાંડવને પ્રજ્વળિયું:
તમારે વણગાંડિવે હિંસાવન પ્રજ્વળવાં !

'કાંટાતણો એક ઉપાય કાંટો'
વદંત સૌએ વ્યવહારદક્ષ:
એ સૂત્રપોઢી જડતાની પ્રત્યે
તમે સદા દોર્યું સહુનું લક્ષ !

પરંતુ જે દીઠાં નોતાં સત્ ત્રેતા વળી દ્વાપરે
એવાં તોતિંગ સામ્રાજ્યો રચાયાં કલિઉમ્બરે !

એકેક એ અસુરકેરી ધર્મારતોના
આધારસ્તંભમહીં ઉભી અઘોર હિંસા
આમૂલશાખ, મુકુલે, કુસુમે, ફળે જો
હિંસા તણો રગત-રંગ રહ્યો સીંચાઈ !

એવાને આપમાં બાપુ, કાળની ઝાંખી થાય તો
નવાઈ શી ? ઉપા દેખી જે અંધાર મુંઝાય તો !
પ્રેમમૂર્તિ ઈસુમાંહી બીજ કયાં નિજ નાશનું
રમી સામ્રાજ્યના મૂઢ લોચને નિરખ્યું ન'તું ?
ને ભૂમિપે યદુકુલમણિ ઉતર્યા યે હતા ના
તેની પ્હેલાં જીવનભરના પાપના સંચયોની
મૃત્યુભીતિ પ્રગટ કરતી, કારમી કાળચીસ
જેવી કંસે સુણી ન હતી શું ઘોર આકાશવાણી?
તમે ઉપ્યા અને સજ્જ સૈન્યો આસુર સૌ થયાં
આયુધો ઉંચકી સૌયે યથાસ્થાને ખુંતી ગયા !
પાર્થના પુત્રને કાજે રચાયો ચક્રવ્યૂહ જે
વર્ણવ્યો વ્યાસજીએ તે ઝાંખો આની કને પડે !
અગ્નિના તણખા જેવા અભિમન્યુતણે કરે
મૃત્યુવર્ષન્ત કો દંડ તાંડવે ચડી ઉછળે !
અહીં શસ્ત્રાસ્ત્ર નામે ના અમન્યુ આપને કરે !
ચક્ર છે એક ! હા ! તે તો અમીને વર્ષતું કરે !
વળી ધૃતરાષ્ટ્રના પુત્રો કને શસ્ત્રો હતાં ય શાં:
ગદા ને અસિ ને ફરસી, શર ને સાંગ ને છરા !
અરે, જે નવશસ્ત્રોની સામે ઝુઝવું આપને:
તે સૌ પાસે બિચારાં એ: પહોંચે શે કીટ સાપને!
તોપો ટેંકો વિમાનો ને આભથી અગ્નિ વર્ષંતો
વ્યોમ ને વસુધા કંપે ને અંભોધિય કંપતો !
પરંતુ કોડિમાંને કે, બીજા સામાન્ય દીપને
બુઝાવે જે મહાઝંઝા તે નિરર્થ રવિ કને !
છતાંયે આભને જ્યારે ઘેરે છે ઘનની ઘટા
ત્યારે થાયે ઘડી લુપ્ત સહસ્રરશ્મિની છટા !
આ ઘનાદિત્યસંગ્રામો વીલોકયા જેમણે સદા
તેજ:ધ્વંસતણી શંકા ના ઉરે તેમને કદા !
આપ છો બાપુ, અત્યારે, ઘનકારાગૃહે ગ્રસ્યા:
અમારાં ચક્ષુ સામે તો તેજપ્રાસાદમાં વસ્યા !

આશા

મંડાયા ઓચ્છવો મેલા માનવ્યશત્રુને ઘરે:
દૈત્યોની ઘોર ગાજન્તી આરતી આજ ઉતરે !
આનંદે ઉલ્લુકો: ગાયે ગીતો તિમિરરાજના:
દર્પે શંખો ફુંકાયે સૌ હિંસા-સૈન્ય સમાજના:
અભિનંદે જયોન્મત્ત આસુરો એકમેકને:
"શી છે ગુંજાશ આત્મની, ભુજાઓ આપણી કને?

ધરા છે વિશ્વમાં શ્રેષ્ઠ : ધરામાં શ્રેષ્ઠ માનવી :
ને તેમાં આપણે શ્રેષ્ઠ–વિશ્વકર્તાતણી છવિ !
સત્ય ને ન્યાય ને ધર્મ ને એવા શબ્દ સેંકડો
સર્જ્યા છે શક્તિહીનોએ ઢાંકવા નિજનો સડો !"

અને ધાર્યાં એ સૌ ધરણીતણું લેવા ધણીપણું
દિધેલાં વિજ્ઞાને નિજ ભુજ ગ્રહી શસ્ત્ર નવલાં;
ઘુંઘવીને જાગી સકલ જગનો ગ્રાસ કરતી
મહાહિંસા કેરી અયુતફણ જ્વાળા ભુજગ શી !
યુદ્ધો મોટાં, ઉરો નાનાં, વાસનાવહ્નિ પ્રજ્વલ્યો
બિન્દુમાં સિંધુનો ક્ષોભ : નિહાળી મેરુ યે ચલ્યો!

મેરુ ચલ્યો, સૂરજ સોમ ધ્રૂજ્યા :
માઝા મુકી સાગર–વ્યોમ ખીજ્યાં :
પૃથ્વી નિજસ્થાન થકી ખરીને
બ્રહ્માંડની બા'ર ચડી હિંડોળે
(એવી ઉરે જન્મતી ભીતિ દારુણ !)

પ્રકૃતિ વિકૃતિ પામે આવા ઉત્પાત સંભવે,
સંભવે ક્ષોભ નામે ના પ્રભુના સંતને ઉરે !

પ્રકૃતિ વિકૃતિ કેરા દારુણોત્પાદ દેખીને
અંતરે દ્રવિયા બાપુ; દ્રવ્યા, પણ ડગ્યા નહિ !

શ્રદ્ધા સ્રષ્ટા તણી લૈને, જનેતાની સહિષ્ણુતા,
મૃત્યુની વીરતા લૈને, લૈ આનન્ત્યની સ્વસ્થતા
આસુરી શક્તિઓ કેરા એ વા-વંટોળમાં તમે
ઉભા બાપુ, ઉરે જપ જગન્માંગલ્યના રમે !

સત અસતના સંગ્રામો ના નવા, ન નવાઇના,
સત અસતને હાથે પામ્યું નિરંતર યંત્રણા !
પણ જીવનમાં બાપુ, આપે સદર્થ જ જે સહ્યું :
ઉર થરથરે સંસારી તે : ન જાય મુખે કહ્યું !

દીધી કાયા દધીચિએ : ઇન્દ્રને વજ્ર સાંપડ્યું :
હણાયો વૃત્ર : દેવોનું સદ્ય સૌભાગ્ય ઉઘડ્યું !

અહીં દધીચીય તમે, તપસ્વિ,
તમે જ વજ્ર, મઘવા ય છો તમે !
ને વૃત્ર કેવો ? વંત્ર પામતાં જતાં
નવાં નવાં રૂપ ધરી વિલાસતો !

આવી વૃત્ર તણી માયા, ને આવું તપ આપનું :
પુણ્યની ક્ષીણ કાયા...ને આવું સામર્થ્ય પાપનું
નિહાળી કોઇ વેળા તો ધીરા ને ગંભીરાય
વિમાસે : સાચું કુંં તેજ–ચ યે જે નિરખાય તે
બુદ્ધ ને ધ્રુવ કૃષ્ણ : સ્વપ્નો માનવીનાં હશે
પુલેકું પંચભૂતોનું સદા આમ વહ્યું જશે
કંજ* કે પંક ? આત્મા કે આભા ઇન્દ્રિયગ્રામની
સત્ય કુંં : કામ તૃષ્ણા કે પ્રીતિ હા આત્મરામની
ઉર–દૌર્બલ્ય–ઝેરન્તા સહુ એ ક્ષુદ્ર સંશયે
આપના જીવને બાપુ, સર્વથા છે શમાવિયા
"સર્વે કલ્યાણકારીની દુર્ગતિ ના થતી કદી
વાવિયાં પ્રેમના બીજે ઉગવાનાં જ એક ને"
સુધાસંદેશ શ્રીકૃષ્ણે પાયા' તા કુન્તીપુત્રને
જગને સંશયે ઘેર્યા–પાયો તે જ ફરી તા
તમે સંહારી ત્રાસ્યાં જગની એક આશ છો
અન્ધારે પંથભૂલેલી પૃથ્વી કેરા પ્રકાશ છો
સ્વપ્ન છો નિદ્રાને કેરું, બદ્ધોનું મુક્તિગાન છો
ઝુઝંતા જાડ્યજૂથો શું સ્રષ્ટાનું અભિમાન છો

* કંજ = કમળ

કરસન માણેક

સત્યનું કાવ્ય છો બાપુ, કાવ્યનું સત્ય છો તમે ! ઝંખતી કાવ્યને સત્યે, સૃષ્ટિ આ આપને નમે !

સત્યની ક્રાંતિકારી શક્તિ

માનવજીવનમાં મહાન અને મહત્ત્વના ફેરફારો કરવા માટે વીરતાભર્યાં કાર્યોની જરૂર નથી એને, માટે કરોડો શસ્ત્રધારી માણસોની જરૂર નથી, નવી રેલવે કે નવાં યંત્રોની જરૂર નથી, નવા સિદ્ધાંતો કે વાદોની જરૂર નથી, મજૂરમહાજનો, ક્રાંતિઓ,' કિલ્લેબંદી, સુરંગોના અત્યાચારો, ઓરોપ્લેનો કે એવી જાતની બીજી વસ્તુઓની પણ જરૂર નથી. એને માટે એમાંની કોઇ પણ વસ્તુની જરૂર નથી. જરૂર છે માત્ર લોકમતના પરિવર્તનની. આ પરિવર્તન લાવવા માટે, વિચારોના ક્ષેત્રમાં નવા પ્રયાસો કરવાની જરૂર નથી, ચાલુ વ્યવસ્થા ઉથલાવી નાખવાની જરૂર નથી કે કશી નવી અને અસાધારણ વસ્તુ ભેળવવાની જરૂર નથી. અસત્યને વશ ન થવાનો, સરકારો કૃત્રિમ રીતે જેને જીવતો રાખે છે તે ભૂતકાળના મરેલા લોકમતને વશ ન થવાનો નિર્ધાર કરવો–બસ એટલું જ આપણે કરવાની જરૂર છે. એટલું જ કરવું જરૂરી છે કે, દરેક માણસે તે ખરેખર, જે વિચારતો કે અનુભવતો હોય તે જ કહેવું જોઇએ, અથવા તે જે ખરેખર ન માનતો હોય તે તેણે કહેવું જોઇએ નહીં.

મૂઠીભર લોકો પણ જો આ રીતે વર્તે તો જૂનો લોકમત અદૃશ્ય થઈ જાય અને એને સ્થાને આપણને નવો, જીવંત અને સાચો લોકમત લાધે. લોકમતમાં ફેરફાર થતાંની સાથે માણસોનાં અંતઃજીવનમાં પરિવર્તન થવા પામશે. સાચું પૂછતાં, માણસ રમતવાતમાં પીડાકારી અનિષ્ટોમાંથી મુક્તિ મેળવી શકે છે, માત્ર તેણે અસત્યાચરણ ન કરવું જોઇએ. પણ એટલું યે આપણે નથી કરતા એ શરમની વાત છે. માણસો તેમની આગળ ધરવામાં આવતાં અસત્યોને વશ ન થાય, તેઓ જે વિચારે અને અનુભવે તે જ તેઓ બોલે તો તેમના જીવનમાં એવો ફેરફાર થવા પામશે જે ક્રાંતિકારીઓ—તેમના હાથમાં સત્તા હોય તોયે—સદીઓ દરમ્યાન પણ ન કરી શકે.

સ્વાધીન માણસ, પોતાનાં કાર્યો દ્વારા એથી ઉલટું જ બતાવતા હોય એવા હજારો માણસની વચ્ચે પણ તે જે વિચારતો કે અનુભવતો હશે તે જ સાચેસાચું કહેશે. સાચા માણસને એકાકી ઊભા રહેવું પડશે એમ કદાચ દેખાય, પણ ખરી વાત તો એ છે કે મોટા ભાગના માણસો પણ તેની પેઠે જ વિચારતા કે અનુભવતા હોય છે. ફરક એટલો જ કે તેઓ તે જણાવતા હોતા નથી. ગઇ કાલે એક જ માણસનો જે નવો મત હતો તે આજે મોટા ભાગના માણસોનો સર્વસામાન્ય મત બની જાય છે. આ નવા દૃઢીભૂત થતાંની સાથે માણસોના કાર્યો ધીમે ધીમે અને ક્રમે ક્રમે બદલવા લાગે છે.

('હરિજનબંધુ'માંથી સાભાર ઉદ્ધૃત) **ટૉલ્સ્ટૉય**

સ્વ૦ મણિભાઈ સ્મૃતિ ફંડ

જે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહમાં વપરાવાનું છે.

૧૦૩૫૧		અગાઉ સ્વીકારેલા
	૧૦૧	શ્રી સુગનચંદ્રજી લુણાવત–ધામનગાંવ
	૧૦૧	,, ઇમ્પ્લેમેન્ટ સેલ્સ કોર્પોરેશન
*	૧૦૧	,, આર. આર. કોન્ટ્રાક્ટર–ઇન્દોર
*	૧૦૧	,, બોમ્બે મશીન સ્ટોર્સ કું.
*	૫૧	,, એ. નટવરલાલની કું.
	૫૧	,, અંબાલાલ હરજીવનદાસ પટેલ
	૫૧	,, શ્રીજલાલ બીહારીલાલ
	૧૦૧	,, સી. આર. ગાંધીજીની કું.
*	૫૧	,, બી. અરુણચંદ્રની કું.
*	૫૧	,, સી. બોલેની કું.
*	૫૧	,, પ્રમીઅર મશીનરી સ્ટોર્સ
*	૫૧	,, બાબુલાલ બ્રધર્સ
*	૫૧	,, એન. માહનલાલ એન્ડ કું.
	૫૧	,, પી. મોહનલાલ એન્ડ કું.
	૫૧	,, મોદી બ્રધર્સ
	૫૧	,, કીર્તિલાલ એન્ડ કું.
*	૧૦૧	,, કમળાશંકર પી. જોશી
*	૧૦૧	,, શાહ એન્જીનીયરીંગ સ્ટોર્સ
	૧૧૬૧૯	

આપનો ફાળો મોકલવા વિનંતિ છે

* આ નીશાનીવાળા પૈસા આવવા બાકી છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪ અંક : ૨૦ | મુંબઈ : ૧૫ ફેબ્રુઆરી ૧૯૫૩, રવિવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

પંચવર્ષીય આયોજન

આયોજનની આવશ્યકતા

(ગતાંકથી ચાલુ)

પંચવર્ષીય યોજનાના આખરી અહેવાલમાં શ્રીમતી દુર્ગાબાઈ નવા સભ્ય તરીકે જોડાયા હતા, જ્યારે શ્રી જી. એલ. મહેતા અને શ્રી આર. કે. પાટીલને સરકાર તરફથી નવી કામગીરી મળવાથી તેઓ આ કાર્યમાં ઠેઠ સુધી ભાગ લઈ શકયા ન હતા.

કોઈ પણ દેશના સુવ્યવસ્થિત આયોજન અંગે ત્રિવિધ મુદ્દાઓનો સર્વાંશે વિચાર થયો ઘટે છે અને તે ઉપરના યોગ્ય નિર્ણયો ઉપર આયોજનની ભૂમિકા બંધાય છે : (૧) દેશના નૈસર્ગિક સાધન–સંચયો, માનવબળનું પ્રમાણ, યંત્રો અને મશીનરી વિ. માલ અને વહીવટી શકિત કેવી જાતની અને કેવા પ્રમાણમાં મળી શકે એ મુદ્દા અંગેનો નિર્ણય, (૨) સમગ્ર યોજનાની સફળતા માટે અમુક જાતના અને અમુક પ્રકારના વિકાસને પહેલું અને અગત્યનું સ્થાન આપવાની જરૂરીયાત અંગેના પ્રશ્નો ઉપરનો નિર્ણય અને (૩) યોજનાના અમલથી દેશના અર્થતંત્ર ઉપર વધુ પડતું દબાણ ન આવે અને એથી ફાયદા કરતાં નુકશાન ન થાય એ બાબતનો નિર્ણય.

નેહરૂ સરકારે પોતાની ઉદ્યોગનીતિનું સ્પષ્ટીકરણ કરતું જે અગત્યનું વિવેચન શરૂઆતમાં કર્યું હતું તેમાં જાહેર કરવામાં આવ્યું હતું કે આપણા દેશમાં ખાનગી સાહસનું સ્થાન ચોકકસ રીતે છે અને રાજ્યહસ્તક બધી આર્થિક પ્રવૃત્તિઓ રહેવાની નથી. રાજ્યનું ધ્યાન હાલમાં તો ખેતીવાડી, નહેરો, વિદ્યુતશકિત, સમાજસેવા વિ. અગત્યના પ્રશ્નો ઉપર ખાસ રીતે કેન્દ્રિત થયું છે. આમાંથી ફલિત થાય છે કે વ્યાપાર–ઉદ્યોગનું ક્ષેત્ર ખાનગી સાહસના હાથમાં રહે છે અને નિયોજનની જે ચોકકસ રેખાઓ અને મર્યાદાઓ અંકિત કરવામાં આવી છે એની અંદર આ તત્વોએ કાર્ય કરવાનું રહે છે. દેશના ઉત્પાદનમાં અને વિતરણમાં ખાનગી સાહસ અગત્યનો ભાગ ભજવી શકે છે. પણ પંડિતજીએ સ્પષ્ટ શબ્દોમાં અવારનવાર કહ્યું છે કે "દેશમાંની નવી હવાને અનુકુળ થવાનો આ તત્વોએ ખૂબ પ્રયત્ન કરવો પડશે." પહેલાંની જેમ જૂની ઢબે ખાનગી મૂડી અનિયંત્રિત રીતે કાર્ય ન કરી શકે એ વાત દીવા જેટલી સ્પષ્ટ દેખાય છે. રાષ્ટ્રના મર્યાદિત સાધન–સંપત્તિ રાષ્ટ્રીયકરણમાં ન વેડફાવા જોઈએ. રાષ્ટ્રીયકરણ કરવાથી તો માત્ર માલીકી બદલાય છે, ચોકકસ જાતનું થાય છે, પણ એથી ઉત્પાદન કાંઈ વધતું નથી—દેશના ચોકખા સરવાળામાં કાંઈ પણ વધારો થતો નથી. શરૂઆતમાં રાષ્ટ્રીયકરણ તરફ જે સરકારનો ઝોક હતો તેમાં હવે ઠીક ઠીક સમતોલપણું દેખાવા લાગ્યું છે. ખાનગી સાહસ પણ પોતાની ફરજ જવાબદારીભરી રીતે અદા કરે તો સરકાર અને આ તત્વો હાથમાં હાથ મીલાવી રાષ્ટ્રીય નિયોજનના કાર્યમાં સહભાગી બની ઘણું કામ કરી શકે તેમ છે.

આપણા અર્થતંત્રની સાંકળમાં નબળી કડીઓનો પાર નથી. એક સાંધે ત્યાં તેર તૂટે એવો ઘાટ ઘણી વાર થાય છે. આપણે ઉત્પાદન ખૂબ વધારવું છે, વધારેમાં વધારે માણસોને રોજી આપવી છે, ભાવોની સપાટી ઘટાડવી છે. દ્રવ્યની શકય હોય તેટલી સમાન વહેંચણી કરવી છે, નિયોજનને પરિણામે ગરીબાઈ ઘટે પણ શ્રીમંતાઈ ન વધે એ જોવું છે, લોકશાસનને વળગી રહેવું છે. એ બધાનો કાગળ ઉપર તોડ લાવવો સહેલો છે, પણ વ્યવહારમાં પહોંચી વળવું મુશ્કેલ છે. યાંત્રિક ઉત્પાદન ખૂબ વધારવાથી, આપણી વપરાશનું ધોરણ વધે–જો લોકો પાસે ખરીદશકિત હોય તો, પણ યાંત્રિક ઉત્પાદનથી દેશના લોકોની રોજી જેટલી જોઈએ તેટલી વધે નહીં. તેવી જ રીતે અનિયંત્રિત મૂડીવાદથી ઉત્પાદન બેફામ વધી શકે પણ એથી લોકોને ફાયદો થાય નહીં, કારણ એથી મૂડીનો સંચય થાય, દ્રવ્યની અસમાન વહેંચણી વધુ વિષમ થાય. આથી ઉલ્ટું, જો યંત્રોને અને યંત્રવાદને ન સ્વીકારીએ અને બધું ઉત્પાદન નાના નાના ઉદ્યોગો મારફતે કરીએ તો દુનિયાની હરિફાઈમાં આપણે ટકી જ ન શકીએ. માલના ઉત્પાદનની સપાટી પણ નીચી જ રહે. આપણી આજે સૌથી વધુ અગત્યની વસ્તુ અનાજ છે. પરદેશને આધારે આપણે રહેવું પડે છે અને આપણું મોંઘું હુંડિયામણ અનાજની પાછળ ખર્ચાય છે. અનાજ બાબતમાં જેટલું જલ્દી આપણે સ્વાવલંબનની સ્થિતિની નજીક આવીએ એટલું વધુ સારું. આવી રીતે વપરાશની ચીજો પણ આપણે ખૂબ બનાવવા ઈચ્છીએ, જેથી પરદેશથી માલની આયાત ન કરવી પડે. તેવી રીતે બહારથી મશીનરી વિ. લાવી દેશમાં માલ ઉત્પાદન કરવાની પણ તેટલી જ જરૂર છે. આમ શું કરવું, કેટલું કરવું, કેવી રીતે કરવું એ બધા આપણા મુંઝવતા સવાલો છે. નિયોજનની દરેક દરેક ભલામણ સામે વિરૂદ્ધ દલીલ કરી શકાય કે "આમાં તમે ઓછું ખર્ચો છો, આ નકકી કરેલી રકમ નજીવી છે, આ બાબતમાં તમારું લક્ષ્ય બહુ નીચું છે." વિ. પણ રાષ્ટ્રીય નિયોજન સમક્ષ જાતજાતની જટિલ સમસ્યાઓ છે, જેનો તેમણે દેશની દૃષ્ટિએ સર્વાંગી વિચાર કરી, વિરોધાભાસ હોય છતાં નજીક લાવી, ગુણદોષના મુલ્યાંકન કરી, તોડ લાવી, એક અર્થતંત્રની વિચારધારાનું માળખું તૈયાર કર્યું છે.

આમ આ પંચવર્ષીય આયોજનનું એક મુખ્ય ધ્યેય આપણા અર્થતંત્રને આપણી દેશની મહાત્વાકાંક્ષાઓને અનુરૂપ એવો ઘાટ આપવાનું છે. આખો નકશો એવી રીતે તૈયાર કરવાનો પ્રયત્ન થયો છે કે જેથી યોગ્ય ચણતર પાયામાંથી મજબુત રીતે ઉભું થઈ શકે. આ તો પહેલું આયોજન છે. આપણે આર્થિક રીતે ઉંચા આવવા માટે તો આવી કેટલીયે પંચવર્ષીય યોજનાઓ બનાવવી પડશે, તપાસવી પડશે અને તનતોડ મહેનત કરી, બધાનો સંપૂર્ણ સહૃદયી સહકાર મેળવી અમલી બનાવવી પડશે.

રશિયામાં પણ શરૂઆતમાં આયોજન કાગળ ઉપર અને વ્યાખ્યાનોમાં જ હતું. તેનો સુયોગ્ય પ્રચાર થયા પછી તે એક

મજબુત આર્થિક પ્રવાહ બની શકયો. મધ્યસ્થ નિયોજનનું તંત્ર સ્થપાયા પછી પણ તે દેશના આર્થિક પ્રશ્નોનું આવું સ્વરૂપ સમજતાં અને તેની વિષમતા અને તેનો ઉકેલ લાવવા આવશ્યક તંત્ર પોતાની સુયોગ્યતા લાવી શકે તેમાં સમય લાગ્યો હતો. રશિયામાં પણ પહેલી પંચવર્ષીય યોજનાએ પછીની બીજી બે પંચવર્ષીય આયોજનની સફળતાનો નકકર પાયો નાંખ્યો હતો. પ્રથમ પંચવર્ષીય આયોજન દરમ્યાન નિયોજનતંત્રને ખૂબ અનુભવ પ્રાપ્ત થયો, પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડયો અને તેવી રીતે આખું તંત્ર નિયોજનને સારૂ અનુરૂપ થયું અને એકવાર યોગ્ય વાતાવરણ તૈયાર થયું, પરિસ્થિતિ ઉપર સાચો કાબુ સ્થપાયો પછી ઝડપથી પ્રગતિ થવા લાગી. આપણા દેશમાં પણ તે જ પ્રમાણે થઇ શકે.

અનાજ અને ખેતીને લગતો વિષય લઇએ તો આપણે ત્યાં આંકડાઓ જાતજાતના છે. સાચી પરિસ્થિતિ, આંકડાઓ, વિગતો અને હકીકતો જણાવાનું મુશ્કેલ છે. એટલે નિયોજનનું કામ સાચી પરિસ્થિતિ જણાવાનું પણ મુખ્યત્વે છે. અનાજ ઉપર અંકુશ રાખવો કે નહીં તેની લાંબી ચર્ચાઓ દરમ્યાન જાતજાતના આંકડાઓ બંને પક્ષે રજુ થતા રહ્યા છે, એટલે નિયોજનપંચનું એક કામ તો એ છે કે વાસ્તવિક સ્થિતિનું મૂલ્યાંકન કરવું અને પછી તેમાં ફેરફારો શું થઇ શકે તે તપાસવું.

પંચવર્ષીય યોજનાની પહેલાં જે રૂપરેખા દોરવામાં આવી હતી તે તપાસીએ તો તે મુજબ તે આયોજનનો ખર્ચ રૂા. ૧૪૯૩ કરોડ થવાનો હતો. તે યોજના મુજબ તે રકમના

૧૨.૮ ટકા ખેતી અને ગ્રામ વિકાસ માટે
૩૯.૨ ટકા નેહરો અને વિદ્યુતશકિત માટે
૨૬.૧ ટકા વાહનવ્યવહાર અને સંદેશવાહક સાધનો માટે
૬.૧ ટકા ઉદ્યોગો માટે
૧૭.૦ ટકા સામાજીક ઉન્નતિ માટે
૫.૩ ટકા વસાહત વિ. માટે
૧.૯ ટકા બીજા કાર્યો માટે વપરાવાના હતા.

ખેતી અને ગ્રામવિકાસની યોજનાઓનો લાભ ગ્રામવિસ્તારોને, પશુ ધનને, જંગલની સંપત્તિને, સહકારી પ્રવૃત્તિને, માછીમારના ધંધાને, ગામડાને સુધારવા અંગેની વિવિધ પ્રવૃત્તિઓને મળવાનો હતો. આને પરિણામે નેહરોના મોટા બાંધકામો, નાના નાના બાંધકામો, જમીનની સુધરાઇ, નવી જમીનનો ખેતી માટે વપરાશ, ખાતર અને સારા સારા બીઆનું વિતરણ, વિ. વિ. મારફતે દેશની ખેતીને થવાનો હતો અને અનાજ, શણ, રૂ, તેલીબીઆં, શેરડી વિ.નાં વાવેતરો અને ઉત્પાદન વધવાના હતા. જે જે રકમો નહેરો વિ.ના બાંધકામ પાછળ ખર્ચાવાની હતી તેથી એક તો એટલું વાવેતર વધતું હતું, પાણીનો પુરવઠો એટલા પ્રમાણમાં વધવાનો હતો, વીજળીક શકિતનું ઉત્પાદન વધવાનું હતું અને તેથી ખેતીમાં નાના યંત્રો લાવી શકવાના સંભવ સાથે ઉદ્યોગોને પણ ફાયદો હતો. ઉદ્યોગોમાં જે રકમ ખર્ચવાનો અંદાજ હતો તેથી મોટા અને નાના ઉદ્યોગો જેવા કે ડીઝલ એન્જીનો, સીમેન્ટ, કાપડ, રસાયણો, રંગો, કાગળ, લોખંડ, પોલાદ, ખાંડ એ બધી ચીજોનું ઉત્પાદન વધવાનું હતું. આવી રીતે વાહનવ્યવહારમાં નિયોજનની મદદ વિ. રેલ્વેઓ, રસ્તાઓ, વાહનો, વહાણવટુ, વિમાન-માર્ગો, બંદરો, આંતરિક જળમાર્ગો, તાર-ટપાલ, બ્રોડકાસ્ટીંગ, વિ. બધાને ફાયદો થવાનો હતો. આપણા દેશના બહુજન સમાજને ઉપયોગી આ નિયોજન છે. તેથી શિક્ષણ, આરોગ્ય, મકાનો, મજુર-સ્વાસ્થ્ય પછાત વર્ગોને મદદ એ બધાનો સમાવેશ તો હોવો જ જોઇએ એ નિઃશંક છે. મૂડી-મજૂરીના સંબંધો નિયોજન મુજબ પહેલાની જેમ શોષક-શોષિતના તો ન જ હોઇ શકે એવી રીતે જમીનદારી પદ્ધતિ પણ છે તેવી ને તેવી ન ટકી શકે અને તેમાં આવશ્યક ફેરફારો સૂચવાય એ દેખીતું છે.

પહેલાની રૂપરેખા પ્રમાણે મધ્યસ્થ સરકાર મારફતે રૂ. ૭૩૪ કરોડ, 'અ' વર્ગના રાજ્યો મારફતે રૂ. ૫૬૦ કરોડ, 'બ' વર્ગના રાજ્યો મારફતે રૂ. ૧૭૧ કરોડ અને 'ક' વર્ગના રાજ્યો મારફતે રૂ. ૨૮ કરોડ એમ કુલ્લે રૂ. ૧૪૯૩ કરોડ ખર્ચાવાના હતા.

આ બધી રકમો ભેગી કરવા માટે જમીનમહેસૂલ, વારસાવેરા, વેચાણ વેરો, રંજન વેરો, વિકાસ વેરો, વાહન વેરો, વિ. વેરાઓનો ઉપયોગ થવાનો હતો અને ખર્ચમાં કરકસર કરવા માટે ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત પરદેશની મદદ ઉપર પણ આધાર રાખવામાં આવ્યો હતો. આ બધું અને અમેરિકા અને કેનેડાઓ પ્રાંતની મદદો, સ્ટર્લીંગ પૂરાંત વિ. બધાને ગણતરીમાં લેવા છતાં આપણને નાણાકિય ખેંચ રહેવાનો પૂરો સંભવ હતો અને તેથી "ઉભા કરેલા પૈસા" (created money) પર પણ આપણે આધાર રાખવો પડે તેમ હતું.

પરસેવા વગર પૈસો નથી મળતો તેમ પ્લાનીંગ પણ થતું નથી. ભવિષ્યમાં ફાયદો જોઇતો હોય તો અત્યારે દેશે પેટે પાટા બાંધવા જ જોઇએ. દેશના બધા વર્ગોએ અથાગ મહેનત કરી, શકયતઃ ભોગ આપી, બચત કરી, પરિશ્રમ કરી, નિયોજનને સફળ બનાવવા યત્નશીલ થવું રહ્યું. છીએ ત્યાંને ત્યાં રહેવા માટે પણ નિયોજનની જરૂર છે. મર્યાદિત સાધનો દ્વારા થોડુંક ઉત્પાદન ધારો કે વધારીને પણ જો વસ્તી તેના કરતાં વધુ વધે તો છીએ તે કરતાં પણ નીચે ઉતરી આવીએ. વસ્તીનો પ્રશ્ન આપણો એક ઘણો મુંઝાવતો પ્રશ્ન છે. વસ્તીના સંભવિત, વધારાને પહોંચી વળી, ઉત્પાદન એટલું વધવું જોઇએ કે જેથી માથાદીઠ ઉત્પાદન વધે. સરકારની પોતાની પાસે તો તીજોરી છે નહીં કે કરોડોની રકમો ફાવે તેમ કાઢી શકે. કરોડોની યોજનાઓ કરવા છતાં એ બધી રકમો આકાશમાંથી પણ નીચે આવવાની નથી. લોનો અને જમીનગીરીઓ દ્વારા લોકો પોતાની બચત સરકારને વાપરવા આપી શકે અથવા તો કરવેરા મારફતે લોકો આપી શકે. વધારાના કરવેરા અથવા કરવેરામાં વધારા અને બચતના પ્રશ્નો પણ મુશ્કેલીભર્યા છે. નિયોજનની સફળતાનો આધાર લોકો તરફથી નાણાકિય રીતે અને બીજી રીતે સરકારને કેટલો સહકાર મળે છે તેની ઉપર નિર્ભર છે. રાષ્ટ્રીય આયોજન રાષ્ટ્ર માટે છે, લોકો માટે છે તેથી લોકોનો સહકાર સરકારને મળવો જોઇએ. સરકારે તે મેળવવા યોગ્ય વાતાવરણ ઘડવું જોઇએ. ધરખમ ખર્ચ થવાનો છે તેથી તે ખર્ચ બરાબર છે તે સરકારે કસી જોવું જોઇએ, નાણું વેડફાવું ન જોઇએ અને તે ખર્ચથી લોકોને સીધો ફાયદો થવો જોઇએ.

રાષ્ટ્રીય આયોજનની આખરી યોજનાની વિગતો આપણે હવે પછી જોઇશું.

અપૂર્ણ

કાન્તિલાલ બરોડિયા

સ્વ૦ મણિભાઇ સ્મૃતિ ફંડ

જે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહમાં વપરાવાનું છે.

	૧૧૬૧૯	અગાઉ સ્વીકારેલા
*	૫૧	ધી બોમ્બે મશીન ટુલ્સ એન્ડ હાર્ડવેર કોર્પોરેશન
*	૫૧	ધી વિનસ ટ્રેડીંગ કું.
*	૫૧	શ્રી સુંદરલાલ એન. શાહ
	૫૧	ધી એન. દેસાઇ એન્ડ કું.
	૫૧	ધી શિશિર એન્ડ કું.
	૫૧	ધી જયંત એન્જીનીઅરીંગ એન્ડ મીલ સ્ટોર્સ
*	૭૧	ધી જગદીશ એન્ડ કું.
	૧૧	ધી રેપ્યુટ એન્જીનીઅરીંગ કું.
*	૧૦૧	ધી પારેખ ટ્રેડીંગ કું
*	૫૧	ધી એમ. એસ. દેસાઇ એન્ડ કું.
*	૫૧	ધી હરકીશનલાલ સોમનાથ એન્ડ કું.
*	૧૦૧	ધી એમ. ઓ. વાડીઆ એન્ડ કું.
	૧૨૩૧૧	

* આ નીશાનીવાળા પૈસા આવવા બાકી છે.

સંઘ સમાચાર

તા. ૭-૨-૫૩ શનીવારના રોજ મળેલી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ સંઘના ઉપપ્રમુખની ખાલી પડેલી જગ્યાએ શ્રી. લીલાવતીબહેન ઢેલીદાસની નીમણુક કરી છે. આ ઉપરાંત શ્રી પરમાનંદભાઇનો લગભગ ૨૫૦ પાનાનો લેખ સંગ્રહ સંઘ તરફથી પ્રગટ કરવાનો નિર્ણય કર્યો છે.

ડો. ઇન્દ્રને વિદાયમાન

ડો. ઇન્દ્ર સંઘના સભ્ય છે અને આ વખતની ચૂંટણીમાં તેઓ કાર્યવાહક સમિતના એક સભ્ય તરીકે ચુંટાયા છે, તેઓ મુંબઇમાં સ્થાયીપણે રહેશે અને સંઘને તેમ જ પ્રબુદ્ધ જૈનને તેમની વિદ્વત્તાનો સારો લાભ મળશે એવી આશા સેવવામાં આવતી હતી. પણ તેમના અંગત સંયોગો તેમને અહિંથી કાશીમાં આવેલા પાર્શ્વનાથ વિદ્યાશ્રમ તરફ લઈ જાય છે અને ત્યાંથી થોડા સમયમાં વિશિષ્ટ અભ્યાસ માટે તેમનું પરદેશગમન થાય તેવો સંભવ છે. આ રીતે તેઓ સંઘની પ્રવૃત્તિથી છુટા પડતા હોઇને સંઘના સભ્યો તરફથી તેમને વિદાયમાન આપવા માટે તા. ૨૦-૨-૫૩ શુક્રવાર સાંજના ૬-૧૫ વાગ્યે ધનજી સ્ટ્રીટમાં આવેલા સંઘના કાર્યાલયમાં એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું છે. આ પ્રસંગે ડો. ઇન્દ્ર જૈન સમાજ તેમ જ જૈન ધર્મને લગતા કેટલાક પ્રશ્નો સંબંધમાં પ્રસંગોચિત વ્યાખ્યાન પણ આપશે. સંઘના દરેક સભ્યને આ પ્રસંગે હાજર રહેવા આગ્રહપૂર્વક વિનંતિ છે

લોણાવલા પર્યટણ કાર્યક્રમ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને વિદિત થાય કે સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી લખમશી ઘેલાભાઇ તરફથી સંઘના સભ્યોને લોણાવલા આવવાનું નિમંત્રણ મળ્યું છે અને તેમના નિમંત્રણને માન આપીને સંઘના સભ્યોનું તા. ૧-૩-૫૩ રવિવારના રોજ પર્યટણ ગોઠવવામાં આવ્યું છે. આ પર્યટણમાં સંઘના સભ્યોને સહકુટુંબ જોડાવા આગ્રહપૂર્વક નિમંત્રણ આપવામાં આવે છે. આ પર્યટણમાં સામેલ થવા ઇચ્છતા સભ્યોએ તા. ૨૫-૨-૫૩ બુધવાર સાંજ સુધીમાં સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ) ખબર આપવાની છે અને નીચેના દર મુજબ રકમ ભરી જવાની છે:—

૧૨ વર્ષથી મોટી ઉમ્મરના જણ દીઠ રૂ. ૫.
૧૨ વર્ષની નીચેની ઉમ્મરના જણ દીઠ રૂ. ૨॥.

પર્યટણ માટે નિયત કરેલી બસ પાયધુની ટી. જી. શાહના મકાનેથી સવારના બરોબર સાત વાગે ઉપડશે. ત્યાર બાદ (૧) ઓપેરા હાઉસની બાજુએ, (૨) માટુંગા કીંગ સરકલની બાજુએ, (૩) ધારકોપર આગ્રા રોડ ઉપર આવેલી દેસાઈની વાડીની બાજુએ, આટલાં સ્થળોએ બબ્બે મીનીટ અટકશે અને ત્યાંથી સીધી લોણાવલા સ્ટેશન નજીક બોંબે-પૂના રોડ ઉપર આવેલા 'સાગર મહાલ' જઈ પહોંચશે. લોણાવલાથી કાર્લાની ગુફાઓ જોવા જવાનો તેમ જ શક્ય હશે તો અન્ય જોવાલાયક સ્થળોએ જવાનો કાર્યક્રમ ગોઠવવામાં આવશે. સાયંકાળે લોણાવલાથી નીકળીને સમસ્ત મંડળીને મુંબઈ પહોંચાડવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

સગીરને દીક્ષા આપવાનો મનાઈહુકમ

પ્રબુદ્ધ જૈનના વાંચકોને યાદ હશે કે ગયા વર્ષના માર્ચ માસ દરમિયાન પ્રિયંવદા નામની એક તેર વર્ષની છોકરીને દીક્ષા આપવા માટે મુંબઈ લઇ આવવા તેનો બાપ તલકચંદ લાલચંદ તૈયારી કરતો હતો એવામાં ત્યાંના એક જાણીતા સામાજિક કાર્યકર્તા બહેન શ્રી સરોજબહેન વેણીભાઈ પટેલે તે છોકરીને મુંબઇ લઇ જતી અટકાવવાનો અમદાવાદની કોર્ટ પાસેથી હુકમ મેળવ્યો હતો અને પોતાને તે છોકરીની વાલી નીમવાની અને તેને દીક્ષા અપાતી અટકાવવાની કોર્ટ સમક્ષ માંગણી કરી હતી. ત્યાર બાદ તે કેસ અમદાવાદની સીવીલ કોર્ટના આસીસ્ટન્ટ જજ શ્રી એમ. ટી. વિજયકર સમક્ષ અમદાવાદના જાણીતા એડવોકેટ શ્રી પ્રભુદાસ પટવારીએ ચલાવ્યો અને તા. ૩-૨-૫૩ ના રોજ નામદાર કોર્ટે પ્રિયંવદાને દીક્ષા આપવાની તે પરિપક્વ ઉમ્મરની ન થાય ત્યાં સુધી અટકાયત કરનારો ચુકાદો આપ્યો છે. આ ચુકાદો નીચે મુજબ છે:—

૧. "આ અરજ ગુજરનાર શ્રી સરોજબહેન વેણીભાઈ પટેલે નીચેના સંયોગોમાં આ અરજી પેશ કરી છે. પ્રતિવાદી તલકચંદ લાલચંદ શાહ ૧૪ વર્ષની પ્રિયંવદા નામની સગીર છોકરીનો પિતા છે. તે ધર્મે જૈન છે. તેની પુત્રી પ્રિયંવદા તેના પિતા તલકચંદ સાથે રહે છે. અરજ ગુજરનારે ફરિયાદ કરી હતી કે આ સગીર પ્રિયંવદાને જૈન સાધ્વી બનાવવા માટે તરતમાં મુંબઈ ખસેડવામાં આવનાર છે એવી તેને ખબર મળી હતી. આ સગીર છોકરી શારીરિક તેમ જ બૌધ્ધિક દ્રષ્ટિએ તદ્દન અપરિપક્વ છે અને પ્રતિવાદીની અનુમતિપૂર્વક જે પગલું ભરવાને તે તૈયાર થઈ છે તેનાં પરિણામો સમજવાની સ્થિતિમાં નથી. આ પગલું સગીર છોકરીના હિતની વિરુદ્ધ હોઇને તેના વાલી તરીકે અન્ય કોઈ વ્યકિતને નીમવાની જરૂર ઉભી થઇ છે. આમ હોવાથી અરજ ગુજરનારે માંગણી કરી હતી કે ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટની નવમી કલમ નીચે અરજ ગુજરનારને પોતાને આ સગીર છોકરીની વાલી નીમવી જોઇએ.

૨. આ ઉપરથી પ્રતિવાદી સામે નોટીસ કાઢવામાં આવી હતી. કોર્ટની રજા સિવાય કોર્ટના હુકમત પ્રદેશબહાર આ સગીર છોકરીને ખસેડવાનો પ્રતિબંધ કરતો હંગામી મનાઈ હુકમ પણ આપવામાં આવ્યો હતો. તેમાં પ્રમાણપુરાવા (exibit) તરીકે પ્રતિવાદીએ લેખિત નિવેદન રજુ કર્યું છે. આ નિવેદનમાં સાધુ કે સાધ્વી થતી વ્યકિતને થતા ફાયદાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

૩. શ્રી પટવારી અરજ ગુજરનાર તરફથી ઉભા રહ્યા છે; શ્રી એમ. એમ. શાહ પ્રતિપક્ષ તરફથી ઉભા રહ્યા છે.

૪. પ્રિયંવદા જ્યાં સુધી પુખ્ત ઉમ્મરની ન થાય ત્યાં સુધી ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટ નીચે તેની જાતનો વાલી નીમવો એ તેના ભલામાં છે કે નહિ એ પ્રશ્નનો અહિં નિર્ણય કરવાનો છે.

૫. મારો જવાબ હકારમાં છે.

કારણો

૬. અરજ ગુજરનાર એક સામાજિક કાર્યકર્તા છે, અમદાવાદની જ્યુવેનાઇલ કોર્ટના લેડી પ્રોબેશન ઓફીસર છે અને રાવસાહેબ મહીપતરામ રૂપરામ અનાથાશ્રમના મંત્રી તરીકે કામ કરે છે. સમાજસેવાના હેતુથી તેમ જ સગીર પ્રિયંવદાના ભલાને માટે આ અરજી પેશ કરવામાં આવી છે. આને લીધે આ કેસમાં ઉશ્કેરાટ ભરેલા આક્ષેપો અને પ્રતિઆક્ષેપોનો સદન્તર અભાવ જોવામાં આવે છે અને માત્ર કોનું શેમાં કલ્યાણ રહેલું છે એ ધોરણે જ આ કેસ ચલાવવામાં આવ્યો છે.

૭. અરજ ગુજરનારે તેમજ તેના પક્ષમાં કેફિયતો રજુ કરનારાઓએ જણાવ્યું છે કે આ સગીર છોકરી માનસિક તેમ જ

બૌદ્ધિક દૃષ્ટિએ એટલી બધી અપરિપક્વ છે કે સાધ્વી થવું એટલે શું તેને લગતાં બધાં પરિણામો તેના ખ્યાલમાં હોય ન જ શકે.

૮. પ્રતિવાદી અને તેના પક્ષકારો આવી દીક્ષાના અગણિત ફાયદાઓને આગળ ધરી રહ્યા છે. આ ફેક્ટિયત કરનારા ગૃહસ્થો પોતે આવા ફાયદાઓનો લાભ કેમ ઉઠાવતા નથી એ પ્રશ્નને બાજુએ રાખીએ તો પણ આ સગીર છોકરીના હિતની દૃષ્ટિએ આ બાબતમાં કોર્ટે દરમિયાનગીરી કરવી જરૂરી છે કે નહિ તે પ્રશ્નની સંભાળપૂર્વક છણાવટ થવાની જરૂર છે.

૯. મારા પુરોગામીને આ બાબતમાં કાંઈ પણ હુકમ કરતાં પહેલાં પ્રિયંવદાને જાતે તપાસવાની જરૂર લાગી હતી અને તેમણે તે મુજબ કર્યું હતું જે તદ્દન ઉચિત હતું. તેના પરિણામે સગીરે નિવેદન કર્યું હતું જે ૨૯ માં પ્રમાણે પુરાવા તરીકે કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યું છે. આ નિવેદન તપાસતાં મને એમ જણાવતાં કશો પણ શક નથી કે આ છોકરી બૌદ્ધિક તેમ જ શારીરિક દૃષ્ટિએ તદ્દન અપરિપક્વ છે, એટલું જ નહિ પણ જે જૈન ધર્મે તેના ઉપર એટલી બધી અસર નીપજાવ્યાનું કહેવામાં આવે છે કે સામાન્ય માનવીઓ જે માર્ગે જાય છે તે ચાલુ માર્ગનો ત્યાગ કરવામાં અને જેમાંથી પાછા ફરવાપણું નથી એવો જીંદગી સુધીનો અત્યન્ત કઠણ સાધુ-માર્ગ સ્વીકારવામાં જ પોતાનો મોક્ષ રહેલો છે એમ તે માની રહી છે—આ જૈન ધર્મ એટલે શું તેનો તેને લેશ માત્ર ખ્યાલ નથી.

૧૦. મને લાગે છે કે સાધ્વીજીવનની સર્વ બાજુઓ બરાબર સમજવા માટે અને તે વિષય ઉપર સ્વતંત્ર વિચાર કરવા માટે આ છોકરી હજુ ઘણી નાની છે. જો આ છોકરી સાધ્વીનું જીવન સ્વીકારવા તરફ બરોબર ઢળેલી હોય તો હું તેના માર્ગમાં આડે આવવા નથી માંગતો. પણ તેની બુદ્ધિ પુરેપુરી પરિપક્વ થાય અને તેના ઉપર બહારનું દબાણ હોવાનો કશો પણ સંભવ ન રહે, પછી ભલે તેને કરવું હોય તે કરે. તેને જૈન ધર્મના બધા સિદ્ધાન્તો અને માન્યતાઓનો બધા દૃષ્ટિકોણથી અભ્યાસ કરવા દો અને તેની બુદ્ધિ પરિપક્વ થાય અને પોતા વિષે તે સ્વતંત્ર રીતે વિચાર કરવાને યોગ્ય થાય અને ત્યાર બાદ સાધ્વી થવાની તેની ઇચ્છા ચાલુ રહી હોય તો તે પોતાના અન્તઃકરણના આદેશ મુજબ વર્તવાને તદ્દન સ્વતંત્ર હશે જ. પણ આ સમય પાકે ત્યાં સુધી મને જણાવવાની ફરજ પડે છે કે આજની ઘડિએ તેની જાતનો કોઇ વાલી નિમાય તે જરૂરનું છે.

૧૧. આ વાલી કોને નિમવો તે નક્કી કરવું તે બીજો પ્રશ્ન છે. અરજ ગુજારનાર જણાવે છે કે તેને પોતાને આ છોકરીની વાલી નીમવી જોઇએ અને છોકરીનો કબજો પ્રતિવાદીને એવા હુકમ સાથે સોંપાવો જોઇએ કે સગીરને કોર્ટની સત્તાપ્રદેશની બહાર ખસેડી નહિ શકાય અને તે પુખ્ત ઉમ્મરની થાય ત્યાં સુધી તેને દીક્ષા આપી નહિ શકાય. હવે ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટના ૧૯ મી કલમ નીચે ચોક્કસ સંયોગોમાં કોર્ટ સગીર છોકરીની જાત અને મીલકત માટે વાલી નીમી શકે છે. પ્રસ્તુત કીસ્સામાં પ્રતિવાદી જે પ્રિયંવદાનો સગો પિતા છે તે સગીરનો વાલી થવા માટે નાલાયક છે એમ માનવાને કશું કારણ રજુ કરવામાં આવ્યું નથી. તેણે પોતાની દીકરીને ઉતાવળે દીક્ષા આપવા માટે દોડાદોડ કરી મૂકી એટલા ઉપરથી આ છોકરીનો ગાર્ડીયન થવા માટે તે નાલાયક છે એમ પુરવાર થતું નથી. સંભવિત છે કે તેના ધાર્મિક ઝનુને સગીરનું ખરું કલ્યાણ શેમાં રહેલું છે તે સમજવા આડે તેને થોડા વખત માટે અંધ બનાવી દીધેલ હોય મને ખાત્રી છે કે જો તે શાન્તિથી અને સમભાવથી ક્ષોભ-મુક્ત બનીને આ બાબતનો વિચાર કરશે તો પોતાની છોકરી મોટી થાય, આસપાસની દુનિયા જુએ, અને પુરો પરિપક્વ વિચાર કરીને પોતાના અન્તઃકરણના આદેશ અનુસાર વર્તે—તેમાં રહેલા ફાયદાઓનું તેને પોતાને પણ સાચું ભાન થશે. આમ હોવાથી સગીર પ્રિયંવદા માટે અન્ય કોઇને વાલી નીમવાની જરૂર નથી.

૧૨. જો કે પિતા પોતે સગીરનો સ્વાભાવિક વાલી હોવાથી સગીરની જાતનો અન્ય કોઇને વાલી નીમવાની મને જરૂર લાગતી નથી, આમ છતાં પણ સગીરના કલ્યાણની દૃષ્ટિએ જરૂરી છે અને આ પ્રશ્ન મારી સામે ઉપસ્થિત કરવામાં આવ્યો છે તેથી કોર્ટની પરવાનગી મેળવ્યા સિવાય સગીરને કોર્ટના હુકમત પ્રદેશની બહાર લઈ જવાની સગીરના સ્વાભાવિક વાલી તરીકે તેના બાપને મનાઇ કરવામાં આવે છે અને તે ઉપરાંત જ્યાં સુધી આ છોકરી ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટ મુજબ પરિપક્વ ઉમ્મરની ન થાય ત્યાં સુધી આ છોકરીને સાધ્વી બનાવવા માટે કોઇને આપવાની તેના બાપને મનાઇ કરવામાં આવે છે તેમ જ આ છોકરી સ્વતઃ દીક્ષા લઇ ન લે એ બાબતની પુરી સંભાળ રાખવાનો તેના બાપને હુકમ કરવામાં આવે છે. ખર્ચ સંબંધે કશો હુકમ કરવામાં આવતો નથી."

આવો ચુકાદો આપીને બાલદીક્ષા અટકાવવા માટે આસીસ્ટન્ટ જજ શ્રી એમ. ટી. વિજયકરને તેમ જ પ્રિયંવદાને સાધ્વી થતાં બચાવી લેનાર શ્રી સરોજબહેન પટેલને તથા આ માટે કુશળતા-પૂર્વક લડનાર મુંબઇની ધારાસભાના સભ્ય શ્રી પ્રભુદાસ પટવારીને જૈન સમાજના અનેકશઃ ધન્યવાદ ઘટે છે. જ્યાં જ્યાં આવી બાલ-દીક્ષાઓ અપાવાની પેરવી ચાલતી હોય-પછી તે છોકરો હોય કે છોકરી અને દીક્ષા આપનાર શ્રી વિજયવલ્લભસૂરિ જેવા સુધારક ગણાતા સૂરિસમ્રાટ હોય કે શ્રી વિજયરામચંદ્રસૂરિ જેવા પ્રત્યાઘાતી ગણાતા જુનવાણી આચાર્ય હોય-ત્યાં ત્યાં આ ચુકાદાને લક્ષ્યમાં રાખીને ત્યાંના જૈન યુવકો પોતાથી બને તેટલું કરી છૂટે અને આવી અક્ષમ્ય દીક્ષાને અટકાવે.

પરમાનંદ

પ્રકીર્ણ નોંધ

શ્રી કસ્તુરભાઇ બાલાભાઇનો અકાળ સ્વર્ગવાસ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સદ્‌ગત શ્રી કસ્તુરભાઇ બાલા-ભાઇ ઝવેરીનું ૫૧ વર્ષની ઉમ્મરે તા. ૬-૨-૫૩ ગુરૂવારના રોજ અણધાર્યું એકાએક અવસાન થયું અને સામાન્યતઃ વિરલ એવા એક સજ્જનની આપણા સમાજને ખોટ પડી. તેઓ ઝવેરાતનો ધંધો કરતા હતા અને ભાવનાશાળી જીવન જીવતા હતા. તેમનાં માતુશ્રી શ્રી ગંગાબહેન ઝવેરી સમાજહિતચિન્તક સુજ્ઞ સન્નારી તરીકે જૈન તેમ જ જૈનેતર સમાજમાં જાણીતા છે. કસ્તુરભાઇ એક કુશળ વ્યાપારી હતા, શીલસંપન્ન પતિ હતા, વાત્સલ્યપૂર્ણ પિતા હતા. અત્યન્ત નમ્ર, સદા કર્તવ્યપરાયણ, જાહેરાતથી હંમેશાં દૂર રહેનારા અને કોઇનું પણ પોતાથી બૂરું ન થાય એવા પાપભીરૂ સદ્‌ગૃહસ્થ હતા. સ્વલક્ષી છતાં નિરપદ્રવી તેમનું જીવન હતું. આવી વ્યકિતઓનો ગૃહસ્થાશ્રમ પણ એક સાધના હોય છે અને આવી સાધના વડે સમાજની દ્યુતિ, સંસ્કૃતિ અને સભ્યતા નિરન્તર પોષાતી રહે છે. તેમની સૌમ્ય સુંદર આકૃતિને અને ખાનદાનીભરી રીતભાતને તેમના પ્રસંગ યા પરિચયમાં આવેલા સૌ કોઇ બહુ લાંબા કાળ સુધી ભૂલી નહિ શકે. તેમનાં પત્ની શ્રી કાન્તાબહેન ઝવેરી જેઓ પણ મુંબઇ જૈન યુવક સંઘના એક સભ્ય છે તેમના પ્રત્યે તેમ જ તેમના બાળપરિવાર પ્રત્યે આ દુર્ઘટના પ્રસંગે સંઘ ઉંડા દિલની સહાનુભૂતિ વ્યકત કરે છે.

ત્રીજા વિશ્વયુદ્ધના સમીપ જઇ રહેલું આજનું જગત

યુનાઇટેડ સ્ટેટસના નવા પ્રમુખ આઇઝન હોવરની નવી ચાલથી દુનિયાની શાન્તિ ફરીથી જોખમાણી છે. હજુ ગઈ કાલ સુધી યુદ્ધ કોરીઆ પુરતું મર્યાદિત તેમ જ સ્થગિત દશામાં હતું અને તેનું પણ સમાધાન કરવાની વાટાઘાટો ચાલતી હતી. સંયુકત રાષ્ટ્રોની સહીસલામતી સમિતિનાં મુકાયલા હિન્દના પ્રસ્તાવને રશીઆએ

સ્વીકાર્યો હોત તો કોરીઆના યુદ્ધનો કદાચ અન્ત પણ આવી ગયો હોત. આજે ફોર્મોસા અને ચીન વચ્ચે દીવાલ રૂપે ઉભેલો અમેરિકન કાફલો ખસેડવામાં આવ્યો છે અને ફોર્મોસામાં બેઠેલા ચાંગ કા.ઇ શેકને આગળ વધવા પ્રેરણા આપવામાં આવી છે અને તે સાથે જ ચોતરફ સળવળાટ પેદા થયો છે અને ત્રીજા વિશ્વયુદ્ધની જાણે કે દુનિયા નજીક જઇ રહી હોય એવા ભણકારા વાગી રહ્યા છે. સુલેહ શાન્તિની વાતો કરતા અમેરિકાની આજની નીતિ એશીઆના પૂર્વ વિભાગમાં નવા દાવાનળો સળગાવવાની લાગે છે. આ રીતે દાવાનળ સળગશે તો તેટલા પ્રદેશ પુરતો તે મર્યાદિત રહેશે એમ માનવાને કશું જ કારણ નથી. રશીઆ ઓછું જ હાથ જોડીને બેસી રહેવાનું છે? ઇંગ્લેન્ડનું હોંગકોંગ તો જોત જોતામાં જોખમાવાનું છે. જાપાનની તટસ્થતા પણ કયાં સુધી જળવાવાની છે? અને આમ એશીઆમાં ઉલ્કાપાત ઉભો થાય તો યુરોપ શી રીતે અસ્પૃષ્ટ રહી શકવાનું છે?

અમેરિકાની ધારણા ફોર્મોસા બાજુએથી ચાંગ કાઇ શેક પાસે સામ્યવાદી ચીન ઉપર આક્રમણ કરાવીને ચીનને અકળાવવું અને કોરીઆ ઉપરની ચીનની જમાવટ ઢીલી કરવી અને કોરીઆ સર કરવું–આ પ્રકારની હોય એમ લાગે છે. કોરીઆ તાબે કરવાની વિચારણામાંથી આ નવી નીતિ અખત્યાર કરવામાં આવી છે. આટલી મુરાદ પાર પાડવામાં પણ બીજી બાજુએ કેટલો માનવી સંહાર થશે અને કેટકેટલી આફતો ઉતરશે તેની આ નવા સત્તાધીશને કશી દરકાર કે ચિન્તા નથી. અને આ રીતે અમેરિકા ધારે છે એ મુજબ જ બધું પાર ઉતરશે એમ માની લેવાને કશું જ કારણ નથી. યુધ્ધ એક જુગાર છે અને તેમાં ધારી ધટના બધી વખત નથી બનતી અને અણધાર્યા કંઈ કંઇ બનાવો બની જાય છે. રશીઆ અને ચીન સુલેહશાન્તિના ખુબ નગારાં વગાડે છે અને એમ છતાં સુલેહશાન્તિ સ્થપાય એવી કોઇ ઘડી આવે છે ત્યારે તેને ઠોકરે મારે છે. અમેરિકાને શાન્તિ જોઇતી નથી એમ નથી, પણ તેની આગળ વિપુલ સંપત્તિ અને પાર વિનાની શસ્ત્રસામગ્રી છે, અને મગજમાં ભય અને ખુમારી બન્ને છે. પ્રતિપક્ષ છુંદાઇ જાય અને કોઈ પણ બાજુએથી આક્રમણનો ભય ન રહે–એ પ્રકારની શાન્તિ અમેરિકા શોધે છે. આઇઝનહોવરના નવા પગલાએ શાન્તિની આશાને દૂર દૂર હડસેલી દીધી છે. આમાંથી ત્રીજા વિશ્વયુદ્ધનો વડનાવલ સળગી ઉઠે તો તેની તાત્કાલીન જવાબદારી અમેરિકાની લેખાશે. નજીકનું ભારી ભાર ચિન્તાજનક અને વિશ્વવ્યાપી કટોકટી ઉભી કરે એવું લાગે છે.

સૌરાષ્ટ્રની વેચાણ વેરા-લડત ની ઉડતી સમીક્ષા

પ્રબુદ્ધ જૈનનાં ગતાંકમાં આ લડતના નૈતિક રૂપરંગની જ્યારે ચર્ચા કરી ત્યારે આ લડત એકાએક સંકેલાઇ જશે એવી સ્વપ્નને પણ કલ્પના નહોતી. કોઇ પણ સરકારી કાર્ય સામે પ્રજા લડત ઉપાડે ત્યારે પ્રજાના મનનું સાચું સમાધાન થયા વિના લડત સંકેલાઇ જાય અથવા તો લડતના આગેવાનોને સંકેલવાની ફરજ પડે તો ભલે સરકારી વર્તુલો રાહત અનુભવે, પણ પ્રજાહિત-ચિન્તકો માટે સામાન્યતઃ એ આનંદનો વિષય હોતો નથી. પણ આ લડત એવા ખોટા પાયા ઉપર શરૂ કરવામાં આવી હતી અને લડતના સંચાલકોની માંગણી એવી અવ્યવહારૂ અને ગેરવ્યાજબી હતી, એટલું જ નહિ પણ એ માંગણીને પણ એવી રીતે પલટાવવામાં આવી હતી કે આ લડતમાં જો પ્રજાને અથવા તો લડત ચલાવનાર વર્ગને વિજય મળ્યો હોત તો તેનું લાંબદ્રોર પરિણામ સમસ્ત પ્રજા માટે ભારે ખતરનાક નીવડત અને પ્રજાઉન્નતિના સર્વ માર્ગોની કંઇ કાળ માટે રૂકાવટ થઇ જાત. આજે હિંદના અનેક પ્રદેશમાં વેચાણવેરો કેટલાએક સમયથી ચાલુ થઈ ચુકયો છે અને તેનો ભાર પ્રજાને બહુ આકરો નથી લાગતો અને એમ છતાં એ કરવેરો સરકાર માટે બહુ મોટી આવકનું સાધન બની રહેલ છે. જે વેચાણવેરો અન્ય પ્રાંતો માટે સુસહ્ય છે તેને સૌરાષ્ટ્ર માટે અસહ્ય જાહેર કરવો તે મૂળમાંથી જ વધારે પડતી વાત હતી, અસત્ય હતું. અલબત્ત આ કરવેરાના અમલમાં વેપારીઓ જે કાંઈ મુશ્કેલીઓ–અગવડો–કલ્પતા હોય તેનું સરકારે અવશ્ય નિવારણ કરવું જ જોઇએ, પણ અમારે કશા કરવેરા જ ન જોઇએ એમ કહેવામાં આવે તો રાજ્ય શી રીતે ચાલે અને આર્થિક ઉત્કર્ષની–ખેતીવાડી વિષયક અથવા તો ઉદ્યોગ વિષયક ઉત્કર્ષની–મોટી યોજનાઓ શી રીતે વિચારી શકાય?

પ્રસ્તુત લડતમાં એક તો વ્યાપારીઓની માંગણી જ અનુચિત હતી. બીજું લડત ચલાવવામાં અહિંસાની વાતો કરી અને ગુંડાગીરીનો માર્ગ અખત્યાર કરવામાં આવ્યો; સત્યને આગળ ધર્યું અને અસત્ય અને અત્યુક્તિભર્યા કેવળ લોકલાગણી ઉશ્કેરનારા અને વિનય વિવેક સભ્યતાથી વંચિત ભાષણોવડે લોકભાઓ ગરજાવી; જ્યાં શહીદી નહોતી ત્યાં શહીદીનું ઝુમરાણ મચાવ્યું. આ ઉપરાંત જે રાજકીય પક્ષોને વેચાણવેરા સામે કોઇ પણ પ્રકારનો તાત્ત્વિક વિરોધ હોવા સંભવ નહોતો તે પક્ષો કેવળ કોંગ્રેસ સરકારને મુંઝવવાના હેતુથી જ આ લડતમાં જોડાયા. શરૂઆતમાં વેચાણવેરો રદ કરવાની માંગણી કરવામાં આવી. પાછળથી રાજ્યવહીવટનો હીસાબ માંગવાની માંગણીને આગળ ધરવામાં આવી. પ્રચાર કાર્યમાં સાચા જૂઠાની, સભ્યતા અસભ્યતાની, હિંસા અહિંસાની કોઇ મર્યાદા ન રહી. આ પ્રકારની લડત કયાં સુધી ચાલે? લડત દરમિયાન જ્યારે સૌરાષ્ટ્ર સરકારે વેચાણવેરામાં કેટલીક મહત્ત્વની રાહતોની જાહેરાત કરી ત્યારે વ્યાપારીઓએ લડત પાછી ખેંચી લીધી હત તો ઉભય પક્ષ વચ્ચે માનભર્યા સમાધનની આબોહવા ઉભી કરી શકાઈ હોત. પરંતુ આ લડતમાં એવો કોઇ આગેવાન નહોતો કે જે આખી પરિસ્થિતિનો લાંબદ્રોર દૃષ્ટિએ અને વ્યવહારૂ ધોરણે વિચાર કરીને દોરવણી આપે અને એવો કોઇ આગેવાન હોત તો જે ટોળું આ લડત આસપાસ એકઠું થયું હતું તે ટોળું આવા આગેવાનને એક મીનીટ પણ ઉભો રહેવા દે તેમ નહોતું. આખરે વેપારીઓ અથવા તો લડત ચલાવવાવાળા લોકો થાકયા અને બીનસરતે લડતને પાછી ખેંચી લેવી પડી.

આ પરિણામથી તત્કાળ નિરાશાનું વાતાવરણ દેખાશે, પણ લાંબે ગાળે પ્રજામાનસ ઉપર તેની સારી અસર થયા વિના નહિ રહે. આને લીધે સરકારના કોઈ પણ કૃત્ય સામે લડત ઉપાડતાં પ્રજાના આગેવાનો દશગણો વિચાર કરશે; સરકારને સમજાવવાનો તેમ જ જરૂર પડયે સમજાવવાનો પણ પુરો પ્રયત્ન કરવામાં આવશે; આમ છતાં લડત અનિવાર્ય લાગશે તો પણ પ્રજા લાયક આગેવાનોના હાથમાં લડતનો દોર સોંપશે; લડતની નૈતિક ભૂમિકા અણીશુદ્ધ જળવાઇ રહે તેની તે આગેવાનો પુરી સંભાળ રાખશે અને યોગ્ય સમયે સરકાર સાથે સમાધાની કરવાની બાબતમાં પણ પુરી દક્ષતા દાખવશે. પ્રજામાં શાણપણ વધશે અને બીનજરૂરી આકુળ-વ્યાકુળતાના કેફથી પ્રજા મુકત બનશે.

'આફ્રિકા' ઉપર કાકાસાહેબ કાલેલકરનું પ્રવચન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૬-૨-૫૩ શુક્રવારના રોજ ઇન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરની વ્યાખ્યાનશાળામાં માન્યવર શેઠ પ્રાણજીવન દેવકરણ નાનજીના પ્રમુખપણા નીચે કાકાસાહેબ કાલેલકરનું 'આફ્રિકા' ઉપર એક જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. પ્રારંભમાં સંઘના પ્રમુખ શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆએ શ્રી પ્રાણલાલભાઇનો પરિચય આપ્યો અને તેમને સભાનું કામકાજ શરૂ કરવા વિનંતિ કરી. શ્રી પ્રાણજીવનભાઇએ કાકાસાહેબની અનેકવિધ સાહિત્યસેવાઓ વિષે વિસ્તારથી ઉલ્લેખ કર્યો, ઇન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરના મકાનમાં પહેલીવાર પધારવા માટે

કાકાસાહેબનો આભાર માન્યો. ભર્તૃહરિના શતકોમાંથી પસંદ કરીને વિવેચન સાથે પ્રગટ કરવામાં આવેલ કાકાસાહેબના સદ્‌બોધશતકની મુક્તકંઠે પ્રશંસા કરી અને આફ્રિકામાં વસતા અને ખાસ કરીને દક્ષિણ આફ્રિકાના હિંદીઓના પ્રશ્ન વિષે પ્રસંગોચિત વિવેચન કર્યું.

કાકાસાહેબે પોતાનું પ્રવચન શરૂ કરતાં જણાવ્યું કે "એ કોઇ ઇશ્વરી યોજના હોય એમ જણાય છે કે બેરીસ્ટરીના બેડાણ માટે હિંદમાં બહુ અવકાશ નથી એમ સમજીને ગાંધીજીએ કોઇ એક કેસના અંગે આફ્રિકાના કિનારે પગ મૂકયો ત્યારથી સામ્રાજ્યવાદનો અન્ત આવવાના અને દુનિયાની સુરત પલટાવાના ગણેશ મંડાયા. ત્યાં તેમણે સ્વાતંત્ર્યપ્રાપ્તિનો એક એવો માર્ગ શોધ્યો કે જેનું અવલંબન લઇને ભારતે પોતાની આઝાદી હાંસલ કરી. અને ત્યારથી જ રંગદ્વેષ સામેની લડાઇની ખરી શરૂઆત થઇ, જે આજે પણ આફ્રિકાના ભિન્ન ભિન્ન વિભાગોમાં ચાલી રહી છે. આ દુનિયામાં ખરી શાન્તિ સ્થપાવાને માટે આ પ્રશ્નનો ઉકેલ લાવવાનું અત્યંન્ત જરૂરી છે. કેટલાએક લોકો પૂર્વ પશ્ચિમના—રશીઆ અમેરિકાના—પ્રશ્નને વધારે અગત્યનો લેખે છે, પણ હું એમ નથી માનતો. રશીઆ અને અમેરિકા કદિ નહિ અથડાય એમ હું નથી કહેતો, પણ સામસામાં શસ્ત્ર ઉગામેતાં પરસ્પરના બળાબળનો સાચો પરચો આવી જતાં બન્ને પક્ષો એકમેકમાં જરૂર સંધિ સમાધાન કરી લેવાના અને એ વિગ્રહનો અણધારી રીતે બહુ જલ્દિથી અન્ત આવી જવાનો આમ મારૂં માનવું છે. પણ ગોરા કાળાનો પ્રશ્ન એટલી સહેલાઇથી કે જલ્દિથી ઉકેલાઇ જાય એવી આશા બંધાતી નથી. એક બાજુ સત્તાસ્થાન ઉપર સુપ્રતિષ્ઠિત ગોરો સમાજ છે બીજી બાજુએ નિર્બળ અસંગઠિત મોટો શ્યામવર્ણી માનવ સમાજ છે કે જે આજ સુધી ધુંધાતો કચરાતો શોષાતો ચુસાતો આવ્યો છે અને જે માનભર્યું સ્થાન અને સમાનતાના ધોરણે ન્યાયી રાજ્યવ્યવસ્થા માંગે છે. એક બાજુ ગોરાઓ છે; બીજી બાજુએ કાળા હબસીઓ છે અને વચ્ચે આપણા હિંદીઓ ઠીક ઠીક સંખ્યામાં ત્યાં વસી રહ્યા છીએ, અને વ્યાપારદ્વારા દ્રવ્યોપાર્જન એ આપણી ત્યાં મુખ્ય વૃત્તિ અને પ્રવૃત્તિ છે. આજે ત્યાંના કાળા માનવીએ માથું ઉંચકયું છે અને એવા વખતે આપણે નથી રાજ્યકર્તાઓની બાજુએ ઉભા રહી શકતા, નથી તટસ્થ બનીને ચાલી શકતા. ન્યાય શોધતાં અને સમાનતાનો હકક કરતા આફ્રિકનોની બાજુએ ઉભા રહેવું, તેની વ્યાજબી લડતને બને તેટલો ટેકો આપવો એ આપણો ધર્મ બને છે. આજ સુધી આફ્રિકનો પ્રત્યે આપણે અતડાપણું દાખવ્યું છે. આપણી શાળાઓમાં આફ્રિકનોને દાખલ કરતાં આપણે અચકાઇએ છીએ. આ અણગમો, આ ઉચ્ચ નીચની ભાવના આપણે છોડવી જોઇએ અને આફ્રિકનો સાથે આપણે તાદાત્મ્ય કેળવવું જોઇએ. આફ્રિકામાં ૪૦ થી ૫૦ હજાર અંગ્રેજો વસે છે; બે લાખ હિંદીઓ વસે છે; બાકી કરોડ આફ્રિકનો છે. આ બે લાખ હિંદીઓમાં ૮૦ ટકા ગુજરાતીઓ છે. આમ હોવાથી ત્યાંની અદ્યતન પરિસ્થિતિ ગુજરાત માટે સૌથી વધારે ચિન્તાનો વિષય બને છે. આપણી નીતિ આફ્રિકનો સાથે મૈત્રીની અને અંગ્રેજો સાથે અવૈરની હોવી જોઇએ" આમ પોતાનો મુખ્ય વિચાર રજુ કરતાં આફ્રિકાનો ઇતિહાસ, ગુલામી પ્રથાનાં મૂળ, આફ્રિકાનો હિંદ સાથેનો ભૌગોલિક સંબંધ, તે ખંડ ઉપર પથરાયલી બ્રિટનિશ યુરોપીય પ્રજાની હકુમતો, આફ્રિકાના ધર્મો વગેરે અનેક બાબતો કાકાસાહેબે ચર્ચી હતી અને છેવટે જણાવ્યું હતું કે "આજે જ્યારે હિંદને આઝાદી મળી છે અને નવરચનાના માર્ગે હિંદ આગળ વધી રહ્યું છે ત્યારે હવે મનમાં એવી ઇચ્છા થાય છે કે જીવનનાં અવશેષ વર્ષો આફ્રિકામાં ગાળું, કારણ કે એક જાણીતી પંકિત મુજબ મને પણ એમ જ લાગે છે કે 'My home is there where liberty is not' 'જ્યાં સ્વતંત્રતા નથી ત્યાં જ મારૂં વતન છે.'

પ્રમુખશ્રી, કાકાસાહેબ તથા હાજર રહેલાં ભાઇ બહેનોના આભારનિવેદન સાથે સભા વિસર્જન થઇ હતી.

દેવદ્રવ્યની સમસ્યા

જૈન સમાજના શ્વે. મૂ. વિભાગમાં ચાલતી કેટલીએક ધાર્મિક પ્રવૃત્તિઓમાં થતી આવકને દેવદ્રવ્યની આવક ખાતે જમે કરવામાં આવે છે અને આ દેવદ્રવ્યનો જિન મૂર્તિ અને મંદિરને લગતા કાર્યો માટે જ ઉપયોગ થઇ શકે અને અન્ય કોઇ સમાજહિતના કાર્યમાં તે કદિ વાપરી ન જ શકાય એવી કોઇ કાળથી રૂઢ થયેલી માન્યતા પ્રવર્તે છે. આ સંપ્રદાયમાં દાન કરવાને લગતાં ક્ષેત્રોની સાત ક્ષેત્રમાં વહેંચણી કરવામાં આવી છે. મંદિર. જ્ઞાન, સાધુ. સાધ્વી, શ્રાવક, શ્રાવિકા અને સાધારણ અને ક્રમશઃ ઉપરના ખાતામાં થયેલી આવક નીચેના ખાતામાં વાપરી ન શકાય એવી આ સંબંધમાં માન્યતા ધરાવવામાં આવે છે. આ રીતે દેવદ્રવ્યની રકમ નીચેના કોઇપણ ખાતામાં વાપરી ન જ શકાય, જ્યારે સાધારણ ક્ષેત્રમાં થયેલી આવક ઉપરના કોઇ પણ ક્ષેત્રમાં વાપરી શકાય એમ સહજપણે ફલિત થાય છે.

સાધારણ રીતે મૂર્તિપૂજક સમાજનું બળણ મંદિર અને મૂર્તિ તરફ ખૂબ જ પક્ષપાતવાળું રહ્યું છે અને તે કારણે તેમ જ અનેક પ્રકારના ધાર્મિક વહેમોના કારણે એ સમાજના દાનનો પ્રવાહ હંમેશાં મંદિર અને મૂર્તિ તરફ જ વહેતો રહ્યો છે. મંદિરમાં ચાલતી ધાર્મિક પ્રવૃત્તિઓને અંગે બોલાતી ઉછાણીની આવક દેવદ્રવ્ય ખાતે જમે કરવામાં આવે છે એટલું જ નહિ પણ સ્વપ્નાં ઉતારવા ઉપધાન તપ વખતે માળાને લગતું ઘી બોલવું અને એવી બીજી પણ અનેક ધાર્મિક પ્રવૃત્તિઓને અંગે થતી આવકને પણ દેવદ્રવ્ય ખાતે લઇ જવામાં આવે છે. પરિણામ એ આવે છે કે દેવદ્રવ્ય ખાતે જરૂર કરતાં ઘણી વધારે આવક જમે થાય છે, જ્યારે સાધારણ ખાતું કે જે જૈન સમાજના સર્વ ક્ષેત્રોને પોષનારૂં છે અને જ્યાં ખૂબ ખપ છે તે ખાતામાં ઘણી જ ઓછી આવક થાય છે. પરિણામે જૈન સમાજના ટકાવ તેમ જ ઉત્કર્ષ માટે જરૂરી એવી અનેક પ્રવૃત્તિઓ આવશ્યક દ્રવ્યના અભાવે કુંઠિત બને છે. આ વિષમ સ્થિતિ ટાળવાનો ખરો ઉપાય તો એક જ હોઇ શકે અને તે એ કે દેવદ્રવ્યના નામે થતી આવકમાંથી મંદિર માટે જરૂરી ખર્ચપુરતી રકમ બાદ કરી બાકીની આવકનો સામાજિક કાર્યોમાં ઉપયોગ થઇ શકે એવો ફેરફાર સ્વીકારી લેવો—આ સાદો, સીધો અને વ્યવહારૂ માર્ગ છે અને દરેક જૈન સંઘને પોતપોતાની પ્રણાલિઓ બદલવાનો સંપૂર્ણ અધિકાર છે અને એ રીતે દેવદ્રવ્યના મર્યાદિત ઉપયોગની આજ સુધી ચાલી આવતી પ્રણાલિને બદલીને તેનો વ્યાપક ઉપયોગ કરવાનું તે જરૂર નકકી કરી શકે છે. પણ દેવદ્રવ્યના ઉપયોગને લગતી ચાલુ માન્યતાનાં મૂળ એટલા બધાં ઉંડાં છે કે તેમાં કશો પણ ફેરફાર કરવાની વાત આજનો સ્થિતિચુસ્ત શ્વે. મૂ. જૈન સમાજ સહી શકતો નથી. આજ સમાજના મંદિરોના વહીવટકર્તાઓ જરૂર પડી ત્યારે દેવદ્રવ્ય ખાતે જમે થયેલી રકમને સાધારણ ખાતે ઉધારીને જરૂરી સામાજિક કાર્યો પાછળ ખરચતાં અચકાયા નથી અને આજે ઘણા મંદિરોના વહીવટની એવી સ્થિતિ પ્રવર્તે છે કે જ્યાં દેવદ્રવ્યની રકમ સાધારણ ખાતે ઉધારીને મોટા પ્રમાણમાં ચાલુ ઉપાડવામાં આવતી હોય. આમ કરવું એ રૂઢ માન્યતા સાથે સંમત તો નથી જ એમ લાગવાથી એક નવી પ્રથા શરૂ કરવાનો કેટલાએક સ્થિતિચુસ્ત આગેવાનોએ થોડા સમય પહેલાં વિચાર કરેલો અને તે એ કે મંદિરોમાં બોલાતી ઘીની બોલી અથવા તો ઉછાણીની રકમ ઉપર સાધારણ ખાતાનો પચાસ ટકાનો સરચાર્જ અથવા તો લાગો નાંખવો અને એ રીતે આવકના ધોરી પ્રવાહમાંથી સાધારણ ખાતા તરફ થોડો પ્રવાહ વાળવો. આ કાંઇ તદ્દન નવો વિચાર નથી. માલેગાંવમાં

પ્રથમથી જ આવી પ્રથા સ્વીકારવામાં આવી છે અને એ રીતે સાધારણ ખાતાને આવકના પ્રવાહથી સજીવ રાખવામાં આવ્યો છે. પણ આ વિચારનો કટ્ટર સ્થિતિચુસ્ત જૈન આચાર્યોએ તેમ જ આગેવાનોએ સખ્ત વિરોધ કર્યો અને તેથી આવો નિર્દોષ ફેરફાર તત્કાળ અમલી બનતો અટકયો.

ઉપર જણાવ્યું તેમ દેવદ્રવ્ય અને સાધારણ દ્રવ્ય વચ્ચેની વિષમ સ્થિતિ ટાળવાનો એક બીજો ઉપાય એ છે કે જે ધાર્મિક પ્રવૃત્તિની આવક પરંપરાથી દેવદ્રવ્ય ખાતે જમે થતી હોય તેને પ્રારંભથી જ સાધારણ ખાતે જમે કરવાની પદ્ધતિ શરૂ કરવી. આ રીતે ઉપધાન કે સ્વપ્ના ઉતારવાને લગતી ઉછાણીઓ કેટલેક ઠેકાણે સાધારણ ખાતે જમે કરવામાં આવે છે.

થાણામાં હમણાં ઉપધાનતપનો ઘણો મોટો સમારંભ થઇ ગયો. ત્યાં થનાર માળની ઉછાણીમાં ઘણી મોટી આવક થવાનો સંભવ હતો. થાણામાં એક ભવ્ય મંદિર બંધાવાના કારણે જૈનોનો ત્યાં ખૂબ અવર જવર રહે છે અને તે કારણે ત્યાં એક ધર્મશાળાની અને ઉપાશ્રયની ખૂબ જ જરૂર હતી અને છે. એ તો જાણીતું હતું કે દેવદ્રવ્ય ખાતે જમે થતી રકમનો ઉપયોગ આ કાર્ય પાછળ થઇ શકે તેમ હતું જ નહિ. આ ઉપરથી પ્રસ્તુત પ્રસંગે ત્યાંની ઉપધાન તપ સમિતિએ એક એવો નિર્ણય બહાર પાડયો કે ઉપર જણાવેલ માળની બોલીમાં જે ભાઇ કે બહેન જે કાંઇ ઉછાણી બોલે તેને તે ઉછાણી દેવદ્રવ્યમાં લઇ જવી કે સાધારણ ખાતામાં લઇ જવી એ બાબતનો પોતાનો અભિપ્રાય જાહેર કરવાનો વિકલ્પ આપવો અને તેની રકમ તેના અભિપ્રાય મુજબના ખાતામાં લઇ જવી. આનું પરિણામ એ આવ્યું કે આ ઉછાણીમાં લગભગ રૂા. ૬૧૦૦૦ ની આવક થઇ, જેમાંથી લગભગ રૂા. ૫૯૦૦૦ સાધારણ ખાતામાં અને લગભગ રૂા. ૨૦૦૦ દેવદ્રવ્યમાં જમે થયા. આવો એક નવો ચીલો શરૂ કરવા માટે થાણાની ઉપધાનતપ સમિતિને ધન્યવાદ ઘટે છે.

આ ઉપરાંત આ ઘટના એક નવી વસ્તુસ્થિતિનું આપણને ભાન કરાવે છે, અને તે એ કે સાધારણ રીતે લોકો ગતાનુગતિક હોય છે. આમ છતાં પણ કોઇ પણ બાબતમાં જરા વિચાર કરવાની તેમને તક આપવામાં આવે તો આજે શેની જરૂર છે અને શું કરવું જોઇએ તેનું તેમને સહજપણે ભાન થાય છે અને તે મુજબ તેઓ વર્તવા જરૂર પ્રેરાય છે. માળની ઉછાણીની રૂ. ૬૧૦૦૦ ની આવકમાંથી રૂા. ૫૯૦૦૦ને સાધારણ ખાતામાં લઇ જવાનો માળ પહેરનારા ભાઇ બહેનોએ નિર્ણય આપ્યો—અને તે કોઈ સુધારક વૃત્તિના હતા એમ માનવાને કંઇ જ કારણ નથી—આ બનાવ એમ પુરવાર કરે છે કે દેવદ્રવ્યના ખાતામાં દ્રવ્યનો ઢગલો થાય અને સમાજઉપયોગી પ્રવૃત્તિઓને કશો ટેકો જ ન મળે એ પરિસ્થિતિ આજનો સાધારણ સ્થિતિચુસ્ત સમાજ પણ હવે નીભાવી લેવાને તૈયાર નથી. થાણાની ઘટના શ્વે. મૂ. સમાજ સામે બે વિકલ્પ રજુ કરે છે. કાં તો દેવદ્રવ્યને સામાજિક કાર્યોમાં વાપરવાની છુટ આપો અથવા તો ભિન્નભિન્ન ધાર્મિક પ્રવૃત્તિઓની આવક દેવદ્રવ્યના ખાતે જમે કરવાને બદલે સાધારણ ખાતામાં જમે કરો કે જેથી તેનો ઉપયોગ મધ્યમ વર્ગની રાહત, કેળવણી તેમ જ વૈદ્યકીય રાહત, સમાજ સુધારણા, ઉપાશ્રય, ધર્મશાળા વગેરે અનેક લોકોપયોગી કાર્યોમાં થઇ શકે. સમાજના સૂત્રધારો આ વસ્તુસ્થિતિ સમજે અને સમાજનું શ્રેય અને ઉત્કર્ષ થાય તેવા રસ્તે સમાજને દોરે.

અહિં એ જણાવવું જરૂરી છે કે થાણામાં લેવાયલા આ વ્યવહારૂ માર્ગ સામે પણ કટ્ટર સ્થિતિચુસ્તોએ મોટો વિરોધ ઉઠાવ્યો છે અને આ બધા લોકો દેવદ્રવ્ય ખાવા બેઠા છે; દેવદ્રવ્યને ડુબાવવા બેઠા છે; ધર્મ રસાતળ જવા બેઠો છે-એવો પોકાર ઉઠાવી રહ્યા છે. અનેક તીર્થોનો વહીવટ કરતી આણંદજી કલ્યાણજીની પેઢી કે જેના શ્રીમાન કસ્તુરભાઇ લાલભાઇ પ્રમુખ છે તેણે પણ થાણાના ફેરફાર સામે વિરોધ નોંધાવ્યો છે જે ખરેખર આશ્ચર્યજનક છે. પણ આ તો કોઇ પણ ફેરફાર સામે વિચારબધિર જુનવાણી વર્ગના વિરોધનો વાવંટોળ નિર્માયલો છે. અને કાળની એંધાણી જોતાં તે વાવંટોળ હવે લાંબો વખત ટકી શકે તેમ નથી એમ સમજીને તે વિષે અકળાવાની બીલકુલ જરૂર છે જ નહિ. થાણાની ઉપધાનતપ સમિતિએ અને સંઘે જે માર્ગ અખત્યાર કર્યો છે તે માર્ગ અન્ય સ્થળોના સંઘો અખત્યાર કરશે અને માત્ર ઉપધાનની માળની જ ઉછાણી નહિ, પણ બીજી બોલીની આવકને પણ બને તેટલી સાધારણ ખાતામાં વાળવા પ્રયત્ન કરશે એવી આપણે આશા રાખીએ.

જૈન વિદ્યાર્થીઓ માટે મુંબઇમાં વધતી જતી સગવડ

આજે મુંબઇ શહેરમાં ભણતા અને ભણવા આવતા જૈન વિદ્યાર્થીઓને રહેવા વગેરેની સગવડ આપતી ચાર મુખ્ય સંસ્થાઓ છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય જૈન શ્વે. મૂ. વિદ્યાર્થીઓ માટે, શ્રી હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડીંગ દિગંબર જૈન વિદ્યાર્થીઓ માટે, શ્રી ચુનીલાલ ભાઇચંદ વિદ્યાલય સ્થાનકવાસી જૈન વિદ્યાર્થીઓ માટે અને સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ કચ્છા પણ ફીરકાભેદ સિવાય સર્વ જૈન વિદ્યાર્થીઓ માટે. આ ઉપરાંત ગોકુળભાઇ મૂળચંદે જૈન હોસ્ટેલમાં આશરે ૪૦ જૈન વિદ્યાર્થીઓને કશા પણ ફીરકાભેદ સિવાય રાખવામાં આવે છે. સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ ૮૦ વિદ્યાર્થીઓ રહી શકે એવું શિવ ખાતે પોતાનું મકાન બાંધે છે. નવા બંધાનાર સંઘરાજકા વિદ્યાલયમાં ૧૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થઇ શકશે એવી આશા રહે છે. અન્ય સ્થળોમાં નવી નવી કોલેજો અને યુનીવર્સીટીઓ ઉઘડતી જતી હોવાથી હવે મુંબઇ શહેર ઉપર વિદ્યાર્થીઓનો પહેલાં જેટલો ધસારો નહિ રહે એવી કલ્પના કરવામાં આવે છે. આ પરિસ્થિતિમાં કોઇ પણ જૈન વિદ્યાર્થીને જગ્યાના અભાવે પાછા ફરવું પડે કે પોતાનો અભ્યાસ બંધ કરી દેવો પડે એ સ્થિતિનો અન્ત આવવો જોઇએ એવો શ્રી સંઘરાજકા બંધુઓનો મનોરથ (જે વિષે ગયા અંકમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.) ચરિતાર્થ થવા પુરી આશા બંધાય છે. હવે જરૂર છે આ બધી શિક્ષણસંસ્થા વચ્ચે એવું એક અનુસંધાન ઉભું થવાની કે જેથી એક છાત્રાલયમાં જગ્યા ન હોય તો બીજા છાત્રાલયમાં તે વિદ્યાર્થીને સહેલાઇથી પ્રવેશ મળી શકે, એટલું જ નહિ પણ મુંબઇનો ક્ષેત્રવિસ્તાર ભારે વિશાળ છે અને ભિન્ન ભિન્ન વિષયનું શિક્ષણ આપતી કોલેજો એક છેડેથી બીજે છેડે પથરાયલી પડી છે. તો જે વિદ્યાર્થીને જ્યાં વધારે અનુકુળતા હોય ત્યાં તે વિદ્યાર્થીને રહેવાની સગવડતા મળી રહે એવો પરસ્પર પ્રબંધ ગોઠવવાની પણ એટલી જ જરૂર છે. જે ફીરકાના જેટલા વિદ્યાર્થીઓને ભણાવવાની જે ફીરકાપરસ્ત સંસ્થામાં સગવડ આપવાનો હેતુ હોય તેટલા વિદ્યાર્થીઓને રહેવા વગેરેની સગવડ મળવી જ જોઇએ-એ આગ્રહનો આપણે સ્વીકાર કરીએ, પણ અમુક ફીરકાનો વિદ્યાર્થી અમુક જ વિદ્યાલયમાં કે છાત્રાલયમાં રહેતો હોવો જોઇએ એ આગ્રહ આપણે છોડી દઇએ. આ પ્રકારની વ્યવસ્થા તો જ ઉભી થઇ શકે કે જો મુંબઇના આ જૈન છાત્રાલયો બને ત્યાં સુધી એક સરખા ધોરણ ઉપર ચલાવવામાં આવે. અને આ તો જ બની શકે કે જો આ અગત્યના છાત્રાલયોનું નિયમન કરતું એક સમવાયીતંત્ર ઉભું કરવામાં આવે. મુંબઇમાં ભણતા અને ભણવા આવતા જૈન વિદ્યાર્થીઓમાં એકતા વધે અને સગવડ સચવાય તે માટે હાલ તુરતને માટે આ જ એક ઉત્તમ ઉપાય લાગે છે. ભિન્ન ભિન્ન જૈન છાત્રાલયોના સંચાલકોને ઉપર જણાવેલી વિચારણા ધ્યાનમાં લેવા આગ્રહપૂર્વક વિનંતિ છે.

મહાવીર ડાયરી

જનારસના મહાવીર જૈન પ્રકાશન મંદિર તરફથી આ ડાયરી બહાર પાડવામાં આવી છે. આ ડાયરીની વિશેષતા એ છે કે તેના એક બાજુના પાનાંઓ ઉપર જૈન આગમ તેમ જ અન્ય શાસ્ત્ર-ગ્રંથોમાંથી વીણી કાઢીને પ્રાકૃત અથવા તો સંસ્કૃત સુભાષિતો છાપવામાં આવેલ છે અને બીજી બાજુના પાના ઉપર તેનો અનુવાદ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ડાયરીના પ્રારંભમાં જ મહાવીર વિષે અથવા જૈન ધર્મ વિષે શ્રી વસુદેવશરણ અગ્રવાલ, સાધુ ટી. એલ. વસવાણી, અધ્યાપક ખુશાલચંદ ગોરાવાળા, મહાત્મા ભગવાનદીન, પંડિત કૈલાસચંદ્ર સિદ્ધાન્તશાસ્ત્રી, સ્વ. ડૉ. વેણીપ્રસાદ, સ્વ. ડૉ. અજિતપ્રસાદ જૈન, તથા મહાત્મા ગાંધીજીના મનનીય લેખો આ ડાયરીમાં સંકલિત કરવામાં આવેલ છે અને છેવટના ભાગમાં ચાલુ જીવનમાં ઉપયોગી થાય તેવી કેટલીક માહિતી આપવામાં આવી છે. શ્રી બનારસીદાસ ચતુર્વેદી, યશપાલ જૈન, પંડિત કૈલાસચંદ્ર સિદ્ધાન્તશાસ્ત્રી તથા પંડિત રાજકુમાર જૈન સાહિત્યાચાર્ય આ ડાયરીના સંપાદકો છે. તેની કિંમત રૂા. ૧-૪-૦ પોસ્ટ સાથે છે અને તે મેળવવાનું ઠેકાણું મહાવીર પ્રકાશન મંદિર, લંકા, બનારસ છે. સામાન્ય જનસમાજ માટે આ ડાયરી ઉપયોગી છે; જૈનોએ ખાસ વસાવવા જેવી છે. પરમાનંદ

આ ચૈતન્યે કૃત્રિમ માન્યું છે, સાચું માન્યું નથી

પ્રવૃત્તિની આડે આત્મા નિવૃત્તિનો વિચાર કરી શકતો નથી, એમ કહેવું એ માત્ર બહાનું છે, જો થોડો સમય. પણ આત્મા પ્રવૃત્તિ છોડી પ્રમાદરહિત હંમેશાં નિવૃત્તિનો વિચાર કરે તો તેનું બળ પ્રવૃત્તિમાં પણ પોતાનું કાર્ય કરી શકે છે. કારણ, દરેક વસ્તુનો પોતાના વધતા ઓછા બળવાનપણાના પ્રમાણમાં પોતાનું કાર્ય કરવાનો સ્વભાવ છે. માદક ચીજ બીજી ખોરાક સાથે પોતાના અસલ સ્વભાવ પરિણમવાને ભૂલી જતી નથી, તેમ જ્ઞાન પણ પોતાનો સ્વભાવ ભૂલતું નથી. માટે દરેક જીવે પ્રમાદ રહિત, બની યોગ્ય કાળે, નિવૃત્તિ માર્ગનો વિચાર નિરંતર કરવો જોઇએ.

આત્મા સમય સમય ઉપયોગી છતાં અવકાશની ખામી અથવા કામના બોજાને લઇને તેને આત્માસંબંધી વિચાર કરવાનો વખત મળી શકતો નથી એમ કહેવું એ પ્રાકૃતજન્ય 'લૌકિક વચન' છે. જો ખાવાનો પીવાનો ઉંઘવા ફરવાદિનો વખત મળ્યો ને કામ કર્યું તે પણ આત્માના ઉપયોગ વિના નથી થયું તો પછી ખાસ જે સુખની આવશ્યકતા છે, ને જે મનુષ્યજન્મનું કર્ત્તવ્ય છે તેમાં વખત ન મળ્યો એ વચન જ્ઞાની કોઇ કાળે સાચું માની શકે નહિ. એનો અર્થ એટલો જ કે બીજા ઇંદ્રિયાદિક સુખના કામો જરૂરના લાગ્યાં છે અને તે વિના દુઃખી થવાના ડરની કલ્પના છે. આત્મિક સુખના વિચારનું કામ કર્યા વિના અનંતોકાળ દુઃખ ભોગવવું પડશે, અને અનંત સંસાર ભ્રમણ કરવો પડશે એ વાત જરૂરની નથી લાગતી? મતલબ આ ચૈતન્યે કૃત્રિમ માન્યું છે, સાચું માન્યું નથી. (શ્રીમદ્ રાજચંદ્રના પત્રોમાંથી)

વિષયસૂચિ

		પૃષ્ઠ
પંચવર્ષીય આયોજન	કાન્તિલાલ બરોડિયા	૨૬૯
સગીરને દીક્ષા આપવાનો મનાઇ હુકમ	પરમાનંદ	૨૬૫
પ્રકીર્ણ નોંધ. શ્રી કસ્તુરભાઇ લાલભાઇનો અકાળ સ્વર્ગવાસ, ત્રીજા વિશ્વયુદ્ધના સમીપ જઇ રહેલું આજનું જગત, સૌરાષ્ટ્રના વેચાણવેરા-લાડતની ઉડતી સમીક્ષા, આફ્રિકા ઉપર કાકાસાહેબ કાલેલકરનું પ્રવચન દેવદ્રવ્યની સમસ્યા, જૈન વિદ્યાર્થીઓ માટે મુંબઇમાં વધતી જતી સગવડ, મહાવીર ડાયરી,	પરમાનંદ	૨૬૬
ડૉ. ફ્રાંક બુકમેનનાં બે મહત્ત્વના પ્રવચનો.	ડૉ. ફ્રાંક બુકમેન	૨૬૮-૮૦

ડૉ. ફ્રાંક બુકમેનનાં બે મહત્ત્વનાં પ્રવચનો

('મોરલ રીઆર્મમેન્ટ'–નૈતિક પુનર્સજ્જનવટ અથવા તો નૈતિક પુનરૂત્થાન-ના આદ્યપ્રેરક, પ્રસ્થાપક અને પ્રમુખપ્રચારક ડૉ. ફ્રાંક બુકમેનને પ્રબુદ્ધ જૈનના વાંચકો સારી રીતે જાણે છે. આજે તેમની ઉમ્મર લગભગ ૭૫ વર્ષની છે, એમ છતાં પોતાની વિચારસરણીના પ્રચાર અર્થે દેશ વિદેશ અને ખંડે ખંડે તેઓ સતત પરિભ્રમણ કરી રહ્યા છે. જેમ સત્યાગ્રહ અને અસહકારની વિચારસરણીના ગાંધીજી આચાર્ય છે તેમ આજે જેની અનિવાર્ય આવશ્યકતા છે તેવા નૈતિક પુનર્સજ્જનવટની વિચારસરણીના ડૉ. ફ્રાંક બુકમેન આચાર્ય છે. હાલ તેઓ લગભગ ૧૭૫ ભાઇબહેનોની અથવા તો નૈતિક પુનર્સજ્જનવટના સૈનિકોની મંડળી સાથે હિંદ ખાતે આવ્યા છે અને પોતાની હીલચાલનો સ્થળે સ્થળે પ્રચાર કરી રહ્યા છે. તેઓ જણાવે છે તે મુજબ આ પુનર્સજ્જનવટના વિચારનો આજથી ૪૪ વર્ષ પહેલાં તેમના ચિત્તમાં ઉદ્ભવ થયો હતો અને એ માર્ગે જનતાને દોરવાની તેમણે હીલચાલ શરૂ કરી હતી. શરૂઆતમાં તેમની આ હીલચાલ 'ઓકસફર્ડ ગ્રૂપ'ના નામે ઓળખાતી હતી. સમયાન્તરે ૧૯૩૮ના જુન માસમાં તેમણે આ નૈતિક જીવનશુદ્ધિની હીલચાલને વધારે વ્યવસ્થિત અને વ્યાપક સ્વરૂપ આપ્યું અને તેને 'મોરલ રીઆર્મમેન્ટ' અથવા તો ટુંકા નામે ઓળખવું હોય તો એમ. આર. એ. એવું નામ આપ્યું. આ રીતે આજે જે પ્રવૃત્તિ મોરલ આર્મમેન્ટના નામે ઓળખાય છે, જેમાં દેશ દેશના સંખ્યાબંધ સ્ત્રીપુરૂષો જોડાયા છે અને જેણે યુરોપ તેમ જ અમેરિકામાં જીવનશુદ્ધિનું એક નવું વાતાવરણ અને જુની છતાં નવા વેગવાળી એક વિચારસરણી પેદા કરી છે તે પ્રવૃત્તિનો ડૉ. ફ્રાંક બુકમેનના સાહમા જન્મ દિવસે ૧૯૩૮ના જુન માસમાં ઇંગ્લાંડ ખાતે પ્રારંભ થયો હતો. આ પ્રસંગે ડૉ. ફ્રાંક બુકમેને જે મંગળ પ્રવચન કર્યું હતું તે, તેમ જ તે ઘટનાને બાર વર્ષ વીત્યા બાદ ૧૯૫૦ના જુન માસમાં પશ્ચિમ જર્મનીમાં યોજાયેલ મોરલ રીઆર્મમેન્ટના વાર્ષિક દિન સમારંભ પ્રસંગે ડૉ. ફ્રાંક બુકમેને જે પ્રેરક પ્રવચન કર્યું હતું તે ઉભય અનુવાદિત કરીને નીચે ક્રમશઃ આપવામાં આવે છે. પરમાનંદ)

નૈતિક પુનરૂત્થાનનો પાયો નાંખતી વખતે

દુનિયાની આજની પરિસ્થિતિ અશાન્તિ અને ચિન્તા પેદા કર્યા વિના રહેતી નથી. પ્રજા પ્રજા વચ્ચે, મજુરો અને મુડીવાદીઓ વચ્ચે, વર્ગ વર્ગ વચ્ચે દ્વેષ અને સંઘર્ષ વધતા જાય છે. કડવંશ અને ભયનું મૂલ્ય માનવજાતને વધારે ને વધારે ચુકવવું પડે છે. ઘર્ષણ અને હતાશપણું આપણા ગૃહજીવનનો નાશ કરી રહેલ છે.

એવો કોઇ ઉપાય છે ખરો કે જે વ્યકિતને અને પ્રજાને આ વ્યાધિથી મુકત કરી શકે અને બહુ જલ્દિથી અને સંતોષકારક રીતે સાજા થવાની આશા આપી શકે?

આ ઉપાય એ સાદાં ઘરગથ્થુ જીવનસત્યોનું શરણ લેવામાં રહેલો હોવા સંભવ છે. એ જીવનસત્યો આ છે કે જેનું આપણામાંના કેટલાકે આપણી માતાનાં ખોળામાં અનુપાન કર્યું હશે, પણ જે આપણામાંના ઘણા ખરા ભુલી ગયા હશે, અથવા તો જેની ઉપેક્ષા કરવામાં આવી હશે–એ સત્યો તે પ્રમાણીકતા, પવિત્રતા, નિસ્વાર્થતા અને પ્રેમ.

આજની કટોકટી મુખ્યતયા નૈતિક કોટિની છે. પ્રજાઓએ નૈતિક પુનરૂત્થાન સાધવું જ જોઇશે. નૈતિક પુનરૂત્થાન પાછળ આર્થિક પુનરૂત્થાન સ્વાભાવિક રીતે ચાલી આવે છે. દરેક દેશ ઉપર નિરપવાદ પ્રમાણિકતા અને નિરપવાદ નિઃસ્વાર્થતાની ભરતીનું મોજું ફરી વળ્યું છે એવી એક કલ્પના કરો! તેની શું અસર થાય? કરવેરાનો પ્રશ્ન, દેવાંઓનો પ્રશ્ન, બચતનો પ્રશ્ન. બચત વિષે? એકાન્ત નિઃસ્વાર્થતાનું મોજું જો સર્વત્ર ફેલાઇ જાય તો આ

બધાનો સત્વર નીકાલ આવી જાય અને વિગ્રહનો હંમેશાને માટે અન્ત આવી જાય.

નૈતિક પુનરુદ્ધારથી કોઇ કરોડપતિ પેદા નહિ થાય પણ જીવનના દરેક અંગમાં વિશ્વાસ અને ઐકયની લાગણી પેદા થવાની છે. દુનિયાના સર્વ રાષ્ટ્રોમાં આપણે આ નૈતિક પુનરુદ્ધાર કેમ પેદા કરી શકીએ? આપણે એવી તાકાત ઉભી કરવાની-કેળવવાની જરૂર છે કે જે વડે માનવીસ્વભાવમાં પરિવર્તન થાય અને માણસ અને માણસ વચ્ચે, વર્ગ અને વર્ગ વચ્ચે સમન્વયસેતુઓ નિર્માણ કરી શકાય. આ ત્યારે જ શરૂ થાય કે જ્યારે દરેક વ્યકિત અન્યનો દોષ જોવાને બદલે પોતાનો દોષ કબુલ કરવાને તૈયાર થાય.

માત્ર ઇશ્વર જ માનવીસ્વભાવમાં પલટો લાવી શકે છે.

આનું રહસ્ય કંઇ કાળથી વિસરાયલા એ મહાન સત્યમાં રહેલું છે કે જ્યારે માનવી એકાગ્ર બનીને સાંભળવા માંગે છે ત્યારે ઇશ્વર બોલે છે; જ્યારે માનવી ઇશ્વરને આધીન બને છે ત્યારે ઇશ્વર સક્રિય બને છે; જ્યારે માનવી બદલાય છે ત્યારે પ્રજાગણો પણ બદલાય છે. લઘુમતી વર્ગમાં પણ સક્રિય બનેલી એ તાકાત આખા દેશના પ્રશ્નોનો ઉકેલ શોધી આપી શકે તેમ છે. નેતાઓ બદલાય, પરિણામે પ્રજાનું માનસ બદલાય, પરિણામે દુનિયામાં સુલેહ શાંતિની સ્થાપના થયા વિના ન જ રહે.

આપણે દુનિયાનું નવઘડતર કરનારા બનીએ શું—આવી ઇચ્છા દરેક સાધારણ માણસના દિલમાં રહેલી નથી? અને શું આવી આતુરતા દરેક આદમી અનુભવતો નથી? દરેક સાધારણ માણસ પોતાનો સાથીદાર પ્રમાણીક થાય એમ ઇચ્છે છે. બીજી પ્રજા પોતાની પ્રજા સાથે સુલેહશાંતિથી વર્તે એમ ઇચ્છે છે. આપણે બધા કંઇ ને કંઇ મેળવવા-પ્રાપ્ત કરવા-ઇચ્છીએ છીએ, પણ આવી રીતે બદલાયેલા નેતાઓની દોરવણી નીચે આપણ સર્વમાં દેવાની-દાન કરવાની-વૃત્તિ પેદા થાય એવો સંભવ છે. જે સમસ્યાઓએ આર્થિક પુનરુદ્ધારને મૂળમાંથી અટકાવી દીધો છે તે સમસ્યાઓનો આ નવી ભાવનાની પ્રેરણા નીચે ઉકેલ મળવાનો પુરો સંભવ છે.

ધારો કે પ્રત્યેક આદમી અન્યની પુરી ચિન્તા કરતો થાય, અન્ય સાથે વહેંચીને પોતાના ભાગે પડતું લેવાની વૃત્તિ રાખે, તો શું દરેકને પૂરતું મળી નહિ રહે? આ દુનિયામાં દરેકની જરૂરિયાત માટે પૂરતું ભર્યું છે, પણ દરેકના લોભને પહોંચી વળવા માટે પુરતું છે જ નહિ. (There is enough in the world for every one's need, but not enough for everyone's greed.)

આજના બેકાર આદમીઓ નૈતિક પુનરુત્થાનનો કાર્યક્રમ પાર પાડવામાં જો રોકાઇ જાય તો? વિશ્વની પ્રજાઓમાં સ્થિરતા, સહીસલામતી અને શાણપણ પુનઃ પેદા કરવા માટે પ્રજાની દરેક વ્યકિત પ્રેરિત થયાની અને સંગઠિત થયાની કલ્પના કરો!

દરેક સ્ત્રીએ, પુરૂષે અને બાળકે આમાં જોડાવું જોઇએ. દરેક ઘર આનું કેન્દ્ર બનવું જોઇએ. આપણું એ ધ્યેય હોવું જોઇએ કે દરેકને પોતાના જીવનની પુરતી જરૂરિયાતો મળી જાય એટલું જ નહિ, પણ આ નૈતિક પુનરુત્થાન સિદ્ધ કરવામાં અને એ રીતે પોતાના રાષ્ટ્રની તેમ જ દુનિયાની શાન્તિને સુરક્ષિત બનાવવામાં તે પોતાનો ફાળો આપતો થઇ જાય.

ઇશ્વર પાસે પ્રજાવ્યાપી કાર્યક્રમ છે અને આ કાર્યક્રમ સૌ કોઇ માટે પ્રેરણાની અને આજ્ઞાદીની જોગવાઇ કરે છે અને સર્વ રાજકારણી કાર્યક્રમોનું નિર્માણ કરે છે.

વ્યવસાયહીન અને વ્યવસાયઅધીન દરેક વ્યકિત નૈતિક પુનરુત્થાનમાં સંલગ્ન થાય. લોકો, ધરો અને વ્યાપારો—સર્વકોઇનું નવનિર્માણ કરવા દરેક ઉદ્યુકત બને—રાષ્ટ્રસેવાનો આ મોટામાં મોટો કાર્યક્રમ છે. સ્વીડનના એક લુહારે મને કહ્યું હતું કે "માત્ર આધ્યાત્મિક ક્રાન્તિ જ એવું બળ છે કે જે માનવસમાજની અને ઉદ્યોગની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અન્તિમ હદ સુધી જઇ શકે છે."

એક મજુરનેતાએ કહ્યું હતું કે "મેં મજુર હીલચાલને સફળ થતી જોઇ છે અને એ સફળતા પ્રાપ્ત થતી હતી એ દરમિયાન એક પ્રકારનું ખાલીપણું—શૂન્યતા મેં અનુભવેલ છે. આ દિશાએ ઓકસફર્ડ ગ્રુપે મારા જીવનમાં નવી પુરવણી કરેલ છે. તેના સંદેશમાં મજુર હીલચાલના તેમ જ દુનિયાભરના ઉદ્યોગના ભાવીનો ખરો ઉપાય મને માલુમ પડયો છે." માણસમાં નવી ભાવના જાગે તો જ ઉદ્યોગમાં નવી ભાવના જન્મ પામી શકે, જ્યારે રાષ્ટ્રીય સેવા સ્વાર્થીપણાનું સ્થાન લેશે અને જ્યારે ઔદ્યોગિક આયોજનનું નિર્માણ ઇશ્વરની દોરવણી નીચે કરવામાં આવશે ત્યારે જ ઉદ્યોગ સમાજની નવરચનાનો પુરસ્કર્તા બની શકશે. જ્યારે મજુરવર્ગ, વહીવટતંત્ર અને મુડી રોકનારા ઇશ્વરની દોરવણી નીચે ભાગીદાર બનશે ત્યારે જ પ્રજાજીવનમાં ઉદ્યોગ પોતાનું સાચું સ્થાન પ્રાપ્ત કરી શકશે.

નવા માનવીઓ, નવાં ગૃહો, નવી ઉદ્યોગપ્રથાઓ, અને નવી દુનિયા!

ઇશ્વરના ચિત્તમાં રહેલ મહાન સર્જનાત્મક બળોને હજુ સુધી આપણે ક્રિયાત્મક બનાવ્યા નથી. ઇશ્વર પાસે યોજના છે અને પ્રજાના સંયુકત નૈતિક અને આધ્યાત્મિક બળો એ યોજનાને શોધી કાઢી શકે તેમ છે.

દુનિયાનું પુનર્નિર્માણ કરે તેવી નૈતિક તેમ જ આધ્યાત્મિક તાકાત આપણે પેદા કરી શકીએ તેમ છે, આપણે તે પેદા કરવી જોઇએ અને પેદા કરીશું જ.

તમે શેના માટે જીવો છો?

બાર વર્ષ પહેલાં હું ફ્રેંડેન્સ્ટેટ નજીકના બ્લેક ફોરેસ્ટના જંગલોમાંથી પસાર થઈ રહ્યો હતો. દુનિયા અનવસ્થાના આરે ઉભી હતી. આજની જ માફક સૌ કોઇ સુલેહ શાંતિની વાતો કરતું હતું અને લડાઇની તૈયારી કરતું હતું.

એ જંગલોમાંથી હું પસાર થઈ રહ્યો હતો એ દરમિયાન એક વિચાર મારા મગજમાં ઘોળાયા કરતો હતો—"નૈતિક અને આધ્યાત્મિક પુનર્સજીવટ, નૈતિક અને આધ્યાત્મિક પુનરુત્થાન. આ દુનિયામાં બીજી મોટી હીલચાલ સર્વ પ્રજાઓ માટે નૈતિક પુનરુત્થાનની થવાની છે."

થોડા દિવસ પછી લંડનમાં જ્યાં બ્રીટીશ લેબરની નૈતિક પુનર્સજીવટને લગતી હીલચાલ શરૂ થઇ ત્યાં ઇસ્ટ એન્ડમાં હું હતો. મજુરો આ હીલચાલમાં સામેલ થયા. નૈતિક પુનરુત્થાનનો સંદેશો દુનિયામાં ફેલાવા લાગ્યો, છાપાઓ ઝીલવા લાગ્યા અને રેડીઓએ પણ પ્રતિધ્વનિત કરવા માંડયો. આજે, બાર વર્ષ બાદ, દુનિયાના ઘણા ભાગોમાં લોકો પોતપોતાના સમુદાયના નૈતિક પુનરુત્થાનનું આયોજન કરવા એકઠા થઈ રહ્યા છે. લંડનના મજુરો પોપ્લર ટાઉન હોલમાં ડોકર્સ (બંદરમાં કામ કરતા મજુરો) સાથે મળીને કાર્ય કરી રહ્યા છે. બર્મીંગહામના ટાઉન હોલમાં બ્રીટનના મોટા ઉદ્યોગો અને કોલસાની ખાણો સાથે જોડાયલા મજુરો અને વહીવટકર્તાઓ તેમ જ ગ્લાસગોમાં વહાણો ઉપર કામ કરનારાઓ નૈતિક પુનરુત્થાનનો વાર્ષિક દિવસ ઉજવી રહ્યા છે.

અમેરિકામાંના મારા મિત્રો અમેરિકામાં થઈ રહેલી પ્રગતિના તમને ટેલીફોનથી ખબર આપશે અને તમે અહિં જર્મનીમાં શું કરી રહ્યા છો તેની ખબર તેઓ સાંભળશે.

છેલ્લા થોડા દિવસો દરમિયાન ઓસ્ટ્રેલીઆ અને ન્યુ ઝીલાંડથી, હિંદુસ્તાનથી, દક્ષિણ આફ્રિકાથી, અમેરિકાથી, યુરોપના સર્વ

ભાગોમાંથી, જાપાનથી, અને દૂર પૂર્વના દેશોમાંથી સંદેશાઓ આવી રહ્યા છે. તાજેતરમાં હિંદના સરકારી પ્લાનીંગ કમીશનના વડા શ્રી ગુલઝારીલાલ નંદાનો–અન્ય સંદેશાઓને બહુ મળતી ભાત વાળો–સંદેશો આવ્યો છે, જે નીચે મુજબ છે. "આ દુનિયાની હાડમારીઓને અને અનિષ્ટોને દૂર કરવા માટે નિર્માણ કરવામાં આવેલી ઓમ. આર. ઓ.માં શ્રદ્ધા ધરાવતા અમો સર્વ તરફથી આપને અભિનંદન. દર વર્ષે ઓમ. આર. ઓ.નો તાકાત અને દુન્યવી મહત્વની દૃષ્ટિએ વિકાસ થઈ રહ્યો છે. જ્યાં સુધી ઓમ. આર. ઓ.ની વિચારસરણિ દુનિયાના દરેક ભાગમાં રાજકીય આર્થિક તેમજ સામાજિક વિચાર અને આચારના પ્રદેશમાં સૌથી બળવાન અને અસરકારક સ્થાન પ્રાપ્ત નહિ કરે ત્યાં સુધી ઓમ. આર. ઓ. નું કાર્ય પૂરું થયું નહિ ગણાય."

ઈશ્વરપ્રેરિત વિચારના આ વિજયનું શું રહસ્ય હશે? એવું શું છે કે જેને લીધે મારી જેવા સાધારણ માણસ માટે તેમ જ દુનિયાના સેંકડો અને હજારો સ્ત્રી–પુરુષો માટે આવું અસાધારણ કાર્ય કરવાનું શકય બન્યું છે? માત્ર સ્વાર્થી અથવા તો અંધ માણસ જ દુનિયા છે તેવી ને તેવી છોડી જવામાં સંતોષ માને છે. આપણામાંના ઘણા ખરા આ દુનિયાનું આમૂલ પરિવર્તન ઝંખી રહ્યા છીએ. મુશ્કેલી ત્યાં છે કે આપણામાંના ઘણા ખરા પોતપોતાની રીતે આ પરિવર્તન પેદા કરવા માંગીએ છીએ. કેટલાક લોકો પાસે આજની આપણી દુઃસ્થિતિનું સાચું નિદાન છે, પણ તેનો ઉપાય તેઓ ખોટી રીતે કરવા માંગે છે. તેઓ ઈશ્વરનો ઇનકાર કરીને તેમ જ માનવીસ્વભાવમાં પેદા કરવા જોઇતા પરિવર્તનને લક્ષ્યમાં લીધા સિવાય બધો વિચાર કરે છે. કેટલાક લોકો ખાત્રીપૂર્વક માને છે કે તેમની પાસે સાચો ઉપાય છે, પણ સાથે સાથે અન્ય કોઇ વ્યકિત અથવા તો રાષ્ટ્ર આ બાબતની શરૂઆત કરે એમ તેઓ ઇચ્છિતા હોય છે. પરિણામે નિરાશા અને નિષ્ફળતા સાંપડે છે.

જ્યારે સાચું નિદાન અને સાચી ચિકિત્સાનો સુયોગ થાય છે ત્યારે જ ચમત્કારિક પરિણામ નીપજે છે. માનવીનો સ્વભાવ બદલાય છે અને માનવીસમાજ પણ પરિણામે બદલાય જ છે.

આ બાબત એક અંગત અનુભવ ઉપરથી હું સમજાવું; કારણ કે તે બનાવ આજથી ૪૨ વર્ષ પહેલાં બન્યો હતો. જીવનમાં પહેલી જ વાર એ વખતે મારામાં રહેલા અભિમાનનું, મારા સ્વાર્થીપણાનું, મારી નિષ્ફળતાનું અને મારા પાપનું મને ભાન થયું હતું. મારા જીવનના કેંદ્ર સ્થાનમાં 'અહંમ્' હતું. મને લાગ્યું કે જો મારે બદલાવું હોય તો આ 'અહંમ્' ની વૈતરણીને મારે ઓળંગવી જ રહી.

છ માણસો સામે મારા દિલમાં ઘર કરી રહેલ ક્રોધને મેં નજરે નિહાળ્યો.

મારામાં પરિવર્તન કરવાની મેં ઈશ્વરને પ્રાર્થના કરી અને તેણે પેલા ૬ માણસો સાથેનો મારો સંબંધ સરખો કરવા આજ્ઞા કરી. મેં ઈશ્વરની આજ્ઞા માન્ય રાખી અને છએ જણા ઉપર મેં માફીપત્રો લખ્યા.

એ જ દિવસે ઈશ્વરે બીજા એક માણસના જીવનમાં પલટો લાવવાનું મને નિમિત્ત બનાવ્યો. મને માલુમ પડયું કે જ્યારે મેં ઈશ્વરનો આદેશ સ્વીકારવાનું શરૂ કર્યું ત્યારે ચમત્કારો બનવા લાગ્યા. મને એ સત્ય સમજાયું કે જ્યારે માણસ એકાગ્રતા સાધીને સાંભળવા માંગે છે, ત્યારે ઈશ્વરની વાણી તેને સંભળાય છે, જ્યારે તેને અધીન થઇને ચાલવાનો નિશ્ચય કરે છે ત્યારે ઈશ્વર સક્રિય બને છે, તેને સાથ આપે છે; જ્યારે માણસો આ રીતે બદલાય છે ત્યારે પ્રજાસમુહો પણ બદલાવા માંડે છે.

એ એક ક્રાન્તિકારી માર્ગ હતો જે માર્ગે બેંતાળીશ વર્ષ પહેલાં મેં પગલાં માંડ્યાં હતાં અને જે માર્ગે હવે લાખો આદમીઓ આજે ચાલી રહ્યા છે અને જે માર્ગે ચાલવાનો આજે હું તમને પડકાર કરું છું.

તમે શેના માટે જીવો છો? તમારી પ્રજા શેના માટે જીવે છે? સ્વાર્થી માણસો અને સ્વાર્થી પ્રજાઓ દુનિયાને સંપૂર્ણ વિનાશ તરફ ધસડી જઇ શકે છે. નવી ભાતનો માનવી નિર્માણ કરો, નવી રાજ્યનીતિ અખત્યાર કરો, નવું રાષ્ટ્રીય આયોજન કરો–આ અત્યારની આપણી જરૂરિયાત છે અને આ હેતુ માટે નૈતિક પુનરુત્થાનનો જન્મ થયો છે.

એક જુવાન સ્વીસ એન્જીનિયર તેના ધંધાધાપે આબાદ હતો, કુટુંબ, મિત્રો, સામાજિક સ્થાન, સંપત્તિ–તે કોઇ વાતની કમી નહોતી. તે આ વસંત ઋતુમાં જ મરણ પામ્યો. આ દુનિયાને નવી કક્ષા ઉપર લઇ જવાના આદર્શ પાછળ તેણે પોતાનું જીવન અને માલમીલકત સમર્પિત કર્યાં હતાં. ક્રો'* આજે જે રીતે સર્વ પ્રજાઓનું એક મહાન કેન્દ્ર બનેલ છે તે પ્રકારનું કેન્દ્ર બનાવવા માટે તેણે પોતાની જાતની, પોતાની પત્ની કે જે હાલ અમારી સાથે કામ કરી રહી છે તેની અને પોતાનાં બાળકોની અમને ભેટ ધરી હતી. એકાએક લોકોને માલુમ પડયું છે કે પાંચ વર્ષ જેટલી ટુંકી મુદ્દતમાં ઘણા માણસો પોતાની આખી જીંદગી આપીને જે કરી શકે તે કરતાં ઘણું વધારે દુનિયા માટે તેણે કરી બતાવ્યું છે.

આ સ્વીસ જુવાન એવા જ એક અન્ય જુવાનના પગલે ચાલ્યો હતો કે જે જુવાને ૭૦૦ વર્ષ પહેલાં પ્રતિષ્ઠા અને કમાણીને બાજુએ મૂકી હતી અને પોતા પાસે જે કાંઇ હતું તે સર્વનું દુનિયાને સુધારવા માટે બલિદાન આપ્યું હતું. તેણે યુરોપને નવું જીવન આપ્યું હતું અને તેના અવસાન બાદ તેના જીવનમાંથી લાખો માણસોએ પ્રેરણા પ્રાપ્ત કરી હતી. તે ઓસીસીનો સેઇન્ટ ફ્રાન્સીસ હતો. આ જુવાન સ્વીસ એન્જીનિયર, તેની પત્ની જણાવે છે તે મુજબ, સેન્ટ ફ્રાન્સીસના આ શબ્દો હંમેશા પોતાના મન સામે રાખતો હતો અને દુનિયાને પલટવાનો મંત્ર પણ આ શબ્દોમાં જ રહેલો છે:—

"હે ભગવાન, તારી શાંતિનું મને સાધન બનાવ.
જ્યાં દ્વેષમત્સર હોય ત્યાં હું પ્રેમ નિર્માણ કરું;
જ્યાં ઇર્ષ્યા હોય ત્યાં હું ક્ષમાભાવને તોતરું;
જ્યાં કુસંપ હોય ત્યાં હું સંવાદિતા પેદા કરું;
જ્યાં અસત્ય હોય ત્યાં હું સત્યને પ્રગટ કરું;
જ્યાં શંકા હોય ત્યાં હું શ્રદ્ધાને પ્રેરું;
જ્યાં નિરાશા હોય ત્યાં હું આશાનો સંચાર કરું.
જ્યાં અંધકાર હોય ત્યાં હું રોશની પ્રગટાવું;
જ્યાં ગમગીની હોય ત્યાં હું આનંદ જન્માવું.
ઓ સ્વામી, સગવડ મેળવવાની હું એટલી બધી અપેક્ષા ન રાખું,
જેટલી સગવડ આપવાની,
મને બીજા સમજે યા ન સમજે, પણ હું અન્યને બરોબર સમજું,
મને બીજા ચાહે યા ન ચાહે, પણ હું સૌ કોઇને ચાહું,
કારણ કે દાન કરીને આપણે મેળવીએ છીએ;
જીવનને ગુમાવીને આપણે જીવન પ્રાપ્ત કરીએ છીએ;
માફી બક્ષીને આપણે માફી હાંસલ કરીએ છીએ;
મૃત્યુ પામીને આપણે અનંત જીવનમાં પ્રવેશ કરીએ છીએ.

*ઓરલ રીઆર્મામેન્ટનું સ્વીટ્ઝર્લેન્ડમાં આવેલું મુખ્ય કેન્દ્રસ્થાન

અનુવાદક :–પરમાનંદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪
અંક : ૨૧

મુંબઈ : ૧ માર્ચ ૧૯૫૩, રવિવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

લોક ભારતી

(ગ્રામ વિદ્યાપીઠ)

(થોડા સમયમાં સુવિખ્યાત કેળવણીકાર શ્રી નાનાભાઇ ભટ્ટની પ્રેરણા અને પ્રયત્નના પરિણામે સૌરાષ્ટ્રમાં આંબલા નજીક આવેલા સણોસરા પાસે ઉભી કરવામાં આવનાર લોકભારતી (ગ્રામ વિદ્યાપીઠ) શું છે તેનો ખ્યાલ આપતું એક વિજ્ઞાપન શ્રી ગણેશ વાસુદેવ માવળંકર, શ્રી મોરારજી રતનજી દેસાઇ, શ્રી ચેકુંઠરાય લલ્લુભાઇ મહેતા, શ્રી બળવંતરાય ગોપાળજી મહેતા, શ્રી ઉછરંગરાય નવલશંકર ઢેબર, શ્રી ભીમભાઇ રૂડાભાઇ પટેલ તથા શ્રી નાનાભાઇ ભટ્ટની સહી સાથે બહાર પડયું છે જે નીચે પ્રગટ કરવામાં આવે છે. આ વિજ્ઞાપનના અંતે જણાવવામાં આવેલ છે તે મુજબ આ વિદ્યાપીઠ ઉભી કરવા માટે જરૂરી મકાનોનું પ્રાથમિક ખર્ચ રૂ. ૪,૯૭,૫૦૦ નું તેમ જ જરૂરી સાધનસરંજામનું ખર્ચ રૂ. ૧,૮૩,૨૫૦ અને એ રીતે પ્રાથમિક કુલ ખર્ચ રૂ. ૬,૮૦,૭૫૦ અડસઠવામાં આવ્યું છે અને વાર્ષિક ખર્ચ રૂ. ૪૧૬૦૦ નું અડસટવામાં આવ્યું છે. આ બન્ને ખર્ચના પચ્ચાસ ટકા સૌરાષ્ટ્ર સરકાર તરફથી આપવામાં આવનાર છે. પ્રસ્તુત વિજ્ઞાપન નીચે મુજબ છે. તંત્રી)

હેતુ

સૌરાષ્ટ્રમાં સણોસરા ગામે લોકભારતી (ગ્રામ વિદ્યાપીઠ) સ્થાપવાનો સંકલ્પ જાહેર થયો છે. ઘણાના મનમાં થતું હશે કે લોકભારતી (ગ્રામ વિદ્યાપીઠ) નો હેતુ શો શો છે? એમાં શું ભણાવાશે? કેટલાક વળી એમ પૂછશે કે ચાલુ કૉલેજ અને યુનિવર્સિટી કરતાં આમાં શો ફેર પડશે?

આ દેશના વિશાળ હિતને પહેલું સ્થાન આપનારા સૌ કોઇ જાણે છે કે ચાલુ કેળવણી અને તેમાં યે ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ દેશના વિશાળ હિતને રક્ષવામાં અને આગળ વધારવામાં નિષ્ફળ નીવડેલ છે. લોકજીવનના વિશાળ સાગરમાં લોકહિતના પ્રશ્નોના કાંઠાને પણ એ પૂરી રીતે સ્પર્શી શકેલ નથી.

લોકભારતી (ગ્રામ વિદ્યાપીઠ) નો મુખ્ય હેતુ લોકોના વિશાળ હિતને રક્ષવામાં અને આગળ વધારવામાં ઉચ્ચ શિક્ષણ મદદગાર થાય તે છે.

લોકોના પ્રશ્નોનો પાર નથી અને ઉચ્ચ વિદ્યા તેમાં મદદગાર પણ થઈ શકે તેમ છે. અપૂર્ણ ખોરાકનો પ્રશ્ન છે, અપૂરતી ખેતી-નીપજનો પ્રશ્ન છે, જમીન-ધોવાણનો પ્રશ્ન છે, હાડકાં-પાંસળાં દેખાઇ ગયેલ ને ટંકે પાશેર દૂધ આપતી ગાયભેંશને તાજીમાજી અને પુષ્કળ દૂધ દેતી કરવાનો પ્રશ્ન છે, સુઘડ ઘરો અને સ્વચ્છ ગામો બાંધવાનો પ્રશ્ન છે, અને આ બધાંને ય વટાવે તેવો ગામડામાં નિર્મળ આનંદ અને નિર્મળ કલાને પ્રવેશ કરાવવાનો પ્રશ્ન પણ ઉભો છે. બીજા દેશોમાંહેની ઉચ્ચ વિદ્યાએ એના મોટા ભાગની વસ્તીને શ્રીહીન, આનંદહીન પરિસ્થિતિમાંથી ઉગારી લેવામાં ટેકો આપ્યો છે, ઉપજ વધારી છે, આયુષ્ય વધાર્યું છે; માત્ર આપણે ત્યાં આજ સુધી પરદેશી સામ્રાજ્ય હોવાને કારણે વિદ્યાએ-ખાસ કરીને ઉચ્ચ વિદ્યાએ-આમ લોકોને નહિ પણ ખાસ લોકોને જ ઉપયોગી થવાનો અને જનસામાન્યથી અલિપ્ત રહેવાનો ચીલો પાડયો છે. આમ હોવાથી જ આજે ૮૫ ટકા ખેડૂતોના આ મુલકમાં અન્નની તંગી છે ને આનંદનો લોપ થતો ગયો છે.

વિશિષ્ટતા

લોક ભારતી (ગ્રામ વિદ્યાપીઠ) ની સ્થાપના છે ઉચ્ચ વિદ્યાની મદદથી આ વિશાળ આમ વર્ગના પ્રશ્નોના ઉકેલ શોધવા માટે. આ વિના નથી ખાસ લોકોની ઉન્નતિ થવાની, નથી થવાની આમ જનતાની; કારણ કે કૂવામાં હશે તો જ હવાડામાં આવશે. આ પહેલી વિશિષ્ટતા.

બીજી વિશિષ્ટતા એ હશે કે જે જનસામાન્યના પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને ઉચ્ચ વિદ્યા ધડાશે તે જનસામાન્ય આખરે તો ભારતવાસી જ છે. એટલે આ ઉચ્ચ વિદ્યામાં ભારતીય સંસ્કૃતિના ઉત્તમ અંશો ઓતપ્રોત હોવાના. અને ભારતીય અંશોમાં મુખ્ય હશે જ્ઞાન ને વિજ્ઞાનનો સમન્વય, સાદાઇ અને સુંદરતાનો સમન્વય. સમન્વય એ ભારતવર્ષની ખાસ ભેટ છે, ને તેને વિકસાવવાની ખાસ જગ્યા તે આ લોકભારતી (ગ્રામ વિદ્યાપીઠ) ની બીજી વિશિષ્ટતા હશે.

લોકજીવન શ્રમ સાથે સંકળાયેલું છે. મન-બુદ્ધિના વિકાસ માટે જેમ ચર્ચા, વિચારણા જરૂરી છે તેમ જ શરીરના ખુદ પોતાના જ સ્વાસ્થ્ય માટે અંગોપાંગોને પોષે તેવો શરીરશ્રમ અનિવાર્ય છે. આ શ્રમ ઉત્પાદક બને તો સમાજનું સ્વાસ્થ્ય પણ સાથોસાથ જળવાય, બુદ્ધિજીવી અને શ્રમજીવી વચ્ચેની ભેદદીવાલ ઘટે; એટલે આ લોકભારતી (ગ્રામ વિદ્યાપીઠ) ના વિદ્યાર્થીઓ અને શિક્ષકો બન્ને માટે પરિશ્રમયજ્ઞ તે જીવનનું એક સહજ અંગ હશે. તે ત્રીજી વિશિષ્ટતા.

શિક્ષણનો હેતુ જીવનને સમૃદ્ધ, સમતોલ ને શાંત કરવાનો છે. જીવનની જરૂરિઆતો ચાર છે: (૧) અન્નવસ્ત્ર, (૨) આશ્રય (૩) આરોગ્ય અને (૪) આનંદ.

લોક ભારતી (ગ્રામ વિદ્યાપીઠ) નો અભ્યાસક્રમ આ ચાર અકાર-અન્ન, આશ્રય, આરોગ્ય અને આનંદ-ની આજુબાજુ ગોઠવાશે. તે એની ચોથી વિશિષ્ટતા.

કોણ કોણ દાખલ થઈ શકશે?

લોક ભારતી (ગ્રામ વિદ્યાપીઠ) જે આદર્શ લઇને ઉભી થાય છે તે જોતાં તેમાં વિદ્યાર્થીઓ બુનિયાદી ને ઉત્તર બુનિયાદીનું શિક્ષણ લઇને આવેલા હોય તો વધારે સુગમ પડે. પણ જ્યાં સુધી બુનિયાદી શિક્ષણ વ્યાપક થયું નથી ત્યાં સુધી વ્યાવહારિક ઉકેલ તરીકે મેટ્રિક, એસ. એસ. સી, સીનિયર કે તેની કક્ષાની હરકોઇ પરિક્ષા પાસ કરેલ વિદ્યાર્થીને પ્રવેશ પરીક્ષામાં બેસવાની છૂટ રખાશે. આ કક્ષાનો વિદ્યાર્થી બને પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થશે તો તેને દાખલ કરાશે. આ પ્રવેશ પરીક્ષામાં એનું સામાન્ય

જ્ઞાન, એનું સામાજિક અને વૈયક્તિક જીવન પ્રત્યેનું વલણ, ને તેની આદતો એ ત્રણેની કસોટી થશે. આ કસોટી આપવા માટે વિદ્યાર્થીઓએ એ ત્રણ અઠવાડિયાં અધ્યાપકો સાથે ગાળવાનાં રહેશે.

લોક ભારતી (ગ્રામ વિદ્યાપીઠ) માં કેમ ભણાવાશે ?

લોક ભારતી (ગ્રામ વિદ્યાપીઠ) એ નઈ તાલીમનો જ ઉચ્ચ વિદ્યા માટેનો પ્રયોગ હોવાથી તેનું શિક્ષણ જીવનકેન્દ્રી હોવાનું. અન્ન, આશ્રય, આરોગ્ય અને આનંદ એ ચારેને લક્ષમાં રાખીને તાલીમ ગોઠવાશે. (૧) ખેતી, ગોપાલન, વસ્ત્રવિદ્યા, (૨) ગ્રામ વાસ્તુ-શાસ્ત્ર ને ભગીરથ વિદ્યા, (૩) ગ્રામ આરોગ્યશાસ્ત્ર–આ ત્રણ મુખ્ય વિદ્યાઓમાંથી ગમે તે એકને વિદ્યાર્થીએ લોક ભારતી (ગ્રામ વિદ્યા-પીઠ) માં સગવડ હોય તે ખ્યાલમાં રાખીને પસંદ કરવાની રહેશે.

ઉદ્યોગ અને સેવા પાછળ શિક્ષાર્થી રોજ ચાર–પાંચ કલાક પ્રત્યક્ષ પરિશ્રમ કરશે. તેને જ તેમના શિક્ષણના પાયા રૂપ બનાવવામાં આવશે. બુદ્ધિને ઉદ્યોગ અને સેવા દ્વારા, પ્રત્યક્ષ શિક્ષણ દ્વારા, સંશોધન દ્વારા, અને વિદ્યાવિસ્તાર દ્વારા વિકસાવવાનો પ્રયત્ન રહેશે.

વિદ્યાર્થી પોતાના ઉદ્યોગનું બૌદ્ધિક ને પ્રત્યક્ષ શિક્ષણ મેળવશે, પછી તેનો જ વિસ્તાર તેને સોંપાયેલાં એ ત્રણ ગામડાંમાં કરશે, ને તે જ ગામડાંમાં આ વિસ્તાર કરતાં નવા જાણેલ પ્રશ્નોમાંથી કોઇ મહત્ત્વના પ્રશ્ન પર અધ્યાપક સાથે સંશોધન કરશે.

આમ શિક્ષાર્થી વિદ્યા ભણશે, વિદ્યાનો વિસ્તાર કરશે ને નવી વિદ્યા ઉભી પણ કરશે. આ ઉપરાંત દરેક શિક્ષાર્થીએ નીચેના વિષયો લેવાના રહેશે :—

(૧) તત્ત્વજ્ઞાન, (૨) સમાજવિદ્યા અથવા ઇતિહાસ અથવા અર્થશાસ્ત્ર અથવા રાજનીતિશાસ્ત્ર, (૩) માતૃભાષા (ગુજરાતી) (૪) ઇતર ભાષા–અંગ્રેજી, અથવા સંસ્કૃત, અથવા માતૃભાષા સિવાયની હિન્દુસ્તાનની કોઈ ભાષા.

વિદ્યાર્થી જે ચાર–પાંચ કલાકનો પરિશ્રમ કરશે તેના ફલરૂપે થતું ઉપાર્જન સંજોગો અનુસાર કાં તો ભોજનખર્ચ પેટે અથવા શિક્ષાશુલ્ક પેટે જમા થશે. આ રીતે ઉચ્ચ વિદ્યા માટેના માબાપોએ ભોગવવાના ખર્ચમાં ઘટાડો થશે.

લોક ભારતી (ગ્રામ વિદ્યાપીઠ) ની જરૂરિયાતો

સૌરાષ્ટ્ર સરકારે તો લોક ભારતી (ગ્રામ વિદ્યાપીઠ) ના વિચાર તરફ પહેલેથી જ સહાનુભૂતિ રાખી છે, ને તેને તેના ખર્ચમાં અર્ધો ખર્ચ મદદ આપવાનું નક્કી કર્યું છે.

પણ ગુજરાતના જે વિદ્યાવ્યાસંગીઓ છે, જે વિદ્યાર્થીઓ છે ને જે ધનિકો છે તેમની પર પણ અમે મોટી આશા બાંધી છે.

ગંગાની લહેરની જેમ પોતાની વિદ્યા જનસામાન્યના હૃદય-રૂપી ખેતરે ખેતરે પહોંચી તેને નવપલ્લવિત, લીલુડા પાકે ડોલતાં કરે તેવી ઇચ્છા ઉંડે ઉંડે કયા વિદ્યાના ઉપાસકને નથી હોતી ? અરે, તે વિના કોને કૃતાર્થતા લાગે છે ? ગુજરાતના વિદ્યાવ્યાસંગીઓ પોતાની અમૃતા વિદ્યા આ લોક ભારતી (ગ્રામ વિદ્યાપીઠ) ને વિકસાવવામાં આપશે તેવી અમને શ્રદ્ધા છે.

બુદ્ધિયુકત અને સર્વક્ષેમંકર શ્રમ એ મનુષ્યની ફરજ નહિ, પણ સ્વસ્થ જીવન ગાળતું હોય તો તેનો અધિકાર છે. ચાલુ કેળ-વણીમાં શ્રમ કરવાની ટેવ કેળવાતી નથી; એથી વિદ્યાર્થીઓને આ નવા આચારમાં કેમ ગોઠવાશું તેની શંકા થશે; પણ હરેક નવી જાગૃતિના ઝીલનારાઓ વિદ્યાર્થી–સમુદાયમાંથી મળ્યા છે. એટલે દેશમાં લોકશાહી માટે જે નઇ તાલીમ શરૂ થઇ છે તેના અંગરૂપ આ સાહસમાં પણ વિદ્યાર્થીઓ ભળવાના તેમાં અમને શંકા નથી.

ત્રીજો સહકાર જોઇશે ગુજરાતના ધનિકોનો. ગુજરાતના ધનિક ભાઇઓ જાણે છે કે વિદ્યાયુકત લક્ષ્મી જ શોભે છે, ને તે લક્ષ્મી જ સ્થિર થાય છે. ગુજરાતના શ્રીમંતોએ દાનવૃત્તિ કેળવી છે. ગુજરાતની વિવિધ શિક્ષણસંસ્થાઓ તેની સાક્ષીરૂપ છે. વિદ્યાની સાર્થકતા અને વિસ્તાર માટેના આ નવા સાહસમાં ગુજરાતના ધનિકો સાથ આપે તેવી આ દ્વારા જાહેર વિનંતી કરીએ છીએ.

લોક ભારતી (ગ્રામ વિદ્યાપીઠ) ને જમીન, કૂવા, એંજિનો જોઇશે; લોક ભારતી (ગ્રામ વિદ્યાપીઠ) ને પ્રયોગશાળા જોઇશે, ગ્રંથાલય જોઇશે, અધ્યાપકોનાં નિવાસસ્થાનો જોઇશે; રોપધર, ગૌશાળા, બીડ, પરિશ્રમાલય–વર્કશોપ, જલાગાર (વોટરવર્કસ) જોઇશે.

લોક ભારતી (ગ્રામ વિદ્યાપીઠ) ગ્રામ પ્રદેશમાં હોવાથી કાંઇ આ બધા વિના ચાલે એમ ન માનવું જોઇએ. લોક ભારતી (ગ્રામ વિદ્યાપીઠ) માં વિદ્યાએ ફકત પોતાનું મુખ જ બદલાવવું છે, દિશા ફેરવવાની છે. પણ વિદ્યા તો ત્યાં રહેવી જ જોઇશે; ઉલટી ત્યાં તો વિશેષ તેજસ્વી ને વિશેષ સેવાપરાયણ વિદ્યા જોઇશે. ને તેને માટે જોઇશે આ બધું. અલબત્ત મકાનો સાદાં, ગ્રામ વાતાવરણને શોભે તેવાં હશે, પણ ટકાઉ અને ઉપયોગી હશે. આ મકાનોમાંથી કેટલાંએક તો વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને હાથે બંધાશે. પોતાની સંસ્થાની સાથોસાથ પોતાની બુદ્ધિ અને ચિત્તનું ઘડતર પણ આ મકાનનું બાંધકામ કરતાં કરતાં તેઓ કરશે. આમ સંસ્થાના આરંભથી જ તેમની ને અધ્યાપકોની વિરલ કેળવણી શરૂ થશે. શ્રમ, તેની પાછળ જરૂરી બુદ્ધિ, અને તેની પાછળ રહેલું કાવ્ય તેઓ પહેલા દિવસથી જ માણતા થશે.

આ દૃષ્ટિએ લોક ભારતી (ગ્રામ વિદ્યાપીઠ) શરૂ કરવા માટે ઓછામાં ઓછી જે જરૂરિયાત છે તે આ સાથે મૂકી છે.

ગુજરાત તેનો ઉમળકાભેર જવાબ આપશે તેવી આશા રાખીએ છીએ.

સ્વ૦ મણિભાઇ સ્મૃતિ ફંડ

જે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહમાં વપરાવાનું છે.

૧૨૩૧૧ અગાઉ સ્વીકારેલા
* ૧૦૧ શ્રી ખીમજી હેમરાજ છેડા
૫૧ ,, માણેકલાલ એન્ડ સન્સ
૫૧ ,, પ્રીમીઅર મશીન ટુલ્સ કું.
* ૫૧ ,, ચુનિલાલ કલ્યાણજી કામદાર
* ૧૦૧ ,, ખીમચંદ મગનલાલ વોરા
* ૧૦૧ ,, જે. એમ. શાહ એન્ડ કું.
૧૦૧ ,, લીલાધર પાસુ શાહ
૫૧ , ખીમજીભાઇ ભુજપુરીઆની કું.
* ૫૧ ,, રૂબી એન્જીનીઅરીંગ કોર્પોરેશન

૧૨૯૭૦

*આ નીશાનીવાળા પૈસા આવવા બાકી છે.

સાભાર સ્વીકાર

ભારત જૈન મહામંડળ, વર્ધા તરફથી નીચે જણાવેલ ત્રણ પ્રકાશનો મળ્યાં છે.

તત્વ–સમુચ્ચય : સંપાદક શ્રી હીરાલાલ જૈન, રાજેન્દ્ર સ્મૃતિ ગ્રંથમાળા નં. ૫ કિંમત રૂ. ૩

મહાવીર વર્ધમાન : લેખક શ્રી જગદીશચંદ્ર જૈન એમ. એ. પી. એમ. ડી. સ્વ. મણિલાલ મોકમચંદ શાહ ગ્રંથમાળા નં. ૨ કિંમત રૂ. ૦–૧૨–૦

સલૌના સત્ય : લેખક મહાત્મ ભગવાનદીન. સયુંકત જૈન ગ્રંથમાળા નં. ૬ કિંમત રૂ. ૦–૮–૦

પંચવર્ષીય આયોજન

(૩) આયોજનની આવશ્યકતા

(ગતાંકથી ચાલુ)

આયોજન પંચે જે રૂપરેખા રજુ કરી હતી અને હાલમાં જે આખરી અહેવાલ જનતા સમક્ષ રજુ કરવામાં આવ્યો છે તેમાં વિગતોનો ફેર હોવા છતાં, મુખ્યત્વે કરીને તેનું ચિત્ર અને તેના રૂપરંગ પહેલાનાં જ રહે છે. એ નીચે દર્શાવેલી માહિતી બતાવે છે :

	ખર્ચ–કુલ ટકા		ખર્ચ–કરોડ રૂા.માં	
	મૂળ રૂપરેખા :	આખરી અહેવાલ :	મૂળ રૂપરેખા :	આખરી અહેવાલ :
ખેતી અને ગ્રામવિકાસ	૧૨.૮	૧૭.૪	૧૯૧.૬૯	૩૬૦.૪૩
નહેરો અને વિદ્યુત્ શકિત	૩૦.૨	૨૭.૨	૪૫૦.૩૬	૫૬૧.૪૧
વાહનવ્યવહાર અને સંદેશવાહક સાધનો	૨૬.૧	૨૪.૦	૩૮૮.૧૨	૪૯૭.૧૦
ઉદ્યોગો	૬.૭	૮.૪	૧૦૦.૬૯	૧૭૩.૦૪
સામાજીક ઉન્નતિ	૧૭.૦	૧૬.૪	૨૫૪.૨૨	૩૩૯.૮૧
વસાહત	૫.૩	૪.૧	૭૯.૦૦	૮૫.૦૦
બીજા કાર્યો	૧.૯	૨.૫	૨૮.૫૪	૫૧.૬૯
	૧૦૦.૦	૧૦૦.૦	૧૪૯૨.૬૨	૨૦૬૮.૭૮

આ અહેવાલને સંપૂર્ણ કરવામાં આવ્યો–તેની ઉપર સહી-સીકકા મારવામાં આવ્યા–તે પહેલાં આયોજનપંચે બધા મુખ્ય રાજકીય પક્ષો, અભ્યાસીઓ અને જુદા જુદા હિતો સાથે ચર્ચા–વિચારણા ચલાવી તેમના દૃષ્ટિબિંદુ અને સૂચનાઓનો અહેવાલમાં સમાવેશ કર્યો છે. આ અહેવાલમાં આપણા અર્થતંત્ર અંગે, આપણી સાધન–સામગ્રી અંગે, ઉદ્દેશ સાધવા અર્થે સામાજિક, આર્થિક અને નાણાકીય રાજ્યનીતિ શું હોવી જોઇએ તે અંગે વિશદ્ માહિતી અને ચર્ચા કરવામાં આવી છે. **'પોલીસ–રાજ્ય'**ને બદલે આપણે તો **'કલ્યાણકારી–રાજ્ય'** ભારતમાં સ્થાપવું છે અને તે પણ લોકસત્તાક અને પ્રજાશાસનના સિદ્ધાંતોને અનુસરીને. આ સંજોગોમાં આયોજન અમલી બનાવવા માટે અને સુયોજીત કરવા સારૂ વહીવટી તંત્રમાં અને આયોજનતંત્રમાં શું શું ઉપયોગી ફેરફારો થઇ શકે તે અંગેની પણ વિસ્તારથી ચર્ચા કરવાની છે.

પહેલાંની રૂપરેખાને મુકાબલે આખરી આયોજનમાં ખેતી અને ગ્રામવિકાસ સંબંધમાં નવી નવી યોજનાઓ ઉમેરવામાં આવી છે, જેથી આપણું ખેતીવાડીનું ઉત્પાદન વધે. આમાં રૂ. ૯૦ કરોડ ગ્રામવિકાસ માટે છે, રૂ. ૩૦ કરોડ નાનાં નાનાં નહેરકામો માટે છે અને ખેતીવાડીની સુધારણાઅર્થે પણ વધારાનો ખર્ચ સામેલ કરવામાં આવ્યો છે. આમ હોવાથી પહેલાં કરતાં આ બાબતમાં ખર્ચ કુલખર્ચના ૧૨.૮ ટકાને બદલે ૧૭.૪ ટકા થયો છે.

નહેરો અને વિદ્યુતશકિતની બાબતમાં અત્યારની યોજનાઓ અંગે જે કામ થઇ રહ્યું છે, તે ઉપરાંત, નદીઓ અંગેના નવા બાંધ-કામો, બંધો વિ. નો સમાવેશ કરવામાં આવ્યો છે. આવી નદીઓ અંગેની યોજનાઓથી ખેતીવાડીના ક્ષેત્રમાં વિસ્તાર થાય છે. પાકને ફાયદો થાય છે, કારણ પાણીનો પુરવઠો સ્થાયી રીતે મળે છે અને સાથે સાથે વીજળીક બળ પણ ઉત્પન્ન થાય છે, જે વાહન–વ્યવહાર અને ગામડાના તેમ જ શહેરના ઉદ્યોગોને મદદકર્તા છે. સમાજ-સ્વાસ્થ્યનાં પ્રશ્નને પણ વીજળીક બળને લીધે ફાયદો થાય છે. આયોજન પંચે કોશી, દ્વામોદર, કૃષ્ણા, ચંબલ અને બીજી નદીઓના બાંધકામ અંગેનું કાર્ય ઉમેર્યું છે અને તેનો શરૂઆતનો ખર્ચ રૂ. ૪૦ કરોડ આસપાસ થશે એમ અંદાજ કરવામાં આવે છે. આ અંગેનો કુલ ખર્ચ રૂ. ૨૦૦ કરોડનો અંદાજવામાં આવ્યો છે. આ બધી યોજનાઓનું કામ પાંચ વર્ષમાં પૂરૂં નહીં થાય, કારણ, પાયાની અમુક યોજનાઓ અનુસંધાન રૂપે બીજી પંચવર્ષીય યોજ-નામાં લઇ જવાની છે.

વાહનવ્યવહાર અને સંદેશવાહક સાધનોના વિભાગમાં રેલ્વે, રસ્તાઓ, વિમાન–માર્ગો, તાર–ટપાલ, બંદર–ખીલવણી વિ. માટે જોગવાઈ કરવામાં આવી છે. દેશના આંતરિક અને પરદેશના વેપાર સાથે અને પ્રજાની આર્થિક પ્રવૃત્તિ અને પ્રજાજીવનના વિકાસ સાથે આ વિભાગોને સીધો સંબંધ છે.

પંચવર્ષીય આયોજનની રૂપરેખા અંગે એક ટીકા કરવામાં આવતી હતી કે ઉદ્યોગો ઉપર જોઇએ એટલું ધ્યાન સરકાર તર-ફથી આપવામાં આવ્યું નથી. આ ટીકા ધ્યાનમાં રાખી સરકારે આ ક્ષેત્રમાં વધુ બાબતો અંગેનો ખર્ચ કરવાનું અહેવાલમાં નક્કી કર્યું છે અને તેનો નિર્દેશ કર્યો છે. એક પોલાદનું મોટું કારખાનું અને પાયાના ઉદ્યોગો જેવા કે ઇલેકટ્રીકલ મશીનરીનો ઉદ્યોગ, ખાતર બનાવવા અંગેનો ઉદ્યોગ, ખાણના પદાર્થોના ઉદ્યોગોનો વિકાસ, વાહનવ્યવહારને લગતા ઉદ્યોગોનો વિકાસ વિ. બાબતો આમેજ કરવામાં આવી છે. આ બધા ઉદ્યોગોના વિકાસ સિવાય ઉત્પાદ-નની સપાટી ઉંચી નહીં આવે અને તેથી આ યોગ્ય ભૂમિકા છે. નાના પાયા પર ચાલતા ઉદ્યોગો અને ગૃહઉદ્યોગો માટે પણ વધા-રાની રકમો યોગ્ય રીતે ખર્ચવાની છે. આ ઉપરાંત, ખાનગી સાહસ જે વેપાર–ઉદ્યોગના ક્ષેત્રમાં કામ કરે છે તેને પણ સરકાર વિવિધરીતે મદદ આપશે. આ બધા ખર્ચને પરિણામે આ વિભા-ગનો ખર્ચ કુલ ખર્ચના ૮.૪ ટકા થવા જાય છે, જે રૂપરેખાના અંદાજ કરતાં ૨ ટકા વધારે છે.

આપણા દેશમાં રોગો અને બીમારીનો પાર નથી. નેશનલ મેલેરીઆ કન્ટ્રોલ સ્કીમ, અને સુખાકારીની બીજી યોજનાઓ અંગે ઘણો ખર્ચ કરવામાં આવનાર છે. આવી રીતે પછાત કોમો, આદિ-વાસીઓ ભીલો વિ. અને તેમનાં કલ્યાણની યોજનાઓ માટે પણ ખર્ચ કરવામાં આવનાર છે. મજૂરોના કાયમી વસતિગૃહો, ટેકનીકલ અને વૈજ્ઞાનિક જ્ઞાન, વસાહતો, અછતના વિસ્તારોને મદદ, સ્થાનિક બાંધકામો, સમાજ–સેવાસંસ્થાઓને મદદ વિ. બાબતોને પણ અહેવાલમાં યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે. સંશોધનની બાબત પણ આયોજનપંચ ભૂલ્યું નથી.

આગળ આપણે જોયું તેમ, આ બધા વધારાના ખર્ચને પરિણામે પહેલાંની રૂપરેખામાં રૂા. ૧૪૯૩ કરોડ તો હવે, આખરી અહેવાલની ભલામણો મુજબ રૂા. ૨૦૬૯ કરોડનો અંદાજ થયો છે. આટલો ધર-ખમ ખર્ચ કરીને જનતાના જુદા જુદા વર્ગોને કેટલો અને કેવી રીતે

ફાયદો પહોંચે છે તેની ઉપર આયોજનની સફળતાનો આધાર ગણી શકાય. આ રકમો કયાંથી અને કેમ ઉભી કરવી અને તેનો લોકોના વર્ગો ઉપર શું બોજો પડશે, અને તે સહન કરવાથી કોને કોને શું શું ફાયદા મળશે તે જોવાનું રહ્યું.

ભવિષ્યના ફાયદા માટે અગવડો વેઠવી, મહેનત કરવી, આવક વધારવી, ખર્ચ કમી કરવો, કરકસર કરી બચત વધારવી એ જેટલું વ્યકિત માટે જરૂરી છે તેટલું જ કોઇ પણ સમાજ માટે અને દેશ માટે પણ જરૂરી છે. અંગ્રેજીમાં કહેવાય છે તેમ "There cannot be planning without tears." દેશનું અર્થતંત્ર જેટલું પછાત એટલું તેને મજબુત કરવા જોરદાર પ્રયત્નો કરવાની જરૂરિયાત વધુ. 'ભયંકર રોગ ઉપર માત્રા પણ ભયંકર આપવી પડે છે' અને તેથી દેશના આયોજનને સફળ બનાવવા પ્રજાના દરેક વિભાગે કમર કસીને, બમણે બમણે લગાડી કાર્ય કરવું પડશે એમાં શંકાને સ્થાન નથી.

અપૂર્ણ

કાન્તિલાલ મકોડિયા

ડો.ઇન્દ્રને વિદાયસન્માન

મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય ડો. ઇન્દ્ર જેઓ છેલ્લા આઠેક મહીનાથી જૈન સ્થાનકવાસી કોન્ફરન્સના કાર્યને અંગે મુંબઇ આવીને વસ્યા હતા તેઓ જાયુકને માટે મુંબઇ છોડતા હોઇને તેમના વિદાયસન્માન અર્થે તા. ૨૦-૨-૫૩ શુક્રવારના રોજ શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆના પ્રમુખપણા નીચે સંઘના સભ્યોનું એક સંમેલન યોજવામાં આવ્યું હતું. શરૂઆતમાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ ડો. ઇન્દ્રનો ટૂંકોલોક પરિચય આપ્યો હતો અને તેમને આ વખતની સંઘની કાર્યવાહીમાં સંલગ્ન કરીને તેમના વિષે જે અનેક અપેક્ષાઓ રાખવામાં આવી હતી તેનો ખ્યાલ આપ્યો હતો, અને આવી વ્યકિત આપણને છોડીને જાય છે તે વિષે ખેદ વ્યકત કર્યો હતો. બીજી રીતે સ્થાનકવાસી કોન્ફરન્સ જેવા સાંકડા ક્ષેત્રને છોડીને તેઓ હાલ તુરત બનારસમાં આવેલા પાર્શ્વનાથ વિદ્યાશ્રમમાં જોડાય છે, જ્યાંથી તેઓ 'શ્રમણ' માસિકનું સંપાદન પુનઃ હાથમાં લેવા ધારે છે અને ત્યાર બાદ થોડા વખતમાં ધારેલી આર્થિક અનુકૂળતાઓ નિશ્ચિત થયે ડી. લીટ. ની ડીગ્રી પ્રાપ્ત કરવાના હેતુથી તેઓ ઈંગ્લાંડ જવા માંગે છે. આ રીતે અહિંના સાંકડા કાર્યક્ષેત્રને છોડીને વિશાળ કાર્યક્ષેત્રમાં પ્રવેશ કરવા તેઓ જઇ રહ્યા છે, આ વિષે તેમણે આનંદ પ્રદર્શિત કર્યો હતો અને તેમની હવે પછીની જીવનકારકીર્દી વિશેષ અને વિશેષ ઉજ્જવળ બનો એવી શુભેચ્છા પ્રદર્શિત કરી હતી.

ત્યાર બાદ ડો. ઇન્દ્રે આવું સંમેલન ઉપસ્થિત કરવા માટે મુંબઇ જૈન યુવક સંઘનો ઉપકાર માન્યો હતો, આ રીતે મુંબઇના મિત્રોથી છુટા પડવા માટે દિલગીરી દર્શાવી હતી અને આમ સ્થૂળ રીતે છુટા પડવા છતાં લેખન તેમ જ અન્ય પ્રવૃત્તિઓ દ્વારા સંઘ સાથેનો સંબંધ સદા જીવન્ત રહેશે એવી આશા વ્યકત કરી હતી. ત્યાર બાદ સ્થાનકવાસી કોન્ફરન્સની કાર્યવાહીનો અનુભવ, મુંબઇના જૈન સમાજનો સહવાસ, સ્થાનકવાસી સાધુસમુદાયનો પરિચય– તેમ જ મુંબઇ જૈન યુવક સંઘની ભાવનાઓ અને ભિન્નભિન્ન પ્રવૃત્તિઓ–આ સર્વને અંગે તેમણે ટૂંકાલાક સ્વતંત્ર તેમ જ માર્ગદર્શક વિચારો રજુ કર્યા હતા અને સાથે સાથે જૈન સમાજની કેટલીએક સમસ્યાઓનું આકલન કર્યું હતું.* ત્યાર બાદ શ્રી નેમચંદ નગીનચંદ વકીલવાળાએ ડો. ઇન્દ્રને શુભવિદાય ઇચ્છતા ભગવાન મહાવીરનો સર્વોત્કૃષ્ટ જૈન ધર્મ વિશ્વધર્મ બનવાને યોગ્ય છે એમ જણાવીને એ ધર્મનો ફેલાવો કરવા, જગતના લોકોને એ ધર્મનું સ્વરૂપ સમજાવવાની દિશાએ બને તેટલું કાર્ય કરવા ડો. ઇન્દ્રને વિનંતિ કરી હતી. શ્રી. જટુભાઇ મહેતાએ જણાવ્યું કે "ડો. ઇન્દ્રને આમ તો ટૂંકાલાએક વખતથી હું જાણતો હતો પણ તેમનો ખરો પરિચય તો–તેમની વિદ્વત્તા, પારદર્શક ચિન્તનશીલતા, વિશદ વિચારસરણીનો ખરો ખ્યાલ તો–આજનું તેમનું અનેક વિષયોને સ્પર્શતું વકતવ્ય સાંભળીને આવ્યો અને એ જ વખતે તેઓ આપણને છોડી જાય છે એ હકીકત આપણા માટે સવિશેષ ગ્લાનિનું નિમિત્ત બને છે. ડો. ઇન્દ્ર સ્થાનકવાસી કોન્ફરન્સના સાંકડા સંકીર્ણ કાર્યક્ષેત્રને છોડે છે એ ઉપરથી કોઇ પણ શકિતશાળી તેજસ્વી સ્વતંત્ર વ્યકિત નાના વાડામાં લાંબો વખત બંધાઇને રહી શકતી નથી એવા આપણા અનુભવનું સમર્થન થાય છે. આ પ્રકારના પ્રસંગોચિત ઉદ્‌ગારો સાથે ડો. ઇન્દ્રને તેમણે અંજલિ આપી હતી. ત્યાર બાદ શ્રી બચુભાઇ પી. દોશીએ ડો. ઇન્દ્રનો વિગતવાર પરિચય કરાવ્યો. પ્રમુખસ્થાનેથી શ્રી ભુજપુરીઆએ જણાવ્યું કે " જૈન સમાજને લગતા જાહેર જીવનમાં હું વર્ષોથી ભાગ લઇ રહ્યા છું, પણ એ જૈન સમાજમાં ડો. ઇન્દ્ર જેવી તેજસ્વી, વિદ્વાન અને પ્રતિભાશાળી વ્યકિતનો તો આજે જ મને પહેલી જ વાર પરિચય થયો છે એમ કહેવામાં હું જરા પણ અત્યુકિત કરતો નથી. સ્વતંત્ર વિચારણા અને સાંકડું કાર્યક્ષેત્ર એ બેનો કદિ મેળ ખાતો નથી એવો જે ભાઇ ઇન્દ્રનો અનુભવ છે તેવો જ મને પણ મુંબઇમાં ગયા વર્ષે ભરાયલા જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના અધિવેશનના સ્વાગત પ્રમુખ તરીકે અનુભવ થયો હતો. સમાજના અનેક પ્રશ્નો અંગે આપણા મનમાં અનેક બાબતો કહેવાની હોય પણ આ કહેવાથી આને દુઃખ લાગશે, આમ બોલવાથી આ વર્ગ પ્રતિકુળ થશે, આ વિચાર રજુ કરવાથી આ મુનિમહારાજ વાંધો ઉઠાવશે–એવા કંઈ કંઇ ખ્યાલો આપણી સ્વતંત્ર વાણીનું રૂંધન કરતા લાગે છે અને આવી સાંકડી મનોદશા વચ્ચે અને સાથે કામ લેવું દેવું આપણને બહુ મુશ્કેલ લાગે છે. આ અનુભવ ઉપરથી ડો. ઇન્દ્રની મુંઝવણ અને રૂંધામણ હું સમજી શકું છું અને આ સંકીર્ણતા વીંધીને તેઓ આગળ વધી રહ્યા છે અને વિશાળ કાર્યક્ષેત્ર તરફ ગમન કરી રહ્યા છે તે માટે તેમને હું ધન્યવાદ આપું છું અને મારા દિલની અનેક શુભેચ્છાઓ રજુ કરું છું." વગેરે.

ડો. ઇન્દ્રને પુષ્પાહારસમર્પણ સાથે સભા વિસર્જન કરવામાં આવી હતી.

પ્રકીર્ણ નોંધ

એક આદર્શ યુગલનિર્માણ

તા. ૧૮-૨-૫૩ બુધવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ભૂતપૂર્વ મંત્રી શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહની પુત્રી બહેન તારાના પાદરાવાળા શ્રી ચીમનલાલ અમૃતલાલ શાહના પુત્ર શ્રી રમણલાલ સાથે લગ્ન થયાં. બહેન તારા તથા ભાઈ રમણલાલ બન્ને મુંબઇ યુનીવર્સીટીના એમ. એ. છે; બન્નેની વિદ્યાર્થી તરીકેની કારકીર્દી એક સરખી ઉજ્જવળ છે. બહેન તારા સોફીઆ કોલેજમાં ગુજરાતી સાહિત્યની અધ્યાપિકા છે અને ભાઈ રમણલાલ સેન્ટ ઝેવીયર્સ કોલેજમાં ગુજરાતી સાહિત્યના અધ્યાપક છે. આ ઉપરાંત ભાઇ રમણલાલે એમ. એ.ની પરીક્ષામાં સ્વ. બળવન્તરાય ક. ઠાકોરનો સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો હતો અને તેઓ હાલ કેટલાએક સમયથી નેશનલ કેડેટ કોરમાં જોડાયા છે અને સેકન્ડ લેફ્‌ટેનન્ટનો હોદ્દો ધરાવે છે. બન્નેના લેખો અથવા અનુવાદો પ્રબુદ્ધ જૈનના આગળના અંકોમાં પ્રગટ થયા છે. આપણા સમાજમાં અનેક યુવક યુવતીઓ લગ્નસંબંધથી જોડાય છે, પણ જ્યારે કોઇ સમાન ગુણસંસ્કારસંપન્ન યુવક યુવતી વચ્ચે લગ્નઘટના નિર્માણ થાય છે ત્યારે આપણું દિલ સહજ હર્ષપુલકિત બને છે. બહેન તારા તથા ભાઇ રમણલાલનું યુગલ આ પ્રકારનું છે અને તેથી

*તેમનું વિગતવાર પ્રવચન આવતા અંકમાં આપવામાં આવશે. તંત્રી

તેમનું સહજીવન વિશાળ સામાજિક ક્ષેત્રે અને ખાસ કરીને સાહિત્યના પ્રદેશે અનેકવિધ સેવાઓ આપનારૂં નીવડશે એવી આશા આપણું ચિત્ત સેવે છે. તેમને અન્તરની અનેક શુભેચ્છાઓ છે.

'વિએના શાન્તિપરિષદ્ અને રશીઆનો ઉડતો પ્રવાસ'

તા. ૨૫-૨-૫૩ બુધવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સંઘના કાર્યાલયમાં યોજાયલી એક જાહેર સભામાં જાણીતા કળાકાર શ્રી રવિશંકર મહાશંકર રાવળનો ઉપરના વિષયમાં એક વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો. ચીન ખાતે એશીઆના દેશોની એક શાન્તિપરિષદ્ ગત વર્ષના ઓકટોબર માસની બીજી તારીખથી ૧૨ મી તારીખ સુધી ભરવામાં આવી હતી. એ જ ગાળામાં અખિલ વિશ્વની એક શાન્તિપરિષદ વીએના ખાતે ગયા ડીસેંબર માસની ૧૨ મી થી ૨૦ મી તારીખ સુધી યોજવામાં આવી હતી. આ પરિષદમાં હિંદના જે કેટલાક ભાઈ બહેનોએ ભાગ લીધો હતો તેમાં શ્રી રવિશંકર મહાશંકર રાવળ એક હતા. તેઓ અહિંથી ડીસેંબરની નવમી તારીખે વિએના જવા ઉપડયા હતા અને ઉપર જણાવ્યા મુજબ ત્યાંની શાન્તિ પરિષદનો કાર્યક્રમ પૂરો કર્યા બાદ મિત્રમંડળી સાથે સીધા સોવીયટ રશીઆના પાટનગર મોસ્કો પહોંચ્યા હતા અને ત્યાંથી લેનીનગ્રાડ, સ્ટેલીનગ્રાડ, જ્યોર્જીઆનું પાટનગર ટ્રીફ્લીસ તેમ જ બીજાં કેટલાં અન્ય સ્થળોની તેમણે મુલાકાત લીધી હતી. અને એ રીતે રશીઆમાં તેમણે એક મહીનો ગાળ્યો હતો. ઉપર જણાવેલ વાર્તાલાપ દરમિયાન તેમણે શાન્તિ પરિષદનો હેતુ, સ્વરૂપ તેમ જ તેમાં થયેલા કામકાજનો ખ્યાલ આપ્યો હતો અને ત્યાર પછી રશીઆના અદ્યતન નવનિર્માણની અનેક બાજુઓનો તેમણે આલોચના કરી હતી. ત્યાંની કળા, શિલ્પ, ઇજનેરી કુશળતા, બાંધકામની ભવ્યતા, બાળકેળવણીની મુગ્ધ કરે તેવી વ્યવસ્થા, ઔદ્યોગિક સિદ્ધિઓ, પ્રજાની સુખમયતા અને નિરામયતા, સ્ત્રીઓની શકિતમત્તા અને પ્રજાની ઉદ્યોગપરાયતા—આવી અનેક બાબતો તેમણે બહુ સુન્દર રીતે રજુ કરી હતી. લગભગ ૧॥ કલાક તેમનો વાર્તાલાપ ચાલ્યો હતો અને સંઘનું કાર્યાલય શ્રોતાઓથી ખીચોખીચ ભરાઇ ગયું હતું. જે કુતુહલથી ત્યાં સૌ કોઈ એકઠા થયા હતા તે કુતુહલને તેમણે અનેક અવનવી વિગતો વડે તૃપ્ત કર્યું હતું અને આપણા દેશમાં આવા જ પ્રકારની કોઇ નવરચના નિર્માણ કરવા તેમણે શ્રોતાસમુદાયને પ્રેરણા આપી હતી.

જૈન દર્શન : લેખક મુનિ ન્યાયવિજયજી, પ્રકાશક : શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભા, પાટણ, ઉત્તર ગુજરાત, કીંમત રૂ. ૩

આજે જૈન ધર્મ વિષે સામાન્ય માહિતી મેળવવાની શિષ્ટ સમાજમાં જિજ્ઞાસા દિન પ્રતિ દિન વધતી રહી છે. એવા સમયે મુનિ ન્યાયવિજયજીરચિત જૈન દર્શનની આ સંશોધિત પટખંડાત્મક નવમી આવૃત્તિ એક બહુ ઉપયોગી ગ્રંથની ખોટ પૂરી પાડે છે આ ગ્રંથની ત્રણ ચાર વિશેષતાઓ ખાસ ધ્યાન ખેંચે તેવી છે.

૧ મુનિ ન્યાયવિજયજી જૈન શ્વે. મૂ. સંપ્રદાયના એક સાધુ છે એમ છતાં આખું પુસ્તક કોઈ પણ સંપ્રદાય અભિનિવેશથી મુકત છે, એટલું જ નહિ પણ જૈનેતરો પ્રસન્નતાપૂર્વક આ ગ્રંથ વાંચી શકે અને જૈનધર્મ વિષે પ્રમાણભૂત માહિતી મેળવી શકે એવી તટસ્થતાનો મુનિ ન્યાયવિજયજીના નિરૂપણમાં આપણને અનુભવ થાય છે.

૨ મુનિ ન્યાયવિજયજીની લેખનશૈલી રસાલ, પ્રવાહાત્મક તેમ જ અત્યન્ત વિશદ છે. ગમે તેવા વિષયને પણ પોતાના લાક્ષણિક વિશદ નિરૂપણ વડે તેઓ સહજગમ્ય બનાવી શકે છે. આ ઉપરાંત કોઇ પણ મુદ્દો સમજાવવા માટે તેઓ જાતજાતના ધરગથ્થુ દૃષ્ટાંતો રજુ કરે છે અને એ રીતે આખો મુદ્દો તેઓ ખૂબ સુગમ બનાવે છે.

૩ તેમની ભાષા પણ સાદી અને સરળ અને રોચક છે. કોઇ પણ ઠેકાણે પોતાનું પાંડિત્ય દેખાડવાનો તેમને મોહ નથી.

૪ તેમનું જૈન ધર્મનું જ્ઞાન ઉપરછલ્લું નથી. તેમનું વાંચન વિશાળ છે, અવગાહન ઉંડું છે. આ કારણે આટલા નાના ગ્રંથમાં શું આપવું અને શું ન આપવું એ મુંઝવણ તેઓ અનુભવતા હોય એમ આ ટુંકો કરવા ધારેલ છતાં કાંઇક લાંબો બની ગયેલ ગ્રંથ ઉપરથી માલુમ પડે છે. જૈન ધર્મ વિષે કુતુહલ ધરાવનારને આ ગ્રંથમાંથી જરૂરી માહીતી પ્રાપ્ત થાય છે; જૈન ધર્મના જાણકારનાં મન્તવ્યો આ ગ્રંથના વાંચનથી વધારે સ્પષ્ટ થાય છે.

આ ગ્રંથમા રહેલી એક ત્રુટિનો ખાસ ઉલ્લેખ કરવો જરૂરી છે. કેટલીક બાબતોનું આ ગ્રંથમાં જ્યાં ત્યાં પુનરાવર્તન થયેલું માલુમ પડે છે. એ પુનરાવર્તન હવે પછીની આવૃત્તિમાં દૂર કરવામાં આવશે અને તેમ જ પ્રમાણમાં કેટલાક ઓછી અગત્યના મુદ્દાઓનું વિવેચન કમી કરવામાં આવશે તો જૈન ધર્મની સંક્ષેપમાં પુરી અને પ્રમાણભૂત માહીતી આપતો આ ગ્રંથ બનશે. અનેકાન્તના નિરૂપણમાં કેટલેક ઠેકાણે મેળ બેસતો ન હોય ત્યાં મેળ બેસાડવાનો અથવા તો જરૂરી કરતાં વધારે પડતો સમન્વય કરવાનો પ્રયત્ન નજરે પડે છે. તે વિભાગ પણ પુનઃ સંશોધન માંગે છે. આવી કંઇ કંઇ ત્રુટિઓ છતાં જીંદગીભરના અભ્યાસ અને અવગાહનના ફળરૂપ આ જૈનદર્શનની નવી સંશોધિત આવૃત્તિ શિષ્ટ સમાજના આવકાર અને અભિનંદનને પાત્ર છે. આ પ્રકારના લેખો અને પુસ્તકો પ્રગટ કરીને જૈન ધર્મ વિષે અને તેમાં રહેલી અનેક તાત્વિક બાબતો વિષે મુનિ ન્યાયવિજયજી વિશાળ જનસમાજને સાચી માહિતી અને માર્ગદર્શન આપતા રહે અને તે વિષે પ્રચલિત અનેક ભ્રમણાઓને દૂર કરતા રહે એમ આપણે ઇચ્છીઓ.

લોક ભારતી અને ગ્રામવિદ્યાપીઠ

થોડા સમયમાં આંણાલાની નજીકમાં ઉભી થનાર લોક ભારતીને લગતું વિજ્ઞાપન આ અંકના પ્રારંભમાં પ્રગટ કરવામાં આવ્યું છે. આવી ગ્રામ વિદ્યાપીઠ ઉભી કરવાનો ગુજરાત સૌરાષ્ટ્રમાં પહેલો પ્રયત્ન છે. આવી એક યા બે વિદ્યાપીઠ દેશના અન્ય વિભાગોમાં ઉભી થયેલી છે અને તે પણ પ્રારંભિક સ્થિતિમાં છે. આધુનિક શિક્ષણ ગામડાઓમાં વસતા પ્રજાજનોના જીવન અને જરૂરિયાતોને અનુરૂપ બને અને એ રીતે ઉપયોગી ગ્રામસેવકો પેદા થાય અથવા તો આ રીતે શિક્ષિત બનેલા પ્રજાજનો શહેરો તરફ દોડી આવવાને બદલે જ્યાં તેમનો જન્મ અને ઉછેર થયો હોય ત્યાં જ તેઓ સ્થિર થાય અને પોતાનું તેમ જ આસપાસના લોકોનું જીવન વિકસાવે એ હેતુ આ લોકભારતીના ઉદ્ભવ પાછળ રહેલો છે. લોકભારતીને લગતા વિજ્ઞાપન ઉપરથી માલુમ પડશે કે તેની યોજનામાં અદ્યતન શિક્ષણના વિશિષ્ટ અંશોનો ઇનકાર નથી, પણ ગામડાના લોકજીવનની સમસ્યાઓ, ખેતી, ગ્રામોદ્યોગ, સહકારી પદ્ધતિઓ વગેરે બાબતોના શિક્ષણ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે અને એ રીતે ગ્રામજનો પોતાના કાર્યક્ષેત્રને પહોંચી વળવા માટે પુરેપુરા શકિતસંપન્ન વિદ્યાસંપન્ન બને-એ ધ્યેય લોકભારતીના પ્રયોજકોને પ્રેરી રહ્યું છે. શ્રી નાનાભાઇ ભટ્ટ જીવનના પ્રારંભથી શિક્ષણના કાર્યમાં જોડાયલા છે અને છેલ્લાં કેટલાએક વર્ષથી આંણલામાં તેમના પોતાના હાથે સ્થપાયેલ ગ્રામદક્ષિણામૂર્તિના મુખ્ય પ્રેરક અને પ્રયોજક તરીકે કાર્ય કરી રહ્યા છે. લોકશિક્ષણ તેમના સતત ચિન્તન તેમ જ પરિશીલનનો વિષય છે. કાળના વહેતા સાથે કેળવણીને લગતા પ્રશ્નો સંબંધે તેમની વિચારણા પણ પરિવર્તન પામતી અને વિકાસ

સાધતી રહી છે અને એ રીતે આજે તેઓ વયોવૃદ્ધ હોવા છતાં વિચારના પ્રદેશમાં યથાશક્તિ નિત્યનૂતન રહ્યા છે. શ્રી મનુભાઇ પંચોળી આજે ગ્રામદક્ષિણામૂર્તિના સંચાલનનો બધો ભાર ઉપાડી રહ્યા છે. નાનાભાઇ ભટ્ટના તેઓ વર્ષોભરના સહકાર્યકર્તા છે, ચિન્તક લેખક અને તેજસ્વી આયોજક છે. પ્રસ્તુત લોકભારતીનું સમસ્ત આયોજન આ બે વ્યક્તિઓના સહચિન્તનનું ફળ છે. તેમણે લાંબા વખતથી સેવેલું સ્વપ્ન આજે મૂર્તિમન્ત બની રહ્યું છે. ગુજરાત સૌરાષ્ટ્રના શ્રીમાનો તેમની એટલે કે લોકભારતીની આર્થિક જરૂરિયાતોને પુરી પાડે અને આમ જનતા શિક્ષણના ક્ષેત્રમાં શરૂ થતા આ નવા સાહસને અન્તરથી આવકારે–અપનાવે એ જ પ્રાર્થના ! પરમાનંદ

એક ગંભીર ભૂલ માટે ક્ષમાયાચના

પ્રબુદ્ધ જૈનના ગયા અંકની વિષયસૂચિમાં એક ગંભીર ભૂલ થઇ ગઇ છે જે માટે મારે શ્રી કસ્તુરભાઈ લાલભાઇની ક્ષમા માંગવાની રહે છે. ગયા અંકની પ્રકીર્ણ નોંધમાં શ્રી કસ્તુરભાઈ બાલાભાઈ ઝવેરીની અવસાન નોંધ પ્રગટ કરવામાં આવી હતી. પણ તેને લગતી વિષયસૂચિ જેણે તૈયાર કરી તેણે શ્રી કસ્તુરભાઇ બાલાભાઈ બદલે શ્રી કસ્તુરભાઇ લાલભાઈ લખી નાંખ્યું અને તે મુજબ છપાયું. આ વિષયસૂચિ ગમે તેણે તૈયાર કરી હોય પણ તેની જવાબદારી મારી જ ગણાય અને તેથી શ્રી કસ્તુરભાઇ લાલભાઇની મારે અન્તરથી ક્ષમા માંગવાની રહી.

આપણી ચાલુ લોકમાન્યતા એવી છે કે કોઈ જીવતી વ્યક્તિનું મૃત્યુ થવાની અફવા જો ઉભી થાય તો તેના પરિણામે તે જીવતી વ્યક્તિનું આયુષ્ય વધે છે–તે ચિરંજીવી બને છે. આવી લોકમાન્યતાઓમાં સાધારણતઃ શ્રદ્ધાનો અભાવ હોવા છતાં આ લોકમાન્યતાને સ્વીકારી લેવાનું મન થાય છે અને એ રીતે શેઠ કસ્તુરભાઇ લાલભાઇ કે જેમની સાથે એક યા અન્ય બાબતમાં અંગત ગમે તે મતભેદ હોય એમ છતાં જેઓ માત્ર જૈન સમાજના જ નહિ પણ મહા ગુજરાતના એક પ્રતિભાશાળી પ્રજ્ઞાસંપન્ન પુરૂષ છે એમ કહેવામાં હું લેશ માત્ર અતિશયોક્તિ નથી કરતો તેમને આ મારી ભૂલ યા સ્ખલના દીર્ઘાયુષી બનવામાં નિમિત્તરૂપ થાય અને તેમના હાથે રાષ્ટ્રની તેમ જ જૈન સમાજની હજુ અનેક સેવાઓ નિર્માણ થતી રહે એમ હું અંતરથી ઇચ્છું છું. તંત્રી, પ્રબુદ્ધ જૈન

ઐક્ય (છંદ : ઝૂલણા)

તું મહાકાવ્ય ને પંક્તિ હું તાહરી,
તું મહાસિન્ધુ, હું બિન્દુ છેક.
ફૂલની માળ તું, હું કળી, હે હરિ !
ગીત તું, સૂર હું માત્ર એક.
તું મહા, અલ્પ હું–ઉર છતાં હર્ષતું
ઐક્ય આનંદમાંહે ત્વરાથી,
તાહરૂં તત્ત્વ હું માહરૂં સત્ત્વ તું
કોણ કહે અલગ તું માહરાથી ?

—ગીતા કાપડિયા

વિષયસૂચિ		પૃષ્ઠ
લોક ભારતી (ગ્રામ વિદ્યાપીઠ)		૧૭૧
પંચવર્ષીય આયોજન	કાંતિલાલ બરોડિયા	૧૭૩
ડો. ઇન્દ્રને વિદાયસન્માન		૧૭૪
પ્રકીર્ણ નોંધ, એક આદર્શ યુગલ નિર્માણ, વિદ્વાનોના શાન્તિ પરિષદ અને રશીઓનો ઉડતો પ્રવાસ, જૈન દર્શન, લોક ભારતી અને ગ્રામ વિદ્યાપીઠ.	પરમાનંદ	૧૭૬
યમુનોત્તરી–ગંગોત્તરી તથા કૈલાસગિરિનાં દર્શન	પરમાનંદ	૧૭૭

યમુનોત્તરી–ગંગોત્તરી તથા કૈલાસગિરિનાં દર્શન

તા. ૩૧–૧–૫૩ શનીવારના રોજ સાયંકાળના સમયે મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યમુનોત્તરી તથા ગંગોત્તરી અને કૈલાસ ગિરિની યાત્રાનાં રંગીન ચિત્રપટો બતાવવા માટે ભુલાભાઇ દેસાઇ રોડ ઉપર આવેલા શ્રી ભુલાભાઈ ઇન્સ્ટીટ્યુટમાં સંઘના સભ્યો તથા નિમંત્રિત મહેમાનોનું એક સંમેલન યોજવામાં આવ્યું હતું. સંઘ પ્રત્યે સદ્‌ભાવ ધરાવતા બંધુ શ્રી નવનીતભાઇ પારેખની મંડળી ૧૯૫૦માં કૈલાસની યાત્રાએ ગયેલી અને તેમણે પ્રારંભથી તે પાછા આવ્યા ત્યાં સુધીની કૈલાસની એક રંગીન ફીલ્મ ઉતારેલી. ત્યારબાદ ગયા વર્ષે શ્રી નવનીતભાઇ તથા તેમનાં માતપિતા જન્મોત્તરી અને ગંગોત્તરીની યાત્રાએ ગયેલાં અને તે યાત્રાની પણ ભાઈ નવનીતલાલે સુંદર ફીલ્મ પાડેલી. આ બન્ને ચિત્રપટો સંઘના સભ્યોને બતાવવાની મારી ઘણા વખતની ઇચ્છા ભાઈશ્રી નવનીતભાઇના સૌજન્યથી આ વખતે પાર પડી અને ઉપર જણાવ્યા મુજબનું સંમેલન યોજી શકાયું. આ સંમેલનમાં સંઘના અધિકારીઓ તથા સભ્યો ઉપરાંત સ્વામી આનંદ, કાકાસાહેબ કાલેલકર, શ્રી ચોપટલાલે ગોવીંદલાલ શાહ, શ્રી રામનારાયણ પાઠક, શ્રી ડુંગરશી ધરમશી સંપત, શ્રી સરોજબહેન ચોધ, શ્રી મધુરીબહેન દેસાઈ, શ્રી ધીરજલાલ મોદી વગેરે અનેક જાણીતા ભાઇબહેનો હાજર હતાં. પ્રારંભમાં સંઘના મંત્રી તરીકે મેં રજુ થનારાં ચિત્રપટો અને તેનાં નિર્માતા શ્રી નવનીતભાઇનો થોડો પરિચય આપ્યો અને આવો સુયોગ ઉપસ્થિત કરવા માટે શ્રી નવનીતભાઇનો, સ્વામી આનંદનો તેમ જ શ્રી મધુરીબહેન દેસાઇનો આભાર માન્યો. સ્વામી આનંદ જેઓ આજથી ૪૦ વર્ષ પહેલાં હિમાલયના તીર્થપ્રદેશોનો પ્રવાસ કરી આવ્યા છે અને કૈલાસની પણ એ સમયમાં પગે ચાલીને અનેક સંકટો વેઠીને યાત્રા કરી આવ્યા છે અને આજે પણ છેલ્લાં ત્રણ ચાર વર્ષથી વર્ષનો મોટો ભાગ હિમાલયમાં જ કૌસાની ખાતે ગાળે છે, તેમણે હિમાલયની ભવ્યતાનો અને શ્રી નવનીતભાઇની સાહસિકતા તથા નિસર્ગપ્રિયતાનો ટૂંકોલોક ખ્યાલ આપ્યો અને હવે પછી જે ચક્ષુપ્રત્યક્ષ થવાનું હતું તે માટે યોગ્ય વાતાવરણ પેદા કર્યું.

ત્યારબાદ ભાઈશ્રી નવનીતભાઇએ યમુનોત્તરી અને ગંગોત્તરીના ચિત્રપટથી શરૂઆત કરી. આંખ સામે ચિત્રપટ સરકવા લાગ્યું અને નવનીતભાઈ પસાર થતાં સ્થળોની ઓળખાણ અને સમજુતી આપવા લાગ્યા. આ ચિત્રપટ મુંબઇથી હરદ્વાર તરફ લઇ જતી ટ્રેનના દર્શનથી શરૂ થાય છે. હરદ્વારનો 'હરકી પૈડી' નામનો ગંગાતટ ઉપરનો સુંદર ઘાટ, ઋષિકેશ પાસેનો લક્ષ્મણ ઝુલા નામનો ગંગાપરનો લોખંડનો ઝુલતો પુલ અને ગંગા કિનારે આવેલું સ્વર્ગાશ્રમ આપણી આંખો સામેથી પસાર થાય છે અને આપણે હિમાલયમાં પ્રવેશ કરીએ છીએ. આગળ ચાલતાં ગંગાકાંઠે 'ધરાસુ' નામનું એક ગામ આવે છે. અહિં સુધી બસો મોટરો જાય છે. પછી પગપાળા રસ્તો શરૂ થાય છે. પ્રથમ યમુનોત્તરીના માર્ગે આપણે આગળ ચાલીએ છીએ. યમુના કાંઠે કાંઠે ચાલતાં આપણે હનુમાન ચટ્ટી અને માર્કંડેય ચટ્ટી આગળથી પસાર થઇએ છીએ અને યમુનાના પ્રવાહને કાંઠે આવેલા યમુના મંદિર સમીપ પહોંચીએ છીએ. અહિં ગરમ પાણીના કુંડો આપણને જોવા મળે છે. આ કુંડોમાંના એકમાં સ્નાન થઇ શકે છે તો બીજો એક કુંડ વધારે ગરમ હોઇને તેમાં યાત્રીઓ લુગડાની થેલીમાં નાંખીને ચોખા કે બટાટા પકવતા નજરે પડે છે. આ સ્થળ એટલે કે યમુનાનું પ્રાદુર્ભાવસ્થાન લગભગ ૧૦૦૦૦ ફીટની ઉંચાઇએ આવેલું છે. યમુનોત્તરીનો આખોયે રસ્તો ગંગોત્રીના રસ્તા કરતાં જરા મુશ્કેલ છતાં અત્યંત રમણીય અને સૃષ્ટીસૌન્દર્યથી ભરેલો છે.

અહિંથી પાછા ફરતાં યમુનાના કાંઠે ગંગાણી આવે છે અને ત્યાંથી ગંગોત્તરી તરફ રસ્તો ફંટાય છે અને આગળ ચાલતાં પ્રારંભમાં આપણે ઉત્તરકાશી પહોંચીએ છીએ. આ સ્થળ ગંગા કાંઠે સપાટ ખીણમાં આવેલું છે. અહિં એક ઝુલતો પુલ તથા ધર્મશાળા તેમ જ અન્નક્ષેત્ર પણ આપણી નજરે પડે છે. ઘણું ખરૂં શીતકાળમાં ગંગોત્રી જમનોત્રીના સાધુઓ અત્રે આવીને રહે છે. ગંગા કાંઠે કાંઠે આગળ ચાલતાં મનેરી, ભટવાડી, ગંગનાણી, સુખીઝાલા વગેરે સ્થળોમાંથી પસાર થઇને આપણે હરસિલ પહોંચીએ છીએ. ટીબેટની સરહદની નજીક હોવાથી આ ગામમાં ભોટીઆ તેમ જ ટીબેટી લોકો આપણને જોવા મળે છે. આગળ ચાલતાં ભૈરવ ઘાટીની વસમી ચઢાઇ ઉપર થઇને આપણે ગંગોત્તરીના મંદિર સમીપ પહોંચીએ છીએ. આ મંદિર ભવ્ય અને સપ્રમાણ લાગે છે. અહિં યાત્રાળુઓ ગંગાસ્નાન કરતાં જોવામાં આવે છે. અહિં વર્ષોથી વસતા સુવિખ્યાત મુનિ તપોવનજી, શ્રી કૃષ્ણાશ્રમજી તેમ જ અન્ય અનેક સન્ત સાધુપુરૂષોનાં આપણને દર્શન થાય છે. ગંગાજીનાં મૂળ સુધી પહોંચવા માટે આથી પણ આગળ જવું પડે છે, જે માર્ગ ઘણો વિકટ હોય છે. વસ્તુતઃ માર્ગ જ નથી. પત્થરોની ગિરિમાળા ઉપરથી માર્ગ જાતે જ કરી લેવો પડે છે આપણા ચિત્રપટ-નિર્માતાને હિમપ્રવાહ તેમ જ 'સ્નો બ્રીજ' ઓળંગતા આપણે જોઇએ છીએ. રસ્તામાં મૌનીબાબાની ઝુંપડી આવે છે. ધીમે ધીમે આગળ વધતાં આખરે છેક ગોમુખ એટલે "ગંગાના મૂળ" પાસે આપણે પહોંચીએ છીએ. હિમપ્રવાહના પોલાણમાંથી એક નાનો સરખો જળપ્રવાહ ચાલ્યો આવે છે, જે આગળ વધતાં વધતાં વિરાટકાય ગંગાનો ભવ્ય પ્રવાહ બને છે. આ સ્થળ ૧૩૦૦૦ ફીટની ઉંચાઇએ આવ્યું છે. ધાર્મિક શ્રદ્ધા અને ભાવનાની દૃષ્ટિએ આ સ્થળ અતિ પવિત્ર મનાય છે. અસહ્ય ઠંડી વચ્ચે આ બરફ સમા શીતળ પ્રવાહમાં સ્નાન કરીને કૃતાર્થતા અનુભવતા યાત્રીઓને આપણે નિહાળીએ છીએ. અહિં આપણી સામે હિમાલય પોતાની પુરેપુરી ભવ્યતામાં પ્રગટ થતો નજરે પડે છે. ત્રણે બાજુ હિમાચ્છાદિત શિખરો-ભાગીરથી પર્વતમાળા, ભૃગુપંથની પર્વતમાળા અને શિવ લીંગનું ઉતુંગ શિખર-આપણી આંખોને અને મનને મુગ્ધ બનાવે છે. આ શિખરો સદાકાળ હિમાચ્છાદિત રહે છે. યાત્રીકો સાથે આપણે ચિત્રપટ જોનારા પણ ધન્યતા અનુભવીને અહિંથી પાછા ફરીએ છીએ અને ગોમુખથી ગંગોત્તરી અને ત્યાંથી જે માર્ગે અહિં સુધી આવ્યા તે જ માર્ગે પાછા ફરતાં હરદ્વાર આપણે પહોંચી જઇએ છીએ. જતાં તેમ જ આવતાં હિમાલયનું ભવ્ય સૃષ્ટિસૌન્દર્ય, ભીષણ જળપ્રપાતો, હિમાશખરોની હારમાળાઓ, અદ્‌ભુત વનરાજીઓ તેજછાયાનાં અવનવાં ચિત્રો, અવર્ણનીય સૂર્યોદયો અને સૂર્યાસ્તો-આપણી આંખો સામેથી પસાર થાય છે અને અપૂર્વ રંગલીલા નીહાળતાં આપણે મુંબઇના સમુદ્રતટે આવેલા એક મકાનમાં બેસીને એક ચિત્રપટ જોઇ રહ્યા છીએ-એ વાસ્તવિકતાને આપણે બે ઘડિ ભૂલી જઇએ છીએ.

આમ એક યાત્રા પુરી થાય છે અને બીજી યાત્રા કૈલાસની શરૂ થાય છે. આ યાત્રા પણ આપણે મુંબઇથી શરૂ કરીએ છીએ અને આગ્રાના તાજમહાલનાં પુનિત દર્શન કરીને છેલ્લું રેલ્વે સ્ટેશન કાઠગોદામ સમીપ આપણે પહોંચીએ છીએ. ત્યાંથી ૮૧ માઇલ બસમાં બેસીને આલ્મોરા પહોંચાય છે. આલ્મોરા ૫૨૦૦ ફીટ ઉંચાઇએ આવેલું એક જાણીતું હવા ખાવાનું મથક છે. આલ્મોરાની બજાર, ત્યાંનું શિવાલય વગેરે જોઇને આપણે આગળ વધીએ છીએ. આ વખતની મંડળી શ્રી નવનીતભાઇ અને તેમના ત્રણ ચાર મિત્રોની બનેલી છે અને તેમની સાથે કૈલાસના સુપરિચિત સ્વામી પ્રણવાનંદજી છે. આલ્મોરાથી ખચ્ચર ઉપર પ્રવાસ શરૂ થાય છે. માર્ગમાં પહાડી ગામડાંઓ, ટેકરાટેકરીના ઢોળાવ ઉપર નિર્માણ કરવામાં આવેલાં પગથીઆ જેવા બેતરો, (terrace fields). ચીડ, દેવદાર વગેરે વૃક્ષોનાં ઘીચ જંગલો આપણી આંખ સામેથી પસાર થાય છે અને પહાડી લોકજીવનનો આપણને કાંઇક ખ્યાલ આવે છે. આકાશ સ્વચ્છ બની જાય છે અને બદ્રીનાથ (જેને 'ચૌખંભા'ના નામથી ઓળખવામાં આવે છે), નંદાકુંટી, ત્રિશૂલ, નંદાદેવી, નંદાકોટ પંચચુલ્હી, નંપા વગેરે સુપ્રસિધ્ધ ગગનચુંબી હિમશૃંગોનાં દર્શન થાય છે. માર્ગમાં સરયુ, રામગંગા વગેરે નદીઓ પાર કરવામાં આવે છે. આલ્મોરાથી ૯૦ માઇલ દૂર ધારચૂલા ગામ આવે છે. તે કાલી ગંગાના કાંઠે આવેલું છે. આ નદીના સામે કાંઠે નેપાલ રાજ્યની સરહદ આવેલી છે. આ નદી ઉપર એક દોરડાનો પૂલ આવે છે જેને ઓળંગવો ભારે વિકટ લાગે છે. અહિં લાકડાના ત્રીકોણ ચોકઠામાં ગોઠવાયલા અને દોરડા ઉપર લટકતા અને એ રીતે પુલને ઓળંગતા નવનીતભાઇને આપણે જોઇએ છીએ. ધારચુલાથી આગળ પગપાળા પ્રવાસ શરૂ થાય છે. રસ્તામાં 'નજંગ'નો રોમાંચક ઘોધ આવે છે જેનાં ખળખળ વહેતાં પાણી આપણને જાણે કે સંભળાતાં લાગે છે. રસ્તો ખૂબ સાંકડો બને છે. પર્વતમાં કોરી કાઢેલા માર્ગમાંથી પ્રવાસીઓ પસાર થતા દેખાય છે. ભોટ પ્રદેશના વિસ્તારમાં થઇને ૫૫ માઇલ દૂર ગર્બ્યાંગ નામના ગામડે આ મંડળી પહોંચે છે. ભારતના સીમાડાનું આ છેલ્લું ગામ છે. અહિં ભોટીઆ લોકોનો પોષાક અને ચિત્રવિચિત્ર ભારે વજનદાર રૂપાનાં આભૂષણો આપણું ખાસ ધ્યાન ખેંચે છે. ગર્બ્યાંગથી આગળ ચાલતાં લીપુ-પાસ (ઘાટ) આવે છે. આ ઘાટ ૧૬૭૫૦ ફીટ ઉંચો છે. અહિં ભારત ટીબેટની સરહદ ઉપર નવનીતભાઇનો ગાઢ્ઢિ સફ્રમસિંહ રાષ્ટ્રધ્વજ ફરકાવતો નજરે પડે છે અને આપણા દિલમાં રોમાંચ પેદા કરે છે.

ટીબેટમાં આગળ ચાલતાં પહેલાં તકલાકોટ ગામ આવે છે, પછી ગુકુંગ ગામ આવે છે જે ગામના લોકો પર્વતની ગુફાઓને જ ઘર બનાવીને વસેલા છે. ટીબેટી લોકો મંગોલિયન જાતિના છે. તેઓ બૌદ્ધ ધર્મના મહાયાન પંથના અનુયાયી છે અને તેમના ધર્મગુરૂઓને લામા' કહેવામાં આવે છે. આ લામાઓમાં એવા પણ લામાઓ હોય છે કે જેઓ પૂર્વજન્મમાં પણ લામા હતા એવી ટીબેટના લોકો તેમના વિષે માન્યતા ધરાવે છે. આને 'ઠુલકુ-લામા' કહેવામાં આવે છે અને આ લામાઓને વધારે આદરણીય અને પૂજનીય ગણવામાં આવે છે. આ લામાઓનાં આપણને આગળ ચાલતાં દર્શન થાય છે. ટીબેટી નૃત્યકારો, તેમનાં વૃંદવાદન, યાકના વાળમાંથી બનાવેલા ગાલીચા જેવા જાડા કાપડના તંબુઓ, લાકડાના બુંગળામાં પાણી, મીઠું, માખણ અને ચા નાખીને તે બુંગળાને વલોવતા અને એ રીતે ચા તૈયાર કરતા ટીબેટી સ્ત્રીપુરૂષો-આ બધું જોતાં આપણે કોઈ જુદી જ માનવી - દુનિયામાં પ્રવેશ કર્યો હોય એમ લાગે છે. ટીબેટના બૌદ્ધ મઠોને "ગોમ્પા" નામથી ઓળખવામાં આવે છે. આ ગોમ્પાઓમાં મુખ્ય ગણાતા એવા બે ગોમ્પાઓ-સિમ્બીલીંગ ગોમ્પા અને ખોચર ગોમ્પા-આપણી આંખ સામેથી પસાર થાય છે અને તે પ્રદેશના ધાર્મિક જીવનની આપણને ઝાંખી કરાવે છે. હવે આપણે રાક્ષસતાલના માર્ગ તરફ વળીએ છીએ. રસ્તામાં હિમાચ્છાદિત ગુર્લામાંધાત પર્વત આવે છે. જેની ઉંચાઇ લગભગ ૨૫૪૦૦ ફીટ છે. આગળ ચાલતાં થક્ષા-દોંગલા અને ગુર્લાલા આ નામના બે ઘાટમાંથી પ્રવાસીઓને પસાર થવું પડે છે. આમાંથી બહાર નીકળતાં ૧૪૯૦૦ ફીટની ઉંચાઈ ઉપર આવેલું રાક્ષસતાલ (તાલ એટલે તળાવ) નામનું એક વિશાળ સરોવર આવે છે. કિંવદન્તી પ્રમાણે અહિં રાક્ષસોના રાજા રાવણે તપ કરેલું એ ઉપરથી આ તળાવનું 'રાક્ષસતાલ' નામ પડેલ છે. તેનો વિસ્તાર ૧૫૦ ચોરસ માઇલનો છે. અને તેના વિશાળ જળપટમાં બે નાના દ્વિપો આવેલા છે. સમુદ્રની નાની આવૃ-

ત્તિસમા આ સરોવરમાં આપણા પ્રવાસી બંધુઓને સ્નાન કરતા નિહાળીને આપણી આંખો પ્રસન્ન થાય છે. આ બધો પ્રદેશ લગભગ સપાટ, અને ઝાડપાન વિનાનો સુકો વેરાન અને મોટા ભાગે નિર્જન જેવો લાગે છે. આગળ ચાલતાં 'બરખાનાં' મેદાન ઓળંગીને તેઓ દરચિન નામના ગામ પાસે પહોંચે છે. અહિંથી કૈલાસ પર્વતની પરિક્રમા શરૂ થાય છે. આપણે હવે કૈલાસ પર્વતની સમીપ આવીને ઉભા રહીએ છીએ. આ લગભગ ત્રિશંકુ આકારના, ભવ્યતાની પણ પરાકાષ્ટા સમા. ગગનચુંબી પર્વતનાં દર્શન કરતાં આપણું મસ્તક નમી પડે છે. આ પર્વતની ઉંચાઇ ૨૨૦૨૮ ફીટ છે. તેને હિંદુઓ મહાદેવ પાર્વતીના નિવાસ સ્થાન તરીકે ઓળખે છે અને બૌધ્ધધર્મીઓ ભગવાન બુદ્ધ તથા ૫૦૦ બોધીસત્વો આ પર્વતમાં વસે છે એમ માને છે. અને તેથી ઉભયધર્મીઓ આ સ્થળને જગતના સર્વોત્તમ તીર્થ તરીકે લેખે છે અને ઉંડા ભક્તિભાવથી આકર્ષાઇને અનેક લોકો આ સ્થળે આવે છે અને તેની પરિક્રમા કરવામાં જીવનની ધન્યતા કલ્પે છે. કૈલાસની પ્રદક્ષિણા ૩૨ માઇલની છે. આ પરિક્રમા પુરી કરતાં સાધારણ યાત્રાળુને ત્રણ દિવસ લાગે છે. બૌદ્ધ ધર્મીઓની પ્રદક્ષિણા કરવાની રીત વળી જુદા જ પ્રકારની છે. તેઓ સાષ્ટાંગ દંડવત્ કરતાં કરતાં આગળ વધે છે અને એ રીતે પ્રદક્ષિણા કરતાં તેમને ત્રણથી ચાર અઠવાડીઆ લાગે છે. જૈન ગ્રંથમાં અષ્ટાપદ પર્વતનો ઉલ્લેખ આવે છે. અને તે હિમાલયમાં જ પ્રતિષ્ઠિત હોવાની માન્યતા છે. જૈનોના પ્રથમ તીર્થંકર ભગવાન આદિનાથ અથવા ઋષભદેવની નિર્વાણભૂમિ તરીકે અષ્ટાપદનું વર્ણન કરવામાં આવેલ છે. જૈનોનું અષ્ટાપદ તીર્થ એટલે આ કૈલાસ પર્વત જ છે એવી પણ માન્યતા પ્રવર્તે છે. આ રીતે કૈલાસને સર્વ આર્યધર્મોના મહત્તમ તીર્થ તરીકે આપણે કલ્પી શકીએ છીએ. કૈલાસનું ટીબેટી નામ 'કંગરિમ્પો' છે જેનો અર્થ હિમરત્ન થાય છે.

આ કૈલાસની પરિક્રમા શરૂ કરતાં શરૂઆતમાં 'સેરથુંગ' નામનું સ્થળ આવે છે, જ્યાં દર વૈશાખી પૂર્ણિમા (ભગવાન બુધ્ધનો જન્મદિન, બોધિપ્રાપ્તિદિન અને નિર્વાણદિન) એ ધ્વજસ્તંભ ઉભો કરવામાં આવે છે. ધ્વજસ્તંભ દૂર દૂરથી નજર પડે છે. ત્યાંથી સહેજ આગળ ચાલતાં 'ન્યનરી ગોમ્પા' આવે છે. જેમ જેમ આગળ વધીએ છીએ તેમ તેમ કૈલાસ જુદા જુદા દૃષ્ટિકોણથી જોવા મળે છે. પ્રથમ નૈઋત્ય તરફથી પછી પશ્ચિમ બાજુએથી, પછી વાયવ્ય દિશાએથી, છેક આગળ ઉત્તર તરફથી—એમ હીરાના જુદા જુદા પાસા જોતાં આપણને જેમ નવા નવા તેજ અને રૂપનું દર્શન થાય છે તેવી રીતે કૈલાસને ભિન્ન ભિન્ન બાજુએથી નીરખતાં "क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपम् रमणीयतायाः" ની જેમ નવનવીન સૌન્દર્યનો—ભવ્યતાનો—અદ્‌ભુતતાનો—આપણને અનુભવ થાય છે અને વિસ્મયની કોઇ અવર્ણનીય લાગણી આપણા ચિત્તને આવરી લે છે. ઉત્તર બાજુએ 'દિરપુક ગોમ્પા' આવેલ છે. ત્યાંથી પૂર્વ દિશા તરફ જતાં દોલ્મલા ઘાટ આવે છે જેની ઉંચાઇ ૧૮૬૦૦ ફીટ છે. ત્યાંથી જરા નીચે ઉતરતાં ગૌરીકુંડ (૧૮૪૦૦ ફીટ) આવે છે. આ કુંડના પાણીનું ઉપરનું પડ બરફ થઇ ગયેલું હોય છે જે તોડીને નીચેના સ્ફટીકશા જળમાં આપણા યાત્રિકોને સ્નાન કરતાં આપણે નિહાળીએ છીએ અને વિસ્મય તેમ જ આનંદ અનુભવીએ છીએ.

ગૌરીકુંડથી ઉતરીને આગળ ચાલતાં માનસરોવર આવે છે. આને કેટલાક માનસસરોવરના નામથી ઓળખે છે. રામલક્ષ્મણ અથવા તો બાહુબળી અને ભરત માફક કૈલાસ સાથે માનસરોવર આપણી કલ્પનામાં કંઇ કાળથી જોડાયલુ છે અને તેથી કૈલાસની પરિક્રમાની માનસરોવરના સ્નાનથી પરિપૂર્તિ થતી લાગે છે. આ સરોવરનો વિસ્તાર ૨૦૦ ચોરસ માઇલનો છે અને તેનો કિનારો સમુદ્ર જેવા ઉછળતા તરંગોથી દેદિપ્યમાન લાગે છે. છતાં જળ અતીવ નિર્મળ છે. આ સરોવરનું ટીબેટી નામ 'છો—મવમ્' છે. આ સરોવરમાં ન્હાતા ન્હાતા છતાં પણ ઘરાઈ ઘરાઇને સ્નાન કરતા આપણા યાત્રિકો નવનીતભાઈ, રણછોડભાઇ વગેરે તેમ જ કાંઠે બેસીને હવન કરતી સાધુમંડળીઓ આપણી નજરે પડે છે ડુંગોલ્હે ગોમ્પા ઉપરથી માનસરોવરનો વિશાળ જળપટ અને પશ્ચાદ્ ભૂમિકામાં કૈલાસનું ઉત્તુંગ શિખર સાયંકાળના આછા બનતા તેજમાં કોઇ જુદી જ ભવ્યતાનો અનુભવ કરાવે છે. પાછા ફરતાં ગુર્લામાંધાતાનાં પુનઃ દર્શન થાય છે. તકલાકોટ ગામ પસાર થાય છે. યાત્રીકો હવે રસ્તો થોડો બદલે છે, ટીંકર પાસ (૧૭૨૦૦ ફીટ) ઓળંગીને તેઓ નેપાલમાં દાખલ થાય છે. નેપાલનું લોકજીવન અને તે પ્રદેશના ભિન્ન ભિન્ન દૃષ્યો જોતાં જોતાં આપણે ગર્લ્યાંગ થઇ પાંગ આલ્મોરા આવી પહોંચીએ છીએ અને ત્યાંથી કાથગોદામ પહોંચતાં ચિત્રપટદ્વારા શરૂ કરેલી આપણી કૈલાસની યાત્રા પુરી થાય છે

કુદરતની અનુપમ ભવ્યતાના અનુપાનથી તૃપ્ત બનેલા સંમીલિત ભાષણકારોના દિલમાં રમી રહેલી કૃતકૃત્યતાની લાગણીને સૌની વતી કાકાસાહેબ કાલેલકરે વ્યકત કરી અને આવા ચિત્રપટો જોઇને સંતોષ ન માનતાં નવનીતભાઇ માફક શકય હોય તે સૌ કોઇએ આવાં સ્થળોએ પ્રવાસ કરવો જોઇએ અને તે આજકાલના અમેરિકન પ્રવાસીઓ માફક ઉડતી રીતે નહિ પણ ઉંડી ધર્મનિષ્ઠાથી, આત્મશુધ્ધિની ભાવનાથી, અંતર્મુખ બનીને જીવનનાં ત્રિકાલાબાધિત સત્યો શોધવાની અનુભવવાની વૃત્તિથી, અનંત તત્ત્વ સાથે અને તેમાં રહેલા અનંત સૌંદર્ય સાથે તાદાત્મ્ય અનુભવવાની એકરૂપ બનવાની ઝંખનાપૂર્વક પ્રવાસ કરવો જોઇએ અને સાચા અર્થમાં યાત્રિક બનવું જોઇએ—આ આશયનાં તેમનાં પ્રેરણાવચનો વડે ઉત્તેજિત બનેલું આ સુભગ સંમેલન ગંગોત્તરી તથા કૈલાસનાં આ વિવિધવર્ણી ચિત્રપટોના નિર્માતા અને દર્શક શ્રી નવનીતભાઇ વિષે ઋણબુદ્ધિ અનુભવતું, કૈલાસના દર્શનને મનમાં રટતું રટતું વિસર્જિત થયું. **પરમાનંદ**

સંઘના સભ્યો જોગ

સંઘના સભ્યોના જ્ઞાનમાં વૃદ્ધિ થાય, દેશના વિશાળ ક્ષેત્રમાં કાર્ય કરી રહેલા વિદ્વાનો, વિચારકો અને ચિન્તકોનો પરિચય થાય, સભ્યો વચ્ચે પરસ્પર સંપર્ક વધે એ હેતુથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી એક યા બીજા સ્થળે અવારનવાર નાની મોટી સભાઓ—સંમેલનો ગોઠવવામાં આવે છે અને એ વિષેની જાહેરાત પ્રબુદ્ધ જૈનમાં તેમ જ તે રીતે શકય ન હોય ત્યારે દૈનિક છાપાઓમાં આપવામાં આવે છે. આ સભાઓની બબ્બર સંઘના દરેક સભ્યને વ્યકિતગત આપવાનું બરચાળ હોઇને દર વખતે શકય નથી હોતું. મહીનામાં એક અથવા બે સંમેલનો ભરતા રહેવું અને તેનો લાભ જ્યારે જ્યારે શકય હોય ત્યારે ત્યારે જાહેર જનતાને પણ આપતા રહેવું એવી અમારી ધારણા છે. સંઘના આશ્રય નીચે યોજાતી આવી સભાઓની જાહેરાતો પ્રબુદ્ધ જૈનમાં તેમ જ ચાલુ દૈનિક પત્રોમાં જોતા રહેવા સંઘના સભ્યોને વિનંતિ છે.

આ ઉપરાંત સંઘનું નવું વર્ષ શરૂ થયાને સાડા ચાર મહીના થવા આવ્યા છે છતાં ઘણા સભ્યોનાં વાર્ષિક લવાજમ (રૂ. ૫) હજુ સુધી આવ્યા નથી. આ સંબંધે યાદી મોકલવામાં આવશે. તે યાદી મુજબ પોતપોતાનું લવાજમ સંઘના કાર્યાલયમાં વિના વિલંબે ભરી જવા તે તે સભ્યોને વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ. ૩.
મુદ્રણસ્થાન: ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ, ૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪
અંક : ૨૨

મુંબઈ : ૧૫ માર્ચ ૧૯૫૩, રવિવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

ચાંડિલ સર્વોદય સંમેલન

વિનોબાજીનું ઉદ્‌બોધન

(બિહાર માનભૂમ જીલ્લામાં આવેલું ચાંડિલ ગામ કે જ્યાં હાલ શ્રી વિનોબાજી વસે છે ત્યાં ચાલુ માસની તા. ૭ થી ૯ સુધી પાંચમું સર્વોદય સંમેલન યોજવામાં આવ્યું હતું. એ સંમેલનમાં રાજસ્થાનના આગેવાન કોંગ્રેસી કાર્યકર્તા શ્રી ગોકુલભાઇ દૌલતરામ ભટ્ટ ભાગ લીધો હતો. તેમણે એ સંમેલનની કેટલીક વિગતો પહેલા હકતારૂપે ચાલતા સંમેલને પ્રબુદ્ધ જૈન માટે મોકલી આપી છે જે સાભાર નીચે પ્રગટ કરવામાં આવે છે. આનો બીજો હપ્તો આવતા અંકમાં રજુ કરવામાં આવશે. તંત્રી)

પૂ. બાપુજી જીવતા હતા ત્યારે જ્યાં જ્યાં ગાંધી સેવા સંઘનું વાર્ષિક અધિવેશન મળતું હતું ત્યાં ત્યાં મુખ્યત્વે ગાંધીજીની હાજરીને કારણે માનવમહેરામણ ઉલટતો રહેતો હતો અને કયારેક કયારેક એમ થતું હતું કે કોંગ્રેસ અધિવેશનની સરસાઇ થઇ રહી છે અથવા તો કોંગ્રેસનું સ્થાન ગાંધી સેવા સંઘ લેવાનું છે. એવા તર્કો કુતર્કો જ હતા. ગાંધીજીના દેહવિલય પછી સર્વોદય સમાજની બંધનમુકત રચના થઇ અને તેનાં સંમેલનો જુદે જુદે સ્થળે થવા લાગ્યાં. સેવાગ્રામ, રાઉ, શિવરામપલ્લી, સેવાપુરીમાં અગાઉનાં ચાર સંમેલનો થયાં. આ વેળાનું પાંચમું સંમેલન ચાંડિલ (બિહારના માનભૂમ જીલ્લામાં) તા. ૭ થી ૯ સુધીનું યોજવામાં આવ્યું હતું. આ ગામે તો આકસ્મિક જ સંમેલન થઈ રહ્યું હતું, કારણ કે વિનોબાજીની ભૂદાનયાત્રા એમની માંદગીને કારણે અહિં જ ટકી ગઇ હતી અને તેઓ જ્યાં હોય ત્યાંજ સંમેલન ભરાવું જોઇએ, કારણ કે આજે તેમનામાં અને તેમની આસપાસ જ પ્રેરક વાતાવરણ જમાવવાની અને જામવાની અનુકૂળતા હોય છે. જ્યાં પૂ. ગાંધીજી હતા ત્યાં જમઘટ હતો, જ્યાં પંડિત જવાહિરલાલજી જાય ત્યાં માનવસમાજ હીલોળે ચઢે અને જ્યાં સંત વિનોબા જાય, રહે, બોલે ત્યાં આશા, પ્રેરણા ને કાળપુરૂષનો નવસંદેશ સંભળાય. જનતંત્રનો જમાનો ભલે હોય, પણ આ તંત્રનો વાહક પણ એક જન-વિશેષ હોય છે અને તેથી અમુક અમુક વ્યકિત-વિશેષની, લોકોત્તર પુરૂષની આણ પ્રવર્તે જ છે.

ચાંડિલ સંમેલનનો આરંભ એક રીતે તો તા. ૪-૩-૫૩ થી થયો કે જ્યારે ભારતવર્ષનાં કતાઇ મંડળોનું વિવરણ રજૂ થયું. તે વેળાએ સંત વિનોબાએ જે ઉદ્‌ગાર કાઢયા તેમાં સૌએ અલગ અલગ પોતપોતાની નાની નાની રચનાત્મક પ્રવૃત્તિઓમાં લીન ન થતાં એકાગ્રચિત્તે ભૂદાનપ્રવૃત્તિમાં લાગી જવાની હાકલ કરી. તા. ૫-૩-૫૩ ને દિને ભૂદાનપ્રવૃત્તિ પ્રાંતે પ્રાંતે કેવી રીતે ચાલી રહી છે તેના અહેવાલો પ્રાંતસંયોજકોએ સંક્ષેપમાં ભૂદાનમાં કામ કરનારાઓ સમક્ષ રાખ્યા; તથા ભવિષ્યમાં એટલે કે આવતા એક વર્ષમાં એપ્રિલ ૧૯૫૪ પહેલાં સમગ્ર દેશમાં ૨૫ લાખ એકર ભૂમિદાનમાં ભેગી કરવાની તેમને પાર પાડવાની કટિબદ્ધતા દાખવી; કાર્ય મુશ્કેલ છે, થયું છે તેના પ્રમાણમાં (અંકગણિતની રીતે) ધારેલી મુદ્દતમાં પુરું ન થઇ શકે, પરંતુ શ્રધ્ધાબળે તથા ઇશ્વરકૃપાએ પુરૂ કરવાની હિંમત સંયોજકોએ દાખવી. આ પ્રસંગે પણ વિનોબાજીએ ભૂદાન-પ્રવૃત્તિનું હાર્દ સમજાવ્યું, ભારતના ભવિષ્યનું ચિત્ર દોર્યું તથા એકાગ્રતા ઉપર જોર દઇને કહ્યું કે ૨૫ લાખ એકર ભૂમિ આપણે ધારેલ સમય મર્યાદામાં ન મેળવી શકીએ તો આપણે જીવવાના હકકદાર નથી; આપણું પાણી મરી ગયું સમજવું. વગેરે વગેરે.

વિનોબાજી જ્યારે જ્યારે બોલે છે ત્યારે ઋચાઓ ઉચ્ચારતા લાગે છે અને તેઓ બોલવા ખાતર બોલતા નથી પણ હૃદયમાંથી જે નાદબ્રહ્મ ઉઠે છે તે આપણને સંભળાતો હોય તેવું જણાય છે. રચનાત્મક કાર્ય, સરકાર, સત્તા વગેરેનું વિશ્લેષણ એમણે કર્યું.

તા. ૬ઠ્ઠી માર્ચે સર્વસેવાસંઘની સભા થઇ તે ખાનગી હતી એટલે તેમાં થયેલ વાતચીતોની વીગતો હું લખીશ નહિ પરંતુ તેનો સારભાગ વર્તમાનપત્રના પ્રતિનિધિઓએ અહિં તહિંથી ભેગો કરીને સમાચાર બ્રહ્મબ્રુકોને આપ્યો જ હશે.

સંમેલનનો આરંભ

તા. ૭ મી માર્ચે સવારના સાદા એવા વિશાળ મંડપમાં સંમેલનનો આરંભ થાય છે, સંમેલનની વ્યાસપીઠ નાનીસરખી, એક ગ્રામકુંભારની રચના હતી; સાવ સાદી ગામડીયણ પોતાના ઘેર ઉજવાતા કોઇ ઉત્સવ પ્રસંગે સાલવૃક્ષ ચીતરે, બે બાજુ ન ઓળખાય તેવા પોપટો હોય એવું એ એકલું જ રેખાંકન કર્યા અને કોંગ્રેસ અધિવેશનની શોભા કયાં ? નિવાસસ્થાનો, રસોડું, કાર્યાલયો, પાણીની વ્યવસ્થા, વગેરેમાં **ગ્રામભાવ** હતો, કયાંક કયાંક તો **ગ્રામ્યભાવ** હતો, પણ એની ચર્ચામાં ઉતરવાની જરૂર નથી, કારણ કે આ તો આવી પડયું એટલે **ચાણ્ડિલ** સંમેલનસ્થળ બન્યું; છતાંય ચાણ્ડિલને જોતાં વ્યવસ્થા સારી કહેવાય, ભલે ન્હાવા ધોવાની અગવડ નડી, ચોખામાં કાંકરા ખાવા પડયા, હાથે દળેલ લોટમાં નવી ઘંટીઓની તથા વગરચીણેલ ઘઉંની કાંકરી આવતી હતી, છતાંય નાના સરખા ચાણ્ડિલે આવેલ ભાર બાબાને માટે (વિનોબાજીને બાબા કહીને બોલાવે છે) ઉપાડી લીધો. બિહારવતી સ્વાગત કરતાં શ્રી. લક્ષ્મીબાબુએ સાચું જ કહ્યું હતું કે ગુણ, સગવડ દેખો તે ઇશ્વરની દેન છે, દોષને અગવડ જુઓ તે મનુષ્યકૃત અમારા છે.

વેદમંત્રોથી તથા તુલસીચોપાઇથી ૮-૮॥ ના સમૂહકાંતણ પછી ચર્ખાસંઘના ધીરેન મજુમદારને સંમેલન સ્થાને બેસાડવામાં આવ્યા. સ્વાગતભાષણ થયું; ઉત્કલના તપસ્વી ગોપબાબુએ નાના સરખા પ્રદર્શનનું ઉદઘાટન-ભાષણ કર્યું. પ્રમુખ ધીરેનભાઇએ પાંચસાત વાકયોમાં જ પોતાનું પ્રારંભિક ભાષણ કરીને કહ્યું કે આશા અને કાળપુરૂષની વચ્ચે આપણે ઊભીએ. કાળપુરૂષનું આહ્વાહન થઈ રહ્યું

છે, રખે આપણે પાછા પડીએ. થોડાંક પણ મર્મગ્રાહી આવાં વચનોએ શ્રોતૃવર્ગમાં પ્રાણસંચાર કરી દીધો હતો. સર્વ સેવા સંઘ તથા સર્વોદય સંમેલનનો વૃતાંત શ્રી. શંકરરાવ દેવે રજૂ કર્યો (વાંચ્યો નહિ). માત્ર સ્વ. કિશોરલાલ મશરૂવાળાનો ભાવપૂર્ણ ઉલ્લેખ કર્યો. સંમેલન માટે ખાસ પધારેલ પૂ. રાજેંદ્રબાબુએ આશિષવચનો કહ્યાં અને અંતમાં સંત વિનોબાનું પ્રવચન થયું. સૌ કાગને ડોળે એની રાહ ભાળતા હતા. વિનોબાજીએ ધીરગંભીર વાણીમાં શરૂઆત કરી :—

" **કિશોરલાલભાઈ**.....હું પણ પૂજ્ય કિશોરલાલભાઇના સ્મરણથી આરંભ કરવા ચાહું છું. જે મહાન કાર્ય ઇશ્વરે મને સોંપ્યું છે અને જેની દીક્ષા ઇશ્વર અને જનતાની સમ્મુખ મેં લીધી છે તે કામમાં તેઓ લીન રહેતા...તેઓ શરીરે દુબળા હતા એથી તેઓ સ્થૂલ કર્મ ઝાઝાં કરી શકતા નહિ, પણ કર્મ ન કરી શકવાની સ્થિતિમાં પણ કેટકેટલું મહાન કાર્ય થઈ શકે છે તે તેમણે દાખ્યું હતું જેના હૃદય નિર્મલ હોય છે જેમનામાંથી ઈશ્વર કૃપાથી રાગદ્વેષ લુપ્ત થયા હોય છે તેવા મનુષ્યો બહુ જ ઓછા મળે છે. આવી વિરલ વ્યક્તિઓમાં કિશોરલાલભાઇની ગણના હું કરું છું. બાપુજી પછી અમને એમનો આશ્રય હતો અને તેઓ પોતાના સહજ સૌજન્યથી અમને નભાવી–સંભાળી લેતા હતા. આટલી શકિત અમારામાંથી કોઇનામાં પ્રકટ થઇ નથી.

"એ માટે એમનો અભાવ મને ખટકે છે. એ અછતની પૂર્તિ અમે પરસ્પરના સદ્‌ભાવથી કરી શકીએ છીએ."

"આ પુણ્યસ્મરણ પછી સર્વોદય સંમેલન એટલે શું, એનો કાર્યક્રમ શું વગેરે બતાવ્યું.

"આપણે એક કાર્યકર્તાની જમાત છીએ,.....વર્ષ ભર કામ કરીને આપણે એક ઠેકાણે નારાયણને સમર્પણ કરવા ભેગા થઇએ છીએ અને બીજા વર્ષના કાર્યની પ્રેરણા લઇને જઇએ છીએ.....કાર્યપદ્ધતિ, કાર્યક્રમ અને કાર્યરચના આ ત્રણ મુદ્દાઓનો વિચાર આપણે કરવો જોઇએ. આપણે દુનિયાના કોઇ પણ ખૂણામાં કાં ન બેઠા હોઇએ પણ દુનિયામાં શું ચાલી રહ્યું છે તેના ઉપર નજર રાખ્યા વિના કામ નહિ ચાલે. દુનિયામાં નવાં બળો કામ કરી રહ્યાં છે. બે નવા પ્રવાહો વહેવા લાગ્યા છે. બે કલ્પનાઓ અને ભાવનાઓ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યા છે. એનું ધ્યાન રાખીને આપણે સતત જાગ્રત રહીને નાનું પગલું પણ ભરવું જોઇએ. સમ્યક્‌દૃષ્ટિ વગરનું કર્મ આંધળું જાય જાય છે માટે દુનિયાની દશાનું અવલોકન કરતા રહેવું જોઇએ. આજે દુનિયા ચંચળ અવસ્થામાં છે એટલે કે ફ્લૂઇટક દશા છે. કંઇ કંઈ ઉથલપાથલનો સંભવ છે; આપણે કંઇ નથી કહી શકતા કે કયારે શું થશે..... આવી અસ્થિર દશા દુનિયાની છે...આપણા પૂ રાજેંદ્રબાબુનો કે માલ્કમ નેતા પંડિત નેહરુનો હિંસામાં વિશ્વાસ નથી, છતાંયે એવી પરિસ્થિતિ છે કે સૈન્ય રાખવું, વધારવું તથા સશકત કરવાની જવાબદારી લેવી પડે છે, આવી વિચિત્ર પરિસ્થિતિ છે.

" શ્રદ્ધા એક વસ્તુ ઉપર છે એવો આભાસ થાય છે અને ક્રિયા બીજા જ પ્રકારની કરવી પડે છે."

સર્વોદય સમાજ એ પંથ ન બને, જનશકિત એ જ આખરે કામ આવવાળી વસ્તુ છે, વિચારશાસન, કર્તૃત્વવિભાજન વગેરે વિષયોનું એટલું બધું વિશદ દર્શન પ્રવચનમાં હતું કે ખરી રીતે એ ૧૯૫૭ સુધીનો એક કાર્યક્રમ હતો; કોઇએ એને સર્વોદય સમાજનું ધ્યેયપણાપત્ર કહ્યું. આ આખુંયે પ્રવચન* મનનશીલ હોવાથી વાચકોએ તે વાંચી લેવું જોઇએ.

તા. ૭ મીએ બપોરના તથા તા. ૮ મી એ સવારના ૧૧ સુધી જુદા જુદા ભાઇબહેનોએ પોતપોતાના અનુભવો સંભળાવ્યા. આવી ત્રણ ત્રણ મિનિટોની વાતોમાંથી વિશેષ શું મળે ? પણ આવનારમાંના કેટલાકને સંતોષ થાય કે તેઓ બોલ્યા. વિષયાંતર, પણ થયા જ કરે. પણ સહિષ્ણુ સર્વોદય સમાજે સર્વ સાંભળવું રહ્યું.

તા. ૭ મી એ સાંજે શ્રી. જયપ્રકાશ નારાયણે ભૂદાનપ્રવૃત્તિમાં પૂર્ણ વિશ્વાસ જાહેર કર્યો. વિનોબાજીના તેઓ ભકત બન્યા છે, એ જાણવા મળ્યું તથા વધારેમાં વધારે ભૂમિ (Ceiling) રાખવા અંગેની વાતો ભયાવહ છે–વિનોબાજીના એ મત સાથે તેઓ મળતા થયા. એમનું ભાષણ ટુંકું મુદ્દાસરનું સ્પષ્ટ હૃદયંગમ હતું. વર્ધા મહિલાશ્રમની બહેનોની ટોળી ગયા જીલ્લામાં કામે ગઇ હતી. તેમણે પોતાના મીઠા અનુભવો સંભળાવ્યા અને આ બાળાઓએ જે અદ્‌ભુત કાર્ય વિનોબાજીના આશીર્વાદથી કર્યું છે તે સાંભળવામાં આનંદ આવતો હતો. એમણે પોતાનાં ભજનોદ્વારા પણ સરસ વાતાવરણ ઉત્પન્ન કર્યું જણાયું. આ બાળાઓના તથા વિનોબાજીની પરિચર્યામાં રહેતી બહેનોના અનુભવબોલ ઉત્સાહ ને આનંદપ્રેરક હતા. ક્રાન્તિસંદેશનાં મહેન્દ્રોને સંધમિત્રાઓ દેખાવા લાગ્યાં.

કાકા કાલેલકરે આઠમીની બપોરની બેઠકનો ઉપસંહાર કરી હરિજન, ગિરિજન (Schedueled Tribes, Hill Tribes, Backward Classes માટેનો એમનો શબ્દ) તથા સ્ત્રીજન એ ત્રણ અંત્ય (પછાત) છે, તેથી તેમનો ઉધ્ધાર **અંત્યોદય** એટલે કે **સર્વોદય.** ભૂમિજન, પછાતકોમપંચ વગેરે વાતો દ્વારા પાંડિત્યપૂર્ણ પ્રવચનથી ભૂદાનપ્રવૃત્તિને આગળ વધારવાની પ્રેરણા કાકાએ આપી.

અપૂર્ણ ગોકુલભાઇ દૌલતરામ ભટ્ટ

*આ આખું પ્રવચન આગામી અંકમાં ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે તંત્રી

નૂતન ચીન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તથા ઇન્ડો–ચાઇના ફ્રેન્ડશીપ એસોશીએશનના સંયુક્ત ઉપક્રમે તા. ૧૮–૩–૫૩ બુધવારના રોજ સાંજના ૬–૧૫ વાગ્યે ભારતીય વિદ્યાભવનના ગીતા હોલમાં મુંબઇ સરકારના મજુરપ્રધાન શ્રી શાંતિલાલ હરજીવનદાસ શાહના પ્રમુખપણા નીચે જાણીતા કવિ તથા વિવેચક શ્રી ઉમાશંકર જોષી 'નૂતન ચીન' ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ વ્યાખ્યાનનો લાભ લેવા સર્વે સભ્યોને વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી પ્રભુદાસ પટવારીનું સંઘ તરફથી સન્માન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તાજેતરમાં પ્રિયંવદા નામની ૧૩ વર્ષની છોકરીને દીક્ષા અપાતી અટકાવવામાં સફળતા મેળવનાર અમદાવાદના જાણીતા સામાજિક કાર્યકર્તા એડવોકેટ શ્રી પ્રભુદાસ પટવારીનું તા. ૨૫–૩–૫૩ બુધવારના રોજ સાંજના ૬–૩૦ વાગ્યે ધનજી સ્ટ્રીટમાં આવેલા સંઘના કાર્યાલયમાં જાહેર સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે બાળદીક્ષા ઉપર કાયદાનો પ્રતિબંધ મૂકવાની જરૂરિયાત વિષે ચર્ચા કરવામાં આવશે. સર્વે સભ્યોને વખતસર હાજર રહેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

પ્રબુદ્ધ જૈનના વાંચકોને

આપ જાણતા હશો કે પ્રબુદ્ધ જૈનનું સંચાલન અને સંપાદન ચોકકસ આદર્શ અને ભાવનાને અનુલક્ષીને કરવામાં આવે છે અને તે પ્રવૃત્તિ પાછળ મુંબઇ જૈન યુવક સંઘને દર વર્ષે સારી એવી રકમ જોડવી પડે છે. પ્રબુદ્ધ જૈન આપને આકર્ષી શકયું હોય તો આપ પોતે ગ્રાહક ન હો તો ગ્રાહક બનીને અને ગ્રાહક હો તો બને તેટલા નવા ગ્રાહકો મેળવી આપીને અમારી આર્થિક ચિન્તા બને તેટલી હળવી કરશો એ જ વિનંતિ.–તંત્રી, પ્રબુદ્ધ જૈન

(3)

પંચવર્ષીય આયોજન

આયોજનની આવશ્યકતા

(૪) (ગતાંકથી ચાલુ)

આપણે આગળ જોઇ ગયા તેમ આયોજનની આખરી યોજના પાછળ રૂા. ૨૦૬૯ કરોડનો કુલ ખર્ચ થવાનો છે. તે ખર્ચ થયા પછી આપણા સમગ્ર અર્થતંત્રને અને તેના જુદા જુદા વિભાગોને અને વર્ગોને ચોકકસ રીતે શું શું ફાયદાઓ–સીધા કે આડકતરા–થશે તેની ગણત્રી કરવી સહેલી નથી. સૌથી મોટામાં મોટી મુશ્કેલી તો એ છે કે ભારત જેવા જબરજસ્ત ભૌગોલિક વિસ્તારવાળા દેશમાં આયોજનને અમલી બનાવવાનું છે; આપણે ત્યાં લોકશાહી છે–સરમુત્યારશાહી નથી; પ્રાદેશિક સરકારો અને કેન્દ્રની સરકારો વચ્ચે બધા સવાલો પરત્વે સોએ સો ટકા સરખું દૃષ્ટિબિંદુ, ઉત્સાહ અને કાર્યક્ષમતા રહેતી નથી; વહીવટી તંત્રને, લોકોને અને જુદા જુદા વિરૂદ્ધ હિતોને દેશના હિતને અર્થે સમસ્ત દેશની સમસ્યાઓને સમજતાં અને તેને અનુકુળ થવા શીખવાનું છે. કાગળ ઉપર સંપૂર્ણ દેખાતી વિગતો અને ધ્યેયો અમલી બનાવતાં મુશ્કેલીઓ અને મુંઝવણોનો સામનો કરવો પડે છે, વખત ખોવો પડે છે અને જેટલો ખર્ચ થાય છે તેનો બધો ફાયદો પહોંચાડતો નથી. આ તો આપણી સાદી સમજની વાત છે, જેમ કે, પરીક્ષા વખતે વાંચવા માટે સારૂં અને સંપૂર્ણ ટાર્ગમેટેબલ બનાવવું એ એક વાત છે અને તે પ્રમાણે વાંચી શકાય છે કે નહીં તે બીજી વાત છે. આમ છતાં ફકત ખંડનાત્મક ટીકાઓને બદલે રચનાત્મક સૂચનો કરવામાં આવે અને આયોજનની આવશ્યકતા નાના–મોટા, ગામડાના–શહેરના, ગરીબ–અમીર, કિસાન–કામદાર-ઉદ્યોગપતિ બધાના હિતમાં છે એમ સમજવામાં આવે અને તેને અનુરૂપ સરકારની દોરવણી અને વર્તન રાખવામાં આવે તો જ કાયમી ફાયદો થઈ શકે. આ તકે નોંધ લેવી ઘટે કે ફીડરેશન ઓફ ઇંડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની તાજેતરમાં દિલ્હી ખાતે ભરાયેલી વાર્ષિક સભામાં આ યોજનાને ઉત્સાહભેર આવકારવામાં આવી છે અને તેને સંપૂર્ણ ટેકો આપવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. આનો અર્થ એ નથી થતો કે બધી વિગતો સાથે આ બધા સંમત છે. પણ આયોજન અહેવાલની યોજનાને સર્વસામાન્ય આવકાર સાંપડયો એ એક નોંધપાત્ર અને સૂચક હકીકત છે. હવે અનુકુળ વાતાવરણ ઘડી સરકારે લોકોનો ઉત્સાહ અને જોશ ટકાવવા જોઇએ અને પ્રજાજીવનમાં નવો પ્રાણ રેડવા આ નિયોજનના ચક્રો ગતિમાન થાય છે તેમ સત્તાવાર–મંડળોએ સાબીત કરી બતાવવું જોઇએ. ઘણી વખતે પ્રધાનોના લાંબા લચક ઠરાવો ને ભાષણો કરતાં તાબડતોબ ભરાતા પગલાની વધુ સ્થાયી અસર થાય છે, તેથી આયોજનના શત્રુઓ–લાંચ, રૂશ્વત, બેદરકારી, જનતાના હિતની ઉપેક્ષા, કાર્યક્ષમતાનો સદંતર અભાવ–એવી જમાતને ઉગતાં જ ડામવા જોઇએ. નહેરૂ સરકાર આમ કરશે તો મધ્યમવર્ગ અને કિસાન–કામદાર વર્ગનો સર્વાંશે ટેકો તેને આયોજન–કાર્યમાં મળી રહેશે. વિશ્વાસ, શ્રદ્ધા અને ઉત્સાહની દરેક સુ–કાર્યમાં રહે જરૂર છે અને આયોજનમાં તો ખાસ કરીને એની જરૂર છે જ. જો આ આયોજનના બહાના નીચે અત્યારની જ વિષમ પરિસ્થિતિ ચાલુ રહેવાની હોય અથવા મૂડીદાર વર્ગની કે માલદાર વર્ગની આળપંપાળ થવાની હોય એવી ઉંડે ઉંડે પણ આશંકા સેવાશે તો આયોજન કથળી જશે એમ બીક રહે છે ખરી. આયોજનમાં નાણાંની, સાધનસામગ્રીની, યાંત્રિક મદદની વિગેરેની જરૂર રહે છે જ પણ લોકોની અખૂટ શ્રદ્ધાનો સવાલ, છે જે સાનુકુળ સંજોગોમાં દીવાદાંડીની જેમ ઉભો રહે છે તેમ પ્રતિકુળ સંજોગોમાં પાણી નીચેના ખડકની પણ ગરજ સારે છે.

૧૯૫૦–૫૧માં ગણુત્રી પ્રમાણે આપણી રાષ્ટ્રીય આમદાની રૂા. ૯,૦૦૦ કરોડની હતી. આયોજનની યોજના પ્રમાણે આ આમદાની ૧૯૫૫–૫૬માં રૂા. ૧૦,૦૦૦ કરોડની થશે. એટલે આ પંચવર્ષીય ગાળામાં તેમાં લગભગ ૧૧–૧૨ ટકાનો વધારો થશે. આપણી મૂડીની બચતના આંકડાઓ પણ અચોકકસ છે, પણ રૂા. ૪૫૦ કરોડની બચત જો આપણે ગણીએ તો ૧૯૫૫–૫૬માં તેમાં ૫૦ ટકાનો વધારો થશે. આ ગતિએ આપણી માથાદીઠ આવક અત્યારે જે છે તે બમણી કરવા સારૂ આપણે ૧૯૭૭ સુધી એટલે લગભગ ૭૭ વર્ષ વધુ વાટ જોવી પડશે અને તે વખતે ૧૯૫૦–૫૧ ની સપાટી કરતાં વપરાશની સપાટીમાં લગભગ ૧૩/૪ ગણો વધારો થયો હશે. આ બધા પ્રયત્નોની અસર અર્થતંત્ર ઉપર–દેશની રોજગારી ઉપર-પણ થશે અને વધુ લોકોને રોજી મળશે અને બેકારીનું પ્રમાણ ખૂબ ઘટશે. જેમકે, મોટા અને નાના ઉદ્યોગો લગભગ બીજા ચાર લાખ માણસોને રોજી આપશે, બીજળીક કારખાનાઓ અને નહેરોના બાંધકામ વધુ ૨૫ લાખ લોકોને કામ આપશે. આવી રીતે ખેતીવાડીના કાર્ય અંગે વિસ્તાર થવાથી ૧૯૫૫–૫૬માં વધુ ૧૪ લાખ લોકોને રોજી મળશે અને તળાવ કુવા, બંધો વિગેરેના કામમાં પણ ઘણા બધા લોકો રોકાશે. આવી રીતે બાકીનો વિ.માં, રસ્તાઓ, કારખાના, સાર્વજનિક અને ખાનગી મકાનોના બાંધકામ વિ.માં, ગૃહઉદ્યોગમાં, સ્થાનિક બાંધકામ વિ. બાબતો અંગે પણ લોકોને રોજી મળશે. આનો અંદાજ લગભગ ૬૦ લાખ વધુ લોકોને રોજી મળવાનો થાય છે. આપણા અર્થતંત્રની ક્ષતિઓનું પાયાનું કારણ ગરીબી અને બેકારી છે અને આ પ્રશ્નનો ઉકેલ વાસ્તવિક રીતે અને વ્યવહારૂ ઢબે આયોજન પંચે સૂચવ્યો છે. એકવાર આયોજન પ્રગતિનાં ચક્રો ગતિમાન થાય પછી, શરૂઆતના વર્ષો પછી બાકીના વર્ષોમાં પ્રગતિ ઘણી ઝડપી થાય છે અને એમાં ત્રિરાશી માંડી પડતી નથી. એટલે, કોઇ એમ દલીલ કરે કે માથાદીઠ આવક બમણી કરવા જો ૩૦ વર્ષ લાગે તો ચોવડી કરતાં ૧૨૦ વર્ષ લાગે એ ગણુત્રી આયોજનના અર્થશાસ્ત્રની રીતે બરાબર નથી. નિયોજન–યંત્ર પર કેવો કાબુ છે અને કેવી રીતે તેને ચલાવાય છે એની ઉપર જ બધો આધાર રાખવામાં આવે છે.

ખેતીવાડી, બીજળીક બળ અને નહેરો અંગે જે ખર્ચ કરવામાં આવનાર છે તેથી ઘઉં, ચોખા, બાજરી વિ. અનાજનાં ઉત્પાદનમાં ૧૪ ટકાનો વધારો, રૂમાં ૪૦ ટકાનો વધારો, શણમાં ૬૦ ટકાનો વધારો, શેરડીમાં ૧૨ ટકાનો વધારો અને તેલીબીઆમાં ૮ ટકાનો વધારો–એમ ઉત્પાદન વધશે એમ માનવામાં આવ્યું છે. અનાજમાં જે વધારો ગણવામાં આવ્યો છે તે આપણા દેશને અન્નસ્વાવલંબનની સાચી દિશા તરફ આગળ લઇ જાય છે અને તેને પરિણામે આપણે પરદેશની આયાત ઉપર ઓછો આધાર રાખવો પડશે.

ઔદ્યોગિક ક્ષેત્રમાં જાહેર વિભાગમાં એક લોખંડ અને પોલાદનું મોટું કારખાનું ઉભું કરવાનો ઉલ્લેખ આગળ કર્યો છે. આમાં રૂા. ૮૦ કરોડની મૂડી રોકાશે. આ ઉપરાંત, રૂા.–૫૦ કરોડ પાયાના ઉદ્યોગો વાહન-વ્યવહાર અને બીજી ઔદ્યોગિક પ્રવૃત્તિ સારૂ ખર્ચાશે. ખાનગી સાહસના ક્ષેત્રમાં ઉદ્યોગોના વિકાસ માટે, નવા ઔદ્યોગિક એકમો શરૂ કરવા માટે, જૂની ઘસાઇ ગયેલી મશીનરી બદલવા અંગે, નાણાની નવી જરૂરિયાત અંગે, એમ લગભગ રૂા. ૭૦૦ કરોડ જોઇશે એમ અંદાજ છે. આ ખર્ચને પરિણામે લોખંડ–પોલાદની બનાવટમાં ૩૦ ટકા, સીમેન્ટમાં ૮૦ ટકા, ખાતરમાં ૧૦૦૦ ટકા, રસાયણોમાં ૩૦૦ ટકા, એન્જીનો (નવું કામ), મશીન ટુલ્સમાં ૪૦૦ ટકા, કાપડમાં ૫૦ ટકા, શણની ચીજો ૩૦ ટકા, ખેતીવાડીના યંત્રોમાં ૨૫૦ ટકા, સાઇકલોમાં ૫૦૦ ટકા, એમ

વધારો થવાથી દેશના વિવિધ ઉત્પાદનને પ્રોત્સાહન મળશે, ઉત્પાદમાં ધરખમ વધારો કર્યા શિવાય આપણે ઉંચે નહીં આવી શકીએ.

ખેતીવાડી અને ઔદ્યોગિક વિકાસ સાથે જ વાહનવ્યવહારનો વિકાસ જરૂરી છે, નહીં તો કાચા માલ અને પાકા માલની હેરફેરને નુકશાન થાય. હવે ચિત્તરંજન કારખાનામાં અને તાતા લોકોમોટીવ કંપનીમાં આપણા દેશમાં એન્જીનો બનશે, રેલ્વેના ડબ્બા, વેગનો, લાઇનો, એન્જીનોના બાંધકામ અંગે, ઘસારા અંગે લગભગ રૂ. ૪૦૦ કરોડ ખર્ચાશે. વહાણવટું શાંતિકાળ દરમ્યાન પરદેશ સાથેના વેપારનું મુખ્ય સાધન છે અને યુદ્ધના વખતમાં રક્ષણનું ખાસ સાધન છે. દેશનો કાંઠાળ વેપાર આપણા ભારતીય જહાજો સારૂ અનામત રાખવાનું સરકારે નક્કી કર્યું છે. આનું અને પરદેશના વેપારની જરૂરિયાતો સારૂ વિશાખાપટ્ટમમાં બંધાતા જહાજો ઉપરાંત પરદેશથી જહાજો લેવા પડશે, ખખડી ગયેલા જહાજો બદલવા પડશે અને આનો ખર્ચ રૂા. ૩૦ કરોડનો થશે. બારાની ખીલવણી અર્થે રૂ. ૮ કરોડ કંડલા બંદર (અંગ્રેકરાંચી પાકિસ્તાનમાં જતાં આની જરૂરિયાત ખૂબ વધી છે એ આપણે જાણીએ છીએ) રૂ. ૮ કરોડ, તેલની રિફાયનરીઓ અંગે અને રૂ. ૧૨ કરોડ બારામાં સુધારા–વધારા કરી આધુનિક બનાવવા અંગે વાપરવામાં આવશે.

આયોજનમાં ૪૫૦ માઇલના નવા રસ્તાઓ, ૫૦ મોટા અને સંખ્યાબંધ નાના પુલો બાંધવાનું નક્કી થયું છે. મોટરો અને બસો દ્વારા આંતરિક વેપારના માલની અવર–જવર સહેલી થાય છે. આ અંગે રૂ. ૭૩ કરોડનો ખર્ચ છે. આમાં મોટા શહેરોને સારા રસ્તાઓથી જોડી દેવાનો ખર્ચ પણ આવી જાય છે.

વિમાનોદ્યોગ અને વિમાન–વ્યવહાર વગર કોઇ પણ રાજ્યને આજના વખતમાં ચાલે નહીં. હાલમાં જ આ ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ કરવાનું સરકારે જાહેર કર્યું છે અને લગભગ રૂ. ૧૦ કરોડ નવા વિમાનો વિ. માટે અને સરકારી કોર્પોરેશન સ્થાપવા અંગે થશે.

૨૦૦૦ ની વસ્તીવાળા દરેક ગામડામાં એક ડાકઘર જોઇએ અને તારની સગવડ વધવી જોઇએ એમ ગણતાં તાર–ટપાલ બાબતમાં રૂા. ૫૦ કરોડનો ખર્ચ ગણવામાં આવ્યો છે.

આયોજનના કુલ ખર્ચના ૧ ટકા જેટલું નાણું શિક્ષણ સારૂ વપરાશે. વૈજ્ઞાનિક, સામાજિક, પાયાનું શિક્ષણ, સંશોધન, ખાસ નિષ્ણાતો અંગેનું કાર્ય વિ. નો આમાં સમાવેશ છે. નિરક્ષરતા નાબુદ થવી જોઇએ એ આ સવાલની એક બાજુ છે અને આધુનિક રીતે આગળ વધતા પ્રગતિશીલ રાષ્ટ્રની નિષ્ણાતો, તજ્ઞો, ઇજનેરો, ડાકતરો, વૈજ્ઞાનિકો વિ. જાતની જરૂરિયાતો પૂરી પાડવી એ બીજી બાજુ છે. આ બધા ખર્ચને પરિણામે પ્રાથમિક શાળાઓમાં ૧૭ ટકાનો, માધ્યમિક શાળામાં ૧૮ ટકાનો અને ટેકનીકલ શાળાઓમાં ૫૫ ટકાનો વધારો થશે અને આનો લાભ ઉછરતી પ્રજાને થશે. ખરૂં પૂછો તો આ બધી બાબતો ખર્ચની ગણાય જ નહીં–દેશની–બચત છે, કારણ કે આથી ભવિષ્યમાં સમાજને ઘણો લાભ મળવાનો છે.

જાહેર સુખાકારીના રૂ. ૯૭ કરોડના ખર્ચને પરિણામે ડોકટરોમાં ૧૧ ટકા કંપાઉન્ડરોમાં ૮૦ ટકા, નર્સોમાં ૩૫ ટકા, વૈદ્ય–હકીમોમાં ૨૨ ટકાનો વધારો થશે. તેવી જ રીતે હોસ્પીટલમાં ૩ ટકાનો, ગામડાના દવાખાનામાં ૧૧ ટકાનો અને શહેરના દવાખાનામાં ૨૫ ટકાનો વધારો થશે.

આવી રીતે પછાત કોમો–મજૂરો નિર્વાસિતોના "મકાનો વિ. ના બાંધકામ સારૂ રૂ. ૮૫ કરોડ ખર્ચાશે એવો અંદાજ કરવામાં આવ્યો છે. આ પ્રશ્ન ઉપર આયોજન પંચે એ દૃષ્ટિબિન્દુ રાખ્યું છે કે મજૂર કલ્યાણનું ધ્યેય સરકારે સ્વીકારવું જોઇએ અને સમસ્ત દેશની ઉન્નતિ થવી જોઇએ. મજૂરીના પ્રશ્નને રહેવાના મકાનો સાથે ખૂબ સંબંધ છે અને વધુ સગવડભર્યા યોગ્ય મકાનો મૂડી–મજૂરીના પ્રશ્નને હળવો બનાવશે, ઉત્પાદનની સપાટી ઉંચી લાવવામાં મદદ કરશે.

આ બધો ધરખમ ખર્ચ આયોજન પંચની ભલામણ મુજબ કરવામાં આવનાર છે કે તેને પરિણામે દેશનું સમગ્ર ઉત્પાદન વધે, બધાને શકયતઃ આગળ વધવાની તક સાંપડે અને અસમાનતાઓ દૂર થાય. ઉત્પાદન વધારવાની સાથે સાથે આપણું, આર્થિક તંત્ર પણ બદલાવું જોઇએ. તેમાંની વિષમતાઓ દૂર થવી જોઇએ. આપણે ત્યાં સાધન–સામગ્રીની ખેંચને લીધે First things first–સૌથી અગત્યની ચીજ પહેલા, બાકીની પછી–એમ નક્કી થવું જોઇએ. તેવી જ રીતે આર્થિક પ્રગતિના માટેનું યુધ્ધ સર્વાંગે અને સર્વાંશે લડાવું જોઇએ. પહેલા ગામડાઓ સુધારીએ પછી શહેરો, અથવા પહેલા મીલોનું જોઇએ પછી ગૃહોદ્યોગોનું અથવા પહેલાં ખેતીનું જોઇએ પછી ઉદ્યોગોનું એ ન જ ચાલે. આયોજનાનો સાણસા–વ્યૂહ ચારેબાજુથી ગોઠવાવો જોઇએ અને પ્રજાજીવનને અસર પહોંચાડનારો થવો જોઇએ. આયોજન અર્થતંત્રના દરેક મોખરા ઉપર થવું ઘટે.

યુધ્ધ જેવા વિનાશક કાર્ય માટે દરક દેશ ધરખમ ખર્ચમાં પાયમાલીમાં અને વિનાશમાં ડૂબે છે અને તે પોષાય પણ છે. ત્યારે આયોજન જેવા રચનાત્મક કાર્ય સારૂં દેશની બધીયે શકિત અને સંપત્તિ ખર્ચાવી જોઇએ અને બધાને તેના ફળ મળવા જોઇએ એ વિધાન જેટલું બુધ્ધિગમ્ય છે તેટલું જ સ્વાભાવિક પણ છે.

(અપૂર્ણ) **કાન્તિલાલ બરોડિયા**

લોણાવલા પર્યટણ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યોનું. તા. ૧–૩–૫૩ રવિવારના રોજ લોણાવલાનું પર્યટણ યોજવામાં આવ્યું હતું. આ પર્યટણમાં લગભગ સવાસો ભાઇઓ, બહેનો તથા બાળકો સામેલ થયાં હતાં. થોડાંક ભાઇ બહેનો ટ્રેનમાં અથવા પોતાની મોટરોમાં લોણાવલા પહોંચ્યાં હતાં. બાકીનાં માટે બે બસ રોકવામાં આવી હતી. આવું પર્યટણ યોજવાનો અમારા માટે પહેલો અનુભવ હતો. પરિણામે પર્યટણમાં જોડાયલાં ભાઇ બહેનોને એક યા બીજા પ્રકારની અગવડો પડી હતી. વળી એક અથવા બીજા કારણે લોણાવલા ધાર્યા કરતાં બે કલાક મોડું પહોંચાયું હતું. લોણાવલા પહોંચ્યા બાદ સૌને નાસ્તો આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ ઘણું ખરાં ભાઇ બહેનો કાર્લાની ગુફા જોવા ગયા હતા. ત્યાં શ્રી હીરાલાલ અમૃતલાલ શાહે કાર્લાની ગુફાઓનું શિલ્પ, મૂર્તિવિધાન વગેરે સમજવામાં ખૂબ મદદ કરી હતી. તેને લગતી જે કાંઇ ઐતિહાસિક માહીતી ઉપલબ્ધ છે તે પણ તેમણે બધાને સંભળાવી હતી. સાંજે પાંચ વાગ્યે કાર્લાથી બધાં પાછા ફર્યાં. બધાંએ સાથે મળીને ભોજન કર્યું. છ સાડા છ લગભગ લોણાવલાથી મુંબઇ જવા ઉપડયા. અંધારૂં થયું, ન થયું અને વદ ૧ ના લગભગ પૂર્ણ ચંદ્રનો ઉદય થયો. આખે રસ્તે આનંદ અને કલ્લોલ કરતાં રાત્રીના સાડાદશ અગિયાર લગભગ સૌ ક્ષેમકુશળ મુંબઇ પહોંચ્યા. લોણાવલામાં અણધાર્યા સંયોગોને અંગે રસોડાની સરખી સગવડ થઇ શકી નહોતી, એમ છતાં પણ પાંચ છ બહેનો અને બે ચાર ભાઇઓએ આખી જવાબદારી ઉપાડી લીધી હતી અને ભોજનવ્યવસ્થામાં કશી પણ અગવડ આવવા દીધી નહોતી. આ બહેનો તથા ભાઇઓનો તેમ જ આખી મંડળી માટે ભોજનસામગ્રીની વ્યવસ્થા કરવા માટે શ્રી લખમશી ઘેલાભાઇનો અમો આભાર માનીએ છીએ. અપૂર્ણ અનુભવના કારણે પર્યટણમાં ભાગ લેનારાં ભાઇ બહેનોને પડેલી અગવડો માટે અમે દિલગીરી દર્શાવીએ છીએ. સાથે સાથે બધા ભાઇ બહેનોએ અગવડોને અવગણીને આખા પર્યટણને જે રીતે આનંદપૂર્ણ બનાવ્યું અને એક પ્રકારની ખેલદીલી દર્શાવી તેની અમે સાદર કદર કરીએ છીએ અને આથી વધારે વ્યવસ્થાપૂર્વકનાં પર્યટણો ભવિષ્યમાં અવારનવાર યોજવાની અમો આશા રાખીએ છીએ. **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

ઐશ્વર્યમૂર્તિ માર્શલ સ્ટેલીનનું અસ્તગમન

આપણી દુનિયામાંથી કોઇ પણ સામાન્ય માનવી અદૃષ્ય થાય છે ત્યારે તે મરી ગયો, મૃત્યુ પામ્યો, એમ આપણે કહીએ છીએ પણ જ્યારે આ જગતના ક્ષિતિજ ઉપરથી સૂર્ય કે ચંદ્ર-જેવું કોઇ તેજસ્વી તત્ત્વ અદૃષ્ય થાય છે ત્યારે તેનો અસ્ત થયો એમ આપણે વર્ણવીએ છીએ. માર્શલ સ્ટેલીનનું માર્ચ માસની છઠ્ઠી તારીખે અવસાન થયું. આધુનિક સોવીયટ રશીઆનો તે મહાન શિલ્પી હતો, તિમિરઅંધકારમાં પ્રકર્ષ અને પ્રદ્યોત નિર્માણ કરનાર દિવાકર હતો, દુનિયાનો એક ક્રાંતિકારી પુરુષ હતો, વર્તમાન ઇતિહાસનો નિર્માતા હતો. તે ગયો એટલે આ દુનિયા ઉપરથી એક પ્રચંડ શકિતનો અસ્ત થયો એમ કહેવામાં લેશ માત્ર અત્યુકિત થતી નથી.

દુનિયામાં ભિન્ન ભિન્ન કોટિના મહાપુરુષો પાકે છે. લાખો માનવીઓના જીવનને તેમનું અસ્તિત્વ એક યા બીજી રીતે સ્પર્શે છે. આ મહા પુરુષો બે પ્રકારના હોય છે. એકની પ્રતિભા સૂર્ય સરખી હોય છે; અન્યની પ્રતિભા ચંદ્ર સરખી હોય છે. સૂર્ય પ્રકાશ આપે છે, જીવન અર્પે છે અને બાળે છે પણ ખરો. પ્રાતઃકાળનો સૂર્ય આપણને ગમે છે, મધ્યાહ્ન કાળનો સૂર્ય આપણને ત્રાસ ઉપજાવે છે. તેનામાં પ્રકાશ છે જેવડે આંખો જોઇ શકે છે અને જેની ઉગ્રતા આંખોને અંધ પણ કરી શકે છે. તેનામાં તેજ છે, ગરમી છે, જે સચરાચર સૃષ્ટિને નવી પ્રાણચેતના આપે છે અને જેની ઉગ્રતા અનેકને ભસ્મીભૂત પણ કરી શકે છે. સ્ટેલીન આ કોટિનો આદમી હતો. તે જુલીયસ સીઝર, એલેગ્ઝાન્ડર ધી ગ્રેટ, નેપોલિયન બોનાપાર્ટ અને અદ્યતન કાળના હર હીટલરની પરંપરાની એક પ્રચંડ માનવ વિભૂતિ હતી તેની જીવનલીલા અદ્‌ભુત પરાક્રમો અને ઉત્કટ પુરુષાર્થથી ભરેલી હતી. તેણે અનેકને ઉદ્ધાર્યા, અનેકને નાબુદ કર્યા. અપૂર્વ રાષ્ટ્રનિષ્ઠા અને ધાર્યા ધ્યેયને પહોંચી વળવામાં આડે આવતા અન્તરાયોનું નીતાન્ત ઉન્મૂલન-આ તેની જીવનવૃત્તિ હતી. તેનું આચરણ જોતાં હૃદયની કોમળ લાગણીઓને જાણે કે કશો અવકાશ જ નહિ હોય એમ આપણને લાગે. 'राजा मित्रं केन दृष्टं श्रुतं वा' આવું તેનું વિલક્ષણ વ્યકિતત્વ હતું. એકાન્ત નિષ્ઠુરતાથી ભરેલી-અહિંસા, દયા, કોમળતા, માનવતા આ બધાં જાણે કે માનવીને નિર્બળ બનાવતાં વેવલાંવેડાં ન ગણતો હોય એવી-તેની પ્રત્યેક ચાલ હતી. અને એમ છતાં પણ તેનો અપ્રમત્ત જીવનયોગ, અનેક વિરોધી બળો સામે નિશ્ચળપણે ટકી રહેતી અડગતા અને પોતાની પ્રજાને એક પછી એક ઉદ્ભતા પ્રલયકારી વમળોમાંથી ઉગારી લેતી, આગળ ધપાવતી, દુનિયાનાં મોખરે લાવી મૂકતી અપ્રતિમ નાવિકતા-દુનિયાનાં ઇતિહાસમાં આવા માનવીઓ બહુ ઓછા પાકયા છે, બહુ ઓછા પાકશે.

અન્ય પ્રકારના મહામાનવોની પ્રતિભા ચંદ્ર સરખી હોય છે. આ પરંપરામાં ભગવાન બુદ્ધ, મહાવીર, સોક્રેટીસ, ઈસુ ખ્રીસ્ત અને અદ્યતન કાળના મહાત્મા ગાંધીને મૂકી શકાય. તેમનું અસ્તિત્વ કોઇ પણ કાળે, કોઇ પણ કક્ષાએ પ્રસન્નતા પ્રેરક, શાન્તિપોષક જ રહ્યું છે. તેમનો પ્રયત્ન દુનિયાને નિરોગી, ઉન્નત બનાવવાનો હોય છે. અહિંસા, કોમળતા, માનવતા એ ગુણો તેમનામાં પરમ પ્રકર્ષને પામેલા જોવામાં આવે છે. તેમના પ્રત્યે વિરોધીઓ પણ આદર અનુભવતા હોય છે. સૂર્ય કોઇને ગમે, કોઇને ન પણ ગમે; કોઇને અમુક વખતે ગમે, અમુક વખતે ન ગમે. ચંદ્ર સૌ કોઇને સદાયે ગમે. કારણ કે તેનું ધ્યેય સૌ કોઇને સદાકાળ શીતળતાનો અનુભવ કરાવવાનું, શાંતિ ફેલાવવાનું, પ્રસન્નતા, પ્રસરાવવાનું હોય છે. આપણે ત્યાં રામ અને કૃષ્ણ ઉભય વિષે પ્રજા અનુપમ ભકિતભાવ ધરાવે છે. ઉપરની રીતે વિચારીએ તો રામમાં વધારે પ્રમાણમાં ચંદ્રની પ્રતિભાની અને કૃષ્ણમાં વધારે પ્રમાણમાં સૂર્યની પ્રતિભાની આપણને ઝાંખી થશે.

બ્રહ્મા એટલે સર્જક, વિષ્ણુ એટલે સંવર્ધક અને શંકર એટલે સંહારક-આવી કલ્પના આ ત્રિપુટિ વિષે આપણે કંઈ કાળથી સેવતા આવ્યા છીએ. આપણા જગતમાં જે જે પુરુષો મહામાનવો તરીકે લેખાયા છે તેમાંથી કોઇમાં બ્રહ્માની સર્જક વિશેષતા, કોઇમાં વિષ્ણુની સંવર્ધકવિશેષતા, કોઇમાં શંકરની સંહારકવિશેષતા પ્રધાનપણે જોવા મળે છે. અને આ વિશાળ પૃથ્વી ઉપર એવી પણ કોઇ કોઇ વ્યકિત પાકે છે કે જેનામાં ત્રણે વિભૂતિનાં ઉપર જણાવેલ વિશિષ્ટ તત્વો એકત્ર થયેલાં માલુમ પડે છે. સ્ટેલીન આ કોટિની વ્યકિત હતી. તેણે નવા યુગનું નવા નવા રાષ્ટ્રનું, નવી જીવનદ્રષ્ટિનું સર્જન કર્યું; તેણે પોતાને હવાલે સોંપાયલી પ્રજાનું ધારણ, પોષણ સંવર્ધન કર્યું; તેણે જાહિતને આડે આવતા હજારો માનવીઓનો નાનો સરખો પણ કે કલેજે સંહાર પણ કર્યો, કરાવ્યો અને પોતાના જગતભરમાં ભારે ધાક બેસાડી.

કુદરતનાં બે સ્વરૂપો આપણે હંમેશા નીહાળીએ છીએ, અનુભવીએ છીએ. એક ભવ્ય શિવ સ્વરૂપ અને બીજું ભયાનક રૂદ્ર સ્વરૂપ. હિમાલય જેવા મહા પર્વતનો વિચાર કરો; પાસીફીક કે આટલાંટિક જેવા મહાસાગરને ધ્યાનમાં લ્યો. તેનું શિવસ્વરૂપ જેટલું મોહક હોય છે તેટલું જ રૂદ્ર સ્વરૂપ ભયાનક ભાસે છે. ભયંકર વાવાઝોડું અને પ્રાણુદાયી વરસાદ ઘણી વાર એક સાથે આવે છે, છે, જગતને ધુજાવી જાય છે અને ધરણીને ધરવી પણ જાય છે, આપણને શિવસ્વરૂપ ગમે છે; રૂદ્ર સ્વરૂપથી અકળાઇએ છીએ, મુંઝાઇએ છીએ. કુદરત માફક મહામાનવોના ચરિત્રો પણ ઘણી વખત આવી પરસ્પરવિરોધી બે બાજુ એક સાથે રજુ કરે છે, જે અનુભવને કવિ ભવભૂતિએ આ રીતે વર્ણવેલ છે કે "વજ્રથી પણ કઠોર અને કુસુમથી પણ મૃદુ એવા લોકોત્તર પુરુષોનાં ચિત્તને ઓળખવાને કોણ સમર્થ થયું છે?" આની અંદર લોકોત્તર પુરુષની ત્રણ ખાસિયતોનું સૂચન કરવામાં આવ્યું છે. મૃદુતા, કઠોરતા અને ગૂઢતા. સ્ટેલીનની મૃદુતાનો આપણને અનુભવ નથી, કારણ કે તેના જીવનની તે બાજુ આપણને મોટા ભાગે અગોચર છે. પણ જેણે રશીયન પ્રજા ખાતર આટલી તપસ્યા, કરી અને પ્રારંભ કાળમાં જે પારવિનાનાં સંકટો ખમ્યો તેનામાં મૃદુતાનો અભાવ હતો એમ આપણે ન જ કહી શકીએ. ધ્યેયસાધના પાછળની તેની કઠોરતા તો જગવિદિત છે. અને ગૂઢતા તો સ્ટેલીનની જ. તેને ઓળખવો, પરખવો બહુજ મુશ્કેલ. બહુ ઓછું બોલે અને બોલે ત્યારે પણ તોળી તોળીને અને પ્રત્યેક વેણના ભાત ભાતના અર્થો તોળાય અને તેની દુનિયાની ચાલુ પરિસ્થિતિ ઉપર ચિત્રવિચિત્ર અસર પડે. આવું અકળ જેનું વ્યકિતત્વ અને ચરિત્ર હતું એવા સ્ટેલીનને દુનિયા કંઇ કાળ સુધી સંભારશે. તેની કાર્યપધ્ધતિ નીતિરીતી વિષે અનેક મતભેદો હશે, પણ એક માનવી તરીકે તેની અસાધારણ શકિતમત્તાનો તો કોઇ ઇનકાર કરી નહિ શકે. **પરમાનંદ**

સ્વ૦ મણિભાઇ સ્મૃતિ ફંડ

જે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહમાં વપરાવાનું છે.

	૧૨૯૭૦		અગાઉ સ્વીકારેલા
*	૧૦૧	શ્રી	ચંદુલાલ ટી. પારેખ
*	૧૦૧	,,	સી. પી. શાહ એન્ડ બ્રધર્સ
*	૧૦૧	,,	ઇન્ડસ્ટ્રીઅલ એન્જીનીઅરીંગ કું.
	૧૦૧	,,	પ્રુલચંદભાઇ શામજી
	૨૦૦	,,	કાંતિલાલ ડાહ્યાભાઇ પરીખ
*	૧૦૧	,,	બાટલીબોય એન્ડ કું.
*	૧૦૧	,,	બાબુભાઇ જસભાઇ પટેલ
	૧૩૭૭૬		

* આ નીશાનીવાળા પૈસા આવવા બાકી છે.

વિષયસૂચિ		પૃષ્ઠ
ચાંડિલ સર્વોદય સંમેલન	ગોકુળભાઇ દોલતરામ ભટ્ટ	૧૭૯
પંચવર્ષીય આયોજન	કાન્તિલાલ બરોડિયા	૧૮૧
ઐશ્વર્યમૂર્તિ માર્શલ સ્ટેલીનનું અસ્તગમન	પરમાનંદ	૧૮૩
ડો. ઇદ્રનું પ્રેરક પ્રવચન	અનુ. એમ. જે. દેસાઇ	૧૮૪

ડો.ઈન્દ્રનું પ્રેરક પ્રવચન

(તા. ૨૦-૨-૫૩ શુક્રવારના રોજ ડો. ઈન્દ્રને વિદાયમાન આપવા માટે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. તે પ્રસંગે જૈન સમાજ સ્પર્શતી કેટલી એક બાબતો વિષે ડો. ઈન્દ્રે એક મહત્વપૂર્ણ પ્રવચન કર્યું હતું જેનો સારભાગ નીચે મુજબ છે.)

પ્રમુખશ્રી, શ્રી પરમાનંદભાઇ તથા બંધુગણ!

મુંબઇ જૈન યુવક સંઘ એક અસામ્પ્રદાયિક સંસ્થા છે. તેમાં પ્રત્યેક વ્યક્તિને પોતાના સ્વતંત્ર વિચાર પ્રગટ કરવાનો અધિકાર છે. બોલનાર કોણ છે અથવા તો કયા સંપ્રદાયનો છે. ? [illegible] કોઇ પણ સભ્ય મહત્વ આપતો નથી; અહીં બધાં દ્વાર ખુલાં છે. બોલનારમાં 'સત્ય અને શિવ' ની ભાવના [illegible] છે ? તે પર મહત્વ આપવામાં આવે છે. સ્વતંત્ર વિચારોનું આ રીતે સ્વાગત કરનારી સંસ્થાઓ જૈન સમાજમાં જ નહિ, પરન્તુ ભારતભરમાં ઓછી જોવા મળશે. મુંબઇ આવતી વખતે મને આ પણ એક આકર્ષણ હતું. તે માટે એક સામ્પ્રદાયિક સંસ્થામાં પણ કાર્ય કરવાનું મેં સ્વીકારી લીધું.

એ કહેવાની જરૂર નથી કે આ પ્રકારની સંસ્થાઓ આર્થિક દૃષ્ટિએ ઘણી નબળી રહે છે. આવી સંસ્થાને હંમેશના ભોજનની ચિંતા કરવી પડે છે; તેથી ઉલટું સામ્પ્રદાયિક સંસ્થાઓ પાસે પુષ્કળ પૈસો હોય છે. આનું કારણ એ છે કે અસામ્પ્રદાયિક સંસ્થા કોઇ પ્રકારનો ઉન્માદ પેદા કરી શકતી નથી અને ઉન્માદ પેદા કર્યા વિના કોઇને દાન આપવાનું શુરાતન ચડતું નથી. જેવી રીતે યુદ્ધમાં પ્રાણ અર્પણ કરવા માટે સૈનિકોને મદિરા, બ્યુગલ, જયનાદ, વગેરે દ્વારા એક પ્રકારનો નશો ચઢાવવામાં આવે છે તેવી રીતે દાન આપવા માટે પણ વિશિષ્ટ પ્રકારનો નશો ચઢાવવાની જરૂરત રહે છે. નશા વિના, સમજીબૂઝીને પ્રાણ ન્યોચ્છાવર કરનાર બહુ ઓછા મળી આવે છે, તેવી રીતે નશા વિના ધન આપનાર પણ બહુ ઓછા જોવામાં આવે છે. આમ છતાં, આર્થિક દૃષ્ટિએ નબળી હોવા છતાં, આવી સંસ્થાઓનું અસ્તિત્વ માનવતા માટે આશીર્વાદ સમાન છે. અનંત અંધકારમાં માર્ગદર્શક કિરણનું કામ તે કરે છે. જ્યારે સમાજનો નૌકા સમ્પ્રદાયવાદના તોફાન તેમજ અંધકારને વશ થઇને, પ્રાણઘાતક માર્ગે આગળ વધતી હોય છે ત્યારે આવી સંસ્થાઓ તેમને ભયની ચેતવણી આપે છે. તેમને બચાવી લેવામાં સફળતા મળે કે ન મળે, પરન્તુ તેની પરવા કર્યા વિના આવી સંસ્થાઓ વિનાશની ચેતવણી આપ્યા જ કરે છે.

હું સ્થાનકવાસી ફ્રેન્ક્ારન્સમાં કાર્ય કરવા આવ્યો ત્યારે સારીરીતે જાણતો હતો કે એક સંકુચિત વાતાવરણવાળી સામ્પ્રદાયિક સંસ્થામાં હું જઇ રહ્યો છું. શ્રી પરમાનંદભાઇએ તથા માન્ય મિત્રોએ પણ આ બાબતમાં મારું ધ્યાન દોર્યું હતું. આમ છતાં એક પ્રયોગ તરીકે મેં તેનો સ્વીકાર કર્યો. જે સંસ્થાઓને આજે આપણે સામ્પ્રદાયિક અથવા પ્રગતિવિરોધી સમજીને તેની તરફ તિરસ્કારની દૃષ્ટિએ જોઇએ છીએ તે સંસ્થાઓ પણ પોતાના જન્મકાળમાં ક્રાન્તિકારી સંસ્થા તરીકે જ ઉદ્ભવી હતી. તેને જન્મ આપનાર વ્યક્તિઓમાં સુધારણાની ભાવના હતી. સાથે જ પોતાનાં ત્યાગ અને તપોબળ વડે તેઓએ તે સંસ્થાઓને સમૃદ્ધ કરી; આમ છતાં આજે તે સંસ્થાઓ પ્રગતિવિરોધી કેમ બની ગઇ છે ? એ એક વિચારણીય પ્રશ્ન છે. જે સંસ્થા વિકાસની ભાવનાને લઇને જન્મી તે વિકાસમાં બાધક કેમ બની ગઇ ? આ પ્રશ્નના ઉત્તરમાં એમ કહેવામાં આવે કે વ્યકિતની જેમ સંસ્થા પણ બાલ્યકાળ, યૌવન અને વૃદ્ધત્વ પ્રાપ્ત કરે છે. આ નિયમને શાશ્વત નિયમ તરીકે સ્વીકારવામાં આવે તો તે નિયમ જૈન યુવક સંઘને પણ લાગુ પડે; આ સંસ્થા પણ એક દિવસે વૃદ્ધ થઇ જશે. આવી સ્થિતિમાં આપણે પુરાણી સંસ્થાઓ પ્રતિ ઘૃણા કરવાની આવશ્યકતા નથી, પરન્તુ ઘરના વૃદ્ધોની જેમ તેને વિશ્રાન્તિ આપી દેવી જોઇએ; પરન્તુ જો તેઓ નિવૃત્તિ લેવા ન ઇચ્છે તો વિચારણીય ક્લેશો બની જાય છે. તે સમયે ભદ્ર અવજ્ઞાનો પણ આશ્રય લઇ શકાય છે. જો યુવક સંઘ આ શાશ્વત નિયમમાં માનતો હોય તો અવજ્ઞાનો પ્રસંગ આવે તે પહેલાં જ તેણે નિવૃત્ત થઇ જવું એ તેને માટે ઉચિત ગણાશે.

ખરીરીતે જોઇએ તો આવી સાંપ્રદાયિક સંસ્થાઓમાં નવું લોહી આવતું નથી તે કારણે તે જીર્ણ થઇ જાય છે. વૃદ્ધ લોકો જે પોતાના યૌવનમાં ક્રાંતિકારી હતા તેઓ ૫૦ વર્ષ બાદ પણ તે વિચારોને પકડી રાખે છે અને તેમ છતાં પોતાને ક્રાંતિકારી માને છે. તેઓ એમ માનવા લાગે છે કે જ્યાં સુધી અમે ચાલ્યા છીએ ત્યાંથી આગળ કોઇ જઇ શકશે નહિ. વૃદ્ધ પોતાને વૃદ્ધ માનવા લાગે તો તેમાં ખાસ હરકત નથી, પરન્તુ જ્યારે તેઓ પોતાની જીર્ણ શકિતના માપદંડ વડે યુવાનની શકિતને માપવા લાગે છે ત્યારે ભૂલ ખાય છે. તેઓએ તો યુવકોને પોતાના અનુભવનો લાભ આપીને, જુદા થઇ જવું જોઇએ અને તેમને આગળ વધવા દેવા જોઇએ. તેમની પ્રગતિ અને વિચારોને રોકવાનો કોઇ પ્રયત્ન તેઓએ કરવો જોઇએ નહિ.

આવી સંસ્થાઓ પ્રગતિવિરોધી બને છે તેનું એક કારણ તેમની પરિગ્રહવૃત્તિ પણ છે. પરિગ્રહ બે પ્રકારનો હોય છે; ઉપનિષદોની પરિભાષામાં તેને લોકૈષણા અને વિત્તૈષણા પણ કહે છે. સમાજના પ્રતિનિધિત્વની ચિંતા કરનારી સંસ્થાઓને લોકૈષણાનું ધ્યાન રાખવું પડે છે. તે સુધારણા કરવા ઇચ્છે છે, પરન્તુ તે માટે તે કોઇ વર્ગને નારાજ કરવા ઇચ્છતી નથી એટલું જ નહિ પરન્તુ જે વર્ગના હાથમાં જનમત અથવા પૂંજી છે તેની અનુચિત પ્રસંશા પણ તેને કરવી પડે છે. જેનો વિરોધ કરવો પડે તેના ગીત ગાવા પડે છે, પછી તે સીધીરીતે હોય કે આડકતરી રીતે. તે સમયે સત્ય અથવા સમાજહિતની દૃષ્ટિ ગૌણ બની જાય છે, જ્યારે સત્તાપ્રાપ્ત વર્ગને પ્રસન્ન રાખવાની વૃત્તિ મુખ્ય રહે છે. ફ્રેન્ક્ારન્સ જેવી લોકતંત્રાત્મક સંસ્થાઓમાં જ નહિ, પરન્તુ શિક્ષા તેમ જ અન્ય લોકોપયોગી સંસ્થાઓમાં પણ જ્યાં વિદ્યા, તપશ્ચર્યા તેમજ સેવાના વાતાવરણની આશા રાખવામાં આવે છે તેને પણ આમ કરવું પડે છે. તપોવનને પણ રાજાઓના ગુલામ બનવું પડે છે. પ્રત્યેક સંસ્થા પૈસાથી ચાલે છે અને પૈસા પૈસાદાર પાસેથી જ મળી શકે છે. તે માટે વાર્ષિકોત્સવ અથવા અન્ય કોઇ પ્રકારનો સમારંભ યોજીને, તેમને પ્રમુખ બનાવવામાં આવે છે. તેમના હાથે ઉદ્ઘાટન અથવા શિલાન્યાસ કરાવવામાં આવે છે. તે સમયે તેમના ગીત પણ ગાવાં પડે છે. જે સંસ્થા પરિગ્રહ અથવા સંચય પર નિર્ભર છે–પછી તે ધન સંચય હોય કે જન સંચય હોય–તે સંસ્થા અપરિગ્રહ અથવા ત્યાગની વાતો 'પરિગ્રહને આઘાત ન લાગે' તે રીતે સ્વીકારી શકે છે. સત્યને છુપાવવા માટે તે સત્ય અને અહિંસાનો વેશ પહેરે છે.

આવી સંસ્થાઓમાં ઇમાનદારીપૂર્વક કામ કરનાર સમક્ષ એક વિચિત્ર આંતરિક દ્વંદ્વ ઉદ્ભવે છે. એક બાજુ સત્યનો પ્રશ્ન ખડો થાય છે, બીજી બાજુ સંસ્થા પ્રતિ વફાદારીનો. બહાર પણ તેને બને પ્રકારની વ્યકિતઓ મળે છે: કેટલાક સત્યની આશા રાખે છે, જ્યારે કેટલાક સંસ્થા પ્રત્યે વફાદારીની. આવા ધર્મ સંકટમાં ભાવિક વ્યકિત કંઇ કરી શકતી નથી. અસત્યનું પોષણ કરતાં તેને આત્માનો દ્રોહ કરવો પડે છે, જ્યારે સત્ય પ્રગટ

કરતાં સંસ્થાનો દ્રોહ થઈ જાય છે—જે ન કરવા માટે તે વચન અને નૈતિક દૃષ્ટિએ બંધાયેલ છે.

ઉપનિષદોમાં આવે છે કે असत्ये वर्त्मनि स्थित्वा ततः सत्यं समीहते।' અર્થાત્ મનુષ્ય સત્યની તપાસમાં અસત્ય માર્ગનું અવલંબન લે છે. મોટે ભાગે સંસ્થાઓ આ આદર્શને નજર સમક્ષ રાખીને ચાલે છે. લોક કલ્યાણની સાધના માટે થોડા ઘણા અસત્યનો આશ્રય લેવાનું જરૂરી માનવામાં આવે છે, પરન્તુ જૈન પરંપરા આ વાતમાં માનતી નથી. અસત્યનો માર્ગ કોઇને સત્ય પર લઇ જઈ શકે નહિ. ધ્યેયશુદ્ધિની સાથે સાથે સાધન પણ શુદ્ધ હોય તે એટલું જ જરૂરી છે.

એક દિવસે પરમાનંદભાઇએ મને પ્રબુદ્ધ જૈન અંગે સૂચન કરવાનું કહ્યું. મારી સમક્ષ એ પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે 'પ્રબુદ્ધ જૈન' યુવક સંઘનું મુખપત્ર છે. આવી સ્થિતિમાં તેણે પોતાની માતૃ-સંસ્થાને વફાદાર રહેવું જ જોઇએ. સ્થાનકવાસી કૉન્ફરન્સ નાનો વાડો છે તો જૈન યુવક સંઘ મોટો વાડો છે. વાડાબંધી ખરાબ છે, ત્યાં નાના મોટામાં ન્યુનાધિકતા હોઈ શકે છે, પરન્તુ કોઇને ઉપાદેય તો કહી શકાય નહિ.

આ પ્રશ્નોનો ઉત્તર વિચારતાં મારી નજર સમક્ષ એ બાબતો આવી. નિશ્ચય દૃષ્ટિએ પ્રત્યેક સંગઠન એક વાડો છે અને તેથી ત્યજવાયોગ્ય હોય છે. જે લોકો મુક્ત વિચારણા કરવા માટે છે તેમનું કોઇ સંગઠન હોતું નથી. પ્રત્યેક સંગઠનનો એક આદર્શ હોય છે અને તે ધ્યેયે પહોંચવાની એક પ્રણાલિકા હોય છે. તે આદર્શને નજર સમક્ષ રાખીને, પ્રણાલિકા અનુસાર ચાલવાની બીજાને પ્રેરણા આપવામાં આવે છે. જો કોઇ તે આદર્શ અથવા પ્રણાલિકાથી આડું અવળું ચાલે તો સંગઠન તેને સહન કરી શકતું નથી. આપણે ઇચ્છીએ છીએ કે પક્ષી ઉડે, પરન્તુ જે મર્યાદા આપણે બાંધી રાખી છે તેની આગળ ન જાય. બધા સંગઠનો પોતાની બાંધેલ મર્યાદામાં ઉડનારનું રક્ષણ કરે છે. મુક્તવિહારીને કોઇ પૂછતું નથી. કબૂતરને પાળનાર જેમ ઉંચે ઉડતું અટકાવવા માટે કબૂતરોની પાંખ તોડી નાંખે છે તેમ સામાજિક સંસ્થાઓવાળા પોતાના કર્મચારીઓને આર્થિક અથવા અન્ય દૃષ્ટિએ પાંગળા બનાવી દે છે. તેમની બુદ્ધિ અથવા કલમને મુક્તપણે વિહરવા દેવામાં આવતી નથી. મહા કવિ રવીન્દ્રે 'પોપટની શિક્ષા' નામના રૂપકમાં એ વાત બતાવી છે કે સભ્યતા અને સંસ્કૃતિનું નામ લઇને ઉભું થનાર આવું સંગઠન કેવી રીતે સ્વતંત્રવિહારી માનવને કૃત્રિમતાનો દાસ બનાવી દે છે. જે. કૃષ્ણમૂર્તિ એટલા માટે જ થિયોસોફિકલ સોસાયટીનો વિરોધ કરી તેમાંથી છુટા થયા. સમાજ જે અનુશાસન ધાર્મિક તેમજ લૌકિક મર્યાદાના રૂપમાં ગ્રહણ કરે છે તે જ માનવજાતિને માટે બંધનરૂપ તથા વિકાસનું અવરોધક તત્વ બની જાય છે. અભિજ્ઞાન શાકુન્તલમાં પ્રતિહારી કહે છે કે 'જે દંડને મેં રાજમર્યાદાના રૂપમાં ગ્રહણ કર્યો હતો તે જ મારૂં અવલંબન બની ગયેલ છે; હવે તેનો આધાર લીધા વિના હું ચાલી શકતો નથી.' આ જ વાત ધર્મસંસ્થાના સંચાલકો સાથે બને છે. અમુક પ્રકારનો વેશ તેમજ ક્રિયાકાંડ અંગીકાર કરવાનો તેમનો હેતુ સ્વ-પર કલ્યાણ સાધવાનો હોય છે, પરન્તુ અમુક સમય બાદ તેઓ તે વેશને પરતંત્ર બની જાય છે. તે સમયે તેઓ વેશને ધારણ કરતા નથી હોતા, પરન્તુ વેશ તેમને ધારણ કરતો હોય છે. વેશની બહાર તેને કોઈ માર્ગ જ સૂઝતો નથી.

આ રીતે નિશ્ચય દૃષ્ટિએ જોવામાં આવે તો સંગઠન માત્ર ત્યાજ્ય છે, પરંતુ નિશ્ચય દૃષ્ટિનો ઉપયોગ આદર્શ સ્થાપના માટે કરવામાં આવે છે. લોકવ્યવહાર તે પર ચાલતો નથી. શંકરાચાર્યે કહ્યું છે, 'सत्यानृते मिथुनीकृत्य सर्वोऽयं लौकिको व्यवहारः' અર્થાત્ પ્રત્યેક લૌકિક વ્યવહારમાં સત્ય અને મિથ્યાનું મિશ્રણ હોય છે. જૈન શાસ્ત્રાનુસાર પણ કર્મબંધનો સર્વથા નિરોધ ચૌદમે ગુણસ્થાને હોય છે-જે પૂર્ણપણે નિષ્ક્રિય અવસ્થા છે. પ્રવૃત્તિમાત્રની સાથે પાપ લાગેલું છે. તેથી પાપ અને પુણ્યની વ્યવસ્થા ધ્યેયના આધારે કરવામાં આવે છે. જે સંગઠન વાડાબંધી અથવા પોતાની રક્ષાને મુખ્ય ધ્યેય બનાવીને ચાલે છે તે સત્યમાર્ગથી વિમુક્ત થઇ જાય છે અને હેય—ત્યાગવાયોગ્ય બની જાય છે. બીજી બાજુ જે સંગઠન સત્યને નજર સમક્ષ રાખીને ચાલે છે અને તે માટે પોતાના અસ્તિત્વની પણ ચિંતા રાખતું નથી તે પોતાનો માર્ગ ભૂલતું નથી. હું આશા રાખું છું કે મુંબઇ જૈન યુવક સંઘ આ કસોટી નજર સમક્ષ રાખીને ચાલશે; પોતાના અસ્તિત્વના સત્યથી વિમુખ નહિ બને.

હમણાં થોડાં દિવસો પહેલાં હું સોજત ગયો હતો. સ્થાનકવાસી સમાજે એક શ્રમણ સંઘ તથા એક આચાર્યની સ્થાપના કરીને સાદડીમાં જે ક્રાન્તિકારી પગલું ભર્યું તેની વિગતો પર વિચાર કરવા માટે ત્યાં શ્રમણસંઘના મંત્રીઓનું સંમેલન થયું હતું. ૧૬ માંથી ૧૪ મંત્રીઓ પધાર્યા હતા. તે ઉપરાંત ૨૫૦ સાધુ-સાધ્વીજીઓ તથા હજારોની સંખ્યામાં શ્રાવકોએ તેમાં ભાગ લીધો હતો. અ. ભા. શ્વે. સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સની જનરલ કમિટીની બેઠક પણ થઇ હતી. મંત્રીમંડળની સામે વિચારણીય પ્રશ્નો આ હતા : (૧) સાધુએ ધ્વનિવર્ધકયંત્ર પર બોલવું જોઇએ કે નહિ ? (૨) ગોચરીમાં ફળો, વગેરે ફળ લઇ શકાય કે કેમ ? પાખી, આદિ તિથિઓના સંબંધમાં પણ નિર્ણય કરવાનો હતો. સાધુઓને વિશ્વવિદ્યાલયોની પરીક્ષામાં બેસવું જોઇએ કે નહિ ? આ પણ એક વિચારણીય પ્રશ્ન હતો. દૂર દૂરથી પાદવિહાર કરીને સાધુઓ ત્યાં પહોંચ્યા; બે અઠવાડીઆ સુધી શાસ્ત્રાર્થ થયો. ભાવના બધાની સારી હતી, પરંતુ એક બાજુ વિશ્વની પ્રગતિ તરફ નજર નાખવામાં આવે અને બીજી બાજુ આ વાતો પર વિચાર કરવામાં આવે તો આપણો સાધુસમાજ કેવી કેવી નાની બાબતોમાં અટવાઇ પડયો છે તેનો ખ્યાલ આવશે અને હૃદયને આઘાત પણ પહોંચશે. આ યુગમાં દુનિયામાં ત્યાગ અને તપશ્ચર્યાની ભૂખ વધી રહી છે. આપણો સાધુ સમાજ આ સમયે નાની નાની વાતોમાં ન અટવાતાં, વિશ્વ સમક્ષ ઉચ્ચ આદર્શ સ્થાપિત કરી શકશે ? 'પ્રબુદ્ધ જૈન' દ્વારા આપણે સાધુવર્ગ તેમજ ગૃહસ્થોનું ધ્યાન આ નક્કર કાર્ય પ્રતિ ખેંચી શકીશું તો તે એક મહાન સેવાનું કાર્ય થશે.

ભક્ત લોકો પોતાના આરાધ્યની પૂજા બે દૃષ્ટિએ કરે છે. કેટલાક લોકો મૂર્તિ, ધર્મગ્રંથ કે વ્યક્તિવિશેષને પોતાના આરાધ્ય બનાવીને, તેમની પાસેથી આધ્યાત્મિક પ્રેરણા પ્રાપ્ત કરે છે; પોતાના આરાધ્ય તેમને માર્ગદર્શન કરાવે તેવી અપેક્ષા તેઓ તેમની પાસેથી રાખતા નથી; માર્ગ તો તેઓ પોતે નક્કી કરે છે. પોતાની ઉદાત્ત ભાવનાઓની જાગૃતિ માટે કોઈ જડ અથવા ચેતનને તેઓ પ્રતીક માની લે છે. બીજો પ્રકાર પોતાના આરાધ્ય પાસેથી માર્ગદર્શનની આશા રાખે છે. વેશને સાધુત્વનું પ્રતીક માનીને તેની પૂજા કરવામાં આવતી હોય તો તેમાં વ્યકિતના ગુણોનો પ્રશ્ન રહેતો નથી. તેમાં તો પ્રત્યેક વેશધારીમાં સાધુત્વની સ્થાપના કરી લેવામાં આવે છે, પરંતુ જૈન સમાજ સાધુઓની પૂજા આ રીતે કરતો નથી. તે તો તેમને ચારિત્રના આદર્શ અને આધ્યાત્મિક નેતા માને છે. તેમના ઉપદેશો પર ચાલવાનો પ્રયત્ન કરે છે. આજે પણ આપણા સમાજમાં સાધુઓનું આ વર્ચસ્વ પુરતા પ્રમાણમાં છે. આવી દશામાં તેમનું વ્યકિતગત જીવન અને વિદ્વાનું સ્તર કેટલું ઉંચું હોવું જોઇએ, તેમની દૃષ્ટિ કેટલી વિશાળ અને તળસ્પર્શી હોવી જોઇએ તે કહેવાની જરૂર નથી. આપણે સમાજનું ધ્યાન આ દિશામાં ખેંચવાની જરૂર છે.

આપણી સમક્ષ અયોગ્ય દીક્ષા તથા બાલદીક્ષાનો પ્રશ્ન તો

છે. પરંતુ તે ઉપરાંત બીજો પ્રશ્ન પણ આપણે વિચારવાનો રહે છે. કેટલાક એવા દીક્ષિતો છે જેમનો અંતરાત્મા દીક્ષા લીધા બાદ મુંઝવણ અનુભવે છે. તેઓ અધ્યયન કરવા અને આધ્યાત્મિક વિકાસ કરવા [illegible] છે, પરંતુ સામ્પ્રદાયિક યંત્રોમાં એવી રીતે તેઓ ફસાયેલા [illegible] છે કે કંઈ કરી શકતા નથી. કેટલાક એવા પણ છે [illegible] યુવાવસ્થા સાથે યૌવનસુલભ વૃત્તિઓ જાગી ગયેલ છે. તદ્દ, એક સદ્‌ગૃહસ્થ તરીકે પોતાનું જીવન વિતાવવા [illegible] છે પરંતુ કોઈ માર્ગ સૂઝતો નથી. જેવી રીતે વધુ દિવસો સુધી [illegible] પક્ષી ખુલ્લા આકાશમાં ઉડવાથી ડરે છે તેવી [illegible] બહારના સંઘર્ષમય જીવનમાં આવતાં ડરે છે. જેને [illegible] પ્રકારનું પગલું ભર્યું છે અને મુનિજીવન ત્યાગી દીધું છે તેઓ પણ વધારે સારો આદર્શ ઉપસ્થિત કરી શકયા નથી. તેવી દશામાં ભવિષ્યનો વિચાર કર્યા વિના, તેમને મુનિવ્રત છોડી દેવાની સલાહ આપવી તે પણ વિચારપૂર્ણ પગલું નથી.

જૈન પરંપરા એક ત્યાગપ્રધાન પરંપરા છે, પરંતુ આપણા મંદિરો અને ધર્મસ્થાનોમાં ઘણું કરીને પૈસાની પૂજા થાય છે. વ્યકિત ભગવાનને મહાપુરુષનું ગૌરવ તો આપે છે, પરંતુ તે ગૌરવનો અર્થ પોતાના જામેલા સંસ્કારો અનુસાર તે કરે છે. મહાત્મ્યનો માપદંડ તેનો પોતાનો હોય છે. મુંબઈના એક મૂર્તિકારે ગણેશની મૂર્તિ બનાવી, ત્યારે તેણે તેને કોટ પાટલુન પહેરાવી દીધા અને મોઢામાં સિગારેટ આપી દીધી. શ્રી મશરૂવાળાએ આ અંગે ટીકા કરતાં કહ્યું કે તેમાં દેવતાનું અપમાન છે. ખરીરીતે જોઈએ તો મૂર્તિકારના મનમાં શ્રદ્ધાની ખામી ન હતી. તેના મનમાં એવા સંસ્કાર જામેલા હતા કે દુનિયામાં સર્વોત્તમ પુરુષ અંગ્રેજ છે અને તેનો વેશ કોટ પાટલૂન છે. તેઓ સિગરેટ પણ પીએ છે. આવી સ્થિતિમાં ભગવાનને ધોતીયું પહેરાવવું એ તેમને નાના બનાવવા જેવું છે. ભગવાન સર્વોત્તમ પુરુષ છે, એટલે તે અંગ્રેજથી ઉતરતા ન હોઈ શકે. મારવાડમાં સીતાની મૂર્તિ બનાવવામાં આવે છે તેને ઘાઘરો પહેરાવીને ઘરેણાંથી લાદી દેવામાં આવે છે. ગુજરાતની સીતા સાડી પહેરે છે. દક્ષિણની સીતા ધોતીનો કછોટો વાળીને, ફુલોનો શણગાર સજે છે. થોડા દિવસોમાં સીતા લિપસ્ટીકનો ઉપયોગ કરવા લાગી જાય તો તેમાં આશ્ચર્ય જેવું નથી. જૈન સમાજ વ્યાપારી સમાજ છે. તે ધનની પૂજા કરે છે. તેથી તેઓ વીતરાગને પણ હીરાના હાર અને સોનાની અંગૂઠી પહેરાવવા ઇચ્છે છે. ભગવાનની સ્વારીમાં હાથી, ઘોડા, સોના-ચાંદીના રથ તથા અન્ય વૈભવનું પ્રદર્શન કરવામાં આવે છે. ખરું જોતાં તે ભગવાનની પૂજા નથી. પરંતુ ભગવાનના બહાને લક્ષ્મીની પૂજા છે.

પંજાબના ભાગલા વખતે જ્યારે હિન્દુ મુસલમાનનો ઝગડો ચાલી રહ્યો હતો, ત્યારે મારા સાંભળવામાં એક વાત આવી. એક વૃદ્ધ મુસલમાન નીચે પડેલો હતો. તે હાથ જોડીને જીવ બચાવવાની આજીજી કરી રહ્યો હતો. તેની ઉપર એક હિન્દુ ચડી બેઠો હતો અને હાથમાં છરો હતો. તેણે છરો ચલાવ્યો અને વૃદ્ધની છાતી સોંસરવો કાઢયો. મારનાર રાક્ષસી અટ્ટહાસ્ય કરતાં બોલ્યો, 'બોલ, મહાત્મા ગાંધીની જય.' તે ગાંધીજીની જય બોલતો હતો, પરંતુ ગાંધીજીનો ભકત ન હતો. પોતાની અંદર રહેલ શેતાનનો તે તો ભકત હતો. તે શેતાનનું નામ તેણે મહાત્મા ગાંધી રાખી લીધું હતું. તેવી જ રીતે આપણે પણ ત્યાગી ભગવાનનું નામ લઈને પરિગ્રહની પૂજા કરીએ છીએ.

જૈન પરંપરાની ઉત્પત્તિ એક આધ્યાત્મિક પરંપરા તરીકે થયેલ છે. લૌકિક બાબતો પ્રતિ તેણે જરા પણ જોર આપેલ નથી લૌકિક સંસ્કારો માટે જૈનો પણ મોટે ભાગે વૈદિક પરંપરાનું અનુકરણ કરતા આવેલ છે, પરંતુ થોડાક સમયથી એક નવું આંદોલન ચાલી રહેલ છે. જૈનો પોતાને હિંદુઓથી અલગ કરવા ઇચ્છે છે. જૈન ધર્મ જાતિવાદમાં માનતો નથી. હિન્દુઓની સાથે રહેવાને કારણે તેનામાં આ પણ ખામી આવી ગઈ છે. જૈન મંદિરમાં અછૂતોનો પ્રવેશ અટકાવી દેવામાં આવેલ છે. દેશ સ્વતંત્ર થતાં નવું વિધાન બન્યું અને તેમાં સ્પૃશ્યાસ્પૃશ્યતાને દૂર કરવા માટે હિન્દુ ધર્મસ્થાનોમાં અછૂતોને ધર્મારાધનનો પુરો અધિકાર આપવામાં આવ્યો. આ બુરાઈને સ્વીકારતી વખતે તો આપણે હિન્દુ બની ગયા, પરંતુ જ્યારે તે દૂર કરવાનો સમય આવ્યો ત્યારે આપણે જુદા થવા માગીએ છીએ. અન્ય કેટલીયે દૃષ્ટિયે પણ આ સમસ્યા વિચારણીય છે.

હમણાં કેટલાક લોકોએ જૈન વિવાહ પદ્ધતિ શોધી કાઢી છે. નવીન યુગ અનુસાર આ કોઈ આદર્શ વિવાહ પદ્ધતિ હોય તો તો તે અભિનંદનને પાત્ર છે, પરંતુ અગ્નિની પ્રદક્ષિણા અને અન્ય બાબતો જેમની તેમ કાયમ રાખીને, કેવળ હિન્દુ દેવતાઓને સ્થાને જૈન દેવતા રાખી દેવાથી કામ ચાલી શકે નહિ. જૈન દેવતા તો ગૃહસ્થી જીવનના ત્યાગનો આશીર્વાદ આપી શકે છે. તે વિવાહની સફળતાનો આશીર્વાદ કેવી રીતે આપી શકે ? તેમને આવી વાતોમાં ઘુસાડી દેવા એ આપણુ આદર્શને નીચે ઉતારવા જેવું છે. એક આધ્યાત્મિક વિચારધારાને લૌકિક બાબતોમાં લાવવી અને તેના આધારે એક જુદી જાતિ બનાવવાની ચેષ્ટા કરવી, એ જૈન પરંપરા માટે લાભદાયક નથી. જૈન ધર્મ ચારિત્ર ઉન્નત કરવા માટે વિચારધારા રૂપે પ્રેરણા આપતો રહે તેમાં જ તેની વિશિષ્ટતા છે. તેને જાતિવાદમાં મર્યાદિત કરવો ન જોઈએ. એક બ્રાહ્મણ અથવા એક મુસલમાન પણ પોતાને જૈન કહી શકે તેટલી ઉદારતા આપણે રાખવી જોઈએ.

કેવળજ્ઞાન, કર્મવાદ, ભુગોળ, વગેરે ઘણી બાબતો છે. જેના વિષયમાં આપણા સમાજમાં ગલત ધારણાઓ જામી ગયેલી છે અને તેની અસર તેમના જીવન પર પણ પડી રહેલ છે. આ બધા વિષયો પર સત્યનો પ્રકાશ પાડવો એ આપણા બધાનું કર્તવ્ય છે.

આશા છે કે જૈન યુવક સંઘ, પ્રબુદ્ધ જૈન તથા સાક્ષાત્ ચર્ચા દ્વારા આ બધી બાબતો પ્રકાશમાં લાવશે. હું બનારસ જઈને 'શ્રમણ' ને ફરી મારા હાથમાં લઈ રહ્યો છું. તેનું પણ આ જ ધ્યેય છે. તેથી હું માનું છું કે મારા ત્યાં જવાથી જૈન યુવક સંઘનું ક્ષેત્ર પણ વિશેષ વિસ્તૃત બની જશે.

મેં જે વિચાર પ્રગટ કરેલ છે તે એક નમ્ર નિવેદન છે. મારે કદી એવો આગ્રહ હોતો નથી કે બીજી વ્યકિત તેને માની જ લે. બનવા જોગ છે કે ચર્ચા અથવા વિશેષ અનુભવે તેમાં મારે પોતાને ફેરફાર કરવો પડે. સત્યના જિજ્ઞાસુએ પરિવર્તન માટે સદા તૈયાર રહેવું જોઈએ.

અંતમાં આપે બધાએ મારા પ્રતિ જે સ્નેહ પ્રગટ કરેલ છે તે માટે હું બધાનો આભાર માનું છું. ઇચ્છા હતી કે અહીં રહીને આપ બધાના પરિચયનો વિશેષ લાભ ઉઠાવું, પરન્તુ તેમ બની શકયું નહિ. આમ છતાં આપ બધાનો પ્રેમ સાથે લઈને હું જઈ રહ્યો છું. જે મારી સાથે રહેશે તેમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થશે અને આપણે બધા સાથે મળીને, આ જ્યોતને જલતી રાખવાનો પ્રયત્ન કરતાં રહીશું.

અનુવાદક : એમ. જે. દેસાઈ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ, ૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪
અંક : ૨૩

મુંબઈ : ૧ એપ્રિલ ૧૯૫૩ બુધવાર

વાર્ષિક ફા...

ચાંડિલ સર્વોદય સંમેલન

(ગતાંકથી ચાલુ)

આઠમીએ બપોરની બેઠકમાં કાર્યકર્તાઓની અનુભવવાતો ઉપરાંત શ્રી શંકરરાવ દેવે નીચે મુજબનો પ્રસ્તાવ રજુ કર્યો હતોઃ–

"ગયા વર્ષે સેવાપુરીમાં સર્વ સેવા સંઘે એ વર્ષમાં ૨૫ લાખ એકર જમીન ભૂદાન-યજ્ઞમાં મેળવવાનો સંકલ્પ કર્યો હતો. આમાંનું એક વર્ષ તો પસાર થઇ ગયું છે. અને અમો અત્યાર સુધીમાં ફકત ૭ થી ૮ લાખ એકર જમીન મેળવી શકયા છીએ. પણ અમે જ્યારે યાદ કરીએ છીએ કે મનુષ્યમાં જમીન માટેની મમતા કેટલી ગાઢ હોય છે અને આ આંદોલનની શરૂઆતમાં આમ જનતામાં અને તેને માટે કાર્ય કરનાર કાર્યકરોમાં પણ જમીન મેળવી શકવાનો વિશ્વાસ કેટલો ઓછો હતો તેની સરખામણી કરતાં અમને એમ લાગે છે કે અત્યાર સુધીમાં ૭થી ૮ લાખ એકર જમીન ભૂદાન-યજ્ઞમાં મળી તે પણ એક ચમત્કાર જ છે.

"અમને જાહેર કરતાં અત્યંત આનંદ થાય છે કે ભૂદાન યજ્ઞમાં જમીન આપવાવાળાઓમાં જેમ મોટા જમીનદારો છે એ જ રીતે નાના જમીનદારો તથા ગરીબો પણ છે અને તેનું પ્રમાણ પણ પુરતી સંખ્યામાં છે. તેથી અમારી શ્રદ્ધામાં વધારો થયો છે. અમે આ બધા જ ભાઇબહેનોનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ અને તેમને ધન્યવાદ આપીએ છીએ. આ યજ્ઞમાં આહુતિ આપીને તેઓ પોતે શુધ્ધ થયા છે અને વર્તમાન સમાજની શુદ્ધિ અને વિકાસ માટે અસરકાર વાતાવરણ તૈયાર કરવામાં સહાયરૂપ થયા છે.

"સેવાપુરીનો સંકલ્પ પુરો કરવામાં જુદી જુદી સંસ્થાઓએ, કાર્યાલયોએ અને આમ જનતામાંથી ઘણા સજ્જનોએ સંકટ વેઠીને પણ અમોને સાથ આપ્યો છે. એને માટે સર્વ સેવા સંઘ હૃદયપૂર્વક તેમનો આભાર માને છે.

"આજ અમે અમારા એ મહાન સંકલ્પની ફરીને જાહેરાત કરીએ છીએ કે આગામી બાર મહીનામાં ૧૭ થી ૧૮ લાખ એકર જમીન અમો દાનમાં મેળવીશું. એના માટે એ આવશ્યક છે કે આ સાલ આપણે વધારે એકતા તથા તત્પરતાથી કામે લાગી જવું જોઇએ. આપણે એ પણ યાદ રાખવાનું છે કે માત્ર ૨૫ લાખ એકર ભૂમિ પ્રાપ્ત કરવી એટલો જ ભૂદાનયજ્ઞનો ઉદ્દેશ નથી. આ યજ્ઞ અહિંસક ક્રાંતિની એક ભૂમિકા અને સર્વોદય સમાજરચનાની આધારશિલા છે. એટલા માટે સર્વોદય વિચારમાં માનવાવાળા ઉપર અને તેમાં પણ જે રચનાત્મક કાર્ય કરવાવાળી સંસ્થાઓ અને કાર્યકર્તાઓ છે તેના પર વિશેષ જવાબદારી રહે છે. કારણ કે સર્વોદય સમાજની રચના કરવાનો એ સર્વ લોકોનો ઉદ્દેશ છે. જ્યાં સુધી વર્તમાન સમાજનું શાન્તિમય પરિવર્તન કરવાની પ્રક્રિયા એના કાર્યક્રમના મૂળમાં નહિ હોય ત્યાં સુધી આ ઉદ્દેશ પરિપૂર્ણ થશે નહિ. ભૂમિદાન યજ્ઞ એક એવો અહિંસક યજ્ઞ છે, જેનો આધાર લઇને આ સંસ્થાઓ પોતાના ઉદ્દેશને પણ પરિપૂર્ણ કરી શકે. આથી અમોને વિશ્વાસ છે કે આ સંસ્થાઓ અને કાર્યકર્તાઓ પોતાના કાર્યક્રમમાં ભૂદાન-યજ્ઞને સર્વ પ્રથમ સ્થાન આપશે, અને આગામી બાર મહિનામાં ૨૫ લાખ એકર જમીન મેળવીને જ સંતોષ ન માનતાં સને ૧૯૫૭ ના અંત પહેલાં પાંચ કરોડ એકર જમીન ભૂદાનમાં પ્રાપ્ત કરીને, શોષણ રહિત અને સમાનતાયુકત સર્વોદય સમાજની સ્થાપનાની ભૂમિકાનું નિર્માણ કરશે.

"સાથે સાથે અમો બધા રાજકીય તથા સામાજિક કાર્યકર્તાઓને વિનંતિ કરીએ છીએ કે તેઓ પોતાના બધા મતભેદો ભૂલીને આ મહાન યજ્ઞમાં સહકાર આપે.

"આપણા નવયુવકો આજે ક્રાંતિ માટે અધીરા બન્યા છે. તેમણે સમજવું જોઇએ કે ક્રાંતિ તો તેમની સામે આવી ચૂકી છે, પણ તેને સફળ બનાવવા માટે એ જરૂરી છે કે તેઓ આગળ આવે અને પોતાના બીજા બધા કામો છોડીને ઓછામાં ઓછો એક વર્ષ માટે પોતાનો બધો સમય સર્વ સેવા સંઘને આપે. આથી આ ક્રાંતિનાં મૂળ એટલા ઉંડાં જશે કે તેને કદિ પણ કોઇ પણ જાતની આંચ આવશે નહિ.

"આખરે અમે જમીનના માલીકોને અને ખાસ કરીને મોટી જમીનના માલીકોને અપીલ કરીએ છીએ કે આ યજ્ઞ સર્વોદય માટેનો હોઇને તેમનું પણ કલ્યાણ થવાનું જ છે. તેઓ આ પ્રવૃત્તિને સફળ બનાવવા માટે દરેક જાતનો સહકાર આપે. અત્યાર સુધી તો પૂ. વિનોબાજી તથા તેમના સાથીઓ ગામે ગામ તથા ઘેર ઘેર ફરીને દાન માંગી રહ્યા છે. પરંતુ હવે એવો સમય આવી ગયો છે કે જમીન માલીકો પોતાની ઇચ્છાથી જ આગળ આવીને દાન આપે. કારણ કે આ યજ્ઞથી જેનું હૃદય–પરિવર્તન થશે. તેવા માણસોથી જ નવા સમાજનું નિર્માણ થશે.

"આ કામને પરિપૂર્ણ કરવા માટે કાયદાની મદદની આશા રાખવામાં આવે છે. ભૂદાન-યજ્ઞ કાયદામાં આડે આવતો નથી, પરંતુ તે અનુકુળતા જ પેદા કરે છે. કિન્તુ હૃદયપરિવર્તન દ્વારા અમો આ કામ સફળ કરી શકીશું તો તેમાંથી જે જનશકિત પેદા થશે તે અહિંસક સમાજની રચનાનો સાચો આધાર હશે.

"અમે આશા રાખીએ છીએ કે જેની પાસે ભૂદાનનો સંદેશ પહોંચ્યો છે. અને જેણે આજનો યુગધર્મ પીછાન્યો છે

તેઓ માંગવાવાળાની રાહ ન જોતાં આ યજ્ઞમાં પોતાનો ફાળો આપશે. અમોને અમારી પ્રતિજ્ઞા પુરી કરવામાં મદદગાર થશે.

...વ ઉપર શ્રી. શંકરરાવ દેવનું ભાષણ ખૂબ હૃદ-
...દિવસનું બીજું ભાષણ તે ડૉ. જે. સી. કુમાર-
...સીધર્મ, સમતાવાદ, રશિયા ને ચીનની રીતિઓ
...વવાની સલાહ, ભૂમિવિતરણ તથા ભૂમિ–
...નાઓ વગેરે ઉપર તે ભાષણે સારો પ્રકાશ નાંખ્યો
...નામાં વક્તૃત્વ છે. કયારેક કયારેક ભાવનાની તીવ્રતાને
...ની વાણી તીખી બને છે, પણ આ વેળાએ તેમના
વિચારો જાહેરમાં ને બાનગીમાં સાંભળ્યા પછી એમ સ્પષ્ટ જણાય છે કે તેઓ કોઇનું યે આંધળું અનુકરણ કરતા નથી તથા તેમ કરવા કહેતા નથી. વ્યકિતવિકાસ તથા વિકેંદ્રીકરણ ઉપર તેમણે ભાર મૂકયો હતો. તેમનું અંગ્રેજી ભાષણ વાકયે વાકયે અનુવાદિત હિંદીમાં થવાથી જનસાધારણને તેમાં ઠીક રસ પડયો હતો.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાત્રે મધ્યપ્રદેશના તુકડોજી મહારાજનાં ભજનો હતાં. તેઓ એક સંત છે, પણ ગાંધીજીની વિચારધારાના પોષક છે. જ્યાં જ્યાં તેઓ જાય છે ત્યાં ત્યાં હજારો ભકતજનો તેમને શ્રદ્ધાપૂર્વક સાંભળે છે. આ તુકડોજી મહારાજ પણ હવેથી સંત વિનોબાના કાર્યક્રમને આગળ વધારવાનું જ કામ કરશે એવું તેમણે બપોરના પોતાના પ્રાસંગિક ભાષણમાં તથા રાત્રે ભજન પહેલાંની પ્રસ્તાવનામાં કહ્યું હતું. તેમની ભજનમંડળી રમઝટ સારી જમાવી શકે છે જો કે ચાણિલમાં બહુ મઝા ન પડી. એનું એક કારણ એ પણ હતું કે બીજે ઠેકાણે ભોજનાલયની પાસે આદિવાસીઓનાં નૃત્યો હતાં.

માનભૂમનાં આ આદિવાસીઓના ખેલો અત્યંત આકર્ષક નીવડયાં. ઢોલ, નગારાં, શરણાઇ, બંસરી, ઝાલર વગેરેના સુમેળ સાથે વિવિધ પ્રકારના તાલ સાથે જુદી જુદી ચાલવાળાં નૃત્યો શાસ્ત્રીય હતાં. એમના પોશાકોથી એમ લાગતું હતું કે જાણે દેશી નાટક સમાજ જ ઉભો કરી દીધો. હનુમાનજી રામની પાસે જાય છે ત્યારે સાચા જ હનુમાનજી ન ઉતરી આવ્યા હોય એવો હનુમાનજીનો સ્વાંગ હતો. આટલી બધી ખૂબીઓ આ આદિવાસીઓમાં જોઇને સાનંદાશ્ચર્ય થયા વિના રહેતું નહિ, જો કે એનું પુરું વર્ણન કરવું શકય નથી. કોઇ કલાકાર જ એને ન્યાય આપી શકે. જેણે જોયું તેને તૃપ્તિ થઇ અને એમાં જ કાર્યક્રમની સાર્થકતા હતી.

તા. ૬ ની સવારની બેઠકમાં સંત વિનોબાનું ઉપસંહાર–ભાષણ હતું. પ્રથમભાષણની આ પૂર્તિ હતી. શંકાઓનું સમાધાન કરનારું હતું. કાર્ય, કાર્યરચના એ બે મુદ્દાઓ તેમાં હતા. પ્રજાતંત્ર શું? બહુમતનું રાજ્ય તે જ સ્વરાજ્ય? સજ્જનોમાં વિચારભેદ હોય પણ આચરણભેદ ન હોય, પંચ ત્યાં પરમેશ્વરનો અર્થ એટલે કે પાંચે એકમતના થાય ત્યારે જ આચરણ થાય, નહિ તો તેનો અમલ ન થવો જોઇએ, સરકારી વિકાસ યોજનાને સહકાર વગેરે વગેરે વિષયોનું સ્પષ્ટીકરણ કરનારું આ ભાષણ હતું.

મદ્યપાનપ્રતિબંધ અંગેનો ઠરાવ શ્રી. રાધાકૃષ્ણ બજાજે સરલ ઢબે મૂકયો. સાંજે શ્રી. શંકરરાવ દેવે જોશીલી વાણીમાં સવિસ્તર ઢબે **ગ્રામરાજ** વાળા ઠરાવની જાહેરાત કરી. સંમેલનમાં કોઇ પણ ઠરાવ પસાર થતો નથી; પણ સર્વ સેવાસંઘમાં જે ઠરાવો થાય છે તેની જાણ માત્ર સર્વોદય સંમેલનને કરાવવામાં આવે છે. સંમેલનનો અંત આવતો હતો ત્યારે પ્રમુખ શ્રી. ધીરેન મજમુદારે ઢબની રીતે ઉપસંહાર કર્યો તથા સર્વેએ આ મહાન યજ્ઞકાર્યમાં જ લાગી જવું જોઇએ તેનું સ્મરણ કરાવ્યું. છેવટે વિનોબાજીએ ઉપસંહારભાષણનો ત્રીજો ભાગ આંતર પરીક્ષણ ના સંભળાવ્યો. પોતાના દોષો જોતાં તથા નિવારતાં શીખવું જોઇએ. તાનવાન નિષ્ઠા ઉપર જોર દીધું તથા **સર્વધર્મોન્ પરિત્યજ્ય મામેકં શરણમ્ વ્રજ** એનું સ્મરણ કરાવ્યું તથા ઉદ્બોધ્યું કે આ અક્ષરદત્ત યજ્ઞકાર્યમાં સૌ લાગી જાય.

અગાઉ મેં કહ્યું હતું તેમ વિનોબાજીનું આ ૯ મીનું ભાષણ તા. ૭ જેટલું ઉંચું ઉત્તમ ન હતું, પરંતુ એમનાં તા. ૭મી પછીનાં બે ભાષણો મર્મગ્રાહી હતાં એમાં તો શંકા નથી.

વિનોબાજીએ જુદા જુદા પ્રદેશોના ભૂદાનયજ્ઞકાર્યકર્તાઓ આગળ પણ અનેક રીતે પોતાનું દિલ ખોલ્યું હતું; તથા પૂ. બાપુ સાથેનો એમનો સંબંધ કેવો હતો તેના પ્રસંગો પણ વર્ણવ્યા હતા. એકાદ બે પ્રસંગો જ ટાંકું છું.

વ્યકિતગત સત્યાગ્રહ શરૂ કરવાનો હતો ત્યારે પૂ. બાપુજીએ વિનોબાજીને પોતાની પાસે પવનારથી બોલાવ્યા. વિનોબાજી ગળાડૂબ રચનાત્મક કામમાં હતા. એક ક્ષણ પણ તેઓ બહાર જતા નહિ તથા બોલતા કે મળતા નહિ. પૂ. બાપુનો આદેશ મળતાં જ તેઓ સેવાગ્રામ ગયા. 'વ્યકિતગત સત્યાગ્રહમાં તમારે જવું છે' એ હુકમ સાંભળી વિનોબાજીએ કહ્યું 'યમનો અને આપનો આદેશ બરાબર છે, હું તો તૈયાર છું, મારે પવનાર જવું કે નહિ તે તમારે જ નકકી કરવાનું છે.' આવી તત્પરતા માત્ર રામ અને હનુમાનનું જ સ્મરણ કરાવે છે.

બીજો પ્રસંગ 'ભારત છોડો' એ આંદોલન સમયનો છે. છેવટની લડાઇનો પ્રકાર કેવો હશે અને આ લડાઇમાં અનશનનો તાંતો ચાલુ રાખવો કે કેમ એ વિચાર ચાલતો હતો. સૌ વિચારવિનિમય કરવા લાગ્યા. સૌની સલાહ એવી હતી કે અનશન બાપુએ ન કરવું. જો કે તેઓ અધિકારી છે પણ તેમ ન કરવું. જ્યારે બાપુએ વિનોબાજીને પુછયું ત્યારે વિનોબાજીએ કહ્યું "કે સેનાપતિને જે ઠીક લાગે તે કરે અને હુકમ આપે; અમે તો સિપાહી માત્ર છીએ" આવા અણધાર્યા ઉત્તરથી સૌ અવાક્ થઇ ગયા હતા કારણ કે પૂ. બાપુજીના વિચારને વિનોબાની છાપ લાગી ગઇ. વિનોબાજીનું માનવું છે કે આ મારા જવાબથી મહાદેવભાઇને ભારે આઘાત લાગ્યો હતો. ૧૯૪૨ ની નવમી ઓગસ્ટે મુંબઇમાં પૂ. બાપુ પકડાયા. તે જ બપોરે વર્ધામાં વિનોબાજી પકડાયા ત્યારે વિનોબાજીએ કારાવાસમાં પ્રવેશતાં જ જેલઅધિકારીઓને કહી દીધું: 'હમણાં સુધી તો અમે તમારા નિયમોને માનતા આવ્યા છીએ, હવેથી તેમ નહિ થઇ શકે; અમારા ઉપર તમારો અધિકાર નથી. આવતી કાલથી અનશન શરૂ થશે.....' પરંતુ પૂ. બાપુજી પકડાયા તે વેળાએ ખાસ સંદેશો વિનોબાજીને પહોંચાડવાની વ્યવસ્થા કરી ગયા હતા કારણ કે વિનોબાજી તો જેલમાં જતાં જ અનશન આરંભી જ દેશે એની ખાત્રી પૂ. બાપુને હતી. આ ખાસ સંદેશો વિનોબાજીને જેલમાં રૂબરૂમાં શ્રી વાલુંજકરે સંભળાવ્યો એટલે **સિપાહી વિનોબાનું** અનશન બંધ રહ્યું.

આવી બધી વાતો ઉપરથી એમણે એવું સમજાવ્યું કે જેને આપણે આપણો નેતા માનીએ તેનો આદેશ એ આખરી શબ્દ માનવો. શ્રદ્ધા તથા નિષ્ઠાપૂર્વક કામ કરવું. આ ઇશ્વરનું અને અહિંસક ક્રાંતિનું પવિત્ર કાર્ય છે.

વર્ષભરનું ભાથું બાંધી આવનારા વિખરાઇ રહ્યા છે, જાણે કે સૌને ચણ મળી ગઇ પંખેરુઓ પોતપોતાના ક્ષેત્રો ભણી રવાના થવા લાગ્યાં છે.

તા. ૧૦-૩-૫૩ ગોકુળભાઇ દોલતરામ ભટ્ટ

પ્રકીર્ણ નોંધ

સ્વર્ગસ્થ અધ્યાપક કે. ટી. શાહ

તા. ૧૦-૩-૫૩ મંગળવારના રોજ જાણીતા અર્થશાસ્ત્રી શ્રી. ખુશાલ તલકશી શાહનું હૃદયરોગની બીમારીના પરિણામે અવસાન થયું અને તે સાથે એક ઉજ્જ્વળ જીવનકારકીર્દીનો અન્ત આવ્યો. તેઓ મૂળ કચ્છના વતની. તેમનો જન્મ ૧૮૮૮ માં થયેલો. તેઓ કુટુંબપરંપરાએ જૈન હતા. વિદ્યાર્થી જીવનના પ્રારંભથી જ તેમની કુશાગ્ર બુદ્ધિનું દર્શન થયું હતું. તેઓ પરદેશ અભ્યાસ કરીને હિંદ ખાતે પાછા ફર્યા અને શરૂઆતમાં સેન્ટ ઝેવીયર્સ કૉલેજમાં અને પછી સીડનહામ કૉલેજ ઑફ કૉમર્સમાં અધ્યાપક તરીકે જોડાયેલા. ૧૯૨૧ થી ૧૯૩૦ સુધી મુંબઇ યુનીવર્સીટીની સ્કુલ ઑફ ઇકોનોમીકસમાં અર્થશાસ્ત્રના અધ્યાપક તરીકે તેમણે કામ કર્યું. ત્યાર બાદ માઇસોરની મહારાજા કૉલેજમાં તેમણે કેટલોક સમય નોકરી કરી. મુંબઇ યુનીવર્સીટીઓમાં તેમણે ભિન્ન ભિન્ન અધિકાર ઉપર રહીને પુષ્કળ કામ કર્યું, હતું. પંડિત જવાહરલાલ નહેરુની પ્રેરણાથી ઉભું કરવામાં આવેલ નેશનલ પ્લાનીંગ કમીટીના સેક્રેટરી તરીકે તેમની નીમણુંક કરવામાં આવી હતી, અને તે અધિકાર ઉપર રહીને તેમણે ખૂબ મહત્વની સેવા બજાવી હતી. હિંદની ધારાસભામાં તેમને સભ્ય તરીકે લેવામાં આવ્યા હતા અને ૧૯૪૭ માં આઝાદી મળ્યા બાદ પહેલી લોકસભામાં પણ તેમની નીમણુંક કરવામાં આવી હતી. એ બન્ને મંડળોમાં તેમણે વિરોધી પક્ષના એક આગેવાન તરીકે ખૂબ સક્રિય ભાગ ભજવ્યો હતો. ગયા વર્ષે ધારાસભાઓની ચૂંટણી થઇ ત્યારે તેઓ કચ્છ વિભાગમાંથી એક સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઉભા રહ્યા હતા અને જ્યારે નવી રાજ્યરચનાના પ્રમુખ તરીકે કૉંગ્રેસ તરફથી ડૉ. રાજેન્દ્રપ્રસાદને ઉમેદવાર તરીકે ઉભા રાખવામાં આવ્યા હતા ત્યારે અન્ય પક્ષો તરફથી શ્રી. કે. ટી. શાહનું નામ એક બીનપક્ષીય ઉમેદવાર તરીકે રજુ કરવામાં આવ્યું હતું. પણ કમનસીબે આ બન્ને ઉમેદવારીઓમાં તેઓ નિષ્ફળ નીવડ્યા હતા. વડોદરા યુનીવર્સીટીના સીન્ડીકેટના તેઓ એક સભ્ય હતા અને તે યુનીવર્સીટીની નવરચનામાં તેમણે બહુ અગત્યનો ફાળો આપ્યો હતો. તેમની બુધ્ધિ અનેક વિષયગ્રાહી હતી. અર્થશાસ્ત્ર, રાજકારણ, ઇતિહાસ અને અન્ય વિષયો ઉપર સીમા ચિહ્નરૂપ લેખાય એવાં અનેક ગ્રંથો તેમણે નિર્માણ કર્યા હતા, જેમાં Glory That Was Ind' બહુ જાણીતું પુસ્તક છે. તેઓ જૈન હતા તે બહુ ઓછા જૈનોને ખબર હશે, આજથી ઘણા વર્ષો પહેલાં મુંબઇ ખાતે ભરાયેલ ભારત જૈન મહામંડળના અધિવેશનમાં તેઓ પ્રમુખસ્થાને બીરાજ્યા હતા અને તે સ્થાન ઉપરથી તેમણે આપેલા વ્યાખ્યાને જુનવાણી જૈન સમુદાયમાં ભારે ખળભળાટ પેદા કર્યો હતો.

તેઓ આધુનિક યુગમાં એક મહાન પંડિત હતા. શરૂઆતનાં વર્ષોમાં મુંબઇ યુનીવર્સીટી અને પાછલા વર્ષોમાં દીલ્હીની લોકસભા તેમનું કાર્યક્ષેત્ર તેમ જ યુધ્ધક્ષેત્ર હતું. પોતાના વિચારોમાં તેઓ ભારે મક્કમ હતા. તેમનામાં અપૂર્વ નિડરતા અને સત્યપ્રિયતા હતા. જીવન સાદું અને ઉત્તમ શીલ-આ તેમની વિશેષતા હતી. લેખન તેમ જ પ્રવચન ઉભયમાં તેઓ અપૂર્વ કુશળતા ધરાવતા હતા. જાહેર જીવનનું કોઇ પણ પ્રલોભન પોતે નક્કી કરેલા સત્ય માર્ગેથી તેમને ચલાયમાન કરવાને કદિ પણ સમર્થ નિવડ્યું નહિ. જૈન સમાજમાં જન્મેલ પણ વિશાળ સેવાક્ષેત્રને વરેલ આવી ઉચ્ચ કોટીની વ્યકિતના અવસાનથી આપણા દેશને અને સમાજને મોટી ખોટ પડી છે. પરમાત્મા તેમના આત્માને પરમ શાન્તિ અર્પે એજ પ્રાર્થના.

શ્રી. નગીનદાસ માસ્તરનો સ્વર્ગવાસ

૭૯ વર્ષની ઉમ્મરે તા. ૨૩-૩-૫૩ના રોજ શ્રી. દાસ માસ્તરનું એક દિવસની માંદગીના પરિ નીપજેલ અવસાનથી મુંબઇ શહેર એક પ્રથમ કોટિનો પ્રમાણ્યો છે અને કૉંગ્રેસે વર્ષોજુનો એક વફાદાર કા છે. તેમના જાહેર જીવનની શરૂઆત ૧૯૧૬ માં તેઓ લ-ચાલમાં જોડાયા ત્યારથી થઈ હતી. ૧૯૩૦/૩૨ ખૂબ આગેવાની ભરેલો ભાગ ભજવેલો. અને વખત જેલવાસ ભોગવેલો. ૧૯૪૦/૪૧ ના વ્યકિતગ. તેમણે જોડાયલા અને પાછા ૧૯૪૨ ની લડત દરા તેમના ભાગે જેલવાસ આવેલો. ૧૯૪૪/૪૫ માં તે મેયરપદ પણ ભોગવ્યું અને મુંબઇની કૉંગ્રેસના પણ તેઓ અમુક સમય પ્રમુખસ્થાને રહેલા. પાછળનાં વર્ષોમાં તેઓ બહુ સંભળાતા નહોતા, છતાં તેમની જાહેર પ્રવૃત્તિઓ જીવનના અન્ત ભાગ સુધી ચાલુ જ હતી. સાધારણ કોટિના માનવી છતાં તેઓ જેની સાથે જોડાયા તેને વફાદારીથી વળગી રહ્યા અને રાષ્ટ્રને ચોપડે ઠીક ઠીક સેવાઓ તેમણે નોંધાવી. જીવન સાદું, ચારિત્ર્ય ઉંચુ, સ્વભાવ પ્રેમવાત્સલ્યથી ભરેલો, જ્યારે પણ મળે અને આપણને ઓળખતા હોય તો પ્રેમ-મમતાથી બોલાવે. તેમના સ્વજનો અને મિત્રો તેમને 'નગીનકાકા'ના નામથી ઓળખતા અને બોલાવતા. લાંબી અને ઉજ્જ્વલ જીવનકારકીર્દી પુરી કરીને આપણી વચ્ચેથી તેઓ વિદાય થયા છે એકનિષ્ટાવાળો સામાન્ય માણસ કેટલું બધું કામ કરી શકે છે અને સેવા આપી શકે છે તેનું અનુકરણીય દૃષ્ટાન્ત તેઓ આપણી સમક્ષ મૂકી ગયા છે.

જૈન શ્વે કો ની અખિલ હિંદ સમિતિની બેઠક

જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સની અખિલ હિંદ સમિતિની બેઠક તા. ૧૩, ૧૪ તથા ૧૫ ના રોજ મુંબઇ ખાતે ભરવામાં આવી હતી. પ્રસ્તુત કૉન્ફરન્સના પ્રમુખસ્થાનેથી શેઠ અમૃતલાલ કાલીદાસ નાદુરસ્ત તબિયતના કારણે રાજીનામું આપીને કેટલાએક સમયથી નિવૃત્ત થયા હતા. આ બેઠકના કાર્યક્રમમાં એક બાબત તેમના સ્થાને સમસ્ત કૉન્ફરન્સનું આગામી અધિવેશન ભરાય ત્યાં સુધીના સમય માટે યોગ્ય પ્રમુખની નીમણુંક કરવાને લગતી હતી. આ સ્થાન ઉપર સર્વાનુમતે પુનાના વર્ષોજુના જૈન કાર્યકર્તા મુંબઇ પ્રદેશની ધારાસભાના સભ્ય શ્રી પોપટલાલ રામચંદ શાહની નીમણુક કરવામાં આવી હતી. સાધારણ રીતે ડૉ. બાલાભાઇ નાણાવટી કે શ્રી છોટાલાલ ત્રીકમદાસ પારેખ જેવા એક બે અપવાદ સિવાય આ સ્થાન ઉપર આજ સુધી કોઇ ને કોઇ શ્રીમાનની પસંદગી કરવામાં આવી છે. આ સ્થાન ઉપર આર્થિક દૃષ્ટિએ સાધારણ સ્થિતિના લેખાય એમ છતાં જૈન સમાજની તેમજ રાષ્ટ્રની સેવામાં જેણે લગભગ આખું જીવન વીતાવ્યું છે અને આઝાદીના સંગ્રામો દરમિયાન જેમણે અનેકવાર જેલવાસ ભોગવ્યો છે એવી એક વ્યકિતની પ્રમુખસ્થાન ઉપર નીમણુંક કરીને કૉન્ફરન્સના કાર્યવાહકોએ એક નવો ચીલો પાડયો છે અને આ માટે તેમને અભિનંદન ઘટે છે. શ્રીમાનને બદલે પ્રજાસેવકની આગેવાની સ્વીકારવામાં આવે-આ ઘટના આજના કાળને અનુરૂપ છે. ભાઇશ્રી પોપટલાલને આ માટે સૌ કોઇના ધન્યવાદ અને શુભેચ્છા ઘટે છે.

આ બેઠક દરમિયાન કૉન્ફરન્સનું નવું સુધારેલું બંધારણ પસાર કરવામાં આવ્યું હતું. આજથી ૩૦/૩૫ કે તેથી વધારે વર્ષો પહેલાં રચાયલું બંધારણ કેટલીયે સુધારણાની અને આજના વખત સાથે બંધબેસતું થવાની અપેક્ષા રાખતું હતું. નવા બંધારણે ઘણી અસ્પષ્ટતાઓ દૂર કરી છે, સભાસદો બનાવવાની પદ્ધતિ અમુક અંશમાં દાખલ કરી છે અને કૉન્ફરન્સના કાર્યમાં વધારે

...તા આવે એવી કેટલીએક બાબતો ઉમેરવામાં આવી છે.

...તે આપણે સમાજનો મધ્યમ વર્ગ કહીએ છીએ અને ... જે વર્ગમાં સમાવેશ થાય તે વર્ગ નવી રાજ્ય રચના, ... વ્યાપાર ધંધાઓ ઉપરના તરેહતરેહના અંકુશો વગેરે ... એકદમ ઘસાતો ચાલ્યો છે, પુણવા લાગ્યો ... સમાજનો, આર્થિક પ્રશ્ન સૌથી વધારે મુંઝ... છે. આ પ્રશ્નની કોરોકટીએ આ કોન્ફરન્સ ...તા અનેક ભાઇ બહેનોને આ કોન્ફરન્સ પ્રત્યે ...ત કર્યા છે. આપણું ભાઇ બહેનો, સ્વજનો, ...ા માટે શું કરીએ, તેમને પુષ્કળતા ક્રમ બચાવીએ ...રો એનું ચિત્ત કેન્દ્રિત થઈ રહ્યું છે અને બીજી ...ણતીમાં પરસ્પર મતભેદો ધરાવતી વ્યકિતઓ આ બાબતમાં સાથે મળીને વિચાર કરવા લાગી છે. ઉપર જણાવેલી સમિતિની બેઠકમાં ભાગ લેતાં કાર્યકર્તાઓએ પણ આ બાબતમાં ખાસ વિચારણા ચલાવી હતી અને શ્રાવક શ્રાવિકાના ઉત્કર્ષ માટે કોન્ફરન્સના છેલ્લા અધિવેશન પ્રસંગે જે ફંડ એકઠું થયું હતું અને આચાર્યશ્રી વિજયવલ્લભ સુરિની આ ફંડને અમુક સમય સુધીમાં પાંચ લાખ સુધી પહોંચાડવાની પ્રતિજ્ઞાને લીધે તે ફંડમાં જે વધારો થવાની વકી હતી તેમાંથી એક ઉદ્યોગમંદિર ઉભું કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

આ બેઠક દરમિયાન તા. ૧૫ મી માર્ચની સવારે કોન્ફરન્સના મુ... સંચાલક-પ્રવર્તકનું સ્થાન પામેલા શ્રી. કાન્તિલાલ પથરલાલના શુભ હસ્તે કોન્ફરન્સના જન્મદાતા અ... પિતાસમાન લેખાતા સ્વર્ગસ્થ શ્રી. ગુલાબચંદજી ઢઢ્ઢાનું ચિત્ર ... ચિત્રકાર શ્રી. ... મ. રાવળના હાથે તૈયાર કરવામાં આવેલા તૈલચિત્રની અનાવરણવિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે આચાર્ય શ્રી. વિજયવલ્લભસૂરિજી હાજર રહ્યા હતા. તેમણે તેમ જ અન્ય આગેવાનોએ સ્વર્ગસ્થ મહાશયને ખૂબ ભાવભરી અંજલિ આપી હતી.

આચાર્યશ્રી ની પ્રતિજ્ઞાની પરિપૂર્તિ :
શ્રી. ખીમજી છેડાને ધન્યવાદ

ગયા વર્ષે જુન માસમાં જ્યારે શ્વે. મૂ. કોન્ફરન્સનું મુંબઇ ખાતે અધિવેશન ભરાયું ત્યારે શ્રાવક-શ્રાવિકા ઉત્કર્ષ માટે રૂ. ૧૬૫૦૦૦ નું ફંડ થયું હતું. આ ફંડને પાંચ લાખ રૂપીઆ સુધી અમુક સમયમાં પહોંચાડવું અને એમ ન બને તો દૂધનો ત્યાગ કરવો એ મુજબ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિએ પ્રતિજ્ઞા લીધી હતી. આ ફંડમાં આચાર્યશ્રી મુંબઇથી થાણું પધાર્યા અને ત્યાંથી મુંબઇ પાછા ફર્યા તે દરમિયાન રૂ. ૩૫૦૦૦ ભરાયા હતા. બાકી રહ્યા રૂપીઆ ત્રણ લાખ. આચાર્યશ્રી મુંબઇ આવ્યા ત્યારબાદ રૂ. ૨૦૦૦ પોતે આપે અથવા મેળવી આપે એવાં ૧૦૮ વચનો એકઠાં કરવાની કોન્ફરન્સના તેમ જ જૈન સમાજના એક ઉત્સાહી કાર્યકર શ્રી. ખીમજી છેડાએ બુંગેશ ઉપાડી. જણાવતાં ખૂબ આનંદ થાય છે કે ભાઇશ્રી ખીમજીભાઇ આ પ્રયત્નમાં ધાર્યા કરતાં બહુ વહેલા સફળતાને પામ્યા છે એટલું જ નહિ પણ મુંબઇ ખાતે આઝાદ મેદાનમાં તા. ૨૭ મી માર્ચના રોજ સવારના મજૂર પ્રધાન શ્રી શાન્તિલાલ શાહના પ્રમુખપણા નીચે મહાવીર જયન્તીનો સમારંભ ઉજવાયો ત્યારે બાકીની રકમ પણ શ્રી. ખીમજી છેડાના અવિશ્રાન્ત પ્રયત્નના પરિણામે ભરાઇ ચુકયાની જાહેરાત કરવામાં આવી છે. આ રીતે આ આચાર્યશ્રીની પ્રતિજ્ઞા અણધારી ટુંકી મુદ્દતમાં પરિપૂર્ણ થવા પામી છે અને તે માટે તેમને તેમ જ શ્રી. ખીમજી છેડાને જૈન સમાજના અનેકશઃ ધન્યવાદ ઘટે છે. આજના મંદીના વખતમાં પાંચ લાખ રૂપીઆ એકઠા થવા ભારે મુશ્કેલીભર્યું અને લાંબા ગાળાનું કાર્ય લાગતું હતું. તે કાર્ય તેમણે પોતાની ધગશ, કાર્યકુશળતા અને અવિરત શ્રમ લેવાની તત્પરતા વડે આંખના પલકારામાં આપણી સામે મૂર્તિમન્ત કરી બતાવ્યું છે. આચાર્યશ્રીની શુભ ભાવના અને પોતાના સમાજ ઉપરનું પ્રભુત્વ તેમ જ શ્રી. ખીમજી છેડા તથા તેમના સાથીઓની ખરા દિલની મહેનત-ઉદ્યમનું આ શુભ પરિણામ છે.

મુંબઇમાં મહાવીર જયન્તી

તા. ૨૭-૩-૫૩ ના રોજ મુંબઇ ખાતે ભગવાન મહાવીરની જન્મજયન્તી બહુ મોટા પાયા ઉપર ઉજવવામાં આવી હતી. આ જન્મજયન્તી ઉત્સવ દર વર્ષે મુંબઇમાં ઉજવવામાં આવે છે અને તેમાં ત્રણ જૈનોની પ્રમુખ સંસ્થાઓ સામેલ થાય છે. આ વખતે તેમાં તરાપથી સમાજ પણ સામેલ થયો હતો. આ માટે આ આઝાદ મેદાનમાં એક વિશાળ મંડપ ઉભો કરવામાં આવ્યો હતો અને આ સભામાં લગભગ પાંચેક હજાર ભાઇ બહેનો હાજર થયાં હતાં. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ પોતાના શિષ્યસમુદાય સાથે તેમ જ જાણીતા સમાજસેવક મુનિ શુભવિજયજી આ પ્રસંગે ઉપસ્થિત થયા હતા. મુંબઇ પ્રદેશના મુખ્ય સચિવ શ્રી. ...ારાજી દેસાઇ આ સમારંભનું પ્રમુખસ્થાન શોભાવવાના હતા, પણ નાદુરસ્ત તબિયતે તેમને આ સમારંભમાં ભાગ લેતા અટકાવ્યા હતા. તેમના સ્થાને આરોગ્ય તેમ જ મજુર ખાતાના પ્રધાન શ્રી. શાન્તિલાલ શાહને નિયુકત કરવામાં આવ્યા હતા. સુપ્રસિદ્ધ ગાયક ભાઇ શાન્તિલાલ શાહે પ્રારંભમાં ભગવાન મહાવીરની એક સુન્દર પદ વડે સ્તુતિ કરી હતી અને ત્યારબાદ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિનું અને તેમની પછી મુનિ જનકવિજયજીનું પ્રવચન થયું હતું. શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી. ચીમનલાલ સુતરીઆ, શ્રી. પોપટલાલ રામચંદ શાહ, શ્રી. સોહનલાલજી દુગડ તથા શ્રી. ખીમજીભાઇ છેડાએ પ્રસંગોચિત વ્યાખ્યાનો કર્યા હતા, અને પ્રમુખસ્થાનેથી શ્રી. શાન્તિલાલ શાહે ઉચિત શબ્દોમાં ઉપસંહાર કર્યો હતો. આજની સમગ્ર દુનિયાના પાયામાં જે હિંસાપ્રચુરતા અને દ્રવ્યલાલસા રહેલી છે અને સાથે સાથે સંકુચિતતા અને અસહિષ્ણુતા પણ આપણને જ્યાં ત્યાં નજરે પડે છે તેમાંથી એક યા બીજા મુદ્દા ઉપર ભિન્ન ભિન્ન વકતાઓએ શ્રોતાઓનું ખાસ લક્ષ્ય ખેંચ્યું હતું અને અહિંસા તથા અપરિગ્રહ ઉપર અને સંપ્રદાયભેદો ભુલી જઇને આ જૈન સમાજને એક કરવાની બાબત ઉપર દરેક વકતાએ ખાસ ભાર મૂકયો હતો. અને આર્થિક દૃષ્ટિએ ઘસાઇ રહેલા જૈન સમાજને ઉગારી લેવા માટે જરૂરી સર્વ પ્રયત્નો હાથ ધરવા તરફ સૌ કોઇનું ધ્યાન કેન્દ્રસ્થ કરવામાં આવ્યું હતું. આ જ પ્રસંગે આચાર્યશ્રીની પાંચ લાખ રૂપીઆ એકઠા કરવાની પ્રતિજ્ઞા પુરી થયાની જાહેરાત કરવામાં આવી હતી અને તેને લીધે સૌ કોઇના દિલમાં ખૂબ ઉત્સાહ અને ઉલ્લાસ પ્રગટયો હતો. જૈન સમાજ એકત્ર થવાની જેઓ કંઇ કાળથી ઝંખના સેવે છે તેમના માટે આ સમારંભનું દૃશ્ય ભારે પ્રેરક હતું. આપણી વચ્ચેના માન્યતાભેદને, સંપ્રદાયભેદને ભુલી જઇએ, એક બનીએ, સામે દેખાતા સંકટમાંથી આપણા સમાજને ઉગારી લઇએ, ભગવાન મહાવીરનો અહિંસા અને અનેકાન્તનો સંદેશો જગતભરમાં ફેલાવીએ, આજના વિગ્રહક્ષુબ્ધ વિશ્વમાનસને શાન્તિ અને સર્વોદયની ભાવના તરફ વાળીએ—આવું વિચારવાતાવરણ આ સમારંભ દરમિયાન અનુભવગોચર થતું હતું. જૈન સમાજની જે એકતા બહુ દૂરની વસ્તુ લાગતી હતી તે જાણે કે સમીપ આવી રહી હોય એવો આશાવાદ ચિત્તને પ્રફુલ્લિત કરતો હતો. કાળ બળને ઓળખીએ. દૂર દૂર રહેતા આપણે નજીક આવીએ,

મહાવીરતા જીવનની ઉદાત્તતા; નિર્ભયતા; કરુણામયતા; સજ્ઞાન ક્રિયાશીલતા આપણા જીવનમાં પ્રગટાવીએ અને સુગ્રથિત બનેલા આપણે આપણી સમૃદ્ધિ અને શક્તિ રાષ્ટ્રને ચરણે સમર્પિત કરીએ—આ રીતે મહાવીર જન્મજયન્તીના ઉત્સવને આપણે ચરિતાર્થ કરીએ.

શેઠ કેશરીમલ ગુગલિયાનો સ્વર્ગવાસ

જણાવતાં ખૂબ દિલગીરી થાય છે કે ભારત જૈન મહામંડળના એક પ્રમુખ કાર્યકર્તા શેઠ કેશરીમલ ગુગલિયાનો તા. ૬.૩.૫૩ ના રોજ સ્વર્ગવાસ થયો છે. તેઓ અમરાવતીના વતની હતા. ઉમ્મર વૃદ્ધ હોવા છતાં આજે પણ તેમનો સેવા કરવાનો ઉત્સાહ એક યુવાનને પણ વટાવી જાય તેવો હતો. તેમણે અમરાવતીમાં એક જૈન બોર્ડીંગ સ્થાપિત કરી હતી અને તે માટે રૂ. ૨૦૦૦૦ની જેટલી કીંમત આંકી શકાય તેટલી પોતાની જમીન આ સંસ્થાને અર્પણ કરી હતી અને તે માટે ફંડ એકઠું કરવું અને સંસ્થાને બને તેટલી વિકસાવવી—એ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા હતા. તેમના આત્માને પરમ શાન્તિ પ્રાપ્ત થાય એવી અન્તરની અભિલાષા છે.

ટાઈમ્સ ઓફ ઇન્ડીઆ ઉપર મુંબઇ સરકારનો કુઠારપ્રહાર

ટાઇમ્સ ઓફ ઇન્ડીઆની સામાન્યત; કોંગ્રેસ–સરકાર–વિરોધી નીતિ અને તેમાં પણ મુંબઇપ્રદેશના મુખ્ય પ્રધાન માન્યવર મોરારજી દેસાઇ અને તેમની મદ્યનિષેધની નીતિ એ બધાને સામેનું તેનું કટ્ટર વિરોધી વળણ ધ્યાનમાં લઇને મુંબઇ સરકારે ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ અને તેને લગતાં પ્રકાશનોને સરકારી જાહેરખબર નહિ આપવાની સુચના કરતો પરિપત્ર સરકારી ખાતાઓ ઉપર મોકલ્યો. આ સામે છાપાઓમાં આજ કાલ એક મોટી ઝુંબેશ ચાલી રહી છે.

ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ એક ઉંચી કક્ષાનું દૈનિક અંગ્રેજી પત્ર છે. તેના પ્રારંભકાળથી દેશને આઝાદી મળી ત્યાં સુધી તે અંગ્રેજ સરકારની તરફેણ કરતું પત્ર હતું. આઝાદી મળી તે દરમિયાન તે આખી સંસ્થા શેઠ ડાલમિયાએ ખરીદી લીધી. ત્યાર બાદ આ પત્રનું વળણ સાધારણ રીતે સ્થાપિત સરકારને પ્રતિકુળ રહ્યું છે. આમ છતાં પણ આ પત્રમાં અમુક પ્રકારની પ્રતિભા આજ સુધી જળવાઇ રહી છે. સમાચારો આપવામાં પણ સામાન્યત: એક પ્રકારનું તાટસ્થ્ય જોવામાં આવે છે. એટલું ખરું કે મોરારજીભાઇની કે મદ્યનિષેધની ફાવે ત્યારે અને ગમે તેવી ઠેકડી કરવાની આ પત્રના તંત્રીએ છેલ્લા બે ત્રણ વર્ષથી ખાસ આદત કેળવી છે અને તે ઉપર લખવા બેસે છે ત્યારે તેની ભાષાનું તેમ જ સભ્યતાનું ધોરણ ઉતરી જાય છે અને એક પ્રકારની મગજની વિકળતાનો અનુભવ કરાવે છે. આમ છતાં પણ આ બાબત બાદ કરતાં આજે પણ ટાઇમ્સ ઓફ ઇન્ડીઆની પ્રતિભા અન્ય દૈનિક પત્રોની અપેક્ષાએ અનોખી છે અને મુંબઇ પ્રદેશમાં બીજી ઘણી રીતે આ પત્ર સૌથી પ્રથમ કોટિનું છે એમ આપણે કબુલ કરવું જ રહ્યું.

આ પત્ર સામે આ રીતે રોષ ઠાલવવામાં મોરારજીભાઇએ ગંભીર ભૂલ કરી છે અને જે ઉચ્ચ સ્થાન ઉપર તેઓ બીરાજે છે તેમ સ્થાનની શોભાને ઝાંખપ પહોંચાડી છે. ઉપર જણાવ્યું તેમ ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ મોરારજીભાઇ અને મદ્યનિષેધ ઉપર લખતાં જરૂર ઔચિત્યભંગ સભ્યતાભંગ કર્યો જ જતું હતું. આમ છતાં પણ શ્રી મોરારજીભાઇએ જેવાની સાથે તેવા થવું જોઇતું નહોતું. આમ કરીને તેમણે વિનાકારણ આખા સામાયિકસમુદાયનો રોષ વહોરી લીધો છે અને કોંગ્રેસની ઓસરતી જતી લોકપ્રિયતાને ઠીક ઠીક ધક્કો પહોંચાડ્યો છે. આ પગલું ભરવાનાં પાછળથી બીજાં અનેક કારણો આપ આપ્યાં છે, પણ તે બધાં ગૌણ છે. [illegible] અને નક્કર મનના મોરારજીભાઇએ ઇન્ડીઆની ટીકા અને મશ્કરીથી ખળભ જરૂર નહોતી. પોતાની નીતિ અને રીતિ સા વખત ટાઇમ્સના તંત્રીની સાન ઠેકાણે આવશે શ્રદ્ધા રાખવી જોઇતી હતી. અમને અને અમ આપે તેને જ અમે અમારી જાહેર ખબરો આ વ્યાપારી બોલે તો તે સમજી શકાય, પણ–તોફશાહીન અને કોંગ્રેસ સરકારનો મુખ્ય સચિવ આમ બોલે તો લાજે. મુંબઇ સરકારે આ એક અણઘ પગલું ભર્યું છે. આપણે ઇચ્છીએ કે આ [illegible] પાછું ખેંચી લે, પણ મોરારજીભાઇની મક્કમ નીતિ જોતાં આ હાલ તુરત શક્ય નથી લાગતું. પરિણામે એનાં માઠાં પરિણામો માત્ર મોરારજીભાઇ કે મુંબઇ સરકારને જ નહિ પણ સમસ્ત કોંગ્રેસને ભોગવવા પડશે. કોંગ્રેસની દૃષ્ટિએ આ ઘટના સુખદ નથી લાગતી.

અહમદીઆ કોમ સામેની ઝુંબેશ અને તેનું રહસ્ય

હિંદુસ્તાન જ્યારે એક અને એકત્ર હતું ત્યારે મોસ્લેમ લીગે હિંદુઓ સામે કોમી ઝેરવેરનો ઉન્મત્ત પ્રવાહ વહેતો કર્યો હતો. એ વખતે તેણે એમ સંતોષ માનેલો કે આ રીતે મુસલમાનનું એક મોટું સંગઠન અને એકતા સધાઇ રહી છે. વિષમય પ્રવાહના કેવા આઘાત પ્રત્યાઘાતો થયા અને તેમાંથી હિંદુસ્તાનના કેવી રીતે ભાગલા થયા અને પાકીસ્તાનનો [illegible] આજે પ્રતિહાસનો [illegible] જે કોમવાદના પાયા ઉપર પાકીસ્તાનનું નિર્માણ થયું તે જ કોમવાદ આજે પાકીસ્તાનમાં કેવી ઉપાધિ ઉભી કરી રહેલ છે તે લાહોર, રાવલપીંડી અને તાજેતરમાં કરાંચીમાં ચાલી રહેલા તોફાનો અને પારવિનાના અત્યાચારોના સમાચારો ઉપરથી માલુમ પડે છે. મુસલમાનોમાં અહમદીયા કરીને એક નાની સરખી કોમ છે. આ કોમની સંખ્યા લગભગ દશ લાખની છે. આમ છતાં તે એક આગળ પડતી અને જમાનાને અનુસરીને ચાલનારી પ્રજા છે. તેમનામાં કેળવણીનું પ્રમાણ ૯૫ ટકા છે. સ્ત્રીઓ પણ ઘણી કેળવાયેલી છે. આર્થિક દૃષ્ટિએ તેઓ ઘણું સુખી છે. સરકારી ખાતાઓમાં તેમની કોમના પ્રમાણમાં તેમનું સંખ્યાબળ નાના મોટા હોદ્દાઓ ઉપર ઘણું મોટું છે. પૂર્વ પંજાબમાં આવેલું કાદિયાન તેમના સંપ્રદાયનું સૌથી મોટું પધક છે. અને તેથી અહમદીઆ લોકો 'કાદિયાની'ના નામથી પણ ઓળખાય છે. સુની મુસલમાનો જેમની પશ્ચિમ પાકીસ્તાનમાં બહુ મોટી બહુમતી છે તેઓ આ અહમદીઓને કાફીર અથવા નાસ્તિક લેખે છે, કારણ કે તેમનો પંથ અમુક રીતે એક સુધારક પંથ જેવો છે. અન્ય મુસ્લીમો મહમદ પયગંબરને છેલ્લા પયગંબર તરીકે માને છે જ્યારે અહમદીઓ મહમદસાહેબને પયગંબર તરીકે સ્વીકારે છે પણ છેલ્લા પયગંબર તરીકે સ્વીકારતા નથી. અહમદીઆ પંથની સ્થાપના ૧૮૮૯ ની સાલમાં મીરઝા ગુલામ અહમદ નામના એક સુધારક મુસ્લીમે કરી હતી. તેનો જન્મ ૧૮૩૫ માં થયો હતો. તેઓ ભારે ચિન્તક અને વિરકત પ્રકૃતિના પુરુષ હતા. તેઓ પોતાને પયગંબર માનતા હતા અને ઇશ્વરે તેમને ઇસ્લામનું સાચું શિક્ષણ આપવા દુનિયા ઉપર મોકલ્યા છે એવો તેમનો દાવો હતો. આ બધી બાબતોને આગળ કરીને પંજાબના મુસ્લીમો આ કોમનો ધાર્મિક વિરોધ કરી રહ્યા છે, પણ તેના પાયામાં ઉપર જણાવ્યું તે મુજબ આટલી નાની કોમની આવી પ્રગતિશીલતા અને

ા અન્ય મુસ્લીમોને ખુબ ખુંચે છે અને તેને
નાંખવાની જેહાદ પશ્ચિમ પાકીસ્તાનના
નો ચલાવી રહ્યા છે. પાકીસ્તાનનો વિદેશ-
આ ક્રોમનો છે અને ઉપર જણાવેલ
છે. આ ઝફરૂલ્લાખાન પાકીસ્તાનની એક
વ્યકિત છે. તેણે સંયુકત પ્રજા સંઘ તથા
માં પાકીસ્તાન વતી હિંદની સામે કાશ્મીરની લડત
ન પોતાની કુશળતા વડે એ પ્રશ્નને આપણને ખૂબ
ારૂપ તે આપી શકેલ છે. પાકીસ્તાનમાં ઝફરૂલ્લાખાનની
જોડે માણસ મળવો મુશ્કેલ છે. એમ છતાં પણ એ
નો છે, તેટલા માટે "ઝફરૂલ્લાખાનને
એ પ્રકારનો ચોતરફ પોકાર ઉઠી રહ્યો છે અને આ
ાબતનું ઘેરું વાતાવરણ જોતાં ઝફરૂલ્લાખાન લાંબો વખત
અધિકારસ્થાન ઉપર ટકી શકે તેમ લાગતું નથી.

ક્રોમવાદ એ બાબરા ભૂત જેવો છે. તેને તમારે કોઇને
કોઇ ઠેકાણે રોકવો જ જોઇએ. એનું અન્યત્ર ચાલુ રોકાણ
બંધ થાય તો તે તમને પોતાને ખાવા-ભરખવા ધાય છે. એ
સદા ભક્ષ્યભુખ્યો દાનવ છે. હિંદુઓ સામે ઝેરવેર ફેલાવીને મુસ-
લમાનોનો એક મોટો વિભાગ પશ્ચિમ પાકીસ્તાનમાં એકઠો થયો.
વિભાગમાં વસતા હિંદુઓને એક યા બીજી રીતે લગભગ
નાબુદ ા માં આવ્યા અથવા તો હિંદુસ્તાનમાં ભગાડી મૂકવામાં
આવ્યા. પણ કેવું ક્રોમવાદી માનસ નવરું ક્રમ બેસી શકે ? એની
ઝેરી નજર ના વર્તુળમાં આવેલી પાક મુસલમાનોના ઘેરાણે
કદાચ ઉ લેખાતી અહમદીયા પડી. 'તેને મારો
કાપો કાઢો' એવા લોકપોકારો શરૂ થયા. અને આજે પશ્ચિમ
પાકીસ્તાનમાં આ બાબત ઉપર જ સ્થળે સ્થળે રમખાણો ચાલી
રહ્યાં છે અને પાકીસ્તાન સરકારને લાહોરમાં 'માર્શલ લો' જાહેર
કરવો પડે એ હદ સુધી ક્રોમવાદનો રાક્ષસ ચોતરફ કાળો કેર
વર્તાવી રહ્યો છે. 'ખાવાનું આપ, નહિ તો તને ખાઉં' આ તેની
રીતરશમ છે. આપણે હિંદના પ્રજાજનો આ ઉપરથી બોધપાઠ
લઇએ, આપણા રાજ્યશાસને સ્વીકારેલી અસાંપ્રદાયિક રાજ્ય-
પદ્ધતિ ઉપર મહાઅમાત્ય જવાહરલાલ નહેરુ શા માટે આટલો
બધો ભાર મૂકે છે અને શા માટે આપણને આ સંબંધે પોકારી
પોકારીને ચેતવે છે તેના મર્મને આપણે યથાસ્વરૂપે સમજીએ,
ક્રોમવાદથી આપણે સદા મુકત રહીએ અને આસપાસના વાતા-
વરણને મુકત રાખીએ.

એ જોડાણ માટે હજુ સમય પાકયો નથી; છતાં એ જોડાણ બહુ દૂર નથી.

આજે આપણો દેશ આર્થિક કટોકટીમાંથી પસાર થઇ રહ્યો છે.
તેમાંથી ઉંચે આવવા માટે કોંગ્રેસ સરકાર તરફથી પંચવર્ષીય યોજના
દેશ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. આ યોજનામાં સફળતા
મળે તો તેનો આખા દેશને લાભ મળે એમ છે, એમ છતાં પણ
આ યોજના પાર પાડવામાં પ્રજાજનોમાં જે ઉત્સાહ જોઇએ તે
નજરે પડતો નથી. પ્રજાની સહકાર વિના આ યોજના સફળ
થવી શકય નથી અન્ય રાજકીય પક્ષો પણ કાં તો આ વિષે
ઉદાસીન છે અથવા તો પ્રતિકુળ છે, આવી સ્થિતિમાં આગળ
ક્રમ વધવું તે કોંગ્રેસને મુંઝવતો પ્રશ્ન છે.

સમગ્ર રીતે વિચારતાં દેશમાં જેટલા રાજકીય પક્ષો ઓછા
તેટલી પ્રગતિ સાધવામાં સરળતા વધે. જે દેશમાં એક પક્ષ,
એક પ્રજા અને એક યોજના હોય તે દેશ ધારી ગતિએ આગળ
વધી શકે છે, જે રશીઆના અને ચીનના દાખલા ઉપરથી
આપણે જોઇ શકીએ છીએ. પણ આ દેશોનું તંત્ર સરમુખ-
ત્યારશાહી ઉપર રચાયલું છે, અને ઉપરનો લાભ લેવા જતાં
સરમુખત્યારશાહીનાં અનેક અનિષ્ટો આપણે સ્વીકારવા પડે.
આપણે ત્યાં લોકશાહી પ્રવર્તે છે અને એ લોકશાહી રચનાને
વળગી રહીને શકય તેટલી પ્રગતિ સાધવી એવો આપણો નિરધા-
ર છે. લોકશાહી હોય ત્યાં ભિન્ન ભિન્ન રાજકીય પક્ષો હોવાના
જ. આ પક્ષોમાં કેટલાક એવા હોય છે કે જેનું અન્યમાં વિલીની-
કરણ શકય જ નથી. આપણે ત્યાં આવા બે પક્ષો છે-સામ્ય-
વાદી પક્ષ અને હિંદુ મહાસભા પક્ષ. બીજા બે અણત્વ ધરાવતા
પક્ષો છે કોંગ્રેસ અને પ્રજાસમાજવાદી પક્ષ. પ્રજાસમાજવાદી પક્ષ
મૂળ કોંગ્રેસના વટવૃક્ષમાંથી જ નીકળેલી વડવાઇ છે. આ બન્ને
પક્ષના આગેવાનો ગઇ કાલ સુધી આઝાદીયુદ્ધના સહસૈનિકો
હતા. આજે બન્ને પક્ષો સ્વતંત્ર હોવા છતાં બન્ને
વચ્ચે ભાવના અને કાર્યપધ્ધતિનું ઘણું સામ્ય છે.
બન્ને લોકશાહીને સ્વીકારે છે અને બંધારણપુરઃસરની
પ્રગતિમાં માને છે. બન્નેનું માનસ અહિંસા તરફ ઢળેલું છે,
અને બન્નેની વિચારસરણીમાં Ideology માં કોઇ મહત્વનો
ફરક નથી. એકની ગતિ ધીમી છે; અન્યે ત્વરિત ગતિએ આગળ
ચાલવા માંગે છે. કોંગ્રેસનો કાર્યક્રમ અને પ્રજાસમાજવાદી પક્ષના
૧૪ મુદ્દાઓ વચ્ચે તફાવત હોય તો તે આ પ્રકારનો જ છે.
કોંગ્રેસની પંચવર્ષીય યોજના પાર પાડવા માટે અન્ય પક્ષોનો
બને તેટલો સહકાર મેળવવો તે કોંગ્રેસ માટે આવશ્યક છે અને
રાષ્ટ્રદૃષ્ટિએ પણ અત્યંત ઇચ્છવા યોગ્ય છે. આ દૃષ્ટિએ પંડિત
જવાહરલાલ નેહરુ અને જયપ્રકાશ નારાયણ વચ્ચે ચાલેલી વાટા-
ઘાટો પ્રત્યે આખો દેશ આશાની મીટ માંડીને બેઠો હતો.
કમનસીબે એ વાટાઘાટોનું હાલ તુરત કોઇ મૂર્ત પરિણામ આવ્યું
નથી. એમ છતાં પણ નિરાશ થવાનું કોઇ કારણ નથી.
બન્ને પક્ષમાં એવા આગેવાનો છે કે જેઓ વ્યકિતગત
રાગદ્વેષ બાજુએ રાખીને સમગ્ર દેશનું જેમાં કલ્યાણ
રહેલું છે તેવા માર્ગે પરસ્પર હાથ મીલાવીને આગળ
ચાલવાની-દેશને આગળ લઇ જવાની-તમન્ના ધરાવે છે.
અમુક બાબતોમાં સ્વતંત્ર મન્તવ્યો ધરાવતા આદર્શપરાયણ પક્ષો
વચ્ચે આટલી સહેલાઇથી જોડાણ થઇ જાય એ આશા કદાચ
વધારે પડતી હતી આવું જોડાણ આમ એકાએક થયું હોત તો
તે કદાચ કાચું અને અચિરસ્થાયી નીવડયું હોત. સંભવ છે કે
આજની નિષ્ફળતા આવતી કાલના વધારે સંગીન જોડાણમાં
પરિણમે. સદ્‌ભાગ્યે બન્ને પક્ષો કદિ ન જ જોડાઇ શકે એવા કોઇ
અભેદ્ય દીવાલ બન્ને વચ્ચે અસ્તિત્વ ધરાવતી નથી. વળી બે પક્ષના
આગેવાનો વચ્ચે ચાલેલી મંત્રણાના પરિણામે બન્ને પક્ષો દૂર
જવાને બદલે વધારે નજીક આવ્યા છે એ વિષે બે મત છે જ
નહિ. આપણે આશા રાખીએ કે દેશની કટોકટી હજુ વધારે
તીવ્ર બનતાં ઉભયના મન્તવ્યો વચ્ચેનું અન્તર ઘટતું જાય અને
ઉભયના દિલમાં રહેલી રાષ્ટ્રનિષ્ઠા બન્નેના સ્વાભાવિક જોડાણમાં
પરિણમે. એ જોડાણ માટે હજુ સમય પાકયો નથી એમ
સમજીને આપણે અધીરા ન બનીએ અને એમ છતાં એ જોડાણ
બહુ દૂર નથી એવી શ્રધ્ધા રાખીને બન્ને પક્ષો વચ્ચે સૌહાર્દ
કેળવાય એવી રીતે આપણે પરસ્પર વર્તીએ. **પરમાનંદ**

'નૂતન ચીન' વિષે શ્રી. ઉમાશંકર જોષી

આ વ્યાખ્યાન સભાની નોંધ જગ્યાના અભાવે આ અંકમાં
આપી શકીયું નથી. તે આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.
તંત્રી.

શ્રી પ્રભુદાસ પટવારીનું સંઘ તરફથી સન્માન

બાલદીક્ષાની કાયદાથી થવી જોઈતી અટકાયત

પ્રબુદ્ધ જૈનના વાંચકોને યાદ હશે કે થોડા દિવસ પહેલાં પ્રિયંવદા નામની એક ૧૩ વર્ષની છોકરીને તે પુખ્ત ઉમરની ન થાય ત્યાં સુધી દીક્ષા આપવાની મનાઈ કરતો અમદાવાદની સીવીલ કોર્ટનો ચુકાદો પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ થયો હતો. માબાપની અને દીક્ષા લેનાર સગીરની સંમતિ હોવા છતાં દીક્ષા આપવાની સરકારી કોર્ટ તરફથી મનાઈ કરવામાં આવે-આવો ચુકાદો સૌથી પહેલવહેલો હતો અને તેથી આ ચુકાદાએ સ્થિતિસ્થાપક જૈનોમાં ખૂબ ખળભળાટ પેદા કર્યો હતો જે હજુ પણ ચાલુ છે. આ કેસમાં છોકરીના હિતમાં અરજ ગુજરનાર રાવસાહેબ મહીપતરામ રૂપરામ અનાથાશ્રમના મંત્રી શ્રી સરોજબહેન વેણીભાઇ પટેલ હતા અને તેમની વતી કોર્ટમાં કેસ ચલાવનારા અમદાવાદના જાણીતા એડવોકેટ શ્રી પ્રભુદાસ પટવારી હતા. તેમણે બાળદીક્ષા અટકાવવાની લડતમાં આવી સફળતા પ્રાપ્ત કરી તે માટે તેમનું સન્માન કરવાના આશયથી તા. ૨૫-૩-૫૩ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોની સંઘના કાર્યાલયમાં એક સભા બોલાવવામાં આવી હતી. શ્રી પ્રભુદાસ પટવારીને આવકાર આપતાં અને તેમનો પરિચય કરાવતાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે "મારા મિત્ર ભાઇ પટવારી અમદાવાદના આગેવાન નાગરિક અને એડવોકેટ છે, મુંબઇની લેજીસ્લેટીવ કાઉન્સીલના સભ્ય છે, નવજીવન પ્રકાશન મંદિર, ગાંધી ટ્રસ્ટ, જ્યોતિસંઘ, વિકાસ ગૃહ, પ્રાન્તિક મહાસભા સમિતિ વગેરે અમદાવાદની અનેક જાહેર સંસ્થાઓના સલાહકાર છે, સમાજસુધારાના અગ્રણી છે, રાષ્ટ્રીય મહાસભાના એક કાર્યકર્તા છે, કાયદાશાસ્ત્રીના ઉંડા અભ્યાસી છે, સામાજિક કાયદાઓની સમજ આપતા તેમણે અનેક લેખો તેમજ પુસ્તકો લખ્યા છે. કોઇ પણ દબાયલું, છુંદાયલું, રૂંધાતું હોય તેની વહારે જવું, તેની વતી જરૂર પડયે કોર્ટમાં કશું પણ વળતર લીધા વિના લડવું, તેને ન્યાય અપાવવો, રાહત મેળવી આપવી આ તેમનો મુખ્ય જીવનવ્યવસાય છે. તેમણે ઉપર જણાવ્યા મુજબ બાલદીક્ષા અટકાવીને જૈન સમાજની ભારે મહત્વની સેવા બજાવી છે. આ ચુકાદાથી છોકરા છોકરીને દીક્ષા આપવાની પ્રવૃત્તિ ઉપર અણધાર્યો એક બહુ મોટો અંકુશ મુકાયો છે આવા એક શક્તિશાળી સમાજસેવકને સંઘ તરફથી આવકાર આપતાં અને તમો ભાઈબહેનોને તેમનો પરિચય કરાવતાં મને બહુ આનંદ થાય છે."

ત્યાર બાદ અયોગ્ય દીક્ષા અને તેમાં પણ બાલદીક્ષાની અટકાયતના પ્રશ્ન સાથે મુંબઇ જૈન યુવક સંઘ પ્રારંભથી કેવી રીતે સંકળાયલો છે બલકે એ સામેના આજથી પચ્ચીશ વર્ષ પહેલાં જૈન સમાજમાં ઉભા થયેલા ઉગ્ર આંદોલનને વેગ આપવાના હેતુથી મુંબઇ જૈન યુવક સંઘનો કેવી રીતે ઉદ્‌ભવ થયો હતો એનો ઇતિહાસ રજુ કરીને શ્રી પ્રભુદાસભાઇને ઉદ્દેશીને જણાવ્યું હતું કે "આજે આપણી સામે જે અનેક વિશાળ પ્રશ્નો ઉકેલ માંગી રહ્યા છે અને સમાજની પાયાની ક્રાન્તિ શોધી રહ્યા છે તે અપેક્ષાએ પ્રમાણમાં બહુ નાનો લાગતો એમ છતાં પણ મુંબઇ જૈન યુવક સંઘની દૃષ્ટિએ બાલદીક્ષાનો પ્રશ્ન એક પ્રાણપ્રશ્ન જેવો છે અને તેથી આપણા સમાજમાં બાલદીક્ષા સર્વથા નાબુદ ન થાય ત્યાં સુધી મુંબઇ જૈન યુવક સંઘે પોતાની લડત ચાલુ રાખવી જ રહી. આ બાબતમાં જરૂરી કાયદો થવાની ખાસ જરૂર છે અને વડોદરા સરકારે જે ધોરણે કાયદો કર્યો હતો તે ધોરણ ઉપર કાયદો કરવા માટે મુંબઇ સરકારને ગતિમાન કરવા આપને અમારી વિનંતિ છે અને એ દિશાએ અમારો સંઘ અને અમારું મુખપત્ર પોતાથી બનતું કરવાને સદા બાબતની આપને હું ખાત્રી આપું છું."

આનો ઉત્તર આપતાં શ્રી પ્રભુદાસ સન્માનસંમેલન યોજવા માટે મુંબઇ જૈન યુવક સ માન્યો અને પ્રિયંવદાના કેસને અનુલક્ષીને તેમણે જ "જૈન ધર્મ એ મહાન ધર્મ છે અને તેને માટે મા આદર છે; તેથી દીક્ષા અટકાવવાના કાર્યથી કોઇને દુઃખ પહોંચાડવાનો આશય ન હોઈ શકે. એક તદ્દન ભોળી, માસુમ, સગીર તેર વર્ષની બ સાધ્વીજીઓએ પ્રચાર કરી દીક્ષા લેવા પ્રેરેલી અને તે બાળા જૈનધર્મના મુખ્ય સિદ્ધાંતોનું પણ કાંઇ જ્ઞાન ધરાવતી ન હતી. તેથી તેના દીક્ષા લેવાથી જૈન ધર્મને અને તેને પોતાને કાંઇ પણ લાભ થાય તેવું ન હતું. તેથી એક સામાજિક દૃષ્ટિએ આ દીક્ષાને અટકાવવા કોર્ટનો આશ્રય લેવો પડેલો. કોર્ટમાં એક સામાજિક સંસ્થા તરફથી વાલીપણાના કાયદા હેઠળ કેસ કરી બાળાનો કબજો માગેલો અને તેને અમદાવાદની હકૂમત બહાર લઇ જવામાં ન આવે તેમ જ દીક્ષા આપવામાં ન આવે તેવો કામચલાઉ મનાઇ હુકમ કોર્ટે આપેલો. ત્યારબાદ કેસ ચાલતાં એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ જજ શ્રી વિજયકર સમક્ષ સગીર પ્રિયંવદાનું નિવેદન લેવામાં આવેલું. તેમાં પોતે આત્માના ઉદ્ધાર માટે દીક્ષા લે છે એમ જણાવતાં તેને [illegible] કે 'આત્માનો ઉદ્ધા [illegible] જૈનના જવાબમાં તેણે [illegible] કે 'લીલોતરી ખાવા નહિ અને ગરમ [illegible] વગરનું પાણી પીવું નહિ, અને હાથે રસોઇ કરવી નહિ.' જ્યારે કોર્ટે એમ જણાવ્યું કે 'આ બધું તો દીક્ષા લીધા વગર પણ કરી શકાય તેમ છે,' ત્યારે સગીર બાળાએ જણાવ્યું કે 'ઘરમાં બધાની સાથે રહીએ તો આપણે માટે બધું જુદું કરાવવું અઘરું પડે અને આપણે રસોઈ પણ કરવી પડે.' છેવટે એ બહેને જણાવ્યું કે 'મેં જૈન ધર્મનાં પુસ્તકો કે સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો નથી' કોર્ટની સમક્ષ દલીલો દરમ્યાન સગીરના પિતાના વકીલે એવી દલીલ કરેલી 'દીક્ષા પવિત્ર કાર્ય છે અને તેનાં શુભ પરિણામો અનેક છે તે અંગે તેમણે અનેક 'ઓરીડેવીટો' વાંચી બતાવી હતી. મેં તેનો જવાબ આપતાં જણાવેલું કે "ઓરીડેવીટ" કરવી એ એક વસ્તુ છે અને જાત અનુભવ લેવો એ બીજી વસ્તુ છે. કોઇ એફીડેવીટ કરનારા દીક્ષાની પ્રાપ્તિ સાધેલ ન હોવાથી તેમને દીક્ષાનાં પરિણામો વિષે કહેવાનો અધિકાર નથી" અને આ સગીર બાળાની કાચી સમજ અને ભોળપણ જોતાં તેને ૧૮ વર્ષ સુધી દીક્ષા ન અપાવી જોઇએ એવો મેં આગ્રહ કર્યો હતો. અને આ રીતે કોર્ટે દીક્ષાને પ્રતિબંધ કરતો મનાઈ હુકમ આપ્યો હતો અને અમદાવાદની હદ બહાર સગીરને નહિ લઇ જવા હુકમ કર્યો હતો."

વિશેષમાં શ્રી પટવારીએ જણાવ્યું હતું કે "મને જૈન ભાઇ બહેનોએ જણાવ્યું હતું કે આ કેસના પરિણામે અનેક સગીર બાળાઓ ને બાળકો કે જેમને દીક્ષા આપવામાં આવતી હતી તે અટકશે અને પરિણામે મોટી ઉમરનાં અને સમજણવાળાં જ દીક્ષા લેશે અને તેથી જૈન ધર્મ અને સમાજનો ખરો અભ્યુદય થશે.

"દીક્ષા પ્રતિબંધ કાયદાની આવશ્યકતા અંગે શ્રી પરમાનંદ ભાઇએ જે ઇચ્છા અને આગ્રહ દર્શાવેલ છે તેનું હું અનુમોદન કરું છું અને જણાવું છું કે આવો કાયદો કરવા માટે જૈન યુવક સંઘ અને તેવી ઇતર સંસ્થાઓએ વાતાવરણ ઉભું કરવું જોઇએ, યોગ્ય આંદોલન અને પ્રચાર થતાં આવો કાયદો

જમાનામાં બહુ મુશ્કેલી નહિ નડે તેમ મને
તની સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ જ્યાં જ્યાં
નતા અને અનિષ્ટો છે તેનો ઝડપી અંત
જના નેતાઓ કટિબધ્ધ છે અને બીજા સામા-
થે સાથે આવો કાયદો પણ બહુ મુશ્કેલી વિના
સાર કરાવી શકાશે એમ હું માનું છું. મારે
, જોઇએ કે કોંગ્રેસ સંસ્થામાં પણ અમુક તત્વો
ામાં ઉદાસીનતા સેવી રહ્યા છે એ કમનસીબી
ા હિંદુ કોડ બીલ જેવા જરૂરી ધારાને અભરાઇએ
માં આવ્યો ન હોત. પરંતુ આ વાત આગળની ધારા-
નવી ધારાસભાના સભ્યો સામાજિક
ાર તેશાળી લાગે છે. કોંગ્રેસમાં નવું લોહી
તેશાળી તત્વો ધીમે ધીમે સારા પ્રમાણમાં પ્રવેશ પામી
રહ્યા છે અને તેઓ સામાજિક અસમાનતા અને બાલદીક્ષા
જેવી અનિષ્ટ પ્રથાઓને દૂર કરવામાં પહેલાં જેવી મન્દતા નહિ
દાખવે એવી આશા રહે છે. મારા પક્ષે બાલદીક્ષાની
અટકાયત કરતા ધારાનો એક મુસદ્દો તૈયાર કરીને એ જ
દિશાએ આગળ પગલાં ભરવાનું વિચારી રહ્યો છું. આ બાબતમાં
તમારો સાથ અને સહકાર મને બહુ ઉપયોગી નીવડશે. મારું
સન્માન કરવા બદલ તમારો હું ફરીથી ઉપકાર માનું છું. વસ્તુત :
સન્માન કરવાની કશી જરૂર પણ નહોતી, કારણ કે હું
તમારામાં જ એક છું. તમારો યુવક સંઘ સેવાના અને સમાજ-
સુધારણાના કાર્યમાં દિન પ્રતિ દિન ખૂબ પ્રગતિ સાધતો રહે એવી
કોઇ પણ વખતે પણ કાળ હોય ત્યારે
હું તમારા જેવો જ છું એવો રાખવા હું વિનંતિ
કરું છું"

ત્યાર બાદ બાલદીક્ષાની અટકાયત કાયદાથી તેમ જ કે કોર્ટથી કેવી રીતે અને કેવા સંયોગોમાં થઇ શકે તે સંબંધે તેમ જ બીજી કેટલીક સામાજિક બાબતો વિષે તેમની સાથે ચર્ચા થઇ. અન્તમાં સંઘના મંત્રી શ્રી ટી. જી. શાહે શ્રી પટવારીનો પરિચય થવા બદલ પોતાને થયેલો અતિ આનંદ વ્યકત કર્યો, સંઘ તરફથી તેમનો આભાર માન્યો અને ફુલહાર સમર્પણ સાથે સભા વિસર્જિત થઇ.

નવા જે. પી. સભ્યોનો સત્કારસમારંભ

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ તરફથી શ્રી. જયન્તીલાલ લલ્લુભાઈ પરીખ, શ્રી. મોહનલાલ કાળીદાસ શાહ અને શ્રી. ભાઇલાલભાઇ (મોહનલાલ એસ. મીઠાઇવાળા) જેઓ મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો છે અને જેમને મુંબઇ સરકારની તાજેતરમાં બહાર પડેલી યાદી મુજબ જે. પી. બનાવવામાં આવ્યા છે તેમનો તા. ૩૦-૩-૫૩ ના રોજ સંઘના કાર્યાલયમાં સત્કાર કરવામાં આવ્યો હતો. સંઘના મંત્રી શ્રી. પરમાનંદભાઇ તરફથી તેમને આવકારવામાં આવ્યા હતા અને તેમનો વિશેષ પરિચય આપવામાં આવ્યો અને તેમના આ પ્રકારના ગૌરવથી સંઘની પ્રતિષ્ઠામાં પણ વધારો થયો હતો એમ જણાવ્યું હતું. સંઘના અન્ય મંત્રી શ્રી. ટી. જી. શાહે ત્રણે ભાઇઓને અભિનંદન આપતાં વિનોદપૂર્ણ વાતો સંભળાવીને સૌને હસાવ્યા હતા. સંઘના પ્રમુખે ત્રણે ભાઇઓને જે. પી. તરીકેની જવાબદારીનો ખ્યાલ આપ્યો હતો તેમણે રાજા અને પ્રજા વચ્ચે એક કડીનું કામ કરવાનું છે. પ્રજાને જેમાં જેમાં અસંતોષ હોય તે તે બાબતો રાજ્યકર્તાઓના કાને પહોંચાડવી, અડચણો દૂર કરવામાં મદદરૂપ થવું અને પ્રજામાં રાજ્યવહીવટ સંબંધી ચાલતી ગેરસમજુતીઓ પણ નાબુદ કરવી તે તેમનું ખાસ કાર્ય છે આમ કહીને તેમનું ફુલહારથી તેમણે સન્માન કર્યું હતું. ત્રણે મહેમાનોએ સંઘનો ઉચિત શબ્દોમાં ક્રમસર આભાર માન્યો હતો, અને વિનોદ વર્તાલાપ અને અલ્પાહારપૂર્વક સભા વિસર્જન કરવામાં આવી હતી.

યાદ રાખશો ! નોંધી રાખશો !

શત્રુંજય તથા રાણકપુરજીનાં દર્શન

તા. ૯-૪-૫૩ ગુરૂવારના રોજ સાંજના ૬-૩૦ વાગે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો માટે વોડર્ન રોડ ઉપર આવેલા શ્રી ભુલાભાઇ ઇન્સ્ટીટ્યુટમાં (સ્વ. ભુલાભાઈ જીવણજી દેસાઇના બંગલામાં) ચિત્રપટ પ્રદર્શનનો એક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે. આ પ્રસંગે શત્રુંજય, રાણકપુર, કાશ્મીર વગેરે સ્થળોની ફીલ્મો તથા સીનેમા સ્લાઇડઝ દેખાડવામાં આવશે. આ પ્રસંગનો સર્વ સભ્યોને લાભ લેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

'પ્રબુદ્ધ જૈન' ને બદલે 'પ્રબુદ્ધ જીવન'

તા. ૨૩-૩-૫૩ ના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ. કાર્યવાહક સમિતિની સભામાં નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો છે :—

"જે સર્વોદયલક્ષી અને સર્વસ્પર્શી દૃષ્ટિ વડે પ્રબુદ્ધ જૈનનું સંપાદન કરવામાં આવે છે તે ધ્યાનમાં લેતાં પ્રબુદ્ધ જૈન તરફ વિશાળ જનસમાજ આકર્ષાય તે હેતુથી આગામી મે માસની પહેલી તારીખ કે જ્યારે 'પ્રબુદ્ધ જૈન' ૧૫ માં વર્ષમાં પ્રવેશ કરે છે તે તારીખથી હાલનું 'પ્રબુદ્ધ જૈન' નામ બદલીને 'પ્રબુદ્ધ જીવન' એ મુજબ ઠરાવવામાં આવે છે."

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના જુના નવા વિદ્યાર્થીઓને

મુંબઇ સરકારના નાયબ પ્રધાન શ્રી. બાબુભાઈ જસભાઇ પટેલે જ્યારે જાણ્યું કે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહમાં સ્વ. મણિલાલ મોકમચંદ શાહનું સ્મૃતિ ફંડ વપરાવાનું છે ત્યારે કહે, 'આ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહમાં હું ભણ્યો છું—મારે માથે એનું ઋણ છે" અને એમ જણાવીને એમણે તરત રૂ. ૧૦૧, આપ્યા.

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ ! આનો સાર લેશો ? તમારી ફરજ અદા કરશો ? સ્વ. મણિલાલ મોકમચંદ શાહ સ્મૃતિ ફંડમાં તમારી ફુલપાંખડી મોકલવાનું ચુકતા ના.

કોઇએ આપેલું તમારા લાભાર્થે વપરાયું છે. તમે આપશો તે નવા વિદ્યાર્થીઓના લાભમાં કામ આવશે.

મંત્રીઓ, મ. મો. શાહ સ્મૃતિ ફંડ

આજ સુધીમાં સ્મૃતિ ફંડમાં ભરાયેલી રકમો

૧૩૩૭૬ અગાઉ સ્વીકારેલા
૧૦૧ શ્રી. તારાબહેન માણેકલાલ પ્રેમચંદ
૫૧ "ઓરીએન્ટલ મીલ સ્ટોર ટ્રેડીંગ કું.

૧૩૫૨૮

વિષયસૂચિ **પૃષ્ઠ**

ચાંડિલ સર્વોદય સંમેલન ગોકુળભાઈ ભટ્ટ ૧૮૭
પ્રકીર્ણ નોંધ :—સ્વર્ગસ્થ અધ્યાપક પરમાનંદ ૧૮૯
કે. ટી. શાહ, શ્રી. નગીનદાસ, માસ્તરનો સ્વર્ગવાસ, જૈન શ્વે. કોન્ફરન્સની આખિલ હિંદ સમિતિની બેઠક, આચાર્યશ્રીની પ્રતિજ્ઞાની પરિપૂર્તિ : શ્રી. ખીમજી છેડાને ધન્યવાદ, મુંબઇમાં મહાવીર જયન્તી, શેઠ કેશરીમલ ગુગલિયાનો સ્વર્ગવાસ, ટાઇમ્સ ઓફ ઇન્ડીયા ઉપર મુંબઇ સરકારનો કુઠારપ્રહાર, અહમદીયા કોમ સામેની ઝુંબેશ અને તેનું રહસ્ય.
શ્રી. પ્રભુદાસ પટવારીનું સંઘ તરફથી સન્માન : ૧૯૩
નવા જે. પી. સભ્યોનો સત્કારસમારંભ ૧૯૪
પંચવર્ષીય આયોજન કાંતિલાલ બરોડિયા ૧૯૫

પંચવર્ષીય આયોજન

(૫) આયોજનની આવશ્યકતા

આ યોજનાનો અહેવાલ ત્રણ વિભાગમાં વહેંચાયો છે અને એના કુલ્લે ૩૧ પ્રકરણો છે. અહેવાલમાં પૂર્વ ઝીણવટથી વિષયવાર વિગતો ચર્ચવામાં આવી છે તેનો ખ્યાલ ફક્ત તેના પ્રકરણોના મથાળાઓ ઉપર નજર નાંખવા માત્રથી પણ આવી શકે–વિકાસની સમસ્યા, યોજનાનો હેતુ અને આવશ્યકતાઓ, દેશની સાધન-સામગ્રીની આંકણી, જાહેર વહીવટીતંત્રમાં સુધારાઓ, તાલુકાવાર વિકાસ યોજનાઓનો કાર્યક્રમ, રાષ્ટ્રીય વિકાસમાં લોકોનો સહકાર, કૃષિવિષયક અર્થતંત્ર અને રાજ્ય, સહકારી પ્રવૃત્તિનો વિનિમય, અન્નનીતિ, જમીન અંગેની નીતિ, ખેડુતોના પ્રશ્નો, ખેતીનો વિકાસ; ગ્રામવિકાસની યોજનાઓ, ખેતી માટે જરૂરી નાણું, પાકની વેચાણવ્યવસ્થા, આપણું પશુધન, ડેરીનો ઉદ્યોગ, જંગલોના સવાલ અને તેનું ઉત્પન્ન, જમીનનું સત્વ, માછીમારનો ધંધો, ગામડાના ઉદ્યોગો, નાના પાયાના ઉદ્યોગો અને હસ્ત-ઉદ્યોગો, સીંચાઈ, નહેરો અને વીજળીક બળ, ખાણો અને તેની ઉપજના પ્રશ્નો; ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક સંશોધન, ઔદ્યોગિક વિકાસ અને તેને લગતી નીતિ, પરદેશી વ્યાપાર, રાજ્યની વ્યાપાર-વિષયક નીતિ, વાહનવ્યવહાર અને સંદેશવાહક સાધનો, આરોગ્ય અને સુખાકારી, શિક્ષણના સવાલો, મજૂરીના પ્રશ્નો–ઘર-રહાણના અને ઔદ્યોગિક, સમાજસ્વાસ્થ્ય, પછાત જનોનો ઉત્કર્ષ, નિરાશ્રિતોનો સવાલ, રોજગારીનો પ્રશ્ન વિ. આ બધા વિવિધ વિષયો ઉપર આપણે ત્યાં ખૂબ લખાયું છે અને ચર્ચાયું પણ છે. પણ, આયોજન પંચે આ બધા પ્રશ્નોના તાણાવાણા વણી લઇ સમગ્ર દૃષ્ટિએ–રાષ્ટ્રના સમસ્ત અર્થતંત્રની નજરે એને મૂલવ્યા છે. આ અહેવાલ વિધાનસભામાં રજુ કરતાં પંડિતજીએ કહ્યું હતું કે જુદા જુદા વિષયોમાં રસ લેનારાઓ પોતાના વિષયને લગતી આયોજનપંચની ભલામણો ઉપર ટીકા કરે તે પહેલાં આખા અહેવાલને તપાસી જાય અને પોતાનો પ્રશ્ન એ આખાએ અટપટા પ્રશ્નોનો એક ભાગ છે એમ સમજે અને એ રીતે એને મૂલવે. ઉપરની નામાવલીમાંના એકાદા સવાલ ઉપર પણ જો આપણે ગંભીર રીતે વિચારીએ, બીજા દેશોને મુકાબલે આપણે કઇ સ્થિતિમાં મૂકાયા છીએ તે તપાસીએ તો આયોજનની આવશ્યકતા તરત જ આપણા મનમાં વસી જાય. આખરે તો આપણી સાધન – સામગ્રી અને માનવબળ એ બંનેનો જેટલો વધુમાં વધુ ઉપયોગ અને પરિણામકારક વપરાશ કરી શકીશું એટલો જ વિકાસ મક્કમ અને ઝડપી થશે. એ બંને મહાન શક્તિઓને સંકલીત કરવાનું અને વ્યવસ્થિત કરવાનું કાર્ય આયોજનનું રહે છે. રાજકીય આઝાદી એ તો આર્થિક ઉત્થાનને શક્ય બનાવવાનું એક સાધન છે અને એની ઉપર આયોજન પંચે સમસ્ત દેશનું ધ્યાન સુયોગ્ય રીતે કેન્દ્રિત કર્યું છે.

આયોજનમાં જે ખર્ચ થવાનો છે તેના લગભગ ૬૦ ટકા ઉત્પાદન અંગેનો ખર્ચ છે અને બાકીના ખર્ચમાંથી ગ્રામવિકાસ, વીજળીક બળ, વાહનવ્યવહાર, ઉદ્યોગ વિ.ને ફાયદો થશે. વળી આ રૂા. ૨,૦૬૯ કરોડ રૂપીઆની રકમનો ૬૦ ટકા જેટલો ભાગ કેન્દ્રીય સરકારે (રેલ્વે સહિત) ઉભો કરવાનો રહેશે, જ્યારે બાકીનો ભાગ 'અ' 'બ' 'ક' રાજ્યોના સાધનોમાંથી મેળવવાનો રહેશે. આયોજન અંગેની નાણાંકીય જોગવાઇઓનું સ્પષ્ટીકરણ કરતાં આયોજનપંચ જણાવે છે કે કુલ રૂા. ૨૦૬૯ કરોડમાંથી રૂા. ૧૪૧૪ કરોડ એટલે લગભગ ૨/૩ ભાગ આંતરિક સાધનોમાંથી ચોક્કસપણે ઉભો કરી શકાશે આમાં સરકારના ચાલુ ખર્ચમાંથી બચત અથવા કા
જોગવાઈ (બહારની લોનો વિ. ગણતાં) નો સ
આમ છતાં, રૂા. ૬૫૫ કરોડ એટલે લગભગ ૧
ચોક્કસ જોગવાઇઓ થઈ શકી નથી અને તેથી
સારૂ કરવેરામાં વધારા, પરદેશી મદદ, સરકારી જા
અથવા છેવટે નોટો છાપીને–Deficit Financing–ક
કરવાના રહેશે. પંચવર્ષીય આયોજનની
અંગેની સવિસ્તર ચર્ચા એક જુદું સ્થા
એટલું નિશ્ચિત છે કે આયોજન માટે નક્કર કરવા
ખર્ચ જોતાં તે પૂરતાં પ્રમાણમાં મળી રહેવાનાં દેશની
સાધનો ઘણા મર્યાદિત છે. આ ઉપરાંત, ખાનગી ક્ષેત્રના
ઔદ્યોગિક વિકાસ સારૂ પણ નાણાં ઉભા કરવાની જરૂર રહે
વાની છે. વિકાસ યોજનાના જાહેર તેમજ ખાનગી ક્ષેત્ર માટેનું
આવશ્યક ભંડોળ અને તેનું સંચયસ્થાન એકજ ગણવામાં
આવ્યું છે. વિકાસના તબક્કાઓ નિર્ણિત ધોરણે પૂરા થાય તે
સારૂ આ સંચય ઉત્તરોત્તર વધવો જોઇએ કે જેથી ધ્યેયસિદ્ધિમાં
હરકત ન પડે.

આ નાણાંકીય જોગવાઇઓ અને એ બાબતમાં
મર્યાદાઓ એ આયોજન સારૂ એક ભયસ્થાન છે
કેટલા પ્રમાણમાં; કઈ શરતોએ અને કયાંથી મે
એ એક
જૂદો જ સવાલ છે
મળ
એવો
ન રાખી
સારૂ છેવટે તો
આપ
પોતાના પગ પર જ ઉભા રહેવું જરૂરી છે. આપણા
રાજ્યપાલ શ્રી ગિરજાશંકર બાજપાઇએ આ બાબતમાં સૂચક
રીતે જણાવ્યું હતું કે "ઉછીના પગ વડે આપણાથી હંમેશા
દોડાય નહીં. તે સારૂ આપણા જ પગ હોવા જોઇએ." પાછું,
આવી મદદ સાથે રાજકીય દબાણ પણ ઘણી વખતે આવે છે
એ પણ આપણે ભૂલવું ન જોઇએ. કેન્દ્રના અને રાજ્યોના કર-
વેરાનું પ્રમાણ, ધોરણ, વિગતો વિ. તપાસવા સારૂ કેન્દ્રીય સરકારે
હાલમાં જ ડો. જોન મથાઈના પ્રમુખપણા નીચે એક કરવેરા
પંચ નીમ્યું છે. પણ એ પંચની ભલામણો પછી પણ કરવેરાની
સપાટી અને ધોરણ સામાન્યતઃ ઘણું ઓછાં થાય તેમ માન-
વાને કારણ નથી. આયોજનમાં લોકો કાં તો કરવેરા દ્વારા આપે
અથવા બચત કરી લોનો દ્વારા આપે તો જ કાર્ય થાય.
આયોજન માટેની આર્થિક સંકડામણનો ખ્યાલ આપવા આર્થિક
કારણોસર મદ્યનિષેધની નીતિ કાઢી નાંખવા અને મીઠાવેરો પાછો
નાંખવા સારૂ જે સૂચનાઓ થઈ રહી છે તે પૂરતી છે. નોટો
છાપીને નાણું ઉભું કરી શકાય, પણ તે કાર્ય જોખમી છે અને
તેને માટે અંકુશો, નિયમનો અને અર્થતંત્ર પરની પકડ
મજબુત રહેવી જોઇએ. જો તેવું નાણું વેડફાઈ ન જાય અને
ઉત્પાદન સારૂ વપરાય તો તેથી ફાયદો અચૂક થાય. પણ આ
સામે આવું નાણું પુરવાને જોશ અને પરિણામે
ભાવો એકાણુ બને તો અર્થરચનાની બધી કડીઓ ઢીલી કરી
નાંખે છે. Dificit Financing કરવાથી 'લેને ગઇ પુત ઔર
ખો આઇ ખસમ' એવું બનવા ન પામે એ બાબતમાં આયોજન
પંચે ખાસ ધ્યાન રાખવું રહ્યું. વિકાસ યોજનાના અંદાજો
ભાવની અમુક સપાટીને અનુલક્ષીને કરવામાં આવ્યા છે અને
ભાવનું બંધારણ બદલાય તો આયોજનના આંકડાઓ ખોટા
ઠરે એમ બને.

આ યોજનામાં ચમત્કૃતિભર્યા તત્વો નથી, તે વાસ્તવિક છે

ાં મૂકી ધ્યેયને પહોંચી શકાય તેવા છે એ બધા
યોજના ફળભૂત થાય તો તેનાથી વધુ વિકાસ
ાવના છે. આપણે ત્યાં સાધનસામગ્રી મર્યાદિત
, મર્યાદિત છે. સંચાલકો, તજ્ઞો, અને નિષ્ણા-
જ રીતે અછત છે. એ રીતે વિચાર કરીએ તો
। વાત બાદ કરતાં આટલા મોટા બંધો, નહેરો,
ાઓ, કારખાનાંઓ બાંધવા માટે આવશ્યક લોખંડ,
ામેન્ટ, તેલ, ડોલસો, વિ. વિ. આપણી પાસે છે કે નહીં
સવાલ છે. એક મત એવો પણ છે કે પહેલાં આ
ન આપણા દેશમાં વધવું જોઇએ અને
પયોગ દેશના વિકાસમાં થવો જોઇએ. આ
શકે અમ છે નહીં. આપણે ત્યાં ધારો કે પોલાદનું ઉત્પાદન ઓછું હોય તો ૨૫ વર્ષ થોભી, ઉત્પાદન વધારી પછીથી કારખાના બાંધવા એ વાત ગળે ઉતરે તેવી નથી. હા, પણ એટલું તો ખરું જ, કે જ્યાં જ્યાં શકયતા હોય ત્યાં ત્યાં, બીજા દેશોમાં કરવામાં આવ્યું છે તેમ હિન્દી કારખાના, હિન્દી માલ અને હિન્દી મજૂરી–આવડતભરી અને બિનઆવડતભરી-નો અવશ્ય વપરાશ થવો જોઇએ. આંતરરાષ્ટ્રીય વાતો કરીને દેશની ચીજ–વસ્તુઓની ઉપેક્ષા તો ન જ કરી શકાય. તેવી જ રીતે યુદ્ધ જેવી પરિસ્થિતિને પહોંચી વળવા પણ બધી તૈયારીઓ દેશ બધી જોઇએ. જો કે તે અર્થશાસ્ત્રની દૃષ્ટિએ કદાચ યોગ્ય પણ ન ય. એ તો દેખીતું જ છે કે લડાઈ જેવી પરિસ્થિતિ જાગે, જેની ઉપર આપણો કશો કાબુ ન હોય, અથવા જેમાં આ રજી છતાં આપ પા આડકતરી રીતે સંડોવાવું પડે તો આયોજનનું ચુ-કાર્ય ખોરંભે પડે જ. આયોજન સારૂ માની લેવામાં આવ્યું છે કે હાલની ય– આર્થિક પરિસ્થિતિ દુનિયામાં ચાલુ રહેશે.

આ યોજના લોકોની પૂરી વિચારણા, ધ્યાન અને સહકાર માંગી લે છે. પણ, અમુક બિનઆર્થિક લખાણો તેને ધક્કો પહોંચાડી શકે. આના ઉદાહરણ તરીકે ભાષાવાર પ્રાંતરચનાનું હાલનું બૂમરાણ ગણાવી શકાય. આંધ્રરાજ્ય હસ્તીમાં આવતા નાણાકીય જોગવાઇઓ ઉપર વધુ દબાણ આવ્યું છે એ સ્વીકૃત હકીકત છે. જે વાતો અને આંદોલનો ટાળી શકાય તેવા હોય તે ટાળવા જોઇએ અને લોકમાનસ ડહોળાવા ન દેવું જોઇએ.

આયોજન કાર્યમાં જે મહામુશ્કેલીઓ નડે છે તેના ઉદાહરણ હીરાકુંડ બાંધકામ અંગેના શ્રી દાસે વિધાનસભામાં રજુ કરેલા પબ્લીક એકાઉન્ટસ કમીટીના અહેવાલમાંથી જ આપણને જડી આવે છે. કાર્યક્ષમતાનો અભાવ, જાહેર જનતાના નાણાનો દુર્વ્યય, નાણાકીય ગેરવ્યવસ્થા અને અનિયમિતતાઓ, સાવચેતી અને કાબુનો સદંતર અભાવ, વહીવટી તંત્રની ઢીલાશ વિ. વિ. ક્ષતિઓ તરફ ખૂબ ભારપૂર્વક કડક ટીકાઓ તેમણે કરી છે. આને આપણે પ્રતિનિધિત્વરૂપે ગણીએ તો આયોજનનો કુલ ખર્ચ બમણો કરવા છતાં પણ પરિણામો શું આવશે એ કહી શકાતું નથી. આ અહેવાલ તો પાંચમો છે, પહેલો નથી; અને દામોદર નહેરના બાંધકામ અને બીજા બાંધકામો અંગે પણ આવી ટીકાઓ, ચર્ચાઓ, આક્ષેપો આપણે લોકસભામાં અને બહાર પણ સાંભળીએ છીએ. આયોજન-કાર્ય સારૂ આ એક લાલબત્તી છે અને આવું થવાનું હોય તો આપણું ભવિષ્ય ઉજળું દેખાતું નથી.

આયોજનને સફળ બનાવવાનું કાર્ય જેટલું કેન્દ્રીય સરકારનું અને પ્રાદેશીક સરકારનું છે તેટલું જ રાજકીય પક્ષો, સામાજીક સંસ્થાઓ, સ્ત્રી વિદ્યાર્થી સંગઠનોનું પણ છે. કોમી સંસ્થાઓ, પણ આ રાષ્ટ્રકાર્યમાં મદદ કરી શકે. આયોજનનું મુખ્ય કાર્ય તાલુકાવાર થવાનું છે અને સ્થાનિક સહકાર મેળવવાની હકીકત સુસ્પષ્ટ છે. હાલમાં ભારત સેવક સમાજ અને રાષ્ટ્રીય સલાહકારક સમિતિ એ આ દિશામાં સ્તુત્ય પ્રયાસો છે.

અખિલ હિન્દ રાષ્ટ્રીય મહાસભા અને પ્રજા-સમાજવાદ પક્ષ વચ્ચે હમણાં જે મંત્રણાઓ ચાલી હતી તેમાંના ચર્ચાયેલા ૧૪ મુદ્દાઓમાં આયોજનની બાબતોનો પણ સમાવેશ થયો હતો. લાંચ-રૂશ્વત સામે કડક પગલાં, વહીવટી ખર્ચમાં ઘટાડો, જમીનની નીતિ અંતે મૂળભૂત ફેરફારો, જમીનદારી પદ્ધતિનો નાશ, સહકારી ધોરણનો તાત્કાલિક સ્વીકાર, બાંધો, બેંકો અને વીમાની કંપનીઓનું રાષ્ટ્રીયકરણ, રાજ્ય હસ્તક વેપારનો વિસ્તાર, મજુર-સંગઠનનો ઉદ્યોગ-તંત્ર પર વધુ કાબુ, નાના ઉદ્યોગોને રક્ષણ અને પ્રોત્સાહન, વિ. બાબતોનો સમાવેશ થતો હતો.

આ બધી બાબતો અંગે સૈદ્ધાંતિક મતભેદો હોઇ શકે અને જ્યાં મતભેદ ન હોય ત્યાં દૃષ્ટિબિન્દુનો ફરક પણ હોઈ શકે. જેમ કે, લાગવગ, પક્ષ-પક્ષી, લાંચ, રૂશ્વતના સવાલ ઉપર એ મતને સ્થાન નથી, પણ તેને નાબુદ કરવાના પગલાં એક પક્ષ ઉત્સાહથી, ખંતથી, કાર્યક્ષમતાથી ભરી શકે, બીજો પક્ષ કદાચ ઉદાસીનતાથી આને જુવે. જ્યારે કોઇ ત્રીજો પક્ષ કદાચ આ પ્રત્યે આંધળીઆં કરે. આમ હોવાથી કાગળ પરની યોજના અમલી કેવી રીતે બને છે એ જનતાની દૃષ્ટિએ ખૂબ મહત્વની બાબત બની રહે છે.

મજૂર પક્ષના શ્રી બેવન હાલમાં આપણા દેશમાં મુલાકાતે આવ્યા હતા. તેમણે ઇંગ્લંડ ગયા પછી એક જાહેર વિવેદનમાં જણાવ્યું છે કે "બ્રીટન હિંદમાં જે અત્યંત ગરીબીની દશા જૂઈ ગયું છે તેથી મને શરમ આવે છે." આ વિધાન આપણે બરાબર સમજી લેવું ઘટે. આપણા સવાલો આજકાલના નથી. વર્ષો જુના રીઢા છે, કિલષ્ટ છે અને જેમ રોમ એક દિવસમાં બંધાયું ન હતું તેમ આપણી સરકાર પાસે જાદુઇ લાકડી પણ નથી. આયોજનમાંની અનેકવિધ મુસીબતો જ જનતાને એક પડકાર રૂપે છે; કારણ લોકશાસનમાં જ વ્યકિત-વિશેષ, સ્વતંત્રતાં વિ. સ્વીકારાયા છે. આપણે મૂઠીઓ વાળીને દોડીએ તે પહેલા આપણે ચાલવું જોઇએ. રાજકીય ક્ષેત્રની લોકશાસનની સિદ્ધિ ખોઈ આપણે આર્થિક ઉત્કર્ષ સાધવો નથી.

પંડિત જવાહરલાલ નહેરૂએ શ્રી જયપ્રકાશ નારાયણ સાથેની મુલાકાતો પછી કહ્યું છે કે "સમાજવાદની કિંમત ન સમજે એવો બેસમજ આદમી તો દુનિયામાં કોઇ જ હશે. સમાજવાદના ધ્યેયો જલ્દીથી સિદ્ધ કરવાની આવશ્યકતાનો હું સ્વીકાર કરું છું. પ્રશ્ન એટલો જ છે આ કાર્યમાં આવતા આપણી સામે દરેક જાતના અત્યોકકસ મુદ્દાઓ ઉભા થાય છે. અમારી નીતિમાં તાકીદનો અભાવ છે એ મંતવ્ય સાથે હું સંમત થઉં છું. આપણી પ્રગતિના વેગથી મને સંતોષ થયો નથી અને હું તેને વેગવાન બનાવવા માગું છું અને તેમાં તમારી સહાય જોઇએ છે."

આ સુંદર અને સમજણભર્યા વાકયોમાં પંચવર્ષીય આયોજનનું હાર્દ અને આયોજનની આવશ્યકતા સમાઇ જાય છે. આયોજનની સફળતા નિષ્ફળતાનો છેલ્લો આધાર આપણે પોતે જ છીએ.

સંપૂર્ણ **કાંતિલાલ બગેડિયા.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી ૨૬૬

પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વર્ષ : ૧૪ અંક : ૨૪ | મુંબઈ : ૧૫ એપ્રિલ ૧૯૫૩, બુધવાર | વાર્ષિ

ભૂદાન યજ્ઞ અને જૈન સાધુઓ

"अहिंसा परमो धर्मः" એ ધાર્મિક લેખાતા સંપ્રદાયમાત્રનો ઉચ્ચાર છે; પણ જૈન તરીકે ઓળખાતા સંપ્રદાયોએ આ ઉચ્ચારનો સૌથી મોટો દાવો નોંધાવ્યો છે. આ દાવા પાછળ એમણે પોતાના જીવંત આચરણની લાયકાત પણ અનેકવાર પુરવાર કરી છે. સ્વર્ગસ્થ લોકમાન્ય ટિળક મહારાજે એ ઐતિહાસિક સત્ય જોરપૂર્વક સ્વીકાર્યું છે અને પ્રતિપાદ્યું છે કે વૈદિક ધર્મમાંના અહિંસાવિકાસના ઇતિહાસમાં જૈન સંપ્રદાયોનો સવિશેષ ફાળો છે. આ તો પૂર્વ ઇતિહાસની વાત થઈ. ગાંધીજીએ રાજકારણમાં અહિંસાનો જે સામુદાયિક પ્રયોગ કર્યો, તેમાં પણ તેમણે પોતાના જીવનમાં પડેલા જૈનત્વ પ્રભાવને કેટલેક ઠેકાણે બતાવ્યો છે. વિલાયત જતાં પહેલાં તેમણે જૈન સાધુ પાસે લીધેલી પ્રતિજ્ઞા અને ખ્રિસ્તી ધર્મ કે બીજા ધર્મોના સદ્ભાવો સ્વીકારતાં પહેલાં જ શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી મેળવેલું સર્વોચ્ચ માર્ગદર્શન એનાં ચોખ્ખાં પ્રમાણો છે. ગાંધીજીના આ વિશ્વવ્યાપી દિવ્ય અને ભવ્ય પ્રયોગમાં જૈન તરીકે ઓળખાતા વર્ગે સમસ્ત સંઘ રૂપે ફાળો ન નોંધાવ્યો એને હું જૈન સંઘના તાજા ભૂતકાળની કરુણ ઘટના ગણું છું. હવે આર્થિક ક્ષેત્રે એવો જ અથવા એની લગોલગ જઈ શકે એવો સુંદર પ્રયોગ આ દેશમાં શરૂ થઈ ગયો છે. તે પ્રયોગના શ્રી વિનોબાજી આદ્યપ્રારંભકાર છે. ભૌગોલિક નિમિત્ત તેલંગણ પ્રદેશ બન્યો છે, કે જ્યાં જમીનદારો પાસેથી હિંસક બળ દ્વારા જમીનો ઝૂંટવાઈ રહી હતી. રશિયામાં હિંસા વાટે ક્રાંતિ થઈ. ચીનની અર્થક્રાંતિનાં પણ લોહીની નદીઓ અને આંસુડાંઓ ધરપાયાં. લાખોની કતલ અને વ્યક્તિસ્વાતંત્र्यના અવરોધો સામે આજે ત્યાં રોજી-રોટીનો પ્રશ્ન ઉકેલાયો દેખાય છે. આવે દુઃખદ ટાંકણે ભૂમિ ધારણ કરનારાઓ કનેથી સ્વેચ્છાએ મળેલી લાખો એકર જમીન– દુનિયાનો અર્થક્ષેત્રમાંનો આ એક અહિંસક પ્રયોગ નથી તો બીજું શું છે? સાચો અહિંસાપ્રેમી જૈન આવા પ્રયોગથી અલિપ્ત કેમ રહી શકે? સમગ્રપણે આજના જૈન સંપ્રદાયો આખા ને આખા આ કાર્યમાં ખૂંપી જાય તો બાપુસમયે પાછળ રહેવાની થયેલી ભૂલ તરત ભૂંસાઈ જશે અને 'अहिंसा परमो धर्मः'નો એનો સર્વ પ્રથમ રહેલો ભૂતકાળનો દાવો પાછો સજીવન થશે. સદ્ભાગ્યે શ્રી વિનોબાની છાવણીમાંથી આ અંગે એક પરિપત્ર ગુજરાત ભૂદાન સમિતિ પર આવ્યો છે. એ પરિપત્રના લેખક સંપ્રદાયે જૈન છે. આ પરિપત્ર જુગતરામભાઈ મને મોકલતાં લખે છે : "....મુનિઓ અને ધર્માચાર્યોને અપીલ કરવાનો પ્રશ્ન આપ જ ઉપાડી લેશો. તેમ કરવાનો આપનો દરેક રીતે અધિકાર છે." આ પરિપત્રમાં લખાયું છે : "जैनमुनियोंका उपयोग इस दिशामें विशेष रूपसे लिया जा सकता है। जैन मुनियोंमें आज एक ऐसा प्रगतिशील वर्ग है, जैनेतर लोगोंमें भी उनके लिये अपार श्रद्धा एवं भक्ति के दर्शन होते हैं। अहिंसा के आग्रही होने के कारण जैनमुनि इस कार्यक्रम को खुशी खुशी उठा लेंगे, जरूरत है संपर्क करनेकी" આ પરિપત્રમાં અન્ય ધર્મો તથા સંપ્રદાયોના સાધુસંતોનો નિર્દેશ પણ છે અને એ દ્વારા જનતાના પ્રેમની અને ધાર્મિક ભાવનાની અભિવૃદ્ધિ થવાની આગાહી બતાવી છે. સાધુવર્ગની નિષ્ક્રિયતા દૂર થઈને ઉપયોગિતા પણ આ ક્રિયા દ્વારા સિદ્ધ થવાનો ખ્યાલ અપાયો છે. મહાગુજરાતનો સાધુસંન્યાસીવર્ગ વિચારની રીતે ઠીક ઠીક [illegible]તા થયો છે એવું હમણાં જાહેર છાપાંમાંનું છેલ્લું સંમેલનના પ્રમુખશ્રીનું સંભાષણ બોલ્યું છે. અહીં તો હું માત્ર જૈન સંપ્રદાયોના સંઘોને [illegible] તક લઉં [illegible]

તે સંઘોએ શબ્દાત્મક [illegible]હિંસા પરમ ધર્મ [illegible] ઉચ્ચારને [illegible] નથી. પરિપત્રલેખક જૈન ભાઈએ ઉપરનાં વાક્યોમાં ઇશારો કર્યો છે કે આજે જૈન સાધુઓમાં એક પ્રગતિશીલ વર્ગ છે. હું એમાં એટલો ઉમેરો કરું છું કે તે વર્ગ જાહેરમાં છડેચોક બહાર આવીને તો જ સામુદાયિક રૂપે ઝુકાવી શકશે કે જો એ વર્ગને એમનાં વડીલ સાધુસાધ્વીઓ તરફથી આશીર્વાદ તથા શ્રાવક શ્રાવિકાઓની સક્રિય સહાનુભૂતિ મળે! આવાં આશીર્વચનો અને સહાનુભૂતિ માટે મારી આ સ્થળેથી જૈનોના સમસ્ત સંઘોને અંતરની આરજૂ છે. જૈનસંઘોને જાણ હોવી જ જોઇએ કે જૈન આગમોમાં મહાપરિગ્રહોને અને મહારંભોને ઘોર હિંસાના તથા નરકના મોટા દરવાજાઓ લેખાવ્યા છે. ઉપર કહ્યું તેમ આજે તો રશિયા અને ચીનમાં આ ઘોર હિંસાનું તાંડવ ખેલાઈ ચૂકયું. ભારતમાં પણ એની શરૂઆત થઈ ચૂકી હતી. આજે ભારતમાં એ લોહિયાળ ક્રાંતિને સ્થાને પ્રેમળ ક્રાંતિનો શુભ પ્રારંભ થઈ ચૂકયો છે, અને લોહિયાળ ક્રાંતિની વાત ભુલાવા લાગી છે. પ્રત્યેક અહિંસાપ્રેમીને માટે આજના જેવો પ્રાણને ઝુકાવવાનો બીજો ઉત્તમ અવસર ફરી કયારે મળવાનો છે? આ દેશમાં યંત્રયુગ આવ્યો અને જાણ્યે અજાણ્યે એને ધર્મ સંપ્રદાયોએ પણ બરદાસ્ત કર્યો. સત્તાશાહી અને મૂડીવાદી પકડ ઉપર પણ ધર્મગુરુઓની રોકટોક ન થઇ અથવા ન ચાલી શકી. આખરે કયાંક તો એમને ધર્મની મહેરબાની પણ મળી ગઇ. આ બધાનું પ્રાયશ્ચિત્ત કરવાનો ભૂદાન-સંપત્તિદાનમાં સહેજે મોકો મળી જાય છે.

ગુજરાત-સૌરાષ્ટ્રમાં ભૂદાન કાર્યને અનુમોદન આપવાની ક્રિયામાંથી જે અનેક આકર્ષક પ્રસંગો સાંપડયા તેમાંય સૌરાષ્ટ્રમાં તો નજરોનજર અનુભવ્યા તે પરથી મને તો વધુ દૃઢ પ્રતીતિ થઈ જાય છે. સાથોસાથ ઝાલાવાડ પૈકી બલદાણાના પ્રસંગે તો મારા દીક્ષાગુરુ શ્રી કવિવર્ય પં. નાનચંદ્રજી મહારાજ ઉપર પણ ઘણી ઉંડી અસર પાડી. ચતુર્વિધ સ્થાનકવાસી જૈન સંઘ આગળ લીંબડીમાં આ ઉલ્લેખ કર્યા વિના તેઓ રહી શકયા નહીં. સહ-

ઉલ્લેખ વખતે તે સંપ્રદાયના દીક્ષાવૃદ્ધ પૂજ્ય અને
પડતાં સાધુસાધ્વીઓ પણ હાજર હતાં.

ાં આજીવિકા શુદ્ધિનો ઘણો આગ્રહ રાખવામાં
સૂત્રોમાં પણ ન્યાયસંપન્ન આજીવિકાની વાત
. બલકે એવું જીવન જીવનારા શ્રાવકો કયો ધંધો
પણ સ્પષ્ટ ખ્યાલ મૌલિક આગમોમાં અપાયેા
નતાની દિશામાં જૈન સંઘનું બારમું સંવિભાગવ્રત
ાડે છે. માંડવગઢનો ઇતિહાસ એનું જીવંત પ્રમાણ
ાધર્મી પાસે સરખાં જ ખોરાક, કપડાં અને રહેઠાણ
યા જીવંત પ્રમાણ સ્વેચ્છાએ આર્થિક સમાનતાની
ર્વોત્તમ નમૂનો છે. આજે હવે ચલણી
છે અને દેશે અન્નમાં સ્વાવલંબી બનવાનો
ક્ષ કરવો છે. સાથોસાથ પ્રત્યેક દેશવાસીને નીતિમય
મહેનતના રોટલો મળી રહે, તેવું કરવું છે. તો પછી આને સારૂં
ભૂમિદાન યજ્ઞ જેવો બીજો કયો માર્ગ હોઈ શકે ?

જે દ્વારા જનતા મહારંભવાળા યંત્રોને બદલે અલ્પારંભવાળી ખેતી તરફ વળે છે. અર્થસંચયના આજના મહાપરિગ્રહના રોગમાંથી મુક્ત થઈ વહેંચીને ખાવાના સુવ્રત તરફ અનાયાસે સૌ વળે છે. આળસ અને અસંયમમાંથી છૂટીને જાતમહેનત તથા કુદરતનિષ્ઠા તરફ લોકો સહેજે આવે છે. ...યોનું પ્રાયશ્ચિત્ત કરી પ્રજા અને પ્રજાકીય સરકારો ન્યાયનો માર્ગ પ... છે. મારી દૃષ્ટિએ તો આ કાર્યનું સૌથી મહત્ત્વ એટલા માટે છે કે પોતાના કુટુંબમાં ઘરને બદલે સમગ્ર ગામને ...ારવાનો ... ગ્રામસંગઠન દ્વારા ધર્મમય સમાજર... આનિવાર્ય યુગધર્મ ...નાં મોટી મદદ કરે છે અને સરકારોને પણ સર્વોદયની દિશામાં જ... ...ો દાખવે છે. મને પૂરેપૂરી આશા છે કે જૈન સંઘો આ અંતર્નાદને પિછાનવામાં આગળ આવશે. અને પોતાના તાજેતરના ભૂલ ભરેલા ભૂતકાળને ભૂંસી નાખશે તેમ જ વર્તમાન અને ભવિષ્યકાળને જૂના ગૌરવભર્યા ભૂતકાળને યાદ કરી ઝડપથી અજવાળી દેશે !

"વિશ્વવાત્સલ્ય"માંથી સાભાર ઉધ્ધૃત **સંતબાલ**

'નૂતન ચીન' વિષે શ્રી ઉમાશંકર જોષી

તા. ૧૮-૩-૫૩ બુધવારના રોજ ભારતીય વિદ્યાભવનના ગીતાહોલમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને ઇન્ડો-ચાઇનીઝ એસોસીએશનના સંયુકત ઉપક્રમે શ્રી ઉમાશંકર જોષીનું નૂતન ચીન ઉપર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાની વિનંતિને માન આપીને શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે સભાનું પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું. ચીનમાં ગત વર્ષના ઓકટોબરની બીજી તારીખથી ૧૨ મી ઓકટોબર સુધી પેકીંગ ખાતે એશીઆના રાષ્ટ્રોની એક શાન્તિપરિષદ યોજવામાં આવી હતી. આ નિમિત્તે હિંદ ખાતેથી પૂ. રવિશંકર મહારાજ, શ્રી ઉમાશંકર જોષી શ્રી યશવન્ત શુકલ, શ્રી કપિલાબહેન મહેતા વગેરે કેટલાક ભાઇબહેનો ચીન ગયાં હતાં. શ્રી ઉમાશંકર અમદાવાદથી સપ્ટેંબર માસની ૧૬ મી તારીખે ચીન જવા ઉપડયા. ૨૩ મી એ પેકીંગ પહોંચ્યા. ૧૪ મી નવેંબર સુધી એટલે કે પોણા બે મહીના ચીનમાં રહ્યા અને ફર્યા અને પાછા ફરતા સીંગાપોર, જાવા, બાલી, મલાયા અને સીલોન-આટલા દેશોમાં ઉડતું પરિભ્રમણ કરી ડીસેંબર માસની ૨૫મી તારીખે તેઓ મુંબઇ આવી પહોંચ્યા. આ ૧૦૦ દિવસના પ્રવાસમાં તેમણે જે કાંઇ નવું જોયું, જાણ્યું, અનુભવ્યું તેની કેટલીએક વિગતો સંસ્કૃતિના ભિન્ન ભિન્ન અંકોમાં પ્રગટ થઇ ચુકી છે. ચીનમાં છેલ્લાં બે વર્ષથી સામ્યવાદી તંત્રની સ્થાપના થઇ છે અને એ દેશની આર્થિક તથા સામાજિક રચના ધરમૂળથી બદલાઈ રહી છે. આપણે ત્યાં પાંચ અથવા તો સાડા પાંચ વર્ષથી સ્વરાજ્ય સ્થપાયું છે અને પરદેશી હકુમતનો અન્ત આવ્યો છે. સ્વરાજ્યપ્રાપ્તિ સાથે આપણા દેશને આગળ લઈ જવા માટે કોંગ્રેસ સરકાર તરફથી અનેકવિધ યોજનાઓ અને પ્રયત્નો શરૂ થયા છે અને પ્રજાગણ પણ વધારે સભાન અને ઇષ્ટ દિશાએ આગળ વધવાને આતુર બની રહેલ છે. અને તેથી આપણી હરોળના અન્ય દેશો જે ગઈ કાલ સુધી આપણી જેટલા જ અથવા તો આપણાથી વધારે પછાત અને પરાધીન ગણાતા હતા અને જ્યાં આજે નવનિર્માણનાં અનેક ચક્રો ગતિમાન થઇ રહ્યાં છે અને પરિણામે જ્યાંની પ્રજાની સીકલ બદલાવા લાગી છે તે દેશો વિષે અને તેમાં પ્રાણ આપણી પડોશના અને આપણાથી વધારે વિપુલ વસ્તીવાળા ચીન દેશ વિષે સ્વાભાવિક રીતે આપણા મનમાં ખૂબ કુતુહલ રહે છે. અને જે કાંઇ ત્યાં જઈ આવે છે તેના અનુભવો સાંભળવા આપણે આતુર હોઇએ છીએ. ભાઇ ઉમાશંકર માત્ર કલ્પનામાં ઉડ્ડયન કરતા કવિ નથી પણ પ્રજ્ઞાસંપન્ન ચિન્તક વિવેચક છે અને તેથી તેમને સાંભળવા ભિન્ન ભિન્ન પક્ષના અનેક ભાઇ બહેનો, તેમ જ કાર્યકર્તાઓ આ સભામાં હાજર રહ્યા હતા. ભાઇ ઉમાશંકર નૂતન ચીનની નૂતનત્રા ત્યાંના લોકજીવનના ભિન્ન ભિન્ન અંશોમાં કયા કયા પ્રકારે જોઇ તેનું લગભગ સવા કલાક સુધી એકધારા વાણીપ્રવાહ વડે નિરૂપણ કર્યું અને શ્રોતાજનોને મુગ્ધ બનાવ્યા. તેમનો પ્રવાસ બહુ ટુંકી અવધિનો હતો, એમ છતાં પણ એક અભ્યાસકની-એક સંશોધકની-દૃષ્ટિએ તેમણે પ્રવાસ કર્યો હતો અને શકય હોય તે સઘળું જાણી લેવા માટે તેમણે પ્રવાસની પ્રત્યેક ક્ષણનો પુરેપુરો ઉપયોગ કર્યો હતો તેનો તેમના વ્યાખ્યાન ઉપરથી આબેહુબ ખ્યાલ આવતો હતો. ચીન પોતાની ભાષા, પહેરવેશ, સ્વચ્છતા, આરોગ્ય, બેકારી, શિક્ષણ, મજુર વર્ગ, ઉદ્યોગ, ખેતી, જમીનદારી, વગેરે સમસ્યાઓનો કેવી રીતે ઉકેલ શોધી રહેલ હતું, રાજ્યકર્તાઓ અને પ્રજા વચ્ચે કેવો સુમેળ અને સહકાર હતો, કોઇ પણ બાબતમાં એકાન્તિક બનવાને બદલે ત્યાંના પ્રજાશાસકો કેવી વ્યાવહારિક દક્ષતા દાખવતા હતા.-આવી અનેક બાબતોની તેમણે સમજ આપી હતી. ત્યાંની નૂતન રાજ્ય રચના તેમજ અર્થરચનાની તેમણે લંબાણથી સમાલોચના કરી હતી અને છેવટે પોતાના મન ઉપર પડેલ સર્વ સંસ્કારોનું સમીકરણ કરતાં તેમણે જણાવ્યું હતું કે :—

"ચીનના આ નવ-ઉત્થાનનો ક્રાંતિબીજો શી રીતે બન્યો ? આખી પ્રજાની ચેતના શી રીતે હેલે ચઢી ? ૧. કલ્પનામાં ન ઉતરે કે પરદેશી શાહીવાદીઓની બેડી નીચેથી છૂટી ચીન શકશે. એ બન્યું. અણુબોમ્બે એ કર્યું, સામ્યવાદીઓએ નહિ. ૨. દેશ એક છત્ર નીચે આવવા ઉપરાંત ત્યાંગ નીચે કાળાબજાર, ફજેતખોરી અને ધુગાવો વકર્યાં હતાં તે નવા તંત્રે દૂર કર્યાં. પ્રજાએ રાહત અનુભવી. ૩. ખેડૂતોને જમીન મળી. અર્ધગુલામી, અર્ધભુખમરામાંથી ખેડૂત ચીનના ઇતિહાસમાં પહેલીવાર બહાર આવ્યો. (ચીનમાં ઇ. પૂર્વે પણ ખેડુ-બળવા થયેલા છે. ગઇ સદીમાં તો એક ખેડુ રાજપદે પણ પહોંચેલો.) ૪. નવા નેતાગીરી સવારમાં ઉઠીને એના ખોળામાં પેકિંગ પડયું એમ બન્યું ન હતું. બે દશકાથી આકરી તાવણીમાં એ પસાર થઇ હતી. પ્રદેશોનો વહીવટ કેમ ચલાવવો તેની-રોજ-રોજના પ્રશ્નોની શિરોવેદનામાંથી એ પસાર થઇ હતી. શાસનનો નકશો તૈયાર થયો હતો. નવો પ્રદેશ મળે કે એ અમલમાં મૂકવાનો હતો. કસાયેલા-નીવડેલા કર્મચારીઓ તૈયાર હતા. નવા ઉમેરી નવા પ્રદેશમાં

કામ આગળ ધપાવવું સુકર હતું. નેતાગીરી મહેલોમાં ખોવાઈ ના ગઈ. કારીઆના પ્રકરણને લીધે તંગ દીલા મૂકવાનો અવસર જ ન રહ્યો. પગારો ઓછામાં ઓછા ૭૦-૮૦ અને વધુમાં વધુ ૬૦૦-૬૫૦. ઘણા તો જીવનનિર્વાહ પૂરતું લઈ સેવા આપવાની પુરવઠાપદ્ધતિથી રહે છે. આ બધાં કારણોને લીધે પ્રજાની શક્તિમાં જુવાળ આવ્યો છે ને મોટી મોટી યોજનાઓ હાથ પર લઈ શકાઈ છે. ચીનને હજારો-લાખોની સંખ્યામાં મોટાં કામ કરવાની ટેવ પણ છે એ 'મહાન દિવાલ' અને 'ગ્રાન્ડ કેનાલ' ઉપરથી જોઈ શકાય છે.

"અત્યારે ચીન જેવા જેવું છે, એ પ્રજાની ચેતનાને જેવી એટલે એક મહાન વિભૂતિનાં દર્શન. કાલે આ રૂપનો જ ઉત્સાહ હશે, કોણ જાણે? અત્યારના ચેતનાના ઉદ્રેકમાં કોઈક તત્ત્વ એવાં હશે જે વિકાર લાવે. ચીનની પાસે અનુકરણ માટે માત્ર રશિયાની સમાજરચના છે. દરેક માણસ કોઈને કોઈ સંઘ - સ્ત્રીઓ, મજુરા યુવકો ખેડુતો, વગેરેના સંઘ-નું સભ્ય હોય. સત્તા રાજ્યમાં તેમ સંઘોમાં ઉપરના કેન્દ્રમાં હોય; ત્યાં બટન દાબવાથી બધે અભિપ્રાયવીજળી ફરી વળે. ધીમે ધીમે આખી પ્રજાચેતના ઠરીને આ દલદળ'ધીના ચોકઠામાં જડ થઈ શકે. માર્કસવાદી-લેનિનવાદી વિચારસરણીનું બૌદ્ધિકોને નવેસર શિક્ષણ અપાય છે. જ્યારે કોઈ વિદ્વાનો પોતાના જૂના લેખો હવે જરી મઠારવા પડે એમ કહે ત્યારે મતાંધતાના ભારે ભયનો અણસારો મળતો હતો. માર્કસવાદને ઓકવાર [illegible] એટલે આ મુશ્કેલીઓ એમાં કદાચ અંતર્ગત હશે. ધ્યાન ચાણી અને મહાન ધારસાણી પ્રજા છે. આવી મુશ્કેલીઓને તરી ઉતરે છે કે વશ થાય છે એ જોવાનું રહ્યું નવો ઘાટ નિપજાવે એવી આશા રાખવી અસ્થાને નથી. હાથ ઘોઈ નાખવામાં તો રસ ન જ હોવો જોઈએ.

"અત્યારે ચીન મને એક વિશાળ નિશાળ જેવું લાગ્યું (આખો દેશ પોતાને બધી રીતે કેળવવા મંડી પડ્યો છે), પણ સાથે સાથે એક છાવણી જેવું પણ લાગ્યું. સામે આંગ બંદૂક તાકીને બેઠેલા છે. અમેરિકાની એને ઓથ છે. કોરીઆમાં હાથ ચંપાયો છે. પણ એ ઉપરાંત પણ આ જાતની રાજ્યરચનામાં છાવણી-તત્ત્વનો અંશ હોય એમ લાગે છે. રશીયા પાંત્રીશ વરસ પછી પણ છાવણી છે, બધા દેશો સ્વરક્ષણ માટે હોય છે એથી વિશેષ અર્થમાં."

ત્યાર બાદ ભાઈ ઉમાશંકરે એક રમુજી દાખલો આપ્યો કે "એકવાર પેરીસમાં બે કુતરાઓ લાવવામાં આવ્યા. બન્ને ખૂબ દુબળા લેવાઈ ગયેલા. એક ઈંગ્લાંડથી લાવવામાં આવ્યો હતો; બીજો રશીયાથી લાવવામાં આવ્યો હતો. ઈંગ્લાંડનો કુતરો આટલો બધો કૃશ હોવાનું કારણ પૂછતાં એમ જણાવવામાં આવેલું કે ત્યાંના કુતરાને પુરું ખાવા મળતું નથી. રશીઆના કુતરા વિષે એવોજ સવાલ થતાં એમ જણાવવામાં આવેલું કે રશીઆમાં કુતરાને ભસવા મળતું નથી." આ દૃષ્ટાન્તના ઉપલક્ષિત અર્થ પ્રત્યે શ્રોતાઓનું ધ્યાન ખેંચતાં તેમણે જણાવ્યું કે "ચીનમાં છે તે પ્રકારની રાજ્યરચના-સરમુખત્યારશાહી-હેઠળ રાજકીય સ્વતંત્રતા પર થોડોક પણ કાપ મુકાયા વિના ન રહે, પણ પ્રજાના ઘણા મોટા ભાગને આર્થિક ન્યાય મળે છે. પ્રજાના ૬૯,૯૯૯૯૯ ભાગને રાજકીય સ્વતંત્રતા વાપરવાની જરૂર પણ કદી ઉભી થતી નથી. પણ .૦૦૦૦૧ મા ભાગને કદીક કયારેક જરૂર ઉભી થાય છે, અને એટલા ભાગ માટે પણ એ સચવાવી જોઈએ. કેમ કે એ .૦૦૦૦૧ ભાગ એ માનવજાતિની આશા છે. માનવજાતિએ ઘણી મુશ્કેલીએ રાજકીય સ્વતંત્રતાનો આદર્શ થોડે ઘન્તે અંશે પણ જગતમાં સ્થિર કર્યો છે. પણ આર્થિક ન્યાય વિના એ પોકળ નીવડે. લોકશાહી એ વ' ઉભી વિચારસરણી, હોય તો એણે વિનાવિલ' સંપૂર્ણ સામાજિક ન્યાય-દરેક દરેક વ્યકિ વાનો સમય આવી લાગ્યો છે. એ ન થ રશિયા-ચીન જેવા દેશો જગતના શોષિતોન જ. લોકશાહીઓમાં આર્થિક-સામાજિક અન સૌથી મોટી પાંચમી કતાર છે. રાજકીય રાખી, તેમાં આર્થિક-સામાજિક ન્યાય તાકીદે સૌથી મોટી જરૂર આત્મસંતોષવૃતિ, હોતી-હૈ-વૃતિ (ઇ ખંખેરી નાખવાની અને વધુ ને વધુ ગતિશીલતા (ઇ દાખવવાની છે. આમ થશે તો પેલી ત રાજકીય સ્વતંત્રતા હરાઇ જશે તેને માટે બનશે. અત્યારે દુનિયામાં લોકશાહી અને સહમુખ [illegible] પરસ્પર, એકમેકની ઉણપો દૂર કરવા પૂરતી, અસર પડે તો કેવું સારું!"

તેમનું વ્યાખ્યાન પુરું થતાં કેટલાએક લેખિત પ્રશ્નો વ્યાખ્યાતા સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા પણ સમય બહુ થઇ ગયેલો હોવાથી એ પ્રશ્નો હાથ ધરી શકાયા નહોતા. શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે પ્રમુખસ્થાનેથી ઉપસંહાર કરતાં આવું સમયોચિત પૂર્ણ પુષ્કળ માહીતીઓથી ભરેલું અને દૃષ્ટિને વિશદતા દાખવતું અને સાંભળનારાઓને નવું [illegible] આપતું વ્યાખ્યાન આપવા માટે શ્રી ઉમાશંકરનો [illegible] માન્યો હતો અને બધી બાબતના સારરૂપે એક વાત [illegible] હતી કે દેશની નેતાગીરી મહેલમાં [illegible] જતાં ગ [illegible] સ્વીકારે [illegible] પ્રજા વચ્ચે આર્ [illegible] દેશનો સાચો [illegible] કાર્ય છે.

સોલી બાટલીવાળાએ સભાનું પ્રમુખસ્થાન સ્વીકારવા બદલ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો તથા આવું વિચાર-પ્રેરક વ્યાખ્યાન આપવા બદલ શ્રી ઉમાશંકરનો આભાર માનતાં જણાવ્યું કે 'આપણે કોઇ પણ વિચારસરણી કે પક્ષના પાંજરામાં પુરાઇ હેરવાને બદલે મુકત મને જોવું તેમ જ સાંભળવું જોઇએ, બીજી પ્રજાઓ કેમ [illegible] બધી રહી છે તે ધ્યાનમાં ઉતારવું જોઇએ અને જે જે બાબતો વિષે આપણી વચ્ચે કશો મતભેદ ન હોય તે બાબતોમાં આપણે દેશને આગળ ધપાવવામાં બધાએ પક્ષભેદની વૃતિ છોડીને હાથમાં હાથ મીલાવીને કામ કરવા લાગી જવું જોઇએ."

ત્યાર બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

વૈશાલી : વૈશાલી સંઘ

તા. ૨૮-૩-૫૩ મહાવીર જન્મના દિવસે બિહાર પ્રાન્તમાં આવેલ વૈશાલી ખાતે વૈશાલી સંઘ તરફથી પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીના અધ્યક્ષસ્થાને નવમો વૈશાલી મહોત્સવ ઉજવવામાં આવ્યો. આને લગતા છુટા છવાયા સામાચારો સામાયિક પત્રોમાં જોવામાં આવતાં આ વૈશાલી તેમજ વૈશાલી સંઘ શું છે તે જાણવાનું અનેક લોકોને કૌતુક થયું હશે. બિહારમાં આવેલા મુઝફરપુર અથવા તો હાજીપુર રેલ્વે સ્ટેશનથી ૨૭ માઇલ દૂર આવેલું વૈશાલી ગામ એક અતિ પ્રાચીન સ્થળ છે. હાલ આ ગામને 'બસાઢ' ના નામથી ઓળખવામાં આવે છે. ભગવાન મહાવીરનું આ જન્મસ્થળ છે. તેમના જન્મસ્થાન તરીકે જે ક્ષત્રિયકુંડગ્રામનું નામ આપવામાં આવે છે તે વૈશાલીની તદ્દન નજીકમાં આવેલ પટ્ટ છે. આ ઐતિહાસિક હકીકત આજે સૌ કોઇએ સ્વીકારી છે. પ્રાચીન સાહિત્યમાં ભગવાન મહાવીરને 'વૈશાલીય' અથવા તો 'વૈશાલિક' તરીકે ઓળખવામાં આવ્યા છે. આ હકીકત પણ વૈશાલી સાથે ભગવાન મહાવીરનો, આ સ્થળ પોતાનું જન્મસ્થાન હોવા ઉપરાંત,

ખૂબ ગાઢ સંબંધ હોવાનું પુરવાર કરે છે.
...ાં અવસ્થિત હોઇને ભગવાન મહાવીરનો
...ત્ય તથા વિદેહસુકુમાલ એવા નામોથી
...ાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપ
...ણ આ સ્થળ ઉપર અનેક વખત આવેલા
...ા. તેમનું અન્તિમ ચાતુર્માસ એટલે કે વર્ષા
...તો અને અહિંથી થોડેક દૂર આવેલા કુશી
...બુધ્ધનું નિર્વાણ થયું તે પહેલાં એ નિર્વાણની
...માં આગાહી કરી હતી. એક સમયે વૈશાલીમાં કોઇ
ભયંકર ઉપદ્રવ આવેલો ત્યારે ભગવાન બુધ્ધ
...લોકોની મદદે એકાએક દોડી આવેલા
...જેતિ। (આની-વ્યાધિગ્રસ્તની-જે સેવા
...તે મને જ ભજે છે) એ પ્રમાણે ઉદ્‌ઘોષણા
કરીને શિષ્યોને માંદા માનવીઓની સારવારમાં નિયુક્ત કર્યા હતા.
વૈશાલીની વિદાય લેતી વખતે ભગવાન બુધ્ધે પોતાનું ભિક્ષાપાત્ર
ત્યાં વસતા લિચ્છવીઓને એક સ્મરણચિહ્ન તરીકે ભેટ આપ્યું
હતું તેમનું નિર્વાણ થયા બાદ તેમના અસ્થિ-અવશેષનો આઠમો
ભાગ આ લિચ્છવીઓને આપવામાં આવેલો અને તે ઉપર
તેમણે એક ભવ્ય સ્તૂપ બંધાવ્યો હતો. ભગવાન બુદ્ધના નિર્વાણને
૧૦૦ વર્ષ પસાર થયા બાદ દ્વિતીય બૌધ્ધ સંગીતિ (બૌધ્ધ
...ાની પરિષદ) આ વૈશાલીમાં ભરવામાં આવી હતી. સુપ્ર-
સિદ્ધ આમ્ર...પાલીની રોમાંચક કથા પણ આ સ્થળ સાથે જ જોડાયલી
છે. વજ્જીઓએ ...ે લિચ્છવીઓએ આ સ્થળ ઉપર ગણરાજ્યો
(Republic ...) સ્થાપ્યાં ...ે સંચાલન કર્યું હતું. મહા-
રાજા અશો... ...ુનારના પત્થરનો ...મારતો સ્તંભ
ઉભો કર્યો હતો, જે જીર્ણ અવસ્થામાં ...ાંજે પણ ...ે
આ સ્તંભની વર્તુલરેખા ૧૨ ફીટ અને ઊંચાઇ ૨૨ ફીટ છે
અને ટોચ ઉપર બેઠેલા સિંહની મૂર્તિ કોરી કાઢવામાં આવી છે.

આજથી લગભગ ૧૫૦૦ થી ૧૬૦૦ વર્ષ ઉપર આ
સ્થળની મહત્તાથી જાણીતા ચીની પ્રવાસીઓ ફાહિયાન અને હુ-
એન સાંગ આકર્ષાયા હતા અને તેમનાં પ્રવાસવર્ણનોમાં આ
નગરીનો તેમણે સવિસ્તર ઉલ્લેખ કર્યો હતો. આ સ્થળ ઉપર
ખોદકામ કરતાં અનેક ગુપ્તકાલીન સીક્કાઓ મળી આવ્યા છે
તેમજ પ્રાચીન મૂર્તિઓ, તથા પ્રાચીન શિલ્પનિર્માણના તરેહ
તરેહના નમુનાઓ પણ અહિંથી મળી આવ્યાં છે.

વૈશાલીની અનેક વિશેષતાઓનું વર્ણન કરતા બીહારના
ગવર્નર શ્રી. આર. આર. દિવાકર ઉપસંહારરૂપે જણાવે છે કે
"આવી કેટલીક અગત્યની વસ્તુઓ વૈશાલીની આસપાસના પ્રદે-
શમાંથી મળી આવે છે. આ બધી પુરાતન સામગ્રી એ લોકોત્તર
માનવીઓનું આપણને સ્મરણ કરાવે છે કે જેઓ એ ભવ્ય
કાળમાં વિચરતા હતા અને જેમણે અહિંસાના સિધ્ધાન્તને
લોકપ્રિય બનાવ્યો હતો. અદ્વેષ, અનાક્રમણ, હિંસાવિરમણ, પ્રેમ
-આપણને ઠીક લાગે તે નામથી જેને ઓળખીએ એવી-આ
અહિંસાનો સિધ્ધાન્ત ભારે રોમાંચક ઇતિહાસ ધરાવે છે. મહા-
વીરે, બુધ્ધે અને ત્યારથી કેટલાએક સમય બાદ અશોકે આ
સિધ્ધાન્તની પ્રારંભિક પ્રરૂપણાના કાળમાં ભજવેલો ભાગ ભારે
મહત્વનો છે. એક નિયમ તરીકે તેમજ આધ્યાત્મિક જીવન
સાથે જોડાયલા એક મહત્વના તત્વ તરીકે ઉપનિષદ્‌માં પણ
અહિંસા ઉપર ખાસ ભાર મૂકાયલો આપણને માલુમ પડે છે.
આમ બન્યું હોય તે તદ્દન સ્વાભાવિક છે. ઉપનિષદના પાયારૂપ
બનેલા અદ્વૈત અને જીવનની એકતાના સિદ્ધાન્ત સાથે કોઇ પણ
પ્રકારની હિંસાનો કદિ મેળ હોઇ શકે જ નહિ.

"પણ એ સર્વમાં પણ જૈન ધર્મની જ વિશેષતા હતી
કે તેણે અહિંસાને પરમ ધર્મ અને સૌથી મહાન કર્તવ્ય તરીકે
જાહેર કર્યું હતું. તે વખતના નિગ્રંથો જૈન સંન્યાસીઓ જ
હતા કે જેઓ બુદ્ધના વખતમાં બહુ જાણીતા હતા. મહાવીર
પહેલાં ૨૩ તીર્થંકરો થઇ ગયા એમ જણાવવામાં આવે છે
અને તેમાંના ૧૯ તીર્થંકરોનાં નિર્વાણ બિહારમાં આવેલા સમેત-
શિખર અથવા તો પાર્શ્વનાથની ટેકરી ઉપર જ થયા હોય એમ
લાગે છે. જૈનોએ એક એવી આચારપરંપરા વિકસાવી કે જે
વડે તેમના કહેવા પ્રમાણે અહિંસાની અન્તિમ કોટિ-સર્વ વિરતિ-
ને પ્રાપ્ત કરી શકાય છે. આ માટે તપ, ઉપવાસ, આત્મનિગ્રહ
પુરતા નથી. તેઓ અદૃષ્ટ જીવોની પણ હિંસા નહિ કરે. આ
કારણે જ તેમનામાં ઉકાળેલું પાણી પીવાનો રીવાજ છે.
કોઇ પણ સ્થાન ઉપર બેસવા પહેલાં, સ્થળાયી અથવા
તો પૂંજણીથી જમીન સાફ કરે છે અને સર્વાન્ત પહેલાં જમી લે
છે. પ્રાયો પવેશન-એટલે કે જીવન કાર્ય પુરું થતાં અનશન વડે
જીવનનો અન્ત આણવો-તે તેમની દૃષ્ટિએ ત્યાગની અન્તિમ
સીમા છે. આવો એકાન્ત તર્કશુદ્ધ સિધ્ધાન્ત અને અહિંસક
આચાર તે વખતના જૈન ધર્મ અને તેના પ્રરૂપક મહાવીરમાંથી
આપણ મળી આવે છે કે જે ઐતિહાસિક કાળ દરમિયાન
વૈશાલીમાં હસ્તી ધરાવતા હતા. આ પ્રાણવાન સિધ્ધાન્તને મહા-
વીરના પંદર લાખ અનુયાયીઓએ આજે પણ જીવન્ત
રાખ્યો છે."

આ વૈશાલીના સાંસ્કૃતિક તેમજ ઐતિહાસિક મહત્વ તરફ
છેલ્લાં આઠ નવ વર્ષથી જનતાનું વિશેષ અને વિશેષ
ધ્યાન ખેંચાતું રહ્યું છે. મુઝફરપુર જીલ્લામા એ વખતના સબ-
ડીવીઝનલ ઓફીસર અને આજના બીહારના શિક્ષાસચિવ શ્રી.
જગદીશચંદ્ર માથુરની પ્રેરણાથી પ્રાચીન વૈશાલીના મહિમાની
યાદમાં એક ઉત્સવ યોજવાના હેતુસર ૧૯૪૪ના ડીસેમ્બરની
૩૫ મી તારીખે હાજીપુર સબડીવીઝનની કેટલી એક વિશિષ્ટ
વ્યકિતઓની એક ખાસ સભા ભરવામાં આવી હતી.
આ સભાએ આગામી મહાવીર જન્મના દિવસે વૈશાલી મહો-
ત્સવ ઉજવવાનું નક્કી કર્યું હતું અને તે મુજબ ૧૯૪૫ના
માર્ચ માસની ૩૧ તથા એપ્રીલમાસની પહેલી તારીખે ડોકટર
રાધાકુમુદ મુકરજીના અધ્યક્ષપણા નીચે પ્રથમ વૈશાલી સંઘની
સ્થાપના કરવામાં આવી હતી. આ સંઘના મુખ્ય બે ઉદ્દેશો
નક્કી કરવામાં આવ્યા હતા. વૈશાલીના ધ્વંસાવશેષોને પ્રકાશમાં
લાવવા તથા ખોદકામ કરીને સદીઓથી દટાયલી પુરાણી વસ્તુ-
ઓને બહાર લાવવી. (૨) સાધારણ રીતે ગ્રામીણ જનતામાં
અને વિશેષે કરીને વૈશાલીના નિવાસીઓમાં એક નવીન સામા-
જિક ચેતના જાગૃત કરવી અને એ રીતે વૈશાલીના લોકતાંત્રિક
આદર્શોથી અનુપ્રાણીત એવું એક જન-સંસ્કૃતિ આન્દોલન
ઉભું કરવું.

આ સંઘદ્વારા આજ સુધીમાં કેટલીએક જગ્યા ઉપર
પ્રયોગાત્મક ખોદકામ કરવામાં આવ્યું છે. આ સંઘ તરફથી
જૈનોમાં બહુ પ્રચાર કાર્ય થયું છે. એક સ્થાનિક સજ્જનદ્વારા
એક નાનું સરખું સંગ્રહાલય ઉભું કરવામાં આવ્યું છે, અને
તેમાં વૈશાલી અને તેની આસપાસના પ્રદેશોમાં ખોદકામ કરતાં
મળી આવતી વસ્તુઓ વ્યવસ્થિત રીતે સંગ્રહિત કરવામાં આવે
છે. આ સંઘ તરફથી આજ સુધીમાં ત્રણ ગ્રંથો પ્રગટ કરવામાં
આવ્યા છે. (૧) વૈશાલી (૨) Identification of Maha-
vira's Birthplace (મહાવીરની જન્મભૂમિનો નિર્ણય)
(૩) વૈશાલી અભિનંદન ગ્રંથ. આ સંઘ તરફથી વૈશાલીમાં એક
હાઇસ્કૂલ એક પુસ્તકાલય તથા એક ઔષધાલયની સ્થાપના
કરવામાં આવી છે.

આ ઉપરાંત આ સંઘ તરફથી છેલ્લા નવ વર્ષથી વૈશાલી મહોત્સવ યોજવામાં આવે છે. ગયા વર્ષે આઠમા મહોત્સવમાં માન્યવર કનૈયાલાલ માણેકલાલ મુનશી પ્રમુખસ્થાને સ્થાને બીરાજ્યા હતા. આગળ જણાવ્યું તેમ પ્રથમ વૈશાલી મહોત્સવના પ્રમુખ ડોકટર રાધાકુમુદ મુકરજી, બીજાના પ્રમુખ શ્રી જયચંદ્ર વિદ્યાલંકાર, ત્રીજાના પ્રમુખ બિહારના પ્રધાન સચિવ શ્રીકૃષ્ણ સિંહ અને ચોથાના પ્રમુખ એ વખતના ગવર્નર શ્રી માધવ શ્રીહરિ અણે હતા. આ વર્ષના નવમા વૈશાલી મહોત્સવનું પ્રમુખસ્થાન પંડિતસુખલાલજીએ શોભાવ્યું હતું.

બિહારના મુખ્ય મંત્રી શ્રી કૃષ્ણ સિંહ આ વૈશાલી સંઘના સભાપતિ છે, બિહાર સરકારના શિક્ષાસચિવ શ્રી જગદીશચંદ્ર માથુર મુખ્ય મંત્રી છે, દીપનારાયણ સિંહ, મહેશપ્રસાદ સિંહ, શાન્તિપ્રસાદ જૈન, નરેન્દ્રસિંહ સિંઘી, મહેશ્વરપ્રસાદ નારાયણ સિંહ, ડો. એ. એસ. અલ્તેકર, ભિક્ષુ જગદીશ કાશ્યપ, મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન, વીરચંદ પટેલ, દીવાન બહાદુર બદરીનારાયણ સિંહ તથા મુઝફરપુર-તિરહુત ડીવીઝનના કમીશનર આ સંઘના ઉપસભાપતિઓ છે, શ્રી જગન્નાથ પ્રસાદ શાહ, શ્રી દિગ્વિજય નારાયણ સિંહ, તથા અધ્યાપક યોગેન્દ્ર મિશ્ર આ સંઘના મંત્રીઓ છે અને રાષ્ટ્રની ૪૦ આગેવાન વિદ્વાન વ્યક્તિઓ આ સંઘની કાર્યવાહક કમિટિના સભ્યો છે.

વૈશાલીનું મહત્વ અને વૈશાલી સંઘને લગતી જાણવાયોગ્ય દરેકેક વિગતો ઉપર આપી છે. તેમાં પુરવણીરૂપે તાજેતરમાં પંડિત સુખલાલજી તરફથી આવેલા એક પત્રમાંથી થોડું અવતરિત કરવામાં આવે તો તે અસ્થાને નહિ ગણાય. તેઓ જણાવે છે કે "વૈશાલી એક વખત લિચ્છવી ગણરાજ્ય હતું. ચેટક તેનો મુખિયો હતો. તેના દોહિત્ર કોણિકે વૈશાલીનો નાશ કર્યો. મહાવીર દીક્ષા લઇને જે વાણિજ્યગ્રામ, કોલ્લાગ સંનિવેશ, કર્મારગ્રામ વગેરેમાં રહેલા તે સ્થાનો આજે પણ હયાત છે. ખુદ ત્યાં અનેક આરામોમાં રહેલા તે પણ ભગ્નરૂપમાં જોવામાં આવે છે. જ્ઞાતૃવંશ જે આજે 'જથરિયા'ના અપભ્રંશરૂપમાં લેખાય છે તે આસપાસના ૪૦ માઇલમાં ફેલાયેલ છે. અને જથરિયા ભૂમિહાર એટલે બ્રાહ્મણ – ક્ષત્રિયનું મિશ્રણ છે. કદાચ મહાવીર પોતે બ્રાહ્મણ-ક્ષત્રિય હતા એનો આ અવશેષ પણ હોય. ખેર, વૈશાલી બહુ જ દૂર દૂર સુધી પથરાયલું છે અને તે બાજુ આમ્રવન તો સર્વત્ર છે. વૈશાલી ગંગાની ઉત્તરે છે અને દક્ષિણે પટણા છે. વૈશાલીનો પ્રાચીન ઇતિહાસ અનેક રીતે ભવ્ય છે."

ત્યાં ઉજવાયલા વૈશાલી મહોત્સવ સંબંધી શ્રી દલસુખભાઇ માલવણીયા જણાવે છે કે "આ ઉત્સવ માત્ર ધાર્મિક ઉત્સવ નથી, પણ લોકમેળો છે. હિંદુસ્તાનમાં મેળા ઘણા ભરાય છે પણ તેની પાછળ કોઇને કોઇ ધાર્મિક પ્રલોભન અને ભૌતિક લાભની લાંચ હોય છે. પણ આ મેળો માત્ર લોકરંજન સાથે એ પ્રદેશની જનતામાં નવું બળ, નવું જીવન મળે એ ઉદ્દેશે ભરાય છે અને જનતાને એવું આકર્ષણ છે કે મેળાનું નામ સાંભળી વિપુલ સંખ્યામાં લોકો દોડી આવે છે. આ મેળો વૈશાલી સંઘે જ શરૂ કર્યો છે." આ મેળાનું ઉપર આપેલું વર્ણન તે મહોત્સવના વિવિધરંગી કાર્યક્રમની વિગતો વાંચવાથી સહેજે પ્રતીત થાય છે." આ વૈશાલી મહોત્સવના નવમા સમારંભ પ્રસંગે પંડિત સુખલાલજીએ પ્રમુખસ્થાનેથી આપેલ વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે. **પરમાનંદ**

અણુવ્રતી સંઘ અને આચાર્યશ્રી તુ

(તા. ૧-૧૨-૫૨ ના પ્રબુદ્ધ જૈનમાં આચાર્યશ્રી તુલસીરામજીએ આજથી ચાર અણુવ્રતી સંઘના નિયમો અને પ્રતિજ્ઞાઓ વામાં આવી હતી અને તે ઉપર મારી લખે એજ અંકમાં સામેલ કરવામાં આવી હતી. તેરાપંથી સંપ્રદાય સાથે ગાઢપણે સંકલાયેલા તા. ૨૨-૧૨-૫૨ નો પત્ર મળ્યો હતો અને ૭-૧-૫૩ ના રોજ જવાબ લખ્યો હતો. ઉપર જણ સંબંધમાં અન્ય મિત્રોએ પણ પૃચ્છા કરેલી તેમજ ચર્ચા સાથે જોડાયેલા મુદ્દાઓ વિષે વ હેતુથી એ પત્ર અને તેને અપાયેલો જવાબ પ્રગટ ધાર્યું છે. **પરમાનંદ**)

મુરબ્બીશ્રી મુંબઇ તા. ૨૨-૧૨-૫૨

તા. ૧૫-૧૨-૫૨ ના "પ્રબુદ્ધ જૈન"માં છપાયેલ અણુવ્રતી સંઘની રૂપરેખા તેમજ તે સંબંધી આપની નોંધ મેં વાંચી છે. નોંધમાં આપે દર્શાવેલી શુભેચ્છાઓ અને ભલી લાગણીઓ માટે સંઘના એક સભ્ય તરીકે હું આપનો હાર્દિક આભાર માનું છું. સાથે સાથે તેમાં કેટલીક બાબતોથી ગેરસમજુતી ફેલાવાનો સંભવ હોઇ તે તરફ આપનું ધ્યાન ખેંચવા રજા લઉં છું.

(૧) સંઘનું સ્થાપન આજથી બે વર્ષ લગભગ ચાર વર્ષ પહેલાં થયું

(૨) આચા. તુલસીરામજી તે સંપ્રદાયના ાચાર્ય છે (આ વાત બે જગ્યાએ જણાવેલું છે) એમ કહેવાથી એવી જાતની છાપ પડે છે કે તેમની સિવાય બીજા આચાર્યો પણ હશે. વસ્તુતઃ આ સંપ્રદાયમાં એક જ આચાર્ય હોઈ તે 'મુખ્ય' જેવા વિશેષણોથી પરે છે.

(૩) "આચાર્યશ્રીની આજ ુધીની મુખ્ય પ્રવૃત્તિ પોતાના સંપ્રદાયની પ્રતિષ્ઠા વધારવાની અને તેનો બને તેટલો પ્રચાર કરવાની રહી છે"—આ દેખીતી રીતે નિર્દોષ લાગતા વાક્ય લખવા પાછળની આપની ભાવના આપના પત્રના વાંચકો સમક્ષ આચાર્યશ્રીને ઉતારી પાડવાની હોઇ તે અન્યત્ર આપે દર્શાવેલી શુભેચ્છાઓ સાથે સુસંગત નથી. કોઇ પણ સંસ્થાના પ્રણેતાની મુખ્ય પ્રવૃત્તિ તે સંસ્થાની પ્રતિષ્ઠા વધારવાની અને તેનો બને તેટલો પ્રચાર કરવાની જ હોય એ સ્વાભાવિક છે. તેમ કરવામાં જો તે અન્ય કોઇ સંસ્થાની વ્યકિગત નિંદા કરવા કે તેને ઉતારી પાડવા જેવા દોષિત સાધનોનો ઉપયોગ કરે તો ટીકાને પાત્ર ઠરે. આચાર્યશ્રીની પ્રચારપ્રવૃત્તિમાં આવા કોઇ અશુદ્ધ સાધનોનો ઉપયોગ થાય છે એમ આપ બતાવી શકશો ?

(૪) આપ કહો છો કે "અણુવ્રતી સંઘના નિયમો અને પ્રતિજ્ઞાઓ...માં એવી ઘણી બાબતો છે કે જે વિશાળ જનસમાજને આકર્ષી શકે તેમ છે જ નહિ." સંઘના એક સભ્ય અને હિતેચ્છુ તરીકે મારી આપને નમ્રભાવે પૂછવાની ફરજ છે કે એવી કઇ બાબતોનો આપ નિર્દેશ કરો છો તે મહેરબાની કરીને બતાવશો ? જનસમાજને આકર્ષી શકે એવી બાબતોના ઉણુપ છે કે પછી જે બાબતો છે તે આકર્ષવાને બદલે દૂર હઠાવે તેવી છે તેનો ખુલાસો કરશો.

(૫) વળી આપ કહો છો કે "આ પ્રવૃત્તિ પણ પોતાના સંપ્રદાયને પ્રતિષ્ઠા આપવાના હેતુથી જ ઉભી કરવામાં આવી હોય એમ માનવાને આ પ્રવૃત્તિના રૂપરંગ જોતાં કોઇ પણ પ્રેરાય તેમ છે." મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આ પ્રવૃત્તિના રૂપરંગમાં

નથી. કે જેથી કોઇ પણ તટસ્થ પુરુષ આપ લખો
ે પ્રેરાય, પરન્તુ આપનો પોતાનો તેરાપંથ સંપ્ર-
ભી) તરફનો પૂર્વગ્રહ આપને આમ કહેવાને
ણાય છે. મુરબ્બીશ્રી, પ્રબુદ્ધ જૈનના વાંચકો
બહુમાન કરે છે અને આપનું ઉપરનું લખાણ
। પ્રત્યે prejudice (પ્રતિકૂળ વલણ) ઉત્પન્ન
ાણુવ્રતી સંઘની હીલચાલને અન્યાય કરવા
રો આપને નમ્ર વિનંતિ છે કે આપ અણુવ્રતી
થાલને (તેરાપંથી સંપ્રદાય તરફના) આપના પૂર્વ-
ત થઇને જુઓ અને ફરીથી અભિપ્રાય આપો.

ત લોકવ્યાપી શી રીતે બની શકે તે
ાત્મક સુચનાઓ માટે આપનો આભાર
માન્ય સાથે સાથે આપને આ હીલચાલમાં કંઇક
પણ આકર્ષણ લાગતું હોય, યોગ્ય ફેરફારો કરવાથી લોક-
વ્યાપી બનવાની સંભાવના દેખાતી હોય, અરે ! વિદ્વાળ જન-
સમાજને નહીં તો છેવટ સમસ્ત જૈન સમાજને પણ આકર્ષી
શકે–અપીલ કરી શકે–તેટલું પણ આપના જોવામાં આવતું હોય
તો હું આપને અપીલ કરું છું કે આપ તે જરૂર અપનાવો,
સંઘમાં જોડાઓ અને સંઘ પ્રમુખ સાથે તેના સંચાલન માટે
સલાહ કરો.

(૭) સંઘના નેતૃત્વ સંબંધમાં સંઘના નિયમ નંબર ૧૮
સંઘના પ્રથમ સમ્મેલન પ્રસંગે એક ભાઇએ પુછ્યું
ાનારે આચાર્ય શ્રી તુલસીને પોતાના ધર્મગુરુ
પડશે ?" આચાર્યશ્રીએ જવાબ આપ્યો
હતો કે સભ્ય પોતાની માન્યતા કાયમ
રાખી શકશે" ને તરફ પણ આપનું ધ્યાન ખેંચ્યું
લઉં છું.

અંતમાં એટલી સ્પષ્ટતા કરી લઉં છું કે આ પત્ર લખ-
વાનો ઉદ્દેશ કોઇપણ પ્રકારની Controversy શરૂ કરવાનો નથી.
યોગ્ય લાગે તો આપની નોંધથી જે ગેરસમજુતીઓ ઉભી થવાનો
સંભવ છે તે સંબંધી પ્રબુદ્ધ જૈનમાં જ ફરીથી ખુલાસો કરશો.
નહીં તો છેવટ પત્રનો ઉત્તર તો જરૂર આપશો એ જ વિનંતિ."

જવાબ

પ્રિય ભાઇશ્રી મુંબઇ, તા. ૭-૧-૫૩

તમારો તા. ૨૨-૧૨-૫૨ નો પત્ર મળ્યો. બીજા કામ-
કાજ આડે તમને જવાબ લખવામાં વિલંબ થયો છે તે માટે
માફ કરશો. તમારા પત્રમાં તમોએ જે સાત મુદ્દા રજુ કર્યા
છે તેનો ક્રમસર જવાબ નીચે મુજબ છે :—

(૧) પહેલા મુદ્દામાં રહી ગયેલ હકીકતદોષ વિષે માર
ધ્યાન ખેંચવા માટે તમારો હું ઉપકાર માનું છું.

(૨) બીજા મુદ્દામાં તમે જે કહેવા માંગો છો તે જ મારો
કહેવાનો આશય હતો કે તેરાપંથી સમાજમાં શ્રી. તુલસીરામજી
પ્રમુખ પુરુષ છે. તેમને મુખ્ય આચાર્ય તરીકે વર્ણવતાં આ
સંપ્રદાયમાં બીજા પણ આચાર્યો હશે એવી કલ્પનાને અવકાશ
રહે છે એ તમારું કહેવું બરોબર છે અને એટલા પુરતી તમોએ
કરેલી સ્પષ્ટતાને હું આવકારું છું.

(૩) તમારા ત્રીજા મુદ્દામાં તમે મારી નોંધમાંના એક
વાક્ય તરફ મારું ધ્યાન ખેંચ્યું છે અને તે દ્વારા આચાર્યશ્રીને
ઉતારી પાડવાનો મારો ભાવ છે એવી પાયા વિનાની કલ્પના
કરીને તમે મને અન્યાય કર્યો છે. આ માત્ર હકીકતનું જ નિવે-
દન છે, અને તેમ કરવાથી આચાર્યશ્રીની પ્રતિષ્ટાને શી રીતે
હાનિ પહોંચે છે તે મારી સમજમાં આવતું નથી. આચાર્યશ્રી
પ્રચાર પ્રવૃત્તિમાં કોઇ અશુદ્ધ સાધનોનો ઉપયોગ કરે છે એવું
કોઇ પણ સીધું કે આડકતરું સૂચન મારા લખાણમાંથી જરા
પણ ઉપસ્થિત થતું જ નથી.

(૪) ચોથા મુદ્દાના જવાબમાં જણાવવાનું કે અણુવ્રતી સંઘ-
માંની પ્રતિજ્ઞાઓમાંની કોઇ પણ પ્રતિજ્ઞા સામાન્ય જનહિતની
દૃષ્ટિએ વાંધા-પડતી છે એમ મારા કહેવાનો આશય છે જ નહિ.
એ પ્રતિજ્ઞાઓનું આખું માળખું જૈન અણુવ્રતો ઉપરથી જ તૈયાર
કરવામાં આવ્યું છે અને તેમાં કેટલીક જૈન પરંપરાગત બાબતોની
અને કેટલીક આજના જમાનાને ખ્યાલમાં રાખીને ઉમેરવામાં
આવેલી બાબતોની મેળવણી કરવામાં આવી છે. આ રીતે પ્રતિજ્ઞા-
ઓની હારમાળા રચવામાં આવી છે. અને તેમાં વળી સાધનાના
ચાર નિયમો આમેજ કરવામાં આવ્યા છે. જૈન સંસ્કારમાં ઉછરેલ
અને અણુવ્રતધારી બનવા ઇચ્છનાર શ્રાવકને માટે આ પ્રતિજ્ઞા-
ઓનું હાર્દ સમજવાનું તેમજ તેનું પાલન કરવાનું બહુ મુશ્કેલ
નથી, પણ અણુવ્રતી સંઘ જનતાવ્યાપી બને, તેમાં હિંદુ, મુસ-
લમાન, ક્રીશ્ચી સૌ કોઇ જોડાય એવી આ સંઘના સ્થાપકની
કલ્પના હોય અને આજે સર્વવ્યાપક બનેલો નૈતિક હ્રાસ ક્રમ
અટકે અને જનતા નૈતિક પુનરુત્થાનના માર્ગે ક્રમ વળે તેના
ઉપાયરૂપે આ સંઘનો વિચાર કરવામાં આવ્યો હોય તો એવા
સંઘની યોજના સાંપ્રદાયિક વિચારસરણીથી મુકત બનીને વિચા-
રાવી જોઇએ અને એમાં જોડાવા ઇચ્છનાર વ્યકિત માટેની
પ્રતિજ્ઞાઓ બને તેટલી અલ્પ, સાદી, સહજમાં સમજી શકાય
તેવી અને આજના નૈતિક હ્રાસના પ્રાયાના તત્વોને મૂળમાંથી
સ્પર્શે તેવી હોવી જોઇએ. એવા સંઘનું નામ પણ અસાંપ્રદાયિક
હોય એ અતિ આવશ્યક છે. કારણ કે કેટલાક લોકો માત્ર
નામથી ભડકે છે અને આવી શુભાશયપ્રેરિત પ્રવૃત્તિથી દૂર ભાગે
ભાગે છે. મુંબઇમાં તેમજ વર્ધામાં વ્યવહાર શુદ્ધિમંડળ
ચાલે છે. તેના નિયમો જોશો તો તમને હું શું કહેવા
માંગું છું તેનો ખ્યાલ આવશે. મુંબઇમાં થોડા સમય
પહેલાં Moral Rearmament નું મીશન લઇને પરદેશથી એક
મંડળ આવ્યું હતું તેની રચના તેમજ પ્રતિજ્ઞાઓનો તથા તેના
સાહિત્યનો અભ્યાસ કરશો તો તે પણ તમને માર્ગદર્શક બનશે.

(૫) પાંચમા મુદ્દાના ઉત્તરમાં જણાવવાનું કે "આ પ્રવૃત્તિ
પણ પોતાના સંપ્રદાયને પ્રતિષ્ટા આપવાના હેતુથી જ ઉભી કર-
વામાં આવી એમ માનવાને આ પ્રવૃત્તિના રૂપરંગ જોતાં કોઇ
પણ પ્રેરાય તેમ છે." એ પ્રકારના મારા વિધાન સામે વાંધો
ઉઠાવતાં આ રૂપરંગ શું છે તેનો તમે મારી પાસેથી ખુલાસો
માંગો છો. આ પ્રવૃત્તિના મુખ્ય પ્રવર્તક તેરાપંથ સંપ્રદાયના
આચાર્યશ્રી છે. એ આચાર્યશ્રીની આજ સુધીની બધી પ્રવૃત્તિ
પોતાના સંપ્રદાયને પરિપુષ્ટ કરવા તરફ જ કેન્દ્રિત થયેલી છે.
હિંદમાં લોકકલ્યાણની અનેક પ્રવૃત્તિઓ ચાલે છે જેમ કે મદ્ય-
નિષેધ, ગ્રામોદ્યોગ વિકાસ, દુષ્કાળ નિવારણ, પછાત જાતિઓનો
ઉદ્ધાર, અસ્પૃશ્યતા નિવારણ, ખાદી પ્રચાર, કોમી એકતા
તેમજ છેલ્લાં બે વર્ષથી શરૂ થયેલી. ભૂમિદાન પ્રવૃત્તિ
આવી કોઇ પણ પ્રવૃત્તિમાં પોતાના સંપ્રદાયના વર્તુળની બહાર
જઇને તેમણે ભાગ લીધો હોય કે અન્ય કાર્યકર્તાઓને સાથ
આપ્યો હોય એવું જાણવામાં નથી. પ્રજાજીવનમાં નૈતિક શુદ્ધિ
લાવવાને ઝંખતી અનેક શકિતઓ આજે કામ કરી રહી છે,
તેમનો આ પ્રવૃત્તિમાં કોઇ પણ પ્રકારનો સક્રિય સાથ લેવામાં
આવ્યો નથી, અથવા તો તેમના સહકારપૂર્વક આ સંઘ યોજા-
યલો નથી. આજે આ સંઘનું સંચાલન પણ મોટા ભાગે
તેરાપંથીઓ જ કરી રહ્યા છે. વળી સંઘનું નામ સાંપ્રદાયિક
રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત પોતાના સંપ્રદાય સાથે
દેખીતો સીધો સંબંધ ન ધરાવતી જન કલ્યાણની પ્રવૃત્તિ ઉભી

ઉભી કરવી એ પોતા તરફ તેમ જ પોતાના સંપ્રદાય તરફ લોકમાન્ય આગેવાનોને આકર્ષવાની આજના જમાનાની બહુ જાણીતી રીત છે અને આચાર્ય શ્રી તુલસીરામજી જમાનાને બહુ સારી રીતે ઓળખનારા છે, અન્ય જૈનાચાર્યોની અપેક્ષાએ ભારે કુશળ પ્રચારક છે અને પોતાના સંપ્રદાયને તેમણે બહુ થોડા સમયમાં ભારે સંગઠિત બનાવ્યો છે અને તેથી અણુવ્રતી સંઘ ઉભો કરવા પાછળ જનકલ્યાણ સાધવાની વૃત્તિની સાથે સાથે પોતાના સંપ્રદાયની પ્રતિષ્ઠા વધારવાનો આશય રહેલો હોય એવું અનુમાન તદ્દન સ્વાભાવિક છે. તમારે એ સમજી લેવાની જરૂર છે કે આજે સંપ્રદાયના પાંજરામાં પુરાયેલો કોઇ પણ માણસ અને તે પણ જેનું ધ્યેય પોતાના સંપ્રદાયનો ઉત્કર્ષ અને પ્રકર્ષ પહેલો અને બીજું બધું પછી એ પ્રકારનું હોય એવા પ્રમુખ ધર્માચાર્યના સ્થાનને વરેલો માણસ–પછી તેનામાં ગમે તેટલી શકિત કે લોકકલ્યાણની ભાવના હોય તો પણ–સામાન્ય જનતા જેને સ્વીકારે અને અપનાવે એવી નૈતિક કે આધ્યાત્મિક પુનરૂત્થાનની પ્રવૃત્તિનો સ્વામી કે સૂત્રધાર થાય એ શકય કે સંભવિત નથી. મારા ઉપરના વિધાનમાં તમને તેરાપંથ સામેનો મારા દિલમાં રહેલો પૂર્વગ્રહ દેખાય છે. મારા વિષે તમે ગમે તે અભિપ્રાય બાંધી શકો છો, પણ જૈન સમાજના સર્વ સંપ્રદાયને સમભાવે જોવા અનુભવવાનો મારો હંમેશા પ્રયત્ન રહેલો છે અને તેરાપંથ સામે મારા દિલમાં પૂર્વગ્રહ હોત તો તે પંથના આચાર્યશ્રીએ ઉભા કરેલ અણુવ્રતી સંઘની વિગતો આપવા પાછળ પ્રબુધ્ધ જૈનના હું આટલા બધા પાના રોકત નહિ. ઉલટું અન્ય સંપ્રદાયોના અનુયાયીઓમા તેરાપંથ સામે જે ઉંડા પૂર્વગ્રહો બંધાયલા છે તે હળવા કરવા માટે તેમ જ તેરાપંથી સંપ્રદાય દાનદયાનો વિરોધી છે એવી જે ચોતરફ સમજ ફેલાયલી છે તે સમજ નાબુદ કરવા માટે મેં અણુવ્રતી સંઘને આટલી પ્રસિધ્ધિ અને પ્રતિષ્ટા આપવાનું ઉચિત ધાર્યું છે. તમારામાં જો તીવ્ર સંપ્રદાય મમત્વ ન હોત તો આ બાબત તમને સ્પષ્ટપણે માલુમ પડી હોત અને મારા વિષે વિકૃત સંભાવના કરવાને પ્રેરાયા ન હોત.

(૬) તમારા છઠ્ઠા મુદ્દાનો જવાબ મોટા ભાગે ઉપર આવી જાય છે. જો અણુવ્રતી સંઘને લોકવ્યાપી બનાવવો હોય તો તેની રચનામાં તેમ જ પ્રતિજ્ઞાઓમાં મોટા ફેરફારો કરવા જોઇએ એટલું જ નહિ પણ આચાર્ય શ્રી તુલસીરામજીએ સંપ્રદાયના સિંહાસન ઉપરથી નીચે ઉતરીને જનતાના માણસ બનવું જોઇએ, જનતાના સુખદુઃખ સાથે આત્મીયતા દાખવવી જોઇએ, આજે જે રીતે સંતબાલજી કામ કરે છે તે રીતે જનતા વચ્ચે આવીને કામ કરવું જોઇએ. જૈન સમાજ પુરતો જ વિચાર કરવાનો હોય તો જૈન સમાજને આ પ્રવૃત્તિ તરફ આકર્ષવાના બે માર્ગ છે: એક તો જૈન ધર્મના અન્ય અન્ય સંપ્રદાયના પ્રમુખ આચાર્યોને આ સંઘની યોજના તરફ વાળવામાં આવે અને એ રીતે એ સર્વનો સહકાર મેળવીને જૈન સમાજમાં અણુવ્રતી સંઘનું આંદોલન ખૂબ વેગપૂર્વક ચલાવવામાં આવે. પણ આજના સંયોગમાં આ શકય નથી લાગતું. તો પછી બીજો માર્ગ એ છે કે આચાર્યશ્રી તુલસીરામજી તેરાપંથી સંપ્રદાયના મુખ્ય પ્રવર્તકનું સ્થાન છોડી દઇને એક સામાન્ય જૈન સાધુની અદાથી આખા જૈન સમાજનો સંપર્ક સાધે. તમે જાણો છો કે તેરાપંથી સંપ્રદાય સામે જૈન ધર્મના અન્ય સંપ્રદાયના અનેક લોકો હજુ કટ્ટર પૂર્વગ્રહ ધરાવે છે અને તેથી જ્યાં સુધી આચાર્યશ્રી તેરાપંથી સંપ્રદાયના પ્રમુખ આચાર્ય હશે ત્યાં સુધી અન્ય સંપ્રદાયના જૈનો તેમને સમભાવથી જોઇ કે સાંભળી નહિ શકે તેમ જ તેમના વિષે આત્મીયતા અનુભવી નહિ શકે. આ બીજો વિકલ્પ આચાર્યશ્રી માટે શકય હોય અને જૈન સમાજના નૈતિક પુનરૂત્થાનની તેઓ ખ ધરાવતા હોય તો જૈન સમાજમાં અનેક છે કે જેઓ તેમને જરૂર સાથ આપે અને સમાજમાં ખૂબ વેગ પકડે એમ હું ન સંભવ છે કે આમ બનવું પણ શકય ન ક્ષેત્રમાં રહીને તેઓ આજે કાર્ય કરે છે તે નૈતિક પુનરૂદ્ધાર તેમના હાથે થાય તો તે પોતાના સમાજની જ નહિ પણ આખા જૈન અમુક અમુક અંશે આમ જનતાની કાંઇ નાની નહિ ગણાય.

(૭) સાતમા મુદ્દામાં જણાવેલી છતાં તેથી સંઘના સ્વરૂપમાં કશો મહત્વ ... રહ

પત્રના અન્તભાગમાં તમોએ દર્શાવેલી ઉચ્છા મુ ... મારો પત્ર સાથે આ મારો જવાબ પ્રબુદ્ધ જૈનમાં અવકાશે પ્રગટ કરવામાં આવશે. તમારો **પરમાનંદ**"

શત્રુંજય રાણકપુર વગેરે સ્થળોની યાત્રા

તા. ૯–૪–૫૩ ગુરૂવારના રોજ વોર્ડન રોડ ઉપર આવેલા ભુલાભાઇ ઇન્સ્ટીટ્યુટમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી એક સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘના સભ્યો તથા જૈન મહિલા સમાજના સભ્યોને નિમંત્રણ આપવા ... આવ્યું હતું. શરૂઆતમાં રાણકપુરજી, શત્રુંજય, તારંગ ... ત્રણ તીર્થોની ફીલ્મો શ્રી સોલી બાટલીવાળાએ રાણકપુરનું મંદિર મારવાડમાં સાદરી પાસે આ ... ઓની વચ્ચે આવે ... ન્યમાં એક ... શોભે છે જેવી રા ... હિંદુસ્તાનમાં ... ...ત મીનાક્ષીનું ... ...ય દેવાલય છે તેવી રીતે મધ્ય હિંદુસ્તાનમાં આની સાથે ભવ્યતામાં સરખાવી શકાય એવું અન્ય કોઇ ભવ્ય મંદિર અસ્તિત્વ ધરાવતું નથી. તેને લગતી ફીલ્મે રાણકપુરના અદ્‌ભુત નિર્માણનો ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી રોમાંચક પરિચય કરાવ્યો હતો. શત્રુંજયની ફીલ્મ પણ ભારે સુન્દર અને રંગબેરંગી હતી. શત્રુંજયની શિખરાવલિની દીવ્યતાનો આ ફીલ્મ દ્વારા રોચક પરિચય થયો હતો. તારંગાનું પણ એક ફીલ્મના અવશેષ ભાગ દ્વારા આછું દર્શન કરાવવામાં આવ્યું હતું. ત્યાર બાદ રાજસ્થાનની સીમા ઉપર આવેલા જેસલમીર અને જોધપુરની ફીલ્મો બતાવવામાં આવી હતી. ત્યાંના મહાલયોની રોણકનો આ ફીલ્મ દ્વારા સુન્દર ખ્યાલ આવતો હતો. પછી કાશ્મીર તરફ અમારી સ્વારી ઉપડી અને શ્રીનગર, દાલ સરોવર, નિશાત બાગ, શાલીમાર, જેલમ, પહેલગામ વગેરે સ્થળોના સૌન્દર્યનું અમે અનુપાન કર્યું. ત્યાર બાદ કાશ્મીર તેમજ હિંદના અનેક વિશિષ્ટ સ્થળો અને સ્થાનકોની રંગીન છબીઓ–મેજીક લેન્ટર્ન સ્લાઇડ્સ–જોતાં જોતાં અમે એક સ્થળેથી બીજે સ્થળે જાણે કે વ્યોમવિહાર કર્યો હતો. તદ્‌પરાન્ત સ્વીટઝર્લેન્ડના એક શહેરમાં ઉજવાતા વસન્તોત્સવનું અનેક રંગબેરંગી છબીઓ દ્વારા દર્શન કરાવવામાં આવ્યું હતું. આ રીતે દર્શનાતુર સંમિલિત ભાઇ બહેનોનાં લગભગ બે કલાક ખૂબ આનંદ અને ઉન્નત સૌન્દર્યઉપભોગમાં પ્રસાર થયા હતા. વળી આંખો સામે પસાર થતાં ચિત્રપટોની સમજ આપતા શ્રી સોલી બાટલીવાલાએ પોતાના વિનોદ–વાર્તાલાપ વડે આખા પ્રસંગને મનોરંજક બનાવ્યો હતો. શ્રી લીલાવતીબહેન દેવીદાસે શ્રી સોલી બાટલીવાલાનો અને શ્રી મધુરીબહેન દેસાઇનો શ્રી મુંબઇ જૈન યુવક સંઘ અને જૈન મહિલા સમાજના સભ્યોને આવી લગવહ આપવા માટે અને આવો મધુર કાર્યક્રમ રજુ કરવા માટે ઉપસ્થિત ભાઇ બહેનો તરફથી આભાર માન્યો હતો અને મધુર સ્મરણો સાથે સા વિસાર્જન થયાં હતાં.

૪૪ ખીમજી છેડાનો સત્કાર

૩ મંગળવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક
મિતિની સભા તરફથી સંઘના સભ્ય શ્રી
સત્કાર કરવામાં આવ્યો હતો અને તે
ત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રી
ી સામાજિક કાર્યો કરવાની તમન્ના, અખંડ
વાર્થ વગેર ગુણોની પ્રશંસા કરતાં જણાવ્યું
છેડાને જોતાં આપણા મણિભાઇની કાર્યશક્તિનું
સ્મરણ થાય છે. તેમણે આચાર્ય શ્રી વિજયવલ્લભ-
લાખ એકઠા કરવા માટે પ્રતિજ્ઞા ધારી મુદતની પહેલાં
ત ઉઠાવી અને સફળતા મેળવી તે જરૂર
છે, ણ એ કરતાં પણ વધારે યશસ્વી અને
મુંબઇ ન યુવક સંઘની દૃષ્ટિએ વધારે આકર્ષક કાર્ય
તો તેમણે થાણાના ઉપધાન પ્રસંગે દેવદ્રવ્ય લેખે ગણાતી
રૂ. ૬૦૦૦૦ લગભગની આવકને સાધારણ દ્રવ્યમાં પલટાવવાની
જે નવી પરિપાટી ઉભી કરી છે તે છે. આને લીધે
દેવદ્રવ્યને લગતી માન્યતા અને પ્રથમાં મહત્ત્વનો ફેરફાર થશે
અને દેવદ્રવ્યના સંચયને સામાજિક ઉપયોગ તરફ વાળવાની
મુંબઇ જૈન યુવક સંઘની ભાવનાને બહુ થોડા સમયમાં મૂર્ત
સ્વરૂપ મળશે એવી આશા રહે છે." છેવટે તેમને વિશેષ અને
વિજયવળ કારકીર્દી ઇચ્છતાં તેઓ સદા સત્યાભિમુખ
નીને ચાલે અને સાંકડા વર્તુળમાં પોતાની
ન દેતાં ઉત્તરોત્તર વિશાળતર સેવાક્ષેત્ર
રહે અ... ... પરમાનંદભાઇએ
વ્યકત કરી ... મને અનુસરીને ... અન્ય મંત્રી શ્રી.
ટી. જી. શાહે ભા... છેડાનું ભારે ઉમળકાથી સ્વાગત ક...
અને સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહને આર્થિક દૃષ્ટિએ સમૃદ્ધ બનાવવાની જરૂર પ્રત્યે તેમનું ખાસ લક્ષ્ય ખેંચ્યું હતું. શ્રી રતિલાલ ચીમનલાલ ઝોઝારીએ ભાઇ છેડાની અપૂર્વ કાર્યશક્તિ અને ઉત્કટ સેવાભાવના ઘોડક પોતાના કટલાક અનુભવો રજુ કર્યા હતા. સંઘના પ્રમુખ શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆએ ભાઇ છેડા સાથેના દશ બાર વર્ષના પોતાના પરિચયની અને ભાઇ છેડાએ આજ સુધીમાં કરેલ અનેકવિધ સેવાઓની પુષ્કળ વિગતો રજુ કરી હતી. કાર્યવાહક સમિતિનો આભાર માનતાં ભાઇ છેડાએ જૈન સમાજને એકત્ર કરવાની એટલું જ નહિ પણ જૈન સમાજની સામુદાયિક શકિત રાષ્ટ્રને ચરણે ધરવાની પોતાના દીલમાં રહેલી ઉંડી ભાવના વ્યકત કરી હતી, સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહના આર્થિક પ્રશ્નને યોગ્ય સમયે હાથમાં ધરવાની ઇચ્છા વ્યકત કરી હતી અને સંઘની પ્રવૃત્તિઓને વેગ આપવાની દિશાએ પોતાથી બનતું કરતા રહેવાની આશા આપી હતી.

સંઘના સભ્યોને

જે જે સભ્યોએ હજુ સુધી પોતાનું વાર્ષિક લવાજમ રૂ. ૫ ભર્યું ન હોય તેઓ પોતપોતાનું લવાજમ સંઘના કાર્યાલયને પહોંચતું કરે, સંઘના સભ્યો વધારવા માટે તેમજ હવે પછીના પ્રબુદ્ધ જીવન માટે નવા ગ્રાહકો મેળવી આપવા સદા પ્રયત્નશીલ રહે એવી પ્રાર્થના છે. મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

મદ્યનિષેધ ઉપર જૈનાચાર્યનું પ્રવચન

મુંબઇમાં યોજાયેલ મદ્યનિષેધ સપ્તાહના છેલ્લા દિવસની જાહેર સભા મધ્યપ્રદેશના માજી ગવર્નર શ્રી. મંગળદાસ પકવાસાના પ્રમુખપણા નીચે લુહાર ચાલમાં ભરવામાં આવી હતી. આ પ્રસંગે આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ હાજર રહ્યા હતા અને પ્રવચન કરતાં જણાવ્યું હતું કે:—"ધર્મશાસ્ત્રો પોકારી પોકારીને કહે છે કે ખોટી રહેણી કરણી અને ખાણીપીણી મનુષ્યને દુર્ગતિના પંથે ધકકેલે છે. એવો દોષિત મનુષ્ય પોતાનું નુકસાન કરે છે, પોતાના કુટુંબનો નાશ કરે છે, પોતાના સમાજ અને પોતાના રાષ્ટ્રનો ઉચ્છેદ કરે છે. માટે બુરી આદતોને છોડી દો. બુરી આદતોને છોડવી અને છોડાવવી એ દરેકનો ધર્મ છે. મનુષ્યમાં મનુષ્યત્વ હોય તો તેણે મનુષ્યને દુર્ગતિના પંથે લઇ જતી ચીજ વસ્તુઓને છોડવી ઘટે. બુરી આદતો આત્મશકિતનો નાશ કરે છે. આત્મશકિતમાં તારક અને ઉધ્ધારક તત્ત્વ રહેલું છે, તેથી એ તત્ત્વનો બુરી આદતોમાં લપટાઇને નાશ કરશો નહિ. દરેક ધર્મ દારૂનો નિષેધ કરે છે, ત્યારે મને એ પ્રશ્ન થાય છે કે દારૂ આવ્યો કયાંથી? દારૂ એ આપણા દેશનું પીણું નથી, પરંતુ પરદેશીઓએ આપણા દેશની સંપત્તિ અને શારીરિક તાકાત લૂટવા માટે આપણા દેશમાં દારૂના દૈત્યને નાચતો કર્યો છે. હવે જ્યારે આપણા દેશમાંથી પરદેશીઓએ વિદાય લીધી છે તો તેમની સાથે તેમણે આણેલા દારૂ જેવા દાનવી પીણાને પણ આપણે સત્વર વિદાય આપવી જોઇએ. આ બાબતમાં આપણે આપણા મહાપુરૂષ (ગાંધીજી) નું સાંભળતા નથી તો પરમેશ્વરનું તો આપણે શું સાંભળવાના હતા? ગાંધીજીની ટોપી પહેરવી હોય તો ગાંધીજીએ બતાવેલા રસ્તે આપણે ચાલતા શિખવું જોઇએ વગેરે. મદ્યનિષેધની જાહેર-સભામાં વિજય વલ્લભ સુરિ જેવા એક પ્રતિષ્ઠિત જૈન આચાર્યને મદ્યનિષેધ ઉપર પ્રવચન કરતા સાંભળીને આપણું દિલ હર્ષપુલકિત બને છે. જૈન સાધુઓ ઉપાશ્રયની દીવાલો અને અનુયાયીઓના વર્તુળમાંથી બહાર નીકળે, જનતાના પ્રશ્નો અને જનતાની ત્રુટિઓ યથા સ્વરૂપ સમજે, કોઇને પણ ધર્માન્તર કરાવવાની વૃત્તિને તિલાંજલિ આપીને સૌ કોઇને સન્માર્ગે ચાલવાનો અને દુર્વ્યસનોથી મુકત થવાનો ઉપદેશ આપે, અને તેમના સુખ દુઃખ વિષે તાદાત્મ્ય કેળવે તો તેઓ આધુનિક કાળમાં રાષ્ટ્રઉત્થાનના અને સમાજોધ્ધારના કાર્યમાં કેવો સંગીન ફાળો આપી શકે? મદ્યનિષેધ, અસ્પૃશ્યતા નિવારણ, ઘુતબંધી, ખાદી પ્રચાર, ગ્રામોદ્યોગ સંવર્ધન કે ભૂમિ સમર્પણ આવા સામુદાયિક સુધારણાનાં કાર્યોને બને તેટલો વેગ આપવો અને આધુનિક સમાજના અધઃ પતિત નૈતિક સ્તરને ઉંચે લાવવો તે માત્ર કોઇ એક પક્ષનું કે મંડળનું નહિ પણ પ્રત્યેક સમાજશ્રેયલક્ષી સાધુજનનું અવશ્ય કર્તવ્ય છે એ જૈન તેમજ જૈનેતર સાધુ સંન્યાસીઓ સમજે અને સ્વીકારે તો કેવું સારૂં? આ દૃષ્ટિએ મુંબઇમાં યોજાયેલ મદ્યનિષેધના સમારંભમાં સક્રિય ભાગ લેવા માટે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ અભિનન્દનના અધિકારી છે. પરમાનંદ

હવે પછી 'પ્રબુદ્ધ જીવન'

પ્રબુદ્ધ જૈનને શરૂ કર્યાને આ અંક સાથે ૧૪ વર્ષ પુરાં થાય છે. આગળ જણાવ્યા મુજબ મુંબઇ જૈન યુવક સંઘની પાક્ષિક પ્રવૃત્તિના ૧૫ માં વર્ષનો પહેલો અંક 'પ્રબુધ્ધ જૈન' નહિ 'પ્રબુદ્ધ જીવન' ના મથાળાથી પ્રગટ થશે. અને પ્રબુદ્ધ જૈનનો ગ્રાહકો હવે પછીથી પ્રબુધ્ધ જીવનના ગ્રાહકો ગણાશે.

તંત્રી, પ્રબુદ્ધ જૈન

વિષય સૂચિ

ભૂદાન યજ્ઞ અને જૈન સાધુઓ	સન્તબાલ	૧૯૭
'નૂતન ચીન' વિષે શ્રી ઉમાશંકર જોષી		૧૯૮
વૈશાલી : વૈશાલી સંઘ	પરમાનંદ	૧૯૯
અણુવ્રતી સંઘ અને આચાર્યશ્રી તુલસીરામજી		૨૦૧
શત્રુંજય રાણકપુર વગેરે સ્થળોની યાત્રા		૨૦૨ અ
શ્રી ખીમજીભાઇ છેડાનો સત્કાર		૨૦૨-બ
મદ્યનિષેધ ઉપર જૈનાચાર્યનું પ્રવચન		૨૦૨ બ
તત્ત્વ સમુચ્ચય	ગોવરદાસ દોશી	૨૦૩
દિવ્યો દાન	રાજેન્દ્ર શાહ	૨૦૪

'તત્ત્વ સમુચ્ચય'

(સંપાદક ડૉ. હીરાલાલજી જૈન. પ્રકાશક. ભારત જૈન મહામંડળ, વર્ધા. મૂલ્ય રૂપિયા ત્રણ.)

પ્રસ્તુત પુસ્તકમાં જૈન ધર્મનાં આચારરૂપ અને વિચારરૂપ તમામ સારભૂત તત્ત્વોનો સંગ્રહ કરવામાં આવેલ છે. તે જોતાં ગ્રંથનું તત્ત્વસમુચ્ચય નામ યથાર્થ-સાર્થક છે.

નાગપુરવિશ્વવિદ્યાલયે આ ગ્રન્થને પોતાના બી.એ. અને એમ. એ.ના અભ્યાસક્રમ માટે પાઠ્યપુસ્તકરૂપે નિયત કરેલ છે એ જ ગ્રન્થનું મહત્વ માટે ખાસ સૂચક છે.

દિગમ્બરપ્રાચીનગ્રન્થો અને શ્વેતાંબરપ્રાચીનગ્રન્થોમાંથી તે તે વિષયને લગતી અને સ્પષ્ટપણે સમજાવે તેવી અનેક ગાથાઓને ચુંટીને આ ગ્રન્થમાં સંગ્રહેલી છે. બધી મળીને આ સમુચ્ચયમાં એવી છસેં ગાથાઓની સંકલના કરેલી છે.

આમાં કુલ સોળ વિષયોની ચર્ચાને સમાવવામાં આવેલી છે. આ સોળ વિષયોમાં જ ખરી રીતે સમગ્ર જૈન દર્શન અને જૈન આચારપદ્ધતિ સમાઈ જાય છે.

આચાર અને વિચાર એ બે જૈનધર્મનાં પ્રધાન અંગો છે. આચારમાં મુનિધર્મ અને ગૃહસ્થધર્મ આવે છે. અને બન્ને ધર્મની સાધના કરનારે સર્વપ્રથમ પોતાની યોગ્યભૂમિકા તૈયાર કરવી પડે છે. એ માટે તેણે પરીષહોનું સ્વરૂપ, ભાવનાના પ્રકારો, ધ્યાન, ધર્માંગો, ગુણસ્થાનોની ભૂમિકા એ બધું અવશ્ય જાણવું જોઈએ. એ હકીકતને ધ્યાનમાં રાખીને જ સંપાદકે મુનિધર્મ અને ગૃહસ્થધર્મની ગાથાઓ સાથે પરીષહ, ભાવના, ધ્યાન, ધર્માંગ અને ગુણસ્થાનોના સ્વરૂપને સ્પષ્ટ કરનારી ગાથાઓને સંગ્રહેલી છે.

વિચારરૂપ બાજુમાં નયવાદ, સ્યાદ્વાદ અને નિક્ષેપશૈલીનો સમાવેશ કરેલ છે.

જૈનદર્શન જીવ અને જગતનો વિચાર કઇ કઇ બાજુઓ ધ્યાનમાં રાખીને કરે છે અર્થાત એ વિચારમાં કયા સ્વરૂપને શા માટે ગૌણ ગણે છે અને કયા સ્વરૂપને શા માટે પ્રધાન માને છે તે જાણવા સમજવાની દિશા નયવાદ વગેરેની છે.

જૈનદર્શનનું પરમલક્ષ્ય સર્વોદય છે. કોઈ પણ વિચારને કે આચારને સર્વોદયી વિચારશૈલીએ સમજવો તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન વિના મનુષ્યનો વિકાસ રૂંધાય છે. આત્માની દૃષ્ટિએ તમામ દેહીઓ એક સરખા છે એમ જૈનદર્શન કહે છે. છતાં સાથે સાથે તેમાં એવું પણ નિરૂપણ છે કે માનવદેહ દુર્લભ છે, માનવશરીરનું મહામૂલ્ય છે-માનવશરીર વિના પ્રાણી પૂર્ણવિકાસને સાધી શકતો નથી. આ બધી વિચાર-સરણી જોતાં જૈનધર્મની તમામ આચારરૂપ કે વિચારરૂપ યોજના માનવદેહને પોતાનું લક્ષ્ય બનાવે છે. માનવદેહની પાસે દેવદેહ તુચ્છ છે એમ કહેતાં જૈનદર્શન જરા પણ અચકાતું નથી. સમ્યગ્જ્ઞાનપૂર્વકનો સમ્યગ્આચાર માનવદેહ વિના સંભવિત નથી અને સમ્યગજ્ઞાન સર્વોદયલક્ષી અનેકાંતવાદ, નયવાદ કે સ્યાદ્વાદની વિચારશૈલી સ્વીકાર્યા વિના-બરાબર સમજ્યા વિના-શક્ય નથી. આ રીતે જોતાં વિકાસાભિમુખ માનવે કોઇ પણ આચારને કે વિચારને સર્વોદયી વિચારશૈલીએ તપાસવો પરમ આવશ્યક છે. આ સર્વોદયી વિચારશૈલી કહો કે આચારરૂપ સ્યાદ્વાદ વા અનેકાંતવાદ વા નયવાદ કહો એ બધુંય સરખું છે. આચારરૂપ અનેકાંતવાદને ધ્યાનમાં રાખીને પ્રત્યેક વ્યવહાર કે વિચારને તપાસવામાં આવે તો જ તે તે વ્યવહાર કે વિચારનું ખરૂ મૂલ્ય સમજી શકાય અને આવી સમજણ આવ્યા પછી દુરાગ્રહ કે દુરાગ્રહજન્ય સંઘર્ષને મુદ્દલ સ્થાન ન રહે એ દીવા જેવી વાત છે.

અહિંસા એક સત્ તત્વ છે, છતાંય સ્થાંગમાં હોય છે. આવું પ્રત્યક્ષ જોવા જાણવા માત્ર શબ્દ ઉપર જ ચાલનારો તેને બરાબર અને અહિંસાને નામે હિંસાને જ આચરતો પ્રકારે હિંસા એક અસત્ તત્વ છે, છતાંય તે સાપેક્ષે પ્રવર્તવું અનુભવી શકાય છે તો પણ સ્થૂ હિંસાત્મક અહિંસાથી ભડકી ઉઠે છે. આ માટે સ્યાદ્વાદની કે નયવાદની કસોટી વાપરવા જૈન આચારનું પરમ લક્ષ્ય માનવ છે આવે તો અહિંસા હિંસાનો ઝટ ખુલાસો થઇ સર્વોદયનો માર્ગ પણ ખુલ્લો થઇ જાય.

જે વખતે પૂ. મહાત્માજીએ સ્વરાજ્યની સાધના માટે સત્યાગ્રહનો જંગ ઉપાડ્યો તે વખતે વર્તમાન જૈન મુનિઓ કે આચાર્યોમાંનો ઘણો ભાગ એ જંગમાં રહેલી અહિંસાની બાજુને જોઇ જ ન શક્યો. એજ રીતે ખાદી વગેરે ગૃહઉદ્યોગોની બાબતમાં પણ તેઓ માનવસર્વોદયની દૃષ્ટિએ ન વિચારી શક્યા એટલું જ નહીં પણ એ બાબત તેઓ કેટલાકે વિપરીત વિચાર કરી તેમાં હિંસાને ભાળી. અને હજી પણ તેઓ એ જ વિચારી રહ્યા છે અને ભયંકર સર્વઘાતી હિંસાને રહ્યા છે. આટલેથી જ તેઓ અટક્યા નથી સર્વ પ્રકારે સુરત અહિંસક સુધી ગૃહસ્થો મ ાનું એક- પક્ષી કરતા સહ ા નથી.

આચારરૂપ સ્યાદ્વાદ કે નયવાદ ભણી જોર કરવામાં આવે તો તરત જ સમજાઇ જાય કે વર્તમાનમ. જૈનનામથી અલંકૃત મુનિધર્મ વા ગૃહસ્થધર્મ કેટલા અંશે હિંસાની તરફેણમાં છે અને કેટલા અંશે અહિંસાની તરફેણમાં છે?

આચારમાં ઉતારવાની અને ન ઉતારવાની વાત ભલે એક બાજુએ રહે પણ સર્વોદયની દૃષ્ટિએ હિંસાના અને અહિંસાના સ્વરૂપને ઠીક સમજી તો લેવું જોઇએ. સ્પષ્ટ જ્ઞાન હોય તો વ્યક્તિ કે જનસમૂહ છેતરાતો જરૂર બચી જાય.

ખરી રીતે તો સ્યાદ્વાદ કે નયવાદ માત્ર ચર્ચા માટે નથી તેમ કોઇ વાદવિવાદમાં પ્રતિપક્ષીને હંફાવવા માટે પણ નથી. ઘણા સમયથી તેની વિચારણાબાજુ તરફ જ આપણે જોતા આવ્યા છીએ પણ હવે એ સમય આવી પહોંચ્યો છે કે, જ્યારે આપણે આપણું લક્ષ્ય તેની આચારણાબાજુ તરફ કેન્દ્રિત કરવું જોઇએ. તો જ એ સિદ્ધાંત આપણા જીવનને નિર્મળ બનાવી શકશે. નહીં તો शास्त्राणि एव संसारः विदुषां परिकीर्तितः એ વાત બનવાની છે એમાં શંકા નથી.

આ બધું સમજવા અને સમજાવવા સારૂ સંપાદકે આ સંગ્રહમાં નયવાદ, સ્યાદ્વાદ અને નિક્ષેપવાદને ખાસ સ્થાન આપેલું છે. મૂળ ગાથાઓ અને તેના હિન્દી અનુવાદ સાથે સંપાદકે નયવાદનું વિશેષ વિશ્લેષણ કરીને તેની આચારબાજુ સવિસ્તર દાખલાદલીલો આપીને સમજાવી હોત તો નવલોહિયા યુવકોને માર્ગદર્શન મળત અને ગ્રંથનો મહિમા પણ સવિશેષ રીતે વિસ્તાર પામત.

એકજ વસ્તુને જુદી જુદી રીતે વિચારવાની દિશાઓ બતાવવા સંપાદકે માર્ગણાસ્થાનના પ્રકરણને આ સંગ્રહમાં ગોઠવેલું છે. કર્મવાદને સમજવા કર્મપ્રકૃતિનું પ્રકરણ જોડેલું છે અને આ સમસ્ત લોકને સમજાવનારૂં લોકસ્વરૂપનું પ્રકરણ બધા

ખરાનું સ્થાન રોકે છે. આ રીતે સમગ્ર જૈન
જૈન આચારને માત્ર પ્રાચીન ઢબે સંક્ષેપમાં સમ-
ચ્ચય એક ઉપયોગી સાધન છે. હવે પછી
યારે સંપાદકને અમારી વિનંતિ છે કે તેઓ
તમાં પોતાની નૂતનદૃષ્ટિ સપ્રમાણ જરૂર ભેળવે
નવયુવકોને નવીન પ્રેરણાનું નિમિત્ત બને.

સ ઉપયોગિતા અને વિશિષ્ટતા તો આ છે :
ભાઇ હીરાલાલજી બહુશ્રુત છે, જૈનપરંપરાના
પ્રખ્યાત પંડિત છે અને સાથે સાથે અર્વાચીન
ણ ભારે વિશારદ છે. તેઓ એમ. એ. એલ. એલ. બી.
ાણ છે. તેઓ સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યના
જ ડોકટર કહેવાય છે. એમણે જ્ઞાનને
દ્વારા વિચારમાં અને આચારમાં બન્નેમાં પૂર્ણ
તટસ્થભાવ કેળવેલો છે તેથી જ તેમના જીવનના કોઈ ખૂણામાં
પણ સંકુચિતતા કે સાંપ્રદાયિક વ્યામોહનું નામનિશાન સુધાં
નથી રહ્યું. તેમની આ મનોવૃત્તિનો પડઘો આ ગ્રંથમાં આબેહૂબ
પડેલો છે. એમના જીવનવહેણને બરાબર બંધ બેસે એવો તેમનો
આ ખાસો સંગ્રહ છે.

આ સમુચ્ચયમાં એમણે શ્વેતાંબર ગ્રંથોની ગાથાઓને
પણ સંધરેલી છે. દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન જેવાં પ્રાચીન
ગ્રંથોની ગાથાઓને દિગંબર પ્રાચીન ગ્રંથની ગાથાઓ સાથે
મૂકીને વાચનાર જનતાને પડકારી છે કે જુઓ અને
દિગંબરપરંપરામાં અને શ્વેતાંબરપરંપરામાં કયા
કયા પ્રકારનો વાસ્તવિક
ભેદ છે :

દેશદેશના ... ક્માતા હોય, એથી
તે તે દેશની જનતામાં રહેલી માનવતામાં લેશ પણ ફરક નથી
પડતો તેમ દિગંબર ગ્રંથો અને શ્વેતાંબરગ્રંથોમાં કહેવાની કે
વિવેચન કરવાની શૈલી ભલે જુદી જુદી હોય, સાધનાની પદ્ધતિની
કેડીઓ પણ તેમાં વિરોધ બતાવી હોય તેમ છતાં તે બે
પરંપરાઓ વચ્ચે વાસ્તવિક કોઈ જ વિરોધ કે ભેદ નથી. એ
બન્ને પરંપરાઓ પોતાના સર્વોદયલક્ષ્યને વફાદાર રહેતી એક જ
પાટા ઉપર સીધી ચાલી જાય છે. જે સંઘર્ષ છે વા જે વિરોધ
વા ભેદ નજરે ભાસે છે તે બધી પંડિતોની માયા છેઃ—"ગ્રંથ
ગરબડ કરી, વાત ન ખરી કરી" એવાળી વાત છે.

ભાઈ હીરાલાલજી જન્મસિદ્ધ વૈશ્ય અને દિગંબરપરં-
પરાના અનુયાયી હોવા છતાં કેમ જાણે બ્રાહ્મણધર્મને ન વર્યા
હોય અર્થાત એમનો પ્રધાનવ્યવસાય અધ્યયન, અધ્યાપન અને
સંશોધનનો છે. આજ વીશ વરસથી તો હું તેમને આ જ
વ્યવસાયમાં રચ્યાપચ્યા જોતો છું. તેઓ પ્રાચીન પ્રાકૃત અને
અપભ્રંશ ભાષાઓના પણ પંડિત છે. તેમનાં સંશોધનો ભારે
ક્રાંતિ નિપજાવનારા નિવડ્યાં છે. તે વિષેની ચર્ચા દિગંબર પરં-
પરામાં વિશેષ છે. આ બાજુ આપણા ગુજરાતમાં એની ઓછી
જાણ છે.

વૈદિકપરંપરામાં 'સ્ત્રી અને શૂદ્રોને વેદ જાણવાનો અધિ-
કાર નથી' આવો સંકુચિત ભાવ કોઇ એક કમુહૂર્તમાં પેસી
ગયો. આ ભાવની પાછળ જાતિપ્રધાનતાવાદ અને પુરુષપ્રાધાન્ય-
વાદની ભારે અસર છે એ હકીકત કોઇ પણ ઇતિહાસવિદથી
અજાણી રહી શકે એમ નથી.

જૈનધર્મના મૂળ બંધારણમાં જાતિપ્રાધાન્યવાદને મૂળથું
સ્થાન જ નથી. ખરી રીતે તો જૈનધર્મ એની સામે જ પ્રતિપક્ષી
તરીકે ઉભો થયેલ છે. તથા કેવળ આત્મશક્તિને મુખ્ય સ્થાન
આપનારી જૈન પરંપરામાં 'માત્ર પુરુષ જ પ્રધાન છે' એ વાદ
પણ ઘટમાન નથી. તેમ છતાં કોઇ કાળે વૈદિકપરંપરાની અસર
તળે આવી ઘવાયેલી જૈનપરંપરામાં જાતિપ્રધાન્યવાદ અને પુરુષ-
પ્રધાનતાવાદ પણ ઘુસી ગયો અને તે એવો ઘુસી ગયો કે જાણે
તે ધર્મનું અવિભાજ્ય એક અંગ ન હોય તેમ મનાઇ ગયો, જે
આજસુધી ચાલ્યો આવે છે.

આ ઘુસી ગયેલા વિકૃતિરૂપ તે વાદની સામે ડો. હીરાલાલ-
જીએ ભારે ઝુંબેશ ચલાવી છે.

પુરુષપ્રાધાન્યવાદની અસરને લીધે દિગંબરપરંપરામાં
'સ્ત્રી શરીરે મુકિત શકય નથી' એવો વાદ ઘુસી ગયો અને
શ્વેતાંબરપરંપરામાં 'સ્ત્રી દૃષ્ટિવાદ નામના શાસ્ત્રની અધિકારી
નથી' એવો વિચાર ઘુસી ગયો.

જો કે વર્તમાનકાળમાં જૈનપરંપરાની માન્યતા પ્રમાણે
કોઇ પુરુષને પણ મુકિત અસાધ્યવત્ છે તો પછી આવા વાદની
ચર્ચા જ બિનજરૂરી છે તેમ વર્તમાનસમયમાં દૃષ્ટિવાદ નામનું
શાસ્ત્ર જ ઉપલબ્ધ નથી ત્યાં તેના અધિકારી અનધિકારીની
ચર્ચા પણ જરૂરિયાતવિનાની છે. આ બન્ને ચર્ચાઓ મુદ્દાને
બેઠાં કરવા જેવી છે છતાં માત્ર ભ્રમ ભાંગવા પૂરતું આ લખાણ
નિષ્ફળ નહીં નિવડે.

ભાઈ હીરાલાલજીએ દિગંબર પરંપરાના મહામાન્ય શાસ્ત્રોને
આધારે એમ સ્પષ્ટ સિદ્ધ કરી બતાવ્યું છે કે સંયતી સ્ત્રી જેના
આત્મામાં પરમોત્કૃષ્ટ સંયમનું સ્વરૂપ પરિણમ્યું છે તેવી સ્ત્રી
ભલે શરીરે સ્ત્રી હોય છતાં એને માટે મુકિતની રોકટોક હોય નહીં.

તેમનું આ સંશોધન સપ્રમાણ છે અને જૈન માન્યતાને
ખરા અર્થમાં શોભા આપે એવું છે.

સંપાદકે પ્રસ્તુત સંગ્રહને વધુ સરળ બનાવવા તેનો હિંદી
અનુવાદ આપેલ છે. તથા પાછળ ઉપયોગી શબ્દોનો અકારાદિક્રમે
અને અર્થ તથા જ્યાં જ્યાં શબ્દોનો ઉપયોગ થયેલ છે તેનાં
પાનાંનાં અંક સાથે સવિસ્તર કોશ આપેલ છે. ઉપરાંત જે જે
ગ્રંથોનો આ સમુચ્ચયમાં ઉપયોગ કરેલ છે તેમનો પરિચય
પણ આપેલ છે.

આ બધાં સાથે જો નવી દૃષ્ટિએ આ ગ્રંથમાં વિશેષ
પૃથક્કરણસહિત વિવેચન ઉમેરાયું હોત તો સમુચ્ચય સવિશેષ
ઉપયોગી બનત.

સંપાદક અને પ્રકાશક બન્ને આ જાતના ગ્રંથના સંકલન અને
પ્રકાશન માટે ધન્યવાદને પાત્ર છે. **ચંચરદાસ જીવરાજ દોશી**

દિયો દાન

(આજે હિંદભરમાં ચાલી રહેલી ભૂદાનપ્રવૃત્તિને અનુલક્ષીને રચાયલું એક ગીત)

દિયો દાન, દિયો દાન, દિયો દાન
છૂટે ધરાન .....
શરદ કૌમુદ ઉજજવલ આપણ દેશ;
રાહુતણે વળગાડ શામળો વેશ
વગર મુખે પણ ભૂખનું જેને ભાન .....
ઝાઝાં જલને ઉંચી પાળ નવ બાંધો,
ઉશર ભૂમિસહ વહેણ એનાં સાંધો
ડૂબે નહિ, નવ રહે કોઇ વિણપાન .....
અરે હવાની લહો કેવી છે મુકત
વણ બોજ વહે સર્વત્ર એની સંતૃપ્ત
લહર લહર વિતરંત ગંધનું ગાન .....
કોણ પરાયું વળી કોણ પોતાનું ?
બાહુ થકી નહિ મૂલ્ય ચરણનું નાનું
સકલ નેત્રમહિ કરિયે નિજ પહિચાન. .....

રાજેન્દ્ર શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ, ૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

જૈન વર્ષ : ૧૪ : અંક ૧
જીવન વર્ષ : ૧ : ૧

મુંબઈ : ૧ મે ૧૯૫૩ શુક્રવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

વૈશાલી–વિદેહ

(તા. ૨૮-૩-૫૩ ના રોજ ઉજવાયલા વૈશાલી મહોત્સવના અધ્યક્ષસ્થાનેથી પંડિત સુખલાલજીએ કરેલા પ્રવચનનો અનુવાદ)

સજ્જનો !

જ્યારથી વૈશાલી સંઘની પ્રવૃત્તિઓ વિષે થોડું ઘણું પણ મેં જાણવા માંડયું, ત્યારથી તેના પ્રત્યેનો મારો સદ્‌ભાવ દિન-પ્રતિદિન વધતો રહ્યો છે. વિચાર કરતાં મને લાગ્યું કે ઓછામાં ઓછું એકવાર પણ જીવનમાં સંઘની પ્રવૃત્તિઓમાં સીધો ભાગ લેવાય તો સંઘ પ્રત્યેનો મારો સદ્‌ભાવ પ્રગટ કર્યાનો સંતોષ અનુભવાય. સંચાલકો પ્રતિ આદર અને કૃતજ્ઞતા દર્શાવવાનો પણ આ જ માર્ગ મને દેખાયો. એ ભાવનાનો પ્રેરાયો આજે હું અહિં ખેંચાઈ આવ્યો છું.

માનવ માત્રનું તીર્થ

દીર્ઘતપસ્વી મહાવીરની જન્મભૂમિ અને તથાગત બુદ્ધની ઉપદેશભૂમ હોવાને કારણે વૈશાલી વિદેહનું પ્રધાન નગર રહ્યું છે. કેવલ જૈનો અને બૌધ્ધોનું નહિં પણ મનુષ્ય માત્રનું એ તીર્થ બની રહ્યું છે. ઉક્ત બન્ને શ્રમણવીરોએ તે યુગમાં પોતાના ઉપાસકો દ્વારા કરુણા અને મૈત્રીનો જે વારસો માનવજાતિને અર્પણ કર્યો, તેનો કાળક્રમે ભારત અને ભારતની બહાર એટલો વિકાસ થયો છે કે આજે કોઇ પણ માનવતાવાદી મનુષ્ય વૈશાલીના ઇતિહાસ પ્રત્યે ઉદાસીન રહી ન શકે.

માનવજીવનમાં સંબંધો અનેક બંધાય છે. તેમાં ચાર પ્રકારનાં સંબંધો ખાસ ધ્યાન ખેંચનારા છે. રાજકીય, સામાજિક, ધાર્મિક, અને વિદ્યાવિષયક. આમાં પ્રથમના બે ચિરસ્થાયી નથી. બે રાજા કે બે રાજ્યોની મિત્રતા સ્થિર હોતી નથી. બન્ને પરસ્પર શત્રુ હોય તેમાંથી અચાનક મિત્ર બની જાય. એટલું જ નહિં પણ સ્વામી હોય તે સેવક અને સેવક હોય તે સ્વામી થઇ જાય એવુંયે બને. સામાજિક સંબંધ ગમે તેટલો નિકટનો હોય, લોહીનો સંબંધ હોય તોયે એ એકસરખો જળવાઇ રહેતો નથી. બે ચાર પેઢી દૂરના સંબંધીને આપણે ધીમે ધીમે સાવ ભૂલી જઇએ છીએ. એક જ કુટુંબની વ્યક્તિને પણ બહુ દૂર વસવાના કારણે યા આવવા જવાનો વ્યવહાર ન રહેવાને કારણે થોડા સમયમાં ભૂલી જવાય છે. પરન્તુ ધર્મ અને વિદ્યાના સંબંધની વાત અનોખી છે. કોઈ પણ એક ધર્મના બે અનુયાયીઓની ભાષા, જાતિ, દેશ, આદિ તદ્દન ભિન્ન હોય તોયે સહધર્મીપણાનો ભાવ બન્નેને નિકટના સંબંધી બનાવી દે છે. ચીન કે ટીબેટ જેવા દૂર દેશનો કોઈ બૌધ્ધ સીલોન કે બર્માના કોઇ બૌધ્ધને મળશે તો તેને આત્મીયતાનો અનુભવ થશે. ભારતમાં જન્મેલ અને ઉછરેલ મુસલમાન મક્કા મદિનાના મુસલમાન આરબોમાં એકતા અનુભવશે. લગભગ બધા ધર્માનુયાયીઓમાં આ વસ્તુ દેખાય છે. ગુજરાત, રાજસ્થાન, દૂર દક્ષિણ કે કર્ણાટક, કોઈ પણ પ્રાંતનો જૈન આપસમાં મળશે તો બીજી અનેક પ્રકારની ભિન્નતા હોવા છતાં, ભગવાન્ મહાવીરનો સંતાન છે એમ જાણતાં જ કૌટુંબિક ભાવ દાખવશે. ભગવાન્ મહાવીરના અહિંસા પ્રધાન ધર્મનું પોષણ અને પ્રચાર મુખ્યત્વે વૈશાલી-વિદેહમાં થયેલ છે. જે પ્રમાણે કોઇ ચીની કે બર્મી બૌધ્ધ સારનાથ કે ગયાને પોતાનું જ સ્થાન સમજે છે, તે પ્રમાણે દૂર દૂરનો જૈન પણ મહાવીરનું જન્મસ્થાન વૈશાલી કે બિહારના પોતાનું પ્રમુખ તીર્થ સ્થાન સમજે છે. અત્યારે પણ વૈશાલી ને બીજા તીર્થોમાં અનેક મહાવીરના ભક્તજનો જોવા મળે છે. એમને મન વૈશાલી મક્કા યા જેરુસેલમ તુલ્ય છે. આ ધાર્મિક સંબંધ સ્થાયી છે. સૈકાઓ વીત્યા છતાં નથી તે ક્ષીણ થયો કે નથી ભવિષ્યમાં ક્ષીણ થવાનો. બલ્કે જેમ જેમ જનતામાં અહિંસા વિષેની સમજણ અને પ્રચાર વધતાં જશે, તેમ તેમ મહાવીરની જન્મભૂમિ આ વૈશાલી–વિદેહ વિશેષ તીર્થરૂપ બનતું જશે.



૨૮-૩-૫૩

પ્રજ્ઞાચક્ષુ

(રાગ–મલ્હાર)

અંતરમાં આનંદ
જાગે અંતરમાં આનંદ,
ગુંજે આજે રોમરોમમાં
નવું ગીત, નવ છંદ...જાગે૦
આજ વિલાઈ નેણ પરેથી
જગની ઝાકઝમાળ,
દૂર થઇ પાંપણપડદેથી
ઈંદ્રધનુની જાળ;
આંજે ના મુજ નૈન સૂર્ય કે
શશી, તારલાવૃંદ,
રંગલીલા નિરખું નવતેયે
જરી ન મુજને રંજ !...જાગે૦
બિડાયલાં નયણાંએ મેલ્યો
તેજતિમિરનો ભેદ,
અજવાળે આનંદ ન માણ્યો
અંધારે નવ ખેદ;
મનમંદિરકેરા દીપકનું
તેજ નહીં અવ મંદ,
ઝળહળ સઘળું થાય, અહો હું
અંધારે નહીં અંધ !...જાગે૦

મારમાંથી
સાર ઉધ્ધૃત ગીતા કાપડિયા

આપણે પૌર્વાત્ય કીએ. સોક્રેટીસ, પ્લેટો, એરીસ્ટોટલ વગેરે પ્રાશ્ચાત્ય છે. બુદ્ધ, મહાવીર, કણાદ, અક્ષપાદ, વાચસ્પતિ વગેરે ભારતના સપુતોનો યુરોપ અમેરિકા આદિ દેશો સાથે કોઇ સંબંધ નથી. છતાં પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનો ચિરસ્થાયી સંબંધ જોડવામાં કયું મુખ્ય તત્ત્વ કામ કરે છે એમ જો કોઇ પ્રશ્ન કરે તો તુર્ત જવાબ મળશે કે વિદ્યાનું તત્વ. જુદાંજુદા ધર્મના અનુયાયીઓ પણ વિદ્યાનાં સંબંધે એક થઇ જાય છે. લડાઇ, મતાંધતા કે આર્થિક ખેંચતાણ આદિ વિઘાતક તત્ત્વો ભેદભાવનું કામ કરતા હોવા છતાં આ વિદ્યાનો સંબંધ મનુષ્યને મનુષ્ય પ્રતિ આદરશીલ બનાવે છે. આમ જો વિદ્યાનું તત્ત્વ ઉજ્જવલ અને સ્થાયી હોય તો આપણે કહેવું પડશે કે વૈશાલી–વિદેહ અને બિહાર વિદ્યાનું તીર્થધામ હોવાથી સમગ્ર માનવજાતિને એકતાના સૂત્રમાં પરોવવાનું કામ કરશે.

મહાત્મા ગાંધીજીએ અહિંસાની સાધના દક્ષિણ આફ્રિકામાં શરૂ કરી. પરંતુ તે અનોખા ઋષી–શસ્ત્રનો પ્રથમ પ્રયોગ આદર્યો ભારતમાં અને તે ય આ વિદેહની ભૂમિમાં. પ્રજાના આંતર મનમાં સુષુપ્ત પડેલી વારસાગત અહિંસાની ભાવના ગાંધીજીના એક પોકારથી જાગી ઊઠી. અને માત્ર ભારત નહિં પણ સારું યે જગત ચંપારણ–બિહાર તરફ મીટ માંડીને જોઇ રહ્યું. વિદેહની જનતાએ બુદ્ધ કે મહાવીરના સમયમાં જે ચમત્કાર જોયેલો, તે ફરીને ગાંધીજીના સમયમાં આ ભૂમિમાં જ જોયો. બુદ્ધ અને મહાવીરની પાછળ જેમ અનેક ક્ષત્રિયપુત્ર, શ્રેષ્ઠીપુત્ર, બ્રાહ્મણ પુત્ર–પુત્રીઓ ગાંડા થઇને નીકળી પડતાં, તેમ અનેક અધ્યાપકો, વકીલો, જમીનદારો અને સામાન્ય જનતા પણ ગાંધીજીનો પડતો બોલ ઝીલવાને નીકળી પડી. તે યુગમાં જેમ કરૂણા અને મૈત્રી-ભાવનાના પ્રચાર માટે સંઘની રચના કરવામાં આવતી, તેમ ગાંધીજીના સત્યાગ્રહનું સ્વપ્ન સિધ્ધ કરવા તેમને સાથ આપનારાઓનું એક દળ રચાયું, જેમાં વૈશાલી–વિદેહની જનતાનો હિસ્સો ધ્યાન ખેંચનારો હતો. વૈશાલી વિદેહને આજના કાળમાં પણ વિદ્યાનું તીર્થ આ દૃષ્ટિથી હું સમજું છું અને એ રીતે જ વિચારું છું.

પહાડ ઉપર આવેલું આજનું ક્ષત્રિયકુંડ કે જેને મહાવીરની જન્મભૂમિ સમજીને અનેક યાત્રીઓ આવે છે, અને જ્યાં લખીસરાય જંકશન થઇને જવાય છે તેની આજથી છેંતાલીશ વર્ષ પહેલાં કાશીના મારા અધ્યયનકાળ દરમ્યાન સહવિદ્યાર્થીઓ અને જૈન સાધુઓ સાથે મેં પણ પગપાળા યાત્રા કરી હતી. તે મારી બિહારની સર્વપ્રથમ યાત્રા હતી. ત્યાર બાદ ત્રણેક વર્ષ સુધી મિથિલા વિદેહમાં વારંવાર અનેક જુદે જુદે સ્થળે અભ્યાસાર્થે રહેવાનું થયું. આ મારી વિદ્યાયાત્રા હતી. આ છેંતાલીશ વર્ષના ગાળામાં સમય ઘણો બદલાઇ ગયો છે. અનેક સાધનો મોજુદ હોવા છતાં જે વાતો તે સમયે મને નહોતી સમજાઇ તે ઘણીખરી વાતો આજે હું જાણું છું. તે સમયે જે ભાવના માત્ર સાંપ્રદાયિકતાથી જાગેલી તેનો આજે અનુભવ કરી રહ્યો છું. પરંતુ આજે હવે મને ખાત્રી થઇ ગઇ છે કે લિચ્છુઆડના પહાડમાં આવેલું ક્ષત્રિયકુંડ કે નાલંદા પાસે આવેલું બ્રાહ્મણકુંડ તે મહાવીરનું જન્મસ્થાન સાચું ક્ષત્રિયકુંડ નથી. બસાઢ પાસે થયેલા બોદ્ધકાળમાંથી મળી આવેલા પુરાવાઓ જૈન તેમજ બૌદ્ધ પ્રાચીન શાસ્ત્રમાં આવતા ઉલ્લેખો સાથે તેમજ ફાહિયાન હ્યુએનસંગ જેવા પ્રત્યક્ષદર્શી યાત્રીઓએ કરેલા વર્ણનો સાથે એટલા બધા બંધ બેસતા આવે છે કે બસાઢ પાસે આવેલું વાસુકુંડ ગામ તે જ પ્રાચીન ક્ષત્રિયકુંડ એ નિર્વિવાદ સત્ય છે. તે સમયના મારા અજ્ઞાન ઉપર આજે હસવું આવે છે, દુઃખ પણ થાય છે. સાથે સત્ય સમજ્યાનો આનંદ પણ થાય છે.

વિભિન્ન પરંપરાઓમાં એકતા

ભારતમાં અનેક ધર્મપરંપરા છે. બ્રાહ્મણ પરંપરા મુખ્યતયા વૈદિક છે, અને તેની વિવિધ શાખાઓ છે. શ્રમણ પરંપરાની પણ જૈન, બૌધ, આજીવક, પ્રાચીન સાંખ્યયોગ આદિ અનેક શાખાઓ છે. આ બધી પરંપરાઓનાં શાસ્ત્ર, ગુરૂવર્ગ, સંઘ, વગેરેના આચાર વિચારમાં તથા ઉત્થાન પતન અને વિકાસ–હ્રાસમાં એટલી બધી ઐતિહાસિક ભિન્નતા છે કે એક પરંપરામાં જન્મેલી અને તેના જ સંસ્કાર પામેલી વ્યકિત બાહ્ય રૂપે અન્ય પરંપરાઓનાં મૂળમાં રહેલી વાસ્તવિક એકતાને જોવા નથી પામતી. સામાન્ય વ્યકિત હંમેશા ભેદપોષક બાહ્ય આચારમાં જ ફસાએલી રહે છે. પણ તત્વચિંતક અને પુરૂષાર્થી વ્યકિતને ભાષા, આચાર, કે સંસ્કાર વગેરે બાહ્ય સાધનો સત્ય સમજવામાં આડે નથી આવતા. નિર્ભયતાપૂર્વકના ઊંડા ચિંતનમનનથી તે આંતરિક એકતાની સત્યતા સમજે છે. માનવચેતના આખરે માનવચેતના જ છે, પશુચેતના નહિં. જેમ જેમ ચેતના ઉપરનું આવરણ હટતું જાય છેતેમ તેમ માનવ અધિકાધિક સત્ય દર્શન પામે છે.

આપણે સાંપ્રદાયિક દૃષ્ટિએ મહાવીર, બુદ્ધ કે ઉપનિષદ્‌ના ઋષિઓને ભિન્નભિન્ન સમજીએ છીએ. પણ તાત્વિક દૃષ્ટિએ વિચારીએ તો બધાનાં મૌલિક સત્યમાં શબ્દભેદ સિવાય કોઇ ભેદ નથી. મહાવીર મુખ્યત્વે અહિંસાને અનુલક્ષી ઉપદેશ આપે છે. બુદ્ધ તૃષ્ણાત્યાગ અને મૈત્રીને પ્રધાનપદ આપી પોતાનો સંદેશો સમજાવે છે. તો ઉપનિષદ્‌ના ઋષિઓ અવિદ્યા-નિવારણના ચિન્તન ઉપર વધારે ભાર આપે છે. આ બધી એક જ સત્યના પ્રતિપાદનની જુદી જુદી રીતીઓ છે, જુદી જુદી ભાષા છે. જ્યાં સુધી માનવમાં તૃષ્ણા હશે ત્યાં સુધી તે અહિંસાને સાધી શકવાનો નથી કેમકે તૃષ્ણાત્યાગનું જ બીજું નામ અહિંસ છે. અને અજ્ઞાન દૂર થયા વિના નથી અહિંસા સિદ્ધ થવાની કે નથી તૃષ્ણાનો ત્યાગ થઇ શકવાનો. ધર્મપરંપરા ગમે તેવી હો, પણ સાચી ધર્મપરંપરા હોય તો તેનું મૂળ તત્ત્વ કયારે પણ બીજી ધર્મપરંપરાથી ભિન્ન ન હોઇ શકે. મૂળ તત્ત્વની જુદાઇનો અર્થ એ થાય કે સત્ય એક નથી. બધા ઋષિ મુનિઓએ કહ્યું છે કે સત્યનો અવિષ્કાર અનેક પ્રકારે હોઇ શકે પણ સત્ય તો સત્ય એક અને અખંડ છે. છપ્પન વર્ષના મારાં અધ્યયન અને ચિન્તન પછી હું એ નિર્ણય ઉપર આવ્યો છું કે પંથભેદ ગમે તેટલા હો પણ બધાના મૂળમાં સત્ય એક છે. આ ભાવનાને આજે હું આ મહાવીર જયન્તીના બાહ્ય મહોત્સવમાં ભાગ લઇ રહ્યો છું. મહાવીર જયન્તીને હું મહાવીરની અહિંસાસિદ્ધિની જયન્તી સમજું છું. અને અહિંસા સિદ્ધિની જયન્તીમાં અન્ય મહાપુરૂષોની સદ્‌ગુણસિદ્ધિ આપોઆપ સમાઇ જાય છે. વૈશાલીને આંગણે ઉભા રહીને આપણે આ વ્યાપક ભાવનાની પ્રતીતિ જો ન કરી શકીએ તો આપણા જયન્તીઉત્સવો નવ યુગની નવીન માંગણીને કદી પહોંચી શકવાના નથી.

રાજ્યસંઘ અને ધર્મસંઘ

વૈશાલીઅભિનંદ ગ્રંથ અને અન્ય પત્રિકાઓ દ્વારા વૈશાલીની પ્રાચીન ઐતિહાસિકતા વિષે એટલું બધું પ્રસિદ્ધ થઇ ચુકયું છે કે તે માટે વિશેષ નું કહેવા જેવું રહ્યું નથી. ભગવાન મહાવીરનું જીવનચરિત્ર પણ અભિનંદ ગ્રંથમાં આવી ગયું છે. તેથી મારે અત્યારે જે કંઇ કહેવાનું છે તે ભગવાન મહાવીર વિષે નહિં, પણ એમના જીવન ઉપરથી ફલિત થતી ચોકકસ વાતો વિષે કે જે હાલના સમયમાં આપણને તુરન્ત ઉપયોગી થાય. મહાવીરના સમયમાં વૈશાલી અને બીજા પણ ગણરાજ્યો હતા, જે તત્વતઃ

પાક રાજ્ય જ કહેવાય. પરંતુ તેમની દૃષ્ટિ પોતપોતાના ગણ–સમુદાય–પુરતી મર્યાદિત હતી. તે પ્રમાણે જૈન, બૌધ, આજીવક આદિ ધર્મપરંપરાઓની દૃષ્ટિ પણ પોતાના સંઘ પુરતી મર્યાદિત રહેતી. સમસ્ત ભારતવ્યાપી આજનો ભારત સંઘ તે પ્રાચીન ગણરાજ્યનું વિકસિત રૂપ છે. જે એક પ્રકારે અહિંસાનો જ રાજકીય વિકાસ છે. આની સાથે પ્રાચીન ધર્મ-સંઘોનો પણ તો જ મેળ બેસે, જો બધા ધાર્મિક સંઘો પોતાના સંકુચિત વાદો છોડીને, માનવતાવાદ રૂપ એક સંઘદૃષ્ટિ નિર્માણ કરી તદનુસાર આચરણ કરે. ભારતનું રાજ્યતંત્ર વ્યાપક રૂપે એક તંત્રપણે ચાલે અને ધાર્મિક સંઘો પોતાની જરીપુરાણી રીતે અલગ ચોકાવાદ રાખીને ચાલે એ હવે બની શકવાનું નથી. કેમકે રાજ્યસંઘ અને ધર્મસંઘ બન્નેનું પ્રવૃત્તિક્ષેત્ર તો આખરે એક અખંડ ભારત છે. આ પરિસ્થિતિમાં જો સંઘરાજ્યનો વિકાસ સાધવો હોય, જનકલ્યાણ કરવું હોય તો ધર્મસંઘના માંધાતાઓએ પણ વ્યાપક દૃષ્ટિએ વિચારવું જોઇશે. એમ નહિં કરે તો તેઓ પોતાના ધર્મસંઘને તો પ્રતિષ્ઠિત કે જીવિત નહિં રાખી શકે પણ સાથે ભારત સંઘરાજ્યને પણ જીવિત નહિં રહેવા દે. આપણે પ્રાચીન ગણરાજ્યની સંઘદૃષ્ટિ અને પ્રાચીન પંથોની સંઘદૃષ્ટિનો આજના યુગ સાથે એવી રીતે સમન્વય સાધવો જોઇએ જેથી ધર્મસંઘો જીવિત રહી શકે, વિકાસ સાધે, અને ભારતસંઘ પણ સ્થિર થાય.

ભારતસંઘનું બંધારણ અસામ્પ્રદાયિક છે. કોઇ એક ધર્મનો પક્ષપાત તેમાં નથી. નાના મોટા દરએક પંથ પોતપોતાનો વિકાસ સાધવાને સ્વતંત્ર છે. રાજ્યની નીતિ આવી ઉદાર છે તો પ્રત્યેક ધર્મસંઘની પણ ફરજ છે કે તે સમગ્ર જનતાનું હિત દૃષ્ટિ સન્મુખ રાખી રાજ્યને સુદૃઢ બનાવવાનો પ્રયત્ન કરે. કોઇ પણ લઘુમતી યા બહુમતી એવો વિચાર કે કાર્ય ન કરે જેથી રાજ્ય કે પ્રાન્તની શક્તિ નિર્બલ બને. આ ત્યારે બની શકે કે જ્યારે દરેક ધાર્મિક સંઘના પ્રમુખ નેતાઓ, ગુરૂઓ કે અનુયાયીઓ સંકુચિત દૃષ્ટિએ પોતાના પંથ પુરતો વિચાર ન કરતાં વ્યાપક દૃષ્ટિ કેળવે.

ધર્મપરંપરાઓનો પુરાણો ઇતિહાસ આપણને આ શિખવે છે. ગણતંત્ર કે રાજતંત્ર આપસ આપસમાં લડીને એવા નિર્બળ પડી ગયા કે વિદેશીઓને ભારત ઉપર શાસન કરવાનો મોકો મળી ગયો.

ગાંધીજીની અહિંસાદૃષ્ટિએ આ ભૂલ સુધારવાનો પ્રયત્ન કર્યો. પરિણામે આજે સત્તાવીશ પ્રાન્તોના સમુહનું એકકેન્દ્રિય સંઘરાજ્ય સ્થપાયું. જેણે દરએક પ્રાન્તની પ્રજાનું હિત જાળવવાની અને બહારના હુમલાઓથી રક્ષણ કરવાની જવાબદારી ઉપાડી છે. હવે ધર્મ પરંપરાઓએ પણ અહિંસા, મૈત્રી, અને અભયભાવનાના આધાર પર એવું વાતાવરણ જમાવવું જોઇએ કે જેમાં એક પરંપરા અન્ય પરંપા ઉપર આવેલા સંકટને પોતા ઉપરનું જ સંકટ સમજે, તેને નિવારવા પોતાની સમગ્ર શક્તિ ખર્ચવા તૈયાર હોય. ઇતિહાસ દ્વારા આપણે જાણીએ છીએ કે પહેલાં આ પ્રકારની મૈત્રી ભાવના આપણે ન કેળવી, તેના ફલસ્વરૂપે કોઇ વખતે એક તો કોઇ વખતે બીજી પરંપરા બહારના આક્રમણનો ભોગ બની. અને બધી ધર્મ પરંપરાઓની સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક સંપત્તિને વત્તા ઓછા પ્રમાણમાં સહન કરવું પડયું. સોમનાથ, રૂદ્રમહાલય કે ઉજ્જયિનીના મહાકાલ તથા કાશી આદિના વૈષ્ણવ કે શૈવ ધામ ઉપર સંકટ આવ્યું ત્યારે જો અન્ય પરંપરાઓએ મરણાંત સાથ આપ્યો હોત તો તે સ્થાનો બચી જાત. ન બચત તો પણ હુમલાખોરોનું જોશ જરૂર નરમ પડી જાત. સારનાથ, નાલન્દા, ઉદન્તપુરી, વિક્રમશીલા વગેરે ઉપર આવેલી આફતને જો અન્ય પરંપરાઓ પોતા ઉપરની જ આફત સમજ્યા હોત તો બખ્તિયાર ખીલજી કદી તેનો નાશ ન કરી શકત, કે પાટણ, તારંગા, સાચોર, આબુ, ઝાલોર વગેરેના શિલ્પસ્થાપત્યપ્રધાન જૈન મંદિરો કદી નષ્ટ ન થાત. સમય બદલાયો છે. આપણે આ ઐતિહાસિક ઘટનાઓ ઉપરથી પાઠશીખવાનો છે.

સાંસ્કૃતિક અને ધાર્મિક સ્થાનોની સાથે અનેક જ્ઞાનભંડારોનો પણ નાશ થયો. હવે જો પુરાણી સંકુચિત દૃષ્ટિ આપણે બદલવી હોય તો નીચે લખ્યા મુજબ કાર્ય કરવું જોઇએ.

(૧) દરેક પરંપરાએ અન્ય પરંપરા પ્રત્યે એવા આદરપૂર્વક વર્તવું જોઇએ કે જેવા આદરની આપણે તેમના તરફથી અપેક્ષા રાખતા હોઇએ.

(૨) આને માટે વિદ્વાનો અને ગુરૂવર્ગે આપસમાં મળવા હળવાના પ્રસંગો ઉપસ્થિત કરવાં અને ઉદાર દૃષ્ટિથી વિચારોની આપ લે કરવી. જ્યાં એકમતી ન થાય ત્યાં વિવાદમાં ન ઉતરતાં સહિષ્ણુતા દાખવવી. સાંસ્કૃતિક અને ધાર્મિક અભ્યાસ એવી રીતે વિકસિત કરવો કે જેથી એક પરંપરા અન્ય પરંપરાથી સર્વથા અનભિજ્ઞ ન રહે કે તેના મન્તવ્યોનો વિપરીત અર્થ ન કરે.

આને માટે મહાવિદ્યાલય જેવા અનેક વિશ્વવિદ્યાલય ઉભા થયા છે, જેમાં ઇતિહાસ અને તુલનાત્મક દૃષ્ટિથી ધાર્મિક શિક્ષણ અપાય છે. પણ આપણા દેશમાં હજારો એવી નાની મોટી શિક્ષણશાળા, પાઠશાળાઓ છે જ્યાં માત્ર સામ્પ્રદાયિક દૃષ્ટિથી એકાંગી શિક્ષણ અપાય છે. આના પરિણામે ધાર્મિક ગુરૂઓ અગર પંડિતો અને સામાન્ય જનતા એક એવી જુદી દુનિયામાં જીવી રહ્યા છે જેને લીધે બધી ધર્મપરંપરાઓ નિસ્તેજ અને મિથ્યાભિમાની બની ગઇ છે.

મૂળ હિંદી : પંડિત સુખલાલજી
અપૂર્ણ અનુવાદક : મૈનાબહેન

નામ પરિવર્તન વિષે નાપસંદગી

શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ : પોતાના એક લાંબા પત્રમાં નામ પરિવર્તનનો સખ્ત વિરોધ કરે છે અને આ ફેરફારમાં લોકપ્રિયતા પ્રાપ્ત કરવાનો મોહ નિહાળે છે અને પરિણામે નાનું ધ્યેય છુટી જશે અને વિશાળ ધ્યેયને પહોંચી નહિ શકાય એમ 'બગડે બે' જેવું થવાનો ભય સેવે છે.

જૈનોની એકતા ઉપર આચાર્યશ્રીનું જાહેર વ્યાખ્યાન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા ૩–૪–૫૩ રવિવાર સવારના ૯ વાગ્યે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વ્યાખ્યાનમંડપમાં યોજાયલી જાહેર સભામાં આચાર્યશ્રી વિજયવલ્લભ સૂરિ 'જૈનોની એકતા' એ વિષય ઉપર વ્યાખ્યાન આપશે.

વિષયસૂચિ

		પૃષ્ઠ
વૈશાલી–વિદેહ	પંડિત સુખલાલજી	૧
પ્રજ્ઞાચક્ષુ	ગીતા કાપડિયા	૧
'પ્રબુધ્ધ જૈન'માંથી 'પ્રબુધ્ધ જીવન'	તંત્રી	૪
નામપરિવર્તનને આવકારતા સંદેશાઓ અને પત્રો		૫
એકતા તરફ જૈન સમાજના આગેકદમ	પરમાનંદ	૭
શ્રી મુંબઇ જૈન યુવક સંઘના બંધારણમાં કરવામાં આવેલા ફેરફાર		૮
હિંસાશકિત, દંડશકિત અને લોકશકિત.	વિનોબા, ભાવે	૮

'પ્રબુદ્ધ જૈન'માંથી 'પ્રબુદ્ધ જીવન'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંચાલિત પાક્ષિક પ્રબુદ્ધ જૈન આજે ૧૪ વર્ષ પુરાં કરીને ૨૫માં વર્ષમાં પ્રવેશ કરે છે. આજ સુધી આ પાક્ષિક 'પ્રબુધ્ધ જૈન'ના નામથી ઓળખાતું હતું; હવે પછી તેને પ્રબુધ્ધ જીવનના નામથી ઓળખવામાં આવશે. આ સંબંધમાં મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ કરેલો ઠરાવ નીચે મુજબ છે.

"જે સર્વોદયલક્ષીઅને સર્વસ્પર્શી દૃષ્ટિ વડે પ્રબુધ્ધ જૈનનું સંપાદન કરવામાં આવે છે તે ધ્યાનમાં લેતાં પ્રબુધ્ધ જૈન તરફ વિશાળ જનસમાજ આકર્ષાય તે હેતુથી આગામી મે માસની પહેલી તારીખથી હાલનું 'પ્રબુધ્ધ જૈન' નામ બદલીને 'પ્રબુધ્ધ જીવન' એ મુજબ રાખવાનું ઠરાવવામાં આવે છે."

તદનુસાર આ અંક 'પ્રબુધ્ધ જીવન'ના મથાળાથી પ્રગટ કરવામાં આવે છે.

આ નામપરિવર્તનને કેટલીએક દિશામાં તર્કવિતર્કો પેદા કર્યા છે. શું પ્રબુધ્ધ જૈન પોતાનું નામ બદલીને જૈન સમાજનો ત્યાગ કરવા માંગે છે અને તે સમાજને સ્પર્શતા પ્રશ્નોને તિલાંજલિ દેવા માંગે છે? આના જવાબમાં જણાવવાનું કે જ્યાં સુધી આ પત્ર મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર છે ત્યાં સુધી આવી શંકાને અવકાશ જ હોઈ ન શકે. આજ સુધી પ્રબુદ્ધ જૈન જે રીતે જૈન સમાજમાં ઉપસ્થિત થયેલા અને ઉત્તરોત્તર ઉપસ્થિત થતા પ્રશ્નોની ચર્ચા કરતું આવ્યું છે અને સ્પષ્ટ અને સમ્યક્ માર્ગદર્શન કરાવતું રહ્યું છે એ જ પરંપરાને પ્રબુદ્ધ જીવન વફાદારીથી વળગી રહેશે. પણ સાથે સાથે એ પણ સમજી લેવાની જરૂર છે કે પ્રબુદ્ધ જૈને પ્રારંભથી તે આજ સુધી કદિ પણ માત્ર કોઇ એક ફોમ કે સંપ્રદાયની મર્યાદા સ્વીકારી નથી. જ્યાં સુધી આપણા રાષ્ટ્રને આઝાદી પ્રાપ્ત થઇ નહોતી ત્યાં સુધી તે આઝાદીનું પ્રખર અને નિડર સમર્થન એ પ્રબુદ્ધ જૈનનું મુખ્ય ધ્યેય હતું અને રાજકારણી પ્રશ્નોની અને નવનવીન ઘટનાઓની ચર્ચા અને તત્સંબંધે માર્ગદર્શન પ્રબુદ્ધ જૈનનું એક મહત્ત્વનું અંગ હતું. અર્થકારણ, સમાજકારણ, ધર્મ, તત્ત્વજ્ઞાન, ફોમી એકતા, ખાદી તથા ગ્રામોદ્યોગ તેમજ સાંપ્રદાયિક નહિ એવી અહિંસા–આવા અનેક વિષયોને મૌલિક રીતે સ્પર્શતા લેખો પ્રબુદ્ધ જૈનમાં નિયમિત રીતે પ્રગટ થતા રહ્યા છે અને તેથી જ પ્રબુદ્ધ જૈન અન્ય ફોમી સામાયિકોથી જુદું તરી આવ્યું છે અને ફોમી નામાભિધાન છતાં બીનફોમી સામાયિકની તેણે પ્રતિષ્ટા પ્રાપ્ત કરી છે. પ્રબુદ્ધ જૈન માત્ર જૈન સમાજનું જ નહિ પણ વિશાળ જનસમાજનું એક લોકપ્રિય પાક્ષિક બન્યું છે એમ મારો આજ સુધીનો અનુભવ કહે છે.

આમ હોવાં છતાં પણ સાથે સાથે મને એમ પણ માલુમ પડયું છે કે સંઘની કાર્યવાહક સમિતિના ઠરાવમાં જણાવ્યું છે તેમ પ્રબુદ્ધ જૈનની ગમે તેટલી સર્વોદયલક્ષી અને સર્વસ્પર્શી દૃષ્ટિ હોય અને તદનુરૂપ તેનું સંપાદન હોય તો પણ માત્ર સાંપ્રદાયિક નામાભિધાન હોવાના કારણે વિશાળ જનસમાજને તે જોઇએ તેટલું આકર્ષી શકતું નથી, જૈનેતર ગ્રાહક દુનિયામાં તેમ જ સાર્વજનિક વાચનાલયોમાં તે જોઇએ તેટલો પ્રવેશ પામી શકતું નથી અને તે જ કારણે વિશાળ સમાજને સ્પર્શીને કાર્ય કરતા કેટલાએક ચિન્તકો, વિચારકો, વિદ્વાનો સાથે સીધો સમાગમ હોવા છતાં તેમની પાસેથી પ્રબુદ્ધ જૈન માટે લેખો મેળવવાનું શકય બનતું નથી. જૈન સમાજના પ્રશ્નોથી જ મર્યાદિત ન રહેતાં રાષ્ટ્રના અને વિશાળ જગતના પ્રશ્નોને પહોંચી વળવાનો અને દિન પર દિન ઉદ્ભવતી અવનવી વિશ્વની અને રાષ્ટ્રની સમસ્યાઓ પરત્વે જનતાને સાચી દૃષ્ટિ–સમ્યક્ માર્ગદર્શન–આપવાનો પ્રબુદ્ધ જૈનનો પ્રારંભથી મનોરથ હતો. આ જ મનોરથની પરિપૂર્તિ અર્થે પ્રબુધ્ધ જૈન આજે પોતાનું નામ બદલીને પ્રબુદ્ધ જીવનના નવા નામથી પ્રગટ થાય છે. આથી જૈન સમાજમાં પ્રબુદ્ધ જૈને જે સ્થાન અને પ્રતિષ્ટા પ્રાપ્ત કરેલ છે તેને લેશ માત્ર ક્ષતિ પહોંચવા સંભવ નથી. નવાપરિવર્તનથી વિશાળ જગતમાં પોતાનું સ્થાન જમાવવાની તે ઇચ્છા સેવે છે. તેમાં તે કેટલી સફળતા મેળવે છે તે તો ભાવીએ નકકી કરવું રહ્યું.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના થયાને આ પચ્ચીશમું વર્ષ ચાલે છે અને આગામી વર્ષમાં પોતાનો રજતમહોત્સવ ઉજવવાનો સંઘના સંચાલકો મનોરથ સેવે છે. આવા પ્રસંગે ૧૪ વર્ષથી એક સરખી રીતે પ્રગટ થઇ રહેલા પ્રબુદ્ધ જૈનનું નામપરિવર્તન કરવાનો સંઘ નિર્ણય કરે એ સંઘની દૂરદર્શિતા, સાહસિકતા અને સમય સંયોગો સાથે બદલાતા રહેવાની તત્પરતા સૂચવે છે અને એ માટે એ સંઘના સહકાર્યકર્તાઓને ધન્યવાદ ઘટે છે. આ પાક્ષિક પ્રવૃત્તિનાં તંત્રીસ્થાને સંઘના આદ્યસંચાલક અને પ્રમુખ કાર્યકર્તા સ્વ. મણિલાલ મોકમચંદ શાહ હોવા છતાં વચગાળાનો દોઢેક વર્ષનો સમય બાદ કરતાં તેના સંપાદનની ધૂરા વહન કરવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે અને તેથી તેના આજ સુધીના વિકાસનો હું સતત સાક્ષી રહ્યો છું. આ સંપાદનકાર્યમાં તેમની પ્રેરણા અને સહકાર મને અનેક રીતે ઉપયોગી અને માર્ગદર્શક નીવડેલ હતો. એ સાથ અને સહકારથી થોડા સમય પહેલાં નીપજેલા તેમના અવસાનના કારણે હું વંચિત બન્યો છું.એમ છતાં પણ મને પ્રતીતિ છે કે તેઓ અદૃષ્ટ રીતે જે સંપાદનનીતિના અમે જે આજ સુધીના ઘડનાર હતા તે સંપાદન નીતિ ઉપર સુદૃઢપણે ચાલતા રહેવાનું બળ અને પ્રેરણા મને આપતા રહ્યા છે અને રહેશે અને આ નામપરિવર્તનને પણ તેઓ જરૂર આવકારશે.

આ નામપરિવર્તન એક નાની છતાં મહત્વની ઘટના છે. આ ઘટનાને આવકારતા અનેક શુભેચ્છાપત્રો મને મળ્યા છે જેમાંના કેટલાક આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યા છે. આ શુભેચ્છાપત્રોએ મારા ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરી છે; મારી શ્રદ્ધાને દૃઢીભૂત કરી છે.

અન્તમાં પ્રબુદ્ધ જીવનને જૈન તેમજ જૈનેતર જનતા અન્તરથી આવકારે, અપનાવે, રાષ્ટ્રના સમર્થ ચિન્તકો અને પ્રજાસેવકો જે લોકસંગ્રહ અને સત્યની ઉપાસનાને લક્ષ્યમાં રાખીને આ પાક્ષિક પ્રવૃત્તિ આજ સુધી ચલાવવામાં આવી છે તેને ધ્યાનમાં લઇને પોતાના લેખોદ્વારા રાષ્ટ્ર અને વિશાળ સમાજને સ્પર્શતા અનેક પ્રશ્નો વિષે સાચી સમજ આપતા, અને પોતપોતાના મનન અનુભવને પ્રતિબિંબિત કરતા રહે. જૈન વિદ્વાનો અને વિચારકો આ પ્રબુધ્ધ જીવન તેમનું પોતાનું જ છે એમ સમજીને ચર્ચાઓ અને વિવેચનોદ્વારા જૈન સમાજને સાચું માર્ગદર્શન કરાવતા રહે અને સાથે સાથે જે ગંભીર જવાબદારીનું એક તંત્રી તરીકે હું વહન કરી રહ્યો છું તેને પહોંચી વળવાયોગ્ય નમ્રતા, નિડરતા, સત્યાભિમુખતા અને લોકૈષણા મારામાં સદા પ્રજ્જ્વલિત રહે એજ અન્તરની અભ્યર્થના અને પ્રાર્થના !

તંત્રી, પ્રબુધ્ધ જીવન

નામપરિવર્તનને આવકારતા સંદેશાઓ અને શુભેચ્છાપત્રો

શ્રી દીલ્હીથી કાકાસાહેબ કાલેલકર : સ્વરાજ્ય ચલાવવાની જવાબદારી જે સમાજ કે રાષ્ટ્રને માથે આવી તેનું જીવન 'પ્રબુદ્ધ જીવન' હોવું જ જોઈએ. એ પ્રબુદ્ધ જીવનની સર્વોદયલક્ષી અને સર્વસ્પર્શી દૃષ્ટિ અનેક રીતે ખીલવવું નિયતકાલિક વિશાળ જનસમાજ માટે વધુ ને વધુ આકર્ષક થવાનું જ.

વિશિષ્ટ કામની સેવા કરવાના હેતુથી સ્થાપન થયેલું આ નિયતકાલિક હિંદુસ્તાનના આવા નિયતકાલિકોમાં પોતાની જુદી જ ભાત પાડતું આવ્યું છે. તેથી આ વિશેષ આદરને પાત્ર છે.

અને હવે તો આપણું જીવન કેવળ ભારતનો જ વિચાર નથી કરતું. પણ ચારે ખંડના માનવસમાજનો વિચાર કરે છે. એટલે 'પ્રબુદ્ધ જૈન'નું આ નવું પ્રસ્થાન બધી રીતે આવકાર-પાત્ર છે. શ્રી પરમાનંદભાઇ જેવા સંપાદક જેને મળ્યા તે જૈન સમાજને અભિનંદન ઘટે છે.

મુંબઇથી શ્રી કેદારનાથજી : મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સતત ચૌદ વર્ષ સુધી પ્રસિદ્ધ થઈ રહેલા 'પ્રબુદ્ધ જૈન'ની મે માસથી પંદરમી સાલ શરૂ થાય છે. હવે તેનું પહેલું નામ બદલીને તે 'પ્રબુદ્ધ જીવન' નામથી પ્રસિદ્ધ થવાનું છે એ ખબર આપ તરફથી મળતાં મને સહજપણે આનંદ થયો. 'પ્રબુદ્ધ જૈન' જો કે એક કોમી ધાર્મિક નામથી ચાલતું હતું તો પણ તેના ચાલકોની દૃષ્ટિ કેવળ જૈન સમાજના જ હિતપર નહિ રહેતાં તેમાં સર્વજનના કલ્યાણની દૃષ્ટિએ લેખો લખવામાં આવતા હતા. કેવળ નામના કારણથી પણ જે સંકીર્ણતા જેવું દેખાતું હતું તે પણ મુંબઇ જૈન યુવક સંઘે દૂર કરી છે. તો તે નવા નામને શોભારૂપદ અને ઉચિત એવી મહાન સર્વહિતની દૃષ્ટિ વડે 'પ્રબુદ્ધ જીવન' ચલાવવામાં આવશે એવો મને ભરોસો છે.

મુંબઈ સરકારના મજુરસચિવ શ્રી. શાંતિલાલ હરજીવન શાહ : 'પ્રબુદ્ધ જૈન' નામ બદલીને તારીખ ૧ લી મેથી 'પ્રબુદ્ધ જીવન' નામ રાખવાનું નક્કી કર્યું છે તે યોગ્ય થયું છે. જે વિશાળ દૃષ્ટિથી સામાજિક અને બીજા પ્રશ્નોની 'પ્રબુદ્ધ જૈન' ચર્ચા કરતું હતું તે જોતાં, 'જૈન' શબ્દમાંથી સૂચિત થતી મર્યાદા એના કાર્યક્ષેત્રને માટે વધુ પડતી સાંકડી લાગતી હતી. 'જૈન' ને બદલે 'જીવન' શબ્દ મૂકવાથી, જીવનના વિશાળ પ્રશ્નો એ જે રીતે સ્પર્શે છે એ જોતાં, તેનું એ નવું નામકરણ યોગ્ય બનશે. ટુંકી મુદ્દાસરની શૈલી અને મૌલિક સ્વતંત્ર વિચારો એ 'પ્રબુદ્ધ જીવન'નું વિશિષ્ટ લક્ષણ રહેલું છે, અને રહેશે. સમાજના ઘડતરમાં આ પ્રકારના ઉચ્ચ કોટિના પત્રોની જરૂર છે. 'પ્રબુધ્ધ જીવન' એ જરૂરીઆત પુરી પાડશે.

મુંબઇથી શ્રી પોપટલાલ ગોવીંદલાલ શાહ :

આપનું પ્રબુધ્ધ જૈન જ્યારે જ્યારે વાંચવાનો સમય મળે છે ત્યારે મને તેમાંથી ઉત્સાહ અને જ્ઞાન પ્રાપ્ત થાય છે. હવે પ્રબુદ્ધ જીવનનું અસાંપ્રદાયિક નામ ધારણ કરવાને પ્રસંગે તમને અને જૈન યુવક સંઘને અભિનંદન આપું છું.

આપણા દેશમાં વિભાજક તત્ત્વો ધર્મ, સંપ્રદાય, પક્ષ, ભાષા વગેરે અનેક બહાના નીચે દૃશ્યમાન થાય છે અને છેલ્લાં થોડાંએક વર્ષોથી તો અતિશય પ્રમાણમાં ગતિમાન થતાં જાય છે. તેને નિર્મૂળ કરવાની ઘણી આવશ્યકતા છે. મારા છેલ્લા પૃથ્વીપર્યટનથી આ વિચારને પ્રબળ રીતે સમર્થન મળ્યું છે. જાપાનમાં શિન્ટો ધર્મ, બૌદ્ધ ધર્મ અને ક્રિસ્ચાઈ ધર્મના અનુયાયીઓ દેશને માટે એક થઈ શકે; અંગ્રેજ, જર્મન, ફ્રેંચ, સ્વીસ, ડેનીશ, સ્પેનીશ વગેરે અન્ય દેશોમાંથી આવેલી અનેક પ્રજાઓ પોતપોતાના પ્રાદેશિક અને સાંસ્કૃતિક લાભો છોડીને સકળ અમેરીકન પ્રજાનું એકત્વ સાધી શકે; જર્મન, ફ્રેંચ, ઇટાલીયન અને રોમાનીઝ એવી ચાર જુદી જુદી ભાષાઓ બોલનારી સ્વીસ પ્રજામાં રાજકીય એકતા સાધી શકાય; ટર્કી જેવા રૂઢિપ્રધાન દેશમાં યૂરોપીય પહેરવેશ અને પધ્ધતિનો સ્વીકાર થાય, ફેઝટોપીનો બહિષ્કાર થાય, બીનધર્મી પોષાક પહેરીને મૂલ્લાંઓ મસ્જીદોમાં કુરાન વાંચે અથવા બાંગ પુકારે. તેવા સમયમાં આપણે પણ આપણા દેશની એકતા સાધવાને માટે નાની વાતો ભૂલી જતાં શીખવું જોઇએ. સંકુચિત વાતાવરણમાંથી છૂટીને હિંદમાતાની અને સમગ્ર સમાજની સેવાના આદર્શો સેવવાનું કામ અત્યારે સૌથી અગત્યનું છે. મારી ખાત્રી છે કે આ આદર્શો સિધ્ધ કરવામાં, તેમજ સત્યશોધનમાં અને દેશની પ્રગતિના માર્ગશોધનમાં આવશ્યક આંતરધાર્મિક-આંતરપ્રાદેશિક-આંતરદેશીય-અને આંતરરાષ્ટ્રીય-દૃષ્ટિબિંદુ પ્રાપ્ત કરવામાં પ્રબુધ્ધ જીવન તમારા સંપાદકત્વ નીચે જરૂર સફળ થશે.

કોસાનીથી સ્વામી આનંદ : તમારા તરફથી પ્રબુદ્ધ જૈનનું નામ બદલવા અંગેનો પરિપત્ર મળ્યો છે. તે અંગે તમને અને તમારા સંઘને મુબારકબાદી મોકલું છું.

કેદારથી ડા. ભૂલચંદજી : આપના મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ચાલતા પાક્ષિકનું નામ 'પ્રબુદ્ધ જૈન' બદલીને પ્રબુધ્ધ જીવન' રાખવાનો નિર્ણય કર્યો તે ઉચિત છે. જૈન સંસ્કૃતિના સિધ્ધાન્તો એટલા વિશાલ અને વ્યાપક છે કે તે સિધ્ધાન્તોને જૈન શબ્દો સાથે જોડીને સીમિત કરવા તે ઠીક નથી.

કલકત્તાથી બેંગોલ પ્રદેશ કોંગ્રેસ કમીટીના મંત્રી શ્રી વિજયાસિંહ નહાર : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત પ્રબુધ્ધ જૈનનું નામપરિવર્તન કરવાનો આપે જે ઠરાવ કર્યો અને પરિણામે 'પ્રબુદ્ધ જૈન' 'પ્રબુદ્ધ જીવન' નામથી નવું રૂપ ધારણ કરીને આપના સંપાદકત્વ નીચે પ્રકાશિત થવાનું છે તે સમયોચિત છે. 'પ્રબુદ્ધ જૈન' જે રૂપમાં અને જે ઉદ્દેશ ધ્યાનમાં રાખીને પ્રકાશિત થતું આવ્યું છે તેથી માલુમ પડે છે કે પ્રબુદ્ધ જીવન કેવળ નામપરિવર્તન છે, રૂપપરિવર્તન નથી.

જૈન ધર્મ અહિંસક ક્રાંતિપૂર્ણ છે. ત્યાગ, અહિંસા અને સત્યની ઉપર આ ધર્મના અનુયાયી સમાજે ચાલવું જોઇએ, પણ આ વાત આપણે ભૂલી ગયા છીએ. ઉપર ઉપરનું આચરણ રહી ગયું છે અને અન્તરમાં મેલ જામી ગયો છે. આપણે ફરીથી આપણું જીવન સાચા જૈનના તરીકાથી સંપ્રદાયવાદથી મુકત બનીને સર્વવ્યાપી કરવાનું છે. આમ હોવાથી પ્રબુદ્ધ જીવન આ બાજુએ આપણું જ્ઞાન વધારે અને કાર્યમાં સહાયતા આપે એવી આશા રાખું છું.

ખીમેલ સર્વોદય કેન્દ્રથી શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા : નવા વર્ષથી પ્રબુધ્ધ જૈન હવે પ્રબુદ્ધ જીવનનું અસાંપ્રદાયિક નામ ધારણ કરીને પ્રકાશિત થશે એ જાણીને હું ખૂબ પ્રસન્નતા અનુભવું છું. એ નિર્ણય માટે મુંબઇ જૈન યુવક સંઘ અભિનંદનપાત્ર છે.

'પ્રબુદ્ધ જૈન' આમ પણ પોતાનું સાંપ્રદાયિક નામ ધારણ કરતું હોવા છતાં પણ સાંપ્રદાયિકતાનું સદા વિરોધી રહ્યું છે, પોતાની દેખરેખ તથા સંચાલનમાં તેણે હંમેશા રાષ્ટ્રીય હિતને સામે રાખીને રાષ્ટ્રીય એકતા વધારવાની તમન્ના સેવી છે. ગુણથી તો એ શુધ્ધ જ હતું પણ નામથી પણ હવે શુધ્ધ

બનીને તે સર્વોદયના લક્ષ્યની તરફ સમાજ તેમ જ રાષ્ટ્રને પ્રવૃત્ત કરવામાં સફલ બને એવી પ્રભુને પ્રાર્થના છે.

કલકત્તાથી શ્રી ભંવરમલ સિંઘી : 'પ્રબુધ્ધ જૈન' નું નામ બદલીને 'પ્રબુધ્ધ જીવન' એવું નામ સ્વીકારી રહ્યા છો તે જાણીને ખૂબ પ્રસન્નતા અનુભવી. આમ પણ પ્રબુદ્ધ જૈનમાં આપ જે વિચારો પ્રગટ કરી રહ્યા હતા તેમાં કોઇ પણ પ્રકારની સંકીર્ણ દૃષ્ટિ હતી જ નહિ. નામમાં 'જૈન' શબ્દ હોવા છતાં પણ વાસ્તવમાં પ્રબુદ્ધ જનોનું જ પત્ર રહ્યું છે. હવે નામમાંથી પણ આપે જૈન શબ્દ કાઢી નાંખીને અને તેની જગ્યાએ જીવન શબ્દ રાખીને આપે એક બહુ જ ઉચિત પગલું ભર્યું છે. વિચાર તથા દૃષ્ટિ તો આપના પત્રની બિલકુલ અસાંપ્રદાયિક રહી જ છે. નામ પણ અસાંપ્રદાયિક હોય એ તદ્દન સમીચીન છે. આ નામપરિવર્તનના અવસર ઉપર આપની યોજનાને હું સફલતા ઇચ્છું છું.

મુંબઇથી શ્રી. ડુંગરશી ધરમશી સંપત : પ્રબુદ્ધ જૈન જેવું સાંપ્રદાયિક નામ ત્યજી પ્રબુદ્ધ જીવન જેવા સાર્વજનિક નામને તો સૌ કોઇ વધાવી લે. શ્રી. પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે કે પ્રબુદ્ધ જીવનનું આંબાનું વૃક્ષ વાંચનારાઓને સદા મધુર રસ ચખાડતું રહે.

ન્યુદીલ્હીથી રાષ્ટ્રીય મહાસભાના મુખ્ય મંત્રી શ્રી. બળવંતરાય મહેતા: પ્રબુદ્ધ જૈનને પ્રબુદ્ધ જીવન બનાવો છો અને જે વિશાળ ભાવનાથી આજ સુધી તમે એનું સંચાલન કર્યું છે તે ભાવનાને અનુરૂપ નામ પણ આપો છો તે જોઇને આનંદ થયો. ગુજરાતી સાહિત્ય અને સમાજની તમે જે સેવા કરી રહ્યા છો તેથી હંમેશા મને આનંદ થયો છે. પ્રજાંઘડતરના કાર્યમાં આ પત્ર કિંમતી હિસ્સો આપી રહ્યું છે. ભવિષ્યમાં પણ તે ચાલુ રહેશે એવી શ્રધ્ધા છે.

ભાવનગર ધરશાળાના પ્રમુખ શ્રી હરભાઇ ત્રિવેદી: મારાં અનેક અભિનન્દનો ! 'પ્રબુદ્ધ જીવન' ઘણું જીવો અને ગુજરાતને ઉજાળો! હવે તમે જ્યારે પણ કહેશો ત્યારે કાંઇક લખીશ. (હરભાઇની ખુશાલીમાં મારો સૂર પણ પૂરાવું છું. ગિરીશ ભટ્ટ)

પારણ કિલ્લોલ કેળવણી મંડળ વતી તે સંસ્થાના અધિષ્ઠાતા શ્રી પુનમચંદ શાહ : આપના પાક્ષિકની સંપાદનનીતિનો અમને પરિચય છે જ, અને નામ પ્રબુદ્ધ જૈન હોવા છતાં એમાં આવતું લખાણ નિષ્પક્ષી, સર્વોદયલક્ષી અને વ્યાપક દૃષ્ટિવાળું જ જોયું છે. આમ છતાં યે સાંપ્રદાયિકતાની અજાણતાં પણ ઝાંખી કરાવતું નામ બદલીને 'પ્રબુદ્ધ જીવન' રાખવાનું ઠરાવ્યું છે એથી ખૂબજ આનંદ થાય છે. બને કે હવે એની ગ્રાહકસંખ્યામાં પુરતો વધારો થાય અને એનો વાચક વર્ગ પણ ખૂબ વધે, નવા નામ સાથે પંદરમાં વર્ષમાં પ્રવેશ કરતા આપના મુખપત્રને અમારાં સહુની શુભેચ્છા પાઠવું છું.

આંબલા ગ્રામદક્ષિણા મૂર્તિના મુખ્ય સંચાલક શ્રી મનુભાર્ઇ પંચોલી : 'પ્રબુદ્ધ જૈન' 'પ્રબુદ્ધ જીવન' રૂપે પલટાય છે. તે જાણી આનંદ થયો. તે સહજ છે. નાનું હોયને પણ વ્યાપક કામ કેમ અમી પહોંચાડે છે તેનો 'પ્રબુધ્ધ જૈન' નમુનો છે.

ભાવનગરથી શ્રી ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની: પ્રબુદ્ધ જૈને ધાર્મિક સામાજિક અને રાષ્ટ્રીય ક્ષેત્રોના વિધવિધ પ્રદેશોમાં સર્વાંગીણ વિકાસ માટે બીનસાંપ્રદાયિક પરંતુ વિશદ અને વિશાળ ધાર્મિક દૃષ્ટિએ, સર્વદેશીય સમાજના નૈતિક ઉત્થાન માટે અન્ય જૈન જૈનેતર સામયિકોના મુકાબલે જે ભવ્ય અને અપૂર્વ સાધના કરેલ છે અને વિચ વાણીસ્વાતંત્ર્યની પ્રગતિમાં નિડરતાથી હિંમતભે તે જે પ્રકારે આગળ બધી રહેલ છે તે ધ્યાનમાં લ. જૈન'નું નવું નામકરણ કરવા બદલ તે પત્રના સંચાલક હાર્દિક ધન્યવાદ અને અભિનંદ પાઠવું છું.

માંડલથી શ્રી. રતિલાલ મફાભાઇ શાહ : કોઇપણ ધર્મની મહત્તા તેના સંખ્યાબળ કે આંખને આંજી નાખનારાં ભવ્ય ક્રિયાકાંડો પર અવલંબતી નથી, પણ જનતાનું નૈતિક ધોરણ ઉંચું ચડાવવામાં તથા સંકુચિત અને રૂઢ માન્યતાઓમાં અટવાઇ પડેલી જનતાને જાગૃત કરી એને જીવનની વિશાળ દૃષ્ટિ તરફ વાળવામાં એણે કેટલો ફાળો આપ્યો છે એ પર છે, અને આ દૃષ્ટિએ પ્રબુદ્ધ જૈને પોતાના ઉગમકાળથી જ આ આ દૃષ્ટિબિંદુને ધ્યાનમાં રાખી ઉમદા ધોરણ પ્રસ્થાપિત કર્યું હતું અને આપત્તિઓ પણ બળપૂર્વક ટકાવી રાખ્યું હતું. આજે તો એણે પણ એક ડગલું એથીયે આગળ ભર્યું છે. જો કે શરૂઆતમાં તો એણે જૈન સમાજની શુદ્ધિ-વિકાસ અર્થે જન્મ લીધો હતો, પણ હવે એ નવી દૃષ્ટિ પામેલા યુવકોની સહાયથી વિશાળ જનતાની સેવા અર્થે 'પ્રબુધ્ધ જીવન' રૂપે પુનર્જન્મ ધારણ કરે છે, જે આપણા માટે એક આનંદ અને ગૌરવની વાત છે. જે સમાજની સેવાનું વ્રત લઇ એણે જીવનની શરૂઆત કરેલી એ આજે અન્ય સમાજો માટે નડતો 'નામ' નો નાનો અંતરાય દૂર કરી વિશાળ સમાજની સેવા કરવા તરફ પ્રયાણ કરે છે એથી એ પોતાના મૂળ સમાજની ઉપેક્ષા કરે છે એમ નથી, ઉલટું એ એને ગૌરવ આપે છે. કારણ કે 'વિશ્વની સેવાનું વ્રત' એ એને મળેલો વારસો ગણાય છે. એથી સહેજે જ 'પ્રબુદ્ધ જૈન' અભિનંદન અને ઊંડી સહાનુભૂતિને પાત્ર બને છે, આપણે આશા રાખીએ કે 'પ્રબુદ્ધ' જીવન પણ લીધેલા નવા વ્રતને અનુરૂપ વિશાળ જનતાના દિલમાં સ્થાન મેળવી સૌના આદરને પાત્ર બનશે.

બગસરાથી શ્રી લાલચંદ વોરા : 'પ્રબુદ્ધ જૈન' વર્ષોથી અમે સંસ્થાના સહકાર્યકરો અને મિત્રો વાંચતા અને હોંશથી પ્રચારતા આવ્યા છીએ. જૈન યુવક સંઘના બંધારણ અને તેની સાર્વજનિક પ્રવૃત્તિઓ વિષે પણ ઘણું માન રહ્યું છે.

પણ સાથોસાથ 'પ્રબુધ્ધ જૈન' જેવું એક પ્રાણવાન વિચારો રજુ કરતું રાષ્ટ્રિય પત્ર આ રીતે સાંપ્રદાયિક નામ શા માટે જાળવી રાખે છે એ સમજાતું નહોતું.

આખરે તંત્રીએ તો ઠીક, પરંતુ યુવક સંઘની કાર્યવાહક સમિતિએ સર્વાનુમતે નામ પરિવર્તન સ્વીકાર્યું તેથી આનંદ થાય છે.

'પ્રબુદ્ધ જીવન' દીર્ઘાયુ થાઓ એ પ્રાર્થના!

મુંબઇથી શ્રી ચુનીલાલ કામદાર : 'પ્રબુદ્ધ જૈન' પાક્ષિક 'પ્રબુધ્ધ જીવન' માં પરિણમી વ્યાપકસ્વરૂપ ધારણ કરે છે-એમ કહેવા કરતાં 'પ્રબુધ્ધ જૈન' તેના નૈસર્ગિક ભાવસ્વરૂપને અનુરૂપ નામસંસ્કરણ રૂપ ધારણ કરે છે તેમ કહેવું વધુ વ્યાજબી ગણાય. શ્રી પરમાનંદભાઇ જેવા વ્યાપક ભાવનાશીલ પુરૂષનું વર્ષોનું તપ જે પત્રની પાછળ હોય તે પત્ર કોઇ દિવસ કોમી હોઇ શકે નહીં. 'પ્રબુદ્ધ જૈને' જે ખ્યાતિ, લોકપ્રિયતા અને સંસ્કારસિદ્ધિ પ્રાપ્ત કરી છે તે વ્યાપક નામધારી કેટલા પત્રોએ મેળવી છે ? હવે 'પ્રબુદ્ધ જીવન' ઉત્તરોત્તર વધુને વધુ સંસ્કાર-સમૃદ્ધિ વહેવડાવી, માનજીવનની ઉત્તુંગ ભાવનાને જાગૃત કરી માનવસમાજને કર્તવ્યશીલતાપ્રતિ પ્રેરતું રહેશે. મુંબઇ જૈન યુવક સંઘને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી શ્રી પરમાનંદભાઇએ જે જે ઉત્તમ સિધ્ધિઓ સાધી લોકસમાજમાં જાગૃતિ ફેલાવી છે તેમાં 'પ્રબુદ્ધ જીવન' પત્રદ્વારા વિશાળતાને વધુ અવકાશ રહેવાનો; 'પ્રબુધ્ધ

જીવન' જૈન જૈનેતરો માટે સમાન દ્રિવાદાંડી બની રહે એ ભાવના ! વિચારસંસ્કૃતિ દ્વારા આચારબળ કેળવવાનું વર્તમાન ભારતનું 'પ્રબુદ્ધ જીવન' શ્રેષ્ઠ કોટિ પૈકીનું એક પત્ર બનવાનું એ નિશ્ચિત હકીકત છે; 'પ્રબુધ્ધ જીવન'પત્રની સર્વાંગી સફળતા પ્રાર્થું છું.

અમદાવાદથી પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડીઆવાળા શ્રી વાડીલાલ ડગલી : તમે પ્રબુદ્ધ જૈનનું પ્રબુધ્ધ જીવન કર્યું તે મને ગમ્યું. જૈનમાં જીવન આવ્યું તે ઠીક જ થયું.

વડોદરાથી ડા. ત્રીભુવનદાસ લહેરચંદ શાહ : પ્રબુદ્ધ જૈનના નામપરિવર્તનને હું આવકારું છું અને તે માટે હું મારી અંતઃકરણ પૂર્વકની શુભેચ્છા પાઠવું છું.

(વિષેષ સંદેશાઓ અને શુભેચ્છાપત્રો આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે. તંત્રી)

એકતા તરફ જૈન સમાજના આગેકદમ

હમણાં મુંબઇ શહેરના જૈન સમાજમાં એક પછી એક એવી ઘટનાઓ બની રહી છે કે જૈન સમાજને એક બનાવવાના વર્ષોથી મહેચ્છા સેવતા અને તે દિશાએ થઇ શકે તેવો પ્રયત્ન કરી રહેલા અને એમ છતાં સામાન્યત; નિરાશા અનુભવતા કેટલાએક જૈન કાર્યકર્તાઓનું દિલ સહજપણે નવો આશાવાદ અને આનંદમયતા અનુભવે. કેટલાએક દિવસ પહેલાં મુંબઇ શહેરમાં મહાવીર જયન્તી ઉજવવામાં આવેલી જેના પ્રમુખસ્થાને મુંબઈ સરકારના મજુરસચિવ શ્રી શાંતિલાલ શાહ હતા. આ જયન્તી સમારંભમાં જૈન સમાજના બધા ફિરકાઓનાં ભાઇ બહેનોએ પુર્વે કદી નહિ જોયેલી એટલી મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ તરફથી મધ્યમ વર્ગના ઉધ્ધાર માટે ફંડ શરૂ કરવામાં આવ્યું હતું જેમાં તે વખતે પાંચ લાખ રૂપીઆ ભરાઇ ચુકયાની જાહેરાત કરવામાં આવી હતી. આ ફંડમાં અન્ય વિભાગના ભાઇઓએ ઠીક ઠીક ફાળો આપ્યો હતો અને સૌથી વધારે આનંદજનક તો એ હતું કે તે ફંડમાં રૂા. ૧૦૦૦૦ જેટલી મોટી રકમ એક તેરાપંથી શ્રીમાન સોહનલાલજી દુગડે ભરી હતી. આ એક ભારે સુખદ ઘટના ગણાય.

થોડાએક દિવસ પહેલાં મુંબઇના તેરાપંથી સમાજ તરફથી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના નવા વરાયલા પ્રમુખ શ્રી પોપટલાલ રામચંદ શાહનું બહુ ભાવભર્યું જાહેર સન્માન કરવામાં આવ્યું હતુ અને એ સન્માનમાં બધા ફિરકાના આગેવાનોએ ભાગ લીધો હતો અને પ્રસંગોચિત એકતાસમર્થક ભાષણો કર્યા હતા. આપણુ એક નવીન જ ઘટના હતી.

એ જ તેરાપંથી સમાજના આગેવાન સદ્‌ગત પુલચંદ કસ્તુરચંદના પૌત્ર ઝવેરી મોતીચંદ હીરાચંદે પોતાના નિવાસ-સ્થાન 'પુલચંદ નિવાસ'માં શ્વે. મૂ. સમાજના આચાર્યપ્રવર શ્રી વિજયવલ્લભ સૂરિને ગયા શનીવારે (તા. ૨૫-૪-૫૩ના રોજ) નિમંત્રણ આપ્યું હતા અને સાત દિવસ બહુ ભકિતભાવપૂર્વક રાખ્યા હતા, એટલું જ નહિ પણ તા. ૨૬-૪-૫૩ રવિવારના દિવસે આચાર્યશ્રીનું એ જ તેરાપંથી સમાજ તરફથી જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. એક સંપ્રદાયનો સમુદાય અન્ય સંપ્રદાયના એક મુખ્ય આચાર્યને નોતરે અને આવા આચાર્ય એ નિમંત્રણ સ્વીકારીને પધારે અને વ્યાખ્યાન આપે આ પણ આગળના સમયમાં ભાગ્યે જ બની હોય એવી એક ઘટના હતી. આ સભામાં પણ જૈન સમાજના અનેક આગેવાનોએ ભાગ લીધો હતો; ફિરકાભેદ ભુલી જઇએ અને એક બનીને રહીએ એ ભાવનાને પોષક ભાષણો થયાં હતાં અને તે પ્રસંગે આચાર્યશ્રીએ સામાન્યતઃ આપણી કલ્પનામાં ન આવે તેવી એકતાની બળવાન પ્રરૂપણા કરી હતી. તે જ અરસામાં સ્થપાયેલ ચોપાટી જૈન મંડળ (જેમાં ચોપાટી ઉપર વસતો કોઇ પણ જૈન સભ્ય થઇ શકે છે) નું આચાર્યશ્રીએ અભિવાદન કરતાં જણાવ્યું હતું કે "જેમાં કશા પણ ફીરકાભેદનો ઉલ્લેખ નથી એવા આ મંડળનું હું સ્વાગત કરું છું અને તેનો અખંડ વિકાસ થાય એવો હું આશીર્વાદ આપું છું. આપણે ફીરકાભેદને ભુલી જવો જોઇએ; આપણાં મંડળો પણ ફીરકાભેદને મીટાવીને પોતાનો લાભ બને તેટલો વિસ્તૃત સ્વરૂપે આપે અને એ રીતે પોતાના નામમાંથી પણ ફીરકાભેદનો ઉલ્લેખ કાઢી નાંખે એ ઇચ્છવાયોગ્ય છે. કારણ કે આપણે બધા એક જ દેવ ભગવાન મહાવીરના અનુયાયી છીએ, ઉપાસક છીએ. તેમણે આપણને ભેદ શિખવ્યો નથી; એકતાનો ઉપદેશ આપ્યો છે. ધર્મના મૂળ તત્વ ત્રણ છે: દેવ, ગુરૂ અને ધર્મ. તેમાં દેવ તો સૌના એક છે. ગુરૂઓ જુદા જુદા અને તેથી ધાર્મિક આચાર જુદા. આને લીધે જાણે કે દેવ પણ જુદા જુદા એવી ભ્રાન્તિ ઉભી કરવામાં આવી છે અને શ્વેતાંબર મૂર્તિપૂજક શ્વે. મૂ. મંદિરને પોતાનું ગણે છે અને દિગંબર મંદિરને અન્યનું ગણે છે અને એમજ દિગંબર જૈનોની બાબતમાં બને છે. પણ વાસ્તવિક રીતે વિચારીએ તો જે ભગવાનની મૂર્તિ શ્વે. મંદિરમાં છે તે જ ભગવાનની મૂર્તિ દિગંબર મંદિરમાં છે. એકના સાધુ વસ્ત્રધારી છે: અન્યના સાધુ વસ્ત્રવિહીન છે. પણ મુળ આગમો જોઇએ તો બંને પ્રકારના સાધુઓને સંમત કરવામાં આવ્યા છે. એકને સ્થવીરકલ્પી અને અન્યને જિનકલ્પી તરીકે ઓળખવામાં આવ્યા છે. એક વિભાગ મૂર્તિદ્વારા મહાવીરને ભજે છે; અન્ય વિભાગ ધ્યાન ચિન્તનદ્વારા એજ મહાવીરને ભજે છે. સ્થાનક એટલે ઉપાશ્રય હોય તો સ્થાનક તો બધાય પક્ષો ધરાવે છે તો અમુકને સ્થાનકવાસી અને અન્યને બતર એમ આપણે કેમ ભેદ પાડી શકીએ ? તેરાપંથી એટલે ભગવાનના અનુયાયી એમ અર્થ થતો હોય તો કોણ જૈન તેરાપંથી નથી ? આમ આપણે સ્યાદ્વાદ, અનેકાન્ત, સર્વ સમન્વયની દ્રષ્ટિએ જોઇશું વિચારીશું તો અમુક જૈન મારો અને અમુક જૈન પારકો એમ નહિ લાગે, અને ઉપર ઉપરના ભેદ હોવા છતાં પાયાની સમાનતા ધરાવતા, એક જ ઇષ્ટદેવના આરાધક, આપણે સૌ ભાઇઓ છીએ, કુટુંબી છીએ, એવો અનુભવ થયા વિના નહિ રહે. આ જ રીતે આપણે વિચારીએ, જે ગુરૂ આપણને એક થવા તરફ પ્રેરે તેનું બહુમાન કરીએ, જે આચાર આપણને એક બનાવે તેનો વિશેષ આદર કરીએ, અને જુદાઇ ભેદ ભાવ, ઉંચા ઉતરતા એ બધું ભુલી જઇએ. હાથ પાંચ આંગળીઓનો બનેલો છે. પ્રત્યેક આંગળી પોતપોતાના સ્થાને ઉપયોગી છે અને સાથે સાથે પાંચેના સહકાર વડે હાથ પોતાનું કામ કરી શકે છે. આ જ રીતે જૈન સમાજે આ જમાનામાં ટકવું હોય, સ્વપરનું શ્રેય સાધવું હોય, જગતને જૈન ધર્મનો સંદેશો પહોંચાડવો હોય તો ફીરકાભેદ ભુલી જઇને આખા જૈન સમાજે એક બનવું જોઇએ, સંગઠિત થવું જોઇએ. આ જ દ્રષ્ટિએ તેરાપંથી ભાઇઓનુ નિમંત્રણ મેં સ્વીકાર્યું છે અને તેમણે યોજેલી સભામાં હું ઉપસ્થિત થયો છું." એક વિભાગના પ્રમુખ આચાર્ય તરફથી એકતાની આવી પ્રેરક પ્રરૂપણા ભાગ્યે જ આગળ ઉપર સાંભળવા મળી હશે. આવું એકતાનું વાતાવરણ ઉભું કરવામાં નિમિત્ત બનનાર તેરાપંથી સમાજ પણ જરૂર ધન્યવાદને પાત્ર છે.

આમ એકતા તરફ આપણને લઇ જતી એક પછી એક આવકારદાયક ઘટના બની રહી છે. થોડા સમય પહેલાં દિગંબર આગેવાન શ્રીમાન શ્રેયાંસપ્રસાદ જૈનને ત્યાં બધા ફિરકાના કેટલાએક આગેવાનો એકઠા થયા હતા અને વિશ્વમાન્ય બને એવું તેમ જ જૈન ધર્મની સાચી પ્રમાણભૂત માહીતી આપે એવું અંગ્રેજી તેમજ અન્ય ભાષામાં સાહિત્ય નિર્માણ કરવાની એક યોજના ઘડવામાં આવી હતી. આ સાહિત્ય એવું હશે કે જેમાં જૈન ધર્મની સર્વમાન્ય માન્યતાઓને આગળ ધરવામાં આવશે અને ભેદસુચકને ઉતેજે એવું કશું નહિ હોય.

આમ એક પછી એક આંદોલન ઉભું થતું રહે, આપણામાં ઘર કરી રહેલી ફિરકાબુદ્ધિ નાશ પામે, તીર્થો, મંદિરો શ્વેતાંબરના હોય કે દિગંબરના, ઉપાશ્રયો શ્વેતાંબરના હોય, દિગંબરના હોય કે સ્થાનકવાસીના, મુનિઓ શ્વેતાંબરના હોય, દિગંબરના હોય, સ્થાનવાસીના હોય કે તેરાપંથીના, સાહિત્ય પણ ગમે તે ફિરકાનું હોય, એ તીર્થો મંદિરો, ઉપાશ્રયો, મુનિઓ અને સાહિત્યગ્રંથો– એ બધું આપણ સર્વનું છે, આખા જૈન સમાજનું છે, એ રીતે આખા જૈન સમાજ માટે, તેના ગૌરવભર્યા ઇતિહાસ માટે, તેના વિપુલ શિલ્પ અને સાહિત્યસંપત્તિ માટે, તે સર્વના પાયામાં રહેલા આજના જગતનું અનન્ય અવલંબનરૂપ બનેલા અહિંસાના અપૂર્વ સિધ્ધાન્ત માટે આપણે ગૌરવ અનુભવીએ, એ અપ્રતીમ વારસો જગતને ચરણે ધરીને કૃતાર્થતા અનુભવીએ. **પરમાનંદ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના બંધારણમાં કરવામાં આવેલા ફેરફાર

તા. ૨૪-૪-૫૩ ના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સામાન્ય સભાએ પોતાના બંધારણમાં કેટલાક શાબ્દિક અને કેટલાક નજીવા ફેરફારો કરવા ઉપરાંત નીચેની ત્રણ કલમો રદ કરી છે.

(૧) **નિયમ ૩ (ચ)**: રાજકીય બાબતો પરત્વે સંપૂર્ણ સ્વાતંત્ર્યના ધ્યેયને આ યુવક સંઘ સ્વીકારતો હોઇને તે દિશાએ કાર્ય કરતી અને અહિંસા અને સત્યના માર્ગે પ્રજાજીવનનું નિયમન કરતી રાષ્ટ્રીય મહાસભાના વિવિધ કાર્યક્રમને આ યુવક સંઘ બને તેટલો ટેકો આપશે.

(૨) **નિયમ ૪ (૪)**: કોઇ પણ જ્ઞાતિનું અધિકારપદ આ સંઘનો સભ્ય સ્વીકારી શકશે નહિ.

(૩) **નિયમ ૪ (૭)**: આ સંઘનો સભ્ય એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરી શકશે નહી.

આ ફેરફારો વિષે કશી ગેરસમજુતી ન થાય એ હેતુથી પ્રત્યેક ફેરફાર શા માટે કરવામાં આવ્યો છે તેનો ખુલાસો નીચે મુજબ છે.

પહેલો ફેરફાર કરવાનું કારણ એ છે કે આઝાદી પ્રાપ્ત થયા બાદ રાષ્ટ્રીય મહાસભા પ્રત્યે સંઘના કેટલાક સભ્યોના વળણમાં ફેરફાર થયો છે. આ યુવક સંઘ કોંગ્રેસ સાથે સીધી રીતે સંલગ્ન એવી કોઇ સંસ્થા નથી. વળી આ નિયમને લીધે કોંગ્રેસ સિવાયના રાજકીય વળણવાળી વ્યક્તિ આ યુવક સંઘમાં જોડાવાનું પસંદ નહિ કરે. આ કારણે આ નિયમ રદ કરવાનુ સંઘની સામાન્ય સભાએ ઉચિત ધાર્યું છે.

બીજા ફેરફારનું કારણ એ છે કે એ ફેરફારથી જે શિસ્ત નિયમ રદ કરવામાં આવ્યો છે તે શિસ્ત નિયમની ભૂમિકા એ હતી કે સંઘનો કોઈ પણ સભ્ય કોઇ જ્ઞાતિના અધિકારપદ ઉપર હોય તો એ જ્ઞાતિના વર્તુળ બહાર કોઇ પણ જ્ઞાતિજન પોતાના છોકરા છોકરીઓનો વિવાહસંબંધ બાંધે એ પ્રસંગે અથવા તો એવા જ પાયાના અન્ય કોઇ જ્ઞાતિ નિયમના ઉલ્લંઘન પ્રસંગે તે તે જ્ઞાતિજનના બહિષ્કારનું **સમર્થન** કરવાની સ્થિતિમાં સંઘના સભ્યને મુકાવું પડે, જ્યારે જ્ઞાતિબંધનોની કુરૂઢિનો નાશ કરવો એ સંઘનો એક ઉદ્દેશ છે. આવી કઢંગી સ્થિતિમાં સંઘના સભ્યને મુકાવું ન પડે એ હેતુથી આ શિસ્ત નિયમ સંઘના બંધારણમાં દાખલ કરવામાં આવ્યો હતો. હવે મુંબઇ સરકારના નવા કાયદાથી આ પ્રકારનો જ્ઞાતિબહિષ્કાર જ શકય રહ્યો નથી. તેથી આ શિસ્તનિયમને બીનજરૂરી ગણીને રદ કરવાનું સંઘની સામાન્ય સભાને ઉચિત લાગ્યું છે.

ત્રીજા ફેરફારનું કારણ પણ એ જ છે કે મુંબઇ સરકારના કાયદાથી બહુપત્નીત્વ નિષિધ્ધ છે તેથી આ શિસ્તનિયમની પણ સંઘની સામાન્ય સભાની દૃષ્ટિએ હવે જરૂર રહી નથી.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

હિંસાશકિત, દંડશકિત અને લોકશકિત

[ચાંડિલ સર્વોદય સંમેલનના પ્રથમ દિવસે શ્રી વિનોબા ભાવેએ કરેલું પ્રેરણાત્મક પ્રવચન તેની પ્રમાણભૂત પ્રત આજ સુધી નહિ મળવાના કારણે આગળના અંકોમાં પ્રગટ થઇ શકયું નથી. તાજેતરમાં અમદાવાદ ખાતે પ્રગટ થતી કોંગ્રેસ પત્રિકાએ તે મૂળ હિંદી વ્યાખ્યાનનો સુન્દર અને પ્રમાણભૂત અનુવાદ પ્રગટ કર્યો છે જે ત્રણ હફતાથી પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવાનું ઠરાવવામાં આવ્યું છે. તે કોંગ્રેસ પત્રિકા જણાવે છે તે મુજબ વિશ્વના દાર્શનિકો જેના અંગે પુષ્કળ ચર્ચા કરી ચુકયા છે છતાં રાજ્યસત્તા અને લોક શકિતનો સમન્વયકેમ સાધવો તે સવાલ હજુ પણ જગતને મુંઝવતો રહ્યો છે. લોકશાહીમાં તો આ સવાલ ભારે ઉગ્ર સ્વરૂપે સામે આવીને ઉભો રહે છે. આધુનિક વિચારકો તેનો નિશ્ચિત વ્યવહાર અને સર્વસ્વીકાર્ય તોડ કાઢવા ભારે મથામણ કરવા છતાં મુંઝવણ અનુભવી રહ્યા છે, ત્યારે આચાર્ય વિનોબા ભાવેના હિંસાશકિત, દંડશકિત, અને લોકશકિત પરના સંવેદનશીલ મૌલિક વિચારો એક નવો જ પ્રકાશ આપનારા છે. તેમની કર્તૃત્વવિભાજનની હિમાયત પણ જગતને નવો રાહ ચીંધી રહી છે.હવે આપણે એ મૌલિક પ્રવચન તરફ ગતિ કરીએ. **તંત્રી**]

સ્વ કિશોરલાલભાઈ

આજે હું તમારી સમક્ષ શરીરની કમજોર હાલતમાં ઉપસ્થિત છું તે બદલ ક્ષમા માગું છું. મારી વાત ટૂંકામાં પૂરી કરવાનો પ્રયાસ કરીશ. મારી પહેલાં જેમ શંકરરાવ દેવે કર્યું હતું તેવી રીતે હું પણ પૂ. કિશોરલાલભાઇના સ્મરણથી આરંભ કરવા ઇચ્છું છું. જે એક મહાન કાર્ય ઇશ્વરે આપણને સોંપ્યું છે અને જે કાર્યની આપણે ઇશ્વર સમક્ષ તેમજ જનતા સમક્ષ દીક્ષા લીધી છે એ કાર્યમાં તેઓ અત્યંત તન્મય હતા. કર્મમાં અકર્મ હોઇ શકે છે અને અકર્મમાં કર્મ થઇ શકે છે એવી જીવનની શીખ ગીતાએ આપણને બતાવી છે. કિશોરલાલભાઇ શરીરે ખૂબ નબળા હોવાથી જેને આપણે સ્થૂળ કર્મ કહીએ છીએ તે બહુ કરી શકતા નહોતા. આમ છતાં ચોવીશે કલાક તેઓ કાર્યરત રહેતા હતા. છતાં એ કર્મનું સ્થુળ સ્વરૂપ બહુ મોટું થઈ શકતું નથી. પરંતુ તેમણે કર્મ ન કહી શકાય એવી સ્થિતિમાં પણ કેટલું મહાન કાર્ય થઈ શકે છે એની આપણને પ્રતીતિ કરાવી છે. **જેમનાં હૃદય નિર્મળ છે અને પરમેશ્વરની કૃપાથી જેમનામાંથી રાગદ્વેષ જતા રહ્યા છે એવા મનુષ્યોનું અસ્તિત્વ જ ઘણું કાર્ય કરી જાય છે.** વિશ્વમાં પ્રગટ થયેલા આવા થોડાક મનુષ્યોમાં હું કિશોરલાલભાઇની ગણના કરું છું. બાપુના પછી તેઓ આપણો સહારો હતા અને પોતાના સહજ સૌજન્યથી તે આપણી સંભાળ લેતા હતા. આટલી શકિત આપણામાંથી બીજા કોઇમાં પ્રગટ થઇ નથી. એટલા માટે એમની ગેરહાજરી આપણને બહુ જ સાલે છે અને સાલ્યા કરવાની. એમની ગેરહાજરીની ખોટ આપણામાં આપસ-આપસનાં સદ્‌ભાવ અને સહૃદયતા કેળવીને જ પૂરી શકાય. એવી સહૃદયતા, સૌજન્ય અને સદ્‌ભાવ તેમ જ બંધુભાવ રાખીને આપણે ઇશ્વરે સોંપેલું કાર્ય પૂરું કરીએ એવી હું આશા રાખું છું

વિશ્વની સ્ફોટક પરિસ્થિતિ

આપણે એક કાર્યકર્તાઓનો સમૂહ છીએ. સંમેલનમાં આવ્યા છીએ એટલે કેટલુક સંભાષણ કરીએ છીએ, પણ આમ બોલવું તે પણ આપણું કાર્ય છે. આ કોઇ વકતૃત્વ ન થઇ શકે પણ કર્તૃત્વનો જ એક હિસ્સો છે. અહીં એકત્રિત થયેલા આપણે સૌ સાલભરમાં જે કંઇ કામ થયું છે તેને

નારાયણને સમર્પણ કરવા માટે અહીં આવીએ છીએ અને બીજી સાલ માટે કંઈક નિશ્ચિત લક્ષને જવા પ્રગતીએ છીએ. આ પ્રસંગે કેટલોક વિચારવિનિમય અને વિચારોની આપલે કરીએ છીએ. આ દૃષ્ટિથી જ આપણા કાર્યની ભૂમિકા તપાસવી જોઇએ. કાર્યનું પણ સંશોધન કરવું જોઇએ. તેના ઉપર પણ નજર રાખવી જોઇએ. **કાર્યપદ્ધતિ, ક્રાયક્રમ અને કાર્યરચના આ ત્રણેના આપણે થોડોક વિચાર કરી લેવો જોઇએ.** આપણે દુનિયાના કોઇપણ ખૂણામાં કાંમ કરતા હોઇએ તોપણ આજે દુનિયાની સ્થિતિ એવી નથી કે દુનિયા પર નજર રાખ્યા સિવાય આપણું કામ ચાલી શકે. દુનિયામાં જે ભળો કામ કરી રહ્યાં છે, જે નવા પ્રવાહો શરૂ થયા છે, જે કલ્પનાઓ અને ભાવનાઓનો સંસ્પર્શ અને સંઘર્ષ થઇ રહ્યો છે તેના પ્રત્યે ધ્યાન દઇને તેના ઉપર નજર રાખીને જ થોડાક કદમ ઉઠાવવા જોઇએ. સમુચિત દૃષ્ટિ વિનાનું ફકત કર્મ આંધળું થઇ જશે. આજે આપણે જોઇ રહ્યા છીએ કે દુનિયાની પરિસ્થિતિ બહુ જ ચંચળ છે. એટલું જ નહી પણ બહુધા સ્ફોટક પણ છે. એટલે એમાં કેટલાયે જોખમની સંભાવના રહી છે. આમાંથી કયારે જવાલામુખી ફાટી નીકળશે તે આપણે કહી શકીએ એમ નથી. આ હું કોઇ બિનજરૂરી ભયાનક ચિત્ર બહું નથી કરી રહ્યો. એનાથી ભયભીત બનવાનો મારો ઇરાદો નથી અને તમને ભયભીત બનાવવાનો ખ્યાલ નથી. પણ જે પરિસ્થિતિ છે તેના તરફ ફકત ધ્યાન ખેંચી રહ્યો છું. દુનિયામાં કયે સમયે શું થશે એ કલ્પી શકાય એમ નથી. આના આસ્થર મનઃસ્થિતિ અને પારાસ્થાતમાં વિશ્વ ઘેરાઇ ગયું છે.

લશ્કરવિષે પંડિતનેહરૂ અને રાજેન્દ્રબાબુ

એક બે માસ પહેલાંની વાત છે. દિલ્હીમાં કેટલાક જ્ઞાની વિદ્વાનો એકત્રિત થયા હતા. અને તેમણે અહિંસા વિષે કેટલુંક ચિંતન, મનન અને વિમર્ષ કર્યો. અખબાર મારફતે આપણે રોજ વાંચતા હતા. આમ આપણા **પૂ. રાજેન્દ્રબાબુએ** એવો મત દર્શાવ્યો હતો કે આજે કોઇ પણ દેશ સેના વગર રહેવાની હિંમત કરી શકે નહી. અને દુઃખ સાથે એમણે કહ્યું કે ગાંધીજીનો ઉપદેશ રીધો તેમના મુખથી અને આપણા કર્ણથી સાંભળવા છતાં અને તેમની સાથે રહીને થોડુંક કામ કર્યું છે છતાં હિંદુસ્તાન પણ લશ્કર વગર રહેવાની હિંમત કરી શકે નહી. **આપણા મહાન નેતા પંડિત નેહરૂ કેટલાયે વાર પોકારી ચૂકયા છે કે જગતનો કોઇ પણ સવાલ શસ્ત્રબળથી ઉકલી શકે નહીં.** આ આપણા ભાઇ જેમના માથે દેશનું નેતૃત્વ હલ કરવાની જવાબદારી છે, અને **જે અહિંસાને દિલથી સ્વીકારીને હિંસામાં માનતા નથી તે પણ સેના રચવાની, વધારવાની અને તેને મજબૂત થવાની જવાબદારી લઇ બેઠા છે.** આવી વિચિત્ર પરિસ્થિતિમાં આપણે મુકાયા છીએ.

લશ્કર અને અહિંસા

એક વાત ઉપર શ્રદ્ધા હોવાનો આભાસ હોય છે અને આપણે બીજી ક્રિયાઓ કરવી પડે છે. પ્રશ્ન તો એવો છે કે સમગ્ર વિશ્વમાં અને હિંદુસ્તાનમાં અહિંસા પ્રવર્તે. આપણે એકબીજાથી ડરવાને બદલે એક બીજા પર સ્નેહથી જીત મેળવીએ. પ્રેમથી જ સફળતા અને જીત મેળવી શકાય છે એવી શ્રદ્ધા મારા હૃદયમાં છે. આ ઉપરાંત એક બીજી ચીજ છે જેને બુદ્ધિ કહેવામાં આવે છે. તે હૃદયનો એક ભાગ છે અને હૃદય પણ તેનો એક ભાગ છે. બંને હળીમળીને રહે છે. તોપણ હૃદય કહે છે કે હિંસાથી કોઇ સવાલ હલ થઇ શકે નહીં. એક સવાલનો ઉકેલ દેખાય છે ત્યાં તો તેમાંથી બીજા દસ નવા સવાલ પેદા થાય છે. પરંતુ બુદ્ધિ જે ત્રિગુણિત છે, જેમાં થોડી વિચારશકિત છે, થોડુંક આવરણ છે, થોડું દર્શન છે અને કેટલુંક અદર્શન છે, આવી આપણી સંમિશ્ર બુદ્ધિ આપણને સૂચવે છે કે આપણે સેવાને દૂર કરી શકીએ નહીં. જે જનતાના આપણે પ્રતિનિધિ છીએ તે જનતા એટલી મજબૂત નથી કે તે એટલી તૈયાર નથી. એટલે પણ તેમના પ્રતિનિધિ તરીકે લશ્કર રચવાની, વધારવાની અને મજબૂત કરવાની આપણી જવાબદારી છે. આવી પરિસ્થિતિ છે. રચનાત્મક કાર્ય કરવાની પ્રબળ ઇચ્છા દિલમાં છે, છતાં બુદ્ધિ કહે છે કે સેના રચવી જ પડશે. અને જેનાથી લશ્કરી તંત્ર મજબૂત થઇ શકે એવાં યંત્રો પણ લાવવાં પડશે. જેમની રેંટિયામાં શ્રદ્ધા નથી તેમને બાજુએ મૂકીએ, પણ જેઓ તેમાં શ્રદ્ધા ધરાવે છે તેમની સામે એ સવાલ ઉપસ્થિત થાય છે, અથવા ખડો કરવામાં આવે છે કે શું રેંટિયો અને ગ્રામોદ્યોગ દ્વારા તમે યુદ્ધ–યંત્ર મજબૂત બનાવી શકશો? તો આપણી બુદ્ધિ કહેશે કે આવા નાના નાના ઉદ્યોગોથી આપણે યુદ્ધ યંત્રોથી સજ્જ થઇ શકીએ નહીં.

કમ્યુનિટી પ્રોજેકટ

કમ્યુનિટી પ્રોજેકટદ્વારા ૫ લાખ ગામડાંઓમાં ચલાવવાની ઉમેદ સેવવામાં આવે છે. હમણાં તો થોડાંક ગામડાંઓમાં શરૂઆત કરી છે, પણ તેને વ્યાપક બનાવી રાષ્ટ્રને સમૃદ્ધ, લક્ષ્મીવાન બનાવવાની અને ગરીબીનો નાશ કરવાની આશા રાખવામાં આવે છે. પણ જો આવતી કાલે દુનિયામાં મહાયુદ્ધ ફાટી નીકળે તોપણ કમ્યુનિટી પ્રોજેકટ ચાલુ રહેશે એમ કહી શકાય એમ નથી. જેમના ઉપક્રમે યોજના થઇ છે તેઓ પણ આ યોજનાઓ ચાલુ રહી શકે એવું કહી શકે એમ નથી. તરત જ બુદ્ધિ જોર કરશે, હૃદય સંતાપ કરશે. હૃદય ઉપર બુદ્ધિનો પ્રભાવ વધી જશે અને કહેવા માંડશે કે હવે તો રાષ્ટ્ર–રક્ષણ જ મુખ્ય વસ્તુ છે. આ હું આત્મનિરીક્ષણની દૃષ્ટિથી બોલું છું. **જેઓ આજે જવાબદારીની જગ્યાઓ સંભાળી રહ્યા છે તેમનું સ્થાન આપણે સંભાળીએ તોપણ તેમનાથી બહુ જુદું કરીએ એમ કહી શકાય નહીં.** એ સ્થાન જ એવું છે. એ તો જાદુઇ ખુરશી છે. એમાં જે આરૂઢ થાય તેને એક સંકુચિત, એક બનાવટી, એક મર્યાદિત, એક અસ્વાધીન ઢબે વિચારવાની જવાબદારી આવે છે. આવી ઢબને મેં અસ્વાધીન કહી છે. દુનિયાના પ્રવાહો જે દિશામાં વહે છે તે જ દિશામાં વિચારવાની લાચાર પરિસ્થિતિ પેદા થાય છે. મોટાં મોટાં રાષ્ટ્રો અમેરિકા જેવાં, રશિયા જેવાં પણ ડરે છે, એકબીજાનો ડર રાખે છે. અને ઓછી તાકતવાળાં રાષ્ટ્રો પાકિસ્તાન હિંદુસ્તાન, પણ આવો જ ડર રાખે છે. આ રીતે એકબીજાનો ડર રાખીને શસ્ત્રબળથી, સૈન્યબળથી કોઇ સવાલ હલ થવાનો નથી એવો વિશ્વાસ રાખીને આપણે શસ્ત્રબળ અને સૈન્યબળ ઉપર આધાર રાખીએ છીએ. તેનો આધાર છોડી શકતા નથી. આવી વિચિત્ર પરિસ્થિતિમાં આપણે મુકાયા છીએ. આથી જો આપણને કોઇ દંભી અગર ઢોંગી કહે તો તેમ બોલનારને તેવું કહેવાનો અધિકાર છે. છતાં તેવું કથન સાચું નહીં હોય. આપણા દિલમાં બીજી વાત હોય અને આપણે તેને છુપાવીએ તો જાણીબૂજીને ઢોંગી કહેવાઇએ. પણ દિલ એક વાત કબૂલ કરે છે અને પરિસ્થિતિજન્ય બુદ્ધિ બીજી વાત કરે છે. આથી લાચારીથી કોઇ કાર્ય કરવું પડે તો તે દાંભિક સ્થિતિ નહીં પણ દયાજનક સ્થિતિ છે.

સર્વોદય સમાજની જવાબદારી

આવી દયાજનક સ્થિતિમાં આપણે છીએ. હમણાં જ કહેવામાં આવ્યું કે સર્વોદય સમાજ ઉપર આ જવાબદારી છે

કારણ લોકો સમાજ માટે એવી આશા રાખે છે. આ સમાજ તેના મૂળ વિચારને પકડી રાખે અને આજની હાલતમાં તેનો અમલ કરવા માટે વાતાવરણ તૈયાર કરે. **જો સર્વોદય સમાજ આટલું કરી શકે તો આજની સરકાર કે જે આપણી રાષ્ટ્રીય સરકાર છે તેને સર્વોત્તમ મદદ આપી શકે.** માની લો કે આપણામાંથી કોઇને પ્રધાન બનાવવામાં આવે અને કોઇ મંત્ર કરવા લાગે તોપણ તેનો મંત્ર કે તંત્ર આજની સરકારને એટલી મદદ નહીં આપી શકે-જેટલી તે સૈન્યબળ વિના કેવી રીતે સમાજ રચી શકાય તે દિશામાં કરીને આપી શકે.

દંડશક્તિ વિનાની લોકશક્તિ

કોઇ કોઇ વાર લોકો પૂછે છે કે તમે મહાર કેમ રહો છો? તમે લોકો દેશની જવાબદારી કેમ ઉઠાવતા નથી? હું કહું છું કે જ્યાં ગાડીને બે બળદ લાગી ચૂકયા છે ત્યાં હું ત્રીજો બળદ બનીશ તો ગાડીને શું મદદ થવાની છે! એને બદલે જો હું ગાડી ઉચિત દિશામાં જઇ શકે એ હેતુથી રસ્તો ઠીક કરું તો તે ગાડીને હું અધિક મદદ પહોંચાડી શકું. એક વાત સાચી છે કે જો હું બળદ હોઉં તો મારે બળદનું જ કાર્ય કરવું જોઇએ. આ હું એક ખાસ અર્થમાં બોલી રહ્યો છું. મને આશા છે કે તમે આ ભાષા સહન કરશો. આપણી સંસ્કૃતિમાં બળદ માટે જેટલો આદર છે એટલો મનુષ્ય માટે પણ નથી. આ અર્થમાં જ હું બોલી રહ્યો છું. જે રાજ્યની ધુરા ઉઠાવે છે એને આપણે ધુરંધર કરીએ છીએ, જેનો અર્થ બળદ થાય છે. તેવા ધુરંધર આપણે થવું પડે છે. પણ જે લોકો ધુરંધર બની ચૂકયા છે તેઓ એમ કહે છે કે અમે જે કામમાં લાગ્યા છીએ તેવું કામ કોઇ કરશે નહીં. **પરંતુ જે બોટ અમને સાલે છે એની પૂર્તિ કરી શકતા હો તો કરો. આવી આશાથી આ લોકો આપણી તરફ મીટ માંડી રહ્યા છે એ આપણે બરાબર સમજવું જોઇએ.** જેને હું સ્વતંત્ર લોકશાહી કહું છું તેનું નિર્માણ જેનાથી થાય એવા કાર્યમાં જ આપણે લાગી જવું જોઇએ. ત્યાર જ આપણે આજની સરકારને સાચી મદદ કરી શકીશું અને આપણા દેશની સમુચિત સેવા કરી શકીશું. હું જ્યારે **સ્વતંત્ર લોકશક્તિનું નિર્માણ** કરવાની વાત કરું છું ત્યારે મારી કહેવાની મતલબ એ છે કે હિંસા-શક્તિની વિરોધી, દંડશક્તિથી ભિન્ન એવી લોકશક્તિ આપણે પ્રગટ કરવી જોઇએ. આજની આપણી સરકારના હાથમાં આપણે દંડશક્તિ સોંપી છે. કારણ કે એ દંડશક્તિમાં હિંસાનો એક અંશ જરૂર છે. તોપણ એને એક અલગ વર્ગમાં રાખવા માગીએ છીએ. કારણ કે તે શક્તિ તેમના હાથમાં સમગ્ર સમુદાયે આપી છે. તે હિંસાશક્તિ નથી, ચોખ્ખી હિંસાશક્તિ ન હોઇ શકે પણ તે દંડશક્તિ છે. આવી દંડશક્તિનો ઉપયોગ કરવાનો મોકો પણ દેશમાં ન આવે એવી પરિસ્થિતિ દેશમાં નિર્માણ કરવાનું કાર્ય આપણું રહેશે. આપણે જો આટલું કરી શકીએ તો આપણે સ્વધર્મને પિછાની તેનો અમલ કરવાનું જાણી શકીશું. જો આવું કરવાને બદલે દંડશક્તિના ઉપયોગથી જ જનસેવા કરવાનો લોભ રાખીશું તો જે વિશેષ કાર્યની અપેક્ષા આપણી પાસે રાખવામાં આવે છે એ કાર્યની અપેક્ષાને આપણે પૂર્ણ નહીં કરી શકીએ. બલકે સંભવ છે કે આપણે બોજારૂપ સાબિત થઇશું.

દયા અને યુદ્ધ

હું થોડુંક સ્પષ્ટીકરણ કરું. મેં કહ્યું કે સૈન્યશક્તિના આધારથી પણ સેવાકાર્ય થઇ શકે છે અને તેમ કરવાને માટે જ આપણે રાજ્યશાસન ઇચ્છીએ અને તેને હાથમાં લીધું છે. જ્યાં સુધી સમાજને તેની જરૂર છે ત્યાં સુધી તે જવાબદારી આપણે છોડવા માગતા નથી. એમાંથી સેવા જરૂર થશે પણ તે એવી સેવા નહીં હોય જેથી દંડશક્તિનો ઉપયોગ જ ન કરવો પડે એવી પરિસ્થિતિનું નિર્માણ થઇ શકે. હું દાખલો આપું. લડાઇ ચાલતી હોય, સિપાઇઓ જખ્મી થઇ રહ્યા હોય ત્યારે એ સિપાઇઓની સેવામાં જે લાગી જાય છે તે દયાથી પરિપૂર્ણ હોય છે. તે શત્રુમિત્રનો ભેદ કરતા નથી. પોતાનો જાન જોખમમાં મૂકીને તેઓ યુધ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે અને એવી સેવા કરે છે જે કે પ્રકારની સેવા માતા પોતાનાં બાળકો માટે કરે છે. આથી તેઓ દયાળુ છે એ નિઃશંક વાત છે. આ સેવા મૂલ્યવાન છે એ સૌ કોઇ સ્વીકારશે, છતાં તે યુધ્ધને રોકવાના કામમાં લાગતી નથી. એમની દયા યુદ્ધને માન્ય કરવાવાળા એક સમાજનો ભાગ જ બની જાય છે. જેવી રીતે એક યંત્રમાં અનેક નાના મોટા ભાગો હોવા છતાં અને આ બધા ભાગો એકબીજાથી ભિન્ન દિશાઓમાં કાર્ય કરે છે છતાં પણ, તેઓ યંત્રના જ અંગ છે, એમ જ યુદ્ધયંત્રનું એક અંગ સિપાઇઓની કતલ કરવાનું અને બીજું અંગ જખ્મી સિપાઇઓની સેવા કરવાનું છે. બન્નેની ગતિ સ્પષ્ટ છે. એક ક્રૂર કાર્ય છે. બીજું દયાકાર્ય છે આ વાત સૌ કોઇ જાણે છે. એ દયાળુની દયા અને ક્રૂર હૃદયની ક્રૂરતા બન્ને મળીને યુધ્ધ થાય છે. યુધ્ધને બનાવવામાં બન્નેનો હિસ્સો છે. વૈજ્ઞાનિક કઠોર ભાષામાં કહું તો યુધ્ધને જ્યાં સુધી આપણે માન્ય કર્યું છે ત્યાં સુધી આપણે સિપાઇનો ધંધો કરીએ અથવા સિપાઇઓની સેવા કરવાનો ધંધો કરીએ-બન્ને યુદ્ધ માટે સરખા ગુનેગારો છે. આ દાખલો હું એટલા માટે આપું છું કે **ફક્ત દયાનું કાર્ય કરીએ છીએ એટલે એમ ન સમજવું જોઇએ કે દયાનું રાજ્ય બની શકશે.** રાજ્ય તો નિષ્ઠુરતાનું છે. જેમ રોટલામાં મીઠું નાખીને રુચિ પેદા કરવામાં આવે છે તેમ જ આ રુચિ પેદા કરવાનું કાર્ય છે. યુધ્ધમાં જખ્મી સિપાઇઓની સેવા કરવામાં લિજ્જત પેદા થાય છે. પણ આવી દયાથી યુધ્ધની સમાપ્તિ થઇ શકતી નથી. નિષ્ઠુરતાના રાજ્યમાં પ્રજા પાસે દયા રહી જાય અને નિર્દયતાની હકૂમત ચાલ્યા કરે એવી રીતે આપણે દયાનું કાર્ય કરીએ તો આપણે આપણું મૂળ કાર્ય કર્યું નથી એમ કહેવાશે. આવી રીતે જે દયાનાં કાર્યો દેખાય છે, જે રચનાત્મક કામો દેખાય છે તે આપણે દયાનાં અને રચનાના લાભની વ્યાપક દૃષ્ટિને સમજવા સિવાય ઉંચકી લઇએ તો થોડીક સેવા તો જરૂર થશે; પણ જેને આપણે અને સમગ્ર વિશ્વ આપણા સ્વધર્મ તરીકે જાણે છે તેને અનુરૂપ સેવા કરવાની આપણી જવાબદારી આ રીતે અદા થઇ શકશે નહીં.

અપૂર્ણ

વિનોબા ભાવે

કચ્છની લાઇબ્રેરીઓને મફત પ્રબુદ્ધ જીવન

જણાવતાં આનંદ થાય છે કે શ્રી. ખીમજી માંડણ ભુજપુરીઆ સ્ટ્રટ તરફથી કચ્છમાંની જે કોઇ લાઇબ્રેરી માંગણી કરશે તેને એક વર્ષ માટે પ્રબુદ્ધ જીવન મફત આપવામાં આવશે એવો એ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ઠરાવ કર્યો છે અને એ ટ્રસ્ટ તરફથી ઉપર મુજબની જાહેરાત થતાં ૪૦ લાઇબ્રેરીઓનાં અત્યાર સુધીમાં નવા ગ્રાહક તરીકે નામ નોંધાયા છે. આ માટે મુંબઇ જૈન યુવક સંઘ એ ટ્રસ્ટનો આભાર માને છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ : ૧૪ : અંક ૧
પ્ર. જીવન વર્ષ ૧ : ૨

મુંબઈ : ૧૫ મે ૧૯૫૩ શુક્રવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

વૈશાલી–વિદેહ

(ગતાંકથી ચાલુ)

વિદ્યાભૂમિ વિદેહ

વૈશાલી–વિદેહ મિથિલાને લીધે શાસ્ત્રીય વિદ્યાના વિષયમાં બિહારનું જે સ્થાન છે તે મને પ્રાચીન ગ્રીસની યાદ દેવડાવે છે. પ્રાપ્ત થતા ઉપનિષદોનાં ભાષ્યોના આચાર્યો ભલે દક્ષિણમાં ઉત્પન્ન થયા હોય, પણ ઉપનિષદોનું આત્મતત્ત્વવિષયક અને અદ્વૈતસ્વરૂપવિષયક ગંભીર ચિંતન વિદેહના જનકરાજાની સભામાં થયું છે, જે ચિંતનોએ પ્રાચીન આચાર્યોને જ નહીં પણ દેશ વિદેશના વિદ્વાનોને આકર્ષ્યા છે. બુદ્ધનો ધર્મ અને વિનયવિષયક ઘણો ખરો અસલી ઉપદેશ બિહારના ભિન્ન ભિન્ન સ્થળોમાં અપાયો છે, એટલું જ નહીં પણ બૌદ્ધ ત્રિપિટકની આખી સંકલના બિહારની ત્રણ પરિષદોમાં થઈ છે. આ ત્રિપિટકો બિહારના સપૂતો દ્વારા એશિયાના દૂર દૂરના દેશોમાં પહોંચ્યા, જ્યાં અનેક ભાષાઓમાં તેના અનુવાદો થયા છે. માત્ર એશિયા જ નહિ પણ અનેક યુરોપીય વિદ્વાનો ય આ ત્રિપિટકો પ્રત્યે આકર્ષાયા, અને યુરોપની વિવિધ ભાષાઓમાં તેનાં ભાષાન્તરો થયાં. જૈન પરંપરાના મૂળ આગમ પાટલીથી ભલે દક્ષિણ પશ્ચિમ ભારતના અનેક સ્થળોમાં પહોંચ્યા, સંગ્રહિત થયા અને લખાયા હોય પણ તેનો ઉદ્ભવ અને પ્રારંભિક સંકલન તો બિહારમાં જ થયું છે. બૌદ્ધ પરિષદની જેમ પ્રથમ જૈન શાસ્ત્રપરિષદ્ પણ બિહારમાં મળી હતી. ચાણક્યનું અર્થશાસ્ત્ર અને બહુધા કામશાસ્ત્રની જન્મભૂમિ પણ બિહાર છે. વળી દાર્શનિક સૂત્ર કે વ્યાખ્યાગ્રન્થોનો વિચાર કરીએ છીએ ત્યારે તો બિહારની આ પ્રાચીન પ્રતિભા મૂર્ત સ્વરૂપે દૃષ્ટિ સન્મુખ ખડી થઈ જાય છે. કણાદ અક્ષપાદનાં વૈશેષિક ન્યાય-દર્શન ઉપરના ભાષ્ય, વાર્તિક, ટીકા, ઉપટીકા આદિ બહુમૂલ્ય સાહિત્યપરિવારના રચયિતાઓ બિહારમાં અને મુખ્યત્વે વિદેહ-મિથિલામાં જ થયા છે.

સાંખ્ય યોગ પરંપરાના મૂળ ચિન્તક અને ગ્રન્થકાર તેમજ વ્યાખ્યાકાર બિહાર કે બિહારની આસપાસની ભૂમિમાં ઉત્પન્ન થયા છે. મારા ખ્યાલ પ્રમાણે મીમાંસાકાર જૈમિની અને બાદરાયણ પણ બિહારના જ હોવા જોઈએ. પૂર્વોત્તર મીમાંસાના ઘણાખરા પ્રથમ પંક્તિના ઉચ્ચ વ્યાખ્યાકારો મિથિલામાં થયા છે, કે જે મિથિલા સેંકડો મીમાંસક વિદ્વાનોનું ધામ મનાતી હતી. ભારતના બંગાળામાં તેમ જ દક્ષિણ પ્રદેશમાં ન્યાય વિદ્યાની અનેક શાખા પ્રશાખાઓ ફૂટી છે, પણ તેનું મૂળ ઉદ્ભવસ્થાન તો મિથિલા જ છે. વાચસ્પતિ, ઉદયન, ગંગેશ આદિ વિદ્વાનોએ દાર્શનિક વિદ્યાનો એટલો અધિક વિકાસ સાધ્યો કે બધી ધર્મપરંપરાઓ ઉપર તેની અસર પડી. તક્ષશિલાના વિનાશ બાદ બૌદ્ધ બિહારો બિહારમાં સ્થાપિત થયા તેને લીધે બિહારે કાશીનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. નાલન્દા, ઉદન્તપુરી, અને વિક્રમશીલા જેવા મોટા વિહારોમાં કે જગત્તલ જેવા સાધારણ વિહારમાં વસનારા ભિક્ષુકોએ તેમ જ દુર્વેકમિશ્ર જેવા અન્ય બ્રાહ્મણ વિદ્વાનોએ જે સંસ્કૃત બૌદ્ધ સાહિત્ય નિર્માણ કર્યું છે તેની ગંભીરતા, સૂક્ષ્મતા અને બહુશ્રુતતા જોઈને આજે પણ બિહાર પ્રત્યે આદરભાવ ઉત્પન્ન થઈ આવે છે. આ સર્વ હકીકત ઉપરથી સારી રીતે આપણા લક્ષમાં આવી શકે છે કે બિહાર ધર્મતીર્થની જેમ વિદ્યાનું પણ તીર્થ રહ્યું છે.

વિદ્યાકેન્દ્રોમાં સર્વવિદ્યાઓના સંગ્રહની આવશ્યકતા

આગળ મેં કહ્યું છે કે ધર્મપરંપરાઓએ પોતાની દૃષ્ટિ અને આચાર વિચારનો યુગાનુરૂપ વિકાસ કરવો જોઈએ. આની સાથોસાથ વિદ્યાની બધી પરંપરાઓએ પણ જો પોતાની તેજસ્વીતા જાળવી રાખવી હોય તો અધ્યયન અધ્યાપનની પ્રણાલિનો નવેસરથી વિચાર કરવો જોઈશે.

પ્રાચીન ભારતીય વિદ્યા મુખ્યત્વે ત્રણ ભાષાઓમાં સમાઈ જાય છે: સંસ્કૃત, પાલી, અને પ્રાકૃત. એક એવો સમય હતો કે જ્યારે સંસ્કૃતનો ધુરંધર વિદ્વાન પણ પાલી કે પ્રાકૃત શાસ્ત્રોથી અજ્ઞાત રહેતો યા ઉપર ઉપરથી જાણકાર બનતો. અને પાલી કે પ્રાકૃત શાસ્ત્રોના વિદ્વાનને સંસ્કૃત શાસ્ત્રોનું સંપૂર્ણ જ્ઞાન ધરાવવાની આવશ્યકતા નહોતી લાગતી. પાલી અને પ્રાકૃત શાસ્ત્રોના વિદ્વાનોની આપસ આપસમાં પણ આ જ સ્થિતિ હતી. પરંતુ ક્રમે ક્રમે સમય બદલાતો રહ્યો છે. આજે પુરાણા યુગનો એવો પલટો થયો છે કે કોઈ પણ સાચો વિદ્વાન એક કે બીજી ભાષા અને તે ભાષાઓમાં લખાએલા શાસ્ત્રોને અવગણીને યુગાનુરૂપ વિદ્યાલય કે મહાવિદ્યાલય ચલાવી ન શકે. આ દૃષ્ટિએ વિચારતાં સ્પષ્ટ દેખાઈ આવે છે કે છેલ્લાં સવાસો વર્ષમાં યુરોપીય વિદ્વાનોએ ભારતીય વિદ્યાનું જે સંશોધન કર્યું છે તેની બરાબરી કરવા કે તેથી પણ આગળ વધવા માટે આપણે ભારતવાસીઓએ અધ્યયન, અધ્યાપન ચિન્તન, લેખન, સંપાદન, વિવેચન આદિનો ક્રમ બહુવિધ પ્રકારે બદલવો જોઈશે. તે સિવાય આપણે પાશ્ચિમાત્ય વિદ્વાનોના સહગામી તો શું પરંતુ અનુગામી થવાને પણ અસમર્થ થઈશું.

ભારતીય વિદ્યાની કોઈપણ શાખાનું ઉચ્ચ પ્રકારે અધ્યયન કરવા કે ઉચ્ચ પદવી પ્રાપ્ત કરવા આપણને યુરોપના જુદા જુદા દેશોમાં જવું પડે છે. આમાં કેવળ નોકરી કે ડીગ્રીનો મોહ નથી. પણ તે દેશોની સંસ્થાઓનું વિસ્તૃત

વિદ્યામય વાતાવરણ બહુ મહત્ત્વનું કારણ છે. ત્યાંના અધ્યાપકો, કાર્યપ્રણાલી, પુસ્તકાલય આદિ વિદ્યાવિષયક પ્રત્યેક અંગ પ્રત્યંગો એટલા આકર્ષક હોય છે કે પ્રાચીન વિદ્યાઓનાં અનેક પારદર્શી વિદ્વાનો ભારતમાં મોજૂદ હોવા છતાં, આપણી જ વિદ્યા શીખવા માટે વિદ્યાર્થીઓ કરજ કરીને ય હજારો કોશ દૂર જવા ખેંચાય તેમાં કોઇ આશ્ચર્યની વાત નથી. વિદેશી વિદ્વાનો આપણે ત્યાં આવીને શીખી ગયા, અત્યારે શીખવા આવે છે પણ તેના ઉપર સીકકો ત્યાંનો પડે છે. આપણા જુના જમાનાના પંડિત કે નવયુગના અધ્યાપક તેની સામે ફીક્કા પડી જાય છે. કૃત્રિમતા કે મોહનો અંશ હોય તે બાદ કરી આમાં સત્ય કયાં છે તે આપણે તપાસવાનું બાકી છે. આ બધું જોતાં આપણા વિદ્યાકેન્દ્રોની શિક્ષણપ્રણાલિમાં આમૂલ પરિવર્તન કરવું જોઇશે એમ કહેતાં મને જરા પણ સંકોચ નથી થતો.

ઉચ્ચ વિદ્યાના વિવિધ કેન્દ્ર હોઇ શકે. પ્રત્યેક કેન્દ્રમાં કોઇ એક વિદ્યા પરંપરાની પ્રધાનતા હોઇ શકે. પરંતુ આવા કેન્દ્રોનું સંશોધન સંપૂર્ણ તો ત્યારે જ થઇ શકે, જો ત્યાં પોતાની સાથે સંબંધ ધરાવતી બધી વિદ્યાપરંપરાઓનાં પુસ્તકો આદિ સામગ્રી સંપૂર્ણ તથા સુલભ હોય.

પાલી, પ્રાકૃત, અને સંસ્કૃત ભાષામાં લખાયેલા સર્વ પ્રકારના શાસ્ત્રોનો પરસ્પર એટલો ઘનિષ્ટ સંબંધ છે કે કોઇ પણ એક વિદ્યાનો અભ્યાસી બીજી શાખાઓનું ઉંડુ ચિન્તન કર્યા વિના સાચો અભ્યાસી બની શકે એ સંભવતુ નથી. જો કેન્દ્રમાં ચિન્તન, મનન અંગેની જરૂરી સર્વ સામગ્રી સુલભ હોય તો જ આ વસ્તુ બની શકે.

આથી કરીને આજના યુગમાં ત્યાજ્ય ગણાતો પુરાણો પંથવાદ કે જાતિવાદ આપોઆપ શિથિલ બની જશે. આપણે જાણીએ છીએ કે ઉચ્ચ વર્ણાભિમાની વિદ્યાર્થી પણ યુરોપ જઇને ત્યાંના સંસર્ગથી વર્ણાભિમાન ભૂલી જાય છે. આ સ્થિતિ આપણા દેશમાં પણ સ્વાભાવિક બનાવવી હોય તો એકજ વિદ્યાકેન્દ્રમાં અનેક પંથ કે જાતિના અધ્યાપકો અને અધ્યેતાઓ હોય, અને તેઓનું પરસ્પર મિલન સહજ રીતે થયા કરતું હોય એ આવશ્યક છે. આમ ન હોવાથી સામ્પ્રદાયિકતાની મિથ્યા ભાવનાનું કોઇને કોઇ પ્રકારે પોષણ થયા કરે છે. સામ્પ્રદાયિક દાતાઓની મનોવૃત્તિ સંતોષવા ખાતર ઉચ્ચ વિદ્યાના ક્ષેત્રમાં પણ સામ્પ્રદાયિકતાનો દેખાવ સંચાલકોને કરવો પડે છે. આ કારણે મારા વિચાર પ્રમાણે તો ઉચ્ચતમ વિદ્યાકેન્દ્રોમાં સર્વવિદ્યાઓની આવશ્યક સામગ્રી અવશ્ય હોવી જોઇએ,

શાસ્ત્રીય પરિભાષામાં લોકજીવનની છાયા

હવે અન્તમાં હું એ બતાવવા ચાહું છું કે પ્રાચીનકાળના રાજ્યસંઘ અને ધર્મસંઘને આપસમાં કેવો ઘનિષ્ઠ સંબંધ હતો, જે અનેક શબ્દોમાં તથા તત્ત્વજ્ઞાનની પરિભાષામાં આજ પણ સચવાઈ રહેલો દેખાઇ આવે છે. આપણે જાણીએ છીએ કે વજ્જીઓનું એક ગણરાજ્ય–સંઘરાજ્ય હતું. ગણ અથવા સંઘ એક સમૂહવાચક શબ્દ છે કે જે સમૂહમાં પોતાનું કામ અમુક ચૂંટી કાઢેલા યોગ્ય સભ્યોદ્વારા ચલાવાતું હોય. ધર્મસંઘમાં પણ આ જ રીતિ હતી. જૈન સંઘ પણ સાધુ-સાધ્વી શ્રાવક અને શ્રાવિકા એમ ચતુર્વિધ અંગનો બનેલો હતો, અને બધા અંગોની સમ્મતિથી દરેક કામ થતું. જેમ જેમ જૈન ધર્મ વિસ્તૃત થતો ગયો તેમ તેમ નાના મોટા હજારો ગામોમાં સ્થાનિક સંઘ સ્થપાતા ગયા જે આજ પણ કાયમ છે. કોઇ એક શહેર કે કસબામાં થોડા ઘર જૈનના થયા કે સ્થાનિક સંઘ સ્થપાવાનો અને ધાર્મિક કારોબાર તે દ્વારા થવાનો. સંઘનો કોઈ મુખી પોતાનું મનમાન્યું નહિ કરી શકે, મોટામાં મોટા આચાર્ય હોય તેને ય સંઘની આજ્ઞામાં રહેવું પડે. સંઘમાંથી બહિષ્કૃત થયેલી વ્યકિતનું કંઇ માન નથી. સઘળા તીર્થો, ભંડારો, તેમજ ધાર્મિક સાર્વજનિક કાર્યો સંઘની દેખરેખ નીચે ચાલે છે. આ સ્થાનિક સંઘોના પ્રતિનિધિઓના સમ્મેલન દ્વારા પ્રાન્તીય કે ભારતીય સંઘની રચના આજ સુધી ચાલી આવી છે. જે પ્રમાણે ગણરાજ્યનો વિકાસ આજે ભારતવ્યાપી સંઘરાજ્યમાં થયો છે, તેવી રીતે પાર્શ્વનાથ અને મહાવીર દ્વારા સંચાલિત તે સમયના નાના મોટા સંઘોના વિકાસરૂપ આજની સંઘવ્યવસ્થા છે. બુદ્ધનો સંઘ પણ આ પ્રમાણે જ છે. કોઈ પણ દેશ કે જ્યાં બૌધધર્મી હશે ત્યાં સંઘવ્યવસ્થા હશે અને તે દ્વારા ધાર્મિક વ્યવહાર ચાલતો હશે.

જેમ તે સમયમાં રાજ્યની સાથે ગણ શબ્દનો પ્રયોગ થયો હતો તેમ મહાવીરના પટ્ટશિષ્યોને માટે ગણ શબ્દ યોજાયો. તેમના અગિયાર શિષ્યો કે જેમની જન્મભૂમિ બિહાર જ હતી તેઓ ગણધર કહેવાયા. આજે પણ જૈન પરંપરામાં "ગણી" પદ કાયમ છે અને બૌધ પરંપરામાં સંઘસ્થવિર યા સંઘનાયક પદ.

જૈન તત્ત્વજ્ઞાનની પરિભાષાઓમાં નયવાદની પરિભાષાને પણ સ્થાન છે. પૂર્ણ સત્યની માત્ર એક બાજુને જોનારની દૃષ્ટિનું નામ નય છે. આવા નયના મુખ્ય સાત પ્રકાર પ્રાચીન કાળથી જૈન શાસ્ત્રોમાં જોવા મળે છે, જેમાં પ્રથમ નયનું નામ "નૈગમ" નય છે. "નૈગમ" શબ્દ "નિગમ" ઉપરથી બન્યો છે, જેનો અર્થ સમાન કાર્યવ્યવહાર કરનારાઓની એક શ્રેણી એવો થાય છે. આ નિગમો વૈશાલીમાં હતા, જેનો ત્યાંના સિક્કાઓમાં પણ ઉલ્લેખ મળી આવે છે. તે નિગમોમાં એક પ્રકારની એકતા રહેતી અને બાહ્ય બધો વ્યવહાર સમાન ધોરણે ચલાવતા. જૈન પરંપરાએ આ નિગમ શબ્દના ભાવ ઉપરથી "નૈગમ" શબ્દ દ્વારા એક એવી દૃષ્ટિનું સૂચન કર્યું–જે સમાજમાં અત્યંત પ્રચલિત હોય અને જેના આધાર ઉપર જીવનવ્યવહાર ચાલતો હોય.

નૈગમ પછી સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, અને એવંભૂત એમ છ શબ્દો દ્વારા આંશિક વિચારસરણીઓનું સૂચન થાય છે. ઉકત છએ દૃષ્ટિઓ તત્વજ્ઞાન સાથે સંબંધ રાખતી હોવા છતાં તે સમયના રાજ્યવ્યવહાર અને સામાજિક વ્યવહારના પાયા ઉપર કલ્પવામાં આવી છે, એટલું જ નહી પણ સંગ્રહ વ્યવહાર આદિ શબ્દો તત્કાલીન ભાષા પ્રયોગોમાંથી લેવામાં આવ્યા છે એમ મારૂં માનવું છે. અનેક સમૂહો સાથે મળીને રાજ્યવ્યવસ્થા કે સમાજવ્યવસ્થા ચલાવતા તે એક પ્રકારનો સંગ્રહ હતો. તેમાં ભેદમાં અભેદ દૃષ્ટિનું પ્રાધાન્ય હતું. તત્વજ્ઞાનમાં સંગ્રહનયના અર્થનો આ જ ભાવ છે. વ્યવહાર ચાહે રાજકીય હોય કે સમાજિક, પણ તે જુદી જુદી વ્યકિત યા સમૂહ દ્વારા સધાય છે. તત્વજ્ઞાનના વ્યવહારનયમાં પણ વિભાજનનો જ ભાવ મુખ્ય છે. વૈશાલીમાં મળી આવેલા સિક્કાઓ ઉપરથી આપણને જાણવા મળ્યું છે કે તે સમયમાં "વ્યાવહારિક" અને "વિનિશ્ચય મહામાત્ય"ની જેમ "સૂત્રધાર" પણ એક પદવી હતી. મારા ખ્યાલ પ્રમાણે જૈન તત્વજ્ઞાનના ઋજુસૂત્ર નયથી જે અર્થ ફલિત થાય છે તે કાર્ય સૂત્રધારનું હોવું જોઇએ. ઋજુસૂત્ર નયનો અર્થ એ છે કે આગળ પાછળનો લાંબો વિચાર ન કરતાં કેવળ વર્તમાનને જોવો. એટલે સંભવ છે કે ઉપસ્થિત સમસ્યાઓનો તત્કાલ નિકાલ લાવવાનું કામ સૂત્રધારનું હોય. દરેક સમાજ, સંપ્રદાય કે રાજ્યમાં અમુક ખાસ પ્રસંગે શબ્દ કે આજ્ઞાને પ્રાધાન્ય આપવું પડે છે. જ્યારે કોઈ બીજી રીતે માર્ગ ન નીકળતો હોય ત્યારે કોઈ એક

(અનુસંધાન પૃષ્ઠ ૧૮)

જૈનસમાજની એકતા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૩-૫-૫૩ રવિવારના સવારના નવ વાગ્યે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વ્યાખ્યાનખંડમાં જૈનોની એકતાના આન્દોલનને વેગ મળે તે હેતુથી જૈનોની એક જાહેર સભા ભરવામાં આવી હતી. આ સભામાં જૈન સમાજના સર્વ ફિરકાઓનાં ભાઈ બહેનોએ બહુ મોટી સંખ્યમાં હાજરી આપી હતી. સંઘના નિમંત્રણને માન આપીને આચાર્યશ્રી વિજયવલ્લભસૂરી પોતાના શિષ્યસમુદાય સાથે પધાર્યા હતા. સાધ્વીગણ પણ સારી સંખ્યામાં ઉપસ્થિત થયો હતો. પ્રારંભમાં બહેન ગીતાંજલિ અને મંજુલાએ પ્રાર્થનાગીત સંભળાવ્યું. ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ ઉપસ્થિત આચાર્યમહારાજને તેમ જ અન્ય સજ્જનોને તથા સન્નારીઓને આવકાર આપતાં સંઘની રચના તેમ જ અનેકવિધ પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો હતો. ત્યાર બાદ છેલ્લા બે માસ દરમિયાન જૈનોની એકતાને પરિપોષક જે કાંઇ બની રહ્યું છે તેનો વિગતવાર ખ્યાલ આપતાં જણાવ્યું હતું કે "જે એકતાને અમે અને અમારો સંઘ વર્ષોથી ઝંખી રહ્યા છીએ તે એકતાનું સ્વપ્ન જાણે કે બહુ જલ્દિથી મૂર્તિમન્ત થવાનું હોય એવી ઘટનાઓ એક પછી એક બની રહી છે તે જોતાં અમારું હૃદય આનંદપુલકિત બને છે. ગયા રવિવારે તેરાપંથી ભાઇઓ દ્વારા યોજાયલી સભામાં આચાર્યમહારાજે જૈનોની એકતાનું જે ઉદાત્ત ઉદ્‌ગારો વડે પ્રતિપાદન કર્યું હતું તે સાંભળીને સાધારણતઃ કાંઇક નિરાશા અનુભવતા અમારા અન્તરમાં આશાનાં નવાં અંકુરો ફુટયાં છે. એ એકતાના આન્દોલનને વિશેષ જોર મળે, જૈન જૈનમાં પરસ્પર ભાઇચારાની ભાવના વધે એ હેતુથી આજની સભા યોજવામાં આવી છે અને આચાર્યશ્રીને એ જ પ્રશ્નનો વિસ્તાર કરવા અમારા તરફથી વિનંતિ કરવામાં આવી છે. હવે એ વખત આવી રહ્યો છે કે જ્યારે આપણે ફીરકાભેદની જુદાઇને ભુલી જઇએ, અને આપણને સંકલિત કરતા સમાનતાના તત્ત્વોને આપણી નજર સમક્ષ આગળ ધરીએ. એક પદમાં કહ્યું છે કે 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઇ દેખે નહિ' એવી આપણી સ્થિતિ છે. પાંચ મહાવ્રત આપણ સર્વના સમાન, પંચપરમેષ્ટિ મંત્ર સૌના એક, આત્મા, પુનર્જન્મ, કર્મ અને મોક્ષના સિધ્ધાન્તો સૌના સરખા, સમભાવ, સંયમ અને તપ વિષે કશોપણ મતભેદ મળે નહિ, અહિંસા અને અનેકાન્ત સર્વ સંપ્રદાયના પાયામાં રહેલા મૂળતત્વો–જીવનનો આચાર વ્યવહાર રીત રસમ બધી સરખી–આમ આપણી વચ્ચેની સમાનતાનો આવડો મોટો રાશિ પડેલો હોવા છતાં કાં તો મૂર્તિપૂજા, અથવા તો મુહપત્તિ, સાધુઓનું નગ્નત્વ કે વસ્ત્રધારિત્વ, કેવળીની ભુક્તિ કે સ્ત્રીની મુક્તિ, આવા અલ્પમહત્વના માન્યતાભેદોના કારણે તે વિપુલ રાશિને આપણે જોઇ શકતા નથી, ઓળખી શકતા નથી. આ માન્યતાભેદો ખોટા છે એમ નહિ પણ સાપેક્ષભાવે વિચારતાં તેનું તારતમ્ય આપણે સમજી શકીએ તેમ છે અને તેથી આપણને એક બનવામાં તે જરા પણ આડે આવે તેવા નથી એમ આપણને સમભાવથી વિચાર કરતાં તરત જ માલુમ પડે તેમ છે. તો પછી આ અન્તરાયોને હળવા કરીને આપણે એક કેમ ન બનીએ ? આપણે આખરે તો ભગવાન મહાવીરના અનુયાયી છીએ, તેમણે પ્રરૂપેલ ધર્મના આપણે સા એકસરખા વારસદાર છીએ. તો પછી આપણે એકમેકથી વિમુખ બનીને કેમ ચાલીએ છીએ ?

તેમણે ઉપદેશેલો અહિંસાનો સિધ્ધાન્ત હવે કોઇ સંપ્રદાયને વાડાનો રહ્યો નથી. ગાંધીજીએ તે સિદ્ધાન્તને જગદ્‌વ્યાપી રૂપ આપ્યું છે. આર્ત દુનિયાનો એક જ પોકાર છે શાન્તિ ! શાન્તિ ! અહિંસા ! અહિંસા ! યુદ્ધના જ્વાલામુખીને મોખરે ઉભેલું વિશ્વ માત્ર અહિંસાની ભાવનાના સ્વીકારથી જ ઉગરી શકે તેમ છે એમ દુનિયાના સમગ્ર ચિન્તકો, વિચારકો, રાજકારણના સૂત્રધારોને સ્પષ્ટપણે ભાસવા માંડયું છે. આ અહિંસાનો ઉદ્યોત એ જૈન ધર્મનો જ–તેના પાયામાં રહેલ વિશ્વબંધુત્વનાં આદર્શનો જ–ઉદ્યોત છે એમ સમજીને આપણા નાના નાના મતભેદોને–માન્યતાભેદોને–બાજુએ મૂકીને, હળવા કરીને, બે ઘડિ વિસારીને એક બનીએ અને જૈન ધર્મ, શાસ્ત્ર, સાહિત્ય શિલ્પનો અને સ્થાવર તથા જંગમ તીર્થોનો જે કિંમતી વારસો મળ્યો છે તે વિશાળ જગતના ચરણે ધરીએ."

ત્યાર બાદ શ્રી સોહનલાલજી દુગડે મુંબઇ જૈન યુવક સંઘના સભ્યના હોવાથી આધુનિક જૈન સમાજની દુર્દશા, તદર્થે સંગઠનની આવશ્યકતા, દરેક વ્યકિતને આર્થિક સ્વાસ્થ્ય આપવાની જરૂર, માત્ર ધર્મના ઝંડા નીચે ચાલવાથી આજની સમસ્યાનો ઉકેલ આવવાની અશકયતા, ધનવાનો સ્વેચ્છાએ ધન આપશે એવી આશા છોડીને તેમને ધનનો ફરજિયાત ત્યાગ કરવો પડે એવી નવી સમાજરચના કરવાની જરૂરિયાત, વગેરે મુદ્દાઓ રજુ કરીને રૂા. ૫૦૦ ના હિંદી પુસ્તકો અને ૫૦૦ના ગુજરાતી પુસ્તકો મહાવીર જૈન વિદ્યાલયના પુસ્તકાલય માટે ખરીદવા એ મુજબ ઇચ્છા દર્શાવીને પોતાં તરફથી આ પ્રસંગે રૂા. ૧૦૦૦નું દાન જાહેર કર્યું હતું.

ભાઇશ્રી રતિલાલ કોઠારીએ મુંબઇમાં છેલ્લા મહાવીર જયન્તી ઉજવાઇ ત્યારથી જૈનોને એક બનાવનારું જે નવું વાતાવરણ પેદા થયું છે તે વિષે પોતાનો આનંદ વ્યકત કરતાં જણાવ્યું કે સમસ્ત જૈનોને એકત્ર કરવાની દિશાએ આચાર્યશ્રી વિજયવલ્લભ સૂરિ તરફથી જ આવું વેગવાન આન્દોલન ઉભું કરવામાં આવે અને તેમની દોરવણી નીચે એકતાનું નિર્માણ થવાની શરૂઆત થાય તે અત્યન્ત પ્રોત્સાહક અને આવકારદાયક છે. આપણે બધા જન્મે જૈન હોવામાં અભિમાન લેવાને બદલે કર્તવ્યે જૈન બનવાનો આગ્રહ સેવતા થઇએ અને ચોતરફ એકતા અને મૈત્રીની ભાવના ફેલાવીએ અને એ રીતે આચાર્યશ્રીએ મન ઉપર લીધેલા કાર્યને આપણે ટેકો આપીએ એ અત્યન્ત આવશ્યક છે."

ત્યાર બાદ ઉપાધ્યાયશ્રી પૂર્ણાનંદ વિજયજી અને શ્રી જનક વિજયજીએ ટૂંકું પ્રસંગોચિત વિવેચન કર્યું અને ત્યાર બાદ આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભ સૂરીએ આજના વિષયને અનુલક્ષીને બોલતાં જણાવ્યું કે "માનવસમાજમાં વિચારભેદ હોવો એ સ્વાભાવિક છે. જ્યાં માનવી છે ત્યાં મન છે, મન છે ત્યાં વિચાર છે, વિચાર છે ત્યાં વિચારભેદ છે. આ વિચારભેદ અનાદિકાળથી ચાલ્યો આવે છે. આ વિચારભેદને શાન્ત કરીને જનતાને એક વિચાર ઉપર લાવવા માટે શાસ્ત્રોની રચના કરવામાં આવી છે. આ શાસ્ત્રોને એ ભાવથી સ્વીકારવા અને ગ્રહણ કરવાને બદલે જેમ વકીલો એક જ કાનુનના ભિન્ન ભિન્ન અર્થો કરે છે તેમ આપણે પણ આપણી બુદ્ધિનો ઉપયોગ કરીને શાસ્ત્રોની એકવાકયતા ગ્રહણ કરવાને બદલે તેના ભિન્ન ભિન્ન અર્થો ઘટાવ્યા છે અને મતભેદો ઉભા કર્યો છે. હવે આ મતભેદો ગમે તેના હોય તો પણ આપણા દિલમાં ઇચ્છા એકતાની હોવી જોઇએ. એકતા સાધવા તરફ આપણો સતત પ્રયત્ન હોવો જોઇએ.

આ એકતાની ખ્યાલી વાતો કર્યે નહિ ચાલે. વૈવિધ્યથી

ભરેલી અને પરસ્પર વિરોધી દિશાએ ખેંચતા બળોથી પ્રભાવિત બનેલી આ દુનિયામાં એકાએક એકતા શકય નથી. એકતાનો વિચાર કરનારે પોતાના ઘરથી, પોતાના સમાજથી શરૂઆત કરવાની રહે છે. અકબર બાદશાહે એક વાર બીરબલને પૂછ્યું કે "બીરબલ, મારી અને તારી દાઢી એક સાથે બળવા લાગે તો તું પહેલાં કોની દાઢી ઠારવા પ્રયત્ન કરે ?" બીરબલે જવાબ આપ્યો કે "જહાંપનાહ મને માફ કરે, પણ પહેલાં તો હું મારી દાઢી ઠારવાનો પ્રયત્ન કરું" આ રીતે પહેલાં આપણું બળતું ઘર ઠારીએ, આપણે આપણા મતભેદો મીટાવીએ, અને અંદર અંદર સંગઠિત બનીએ. આ અંદરની સાફ સૂફી માટે આપણું હૃદય પહેલાં સાફ કરવું ઘટે છે. ધર્મરૂપી ખેતી કરવી હોય તો જમીન પહેલાં સાફ કરવાની જરૂર રહે છે. આ માટે વીતરાગ ભગવાનના વચન ઉપર વિશ્વાસ ધરવાની જરૂર છે. પ્રભુવચનના વિશ્વાસ દ્વારા હૃદયશુદ્ધિ કરો અને એકતાના વિચારને આગળ વધારો !

તમે જૈનોને એક કરવા માંગો છો તો તેઓ જુદા કેમ રહે છે ? તે જુદા રહેવા પાછળ કોઇ મતલબ છે ? તેની પાછળ કયા પૂર્વગ્રહો કામ કરી રહ્યા છે ? આનો ઉંડો વિચાર કરો ! સંશોધન કરો ! દર્દના મૂળને જાણો, તપાસો, તેનું નિદાન કરો ! બીજાની ભૂલ સુધારવા પહેલાં પોતાની ભૂલને જોતા શીખો, અંદરના અભિમાનને દૂર કરો, એમ કરવાથી એકતાનો માર્ગ એકદમ સરળ થવા માંડશે.

બીજી મારી એ સૂચના છે કે સુધારક વિચારના અને જૂના વિચારના, યુવકો અને વૃધ્ધ, બન્ને વચ્ચે જે અન્તર પડી ગયું છે તે દૂર થવું જોઇએ. બન્નેના દૃષ્ટિકોણનો સમન્વય થવો જોઇએ. એકે અન્યથી દૂર ભાગવાને બદલે નજીક આવવું જોઇએ. જુવાન કહે છે કે જમાનાને અનુસાર એકદમ ફેરફાર કરો. વૃદ્ધ કહે છે કે મૂળ વસ્તુને નુકસાન ન કરો. આ બન્નેના કથનમાં સત્યાંશ છે. જમાના અનુસાર જરૂર બદલવું જોઇએ, પણ એમ કરતાં પાયાના તત્ત્વનો, મૂળ વસ્તુનો છેદ ઉડી ન જાય એ પણ જોવું રહ્યું. જમાના મુજબ ફેરફાર કરવાનું કહેનારે પોતામાં પાયાની વસ્તુ માટે શ્રધ્ધા છે એવી પ્રતીતિ કરાવવી જોઇએ. મૂળ વસ્તુના સાચા મૂલ્યની સામાન્ય જનતાને પ્રતીતિ કરાવવી જોઇએ અને સાથે સાથે સમયોચિત ફેરફાર કરવાની તત્પરતા દાખવવી જોઇએ. આજે સુધારક સમાજથી દૂર ને દૂર જાય છે અથવાતો તેને નાસ્તિક ગણી કાઢી તેને દૂર દૂર હડસેલવામાં આવે છે. આ બરોબર નથી. સુધારક પણ સમાજનું હિત ચિન્તવે છે. જેના દિલમાં લોકશ્રેયની કામના છે તેને આપણે નાસ્તિક કેમ કહીએ ? તેને મળો, તેને સહકાર આપો, તેને પોતાનો બનાવો. આમ બધા એકમેક સાથે મળતા રહે, એકમેકના દૃષ્ટિબિન્દુઓને સમજતા થાય, પછી એકતાનો કોઇને ઉપદેશ આપવાની જરૂર જ નહિ રહે.

બે સાધુઓ એક ઉપાશ્રયમાં ઉતર્યા હતા. એક બોંયતળીએ હતો; બીજો ઉપરને માળ હતો. બોંયતળીઆવાળો સાધુ કહે છે કે ઉપર બેઠેલો સાધુ અભિમાની છે, તે નીચે ઉતરતો નથી. ઉપર બેઠેલો સાધુ કહે છે કે નીચેનો સાધુ ક્રિયાહીન છે તેની પાસે જઇને હું શું કરૂં ? આમ પરસ્પર નિન્દા કરવાથી કોઇ કોઇની સમીપ જઇ શકતું નથી.

જૈન તત્વ એટલે નાતજાતનો, રંગરૂપનો, ભેદ ભૂલવો અને માનવતાની સળંગ દોરીએ ગુંથાવું. એક જ વ્યકિતને તમે જૈન કહીને ઉંચે ચઢાવો છો તો પછી તેને તેરાપંથી કે સ્થાનકવાસી કહીને શા માટે નીચે ઉતારો છો ? પાયામાં રહેલી સમાનતાને જુઓ અને નામભેદને ભુલી જાઓ.

દેવ, ગુરૂ, અને ધર્મ એ ત્રણ મૂળ તત્વો છે. એમાં દેવ તો સૌના એક છે પણ ગુરૂઓ સૌ સૌના જુદા છે, કારણ કે ગુરૂ ગુરૂના વેશ જુદા છે તેમની સમાચારી જુદી છે, તેમના સંઘાડા જુદા છે, તેને લીધે ધર્મના આચારમાં ભેદ પડયો છે અને અનુયાયીઓના વળણમાં મારાતારાની ભાવના ઉભી થઇ છે. આ રીતે ત્રણ અંગમાં બે અંગ બગડયા છે. એક અંગ સાબુત છે. આ સાબુત અંગનો પ્રભુનાજ ઝંડા નીચે આશ્રય લઇને તમે બધા એક બનો. તમને બધાને વીતરાગ પરમાત્માનું એક શાસન સ્વીકાર્ય છે, આ દેવ તમને સંગઠિત કરનાર રજજુ છે. તેનું અવલંબન લઇને એક બનો અને જુદાઇને ટાળો.

તમે શ્રાવકોને જૈનોને જુદા રાખે એવું કશું નથી. તમે બધા સાથે હળો મળો છો, બાંધો પીઓ છો, દીકરા દીકરીઓના અંદર અંદર વિવાહસંબંધો યોજો છો, વેપાર વણજ સાથે મળીને કરો છો. અને સાથે મળીને લાખો રૂપીઆના સાહસો ખેડો છે. આચારમાં કે વિચારમાં તમારામાં એવી કોઇ ભિન્નતા નથી. તમે એક બની જાઓ. સાધુઓ પાસેથી આ બાબતની આશા ન રાખો. તમારા એક બનવામાં સાધુઓની રોટી જોખમાય છે તો તેઓ તમને એક બનવાનું બળ કેવી રીતે આપી શકે ? પણ તમે જો એકત્ર અને સંગઠિત બનશો તો પછી સાધુઓની દેન નથી કે તેઓ લાંબો વખત જુદા રહી શકે. તમે એક થશો તો સરકાર ઉપર તમારું પ્રભુત્વ પડશે અને તમારી વ્યાજબી માંગણીઓ મંજુર કરાવી શકશો. એક એક લાકડી તુટી શકે છે. લાકડીનો ભારો કોઇથી તુટતો નથી. એક એક દોરો તોડી શકાય છે. તેનું દોરડું બનતાં તે મોટી મોટી સ્ટીમરોને પકડી શકે છે અને ગમે તેટલો ભાર ઉપાડી યા ખેંચી શકે છે. ગંજીપામાં એકકાનું જ મહત્વ છે તે અન્ય પાનાઓનું છે જ નહિ. આમ સમજીને, કાળબળને વિચારીને ભગવાનના નામ ઉપર તમે બધા ભાઇઓ એક બનો અને સંગઠનના હિતાહિતનો એકત્ર બની વિચાર કરો અને આગળ વધો.

અલબત્ત આ એકતાનો અર્થ એવો કરવાનો નથી કે સ્થાનકવાસી સ્થાનકવાસી મટી જાય, અને તેરાપંથી તેરાપંથી મટી જાય. કોઇએ પોતાની માન્યતા છોડવાની નથી, એ આજે શકય પણ નથી. આવતી કાલે કોઇ યુગપ્રધાન પાકે તો એ પણ ન જ બની શકે એમ ન કહી શકાય અને ખરેખર આપણને એવા એક યુગપ્રધાનની જરૂર છે જે આપણી જુદાઇને ભુલાવે, આપણને સાચો રાહ બતાવે, આપણને એક જ માર્ગના પ્રવાસી બનાવે. આવો યુગપ્રધાન પેદા કરવા માટે આપણે તૈયારી કરવી જોઇએ અને એ તૈયારીનો પાયો પણ એકતા જ છે એ આપણે બરોબર સમજી લઇએ.

આ માટે આપણે ડાળીને છોડીને મૂળને વળગતા થવું જોઇએ. ડાળીઓ આજ છે અને કાલે નથી. પણ મૂળ એ જ આપણું સાચું અને સ્થાયી અવલંબન છે. ડાળીને એકાએક છોડી શકાય તેમ નથી એ સમજી શકાય તેવું છે પણ મારો કહેવાનો આશય એ છે કે ડાળીને વળગી રહેવા છતાં પણ તમારી પકડ મૂળ સાથે હોવી જોઇએ. આ જ આશયથી હું તમને બધાને કહું છું કે હવે વિજયવલ્લભ સૂરિની જય, તુલસી-રામજીની જય–આવી અમારી જેવી વ્યકિતઓની જય બોલાવવાનું છોડી દો અને માત્ર મહાવીર સ્વામીની જ જય પોકારો અને તેના નામ નીચે, તેના શાસન નીચે સૌ કોઇ એકત્ર થાઓ, સંગઠિત થાઓ, ગરીબાઇ અને અસહાયતાના ગર્તમાં ડુબી રહેલા સમાજને ઉગારો એ જ પ્રાર્થના.

ત્યાર બાદ મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી. ટી. જી. શાહે બુલંદ અવાજથી આચાર્ય મહારાજે કરેલી એકતાની ઉદ્ઘોષણાને અન્તરથી વધાવી લેવા શ્રોતામંડળને અનુરોધ કર્યો હતો અને તે દિશાએ પ્રયત્ન કરી રહેલ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની સંસ્થાની જરૂરિયાતે ને પહોંચીવળવા દર્દભરી અપીલ કરી હતી. અને આચાર્યશ્રીનો મુંબઇ જૈન યુવક સંઘ વતી હાર્દિક આભાર માન્યો હતો. આખરમાં આચાર્ય મહારાજે માંગલિક સંભળાવ્યું હતું અને ત્રણ કલાક સુધી અખંડપણે ચાલી રહેલી સભા મહાવીર સ્વામીના જયનાદ સાથે વિસર્જન કરવામાં આવી હતી.

અહિંસા અને સરકાર

તા. ૧૬-૨-૫૩ ના વિશ્વવાત્સલ્યમાં 'ભારતની સરકારો અને અહિંસા' એ મથાળાના અગ્રલેખમાં સંતબાલજી જણાવે છે કે "ભારતે પોતાની આઝાદી પણ અહિંસાની નીતિએ મેળવી છે અને તે માને છે કે તે આઝાદીને ટકાવવા માટે હિંસાની કે આક્રમણની જરૂર જ નથી. આમ વિદેશનીતિમાં ભારત જેટલું સ્પષ્ટ છે તેટલું જ નહિ બલકે તથી વધુ સ્પષ્ટ તે પોતાની આન્તરિક નીતિમાં પણ કેમ ન થઇ શકે? થવું જ જોઇએ. આમ થાય તો છાશવારે ને છાશવારે પોતાના ભાંડુઓ ઉપર લાઠીચાર્જ કે ગોળીબાર થવાની સ્થિતિમાં કોંગ્રેસ સરકારોએ શા માટે મુકાવું જોઇએ? હું જાણું છું કે અહિંસાની નિષ્ઠામાં માનનારા મિત્રો પણ સરકારો ચલાવવા માટે તો હિંસાને અનિવાર્ય જ માનતા જણાય છે. 'કાયદો અને વ્યવસ્થા વચ્ચે જે કોઇ આવે તેને સજા થવી જ જોઇએ એમ માનવામાં તો લગભગ સૌ તૈયાર હોય છે. પરંતુ હું પોતે તો જુદી માન્યતા ધરાવું છું. મને લાગે છે કે 'કાયદો અને વ્યવસ્થા' જે પ્રજા માટે છે તે પ્રજા જાતે જ જો 'કાયદો અને વ્યવસ્થા' તોડવા તૈયાર થાય તો તેવે વખતે હિંસક સજા કરવાનો કોઈ અર્થ નથી. હિંસક સજા ચાલુ રહે તો લોકશાહી ઘડાય શી રીતે? એટલું જ નહિ બલકે અહિંસાની નીતિમાં માનનાર કોંગ્રેસ સરકારે, તેના સંયોગોમાં સરકાર તરીકે રહેવું કે નહિ? આવા ઘણા સવાલો ઉભા થાય છે. મારું પોતાનું માનવું એ છે કે આ દેશની કોઇ પણ સરકારોએ અહિંસાને ભોગે નહીં ટકવું જોઇએ, તો પછી કોંગ્રેસ સરકાર તો અહિંસાને ભોગે ટકવી જ શા માટે જોઇએ?"

આજ કાલ ભિન્ન ભિન્ન પ્રદેશોની કોંગ્રેસ સરકારો તરફથી કાયદો અને વ્યવસ્થા, જાળવવાના હેતુસર સ્થળે સ્થળે અવારનવાર લાઠીચાર્જ કરવામાં આવે છે અને કદિ કદિ ગોળીબાર પણ કરવામાં આવે છે તે સંબંધમાં લાલઘુમ થવાના આશયથી અથવા તો લાઠીચાર્જનો તેમની દૃષ્ટિએ જે અતિરેક થઇ રહ્યો છે તે સામે ચેતવણી આપવાના હેતુથી ઉપરનું લખાણ કરવામાં આવ્યું હોય તો તે જરૂર આવકારયોગ્ય છે.

વળી ગાંધીજીએ અહિંસાવિચારને રાજકારણમાં ચોકકસ સ્થાન અને પ્રતિષ્ઠા આપી છે. કોંગ્રેસ સરકારની દેશમાં સ્થાપના થઈ તે પહેલાં આપણને સંપૂર્ણ આઝાદીથી વંચિત રાખનાર અને મોટા ભાગ પશુબળ ઉપર પ્રતિષ્ઠિત થયેલ અંગ્રેજ સરકાર સામેની લડતમાં હિંસક સામનો ન કરતાં, અસહકાર, સત્યાગ્રહ, સવિનયભંગ, જેલસ્વીકાર, વગેરે પોતાની જાત ઉપર જ બધી આફતો નોતરવાનું જેમાં રહેલું છે તેવો અહિંસક સામનો કરવાનું ગાંધીજીએ આપણને શિખવ્યું હતું અને એ રીતે આપણું ધ્યાન રાજકારણી અહિંસા તરફ ગાંધીજીએ કેન્દ્રિત કર્યું હતું. આઝાદી મળ્યા પછી પણ પ્રજાના રાજ્ય સાથેના વ્યવહારમાં અહિંસા દૃષ્ટિને એટલો જ અવકાશ રહ્યો છે એ આપણે જરૂર સ્વીકારીએ. આપણામાંના જ ભાઇઓ આજે રાજ્યધુરા ઉપર બેઠેલા હોવા છતાં તેમનાથી કદિ ભુલ જ ન થાય, પોતાને મળેલો સત્તાનો તે કદિ દુરૂપયોગ ન જ કરે, એક અથવા અન્ય વર્ગને અસંતોષ કે અન્યાય થાય એવું તેમનાથી ન જ બને એમ કહી ન શકાય. જ્યાં સુધી વર્ગવિભાજિત સમાજરચના છે ત્યાં સુધી વર્ગ વર્ગ વચ્ચે તેમ જ રાજ્ય અને એક અથવા અન્ય વર્ગ વચ્ચે સંઘર્ષ રહ્યા જ કરવાના. આ સંયોગોમાં કોઇ પણ અન્યાય કે અઘટિત કાયદા સામે અથવા તો સરકારી વર્તાવ સામે આંદોલન ઉભું કરવા માટે તેમ જ તેવો કાયદો રદ કરવા માટે તેમ જ જવાબદાર અધિકારીઓને નસિયત પહોંચાડવા માટે અસહકાર સત્યાગ્રહ વગેરે અહિંસક ઉપાયો હવે વ્યવહારક્ષેત્રમાં પ્રવેશ પામી ચુકયા છે. અને એ યોગ્ય છે. આ રીતે રાજ્યશાસન સામેની કોઈ પણ પ્રજાકીય હીલચાલનું સ્વરૂપ અહિંસક હોવું જોઇએ–હિંસક–નહિ. આ પ્રકારનો અહિંસાવિચાર આપણા દિલમાં સદાને માટે સ્થિર થાય તો જ એક પ્રજા તરીકે ગાંધીજીના વારસાને આપણે ચરિતાર્થ કર્યો કહેવાય. આવી જ રીતે રાજ્યકર્તા પક્ષે પણ અહિંસાદૃષ્ટિને ચોકકસ સ્થાન છે એ પણ આપણે તેમજ તેમણે સમજી લેવું રહ્યું. પણ રાજ્યશાસન અહિંસક દૃષ્ટિએ ચાલવું જોઇએ એનો અર્થ વર્તમાન સંયોગોમાં એટલો જ હોઇ શકે કે રાજ્યકર્તાઓએ પ્રજાસાથેના વ્યવહારમાં બને તેટલી ઋજુતાથી તથા સમજાવટથી કામ લેવું જોઇએ, વહીવટ ચલાવવામાં દંડસત્તાનો બને તેટલો ઓછો ઉપયોગ કરવો જોઇએ, ગમે તેવા સંઘર્ષના પ્રસંગે પણ પુરી ખામોશ, ધૈર્ય, શાણપણ અને દીર્ઘદૃષ્ટિપૂર્વક કામ લેવું જોઇએ. રાજ્યકર્તા પક્ષે અહિંસાનો આથી વિશેષ અર્થ હોઇ ન શકે. કોંગ્રેસ સરકારને અહિંસા દૃષ્ટિને સામે રાખીને રાજ્ય ચલાવવાનું કહેતા સન્તબાલજીનો આટલો જ આશય હોય તો તે સમજી શકાય તેવું છે, સ્વીકાર કરવા યોગ્ય છે.

પણ ઉપરના અવતરણમાં તેઓ છેવટે એમ જણાવે છે કે "મારું પોતાનું માનવું એ છે કે આ દેશની કોઈ પણ સરકારોએ અહિંસાને ભોગે નહીં ટકવું જોઇએ, તો પછી કોંગ્રેસ સરકારો તો અહિંસાને ભોગે ટકવી જ શા માટે જોઇએ?" આ વિધાન અતિ વ્યાપક છે, અવ્યવહારૂ છે. કોઇ પણ સરકારનું અસ્તિત્વ અને હેતુ શા માટે છે તેનો વાસ્તવિક ખ્યાલ ધરાવનાર કદિ આવું વિધાન નહિ કરે. કારણ કે દંડસત્તાના સ્વીકાર ઉપર જ બધી સરકારોની રચના કરવામાં આવી છે. અને એ સિવાય બીજો કોઇ વિકલ્પ હજુ કલ્પનામાં આવતો નથી.

પ્રત્યેક સરકારનું કર્તવ્ય બે પ્રકારનું હોય છે. (૧) શાસિત પ્રજાના સુખ અને શ્રેયનું સંવર્ધન અને (૨) પ્રજામાં રહેલા અરાજક અને અસામાજિક તત્વોનું નિયમન અને જરૂર પડયે દંડશાસન. આ નિયમન અને દંડશાસન એટલે પોલીસ, જેલ, શિક્ષા, દમન, લાઠીચાર્જ અને જરૂર પડયે ગોળીબાર. આ દંડશાસનનું અવલંબન લીધા સિવાય કોઇ પણ સરકાર ચાલી શકે તેમ છે જ નહિ. આમ હોવાથી અહિંસાને ભોગે કોંગ્રેસ સરકારો શા માટે ટકવી જોઇએ એ પ્રશ્નનો વાસ્તવિક રાજકારણમાં કોઇ અર્થ જ નથી.

આવા પ્રશ્નોની ચર્ચા પૂર્વે અહિંસા એટલે શું, સરકાર એટલે શું, સંપૂર્ણપણે અહિંસક એવું વ્યકિતગત જીવન કદિ શકય છે ખરું? તો પછી અહિંસાપૂર્ણ સરકાર સંભવે જ કઇ રીતે? આ બધી બાબતો વિષે વિચારની ખૂબ સ્પષ્ટતા અપેક્ષિત છે. ઉપરના અવતરણમાં જેને અંગ્રેજીમાં Loose thinking કહે છે તેવી ગોટાળી અસભ્યક્ વિચારણા માલુમ પડે છે.

હિંસા બે પ્રકારની હોઇ શકે છે. આક્રમક અને રક્ષણાત્મક. સરકાર પક્ષે આક્રમક હિંસા એટલે જેનું રક્ષણ અને સુખસંવર્ધન પોતાને સોંપાયલું છે તે પ્રજાનું નિરર્થક પીડન, દા. ત. રાજ્યસત્તા પ્રજાને ત્રાસ આપે, લુટે, તેની ઉપર અસહ્ય કરો નાંખે, જુલમ કરે વગેરે. આવી હિંસાથી સુધરેલી દરેક સરકારે જરૂર દૂર રહેવું જ જોઇએ. પણ બીજી બાજુએ જેનું સુખશ્રેય પોતાને અધીન છે તે પ્રજાને કે તેમાંના કોઇપણ વિભાગને અન્ય કોઇ વ્યકિત કે વર્ગના ત્રાસ, આક્રમણ કે હેરાનગતીથી બચાવવા

માટે તેમજ રાજ્યની સત્તા ટકાવી રાખવા જે પશુબળનો ઉપયોગ કરવો પડે તે રક્ષણાત્મક હિંસા. આ હિંસાનું સરકારને અવારનવાર અવલંબન લેવું જ પડે છે અને તેમ ન કરે તો સરકાર પોતાના કર્તવ્યમાંથી ચ્યુત થાય છે. વાસ્તવિક જીવનમાં આપણે એવા અનેક સંયોગો કલ્પી શકીએ છીએ કે જ્યારે મોટા અનર્થ ટાળવા માટે રાજ્યસત્તા પક્ષે કદિ લાઠીચાર્જનો અને કદિ ગોળીબારનો પણ ઉપયોગ અનિવાર્ય થઈ પડે છે. આવું જ્યારે બને ત્યારે સરકાર અહિંસાના ભોગે ટકી રહેવાનો પ્રયત્ન કરે છે એમ કહેવું તે બરોબર નથી અને એમ કહીને કોઈ પણ સરકારને ઉતારી પાડવી તે સરકાર વિષે જનતામાં વિચારભ્રમણા પેદા કરવા બરોબર છે, તથા જે શક્ય અથવા તો વ્યવહાર નથી તેની આશા કરવાનું, અપેક્ષા ધરવાનું પ્રજાને કહેવા બરોબર છે. જેનાથી સંતબાલજી ભડકી ઉઠયા છે તે દોષ લાઠીચાર્જ કે ગોળીબારમાં નહિ પણ સંયોગોનો પુરો વિવેક કર્યા સિવાય રાજ્યસત્તાના હાથે થઈ જતા દમનમાં રહેલો છે. જરૂરી ન હોય અથવા તો જરૂર હોય એમ છતાં પણ બેફામપણે કરવામાં આવ્યો હોય તો તે લાઠીચાર્જ જરૂર દોષપાત્ર છે, વિરોધ કરવાયોગ્ય છે. જરૂરી હોય અને પોલીસસત્તાનો પણ વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો હોય તો તે લાઠીચાર્જ અને ગોળીબાર પણ રાજકારણની દૃષ્ટિએ દોષપાત્ર લેખી નહિ શકાય. આબાબત કોમી સંઘર્ષ વખતે તેની જવાળા ચોતરફ ન ફેલાય તે માટે સરકારને તે ક્ષણે તે પ્રસંગે જે ચાંપતા ઉપાયો લેવા પડે છે અને જેમાં અનેક નિર્દોષોને પણ ભોગ થવું પડે છે તેનો વિચાર કરવાથી વધારે સ્પષ્ટપણે સમજાશે.

સન્તબાલજી પૂછે છે કે "હિંસક સજ્જ ચાલુ રહે તો લોકશાહી ઘડાય શી રીતે ? એટલું જ નહિ બલકે અહિંસાની નીતિમાં માનનાર કોંગ્રેસ સરકારે, તેવા સંયોગોમાં સરકાર તરીકે રહેવું કે નહિ ?" અને આ બન્ને સવાલોના ઉત્તરરૂપે તેઓ જણાવે છે કે "આ દેશની કોઈ પણ સરકારોએ અહિંસાના ભોગે નહિ ટકવું જોઈએ." આ પ્રશ્નો તેમ જ નિર્ણયો સમ્યગ વિચારણાથી વંચિત લાગે છે. આપણી વચ્ચે પ્રવર્તમાન લોકશાહી અને હિંસક સજ્જને કોઈ સીધો વિરોધ નથી. લોકશાહીને જ છુંદી નાંખવા માંગતા બળોનું દમન અમુક સંયોગોમાં આવશ્યક અનિવાર્ય બને છે. વ્યક્તિગત રીતે માણસ ગમે તેવા આક્રમણ સામે અહિંસક બનીને નિશ્રેષ્ટ ઉભો રહી શકે છે. પણ સમષ્ટિની જવાબદારી ઉપાડનાર સરકાર આવી અહિંસકતા આવી નિશ્રેષ્ટતા-ધારણ કરી શકતી નથી. તદુપરાન્ત રાજ્યવહીવટ સાથે આવું દમન, આવી હિંસા જોડાયલી છે એ જોઈને એથી ભડકીને કોંગ્રેસ સરકાર બસી જાય તો તેની જગ્યાં અહિંસક બનીને પ્રજાને સંભાળે એવી કઈ સરકાર લેવાની છે ? આ તો ઓલબાંથી ચુલમાં પડવા જેવું જ થાય. અહિંસાના બ્યાલી વિચારો અને વાસ્તવિક રાજકારણ એ બન્નેનો તફાવત બ્યાલમાં હોય તો આવા પ્રશ્નોનું આપણે આવું નિદાન નહિ કરીએ.

અહિંસા આદર્શ છે; હિંસા વાસ્તવિકતા છે, પરસ્પરની ધર્મમર્યાદા સમજીને રાજ્યસંસ્થા અને પ્રજા વર્તે અને કશા સંઘર્ષને જન્મ પામવા ન દે એવો રાજ્યવહીવટ અને પ્રજાનો વર્તાવ આદર્શ છે. પણ સરકાર એટલે અરાજક અને અસામાજિક તત્વોનું દમન આ વાસ્તવિકતા છે. આપણું ધ્યેય શાસિત શાસકના વ્યવહારમાં આ આદર્શ અને આ વાસ્તવિકતા વચ્ચેનું અન્તર બને તેટલું કમી કરવાનું છે. આ રહસ્ય સમજીને આપણે અહિંસક બનીએ એટલે કે બને તેટલા ઓછા આક્રમક બનીએ (કારણ કે સંપૂર્ણ અહિંસાનું પાલન માનવીજીવનમાં શક્ય નથી) અને સરકારને અહિંસક થવા કહીએ એટલે કે રોજબરોજના રાજ્યવહીવટમાં, પ્રજાશાસનમાં સરકારે રાજ્યદંડનો, પશુબળનો બને તેટલો ઓછો ઉપયોગ કરવો એમ તેને કહીએ. આ રીતે વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને આદર્શ તરફ ગતિમાન રહેવાનો આપણે ઉભય સદા પ્રયત્ન સેવતા રહીએ. પ્રજાપક્ષે તેમ જ સરકારપક્ષે અહિંસાનો આ અને આટલો મર્યાદિત અર્થ છે એ આપણે સમજી લઈએ.

પરમાનંદ

નામપરિવર્તનને મળેલો વિશેષ આવકાર

મુંબઈથી અખંડાનંદ સાથે સંકળાયલા શ્રી પ્રશાન્ત: 'પ્રબુધ્ધ જૈન' જેવું સાંપ્રદાયિક નામ ત્યજીને હવેથી 'પ્રબુદ્ધ જીવન' નામ અપનાવ્યું છે તેને હું એક ક્રાંતિકારી પગલું સમજું છું. આપણી જ્ઞાતિઓ સાંપ્રદાયિક તત્વોની ખીલવણી પાછળ જ શક્તિનો વ્યય કરતી હોય છે; પરજ્ઞાતિનું દુઃખ એની આંખમાં ઓછું વસે છે. દાન વગેરેમાં પણ લોકો પોતાના જ તડ, વાડા, કે એકડાને મહત્વ આપતા આવ્યા છે. અને પરિણામે આપણે માનસિક સંકુચિતતાની જ ઉપાસના કરી છે. 'પ્રબુદ્ધ જૈન' ની નીડર લેખીની ને વીચારસરણી માટે મને પહેલેથી માન છે. હવે એ જ્યારે વાડાબંધી તોડીને બહાર ડગ ભરે છે ત્યારે એ વિચારસરણી વધુ વીકાસશીલ ને પરાક્રમશીલ બનશે એવી મને શ્રદ્ધા છે. આપે લીધેલું પગલું સર્વ નાના નાના વિભાગોમાં વહેંચાયેલી ન્યાતોના પત્રો માટે અનુકરણીય છે એ નિઃસંદેહ છે. 'પ્રબુધ્ધ જીવન 'દ્વારા ગુજરાતનું સામાજિક ને સાંસ્કારિક જીવન સમૃધ્ધ બનો એવી આંતરિક ઇચ્છા!

સંગમનેરથી, બાબુભાઈ કે. શાહ: 'પ્રબુદ્ધ જૈન' આજ 'પ્રબુદ્ધ જીવન'માં પરિણમે છે. હાર્દિક અભિનંદન. આપશ્રી જેવા ભાવનાશીલ આગેવાનનું વર્ષોનું તપ અને જીવનની સંકુચિત દૃષ્ટિમાં અટવાઈ પડેલ સમાજને જાગૃત કરી વિશાળ દ્રષ્ટિ તરફ આકર્ષવાનો આપનો શુભ પ્રયાસ શુભેચ્છકોને ગૌરવ-સમાન છે.

(નામપરિવર્તન સંબંધમાં પંડિત સુખલાલજીએ એક વિગતવાર લેખ એપ્રીલ માસની આખરમાં લખી મોકલેલો, પણ તે ટપાલમાં ગુમ થયો હતો. સદ્‌ભાગ્યે તેની નકલ હજુ હમણાં જ મળી છે પણ આ અંકમાં પુરતી જગ્યાના અભાવે 'પ્રબુદ્ધ જૈન'માંથી 'પ્રબુદ્ધ જીવન'ની ઉત્ક્રાંતિનો નાનો સરખો ઇતિહાસ રજુ કરતો એ લેખ આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે. **તંત્રી**)

હાઈસ્કૂલમાં ભણતા જૈન શ્વે. મૂ. વિદ્યાર્થીઓ માટે

શિષ્યવૃત્તિ

શ્રી વિજયકેસર સુરી સ્મારક ફંડમાંથી, મદદ મેળવવા ઇચ્છતા, મેટ્રીક સુધીના અભ્યાસ કરતા, શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીનીઓએ, તા. ૩૧-મે ૧૯૫૩ સુધીમાં, મે. ટ્રસ્ટી. કાન્તીલાલ નગીનદાસ ઝવેરી, ૪૪-૪૬ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩, મધેથી અરજીપત્રક મંગાવી લઈ, તા. ૧૦ જુન ૧૯૫૩ સુધીમાં ભરીને પાછું મોકલી આપવું.

ભારત જૈન મહામન્ડળનું ૩૩ મું અધિવેશન

સ્થળ : ખુલડાણા (બરાર)

શ્રી. ભારત જૈન મહામંડળનું ૩૩મું અધિવેશન જુન માસની તારીખ ૧ અને ૨ ના રોજ ભરાશે. અધિવેશનનું ઉદ્‌ઘાટન જયપુરનિવાસી દાનવીર શ્રીમાન સોહનલાલજી દુગડ કરશે. અને તેના પ્રમુખસ્થાને મુંબઈના સુપ્રસિદ્ધ સમાજસેવક શ્રી. તારાચંદ કોઠારી બીરાજશે.

વિષયસૂચિ		પૃષ્ઠ
વૈશાલી-વિદેહ	પંડિત સુખલાલજી	૧૧
જૈન સમાજની એકતા		૧૩
અહિંસા અને સરકાર	પરમાનંદ	૧૫
હિંસાશક્તિ, દંડશક્તિ અને લોકશક્તિ	વિનોબા ભાવે	૧૭

હિંસાશક્તિ, દંડશક્તિ અને લોકશક્તિ

(ગતાંકથી ચાલુ)

કાનુની માર્ગ અને લોકશક્તિ

મને હરેક માણસ પૂછે છે કે તમારૂં વલણ સરકાર પ્રતિ લાગે છે તો તમે સરકાર વિના–વળતર ભૂમિની વહેંચણી કરવાનો માર્ગ સરળ કરે એવો કાનૂન કરવાની હિલચાલ કેમ નથી કરતા ? આવું ઘણી વાર મને લોકો પૂછે છે. હું તેમને કહું છું ભાઇ...કાનૂનનો માર્ગ હું રોકી રાખતો નથી. મેં જે માર્ગ અપનાવ્યો છે તેમાં પૂરી સોળ આના ફતેહ ન મળી તો કાનૂનનો માર્ગ તો સરળ થશે. એક બાજુ હું કાનૂનની આડે આવતો નથી અને બીજી બાજુ કાનૂનને સરળતા કરી આપું છું; અને કાનૂન સહેલાઇથી કરી શકાય એ માટેનું અનુકૂળ વાતાવરણ પેદા કરી રહ્યો છું. એથી પણ આગળ તમારી દિશામાં જાઉં અને એ રટણ કરૂં કે કાનૂન વગર કામ નહીં થઈ શકે તો હું સ્વધર્મવિહીન તરીકે સાબિત કરૂં. મારો આ ધર્મ નથી. મારો ધર્મ તો કાનૂનની મદદ વગર જનતાના હૃદયમાં એવો ભાવ નિર્માણ કરવાનો છે કે જેથી કાનૂન ગમે તે હો, લોકો ભૂમિની વહેંચણી કરી નાખે. શું કોઇ કાયદો ન હોવાથી માતાઓ બાળકોને ટળવળાવે છે ? મનુષ્યના હૃદયમાં એવી એક શક્તિ છે જેનાથી મનુષ્ય સમૃદ્ધ થયો છે. મનુષ્ય પ્રેમ ઉપર ભરોસો રાખે છે, પ્રેમથી પલળે છે અને આખરે જ્યારે દુનિયાને છોડીને જાય છે ત્યારે પણ પ્રેમની નિગાહથી અહીંતહીં નજર નાખે છે. અને જો તેનાં પ્રેમીજનો તેની નજરમાં આવે છે તો તે સુખથી દેહ અને દુનિયાને છોડીને જતો રહે છે. પ્રેમની શક્તિનો આવો અનુભવ હોવા છતાં પણ તેને અધિક સામાજિક સ્વરૂપમાં વિકસિત કરવાની હિંમત કરવાને બદલે હું કાનૂનનું જ રટણ કર્યા કરૂં તો જનશક્તિના નિર્માણ દ્વારા સરકાર જે મદદની આપણી પાસે અપેક્ષા રાખે છે તેવી મદદ હું આપી શકું નહીં. આવી દંડશક્તિથી ભિન્ન જનશક્તિનું નિર્માણ કરવા ધારૂં છું અને આવી જ શક્તિનું નિર્માણ આપણે કરવું જોઇએ. આ જનશક્તિ દંડશક્તિની વિરોધી છે એમ ના કહી શકાય, પણ તે હિંસાની તો વિરોધી છે જ. હું તો એટલું જ કહું કે તે દંડશક્તિથી ભિન્ન છે. હું બીજો દાખલો આપું. હવે ખાદી-બોર્ડ સ્થપાયું છે. સરકાર તેમાં મદદ કરવા ચાહે છે. પંડિત નેહરૂએ કહ્યું કે જે કાર્ય ચાર સાલ પહેલાં કરવું જોઇતું હતું તે કાર્ય આટલું મોડું કેમ થયું તેનું મને આશ્ચર્ય થાય છે. જવાહરલાલ મહાન છે, તેમનું દિલ મહાન છે, તે આત્મ-નિરીક્ષણ કરતા હોય એવી ભાષા બોલે છે. હવે આપણા ચરખા સંઘનું કર્તવ્ય છે કે સરકાર જે ખાદીબોર્ડનો વિકાસ કરવા માગે છે તેમાં મદદ કરવી–કારણ કે ચરખા સંઘને આ કાર્યનો અનુભવ છે અને અનુભવીઓની મદદ આવા કાર્યમાં ખૂબ જરૂરી હોય છે. મને લાગે છે કે એક નાગરિક તરીકે આપણી સરકારને જે મદદ જોઇતી હોય એ આપવી જોઇએ, પણ આપણે એમાં જ ખતમ થઇ જઇએ, સમાપ્ત થઇ જઇએ, તો જે સેવાની અપેક્ષા આપણી પાસે રાખવામાં આવે છે એ રીતની આપણે ખાદીની સેવા કરી ન ગણાય. આપણે તો ખાદી અંગે આપણી દૃષ્ટિ શુદ્ધ રાખવી જોઇએ અને એ દિશામાં કામ કરતા કરતા સરકારને ખાદી ઉત્પાદનમાં જે મદદ પહોંચાડી શકાય તે પહોંચાડવી જોઇએ. યુદ્ધ લડવાના રસ્તાઓ શોધ્યા કરવા જોઇએ અને આમ છતાં પણ યુદ્ધ થાય તો જખમી સિપાહીઓની મદદમાં પણ પ્રસંગ પડયે જવું જોઇએ. "આ તો યુધ્ધનો જ હિસ્સો છે" એવું કહીને તેનો ધિક્કાર કરવો બરાબર નથી. પણ આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે એ આપણું અસલી કામ નથી. અમારૂં ખાદીકામ ગ્રામ-રાજ્યની સ્થાપના માટે હોઇ શકે છે. આ વખતે પંડિત નેહરૂ મને મળવા આવ્યા ત્યારે બહુ જ પ્રેમથી વાતો કરી. મેં નમ્રતાથી એમનું સાંભળી લીધું અને જ્યારે તેમણે થોડીક સલાહ લેવાની ઇચ્છા પ્રગટ કરી તો મેં થોડાક વિચારો પ્રગટ કર્યા. મેં કહ્યું કે ખાદી પ્રત્યે સરકાર તરફથી હું કોઇ વાત ઇચ્છતો હોઉં (ગ્રામોદ્યોગો માટે પણ) તો તે એટલું જ કે જેમ દરેક નાગરિકને વાંચતા-લખતાં આવડવું જ જોઇએ તેવી રીતે આપણું રાજ્ય એ સ્વીકારે કે હિંદુસ્તાનના દરેક ગ્રામવાસી અને નાગરીકને કાંતતાં પણ શીખવવું જોઇએ. જે ગ્રામવાસીને અગર નાગરિકને સૂતર કાંતતાં ન આવડે તેને અશિક્ષિત ગણવામાં આવે. આટલું કાર્ય રાજ્ય કરે અને બાકીનું જનતા કરે. (નાગરિકત્વનો એક અનિવાર્ય અંશ બધા નાગરિકોને વાંચતાં-લખતાં આવડવું એવું આપણે માનીએ છીએ અને તેથી સરકાર સૌને શિક્ષિત બનાવવાની, વાંચતાં લખતાં શીખવવાની જવાબદારી લઇ બેઠી છે. પરિસ્થિતિને લીધે તેનો પૂરો અમલ ન થઇ શકે અને આંશિક અમલ થાય ત્યાં સુધી આપણે આપણું કાર્ય પૂરૂં કર્યું નથી એવો ખટકો દિલમાં રહેવાનો જ.) એવી રીતે આપણે સરકાર પાસેથી પૈસાની મદદ નહીં માંગીએ પણ જો સરકાર ઉપરનો વિચાર માન્ય કરે તો પણ આપણને અધિક મદદ મળશે. પંડિતજીએ આ સાંભળી લીધું. હું સમજ્યો છું ત્યાં સુધી તેમના હૃદયમાં આ વાત પહોંચી હતી. પણ સહેજ વિનોદમાં તેમણે પૂછ્યું કે સૂતર કાંતવાનું જો બધાને શીખવવામાં આવે તો તેના ઉપયોગનો સવાલ પણ ઊભો થશે. તો મેં જવાબ આપ્યો કે વાંચતાં-લખતાં શીખ્યા પછી પણ તેના ઉપયોગનો સવાલ ઉપસ્થિત થાય છે. મેં એવા કેટલાયે ભણેલા લોકો જોયા છે કે જે ચાર વર્ષ થોડું ભણેલા તેનો જીવનભર કશો ઉપયોગ થયો નથી. એમને માટે કાળા અક્ષર ભેંસ બરાબર છે. યોગની સાથે ક્ષેમ લાગુ જ હોય છે. આવી ચિંતા કરવી પડે છે. પણ તમે જોઇ શકશો કે મેં ખાદીને માટે આટલી જ માંગણી કરી. જ્યારે આ સરકાર જનતાની છે અને જનતા તરફથી આવી માંગણી થાય તો સરકારે તેમ કરવું જોઇએ. પણ આથી આગળ વધીને માણસો પર ખાદી લાદવાની વાત જો કાયદાથી થશે અથવા તો જો હું એવી માંગણી કરૂં તો હું કહીશ કે હું મારૂં કાર્ય સમજ્યો નથી–આપણે દંડશક્તિથી ભિન્ન એવી લોકશક્તિનું નિર્માણ કરવું છે. એ સૂત્ર હું ભૂલી ગયો એમ મનાશે. આમ આ બે સહજ દાખલા મેં રજૂ કર્યા છે. એક ખાદીનો અને બીજો ભૂમિદાનનો. આપણો ભૂમિનો સવાલ હલ કરવાનો એક રસ્તો રહેશે અને લોકશાહી સરકાર દંડશક્તિનો ઉપયોગ કરીને પણ ભૂમિનો સવાલ ઉકેલવા મથશે, તો તેનો કોઇ દોષ નહીં કાઢી શકે, પણ તે બીજો ઉપાય ગણાશે. બીજા ઉપાયથી જનશક્તિનું નિર્માણ નહીં થાય, લક્ષ્મીનું નિર્માણ થશે. ફકત લક્ષ્મીનું નિર્માણ કરવાનો આપણો ઉદ્દેશ નથી, પણ જનશક્તિ નિર્માણ કરવાનો છે. આ સમગ્ર દૃષ્ટિ આપણા કામની ભૂમિકારૂપે રહેવી જોઇએ. આ જરાક વિસ્તારથી કહ્યું. ઇચ્છા તો ટૂંકમાં કહેવાની હતી છતાં આટલો વિસ્તાર થઇ ગયો. આપણી આ દૃષ્ટિ સ્થિર બને તો પછી આપણી કાર્યપધ્ધતિનું વિશેષ વર્ણન કરવાની આવશ્યકતા રહેતી નથી. દરેક જણ વિચારે છે કે આપણાં રચનાત્મક કાર્યોમાં આપણી એક વિશેષ પદ્ધતિ હોય છે અને એનું આખરી પરીણામ લોકોમાં દંડનિરપેક્ષતાનું નિર્માણ થાય એવી અપેક્ષા રાખવામાં આવે છે.

કાર્યપદ્ધતિ

આ દૃષ્ટિથી જો આપણે વિચારીએ તો સહેજે ધ્યાનમાં આવશે કે આપણી કાર્યપદ્ધતિના બે અંશ રહેશેઃ એક અંશ વિચારશાસન અને બીજો અંશ કર્તૃત્વવિભાજન. મને જરા શાસ્ત્રીય ભાષા વાપરવાની બનાવવાની–આદત છે. એમ કરતાં હું સંસ્કૃત ભાષા વિશેષ જાણું છું. એથી સંસ્કૃત શબ્દો આવી જાય છે એટલે માફ કરશો. વિચારશાસન એટલે વિચાર સમજવો, વિચાર સમજાવવો. વિચાર સમજ્યા સિવાય કોઇ વાત કબૂલ નહીં કરવી. વિચાર સમજ્યા વગર જો આપણી વાત કોઈ કબૂલ કરે તો દુઃખી થવું. ઇચ્છા બીજા પર લાદવી નહીં, પણ ફકત વિચાર સમજાવીને જ સંતોષ માનવો. આપણા સર્વોદય સમાજમાં જે રચના કરવામાં આવી છે તેને કેટલાક લોકો 'લુઝ ઓર્ગેનિઝેશન' એટલે કે શિથિલ રચના કહે છે. શિથિલ રચનાથી કોઇ કાર્ય ના થઈ શકે. એટલે રચના શિથિલ હોવી જોઇએ નહીં. પણ આ શિથિલ રચના નથી, અ–રચના છે. એટલે આપણે કેવળ વિચારના આધારે પડી રહેવા માગીએ છીએ. આપણે કોઇને એવો આદેશ આપવો નથી કે જેનો લોકો સમજ્યા વગર અમલ કરે. આપણે કોઇનો આદેશ કબૂલ કરતા નથી જેથી વગર વિચારે અને વગર પસંદગીએ કોઇ આદેશનો આપણે અમલ કરતા નથી. આમ છતાં આપણે સલાહ–મસલત કરીએ છીએ. કુરાનમાં ભક્તોનું લક્ષણ દર્શાવવામાં આવ્યું છે કે "અમ્રુકા વો અમ્ર" એટલે કાર્ય પરસ્પરની સલાહ મસલતથી થાય છે. તો આપણે મસલત કરીશું અને જો આપણી વાત સાંભળનારને પસંદ ન પડી, તેણે માન્ય ન કરી અને તેનો અમલ ન કર્યો તો તેથી આપણે ખુશી થઇશું. પણ જો તે સમજ્યા વગર તેનો અમલ કરે તો તેથી આપણને દુઃખ થશે. આવી રચનામાં જેટલી તાકાત છે તેટલી કોઇ સ્પષ્ટ, કુશળ કે અનુશાસનબદ્ધ રચનામાં નથી. અનુશાસનબદ્ધ દંડયુકત રચનામાં શિવશકિત નહીં હોય જે આપણે પેદા કરવી છે. તે બીજી શકિત છે. એટલે વિચારશાસનમાં આપણે માનીએ છીએ. આ વાત ધ્યાનમાં આવે તો વિચારનો નિરંતર પ્રચાર કરવો એ આપણો એક કાર્યક્રમ બની જશે–જે આપણે કરતા નથી અને આપણે કરવું જોઇએ.

વિચારનો નિરંતર પ્રચાર

જ્યારે હું આ દૃષ્ટિથી જોઉં છું ત્યારે બુદ્ધ ભગવાને ભિક્ષુ સંઘ કેમ બનાવ્યો અને શંકરાચાર્યે યતિ સંઘ કેમ બનાવ્યો હશે તેનું રહસ્ય સમજાય છે. આ સંઘોના અનુભવ પરથી તેમના ગુણદોષોની તુલના કરીને મેં એ નિર્ણય કર્યો છે કે આપણે એવા સંઘો રચવા નહીં. એના ગુણો કરતાં દોષ વધારે છે. આ અનુભવથી આપણે સંઘ રચીયું નહીં પણ તેમને સંઘ કેમ બનાવવો પડયો તેનો ખ્યાલ આવી જાય છે. નિરંતર અખંડ રીતે વહેતા ઝરણાની માફક સતત ઘૂમતા અને સતત લોકો પાસે વિચાર પહોંચાડનારા લોક પણ જોઇએ. એમના વગર સર્વોદય સમાજ કામ નહીં કરી શકે. લોકો પાસે પહોંચવાની જેટલી તક મળે તે ઝડપી લેવી જોઇએ. લોકો એક વાર કહેવાથી સાંભળતા નથી. એટલે બીજી વાર કહેવાની તક મળે તેથી આનંદ થવો જોઇએ. વિચાર–પ્રચારનો આટલો ઉત્સાહ, આટલી શ્રદ્ધા, અને વિચારનિષ્ઠા આપણામાં હોવી જોઇએ. પણ આપણી પરિસ્થિતિ એવી છે કે આપણામાંથી ઘણાખરા ભિન્ન ભિન્ન સંસ્થાઓમાં ગિરફતાર થઇ ગયા છે. આની વધુ ચર્ચા હું પછી કરીશ. હમણાં તો માત્ર ઉલ્લેખ કર્યો છે.

અપૂર્ણ

વિનોબા ભાવે

વૈશાલી-વિદેહ ... ... (પૃષ્ઠ ૧૨ થી ચાલુ)

વ્યકિતના શબ્દને જ અંતિમ પ્રમાણ માનવાનું થાય. શબ્દનો આ જે પ્રાધાન્ય ભાવ છે તે જ અન્ય રૂપે શબ્દનય દ્વારા સૂચિત થાય છે. બુદ્ધ બુધ્ધે પોતે કહ્યું છે કે લિચ્છવીઓ પ્રાચીન રૂઢિઓનો આદર કરે છે. કોઇપણ સમાજ પ્રચલિત રૂઢિઓને મૂળમાંથી ઉખેડી નાંખીને જીવી નથી શકતો. સમભિરૂઢ નયમાં રૂઢિના અનુસરણનો ભાવ તાત્વિક દૃષ્ટિએ ઘટાવ્યો છે. સમાજ, રાજ્ય કે ધર્મ, બધાના વ્યવહાર, સ્થૂલ વિચારસરણી કે વ્યવસ્થા–ગમે તે હો–પણ તેના મૂળમાં જો પારમાર્થિક દૃષ્ટિ ન હોય તો તે ન જીવી શકે કે ન પ્રગતિ કરી શકે. એવંભૂત નય આ પારમાર્થિક દૃષ્ટિનો સૂચક છે, જે નય "તથાગત" ના "તથા" શબ્દમાં અને મહાયાનના "તથતા" શબ્દમાં ગર્ભિત છે. જૈન પરંપરામાં પણ "તદવૃત્તિ" શબ્દ તે યુગથી આજ સુધી પ્રચલિત છે, જેનો અર્થ એટલો જ છે કે સત્ય જેવું છે તેવું હું સ્વીકારું છું.

બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન આદિ પરંપરાઓના પ્રાપ્ત થતા ગ્રંથો તથા ખોદકામમાંથી મળી આવેલા સિક્કાઓ, અવશેષો તેમ જ અન્યાન્ય સામગ્રીઓ ઉપરથી જ્યારે આપણે પ્રાચીન આચાર વિચાર, સંસ્કૃતના વિવિધ અંગો, ભાષાના અંગપ્રત્યંગો, શબ્દોના અર્થો આદિ ભિન્ન ભિન્ન વિષયોનો વિચાર કરવા બેસીશું ત્યારે ઉપરની તુલના આપણને કોઇક ઉપયોગી થઇ પડશે. એ દૃષ્ટિથી મેં નયોના શબ્દાર્થ વિષે થોડું કહ્યું. બાકી તો જ્યારે આપણે ઉપનિષદો, મહાભારત, રામાયણ જેવા મહાકાવ્યો, પુરાણો, પિટકો, આગમો અને દાર્શનિક સાહિત્યનો તુલનાત્મક દૃષ્ટિએ વિશાળ પાયા ઉપર અભ્યાસ કરીશું ત્યારે અનેક એવા રહસ્યો જાણવા મળશે જે આ બધું એક જ વડના બીજનો વિસ્તાર છે એમ સૂચન કરતા હશે.

અધ્યયનનો વિસ્તાર

પશ્ચિમના દેશોમાં પૂર્વની વિદ્યાના અભ્યાસનો જે વિકાસ થયો છે તેમાં તેઓને ગાઢ પરિશ્રમ માત્ર કારણ નથી, પણ પરિશ્રમની સાથે વૈજ્ઞાનિક દૃષ્ટિ, જાતિ અને પંથભેદથી પર રહીને વિચારવાની વૃત્તિ, સર્વાંગીણ અવલોકન વગેરે અનેક કારણો છે. આપણે પણ આ માર્ગ સ્વીકારવાથી બહુ થોડા સમયમાં ધારેલ વિકાસ સાધી શકશું. આ દૃષ્ટિએ હું વિચાર કરું છું ત્યારે મને કહેવાનું મન થઇ જાય છે કે ઉચ્ચ વિદ્યાના વર્તુલમાં આપણે અવેસ્તા આદિ જરથુસ્ત પરંપરાના સાહિત્યનો સમાવેશ કરવો જોઇશે. એટલું જ નહીં પણ ઇસ્લામી સાહિત્યને ય યોગ્ય સ્થાન આપવું જોઇશે. જેમ દેશમાં આપણે રાજકીય અને સાંસ્કૃતિક દૃષ્ટિએ એક બીજામાં ભળી ગયા છીએ અને અવિભાજ્ય રૂપે સાથે રહીએ છીએ તેવી રીતે બધી વિદ્યાઓમાં પણ એકરાગતા લાવવી જોઇશે. બિહાર અને વૈશાલી વિદેહમાં મુસ્લીમ સંસ્કૃતિનું સ્થાન સારા પ્રમાણમાં છે અને પટના, વૈશાલી આદિ બિહારના સ્થળોએ ખોદકામ કરવામાં તાતા જેવા પારસી ગૃહસ્થ મદદ કરે છે તે ન ભૂલવું જોઇએ.

ભૂદાનમાં સહકાર

આચાર્ય વિનોબાજીના બિહારના વસવાટે અત્યારે સારા દેશનું ધ્યાન આ તરફ ખેચ્યું છે. એવું ભાસે છે કે જાણે જુના અને નવા અહિંસાના સંદેશાને નિમિત્તે તેઓ બિહાર અને વૈશાલીની ધર્મભાવનાને મૂર્ત સ્વરૂપ આપી રહ્યા છે. બિહારવાસીઓ સ્વભાવે સરળ છે. ભૂદાન યજ્ઞ અહિંસાનું એક માત્ર પ્રતીક છે. સાચા અર્થમાં તો તેની સાથે અનેક વાતો અનિવાર્ય રૂપે જોડાએલી છે–જે વિના ભારતનું નવનિર્માણ સંભવિત નથી. જમીનદાર જમીનનું દાન કરે, ધનવાન સંપત્તિનું દાન કરે. પણ આ સિવાય બીજી અનેક પ્રકારની આત્મશુધ્ધિ આવશ્યક છે. આજે ચોતરફ લાંચ રૂશ્વતની ફર્યાદ થાય છે. બિહારના રાજકર્મચારીઓ આ ક્ષતિને નિર્મૂળ કરે તો તે વિશેષ આશીર્વાદ સમાન થઇ પડે અને દેશના બીજા પ્રાન્તોને બિહારની આ પાંદેલ અનુકરણીય થાય. ઉપર જે કંઇ કહેવામાં આવ્યું છે તે મહાવીર. બુદ્ધ કે ગાંધીજી, બધાની સમ્મિલિત અહિંસાભાવનામાંથી ફલિત થતા વિચારો છે–જેનું પારાયણ હરએક જન્મજયન્તી પ્રસંગે ઉચિત લેખાશે.

મૂળ લેખક : પંડિત સુખલાલજી

સંપૂર્ણ

અનુવાદક : મેનાબહેન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: નવચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી.૪૨૬૬

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ: ૧૪ : અંક ૩
પ્ર. જીવન વર્ષ: ૧ : ૩

મુંબઈ : ૧ જુન ૧૯૫૩ સોમવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

ત્રીજો અવતાર

મુંબઈમાં 'મુંબઇ જૈન યુવક સંઘ' આજથી લગભગ ૨૫ વર્ષ પહેલાં સ્થપાયો તેનો મુખ્ય ઉદ્દેશ તે વખતે જૈન પરંપરાનાં અનિષ્ટો સામે થવાનો હતો. તેનું તે વખતનું મુખપત્ર એ જ જુવાનીની ભાવનાને વ્યક્ત કરતું નામ ધારણ કરી શરૂ થયેલું. એમાં તારૂણ્ય અને જુવાનીનો અદમ્ય બળવો હતો. પણ કયારેક કયારેક તે વાણીસંયમ સાચવી શકતું નહિ એમ યાદ આવે છે, છતાં એની લોકપ્રિયતા વધ્યે જતી હતી. એમ યાદ આવે છે કે ૧૯૩૮ ની હરિપુરા કોંગ્રેસ વખતે મુંબઇ જૈન યુવક સંઘનું નવેસર બંધારણ શ્રી પરમાનંદભાઇએ તૈયાર કરેલું. તે મુંબઇ જૈન યુવક સંઘે સ્વીકાર્યું. સંઘ સાથે પત્રનો પણ બીજો અવતાર શરૂ થયો. પછી તો પ્રબુદ્ધ જૈને એટલી બધી લોકપ્રિયતા વધારી કે જૈન પરંપરા બહારના ઉચ્ચ વર્તુળોમાં પણ તે સ્થાન અને માન પામ્યું. સાથે સાથે મુંબઇ જૈન યુવક સંઘે અનેક પ્રવૃત્તિઓ પણ વિકસાવી.



એ વિકાસનો યશ કોઇ એકને ફાળે નથી જતો, એ તો સામૂહિક શુભેચ્છા અને સહકારનું પરિણામ છે. પણ તેમાં સ્વર્ગવાસી શ્રીયુત મણિભાઈ મોખરે હતા એ જાણીતું છે. એમનો સર્વાંગીણ અને અખંડ ઉત્સાહ ન હોત તો શ્રીયુત પરમાનંદભાઇએ 'પ્રબુદ્ધ જૈન'ની પ્રતિષ્ઠા વધારવા અને સ્થિર કરવામાં જે સતત ભાગ લીધો છે તે કદાચ ભાગ્યે જ સંભવત એમ મને હંમેશા લાગ્યું છે.

'પ્રબુદ્ધ જૈન'ના બીજા અવતારે અનેક ઇષ્ટ પરિણામો આણ્યાં છે. તેને લીધે ફીરકાનાં જૈન પત્રો સંકુચિતતા દાખવતાં કાં તો ભય ખાય છે ને કાં તો શરમાય છે. એની અસરે તરૂણ જૈન અને તરૂણ જેવાં ક્રાન્તિવાદી હિંદી પત્રોને વેગ આપ્યો છે. એણે પોતાની દૃષ્ટિ, નીતિ અને વિચારસામગ્રી દ્વારા ફિરકા અને પરંપરાથી પર એવા અનેક રાષ્ટ્રપુરૂષો તેમ જ સંતપુરૂષોનું ધ્યાન આકર્ષ્યું છે, એટલું જ નહીં પણ એણે અનેક રીતે તેમનો સક્રિય સહકાર પણ સાધ્યો છે. કાકા કાલેલકર, સ્વામી આનંદ, પૂજ્ય નાથજી અને કિશોરલાલભાઇ જેવા અનેક 'પ્રબુદ્ધ જૈન'ને વાંચે અને તેની સમાલોચના પ્રત્યે ધ્યાન આપે એ કાંઇ નાની-સૂની બાબત નથી.

પત્રના પહેલા અવતારમાં તારૂણ્ય હતું તો બીજામાં તારૂણ્ય ઉપરાંત પ્રબુદ્ધપણું આવ્યું. પ્રબુદ્ધપણાનો અર્થ છે જાગરિતપણું. એ જાગૃતિ માત્ર બહિર્લક્ષી ન હતી. તે સવિશેષે અન્તર્મુખ હતી એમ તેના લેખો વાંચનારને અને મુંબઇ જૈન યુવક સંઘની બધી પ્રવૃત્તિઓનું તટસ્થ અવલોકન કરનારને જણાયા સિવાય રહે તેમ નથી. અંતર્જાગૃતિ અહિંસાની સમજણ તેમ જ સત્યના આગ્રહમાંથી જન્મે છે, પણ એની સાથે જ કેટલાંક જોખમો ખેડવાનું પણ આપોઆપ પ્રાપ્ત થાય છે. પ્રબુદ્ધ જૈને આવા અનેક જોખમો ખેડ્યાં-ખાસ કરી આર્થિક પૂરેપૂરી ખોટ સહીને પણ એ ચાલુ જ રહ્યું અને ઉત્તરોત્તર એણે 'પ્રબુદ્ધ જૈન'નું નામ દીપાવ્યું તેમ જ 'યુવક સંઘ'ની પ્રવૃત્તિને ઠીક ઠીક વિકસાવી. હું જ્યારે જ્યારે શ્રીયુત પરમાનંદભાઇના પ્રત્યક્ષ સમાગમમાં આવ્યો છું ત્યારે ત્યારે મેં તેમની ચિંતા એક જ જોઇ છે. તે 'મુંબઇ જૈન યુવક સંઘ' વિષેની અને 'પ્રબુદ્ધ જૈન' ને લગતી. એ બધાંને કેમ વિકસાવવાં, એના સ્થૂળ દેહને જ નહિ પણ એના આત્માને વધારે સભર કેમ કરવો અને બીજા કોઇ પણ ઉર્ધ્વગામી લક્ષ્યવાળા વર્તુળ કે પત્રથી પછાત ન રહેવાય એ જ એમની ધબકતી ભાવના મેં જોઈ છે. એમની હસમુખી નિર્ભય પણ સ્પષ્ટ સમાલોચના, વ્યાપારી ક્ષેત્રમાં હોવા છતાં એમની બહુશ્રુતતા અને વિશાળ વાચનસમૃધ્ધિ, વિદ્વાનો, વિચારકો, લેખકો અને કવિસાક્ષરોના વિશાળ મંડળ સાથે તેમનો જીવતો જાગતો સતત પરિચય, નાનામોટા દરેક પાસેથી નવું નવું જાણવાની અને તેમાંથી સત્ય તારવવાની વૃત્તિ, ગમે તેટલા મોટા લેખાતા હોય એવાઓ સામે પણ વિનમ્રભાવે પોતાની દૃષ્ટિ રજુ કરવાની ઋજુતા-આ બધા સદ્‌ગુણો એવા ઉર્ધ્વગામી છે કે તે તેમને હોય તેટલા જ વર્તુળમાં એકધારી રીતે બંધાઈ રહેવા દે નહીં. અને આ વસ્તુ માત્ર તેમને માટે જ નહીં પણ આપણા સાને માટે આવકારદાયક લેખાવી જોઇએ. તેથી સૌ ચડે છે, કોઇ પડતું નથી.

હું ઘણા દિવસોથી જાણતો કે શ્રીયુત પરમાનંદભાઈ 'પ્રબુધ્ધ જૈન'નું નામપરિવર્તન ઇચ્છે છે. હવે મુંબઇ જૈન યુવકસંઘે પોતાના મુખપત્રનું નામ બદલી એને 'પ્રબુદ્ધ જીવન'નો ત્રીજો અવતાર આપ્યો છે. 'જૈન' અને 'જીવન' એ બે શબ્દોના સ્વરૂપમાં અને તેનાં સ્થૂળ અર્થમાં ભેદ છે. પણ એનાં તાત્ત્વિક ભાવમાં કશો ભેદ નથી. (ખરો જૈન જીવતો જ હોય છે અને સાચું જીવન એ જ ખરું જૈનત્વ છે) પ્રબુદ્ધ એટલે જાગેલો જૈન એ જ જાગતું જીવન છે અને જે જીવન પ્રબુદ્ધ હોય તે જ પ્રબુદ્ધ જૈનત્વ છે. આમ છતાં ત્રીજા અવતાર સાથે જ એ પત્રનું વાંચન અને પ્રસારક્ષેત્ર આપોઆપ વિશાળ બને છે. જે લોકો માત્ર 'જૈન' શબ્દને કારણે અને પરંપરાનું પત્ર લેખી દૂર રહેતા એવાઓ સહેજે જ 'પ્રબુદ્ધ જીવન' નામથી આકર્ષાવાના અને એક વાર એના વાચનનો રસ અનુભવ્યા બાદ સહેજે તેઓ

વિવાહસંસ્થા અને લગ્નવિચ્છેદ

હિંદુ વિવાહસંસ્થામાં સુધારો કરવા જે કાનૂન તૈયાર થઈ રહ્યો છે તેનું મુખ્ય અંગ લગ્નવિચ્છેદ છે. જે પરંપરાઓને લીધે હિંદુજાતિ પોતાને બીજાથી ઉચ્ચ માની રહી છે તેમાં પાતિવ્રત્ય સૌથી વધારે મહત્વનો છે. ગમે તેટલો ક્રૂર, દુરાચારી, રોગી કે પતીત પતિ પણ હિન્દુ સ્ત્રી માટે તો દેવતા જ છે. એની વિરુદ્ધ વિચાર કરવો તે પણ પાપ છે. એટલું જ નહીં, પણ જો પતિ કોઈ બીજી સ્ત્રી પ્રત્યે આકર્ષાય અને દુરાચાર કરવા ઇચ્છે તોયે પતિવ્રતા સ્ત્રીનો ધર્મ છે કે એની ઇચ્છા પૂર્ણ કરવામાં મદદ કરે. કાલિદાસના "માલવિકાગ્નિમિત્ર" નાટકમાં રાણી ધારિણી કહે છે કે "જે રીતે મોટી નદી નાની નાની નદીઓને સમુદ્ર સુધી પહોંચાડે છે તેમ પતિવ્રતા સ્ત્રી બીજી સ્ત્રીઓને પોતાના પતિ પાસે પહોંચાડે છે." સ્ત્રીને વિલાસનું સાધન સમજીને એને માનીતી કરવી તથા મારવી પીટવી એ બધાનો પતિને અધિકાર છે. એની બધી વિચિત્રતાઓ દેવતાનો પ્રસાદ માનીને નીચે મોઢે મૂંગા મૂંગા સહી લેવી એ સ્ત્રીની ફરજ છે. પતિને માટે કોઈ કર્તવ્ય નથી, પત્નીને માટે કોઈ અધિકાર નથી. જે સમાજ આવા ખ્યાલો તથા મિથ્યા પૂર્વગ્રહોને આદર્શ માનતો હોય તથા એને વારંવાર ગાઇને ગર્વ અનુભવતો હોય એ સમાજ એક પત્ની પોતાના પતિની વિરુદ્ધ ન્યાયાલયમાં ઉભી હોય અને બધાની વચ્ચે પોતાના 'દેવ'ની ક્રૂર કથાનું વર્ણન કરતાં કરતાં એનાથી છૂટ્ટા થવાની અનુમતિ મેળવતી હોય એ કેમ સહન કરી શકે?

વાસ્તવિક રીતે વિચાર કરીએ તો આ ઘટના ભારતીય જાતિવાદની જડ ઉપર એક કઠોર પ્રહાર છે. પાતિવ્રત્ય એ હિંદુ જાતિની એક મુખ્ય વિશેષતા છે. આને લીધે હિંદુ જાતિ બીજી જાતિઓથી જુદી પડે છે. લગ્નવિચ્છેદ-પ્રથા સ્વીકારતાં જ આ વિશેષતા અદૃશ્ય થશે. એથી ભારતમાં એક-રાષ્ટ્રિયતાના સમર્થકો એને આવકારશે, જ્યારે હિંદુત્વને નામે પોકાર કરનારાઓ ખળભળી ઉઠશે.

પ્રસ્તુત લેખમાં હું એ ચર્ચવા માંગુ છું કે લાંબા સમયથી હિન્દુ જાતિ જે ખ્યાલો ઉપર ટકી રહી છે એનો કોઇ નૈતિક કે આધ્યાત્મિક આધાર છે ખરો? શું વ્યક્તિગત જીવન માટે કે સમાજ માટે એની કંઇ કિંમત છે ખરી? જે ચીજ ગઠડીમાં બાંધેલી ત્યારે હીરા જેવી લાગતી હતી તે ગાંઠ ખોલતાં પત્થર તો નહીં નીકળે ને? આ પ્રશ્નો હું ખુલ્લી અને નિષ્પક્ષ દૃષ્ટિથી વિચારવા માંગું છું.

વિવાહસંસ્થાનો નૈતિક આધાર

નીતિશાસ્ત્રની આધારશિલા વર્ણવતાં કેટલાક વિચારકો વ્યક્તિહિતને મહત્વ દે છે, અને કેટલાક સામાજિકહિતને. ખરી રીતે જોતાં બન્નેનું આખરી પરિણામ તો એક જ છે. એક વિચારધારા વ્યક્તિવિકાસ દ્વારા સમાજવિકાસ સાધવા માંગે છે, અને બીજી વિચારધારા સમાજવિકાસ દ્વારા વ્યક્તિવિકાસ સાધવા માંગે છે. વ્યક્તિ અને સમાજને આપણે એકદમ જુદા માનીશું તે નહિ ચાલે. એકના ઉત્કર્ષમાં બીજાનો ઉત્કર્ષ છે, અને એકના અપકર્ષમાં બીજાનો અપકર્ષ છે. વ્યક્તિહિત, બહુજનહિત તથા સર્વજનહિતના સિદ્ધાન્ત પણ અંતે એક જ માર્ગે પહોંચાડે છે. વિવાહસંસ્થા વિષે વિચારતાં પણ આપણે આ કસોટી સ્વીકારીને ચાલવાનું રહેશે.

વિવાહસંસ્થાનો જન્મ

કહેવાય છે કે શ્વેતકેતુએ વિવાહસંસ્થાની સ્થાપના કરી. એક દિવસ બાળક શ્વેતકેતુ અને એના માતાપિતા એક જગ્યાએ બેઠેલાં. એટલામાં બીજો ઋષિ આવીને એની માતાને જબરદસ્તીથી ઉપાડી ગયો. માતા જવા ઇચ્છતી નહોતી, એ રડી, ઘૂમો પાડી, પણ પેલો ઋષિ માન્યો નહીં. આ રીતે એનું અપહરણ થતું દેખીને શ્વેતકેતુએ એના પિતાને પૂછ્યું—"પિતાજી, મારી માતા જવા ઇચ્છતી નહોતી તો પણ એ બળજબરીથી કેમ લઇ ગયો?"

"સ્ત્રી એક સમ્પતિ છે. જે બળવાન હોય તે એને લઇ જાય અને ઉપભોગ કરે." પિતાએ જવાબ દીધો.

શ્વેતકેતુ સ્ત્રીને ભોગ્યવસ્તુ નહોતો માનતો, પણ માતાના રૂપમાં જ જોતો હતો. પિતાના જવાબે એને ચૂપ તો કર્યો, પણ તેના મનમાં આંદોલન શરૂ થયું. મોટા થઇને એણે વિવાહસંસ્થા સ્થાપી, અને જે માણસ સ્ત્રીને પોતાની ભોગ્ય વસ્તુ માનતો હોય તેની પર એના ભરણપોષણ તથા રક્ષણની જવાબદારી નાંખવામાં આવી. એ સાથે જ પરસ્પર અપહરણને એક અયોગ્ય કાર્ય તરીકે લેખવાનું શરૂ થયું.

સમાજ ઉપર આનો સારો પ્રભાવ પડ્યો. સ્ત્રીઓનું જીવન સુરક્ષિત બન્યું. બીજી બાજુ પુરુષોમાં આ માટે થતા ઝગડા ઓછા થવા લાગ્યા.

વ્યક્તિહિત અને સામાજિક હિતના આ કલ્યાણકારી નિયમને ધીરે ધીરે ધર્મ તથા આધ્યાત્મિકતાનું સ્વરૂપ અપાવા લાગ્યું. હિંદુ પરમ્પરાની આ એક વિશેષતા ગણાય છે કે એમાં દરેક વાતને આત્મા સુધી પહોંચાડી દેવાય છે. અછૂતના સ્પર્શથી માત્ર શરીર નહીં પણ આત્મા અને ધર્મ પણ મલીન થાય છે. આ રીતે સ્ત્રી અને પુરુષનો સંબંધ પણ આધ્યાત્મિકતા તથા ધર્મનું એક અંગ બની ગયો.

જે વર્ગના હાથમાં શાસ્ત્ર તથા સામાજિક વ્યવસ્થા સોંપાઇ છે તે પોતાના સ્વાર્થોનું સંરક્ષણ પણ હંમેશા કરતો આવ્યો છે. વૈદિક સાહિત્યમાં રાજસિકતા કરતી વખતે પુરોહિત જ્યારે ઘોષણા કરે છે ત્યારે પ્રજાજનોને તે કહે છે કે "આ ત્રણે વર્ણોનો (ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર) રાજા છે. એ બધા પર શાસન કરશે, પણ બ્રાહ્મણો પર એની સત્તા નહીં હોય. બ્રાહ્મણ ધારે તો એની સમ્પતિ છીનવી લઇ શકે છે. કારણ કે એ એની જ દીધેલી છે. બ્રાહ્મણ જો ચોરી કરે, હત્યા કરે અથવા બીજા કોઇ પ્રકારનો અપરાધ કરે તો પણ રાજાને એનો દંડ કરવાનો અધિકાર નથી." જ્યારે પહેલવહેલો બ્રાહ્મણ ફાંસી પર ચઢ્યો ત્યારે હિંદુ પરંપરાના ઇતિહાસમાં એક અસાધારણ મોટી ઘટના થઈ ગણાઈ.

બ્રાહ્મણોની જેમ જ્યાં સ્ત્રી અને પુરુષનો પ્રશ્ન આવ્યો ત્યાં પુરુષે પોતાને સુરક્ષિત કરી લીધો. સ્ત્રીઓની રક્ષા કરવા તથા પુરુષોની ઉગ્ર ભોગલિપ્સાથી બચાવવા માટે લગ્નસંસ્થાનો જન્મ થયેલો, પણ પુરુષને એમાં પોતાના ઉચ્છૃંખલ સુખ પર પ્રતિબંધ મૂકાતો દેખાયો. પરિણામે એણે નિયમને એવો ઘાટ દીધો કે

તેની સાથે સંકળાવાના.

સરકારી, અર્ધસરકારી કે બીનસરકારી કોઈ પણ ઉચ્ચ ક્ષેત્રમાં જેની બુદ્ધિ શકિત અને વૃત્તિ વિશેષ ઉપયોગી નીવડે એવો એક માણસ 'પ્રબુદ્ધ જૈન'નું તંત્રીપદ સ્વીકારે એ કાંઇ મુંબઇ જૈન યુવક સંઘની જેવી તેવી સિદ્ધિ નથી. મારી ઉંડી શ્રદ્ધા છે કે આ ત્રીજા અવતારથી એ પત્ર પોતાની કોઇ અનોખી જ ભાત પાડશે અને એ મુંબઇ જૈન યુવક સંઘના આત્માને અનેક રીતે ઉન્નત કરશે. **પંડિત સુખલાલજી**

જેથી એની પોતાની પર કોઇ પ્રકારનું નિયંત્રણ ન થાય, અને પત્નીને સંભાળવા માટે જે કષ્ટ સહન કરવું પડતું હતું એમાંથી છૂટકારો મળે. એટલું જ નહીં પણ પત્નીને પોતાની અમર્યાદિત તૃપ્તિ માટે સહાયક પણ કરી શકે.

વિવાહસંસ્થાની સ્થાપના પહેલાં પુરૂષ માટે એ જરૂરી હતું કે એ પોતાની પત્નીને પ્રસન્ન તથા સંતુષ્ટ રાખે. જો તેને કોઇ અસંતુષ્ટ રાખે તો તે પોતાની ઇચ્છા પ્રમાણે ગમે ત્યાં જઇ શકતી હતી. એને માટે કોઈ સામાજિક પ્રતિબંધ નહોતો. આને લીધે આક્રમણકારોથી બચવા માટે પણ પુરૂષને હંમેશા તૈયાર રહેવું પડતું. પણ વિવાહસંબંધે નિયમો બનાવ્યા બાદ એ એવી રીતે ફેરવી નાંખવામાં આવ્યા કે પુરૂષ એ ચિંતાઓથી મુક્ત થઇ ગયો. સ્ત્રીનું બીજા કોઇ પુરૂષ તરફ તાંકીને જોવું પણ અધર્મ ગણાયું. દિવસરાત તેને એ જ ઉપદેશ દેવામાં આવ્યો કે એ પતિની ઇચ્છામાં પોતાની ઇચ્છા, પતિના સુખમાં પોતાનું સુખ અને પતિના સ્વાર્થમાં પોતાનો સ્વાર્થ એક કરી દે. એ મનમાં કદી પોતાના અલગ અસ્તિત્વનો વિચાર કે અનુભવ ન કરે. જ્યારે પતિ મરી જાય ત્યારે સાથે સાથે એ પણ મરી જાય. આ સંબંધને આત્માનો સંબંધ કહેવામાં આવ્યો. સ્ત્રીઓના મોઢે એમ પ્રાર્થના કરાવવામાં આવી કે "હે નાથ! આવતે જન્મે પણ તમે જ મારા પતિ થજો."

બીજી બાજુ પુરૂષોને બધી જાતની છૂટ હતી. તેઓ અનેક સ્ત્રીઓને અનેક રીતે રાખી શકતા હતાં સેંકડો અને હજારોની સંખ્યામાં "વિવાહિત પત્નીઓ" હતી. જૈન કથા-સાહિત્યમાં કહ્યા પ્રમાણે વાસુદેવને બત્રીસ હજાર રાણીઓ હતી અને ચક્રવર્તીને ચોસઠ હજાર સ્ત્રીઓ હતી. માણસ જેટલો મોટો તેટલી તેને વધારે પત્નીઓ. આ તો થઇ વિવાહિતાઓની વાત. એનાથી વધુ અવિવાહિત, થોડા સમય માટે વિવાહિત તથા બીજી રીતે ગમે તેટલી સ્ત્રીઓ રાખી શકાતી હતી.

મનુએ કહ્યું છે કે જો પતિ સંન્યાસી થઇ જાય, નપુંસક હોય, હંમેશાને માટે ઘર છોડીને કશે ચાલી ગયો હોય, કુષ્ટ જેવા ભયંકર રોગથી પીડાતો હોય, અથવા તો મરી ગયો હોય—આ પાંચ પરિસ્થિતિમાં સ્ત્રી બીજા માણસ સાથે લગ્ન કરી શકે છે. આ પ્રમાણે જો પતિથી સંતાન ન ઉત્પન્ન થાય તો દિયર સાથે સંબંધ બાંધી શકે છે. મનુસ્મૃતિમાં બીજી પણ સુવિધાઓ કરી આપી છે. પણ કળીયુગમાં આ બધાને બાજુએ મૂકવામાં આવી છે.

પાતિવ્રત્ય-ભાવનાનું ધડતર જેના પર થયું છે તે પ્રાચીન ઇતિહાસ આવો છે. સ્ત્રીસમાજમાં જાગૃતિ આવવા સાથે જ તે ધડતર ડોલવા લાગ્યું છે, અને એના પતનમાં આપણી સંસ્કૃતિનું પતન માનનારાઓને ચિંતા થવા લાગી છે.

સ્ત્રી અને પુરૂષ બન્ને એકબીજાના પૂરક છે. જો એક અર્ધપતિ છે તો બીજી ગૃહસ્વામિની છે. એક સામાજિક જીવન પર નિયંત્રણ કરે છે, તો બીજી વૈયક્તિક જીવન પર. બેઉ અન્યોન્યનો આનંદ વધારે છે. બેઉ એકબીજાની જવાબદારી સમજે અને પારસ્પરિક સુખદુઃખ પર ધ્યાન આપે એ માન્યતાને લીધે જ વિવાહસંસ્થાનું મહત્ત્વ અંકાય છે. આ એક પ્રકારની અભિસંધિ છે કે જે બેઉના સુખમાં વધારો કરે છે. પણ જો આ અભિસંધિમાં એક પક્ષ પોતાનો જ સ્વાર્થ શોધવા માંડે, બીજાના સુખદુઃખ પર જરાય ધ્યાન ન આપે અને પરિણામે એકનું જીવન દુઃસહ્ય થઇ જાય, તો તો પછી આ વિષમ પરિસ્થિતિનો અન્ત આણવા માટે બન્ને છૂટા થાય એ એક જ ઉપાય રહે છે. એમાં ધર્મ કે અધ્યાત્મનો કોઇ પ્રતિબન્ધ લાગવો ન જોઇએ. જે ધર્મ અત્યાચાર કે અન્યાય પોષે છે તે ધર્મ નહીં કહેવાય. મીરા પોતાના પતિને છોડીને ભગવાનને પતિ માનવા લાગી; ગોપીઓ પોતાના ઘરના લોકોને છોડીને કૃષ્ણ પાછળ ફરવા લાગી; પણ તેમાં હિંદુધર્મે કોઇ પાપ નહીં ગણ્યું. આવી પરિસ્થિતિ વચ્ચે જો કોઇ સ્ત્રી દુરાચારી પતિને છોડીને કોઇ યોગ્ય વ્યક્તિનો આશરો લે તો તે પાપ કેમ ગણી શકાય? જો વિવાહસંબંધ કોઈ આધ્યાત્મક કે ધાર્મિક આધાર પર ટકી રહ્યો હોત તો દ્રૌપદીને પાંચ પતિ ન હોત. એ રીતે ઉપર જણાવ્યું તે પ્રમાણે પુરૂષના એક આત્મા સાથે હજાર આત્માઓનો સંબંધ કલ્પાયો ન હોય.

હવે આપણે યુવક યુવતી ઉભયના દૃષ્ટિબિંદુથી આ પ્રશ્ન વિચારીએ. ભાવાવેશ કે શારીરિક સંબંધની ભૂખથી વિવશ થઇને અથવા માતાપિતા કે સ્વજન-સંબંધીઓની ઇચ્છાને વશ થઇને કોઈ યુવક ને યુવતી વિવાહસબંધથી જોડાય છે. આ સ્વજન સંબંધીઓમાં ઘણા એવા પણ લોકો હોય છે કે જે આશ્રિતોના સુખ અને હિત કરતાં દ્રવ્યલાભ અથવા પોતાના સ્વાર્થને વધુ મહત્ત્વ દેતા હોય છે. સંબંધોમાં ઘણીવાર થોડા દિવસો પછી રુચિભેદને લીધે પતિ અને પત્ની વચ્ચે વૈમનસ્ય ઉત્પન્ન થાય છે. દિવસરાત તકરાર અને અશાન્તિ રહે છે. નથી પુરૂષને સુખ મળતું નથી સ્ત્રીને. એની અસર બાળકો પર પડે છે. શું આવી સ્થિતિમાં આખું જીવન દુઃખમાં વિતાવવા કરતાં બન્નેનું છૂટા થવું ઇચ્છનીય નથી?

જો આ પ્રશ્ન પર માનવતાની દૃષ્ટિથી વિચારવામાં આવે તો, અર્ધી માનવજાત મન મરડીને જીવન પસાર કરે એ કોઈ રીતે ઉચિત નથી. કહેવાય છે કે પત્ની પતિ માટે ત્યાગ કરવામાં આનંદ માણે છે. બનવાજોગ છે કે એવી કેટલીક સ્ત્રીઓ નીકળે, તો એવા કેટલાક પુરૂષો પણ નીકળશે કે જે પત્ની માટે ત્યાગ કરવામાં આનંદ અનુભવશે. પણ આ તો પ્રેમનો સોદો છે, કે જે હૃદયની સ્વયંપ્રેરણા પર આધાર રાખે છે. એને એક સામાન્ય નિયમ બનાવીને આખા વર્ગ પર લાદવાનું કેટલી હદ સુધી ઉચિત છે? પશુપક્ષિઓમાં પણ પ્રેમ થાય છે. નર અને માદા અન્યોન્ય માટે ત્યાગ પણ કરે છે. છતાં એક બીજાના અધિકાર કદી છીનવી નથી લેતા. પરસ્પર વૈમનસ્ય ઉત્પન્ન થતાં એક બીજાને છોડી દેવાની પૂરી છૂટ હોય છે. એ રીતે નરપશુ પોતાની વાસનાપૂર્તિ માટે માદાપશુ પર કદી અત્યાચાર પણ નથી કરી શકતો.

એ કહેવાની જરૂર નથી કે હિંદુ વિવાહસંસ્થા યુવક અને યુવતી બન્નેના જીવનવીકાસમાં અધિકાંશે બાધક નિવડી છે. એને લીધે સેંકડો અને હજારોનાં જીવન નષ્ટ થઇ ચૂક્યા છે. છતાં પણ એને સનાતન ધર્મ માનીને નિભાવ્યા કરવી અને સમાજ તેમ જ રાષ્ટ્રને નિર્બલ, વ્યાધિગ્રસ્ત તથા જર્જરિત થવા દેવા એ કોઈ રીતે ઇષ્ટ નથી. ભારત ઉદીયમાન રાષ્ટ્ર છે. એને પોતાની શક્તિનું નિર્માણ કરવું છે. વિશ્વના સંઘર્ષમાં ટકી રહેવું છે, બીજી બાજુ હિંદુ જાતિ ભારતની મુખ્ય જાતિ છે. પ્રજાજનોમાં દરેક સાત વ્યક્તિએ ઓછામાં ઓછી છ હિન્દુ છે. એમાં જો દુર્બલતા કે રોગ પ્રવેશશે તો તે આખા રાષ્ટ્રનો રોગ કહેવાશે. આપણી રાજનીતિ સંપ્રદાયની દૃષ્ટિએ નિરપેક્ષ છે. પણ એ ઓઠા નીચે આખા રાષ્ટ્રનો વિકાસ નહીં રોકી શકાય. રાષ્ટ્રોન્નતિ માટે આપણે જાતિસુધારા કરવા જોઇશે. એ દૃષ્ટિએ વિવાહસંસ્થામાં પણ સુધારો થઇ રહ્યો છે, અને તે અભિનન્દનીય છે. હિંદુ વિવાહસંસ્થાને લગતા કાનુનમાં લગ્નવિચ્છેદ માટે જે સરતો રાખવામાં આવી છે તેની વિગતવાર ચર્ચા એક અલગ વિષય છે. એ સંબંધમાં યથાસમય લખવામાં આવશે. પ્રસ્તુત લેખદ્વારા હું એટલું જ કહેવા માંગું છું

કે ભારતીય જનતા વિવાહસંસ્થા સાથે ધર્મ તથા આધ્યાત્મિકતાને જોડીને તેને વળગી રહેવા માંગે છે અને તેમાં કોઇ પણ પ્રકારનો ફેરફાર કે સુધારો સહન કરવાને તૈયાર નથી—આ એક મોટો મિથ્યાગ્રહ છે. આમ કરવાથી દેશ સમાજ કે ધર્મ-કોઇનું પણ કલ્યાણ થઈ શકવાનું નથી.

સમય તથા સ્થાનની આવશ્યકતાનો ખ્યાલ રાખીને એક ચોકકસ પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવી. ધીમે ધીમે તેને ધર્મ તથા આધ્યાત્મિકતાનું રૂપ આપવામાં આવ્યું. કાલક્રમે તેમાં જે વિકાર આવ્યો તેને પણ મૂળવ્યવસ્થાનું અવિભાજ્ય અંગ માનવામાં આવ્યું. આ રીતે હિંદુ જાતિનું શરીર બન્યું. આમાં રોગ ગુમડાં વગેરેની માત્રા ખૂબ વધી ગયેલ છે. આથી પીડાતા અંગોમાં રકતસીંચન કરવું તેને પરંપરા અર્થાત ધર્મનો દ્રોહ લેખવામાં આવે છે. આને લીધે પ્રત્યેક રીવાજ તથા માન્યતાને મૌલિક રૂપમાં નિહાળવાની આવશ્યકતા ઉભી થઈ છે. આશા રાખવામાં આવે છે કે આ વિષયમાં અન્ય સુજ્ઞજનો પણ પોતપોતાનું દૃષ્ટિકોણ પ્રગટ કરશે. —ડા. ઇન્દ્ર

શ્રી સોહનલાલજી દુગડ સંઘના કાર્યાલયમાં

[ગતાંકમાં જગ્યાના અભાવે પ્રગટ કરવા રહી ગયેલા સમાચાર]

જયપુરનિવાસી તેરાપંથી સમાજના એક અગ્રગણ્ય સુધારક શ્રી સોહનલાલજી દુગડ જેઓ પોતાનાં વ્યાપારવ્યવસાય અર્થે થોડા સમયથી મુંબઇ ખાતે નિવાસ કરી રહ્યા છે અને જેમણે જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ હસ્તક મધ્યમ વર્ગના ઉદ્ધાર અર્થે એકઠા કરવામાં આવતા ફાળામાં રૂા. ૧૦૦૧૦ ની રકમનું દાન કર્યું છે તેઓ તા. ૨-૫-૫૩ શનીવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓનો પરિચય કરવાના હેતુથી સંઘના કાર્યાલયમાં પધાર્યા હતા. તેમનું સ્વાગત કરતાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ સંઘનું આજથી પચ્ચીશ વર્ષ પહેલાં સ્થાપન થયું ત્યારથી તે આજ સુધીની સંઘની પ્રવૃત્તિઓ, સંઘના બંધારણમાં આજથી પંદર વર્ષ પહેલાં કરવામાં આવેલું મૌલિક પરિવર્તન, એ બંધારણમાં સમગ્ર જૈન સમાજની એકતા ઉપર મૂકવામાં આવેલો ભાર, સંઘ જેના વિષે સંપૂર્ણ આત્મીયતા અનુભવે છે તેવું સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ વગેરે બાબતોનો ઉલ્લેખ કર્યા બાદ સોહનલાલજીનો પરિચય આપતાં જણાવ્યું કે " શ્રી. સોહનલાલજીને આજથી ચારેક વર્ષ પહેલાં જયપુરમાં પંડિત સુખલાલજીના અધ્યક્ષસ્થાને મળેલી બાલદીક્ષાવિરોધી પરિષદમાં મેં પહેલી વાર જોયા હતા. એ જ અરસામાં તેરાપંથી સંપ્રદાયના આચાર્યશ્રી તુલસીરામજી ત્યાં જ બીરાજતા હતા અને નાની ઉંમરના છોકરા છોકરીઓને દીક્ષા આપવાની પ્રવૃત્તિ પુરજોસમાં ચાલતી હતી. તે સુગ્રથિત સમાજના એક આગેવાનને આ બાલદીક્ષા પ્રવૃત્તિનો આવી રીતે કટ્ટર વિરોધ કરતાં જોઇને મને ભારે આશ્ચર્ય અને માન ઉપજ્યું હતું. ત્યારબાદ મુંબઇ ખાતે કેટલાએક દિવસ પહેલાં યોજાયલા સ્વર્ગસ્થ ગુલાબચંદજી ઢઢ્ઢાના તૈલચિત્રના અનાવરણપ્રસંગે તેમને મેં ફરીથી જોયા અને પૂર્વસ્મરણ જાગૃત થયું. ત્યાર પછી તો એક પછી એક જૈનોની જાહેર સભામાં તેમને મળવાનું અને સાંભળવાનું બનતું ગયું અને માત્ર ચાર પાંચ અંગ્રેજી સુધી ભણેલા, વિચારપ્રદેશમાં સામાન્યતઃ પછાત ગણાતા એવા મારવાડી સમાજમાં ઉછરેલા, જેને આધુનિક કેળવણી કહેવામાં આવે છે તેથી વંચિત રહેલા એમ છતાં પણ તેમના ભાષણમાં જે ઉદારતા, વિશાળતા, નવી ચેતનાનો ચમત્કાર, જૈન સમાજને એક જોવાની તમન્ના, જૈન સમાજથી પણ આગળ વધી આજના વિશાળ સમાજની સમસ્યાને સમજવાની અને ઉકેલવાની વૃત્તિ અને તદર્થે પોતાને પ્રાપ્ત થયેલા વિત્તનો વ્યય કરવાની તત્પરતા-આવી તેમના વ્યકિતત્વમાં રહેલી અનેક વિલક્ષણતાઓ મારી નજર ઉપર આવતી ગઇ અને મુંબઇ જૈન યુવક સંઘની સમગ્ર વિચારસરણીને તેઓ પ્રતિધ્વનિત કરી રહ્યા છે એમ મને લાગ્યું. અને તેથી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યકર્તાઓ અને તેમનો પરસ્પર પરિચય થાય, તેમ જ સંઘની વિવિધ પ્રવૃત્તિઓનો તેમને ખ્યાલ આવે તે હેતુથી મેં તેમને નિમંત્રણ આપ્યું. આપણા નિમંત્રણને માન આપીને તેઓ પધાર્યા છે તે માટે તેમનો હું ઉપકાર માનું છું અને તેમનું હું સ્વાગત કરું છું." ત્યાર બાદ ટી. જી. શાહે અનુમોદનમાં સોહનલાલજીના સંઘના કાર્યાલયમાં પધારવાથી પોતાને થયેલા અતિ આનંદને વિવિધ શબ્દોમાં વ્યકત કર્યો અને સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની વિશેષતા તથા ઉપયોગીતા તરફ તેમનું ખાસ ધ્યાન ખેચ્યું. શ્રી રતિલાલ કોઠારીએ પણ સોહનલાલજીનું સન્માન કરતાં પોતાના મન ઉપર પડેલી તેમના વિષેની સુન્દર છાપ રજુ કરવા સાથે સંઘ વિષેની પોતાની નિષ્ઠા, મમતા અને સંઘની કાર્યવાહી સાથે પ્રારંભથી તેઓ આજ સુધી કેવી ગાઢ રીતે સંકળાયલા છે તેનો ખ્યાલ આપ્યો. શ્રી સોહનલાલજીએ આવી એક વિશિષ્ટ કોટિની અને ચોકકસ આદર્શ ધરાવતી સંસ્થાના પરિચયમાં આવવાની તક ઉભી કરવા માટે સંઘના કાર્યવાહકોનો આભાર માન્યો, જૈનોની એકતા સંબંધમાં કેટલાએક વિચારો રજુ કર્યા, આજે આપણે કેવળ ધાર્મિક ઓઠા નીચે એકઠા થવાથી આપણા પ્રશ્નનો નીકાલ કરી નહિ શકીએ, આજનો પ્રશ્ન આર્થિક છે, સામાજિક છે, અને આર્થિક સમાનતા ઉભી થાય, થોડા પૈસાદાર અને પારવિનાના ગરીબ એવી આજની સમાજરચના નાબુદ થાય, મહેનત કરનાર સૌ કોઇને જીવાઇ મળી રહે, આવી રચના ઉભી કરવાની જરૂર છે વગેરે પ્રસંગોચિત કેટલાએક વિચારો તેમણે રજુ કર્યા, સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની સંસ્થા વિષે કેટલીક માહીતી મેળવી અને આજે જે નવો સ્નેહસંબંધ ઉભો થયો તેના પ્રતીક રૂપે રૂા. ૫૦૦] મણિભાઇ સ્મૃતિફંડમાં, ૫૦૦] મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલયમાં, ૨૫૦] પ્રબુદ્ધ જૈનમાં, એમ કુલ રૂા. ૧૨૫૦] ની સંઘને ભેટ ધરી અને સંઘના સભ્ય થવાની ઇચ્છા દર્શાવી આગામી ૨૦ વર્ષ સુધીના એક સાથે લવાજમ તરીકે રૂા. ૧૦૦] ની રકમ સંઘને આપી. સંઘના પ્રમુખ શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆએ ઉપસંહાર કરતાં શ્રી સોહનલાલજી દુગડનો આવી ઉદારતા માટે ઉપકાર માન્યો અને આજે આ રીતે આપણા સંઘમાં દાખલ થયાની તેઓ આપણી સાથે હંમેશને માટે જોડાય છે તે માટે પોતાને થયેલો આનંદ અને શુભેચ્છાઓ ઉચિત શબ્દમાં વ્યકત કરી. અને પુષ્પહાર વડે સોહનલાલજીનું બહુમાન કરવામાં આવ્યું

શ્રી તારાચંદ કોઠારીને અભિનંદન

આ અંક પ્રગટ થઇ રહ્યો છે તે દરમિયાન ભારત જૈન મહામંડળનું ૩૩ મું અધિવેશન નાગપુર બાજુએ આવેલ ખુલ્લદાણા તા. ૧ તથા ૨ ના રોજ મળી રહ્યું હશે. આ અધિવેશનનું પ્રમુખસ્થાન શ્રી તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી શોભાવનાર છે. ભાઇ તારાચંદ મુંબઇ જૈન યુવક સંઘના બહુ જુના સભ્ય અને અમારા વર્ષોજુના સહકાર્યકર્તા છે. સંઘની એક અગ્રગણ્ય વ્યકિતનું આ પ્રકારે સન્માન કરવામાં આવે તે સંઘ માટે અતિ ગૌરવપ્રદ હકીકત લેખાય. ભાઇ તારાચંદ એક શકિતશાળી અને સાધનસંપન્ન વ્યકિત છે. મુંબઇના જૈન સમાજમાં પણ તે આગળ પડતું સ્થાન ધરાવે છે. જૈન સમાજની અંદર અંદરના ભેદો ભુલાય અને સર્વત્ર એકતાની બુદ્ધિ પ્રવર્તે એ આજનો આપણો મહાપ્રશ્ન છે. ભારત જૈન મહામંડળ આ હેતુથી સ્થપાયેલ છે અને એ મંડળના કાર્યાધ્યક્ષ શ્રી રિષભદાસ રાંકાએ એ મંડળનું સૂત્ર હાથમાં લીધા બાદ એ મંડળની પ્રવૃત્તિ વધારે વ્યાપક અને વેગવાન બની છે. છેલ્લાં બે વર્ષથી ભાઇ તારાચંદ એ મંડળના મંત્રીઓમાંના એક હતા. ભાઇ તારાચંદની દોરવણી નીચે એ મંડળની કાર્યવાહી વધારે પ્રાણવાન બને અને જે એકતાનું સ્વપ્ન વર્ષોથી સેવાઇ રહ્યું છે એ સ્વપ્નને મૂર્તિમન્ત થયેલું જોવા આપણે ભાગ્યશાળી થઇએ એ જ શુભેચ્છા !

પરમાનંદ

જૈન સાહિત્યના તેમ જ દર્શનના સર્વાંગીણ ઇતિહાસની યોજના

(‘શ્રમણ’ નામના હિંદી માસિકના માર્ચ માસના અંકમાં પ્રગટ થયેલ સંપાદકીય વક્તવ્યનો અનુવાદ ‘જૈન’ પત્રમાંથી ઉધ્ધૃત કરવામાં આવે છે. આ સંબંધમાં સવિશેષ જણાવવાનું કે જૈન સાહિત્ય તેમ જ જૈન દર્શન ઉભયના સવિસ્તર પ્રમાણભૂત ઇતિહાસની આજે ચારે તરફથી માંગ થઇ રહી છે. નીચેની યોજનામાં જેમનાં નામ આપવામાં આવ્યા છે તે તે વિદ્વાન સંશોધકો જો નિમ્નલિખિત જવાબદારી લે તો જરૂર ચિરઅપેક્ષિત જૈન સાહિત્ય અને દર્શનનો ઇતિહાસ ટુંકા સમયમાં નિર્માણ થઇ શકે. ઉપર જણાવ્યા મુજબ આગામી ઓકટોબર માસમાં અમદાવાદ ખાતે જ્યારે પ્રાચ્યવિદ્યા પરિષદનું અધિવેશન મળવાનું છે ત્યારે જૈન સાહિત્ય, દર્શન અને જૈન પરિભાષિક શબ્દકોષમાં રસ ધરાવતા જૈન તેમજ જૈનેતર વિદ્વાનો નીચે આપેલી યોજનાને મૂર્ત સ્વરૂપ આપવાના હેતુથી જરૂરી વિગતો નક્કી કરવા માટે એકત્ર થવાના છે. આ યોજનાને જૈન સમાજ હાર્દિક આવકાર આપશે અને તેને પાર પાડવામાં સર્વ પ્રકારનો સહકાર આપશે એવી આશા રાખવામાં આવે છે. **તંત્રી**)

બનારસ હિન્દુ યુનિવર્સિટીના શ્રીપાર્શ્વનાથ વિદ્યાશ્રમના કાર્યકર્તાઓએ નિર્ણય કર્યો છે કે, જૈન સાહિત્યના પ્રકાશન માટે ધીમે ધીમે સક્રિય પગલાં ભરવામાં આવે. આ પ્રકાશન બે પ્રકારનું થશેઃ એક તો એવા સાહિત્યનું પ્રકાશન, જે જરૂરત પ્રમાણે તે તે વિષયના અધિકારી વિદ્વાનો પાસે તૈયાર કરાવવામાં આવે. દાખલા તરીકે આપણને જૈન સાહિત્યના એક પ્રમાણભૂત ઇતિહાસની જરૂર છે. કેટલાક ભાઇઓ મળીને આ કામને પોતાના હાથમાં લે અને નક્કી કરેલા સમયમાં એ કામને પૂરું કરીને સંસ્થાને સોંપી દે. આવી જ રીતે જૈન દર્શનનો ઇતિહાસ, જૈન શબ્દકોશ વગેરે વિષયોના ગ્રંથો તૈયાર કરાવી શકાય. આની નિશ્ચિત યોજના લગભગ તૈયાર છે. આ યોજનામાં પહેલાં અંશને કાર્યરૂપે પરિણત કરવાનો સંસ્થાનો સંકલ્પ અભિનંદનને યોગ્ય છે.

બીજા પ્રકારનું પ્રકાશન એવા ગ્રંથોનું છે કે જે ગ્રંથોના આધારે પી. એચડી., લિટ વગેરે ઊંચી ઊંચી પદવીઓ મળી હોય. અત્યારના વૈજ્ઞાનિક યુગમાં આવા પ્રકારના ગ્રંથોનું ભારે મહત્ત્વ છે,—એ વાતને સમજીને જ સંસ્થાના કાર્યકર્તાઓએ એ નિર્ણય કર્યો છે કે, ભલે કયાંથી પૈસા મળે કે ન મળે તોય, આપણે આવા ગ્રંથો પ્રગટ કરવા જ છે. આ નિર્ણયથી આપણે એવી આશા સેવી શકીએ કે ટુંક સમયમાં જ જૈન વિષયોને લગતું પ્રમાણભુત સાહિત્ય તૈયાર થઈ શકશે. શોધખોળવાળા ગ્રંથોનું પ્રકાશન અત્યાર સુધી જૈન સમાજની સંસ્થાઓને માટે એક ડોયડારૂપ રહ્યું છે. આ નિર્ણયથી આ ડોયડાનો ઉકેલ લાવવામાં ઘણી મદદ મળી શકશે. સંસ્થાઓના કાર્યકર્તાઓને આપણે આને માટે ધન્યવાદ આપીએ.

વિદ્યાશ્રમની વ્યવસ્થાપક સમિતિએ સૌથી પહેલાં ‘જૈન સાહિત્યનો ઇતિહાસ’ નામક ગ્રંથ તૈયાર કરાવવાનો નિશ્ચય કર્યો છે. આ કામને કેવી રીતે પાર પાડવું, એને માટે આ પ્રમાણે યોજના તૈયાર કરવામાં આવી છે. આ ગ્રંથના ચાર ભાગ રહેશે.

ભાગ ૧—આગમિક સાહિત્યનો ઇતિહાસ

પહેલો ખંડ—મૂળ આગમ અને તેના ઉપરનાં નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા અને ટબાઓનો સાંગોપાંગ પરિચય. આ ખંડના સંપાદક તરીકે શ્રી બેચરદાસજીનું નામ સૂચવવામાં આવ્યું છે. બીજો ખંડ—ષટ્‌ખંડાગમ, કષાયપાહુડ, મહાબંધ તથા એના ઉપર રચાયેલ ધવલા, જયધવલા, મહાધવલા વગેરે બધી ટીકાઓનો પરિચય. આ ખંડના સંપાદક તરીકે ડો. હીરાલાલ જૈનનું નામ રજુ કરવામાં આવ્યું છે. ત્રીજો ખંડ—આમાં કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ, ગોમ્મટસાર વગેરે કર્મવિષયક સમગ્ર સાહિત્યનો પરિચય આપવામાં આવશે. આનું સંપાદન પં. શ્રી ફુલચંદજી કરશે, એવી આશા છે. ચોથો ખંડ આમાં આગમિક પ્રકરણ સાહિત્યનો પરિચય આપવામાં આવશે. આ ખંડના સંપાદનનો ભાર પં. શ્રી દલસુખભાઇ માલવણીયા ઉપર રહેશે.

ભાગ ૨—દાર્શનિક અને વૈજ્ઞાનિક સાહિત્યનો ઇતિહાસ

આના બે ખંડ કરવામાં આવશે. પહેલા ખંડમાં પ્રમાણ, નય, નિક્ષેપ, દ્રવ્ય, ગુણ, પર્યાય વગેરે દાર્શનિક વિષયોનો ઐતિહાસિક પરિચય આપવામાં આવશે. આ ખંડના સંપાદન માટે પં. શ્રી દલસુખભાઇ માલવણિયાનું નામ સૂચવવાનું છે. બીજા ખંડમાં વ્યાકરણ, કોષ, અલંકાર, છન્દ, જ્યોતિષ, ગણિત, આયુર્વેદ, સંગીત, શિલ્પ, સિક્કાઓ વગેરે વિષયોને લગતી સામગ્રી એકત્રિત કરવામાં આવશે. આ ખંડના સંપાદક ડો. એ. એન. ઉપાધ્યે રહેશે.

ભાગ ૩—સાહિત્યક કૃતિઓનો ઇતિહાસ

આ ભાગમાં પણ બે ખંડ રહેશે. પુરાણ, ચરિત્ર, કથા અને પ્રબંધોનો પરિચય આવશે. અને બીજા ખંડમાં કાવ્ય, નાટક, ચંપૂ, સ્તોત્ર વગેરે વિષયોનું ઐતિહાસિક અધ્યયન આવશે. આ ભાગનું સંપાદનકાર્ય ડો. શ્રી ભોગીલાલ સાંડેસરા કરશે એવી આશા છે.

ભાગ-૪ લોકભાષાઓની કૃતિઓનો ઇતિહાસ

આ ભાગના પહેલા ખંડમાં હિન્દી, ગુજરાતી, રાજસ્થાની વગેરે ઉત્તરની ભાષાઓમાં લખાયેલી જૈન કૃતિઓનો ઐતિહાસિક પરિચય આપવામાં આવશે, અને એના બીજા ખંડમાં કન્નડ, તેલુગુ વગેરે દક્ષિણની ભાષાઓની કૃતિઓનો પરિચય રહેશે. પહેલા ખંડનું સંપાદન શ્રી અગરચંદજી નાહટા અને બીજા ખંડનું સંપાદન શ્રી કે. ભુજબલિ શાસ્ત્રી કરશે. દરેક ખંડમાં અનેક અધ્યાયો કે પ્રકરણો પાડવામાં આવશે, જેને લખવા માટે જુદા જુદા લેખકો નીમવામાં આવશે. લેખકોને એક પેજે પાંચ રૂપિયા પુરસ્કાર તરીકે આપવામાં આવશે.

અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદ

અમદાવાદમાં મળનારૂં સત્તરમું અધિવેશન

[પ્રાચ્યવિદ્યાપરિષદ-અધિવેશનના સ્થાનિક મંત્રી શ્રી યશવન્ત શુકલ તરફથી આગામી ઓકટોબર માસમાં મળનાર તે પરિષદના અધિવેશન સંબંધી મળેલો પરિપત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ એજ્યુકેશન સોસાયટી અને ગુજરાત વિદ્યાસભાના સંયુક્ત આશ્રયે આવતા ઓકટોબર મહિનામાં અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદનું સત્તરમું અધિવેશન સુવિખ્યાત ભાષાશાસ્ત્રી, પ્રાચ્યવિદ્યાવિશારદ અને પશ્ચિમ બંગાળની રાજસભાના પ્રમુખ ડો. સુનીતિકુમાર ચેટરજીના પ્રમુખપદ હેઠળ અમદાવાદમાં થવાનું છે.

અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદ જે ઓલ ઇન્ડીયા ઓરીએન્ટલ કોન્ફરન્સ તરીકે પણ પ્રસિદ્ધ છે તે આપણા દેશની એક સંમાન્ય વિદ્વત્સંસ્થા છે. એની સ્થાપના ૧૯૧૯ ના વર્ષમાં થઇ હતી, પણ કે એવી એક સંસ્થાની આવશ્યકતા તો ઠેઠ ૧૯ મી સદીમાં વરતાઈ હતી. પશ્ચિમની સંસ્કૃતિનો આપણી સંસ્કૃતિ સાથે યોગ થતાં પશ્ચિમના વિદ્વાનોનું ધ્યાન ભારતીય અથવા આર્યવિદ્યાઓ પ્રત્યે રહેજે ખેંચાયું હતું અને એ દિશામાં સંશોધનકાર્યને તેમણે પુષ્કળ વેગ આપ્યો હતો. પરિણામે પ્રાચ્યવિદ્યાના અભ્યાસીઓની એક આંતરરાષ્ટ્રિય પરિષદ ૧૮૭૩ માં પેરિસ ખાતે મળી હતી. એને બીજે વર્ષે લંડનમાં પ્રાચ્યવિદ્યાવિદોની બીજી આંતરરાષ્ટ્રીય પરિષદ મળી હતી. તેમાં ભાગ લેવા માટે આપણા દેશમાંથી સર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર,

ડો. જે. જે. મોદી, કે. બી. પાઠક વગેરે વિદ્વાનો ગયા હતા અને આ પ્રકારની સંસ્થા આપણા દેશમાં પણ ઊભી કરવાની જરૂર એમને સમજાઇ હતી. પોતપોતાના વિશિષ્ટ ક્ષેત્રમાં કામ કરનારા પ્રાચ્યવિદ્યાવિદો એકઠા મળે, વિચારવિનિમય કરે અને પોતાનાં સંશોધનોનું સરવૈયું કાઢે તો એ મિલન સમસ્ત પ્રવૃત્તિને ખૂબ ઉપકારક નીવડે. એ દૃષ્ટિથી આપણા દેશમાં આ પ્રકારની સંસ્થા શરૂ કરવાનો વિચાર વહેતો થયો હતો. પણ એ ફળ્યો ઠીક ઠીક મોડો.

૧૯૧૯ નાં જુલાઇમાં સર હારકોર્ટ બટલરે સિમલા મુકામે પ્રાચ્યવિદ્યાવિશારદોની એક પરિષદ નિમંત્રી હતી. તેમાં ડો. વોગેલે ઓરીએન્ટલ કોંગ્રેસની રચનાના મહત્વ સંબંધી એક નોંધ રજૂ કરી હતી, પણ ૧૯૧૮ સુધી એ સૂચન ફક્ત સૂચન જ રહ્યું. એ વર્ષમાં પૂનાનું ભાંડારકર ઓરીએન્ટ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ આ કાર્યમાં અગ્રેસર થયું અને પ્રાચ્યવિદ્યાવિદોની આંતરરાષ્ટ્રીય સંસ્થાને મળતી સંસ્થા આ દેશમાં રચવા એ સંસ્થાના કાર્યકરો પ્રવૃત્ત થયા. ૧૯૧૯ના નવેમ્બરમાં આ સંસ્થાની તેમણે સ્થાપના કરી અને પહેલા અધિવેશનમાં હિંદ, બ્રહ્મદેશ અને સિલોનમાંથી તેમણે વિદ્વાનોને નોતર્યા. પહેલા અધિવેશનના પ્રમુખ સર રામકૃષ્ણ ભાંડારકર હતા. તે પછી ઉત્તરોત્તર ઉત્તમોત્તમ વિદ્વાનોએ પરિષદના અધિવેશનનું પ્રમુખપદ શોભાવ્યું છે. પ્રો. સિલ્વાં લેવી, ડો. ગંગનાથ જહા, ડો. જે. જે. મોદી, પંડિત મદનમોહન માલવિયા વગેરેએ આ સંસ્થાનાં અધિવેશનોનું પ્રમુખપદ સ્વીકારી એના કાર્યને ઉત્તમ દોરવણી આપેલી.

આ સંસ્થાની સ્થાપના પછી ઘણું કરીને દર ત્રીજે વર્ષે ભારતના કોઇને કોઈ નગરમાં કે વિદ્યાધામમાં એનાં અધિવેશનો થતાં રહ્યા છે અને એ રીતે પરિષદે ભારતના પ્રાચ્યવિદ્યા વિશારદોના એક સમાગમસ્થાન તરીકે મહત્વનું કાર્ય કર્યું છે. પ્રાચ્યવિદ્યાને લગતી સંશોધન પ્રવૃત્તિને તેણે પુષ્કળ વેગ આપ્યો છે, અને સંશોધનનાં પરિણામોને સુગ્રથિત કરવામાં પણ તેણે ફાળો આપ્યો છે.

અધિવેશન પ્રસંગે વિદ્વાનો જે નિબંધો તૈયાર કરે, જે ચર્ચાઓ થાય અને વિદ્વત્સભાઓ થાય તેનું ધોરણ પણ ખૂબ ઊંચું રહ્યું છે અને ભારતીય વિદ્વાનોના હૃદયમાં આ સંસ્થાએ આદરયુકત સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ગુજરાતમાં આ મહાન સંસ્થાનું અધિવેશન આ બીજી વાર મળી રહ્યું છે. ૧૯૩૩ ની સાલમાં વડોદરાના મહારાજા શ્રીમંત સર સયાજીરાવ ગાયકવાડના નિમંત્રણથી વડોદરામાં પરિષદનું સાતમું અધિવેશન પ્રસિદ્ધ વિદ્વાન ડો. કાશીપ્રસાદ જયસ્વાલના પ્રમુખપદે મળ્યું હતું. તે પછી વીશ વર્ષે ગુજરાતના પાટનગર અમદાવાદમાં એનું સત્તરમું અધિવેશન મળી રહ્યું છે. તેની તૈયારીઓ માટે ભારતની લોકસભાના અધ્યક્ષ માનનીય શ્રી. ગણેશ વાસુદેવ માવળંકરના પ્રમુખપદ હેઠળ તથા ગુજરાત યુનિવર્સિટીના કુલનાયક શ્રી. હરસિદ્ધભાઇ દિવેટિયાના અધ્યક્ષપદ હેઠળ એક સ્થાનિક સમિતિની પણ રચના કરવામાં આવી છે. પરિષદ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ એજ્યુકેશન સોસાયટી અને ગુજરાત વિદ્યાસભાના સંયુકત ઉપક્રમથી વીશ વર્ષના ગાળે બીજી વાર ગુજરાતમાં મળી રહી છે ત્યારે એને સફળ બનાવવી એ ગુજરાતના સર્વ વિદ્યાપ્રેમીઓનું કર્તવ્ય છે.

પ્રાચ્યવિદ્યાના વિકાસની દિશામાં દેશભરની જુદી જુદી સંસ્થાઓ યથાશકિત કાર્ય કરી રહી છે, તેમ છતા સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ પછી સંસ્કૃત વિદ્યાઓમાં, ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિમાં જે નવો રસ જાગ્રત થયો છે તેથી પહેલાં કરતાં વધારે વેગથી અને નવી દૃષ્ટિથી કામે લાગવાની આવશ્યકતા ઊભી થાય છે. દા. ત. સંસ્કૃત પ્રાચ્યવિદ્યાની નિરનિરાળી શાખાઓની સંસ્કૃતના અભ્યાસને તેમજ ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિને રાષ્ટ્રીય શિક્ષણની સમગ્ર આયોજનામાં યોગ્ય સ્થાન આપવાનો પ્રશ્ન વિચારવાનો છે; તે પછી પ્રાદેશિક ભાષાઓને તથા તેમના સાહિત્યને હાનિ પહોંચાડયા વિના રાષ્ટ્રભાષા વિકાસનો પ્રશ્ન પણ ઉકેલવાનો છે. તદુપરાંત શાસ્ત્રીય પરિભાષાના પ્રશ્નનો પણ સમાધાનકારક ઉકેલ શોધવાનો છે. આ સર્વ બાબતોમાં પ્રાચ્યવિદ્યા પરિષદનું અમદાવાદનું અધિવેશન ઘણું કામ આપી શકે તેમ છે.

પ્રથમથી જ આ સંસ્થા પોતાની પ્રવૃત્તિમાં આ દિશામાં કામ કરી રહેલ આંતરરાષ્ટ્રીય વિદ્વાનોનો સહકાર મેળવતી રહી છે. પરિષદે હવે યુનેસ્કો તેમ જ પ્રાચ્યવિદ્યાવિદોના આંતરરાષ્ટ્રીય મંડળ સાથે સક્રિય અને રચનાત્મક સહકાર સાધવા માટે ઘટતા ઉપાયો કરવા જોઇએ. અમદાવાદ અધિવેશનમાં આ સંબંધી વિચારણા થઇ શકશે.

અમદાવાદમાં આ અધિવેશન મળે એનું ઔચિત્ય સમજાવવું પડે એમ નથી. ગુજરાતનું એ પાટનગર છે અને જેવું ઉદ્યોગનું તેવું જ તે વિદ્યા અને સંસ્કૃતિનું કેન્દ્ર છે. વળી આ સ્થળેથી રાષ્ટ્રીય સ્વાતંત્ર્યનું આંદોલન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પ્રેરક નેતૃત્વ હેઠળ આરંભાયું તે દિવસોમાં જ મહાત્મા ગાંધીએ રાષ્ટ્રભાષાનું મહત્વ નિર્ધાર્યું હતું અને એના વિકાસને ઉત્તેજન આપવા માટે એમણે પ્રયાસો આરંભ્યા હતા. વળી સંસ્કૃત, પ્રાકૃત, પાલી વગેરેના અભ્યાસને વેગ મળે તેમ જ ભારતીય કલા, તત્વજ્ઞાન, ધર્મ વગેરેનો તલસ્પર્શી શાસ્ત્રીય અભ્યાસ થાય તે માટે ગૂજરાત વિદ્યાપીઠના અંગભૂત જેવું ગુજરાત પુરાતત્વ મંદિર પણ એમણે સ્થાપ્યું હતું. આ ઉપરથી અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદનું સત્તરમું અધિવેશન અમદાવાદમાં મળે તેની યોગ્યતા પ્રતીત થશે.

પરિષદના કામકાજને જુદા જુદા પંદર વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યું છે અને દરેક વિભાગ માટે યોગ્ય વિદ્વાનની વિભાગીય પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવી છે.

વિભાગો અને વિભાગીય પ્રમુખોનાં નામ નીચે દર્શાવ્યા પ્રમાણે છે :

વિભાગ	પ્રમુખ
૧ વૈદિક	ડો. રઘુવીર
૨ ઇરાની	ડો. એમ. એફ. કાંગા
૩ સંસ્કૃત	પ્રો. આર. ડી, કરમરકર
૪ ઇસ્લામી સંસ્કૃતિ	પ્રો. એન. એ. નદવી
૫ અરબી અને ફારસી	પ્રો. એમ. જી. ઝુબેર
૬ પાલી અને બૌદ્ધ ધર્મ	પ્રો. એન. કે. ભાગવત
૭ પ્રાકૃત અને જૈન	શ્રી. કાન્તાપ્રસાદ જૈન
૮ ઇતિહાસ	ડો. યુ. એન. ઘોષાલ
૯ પુરાતત્ત્વ	શ્રી. અમલાનંદ ઘોષ
૧૦ ભારતીય ભાષાશાસ્ત્ર	પ્રો. સી. આર. સંકરન
૧૧ દ્રાવિડી સંસ્કૃતિ	ડો. ટી. વી. મહાલિંગમ્
૧૨ તત્ત્વજ્ઞાન અને ધર્મ	ડો. મોહનસિંગ
૧૩ ફાઇન આર્ટસ અને લલિત કલા	ડો. એચ. ગોએત્ઝ
૧૪ રાજસ્થાનનો ઇતિહાસ અને સંસ્કૃતિ	મુનિશ્રી જિનવિજયજી
૧૫ ગુજરાતનો ઇતિહાસ અને સંસ્કૃતિ	પ્રો. દુરામનારાયણ વિ. પાઠક

ઉપર પ્રમાણેના વિભાગો હેઠળ જે બેઠકો થશે તે ઉપરાંત ચર્ચાસભાઓ, વિદ્વત્સભાઓ, પુસ્તકાલયો અને ઐતિહાસિક સ્થાનોની મુલાકાતો તેમજ મનોરંજનના કાર્યક્રમો વગેરેની યોજના સ્થાનિક સમિતિએ રાખી છે. અધિવેશનના મુખ્ય આકર્ષણોમાંનું એક તે પ્રસંગે યોજનારું પ્રદર્શન છે, જેની વિગતો હવે પછી પ્રસિધ્ધ થશે. દેશભરના અને આ પ્રસંગે વિશેષે કરીને ગુજરાત ભરના વિદ્યાપ્રેમીઓના સહકાર વિના આ અધિવેશન સફળ થઇ શકે જ નહિ. ત્રણ દાયકા કરતા વધુ સમયથી જે સંસ્થાએ ભારતીય વિદ્વતાને સંગઠિત કરવાનો પ્રયત્ન કર્યો છે તેનું અધિવેશન આપણે આંગણે ભરાય ત્યારે આપણે હૃદયપૂર્વક તેમાં સહકાર અને સહાય આપવાં જોઇએ.

(૩) હિંસાશક્તિ, દંડશક્તિ અને લોકશક્તિ

(ગતાંકથી ચાલુ)

કર્તૃત્વ વિભાજન

જોકે આ સંસ્થાઓ ઘણી મહત્ત્વની છે છતાં આપણને સંસ્થાની આસક્તિ ન હોવી જોઇએ. સંસ્થા પ્રત્યે ભક્તિ રાખીએ, તેનું કામ ચાલુ રાખીએ પરંતુ સંસ્થામાં કેટલાક માણસો એવા પણ હોવા જોઇએ કે જે ફરતા રહી શકે. આ રીતની રચના અને કાર્યક્રમ જો આપણે ન કરીએ તો આપણો વિચાર ક્ષીણ થઈ જશે અને વિચારશાસન ચાલશે નહીં. આપણે બીજું શાસન ચલાવવા માંગતા નથી. જુઓને! બિહારના લોકો થોડાક અભિમાન સાથે કહે છે કે ભૂદાનયજ્ઞનું કામ બિહારની કોંગ્રેસે પ્રથમ ઉઠાવ્યું. અને તેના પછી હૈદરાબાદમાં અખિલ ભારતીય કોંગ્રેસે તેનો સ્વીકાર કર્યો, ખરી રીતે બને છે શું? ઉપરથી એક સરકયુલર પત્ર આવે છે: 'ભૂદાનમાં મદદ કરવી એ કોંગ્રેસવાદીઓની ફરજ છે.' આ તો ગંગા હિમાલયથી પડવા માંડી અને હરદ્વાર આવે છે એ રીતે તે પરિપત્ર પ્રાંતિક સમિતિમાં આવે છે. અને હિમાલયથી ગંગા હરદ્વાર આવ્યા પછી આગળ વહેતી ગઢમુક્તેશ્વર બનય છે તેવી રીતે પરિપત્ર ત્યાંથી જિલ્લા ઓફિસમાં જાય છે. ગંગા ગમે ત્યાંથી જાય પણ તે ગંગા જ રહે છે, તેવી જ રીતે પરિપત્રમાંથી પરિપત્ર જ પેદા થાય છે. મેં વિનોદમાં એક વખત કહ્યું હતું કે દરેક જાતિ પોતાની જાતિને જ પેદા કરે છે. તેવી રીતે પરિપત્ર પરિપત્રને જ પેદા કરે છે. આખર કામ કોણ કરે? કામ તો કરનારા છે ગામડાના લોકો. પણ ત્યાં સુધી પરિપત્ર પહોંચે છે જ કયાં? તે તો એક ઓફિસમાંથી બીજી ઓફિસમાં જાય છે. ત્યાંથી ત્રીજી ઓફિસમાં જાય છે, આટલું જ થયું. એટલે ભૂમિદાન-યજ્ઞ જેવો આપણો કાર્યક્રમ જ્યાં સુધી આપણે ઘેર ઘેર પહોંચી ન શકીએ-ત્યાં સુધી સફળતાને પામી શકતો નથી. પાંચ લાખ ગામડાંઓમાંથી ૨૫ લાખ એકર જમીન પ્રાપ્ત કરવા માંગીએ છીએ. એક ગામદીઠ પાંચ એકર મેળવી શકીએ તો કાર્ય ઘણું જ સરળ બની જાય છે. પણ એટલાં ગામોમાં પહોંચી કોણ શકે? એટલા માટે આપણી પાસે મુખ્ય સાધન વિચાર-પ્રવાહ થઇ શકે છે. તેની યોજના આપણે કરવી જોઇએ. આ જ આપણો કાર્યક્રમ રહેશે. આટલી આપણી હિંમત નહીં ચાલે તો આટલાં ગામોમાં આપણે કેવી રીતે પહોંચી શકીશું? કેવી રીતે ફરીવળીશું?—આવું જ્યારે લાગશે ત્યારે આપણને માલુમ પડશે કે અંગ્રેજીમાં 'શોર્ટ કટ' કહે છે તેની શોધમાં આપણે કાનૂન બનાવવો જોઇએ, ફલાણું કરવું જોઇએ એમ ઇચ્છવું આપણું કામ નથી, એટલું જ નહીં પણ એવા કાર્યમાં લાગવાથી આપણે પરધર્મનું આચરણ કરીશું, સ્વધર્મનું નહીં. આપણો સ્વધર્મ એ છે કે ગામે ગામ ઘૂમવું અને વિચારમાં શ્રદ્ધા રાખવી. એવું ન કહીએ કે વિચાર સાંભળવાથી કે સંભળાવવાથી શું કામ થશે? વિચારથી જ કામ થશે. કારણ કે આપણું કાર્ય વિચારથી જ થઇ શકે એવું છે. આથી વિચારની સત્તા, વિચારશાસન આપણું એક હથિયાર છે. અને બીજું હથિયાર છે તર્કૃત્વવિભાજન. સમગ્ર કર્તૃત્વ, સમગ્ર કર્મશક્તિ એક સ્થળે કેન્દ્રિત થવાને બદલે ગામેગામ કર્મશક્તિ, કર્મસત્તા નિર્માણ થવી જોઇએ. એટલે જ હું કહું છું કે દરેક ગામનો એ હક છે કે પોતાને પોતાના ગામમાં કઇ ચીજ રાખવી અને કઇ ચીજ ન રાખવી તેનો નિર્ણય પોતે જ કરે. જો કોઇ એક ગામ પોતાના ગામમાં ઘાણી ચલાવવાનું નક્કી કરે અને મિલનું તેલ રોકે-તો તેમ કરવાનો તેને અધિકાર હોવો જોઇએ. જ્યારે આપણે આવી વાત કરીએ છીએ ત્યારે અમલદાર વર્ગ કહે છે કે આ રીતે તો એક મોટા રાજ્યમાં નાનું રાજ્ય ચાલી શકે નહીં. તેથી જ હું કહું છું કે સત્તાનું વિભાગીકરણ જો આપણે નહીં કરીએ, કર્તૃત્વનું વિભાજન નહીં કરીએ તો સેના-બળ અનિવાર્ય છે એટલું સમજી લેજો. તો પછી સેના વગર આજ તો ચાલશે નહીં એટલું જ નહીં, પણ કયારેય ચાલશે નહીં. પછી કાયમ માટે એમ જ કહો કે સેનાબળથી કામ લેવું છે અને સેના મુસજ્જ કરવી છે. પછી એમ ના કહેશો કે અમે સેનાથી છુટકારો માગીએ છીએ. કોઈ કોઈ વાર પણ એવી ભાષા ફરીથી ના વાપરશો. જો કોઇ દિવસ પણ સેનાથી છુટકારો માગતા હો તો પરમેશ્વરના કહ્યા મુજબ આપણે કરવું જોઇએ. પરમેશ્વરે બુદ્ધિનું વિભાજન કર્યું છે અને દરેકને બુદ્ધિ આપી છે. વીંછીને પણ આપી, સાપને પણ આપી, સિંહને પણ આપી, અને મનુષ્યને પણ આપી. ઓછીવત્તી પણ દરેકને બુદ્ધિ આપી છે અને કહ્યું કે પોતાના જીવનનું કામ પોતાની બુદ્ધિથી જ કરો. તેથી સમગ્ર વિશ્વ એટલી ઉત્તમ રીતે ચાલવા લાગ્યું કે તે વિશ્રાંતિ લઇ શકે છે અને તે એટલે સુધી કે લોકોને એવી શંકા થવા માંડી કે પરમેશ્વર છે કે નહીં.

આપણે પણ રાજ્ય એવી રીતે ચલાવવું છે કે જેથી શંકા ઉભી થાય કે કોઇ રાજ્યસત્તા છે કયાં? લોકો એમ પણ કહે કે હિન્દુસ્તાનમાં રાજ્યસત્તા નથી ત્યારે જ આપણું રાજ્યશાસન અહિંસક બન્યું કહેવાય.

વિલેજ પ્લાનીંગ

એટલા માટે જ આપણે ગ્રામરાજ્યનો ઉદ્‌ઘોષ કરીએ છીએ અને એથી જ આપણે નિયંત્રણની સત્તા ગામડામાં અર્થાત્ ગામડાવાળા જ નિયંત્રણની સત્તા પોતાના હાથમાં લે એવું માગીએ છીએ. જનશક્તિનું એ પણ એક ઉદાહરણ છે કે જેમાં ગામડાવાળા પોતે જ જાગ્રત થાય. અને અમારે અમુક ચીજ પેદા કરવી છે એવો નિર્ણય કરે. અને સરકાર પાસે માગણી કરે કે અમુક માલ અહીં નહીં આવવો જોઇએ. એટલે એ માલને રોકવો જોઇએ. સરકાર તેમ રોકે નહીં અથવા રોકવાનું ઇચ્છવા છતાં રોકી શકે નહીં તો એના વિરોધમાં ઉભા રહેવાની હિંમત કરવી પડશે. અને એ રીતે જ તે સરકારને અત્યંત મદદ પહોંચાડશે. કારણ કે તેનાથી સૈન્યબળનો છેદ થશે. આમ કર્યા સિવાય સૈન્યબળનો છેદ કદી થઇ શકશે નહીં. દિલ્હીમાં કોઇ એવી બુદ્ધિ પેદા થાય (પછી ભલે ને તે બ્રહ્મદેવની બુધ્ધિ હોય કે જેને ચાર મગજ છે અને તે ચારે દિશામાં જોઇ શકે છે) અને તે ગમે તેટલી સૂક્ષ્મ હોય છતાં બધાંને લાભદાયી એવું દરેક ગામના કારભારનું નિયંત્રણ અને નિયોજન ત્યાંથી થઇ શકે એ વાત કદી શકય બનવાની નથી. એટલા માટે જ નેશનલ પ્લાનિંગને બદલે વિલેજ પ્લાનિંગ હોવું જોઇએ. સારી રીતે કહીએ તો નેશનલ પ્લાનિંગનો અર્થ વિલેજ પ્લાનિંગ હોવો જોઇએ. અને વિલેજ પ્લાનિંગની મદદમાં જેટલું કરવું જોઇએ તેટલું જ દિલ્હીથી કરવું જોઇએ. તો આ છે આપણા કાર્યક્રમનો બીજો અંશ; એક તો વિચારશાસન અને બીજું આ કર્તૃત્વ-વિભાજન. તેથી આપણે જે કંઇ કરીએ તે કર્તૃત્વવિભાજનની દિશામાં કરવું જોઇએ. એટલા માટે જ આપણે જમીનની વહેંચણી ગામડામાં કરવા માંગીએ છીએ. જમીનનો સવાલ જ્યારે ઉભો થાય છે ત્યારે લોકો બોલવા માંડે છે ત્યારે – અધિકમાં અધિક સીલિંગ બનાવો વધારેમાં વધારે કેટલી જમીન રાખવી તે નક્કી કરો. જ્યાંથી આ ભૂમિદાન યજ્ઞનું આંદોલન જોર પકડી રહ્યું છે અને જનતામાં તેની એક ભાવના પેદા થઇ રહી છે,

ત્યારથી આ વાત બોલાવા માંડી છે. પણ હું તો કહું છું કે પહેલા ફ્લોરિંગ નક્કી કરો. ઓછામાં ઓછી જમીન દરેકને કેટલી આપવી છે તે નકકી કરો. જેટલા મજૂરો છે તે બધા આજે બીજાના હાથમાં કામ કરી રહ્યા છે. તેઓ કામ તો કરે છે, પણ તેમનામાં કર્તૃત્વ નથી. ગાડી ચાલે છે પણ આપણે ગાડીને કર્તા નથી કહેતા કારણ કે તે ચેતનવિહીન છે. તેવી રીતે આજે જે મજૂરો ખેતીમાં કામ કરે છે તે ચેતનવિહીન જેવું જ કામ કરે છે. હાથથી કામ કરે છે, પગથી કામ કરે છે પણ તેના દિલથી અને દિમાગથી તે આવું કામ કરે એવું આપણે ઇચ્છીએ છીએ. કોઇ કહેશે કે હિન્દુસ્તાનના મજૂરોમાં એટલી બુદ્ધિ નથી કે જેથી તેમને બીજાના હાથમાં કામ કર્યા સિવાય ચાલી શકે. હું કહું છું કે આ અહિંસાની રીત ન હોય. એની પાસે જે કંઇ બુદ્ધિ છે તેનો પરિત્યાગ કરીને બીજો કોઇ ખજાનો આપણે લાવવાના નથી. માની લો એક મજૂરની બુદ્ધિથી બીજા પૂંજીવાળા ભાઇની બુદ્ધિ વધારે છે, પરંતુ આખા દેશના મજૂરોની બુદ્ધિનો સરવાળો કરીએ તો તેની બરોબરી કરી શકે એવી કોઇ બુદ્ધિ નથી. અને આ બુદ્ધિનો આપણે ઉપયોગ ન કરી શકીએ તો આપણો દેશ બહુ જ કમનસીબ છે. એટલા માટે જરૂરી છે કે મજૂરોની બુદ્ધિ જેવી છે તેવી જ પૂરા ઉપયોગમાં લેવી જોઇએ. સાથે સાથે એની બુદ્ધિ વધે એવી પણ યોજના કરવી જોઇએ અને એવી યોજનામાં એક યોજના એ છે કે તેને જમીન આપવી. આ સિવાય આપણે એને બીજી તાલીમ આપી શકીએ પણ તેના હાથમાં જમીન આપવી એ પણ તાલીમનું એક અંગ રહેશે. અને તેનો વિકાસ કરવા માટેનું એક સાધન બની રહશે. તેથી આપણે કર્તૃત્વ-વિભાજનની દિશામાં વિચારી રહ્યા છીએ. આપણા કાર્યક્રમમાં જે બે પાસા છે તે મેં બતાવ્યા. એ બન્ને પાસાના મૂળમાં જે ભૂમિકા છે, એ પણ બતાવી અને કાર્યપધ્ધતિ, કર્તૃત્વ-વિભાજન અને કાર્યક્રમ વિષે પણ થોડું કહ્યું.

અપૂર્ણ

વિનોબા ભાવે

જીવન અને અધ્યાત્મ

જીવન શબ્દનો પ્રાણધારણ એ મુખ્ય અર્થ છે. અધ્યાત્મનો અર્થ આત્મનિષ્ઠા એમ કરીએ તો ચાલે. હવે વિચારવું એ પ્રાપ્ત છે કે પ્રાણધારણ અને આત્મનિષ્ઠા એ બન્નેને શો સંબંધ છે? વિનાસંકોચે એમ કહી શકાય કે આત્મનિષ્ઠા માટે પ્રાણધારણ છે, પ્રાણધારણ માટે આત્મનિષ્ઠા નથી. પરંતુ આ કથન મુમુક્ષુની દૃષ્ટિએ જ સાચું છે. જેને જીવનમાં કોઈ ઉચ્ચ ધ્યેય નથી પણ માત્ર જીવવું, ગમે તે રીતે પ્રાણને ટકાવી રાખવો એ જ ધ્યેય છે તેને માટે જીવનનો કશો જ અર્થ નથી, કશું જ પ્રયોજન નથી. જીવવું એ જ સ્વયં પ્રયોજન છે. અહિં આપણે એમની દૃષ્ટિએ વિચાર નથી કરવો. પણ જેમને મન જીવન એ સાધન છે, સાધ્ય નથી; સાધ્ય તો આત્મનિષ્ઠા છે તેમને લક્ષીને થોડો વિચાર કરવો છે.

આત્મનિષ્ઠા એ અધ્યાત્મ છે તો જીવન એ ભૌતિક છે એ વસ્તુ સ્પષ્ટ થવી આવશ્યક છે. જૈનદૃષ્ટિએ જ્યારે જીવમુક્ત થાય છે અર્થાત આત્મનિષ્ઠ થાય છે ત્યારે પ્રાણધારણ તેના સ્થૂલ અર્થમાં રહેતું નથી. એટલે કે માત્ર ભાવ પ્રાણ છે– અર્થાત આત્માને આત્મા સિવાય અન્યની સહાયતા નથી. જૈનદૃષ્ટિએ જ નહિં પણ બધાં અધ્યાત્મધર્મોની દૃષ્ટિએ એમ કહી શકાય કે મુક્ત આત્મા શુદ્ધ છે, અસહાય છે, સ્વનિષ્ઠ છે. તેને પ્રાણધારણ નથી. તે અભૌતિક છે. આથી સ્પષ્ટ થશે કે જીવન એ ભૌતિક છે. સાધના એ કશું જ નથી પણ ભૌતિક મટી અભૌતિક બનવાની પ્રક્રિયા છે. સાથે એ પણ સ્પષ્ટ થવું જોઇએ કે ભૌતિક એ નિરર્થક નથી તેની પણ સાધનાપર્યંત આવશ્યકતા છે. કર્મબંધનું કારણ ક્રિયા છે એમ સ્વીકારીએ, સંસારનું કારણ ક્રિયા છે એમ સ્વીકારીએ છતાં કર્મમોક્ષનું કારણ પણ ક્રિયાને જ માનવી પડે છે. ગાંઠ બાંધવામાં એક-પ્રકારની ક્રિયા છે તો તેને છોડવામાં બીજા પ્રકારની ક્રિયા છે. ક્રિયા વિના તો ગાંઠ છૂટી જ શકતી નથી. તે જ પ્રકારે અમુક પ્રકારની પ્રવૃત્તિથી જો સંસાર વધતો હોય તો તેથી વિરુદ્ધ પ્રકારની ક્રિયા વડે કરીને જ સંસારનો નિરોધ થઈ શકે છે. આ વસ્તુ મુમુક્ષુ જીવનો યોગનિરોધની પ્રક્રિયાનો જે ક્રમ છે તેના વિષે મનન કરવાથી સ્પષ્ટ થાય તેમ છે. કોઈ ધારે કે એક ક્ષણમાં અયોગી કે પ્રવૃત્તિશૂન્ય થઈ જાય તો તે અશકય છે. તેનો પણ એક ક્રમ છે. નિષ્ક્રિય થવું એ ધ્યેય છતાં તેની સિદ્ધિ તો સક્રિય થઇને જ થાય છે. આ પરિસ્થિતિમાં જીવન ભૌતિક છે તેથી તે તો સર્વથા નિરર્થક જ છે અને અધ્યાત્મ દૃષ્ટિએ ભૌતિકની કશી જ આવશ્યકતા નથી એમ કહેવું તે સાધ્ય-સાધનભાવની અણસમજને લીધે બને છે. સાધના-કાળમાં ભૌતિક અને અધ્યાત્મનો સમન્વય કર્યા સિવાય સાધ્ય-સિદ્ધિ સંભવે જ નહી. ભૌતિક આવશ્યકતાઓને ક્રમે કરી ઘટાડી શકાય છે અને ઘટાડવી જોઇએ, પણ એનો અર્થ એ તો નથી જ કે ભૌતિક સર્વથા અનાવશ્યક જ છે. ધ્યેયસિદ્ધિ માટે શરીરની આવશ્યકતા છે જ. કોઇ સાધક એમ ધારે કે આ દેહ તો ભૌતિક છે, મારે તેની શી આવશ્યકતા છે અને એમ કરી જો તત્કાળ એથી છૂટવાનો પ્રયત્ન કરે તો તે આત્મઘાત થયો કહેવાય છે; તેમ કરી તે સાધનામાર્ગમાં આગળ વધી શકતો નથી, માત્ર નવાં નવાં જન્મો વધારે છે. સાધના કરવા માટે પણ શરીરને ટકાવી રાખવું પડે છે. એમ જો ન હોત તો ભ. બુદ્ધને પોતાની ભૂલ સમજાત નહી. અને પારણું કરત નહી. ભગવાન મહાવીરે ભલે ઉગ્ર તપસ્યા કરી પણ પારણાં તો એમને પણ કરવા જ પડયા છે. સાધક શરીરને સૂકવે છે તેમાં અને શરીરને તેની આવશ્યક સામગ્રી આપે છે તેમાં તેનું ધ્યેય આત્મનિષ્ઠા છે, જ્યારે એ ધ્યેયવિનાની વ્યકિત માટે શરીર સૂકવવાનો પ્રશ્ન જ નથી અને ઉદરપૂર્તિ પણ ઉદરપૂર્તિ માટે જ છે. આ દૃષ્ટિએ વિચારતાં જણાશે કે આધ્યાત્મિકતાને નામે કોઇ સાધનાકાળમાં પણ અભૌતિક હોવાનો દાવો કરે તો તે આત્મવંચના સિવાય કશું જ નથી. અભૌતિક નથી છતાં એ દિશામાં પ્રગતિ કરવી એ ખરી વાત છે, અભૌતિક બનવાનું ધ્યેય રાખવું એ પણ સાચું છે, પણ વસ્તુતઃ સાધનાકાળમાં ભૌતિક આવશ્યકતાથી શૂન્ય બની શકાય છે, અને બનવું જોઇએ એમ કહેવું તેમાં મિથ્યા અભિમાન સિવાય કશું જ તથ્ય નથી.

દલસુખ માલવાણિયા

સ્વ૦ મણિભાઇ સ્મૃતિ ફંડ

જે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહમાં વપરાવાનું છે.

૧૩૯૨૮ અગાઉ સ્વીકારેલા
૫૦૦ શ્રી સોહનલાલજી દુગડ
* ૧૦૧ ,, હીમતલાલ મોતીચંદ કાપડિયા.

૧૪૫૨૯

* આ નીશાનીવાળા પૈસા આવવા બાકી છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન: ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ : ૧૪ : અંક ૪
પ્ર. જીવન વર્ષ ૧ : ૪

મુંબઈ : ૧૫ જુન ૧૯૫૩ સોમવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

આધુનિક યુગના એક જીવનદૃષ્ટા : જે. કૃષ્ણમૂર્તિ

એક રેખાચિત્ર

[તા. ૨૯-૩-૫૩ રવિવારના ટાઈમ્સ ઓફ ઇન્ડિયામાં પ્રગટ થયેલ શ્રી મોરીસ ફ્રીડમેનના લેખનો અનુવાદ]

જે. કૃષ્ણમૂર્તિ જગભરના વ્યાખ્યાનખંડોમાં એક સુપરિચિત વ્યકિત છે. છેલ્લાં ત્રીશ વર્ષથી તેઓ દુનિયામાં પરિભ્રમણ કરે છે, ભાષણો આપે છે અને અનેક પ્રશ્નોની ચર્ચા મીમાંસા તથા ખુલાસા કરે છે, આવી પ્રવચનપ્રવૃત્તિ તેઓ શાથી પ્રેરાઇને કરે છે અને તેમનો સંદેશ શો છે ?

એની પાછળ એમનો કાંઈ અંગત લાભ હોવાનો તો પ્રારંભથી જ કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જિંદગીભરના આ કાર્ય પછી પણ તેમણે કોઇ ફંડફાળા એકઠા કર્યા નથી, પોતાના વિચારોનું સમર્થન કરતી કોઇ સંસ્થા સ્થાપી નથી, અનુયાયીઓનું કોઇ ચોક્કસ દળ ઉભું કર્યું નથી, કે સહેલાઇથી પ્રચાર થઇ શકે તે હેતુથી પોતાની વિચારસરણીનો તેમણે કોઈ ચોક્કસ ઢાળો પણ ઢાળ્યો નથી. ફલપ્રાપ્તિ વિષે અનાસકત તેમના જેવો બીજો કોઇ માનવી મળવો મુશ્કેલ છે.

ફલપ્રાપ્તિની કોઇ આકાંક્ષા પણ તેમને છે ખરી ? ત્રીશથી પણ વધારે વર્ષની તેમની કારકીર્દી જોયા પછી તો એ વિષે પણ મન શંકા અનુભવે છે. ફલપ્રાપ્તિનો અર્થ જો આપણે લોકપ્રિયતા અને પ્રભુતા, સત્તા અને પ્રતિષ્ઠા કરતા હોઇએ તો તો દુનિયામાં સૌથી વધારે પ્રવાસ કર્યો હોય અને સૌથી વધારે જાણીતી હોય એવી વ્યકિતઓમાંના તેઓ એક હોવા છતાં પણ, તેમણે એવી કોઇ પણ સિધ્ધિ પોતા માટે ઉપાર્જન કરી નથી.

દુનિયાદારીની રીતે ગણાતી આવી કશી સફળતા તેમણે પ્રાપ્ત કરી નથી તેનું કારણ તેમના પોતાના ઉપદેશમાં જ રહેલું છે. તે ઉપદેશ સાદો સીધો અને છતાં સમજવા માટે મુશ્કેલ છે. સહજપણે લોકપ્રિય બની જાય તેવી નીચી ભુમિકા ઉપર પોતાના તત્ત્વજ્ઞાનને લઇ આવવાનો તેઓ કદિ પ્રયત્ન કરતા નથી. એટલે તેનું પરિણામ એ આવે છે કે જેઓ સમજે છે તેમને તેમનું વ્યાખ્યાન એકદમ સ્પષ્ટ અને સરળ લાગે છે, જ્યારે બીજી બાજુએ, તેમને ઉપર ઉપરથી સાંભળનાર એક પ્રકારની દિગ્મૂઢતા અનુભવે છે. આવા સાંભળનારને કૃષ્ણમૂર્તિનાં પ્રવચનો ગૂઢ, ગહન, વિવાદાસ્પદ, અતિ સ્પષ્ટ અને છતાં સાવ અસ્પષ્ટ, પરસ્પરવિરોધી, પુનરુકિતઓથી ભરેલાં વગેરે લક્ષણોથી યુકત લાગે છે.

તેમના ઉપદેશનું સંક્ષિપ્ત અને એમ છતાં યથાર્થ એવું નિરૂપણ શકય નથી. સવિસ્તર નિરૂપણ પણ કદાચ તેના હાર્દને સમજાવવામાં નિષ્ફળ નીવડે. તેમની વાણી શ્રોતાઓ અનુસાર ખીલે છે. તે જેમ અને જે રીતે ઝીલાય છે તેમ અને તેવી રીતે તે આકાર ધારણ કરતી જાય છે અને તે મુજબ વર્તવા માંડીએ ત્યારે જ તેનો અર્થ સ્પષ્ટપણે ગ્રહણ થવા લાગે છે. આમ હોવાથી તદનુસારનો અમલ એ જ સૌથી વધારે મહત્વની વસ્તુ છે. તેમના ઉપદેશને આચારમાં મૂકવા માંડીએ એટલે એક પગલું ભરતાં બીજું આપમેળે સ્પષ્ટ થતું જાય છે.

એ પહેલું પગલું કૃષ્ણમૂર્તિ એક જ શબ્દમાં રજુ કરે છે: Listen, Just Listen—સાંભળો, માત્ર સાંભળો ! કાંઇ પણ માનો નહિ કે કશું ધ્યનકારો નહિ ! જે કહેવામાં આવે છે તે જ માત્ર ધ્યાનમાં લ્યો ! ધ્યાનમાં લેવાથી તમે કશું પણ કબુલી લેતા નથી. તમે જે સાંભલ્યું હોય તેનું તરત જ માનસિક ચિત્ર ઉભું કરવાની કશી જરૂર નથી. તમારે તે સમજવાનો પણ પ્રયત્ન કરવાની જરૂર નથી. માત્ર કોઇ તમને કહે છે અને તમે તે સાંભળો છો આટલી હકીકત જ તમારી સામે સ્પષ્ટ હોવી જોઇએ. આટલું બસ છે અને આ પહેલું પગલું સિધ્ધ ન થાય ત્યાં સુધી કૃષ્ણમૂર્તિ સદા અગોચર રહેવાના.

પછી તો સાંભળનારને લાગશે કે માત્ર શાન્તિપૂર્વક બેસી રહેવું અને કશા પણ સ્વીકાર કે ધ્યનકાર સિવાય સાંભળવું એ જ ન કલ્પી શકાય એટલું મુશ્કેલ છે. તેને જણાશે કે માત્ર સાંભળી જ રહેવું એ તેના માટે શકય નથી. પણ પોતે સાંભળતો હોય છે તે પ્રત્યેક ક્ષણે તે પોતાની રૂચિ-અરૂચિ પ્રમાણે, શિક્ષણકાળ અને તે પછીના જીવનમાં થયેલા પોતાના ઘડતર પ્રમાણે, પોતાના ભૂતકાળના ભિન્ન ભિન્ન અનુભવ-સંસ્કારો પ્રમાણે, તે કાં તો સ્વીકારે છે અગર તો ધ્યનકારે છે. તેને એમ પણ માલુમ પડશે કે કૃષ્ણમૂર્તિને સાંભળવામાં રહેલી આ તેની મુશ્કેલી બીજી કોઇ પણ બાબતને-બલ્કે તેની પોતાની વિચારણાને પણ-ધ્યાનમાં લેવા આડે રહેલી તેની સામાન્ય મુશ્કેલીનું જ એક દૃષ્ટાન્ત છે. તેને તરત જ સૂઝી આવશે કે સ્વીકાર કે ધ્યનકારથી મુકત એવા કેવળ શુધ્ધ અનુભવની ક્ષણ શું છે તે ભાગ્યે જ પોતે જાણતો હોય છે. તેના જીવનની પ્રત્યેક ક્ષણ તેના સમગ્ર ભૂતકાળને વર્તમાનમાં પ્રતિબિંબિત કરતા વળણથી આક્રાન્ત હોય છે અને તેને લાગલું જ સમજાશે કે ભૂતકાળની આ સર્વતોમુખી ગુલામી તેના માટે કશું નવું સાંભળવું, અનુભવવું, જીવવું અશકય બનાવી મૂકે છે.

જ્યારે તે ઘેર આવે છે ત્યારે તેની મૂઝવણ વધી જાય છે. તેને માલુમ પડે છે કે પોતે માત્ર કૃષ્ણમૂર્તિને સાંભળી શકતો નહોતો એમ નથી, પરંતુ હવે તો કોઇને પણ સાંભળવાને પોતે શકિતમાન નથી. જેવું તે કાંઇ પણ સાંભળે છે કે તરત જ તેનું મન એક માનસિક ચિત્ર રચવાનું શરૂ કરે છે, અને પોતે જે કાંઈ સાંભળ્યું છે તેનો ખરો ભાવ તેણે બીલકુલ ગ્રહણ કર્યો નથી. જ્યારે જ્યારે કાંઈ પણ બને છે ત્યારે ત્યારે તેનું મન તે ઘટનાને અમુક નામ આપીને ભૂત-

કાળના મર્યાદિત વર્તુલમાં જ તેને સમાવવાનો પ્રયત્ન કરે છે, પ્રસ્તુત સર્વ સંવેદનોથી રંગાયલાં સ્મરણોના મુરબ્બા દ્વારા તે ઘટનાને તેનું મન નિહાળે છે.

આ બાબતનો વધારે ઉંડાણથી વિચાર કરતાં તેના જોવામાં આવશે કે જ્યાં સુધી તે દુનિયાને આમ ભૂતકાળના મુરબ્બાદ્વારા નિહાળે છે ત્યાં સુધી તે વાસ્તવિકતાનો–Realityનો–અનુભવ કરવાની સ્થિતિમાં આવતો નથી, માત્ર પૂર્વઅનુભૂતનો પુનર્અનુભવ જ કરે છે; તેનું સમગ્ર જીવન એકસરખા પૂર્વ અનુભવની ભાનના ચાલુ પુનરાવર્તન જેવું લાગે છે. બીજા શબ્દોમાં કહીએ તો, આજનો અનુભવ તેને કશું (નવું) શીખવતો નથી. ઉપર ઉપરથી ગમે તેટલો જાગૃત દેખાતો હોય તો પણ પાયામાંથી તે કશું પણ નવું શીખી ન શકે તેવી પ્રકૃતિનો તે બની ગયો હોય છે. પોતાના અનુભવોના વન્ધ્યત્વનું, સમગ્ર અસ્તિત્વની શૂન્યતાનું આ ભાન તેને સખ્ત આંચકો આપે છે અને તે સાથે આ દુનિયાની વ્યાકુળતાનું, ભૂતકાળના અર્થશૂન્ય ચક્રાવામાં ફસાયલા સંખ્યાબંધ માનવીઓની કરૂણાજનક પરિસ્થિતિનું તેને એકાએક ભાન થાય છે. આ નિતાન્ત કરૂણતાના પરિણામે તેના દિલમાં અદમ્ય સ્પૃહા ઉદ્ભવે છે; સર્વ પૂર્વગ્રહોમાંથી, પૂરોગામી માનસિક વળગણોમાંથી મુકત થવાની તીવ્ર ઇચ્છા જન્મે છે; અમુકને બદલે તમુક પસંદ કરવાની વૃત્તિમાંથી, પૂર્વ અભ્યાસમાંથી, પસંદગીમાંથી (કારણ કે પસંદગી માત્ર પૂર્વઅનુભુતિમાંથી જન્મે છે અને ભૂતકાળનું પુનરાવર્તન જ સૂચવે છે)– આ સર્વમાંથી મુકત થવાની એષણા પ્રગટે છે.

આથી વિશેષ ચર્ચા કરવાની હવે જરૂર નથી. જેમને વિશેષ સમજવાની પરવા હોય તેમણે કૃષ્ણમૂર્તિના વાર્તાલાપોનું એકાદ પુસ્તક મેળવી વાંચવું–માત્ર વાંચવું. તેમાંથી જે કાંઇ થોડું ઘણું, તેમને સમજાય તે ઉપરથી પ્રયોગ કરતાં કૃષ્ણમૂર્તિના ઉપદેશનું સૌન્દર્ય, ઉંડાણ અને વિસ્તાર તેમના સમજવામાં આવશે.

બીજી બાજુએ, પોતાના મનમાં પૂરેપૂરી સ્પષ્ટતા આવે તે માટે કૃષ્ણમૂર્તિ ખરેખર શું કહેવા માંગે છે તે જાણવાની, જાણે કે તેનો વિગતવાર નકશો મેળવવાની જે અપેક્ષા ધરાવશે તે નિરાશાને પ્રાપ્ત કરશે. તેમનાં પ્રવચનોમાંથી દરેક વિધાનની સામે પ્રતિવિધાન મળશે, દરેક નિર્ણયની સામે તેનો ઇન્કાર મળશે, અને છેવટે એવો જ્ઞાતા કે જે જ્ઞાન આપતો નથી, એવો પયગંબર કે જેની પાસે કોઇ ચોકકસ સંદેશ કે કાર્યક્રમ નથી, એવો નેતા કે જે કયાં જવું તે કહેતો નથી– આવી એક વિચિત્ર વ્યકિતને આખરે નિરાશ બનીને છોડી દેવા સિવાય તેના માટે બીજો કોઇ વિકલ્પ નહિ રહે. આનું કારણ આપણે એ કબૂલવું જોઇએ કે જેઓ સાંગોપાંગ સંપૂર્ણ વિચારયોજનાના પક્ષપાતી છે તેમને અરધે રસ્તે મળી શકાય એવું કશું પણ કૃષ્ણમૂર્તિ કહેતા નથી.

તેઓ પોતાની શબ્દપરિભાષા આડી રાતમાં બદલી નાખે છે, તેના શ્રોતાઓ પોતાના છુટાછવાયા અનુભવોમાંથી જે માળખાં બાંધતા હોય છે તે વિષે બીલકુલ બેપરવા રહીને તેઓ એક અભિગમમાંથી એકાએક બીજા અભિગમ ઉપર કૂદકા મારે છે.

તેઓ તેમને ફરી ફરીને કહે છે કે કોઇ પણ માન્યતાના ચોકઠા દ્વારા તમે મને નહિ સમજી શકો. મારે જે કહેવાનું છે તે સાંભળો અને તમારા જીવનમાં તે કેવી રીતે અમલી બને છે તે નિહાળો. એમ કરવાથી તમારા જીવનની સંકીર્ણતા અને વ્યાકુળતામાંથી તમે મુકત થશો અને તે મુકિતમાં જ હું જે કહું છું તે સત્ય હોવાની સાબિતી રહેલી છે. આથી વધારે સંગીન બીજો કોઇ પુરાવો હોઇ ન શકે. બાહ્યિક અનુસંગતિ માત્ર ભૂતકાળ સાથેની જ સંવાદિતા છે, જ્યારે સત્યનો પુરાવો તો એમાં રહેલો છે કે તે તમને ભૂતકાળથી મુકત કરે છે. અનુવાદક : પરમાનંદ

જન સમાજના વિવિધ પ્રશ્નોની એકતાલક્ષી સમાલોચના

(ગુલઝારા ખાતે ચાલુ જુન માસની પહેલી તથા બીજી તારીખે મળેલા ભારત જૈન મહામંડળના તેત્રીશમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી શ્રી તારાચંદ કોઠારીએ આપેલું જૈન સમાજના વિવિધ પ્રશ્નોની સમધારણપૂર્વક સમાલોચના રજુ કરતું અને જૈન સમાજના ભિન્ન ભિન્ન વિભાગોમાં એકતા અને સંગઠનની ભાવનાને પ્રેરતું પ્રવચન નીચે સાદ્યન્ત પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

ભારત જૈન મહામંડળના પ્રમુખ થવા માટે જ્યારે મને કહેવામાં આવ્યું ત્યારે હું ખૂબ ખેંચકાયો હતો. મારા જેવો નાનો માણસ પ્રમુખ બનીને વિરાટ આદર્શોવાળી આ સંસ્થાની આજે જે શોભા ભારત ભરના જૈનોમાં છે તે ઝાંખી તો નહિ પાડે ને ? એવી મારી શંકા મેં ત્યારે વ્યકત કરી હતી. છતાં સાથીઓના પ્રેમે એવી શંકાઓની પરવા કર્યા વિના મને આ સ્થાને ગોઠવી દીધો છે. ભારત જૈન મહામંડળના કાર્યકર્તાઓમાં એક સંયુકત કુંટુંબ જેવી ભાવના આજે પ્રસરી રહી છે–એવી રીતે જ સૌ એક બીજાના પૂરક બનીને અને એક બીજાની હુંફ મેળવીને મહામંડળનું કામ આગળ વધારી શકીશું એવી મારી શ્રધ્ધા છે. નમ્ર ભાવે હું આશા રાખું છું કે જે મહોબ્બત ભારત જૈન મહામંડળના કાર્યકર્તાઓ પાસેથી મને આજે મળી રહી છે તે મારા જીવનના અંત સુધી ટકે અને સૌ સાથે મળીને મહામંડળનું કામ યથાશકિત મતિ–કર્યા કરીએ.

ભારત જૈન મહામંડળનું કાર્યક્ષેત્ર છે અખિલ ભારતનું. આપણને વસતી ગણત્રીના આંકડાઓ ભારતના જૈનોની સંખ્યા બરાબર આપવામાં નકામા નિવડયા છે. એનાં કારણો સમાજના લક્ષ્ય પર છેલ્લાં ચાર પાંચ વર્ષ થયાં આવ્યા છે અને વસતી પત્રકમાં 'જૈન' લખવા માટે કેટલીક જાગૃતિ પણ આવી હતી. છતાં વસતી ગણત્રી કરનારા હિન્દુ ધર્મ જેવા લાગતાં નામો જોઇને 'ધર્મે હિન્દુ' એમ વસતી પત્રકમાં ભરી દેતા હતા. એની પાછળ કોઈ ખરાબ બુધ્ધિનું આરોપણ કરવાનો અર્થ નથી પરંતુ એ લોકો એમનો શ્રમ એમ કરીને બચાવતા હતા.

સામાન્ય રીતે જોઇએ તો જૈનોની સંખ્યા ભારતભરમાં ચાલીસથી પચાસ લાખની વચમાં હોવી જોઇએ. એકલા મીરજની પાસેના વિસ્તારમાં જ એ લાખ જેટલા જૈનો વસે છે. એની કલ્પના આપણામાંથી ઘણાને નહિ હોય. મુંબઇની નજીકના રત્નાગીરી આસપાસ પચ્ચીસેક હજાર જૈનો છે એ વાત જૈનોના મુખ્ય થાણા જેવા ગણાતા મુંબઇના જૈનોને મેં બે વર્ષ પર કહી ત્યારે એમને આશ્ચર્ય થયું હતું.

આમાંના કેટલાય પ્રદેશો એવા છે કે જ્યાં જૈનો છે પરંતુ નવકારમંત્ર સુદ્ધાં જાણતા નથી. એમને ખબર છે એટલી કે એમના દેવ જૈન છે અને નમ્ર દેવ છે–એથી વિશેષ એમને ધર્મનું જ્ઞાન નથી. આનું કારણ એ છે કે આપણામાંના કોઈ એ પ્રદેશમાં જતા નથી અને જૈન સાધુઓ મુખ્યત્વે સગવડવાળા પ્રદેશોમાં જ વિચરે છે. જૈન ધર્મનો પ્રચાર ઇચ્છનારા આપણે જ્યાં જૈનો છે તે જૈનો મટી જવા આવ્યા છે ત્યાં જતા આવતા રહેવું જોઇએ અને ત્યાં સાધુમુનિરાજોને વિહરવા વિનંતી કરવી જોઇએ.

જૈન સાધુઓ જ્યાં જ્યાં વિચર્યા છે, ત્યાં ત્યાં એમણે સમાજને જીવંત રાખ્યો છે. પગપાળા પ્રવાસ કરતા–ધર્મને પ્રસારતા જતા જૈન સાધુઓની પ્રણાલિ જગતભરમાં તાજજુબી પેદા કરે તેવી છે. પગપાળા પ્રવાસ દ્વારા ગાંધીજીની ઐતિહાસિક

દાંડી કુચ અને પૂજ્ય વિનોબાજીના પ્રવાસોએ હિંદભરમાં શાં ચૈતન્ય ફેલાવ્યા છે તે આપણે સૌએ મુગ્ધતાપૂર્વક જોયાં છે. જૈન સાધુઓ ત્યાગ અને તપશ્ચર્યા કરતા કરતા ભારતના કેટલાક પ્રદેશોમાં નિરંતર વિચરે છે. એમની સંખ્યા ચારેક હજારથી ઓછી નહિ હોય. રોજે રોજ જ્યાં હોય ત્યાં વ્યાખ્યાનો અપાય છે. હજારો જૈન જૈનેતરો એ સાંભળે છે. છતાં કેમ ધાર્યું પરિણામ નથી આવતું ?

એનું કારણ એ હોવા સંભવ છે કે આપણે મૂળ વાતો ભૂલી જઈને, સંપ્રદાયોની પુષ્ટિ અને પોતાના સંપ્રદાયોની પુષ્ટિ કરતાંય બીજા સંપ્રદાયોનાં મતખંડન કરવા તરફ વધારે કામે લાગી ગયા છીએ. પરસ્પર દ્વેષ, ઈર્ષ્યા અને ખંડનોમાં એટલા રોકાઈ ગયા છીએ કે જૈન ધર્મનો પ્રચાર અને જૈનેતરોને બોધવા તરફ વપરાવી જોઈતી શક્તિ આપણી પાસે બાકી રહી નથી. છેલ્લાં પચ્ચાસ વર્ષમાં પ્રકટ થએલાં જૈન પુસ્તકો આપણે જોઈશું તો એમાં પરસ્પર ખંડનાત્મક સાહિત્ય પ્રકટ કરવામાં આપણે કેટલી સંપત્તિ અને કેટલી શક્તિનો વ્યય કર્યો છે એનું માપ આવી શકશે.

બીજું કારણ એ હોવાનો સંભવ છે કે દીક્ષાર્થીઓની યોગ્યતા જોવામાં પણ કોઈ ધોરણ સચવાયું નથી. ધર્મનો રાગ ન હોય; જીવનમાં વૈરાગ્ય ન હોય અને તપશ્ચર્યા તરફની ઢીલાશ છતાં જે માગે તેને દીક્ષા આપી દેવામાં આવે છે. પરિણામે સંસારમાં ટકવું જેને મુશ્કેલ પડે, આર્થિક કે કૌટુંબિક આંધીઓમાં જે ફસાયેલા લાગે તે વિસામો મેળવવા માટે, સુખ મેળવવા માટે સાધુપણા તરફ આકર્ષાવા લાગ્યા. અને પોતપોતાના સંપ્રદાયોના સાધુઓ અને પોતાના ચેલાઓ વધારવાની એક માત્ર લાલસાએ એમનો સાધુસંઘોએ સ્વીકાર કરવા માંડ્યો. પરિણામે શિથીલતા અને વિતંડાવાદ વધ્યાં. ત્યાગના એક માત્ર પ્રતિક એવા આટલી મોટી સંખ્યાના સાધુઓ છતાં જૈન ધર્મનો ફેલાવો અટક્યો, એટલું જ નહિ પણ જૈનોનાં જીવન પણ, આટલી રોજેરોજ તપશ્ચર્યા છતાં જૈનેતરો કરતાં કોઈ વિશિષ્ટસ્તરને પામ્યાં નહિ.

હમણાં હમણાં આ સ્થિતિ નિવારવા તેરાપંથી સાધુઓનું સંગઠન ખાસ ધ્યાન ખેંચે છે એ સંગઠન દ્વારા અને શિસ્ત દ્વારા જે પ્રગતિ તેરાપંથી સમાજે આટલા ઓછા સમયમાં કરી છે તે ઇતર સંપ્રદાયોને માર્ગદર્શક બનશે એમ લાગે છે. ગયા વર્ષે સ્થાનકવાસી સંપ્રદાયે પણ આ દિશામાં ભારે ક્રાંતિકારક પગલાં લીધાં છે. અને મોટામોટા સાધુઓએ પોતાની પદવીઓનો ત્યાગ કરીને સંગઠન સાધવામાં અપૂર્વ ભોગ આપ્યો છે. આપણે આશા રાખીએ કે મૂર્તિપૂજક સાધુગણો પણ આવા કોઈક સમાધાન પર વહેલા મોડા આવશે જ.

જૈનો તરીકે આપણે સૌ સંપ્રદાયના જૈનો પરસ્પર વિરોધ કરી, આપણી શક્તિનો નાશ ન કરીએ અને ભાગ્યચિરાથી રહીએ; એમ તો આજ સુધીમાં આપણા ઘણા આગેવાનોએ વિચાર્યું હતું. સંપ્રદાયભેદ ભૂલી જઈને એકત્રિત જૈનો તરીકે આપણે સૌ આપણો વિકાસ સાધીયે તે માટે ભારતભરમાં નાના મોટા પ્રયાસો થયે જતા હતા. ભારત જૈન મહામંડળના મુખ્ય ચાલકોએ પચાસ સાઠ વર્ષથી આ ભાવના પર કામ કરવાનું ચાલુ રાખ્યું હતું. છતાં એ પ્રયત્નો બહુ સફળતા પ્રાપ્ત કરી શકતા નહોતા, કારણકે સંપ્રદાયોની અવજ્ઞા કરનારની વાત કોઈ સંપ્રદાયના લોકો સત્કારે નહિ, એ સ્વાભાવિક પ્રત્યાઘાતના કારણે એકતાની દિશામાં ઝાઝી પ્રગતિ થઈ નહોતી.

પરંતુ ભારત જૈન મહામંડળના સદ્‌ભાગ્યે તેના મદ્રાસ અધિવેશનના પ્રમુખપદે શ્રી રિષભદાસજી રાંકા બીરાજ્યાં. શ્રી રાંકાજીને બસ લગન લાગી ગઈ સંપ્રદાયોમાં એકતા લાવવાની અતિશયોક્તિ વગર અને નિકટના સાથી તરીકે કહું છું કે દિવસ ને રાત એમણે આ દિશામાં પોતાની તમામ વિચારશક્તિ કામે લગાડી દીધી. જ્યારે મળે ત્યારે અને જેટલો સમય મળે તેટલો સમય આ જ ચર્ચા એમની સાથે થતી. એ પછી અમે સાથે તેરાપંથી ભાઈઓની પરિષદમાં જયપુર ગયા. આખરી ચર્ચામાં અચાનક માર્ગ મળી ગયો.

ખૂબ શરદી હવામાં હોય, કોઈ એક, કોઈ બે કે કોઈ પાંચ કપડાં પહેરે, કોઈ કેવળ સુતરાઉ ને કોઈ ગરમ કપડાં પહેરે એમ આપણાથી જુદી રીતે શરીરની રક્ષા કરનારની સાથે આપણે તકરાર કરતા નથી. જમતી વખતે એક જ ઘરમાં કોઈ રોટલો ખાય, કોઈ પુરી ખાય, કોઈ શાક ખાય કે કોઈ ન ખાય તેની જોડે આપણે તકરાર કરતા નથી. તો પછી, કોઈ મુહપત્તી બાંધે કે કોઈ હાથમાં રાખે, કોઈ સાધુ સફેદ ને કોઈ પીળાં વસ્ત્ર પહેરે કે કોઈ સાવ કાંઈ જ ન પહેરે એમાં આપણે શા સારૂ તકરાર કરવી જોઈએ ? આ બધી બાહ્ય નિશાનીઓ છે અને કેવળ સાધનો છે. એ સૌ પોતપોતાની રૂચિ અનુસાર રાખે તેમાં ધર્મના નામે બીજાએ શા સારૂ કલહ કરવો જોઈએ ? તીર્થંકરો એ જ છે, એમણે બાંધેલો ધર્મ એ જ છે તો પછી તીર્થંકરોને કઈ રીતે પૂજવા એમાં તકરાર શા સારૂ ? આપણે સ્યાદ્‌વાદની વાત ઘડી ઘડી કહીએ છીએ. છતાં એને ધર્મ પૂરતો—આપણા જ સ્વામીભાઈઓ સાથેના વિવાદો સમાવવા પૂરતો પણ અમલમાં નથી મૂકી શકતાં ? જૈન ધર્મમાં ડગલે ને પગલે વિવેક પર ભાર મૂકવામાં આવ્યો છે. વ્યવહારમાં પણ આપણે ઘડીઘડી કહીએ છીએ કે વિવેક રાખો. છતાં આપણે સાંપ્રદાયિક ઝઘડાઓ કરતાં કદિ વિવેકની વાત વિચારી છે ? સ્યાદ્‌વાદ અને વિવેકની વાતો કરનારા આપણે સંપ્રદાયોની દિવાલો રચી, સ્વામીભાઈઓ પરત્વે ઈર્ષ્યા અને પરસ્પર ખંડન કર્યા કરીયું તો આપણા જીવનથી જૈનેતરોને અને આપણી જ ભાવી સંતતીને જૈન ધર્મ પરત્વે શી રીતે આકર્ષી શકીશું ? કઈ તાકાત પર અને કઈ શ્રદ્ધા પર મહાવીર સ્વામી આદિ તીર્થંકરોના ઉપદેશોનો પ્રચાર અસરકારક રીતે કરી શકીશું ?

આપણા કાર્યાધ્યક્ષ શ્રી રિષભદાસજી રાંકાએ એનો તોડ કાઢ્યો છે, એ આપણને સૌને રૂચે તેવો છે. સૌ સંપ્રદાયો પોતપોતાની માન્યતાઓ રાખે, પોતપોતાના સાંપ્રદાયિક આચાર વિચારો પાળે અને ધર્મ અને સમસ્ત સમાજના પ્રશ્નો પરત્વે સહકારપૂર્વક એકતાનતાથી વિકાસ કરવા કામે લાગે. એમની આ વાતમાં સંપ્રદાયોનો વિરોધ નથી અને એથી સ્વતંત્રવ્યક્તિત્વ જળવી રાખીને સમાજ અને ધર્મ તરીકે આપણે ઉંચે ઉડવા પ્રયત્ન કરીયું તો આપણી વેડફાતી શક્તિનો સંગ્રહ થશે અને તો એકતાપૂર્વક આપણે ઘણું કામ કરી શકીયું. ભારત જૈન મહામંડળે શ્રી રાંકાજીની આ વાત સત્કારીને એનો પ્રચાર કર્યો અને છેલ્લા ચાર પાંચ વર્ષમાં એ વાતને ઠીક ઠીક સમર્થન મળ્યું છે. જુદી જુદી જગ્યાઓએ તમામ સંપ્રદાયોએ સાથે મળીને મહાવીર જયંતી ઉજવવા માંડી છે. સંયુક્ત પ્રયાસોના કારણે હિંદના કેટલાક રાજ્યોએ મહાવીર જયંતીને 'જાહેર તહેવાર' તરીકે સ્વીકાર્યો છે. આમ કેટલાક રાજ્યોએ સંવત્સરીને જાહેર તહેવાર તરીકે મહત્તા આપી છે. ઘણી જગાઓએ જુદા જુદા સંપ્રદાયોના આગેવાનો સાથે મળીને કામો કરે છે. અને કેટલીક જગ્યાઓએ જુદા જુદા સંપ્રદાયોના પ્રગતિવાંચ્છુ સાધુમુનિરાજો એકબીજાને મળવા લાગ્યા છે. મહાવીર જયંતી કે એવા પ્રસંગોએ કયાંક કયાંક જુદા જુદા સંપ્રદાયોના સાધુઓએ એકત્રિત થઈ, એકજ વ્યાસપીઠ પરથી વ્યાખ્યાનો આપ્યા છે. આ તરફ જૈનોનું જ નહિ, જૈનેતરોનું

પણ ખૂબ ધ્યાન ખેંચાયું છે.

અલબત દીલ્હીમાં એક મુનિરાજે કહ્યું હતું તેમ સંપ્રદાયોની તકરારો ચાલુ રાખવી જેના હિતમાં છે તેવા લોકોને આ પસંદ નથી અને આવી એકતા નકામી છે એમ તેઓ કહ્યા કરે છે. દરેક સંપ્રદાયમાં ત્રણ વર્ગ છે. એક વર્ગ સત્તાકાંક્ષીઓનો છે–જેમને એમ લાગે છે કે અમારી મર્યાદિત શક્તિઓથી સમુદાય વિશાળ થાય તો અમે સત્તા વગરના બની જઈશું. બીજો વર્ગ છે ધર્મનો વ્યાપાર કરનારા સ્વાર્થી જનોનો–જે ધર્મના નામે પોતાની દુકાનદારી ચલાવે છે. ધર્મના નામે એકત્રિત થયેલું ધન અધર્મ આચરી પોતાનું કરે છે; ધર્મના નામે ચાલતા કામોમાં જરાય પરિશ્રમ વેઠ્યા વિના આગેવાની ટકાવવા મથે છે. આપણને પરલોકમાં સુખ મેળવવાનું બતાવી એ લોકો પોતાનું આ લોક સુધારી લે છે. ત્રીજો વર્ગ છે જે પરંપરાથી ચાલી આવેલી માન્યતાઓને વફાદારીપૂર્વક અનુસરે છે અને પોતાના સંપ્રદાયની માન્યતાઓ પરત્વે મમત્વ સેવી બીજા સંપ્રદાયોના માર્ગો ખોટા છે એમ માનતો હોય છે. આ વર્ગ પ્રમાણિક છે.

ઉપર ગણાવેલા પહેલા બે વર્ગો જ હાથમાં હાથ મિલાવી સંપ્રદાયોની તકરારો ચાલુ રાખતા હોય છે પણ સદ્‌ભાગ્યે એમની સંખ્યા ઓછી છે અને ત્રીજા વર્ગના પ્રમાણિક માણસોની સંખ્યા ઘણી મોટી છે. આ ત્રીજા વર્ગને પ્રેમપૂર્વક આપણે સમજાવીએ તો એ સહકાર આપવા તૈયાર થાય છે. સમયનો આપણને સાથ છે એટલે પ્રેમપૂર્વક ભાઈચારાની વાત આપણે સમજાવતા જઈશું તો ખૂબ કામ કરી શકીશું.

આ ભાઈચારની દ્રષ્ટિએ જોઈશું તો આપણા તીર્થોના ઝઘડા નિરર્થક લાગશે. વર્ષો પહેલાં તીર્થો બંધાયાં ત્યારે સંભવ છે કે શ્વેતાંબર દિગંબરના ભેદ નહિ હોય; અગર હશે તો પણ પરસ્પર સહિષ્ણુતા જળવાતી હશે. અને સમન્વયપૂર્વક તીર્થંકરોના ચૈત્યો બંધાયાં હશે. વર્ષો પછી, શ્વેતાંબર દિગંબરના મતભેદો તીવ્રતા ધારણ કરતા ગયા અને પછી માલિકી અંગે તકરારો ઉભી થવા પામી. સામાન્ય રીતે જે તીર્થો વ્યક્તિઓએ કે સમૂહોએ બંધાવ્યાં હોય છે તે તીર્થોના માલિક તો કેવળ તીર્થંકર બનાય છે અને વ્યવસ્થા ત્યાં વસતા જૈન સંઘને સોંપી દેવામાં આવે છે. કોઈ સ્વાર્થ ન હોય, કોઈ ધનલોલુપતા ન હોય, કોઈ સત્તાકાંક્ષા ન હોય તો કેવળ વ્યવસ્થા કરવા માટે શા સારૂ તકરારો થયા કરે છે? મંદિરોમાં એકત્રિત થતું દ્રવ્ય, દેવ દ્રવ્ય ગણાય છે. જે વ્યવસ્થા કરશે તે જો ધર્મના આધારે કરશે તો તે ધન મંદિરોના વિકાસ કે પુનરોદ્ધારમાં જ ખર્ચાશે. તો પછી એમાં તકરાર શા સારૂ થાય છે? શી લાલસા આ વ્યવસ્થા હાથ કરવા પાછળ રહેલી છે?

માનો કે એક વર્ગ સાચો છે. એ મંદિર એના સંપ્રદાયના વડવાઓએ જ બનાવ્યું હોય તોયે આજ બીજો સંપ્રદાય–જે પણ એજ તીર્થંકરોનો એના જેટલો જ વારસ છે તે એની વ્યવસ્થામાં સાથ આપે, એ એના માટે ખુશી થવા જેવું નથી? એની વ્યવસ્થાનો ભાર એના માથા પરથી એટલો હળવો નહિ થાય? એને શા માટે એમ થતું નથી કે તીર્થંકરોના જે સ્વરૂપને એ પૂજે છે તે સ્વરૂપને પૂજનારા બીજા ભાઈઓ મળી આવ્યા તે એને માટે આનંદની વાત છે? કયો સ્વાર્થ એને એમ કરતાં રોકે છે?

અને નિર્બંધ વિહરનારા તીર્થંકરની આપણે કેટલી હાંસી કરીએ છીએ જ્યારે આપણે સમયની મર્યાદા નકકી કરી, એમની મૂર્તિઓને અમુક સમય દરમ્યાન શ્વેતાંબર કરી પૂજીએ છીએ અને અમુક સમય દરમ્યાન દિગંબર બનાવી પૂજીએ છીએ ત્યારે? પૂજ્યદેવોની મુર્તિઓની આ હાંસી બીજા કોઈ નહિ અને 'એમના જ અનુયાયીઓ હોવાનો દાવો કરનારા આપણે' કરીએ છીએ ત્યારે તો અપાણી વિવેકભ્રષ્ટતાની હદ આવી જાય છે. આપણી વિવેકબુદ્ધિ કેટલી કુંઠિત થઇ ગઈ છે એ જગતને આપણે બતાવીએ છીએ. આ હાંસીપાત્ર સ્થિતિનો આપણે હવે અંત લાવવો જોઇએ. જુદા જુદા સંપ્રદાયોની ફેડરેશનોના આગેવાનો અને મુનિરાજોએ મળીને અને જરૂર પડે તો અન્ય ધર્મના અને દેશના ડાહ્યા માણસોની મધ્યસ્થી સ્વીકારીને આ શરમજનક પરિસ્થિતિનો નિકાલ આપણે લાવવો જ જોઇશે.

આપણે તીર્થરક્ષા કરવી છે? જૈનોની મહત્તાનાં ગાન ગાવાં છે? હીંદનાં કેટલાંએ સ્થળોએ એવા ચૈત્યો જોવા મળશે, જ્યાં પૂજાવિધિ કરનાર કોઇ નથી, જ્યાં ચૈત્યોની અંદર પંખીઓ અને જીવજંતુઓનાં થાણું બંધાયા છે, જેના દરવાજે જનારને કેવળ દુર્ગંધ સત્કારશે. માણસોરના હલેખીદ બેલુરનાં જૈન મંદિરો જોઇને મ્હને કમકમાં આવ્યાં હતાં. ત્યાંની તીર્થંકરોની ભવ્ય મૂર્તિઓ મ્હને જાણે પૂછતી હતી કે તમારા તીર્થરક્ષકો કયાં છે? મ્હને શરમ આવી હતી, માઁ માથું ઝુકયું હતું, માઁ મન જાણે કહેતું હતું કે અમારા તીર્થરક્ષકો ઉદેપુર અને સમેતશિખરમાં, ભગવાન! તમારા પર માલિકીહકકો મેળવવા પોતાના જ સ્વામીભાઇઓ સાથે યુદ્ધ આદરી રહ્યા છે. જે વડવાઓએ આત્માની શાંતિ મેળવવા આ તીર્થો બનાવ્યાં હશે ત્યાં એના પુત્રો આજે કલહ કરી રહ્યા છે! તીર્થંકરની મૂર્તિ જાણે હસતી લાગી અને કટાક્ષ કરતી લાગી કે ત્યાં ધન છે અને અહીં નથી એટલે તમારી ભાવના ત્યાં તીર્થરક્ષા માટે યુધ્ધ કરે છે અને અહીં ઉપેક્ષા કરે છે એમ? ભારતના જૈન ભાઇઓ અને બ્હેનો! તમે આનો જવાબ શોધજો.

અપૂર્ણ **તારાચંદ કોઠારી**

પ્રકીર્ણ નોંધ

શૌર્યમૂર્તિ સામળદાસ ગાંધી

તા. ૮–૬–૫૩ સોમવારના રોજ રાત્રીના નવ વાગ્યે એકાએક હૃદય બંધ પડવાથી જેમના નામ અને વીરકર્મથી સોરાષ્ટ્રનો એક પણ માનવી અજાણ નથી એવા શ્રી સામળદાસ લક્ષ્મીદાસ ગાંધીનું અવસાન થયું. તેઓ પૂ. ગાંધીજીના ભત્રીજા થાય. તેમનું જીવન પત્રકારિત્વના વ્યવસાયથી શરૂ થયેલું અને તેમનો એ વ્યવસાય તો જીવનના અન્ત સુધી ચાલુ રહેલો. પત્રકારિત્વમાં આગળ વધતાં વધતાં તેઓ કેટલોએક સમય જન્મભૂમિના તંત્રી તરીકે કામ કરતા હતા. સંયોગો બદલાતાં જન્મભૂમિથી તેઓ છુટા થયા અને તેમણે વન્દે માતરમ્ શરૂ કર્યું. એ દિવસો બીજા વિશ્વયુધ્ધના પ્રારંભના હતા. વિશ્વયુદ્ધના વધવા સાથે વન્દે માતરમ્ પણ જામતું ગયું. તેઓ માત્ર લેખક કે તંત્રી નહોતા. તેઓ સ્વભાવથી જ કર્મયોગી હતા. જન્મભૂમિના તંત્રીકાળ દરમિયાન રાજકોટના સત્યાગ્રહની લડતમાં તેમણે ખૂબ ભાગ ભજવ્યો હતો અને મુંબઇ ખાતે રહીને એ લડતને ખૂબ વેગ આપ્યો હતો. દેશને ૧૯૪૭ ના ઓગસ્ટ માસમાં આઝાદી મળી તે દરમિયાન તેઓ મુંબઇમાં કાર્ય કરતા કાઠિયાવાડ પ્રજામંડળના પ્રમુખ હતા. આઝાદી મળ્યા બાદ જુનાગઢના નવાબ પાકીસ્તાન સાથે જોડાયા. તેથી તે નવાબીનો અન્ત આણવા માટે અને જુનાગઢમાં પ્રજાતંત્ર સ્થાપવા માટે એ મંડળની પ્રેરણાથી મુંબઇમાં જ જુનાગઢની આરઝી હકુમતની રચના કરવામાં આવી અને સામળદાસ ગાંધીને તેના સરમુખત્યાર બનાવવામાં આવ્યા. આ આરઝી હકુમતના સૈન્યે તેમની આગેવાની નીચે જુનાગઢ સર કર્યું અને ત્યાં પ્રજાતંત્રની ઉદ્‌ઘોષણા કરવામાં આવી. આ ભવ્ય ઘટનાએ કાઠિયાવાડમાં ત્યાર બાદ થોડા વખતમાં સ્થપાયેલ એકમનું દ્વાર ખુલ્લું કર્યું. જુનાગઢમાં નવાબીનો

અન્ત આણવામાં તત્કાલીન અનેક અનુકૂળ સંયોગોએ તેમ જ શક્તિઓએ તરેહ તરેહનો ભાગ ભજવ્યો હતો, પણ એ ઘટનાના મુખ્ય નિર્માતા તરીકે તો સૌ કોઇ ભાઇ સામળદાસને જ હંમેશા સંભારવાના. એ દિવસોમાં એમનું વ્યક્તિત્વ સોળે કળાએ ખીલેલું હતું. તેમની ભવ્ય પ્રતિમા, વીરોચિત મુખાકૃતિ, અદ્‌ભુત વાણીપ્રભુત્વ, નિડરતા અને સાહસિકતા, પ્રત્યાઘાતી બળોને આદ્રવાન આપતો તેમનો પ્રચંડ પડકાર–આ બધું આજે તેમના અવસાન પ્રસંગે આંખ સામે તરે છે અને આપણી વચ્ચે આપણામાંની જ એક વ્યક્તિએ આવી ભવ્ય પ્રતિભાનું દર્શન કરાવ્યું હતું એ યાદ આવતાં મન ઉંડા ગૌરવ વડે પ્રફુલ્લ બને છે. કમનસીબે એ જીવનપ્રતિભા એ કળાની ટોચ ઉપર લાંબો વખત ટકી ન શકી. જુનાગઢમાં જે નવું રાજ્યતંત્ર સ્થપાયું તેના તેઓ પ્રમુખ થયા, પણ એ ગાળાની કાર્યવાહી એટલી યશપ્રદ ન નીવડી. જુનાગઢને સૌરાષ્ટ્રમાં ભેળવવામાં આવ્યું અને તેઓ પ્રધાનમંડળમાં જોડાયા, પણ અન્ય પ્રધાનો સાથે સુમેળ નહિ જામવાથી થોડા વખતમાં ત્યાંથી તેમને છૂટા થવું પડ્યું. ત્યારબાદ સૌરાષ્ટ્ર સરકારના અને કોંગ્રેસના તેઓ કટ્ટર વિરોધી થયા અને એ વિરોધ પ્રમત્ત ભાષામાં તેઓ વંદેમાતરમ્ દ્વારા વ્યક્ત કરવા લાગ્યા. ગયા વર્ષે સૌરાષ્ટ્ર ચૂંટણીના પ્રચંડ આંદોલનમાંથી પસાર થયું. તે દરમિયાન કોંગ્રેસ સામે વિદ્યુદ્‌વેગી જેહાદ ચલાવવામાં તેમની વાણી બેલગામ બની. ચૂંટણીમાં તેમના પક્ષને સખ્ત હાર મળી. ચૂંટણીના અપાર પરિશ્રમે તેમને લાંબા વખતની બીમારી આપી. હજુ થોડા સમય પહેલાં જ એ બીમારીમાંથી તેઓ ઉભા થયા હતા; વન્દે માતરમ્ કાર્યાલયમાં જતા આવતા થયા હતા; મુંબઇના જાહેર જીવનમાં પણ ભાગ લેવાનું તેમણે શરૂ કર્યું હતું. પણ એવામાં એકાએક તેમની જીવાદોરી નિષ્ઠુર વિધિએ તોડી નાંખી અને એક શક્તિશાળી જીવનકારકીર્દીનો ૫૬ વર્ષની ઉમ્મરે આમ અકાળે અન્ત આવ્યો અને આપણો દેશ એક માનવવિભૂતિથી વંચિત બન્યો.

તેમનું વ્યક્તિત્વ રંગબેરંગી વાણાતાણાથી વણાયલું હતું. વકૃત્વ તો ભાઇ સામળદાસનું જ. તેમની જેવો અસ્ખલિત વાણીપ્રવાહ ખાસ કરીને ગુજરાતી ભાષામાં કદિ અન્યત્ર જોયો, જાણ્યો કે અનુભવ્યો નથી. સરસ્વતી તો તેમની જીભે રમતી. વાક્યો છંદોબધ્ધ કવિતાની માફક તેમના મોઢામાંથી ટપ ટપ ટપકી આવતા. તળપદી ભાષા અને લોકગમ્ય વાક્યરચના સાંભળનારને પ્રારંભથી જ મુગ્ધ કરતી. તેમની વાણી સિંહની માફક ગર્જના કરતી. અને મોટા મોટા યમરબંધીઓના સિંહાસનોને પાયામાંથી કંપાવતી. કલાક સવા કલાક બોલવું તેમને મન રમતવાત હતું. પણ કમનસીબે એ છે કે આવો વાણીવૈભવ અત્યુક્તિના દોષથી ભાગ્યે જ મુક્ત રહી શકે છે. આ અત્યુક્તિનો અમુક પ્રસંગે અમુક સંયોગોમાં ઉપયોગ પણ છે. જ્યારે કોઇ પણ અસાધારણ પુરૂષાર્થ સાધવા માટે લોકોની સામુદાયિક શક્તિને નિયોજિત કરવાની હોય છે, પ્રજામાં જુસ્સો પેદા કરવાનો હોય છે, અને યુદ્ધનું વાતાવરણ નિર્માણ કરવાની જરૂર હોય છે ત્યારે અત્યુક્તિનો ઉપયોગ અનિવાર્ય બની જાય છે. પણ આ ઉપયોગને પણ અમુક મર્યાદા હોય છે. એ મર્યાદા ધ્યાનમાં ન રાખવામાં આવે તો એ અત્યુક્તિ પાછળ અસત્ય, અવિવેક, અસંયમ ચાલ્યા આવે છે. વળી ગરમ વાતાવરણ જ્યારે નરમ બને છે ત્યારે આ અત્યુક્તિની આદત વાણીના ગૌરવને હરી લે છે. અને તેમને સાંભળવામાં લોકોનો રસ ઉડી જાય છે. સામળદાસભાઇની ચડતી અને પડતીનું અથવા તો કળા વિકળાનું પણ આ જ રહસ્ય છે. ગાંધીકુળને ઉચિત તેમનામાં શાર્ય હતું, સાહસ હતું. અન્યાય, આપ ખુદી સામે પડકાર કરતી ગર્જના હતી, પણ કમનસીબે એ કોટિની નિષ્ઠા કે સંયમની સભ્યતા તેમનામાં નહોતી. સૌરાષ્ટ્રના વણતાજ શિરતાજ બનવા જેટલો પુરૂષાર્થ તેમણે દાખવ્યો; પણ એ સ્થાન ટકાવી રાખવા જેટલું તેઓ ખમીર દાખવી ન શક્યા. પરિણામે આપણી કલ્પનામાં આપણા સ્મરણમાં આરઝી હકુમતના ભાઇ સામળદાસનું જે ચિત્ર અંકિત થયું છે તેના સાથે સરખાવતાં આપણી વચ્ચેથી તાજેતરમાં વિદાય થયેલા આજના ભાઇ સામળદાસ કાંઇક નાના, કાંઇક ઝાંખા લાગે છે. આમ છતાં પણ આ દુનિયામાં એવા બહુ જ ઓછા માનવીઓ પાકે છે કે જેમની જીવનકળા જીવનના પ્રારંભથી અન્ત સુધી વધતી જ ચાલે અને જેમના વિષે 'પણ' કહીને થોડા અનુકૂળ સાથે થોડું પ્રતિકૂળ જોડવાનું હોય જ નહિ. આજે જ્યારે આપણી વચ્ચેથી તેઓ સદાને માટે વિદાય થયા છે ત્યારે તેમની પ્રકૃતિનું માધુર્ય, સ્નેહવાત્સલ્ય, સૌજન્ય, સેવાપરાયણતા, વાણીપટુતા, સાહસિકતા, અણનમ રહેવાને સરજાયલી મરદાનગી–આવા અનેક અનુકરણીય ગુણોને સંભારીએ અને તેમણે કરેલી વિશાળ રાષ્ટ્રની તેમ જ સૌરાષ્ટ્રની અનેકવિધ સેવાઓની કદર કરીએ. તેમના અશાન્ત આત્માને પરમાત્મા શાશ્વત શાન્તિ આપે એમ અન્તરથી પ્રાર્થના કરીએ!

લોકભારતીનું ઉદ્‌ઘાટન

તા. ૨૮–૫–૫૩ ગુરૂવારના રોજ સૌરાષ્ટ્રમાં આવેલા સણોસરા ખાતે કાકાસાહેબ કાલેલકરના હાથે 'લોકભારતી' ગ્રામ વિદ્યાપીઠનું ઉદ્‌ઘાટન થયું. આપણી બાજુની શિક્ષણ પ્રવૃત્તિઓના ઇતિહાસમાં આ એક ક્રાન્તિકારી ઘટના લેખાય. આપણા દેશમાં અંગ્રેજોની હકુમત સ્થપાયા બાદ ભિન્ન ભિન્ન પ્રાન્તના પાટનગરોમાં એક પછી એક યુનીવર્સિટીઓ ઉભી થઇ રહી હતી. આ યુનીવર્સિટીઓ મુખ્યત્વે કરીને ઇંગ્લાંડની યુનીવર્સિટીઓના ઢાંચા મુજબ નિર્માણ કરવામાં આવતી હતી. અંગ્રેજી તેનું શિક્ષણ–માધ્યમ હતું. અને શહેરના લોકોનું માનસ અને સરકારની જરૂરિયાતોને લક્ષ્યમાં રાખીને તેનો અભ્યાસક્રમ નક્કી કરવામાં આવતો હતો. આ યુનીવર્સિટીઓએ દેશમાં સંખ્યાબંધ ગ્રેજ્યુએટો પેદા કર્યા હતા. દેશમાં જેમ જેમ જાગૃતિ ફેલાતી ગઈ, રાષ્ટ્રીય ભાવનાનો જુવાળ ચઢતો ગયો, સ્વત્વ અને આત્મભાનની વૃત્તિ સતેજ થતી ગઇ અને આ યુનિવર્સિટીઓએ પેદા કરેલા ગ્રેજ્યુએટોની કંગાલ જ્ઞાનદશા અને પુરૂષાર્થવિહોણી મનોદશાનું જેમ જેમ ભાન થતું ગયું તેમ તેમ દેશહિતચિન્તકોના દિલમાં યુનીવર્સિટીના આધુનિક શિક્ષણ વિષેનો અસંતોષ વધારે ને વધારે તીવ્ર થતો ગયો. આના પરિણામે સરકારી નિયંત્રણથી મુક્ત એવા શિક્ષણની દિશાએ આપણા દેશમાં અનેક સ્વતંત્ર શિક્ષણપ્રયોગો શરૂ થયા. આ પ્રયોગો વિગતમાં અને પાઠયપુસ્તકોમાં સરકારી શિક્ષણપદ્ધતિથી જુદા પડતા હતા, પણ બન્નેની દૃષ્ટિમાં કોઇ મહત્વનો ફેરફ નહોતો પડ્યો. ગાંધીજીએ જીવનના પાછળનાં વર્ષોમાં દેશ સમક્ષ શિક્ષણ સંબંધે કેટલાક ક્રાન્તિકારી વિચારો રજુ કર્યા જે બુનિયાદી શિક્ષણપદ્ધતિના નામે અથવા તો વર્ધાશિક્ષણ પદ્ધતિના નામે ઓળખાવા લાગ્યા. કોઇ પણ ઉદ્યોગને કેન્દ્રમાં રાખીને તેમ જ હિંદ ગામડાંઓનું બનેલું છે એ વાસ્તવિકતા લક્ષ્યમાં રાખીને આખા શિક્ષણક્રમની રચના કરવી જોઇએ એ પાયાના ખ્યાલ ઉપર આ પદ્ધતિની યોજના કરવામાં આવી હતી. આ તદ્દન નવી જ કલ્પના અને દૃષ્ટિ હતી. આ નવી દૃષ્ટિનું અવલંબન લઇને આજે કેટલાંએક વર્ષોથી આપણા દેશમાં અનેક શિક્ષણપ્રયોગો વર્તમાન થઇ રહ્યા છે.

પ્રારંભમાં ભાવનગર ખાતે આજથી લગભગ ૪૫ વર્ષ પહેલાં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના નામે અને પછી આંબલા ખાતે આજથી લગભગ ૧૫ વર્ષ પહેલા ગ્રામદક્ષિણામૂર્તિના

નામે શ્રી નાનાભાઇ ભટ્ટના હાથે જે શિક્ષણપ્રયોગો શરૂ થયા અને તાજેતરમાં સણોસરા ખાતે તેના ફલસ્વરૂપે જે લોકભારતીની સ્થાપના કરવામાં આવી તે પણ શિક્ષણના ક્ષેત્રમાં ઉત્તરોત્તર પરિવર્તન પામી રહેલી દૃષ્ટિનો જ એક નાનો સરખો ઇતિહાસ છે.

ચાલુ શિક્ષણપદ્ધતિમાં કાંઇક અધૂરું છે જે પુરવણીની અપેક્ષા રાખે છે એવા ખ્યાલથી પ્રેરાઇને સદ્‌ગત શ્રીમન્નથુરામ શર્માની પ્રેરણા અને સંચાલન દ્વારા શ્રી નાનાભાઇ ભટ્ટે શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન એ નામનું એક છાત્રાલય આજથી ૪૫ વર્ષ પહેલાં શરૂ કર્યું હતું. આ છાત્રાલયમાં વિદ્યાર્થીઓ રહેતા, શહેરની હાઇસ્કુલમાં ભણવા જતા, અને અવકાશના સમયમાં વિદ્યાર્થીઓને નીતિ, ધર્મ અને સભ્યતાના સંસ્કાર આપવા શ્રી નાનાભાઇ અને તેમના સાથીઓ પ્રયત્ન કરતા. સદ્‌ગત સાક્ષર શ્રી રણજિતરામ વાવાભાઇ મહેતા પણ આ કાર્યમાં નાનાભાઇના સાથી બન્યા હતા. બહુ થોડા સમયમાં નાનાભાઇને માલુમ પડયું કે સ્વતંત્ર શિક્ષણસંસ્થા સિવાય આવા પૂરક પ્રયત્નોનો બહુ અર્થ નથી. એટલે અંગ્રેજી પહેલા ધોરણથી સાતમા ધોરણ સુધીનો અભ્યાસક્રમ નક્કી કરીને સરકારી શિક્ષણથી સ્વતંત્ર એવી શાળાની શરૂઆત કરવામાં આવી. આ નવી રચનામાં ગિજુભાઇ તથા હરભાઇ જોડાયા. થોડા સમયમાં મોન્ટીસરી પદ્ધતિ ઉપર બાલશિક્ષણની રચના કરવામાં આવી. હાઇસ્કુલમાં શિક્ષણ આપવા માટે "ડાલ્ટન પ્લાન" અંગીકાર કરવામાં આવી. સંસ્થાના શહેર બહાર સ્વતંત્ર મકાનો થયાં. બહારથી પણ વિદ્યાર્થીઓ ભણવા આવવા લાગ્યા. બાલમંદિર સાથે અધ્યાપનમંદિર પણ ઉઘાડવામાં આવ્યું. આમ સંસ્થાનો ઉત્કર્ષ અને ખ્યાતિ વધવા લાગ્યાં. સંસ્થાનો અભ્યાસક્રમ યુનીવર્સિટીની મેટ્રીકથી સ્વતંત્ર હતો. આ શાળામાં ભણતા વિદ્યાર્થીઓ માટે આ અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ વિદ્યાર્થીએ કયાં જવું એ પ્રશ્ન ઉભો થતો. કોલેજમાં તેમને પ્રવેશ મળે નહિ. ગુજરાત વિદ્યાપીઠમાં તેમના માટે અવકાશ હતો. પણ જેને સરકારે પ્રમાણિત કરેલી યુનીવર્સિટીની ડીગ્રીની જરૂર હોય તે વિદ્યાપીઠમાં જઇને શું કરે? આ કારણે વિદ્યાર્થીની આવક કાંઇક ઘટવા લાગી. સંસ્થાને આર્થિક ભીંસ પણ થોડી મુંઝવવા લાગી. બીજી બાજુએ નાનાભાઇને અનુભવે માલુમ પડયું કે તેમનો આખો પ્રયત્ન શહેરના માત્ર ઉપલા થરને જ સ્પર્શે છે. અને તેમનું કાર્ય શહેરની અમુક જરૂરિયાતોને જ પહોંચીવળવામાં પુરું થાય છે. વળી અહિં ભણતા વિદ્યાર્થીઓ પણ આખરે યુનીવર્સિટીની મેટ્રીકનું અવલંબન લઇને સરકારી કોલેજ તરફ વળે છે. ગામડામાં વસતી આમ પ્રજા તો આ બધાંથી દૂરની દૂર જ રહે છે. આજ સુધી કરેલા શિક્ષણકાર્યની તેમને કોઇ વિશેષ ઉપયોગીતા ન લાગી. તેમની નજર ગામડા તરફ વળી. તેમણે પોતાના નવા કાર્યક્ષેત્ર તરીકે આંબલા પસંદ કર્યું. ત્યાં ગ્રામદક્ષિણામૂર્તિ નામની સંસ્થાનું સ્થાપન કર્યું. આટલા વર્ષથી તેમના હાથે પોષાયલું, સંવર્ધન પામેલું દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન તેમણે જેતજેતામાં સંકેલી લીધું. આંબલામાં લોકશાળા શરૂ કરી. ખેતી માટે જમીન લીધી, ગોશાળા ઉભી કરી. ગાંધીજીના શિક્ષણને લગતા નવા વિચારો હવામાં ફેલાઇ રહ્યા હતા. કૃષિને મધ્યમાં રાખીને આંબલામાં શિક્ષણપ્રવૃત્તિ વિકાસ પામવા લાગી. લોકશાળા, ગ્રામશાળા, તથા રાત્રીશાળા અસ્તિત્વમાં આવી. ગ્રામસેવકો તૈયાર કરવાને એક શિક્ષણયોજના તૈયાર કરવામાં આવી અને તેનો પણ અમલ શરૂ થયો. સૌરાષ્ટ્રમાં એકમ રચાયા બાદ નવી સરકારે આંબલામાં ચાલતી પ્રવૃત્તિને પૂર્ણ ટેકો આપ્યો. સૌરાષ્ટ્રમાં ચાલતી રચનાત્મક પ્રવૃત્તિઓને વેગ આપવા માટે સરકારપ્રેરિત જે નવી યોજના કરવામાં આવી અને તે માટે સૌરાષ્ટ્રની રચનાત્મક સમિતિ ઉભી કરવામાં આવી તેના પરિણામે આંબલાની સંસ્થા આર્થિક ચિન્તાથી લગભગ મુકત બની. લોકશાળાનો પાંચ વર્ષનો બુનિયાદી શિક્ષણનો અભ્યાસક્રમ નક્કી કરવામાં આવ્યો. આ અભ્યાસક્રમ જેને આપણે વિનીત અથવા તો અંગ્રેજી ભાષામાં મેટ્રીક કહીએ છીએ તે કક્ષાને મળતો છે. તે અભ્યાસક્રમ પુરો કરનાર વિદ્યાર્થીમાંથી જેને આગળ વધવું હોય અને ઉચ્ચ શિક્ષણ મેળવવાની અપેક્ષા હોય તેને માટે કાંઇક સગવડ હોવી જોઇએ આ વિચારમાંથી લોકભારતીનો જન્મ થયો. લોકશાળામાં જે વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે તે વિષયોના અનુસંધાનમાં આવી લોકભારતીના મહાવિદ્યાલય (કોલેજ) નો અભ્યાસક્રમ ઘડાવો જોઇએ. આજે સાધારણ રીતે કોલેજમાં ભણતો વિદ્યાર્થી શહેર તરફ જ નજર રાખે છે અને શહેરમાં સ્થિર થવાની વૃત્તિ સેવે છે. આને બદલે લોકશાળામાંથી ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીને ઉચ્ચ શિક્ષણ પણ એવા પ્રકારનું અપાવું જોઇએ કે જેના પરિણામે તે શહેર તરફ ન વળતાં પોતાના ગામડામાં જઇને વસે અને ગામડાની પ્રવૃત્તિઓ સાથે ઓતપ્રોત બને અને સાથે સાથે તેનામાં ઉચ્ચ વિદ્યાના એવા સંસ્કારો પડેલા હોય કે તેનું જીવન સંસ્કારી અને જ્ઞાનપ્રણત બને. જે લોકભારતીનું શ્રી નાનાભાઇની પ્રેરણા અને પ્રયત્ન દ્વારા આયોજન કરવામાં આવ્યું છે તેની કલ્પના આ પ્રકારની છે અને તેનો સમગ્ર અભ્યાસક્રમ આ ઢબે જ ઘડવામાં આવ્યો છે. લોકભારતીથી કોઇએ એમ સમજવાનું નથી કે ત્યાં તો કાં તો ખેતી કરવાની હશે અથવા તો માત્ર કાંતવા વણવાનું હશે અને બીજું ભણવા ભણાવવાનું કંઇ જ નહિ હોય. લોકભરતી એટલે ઉચ્ચ જ્ઞાનનો અભાવ નહિ કે આધુનિક વિજ્ઞાનની અવગણના નહિ. લોકભારતીના અભ્યાસક્રમમાં આ સર્વની ગોઠવણ કરવામાં આવી છે. જેમ જેમ આગળ વધાય, આર્થિક સહાય તથા યોગ્ય અધ્યાપકોનો સુયોગ વધતો જાય તેમ તેમ અમુક અમુક વિષયના વિશિષ્ટ અભ્યાસ માટે જુદા જુદા મહાવિદ્યાલય પણ આ ગ્રામવિદ્યાપીઠના આશ્રય નીચે ઉભા કરવામાં આવનાર છે.

આજે દેશમાં સ્થળે સ્થળે સ્વતંત્ર શિક્ષણપ્રયોગો ચાલી રહ્યા છે. તદર્થ ભાત ભાતની સંસ્થાઓ ઉભી થઇ રહી છે. આજ સુધી જે શિક્ષણપદ્ધતિથી આપણે બધા ભણ્યા તે હવે નિરર્થક લાગી છે અથવા તો આજની આપણી જીવન સમસ્યાને-આમપ્રજાના વ્યાપક શિક્ષણના જટિલ કોયડાને-પહોંચી વળવા માટે અસમર્થ માલુમ પડી છે. અને આમ છતાં આપણને કયા પ્રકારના શિક્ષણની જરૂર છે એનો કોઇ સ્પષ્ટ નકશો હજુ સુધી તૈયાર થયો નથી. આપણે આશા રાખીએ કે લોકભારતી જેવા ભવ્ય પ્રયોગો આપણને સાચા શિક્ષણનો રાહ બતાવશે. આવા પ્રયોગોની આ કારણે ઘણી મોટી કીમત છે અને દેશનું ભાવી ઘડવામાં જેને રસ છે તે સર્વ કોઇની સહાનુભૂતિ અને સહકારને પાત્ર છે.

એવરેસ્ટ પર પદારોહણ

હીલેરી અને તેન્સીંગ આખરે હિમાલયના સર્વોચ્ચ શિખર માઉન્ટ એવરેસ્ટની ટોચ ઉપર પહોંચવાને સમર્થ નીવડ્યા છે એ સમાચારે દુનિયાભરમાં વિસ્મય અને આનંદની લાગણી પેદા કરી છે. આ ઘટનામાં એવું તે શું છે કે જેણે દુનિયાનું આટલું બધું ધ્યાન ખેંચ્યું છે? આ પ્રશ્નનો જવાબ મેળવવા માટે આપણે સૃષ્ટિના વિકાસક્રમમાં માનવપ્રાણીની શી વિશેષતા છે તે વિષે થોડીક તાત્વિક વિચારણા કરવી પડશે.

જે પશુયોનિમાંથી માનવીનો ઉદ્‌ભવ થયો છે તે પશુ અને માનવી વચ્ચે મહત્વનો ફરક રહેલો છે. શારીરિક દ્રષ્ટિએ પશુ ચોપગું પ્રાણી છે. એ ચાર પગને બદલે પાછળના બે પગ ઉપર ઉભા રહીને ચાલવાનું શક્ય બન્યું અને આગળના બે પગે હાથનું સ્થાન ધારણ કર્યું,-એનું નામ પશુમાંથી થયેલું માનવીનું રૂપાન્તર. આ ઉપરાંત પશુને મનવિનાનું પ્રાણી ગણવામાં આવે છે. પશુને મન હોતું નથી એમ નથી પણ એ મન અત્યન્ત પ્રાથમિક દશાનું અથવા તો સ્થુળ કોટિનું હોય છે. એ મન વર્તમાનને અનુલક્ષીને જ વિચાર કરે છે. સારાસારને તારવતી બુધ્ધિ તેનામાં હોતી નથી. કલ્પનાની શક્તિથી પણ પશુ લગભગ વંચિત હોય છે. પરિણામે પશુસમાજના જીવનમાં હજારો વર્ષના ગાળે કશો પણ મહત્વનો ફરક જોવામાં આવતો નથી. માનવીમાં વિકસિત મન હોવાના કારણે તેમ જ હાથનું ક્રિયાકારિત્વ પ્રાપ્ત થવાને લીધે તેણે ધર્મ, સાહિત્ય, કલા અને તત્વજ્ઞાન સરજેલ છે; ગામડાંઓ અને શહેરો ઉભાં કર્યાં છે; અનેક રીતે જટિલ એવો સમાજ નિર્માણ કર્યો છે. વિજ્ઞાનની મદદ વડે કુદરતનાં અનેક બળોને તાબે કર્યાં છે. આ ઉપરાંત માનવી માત્રમાં અજ્ઞેય વસ્તુને જ્ઞાત બનાવવાની, અશક્ય બાબતોને શક્ય બનાવવાની, અજ્ઞેય લેખાતા પ્રદેશો ઉપર વિજય મેળવવાની કોઇ અદમ્ય ઝંખના રહેલી છે. આવી જ રીતે માનવીશરીરની આપણે અમુક મર્યાદા કલ્પેલી છે અને તે જ રીતે માનવીમનની પણ અમુક મર્યાદા આપણે સ્વીકરી છે. આમ છતાં પશુ એ મર્યાદામાં રહીને વિચરવાથી આપણને કદિ સંતોષ થતો નથી. અગોચર વસ્તુને ગોચર બનાવવા હંમેશા મન મથે છે. આ ગોચરતા વિજ્ઞાનની મદદ વડે માનવી વધારે ને વધારે સિદ્ધ કરતો આવ્યો છે, એટલું જ નહિ પણ અંદરની શક્તિને ખીલવીને પણ માનવીનું મન અદૃષ્ટને દૃષ્ટ બનાવવા સદા પ્રયત્નશીલ રહ્યું છે. સમગ્ર યોગપ્રક્રિયાઓ આ પ્રયત્નમાંથી જ પેદા થઇ છે. આવી જ રીતે સ્થુળ શરીર વડે સાધારણ રીતે અસાધ્ય લેખાતી બાબતને જ્યારે કોઇ પણ માનવી સાધ્ય કરી બતાવે છે ત્યારે તે સાંભળીને આપણે વિસ્મય અને આનંદ અનુભવીએ છીએ, જાણે કે આપણી પોતાની જ શક્તિ વધી હોય એવી આત્મપ્રસન્નતા, આપણને પુલકિત કરે છે. શ્વાસ લીધા સિવાય જીવી જ ન શકાય, અમુક ઝેર લેવાથી મૃત્યુ જ થાય, આકાશમાં અદ્ધર રહી જ ન શકાય.-આપણા શરીરની મર્યાદા વિષે આવી આપણી ચાલુ માન્યતાઓ છે. આમ છતાં શ્વાસ લીધા વિના કલાકનો કલાક સુધી જીવંતા રહ્યાના અથવા તો અમુક કાતિલ ઝેરને પચાવ્યાના અથવા તો અમુક સમય આકાશમાં એટલે કે જમીનનો સ્પર્શ કર્યા વિના અધ્ધર રહ્યાના દૃષ્ટાન્તો આપણા જોવા સાંભળવામાં આવે છે ત્યારે માનવીશરીર વિષે માની લીધેલી મર્યાદાઓ સાચી નથી-એ શરીરની શક્તિના ક્ષેત્રને વિસ્તૃત કરવાની અનેક શક્યતાઓ છે એ પ્રકારનું ભાન આપણને હંમેશા આનંદિત કરે છે. સ્થૂળ સૃષ્ટિમાં અગમ્ય પ્રદેશોને હસ્તગત કરવાની વૃત્તિ માનવી માત્રમાં રહેલી જ હોય છે. ઇંગ્લીશ ચેનલ જ્યારે પહેલી વાર કોઇએ તરીને ઓળંગી ત્યારે આપણે આવો જ આનંદ અનુભવેલો. ઉત્તરમાં દક્ષિણ ધ્રુવના પ્રદેશો ઉપર પહોંચવા માટે કેટલાય માણસોએ પોતાની જીંદગીનો ભોગ આ વૃત્તિથી પ્રેરાઇને જ આપ્યો છે. ઉત્તર ધ્રુવના પ્રદેશને આપણે આરપાર વીંધી શકયા છીએ. દક્ષિણ ધ્રુવના છેડાને પહોંચવાનું હજુ શક્ય બન્યું નથી. આ જ વૃત્તિથી પ્રેરાઇને આજનો માનવી સદેહે ચંદ્ર સુધી એટલું જ નહિ પણ નજીકના કોઇ ગ્રહ સુધી પણ પહોંચવાનો મનોરથ સેવે છે. આ રીતે માનવીની આન્તરબાહ્ય શક્તિઓ વધતી જ જાય છે અને આજનું અશક્ય આવતી કાલે શક્ય બને છે.

હિમાલયના ઉત્તુંગતમ શિખર માઉન્ટ એવરેસ્ટની ટોચે પહોંચવાના પ્રયત્નો કેટલાંય વર્ષથી ચાલતા હતા. આ માટે યુરોપ અમેરિકાથી અનેક ટુકડીઓ આવતી હતી અને થોડા અન્તર માટે નિરાશ બનીને પાછી ફરતી હતી. માનવીબુદ્ધિએ શોધી કાઢેલ એરોપ્લેનથી એ પ્રદેશનું કયારનુંયે નિરીક્ષણ થઇ ચૂકયું હતું. પણ એથી આપણને સંતોષ નહોતો. પગે ચાલતા માનવીને એ શિખર પોતાની ટોચે પહોંચવા દેતું નથી, ટોચ નજીક કોઇ પહોંચે છે, નથી પહોંચતો ત્યાં તો તેને ક્યાંનો ક્યાં ફેંકી દે છે. જો આમ છે તો એ ટોચને પગે ચાલીને પહોંચું ત્યારે જ મારું નામ માનવી-આવો એ ઉત્તુંગ શિખરને માનવીનો પડકાર હતો. એ પડકાર અનુસાર માનવજાતના બે પ્રતિનિધિઓએ-એક પૂર્વ બાજુનો તેન્સીંગ અને બીજો પશ્ચિમ બાજુનો હીલેરી-એ બન્નેએ દુનિયાની ઉંચામાં ઉંચી ટોચને ગયા મે માસની ૨૯ મી તારીખે સર કરી. એ ટોચ ઉપર વીશ મીનીટ સુધી ઉભા રહીને આસપાસની દુનિયાને તેમણે નિહાળી અને છબીઓ લીધી. આ સમાચારે દુનિયામાં ભારે આનંદ અને વિસ્મયની લાગણી પેદા કરી છે. વિસ્મય અજ્ઞેય લેખાતા પ્રદેશને આપણામાંના જ બે ભાઇઓ પાદાક્રાન્ત કરી શકયા તેનું. આનંદ કુદરતના અજ્ઞેય દુર્ગને આખરે અનેક પરાજયો પછી આપણે સર કરી શકયા તેનો. એવરેસ્ટના શિખર સુધી પહોંચવાનું રહસ્ય આ છે. આવી ઘટનાઓથી માનવજાતને પોતાની શક્તિઓમાં નવી શ્રદ્ધા પેદા થાય છે, અવનવી મહત્વાકાંક્ષાઓ જન્મ પામે છે, માનવી શક્યતાઓનો પ્રદેશ વધતો જાય છે, અશક્યતાના સીમાડાઓ પાછાને પાછા હઠતા જાય છે. માનવીમાત્રમાં રહેલ અદમ્ય પુરૂષાર્થની જ્યોતને આવી સિધ્ધિ વધારે સતેજ કરે છે. આ માટે જગતભરના લોકોના આ બે વીરનરોને અનેક ધન્યવાદ ઘટે છે.

વિશ્વશાન્તિની પુનઃ સ્થાપના તરફ

માર્શલ સ્ટેલીનના અવસાન બાદ આ દુનિયામાં એક પછી એક એવી ઘટનાઓ બની રહી છે કે જે જોતાં બીજા વિશ્વયુદ્ધ બાદ અશાન્તિના ચકડોળે ચડેલી દુનિયામાં હવે શાન્તિની સ્થાપના થશે એવી કાંક્ષિક આશા અને શ્રધ્ધા જન્મે છે. સ્ટેલીનના અનુગામી મેલેંકોવે અખત્યાર કરેલી રાજ્યનીતિ અને તેના તરફથી કરવામાં આવેલી જાહેરાતો વિશ્વશાન્તિને સુદઢ કરવા તરફ ઢળતી હોય એમ નિઃશંકપણે લાગે છે. કોરીઆના યુધ્ધકેદીઓનો પ્રશ્ન છેલ્લાં બાર મહીનાઓથી ઉકેલાતો નહોતો. એ પ્રશ્ન છેલ્લા પખવાડીઆમાં જોતજોતામાં ઉકેલાઇ ગયો. આ ઘટનાએ કોરીઆમાં તરતમાં જ સુલેહ થવાની સંભાવના ઉભી કરી છે. આ ઘટના પણ બે પરસ્પર વિરૂધ્ધ પક્ષોના દિલમાં હવે આ નિરર્થક માનવસંહાર અટકવો જોઇએ અને આપણે કોઇ ને કોઇ સમાધાની ઉપર આવવું જ જોઇએ એવી ઉંડી વૃત્તિનું જ પરિણામ છે. આપણે આશા રાખીએ કે વિશ્વશાન્તિને લુબ્ધ બનાવી રહેલ કોરીઆના આ વિચિત્ર યુદ્ધનો હવે જલ્દિથી અન્ત આવી જાય.

હિંદ અને પાકીસ્તાન વચ્ચે સમાધાનીની આશા

ઘર આંગણે હિંદ અને પાકીસ્તાન વચ્ચે પણ શ્રી મહમ્મદઅલી પાકીસ્તાનના વડાપ્રધાનપદ ઉપર આવ્યા બાદ સમાધાનીની નવી આશા ઉભી થઇ છે. પાકીસ્તાનના આગેવાન સત્તાધીશોને હવે સાચું ભાન થયું લાગે છે કે હિંદ અને પાકીસ્તાન વચ્ચે કડવાશ વધાર્યે જવામાં પાકીસ્તાનને કશો લાભ નથી. ઉલટું પાકીસ્તાન આને લીધે વધારે ધસાતું અને ક્ષીણ થતું જાય છે. તેમને એ પણ સુઝ આવી લાગે છે કે

બન્ને દેશો વચ્ચેના ધર્ષણને અંગે જે પુષ્કળ લશ્કરી ખર્ચનો બોજો ઉઠાવવો પડે છે તે પાકીસ્તાન માટે અસહ્ય બનતો જાય છે. પરિણામે બન્ને દેશના વડા પ્રધાનો વચ્ચે તાજેતરમાં ઈંગ્લંડમાં લાંબી મંત્રણાઓ થઇ છે. એ મંત્રણાઓનું હજુ કશું છેવટ આવ્યું નથી, એમ છતાં તેમાંથી શુભ પરિણામની સૌ કોઇ આશા સેવી રહ્યું છે.

પાકીસ્તાનની આજ સુધીની વક્ર અને મત્સર-ગ્રસ્ત નીતિને લીધે આજની મંત્રણાઓમાં ઘણાને શ્રદ્ધા બેસતી નથી. પણ આવી અશ્રધ્ધા યા નિરાશા સેવવાને કશું જ કારણ નથી. પાકીસ્તાનના આગળના વડા પ્રધાનો પણ હિંદ પ્રત્યે શુભેચ્છા અને સમાધાનની વાતો જરૂર કરતા હતા, પણ તે વાતો હંમેશા વૈમનસ્યના ઝેરથી મીશ્રિત રહેતી હતી. જ્યારે આજના વડા પ્રધાન મહમદઅલીનો અભિગમ તદ્દન જ જુદા પ્રકારનો, નિખાલસ અને પરસ્પર સમાધાનીને સાચા દિલથી ઇચ્છતો હોય એવો લાગે છે. અને સાદી સમજથી તો એ સ્પષ્ટ ભાસે એવું છે કે એક જ દેશના બે ટુકડા જેવા હિંદ અને પાકિસ્તાન–બન્નેનાં હિતો અરસ પરસ એટલા બધા સંકળાયલા છે કે બન્નેને બે ભિન્ન દેશો માફક અલગ રહેવું પરવડે જ નહિ–બન્ને સાથે હોય તો જ બન્નેને અતિ ઉપકારક અને આવશ્યક આર્થિક પરિસ્થિતિ ઉભી કરી શકાય અને બન્ને વૈરવિરોધથી વર્તે તો બન્નેને પારાવાર નુકસાન જ થયા કરે. આ વાસ્તવિકતાનું આપણને–આપણા વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂને–આરંભથી જ પુરૂં ભાન હતું અને તેથી પાકીસ્તાનની પાર વિનાની ઉશ્કેરણી હોવા છતાં હિંદે હંમેશાં મૈત્રીનો હાથ લંબાવ્યો હતો અને પંડિતજીના હિંદ–પાકીસ્તાન વિષેનાં નિવેદનો હંમેશાં સમભાવથી ભરેલાં અને પરસ્પર પ્રેમ અને મૈત્રી ભર્યા સંબંધની ઝંખના કરતા જોવામાં આવતાં હતાં. આ વાસ્તવિકતાના ભાનનું હવે આપણને પાકીસ્તાનના વડા પ્રધાન મહમદઅલીના નિવેદનોમાં પણ દર્શન થાય છે. આવી સુલેહ શાન્તિનું નિર્માણ કરવા ઇચ્છતી મંત્રણાઓ બન્ને દેશના વડા પ્રધાનો વચ્ચે શકય બની છે તેનો ખરો યશ અને પુણ્ય પંડિત જવાહરલાલની દુરંદેશીભરી અને સંયમપૂર્ણ અને વિશ્વભરમાં સુલેહશાન્તિની સ્થાપના કરવા મથતી વિદેશોને લગતી રાજ્યનીતિને ફાળે જાય છે. જો કટાક્ષની સામે કટાક્ષ, ગાળની સામે ગાળ અને થપ્પડની સામે થપ્પડ એવી આપણી રાજનીતિ હોત તો પાકીસ્તાન સાથે ચાલી રહેલી આજની મંત્રણાઓ શકય બની ન હોત અને દુનીઆમાં સુલેહશાન્તિની સ્થાપના કરવામાં હિંદ જે અગ્ર ભાગ ભજવી રહ્યું છે અને હિંદે જે ભારે જવાબદારી સ્વીકારી છે તે પણ શકય બન્યું ન જ હોત. ખરી રીતે તો હિંદમાં ગાંધી હજુ જીવે જ છે અને આ બધો પ્રતાપ તેમનો જ છે. **પરમાનંદ**

ભારત જન મહામંડળનું ૩૩મું સફળ અધિવેશન

જૂન માસની તારીખ પહેલી તથા બીજીએ ભૂલદાણા ખાતે ભરાયેલું ભારત જૈન મહામંડળનું અધિવેશન મુંબઇના જાણીતા જૈન આગેવાન શ્રી. તારાચંદ કોઠારીના અધ્યક્ષપણા નીચે સફળતાપૂર્વક પાર પડયું. વર્ધા, નાગપુર, જબલપુર, સોલાપુર, બારસી, મુંબઇ, કલકત્તા, બેંગલોર, યવતમાલ, બામગામ, માલેગામ, ધુળિયા, ખંડવા, બાબઇ, બીયાવર, જોધપુર, રતલામ, જયપુર, જલગામ, જામનેર, ફલ્તેહપુર, ભુસાવળ તથા આસપાસના જિલ્લામાં તથા શહેરોમાંથી લગભગ ૪૦૦ જૈન ભાઇ બહેન ઉપસ્થિત થયાં હતાં. અધિવેશનનું ઉદઘાટન જયપુરવાળા શેઠ સોહનલાલજી દુગડે કર્યું હતું. તેમણે ભારતીય મધ્યમ વર્ગની બસાતી જતી પરિસ્થિતિ, રાજનૈતિક વાદવિવાદ તથા આજની આર્થિક વિષમતાની ચર્ચા કરતાં જણાવ્યું કે "દેશને ઉન્નત કરવો હોય તો પ્રધાનમંત્રીથી લઇને સાધારણ સીપાઈ સુધીના લોકોના ઘરઘરમાં જઇને તેમની સ્થિતિ આપણે ધ્યાનમાં લેવી પડશે તથા કાયદાઓ બતાવીને તેમની સેવા કરવી પડશે. પોતા વિષે તેમણે જણાવ્યું કે "હું સટોડિયો છું. કરોડો રૂપિયાનો રોજ સટ્ટો ખેલું છું. હું જાણું છું કે આ પાપ છે. પણ જ્યાં સુધી સરકાર મારા પાસેથી ટેક્ષ લે છે અને આવી સગવડતા આવે છે ત્યાં સુધી મારો સટ્ટો કઈ રીતે અટકી શકે ? દરેકની ઉપર ઉત્પાદન શ્રમની જવાબદારી નાંખવી જોઇએ."

અધ્યક્ષના ભાષણે જૈન સમાજની માર્મિક સ્થિતિ ઉપર સારો પ્રકાશ પાડયો હતો તેમ જ સાધુઓની સ્થિતિ, પ્રકાશનો તથા પત્ર પત્રિકાઓની સ્થિતિ, સમાજ તથા તીર્થોની સ્થિતિ ઉપર પણ તેમણે સારૂં વિવેચન કર્યું હતું.

બહારથી પણ અનેક આદરણીય સંતો તેમ જ નેતાઓના સંદેશાઓ આવ્યા હતા. આચાર્ય વિનોબાજીએ જણાવ્યું હતું કે "જૈન સમાજે અહિંસા ઉપર જેટલો ભાર મૂકયો છે તેટલો ભાર કદાચ સત્ય ઉપર મૂકયો નથી. સત્ય ઉપર ભાર દેવાનું આજે અતિ આવશ્યક છે." તેમણે અહિંસા અને સત્યની શકિત વધારવા માટે ભૂમિદાન અને સંપત્તિદાનના યજ્ઞોમાં સામેલ થવા સૂચના આપી હતી. મુનિ સંતબાલજી, વિજય વલ્લભ સૂરિજી, વિદ્યાવિજયજી જેવા વિદ્વાન અને કર્મઠ મુનિઓએ પણ સંદેશાઓ મોકલ્યા હતા. શાહુ શાંતિપ્રસાદજી જૈન, કુંદન મલજી ફિરોદિયા વિ. ના પણ પ્રેરક સંદેશાઓ મળ્યા હતા, ભૂલદાણાના નિષ્ઠાવાન નેતા અને મધ્ય પ્રદેશના ભૂતપૂર્વ ડેપ્યુટી સ્પીકર શ્રી કાનડે શાસ્ત્રીનું અહિંસા ઉપર સુંદર પ્રવચન થયું હતું.

ભારત જૈન મહામંડળ જૈન સમાજની અસંપ્રદાયક તેમ જ સર્વોદયી સંસ્થા છે. આને લીધે આ સંસ્થામાં વાદવિવાદને ઠેકાણે કામની વાતો જ કરવામાં આવે છે અને ઠરાવો પણ એવા જ કરવામાં આવે છે કે જેનો તુર્ત જ અમલ થઇ શકે. આ દૃષ્ટિકોણ ધ્યાનમાં રાખીને અંદરોઅંદર ખૂબ ચર્ચા થઇ અને કુલ ૧૧ ઠરાવ પસાર કરવામાં આવ્યા. એક સંપ્રદાયના સાધુ સાધ્વીઓના ભાષણ અન્ય સંપ્રદાયમાં ગોઠવવામાં આવે, કોઈ પણ સાંપ્રદાયિક સંસ્થા અગર તો તીર્થનું દ્વાર સૌને માટે ખુલ્લું રહે, સર્વસંપ્રદાયને અનુકુળ પાઠયક્રમને પ્રમાણિત કરવામાં આવે, તુલસીગણીજીના અણુવ્રતી સંઘને અનુમોદન તથા સમર્થન, ભૂમિદાન તથા સંપત્તિદાનના યજ્ઞોમાં સહયોગની અપીલ તથા મહાવીર જયંતીના દિવસે છુટ્ટીની માગણી આ મુખ્ય પ્રસ્તાવો હતા.

રામકૃષ્ણ મીશનના શ્રી ભાસ્કરાનંદ સ્વામીનું 'ધર્મ શું છે ?' એ વિષય ઉપર અંગ્રેજી ભાષણ થયું હતું. ભૂલદાણામાં જીલ્લાશાખાની સ્થાપના કરવામાં આવી અને એમાં બે કાર્યો હાથમાં લેવાનો નિર્ણય કરવામાં આવ્યો. ભુલદાણામાં જનતા અને સરકારના સહયોગ દ્વારા એક સેનીટોરીયમ તૈયાર થઇ રહ્યું છે. તેની નિકટમાં એક ધર્મશાળા બનાવવી તથા ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કરવાવાળા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ દેવાનો પ્રયત્ન કરવો.

શેઠ સોહનલાલજી દુગડે મહામંડળને રૂા. ૨૫૦૦, ધર્મશાળા માટે રૂા. ૧૦૦૦, મધ્યભારતમાં સ્ત્રી સેવાને માટે અમેરિકાથી પાછા ફરેલા બહેન સુમન જૈનને ઉપયુંકત કાર્યને માટે રૂા. ૧૦૦૧ તથા ભૂલદાણાની અન્ય કેટલીક સંસ્થાઓને કેટલુક દાન કર્યું હતું.

વિષય સૂચ		પૃષ્ઠ
આધુનિક યુગના એક જીવનદૃષ્ટા: જે કૃષ્ણમૂર્તિ.....	અનુ૰ પરમાનંદ	૨૭
જૈન સમાજના વિવિધ પ્રશ્નોની એકતાલક્ષી સમાલોચના...	તારાચંદ કોઠારી	૨૮
પ્રકીર્ણ નોંધ : શાર્યમૂર્તિ સામળદાસ ગાંધી, લોકભારતીનું ઉદ્ઘાટન, એવરેસ્ટ પર પદારોપણ, વિશ્વશાન્તિની પુનઃ સ્થાપના તરફ, હિંદ અને પાકીસ્તાન વચ્ચે સમાધાનની આશા.	પરમાનંદ	૩૦
ભારત જૈન મહામંડળનું અધિવેશન...		૩૪
હિંસાશકિત, દંડશકિત અને લોકશકિત	વિનોબા ભાવે	૩૫
સ્થિતપ્રજ્ઞ	ગીતા કાપડીયા	૩૬

(૪)

હિંસાશકિત, દંડશકિત અને લોકશકિત

(ગતાંકથી ચાલુ)

કાર્યરચના

હવે આપણે કાર્યરચના પર આવીએ. એ બાબતમાં થોડા વિચાર પ્રગટ કરું. રચનામાં તો આપણે એક સર્વ સેવા સંઘ સ્વીકાર્યો છે અને બીજો સર્વોદય સમાજ. સર્વોદય સમાજનું નામ રહેશે, સર્વ સેવા સંઘનું કાર્ય ચાલશે. આ રીતે એકનું નામ અને બીજાનું કામ-આ બંને મળીને ચાલે તો સર્વ સેવા સંઘ એક શિથિલ સંસ્થા નહીં પણ મજબૂત સંસ્થા બનશે. અને સર્વોદય સમાજ શિથિલ અને અશિથિલ બંને પ્રકારની રચના રહેશે, બલ્કે તે અરચના રહશે. વિચારની સત્તા કબૂલ કરવાવાળી મંડળી બનશે.

સર્વોદય સમાજ વધુ વિચારપરાયણ કેમ બને એ દિશામાં વિચારવું જોઇએ. સર્વોદય સમાજમાં અનુશાસન કઇ રીતે વધુ સ્વીકાર્ય બને એ વિચારવાની જરૂર નથી. આપણે અનુશાસનને માનનારાઓનો સમાજ બનાવવા માગતા નથી પણ તે વધુ વિચારવાન કેવી રીતે બને અને વિચારની સત્તા તેના ઉપર કેવી રીતે ચાલે એ દિશામાં આપણે કાર્ય કરવું છે. જેટલા સર્વોદય સમાજના સેવકો અહીં ભેગા થયા છે અને જેઓએ પોતાનાં નામ લખાવ્યાં છે, ઉપરાંત જેઓએ નામ નથી લખાવ્યાં અને અહીં આવ્યા પણ નથી એ સૌના વિચારમાં એક પ્રકારની વિચારની સંગતિનું નિર્માણ થવું જોઇએ. એટલા માટે જ એક વાત હું આમજનતાના વિચાર માટે રજુ કરું છું કે પ્રચાર થવો જોઇએ અને ઘુમવું જોઇએ. બીજી વાત એ બતાવી રહ્યો છું કે સાહિત્યનો પ્રચાર થવો જોઇએ. તેનું ચિંતન-મનન થવું જોઇએ. સ્થળે સ્થળે આપણા વિચારનું બીજા વિચારો સાથે તુલનાત્મક અધ્યયન કરાવતા વર્ગો નીકળવા જોઇએ. આ રીતનું આયોજન આપણે સર્વોદય સમાજ માટે કરવું જોઇએ. અને સર્વ સેવા સંઘ એકરસ સંસ્થા બનવી જોઇએ. મારે કબૂલ કરવું જોઇએ કે આ દિશામાં ઇચ્છા રાખવા છતાં આપણે બહુ કરી શકયા નથી. મારા માનવા પ્રમાણે આપણે એવું ના કરી શકીએ તો આપણી પાસે જનતા જે અપેક્ષા રાખે છે તે પૂરી નહીં કરી શકીએ. પણ એક જ પુરાણા ઢાંચામાં જુદી જુદી સંસ્થાઓ કામ કર્યા કરશે. તેનાથી શકિત નિર્માણ નહીં થાય. હું એક દાખલો આપું. આપણા દોષ હું બીજા પાસે નહીં પણ તમારી સામે જ બતાવી રહ્યો છું. આ ખ્યાલથી થોડુંક દોષનું ઉચ્ચારણ પણ કરીશ. હિંદુસ્તાની પ્રચાર સમિતિ છે ત્યાં શું થાય છે? વિદ્યાર્થીઓ આવે છે. પહેલા આવતા હતા તેથી તો થોડા આવે છે. કારણ કે હિંદી અને ઉર્દૂ, નાગરી અને ઉર્દૂ બન્ને લિપિઓ શીખવાની વાત છે. તેને માટે વાતાવરણ આજે એટલું અનુકૂળ નથી. એથી જ પહેલાં કરતાં ઓછા છોકરાઓ આવે છે. પણ જેટલા આવે છે તે બે ભાષા અને બે લિપિ શીખવાનું કર્તવ્ય સમજે છે. પણ હું તો ઇચ્છું કે જો આપણો સમાજ એકરસ હોય તો હિંદુસ્તાની પ્રચાર સભામાં શિક્ષણ લેવા જે વિદ્યાર્થીઓ આવે છે તેમને માટે ચાર કલાક બેતીનું અને એક કલાક સુતર કાંતવાનું કામ આપવામાં આવે. એ પછી એકાદ કલાક રસોઇ વગેરે કામ કર્યા બાદ ૩-૪ કલાક ઉર્દૂ કે હિંદી જે શીખવું હોય તે શીખે. પણ આજે જે રીતે ત્યાં ચાલે છે એમાં શકિત નિર્માણ થાય એવું હું માનતો નથી. ઉર્દૂ અને હિંદી બન્ને શીખનારા થોડાક વિદ્યાર્થીઓ મળી જવાથી દેશની તાકાત વધવાની નથી. તમારો કાન કાપીને અને મારી જીભ કાપીને અહીં મૂકવામાં આવે તો તમે સાંભળી નહીં શકો, હું બોલી નહીં શકું. કારણ હું અને તમે સમાન છીએ એટલે હું બોલી શકું છું અને તમે સાંભળી શકો છો. એટલે હિંદુસ્તાની પ્રચાર સભામાં મુખ્ય કામ ચાર કલાકનું રહેશે-ઉર્દૂ અને નાગરી લિપિ શીખવવાનું. તો પણ બાકીના જીવનનો અંશ પણ આપણે તેમાં દાખલ કરવો જોઇએ. તો જ ઉર્દૂમાં તાકાત આવશે. આપણામાં જે લોકો અલગ અલગ કામ કરી રહ્યા છે તેમનામાં તાકાત કેમ નથી આવતી? અને જનસમાજમાં ક્રાંતિ કરવાની જે આશા આપણે રાખીએ છીએ તે સફળ કેમ નથી થતી? એનું એક કારણ મારા માનવા પ્રમાણે આપણો સંઘ અલગ અલગ કામ કરે છે તે છે. સૌ કામ તો સારું કરે છે પણ દરેકના દિલમાં એવો મોહ અને આગ્રહ રહે છે કે પોતે અલગ અલગ કામ કરતો રહે એ વધારે સારું છે. આ રીતે પોતે પોતાનું ખાસ કામ સારી રીતે કરી શકે છે અને બધા એક થઇ જઇશું તો વિકાસ ઓછો થશે. બધા એક થઇ જવાથી એકાગ્ર નહિ થવાય, સ્થિરબુદ્ધિ નહિ થવાય અને કામનો વેગ ઘટશે. આમ તે માનતો હોય છે પણ આ વિચારણા બરોબર નથી. હું કબૂલ કરું છું કે દરેક યોજનામાં ખામીઓ હોય છે અને ખૂબીઓ પણ હોય છે. પણ બધું મેળવીને જોઇશું તો માલૂમ પડશે કે સર્વ સેવા સંઘને એકરસ બનાવ્યા સિવાય આપણને શકિતનું દર્શન નહીં થાય. આટલું કાર્યરચના વિષે કહ્યું. હવે આખરમાં બેત્રણ કાર્ય જે આપણે ઉઠાવ્યાં છે તે અંગે થોડુંક વિવેચન કરીને સમાપ્ત કરીશ.

૧૯૫૭ સુધીમાં પાંચ કરોડ એકર જમીન

એક તો ભૂમિદાન યજ્ઞનું કાર્ય આપણે શરૂ કર્યું છે તે મારા મનમાં અને મારી જીભ ઉપર છે. એછામાં ઓછી પાંચ કરોડ એકર જમીન ભેગી થવી જોઇએ. અને આ કાર્યને આપણે ૧૯૫૭ પહેલા ખતમ કરવા માગીએ છીએ. જો આ કામમાં આપણે બધાં લાગી પડીએ-બધા એટલે સર્વોદય સમાજવાળા જ નહીં પણ કોંગ્રેસવાળા, પ્રજાસમાજવાદી વ. જેઓ આ વિચારને કબૂલ કરે છે-તો આ સવાલનો ઉકેલ આવશે. ૧૬ આના યશ મેળવીને આ કાર્ય કાનુન વગર પણ થઇ જાય અગર બાર આના કે આઠ આના યશ મેળવીને કાનુનથી પૂર્તિ કરવી પડે. (હું ભવિષ્યવેત્તા નથી.) જે કોઇ રીતે થાય પણ મુખ્યત્વે જનશકિતથી કાર્ય થવું જોઇએ. પુરેપુરું જો જનશકિતથી થાય તો હું નાચવા માંડું પણ બહુધા જનશકિતથી આ કાર્ય પાર પડશે તોપણ મને સંતોષ થશે. ૧૯૫૭ પહેલાં જો આટલું કરી શકીએ તો પછીથી જે ચૂંટણી થશે તે પક્ષોની વચ્ચે નહીં થાય. આ પક્ષોમાં સારી સંખ્યામાં સજ્જનો છે. આજે તો પરિસ્થિતિ એવી છે કે આ પક્ષમાં પણ સજ્જન અને પેલા પક્ષમાં પણ સજ્જન અને પરિણામે ભીષ્માર્જુન યુધ્ધ થઇ રહ્યું છે. આપણે તો રામરાવણનું યુદ્ધ જોઇએ. બન્ને પક્ષોમાં સજ્જનો છે તો પછી એક કેમ થઇ શકતા નથી? જો કોઇ એક કાર્યક્રમ ઉપર તેઓ સંમત થઇ શકે તો બીજા મતભેદો જલદીથી ઓછા થઇ જશે. કારણ કે આ કાર્યક્રમ બુનિયાદી છે. સમાજવાદીઓ કહે છે કે તમે અમારો કાર્યક્રમ ઉઠાવી લીધો તો હું કહું છું કે એ મને કબૂલ છે. એટલા માટે હવે મહેરબાની કરીને મદદ આપો. કોંગ્રેસવાળા કહે છે કે કાર્યક્રમ બહુ સારો છે, આપણે કરવો જોઇતો હતો. તો એમની પાસેથી પણ મારે તો મદદ જોઇએ. જનસંઘવાળા કહે છે કે તમારો કાર્યક્રમ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ છે એટલે સારો છે. આથી ભિન્ન ભિન્ન વિચારવાળા માણસો આ કાર્યક્રમને પસંદ કરે છે અને આપણે સૌ જો આ કામમાં

લાગી જાયએ તો આગામી ચૂંટણીઓમાં બહુ ભેદ ના રહે અને સારામાં સારા સજ્જનો ચૂંટાઈ શકે. એ પછીની સરકાર બહુ જ શકિતશાળી બનશે. પાંચ કરોડ એકર વિના મને સંતોષ નથી. પણ આગામી સાલ સુધીમાં ૨૫ લાખ એકર તો પૂરા થવા જોઇએ.

સંપત્તિ દાનયજ્ઞ

આની સાથે સાથે મેં એક બીજો કાર્યક્રમ શરૂ કર્યો છે જેનું નામ સંપત્તિ દાનયજ્ઞ છે. એના વિના ભૂમિદાન યજ્ઞ સફળ ના થઇ શકે. આર્થિક સ્વાતંત્ર્ય અને આર્થિક સામ્યનો આપણો કાર્યક્રમ એ વગર પૂરો થઇ શકે નહીં. પહેલેથી જ હું આ વાત જાણતો હતો. પણ બે વાતો એકદમ થઇ શકતી નથી. અને સંપત્તિ કરતાં ભૂમિનો સવાલ વધારે બુનિયાદી છે. આથી જ તેલંગણમાં ઈશ્વરનો સંકેત થતાં જ કામ શરૂ કરવાનું મને યોગ્ય લાગ્યું એટલે આરંભમાં ભૂમિની જ વાત કરી. પણ પછીથી જ્યારે બિહારની જમીનના સવાલના નિરાકરણની વાત આવી ત્યારે એમ લાગ્યું છે કે ભૂમિદાનયજ્ઞની સાથે સંપત્તિ દાન-યજ્ઞ પણ ચાલવો જોઇએ. તો જ આ સવાલનું નિરાકરણ થઈ શકે. આ વિશે હું લાંબુ વિવેચન કરવા માગતો નથી. પણ એટલું કહીશ કે સંપત્તિ આપણે એકઠી કરવાના નથી, તેમાં પણ કર્તૃત્વ-વિભાજન જોઇએ. જે માણસ સંપત્તિ આપશે તે આપણા નિર્દેશ મુજબ તેનો ઉપયોગ કરે એવી આપણી યોજના છે. સંપત્તિદાનયજ્ઞનો વ્યાપક પ્રચાર ભૂમિદાન યજ્ઞની જેમ ગામેગામ વ્યાખ્યાનો દ્વારા સામુદાયિક ધોરણે કરવાની જરૂર નથી. વ્યકિતગત પ્રયાસોથી પ્રેમથી જેને વાત થઈ શકે તેને કરવી જોઇએ. તેના હૃદયમાં અને તેના કુટુંબમાં આ વિચારોનો પ્રવેશ કરાવીને કાર્ય કરવું જોઇએ. અત્યાર સુધીમાં જેમણે દાન આપ્યું છે તેમણે પ્રતિવર્ષ કે જિંદગી સુધી આપવું જોઇએ એવી વાત છે. હમણાં ૪૦–૪૫ લોકોનાં નામો મારી પાસે છે. તેમનું લાંબુ વિવેચન કરવાને બદલે એટલું જ કહીશ કે તમારામાંથી જેમની પાસે થેલી હોય તેણે તે છોડવી જોઇએ અને મિત્રોમાં આ વાતનો પ્રચાર પ્રેમથી કરવો જોઇએ. આ રીતે બંને કાર્યો એકબીજાનાં પૂરક છે.

સૂતાંજલિ

આ બે કાર્યો ઉપરાંત એક ત્રીજી વાત જે આપણે કરવી છે તે સૂતાંજલિ છે. આ એક બહુ જ શકિતશાળી ચીજ છે. એની શકિતને હજુ સુધી આપણે પારખી શકયા નથી. બાપુની સ્મૃતિમાં અને શરીરશ્રમની પ્રતિષ્ઠા ખાતર અને દેશની લક્ષ્મી દેશમાં રાખવાની જવાબદારી હલ કરવા માટે સૂતાંજલિ સમર્પણ કરવી જોઇએ. આને હું સર્વોદયનો વેટ કહું છું. આ એક મોટી વાત છે. એમાં મુશ્કેલી એ છે કે ઘેરઘેર જવું પડશે. ગામેગામ જવામાં પણ કેટલી મુશ્કેલી છે. તો આ તો ઘેરઘેર જવાની વાત છે. આને હું મુશ્કેલી નથી સમજતો પણ આપણા કાર્યને પ્રોત્સાહન આપનારી વાત સમજું છું. આ નિમિત્તે ઘેરઘેર જવાની તક મળશે. તેથી આ કાર્યને ખૂબ વેગ આપવો જોઇએ. અને જે રીતે ૨૫ લાખ એકરની વાત કરીએ છીએ એ રીતે લાખો આંટીઓ પ્રાપ્ત કરવાની વાત કરીએ. શ્રમની પ્રતિષ્ઠા વધારવામાં એ બહુ ઉપયોગી છે. આજ સુધી જે સંસ્થાઓ ચલાવી તે પૈસાના આધાર પર ચલાવી છે અને જે પૈસાવાળા લોકો આપણા મિત્ર હતા, પ્રેમી હતા, સહાનુભૂતિ રાખતા હતા, જેમનાં હૃદય શુદ્ધ હતાં એવા લોકો આપણને મદદ કરતા હતા. પણ હવે જમાનો બદલાયો છે અને શ્રમનો યુગ શરૂ થયો છે. તેની પ્રતિષ્ઠા આપણે વધારવી છે. આથી દરેક પ્રાંતમાં જો એકાદ સંસ્થા એવી બનાવી શકીએ તો જરૂર બનાવવી જોઇએ કે જે શ્રમ ઉપર જ નિર્ભર હોય અને શ્રમનું જ દાન લે. આ સૂતાંજલિની વાત જો પ્રસરે તો આપણે તેજસ્વી કાર્યકર્તાઓનું નિર્માણ કરનારી સંસ્થાઓ ચલાવી શકીશું આ મારી એક યોજના છે.

સર્વોદય સંપ્રદાય નથી

મારા ભાઇઓ ! મેં વિચારવા જેટલા અંગ હતાં તે તમારી પાસે રજુ કર્યાં છે. સર્વોદય સમાજની સભાઓમાં આવીએ છીએ તો જીવનની ઘણી વાતોની ચર્ચા-વિચારણા વ. કરીએ છીએ. પણ મેં જે મુખ્ય વાતો બતાવી તેના ઉપર તમે વિચાર–ચિંતન મનન કરો અને એ દિશામાં એક સાલ આગળ વધીએ.

આખરમાં બે શબ્દ કહેવા માગું છું. આપણું કાર્ય એક સંપ્રદાયનું કાર્ય નથી. 'સર્વોદયવાળા' આવો શબ્દ આપણને સંભળાવો જોઇએ નહીં. આપણે માત્ર મનુષ્ય છીએ, માનવથી બીલકુલ ભિન્ન નથી. જો એમ ન બને તો આપણે સર્વોદય સમાજમાં કોઇ વિશેષ અનુશાસન ન રાખીએ તો પણ પાર્થિક બની શકીએ છીએ, સાંપ્રદાયિક થઇ શકીએ છીએ, બીજાથી અલગ પડી શકીએ છીએ. આમ હોવાથી જેમ અમુક કોંગ્રેસવાદી છે, અમુક સમાજવાદી છે એમ અમે સર્વોદયવાદી છીએ એવી ભાષા આપણા મોઢામાંથી નીકળવી ન જોઇએ. જે બીજા ત્રીજા નામ છે તે ચાલશે કારણ કે લોકો તેમને એ નામે ઓળખે છે અને તેમણે એ નામ ઉપર પોતાનો પક્ષ બનાવ્યો છે, અને તેથી તે નામની તેમને ઉપયોગિતા છે. પણ આપણે કોઇ એક પક્ષ નથી. જેને ત્રીજી શકિત કહે છે તે આપણે છીએ. ત્રીજી શકિતનો આજની વિશ્વની પરિભાષામાં એ અર્થ છે કે જે અમેરિકા બ્લોકમાં ન જોડાય અને બીજા બ્લોકમાં પણ ન જોડાય, પણ મારી ત્રીજી શકિતની પરિભાષા એ છે કે જે શકિત હિંસાની શકિતની વિરોધી છે અર્થાત્ તે હિંસાની શકિત નથી અને જે દંડશકિતથી ભિન્ન છે અર્થાત્ દંડશકિત નહીં એવી જે શકિત તે ત્રીજી શકિત. એક હિંસા શકિત, બીજી દંડશકિત, ત્રીજી આપણી શકિત—લોકશકિત. આને આપણે વ્યાપક કરવી જોઇએ. એનો સંપ્રદાય બનાવવો જોઇએ નહીં. પણ આપણે આમ-પ્રજા સાથે હળીમળીને માનવમાત્ર તરીકે રહેવું જોઇએ.

મારા ભાઇઓ ! તમે બહુ જ શાંતિથી મારું લાંબું વ્યાખ્યાન સાંભળ્યું તે બદલ તમારો ઉપકાર માનું છું અને તમને પ્રણામ કરીને સમાપ્ત કરું છું.

સમાપ્ત — વિનોબા ભાવે

સ્થિતપ્રજ્ઞ

(શિખરિણી)

નિહાળું હું લાખો સ્વરૂપ નવલાં કૈં રમણીનાં,
ગુલાબી ઓષ્ઠો ને નયન નમણાં કામણભીનાં.
સહુ મારી પાસે શરમ ત્યજી, લજ્જા દૂર કરી,
મને જોવાં દેતાં મુખ મલકતાં ગૌરવરણાં.
અને અંગે અંગે નિતનવીન શૃંગાર સજતાં
અનેરા લાલિત્યે ફરી ફરી મથે રમ્ય દિસવા.
સહુ માને કે હું "રૂપ અનુપ છે તારૂં !" વદતો;
પરંતુ આ લીલા – તપમહિં સ્થિતપ્રજ્ઞ શિવશો-
સદા ભાળું છું–હું અચળ અરીસો–મૌન ધરતો !

'કવિતા'માંથી સાભાર ઉધ્ધૃત — ગીતા કાપડિયા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ મુંબઈ ૨.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ નં. બી.૪૨૬૬

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ : ૧૪ : અંક ૧
પ્ર. જીવન વર્ષ : ૧ : ૫

મુંબઈ : ૧ જુલાઈ ૧૯૫૩ બુધવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

કાકાસાહેબનું મંગળ પ્રવચન

(તા. ૨૮–૫–૫૩ ના રોજ સણોસરા ખાતે લોકભારતીના ઉદ્‌ઘાટન–સમારંભના પ્રમુખસ્થાનેથી માન્યવર કાકાસાહેબ કાલેલકરે આપેલા ભવ્ય પ્રવચનનો પહેલો હપ્તો નીચે આપવામાં આવે છે. બાકીનો બીજો હપ્તો આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે. તંત્રી)

એક મહાન વૃક્ષનું બીજારોપણ કરવા માટે આજે આપણે આ પવિત્ર દિને અહીં ભેગા થયા છીએ. એવે વખતે દૃષ્ટિ જરા સિંહાવલોકન કરે એ સ્વાભાવિક છે. કહે છે કે સિંહ આગળ ફલાંગ મારે તે પહેલાં પોતે કેટલું અંતર કાપીને આવ્યો છે એ જોવા જરા નજર પાછળ ફેંકે છે. એને સિંહાવલોકન કહે છે.

આજથી લગભગ સો વર્ષ પહેલા અંગ્રેજે આપણા દેશમાં પોતાની વિદ્યાની વિદ્યાપીઠો સ્થાપતા હતા. મુંબઇ, મદ્રાસ અને કલકત્તા એ ત્રણ ઠેકાણે તેમણે એવી વિદ્યાપીઠો સ્થાપી. અને આપણી બૌદ્ધિક ગુલામી મજબુત કરવાના પ્રયત્ન કર્યા. એ વિદ્યામાં અમૃત પણ હતું અને ઝેર પણ હતું. આપણે એનો વિવેક કરી શકતા ન હતા. આપણે સ્વરાજનું આંદોલન શરૂ કર્યું અને ઝેર કયું અને અમૃત કયું એ થોડું થોડું ઓળખતા શીખ્યા. હજીએ વિવેક આપણામાં પુરેપુરો આવ્યો નથી. આજે જે નવી વિદ્યાનો પ્રારંભ કરીએ છીએ તેમાંથી એ શકિત આવવી જોઇએ. એ વિદ્યાના બીજની શોધ નાનાભાઇ જેવા ૩૦–૪૦ વરસથી કરતા રહ્યા. ભાવનગરમાં અનેક જાતના પ્રયોગો કરી અને ગાંધીજી જેવા પાસેથી પ્રેરણા મેળવી નાનાભાઇને જે કાંઇ સારરૂપ બીજ મળ્યું તે એમણે આંગલામાં વાવ્યું. લગભગ દસ વરસ સુધી ત્યાં એની ઉછેર કરી આજે તેઓ એનું ધરૂ અહિં સણોસરામાં વાવે છે.

નાનાભાઇ જે વિદ્યા અહીં વાવે છે તે પ્રાચીન વિદ્યાનું નવું સંસ્કરણ છે. પશ્ચિમમાંથી આપણને જે કાંઇ સારું મળ્યું, અને આટલા વરસના અનુભવને અંતે આપણને જે હિતકર દૃષ્ટિ મળી છે તે બધાનો આમાં સમાવેશ થાય છે. જૂની પરંપરા આંધળાની પેઠે આગળ ચલાવીએ એવા આપણે નથી. નાનાભાઇ તો નથી જ.

અંગ્રેજોએ જે વિદ્યા પોતાના દેશમાં કેળવી અને જે વિદ્યા તેઓ અહિં લઈ આવ્યા તે અદ્‌ભુત હતી, સાહસિક હતી. જાતજાતના પ્રયોગો કરી જ્ઞાનના ક્ષેત્રો વધારનારી હતી, પણ એનાં પાયામાં પ્રજાદ્રોહ, માનવતાદ્રોહ હતો. તેથી એમની જાહોજલાલીનો આટલો જલ્દી અંત આવ્યો. અધર્મથી માણસ ઝપાટાબેર આગળ વધે છે. બુધ્ધિશકિત હોય, સંગઠનશકિત હોય અને એની સાથે ધર્માધર્મનો વિવેક ન હોય તો માણસ તીવ્ર ગતિએ આગળ વધે છે. પણ એ જ કારણે એનાં મુળીયાં સડવા માંડે છે, અને એ સર્વનાશ વહોરી લે છે.

વિશ્વભારતીના પુરોધા રવીન્દ્રનાથ ઠાકોર મહાભારતનો આ શ્લોક ટાંકતા કંટાળતા ન હતાઃ—

વર્ધતિ અધર્મેણ નરઃ, તતો ભદ્રાણિ પશ્યતિ ।
તતસ્સપત્નાન્ જયતિ, સમૂલસ્તુ વિનશ્યતિ ॥

ધરનો કે બહારનો કોઈપણ પ્રકારનો દ્રોહ કરીને આપણે આગળ વધવાના નથી. વધીશું તો તે આપણને સદવાનું નથી. એટલો બોધ અંગ્રેજી સામ્રાજ્યની ચડતીપડતીનો ઇતિહાસ નજરે જોઈ આપણે તારવી શકીએ છીએ. પશ્ચિમની ગોરી સભ્યતાએ દુનિયાની ભિન્નવર્ણી પ્રજાઓ પર ફેર વર્તાવ્યો, પણ સાથે સાથે એને પોતાની વિદ્યા પણ આપી. હવે એ સંસ્કૃતિ પોતાનાં જ સામર્થ્યની પરાકાષ્ટા જોઇ ધ્રૂજવા માંડી છે.

હવે આપણે પ્રજાદ્રોહ અટકે એવી વિદ્યા અને એવી સંસ્કૃતિનો પ્રારંભ કરવો છે. આપણે ત્યાં આપણી સંસ્કૃતિમાં પણ આંતરિક પ્રજાદ્રોહ ઓછો નથી. આપણે ત્યાં ઉચ્ચવર્ણી લોકોએ બીજા વર્ણોને ધરાદાપૂર્વક દબાવી રાખ્યા. એ અધર્મ પોતાને ન નડે એટલા માટે બ્રાહ્મણવર્ણે રાજ્યાધિકાર અને સંપત્તિથી દૂર રહેવાનો આદર્શ સ્વીકાર્યો. પણ એ અધર્મ એમને પણ નડ્યા વગર રહ્યો નહીં. આપણે માણસમાણસ વચ્ચે ઉચ્ચનીચ ભાવ કેળવ્યો અને એ મહાપાપને ધાર્મિક માન્યતાનું પીઠબળ આપ્યું. પરિણામે આપણે ત્યાં આપણી માનવસંપત્તિ આપણે માટે બોજારૂપ બની ગઇ. લોકસંખ્યા એટલે રાષ્ટ્રનું ખરેખર જીવતું જાગતું બળ, એ અજ્ઞાન દશામાં રહેવાથી આપણને શાપરૂપ થઇ ગયું. આજે દેશમાં અન્નની જરૂરિયાત વધી છે. અને ખેતીની અવદશા થઇ છે. આની પાછળ અજ્ઞાન અને શોષણનો સો વરસનો ઇતિહાસ છે.

પાછળનું તો આપણે જાણતાં નથી, પણ છેલ્લા હજાર વર્ષથી તો આવું જ ચાલતું આવ્યું છે. આ સ્થિતિ બદલાય એવી વિદ્યા હવે કેળવ્યે જ છૂટકો.

અત્યાર સુધી આપણે સ્વદેશી અને પરદેશી સમ્રાટોનું રાજ્ય ચલાવ્યું. હવે આપણે જોઈ શકવા જોઇએ કે પરમસમ્રાટ તો માનવ પોતે છે. એનો દ્રોહ કર્યો તે હવે ધોઇ કાઢવો છે. એ પાપ ગંગાજળથી નહીં ધોવાય પણ પર–સેવાના જળથી જ ધોવાય. શરીર–પરિશ્રમનાં પુણ્યજળથી આપણી નવી સંસ્કૃતિનું હવે આપણે સીંચન કરીએ.

આપણા પૂર્વજોએ જાણેલા એવા સિદ્ધાંતનું આપણે ફરીથી પાલન કરવું જોઇએ. આપણી આ નવી કેળવણી રાજ્યસત્તાને સ્વાધીન ન રહેવી જોઇએ, રાજ્યસત્તા–પછી એ ગમે કોઈ હોય તોયે–રાજ્યસત્તા છે એટલાં માટે જ [illegible]

વસ્તુઓ ન કરી શકે. એ એની આંતરિક મર્યાદા છે.

આજે જેમ ન્યાયદાનની વ્યવસ્થા સરકારથી પર હોય છે, તેમ જ કેળવણીનું પણ હોવું જોઇએ. કાયદાઓ ભલે સરકારદ્વારા ઘડાતા હોય, ન્યાયાધીશો ભલે સરકાર તરફથી નીમાતા હોય, એમની આજીવિકા પણ સરકાર તરફથી ભલે મળતી હોય, પણ એમ હોવા છતાં રાજસત્તા ઉચ્ચ ન્યાયાધીશો ઉપર અંકુશ રાખી શકતી નથી. કેળવણીનું પણ એમ જ થવું જોઇએ. સ્વરાજસરકાર વિદ્યાદાન માટે બધી સગવડો ઊભી કરી આપે, પણ કેળવણીનું તંત્ર સરકારના હાથમાં ન જ હોવું જોઇએ. એ તો ક્રાન્તદર્શી, પ્રજાહિતપરાયણ, ચારિત્ર્યશીલ કેળવણીકારોના હાથમાં જ રહેવું જોઇએ.

અહિં એક ચેતવણી આપવાની જરૂર રહે છે. સ્વરાજની સ્થાપના થયા પછી કેટલાયે વિદ્વાનો પોતાને કેળવણીકાર ગણાવી સરકારને કહેવા લાગ્યા છે કે "કેળવણીનું અમારું બજેટ તમે પાસ કરો અને કેળવણીનું આખું તંત્ર અમને સોંપી દો." એમનો અધિકાર તપાસવાના દિવસો આવ્યા છે.

સ્વરાજની લડત ચાલતી હતી ત્યારે જેઓ દૂર રહ્યા, આપણી સંસ્કૃતિમાંથી જેમને સારૂં એવું કશું જ જડયું નહી, મોટા મોટા પગારો લેવા, પેન્શનની જોગવાઇ છે કે નહિં તેની ખાત્રી કરી લેવી, ઓછામાં ઓછા કલાક કામ કરવું, અને સામાન્ય પ્રજાનો તિરસ્કાર કરવો, એટલું જ કામ જેમણે કર્યું છે, એમના હાથમાં આ કેળવણી જાય તો ૩૦-૩૦ વરસની તપસ્યાથી ગાંધીજીએ જે રાષ્ટ્રીય ચારિત્ર્ય કેળવ્યું અને રાષ્ટ્રશક્તિ સંગઠિત કરી અને સ્વરાજ આપણા હાથમાં આવ્યું, તે ત્રણ વર્ષમાં ખોઈ નાંખતાં આ લોકોને વાર નથી લાગવાની. અંગ્રેજી વિદ્યાના આ ગુમાસ્તાઓ અંગ્રેજીમાં જ ભણાવી શકે છે, અંગ્રેજીમાં જ ચોપડી લખી શકે છે એટલા માટે ચાળીસ કરોડની જનતાએ અંગ્રેજી મારફતે જ કેળવણી લેવી જોઇએ! અને એમની વિદ્યાનો સાર શો? પશ્ચિમના લોકોએ શું શું વિચાર્યું છે, એનો સાર કાઢી આપવો એટલું જ એમનું કામ.

અમારા એક પ્રોફેસર હતા. બહુ ભલા. એમને વિષે મને માન છે. એક વાર એમણે પશ્ચિમના અનેક તત્ત્વજ્ઞાનીઓના સિધ્ધાંતનું સુંદર પૃથક્કરણ કરી આપ્યું. અમે ખુશ થઇ ગયા. પણ એમના દુર્દૈવે એક વિદ્યાર્થીએ ઉઠીને પૂછ્યું "પણ, સર, આપને પોતાને એમાંથી કયું સાચું લાગે છે?" આવા સવાલ માટે એમની તૈયારી ન હતી. એમને પરસેવો છૂટયો અને એટલું જ કહી શકયા. "well, each one is right in his one way." અને એ જવાબ પણ કંઈ નવો ન હતો. એડિસનનો સર રિચર્ડ ડ કોવલે ડગલેને પગલે કહે છે કે "well, much might he said on both sides"

એટલા માટે જ કહું છું કે જેઓ સદાચારી છે, પુરૂષાર્થી અને પ્રયોગપરાયણ છે, પ્રજાહિતનું અર્થશાસ્ત્ર જાણે છે, પ્રજાજીવન સાથે મળીને રહી શકે છે, તેજસ્વી વિદ્યાનું અનુશીલન કરે છે, અને ભવિષ્ય માટે માનવહિતની યોજનાઓ ઘડી શકે છે એવા કેળવણીકારના હાથમાં કેળવણીનું તંત્ર સોંપાવું જોઇએ.

સૌરાષ્ટ્રમાં આને માટે અનુકૂળ પરિસ્થિતિ છે. અહિ પ્રજાસેવામાં જોડાયેલા કાર્યકર્તાઓ અને પ્રજાનો વિશ્વાસ મેળવી રાજ્યતંત્ર ચલાવનારા રાજ્યકર્તાઓ વચ્ચે સંઘર્ષ નથી. નાનાભાઇ જેવા કેળવણીકારો પ્રત્યે સૌરાષ્ટ્ર સરકારનો વિશ્વાસ છે. બીજી બાજુ જોઉં છું તો ભીમજીભાઈ પટેલ જેવા અભણ ખેડુતોના પ્રતિનિધિઓનો પણ આ નવી કેળવણી પર અનુભવે વિશ્વાસ બેઠો છે. આવી સ્થિતિમાં નાનાભાઇ જેવા કેળવણીકારોનું એક બોર્ડ નીમી તેના હાથમાં તમામ કેળવણીની વ્યવસ્થા સોંપી દેવી જોઇએ. રાજતંત્ર શું અને કેળવણીનું તંત્ર શું? એમાં પશ્ચિમની જટિલતા ન આવવી જોઇએ.

હવે આ નવી કેળવણીમાં કઇ કઈ વસ્તુઓ આવે છે તે જરા જોઇશું. ખેતી અને અન્ન ઉત્પાદન એ તો સૌથી પ્રથમ હોવું જ જોઇએ. અન્નં બહુ કુર્વીત। એને માટે ભગીરથ વિદ્યા–Irrigationની વિદ્યા–પણ કેળવવી જોઇએ. નદી અને નહેરો અને તળાવો દ્વારા જમીનનો બધો જ ભાગ ખેતી તળે આણવો જોઇએ. નદીનાં પાણીનું એક ટીપું પણ સમુદ્રસુધી શા માટે જાય? જ્યાં વહાણવટાની જરૂર હોય ત્યાં જ નદી સમુદ્ર સુધી પહોંચે એવી વ્યવસ્થા હોવી જોઇએ. જમીનનો એક કટકો પણ ઓળે ન જાય. આકાશમાંથી પડતું તમામ પાણી વપરાય. ખાતર માત્રનો સદુપયોગ થાય અને માણસની શકિતનો વધારેમાં વધારે ઉપયોગ થાય એવી વિદ્યા અહિં કેળવવી જોઇએ.

આમાં વિજ્ઞાનની ઉપેક્ષા આપણે નહીં જ કરીએ. વિજ્ઞાનને હું ઇશ્વરશકિતનો જ એક પ્રકાર ગણું છું. આ વિવિધ સૃષ્ટિ ચલાવતા ઇશ્વરને કહો કે કુદરતને કહો–શું શું સુજ્યું છે એ બધું જાણી લેવું એનું નામ તે વિજ્ઞાન. ઇશ્વરને કેટલા હાથ છે અને એ હાથમાં કયા કયા આયુધો છે એના સ્તોત્રો ગાવાથી હવે નહીં ચાલે. કુદરતમાં પ્રગટ થતી ઇશ્વરની બધી શકિતઓ અને એના બધા સાધનો આપણે જાણી લેવા જોઇએ. અજ્ઞાન, વહેમો અને રગશીયાપણું એ આપણી કે કોઈ પણ સંસ્કૃતિની વિશેષતા ન જ હોઇ શકે. અણિશુદ્ધતા અને કુશળતા એ આપણી વિદ્યાનું મુખ્ય લક્ષણ થવું જોઇએ. જે જમાનામાં હવાઈ જહાજના પૈડાંઓ એક ઇંચના હજારમાં ભાગની ભૂલ પણ સહન કરી શકતા નથી, તે જમાનામાં ધૂળના રસ્તા ઉપર ચાલતા આપણા ગાડાંઓના પૈડાંઓ માથું ધુણાવતા ચાલે એ કેમ જ સહન થાય? પૈડાંઓ તો બીચારા માથું ધુણાવી ધુણાવીને કહે છે કે આ પ્રકાર હવે નહીં જ ચાલી શકે.

વિજ્ઞાન (ભૌતિકશાસ્ત્ર) અને યાંત્રિક કૌશલ્ય કેળવીને એને આધારે આપણે ગ્રામોદ્યોગો ખીલવવા જોઇએ અને નાનામોટા પ્રદેશોને સ્વાવલંબી અને સ્વયંપૂર્ણ કરવા જોઇએ.

બીજી એક મહત્ત્વની વાત અહીં રજુ કરવા માગું છું. આપણે શોષણહીન, અહિંસાપરાયણ સમાજની સ્થાપના કરવા માગીએ છીએ. એમાં આપણી અહિંસાની જૂની કલ્પનાઓ કામ નહીં આવે. જૂની કલ્પના પ્રમાણે આપણે જીવમાત્ર પ્રત્યે દયાભાવ કેળવ્યો. જીવન પ્રત્યે પવિત્રતાનો ભાવ પણ કેળવ્યો. પણ માણસનાં વ્યક્તિત્વ પ્રત્યે આદર ન કેળવ્યો. તેથી આપણી અહિંસા નિર્વીર્ય રહી. સામાજિક અન્યાય પ્રત્યે આપણે ચીઢ કેળવી ન શકયા. જેને આપણે દયા કહીએ છીએ એ ખરૂં જોતાં તિરસ્કારનું જ એક સૌમ્ય રૂપ છે. ભિખારી બારણે આવી કરગરે એટલે એની આગળ આપણે રોટલાનો એક કકડો ફેંકી દઇએ છીએ. એ છે આપણી જીવદયા. ગરીબના પ્રત્યે તિરસ્કાર બતાવી એને જીવાડવા કરતાં એનું ખૂન કર્યું હોય તો તેમાં ઓછી હિંસા અને ઓછું પાપ છે. ભિખારીને એકું ખાવાને આપવું એની અંદર શું ખરેખરી જીવદયા કે અહિંસા છે? ભિખારીથી કંટાળીને બચી જવા માટે એને કંઇ પણ આપવું એમાં માનવતા નથી. એ આપણો ભાઇ છે એમ સમજી એને અપનાવવો, ભાઇને કેળવીએ તેમ એને કેળવવો, અને એનામાં સ્વમાનની વૃત્તિ જાગૃત કરવી એ આજનું મુખ્ય કામ છે. વ્યકિતત્વ પ્રત્યે આદર એ જ ખરી અહિંસા છે.

આપણે

કાકા કાલેલકર

સમ્યક્ ચારિત્ર્યની આરાધના

(આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીએ ૬૬ વર્ષનો દીક્ષાપર્યાય પૂરો કર્યો તેને અનુલક્ષીને મુંબઇના જૈન સમાજે જુન માસની તા. ૨૭ તથા ૨૮ મીના રોજ સમ્યક્ ચારિત્ર્ય મહોત્સવ ઊજવ્યો હતો. ભાયખલાના જૈન મંદિરમાં આ મહોત્સવના પ્રથમ દિવસની સભામાં શ્રીમાન સાહુ શ્રેયાંસપ્રસાદ જૈન પ્રમુખસ્થાને બીરાજ્યા હતા અને બીજા દિવસની સભામાં મદ્રાસવાળા શેઠશ્રી લાલચંદજી ઢઢ્ઢા પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. આ પ્રસંગે પ્રસ્તુત મહોત્સવ સમિતિના પ્રમુખ શેઠ કાંતિલાલ ઇશ્વરલાલે સભાજનોનું સ્વાગત કરતાં નીચે મુજબ વ્યાખ્યાન આપ્યું હતું. તંત્રી)

શેઠ કાંતિલાલ ઇશ્વરલાલનું સ્વાગતવ્યાખ્યાન

આજે પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજના ચારિત્ર પર્યાયને છાસઠ વર્ષ થતાં આપણે હીરક મહોત્સવ ઉજવવા ભેગા થયા છીએ તે પ્રસંગે આપનું સ્વાગત કરતાં મને અતી હર્ષ થાય છે. ચારિત્ર પર્યાયના છાસઠ વર્ષ પૂર્વે પણ તેઓનું સત્તર વર્ષનું સંસારીક જીવન નિર્મળ ને નિર્દોષ હતું. તે વર્ષો ઉમેરતાં લગભગ ત્યાસી વર્ષના આ ચારિત્રશીલ પુણ્યાત્માને આપણા અનેક વંદન હોજો.

આપણો આર્યાવર્ત એટલે અધ્યાત્મવિદ્યાનું શિક્ષણધામ અને સંયમની વિદ્યાપીઠ. ભારતની ધર્મભૂમિમાં જે પવિત્ર સંત-પરંપરાનો અખંડ પ્રવાહ ફેલાયો છે તેમાં આચાર્યશ્રીનું એક વધુ નામ ઉમેરાતાં આપણે નૈતિક દૃષ્ટિએ વધુ શ્રીમંત થયા છીએ. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે પશ્ચિમની સંસ્કૃતિ પાંચ પચાસ વર્ષમાં તૂટી જશે કારણ કે તે સંસ્કૃતિને આધ્યાત્મિક પાયો નથી. ભારતીય સંસ્કૃતિને તો આધ્યાત્મિક પાયો છે. આત્મભાવના અને તેને જીવી જાણનાર આપણા આવા ઋષિ સંતો અને આચાર્યોથી ભારત વિશ્વમાં અનોખી પ્રતિષ્ઠા મેળવી રહ્યું છે.

પૂજ્ય આચાર્યશ્રીના દિક્ષા પર્યાયનો શુભ આરંભ જ્યારે હું યાદ કરું છું ત્યારે મારું હૃદય ભેવડું પ્રફુલ્લિત થાય છે. આ મહાન પુણ્યાત્માની દિક્ષા મારા જન્મવતનમાં થયેલી હોઇ એક રાધનપુરના વતની તરીકે આ પ્રસંગમાં હું વિશેષ ઉમંગ અને ગૌરવથી જોડાઉં છું.

ચારિત્ર્ય શબ્દ માત્ર સાડાત્રણ અક્ષરનો છે પણ ભલભલા ઋષિ મુનિઓને એ શબ્દે થકાવ્યા છે. કારણ, ચારિત્ર્ય એ દુષ્પ્રાપ્ય છે. ઇંદ્રાસન જીતનાર તપસ્વી .પણ સ્વર્ગીય આકર્ષણો પાસે નમી પડે છે. અન્ન, વસ્ત્ર ને ઘર ચારિત્ર્યશાલીને ગળું ટૂંપાવતી સજ્જડ ગાંઠ લાગે છે ને તે તોડીને તે નિર્ગ્રંથ થાય છે. માન-અપમાન, સુખદુઃખ, લાભ-નુકસાન આ બધું તેના મરેલા મનમાં નજીવી હિલચાલ પણ ઉત્પન્ન કરતું નથી. આવી આ સાધના કઠીન છે. આદર્શનો સ્વીકાર ને સાધના સાધકનુ લોહી સૂકવીને જ થાય. આ ચારિત્ર્ય માટે કેટલું તપ, કેટલી જાગૃતિ ને કેટલો સંયમ રાખવો પડયો હશે તેનો સહેજ ખ્યાલ આવે તો આવા સમારંભની મહત્તા સમજાય. ખાવા પીવા ને ઊંઘવામાં સંતોષ પામનાર આપણા જેવા આ ચારિત્ર્ય મહોત્સવનું રહસ્ય બહુ મુશ્કેલીથી સમજી શકે. સંસારનાં ભયોની ચોકી કરી આમ અખંડ સત્યોપાસના કરનારને આપણે વંદીએ છીએ.

સમાજમાં શિક્ષણ સદ્વિદ્યા ફેલાવીને જૈનોમાં એક પ્રકારનું સંસ્કાર જીવન ઘડનાર તેઓ છે. કોઇ એકજ વ્યક્તિની પ્રેરણાથી આટલા ગુરૂકુળો, હાઇસ્કુલો, કન્યાશાળાઓ, વિદ્યાપીઠો, લાયબ્રેરીઓ તથા કોલેજો સ્થપાઇ હોય તેવું બન્યું નથી. આજથી ચાલીસ પચાસ વર્ષ પહેલાનો સમાજ કેળવણી પ્રત્યે ઉપેક્ષા રાખતો હતો ત્યારે આ આચાર્યશ્રીએ વૈરાગ્યભૂમિ પર ઉભા રહીને જમાનાની માગણી સમજ્યા ને સમાજને દુનિયા સાથે ઉભો રાખ્યો.

તેમનું વ્યક્તિત્વ આટલું બધું મહાન એટલા માટે છે કે તેઓ સાધુ બનીને સંસારને વધુ સુખી ને સમૃદ્ધ બનાવી રહ્યા છે. સાધુ થઇને તેમણે જગતનો વિરોધ નથી કર્યો પણ જગતને પોતામાં સમાવ્યું છે. સાધુતા ને સંસારનો સમન્વય કેવલ જે વિરકત કર્મયોગી હોય તે જ કરી શકે. આચાર્ય વલ્લભસૂરિએ સાધુની એકાંત ગુફા તથા શ્રાવકોના ઉદ્યોગગૃહનો સમન્વય કર્યો છે. અધ્યાત્મિક સત્ય ને લોકજીવનનો સુમેળ સાધ્યો છે. શ્રાવકો માત્ર તત્વાર્થસૂત્ર કે યોગશાસ્ત્ર વાંચે ને ભણે તેની જ ચીંતા તેઓએ માત્ર નથી રાખી પણ શ્રાવકોને ખાવાના સાધનો શું છે, કયાં રહે છે, શું પહેરે છે અને કઇ જીવનપદ્ધતિએ કૌટુંબિક વિકાસ સાધે છે એ સઘળી ચીંતાઓ તેઓએ રાખી છે. આથી જ શ્રાવકો તેઓને માત્ર સંઘની એક પુજ્ય વ્યકિત તરીકે જ નહિ પણ અંતરના જીવનસાથી તરીકે સ્વીકારે છે ને તેમની અમૃત વાણીને સંઘની પ્રગતિનું બળ માને છે. આ તેઓની દીર્ઘ દૃષ્ટિ છે કારણ શ્રાવકને ભૌતિક દૃષ્ટિએ સુખ-સગવડો આપીને તેઓ સંઘની નૈતિક સલામતિ સ્થાપી રહ્યા છે. સંઘ, સાધુ કે તીર્થ એ બધાના વિકાસની શરૂઆત તે શ્રાવકપણું અથવા તો શ્રાવિકાપણું છે. શરૂઆત મજબૂત ને સદ્ધર હશે તો મધ્ય ને અંત પૂર્ણ હશે જ. આધ્યાત્મિક જીવનના આરંભરૂપ શ્રાવકોમાં તેજસ્વીતા ને કુશળતા હશે તો તેના મધ્ય અને અંત રૂપ સાધુ સંઘ કે તીર્થ સંપૂર્ણ સંતોષજનક જ હશે. શ્રાવક જ્યાં સુધી થૂસ્લ જગતની મુંઝવણોમાં રીબાતો ને સડતો હોય ત્યાંસુધી આધ્યાત્મિક ઉત્કર્ષની વાતોને નક્કર સ્વરૂપ આપવાની હોંશ જોઇએ તેટલી બળવાન નથી રહેતી. આચાર્યશ્રીએ શ્રાવકોના સ્થૂલ પ્રશ્નોનો વ્યવહારૂ ઉકેલ બતાવીને નૈતિક સત્યો તરફ જવાનો માર્ગ સૌ માટે વધુ સરલ ને સલામતીભર્યો કર્યો છે. શ્રાવક-શ્રાવિકાના આ ઉત્કર્ષ ફંડો પાછળ તેમની આ જ મંગળમય કામના છે.

પૂજ્ય આચાર્યશ્રી એ ખાનગી વ્યકિત નહીં પણ હવે તેમનો આત્મા એક સર્વવ્યાપી સંસ્થા જેવો બન્યો છે. એટલે આજના હીરકમહોત્સવના નામે વ્યક્તિ કરતાં તેમના ગુણોને વધુ માનીએ છીએ. વ્યકિતગત પૂજામાં ચિત્ત સંકોચાઇ જવાનો ભય રહે છે અને ચિત્તને વિકાસ પામવામાં અનેક આડખીલીઓ ઉભી થાય છે એટલે એમના ગુણોને કેન્દ્રમાં રાખીએ તો વ્યકિત આપોઆપ તેના પ્રતિનિધિ તરીકે આવી જાય છે.

જો કે આજનો પ્રસંગ મૂળ તો આચાર્યશ્રીની લાંબી સંયમયાત્રા નિમિ-તે અભિનંદન આપવાની દૃષ્ટિએ યોજાયેલ છે પણ અમારી કમિટિએ એ સંયમયાત્રાને માત્ર વ્યક્તિગત રૂપ ન આપતાં તેની સાર્વજનિક દૃષ્ટિએ મિમાંસા કરવાનું ઉચિત ધાર્યું, આથી મૂખ્ય લાભ એ થયો કે પૂજ્ય કેદારનાથજી અને બીજા સુવિચારકો અમને મળી આવ્યા, તેઓ આજે જે કહેશે તે વ્યાપક ભાવનાથી કહેવાના અને બધા જ આમંત્રીત સદ્ગૃહસ્થો ચારિત્ર્યની જુદી જુદી બાજુ સ્પર્શવાના. અહીં જેઓ પરંપરાએ જૈન હશે તેમને વકતાઓના વ્યાપક અનુભવ મળશે અને તેઓ જોઇ શકશે કે તાત્વિક દૃષ્ટિએ ચારિત્ર્ય એ કોઇ એક પરંપરા અગર કોઇ એક સીમામાં બંધાયેલ ગુણ નથી પણ ચારિત્ર્ય એ મૂખ્યપણે આત્મગત સદ્ગુણ હોઇ જે પ્રયત્નપૂર્વક તેને વિકસાવે તે એ સદ્ગુણ કેળવી શકે છે. જે સદ્ગુણને નથી જાતિનું

બંધન, નથી દેશ કે વેશનું બંધન. એ સદ્‌ગુણ જેમાં હોય તે બધુ શોભી ઊઠે છે.

જેઓ અહિં જૈને તર હશે તેમને જૈન પરંપરા કઇ રીતે ચારિત્ર્ય વિષે વિચારે છે અને ચારિત્રગુણને જૈનો કેટલું મહત્વ આપે છે એ કંઇક સમજશે. આ રીતે આજનો પ્રસંગ માત્ર વ્યકિતક ન રહેતાં સદ્‌ગુણલક્ષી હોઈ સાર્વજનિક પ્રસંગ બની જાય છે. તેથી કવિવર ભવભૂતિએ કહ્યું છે કે સદ્‌ગુણ એ જ પૂજાસ્થાન છે, જાતિ, વય કે લિંગ વિગેરે નહીં 'गुणाः पूजास्थानं गुणिषु, न च लिंगं न च वयः' આવા પ્રસંગથી સાંપ્રદાયિક પરંપરામાં એક નવું વાંચ્છિત પ્રકરણ શરૂ થાય છે અને તે તે જ કે સર્વ સાધારણ સદ્‌ગુણોનું સ્વરૂપ વિચારવા અને તેને અમલમાં મૂકવાની રીતો જાણવા માટેની આજની વધતી જતી જિજ્ઞાસા સંતોષાય છે અને માત્ર બાહ્ય ખોખામાંથી ઉપર ઊઠી સમાજ વિચાર કરતો થાય છે. અમે આ જ કારણે આ પ્રસંગનું ગૌરવ સમજીએ છીએ.

જૈનધર્મ મૂખ્યપણે ચારિત્રગુણનો જ આદર કરે છે. જૈનધર્મ માને છે કે બીજા બધા સદ્‌ગુણો ચારિત્રની પાછળ આવી જ જાય છે. ચારિત્રની અનેક બાજુઓ છે અને એના અધીકારભેદે અનેક ચડતા ઉતરતા સોપાન પણ છે. એ દિશામાં સાચો પ્રયત્ન કરનાર બધી જાતની સિદ્ધિઓ મેળવે છે.

આજના સમારંભના પ્રમુખ શ્રી શાહુ શ્રેયાંસપ્રસાદજી આપણને મળ્યા છે, તેથી આપણને ખૂબ પ્રોત્સાહન મળ્યું છે. મંત્રીઓ તરીકે પણ જુદા જુદા ફીરકામાંથી આપણે ચેળવી શકયા છીએ. આ રીતે દરેક ફીરકાનું સંગઠન પ્રસંગોપાત સાધતા રહીએ તો એકબીજાનું અંતર ખૂબ ઘટી જાય. આ દરેક મહાશયોના આપણે આભારી છીએ. છેવટમાં આપ સર્વનું હું ફરી એક વખત સ્વાગત કરું છું અને પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરું છું કે જે મહાપુરૂષની જીવનગાથાના અમો આજે ગુણગાન ગાઇ રહ્યા છીએ તે માર્ગે જવાની મહાન શકિતનું અમને ભાન થાય.

સભાપતિ શ્રેયાંસપ્રસાદજીનું વ્યાખ્યાન

ભારતની સાંસ્કૃતિક વિચારધારાના પ્રવર્તક તો સન્તજનો જ છે. એમની પ્રેરણાથી જ શાસન અને સમાજવ્યવસ્થા નિર્મિત થઈ આવી છે. જ્યારે જ્યારે સાધુજનોનો પ્રભાવ ઓછો પડયો છે ત્યારે ત્યારે શાસન અને સમાજ, અસ્તવ્યસ્ત થઈ ગયો છે, અને જો સંતોમાં વિષમ સાંપ્રદાયિકતા ન આવી હોત તો દુનિયાનો નકશો આજે કંઇક જુદો જ હતે–સંત જ સત્ય, અહિંસા અને પ્રેમનો સંદેશ આપનાર પરમ ધામ છે. દરેક જમાનામાં દુનિયાના દરેક મુલકમાં સંતો દ્વેશ અને અનાચાર સાથે લડતાં આવ્યા છે, અને પ્રેમ અને સદાચારનું અમૃત પાતાં આવ્યા છે. આ ત્યાગીગણ ભૂલીભટકી જનતાને માર્ગદર્શન કરાવે છે એ ભારતનું એક અહોભાગ્ય છે. હું માનું છું કે આપણા પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી આવા સન્તોમાંના એક છે. તેમના આ સમ્યક્ ચારિત્ર્ય મહોત્સવ ઉપર હું તેમને હાર્દિક અભિનંદન આપું છું અને તેમની મહાન સેવાઓ માટે વિનમ્ર અન્તઃકરણપૂર્વક, અસીમ ભકિતપૂર્વક શ્રદ્ધાંજલિ સમર્પિત કરું છું અને તેમનાજ દીર્ઘ જીવન માટે પ્રાર્થના કરું છું.

આપણે તેમનામાં ૬૬ વર્ષના પવિત્ર યાને નિર્મળ સમ્યક્ ચારિત્રને મૂર્તિમન્ત થયેલું જોઇને શ્રધ્ધા વડે નતમસ્તક બનીએ છીએ. તેઓ જૈન કોમ માટે ઉજ્જવલ પ્રકાશ તથા સત્પ્રેરણાના દિવ્ય સ્ત્રોત બની રહ્યા છે. સમાજમાં તેમના પ્રયત્નથી અનેક સેવાકાર્ય થયા છે. અનેક સ્કૂલો, ગુરૂકુળો કોલેજો, સાહિત્યસભાઓ, પુસ્તકાલયો, અને સમાજસંસ્થાનું અસ્તિત્વ તેમના ઉત્સાહની પેદાશ છે. તેમણે જૈન સાહિત્યના ઉચ્ચ અધ્યયન તથા અનુસન્ધાનને હંમેશા પ્રોત્સાહન આપ્યું છે. અનેક ગ્રંથોની રચના કરાવીને તેમણે ધર્મજ્ઞાનને સુલભ કર્યું છે. સમાજે તેમને 'પંજાબ કેસરી' કહીને અપાર શ્રદ્ધા તથા ભકિત પ્રગટ કરી છે. તેમની તપસ્યાપૂર્ણ જીંદગી મોક્ષમાર્ગ ઉપર ઉભેલા એક દિવ્ય પ્રકાશસ્તંભ જેવી છે. તેઓશ્રી એ મહાવીરના પગલે પગલે ચાલવાવાળા છે કે જેની અહિંસાને આજની દુનિયા પોતાનાં દુઃખો તથા કલેશોને દૂર કરી શકે એવા એક રામબાણ ઉપાય તરીકે સ્વીકારી રહી છે. આજના જમાનાની તાકીદની માંગણી એકતા છે. તેમણે યથાસમય જૈન કોમની એકતાના પુણ્યકાર્યના ૐ નમઃ સિધ્ધેભ્યઃ કરેલા છે. જૈનોની આર્થિક બેહાલીથી ક્ષુબ્ધ બનીને તેમણે તેના સુખપૂર્ણ નિર્વાહને માટે એક ફંડ શરૂ કરાવ્યું છે જેમાં જોત જોતામાં પાંચ લાખ રૂપિયા એકઠા થયા છે. મારી ભાવના છે કે એ રકમ પાંચ કરોડ સુધી પહોંચી જાય. આ તેમણે એવો ઉપકાર કર્યો છે કે જે માટે જૈન જાતિ હંમેશાને માટે અહેશાન માનશે અને પોતાના દિલમાં તેમની સ્મૃતિને કાયમનું સ્થાન આપશે.

એકતા

સમગ્ર જૈન કોમની જે એકતાને કાયમ કરવા તરફ આચાર્યશ્રીનું ધ્યાન કેન્દ્રિત થયું છે તે એકતા અખિલ માનવજાતિની એ વિરાટ એકતાનું જ અંગ છે કે જે તરફ આજનો જમાનો એકદમ ગતિ કરી રહ્યો છે. આજની માનવજાતિ 'એક દુનિયા' તથા 'એક સરકાર' ચાહે છે. જૈન કોમની એકતા તો એ માનવજાતિની એકતાના સમુદ્રનો એક વિભાગ માત્ર છે. સારી માનવજાતિ આજે એકતામાં પોતાનું કલ્યાણ નિહાળી રહી છે.

સૈધ્ધાન્તિક દૃષ્ટિથી એ સમજવું મુશ્કેલ ન હોવું જોઇએ કે અનાદિકાળના ભવભ્રમણમાં દરેક જીવ અનન્તવાર આપણા સગા સંબંધી થઇ ચૂકેલ છે. આને લીધે કોઇ પરાયું નથી. તો પછી આપણે એક કેમ ન થઇએ ? પુટપરસ્તીનો-જુદાઇ-ભિન્નતાનો વખત ગયો છે. આજે જમાનો એકતાનો છે અને પારસ્પરિક સહયોગનો છે. આવો આપણ સર્વ મળીહળીને એ રીતે કાર્ય કરીએ કે જેવી રીતે શરીરના વિભિન્ન અંગ પ્રત્યંગ મળીને કાર્ય કરે છે.

આજે આપણી પહેલી જરૂર છે જૈન સમાજના સર્વ ફિરકામાં એકતા સ્થાપિત કરવાની. આપણા તેરાપંથી સમાજમાં એકતા છે. સ્થાનકવાસી સમાજમાં તાજેતરમાં એક નવી એકતા અને એક નવી ક્રાન્તિનું આન્દોલન ઉભું થયું છે. અસીમ આનંદની વાત છે કે આપણા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં એકતાને માટે આન્દોલન શરૂ કર્યું છે. દિગંબર સમાજ પણ સંગઠિત બની જાય તો કેવું સારૂં ? ત્યાર બાદ જો સર્વ સંપ્રદાયના ઉદારચરિત અગ્રગણ્ય સાધુઓ પ્રેમ વડે એકમેકમાં મળી જાય તો પછી આખી જૈન કોમ એક બની જવામાં શું બાકી રહ્યું ? જૈન જાતિના સંપ્રદાયોની એકતા જ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીની હીરક જયન્તીનું સૌથી મોટું સ્મારક બની શકે છે. આ કારણે આજે આપણે આ મંગળ મહોત્સવના શુભ અવસર ઉપર આનંદોલ્લાસપૂર્વક એવી આકાંક્ષા–કામના સેવીએ કે જૈન સમાજ એક બને અને દરેક સંપ્રદાયના સાધુ તથા ત્યાગી લોકો સમગ્ર જૈન જાતિના પૂજનીય નેતા બને અને આપણે દરેક સંપ્રદાયના ત્યાગીઓ પ્રત્યે સમાન ભાવથી

શ્રદ્ધા તેમ જ ભક્તિ ધરાવતા થઇએ અને સાધુ લોકો પણ પરસ્પર વાત્સલ્યભાવ ધરાવતા થાય. આપણા દરેક સંપ્રદાયના છાત્રાલયોને સમગ્ર જૈન જાતિના વિદ્યાર્થીઓ માટે સમાન ધોરણથી ખુલ્લા મૂકી દેવા જોઇએ. હવે મહાવીર જયન્તી, પર્યુષણ વગેરે પર્વ, ઉત્સવ અને અન્ય સામાજિક પ્રવૃત્તિઓ સાંપ્રદાયિક આધાર ઉપર નહિ પણ સમગ્ર જૈન કોમે હળીમળીને ઉજવવી જોઇએ. તીર્થોના તમામ ઝગડા પ્રેમપૂર્વક પતાવી દેવા જોઇએ. મંદિરો, સ્થાનકો વગેરેની સુરક્ષાનો પ્રબંધ સંમીલિત બનીને કરવો જોઇએ. વિદ્યાર્થીઓ માટેની શિક્ષણવ્યવસ્થા તથા શિષ્યવૃત્તિઓનો પ્રબંધ કશા પણ સાંપ્રદાયિક ભેદભાવ વિનાનો યોજાવો જોઇએ.

આર્થિક સમસ્યા

આજે સંખ્યાબંધ જૈનો ગરીબીમાં દુઃખી જીવન ગુજારી રહ્યા છે. મધ્યમવર્ગની દુર્દશાનું તો વર્ણન કરવું અશકય છે આપણે જૈન જાતિની દુર્દશાને કઇ રીતે દૂર કરી શકીએ તેનો વિચાર કરવો જોઇએ; આપણે આપણા સાધર્મી બંધુઓની આર્થિક જરૂરિયાતોથી વાકેફગાર બનવું જોઇએ અને તેમને સહાયતા પહોંચાડવી જોઇએ. વાત્સલ્ય ધર્મનો અર્થ જ એ છે કે આપણે આપણા ધર્મબંધુઓના સુખદુઃખને આપણા પોતાનાં સુખદુઃખ સમજીએ તથા યથાશકિત મદદ કરીએ.

સમનતા ધર્મમાં માનવાવાળા એવા આપણા માટે આર્થિક વિષમતા શોભારૂપ નથી. દેશમાં આ વિષમતા દૂર કરવા માટે વિવિધ પ્રયત્નો ચાલી રહ્યા છે અને આ દિશામાં ભારત સરકાર પણ નવા નવા કાયદાના ખરડાઓ લાવી રહેલ છે. આપણી જૈન સમાજમાંથી આ વિષમતા બની શકે તેટલી દૂર કરવાનો આપણે પ્રયત્ન હાથ ધરવો જોઇએ.

જૈન ધર્મની સંસ્થાઓ તથા મંદિરો પાસે અતુલ સંપત્તિ છે. તે કાં તો એકાર પડી છે અથવા તો તેનો અવ્યસ્થિત ઉપયોગ થઇ રહ્યો છે. તેનો સદુપયોગ જરૂરી છે. મારો સુનિશ્ચિત તથા દૃઢ મત છે કે દેવદ્રવ્યના નામે ઓળખાતું ધન ધર્મપ્રભાવના તથા સામાજિક કાર્યોમાં વાપરી શકાય છે. દેવદ્રવ્યનો વ્યકિતગત અથવા તો પોતાના કામોમાં ઉપયોગ કરવો તે પાપ છે. સાર્વજનિક કાર્યમાં તેનો સદુપયોગ કરવામાં કોઇ દોષ નથી. હું આ વિષયમાં નમ્રતાપૂર્વક અને એમ છતાં પૂરી દૃઢતાપૂર્વક નિવેદન કરવા માંગું છું અને તે એ છે કે આ વિપુલ સંપત્તિનો જો આપ લોકો સદુપયોગ કરી નહિ લ્યો તો નિકટના ભવિષ્યમાં જ અન્ય લોકો તેનો ઉપયોગ કરવા માટે ચાલી આવનાર છે. આટલી વિશાળ સંપત્તિ હવે વધારે વખત આવી રીતે નિરર્થક પડી રહેવાની નથી.

ઉપર્યુકત દ્રવ્યને ધર્મસ્થાનોની સુવ્યવસ્થા, જીર્ણોધ્ધાર, પુરાતત્ત્વ–રક્ષણ, શિક્ષણપ્રચાર, સાહિત્યનિર્માણ, પ્રચારકાર્ય, રોગનિવારણ, પુસ્તકાલયો તથા વાચનાલયોની સ્થાપના વગેરે સર્વોપયોગી કાર્યોમાં વાપરી શકાય છે. જેવી રીતે આ દ્રવ્યમાંથી મકાનો બંધાવીને તેમાંથી ભાડું મેળવીને મંદિરોના ધનની વૃદ્ધિ કરવામાં આવે છે તેવી રીતે ઉચિત સુરક્ષાપૂર્વક જૈનોને વ્યાપારિક તથા ઔદ્યોગિક સગવડો આપવામાં પણ આ ધનનો સદુપયોગ થઇ શકે છે. આપણા દરેક સાધર્મીભાઇનું ધર્મારાધન તથા જીવનનિર્વાહ સુન્દર રીતે ચાલી શકે એવો પ્રયત્ન કરવો જોઇએ. આશા રાખું છું કે આપ યુગપ્રવાહની ગતિને શિઘ્ર સમજી લઇને દૂરંદેશીપૂર્વક કામ લેશો અને આ ધનના સદુપયોગ માટે એક વ્યવસ્થિત યોજના બનાવશો.

જાગૃતિ આવો ! આપણી તમામ પ્રવૃત્તિઓ રાષ્ટ્રોધ્ધારની સમર્થક થાઓ ! દરેક જૈન જ નહિ દરેક ભારતવાસી આપણો ભાઇ છે. આપણે દરેક પ્રકારની રાષ્ટ્રસેવામાં તત્પર રહીને આપણા મુલકની પ્રજાવત્સલ, સેવાભાવી સરકારને સહયોગ આપવો જોઇએ. આપણે ભારતના નવનિર્માણમાં દિલોજાનીથી યથાશકિત સહાય દેવી જોઇએ. શ્રી સન્તબાલજી જેવા રાષ્ટ્રસેવી તપસ્વીઓ વિષે જૈન સમાજ જેટલું ગૌરવ ચિન્તવે તેટલું ઓછું છે. જૈન સમાજે દેશસેવા અર્થે એવા હજારો સેવક સન્ત, પૂરા પાડવા જોઇએ.

જૈન સમાજ આજ સુધી વ્યાપાર તથા ઉદ્યોગધંધા તરફ પ્રયત્નશીલ રહેલ છે. હવે એવો સમય આવી પહોંચ્યો છે કે જ્યારે જૈન સમાજના શિક્ષિત નવયુવકો શાસનકાર્યમાં–રાજ્યવહીવટના વ્યવસાયમાં–દિલચસ્પી ધરાવતા થાય તેમ જ એ તરફ વળે. આ કેવળ તેમની આજીવિકાનું સાધન નહિ હોય, પણ આ મારફત તેઓ દેશ તથા સમસ્ત સમાજની સેવા કરવાનો સુન્દર અવસર પ્રાપ્ત કરી શકશે.

આજના તંગી તથા મુશ્કેલીઓના જમાનામાં આત્મકેન્દ્રિત, સ્વાર્થી તથા મતલબી બનવા તરફ લોકોનું વળણ વધતું ચાલ્યું છે. સૌને પોતપોતાની પડી છે. આવું વળણ સ્વપર ઘાતી છે. આવા સંકટકાળમાં આપણે સમસ્ત જાતિ તથા સમસ્ત રાષ્ટ્રનું સુખ-દુઃખ ધ્યાનમાં લઇને વર્તવું જોઇએ. આમાં જ માનવતા રહેલી છે. આપણે આપણી દરેક પ્રવૃત્તિદ્વારા રાષ્ટ્રીયતા તથા રાષ્ટ્રપ્રેમનો પરિચય કરાવવો જોઇએ. આજની દુનિયામાંથી સંપ્રદાય તથા જાતિ વિસર્જિત થઇ રહેલ છે. આપણે રાષ્ટ્રીયતામાં સમાઇ જવું જોઇએ. રાષ્ટ્રહિતાર્થે જે યોજનાઓ ઉપસ્થિત કરવામાં આવે, જે કાર્યક્રમ કાર્યાન્વિત કરવામાં આવે તેમાં આપણે દિલોજાનીથી સહયોગ આપવો જોઇએ.

વિશ્વશાન્તિ

દરેક જૈન વિશ્વશાંતિનો હંમેશા ચાહક રહ્યો છે અને રહેશે. અન્તરંગ અશાન્તિનું કારણ મોહ તથા અજ્ઞાન છે. આને આપણે જિનવાણીના પ્રચાર દ્વારા દૂર કરવાની કોશિષ કરવી જોઇએ. બાહ્ય અશાન્તિનું કારણ દેશોની રાજનૈતિક ગુલામી, શોષણ તથા આર્થિક વૈષમ્ય છે. આ દૂર કરવા માટે આપણો દેશ જે બુલંદ અવાજ ઉઠાવી રહ્યો છે તેનું જૈન સમાજ પૂર્ણપણે સમર્થન કરે છે.

આપણે રાષ્ટ્રીયતાથી આગળ વધીને માનવજાતિને આપણી જાતિ સમજવી જોઇએ. આપણે દરેક માનવીના દુઃખને આપણું દુઃખ અને તેના સુખને આપણું સુખ સમજવું જોઇએ. જે સુખસગવડ આપણે પોતા માટે ચાહીએ છીએ એવી જ સુખસગવડ અન્યને માટે ઉભી કરવાની આપણે કોશિષ કરીએ; જે જ્ઞાન આપણને પ્રાપ્ત છે તેનાથી બીજા લોકોને પણ આપણે પ્રકાશ આપીએ.

જૈન સાહિત્યપ્રચાર

સોળ કારણ-ભાવનાઓમાં પ્રભાવનાને તીર્થંકર કર્મપ્રકૃતિના બંધનું કારણ માનવામાં આવ્યું છે. આજે પ્રભાવનાનું સૌથી વધારે સુગમ અને અપૂર્વ સાધન જૈન સાહિત્યનો પ્રચાર છે. આવા સમયમાં આપણે તેના ભંડારોને–ભંડારને જૈન કથા, કહાણી, નાટક, એકાંકી, કવિતા, ગદ્ય, કાવ્ય, નિબંધ, આલોચના વગેરે રત્નોથી ભરપુર બનાવવો છે. આપણા ઉગતા સાહિત્યકારો તરફ આપણે આ બાબતમાં ભારે આશાપૂર્ણ દૃષ્ટિથી જોઇ રહ્યા છીએ. મારો તેમને અનુરોધ છે કે તેઓ સમાજના વિદ્વાનો સાથે સંપર્ક સ્થાપિત કરે, અને તેમના દૃષ્ટિબિન્દુને સમજીને જૈન સાહિત્ય–સામગ્રીને નૂતન કલાત્મક શૈલિમાં પ્રગટ કરે. સમાજનું પણ કર્તવ્ય છે કે આવું સાહિત્યનિર્માણ કરવામાં તેમને દરેક પ્રકારનું પ્રોત્સાહન આપે.

.....અંગ્રેજી તો આજકાલ દુનિયાની સામાન્ય ભાષા બની ગઈ છે. આ ભાષામાં તેમજ સંસારની અન્ય ભાષાઓમાં પણ જૈન સાહિત્યના દિવ્ય ગ્રંથ રત્નોનો અનુવાદ પ્રકાશિત તેમજ પ્રસારિત થવો જોઇએ. જેવી રીતે બુદ્ધ ધર્મ તરફ દુનિયાની દિલચસ્પી વધતી રહી છે, તેવી રીતે સમુચિત પ્રયત્નો દ્વારા તેને જૈન ધર્મ તરફ પણ આકર્ષિત કરી શકાય તેમ છે. ક્રીસ્તી ધર્મના પ્રચાર પાછળ લાખો કરોડો રૂપિયા ખરચવામાં આવે છે. આપણે પણ દુનિયાના ખુણે ખુણાને જૈન સાહિત્યથી ભરી દેવો જોઇએ.

જૈન ધર્મ જેવો ધર્મ પ્રાપ્ત કરવા છતાં પણ જૈન સમાજમાં એક પણ ગાંધી ન પાકે એનું શું કારણ ? જો આપણે પોતે જૈન ધર્મની વિશાળતા, ઉદારતા તથા સૂક્ષ્મતાને પચાવી શકતા નથી તો ઓછામાં ઓછું એટલું તો કરીએ કે જેથી એ ધર્મ સંસારના મર્મજ્ઞ પુરૂષોને પહોંચે અને તેના પરિણામે આપણામાંથી નહિ તો તેમનામાંથી પણ અહિંસાનો કોઇ મુકિતદૂત નીકળે અને માનવજાતિને પ્રેમ, સુખ, શાન્તિ અને આનંદનો સંદેશો આપે. અહિંસાધર્મના પ્રચાર માટે આજથી વધારે અનુકુળ સમય પહેલાં કદિ પ્રાપ્ત થયો નહોતો.

જૈન ધર્મવિષે શ્રધ્ધાળુ વિદ્વાનોની એક આન્તરરાષ્ટ્રીય સમિતિ દ્વારા જૈન ધર્મ ઉપર ઉત્કૃષ્ટ સાહિત્ય તૈયાર કરાવીને દુનિયાભરમાં જોર શોરપૂર્વક પ્રચાર કરવો જોઇએ આજે તો આપણે ત્યાં એક એવા પુસ્તકનો પણ અભાવ છે કે જેમાં જૈન ધર્મને સુંદર રૂપમાં દર્શાવવામાં આવ્યો હોય અને જે આપણે દેશ વિદેશના અજૈનો સમક્ષ રજુ કરી શકીએ. જેવી રીતે હિંદુઓની ગીતા છે, મુસલમાનોનું કુરાન છે, ક્રીસ્તીઓનું બાઇબલ છે એવી રીતે જૈન ધર્મનો પરિચય કરાવે તેવું એક પુસ્તક પ્રગટ થવું જોઇએ કે જે નવી શૈલીમાં લખવામાં આવ્યું હોય. એવા પુસ્તકને સંસારની વિભિન્ન ભાષાઓમાં પ્રકાશિત તથા પ્રસારિત કરીને જૈન ધર્મની આપણે પ્રભાવના કરીએ.

મહાવીર જયન્તીની રજા

આપણું એક કામ એ છે કે આપણે મહાવીર જયન્તીની એક ભારતવ્યાપી છુટ્ટી રજા સરકાર પાસે મંજુર કરાવીએ. સંસદના સદસ્યો દ્વારા જે પ્રયત્ન થઇ રહ્યો છે તેમાં સમસ્ત જૈન સમાજે પૂર્ણ સહયોગ દેવો જોઇએ અને એ આન્દોલનને બળ દેવા માટે તમામ સભા-સોસાયટીઓ તરફથી ભારતના પ્રધાન મંત્રી ઉપર યોગ્ય રીતે લખાયેલા પત્રો તથા તારો મોકલાવા જોઇએ. ભગવાન મહાવીર દુનિયાની એ મહાન વ્યકિતઓ અને વિભૂતિમાંના એક છે કે જે હજાર વર્ષોના અન્તરે એકાદવાર સંસારના દુઃખી લોકોને શાન્તિનો માર્ગ દેખાડવા માટે જન્મ લે છે. મહાવીર પોતાના જમાનાના એ ક્રાન્તિકારી પુરૂષ હતા કે જેની ઉપર માનવ જાતિ આજે પણ વારી જાય છે. તેઓ કેવળ જૈનોના જ નહિ પણ સમસ્ત માનવજાતના પથપ્રદર્શક હતા.

વર્ષમાં એક દિવસ તો એવો હોવો જોઇએ કે જ્યારે શાન્તિ ચાહવાવાળી અને એમ છતાં અશાન્તિના રસ્તે ચાલવાવાળી દુનિયા જરા રોકાય, સાંભળે, દેખે અને વિચારે કે તે કયા રસ્તે જઈ રહી છે, એથી આગળ કયાં જવું છે અને કયો રસ્તો લેવો જોઇએ. મહાવીર જયન્તીનો દિવસ ભારતવાસીઓ માટે એ પ્રકારના આત્મચિન્તનનો દિવસ બનશે, તે દિવસ ભારત માટે એ વીરપ્રભુના કૃતજ્ઞતાપૂર્ણ સ્મરણનો દિવસ હશે કે જેમણે આપણને સુખ, શાન્તિ અને ઐશ્વર્યનો રસ્તો બતાવ્યો.

વ્યવહારશુધ્ધિ

સમ્યક્ ચારિત્રના મૂર્તિમન્ત રૂપ શ્રી આચાર્ય મહારાજની હીરક જયન્તી વખતે જો આપણે આપણા આચરણ ઉપર નજર ન નાંખીએ તો તે એક અક્ષમ્યભૂલભરી વાત કહેવાય. દરેક જૈન જાણે છે કે મોક્ષનું અને સુખનું સાક્ષાત કારણ સમ્યક્ ચારિત્ર્ય છે. આને લીધે કહેવામાં આવ્યું છે કે " ચારિત્રં ખલુ ધમ્મો " (ચારિત્ર્ય એ જ ધર્મ છે.) જૈન ધર્મમાં સમ્યક્ ચારિત્ર્યનો સૌથી વધારે મહિમા ગાવામાં આવ્યો છે. આમ છતાં પણ આજે જો આપણે આપણા તેમ જ આપણા સમાજના આચરણ ઉપર દૃષ્ટિ કરીએ છીએ તો શરમને લીધે આપણી આંખો જમીન ઉપર ઢળી પડે છે. આજે સમાજમાં સંઘરાખોરી, નફાખોરી, કાળા બજાર, રુશ્વતખોરી, ઇન્કમટેકસ-ચોરી, ગુંડાશાહી, માયામૃષાવાદ વગેરે વગેરે ભ્રષ્ટાચારો ચોતરફ ફેલાઈ રહ્યા છે. ધર્મ અને સંસ્કૃતિનું હાર્દ તો એ છે કે દરેક આદમી અન્યને મુસીબતમાં સપડાયલો જોઇને તેને મદદ કરે. પરંતુ આજે તો લોકો અન્યની અડચણના પ્રસંગને પોતાનો નફો તારવી લેવાનો મોકો સમજે છે. મનુષ્ય આટલો પતિત કદાચ કદિ પણ નહિ થયો હોય કે જેટલો પતિત તે આજે છે.

પૂજ્ય શ્રી કેદારનાથજી જેવા સાધુ પુરૂષ આજે આપણી વચ્ચે વ્યવહારશુધ્ધિ મંડળ ચલાવી રહ્યા છે જે આપને સુવિદિત છે. આપણે આપણું ચારિત્ર્ય સંભાળીએ એમ જો આપણે વાસ્તવમાં ચાહતા હોઇએ તો આપણ સર્વ આ મંડળની પ્રવૃત્તિઓને પૂર્ણતયા સહયોગ આપીએ અને આપણા જીવનને ઉંચે ઉઠાવવાની કોશિષ કરીએ. આમાં આપણે એમ નહિ જોવું જોઇએ કે બીજો શું કરે છે. આપણે આપણા ચરિત્ર્ય માટે જવાબદાર છીએ અને જો આપણે આપણું ચારિત્ર્ય સુધાર્યું તો તેનો પ્રભાવ સમસ્ત સમાજ ઉપર પડયા વિના નહિ જ રહે. આપણી જાતની સુધારણા એ જ સમાજની સુધારણા છે.

સારરૂપ માત્ર એક વાત કહીને હું આપની રજા લઉં છું. આજથી આપણું આ પ્રચારસૂત્ર હો—

'વ્યવહારશુધ્ધિ અને એકતા'

(મૂળ હિંદી ઉપરથી અનુવાદિત.)

આચાર્યશ્રીનો જવાબ

(પ્રસ્તુત સમ્યક્ચારિત્ર મહોત્સવ સમિતિએ ગે માસની દુંકી મુદ્દતમાં આ મહોત્સવ પ્રસંગે આચાર્યશ્રીને અર્પણ કરવા માટે એક દળદાર પ્રશસ્તી ગ્રંથ તૈયાર કર્યો હતો. ઉપર જણાવેલ સભાના અધ્યક્ષ શ્રીમાન સાહુ શ્રેયાંસપ્રસાદજીએ આ ગ્રંથ આચાર્યશ્રીને અર્પણ કર્યો જેનો સ્વીકાર કરતાં આચાર્યશ્રીએ નીચે મુજબ પ્રવચન કર્યું હતું.:-)

આપ ભાઇઓએ આટલા આદરપૂર્વક આ પ્રસંગે મને આ ગ્રંથ અર્પણ કર્યો તે બદલ આપનો હું આભાર માનું છું. આ ગ્રંથમાં મારો જે ગુણાનુવાદ કરવામાં આવ્યો છે તે ગુણો મારામાં છે કે નહિ તે તો હું અને બીજા સર્વજ્ઞ ભગવાન જાણે છે, પણ આ ઉપરથી હું એમ માનું છું કે તમે મારી જાત તરફ નહિ પણ મારામાં કલ્પાયલા અથવા તો આરોપાયલા આ ગુણો તરફ આકર્ષાયા છો અને એવા ગુણો પ્રાપ્ત કરવા તમે અભિલાષા ધરાવો છો. એ ગુણોની સાધનામાં તમને સફળતા મળે અને તમારું જીવન-કલ્યાણ સદા સધાતું રહે એવો આ પ્રસંગે આપ સર્વ સજ્જનો અને સન્નારીઓને મારો આશીર્વાદ છે.

આજે ભિન્ન ભિન્ન મહાજનના સાધુપુરૂષો તરફથી જે વ્યાખ્યાનો થયાં તેમાં તેમણે દિલની વાત કરી છે. તેમના કથનમાં કોઇ પણ જાતનો દંભ, પક્ષપાત કે વિપક્ષબુદ્ધિ નહોતી. સર્વ ધર્મોની સમાન ભૂમિકા સદાચાર કે જે વિષે કોઇને પણ મતભેદ નથી તે ઉપર જ તેમણે ભાર મૂક્યો છે અને આપણા સર્વનું લક્ષ્ય ખેંચ્યું છે. પાદરી સાહેબ એવા જ એક અગત્યના

તત્ત્વ અનેકાન્તને આગળ ધરેલ છે. આજની સર્વ વિષમતા વૈમનસ્યનું મૂળ એકાન્તતા છે. આને સ્થાને અનેકાન્તની વૃત્તિને આપણે ધારણ કરીએ અને જીવનમાં ઉતારીએ તો તેમાંથી સંવાદ-ભાવ, સમન્વય અને એકતા જ જન્મે.

જૈન શબ્દનો પાયાનો અર્થ વિચારીએ તો માલુમ પડશે કે જૈન ધર્મ કોઈ ફિરકાનો નથી. તે તો જગત માત્રને સ્વીકાર્ય બને એવો વિશ્વધર્મ છે. સંસ્કૃત ભાષામાં જિ ધાતુ છે તેનો અર્થ જીતવું એમ થાય છે. રાગદ્વેષ વગેરે શત્રુઓને જીતે તે જિન કહેવાય. કામ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે શત્રુઓ અન્તરંગના છે. તે જેણે જીત્યા હોય, જેનું જીવન નિર્દોષ, નિષ્કલંક, નિર્મળ, વીતરાગ હોય–તેનું નામ પછી બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શિવ હોય કે બુદ્ધ હોય, ઈશુ ખ્રીસ્ત હોય, જરથોસ્ત હોય કે મહમદ હોય–જે આત્મા ઉપર જણાવેલા ગુણોથી યુકત હોય અને દોષોથી મુકત હોય તે 'જિન' છે અને તેને અનુસરનાર જૈન છે. આમાં કોઈનો વ્યકિતગત નિષેધ નથી, કે વ્યકિતગત સ્વીકાર નથી. આ કેવળ ગુણની પૂજા છે, આદર્શની ઉપાસના છે.

ભાઈઓ, મારી તમને પ્રાર્થના છે કે તમારી બુધ્ધિને સત્યની વિચારણામાં લગાવો અને એ વિચારણા દ્વારા પ્રભુને પીછાણો. એ પ્રભુને ઓળખીને પ્રભુની સેવા કરો અને એ સેવા કરતાં પ્રભુતાને પ્રગટાવો. પ્રભુની સેવા કરતાં પ્રભુ બની શકાય છે. આ જ સત્યનું ભગવદ્ ગીતા પણ સમર્થન કરે છે. ગીતામાં કહ્યું છે કે:—

વીતરાગભયક્રોધા, મન્મયા મામુપાશ્રિતાઃ।
વહવો જ્ઞાનતપસા, પૂતા મદ્ભાવમાગતાઃ॥

"જેઓ રાગ, ભય તથા ક્રોધથી મુકત છે, મારી સાથે એકાકાર થયા છે, મારો આશ્રય કરીને રહેલા છે એવા જ્ઞાન અને તપથી પવિત્ર બનેલા આત્માઓ મારા ભાવને મારા હાર્દને પામ્યા છે." આમાં જ્ઞાન અને તપને આગળ કરેલ છે તેવી રીતે જૈન ધર્મમાં પણ જણાવ્યું છે કે જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ–આ બન્ને એક જ જીવનસત્યને રજુ કરે છે.

આજે આપણે જુદા જુદા ધર્મના અને વિચારના અગ્રણી પુરૂષોદ્વારા જાણ્યું કે દરેક ધર્મ એક જ વાત કહે છે કે અહિંસા ન કરો, અસત્ય ન બોલો, ચોરી ન કરો, બ્રહ્મચર્ય પાળો, પરિગ્રહ ઓછો કરો, જીવનમાં સાચી માનવતા પ્રગટ કરો. જે શાન્તિને આપણ સર્વ ચાહીએ છીએ તે શાન્તિ પણ તે પ્રકારના સદાચાર દ્વારા, સમભાવ દ્વારા, દ્વેષમત્સરના ત્યાગ દ્વારા જ મળશે. સર્વ ધર્મોની આખરે આ એક જ ભાવના છે કે—

શિવમસ્તુ સર્વજગતઃ, પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ।
દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવન્તુ લોકાઃ॥

સર્વ જગતનું કલ્યાણ થાઓ, પરહિતમાં પ્રાણી માત્ર નિમગ્ન બનો, દોષો સર્વ નાશ પામો, સર્વત્ર લોકો સુખી થાઓ! આપણા સર્વનું આ જીવનસૂત્ર બનો, દિલની સદ્ભાવિત ભાવના અને પ્રાર્થના હો! મારો તમને બધાને આજે આ જ સંદેશ છે, આજ મારો આશીર્વાદ છે,

સ્વ૦મણિભાઈ સ્મૃતિ ફંડ

જે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહમાં વપરાવાનું છે.

૧૪૫૨૯ અગાઉ સ્વીકારેલા
* ૧૦૧ શ્રી પ્રેમચંદ વેલજી મહેતા
* ૧૦૧ ,, હુકમીચંદ વસનજી

૧૪૭૩૧

* આ નીશાનીવાળા પૈસા આવવા બાકી છે.

સમ્યક્ ચારિત્ર મહોત્સવ

આજથી બે સપ્તાહ મહીના પહેલાં જ્યારે જાહેર કરવામાં આવેલું કે આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરિજીની થોડા સમય બાદ હીરક જયન્તી ઉજવવામાં આવનાર છે ત્યારે આ સમાચાર સાંભળીને, હજુ હમણાં ૭ સાત મહીના પહેલાં મુંબઇમાં જ આચાર્યશ્રીની જન્મ જયન્તીનો મહોત્સવ ભારે શાનદાર રીતે ઉજવવામાં આવ્યો હતો અને એ વખતે ઉત્તરોત્તર ત્રણ દિવસનો ભરચક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને અનેક વક્તાઓએ અનેક પ્રકારે તેમનાં અઢળક ગુણગાન કર્યા હતાં અને વળી પાછો આચાર્યશ્રીનો એનો એ જ પ્રશસ્તિ-સમારંભ ? આની શી જરૂર છે ? ભકતો અને અનુયાયીઓ પોતાની ઘેલછાને વશ થઇને આવા ઉત્સવો ઉભા કરે, પણ જેને કોઇ વિશેષ પ્રસિધ્ધિ, પ્રશસ્તી કે ગુણગાનની હવે જરૂર નથી તેવા આ આચાર્યશ્રી આવા આત્મ-પ્રશસ્તીના જલસાઓ અટકાવતા કેમ નથી ? વ્યકિત-પૂજા, વીર પૂજા આવશ્યક છે, પણ તેને પણ કાંઇક હદ, મર્યાદા હોવી ઘટે છે–આવા કંઇ કંઇ પ્રતિકુળ તર્કવિતર્કો અને સંવેદનો ચિત્ત એ વખતે અનુભવતું હતું. સંભવ છે કે આવો જ કોઇક વિચાર આ મહોત્સવ સમિતિના પ્રયોજકોના દિલને પણ સ્પર્શ્યો હોય અને પરિણામે કરવામાં આવેલી જાહેરાહ મુજબ સમારંભ તો કરીએ પણ તેનું આયોજન એ પ્રકારે કરીએ કે જેથી તે કેવળ આગલા પ્રશસ્તી-સમારંભનું પુનરાવર્તન ન બને કે કેવળ એક વ્યકિતનો પૂજાસમારંભ ન બને, પણ એક મહાન જીવનઆદર્શની આરાધના બને અને તે દ્વારા જૈન સમાજની એકતાનું જે નવું આન્દોલન થોડા સમયથી વહેતું થયું છે તેને વિશેષ જોર મળે એવી વિચારણા તરફ તેઓ વળ્યા. પરિણામે આ પ્રસંગ એક વ્યકિતનો હીરક મહોત્સવ મટીને સમ્યક્-ચારિત્યનો મહોત્સવ બની ગયો અને તે દ્વારા જૈન સમાજની એકતાના આન્દોલનને પણ ચોકકસ પ્રકારનું મૂર્ત સ્વરૂપ મળ્યું. જે મહોત્સવના મૂળ વિચારે આવો સુન્દર આકાર ધારણ કર્યો અને જેમાંથી એકતારૂપી અમૃતનું નિર્માણ થયું તે મહોત્સવનો નાનો શો વૃત્તાન્ત અને સમાલોચના અસ્થાને નહિં ગણાય.

આ મહોત્સવનો પ્રારંભ ખરી રીતે ૨૬મી તારીખની રાતથી થયો હતો, જ્યારે પંજાબમાં માલેરકોટલાખાતે આવેલી શ્રી આત્માનંદ જૈન હાઇસ્કૂલના લાભાર્થે પંજાબના સુપ્રસિદ્ધ ગાયક ભાઇ ઘનશ્યામ જૈન અને તેની મંડળીએ દાનનો મહિમા એ નામનું ભાઇ ઘનશ્યામે જ લખેલું એક હિંદી નાટક ભજવી બતાવ્યું હતું. ભાઈ ઘનશ્યામ ભાવનાશીલ યુવાન છે, આચાર્યશ્રીના પરમ ભકત છે, પહાડી બુલંદ તેમનો અવાજ છે, હજારો ભાઇ બહેનોની સભાના દિલને હલાવે તેવું તેઓ સુન્દર ગાઇ શકે છે. વળી આ નાટક ભજવનાર મંડળી કોઇ ધંધાદારી નાટક કંપની નહોતી. ધાર્મિક ભાવનાથી લખાયેલું આ નાટક ભાઇ ઘનશ્યામ અને તેના સ્વજન સંબંધીઓએ મળીને તૈયાર કર્યું હતું અને ભજવ્યું હતું. નાટકમાં કેટલાએક દોષો હતા પણ તે પાછળ રાષ્ટ્રપ્રેમને પોષવાની અને કોમી સંગઠન સાધવાની ભાવના હતી અને જે જુસ્સો અને તાદાત્મ્યથી દરેક પાત્ર પોતાનો પાઠ ભજવતું હતું તે જોઇને જરૂર ખૂબ આનંદ થાય તેવું હતું. આ નાટકદ્વારા ઉપર જણાવેલ આત્માનંદ જૈન હાઇસ્કૂલને લગભગ રૂ. ૧૨૦૦૦ ની આવક થઇ હતી.

તા. ૨૭ મીની બપોરે ભાયખલાના મંદિરમાં જાહેર સભા હતી. આ સભામાં શ્રીમાન સાહુ શ્રેયાંસપ્રસાદજી જૈન જેઓ

મધ્યવર્તી પાર્લામેન્ટના એક સભ્ય છે તેઓ પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. આ સભામાં ત્રણથી ચાર હજાર ભાઇ બહેનો હાજર થયાં હતાં અને ચારે ફિરકાના જૈન આગેવાનો સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. આચાર્યશ્રી તથા અન્ય સાધુઓ માટે એક સ્વતંત્ર મંચ ઉભો કરવામાં આવ્યો હતો. આ સભાની યોજનાની વિશેષતા એ હતી કે સાધારણ રીતે આવી સભાઓમાં અનેક બોલનારા રાખવામાં આવે છે અને તેઓ સરવાળે લગભગ એકનું એક જ કહેતા હોય છે અને સાંભળનારની ધીરજની ઠીક ઠીક કસોટી કરતા હોય છે તેના બદલે આ સભાનો પ્રબંધ એવો કરવામાં આવ્યો હતો કે મંગળાચરણ, સંદેશાવાચન અને પ્રમુખની દરખાસ્ત અનુમોદન વગેરે ઔપચારિક વિધિ પુરી થયા બાદ મહોત્સવસમિતિના પ્રમુખ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ પોતાનું સ્વાગત વકતવ્ય રજુ કરે, ત્યાર બાદ ભિન્ન ભિન્ન ધર્મોને અનુલક્ષીને જે ચાર વિશિષ્ટ વ્યકિતઓને આ પ્રસંગ ઉપર ખાસ નિમંત્રણ આપવામાં આવ્યું હતું તેઓ આપણા જીવનમાં સુચારિત્ર્યનું મહત્વ અને નૈતિક પુનરૂત્થાન ઉપર પ્રવચનો કરે, ત્યાર બાદ આ પ્રસંગને અનુલક્ષીને ખાસ તૈયાર કરવામાં આવેલ હીરક મહોત્સવ ગ્રંથ સભાના પ્રમુખશ્રી તરફથી આચાર્યશ્રીને અર્પણ કરવામાં આવે અને તે પ્રસંગે પ્રમુખશ્રી પોતાનું અભિભાષણ રજુ કરે, અને છેવટે આચાર્યશ્રી ઉપદેશ આપે. આ પ્રબંધ મુજબ શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલનું વ્યાખ્યાન (જે આ અંકમાં અન્યત્ર આપ્યું છે.) તે પુરું થયા બાદ વ્યવહારશુધ્ધિ મંડળના પ્રસ્થાપક અને મુખ્ય સંચાલક શ્રી કેદારનાથજીએ આચાર્યશ્રી પ્રત્યે આદરભાવ વ્યકત કર્યો હતો અને આજની આપણી નૈતિક અધોગતિ અને તેમાંથી આપણા જીવનને ઉંચે લાવવાની આવશ્યકતા ઉપર એક ભવ્ય પ્રવચન કર્યું હતું. તેમને અનુસરીને મૌલવી મહેર મહમદખાન શેહાબ જેઓ એક બુઝર્ગ પાક મુસ્લીમ છે અને ન્યુ એરા સ્કૂલમાં ઉર્દુ શિક્ષક છે, ફાધર મેસ્કેરીન્હાસ જેઓ ગોવાવાસી વિદ્યાર્થીઓની સેપાસ્ટીયન હાયસ્કૂલના આચાર્ય છે, અને શ્રી માણેકશા ખુરશેદજી પંથકી જેઓ પારસી ફ્રામના એક મોભેદ છે, અને ચર્ચગેટ સ્ટેશન પાસેના આતશબહેરામની ઉપાસના સાથે સંકળાયલા છે–આ ત્રણ વ્યાખ્યાતાઓએ પણ પ્રસંગોચિત પ્રવચનો કર્યાં અને સર્વ ધર્મોને સમાન એવા સદાચારનું રહસ્ય પોત પોતાના ધર્મગ્રંથોનો આધાર લઇને સમજાવ્યું. ફાધર મેસ્કેરીન્હાસ તો જૈન દર્શનના પણ સારા જાણકાર હતા અને તેથી તેમણે જ્યારે ભગવાન ઉમાસ્વાતિ વાચકના તત્વાર્થાધિગમ સૂત્રનો વિગતવાર ઉલ્લેખ કર્યો અને સમ્યકદર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ એ સૂત્ર ઉપર વિવેચન કર્યું ત્યારે સૌ કોઇ આનંદ અને વિસ્મયથી ચકિત બની ગયાં. મૌલવી સાહેબે પણ " જ્યાં આચાર્યશ્રીના ગુરૂદેવે દીક્ષા લીધી છે તે મસેરકોટલાનો હું પણ વતની છું અને આચાર્યશ્રી પંજાબના છે તો હું પણ પંજાબનો છું " એમ કહીને આચાર્યશ્રી પ્રત્યે પોતાનો ઉંડો આદરભાવ વ્યકત કર્યો અને "જે આચારનો ઉપદેશ જૈન ધર્મ કરે છે તે જ આચારનો ઉપદેશ કુરાન પણ પોતાની રીતે કરે છે" એમ જણાવીને કુરાનની શરિયતોનો તેમણે ઉલ્લેખ કર્યો ત્યારે સૌ કોઇએ જુદો જ આનંદ અનુભવ્યો. શ્રી પંથકીએ પણ જરથોસ્તી ધર્મમાં રહેલા નૈતિક આદર્શને સુંદર રીતે રજુ કર્યો અને તેનું સુપ્રસિધ્ધ સંસ્કૃત સૂક્તો વડે મધુર સમર્થન કર્યું ત્યારે પણ એવો જ આનંદની લાગણી સૌ કોઇએ અનુભવી. આ પ્રવચનો ચાલતાં હતાં ત્યારે સૌ એ ઘડિ ભુલી ગયા કે પ્રવચનકારો અજૈન છે અને સાંભળનારા જૈન છે. ભિન્ન ભિન્ન અનુગમને અનુસરનારા આપણા સર્વ માનનીય બુઝો છીએ અને આ ભિન્ન ભિન્ન અનુગમો આખરે આપણને સર્વસમાન માનવધર્મ તરફ જ લઇ જાય છે, આપણામાં નથી કોઇ ઉંચું કે નથી કોઇ ઉંચું–આપણુ સર્વ સરખા છીએ અને એક જ પરમ તત્વના ઉપાસક છીએ–આવું ઉદાત સંવેદન સૌકોઇને એક સરખી રીતે સ્પર્શી રહ્યું. એટલો વખત આ હીરક મહોત્સવ અથવા તો સમ્યક્ ચારિત્ર્ય મહોત્સવ જાણે કે સર્વ ધર્મ પરિષદમાં ફેરવાઇ ગયેલ ન હોય એવું વાતાવરણ ચોતરફ નિર્માણ થયું. આ ચાર વિશિષ્ટ વ્યાખ્યાનો બાદ પ્રસ્તુત મહોત્સવ સમિતિએ આ પ્રસંગને અનુલક્ષીને તૈયાર કરેલો હીરક મહોત્સવ અંક સભાપતિ તરફથી મહારાજશ્રીને અર્પણ કરવામાં આવ્યો. ત્યાર બાદ તેમણે આ પ્રસંગને અંગે તૈયાર કરેલું વ્યાખ્યાન (જે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યું છે) વાંચી સંભળાવ્યું. આ વ્યાખ્યાન પણ પ્રસંગની ભવ્યતાને અનુરૂપ હતું. તેમાં દેવદ્રવ્યનો સમાજહિતાર્થ ઉપયોગ કરવા ઉપર જે ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો તે મુદ્દાએ શ્રોતાઓનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. ત્યાર બાદ આખા સમારંભના ઉત્તર રૂપે કે ઉપસંહાર રૂપે આચાર્યશ્રીએ એક ટુંકું છતાં અત્યન્ત ઉદાત્ત પ્રવચન કર્યું. (આ પ્રવચન પણ આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યું છે.) આ પ્રવચનમાં નહોતી કોઇ સાંપ્રદાયિકતા કે નહોતી કોઇ સંકીર્ણતા. જે ઉદાત્ત ભૂમિકા ઉપર આગળનાં વ્યાખ્યાનો થઇ ગયાં તે જ ઉદાત્ત ભૂમિકા ઉપર આચાર્યશ્રીની વિમળ વાણી વહી રહી હતી અને સર્વના દિલમાં સમભાવ, પ્રસન્નતા, શાન્તિ અને શ્રેયઃ-ભાવના રેલાતી રહી હતી. અન્તમાં સર્વજગતનું કલ્યાણ થાઓ, પ્રાણી માત્ર પરહિતમાં નિમગ્ન બનો, સર્વ દ્વેષો નાશ પામો અને લોકો સર્વત્ર સુખી થાઓ –આવી ભાવના અને શુભ કામના રજુ કરીને આચાર્યશ્રીએ પોતાનું વકતવ્ય સમાપ્ત કર્યું.

જૈન સમાજનાં અનેક સંમેલનો જોયાં છે, પણ પ્રસંગોચિત વ્યાખ્યાનો અને સર્વધર્મસમભાવનું વાતાવરણ આ સંમેલનમાં જેવું અનુભવવામાં આવ્યું તેવું ભાગ્યે જ આગળના કોઇ સંમેલનમાં અનુભવવામાં આવ્યું હશે. વકતાઓ વચ્ચે હરીફાઇ હતી કેવળ ઉદાત્તતાની. આપણને સામાન્યતઃ અપરિચિત એવા ભિન્ન ભિન્ન ધર્મના અધિકૃત પુરૂષોએ ઉદાર, વિશાળ અને પ્રેમભર્યા માનસનો અનુભવ કરાવ્યો તે જેટલો આનંદજનક હતો તેટલો જ આનંદજનક અનુભવ સદૃશ ઉદાત્તભાવથી તે તે વ્યકિતઓ ના ઉદ્ગારોને ઝીલી રહેલી નવ એકત્ર થયેલી જૈન જનતાને નિહાળવામાં રહેલો હતો. જેમ અન્યત્ર છે તેમ જૈન સમાજમાં પણ સ્થિતિસ્થુસ્તતા, જુનવાણી, સાંકડાપણું નથી એમ નહિ કહી શકાય, પણ તેના હાર્દમાં અન્ય સમાજ કરતાં વિશેષ ઉદારતા, પ્રેમમયતા, સારૂં જ્યાં હોય તે વિષે આદરપૂર્ણતા રહેલી છે એ તથ્યનો અહિં મીઠો સાક્ષાત્કાર થયો.

બીજા દિવસની સભાનો આશય જૈન સમાજની પારસ્પરિક એકતાના મુદ્દાને બને તેટલું જોર આપવાનો હતો. તે દિવસે સભાપતિનું સ્થાન મદ્રાસવાસી શ્રીમાન શેઠ લાલચંદજી ઢઢ્ઢાએ શોભાવ્યુ હતું. તે પ્રસંગે જૈન સમાજની અનેક આગેવાન વ્યકિતઓએ જૈનોમાં એકતા પેદા કરવાની, સંપ્રદાયભેદ વાડાભેદ દૂર કરવાની અને પરસ્પર સંમીલિત થઇ જવાની બાબતને ભિન્નભિન્ન દૃષ્ટિકોણથી વિગતવાર ચર્ચી હતી. આ સભામાં થયેલાં ભાષણો, આપણામાં એક થવાની વૃત્તિ તીવ્રપણે જાગૃત થઇ રહી છે, અને એ બાબત હજુ સમાજ ઉપર ઠસાવવાની છે એ પરિસ્થિતિને બદલે સમાજ એક થવા આતુર છે અને એ માટે સમાજના આગેવાનો પાસે તેમ જ સાધુ વર્ગ પાસે દોરવણી અને માર્ગદર્શન માગે છે એ વસ્તુસ્થિતિ આવીને ઉભી રહી છે તે પ્રકારના સુભગ પરિવર્તનનો પરિચય આપતાં હતાં. પ્રમુખશ્રીએ પણ મદ્રાસ બાજુ ભિન્ન ભિન્ન ફિરકાના

ભાઇઓ વચ્ચે એકતાની કેવી લાગણી પ્રવર્તમાન છે એનો ખ્યાલ આપીને પોતાના અનુભવની કેટલીએક વાતો જણાવી હતી અને જૈન સમાજના સર્વ વર્ગો વચ્ચે એકતા સ્થાપવાનું દૃઢતાપૂર્વક સમર્થન કર્યું હતું. આખરમાં પ્રમુખશ્રીએ સૌની સંમતિથી આખા સંમેલનના સારરૂપ નીચે મુજબનો પ્રસ્તાવ રજુ કર્યો હતો:-

"મુંબઇના સમસ્ત જૈનોની આ સભા આચાર્યશ્રી વિજય-વલ્લભસૂરીશ્વરજી મહારાજના ચારિત્ર્ય મહોત્સવના શુભ પ્રસંગે ઠરાવે છે કે જૈન સમાજના તમામ ફિરકાઓ સંયુક્ત રીતે જૈન કોમને સ્પર્શતા સામાન્ય ભૂમિકાના પ્રશ્નોની એવા પ્રકારે કાર્યવાહી કરે કે જેથી જૈનોની એકતા અને ધાર્મિક, સામાજિક તથા આર્થિક ઉન્નતિ સંપૂર્ણપણે સાધી શકાય અને તે દૃષ્ટિ-બિન્દુ લક્ષ્યમાં રાખીને કાર્ય કરવા માટે, વધારે સભ્યો લેવાની સત્તા સાથે, નીચે મુજબની એક સમિતિ નીમવામાં આવે છે"

પ્રવે. મૂ. વિભાગ

૧ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ, ૨ શ્રી પોપટલાલ રામચંદ શાહ, ૩ શ્રી નાથાલાલ ડી. પરીખ, ૪ શ્રી રતીલાલ કોઠારી, ૫ શ્રી જીવતલાલ પ્રતાપશી, ૬ શ્રી ખીમજી એમ. ભુજપુરીઆ ૭ શ્રી ભોગીલાલ લહેરચંદ, ૮ શ્રી ખીમજી હેમરાજ છેડા, ૯ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ, ૧૦ શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ, ૧૧ શ્રી તારાચંદ કોઠારી.

સ્થાનકવાસી વિભાગ

૧ શ્રી. કુંદનમલ ફીરોદીયા, ૨ શ્રી વેલજી લખમસી નપુ, ૩ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, ૪ શ્રી. ચીમનલાલ પોપટલાલ શાહ, ૫ શ્રી ખીમચંદ વોરા, ૬ શ્રી. ગીરધરલાલ દફતરી, ૭ શ્રી. મગનલાલ પ્રાણજીવન દોશી, ૮ શ્રી ખુશાલચંદ ખેંગાર, ૯ શ્રી ટી. જી. શાહ, ૧૦ શ્રી ચુનીલાલ કામદાર, ૧૧ ડો૦ નારણજી મોનજી વોરા.

દિ. મૂ વિભાગ

૧ શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન, ૨ શ્રી જગતપ્રસાદજી જૈન, ૩ શ્રી ધારસીલાલ પુનમચંદ, ૪ શ્રી રતનચંદ ચુનીલાલ, ૫ શ્રી ચીમન-લાલ ગો૦ વખારીઆ, ૬ શ્રી ચંદુલાલ કસ્તુરચંદ, ૭ શ્રી રતનચંદ હીરાચંદ, ૮ શ્રી કોઠારદાસ પાનાચંદ, ૯ શ્રી જયંતીલાલ લલ્લુભાઇ પરીખ ૧૦ શ્રી નાથુરામજી પ્રેમી, ૧૧ શ્રી દીપચંદ ભાઇચંદ શાહ.

તેરાપંથી

૧. શ્રી સોહનલાલજી દુગડ, ૨. શ્રી નેમચંદભાઇ નગીન-ચંદ, ૩ શ્રી. મોતીચંદભાઇ ઝવેરી, ૪ શ્રી જેઠાભાઇ સાકળચંદ ઝવેરી, ૫ શ્રી મતુભાઇ માનચંદ શ્રોફ ૬ શ્રી રમણીકચંદ મોતીચંદ ઝવેરી, ૭ શ્રી શિખરચંદ સવાઇચંદ ૮ શ્રી સાગરમલ શુભકરણ, ૯ શ્રી. નેમીચંદજી શેઠીયા, ૧૦ શ્રી મહાદેવ રામકુમાર ૧૧ શ્રી. મોતીચંદ કેશરીચંદ ઝવેરી.

આ પ્રસ્તાવ આનંદની ગર્જના વચ્ચે સર્વાનુમતે પસાર થયો હતો.

છેવટે આજની સભાના કાર્યનો ઉપસંહાર કરતાં આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે "જૈનોના જુદા જુદા ફિરકાઓ વચ્ચે ઐક્યની ભાવના પ્રગટ થયેલી દેખાય છે તે જોઇને મને બહુ આનંદ થાય છે. આજનો દિવસ જૈન સમાજ માટે શુભ દિન બની રહે અને જુદા જુદા ફિરકાઓની બનેલી–આજે નિમાયલી–ઐક્ય સમિતિ એકતા અને ઉન્નતિ સાધવાની દિશાએ કાર્ય કરતી થઇ જાય અને ધર્મ, સમાજ તથા રાષ્ટ્રના ઉત્કર્ષમાં સહુ લાગી જાય એમ હું ઇચ્છું છું. જૈનોના જુદા જુદા ફિરકાઓ વચ્ચે તીર્થો વગેરે માટેના જે ઝગડાઓ ચાલી રહ્યા છે તે સૌ કોઇ જાણે છે. આ ઝગડાઓ સૌ કોઇ મંદિરોની મીલકતથી લડે છે અને મંદિરોની મિલકત બલાસ કરે છે. આપણી આવી વૃત્તિ એકતા સાધવામાં અન્તરાય રૂપ બને છે. પ્રભુના નામથી, ધર્મના નામથી આ પૈસા અને મીલકતના ઝગડા છોડી દઇ હૃદયપૂર્વક કાર્ય કરશો તો જ એકતા સધાશે. ખોટી મોટાઇ માટે ધર્મને તથા પૈસાને બરબાદ કરીને ચતુર્વિધ સંઘ જે શક્તિ વ્યર્થ બગાડે છે તે શક્તિ એકતા માટે કામે લગાડવાની જરૂર છે." આ રીતે આ સભાની સમાપ્તિ થઇ અને તેમાંથી જૈનોમાં પરસ્પર એકતા સાધવા માટે વગદાર જૈનોની એક સમિતિ ઉભી થઇ એ અત્યન્ત આનંદજનક તથા શુભસૂચક ઘટના છે. આપણે આશા રાખીએ કે સમિતિ પોતાને સોંપાયલા કાર્યને વેગપૂર્વક આગળ ધપાવશે અને આજે ઉભી થયેલી એકતાની વૃત્તિને સુદૃઢ બનાવશે અને સામાજિક ઉન્નત્તિ થાય અને પરસ્પર ભાઇચારો વધે એવી અનેક રચનાત્મક પ્રવૃત્તિઓના પાયા નાંખશે તથા આજે ઇંધાયેલા મધ્યમ વર્ગને ઉંચે લાવવામાં પણ પોતાથી બનતું કરી છૂટશે.

તે દિવસે રાત્રે એ જ સ્થળે સંગીતનો જલસો ગોઠવવામાં આવ્યો હતો. આ જલસાનો સંખ્યાબંધ ભાઇ બહેનોએ લાભ લીધો હતો, ભાઇ ઘનશ્યામ તથા અન્ય સંગીતકારોએ મધુર સંગીતનું પાન કરાવ્યું હતું અને એ રીતે મોડી રાતે આ સમારંભની શુભ તથા આનંદજનક પૂર્ણાહુતિ થઇ હતી.

રશિઆને પગલે પગલે અમેરિકા

રશીઆમાં ૧૯૧૮ માં વિપ્લવ થયો. રાજાશાહી નાબુદ કરવામાં આવી અને સામ્યવાદી તંત્રની સ્થાપના કરવામાં આવી. એ ઘટનાને આજે લગભગ ૩૫ વર્ષ થવા આવ્યાં. રશીઆમાં પહેલાં તો બાજ્યે જ બહારના માણસો જઇ શકતા. સ્થાનિક સરકાર કોઇ રશીઆ જાય અને સામ્યવાદનો ચેપ લઇ આવે એમ ધ્રુચ્છતી નહોતી. રશીઆ બહારના માણસો આવે અને પોતાની પ્રજામાં બુદ્ધિભેદ જન્માવે એ પસંદ કરતું નહોતું. આજે બન્ને બાજુના વળણમાં ફેરફાર થયો છે. જે દેશો પરદેશી હકુમતોથી છેલ્લાં પાંચ સાત વર્ષમાં મુકત થયા છે તે દેશો મુકત મને પોતપોતાનાં રાષ્ટ્રના નવનિર્માણની યોજનાઓ વિચારી રહ્યા છે અને એ ખ્યાલથી છેલ્લા ત્રીશ પાંત્રીશ વર્ષમાં રશીઆએ શું શું કર્યું અને કઇ રીતે તે દેશ આટલો ઉંચે આવ્યો તે જોવા જાણવા સ્વાભાવિક રીતે આતુરતા સેવી રહેલ છે અને પોતપોતાના આગેવાન નાગરિકોને રશીઆ મોકલી રહેલ છે. રશીઆ પણ પોતાની અને અન્ય રાષ્ટ્રો વચ્ચે ઉભો કરેલો પડદો હવે થોડો થોડો ઉંચકી રહેલ છે અને આજ સુધીમાં પોતે સાધેલી સિધ્ધિની દુનિયાને જાણ કરવા જાણે કે આતુર હોય એમ લાગે છે. આ રીતે આપણે ત્યાંથી અનેક મિત્રો રશીઆ જોઇ આવ્યા છે અને ત્યાંની રોનક નિહાળીને મુગ્ધતા અનુભવતા થયા છે. એ સંબંધે એ મત છે જ નહિ કે રશીઆએ આપ પુરુષાર્થ વડે અને અનેક પ્રતિકુળ સંયોગોનો સામનો કરીને એક અત્યન્ત ભવ્ય સમાજરચના નિર્માણ કરી છે; ઉત્તરોત્તર પંચવર્ષીય આયોજનો દ્વારા દેશની સીકલ બદલી નાંખી છે; અર્થયોગ પમાડે તેવું ઉદ્યોગીકરણ સાધ્યું છે, સામુદાયિક ખેતી વડે પાકની ઉપજનો આંક ખૂબ વધાર્યો છે અને દેશભરમાંથી બેકારી મોટે ભાગે નાબુદ કરી છે, આખા ચિત્રની આ એક બાજુ છે. તેની બીજી બાજુ એ છે કે આ સિદ્ધિ રશીઆએ સરમુખત્યારશાહીના સાધન વડે સાધી છે; આ ભવ્ય ઇમારતના પાયામાં હજારો માણસોના અકાળે ભોગ લેવાયા છે; કેટલાય સ્ત્રીપુરુષોને સાઇબીરીયા દેશનીકાલ કરવામાં આવ્યા છે; રશીયને આ વ્યકિત ક્રાન્તિવિરોધી નહિ હોય એવા પાયાદાર અને બીનપાયાદાર વહેમ ઉપર અનેક વ્યકિતઓ જેલના સળીયા પાછળ ધકેલી દેવાઇ છે. રશીઆએ વૈજ્ઞાનિક ઢબે નિષ્ઠુરતાને કેળવી છે. તેત્રીશ પાંત્રીશ વર્ષના પુરુ-

પાર્થના પરિણામે તે ધનાઢ્ય બન્યું છે. પણ એ ધનાઢ્યતા અનેક સ્ત્રીપુરૂષો, બાળકબાળિકાઓના હૃદયભેદી આક્રંદ ઉપર અને પાષાણને પણ ગાળી નાંખે એવી અનેક લોકોની હાય ઉપર સરજાઇ છે. એ હકીકત જેણે આ ક્રાન્તિ કેમ નિર્માણ થઇ તેનો ઇતિહાસ જાણ્યો છે તેઓ સારી પેઠે જાણે છે.

બીજી બાજુએ અમેરિકાનું રાજ્યતંત્ર લોકશાસનના પાયા ઉપર રચાયલું હતું અને છે. આજ સુધીનો અમેરિકાનો ઉત્કર્ષ લોકશાહી રચનાને આભારી છે. દુનિયાના દેશોમાં અમેરિકા સૌથી વધારે ધનિક છે, અને એ ધનિકતા અને પ્રગતિશીલતાને લીધે દુનિયાના અન્ય દેશો ઉપર અમેરિકા સૌથી વધારે પ્રભુત્વ ધરાવે છે. આમ હોવા છતાં સામ્યવાદની સૌથી વધારે ભડક કોઇ પણ દેશ સેવતો હોય તો તે અમેરિકા છે.

આ ઉપરાંત અણુબોંબની સૌથી પ્રથમ શોધ અમેરિકાએ કરી છે. બીજા વિશ્વયુદ્ધના અન્ત ભાગમાં અમેરિકાના અણુબોંબે જાપાનની કમર ભાંગી નાંખી હતી એ સુવિદિત છે. આ અણુબોંબનું રહસ્ય માત્ર પોતે જ જાણે છે એમ અમેરિકા માને છે અને આ રહસ્ય અન્ય કોઈ દેશ ખાસ કરીને રશીઆ-કોઈ પણ હિસાબે ન જાણે એમ અમેરિકા ઇચ્છે છે. આ અણુબોંબની પ્રાપ્તિએ અમેરિકાને પ્રમત્ત બનાવી દીધેલ છે અને એનું રહસ્ય પોતાનો જ ઇજારો રહે એવી અમેરિકા ઘેલછા સેવે છે.

ઉપર જણાવી તે સામ્યવાદ સામેની એટલે કે રશીઆ સામેની ભડક અને અણુબોંબ અંગેની પ્રમત્તતા અને ઘેલછાએ પાશ્ચાત્ય સંસ્કૃતિની ટોચે પહોંચેલા અમેરિકાને વિકલ બનાવી દીધું છે, તેનો આત્મવિશ્વાસ હણી નાંખ્યો છે. પરિણામે ત્યાં લોકશાસનના ધોરણો નેવે મુકાતાં જાય છે અને રખેને આનું કે તેનું વળણ સામ્યવાદ તરફ તો નથીને અથવા તો રખેને આ કે તે વિજ્ઞાનશાસ્ત્રી રશીયા સાથે સંપર્ક ધરાવતો નથીને અને અણુબોંબને લગતી રશીઆને નાનીસરખી પણ માહીતી પુરી પાડતો નથી ને-એવા વહેમની વેદી ઉપર અનેક વ્યક્તિઓના જીવનનું અથવા તો કારકીર્દીનું બલિદાન આપી રહેલ છે. તેને પોતાની ધનાઢ્યતાનો, સર્વોત્કૃષ્ટ પરિસ્થિતિનો વ્યામોહ લાગ્યો છે અને તેને તે ચોતરફ જોખમાતી જુએ છે અને ભયથી કંપે છે. આમાં પણ રશીઆનો હાઉ તેને ખૂબ મુંઝવી રહેલ છે. ત્યાં સમધારણની બુદ્ધિનો જાણે કે નાશ થઇ રહેલ છે.

અમેરિકાની આ પરિસ્થિતિની દ્યોતક એવી એક ઘટના તાજેતરમાં બની ગઇ, જેણે અમેરિકાના સ્વભાવથી લોકશાહી માનસને શુબ્ધ બનાવી મૂકયું છે અને બહારની દુનિયાને આશ્ચર્ય-ચકિત કર્યું છે. આ ઘટના છે ૩૫ વર્ષના જુલિયન રોઝનબર્ગ અને ૩૭ વર્ષની ઇથલ ગ્રીનગ્લાસ રોઝનબર્ગ-એ યુવાનદંપતી-યુગલને અણુબોંબનું રહસ્ય રશીઆને જાણ કરવાના આરોપ ઉપર તા. ૧૯-૬-૫૩ ના રોજ કરવામાં આવેલી દેહાન્તદંડની શિક્ષા.

જુલિયસ રોઝનબર્ગ પહેલાં આર્મીસીગ્નલ કોરનો એન્જિનિયર હતો અને પછી મીકેનીસ્ટનો ધંધો કરતો હતો તેની પોતાની તે કામને લગતી એક દુકાન પણ હતી. થોડા સમય પહેલા અણુબોંબ રહસ્યવિસ્ફોટનના આરોપ ઉપર ડેા. ક્લોસ ફુકને પકડવામાં આવેલો, અને ત્યારબાદ તેના અનુસંધાનમાં હેરી ગોલ્ડ અને ગ્રીનગ્લાસને પકડવામાં આવ્યા હતા. ગ્રીનગ્લાસના કહેવા માત્ર ઉપરથી પહેલાં જુલિયસ રોઝનબર્ગને અને તેની પાછળ તેની પત્ની ઇથલ રોઝનબર્ગને પકડવામાં આવી અને ગ્રીનગ્લાસ જે એ-પ્રુફર-તાજનો સાક્ષી-બન્યો હતો તેની-અન્ય કોઇ સાક્ષીથી અસમર્થિત - સાક્ષી ઉપર જ આ દંપતીયુગલને દેહાંતદંડની શિક્ષા ફરમાવવામાં આવી. અમેરિકાના કાયદા મુજબ આવા જાસુસી કાર્ય માટે દેહાન્તદંડની શિક્ષા કદિ થઇ શકતી નહોતી. આમ છતાં પણ આ કીસ્સામાં ન્યાયના સ્વીકૃત ધોરણોને વટાવીને આ યુવાન દંપતીને આ સજા ફરમાવવામાં આવી. આ સંબંધે ચોતરફ ખૂબ પોકાર થયો; અનેક વર્ગોએ અને સંસ્થાઓએ આ સજા મોકુફ રાખવા વિનંતિ કરી. આમ છતાં પણ જો પોતે ધારે તો રશીઆ જેટલી નિષ્ઠુરતા દાખવી શકે છે એમ દુનિયાને જાણે કે જણાવવા માંગતા ન હોય એ રીતે અમેરિકાના સત્તાધીશોએ તા. ૧૯-૬-૫૩ ના રોજ એ સજાનો અમલ કર્યો.

અમેરિકામાં અમુક સ્ત્રી કે પુરૂષનું વળણ સામ્યવાદી છે કે નહિ તે સંબંધમાં ખૂબ જાસુસી ચાલે છે અને જાહેર જીવન સાથે સંબંધ ધરાવતી, અથવા તો વિજ્ઞાન, શિક્ષણ, રાજકારણ કે ઉદ્યોગના ક્ષેત્રમાં કામ કરતી કોઇ પણ વ્યકિતએ પાંચ દશ વર્ષ પહેલાં પણ સામ્યવાદની જરા સરખી પણ ગંધ આવે તેવું કોઇ પણ વિધાન, નિવેદન કે ભાષણ જાહેરમાં કે ખાનગી રીતે કર્યું હોય તો તે વ્યકિતના શું વિચારો છે તે શું કરે છે તેની ખૂબ તપાસ ચાલે છે અને તેને બોલાવીને પણ તેની ઉલટપાલટ ચકાસણી કરવામાં આવે છે અને એ ચકાસણીમાં-સવાલ જવાબમાં-સત્તાધીશોને પોતાના વહેમનું નાનું સરખું પણ સમર્થન મળે અને તે વ્યકિત સરકારી નોકરીમાં હોય તો તેને બરતરફ કરવામાં આવે છે અને અન્ય કોઇ સંસ્થામાં તે વ્યકિત કામ કરતી હોય તો ત્યાંથી તેને કાઢી મૂકવા માટે તે સંસ્થા ઉપર દબાણ લાવવામાં આવે છે. આ રીતે લોકશાસિત લેખાતા અમેરિકામાં પણ વિચારસ્વાતંત્ર્ય ઉપર ભારે નિયંત્રણ અને દમન પ્રવર્તે છે, સરમુખત્યારશાહીના પોલાદી પંજા નીચે દબાયલી પ્રજાને પ્રવર્તમાન રાજ્યનીતિ સંબંધમાં વાણી સ્વાતંત્ર્ય ન હોય એ સમજી શકાય તેવું છે. તે અક્ષમ્ય છતાં સ્વાભાવિક છે. પણ અમેરિકામાં આજે આ બાબતમાં જે દમન ચાલે છે તે જોતાં આ બાબત પુરતું અમેરિકા રશીઆથી બહુ પાછળ નથી એમ કહેવામાં અત્યુક્તિ દોષ દેખાતો નથી.

એટમ બોંબના રહસ્યની ગુપ્તતા જાળવવાની આટલી બધી ચિન્તા એ પણ એક પ્રકારનો વ્યામોહ છે. જે અમેરિકા શોધી શકયું તે અન્ય દેશના વૈજ્ઞાનિકો કદિ નહિ શોધી શકે અને તેમાં પણ રશીઆ કે જ્યાંના વૈજ્ઞાનિકો આ રહસ્ય મેળવવાને રાજ્યના આશ્રય નીચે અથાક મહેનત કરી રહ્યા છે તેને આ રહસ્ય કદિ પ્રાપ્ત જ નહિ થાય એમ માનવું એ નરી બેવકુફી છે. સંભવ છે કે એ રહસ્ય રશીઆને કયારનુંયે પ્રાપ્ત થયું હોય. વળી પૃથ્વીને ઉજજડ કરવાની તાકાત ઉપર રશીઆને કે કોઇ પણ દેશને દબાવવાની વૃત્તિ રાખવી એ કેવળ રાક્ષસી વિચાર ધારા છે. આ રીતે રશીઆ તરફથી નજર ફેરવીને અમેરિકા ઉપર નજર નાંખીએ છીએ તો ત્યાં પણ એવાં જ અશાન્તિપ્રેરક, હિંસા પોષક બળો કામ કરી રહ્યાં હોય એમ માલુમ પડે છે, અને દુનિયામાં જે સ્થાયી શાન્તિની સ્થાપનાને આપણે ઝંખી રહ્યા છીએ તે પ્રત્યે અમેરિકાનો અભિગમ પણ દૂષિત માનસવાળો માલુમ પડે છે. રશીઆના દમન માર્ગે ચાલવા જતાં અમેરિકા પોતાનું કે જગતનું જરા પણ શ્રેય સાધી નહિ શકે.

પરમાનંદ

વિષય સૂચિ		પૃષ્ઠ
કાકાસાહેબનું મંગળ પ્રવચન	કાકા કાલેલકર	૩૭
સમ્યક્ ચારિત્ર્યની આરાધના		૩૯
સમ્યક્ ચારિત્ર્ય મહોત્સવ	પરમાનંદ	૪૩
રશીઆને પગલે પગલે અમેરિકા	પરમાનંદ	૪૫
જૈન સમાજના વિવિધ પ્રશ્નોની એકતાલક્ષી સમાલોચના	તારાચંદ કોઠારી	૪૭

જૈન સમાજના વિવિધ પ્રશ્નોની એકતાલક્ષી સમાલોચના

(ગતાંકથી ચાલુ)

મંદિરોની સાથે સાથે જૈનોના દાનની વાત આવે છે. દાન આપવાની જે પ્રણાલિ જૈનોમાં છે તેવી વ્યવસ્થિત પ્રણાલિ હિંદુસ્તાનના અન્ય સમાજોમાં નથી. જૈન સમાજનો નાનો કે મોટો માણસ તમામ પર્વોએ અને લગભગ દરેક પ્રસંગે વધતું ઓછું દાન આપ્યાં કરે છે. જૈનોના સંસ્કારમાં ત્યાગ એ મહત્વનો સંસ્કાર છે. ચોકકસ આંકડો કાઢવો શકય નથી પરંતુ એક બે અનુભવી કહે છે કે ચાળીસ લાખ જૈનો દર વરસે ઓછામાં ઓછું દસ કરોડ રૂપિયાનું દાન કરે છે. દાન આપવાની આપણી વૃત્તિ ત્યાગની છે એટલે આપ્યા પછી, એનું શું થાય છે તે જોવાની ટેવ આપણે કેળવી નથી. એટલે જ તો એક તરફ પૈસાનો ઢગલો પડેલો છે એવાં જૈન ખાતાંઓ આપણે જોઇએ છીએ ત્યારે બીજી તરફ જૈન સાહિત્યનાં અમૂલ્ય ભંડારો અને આપણી સંસ્કૃતિનાં–પ્રેરક પુસ્તકો ઉધ્ધાર માંગતાં ધનના અભાવે સડે છે. એક તરફ એકત્રિત થયેલા ધનનો દુરૂપયોગ થયા કરે છે અને બીજી તરફ આપણા સમાજના અસંખ્ય ભાઇ બહેનો ભૂખે મરતા જોવાય છે. કોઇકને જોઇને આપણને દયા આવી જાય અને આપણે એમને કાંઇક આપી દઇએ તેવા વ્યકિતગત દાનોનો અહિં પ્રશ્ન નથી. જે વ્યવસ્થિત દાનો આપણે ત્યાં એકઠાં થયાં છે તે સારી રીતે વપરાય અને જરૂરવાળા આપણાં ભાઇ બહેનોને તે દ્વારા લાભ મળે તે દૃષ્ટિ આપણે રાખવી જોઇએ.

ઘણી જગ્યાએથી આ દૃષ્ટિએ મધ્યમવર્ગને રાહત આપવાની વાત થાય છે અને છૂટાછવાયાં દાન વ્યકિતઓ અને સંસ્થાઓ તરફથી કેટલાંયે કુટુંબોને અપાય છે, સ્વામીભાઇઓને આવા કપરાકાળમાં નિભાવવામાં એ ઘણાં ઉપયોગી થયાં છે છતાં મધ્યમવર્ગનો નિભાવ નહિ, એમનો ઉત્કર્ષ કરવા તરફ આપણે વધારે ધ્યાન આપવું જોઇએ. દયા કરી કરીને કેટલા દિવસ કોઇને ટકાવી શકાશે ? હુન્નરઉદ્યોગ શીખવીને, સ્વતંત્ર રીતે કામ કરીને, ગૌરવપૂર્વક જીવી શકે તેવા પ્રયાસો જેટલા કરવામાં આવશે તેટલા પ્રમાણમાં મધ્યમવર્ગનો પ્રશ્ન હળવો થશે.

આપણે ત્યાં, ભારતમાં જે પ્રકારનો મધ્યમ વર્ગ છે–જેમાં જૈનોનો મોટો ભાગ મધ્યમવર્ગ જ છે–તેવો મધ્યમવર્ગ જગતમાં કયાંય અસ્તિત્વ ધરાવતો નથી એ હકીકત આપે લક્ષમાં લેવા જેવી છે. આપણે ત્યાંના મધ્યમવર્ગમાં એક કમાય અને પાંચ સાત ખાય. આપણો મધ્યમવર્ગ શ્રી વિનોબાજીએ એક વખત કહ્યું હતું તેમ મજૂર જેટલું પણ કમાય નહિ અને જીવનવ્યવહાર શ્રીમંતોની હરોળમાં રાખે. આપણે ત્યાં સદીઓથી મધ્યમવર્ગ છે. એ વખતે ઘરનો પુરૂષ વર્ગ કમાવા જતો અને સ્ત્રીઓ અને બાળકો સુધ્ધાં ઘર કરકસરથી ચલાવવા શકય તેટલો શરીરશ્રમ કરતાં. કમાઇ પુરૂષ કરે, પણ આવેલી કમાઇનો વ્યય કરતી વખતે એક એક પૈસો ગણતરીપૂર્વક ખરચાતો અને થઇ શકે તેટલું તમામ કામ હાથે કરવાનો આગ્રહ રાખવામાં આવતો. આજે મધ્યમવર્ગમાં સ્ત્રીબાળકો ખર્ચો કરવામાં પાછું વાળીને જોતા નથી. એક કમાનાર બધાનું પૂરૂં કરી શકતો નથી. રોજની આ ચિંતામાં, આપ જોઇ શકશો કે મધ્યમ વર્ગ મનથી લાચાર થઇ રહ્યો છે અને શરીરથી ઘસાતો જાય છે. જો મધ્યમ વર્ગે જીવવું હશે તો શ્રમનો મહિમા સમજી લક્ષને શ્રમજીવીઓની સાથે અને તેમની રીતે જીવતાં શીખી લેવું જોઇશે. આપ જોઇ શકયા હશો, આજની નવી આર્થિક રચનામાં જગતમાં વગર ઉત્પાદન કર્યે વચમાંથી કમાનારની જરૂર ઓછી થતી જાય છે. આપણા–જૈનોના મધ્યમ વર્ગે આ વાત સમજી લેવી જોઇશે. ઘરનાં નાનાં મોટાં તમામ માણસોએ આર્થિક ઉત્પાદન અને બચત પર લક્ષ આપવું જોઇએ તો જ વધતા જતા ખર્ચાળ અને મોંઘા જમાનામાં આપણો મધ્યમ વર્ગ ઇજ્જતપૂર્વક જીવી શકશે. આ પ્રકારે જીવવા ઇચ્છતા ભાઇ–બહેનોને આર્થિક દૃષ્ટિએ ઉત્પાદન કરી શકે તેવાં કામો શિખવાડીને સાધનો આપવા તરફ સમસ્ત જૈન સમાજનું લક્ષ કેન્દ્રિત થવું જોઇએ. અને આપણા ફંડોનો તેમાં વિવેકપૂર્વક ઉપયોગ થવો જોઇએ.

કેટકેટલી જગ્યાએ નાનાં મોટાં ટ્રસ્ટો અને ફંડો છે ! એના સંચાલકોમાં બધે હોય છે તેમ પ્રમાણિક અને અપ્રમાણિક માણસો છે. અપ્રમાણિક માણસો એ દાનને લાગેલી ઉધઇઓ જેવા છે. લાકડાને ઉધઇ લાગે છે ત્યારે લાકડું કોરાઇ જાય છે. એનું ટકાઉપણું ઓછું થઇ જાય છે. આવી ઉધઇઓ ઘણા ફંડોને લાગેલી આપણે જોઇ છે. એમણે એમને સોંપાયેલા ફંડો જ માત્ર ખતમ નથી કર્યા પણ એમનું જોઇને બીજાઓને 'ફંડસાફ' કરવાની પ્રેરણા આપી છે અને એમની આ 'લીલા' જોઇને અપાતાં દાનો ઓછાં થયાં છે, 'કરશે તે ભોગવશે' એવી ઉદાસીનતા સેવીને આપણે આજ લગી કાયરતાને ઢાંકી છે અને સમાજને નુકસાન કર્યું છે. ઉગ્ર લાગે તો પણ ઉધઇઓ આપણે સાફ કરવી જોઇશે. એક તરફ ફંડોને લાગેલી ઉધઇઓને સાફ કરવામાં અને બીજી તરફ આપણી બહેનોનું ઇજ્જતપૂર્વક ટટ્ટાર ઉભા રહી શકે એવી હુન્નર ઉદ્યોગની યોજનાઓ તરફ લક્ષ કેન્દ્રિત કરવામાં આવે તો સમાજ જરૂર નવપલ્લવિત થશે. હિન્દની નાનકડી પારસી કોમ પાસેથી આપણે આ અંગે ઘણું શીખવાનું છે. એકજ ઉદ્દેશ હોય તેવાં નાનાં નાનાં ફંડોનાં કેન્દ્રીકરણ તરફ પણ સમાજે લક્ષ આપવું જોઇશે. જેથી વ્યવસ્થાખર્ચ ઓછું થાય અને ઉપયોગ વધે.

પત્રકારત્વ આજે એક મહાન સત્તા ગણાય છે. લોકમત કેળવવાનું અને લોકમત રજૂ કરવાનું એ એક જબ્બર સાધન છે. ભારત જૈન મહામંડળ આગામી વર્ષથી આ સાધનનો વધુ ઉપયોગ કરે એ માટે નીચેની વાત આપના ધ્યાન પર લાવવા માંગું છું. પ્રસંગોપાત જૈનો અને જૈનેત્તર વિદ્વાનો પાસે લેખો તૈયાર કરાવી 'કોપી રાઇટ' સાથે હિંદના તમામ પત્રોને પૂરાં પાડવામાં આવે તો પ્રચાર વધે, આપણે જે ખર્ચ થાય તેટલું હિંદના પત્રો આપણને વળતર આપે તેમાંથી નીકળી આવે. જૈન સંસ્કૃતિનો આથી ખુબ પ્રચાર થાય અને એકતાનાં આપણા કામને જેમ મળે.

આજે ભારતમાં નાનાં મોટાં સાઠેક જેટલાં જૈન પખવાડીક, માસિક વગેરે નીકળે છે. એમાંના કેટલાક જે સેવા કરે છે અને જે શકિતસંપત્તિનો વ્યય કરે છે તે તરફ વૈજ્ઞાનિક દૃષ્ટિએ આપણે જોઇએ તો આપણને એના સંચાલકોને વિનંતિ કરવાનું મન થશે કે આવી છૂટીછવાયેલી વેરાઇ જતી શકિત અને સંપત્તિ બચાવીને ચાલો આપણે એક જ આદર્શ માટે મથતા આવા જ પ્રયાસને સાથ આપવાનું વિચારીએ.

સમાજમાં જેની લાગવગ હોય, જેને વાંચવા તલસાટ થાય, જેનો અવાજ જૈનોનો કહેવાય તે કોટીનું પત્ર આપણે હજુ જોવાનું બાકી છે.

પુસ્તક પ્રકાશનની શી વાત કરૂં ? નાના મોટાં જેટલાં પ્રકાશન હિંદમાં જૈનધર્મનાં થાય છે તેટલાં કોઇ એક ધર્મનાં થતાં નથી. અને છતાં એમાં સત્વ કેટલું ? કોઇ અનુયાયી મળી જાય તેના પૈસે ગમે તે સાધુનું નકામું પુસ્તક પ્રકાશન પામતું

જોવાય છે. કોઇ સાધુને ઉપયોગી લેખકનું ફેંકી દેવા જેવું પુસ્તક તે સાધુના ઉપદેશથી તેનો અનુરાગી છપાવી નાંખે છે. કોઇક મરી જાય ત્યારે તેના સ્મરણાર્થે છપાતા પુસ્તકોનો પણ પાર નથી. અને એથી કેટલાંય પુસ્તકોની, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન જેવાની કેટલીય આવૃત્તિઓ બજારમાં જુદા જુદા પ્રકાશકોની જોવાય છે. આવા ઘણાં પુસ્તકો આપણાં ઉપાશ્રયોની ઘણી જગ્યા રોકે છે. આ અંધાપાંધી અટકવી જોઇએ-લોકમત કેળવીને અટકાવવી જોઇએ. પૂછજો ડો. હીરાલાલ જૈનને, પંડિત સુખલાલજીને, મૂનિ જિનવિજયજીને, અરે, આપણા કાર્યાધ્યક્ષ શ્રી રિષભદાસજી રાંકાને કે કેટકેટલાં પુસ્તકો પ્રગટ કરવાં જેવાં પૈસાના અભાવે પ્રગટ થઈ શકતાં નથી ? આને માટે સારી પુસ્તક પ્રકાશન સંસ્થાની જરૂર છે-જે ઉંચ કોટિના વિદ્વાનોની સલાહ અનુસાર સાંપ્રદાયિકતાથી પર સમસ્ત જૈન સમાજને લક્ષમાં રાખીને પુસ્તકોનાં પ્રકાશન કરે, છુટાછવાયા આજે ખર્ચાય છે તેટલા પૈસામાંથી જ આવી સરસ પ્રકાશનસંસ્થા નભી શકે અને ઘણું કામ થઇ શકે.

હમણાં હમણાં મુંબઇમાં, સાંપ્રદાયિકતાથી પર એવું જૈન સાહિત્ય નવું રચી, પરદેશમાં પ્રચાર માટે પ્રગટ કરવાનો એક પ્રયત્ન ચાલુ થયો છે. હું આ સ્થળેથી એને આવકાર આપું છું અને એના પ્રેરકો અને કાર્યકરોને ધન્યવાદ આપું છું. છતાં એની સફળતા માટેની મારી શંકા વ્યકત કરવા બદલ, હું આશા રાખું છું કે મને માફ કરશે. અન્ય દેશોમાં પ્રચાર પામી શકે અને જૈન દર્શન માટે ગૌરવપૂર્વક જિજ્ઞાસા ઉત્પન્ન કરી શકે તેવું સાહિત્ય નવું રચવું અને તે કમીટીઓ કહે તે રીતે રચવું મને શકય લાગતું નથી. આવા પ્રયાસો અગાઉ થયા છે. અંગ્રેજી અને જર્મન ભાષામાં કેટલાંક જૈન પુસ્તકો પ્રગટ થયા છે પણ એ વિદ્વત્તાના ભારથી એટલાં લચી ગયેલાં હતાં કે થોડાંક આંતરદેશીય વિદ્વાનોને સ્પર્શીને આજે એ ખોવાઇ ગયા છે. મારો નમ્ર ખ્યાલ છે કે નવી રચનાઓ કરવાના બદલે જે અઢળક જૈન સાહિત્ય આપણી પાસે પડેલું છે તેમાંથી વીણી વીણીને, આજના દોડતા જતા યુગને, આજના જગતને અને જે ભાષામાં પ્રગટ કરવાનું હોય ત્યાંની જનતાને સ્પર્શે તેવું સાહિત્ય પ્રગટ કરવું જોઇએ. આમાં વિદ્વાનો કરતાં આપણાં શિક્ષણશાસ્ત્રીઓ વધારે ઉપયોગી બની શકશે.

એક બીજી વાત પર પણ સમાજનું લક્ષ ખેંચાય તે જરૂરી છે. અર્ધમાગધી ભાષાનાં જાણકારો જેટલા વધે તે માટે ઉત્તેજન અપાવું જોઇએ. કારણ કે આપણું પુરાણું જૈન સાહિત્ય અને આપણાં શાસ્ત્રો અર્ધમાગધી ભાષામાં છે. એ ભાષાનો સંપર્ક આપણો ઓછો થશે તો જૈન સમાજને ઘણું સહેવું પડશે.

બહેનો અને ભાઇઓ ! કોઇ વિદ્વતાપૂર્વક ભાષણ કરવાની મારી શકિત નથી. માત્ર આજના પ્રશ્નોને આપની સમક્ષ, અને આ સંસ્થા દ્વારા ભારતના જૈનો સમક્ષ રજુ કરવાની મેં તક લીધી છે. આમાંથી જેટલું આપણે કરી શકીએ તેટલું કરવા તરફ આપણે લક્ષ્ય આપીશું અને આપણી શકિત અને મર્યાદાઓ પ્રમાણે વર્ષ દરમિયાન આપણાથી થઇ શકે તેટલા કામો અને નિર્ણયો લઇશું.

બહેનો અને ભાઇઓ ! જૂના સાથીઓમાંથી ગયા વર્ષે આપણે શ્રી. કેશરીમલજી ગુગલીયાને ગુમાવ્યા છે. એમની પાસેથી છેલ્લાં કેટલાંક વર્ષોથી અમને ખૂબ પ્રોત્સાહન અને સાથ મળ્યાં હતાં. બીજા ગુમાવ્યા છે આપણે શ્રી. મણિલાલ મોકમચંદ શાહને-જેઓ આપણાં જ આ મહામંડળની માફક મુંબઇમાં જૈનોની એકતાની દિશામાં અને ક્રાંતિકારી રીતે કામ કરી રહેલાં મુંબઇ જૈન યુવક સંઘના પ્રાણ તેમ જ પાલક પિતા હતા. જ્યાં ત્યાં આપણે શરૂ કરાવેલા સાધર્મીવાત્સલ્ય ફંડના એ પ્રેરક હતા. આ બન્નેને હું આ સ્થળેથી અંજલિ આપું છું.

આપ જાણો છો, ભારત જૈન મહામંડળ એની મર્યાદા અનુસાર કામ હાથમાં લે છે. એનું મુખ્ય ધ્યેય છે જૈનોની એકતા સાધવાનું અને છુટાછવાયા કાર્ય કરી રહેલા કાર્યકરોનું એક જૂથ એકત્રિત કરવાનું, ચારે તરફ ફોમતી રત્નોની મણિ જેવા કાર્યકરો પડયાં છે, વિદ્વાનો પડયાં છે. એવી રત્નમણિઓને પરોવીને એક સરસ રત્નમાળા બનાવવાનું એનું સ્વપ્ન છે-જે માળા જૈન આલમની પ્રતિભાને પ્રતિષ્ઠા આપે. હું ઝવેરી છું એટલે આપને શંકા થશે કે રત્નોની આ ઉપમાં કદાચ મારી હશે. ના, એ ઉપમા આપણા કાર્યાધ્યક્ષ શ્રી. રાંકાજીની છે-જેની પાસે એવી મણિઓ એકઠી કરવાની આવડત છે, ધગશ છે, અને તેને એક પછી એક પરોવવાની ધીરજ પણ છે. એમના જેવા આપણા મહામંડળના કાર્યાધ્યક્ષ છે એટલે મારી જવાબદારી મને હળવી લાગે છે. અહિં બેઠા છે શ્રી. ચિરંજીલાલજી બડજાતે-જેણે મહામંડળને જાળવી રાખ્યું અને ખડે પગે એની સેવા કરવા જે સદા તત્પર છે. અહિં બેઠા છે શેરે ખાનદેશ શેઠ રાજમલજી લલવાણી-જેનો અનુભવ મહામંડળના માર્ગને પ્રકાશતંતો બનાવે છે અને જેની રમુજે કાર્યકર્તાઓનો થાક હળવો બનાવી મૂકે છે. મહામંડળને શ્રી. કુંદનમલજી ફિરોદિયાનો સાથ મળ્યો છે-જેથી મંડળને હુંફ અને પ્રતિષ્ઠા સાંપડી છે. બીજા કોને કોને યાદ કરું ? નાના મોટા એવા કેટલાય સરસ, પેલી કોટીના સાથી કાર્યકરો મહામંડળને મળ્યા છે અને સાથમાં ભાઇ જમનાલાલજી જૈનની અવિરત સેવા સિંચાયા કરે છે. આ બધા સાથીઓની હુંફને પ્રેમનો હું પાત્ર બન્યો છું તે બદલ હું મારી જાતને ધન્યવાદ માનું છું.

સમાપ્ત **તારાચંદ કોઠારી**

'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને

પ્રબુદ્ધ જીવનના વાંચકો જાણે છે કે છેલ્લાં પંદર વર્ષથી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી આ પ્રવૃત્તિ એક ચોકકસ આદર્શ ઉપર ચાલી રહી છે. એ આદર્શને અનુલક્ષીને જાહેર ખબરો નહિ લેવાની અમારી ટેકને અમે આજ સુધી વળગી રહ્યા છીએ. આ પ્રવૃત્તિ કોઇ પણ જાતના સાંપ્રદાયવાદ કે કોમવાદથી પર રહીને સમાજના તથા રાષ્ટ્રના વિવિધ પ્રશ્નો ઉપર સમ્યક્ માર્ગદર્શન આપવાના હેતુને પ્રારંભથી આજ સુધી એક સરખી રીતે વળગી રહી છે. જૈન સમાજના પ્રશ્નો પણ એ જ દૃષ્ટિ સન્મુખ રાખીને આ પત્રમાં ચર્ચવામાં આવે છે. જે કહેવું તે સત્ય કહેવું, લોકશ્રેયને લક્ષ્યમાં રાખીને કહેવું અને સંયમપૂર્ણ ભાષામાં કહેવું એ અમારી નીતિ છે. વિશાળ જનતાની આ રીતે અને તેટલી સેવા કરવી એ અમારું ધ્યેય છે. આમ હોવા છતાં આ પત્રની આર્થિક બાજુ હંમેશા અમારી એકસરખી ચિન્તાનો વિષય રહી છે. આ પત્રના અનેકો ચાહકો અને પ્રશંસકો છે તેમને જો અમારી નીતિ અને નિષ્ઠામાં પ્રતીતિ હોય તો તેમને અમારી નમ્ર ભાવે વિનંતિ છે કે તેઓ અમારા આ પત્રની ગ્રાહકસંખ્યા વધારી આપવામાં વ્યકિતગત રીતે અને તેટલી મદદ કરે. આ પત્રનું વાર્ષિક લવાજમ રૂ. ૪ છે. દરેક વાંચક યા ગ્રાહક પાંચ પાંચ ગ્રાહકો મેળવી આપે તો પણ અમારી આ મુંઝવણ ટાળવામાં ભારે મદદરૂપ બનશે. પોતા તરફથી એક યા બીજા વાંચનાલયને અથવા તો વાર્ષિક લવાજમ ન ભરી શકે તેવા પોતાના સ્નેહીસંબંધીઓને પણ એક એક નકલ આપવાનું માથે લેશે તો પણ તેના હાથે એક સેવા કાર્ય થશે અને અમને એટલી રાહત મળશે. અમે આશા રાખીએ છીએ કે અમારા વાંચકો અમને આ બાબતની ચિન્તાથી મુકત કરવાને જરૂર ઉદ્યુકત થશે અને એ રીતે અમારા આ કાર્યમાં અમને સવિશેષ પ્રોત્સાહિત કરશે.

તંત્રી, **પ્રબુદ્ધ જીવન**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

છુટક નકલ : ત્રણ આના શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ બી. ૬૨૬૪.

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ : ૧૪ : અંક ૬
પ્ર. જીવન વર્ષ ૧ : ૬

મુંબઈ : ૧૫ જુલાઇ ૧૯૫૩ બુધવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

આચારને શુદ્ધ કરો ! વ્યવહારને નિર્મળ બનાવો !!

(આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના સમ્યક્ ચારિત્ર્ય મહોત્સવ પ્રસંગને અંગે તા. ૨૭-૬-૫૩ શનિવારના રોજ યોજાયેલી જૈનોની જાહેર સભામાં શ્રી કેદારનાથજીએ કરેલા પ્રવચનની સંક્ષિપ્ત નોંધ.)

આજના દિવસનું મહત્વ આપ સૌ જાણો છો. આપણા જીવનમાં આવા શુભ દિન બહુ ઓછા આવે છે, કારણ કે મહારાજશ્રી જેવા જ્ઞાની અને તપસ્વી આપણા સમાજમાં બહુ થોડા છે. આ પ્રસંગને નિમિત્તે મારા વિચારો જણાવું છું.

હું માનવતાનો ઉપાસક છું. મેં જુદા જુદા ધર્મનો અભ્યાસ કર્યો છે. હું ધર્મની અગર કોઇ પણ વ્યક્તિની પરીક્ષા તેનામાં કેટલી માનવતા છે તે ઉપરથી કરું છું. જૈન સમાજને માટે આ વસ્તુ અત્યંત શોભાદાયક છે. મુંબઇમાં અનેક પ્રકારનાં સમાજોમાં મારે જવું પડે છે. મારો અનુભવ છે કે જૈન લોકો બીજા ધર્મના લોકોને બહુ આદર આપે છે. કારણ તેમનામાં બીજાના સદ્‌ગુણ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે.

આજના સમેલનમાં આપે અન્ય ધર્મના અધિકૃત પુરૂષોને અહિં ખાસ બોલાવ્યા છે તે આપણા ભાવી માટે હું એક શુભ ચિહ્ન લેખું છું. પોતાના પ્રમુખ ધર્માચાર્યનું બહુમાન કરવાનું હોય અને પોતાના જ ધર્માનુયાયીઓ જ્યાં એકત્ર થયા હોય એવા પ્રસંગે અન્ય ધર્મની વિશિષ્ટ વ્યકિતઓને ભાગ્યે જ બોલાવવામાં આવે છે. આપે આ પહેલ કરી છે તે માટે હું આપનું અભિનન્દન કરું છું, કારણ કે આજની ઘટનાને સર્વ ધર્મોના સમાજની ભાવી એકતાની હું દ્યોતક લેખું છું. આપણામાંથી જાતિ-સંપ્રદાયના ભેદભાવ દૂર થાય તો જ આપણે માનવ તરીકે જીવી શકીશું. આપણે એક થવું જોઇએ. બધાની શકિત એકત્રિત કરવી જોઇએ. બળવાન, ધનવાન, તપવાન બધાએ એક થઇ રહેવું જોઇએ. આ રીતે જ માનવ તરીકે રહી શકીશું.

ચાર પાંચ વર્ષથી હિંદ સ્વતંત્ર બન્યુ છે. ગાંધીજીના કે સાધુસંતોના પુણ્યે અગર તો અંગ્રેજોને દેશ છોડવો પડયો તેવી પરિસ્થિતિ ઉભી થઇ તેથી-ગમે તે કારણે-આપણને સ્વરાજ્ય મળ્યું છે. તેને ટકાવવા માટે બંધુતા, એકતા, મૈત્રી, પ્રેમ, પરસ્પર વિશ્વાસ, સહકાર વગેરે જોઇશે. ફકત જૈનનું કલ્યાણ થાય, જૈનની એકતા થાય, તેથી મને સંતોષ નથી. દરેકનું કલ્યાણ થવું જોઇએ. આપણે બધાં ભારતના સંતાન છીએ. હિંદુ, મુસલમાન, પારસી, ક્રીશ્ચિયન બધાનું કલ્યાણ થવું જોઇએ.

સંતોની પરંપરા આપણે ત્યાં કંઇ કાળથી વહેતી આવી છે. ગાંધીજીના ચારિત્ર્ય અને વૈરાગ્ય આપણે આંખે જોયા છે. આ એક આપણા ભાગ્યની વાત છે. પણ બીજી રીતે જોતાં માલુમ પડે છે કે હિંદ જેવો સ્વાર્થી અને સંકુચિત વૃત્તિઓ તથા વિચારો ધરાવતો દેશ બીજો નહિ હોય.

હું વ્યવહાર શુદ્ધિનું-જીવન શુદ્ધિનું-કામ કરું છું. લોકો મંડળના ફોર્મ પર સહી કરતાં ડરે છે. આપણે ત્યાં નિર્ભયતા નથી, સચ્ચાઇ નથી. બીજા દેશોમાં છાપા વેચવા લોકો બેસતા નથી, છતાં પુરા પૈસા આપી લોકો પોતાની નકલ લઇ જાય છે. ત્યાં ધર્મનું આટલું બધું નામ નથી લેવાતું. આપણે ધર્મનું હાલતાં ચાલતાં નામ લઇએ છીએ, છતાં આપણે ત્યાં પ્રામાણિકતા કેમ નથી ? મારો બહુ દુઃખદ અનુભવ છે કે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય વગેરે બધાની અતિશયતા અને પરાકાષ્ટા ગ્રંથોમાં છે; આચરણમાં નથી.

ધર્મનું ખરું લક્ષણ ચારિત્ર્ય, પ્રામાણિકતા, અભય, નિર્ભયતામાં છે. આત્મા કદી મરતો નથી એમ બોલવાથી કામ સરતું નથી. મને ૧૯૪૨ની વાત યાદ આવે છે. બ્રહ્મદેશ પર જાપાને આક્રમણ કર્યું હતું. એ વખતે લોકોને એમ લાગતું હતું કે હવે જાપાન મુંબઇ પર આવશે. લોકોને હું કહેતો કે તમે નાસો નહિ, ભાગે તો ભાગે અંગ્રેજો. આપણે આપણું વતન મૂકી કયાં જઇએ ? પણ કોઇ મારું સાંભળવા તૈયાર નહોતું. લોકોમાં નિર્ભયતા નહોતી.

નિર્ભયતા પ્રાપ્ત કરવા માટે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય વગેરે વ્રતોનું પાલન અતિ આવશ્યક છે. આ વ્રતોનું આપણા ધર્મશાસ્ત્રોએ ખૂબ મહત્ત્વ ગાયું છે. જે આ વ્રતોથી સંપન્ન છે તેને ભય નથી. ચારિત્ર્ય સિવાય નિર્ભયતા આવતી નથી. કહેવાથી કંઇ ભય જતો નથી. ધર્મનું સત્ય લક્ષણ હૃદયમાં ઉતરવું જોઇએ. અહિંસાતત્વ હિંદમાં ખૂબ પ્રસરેલું છે. જગતમાં શાન્તિ સ્થાપન કરવાનું કામ આપણું છે. અહિંસાનો વિજય કરવો હોય તો બધાએ એક દિલ થઇ કામ કરવું જોઇએ. હિંસા થવાનાં બધાં કારણો દૂર કરવાં જોઇએ.

ભગવાન મહાવીર, ભગવાન બુધ્ધ અને તે પહેલાંથી પણ આ વિચારધારા ચાલી આવી છે. કોઇએ હિંસાને જોર નથી આપ્યું.

આજે આપણે એકબીજાને લુંટીએ છીએ, શોષીએ છીએ. કોઇ પરદેશી સત્તા અમારી પર નથી. અન્યથા સહન કરીએ છીએ. ખરી રીતે કોઇએ પણ અન્યાય સહન ન કરવો જોઇએ. તેનો પ્રતિકાર કરવો જોઇએ.

ધર્મનું નામ લેવાથી આપણામાં ધર્મનિષ્ઠા નથી આવતી. ધર્મ પ્રમાણે આચરણ કરવાથી ધર્મનિષ્ઠા આવે છે.

મહાપુરૂષોનો સત્કાર એટલે તેમના સદ્‌ગુણોનો સત્કાર. જ્યાં તત્ત્વનો સત્કાર થવાની સંભાવના મને દેખાય ત્યાં હું જાઉં છું. કોઇના વૈયકિતક સત્કારમાં હું જતો નથી. અહિં પણ વૈયકિતક સત્કાર માટે નહિ પણ એક ઉંચા તત્ત્વના-આદર્શના-સત્કાર માટે હું આવ્યો છું.

જો આપને આજના માનનીય આચાર્યશ્રી પ્રત્યે સાચો પૂજ્યભાવ હોય તો આ પુણ્ય સમય સમજી કંઇક વ્રત લો. સાચો સત્કાર આડંબરથી નથી થતો. સાચો સત્કાર તેમના સદ્‌ગુણો જીવનમાં ઉતારવાથી થાય છે. તેમનું અનુકરણ કરવાથી

કાકાસાહેબનું મંગળ પ્રવચન

(ગતાંકથી ચાલુ)

બીજી બાજુએ જોતાં જે લોકો કોઈ પણ જાતની જાત-મજૂરી કરતા નથી, સમાજસેવા કરતા નથી, અને ધનને જોરે જેટલા જેટલા ખાય છે તેમના પ્રત્યે આપણે આદર બતાવીએ છીએ. ભિખારી અને બેહાડુ ધનવાન બન્નેમાં આપણે અપંગતા વધારીએ છીએ. બેહાડુ લોકોનાં હાથમાં ધન રહે એના કરતાં સમષ્ટિનાં હાથમાં સંપત્તિ પહોંચી જાય એ જ વધારે સારું છે પછી એ સમષ્ટિ સમાજસેવાને વરેલી જાહેરસંસ્થા હોય કે રાજસત્તા હોય. હું જાણું છું કે સરકારી વહીવટમાં ઉડાઉપણું હોય છે, ખોટો ખર્ચ થાય છે, અને કામો કુશળતાથી થતાં નથી. પણ એ દોષો કાયમ રહેવા જોઈએ એવું નથી. સરકાર પોતાની જ છે એ ભાવના કેળવીને સરકારરૂપી સંસ્થા પ્રત્યે પ્રજા અને સેવકો નિષ્ઠા કેળવશે ત્યારે એ દોષો દૂર થશે. ન્યાતના આગેવાનો ન્યાતના ફંડોનો વહીવટ જે ચીવટથી કરે છે તેવી ચીવટ તો સરકારી વહીવટમાં આવી જ શકે છે.

હું તો માનું છું કે પ્રજાનું–આખા રાષ્ટ્રનું–વલણ સર્વોદયનો આદર્શ સ્વીકારવા તરફ વધે અને સરકાર પોતે સમાજ-સત્તાવાદ કેળવે એ જ આપણે માટે સાચો ઉપાય છે.

આઝાદી પછી આપણી દુનિયા એકાએક મોટી થઇ ગઈ છે. અંગ્રેજોનું રાજ્ય હતું ત્યારે હિન્દુસ્તાનની પ્રજા અને અંગ્રેજ રાજ્યકર્તા એટલી જ આપણી દુનિયા હતી, બાકીના દેશો અને ત્યાંના લોકો જાણે પડદા પરનાં ચિત્રો હોય એવાં જ આપણે માટે હતા. આપણે આઝાદ થયા અને પડદા પરનાં એ બધા ચિત્રો જીવતાં થઇને આપણી રંગભૂમિ ઉપર આવી ગયા; અને હવે એ બધાની વચ્ચે સમાનભાવે રહીને આ વિશ્વનાટકમાં આપણે આપણો ભાગ ભજવવો રહ્યો. આખી દુનિયામાં માનભેર રહીને માનવસેવાનું આપણું મિશન સિદ્ધ કરવું હોય તો આપણે આપણાં ઘરનાં પ્રશ્નોનો ઉકેલ આ પંદર વરસમાં આણવો રહ્યો.

આપણને સ્વરાજ્ય મળ્યું તે આરામ ભોગવવા માટે નહીં પણ માનવજાતિની સેવા કરવા માટે મળ્યું છે. વસાહતો સ્થાપીને સામ્રાજ્ય ચલાવનારા રાષ્ટ્રો પણ સેવાનું જ નામ લે છે. પણ પ્રત્યક્ષ જોતાં ભાષામાં સેવા અને હાથે લૂંટવાનો ધંધો એવા એમના લક્ષણો દેખાય છે.

એ લોકોમાં પણ કેટલાક એ પાપમય જીવનથી અકળાયાં છે; નિવૃત્ત થવા માંગે છે. આપણે એમની સાથે સહકાર કરવાનો છે. એવો સહકાર ત્યારે જ કરી શકાય જ્યારે આપણે શ્રમજીવનના પાયા પર નવી કેળવણી અને નવી સંસ્કૃતિ સિધ્ધ કરી શકીએ. આપણે ત્યાં ખોટી રીતે વપરાતા આ બે શબ્દોનો ખરો અર્થ જોઇશું તો આપણને સાચો રસ્તો જડશે. જે માણસ મહેનતમજૂરીથી શુધ્ધ સેવા કરી પવિત્રપણે ખાય છે તે હલાલખોર છે. બીજાની મહેનતનો ગેરલાભ લઇ આરામતલબ જીવન ગાળનાર જે પાપનું ખાય છે તે હરામખોર. આટલું રહસ્ય જો આપણે જાણીએ તો આપણે જીવતાં કોઇના ખભા ઉપર ચઢીને ન બેસીએ. મહેનતમજૂરીનો રોટલો ખાઇએ અને સૌની સેવા કરીએ.

સદ્‌ભાગ્યે આપણાં દેશમાં દુનિયાનાં બધા ધર્મો આવીને વસ્યા છે. તેથી જ આપણે જોઇ શકયા કે બધા ધર્મો એમનાં શુધ્ધ સ્વરૂપમાં એક જ છે.

લોકભારતીમાં બધા ધર્મોનાં સહુ કોઇને પ્રવેશ હશે જ. આપણા જ દેશના આપણા ભાઇઓએ જે જે ધર્મનો સ્વીકાર કર્યો તે તે ધર્મ આપણે માટે પરાયા રહ્યા નથી. આપણી દીકરીઓ પરગોત્રમાં વર સાથે લગ્ન કર્યું તેથી આપણે દીકરીને પરાઇ નથી ગણતા પણ જે આનદાનમાં એ પહોંચી ગઇ તે આનદાનનાં લોકોને આપણાં વેવાઇ–આત્મીય તરીકે સ્વીકારીએ છીએ. એવી જ રીતે આપણે ત્યાં આવીને વસેલા અને આપણા લોકોએ જ અપનાવેલા ધર્મો વિષે આપણે આત્મીયતા કેળવવી જોઇએ.

ગઇ કાલે રાત્રે અહીં આવતાં સણોસરાના ભાઇબહેનોએ અમારું ભાવભીનું અને લોકકલાત્મક સ્વાગત કર્યું. તે વખતે બધાને ઘણી ધૂળ ખાવી પડી એનો ઉલ્લેખ એક ભાઇએ આજે કર્યો. એમને કોઇએ સૂઝાડયું હોત તો એમણે રસ્તાના આટલા ભાગ પર પાણી છાંટીને ધૂળ બેસાડી દીધી હોત. પણ એ વસ્તુ ગૌણ છે. એ સ્વાગત પાછળ જે ભાવ હતો, ભવિષ્ય માટેની એમાં જે આશા હતી, તેને કારણે એ ધૂળ પણ પવિત્ર થઈ હતી. એવી ધૂળ પેટમાં પહોંચે તો એનું માઠું ન લગાડાય. મને તો લોકોનો એ ઉત્સાહ જોઈ સન ૧૯૨૧માં બેઝવાડામાં રાષ્ટ્રીય મહાસમિતિની જે બેઠક થઇ હતી અને તેમાં આસપાસના ગામલોકોના જે ટોળેટોળા ભજન ગાતાં ઉલટયા હતાં તેનું સ્મરણ થયું.

સણોસરાનાં અને આસપાસનાં લોકોને હું કહીશ કે તમારા ભાગ્ય ખુલ્યા છે. રાષ્ટ્રજીવનમાં પરિવર્તન કરવાના મહાન સંકલ્પ સાથે નાનાભાઇ જેવા ઋષિ તમારી વચ્ચે આવીને વસ્યા છે. હિંદુસ્તાનની આ પહેલવહેલી ગ્રામ–વિદ્યાપીઠ છે. અહિં દેશ-પરદેશના લોકો આવશે. ગરીબોના ઉધ્ધારની ચર્ચા ચાલશે. કેવળ સ્વાર્થનો વિચાર કરશો તોયે ધન અને વિદ્યાનો પ્રવાહ આ તરફ વહેશે. તમારા દીકરાદીકરીઓને સારામાં સારી કેળવણી મળશે. ભાગ્યોદયનાં અનેક ક્ષેત્રો એમને માટે ખુલ્લાં થશે. હવે જૂના સંકુચિત વિચારો લઇને નહિં બેસતા નાનાભાઈ જેવા તમારા માટે જે પ્રમાણ કરશે તે સ્વીકારીને ચાલશો.

એક મહત્ત્વની વસ્તુ રહી જાતી હતી. સાર થયું કે એ છેલ્લે તમારી આગળ મૂકું છું. સૌરાષ્ટ્રની ભૂમિની આસપાસ લગભગ બધી દિશાએ સમુદ્ર છે. પુરૂષાર્થી માણસ માટે સમુદ્ર એ પ્રવૃત્તિની મર્યાદા નથી પણ વિશાળ અને વ્યાપક પ્રવૃત્તિ માટેનું આમંત્રણ છે. લોકભારતીનાં અભ્યાસક્રમમાં વહાણવટાને સ્થાન હોવું જોઇએ. લોકોમાં સમુદ્રાયણતા–Sea mindedness–વધવી જોઇએ. સમુદ્ર ઉપર દિવાલો બંધાતી નથી. અને જે લોકો સમુદ્ર ખેડે છે તેમનામાં સંકુચિતતા આવી શકતી નથી. લોકભારતીના વિદ્યાર્થીઓને કહીશ કે તમે જમીન ખેડો, સમુદ્ર ખેડો અને પાસેની ટેકરી પર મોટા દૂરબીન સાથે બેસી વેધશાળા ગોઠવી આકાશ પણ ખેડો. ખગોળશાસ્ત્ર એ કાંઇ નવાર લોકોની વિદ્યા નથી. નક્ષત્રવિદ્યા ખેડુતોએ અને ખલાસીઓએ ખેડેલી વિદ્યા છે.

સાચી ધર્મનિષ્ઠા આવે છે. મહાપુરૂષોએ જે જે ઉપદેશ આપ્યો છે તે તે પ્રમાણે આપણું જીવન ચલાવીએ એવી તેઓ આપણી પાસેથી અપેક્ષા રાખે છે.

ચારિત્ર્યની શુદ્ધિ, ચિત્તની શુદ્ધિ, જીવનની શુદ્ધિ, વૈરાગ્ય એ સાચો માર્ગ છે. કૌટુમ્બિક, રાજકીય, ધાર્મિક બધા આચરણોની ઝીણવટથી તપાસ કરતા રહો. અંતરમુખ બનો. આ પ્રમાણેની ટેવ પાડો. આજે જ નિશ્ચય કરો, આવી આશા આપ સૌ તરફથી હું રાખું છું. અન્ય ધર્મના અધિકૃત પુરૂષો અહિં આવ્યા છે. એટલે આપ તેમને સાંભળવા ઉત્સુક હશો. હું આપ સર્વનો આભારી છું. ફરીથી વિનંતી કરું છું કે મહાપુરૂષનો ઉચિત સત્કાર કરો. તેમનું આયુષ્ય અને આરોગ્ય વધો એવી શુભેચ્છા વ્યકત કરું છું. **કેદારનાથજી**

જ્યારે દેશનું રક્ષણ કરવાનો વારો આવશે ત્યારે દેશના કિનારાનું રક્ષણ કરવા માટે શું આપણે હંમેશા અંગ્રેજોની મદદ માગીશું ? આજે આપણે સ્વતંત્ર કહેવાઇએ છીએ, પણ આપણાં કિનારાનું રક્ષણ આપણે કરી શકતા નથી, ત્યાં સુધી ખરી રીતે આપણે સ્વતંત્ર નથી. સરકાર હદ બહાર પૈસા ખરચી નૌકા સેના ઉભી કરી શકશે. પણ એને માટે જોઇતું મનુષ્યબળ ત્યારે જ મળી શકે જ્યારે આપણા વેપારીઓ અને ખલાસીઓ અનેક રીતે સમુદ્ર ખેડતા થશે. દક્ષિણ આફ્રિકાથી માંડીને ઓસ્ટ્રેલીયા સુધી ફેલાયલા હિંદી મહાસાગરમાં હિંદી લોકો પોતાના વહાણો ચલાવવા માંડશે ત્યારે જ આપણે આપણી સેવાશકિત પૂરેપૂરી ખીલવીશું.

અહિં કોઇ કહેશે કે સૈન્ય રાખીને દેશનું રક્ષણ કરવાની તમારી વાત અહિંસા સાથે શી રીતે બંધ બેસે છે ? હું એટલું જ કહીશ કે દેશનું રક્ષણ કર્યા વગર તો આપણે રહેવાના નથીને ? અહિંસા પાળવી છે માટે સૈન્યમાં જોડાવું નથી, અને અહિંસક ઢબે રક્ષણ કરનારી શાંતિસેના પર વિશ્વાસ બેસતો નથી માટે એમાં પણ દાખલ થવું નથી, એ જાતનું માનસ રાખનારા લોકો સ્વતંત્ર ન જ રહી શકે અને અહિંસક તો તેઓ નથી જ.

તમે થોડા જ દિવસોમાં જોશો કે દુનિયાનાં તમામ સવાલો આપણે અપનાવવા પડશે અને દુનિયાના તમામ લોકો સાથે સમાન ભાવે સહકાર કરી એ સવાલોનો આપણે ઉકેલ આણવો પડશે. એમાં ગાંધીજીનું નામ લઇ ગુરૂભાવ બતાવવા જઇશું તો દુનિયામાં આપણી હાંસી જ થશે. અને લોકો આગળ દબાયેલા રહીશું તો આપણું જીવન વિફળ થશે.

નિર્દોષ અને સમ એવા બ્રહ્મની ઉપાસના કરતા આપણે સમાનભાવે માનવજાતમાં ભળી જઇશું એમાં જ કૃતાર્થતા છે.

નવી વિદ્યાની નવી સંસ્થાનું મુખ્ય કામ ઘણી જ ઝડપથી મોટી સંખ્યામાં શિક્ષકો તૈયાર કરવાનું છે. એ શિક્ષકોમાં પુરૂષો પણ હોય અને સ્ત્રીઓ પણ હોય. પુરૂષો કરતાં સ્ત્રીઓની સંખ્યા સ્વાભાવિકપણે વધારે હોવી જોઇએ.

આપણું કામ પુરૂષોમાં જ ચાલે તો તે એકાંગી ગણાય. એ લક્ષવો લોક-ભારતીમાં ન જ ટકવો જોઇએ.

લોક-ભારતીએ બાળક અને યુવાન વિદ્યાર્થીઓની કેળવણીને પ્રધાન પદ આપવાનું છે એ ખરૂં, પણ આ નવી ક્રાંતિ ત્યારે જ જડ પકડે અને વખતસર સફળ થાય, જ્યારે આપણે આજથી પ્રૌઢોની કેળવણીને પણ સમાનભાવે મહત્ત્વ આપીશું. આ વિચારનો વિસ્તાર કરવાની આવશ્યતા નથી. અનુભવી લોકો આ વાત સહેજે સમજી શકે એમ છે. શુદ્ધ પાયા ઉપર રચેલી અને વિશ્વસેવામાં પરિણત થવા માટે કલ્પેલી આ સંસ્થા છે. એનો સર્વાંગીણ વિકાસ થાઓ એ જ પ્રભુ પ્રત્યે પ્રાર્થના !

સમાપ્ત **કાકા કાલેલકર**

સારિપુત્ર અને મોગ્ગલાન બૌધ્ધ હતા કે જૈન ?

(અનુસંધાન પૃષ્ઠ ૫૬ ઉપરથી)

કે, આ જૈનધર્મનું પ્રતીક છે. વળી રાજા શાતકરણિના અનેક સીકકાઓ હવે તો મલ્યા કરે છે. તેમાં "મુન ઓન ધી હીલ" નામનું પ્રતીક કોતરાયેલું છે, જે ડો. કે. પી. જાયસ્વાલના જણાવ્યા પ્રમાણે જૈનધર્મનું પ્રતિક છે. અને સામાન્ય બુધ્ધિ એટલું તો સૂચવે જ છે કે આ રાજાઓ,. રાજપાટ છોડી આવાં ધાર્મિક સ્થળોની મુલાકાત લ્યે તથા દાન આપે તે પોતાના ધર્મ પ્રત્યે પૂજનીક ભાવ ધરાવવા માટે જ હોય અને રાજા ખારવેલ જૈન-મતાનુયાયી હતો તે તો ઇતિહાસ ડિંડિમ નાદે જાહેર કરે છે.

આ પ્રમાણે શિલાલેખો, સીકકાઓ, અને સાહિત્યિક પુરાવાથી-પરોક્ષ તેમજ પ્રત્યક્ષ-સાબિત થાય છે કે, સાંચીસ્તૂપનું સ્થાન જૈન તીર્થધામ છે અને તેથી આ સારિપુત્ર અને મોગ્ગલાનના સચવાયલાં અવશેષો પણ તેઓ બન્ને જૈનધર્મ અનુયાયી હોવાની સાબિતી આપે છે. અલબત્ત બૌધ્ધ સાહિત્યના જણાવ્યા પ્રમાણે તેઓ ભગવાન બુદ્ધના શિષ્ય થયા હતા ખરા, પરંતુ જ્યારે ભગવાન બુધ્ધ પોતાનો વંશપરંપરાપ્રાપ્ત જૈનધર્મ પાળતા હતા ત્યારે જ. પાછળથી મારા અભિપ્રાય મુજબ ગુરૂ-શિષ્યો છુટા પડી ગયેલ હતા. ભગવાન બુધ્ધે બૌધ્ધ ધર્મની સ્થાપના કરી. પણ સારિપુત્ર અને મોગ્ગલાન પરંપરાપ્રાપ્ત જૈન ધર્મને જીવનના અન્ત સુધી વળગી રહ્યા.

રાવપુરા, વડોદરા **ત્રિભુવનદાસ લહેરચંદ શાહ**

પાટણનો નેત્રયજ્ઞઃ લોકઘડતરનો એક પ્રયોગ

મારા ચિ. ભાઇ ત્રિલોકચંદને પાટણ જૈન મંડળ છાત્રાલયમાં દાખલ કરાવવા જતાં, સંસ્થાના પ્રાણ અમીચંદભાઇએ સંસ્થાના મકાનમાં યોજાયેલા 'શિવાનંદ દૃષ્ટિદાન યજ્ઞ' નિમિત્તે થોડી સેવા આપવા મારી પાસે માગણી મૂકી જે સહર્ષ વધાવી લઇ મેં ત્યાં ૧૦ દિવસ ગાળ્યા. એ દરમ્યાન જે કંઇ મેં જાણ્યું, જોયું અને અનુભવ્યું એ 'પ્રબુધ્ધ જીવન' ના વાચકો સમક્ષ મૂકવા જેવું લાગવાથી હું આ લખી રહ્યો છું. જુનિયર રેડ ક્રોસ સોસાયટી-ધંધુકા, અને દિવ્ય જીવન સંઘ, પાટણ એમ આ બે સંસ્થાઓના ઉપક્રમે આ યજ્ઞની સહિયારા ખર્ચે યોજના કરવામાં આવી હતી. હેમચંદ્રાચાર્યની જન્મભૂમિ ધંધુકામાં થયેલા યજ્ઞ પછી એના અનુસંધાનમાં એમની કર્મભૂમિ પાટણમાં અને તે પણ એ યુગની પુણ્યસ્મૃતિને જીવંત કરવા મથતી વિશાળ જગ્યામાં પથરાયેલી જૈન સંસ્થામાં જ આવો યજ્ઞ યોજાય એમાં કોઇ કુદરતનો જ સંકેત હશે. વળી એ પુણ્યસ્મૃતિ સાથે સૃષ્ટિસૌંદર્યનો પણ એવો સુભગ સુયોગ થયો હતો કે જેથી ચારે બાજુ દૂર દૂર સુધી પથરાયેલી વિશાળ વૃક્ષરાજી, ગામની ધમાલથી સહેજે દૂર આવેલું એકાંત સ્થળ તથા પ્રાચીન કાળના કોઇ તપોવન કે નાલંદાની નાનીશી આવૃત્તિની સ્મૃતિ જગવતી એ શિક્ષણ સંસ્થાનું વાતાવરણ સહેજે જ ચિત્ત અને મનને શાંન્તિ આપતું હતું. આવા પવિત્ર અને શાન્ત વાતાવરણમાં માનવસેવાનો આ દૃષ્ટિદાન યજ્ઞ તા. ૧૬-૫-૫૩ થી તા. ૨૩-૫-૫૩ સુધી પુરા આઠ દિવસ ચાલ્યો. એ યજ્ઞ દરમિયાન ૨૦૦૦ જેટલા દર્દી ભાઇ-બહેનોને તપાસવામાં આવ્યા હતા, જેમાંથી ૪૫૦ જેટલા ભાઇ-બહેનોને તેઓ ઓપરેશનને યોગ્ય હોઇ વોર્ડમાં દાખલ કરી ૭૦૦ ઓપરેશન કરવામાં આવ્યા હતા. જગતને જોવાની દૃષ્ટિ ગુમાવી બેઠેલા અને પરવશ બની લાચાર જીવન ગુજારતા સેંકડો અંધ ભાઇ-બહેનોને ફરી આ જગતને જોવાની દૃષ્ટિ આપનાર ડો. અધ્વર્યુ ખરેખર આ યજ્ઞના સાચેજ અધ્વર્યુ હતા. એમની પ્રેરણાથીજ આ યજ્ઞ ઉભો થયો હતો. ૧૬ થી ૧૮-૧૮ કલાક સુધી તેઓ અવિરતપણે આ કાર્યમાં રત રહેતા હતા. એ એક દિવસ માટે ડો. જોશીએ, તથા અડધા દિવસ માટે ડો. માંકડે પણ પોતાનો ફાળો આપ્યો હતો. આવેલા દર્દીઓમાં મોટે ભાગે અજ્ઞાન અને દરિદ્ર ગામડીયાઓ જ હતા. કેટલાક તો મહાન તપસ્વીઓની જેમ સંપૂર્ણ અકિંચનપણે, કેવળ પહેરેલે જ વસ્ત્રે કોઇના પણ સાથ વિના ઇશ્વર પર ભરોસો રાખી લાકડીના ટેકે ટકરાતા-અથડાતા આવેલા હતા જે ભારતની ભીષણ કંગાલિયતનું દર્શન કરાવી સહૃદય આત્માઓની આંખો ભીંજવી દેતા હતા. એથી આ માનવસેવાનો યજ્ઞ ખરી રીતે તો રૂગ્ણ અને દરિદ્રનારાયણ સ્વરૂપે ઇશ્વરદર્શનનો જ મહાયજ્ઞ હતો. સેંકડોની સંખ્યામાં રોજ ઉભરાતા દર્દીઓનાં ભોજન-પથારી તથા સારવારનાં સાધનો ઉપરાંત તેમની સાથે આવેલા માણસોને માટે પણ ખાન-પાન આદિની વ્યવસ્થા કરવી એ ઘણું કપરૂં કામ હતું, પણ એ કાર્યને સંસ્થાના પ્રાણ ભાઇ અમીચંદ ખીમચંદ તથા તેમના સહકાર્યકર્તા ભોગીલાલ ચુનીલાલ જેવા કાર્યકર્તાઓની દીર્ઘદૃષ્ટિ, ઉદારતા, સહૃદયતા, અથાગ પરિશ્રમ અને ધગશ ઉપરાંત વ્યવહારકુશળતાએ સુલભ બનાવી દીધું

હતું. ઉનાળાના ધોમધખતા તડકામાં કલાકો સુધી ઘુમ્યા કરવું અને નાનામાં નાની મુશ્કેલીનો તોડ કાઢવામાં ગુથાયેલા રહેવું એ અમીચંદભાઇનો સહજસ્વભાવ હતો. રસિકભાઇ, ચંદુભાઈ, વિશ્વામિત્રભાઇ, વાડીભાઇ, રતિભાઇ, રંજુભાઇ શાસ્ત્રી, સોમચંદ શાહ, ગીરજાબહેન અને નટુભાઇ ઉપરાંત સ્વયંસેવકો તથા સ્વયંસેવિકાઓનો ફાળો પણ જેવો તેવો નહોતો. ૧૮-૧૮ કલાક કામ કરવા છતાંય નથી કોઇ કાર્યકર્તાઓ કે સ્વયંસેવકો ને સ્વયંસેવિકા કંટાળ્યા કે નથી કોઇએ મોઢું મરડયું. ગંદા ગોબરા અને ચીંથરેહાલ નીચલા થરની વ્યક્તિઓના ઝાડા-પેશાબની વ્યવસ્થા કરવી, એમને જમાડવા એમની ઘુન તેમજ અજ્ઞાનતાને સહી લેવી તથા રાત્રીના ૧ વાગ્યા સુધી દર્દીબહેનોના માથાં ધોવાં, ચોટલા ગુંથવા, માથે તેલ નાખવું વિ. કાર્યો કરવાની ધગશ દાખવતા આ ભાઇ-બહેનો રાષ્ટ્રપિતા ગાંધીજીએ જનતામાં સેવાનાં જે બીજ વાવ્યાં હતાં એનાં અંકુરો ફૂટી નીકળવાની પ્રતીતિ પુરી પાડતાં હતાં અને ભાવી ભારતના ઘડતરની કોઇ અનેરી આશા જન્માવતા હતા. છતાં આ યજ્ઞ કેવળ સેવા આપવાનો જ એકતરફી યજ્ઞ નહોતો. પણ સાથે સાથે સેવાની ભાવના જગાડી એમનામાં તેજ પુરવાનો લોક ઘડતરનો-સંસ્કાર શિક્ષણનો-એક વર્ગ પણ હતો. દર્દીઓની સંખ્યા ઉભરાતી ગઇ, કામનો બોજો વધવા લાગ્યો અને અવ્યવસ્થાની:આશંકા જ્યારે ઉભી થવા લાગી ત્યારે મારા મિત્ર નટુભાઇ ચોકસી તથા ભાઇ અદેસીંગની સહાયથી અમે જનતામાં પડેલી શકિતને બહાર લાવી એનો ઉપયોગ કરવાની દિશામાં કેટલાક નવા પ્રયોગો કર્યા અને અમને એથી ખૂબજ આનંદ તેમ જ આશ્ચર્ય પેદા થાય તેટલી હદે એમાં સફળતા સાંપડી. આ અનુભવે અમને ખૂબ જ આશા અને પ્રોત્સાહન આપ્યું છે અને ભવિષ્યમાં થતા આવા યજ્ઞો, યાત્રા, મેળા કે સંમેલનોમાં પણ કેટલું સુંદર કાર્ય થઇ શકે એનું ભાન કરાવ્યું છે. મારા મિત્ર નટુભાઇ ચોકસીએ જેમની સાથે કોઇ જ નહોતું,એવા દર્દીઓની સારવાર માટે અન્ય દર્દીઓ સાથેના માણસોમાંથી કામચલાઉ સ્વયંસેવકો ઉભા કર્યા ને એમને હરેક પ્રકારની સમજ આપી. કેમ સારવાર કરવી એ શિખવ્યું, દર્દીઓની થાળીઓ માંજવાની સાફ ના પાડનાર બહેનોને "તમને સ્પર્શ કરવા પણ ન ઇચ્છે એવી સુખી ઘરની બહેનો જો તમારા ઝાડા-પેશાબ-માથાં ધોવા ને ગુંથવા આદિ કાર્યોમાં શરમ-સંકોચ કે ઘૃણા દાખવતા નથી તો તમને કઇ શરમ-સંકોચ નડે છે ? ચાલો, હું માંજું છું. મને તો મદદ કરશોને ?" કહેતાં દર્દીઓ સાથે આવેલી બહેનો શરમીંદી બની ઉઠી અને કામે વળગી. આવા કાર્યમાં એમને જાગૃત કરવા મેં ભાઇ અદેસિંગની મદદ માંગી. એમણે વોર્ડ-વોર્ડ ફરી ભાઇ-બહેનોને એકત્ર કરી પોતાના મધુર કંઠે ગવાતા લોકગીતો દ્વારા સેવાની ભાવનાનું એમનામાં સિંચન કર્યું ને પોતાની ફરજનું ભાન કરાવ્યું. પરિણામ એ આવ્યું કે રસોડામાં એક દિવસ અમે ખૂબ જ શ્રમિત થયા હતા ત્યારે ધાધરા જેવો ચોરણો પહેરતા, એક આધેડ ઉમરના ભાઇને, 'તમે પીરસશો ભાઇ ?' કહેતાં એ બોલી ઉઠયો કે 'હું પીરસું ?' 'હા, હા, તમે પીરસશો તો હું બહું રાજી થઇશ' નો પ્રત્યુતર સાંભળતાં એની આંખમાં એક પ્રકારની ચમક આવી, એની લઘુતાગ્રંથી છૂટી ગઇ, એનો પોરસ સમાતો ન હતો. એ જાણે કે અમારામાંનો જ એક સમાન કાર્યકર હોય તેવો ગર્વ અનુભવતો પીરસવા માટે દોડાદોડી કરવા લાગ્યો. એનો ચેપ બીજા ભાઇઓને પણ લાગ્યો. એકમાંથી વીશ થયા, અને પછી તો એ ભાઇઓએ જાણે પોતાનું જ ઘર હોય તેમ માની જે સેવા આપી છે તેની સ્મૃતિ કદિ ભૂલાશે નહિ. આઠ દિવસના આ લોક શિક્ષણવર્ગમાં શરૂઆતમાં બાધા જેવા જણાતા એ લોકોએ પાછળથી જે શિસ્ત અને વ્યવસ્થા બતાવી, લઘુતાગ્રંથી છૂટવાથી આનંદઉત્સાહ અને સમાનતાની ગર્વભરી લાગણી સાથે જે તેજ પ્રગટ કર્યું તથા ઉપલા વર્ગના ગણાતા લોકોએ નીચલા થરના લોકો સાથે ભળવામાં, નાતજાતના ભેદભાવ વિના એક જ પંગતે ભોજન લેવામાં, એવા લોકોના હાથે થતી પીરસણોમાં કે એમના થાળી વાડકા માંજવામાં જે ગુરૂગ્રંથિ મુંઝવતી હતી એમાંથી છૂટકારો મેળવી જે અવિરોધભાવ પ્રગટ કર્યો એટલું જ નહિ પણ ઉત્સાહથી એ કાર્યને વધાવી લીધું એ ભાવી ભારત માટે ખૂબજ આશા આપનારૂં હતું. હજારો વર્ષની રૂઢિમાં જકડાયેલા હોવા છતાંય આપણી આંતર પ્રકૃતિ પૂ. બાપુજીએ બતાવેલા માર્ગે જવા મથી રહી છે એનો આથી બીજો કયો સુંદર પૂરાવો હોઇ શકે ?

સવારના ૫ થી શરૂ થતી પ્રાર્થના, લગભગ ૭ વાગ્યા સુધી રેડીયો પરથી ગવાતા ભજનો, ભોજન સાથે ઉચ્ચારાતા પ્રાર્થનામંત્રો કે રામધુનો, રાત્રે પ્રાર્થના-પ્રવચનો, આંખની જાળવણીના ટુંકાં વ્યાખ્યાનો, કોઇકવાર પ્રહસનો તથા ફિલ્મો દ્વારા લોકશિક્ષણના કાર્યક્રમો-એમ વિવિધ રૂપે ધર્મસેવા તથા આત્મીયતાનું વાતાવરણ સર્જવામાં આવતું હતું. ભુખ્યાને શોધી શોધીને જમાડવામાં, એકલવાયી રડતી બહેનની નાની દીકરીને ગામમાંથી તેડી લાવી માતાને આનંદ પહોંચાડવામાં, પીરસેલા ભાણા પર રિસાઇ બેઠેલા બ્રાહ્મણને સમજાવી જમાડવામાં, આંખે બાંધેલો પાટો કુશાવી દઇ ઉછળતા વૃધ્ધને સમજાવી શાંત કરવામાં, કોઇકવાર ૧૫-૧૫ જેટલા અંધોની લાંબી કતારને ઝાડા-પેશાબે લઇ જવામાં તથા અપંગ વૃધ્ધને ઉંચકીને ફેરવવામાં કાર્યકરો તથા સ્વયંસેવક ભાઇ-બહેનોએ જે ધૈર્ય-સંયમ-પ્રેમ તથા મમતાભરી લાગણી દર્શાવી છે એમાં વાતાવરણનો જ મોટો પ્રભાવ હતો એમ કહું તો તે અયોગ્ય નહિ ગણાય. કારણ કે જેઓ કેવળ મજુરીને અંગે જ આવેલા એવા મજુરભાઇઓ તેમજ રસોઇયા-ભાઇ બહેનો કયા બળથી ૧૮-૧૮ કલાક સુધી કામ કરી શકયા હતા ? ઉનાળાની અસહ્ય ગરમીના દિવસોમાં આખો દિવસ ચુલા ઉપર કામ કરવું એ જેવું તેવું તપ નથી. પણ ભાવનાના વાયુમંડળે એક નવી જ હવા પ્રસારી હતી અને એથી આત્મીયતાના નાતે સહુ કોઇ કામ કરી રહ્યા હતા. આત્મવિકાસના માર્ગે એક ડગલું આગળ વધ્યાનો સંતોષ મેળવી મેં યજ્ઞની પૂર્ણાહુતિ બાદ બટણ છોડયું. વિદાય વેળાએ સંસ્થા તરફથી રહી ગયેલી ક્ષતિ માટે ક્ષમા યાચતા બે શબ્દો જ્યારે આવેલા ભાઇઓને કહેવામાં આવ્યા ત્યારે કૃતજ્ઞતાની લાગણી દર્શાવવા જેવી ભાષા અને વાણી તો એમની પાસે નહોતી, પણ એમની આંખના ખુણે બાઝેલા મોતી એ ધરતીમાતાને ધરતા હતા. ધર્મ, કોમ કે કશાના બંધનથી પર માનવમાત્રના દિલમાં જે અગમ્ય તત્ત્વ એકબીજાના પ્રેમના ગાઢ સૂત્રે બાંધી આત્મીયતાનો અનુભવ કરાવે છે એનું આ ચિત્ર ભવ્ય મંગળ દર્શન કરાવતું હતું. એ મંગળ દર્શન પામી અગમ્ય લાગણીઓ અનુભવતો હું એક માર્ગે વળ્યો, તેઓ બીજા માર્ગે જઇ રહ્યા હતા, ફરી એ ભાઇઓ મળશે કે કેમ એ એક પ્રશ્ન છે. પણ પાટણનું દર્શન તો મને સદા અપૂર્વ સ્મૃતિઓ જગાડ્યા જ કરશે અને તેથી પાટણનો પ્રવાસ મારે માટે તીર્થયાત્રા જેવો બની ગયો હતો.

આમ છતાં આ યજ્ઞમાં કિંચિત્ પણ ત્રુટિ નહોતી એમ નહોતું. મનુષ્યમાત્ર અપૂર્ણ છે, એથી દોષ થવો એ સહજ છે. પણ જ્યાં દોષને સેવાની, ભુલ સુધારવાની ને ફરી આવા પ્રસંગે સજાગ રહેવાની જાગૃત દૃષ્ટિ છે ત્યાં અપૂર્ણતા એ વિકાસને સહાયક નીવડે છે. એક જ દિવસે દૂર દૂરના ગામડાંઓમાંથી આવેલી વૃદ્ધ-અજ્ઞાન અને અંધ ભાઇ-બહેનોની ટુકડીઓમાંથી ઘણાને ૩-૪ કે ૫ દિવસ પછી આવવાની સુચના મળતાં એમાંના ઘણા ભાઇ-બહેનો હતાશ થઇ બોલી ઉઠતા, ' હવે અમે ફરી કયાંથી આવી શકશું ? હવે અમને ફરી કોણ અહીં લાવશે ? ફરી કોણ અમને ભાડાની વ્યવસ્થા કરી આપશે ? અરેરે ! અમારા નશીબમાં તો અંધત્વજ લખાયું હશે ને ?'

કાર્યકર્તાઓએ એવી વ્યવસ્થા કરવી જોઇએ કે જેથી કોઇ પણ

ભાઇ–બહેન અજ્ઞાનતાને કારણે મરજી પડે ત્યારે હાલી નીકળવાની ઉતાવળ ન કરે તેમજ પૂર્ણાહુતિ બાદ પણ ન આવે. અને કોઇ આવી જાય તો તેમને પાછા ન વાળતાં ખાસ કીસ્સાઓમાં ખાવા-પીવાની વ્યવસ્થા કરી આપવી જોઇએ.

રતિલાલ મફ઼ભાઇ શાહ

સંઘસમાચાર

શ્રી કાન્તિલાલ ડી. કોરા તથા શ્રી ખીમજી છેડા સંઘની કાર્યવાહીમાં

તા. ૯-૭-૪૩ ગુરૂવારના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ શ્રી. કાન્તિલાલ ડી કોરા તથા શ્રી ખીમજી છેડાને સંઘની કાર્યવાહીમાં સભ્ય તરીકે ઉમેરવાનો ઠરાવ કર્યો છે.

પંજાબના પ્રસિધ્ધ ગાયક ભાઇ ઘનશ્યામને આવકાર

ભાઇ ઘનશ્યામ પંજાબના એક પ્રસિધ્ધ યુવાન ગાયક છે. તેઓ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિના પરમ ભક્ત છે. થોડા દિવસ પહેલાં મુંબઇમાં ઉજવાયેલ સમ્યક્ ચારિત્ર્ય મહોત્સવ પ્રસંગે તેઓ પોતાની સ્વજન મંડળી સાથે મુંબઇ આવ્યા હતા અને મલેરકોટલાની આત્માનંદ જૈન હાઇસ્કૂલના લાભાર્થે 'દાનનો મહિમા' એ નામનું નાટક તેમણે ભજવી બતાવ્યું હતું. શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને તેમનો પરિચય થાય એ હેતુથી તા. ૩-૭-૫૩ શુક્રવારના રોજ તેમને સંઘના કાર્યાલયમાં પધારવા નિમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમને સંઘ તરફથી આવકાર આપતાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું હતું કે "ગયા વર્ષે લગભગ આ અરસામાં જ્યારે મુંબઇ ખાતે જૈ. શ્વે. મૂ. કોન્ફરન્સનું અધિવેશન ભરાયું હતું ત્યારે આપણે તેમને પહેલી વાર જોયા હતા. તે વખતે તેમણે પોતાના બુલંદ અવાજ અને ભાવભર્યા ગીતો વડે મુંબઇની જૈન જનતાને મુગ્ધ કરી હતી. ત્યાર બાદ ચાલુ વર્ષના પ્રારંભમાં આચાર્યશ્રીની જન્મજયન્તી પ્રસંગે પણ તેમના સંગીતનો લોકોને બહુ સારો લાભ મળ્યો હતો. આ વખતે તો તેઓ પોતાના જ સ્વજનોની એક મંડળી લઇને મુંબઇ આવ્યા હતા અને 'દાનનો મહિમા' એ નામનું તેમણે ભજવેલ નાટક જોવાનો અન્ય અનેક ભાઇ બહેનો માફક મને પણ લાભ મળ્યો હતો. એક જૈન યુવાન પોતે નાટક લખે, ગીતો રચે, પોતાના ભાઇઓ, ભત્રીજાઓ તથા ભાણેજોને ભેગા કરીને રંગભૂમિ ઉપર નાટક ભજવી બતાવે–આ ઘટના આપણને ભારે વિસ્મય અને આનંદ ઉપજાવે તેવી હતી તેમ જ જૈન સમાજ માટે ગૌરવપ્રદ હતી. નાટકમાં જરૂર ત્રુટિઓ હતી, પણ તે ભજવવા પાછળ માત્ર ઘનશ્યામનો જ નહિ પણ આખી મંડળીનો જે જુસ્સો અને શુભ ભાવનાનો આવેગ હતો તે ભારે પ્રેરક હતો. તેમની પાસેથી જાણવા મળે છે કે નાનપણથી તેમને સંગીતનો શોખ હતો. અને એ સંગીતની અને ગાવાની શક્તિનો માત્ર સામાજિક અને કોમની સેવા અર્થે જ તેઓ આજ સુધી ઉપયોગ કરતા આવ્યા છે. વ્યાપાર તેમનો વ્યવસાય છે. આઝાદી મળ્યા પહેલાં તેઓ પશ્ચિમ પંજાબના વતની હતા. આજે તેમની દીલ્હી તથા બીઆવરમાં વ્યાપારી પેઢીઓ છે, તેઓ કુલ સાત ભાઇઓ છે અને તેમના માતા પિતા બીઆવરમાં રહે છે. આવા એક સેવાપરાયણ સત્ત્વશાલી સુરૂપ યુવાનનું દર્શન તેમ જ પરિચય આપ સર્વને આલ્હાદક બનશે એમ સમજીને તેમ જ તેમની સાથે આપણો ગાઢ સંબંધ બંધાય કે જેથી સેવાકાર્યમાં આપણે પરસ્પર ઉપયોગી થઇ શકીએ એ હેતુથી તેમને મેં અહિં બોલાવ્યા છે અને તમો ભાઇઓ તથા બહેનો વતી તેમને હું આવકારું છું." ત્યાર બાદ ભાઇશ્રી ખીમજીભાઇ છેડાએ ભાઇ ઘનશ્યામને સવિશેષ આવકારતાં તેમનો વિશેષ પરિચય આપ્યો અને તેમની ઉંડી ધગશ અને સેવાવૃત્તિનો ખ્યાલ આપ્યો. સંઘના પ્રમુખશ્રીએ તેમનું પુલહાર વડે સન્માન કર્યું. ભાઇ ઘનશ્યામે સંઘનો આભાર માનતાં પોતાની જીવનકથા કહી, પંજાબમાં જ્યારે રમખાણ ફાટી નીકળ્યા ત્યારે તેઓ ત્યાંથી કેવી રીતે મુંબઇ આવી પહોંચ્યા અને બબ્બેવાર એરોપ્લેન ચાર્ટર કરીને પોતાનાં ભાઇ ભાડું અને અન્ય સ્વજનોને મુંબઇ લઇ આવ્યા તે તેમણે જણાવ્યું. વળી બે વર્ષ પહેલાં તેઓ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીને વન્દન કરવા પાલીતાણા ગયેલા ત્યારે એક દિવસ સાંજના તેમને સર્પદંશ થયેલો, તેમને તરત જ હોસ્પીટલમાં લઇ જવામાં આવેલા, ડાકટરોએ બનતા ઉપાય કર્યા છતાં એક પણ ઉપાય કારગત ન નીવડ્યો અને એમના જીવવા વિષે સૌ કોઇએ આશા છોડી દીધેલી. એવા સમયે રાત્રીના બે વાગ્યે આચાર્યશ્રીએ તેમના માટે વાસક્ષેપ (ચંદન-કેસર-મીશ્રિત ચૂર્ણ) મોકલ્યો, તે માથા ઉપર છાંટ્યો, મસળ્યો અને ત્યાર બાદ થોડી વારમાં તેમને એક સખત ઉલટી થઇ અને બધા વિષનું વમન કરી નાંખ્યું. ત્યારથી આચાર્યશ્રીએ પોતાને નવું જીવન આપ્યું એવી આચાર્યશ્રી વિષે તેમની શ્રધ્ધા બંધાઇ અને એવા ભકિતભાવથી પ્રેરાઇને તેઓ આચાર્યશ્રી જ્યાં હોય ત્યાં અવાર નવાર જાય છે–આવી પોતાના વિષેની રોમાંચક વિગતો જણાવીને સૌ કોઇને આનંદમુગ્ધ કર્યા. ત્યાર બાદ તેમણે "જિન ધરમકે ટુકડે હજાર હુઆ, કોઇ યહાં ગીરા, કોઇ વહાં ગીરા," તથા "સુનો સુનો એ દુનિયાવાલે, એ વીર પ્રભુકી અમર કહાણી" એ બે સ્વરચિત ગીતો સંભળાવ્યા અને સાના દિલને દર્દપ્રધાન ગાયન વડે ભાવના-વ્યાકુળ બનાવ્યા. તેમનો પુનઃ આભાર માનવામાં આવ્યો અને સભા વિસર્જન કરવામાં આવી.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

મદ્રાસ સરકારની પ્રાથમિક શિક્ષણની યોજના

મદ્રાસ સરકારે ગામડાંમાં આવેલી ૩૮૦૦૦ પ્રાથમિક શાળાઓમાંથી ૩૫૦૦૦ શાળાઓમાં એક નવી જ શિક્ષણયોજના દાખલ કરી છે, આજની પ્રાથમિક શાળાઓનો સમય સાધારણ રીતે સવારના અગિયારથી સાંજના સાડા પાંચ સુધીનો હોય છે. તે સાડા છ કલાકમાં એક કલાક 'રીસેસ' નો બાદ કરતાં બાલવિદ્યાર્થીને સાડા પાંચ કલાક ભણવાનું હોય છે. આ જ રીતે અઠવાડીઆમાં રવિવાર આખો અને શનીવારનો અડધો દિવસ બાદ કરતાં સાડા પાંચ દિવસ વિદ્યાર્થીને ભણાવવામાં આવે છે.

આજે દેશમાં પ્રાથમિક શિક્ષણ સર્વવ્યાપી અને ફરજિયાત હોવું જોઇએ અને દેશનું કોઇ પણ બાળક અક્ષરજ્ઞાનથી વંચિત ન હોવું જોઇએ એવી નીતિ રાજ્યબંધારણમાં સ્વીકારવામાં આવી છે અને એ નીતિના અમલ તરફ દરેક પ્રદેશમાં જરૂરી અને શકય તેટલાં પગલાં ભરાઇ રહ્યાં છે. આમ છતાં પણ હજુ આ નીતિનો કોઇ પણ પ્રદેશમાં સર્વાંગી અમલ શકય બન્યો નથી. આનું કારણ એ છે કે આવા વિરાટ હેતુને પહોંચી વળવા માટે જે વિપુલ દ્રવ્ય જોઇએ તે આપણી સરકારો પાસે પૂરતા પ્રમાણમાં નથી.

બીજું પ્રાથમિક શાળા એટલે ૬ થી ૧૧ વર્ષ એટલે પાંચ વર્ષ સુધી ભણાવવાની વ્યવસ્થા. આ રીતે ઉગતી ઉમ્મરમાં એક સરખા પાંચ વર્ષ વિદ્યાર્થીને નીશાળમાં ગાળવા પડે છે. તેનું પરિણામ એ આવે છે કે તે પોતાના કૌટુંબિક વ્યવસાયમાં અભ્યાસકાળ દરમિયાન કશો ભાગ લઇ શકતો નથી અને પછી તેનામાં એવા વ્યવસાય માટે જોઇએ તેટલો રસ જામતો નથી. પરિણામે આ છોકરાંઓ આગળ અભ્યાસ તરફ, અને શહેરી જીવન તરફ ખેંચાતા જાય છે અને જ્યાં તેઓ જન્મ્યા હોય અને ઉછર્યા હોય અને પોતાના કુટુંબનો જે પરંપરાગત વ્યવસાય હોય તેથી મોટા ભાગે તેઓ વિખુટા પડી જાય છે અને આગળ ભણીને પણ કેમ ઠેકાણે પડવું એ પ્રશ્ન આ છોકરાંઓ માટે ભારે વિકટ બને છે.

સરકારની આ આર્થિક મુશ્કેલી અને ગામડાંમાં વસતા પ્રજાજનોની આ મુંઝવણ બન્નેને લક્ષ્યમાં રાખીને મદ્રાસ સરકારે ત્યાંના મુખ્ય પ્રધાન શ્રી. રાજગોપાલાચાર્યની પ્રેરણા અને માર્ગદર્શન નીચે ઉપર જણાવ્યું તેમ એક નવી શિક્ષણયોજનાને તત્કાલ અમલમાં મૂકવાની જાહેરાત કરી છે.

આ યોજના મુજબ વિદ્યાર્થીને ભણવાનો સમય સાડા પાંચ કલાકને બદલે ત્રણ કલાકનો રાખવામાં આવશે. શાળા એ શીફ્ટમાં–પાળામાં–ચલાવવામાં આવશે. સવારના ત્રણ કલાક અને બપોરના ત્રણ કલાક. અમુક વિદ્યાર્થીઓ સવારે ભણશે; અમુક વિદ્યાર્થીઓને બપોરે ભણાવવામાં આવશે. એક જ શિક્ષક સવાર અને બપોરના વર્ગો લઇ શકશે. અઠવાડીઆમાં ભણાવવાના સાડા પાંચને બદલે છ દિવસ (એટલે કે શનીવાર આખો) રહેશે. વરસ આખામાં રવિવાર, અન્ય તહેવારો તથા વેકેશનો બાદ કરતાં ૨૨૦ દિવસથી વધારે દિવસ ભણવા કે ભણાવવાનું નહિ હોય. સવાર કે બપોરના નવરાશના ગાળામાં વિદ્યાર્થીએ પોતાના બાપદાદાના કામકાજમાં અથવા તો પોતાને અનુકુળ હોય અને પસંદ હોય એવા બીજા કોઇ પણ કામકાજમાં–ઉદ્યોગ–ધંધામાં રોકાવાનું રહેશે. આ રીતે સાક્ષરી ભણતર સાથે તેને કોઈ ને કોઇ ધંધો, કારીગીરી, ઉદ્યોગ કે વ્યવસાયની તાલીમ મળશે અને સ્થાનિક વાતાવરણ સાથેનું તેનું તાદાત્મ્ય જળવાઇ રહેશે–વધતું જશે. આર્થિક દૃષ્ટિએ વિચારતાં આજે જેટલા શિક્ષકો રોકાયલા છે તેટલા જ શિક્ષકો વડે બમણી સંખ્યાના વિદ્યાર્થીઓને ભણાવી શકાશે. આ યોજના માત્ર છથી અગિયાર વર્ષના વિદ્યાર્થીઓને લાગુ પડતી હોઇને તેના કુલભણતરમાં બહુ મહત્વનો ફરક નહિ પડે. અને જેને જેને પછી આગળ ભણવું હશે તેના શિક્ષણમાં રહેલી ઉણપ થોડા સમયમાં દૂર કરીને તેને આગળ ધકેલી શકાશે. મોટા ભાગના વિદ્યાર્થીઓ તો આ ઉમ્મર બાદ પોતપોતાના બાપીકા ધંધામાં કે એવા જ કોઇ ગામડાના અન્ય વ્યવસાયમાં ગોઠવાઇ જવાનું પસંદ કરશે અને એ રીતે કુટુંબમાં એક કમાઉ અંગ તરીકે પોતાની ઉપયોગીતા પુરવાર કરતો થઇ જશે.

આ યોજનાએ દેશભરના કેળવણીકારોનું ખૂબ ધ્યાન ખેંચ્યું છે અને તેના લાભાલાભ ઔચિત્ય–અનૌચિત્ય વિષે ઓતરફ ખૂબ ચર્ચા થઇ રહી છે. સામાન્યઃ વિચારતાં અને દેશની અદ્યતન આર્થિક પરિસ્થિતિ તથા અક્ષરજ્ઞાનને બને તેટલું વ્યાપક બનાવવાની જરૂરિયાત ધ્યાનમાં લેતાં આ યોજના તદ્દન વ્યવહારૂ અને આવકારયોગ્ય લાગે છે અને આ પ્રયોગ મદ્રાસ પ્રાન્તમાં સફળ થયો માલુમ પડતાં અન્ય પ્રદેશો પણ તેનું જરૂર અનુકરણ કરશે અને એ રીતે અજ્ઞાન નિવારણના–અક્ષરજ્ઞાન પ્રદાનના–પ્રશ્નનો આપણે સત્વર ઉકેલ લાવી શકીશું એવી આશા રહે છે. ચાલુ ધરેડથી મુકત એવી આ પ્રકારની મૌલિક શિક્ષણ યોજનાને રજુ કરવા માટે તેમ જ અમલી બનાવવા માટે મદ્રાસના મુખ્ય પ્રધાન શ્રી રાજગોપાલાચાર્યને તેમ જ ત્યાંના શિક્ષણપ્રધાન ડો. એમ. વી. કૃષ્ણારાવને અનેક ધન્યવાદ ઘટે છે. આ યોજનાના પરિણામે શિક્ષણ વિષેના સમગ્ર ખ્યાલોમાં પણ મોટી ક્રાન્તિ પેદા થશે અને પશ્ચિમના ચોગઠામાંથી મુકત બનીને દેશની આગેાહવા સામાજિક પરિસ્થિતિ અને લાક્ષણિક સંસ્કૃતિને અનુરૂપ શિક્ષણપદ્ધતિ આપણે જરૂર બહુ અલ્પ સમયમાં નિર્માણ કરી શકીશું, એવી આશા આપણા ચિત્તને પ્રોત્સાહિત કરે છે. **પરમાનંદ**

ઐકય સમિતિની સભા

તા. ૧૧-૭-૫૩ શનીવારના રોજ આચાર્યશ્રી વિજયવલ્લભ-સૂરિના સમ્યક્ ચારિત્ર્ય મહોત્સવ પ્રસંગે નીમાયલી–સમસ્ત જૈન સમાજમાં એકતાની સ્થાપના કરવાના હેતુથી ઉભી કરવામાં આવેલી–ઐકય સમિતિની સભા પાયધુની ઉપર આવેલા જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યાલયમાં મળી હતી. શ્રીમાન સાહુશ્રેયાંસ-પ્રસાદજી જૈન નાદુરસ્ત તબિયતના કારણે હાજર નહિ રહી શકવાથી શ્રીમાન ક્રાન્તિલાલ ઇશ્વરલાલને પ્રમુખસ્થાન ઉપર નિયુકત કરવામાં આવ્યા હતા. ઐકય સમિતિમાં નીમાયલા સભ્યોમાંથી ઘણા ખરા સભ્યોએ હાજરી આપી હતી અને સૌ કોઇએ લગભગ અઢી કલાક સુધી ચાલેલી ચર્ચામાં બહુ રસ-પૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે પ્રમુખસ્થાનેથી શ્રીમાન ક્રાન્તિલાલ ઇશ્વરલાલ, અને ત્યાર બાદ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, શેઠ ભોગીલાલ લહેરચંદ, શ્રી ખીમચંદ મગનલાલ વોરા, શ્રી મગનલાલ પી. શાહ. ટી. જી. શાહ, શ્રી ચંદુલાલ કસ્તુરચંદ શાહ, શ્રી. ચુનીલાલ કામદાર, શ્રી ચીમનલાલ વખારીઆ, શ્રી નેમચંદ નગીનચંદ વકીલવાળા, શ્રી સોહનલાલજી દુગડ, શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા શ્રી તારાચંદ કોઠારી, તથા શ્રી ખીમજી હેમરાજ છેડાએ એકતાના પ્રશ્નને વિવિધ દૃષ્ટિકોણથી વિગતવાર ચર્ચ્યો હતો અને અનેક રચનાત્મક સૂચનો–આદર્શવાદી તેમ જ વ્યવહાર રજુ કર્યા હતા. સૌના દિલમાં એકતા તરફ વેગપૂર્વક ગતિ કરવાની તમન્ના હતી. આપણાં છાત્રાલયોમાંથી ફિરકાભેદ કાઢી નાંખીએ, ધાર્મિક પર્વો એક દિવસે સૌ સાથે મળીને ગોઠવીએ અને ઉજવીએ, સર્વને સંમત થાય તેવું ધર્મ સાહિત્ય પ્રગટ કરીએ, જૈન ધર્મની સુરેખ માહીતી આપે એવા ગ્રંથો અંગ્રેજી ભાષામાં તૈયાર કરીને પરદેશો-માં તેનો ફેલાવો કરીએ, શિક્ષણ પ્રવૃત્તિ અને શિષ્યવૃત્તિમાંથી પણ ફિરકાભેદને નાબુદ કરીએ. એવી જ રીતે આજે ચાલતી રાહત પ્રવૃત્તિ તેમ જ ઉત્કર્ષ યોજનાઓને પણ કોઈ પણ ફિરકાથી મર્યાદિત ન કરતાં તેને સમસ્ત જૈન સમાજવ્યાપી બનાવીએ, તીર્થોના ઝગડા હોય તે પતાવી દઇએ અને કોઇ પણ સાંપ્રદાયિક ઝગડાને માથું ઉંચું કરવા ન દઇએ, માન્યતાભેદો ગમે તે હોય પણ પરસ્પર એકતા અને ભાઇચારાની બુદ્ધિ કેળવીએ અને સામાજિક ક્ષેત્રમાં બધા સાથે મળીને કામ કરીએ.–આવાં અનેક સૂચનો ભિન્ન ભિન્ન વકતાઓ તરફથી કરવામાં આવ્યા હતા અને સભાજનોએ તે સૂચનોને ઉત્સાહપૂર્વક ઝીલ્યા હતા. આગામી માગશર કે પોષ માસમાં અખિલ હિંદના સમસ્ત જૈનોની આપણે એક પરિષદ ભરવી અને તે લક્ષ્યમાં રાખીને એકતાના આન્દોલનને ખૂબ વેગ-પૂર્વક ચલાવવું એવો વિચાર પણ રજુ કરવામાં આવ્યો હતો. આવી વિવિધરંગી ચર્ચા બાદ ઐકયસમિતિના પ્રમુખ તરીકે શ્રી સાહુ શ્રેયાંસપ્રસાદ જૈનને તથા ઉપપ્રમુખ તરીકે શ્રી ક્રાન્તિલાલ ઇશ્વરલાલને તથા શ્રી સોહનલાલજી દુગડને પસંદ કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત સમિતિની સ્થાપના વખતે શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆ તથા અન્ય ચાર ભાઇઓને 'કન્વીનર'–સભાના આવાહક.–તરીકે નકકી કરવામાં આવ્યા હતા તેમણે હાલ તુરત મંત્રીઓ તરીકે કામ કરવું એમ નકકી કરવામાં આવ્યું હતું. અને આ પાંચ કન્વીનર ભાઇઓ અને બીજા ૭ સભ્યો એમ કુલ અગિયાર સભ્યોની એક બંધારણ સમિતિ નીમવામાં આવી હતી. પ્રમુખસાહેબનો આભાર માની સભા વિસર્જન કરવામાં આવી હતી.

વિષય સૂચિ પૃષ્ઠ

આચારને શુદ્ધ કરો ! વ્યવહારને નિર્મળ બનાવો ! !	શ્રી. કેદારનાથજી	૪૯
કાકાસાહેબનું મંગળ પ્રવચન	કાકાસાહેબ કાલેલકર	૫૦
પાટણનો નેત્ર યજ્ઞઃ લોકઘડતરનો એક પ્રયોગ	રતીલાલ મફાભાઇ શાહ	૫૧
સંઘ સમાચાર, શ્રી કાંતિલાલ ડી. કોરા તથા શ્રી. ખીમજી હેમરાજ છેડા સંઘની કાર્યવાહીમાં, પંજાબના પ્રસિદ્ધ ગાયક ભાઈ ધનશ્યામને આવકાર મદ્રાસ સરકારની પ્રાથમિક		૫૩
શીક્ષણની યોજના	પરમાનંદ	૫૩
ઐકય સમિતિની સભા		૫૪
સારિપુત્ર મોગ્ગલાન બાહ્ય હતા કે જૈન ?	ડો. ત્રીભુવનદાસ લહેરચંદ શાહ	૫૫

સારિપુત્ર અને મોગ્ગલાન બૌદ્ધ હતા કે જૈન ?

(આ લેખના લેખક ડો. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ જૈન સમાજના એક જાણીતા વિદ્વાન છે અને પુરાતત્વ સંશોધન તેમના શોખ અને વર્ષોના અભ્યાસનો વિષય છે. તેમણે આજ સુધીમાં જૈન સાહિત્ય અને સંશોધનને લગતાં અનેક નાના મોટાં પુસ્તકો લખ્યાં છે જેમાંના કેટલાંક નામદાર સરકારે કેળવણી ખાતા માટે મંજુર કર્યા છે. કેટલાએક સમય પહેલાં તેમણે કેટલાંક પ્રમાણો આપી પુરવાર કરવા પ્રયત્ન કરેલો કે અશોકના કહેવાતા લેખો બૌદ્ધધર્મી અશોકના નથી પણ જૈન ધર્મી રાજા સંપ્રતિના છે. આ જાહેરાતે આ વિષયમાં રસ લેતા વર્ગમાં આશ્ચર્ય પેદા કરેલું. આવું જ વિસ્મયજનક વિધાન તેઓ આ લેખમાં કરે છે અને તે એ કે બૌદ્ધ ધર્મના અનુયાયી તરીકે સુવિખ્યાત સાધુયુગલ સારિપુત્ર અને મોગ્ગલાન ખરી રીતે જૈન ધર્મના અનુયાયી હતા. આ વિધાન તદ્દન શુદ્ધ છે કે કેમ તેનો નિર્ણય કરવાનું કામ પ્રાચ્યવિદ્યાના નિષ્ણાતોનું છે. સારિપુત્ર અને મોગ્ગલાન વિષે આવી પણ એક કલ્પના પ્રવર્તમાન છે એ હકીકત તરફ અન્ય વિદ્વાનો અને વિચારકોનું ધ્યાન ખેંચાય એ હેતુથી આ લેખ પ્રબુદ્ધ જનમાં પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે. તંત્રી)

૧૯૫૨ના નવેમ્બરની ૨૯-૩૦ તારીખે ભોપાળ પાસેની સાંચીની ટેકરી ઉપરના નં. ૩ સ્તુપમાંથી સારિપુત્ર અને મોગ્ગલાન નામે બે શિષ્ય-સંતોના અવશેષોને ભારત સરકારની સંગીન મદદથી ઉભા કરાવેલ નવા મકાનમાં વિશ્વભરના ૩૦૦ બૌધ્ધ ભિક્ષુઓ અને ભિક્ષુણીઓ તથા પચાસ હજારની મેદની વચ્ચે આપણા વડા પ્રધાન પં. નેહરુના વરદ હસ્તે અને ઉપરાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણનના પ્રમુખપણા નીચે સ્થાપી બૌધ્ધધર્મનો વિજયડંકો વગડાવાયો હતો. આપણા પણ તે મહાન સંતોને કોટિવાર વંદન હોજો. આ બન્ને સન્તોને બુદ્ધ ધર્મના અનુયાયી તરીકે ઓળખવામાં આવે છે, પણ મારા સંશોધનના પરિણામે તેઓ જૈન ધર્મના અનુયાયી હોવાનું મને માલુમ પડયું છે તેનાં કારણો નીચે મુજબ છે:-

બૌધ્ધગ્રંથો પ્રમાણે (૧) આ બન્ને બુધ્ધ ભગવાનના શિષ્યો હતા (૨) ઉમરમાં ગુરૂ કરતાં શિષ્યો મોટા હતા. (૩) શિષ્યોએ ૪૫ વર્ષ સુધી ધર્મોપદેશ આપ્યો હતો. (૪) જ્યારે ગુરૂ શ્રાવસ્તિમાં હતા ત્યારે પંદર પંદર દિવસના અંતરે બન્ને શિષ્યોનાં મરણ થયાં હતાં. (૫) વળી કહેવાય છે કે, ગુરૂશિષ્યો વચ્ચે મનદુઃખ થતાં છુટા પડયા હતા. હિંદી સરકારના ત્રણ મોટા વિદેશી અમલદારો જેવા કે સર કનિંગહામ, કર્નલ મેકેઝી અને સર જોન માર્શલે મોટાં મોટાં પુસ્તકો લખી આ વિષય ઉપર ખુબ પ્રકાશ પાડયો છે. તેમાંના સર કનિંગહામ જણાવે છે કે "બૌધ્ધ ધર્મમાં આશરે ૫૫૦ જાતક કથાઓ છે. છતાં અત્રે કોતરાયલા દૃશ્યોના મારી મચડીને અર્થ બેસાડતાં પણ ભાગ્યે જ પચીસેક કથાઓ સાથે મેળ ખાય છે." સર જોન કહે છે કે "ચીનાઇ યાત્રિકો (ફાહિયાન, હયુએન સાંગ, ઇત્સંગ) બોધિગયામાં ભગવાનની જ્ઞાનપ્રાપ્તિ, સારનાથમાં પ્રથમોપદેશ, કાશિયામાં મરણ, એમ અનેક બાબતોનો ઉલ્લેખ કરે છે. પરંતુ આ સાંચી વિશે એક પણ શબ્દ ઉચ્ચારતા નથી." વળી તેમણે જણાવ્યું છે કે, "અશોકના (શિલા લેખોમાંના) ધર્મોપદેશકોએ જે ધર્મનો પ્રચાર કર્યો છે તે બૌધ્ધધર્મ હતો કે કેમ તે શંકાસ્પદ છે." જ્યારે કર્નલ મેકેઝી લખે છે કે, "મૂળમાં જે સાંચી સ્તુપ અર્ધગોળાકારે હતો તેમાં બૌધ્ધધર્મનું પ્રતીક જ નહોતુ." બીજી બાજુ જે ચારે ચિનાઇ યાત્રિકો (ફાહિયાન, સેનસુંગ, ઇત્સંગ, હયુએન સાંગ) ખાસ બૌધ્ધધર્મના અભ્યાસ માટે ભારતમાં આવ્યા હતા. તેમણે ચારે તરફ પરિભ્રમણ કરી અનેક નાની મોટી વાતોની નોંધ બહાર પાડી છે, છતાં આ સાંચીસ્તુપ વિશે કેવળ મૌન જ ધારણ કર્યું છે. બલ્કે હયુએનસાંગના પુસ્તકોના અંગ્રેજી અનુવાદ કરનાર રેવરંડ બેસ. બીલે અટલે સુધી જણાવ્યું છે કે, "તે પ્રદેશ તો બૌધ્ધધર્મના વિરોધીઓથી ભરપુર હતો." જ્યારે પ્રો૦ કર્ન નામના વિદેશી ગ્રંથકારે તો સ્પષ્ટપણે લખ્યું છે કે "અશોકના લેખોમાં પશુપ્રાણીઓ તરફ જે અનુકંપા-દયા-બતાવી છે તેમાં જૈનધર્મ તરફનો જ પક્ષપાત બતાવે છે."

જેમ ઉપરોકત વિદેશી સંશોધકો અને વિજ્ઞાનીઓની તથા બુદ્ધ ચિનાઇ યાત્રિકોની નોંધો આ સાંચીનું સ્થળ બૌધ્ધધર્મનું સ્થાનક હોવાની શંકા ઉપજાવે છે, તેમ તે તે વિદ્વાનોએ સમ્રાટ પ્રિયદર્શીના અશોકના કુલ્લે ૩૬ લેખો ભારત ભરમાં મોજુદ પડયા છે તેનો બારીક અભ્યાસ કરી બેધડક જણાવે છે કે ભલે આ લેખો બૌદ્ધધર્મના મનાતા હોય પરંતુ તેમાંની કેટએક હકીકતો બૌદ્ધધર્મની વિરુદ્ધની છે. આ પરિસ્થિતિમાં આપણે તે પ્રશ્નો વધારે ઉંડાણમાં ઉતરી તપાસવા રહે છે.

બૌધ્ધગ્રંથોના આધારે ભગવાન બુધ્ધનું આયુષ્ય ૮૦ વર્ષનું હતું. તેમણે ૨૯ વર્ષે સંસાર ત્યાગ કર્યો, ૩૬ વર્ષે જ્ઞાનપ્રાપ્તિ માટે એકાંતવાસ લીધો અને ૫૯ વર્ષે જ્ઞાન થતાં ઉપદેશ આપી ૮૦ વર્ષે નિર્વાણ પામ્યા. સારિપુત્ર અને મોગ્ગલાનના વિષેના ઉપર નિર્દિષ્ટ કરેલ પાંચ મુદ્દાઓ વિચારતાં જણાય છે કે ભગવાન બુધ્ધ આમ તો અનેક વખત શ્રાવસ્તીમાં પધાર્યા છે. પરંતુ છેલ્લામાં છેલ્લાં મૃત્યુ પૂર્વે બે એક વર્ષ પહેલાં શ્રાવસ્તી પધાર્યા હોય અને આ બે શિષ્યોએ ૪૫ વર્ષ દીક્ષા પાળી છે તે હિસાબે બુધ્ધ ભગવાનની ૩૩ વર્ષની ઉમરે તેઓ તેમના શિષ્ય બન્યા હોવા જોઇએ. મતલબ એ થઇ કે, તેમણે બુધ્ધધર્મની સ્થાપના કરી, (ફાવે તો ૩૬ વર્ષની ઉમ્મરે ધારો કે ૫૯ વર્ષની ઉમ્મરે ધારો) તે પૂર્વે, જ્યારે પોતાના બાપિકાધર્મની દીક્ષા તેઓ પાળતા હતા તે સમયે આ બન્નેને શિષ્યો બનાવ્યા હતા એટલે તેમના માબાપ કયો ધર્મ પાળતા હતા તે તપાસવું રહે છે.

પ્રાચીન સમયે હિંદમાં ત્રણ ધર્મ હતા-વૈદિક, બૌધ્ધ અને જૈન. તેમાં બૌધ્ધધર્મની સ્થાપના તો બુધ્ધ ભગવાને જ કરી છે. જેથી તે પૂર્વેની વિચારણામાંથી તે બાકાત રાખવો પડશે. અને વૈદિકધર્મ તો તેમને પોતાના અનુયાયી ગણતોજ નથી. એટલે માનવું પડશે કે તેઓ જૈનધર્મ પાળતા હશે. આ એક પરિસ્થિતિ થઇ. બીજી બાજુ બુધ્ધ ભગવાનના જ સમકાલીન, જૈનધર્મોધ્ધારક છેલ્લા તીર્થંકર શ્રી. મહાવીરના વિશે કહેવાયું કે તેઓ ૨૮ વર્ષના હતા ત્યારે તેમના માબાપ મૃત્યુ પામ્યા હતા અને તે જૈનધર્મના ૨૩મા તીર્થંકર શ્રી. પાર્શ્વનાથના સંતાનીયા હતા. એટલે કે શ્રી. બુધ્ધ અને શ્રી. મહાવીરના માતાપિતા જૈન મતાનુયાયી હતા. શ્રી. મહાવીરે માતાપિતાના મરણ બાદ બે વર્ષે-૩૦માં વર્ષે ધર્મોપદેશ આપી ૭૨ની ઉમરે મરણ પામ્યા. વળી ઇતિહાસ જણાવે છે કે, શ્રી મહાવીરનું મરણ મગધપતિ રાજા અજાતશત્રુના રાજ્યે બીજા વર્ષે અને ભગવાન બુદ્ધનું મરણ આઠમાં વર્ષે થયું હતું. એટલે ૮૦ વર્ષની બુધ્ધભગવાનની અને ૭૨ વર્ષની શ્રી મહાવીરની ઉમરમાં જે તફાવત રહે છે, તેમાંથી તે બેની વચ્ચેના નિર્વાણના ૬-૬૫ વર્ષ બાદ કરીએ તો બુધ્ધભગવાનનો જન્મ ૧૫-૨ વર્ષ શ્રી મહાવીરની પૂર્વે થયો લેખાશે. મતલબ કે શ્રી મહાવીર કરતાં શ્રી બુદ્ધ ૧૫-૨ વર્ષ મોટા હતા અને શ્રી મહાવીરે પોતાની આખી ઉમર શ્રી બુધ્ધની જીવિત અવસ્થામાં ગાળી હતી. વળી એમ પણ તારવી શકાશે કે જ્યારે બુધ્ધે ૩૬ વર્ષ એકાંતવાસ લીધો ત્યારે શ્રી મહાવીરને દીક્ષા લીધા ૪૫ વર્ષ થયા હતા. અને સારીપુત્ર-મોગ્ગલાનને દીક્ષા લીધા ૩ વર્ષ થઇ ગયા હતા.

ઉપર જણાવ્યું છે કે, 'શ્રી બુધ્ધ અને શ્રી મહાવીરના માબાપ જૈનમતાનુયાયી હતા, એટલે બુધ્ધ ભગવાને ૨૯મા વર્ષે જૈન દીક્ષા લીધાનું ગણવું રહે છે. બૌધ્ધગ્રંથોમાં આ હકીકત લખાઇ છે કે કેમ તે હું જાણતો નથી. પરંતુ જૈન શ્વેતાંબર

ગ્રંથોથી જાણવામાં આવે છે કે શ્રી પાર્શ્વનાથની છઠ્ઠી પેઢીએ થયેલ બૌદ્ધકીર્તિ નામના આચાર્યે બુદ્ધધર્મની સ્થાપના કરી હતી.

વંશવૃક્ષ

શ્રી પાર્શ્વનાથ
૧. શુભ
૨. હરિદત્ત
૩. સમુદ્ર
૪. સ્વયંપ્રભુ
૫. કેશિ — ૫. વિહિતાશ્વ
૬. મહાવીર — ૬. બુદ્ધકીર્તિ (પાછળથી જેમણે બૌદ્ધધર્મ સ્થાપ્યો)
જલાંયન (મોગ્ગલ્લાન) — સારિપુત્ર

(જુઓ પાસેનું વંશવૃક્ષ) આ હકીકતને દિગંબર ગ્રંથોથી સમર્થન મળે છે. વિક્રમની નવમી સદીમાં થયેલ આચાર્ય અમિતગતિએ રચેલ ધર્મપરીક્ષા પુસ્તકમાં અધ્યા. ૧૮, શ્લોક ૬૮ નીચે ઉતારેલ છે) ઉપર આગ્રામાંથી પ્રસિધ્ધ થતા હિંદી જૈનપત્રમાં વરાડ પ્રાન્તમાં થયેલ યતિ બાળાત્રદ્રજીએ તા. ૧૯-૭ ૩૪ના અંકમાં પૃ. ૮ ઉપર જૈન સંઘભેદ શિર્ષક લેખમાં સાબિત કર્યું છે કે:-

રુષ્ઠઃ વીરનાથસ્ય તપસ્વી મૌદ્ગિલાયનઃ ।
શિષ્ય પાર્શ્વનાથસ્ય વિદ્વે બુદ્ધદર્શનમ્ ॥

એટલે આ જૈનગ્રંથોની હકીકત સાથે ઉપર જણાવી ગયા પ્રમાણે વિદેશી વિદ્વાનો અને ચીનાઇ યાત્રિકોના કથનોના સારને ઘટાવીયું તો એ તાત્પર્ય નીકળે છે કે (૧) પોતાની ૨૯ વર્ષની ઉમરે શ્રી બુધ્ધે પોતાના બાપિકા જૈન ધર્મમાં દીક્ષા લઇ બુધ્ધકીર્તિ ઉર્ફે મૌદ્ગિલાયન નામ ધારણ કર્યું હતું. તે બાદ ચાર વર્ષે-૩૩ ની ઉમરે - તેમણે સારિપુત્ર અને મોગ્ગલ્લાન નામે બે શિષ્યો બનાવ્યા હતા.

(૨.) આ સમયે શ્રી મહાવીરને દીક્ષા લીધાં ૧૫ વર્ષ થયું હતું. તે બાદ ત્રણેક વર્ષે (શ્રી બુધ્ધની ૩૬ અને મહાવીરની ૩૪ની ઉમરે) તે સર્વનો ભેટો કયાંક થઇ ગયો અને ધર્મચર્ચા થતાં, મતભેદ પડતાં, ગુસ્સે થઇ બુધ્ધકીર્તિએ જૈનધર્મનો ત્યાગ કર્યો હતો, પણ પેલા બે શિષ્યો જે કે ગુરૂથી રૂપણા લઇ છુટા થયા, તોયે પોતે છુટા ન પડતાં પોતાના અસલ ધર્મને મરણપર્યંત વળગી રહ્યા છે. જે બીનાની સાંચી સ્તૂપમાં સંગ્રહિત થયેલ તેમનાં અવશેષો સાક્ષી આપી રહ્યા છે. (આ હકીકત આપણે તપાસીશું) શ્રી બુધ્ધ અને શ્રી મહાવીર કદાપિ મળ્યા નથી તે હકીકત પણ ઉપરોક્ત ઘટનાથી સંભવિત લાગે છે. વળી બૌધ્ધ સાહિત્યમાં ભગવાન બુધ્ધની જીવન ઘટનામાં અનેક નાના મોટા શિષ્યોનાં નામો વંચાય છે. છતાં આ બે પ્રથમ અને મુખ્ય શિષ્યોનો ઉલ્લેખ (મારી સમજ પ્રમાણે) બુધ્ધાં થયો વાંચવામાં આવતો નથી. જૈનગ્રંથોના કથન મુજબ જ્યારે તીર્થંકર અનશન કરી નિર્વાણ પામે છે, ત્યારે તેમના ગણધરો તથા અન્ય સાધુઓ પણ અનશન આદરે છે. પછી તેમના મૃતદેહોને ત્રણ જુદી જુદી ચિતામાં અગ્નિદાહ દેવાય છે. એકમાં તીર્થંકરના, બીજામાં ગણધરોના અને ત્રીજામાં સર્વ સાધુઓનાં શરીરોને. તેમ આ સાંચી ટેકરીનું ભૂતળ ત્રણ ભાગે વહેંચાયલું છે. નં. ૧ વાળો સ્તુપ સૌથી ઉંચે, નં. ૨ વાળો તેનાથી જરા નીચે અને નં. ૩ વાળો સ્તુપ જ્યાંથી આ બે સંતોના અવશેષો પ્રાપ્ત થાય છે તે સૌથી નીચાણમાં છે. એટલે સાબિત થાય છે તેમનો દરજ્જો, તીર્થંકર અને ગણધર કોટિનો નહોતો. (૩) બુધ્ધ ભગવાન જેવા એક સમર્થ ગુરૂની બતરાજી વહોરી લઇ સત્યને વળગી રહેવામાં દાખવેલી હિંમત માટે, ભવિષ્યની પ્રજાને દૃષ્ટાંતરૂપ બને તે માટે ખાસ દાળડા બનાવી તેના ઉપર નામ કોતરી જે અવશેષો સાચવી રખાયાં છે તે બધાંના કારણ હવે સમજી શકવા મુશ્કેલ નથી.

સાંચી સ્તૂપ તે જૈન ધર્મનું પ્રતિક છે કે નહી તે તપાસીએઃ-

ખુશી થવા જેવું છે કે જ્યાં આ સ્તૂપ છે તેના દક્ષિણ દરવાજે એક સ્થંભ પણ છે. વિદ્વાનોએ તેને સાંચી સ્થંભ નામે સંબોધ્યો છે. હાલ તો તે કયાંય જંગલમાં પડયો છે પરંતુ ૧૮૫૧ માં કર્નલ મેઇઝીએ પ્રથમ જોયો ત્યારે તેના ઉપર ૮ પંકિતઓ હતી (જેમાંની વિદ્વાનોએ સાત વાંચી છે). વળી તેમણે કરેલ વાંચનથી જણાય છે કે, "જે ભિક્ષુઓ અને ભિક્ષુણીઓ આ તીર્થની યાત્રાએ આવે તેમને કહેવું કે જે ભિક્ષુ અને ભિક્ષુણીઓ સંઘને અભેદ રાખવા માંગતા હોય તેમણે શ્વેત વસ્ત્રો ધારણ કરવા અને ઉપાશ્રયમાં રહેવું, એવી મારી (દેવાનાંપ્રિય પ્રિયદર્શીની) ઇચ્છા છે, કેમકે તેથી સંઘની એકતા જળવાઇ રહેશે. આ હકીકત પ્રિયદર્શીના સમયે તેમના ગુરૂ આર્યસુહસ્તિજીએ સ્થવીરકલ્પી (વસ્ત્રધારી) બનવાની સાધુઓને જે આજ્ઞા ફરમાવી હતી તે ઐતિહાસિક પ્રસંગની સાક્ષી આપે છે, તેમજ કર્નલ મેઇઝીના ઉકેલ મુજબ નાતિયુતસ્ માંનો નાતિ શબ્દ શ્રી મહાવીર પે.તે નાત (જ્ઞાત) કુળના હોવાથી તેમને માટે વપરાયો છે.

સાંચીસ્તૂપઃ કલિંગપતિ રાજા ખારવેલે ૩૫ લાખ દ્રવ્ય ખર્ચી અપરાવતીમાં જે મહાવિજય નામે ચૈત્ય ઉભું કરાવ્યું છે તે અને મથુરાનો સ્તુપ અને આ સાંચી સ્તુપ- આ ત્રણે એક સરીખા છે. છતાં રાજા ખારવેલેના સ્તુપને જૈનધર્મી કહેવો, મથુરાના સ્તૂપને જૈનધર્મી લેખવો, અને સાંચીસ્તૂપને તેનાથી જુદો લેખવો તેનું કાંઇ કારણ ? ઉલટું કર્નલ મેઇઝીનો જણાવે છે કે "ભિલ્સાના જૈનો (સાંચી નાનું ગામડું છે તેનાથી પાંચ માઇલ દુર આ મોટું શહેર છે અને તેની આસપાસના ગામડામાં નાના મોટા ૭૮ સ્તૂ. છે.) * ભલે આ સ્તૂપોનો આદર કરતા નથી પણ એમ તો જરૂર માને છે કે, જૈન રાજા ચંદ્રગુપ્તે, શ્રી

* ગામ	મોટા	નાના સ્તૂપો
સોનારી.	૨	૮
સતધારા.	૧	૭
ભોજપર ઉર્ફે પિપલીયા.	૩	૩૭
અધેર.	૧	૩
આંધ્ર.	૩	૧૦
સાંચી.	૩	૦

મહાવીરનિર્વાણ પછી ૧૫૬ વર્ષે તે ઉભા કરાવેલ છે." જ્યારે સર જૈન કહે છે કે "વર્તમાનકાળે ભિલ્સા શહેર પાસેની બેસ અને બેહવા નદીના સંગમ ઉપર, પ્રસિધ્ધ અને વિશાળ વિદિસા નગરી વસેલી હતી જે પૂર્વ માળવાની રાજધાની હતી." આથી જૈન સાહિત્ય ગ્રંથોમાં પુર્વાક્રાવંતિ શબ્દ વપરાયો છે, તેનો ભેદ ઉકેલાય છે, કેમકે પૂર્વ માળવાને આકર (રાજધાની વિદિશા) અને પશ્ચિમ માળવાને અવંતિ (રાજધાની અવંતિ-ઉજૈન) કહેતા હતા. વળી સર જૈન કહે છે કે "અશોક જ્યારે આ પ્રદેશનો સુબો હતો ત્યારે વિદિશાના એક ધનાઢય જૈન વેપારીની કન્યા પરણ્યો હતો. આ રાણીએ અત્રે પોતાના ખર્ચે ચૈત્યગિરિ નામે વિશાળ સ્થાન કરાવ્યું છે" (બુઝવું જોઇતું નથી કે ચૈત્ય શબ્દ જૈન પારિભાષિક છે) સર કનિંગહામ લખે છે કે, 'રાજા ચંદ્રગુપ્તે સાંચી સ્તૂપ ઉપર દીવા પ્રગટાવવા ૨૫૦૦૦-૦-૦ દીનારની ભેટ આપી છે. આંધ્રપતિ રાજા શાંતકરણિ આ સ્તૂપના તથા અમરાવતી સ્તૂપના દર્શને આવ્યાનું પણ નીકળે છે. ડો. રેપ્સને પોતે રચેલા પુસ્તકમાં આશરે જે ૪૦ શિલાલેખો આ રાજાઓએ કરેલા દાનના મહિમા વર્ણવતા લખ્યા છે તેમાં વાંરવાર ૐ સિદ્ધનમઃ મંત્ર વપરાયો છે. ડો, સુમારાવ (જૈનીઝમ ઇન સાઉથ ઇન્ડીયા) જણાવે છે

(અનુસંધાન પૃષ્ઠ ૫૭)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

છુટક નકલ : ત્રણ આના શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ બી.૪૨૬૬.

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ: ૧૪ : અંક ૧
પ્ર. જીવન વર્ષ: ૬ : ૭

મુંબઈ : ૧ ઓગસ્ટ ૧૯૫૩ શનિવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

પ્રકીર્ણ નોંધ

પશુનિર્દયતાનિવારણ વિધાન

શ્રીમતી રૂક્મિણીદેવી એરન્ડેલે કાઉન્સીલ ઓફ સ્ટેટમાં Prevention of Cruelty to Animals Bill 1953-પશુનિર્દયતાનિવારણવિધાન ૧૯૫૩-એ નામનું એક બીલ રજુ કર્યું છે. તે બીલની મુખ્ય વિગતો નીચે પ્રમાણે છે:-

ભૂમિકા:—પશુઓ પ્રત્યેનું ઘાતકીપણું અટકાવવું અને તેઓ જીવતા હોય તે દરમિયાન તેમના પ્રત્યે દયાપૂર્ણ વર્તાવ રાખવો અને જ્યાં તેમની કતલ અનિવાર્ય હોય ત્યાં પણ તેમને ઓછામાં ઓછી પીડા ઉપજે એ રીતે તેમની કતલ કરવી-આ ધોરણ ઉપર કાયદાઓ કરવાની બાબતને ઘણા સુધરેલા દેશોએ પોતાની એક ફરજ તરીકે સ્વીકારેલ છે. હિંદમાં પણ પશુઓ પ્રત્યેના ઘાતકીપણાની અટકાયત સંબંધમાં કેટલાક કાયદાઓ કાયદાની પોથીમાં અસ્તિત્વ ધરાવે છે, એમ છતાં પણ આ કાયદાઓ પૂરતા વ્યાપક નથી તેમ જ ભગવાન બુધ્ધ અને સમ્રાટ અશોકના કાળથી માંડીને મહાત્મા ગાંધીજી સુધીના સમય પર્યન્ત આ દેશના વિચાર અને આચાર સાથે જે અહિંસાનો સિધ્ધાન્ત વણાયલો છે તે અહિંસાને અનુરૂપ નથી. આવી પરિસ્થિતિના કારણે આ બીલ આવશ્યક બન્યું છે.

હેતુ: હિંદની ધર્મસંસ્થાઓ પશુઓ પ્રત્યે ઘાતકીપણું દાખવવાની મના કરે છે. તે ધર્મોના ઉપદેશોને અનુસરીને અહિંસાના સિધ્ધાન્તને અમલી બનાવવો એ આવશ્યક છે અને તે માટે આ બાબતને લગતા ચાલુ કાયદાને સુધારવાનું અને જરૂરી નવો કાયદો ઘડવાનું આવશ્યક છે. તે હેતુથી આ નવું બીલ લાવવામાં આવ્યું છે.

ભૌગોલિક ક્ષેત્ર :—આ કાયદો આખા હિંદને લાગુ પડશે.

'પશુ'નું લક્ષણ :—મનુષ્યેતર સર્વ પ્રાણીઓને 'પશુ' તરીકે ઓળખવામાં આવશે. આમ છતાં પણ પશુ શબ્દમાં જીવડાં, જન્તુઓ, બેકટેરીઆ અને કોઇ પણ ચેપી રોગના જન્તુઓનું વહન કરતા પ્રાણીઓનો સમાવેશ નહિ થાય.

નિષેધો :—આ કાયદામાં નીચે જણાવેલા પ્રતિબંધો અન્તર્ગત કરવામાં આવ્યા છે.

(૧) ધર્મના નામે અથવા તો ધાર્મિક હેતુ આગળ ધરીને કોઇ પણ પશુની હિંસા થઇ શકશે નહિ.

(૨) રમતગમત ખાતર કોઇ પણ પશુને મારવામાં કે અપંગ કરવામાં નહિ આવે તેમજ તેના ઉપર કોઈ પણ પ્રકારનું ઘાતકીપણું ગુજારમાં નહિ આવે

(૩) ધ્લેકેટ્રીસીટી અથવા તો બીજી કોઈ દયાળુ પધ્ધતિ સિવાય કોઇ પણ કુતરાનો જાન લેવામાં નહિ આવે.

(૪) પશુઓની બાસિયતનો અભ્યાસ કરવા માટે ઉભું કરવામાં આવેલ અને સરકારે પ્રમાણિત કરેલ કોઇપણ સંસ્થાની સીધી દેખરેખ સિવાય કોઇ પણ પશુને કેવળ શોખ ખાતર અથવા તો અભ્યાસના નામે પાંજરામાં પૂરવામાં નહિ આવે અથવા તો તેને અમુક જગ્યામાં પુરી રાખવામાં નહિ આવે.

(૫) લોકરંજન કરવા ખાતર કે કમાણી ખાતર સરકસમાં કે એવા કોઇ જાહેર જલસામાં કોઈ પણ પશુઓને રજુ કરવામાં નહિ આવે.

(૬) પશુઓની સગવડ અને સ્વાસ્થ્ય જાળવવાને લગતા આ કલમ નીચે કરવામાં આવનાર પેટા કાયદાઓની ઉપેક્ષા કરીને કોઈ પણ પશુને જાહેર પ્રાણીસંગ્રહાલય કે એવી કોઇ જાહેર સંસ્થામાં પૂરવામાં કે પકડી રાખવામાં નહિ આવે.

(૭) દુ:ખ અને પીડા બને તેટલી ઓછી થાય એવી અદ્યતન દયાળુ પદ્ધતિનો અમલ ફરજિયાત બને એવા આ કલમ નીચે કરવામાં આવનાર પેટા કાયદાઓનું અનુપાલન કર્યા સિવાય ખોરાક અથવા તો બીજા કોઇ આર્થિક હેતુ માટે કોઇ પણ પશુની કતલ કરવામાં નહિ આવે.

(૮) કેવળ વૈજ્ઞાનિક પ્રયોગ માટે કોઈ પણ જાનવરની નિકાસ કે આયાત કરવામાં નહિ આવે તેમજ એકઠા કરવામાં નહિ આવે.

ત્યાર બાદ આ બીલમાં ઉપર જણાવેલ એક યા બીજા ગુન્હા માટે જુદા જુદા દંડ અથવા તો કેદની શિક્ષાનો નિર્દેશ કરવામાં આવ્યો છે તથા દરેક પ્રદેશમાં પશુકલ્યાણ ખાતું આ કાયદાની કલમોના અમલ માટે ઉભું કરવું જોઇએ અને કેન્દ્રસ્થ સરકારમાં આ કાયદાનો અમલ થાય, પશુઓ પ્રત્યે ઘાતકીપણું અટકે અને જીવદયાનો પ્રચાર થાય એ હેતુથી એક ખાસ ખાતું ઉભું કરવું જોઇએ અને કોઇ પણ એક કેન્દ્રવર્તી પ્રધાનને આ ખાતાની ખાસ સોંપણી થવી જોઇએ એવી પણ આ બીલમાં જોગવાઈ કરવામાં આવી છે.

આ બીલ ઉપર લોકમત એકત્ર કરવાના હેતુથી જુલાઇની ૭ તથા ૮ મી તારીખે મુંબઇ ખાતે મુંબઇ જીવદયા મંડળી તરફથી અખિલ હિંદ જીવદયા-પ્રચારકોનું એક સંમેલન ભરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રમુખ ડો. એરચ્ તારાપોરવાળા હતા. જેમણે પ્રારંભમાં પ્રસ્તુત વિષય ઉપર બહુ મનનીય ભાષણ કર્યું હતું. આ સંમેલનનું આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને અધ્યક્ષસ્થાને શ્રીમતી રૂક્મિણી દેવી એરૂડેલ બીરાજ્યાં હતાં. આ સંમેલને ઉપર આપેલ બીલને હાર્દિક ટેકો આપ્યો હતો અને તેનું સમર્થન કરવા સર્વ ધારાસભાના સભ્યો અને રાષ્ટ્રના ભિન્ન ભિન્ન રાજકીય પક્ષોને અનુરોધ કર્યો હતો. અને તે દિશામાં જરૂરી પ્રચારકાર્ય હાથ ધરવા દેશના જીવદયા અને પશુકલ્યાણ પ્રચારક મંડળોને અભ્યર્થના કરી હતી. તદુપરાન્ત આ બીલમાં

સુધારા વધારા કરવા માટે જે કાંઈ સૂચનો આવે તે ધ્યાનમાં લઇને તેમ જ આજનું લોકમાનસ તથા પરિસ્થિતિ લક્ષ્યમાં લઇને આ બીલમાં જરૂરી ફેરફારો કરવા માટે એક સુઝાવ-પેટા સમિતિ (Amendments Sub-Committee) જાહેર કરવામાં આવી હતી, જેના આવાહક તરીકે શ્રી જયન્તીલાલ એન. માનકર, (મુંબઇ), શ્રી શંકર મેનન અને શ્રી કેશવલાલ તરવાડી (મદ્રાસ) ને નીમવામાં આવ્યા હતા. આ સંમેલનના પ્રારંભમાં તેમ જ અન્તમાં શ્રીમતી રૂકમિણીદેવીએ અત્યન્ત હૃદયસ્પર્શી પ્રવચન કર્યાં હતાં. તે બોલતાં હતાં ત્યારે મૂર્તિમન્ત કરૂણા આપણને સંબોધતી હોય, દયાની દેવી આપણી મૂઢ ચેતનાને જગાડતી હોય એવો અનુભવ થતો હતો. આજની હિંસાપરાયણ નઠોર દુનિયામાં પશુઓનો પક્ષ લઇને એક અહિંસાનિષ્ઠ ધર્મપ્રચારક માફક આપણામાંની જ એક બહેન નીકળી પડે અને માનવીના નિષ્ઠુર બનેલા હૈયાને કરૂણાની ચીણગારી વડે સચેત કરવા કટિબદ્ધ થાય એ ઘટના અત્યન્ત ઉચિત અને આવકારદાયક છે. તેમને સૌ કોઇએ બને તેટલો ટેકો આપવો ઘટે છે.

ઉપર જણાવેલ બીલની કલમો વાંચતાં તેમજ તેમાં સૂચવેલી અટકાયતો ધ્યાનમાં લેતાં સંભવ છે કે રૂઢિગત અહિંસાના ઉપાસકને એ અટકાયત બહુ જ ઉપરછલ્લી અને અધુરી લાગે. અહિંસાને લગતો વ્યકિતગત આદર્શ ગમે તેટલો ઉંચો હોય, અને તદ્વિષયક આચાર ભલેને વનસ્પતિની પણ રક્ષા સુધી પહોંચતો હોય, પણ વિશાળ સમાજને અહિંસા તરફ વાળવો હોય તો તેનું અદ્યતન માનસ, રીત રીવાજ અને કંઈ કાળથી રૂઢ બનેલા જીવનવ્યવહારનો પૂરો ખ્યાલ રાખીને તે ઝીલી શકે, પચાવી શકે, અમલમાં મૂકી શકે, તેવી જ અહિંસાને લગતી બાબતો તેની સમક્ષ રજુ કરવી જોઇએ. એની મનોદશા ઝીલે નહિ અને તેની તાકાત પચાવે નહિ એવી માંગણી કરવામાં આવે તો ઉલટી અહિંસા જ હાસ્યાસ્પદ બને અને તેના હિંસાવૃત્તિ કે આચરણમાં કશો પણ ફેર ન પડે.

આપણા દેશનો ઘણો મોટો ભાગ માંસાહારી છે. તે તરતમાં માંસાહાર છોડે એવા કોઇ સંયોગો દેખાતા નથી. વળી આજની અનાજતંગીએ નિરામિષઆહારના પ્રશ્નને વધારે વિકટ બનાવ્યો છે. આ સંયોગોમાં આજે નિરામિષઆહારની વાત, ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તો પણ, સામુદાયિક રીતે વેગ પકડી શકે તેમ છે જ નહિ. આખરે નિરામિષઆહાર કાયદાની મદદ વડે બહારથી લાદી નહિ જ શકાય. તે અંદરથી ઉગનારી વસ્તુ છે. આમ છતાં પણ બીજી બાજુએ ધર્મના નામે, રમતગમત મનોરંજનના નામે, ચોતરફ ખૂબ હિંસા ચાલી રહી છે, વૈજ્ઞાનિક સંશોધન માટે પરદેશ સંખ્યાબંધ પશુઓની નિકાસ કરવામાં આવે છે. આ બાબતનો સભ્યતાની દૃષ્ટિએ–સંસ્કૃતિ રક્ષાની દૃષ્ટિએ–આપણે વિચાર કરવો જ જોઇએ અને આ હિંસા અટકાવવાને માટે જરૂરી ઉપાયો વિચારવા જોઇએ તેમ જ કાયદાનું પણ અવલંબન લેવું જોઇએ. માનવી હૃદયના કુણા તંતુઓને સ્પર્શવામાં આવે, તેનામાં કરૂણાવૃત્તિ જાગૃત કરવામાં આવે તો આવી નિરર્થક હિંસાથી તેને પાછો વાળવો મુશ્કેલ નથી. આ ઉપરાંત જ્યાં પશુહિંસા અનિવાર્ય ગણીને સ્વીકારવામાં આવે છે ત્યાં પણ ઘણી વખત પશુઓને રીબાવી રીબાવીને મારવામાં આવતા હોવાનું માલુમ પડે છે. આ પણ એક પ્રકારનું જંગલીપણું જ છે. આવી નિષ્ઠુરતા દાખવતા ભાઇઓને આપણે અપીલ કરી શકીએ છીએ, વિનવી શકીએ છીએ કે તમારે પશુઓને મારવા જ છે તો ભલે મારો પણ તેમને વિનાકારણ આમ રીબાવો છો શાને ? આ રીતે પશુઓની રીબામણી ઓછી કરીએ એ પણ એક પ્રકારની અહિંસાની જ ઉપાસના છે. આ બન્ને બાબતને કાયદાનું પીઠબળ મળે તો આપણે આજે ચાલી રહેલી કેટલીક નિરર્થક પશુહિંસા અટકાવી શકીએ, અને પ્રાણાતિપાત સાથે જોડાયલી બીનજરૂરી રીબામણી પણ ઓછી કરી શકીએ. હિંસાપ્રચુર સમાજને અહિંસા તરફ વાળવાનો આ એક જ રાજમાર્ગ છે. જૈન ધર્મશાસ્ત્રોમાં ગૃહસ્થને પાળવાના અહિંસા, સત્ય, અસ્તેય આદિ બાર વ્રતો વિહિત કરવામાં આવ્યા છે. તેમાં એક વ્રતનું નામ અનર્થદંડવિરમણ વ્રત' છે. તેનો અર્થ અર્થવિનાની, બીનજરૂરી, કેવળ મનસ્વી અને કારણ વિનાની હિંસાથી અટકવું એ છે. આ બીલમાં પણ આ જ બાબત રહેલી છે. આ રીતે આ બીલનો આશય અને વિગતો બરોબર સમજીને તેને પૂરો ટેકો આપવો એ સૌ કોઇ માનવતાપ્રેમી જનોનો ધર્મ બને છે. આપણે એ સમજી લેવાની જરૂર છે કે જ્યાં સુધી આપણા દિલમાં રહેલી દયાની, અનુકંપાની ભાવના સજીવ સૃષ્ટિના ક્ષિતિજને નહિ સ્પર્શે ત્યાં સુધી આપણામાં સાચી માનવતા કદિ પણ પ્રગટી નહિ શકે. જે પરમ ચૈતન્ય પોતામાં રહેલું છે એ જ પરમ ચૈતન્ય નિર્દોષ પશુ પ્રાણીઓની આંખોમાં ચમકી રહ્યું છે એવો જ્યારે આપણને પ્રત્યક્ષ અનુભવ થાય ત્યારે જ આપણામાં સાચી માનવતાનો ઉદય થયો છે એમ સમજવું. આવી માનવતા સર્વત્ર પ્રગટે એ હેતુથી પ્રથમ પગલા તરીકે નિરર્થક હિંસા કરતાં, પશુઓને વિના કારણ રીબાવતાં આપણે જાતે અટકવું જોઇએ અને સમજાવટ અને કાયદાની મદદ વડે આપણા માનવીબંધુઓને તેમ કરતાં અટકાવવા જોઇએ. આ બાબતમાં કેવળ કાયદો કામ નહિ લાગે, કેવળ સમજાવટથી પણ આપણે આગળ વધી નહિ શકીએ. કાયદો આવશ્યક છે, કારણ કે જે જાતની હિંસા આપણે અટકાવવા માંગીએ છીએ તે કેવળ જંગલીપણું છે. આપણી સભ્યતા તેથી શરમાય છે. વળી જ્યારે ધર્મના નામે પશુઓનાં બલિદાનો થાય છે અને કુરબાની અપાય છે ત્યારે તો ધર્મનો જ દ્રોહ અને અક્ષમ્ય વંચના થાય છે. આ અટકાવવામાં કાયદો જરૂર બહુ મદદરૂપ થઇ શકે. પણ જ્યાં સુધી પ્રજામાં અજ્ઞાન છે, માનવી હૃદયમાં અન્ય જીવાત્માઓ પ્રત્યે સમસંવેદનની અનુભૂતિ પેદા કરવામાં આવી નથી ત્યાં સુધી કાયદો બહુ કારગત નીવડવા સંભવ નથી. આ માટે તો સમજાવટદ્વારા, નિકટ સંપર્કદ્વારા તેમના દિલમાં પ્રસુપ્ત દશામાં પડેલી અનુકંપાવૃત્તિને જ જગાડવાની છે, તેમની હૃદયતંત્રીના તારોમાં ઝણઝણાટ પેદા કરવાનો છે. એમ કરવાથી જ આપણું સર્વનું જીવન, મન વાણી અને કાયાનું આચરણ અહિંસાપૂત–કરૂણાપૂત–પ્રેમપૂત બનશે. આવા ધર્મકાર્યમાં પ્રવૃત્ત બનેલાં શ્રીમતી રૂકમિણીદેવીને આપણે ધન્યવાદ આપીએ, તેમને બને તેટલો સાથ આપીએ, અને અન્તઃકરણથી સંપૂર્ણ સફળતા ઇચ્છીએ !

લોકભારતી વિષે થોડુંક વધારે

જે પૂર્વભૂમિકા ઉપર લોકભારતીની સ્થાપના કરવામાં આવી છે તેનો કેટલોક ખ્યાલ તા. ૧૫-૬-૫૩ ના પ્રબુધ્ધ જીવનમાં આ વિષયને લગતી નોંધમાં આપવામાં આવ્યો છે. આ લોકભારતીમાં શું શિખવવામાં આવશે તે વિષે આપણા સમાજમાં કૌતુક પ્રવર્તે છે. તો તેની કેટલીક વિગતો આપણે જોઇ લઇએ.

હાલ તુરત લોકભારતીના સંચાલકોએ ત્રણ વર્ષનો અભ્યાસક્રમ નકકી કર્યો છે. આ સંબંધે તેઓ જણાવે છે કે "લોકભારતીના ખેતીવાડી અને ઇતર વિષયોના ત્રણ વર્ષના અભ્યાસક્રમનો આ આલેખ છે. આલેખ ઉપરથી મકાનનો ખ્યાલ તેની હદબંધી પૂરતો આવી શકે, પણ મકાનની અંદરની રચના

કે રૂપનો ખ્યાલ ન આવી શકે, તે વાત અભ્યાસક્રમના આલેખને પણ લાગુ પડે. આમ વિદ્યાપીઠ એક નવો પ્રયોગ હોવાથી આવતા ત્રણ વર્ષ માટે આ અભ્યાસને કામચલાઉ સમજવો જોઇએ. ત્રણ વર્ષના પરિણામને અંતે તેને નક્કર સ્વરૂપે મૂકી શકાશે તેવી ધારણા છે. આમાં અભ્યાસક્રમ છે તે શિક્ષકોને માર્ગસૂચન માટેનો જ છે; તે પરથી તે કેમ ભણાવશે તેનો ખ્યાલ આવે તેવી ગણતરી રખાઇ નથી. પણ તેનો સામાન્ય અમલ આજુ-બાજુની ખેતીવાડીના કાયમી પ્રશ્નો તેમ જ કામચલાઉ ઉભા થતા રોજબરોજના પ્રશ્નો સાથે સંધાણ કરીને રજુ કરવાનો ખ્યાલ છે...

..... અભ્યાસક્રમમાં એક બીજી પણ વસ્તુ જોઈ શકાશે. પહેલાં બે વર્ષમાં ખેતી અને ગોસંવર્ધનવિદ્યાનો સમગ્ર ખ્યાલ મળે તે દૃષ્ટિએ અભ્યાસક્રમની રચના કરી છે; અને ત્રીજા વર્ષમાં ખેતી ને ગોસંવર્ધનવિદ્યાની કોઇ પણ એક શાખામાં ખાસ જાણકારી મેળવાય તેમ ગોઠવ્યું છે...આ વિદ્યાર્થીઓને શિખવવામાં આવનાર ઇતિહાસ રાજનીતિશાસ્ત્ર, તત્વજ્ઞાનના અભ્યાસ વિષે આ જ રીતે ચાલવાની ધારણા રાખી છે. દેશમાં કે પરદેશમાં જે પ્રશ્નો ઉભા થયા કરે તેના પર ચર્ચા કરતાં કરતાં, તેના પર સિદ્ધાન્ત અને વ્યવહારનો પ્રકાશ નાખતાં નાખતાં એમાં પણ આગળ વધાશે, કારણ કે આખરે તો વિદ્યાર્થીએ ભૂતકાળના અન્યના અનુભવોને પોતાના અને સમાજના વર્તમાન પ્રશ્નોની કસોટીએ ચઢાવીને સાચો માનવ બનવાનું છે."

પહેલા બે વર્ષમાં જમીનશાસ્ત્ર, સામાન્ય ખેતીવાડી, પાક, બાગાયત, ખેતી ઇજનેરી, ખેતીનું અર્થશાસ્ત્ર, પાક સંરક્ષણ, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, તથા ગોપાલન એમ દશ વિષયો સૈધ્ધાન્તિક તેમ જ પ્રત્યક્ષ એમ બે વિભાગમાં શિખવવામાં આવશે.

જમીનશાસ્ત્રમાં જમીન કોને કહેવાય ? જમીનનું મૂળ-બંધારણ, ખડકો, ખડકોના પ્રકાર, જમીનનું ધડતર, જમીનનું વિભાજન ભૌતિક વર્ગીકરણ, ઉષ્ણતા, એટલે કે જમીનના જીવાણુઓ, સરવે ધોવાણ, ઝમણ, ક્ષેત્રશક્તિ વગેરે વિષયોનો સમાવેશ થશે.

સામાન્ય ખેતીવાડીમાં જળસિંચન, ખાતર, હવામાન શાસ્ત્ર, હિસાબ અને આંકડાશાસ્ત્રનો સમાવેશ થશે.

પાકમાં ધાન્ય તુલો, કઠોળ તુલો, તેલીબીયાં, અને રેશા તુલોના અભ્યાસનો સમાવેશ થશે. વનસ્પતિમાં વનસ્પતિ અને છોડનું સંવર્ધન નર્સરી, ડીહાર્ડ્રેશન, ફેનીંગ એન્ડ પ્રીઝર્વેશન વગેરે વિષયો શિખવવામાં આવશે. ખેતી ઇજનેરીમાં બેડનાં સાધનો, વરાળ-યંત્રના સામાન્ય સિદ્ધાન્તો સુથારી તથા લુહારી કામ, જમીન અને જળસંરક્ષણ વગેરે બાબતોના શિક્ષણને અન્તર્ગત કરવામાં આવશે. ખેતીના અર્થશાસ્ત્રમાં સામાન્ય અર્થશાસ્ત્ર, જમીનદારી પ્રથા, સહકારી ખેતી, જુદી જુદી મહેસુલી પદ્ધતિ વગેરે શિખવવામાં આવશે. પાકસંરક્ષણમાં કીટકશાસ્ત્ર વનસ્પતિના રોગો તથા નીંદામણનો પૂરો ખ્યાલ આપવામાં આવશે. વનસ્પતિશાસ્ત્ર એટલે 'બોટની,' અને પ્રાણીશાસ્ત્ર એટલે 'બાયોલોજી,' ગોપાલનમાં પ્રાણી જનન-શાસ્ત્ર અને ગોવંશ સુધારણા, ઢોરની વ્યવસ્થા અને માવજત, પશુરોગ, સાઇલેજ, દૂધ અને દૂધની બનાવટો આદિ વિષયોની માહીતી આપવામાં આવશે. પદાર્થવિજ્ઞાન એટલે સ્થિતિશાસ્ત્ર, ગતિશાસ્ત્ર, પ્રદાર્થના ગુણધર્મ, ઉષ્ણતા, પ્રકાશ, ચુંબકત્વ, બળ, ધ્વનિ તથા વિદ્યુત, રસાયણવિજ્ઞાન એટલે બનીજ, રસાયણ તથા કાર્બન રસાયણ-કેમીસ્ટ્રી.

આ રીતે બે વર્ષમાં ઉપર જણાવેલ વિષયોની ભૂમિકા તૈયાર કરાવ્યા બાદ નીચેના વિષયોમાં કોઈ પણ એક યા વધારે વિષયોનું ખાસ જ્ઞાન આપવામાં આવશે.

(૧) ખેતી વિજ્ઞાન (જમીનશાસ્ત્ર તથા પાક અને નીરણ ઉત્પાદન. (૨) વનસ્પતિશાસ્ત્ર (વનસ્પતિ રોગ અને કીટક શાસ્ત્ર, વનસ્પતિ વ્યાપાર શાસ્ત્ર-પ્લાન્ટ પ્રીઝિયોલોજી, છોડ ઉછેર અને પાકસુધાર અને બાગાયત) (૩) ગોપાલન (૪) ખેતીનું અર્થશાસ્ત્ર.

આ ઉપરાંત ઇતિહાસ, રાજ્યનીતિ શાસ્ત્ર અને રાજ્યબંધારણ, તત્વજ્ઞાન તથા ગુજરાતી એમ ચાર વિષયોનો ત્રણ વર્ષનો અભ્યાસ-ક્રમ પણ કામચલાઉ નકકી કરવામાં આવ્યો છે જેનું શિક્ષણ ઉપર જણાવેલ વિષયોના શિક્ષણ સાથે સંલગ્ન કરવામાં આવશે.

આટલી ટુંકી રૂપરેખા લોકભારતીના અભ્યાસક્રમની વાંચકોને આછી ઝાંખી કરાવશે. આ લોકભારતીનો પ્રારંભ હાલ તુરત તો સણોસરામાં જે કાંઇ સરકારી યા બીનસરકારી મકાનો મળી શકયાં છે તેમાં કરવામાં આવ્યો છે. પણ સણોસરાની બાજુમાં લોકભારતી માટે જરૂરી મકાનો બાંધવા માટે તેમ જ તેની આખી માંડ (University Campus) બાંધવા માટે તથા પ્રાયોગિક ખેતી માટે સૌરાષ્ટ્ર સરકારે પુરતા પ્રમાણમાં જમીન આપી છે. મકાન ખર્ચનો કામચલાઉ અડસટ્ટો પાંચ લાખ રૂપિયાનો કરવામાં આવ્યો છે અને પ્રાથમિક સાધન સરંજામ ખર્ચનો અડસટ્ટો લગભગ બે લાખ રૂપિયાનો છે. અને ચાલુ વાર્ષિક ખર્ચ રૂ. ૪૦ થી ૫૦ હજારનો થવા સંભવ છે. આ ખર્ચના સૌરાષ્ટ્ર સરકાર તરફથી ૫૦ થી ૬૦ ટકા મળ-વાના છે. બાકીની રકમ સંચાલકોએ બહારથી મેળવવાની રહેશે. લોકભારતીનું બે માસની ૨૮ મી તારીખે કાકાસાહેબ કાલેલકરના વરદ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું ત્યારે શેઠ જીવણલાલ મોતીચંદ તરફથી આ સંસ્થાને ચોરવાડ બાજુએ આવેલો તેમનો નવાગામનો બગીચો ભેટ આપવાની જાહેરાત કરવામાં આવી હતી, જેની કીંમત રૂ. ૧૨૦૦૦૦ ની આંકવામાં આવે છે. આ ઉપરાંત આ સંસ્થાને લગભગ રૂ. ૬૦૦૦૦ નાં નાના મોટાં દાન મળ્યાં છે. ચોમાસા બાદ સંસ્થાના મકાનો બાંધવાનું શરૂ થશે. અને આગામી જુન માસમાં આ સંસ્થા પોતાના જ મકાનોમાં પોતાના કાર્યને આગળ ચલાવવાની સ્થિતિએ ઘણું બધું પહોંચી જશે એવી આશા રહે છે.

આ સંસ્થાના પ્રાણ નાનાભાઈ ભટ્ટ છે. અને મુખ્ય સંચાલક શ્રી મનુભાઇ પંચોલી છે. તેમની સાથે નિષ્ટાવાન કાર્યકરોનું એક નાનું સરખું જુથ છે અને આ સંસ્થાના કાર્યનો વિસ્તાર વધવા સાથે આ જુથ પણ મોટું થતું જવાનો પૂરો સંભવ છે. કાકાસાહેબ કાલેલકર જણાવે છે તેમ સૌરાષ્ટ્ર સરકારના આજના સત્તાધીશોને સંસ્થાના સંચાલકો સાથે ભારે સુમેળ છે અને આ મહાન કાર્ય પ્રત્યે સૌરાષ્ટ્રની પ્રજાની ઉંડી સહાનુ-ભૂતિ અને સહકારની વૃત્તિ છે. આવા સુભગ સંયોગો વચ્ચે શરૂ થતી આ લોકભારતીનું ભાવી અત્યન્ત ઉજ્જવલ હોવા વિષે કોઇ શંકા નથી. ઉપરની વિગતો ઉપરથી માલુમ પડયું હશે કે ગામડાના ખેડુતના છોકરાઓને થોડું ઘણું ભણાવીને ખેતી કે ગોપાલન તરફ ધકેલી દેવા એવી કોઇ પામર કલ્પના ઉપર આ લોકભારતી ઉભી કરવામાં આવી નથી. માત્ર શહેરમાં જ વસતી પ્રજા માટે નહિ પણ શહેર તથા ગામડા-ઉભયમાં વસતી આમ પ્રજાને માટે તેની પ્રકૃતિ અને જરૂરિયાતો મુજબનો અભ્યાસક્રમ અને શિક્ષણપદ્ધતિ નિર્માણ કરવી અને દેશની રીત રસમ સાથે બંધ બેસતો થાય એવો એક શૈક્ષણિક નકસો રજુ કરવો એવા ધ્યેય ઉપર પ્રસ્તુત લોકભારતીની સ્થાપના કરવામાં આવી છે. એ ધ્યેયની સફળતાનો આધાર તેના સંચાલકોની કુશળતા, અધ્યાપકોની લોકનિષ્ટા અને સુસ્થિત વર્ગના આર્થિક સહકાર ઉપર રહે છે. માત્ર સૌરાષ્ટ્ર માટે નહિ, માત્ર ગુજરાત માટે નહિ પણ આખા ભારત માટે શિક્ષણના ક્ષેત્રમાં આ એક નવું પ્રસ્થાન છે. નાનાભાઇ ભટ્ટની આજીવન તપસ્યાની આ એક ભવ્ય સમાપૂર્તિ છે. પ્રજા તેને અપનાવે અને ઇશ્વરના તેના ઉપર આશીર્વાદ ઉતરે એ જ પ્રાર્થના !

કોરીઆમાં યુધ્ધવિરામ

કોરીઆમાં છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલા યુધ્ધની તહ-કુબીને લગતા ખત ઉપર તા. ૨૬-૬-૫૩ ના રોજ ઉભય પક્ષના સેનાધિપતિઓએ સહી કરી અને જગતને અશાન્ત બનાવનાર અને આખા કોરીઆને ખેદાનમેદાન કરનાર આ ભયંકર યુધ્ધ તત્કાળ વિરામને પામ્યું. યુધ્ધવિરામ એટલે સુલેહશાન્તિની સ્થાપના સમજવાની નથી, પણ એ એ શાન્તિ સ્થાપનાની આ પૂર્વભૂમિકા છે. હવે એ સુલેહ શાન્તિની વાટાઘાટો ચાલશે અને આ યુદ્ધમાં ભાગ લેનાર સર્વ પક્ષો (કોરીઆનો પ્રમુખ સીંગહામરી સિવાય) યુધ્ધથી કંટાળી ગયા હતા અને યુધ્ધવિરામને લગતી વાટાઘાટો છેલ્લાં બે વર્ષથી ચાલતી હતી તે જોતાં થોડા સમયમાં સ્થાયી સુલેહ શાન્તિ સ્થપાઇ જશે એવી આશા રહે છે. આ યુધ્ધવિરામ નિર્માણ કરવામાં હિંદે ભારે યશસ્વી ભાગ ભજવ્યો છે અને પંડિત જવાહરલાલ નહેરૂની પરદેશનીતિએ આન્તરરાષ્ટ્રીય પ્રદેશમાં હિંદનું વર્ચસ્ ખૂબ વધાર્યું છે, એ જોઇને આપણું ચિત્ત ઉંડી પ્રસન્નતા અનુભવે છે.

આજે દુનિયાનું વાતાવરણ જે આજ સુધી યુધ્ધોન્મુખ હતું તે બદલાતું લાગે છે અને દુનિયાના આગેવાન રાષ્ટ્રો શાન્તિ સ્થાપના તરફ અભિમુખ બનતા લાગે છે. રશીઆની નીતિમાં સ્ટેલીનના અવસાન બાદ ફેરફાર થઇ રહ્યો છે અને અવરોધક અને આક્રમક નીતિના સ્થાને સમાધાનપોષક વળણ તેણે ધારણ કરવા માંડયું છે. કોરીઆના યુદ્ધની નિરર્થકતા અને પરિણામશૂન્યતાએ અમેરિકાની આંખ ઉઘાડી છે. ચીન પણ શાન્તિસ્થાપનાનું સાચું સમર્થક હોય એમ લાગે છે. આપણે આશા રાખીએ કે યુદ્ધની વાતો અને વિચારણાને આપણે ભુલી જઇએ અને પરસ્પરની અગવડ સગવડનો પુરો ખ્યાલ રાખીને હળીમળીને રહેવાની વૃત્તિ કેળવીએ.

આ યુધ્ધ માત્ર ઉત્તર કોરીઆ અને દક્ષિણ કોરીઆ વચ્ચે નહોતું. ચીન અને રશીઆથી પ્રેરિત ઉત્તરકોરીઆએ દક્ષિણ કોરીઆ ઉપર આક્રમણ કર્યું અને દક્ષિણ કોરીઆની પડખે અમેરીકા દ્વારા સંયુકત રાષ્ટ્રસંસ્થા આવીને ઉભી રહી. અને એ રીતે આ રાષ્ટ્ર-સંસ્થા જરૂર પડયે સક્રિય બની શકે તેમ છે અને કોઇ પણ નબળા દેશ ઉપર પડતા બળવાનના શસ્ત્રને ઝીલી શકે છે, આવો દાખલો તેણે બેસાડયો છે એ એક બહુ સૂચક ઘટના છે. પહેલા અને બીજા વિશ્વયુદ્ધ વચ્ચે અસ્તિત્વમાં આવેલ પ્રજાસંઘ-League of Nations-અને બીજા વિશ્વયુદ્ધ બાદ અસ્તિત્વમાં આવેલ સંયુકત રાજ્યસંસ્થા-United Nations-આ બે વચ્ચે ઉપર જણાવ્યો તે મહત્વનો ફરક છે. પહેલી સંસ્થાએ Collective Security-સામુહિક સહીસલામતી-ની માત્ર વાતોજ કરી અને પોતાના અસ્તિત્વ દરમિયાન જાપાને મંચુરિયા ઉપર, ઇટાલીએ એબીસીનીઆ ઉપર અને જર્મનીએ ઓસ્ટ્રીઆ ઉપર આક્રમણ કર્યું, છતાં એ પ્રજાસંઘ આંગળી પણ ઉંચી કરી ન શકયો. આ સંસ્થાએ એ સામુદાયિક સહીસલામતીના મુદ્દાને અમલીબનાવ્યો અને અનેક રાજ્યોએ ઓછાવધતા સૈનિકો કોરીઆમાં લડવા માટે પુરા પાડીને એ મુદ્દાને ટેકો આપ્યો. અને પરિણામે ઉત્તર કોરીઆ જે સીમા ઉપરથી દક્ષિણમાં ખૂબ આગળ વધી ગયું હતું ત્યાંથી લગભગ મૂળ સીમા ઉપર તેને પાછું ફરવું અને અટકવું પડયું-એટલી સફળતા આ સંયુકત રાષ્ટ્રસંસ્થા મેળવી શકી-આ ઘટના આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાનું વર્ચસ્ જમાવતી સંયુકત રાષ્ટ્ર સંસ્થાની દૃષ્ટિએ અતિ આશાસ્પદ છે. કોઇ પણ સત્તાને નબળા પાડોશી ઉપર હાથ ઉગામતાં પહેલાં સંયુકત રાષ્ટ્ર સંસ્થાનો વિચાર કરવો પડે, તેનો ભય લાગે અને એ નબળો પાડોશી એકલો નથી એવું ભાન થાય અને પરિણામે ઉગામેલો હાથ એમને એમ પાછો ખેંચી લેવો પડે અથવા તો ઠીક ઠીક માર ખાઇને પાછા પડવું પડે-એ સ્થિતિ આપણે પેદા કરવાની છે અને તેમ કરવાનું સંયુકત રાષ્ટ્રસંસ્થાને વધારે બળવાન, તાકાતવાળી અને કાર્યક્ષમ બનાવવા વડે જ થઇ શકે તેમ છે એ આપણે સમજી લઇએ.

હિંદ અને પાકીસ્તાન

કોરીઆમાં જાહેર થયેલા યુધ્ધવિરામ જેવી આનંદ-રોમાંચ પેદા કરતી જુલાઇ માસની ૨૫, ૨૬, ૨૭, ના રોજ કરાંચી ખાતે હિંદ અને પાકીસ્તાનના મહાઅમાત્યો વચ્ચે ચાલેલી-પરસ્પર ઘર્ષણ પેદા કરતા સર્વ સવાલોનો ઉકેલ શોધવા શુભેચ્છા અને સદ્‌ભાવભરી-મંત્રણા છે. આ મંત્રણાનું નક્કર પરિણામ હજુ બહાર આવ્યું નથી, પણ જે કાંઇ બન્યું છે તે શુભ પરિણામની નિશ્ચિત આગાહી આપે છે. પાકીસ્તાનની આજ સુધીની નીતિ હિંદને સતત બદનામ કરવાની અને પરસ્પર વૈમનસ્ય પેદા થાય, વધ્યા કરે એવું બોલવાની તથા વર્તવાની હતી. આવી ચાલુ ઉશ્કેરણી હોવા છતાં એક પણ અયોગ્ય ઉદ્‌ગાર ન કાઢવો અને હંમેશા મૈત્રીની માંગણી કરતા રહેવું, સામેથી જે કાંઇ બોલાય તે મોટા મનથી ગળી જવું એ આપણી-આપણા પંડિત જવાહરલાલની-નીતિ હતી. વૈરથી વૈર શમતું નથી, પ્રેમથી વૈર શમે છે-એ જવાહરલાલજીનો મુદ્રાલેખ હતો. આપણી આવી એક-સરખી ખરા દિલની નીતિ અને વૃત્તિ હતી તો જ આજે બે મહાઅમાત્યો વચ્ચે આવું મધુર મીલન અને ખુલ્લા દિલની ચર્ચા શકય બની છે અને બન્ને રાષ્ટ્રો વચ્ચે પ્રીતિભર્યો સંબંધ ઉભો થવાની શકયતા પેદા થઈ છે અને આ રીતે સર્વ પ્રશ્નોનો નિકાલ આવી જાય, અને ભવિષ્યમાં કોઇ પણ નવો સવાલ ઉભો થાય તો પણ પરસ્પર કશું પણ ઘર્ષણ પેદા થયા પહેલાં તેનો તુરત નીકાલ લાવવાનો કોઈ સ્થાયી પ્રબંધ નક્કી થાય તો તેમ બનવાથી ઉભય દેશને પાર વિનાનો લાભ થવા સંભવ છે. કરોડો રૂપીઆનું સૈન્યખર્ચ બંધ થાય, એકમેકને જરૂરી વસ્તુઓની સરલ આપલે શરૂ થાય અને આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે હિંદ-પાકીસ્તાનની મૈત્રી સુલેહશાન્તિની સ્થાપનાના કાર્યને મજબુત બનાવવામાં ભારે મદદગાર થાય. એ શુભ પરિસ્થિતિ જલ્દિ પેદા થાય એવી આપણા સર્વની ઉંડા દિલની પ્રાર્થના હો!

શેખ અબદુલ્લાની વિચિત્ર ચાલ

જ્યારે દુશ્મનો મિત્ર બને છે ત્યારે મિત્રો દુશ્મન બનતા દેખાય છે. એક બાજુ હિંદ અને પાકીસ્તાન વચ્ચે કોઈ કાળે મૈત્રી સંભવે નહિ એમ માનનારા આજે આપણે પંડિત જવાહરલાલનો પાકીસ્તાને કરેલો અત્યન્ત ભાવભર્યો સત્કાર અને તેના મહાઅમાત્યનો હિંદ-પાકીસ્તાન વચ્ચેના બધા સવાલોનો કોઇ પણ રીતે છેવટનો નીકાલ લાવવાનો નિરધાર જોઇને વિસ્મિત થઇ રહ્યા છીએ, ત્યારે બીજી બાજુએ હિંદ જેને આજ સુધી પોતાનો પરમ મિત્ર માની રહ્યું હતું તે શેખ અબદુલ્લા, હિંદે કાશ્મીરને બચાવવા અને ઉંચે લાવવા આજ સુધીમાં કરોડોનો ખર્ચ કર્યા બાદ, કાશ્મીરને સ્વતંત્ર બનાવવાની વિચિત્રવિચિત્ર વાતો કરી રહેલ છે અને પરિણામે કાશ્મીરમાં હિંદ વિરૂદ્ધના વિચારપ્રવાહો વહેતા થઇ રહ્યા છે. આ પરિસ્થિતિ દુઃખદ અને ચિન્તા ઉત્પન્ન કરે તેવી છે. પંડિત નહેરૂના બોલાવવા છતાં શેખ અબદુલ્લા એક યા બીજા બહાના નીચે દીલ્હી જઇ શકતા નથી. કાશ્મીરનો પ્રશ્ન આ રીતે જટિલ બની રહ્યો છે અને શ્યામાપ્રસાદ મુકરજીની આશંકાઓ જાણે કે સાચી પડવા લાગી હોય એમ દૂરથી જોનારા આપણે સચિન્ત-

પણે અનુભવી રહ્યા છીએ. આજે જ્યારે હિંદ અને પાકીસ્તાન વચ્ચે કાશ્મીરના પ્રશ્નનો ઉકેલ શોધાઈ રહ્યો છે ત્યારે કાશ્મીર સંબંધી શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ એની ચર્ચા આપણે ન કરીએ. આપણે જેને સત્તા સોંપી છે તે અદ્યતન સંયોગો વચ્ચે આપણા પુરા હિતમાં હશે એવો જ ઉકેલ લાવશે એવો વિશ્વાસ રાખીએ. પણ શેખ એબદુલ્લા વિશ્વસનીય નથી, જો કાશ્મીર હિંદ સાથે સંકળાયલું રહેવાનું હોય તો શેખ અબદુલ્લાને જેમ બને તેમ જલ્દીથી રૂખસદ મળવી જ જોઈએ, એની વાતો બીનકોમવાદની અને રાષ્ટ્રવાદની છે, પણ એની વૃત્તિ કોમવાદી નહિ તો અલગતાવાદી તો છે જ, એનું સત્તાસ્થાન ઉપર ચાલુ રહેવું હિંદ અને કાશ્મીર ઉભય માટે ભારે ખતરનાક છે–આવું આન્દોલન આજે ચોતરફ ઉઠી રહ્યું છે એ હકીકત સતાધીશના સીધા ધ્યાન ઉપર આપણે લાવીએ. કાશ્મીરનું હિત અને ઉત્કર્ષ હિંદ સાથે જોડાયલા રહેવામાં અને એકરૂપ થવામાં જ રહેલ છે. સ્વતંત્ર વાવટા, અને ત્રણ વિષયો પૂરતું જોડાણ અને બીજી બધી રીતે સ્વતંત્ર–આ બધી ગોટાળી બાબતોનો હવે છેડો આવવો જોઈએ. હિંદ કાશ્મીર પાછળ ખુવાર થયા જ કરે અને કાશ્મીરના આગેવાનો સ્વતંત્રતા, આઝાદી અને મર્યાદિત જોડાણની વાહિયાત વાતો કર્યા કરે એ વસ્તુસ્થિતિનો હવે અન્ત આવવો જોઈએ. આપણે આશા રાખીએ કે પંડિત જવાહરલાલ આ બાબતમાં મકકમ હાથે કામ લેશે અને આજની જટિલ પરિસ્થિતિનો જલ્દિથી સુખદ અન્ત લાવશે.

વિજયવલ્લભસૂરિ પ્રશસ્તી અંક

શ્રી વિજયવલ્લભસૂરિજીના સમ્યક્ ચારિત્ર્ય મહોત્સવ પ્રસંગે મુંબઈની આત્માનંદ જૈન સભા તરફથી આચાર્યશ્રીને લગતો એક પ્રશસ્તી અંક બહાર પાડવામાં આવ્યો હતો. બે મહીનાની ટુંકી મુદતમાં આવો દળદાર અને ચિત્રભરપુર અંક બહાર પાડવા માટે આ અંકના સંપાદક શ્રી કેશવલાલ મંગળચંદ શાહ અને શ્રી ખીમજી હેમરાજ છેડાને ધન્યવાદ ઘટે છે. જૈન જૈનેતર અનેક નાની મોટી વ્યક્તિઓ તરફથી કરવામાં આવેલા આચાર્યશ્રીના પુષ્કળ ગુણાનુવાદો આચાર્યશ્રીની વ્યાપક લોકપ્રિયતાને પુરવાર કરે છે. કોઇ વાંચકને આ પ્રશસ્તિઓમાં, ગુણાનુવાદોમાં અત્યુક્તિનો દોષ દેખાવાનો સંભવ છે,પણ જ્યાં મુળ હેતુ જ અમુક વ્યક્તિની એકાંત પ્રશસ્તિનો હોય ત્યાં અત્યુક્તિનો દોષ અનિવાર્ય બને છે. અત્યુક્તિનો દોષ ન આવે છતાં પ્રસ્તુત વિશિષ્ટ વ્યક્તિનું સુંદર સુરેખ સપ્રમાણ ચિત્ર રજુ થાય આવું લેખનિર્માણ વિશિષ્ટ કોટિની લેખનકળાની અપેક્ષા રાખે છે. આવી કળા જૈનોમાં તો શું, વિશાળ સમાજમાં પણ કેટલી ઓછી વ્યક્તિઓને સુસાધ્ય છે ?

આ અંકમાં ખુંચે એવું હોય તો તેમાં કશાં પણ પ્રમાણ વિવેક સિવાય પ્રગટ કરવામાં આવેલી નાની મોટી આચાર્યશ્રી સાથે સંબંધ ધરાવતી નહિ ધરાવતી અનેક વ્યક્તિઓની છબીઓ છે. આને લીધે આ અંક ભાતભાતના માણસોની છબીઓથી ભરેલા એક આલ્બમ જેવો બની ગયો છે. આ બાબતમાં ચોક્કસ ધોરણ નક્કી કરવામાં આવ્યું હોત તો વધારે ઠીક દેખાત.

આ અંકની કીંમત રૂ. ૭ રાખવામાં આવી છે. તે મળવાનું ઠેકાણું છેડા જવેલરી માર્ટ, ૪૧, ધનજી સ્ટ્રીટ મુંબઇ ૩ છે. અંક જોતાં કીંમત વધારે લાગે છે પણ તેમાં નફો રહે તો શ્રાવક શ્રાવિકા ઉત્કર્ષ ફંડમાં જવાનો છે એ હકીકત ધ્યાનમાં લેતાં પુસ્તકનું મોંઘાપણું બહુ સાલતું નથી.

સ્વ. મકનજી જૂઠાભાઇ મહેતા

તા. ૧૩ મી જુલાઇની રાત્રે જૈન સમાજના એક જાણીતા વર્ષોજુના કાર્યકર્તા શ્રી મકનજી જૂઠાભાઈ મહેતાએ ૭૨ વર્ષની ઉમ્મરે આપણી વચ્ચેથી સદાને માટે વિદાય લીધી. તેમણે એલ. એલ. બી. ની પરીક્ષા પસાર કરીને મુંબઇમાં એક વકીલ તરીકે જીવનવ્યવસાય શરૂ કરેલો. થોડાં વર્ષ બાદ વીલાયત જઈને તેઓ બેરીસ્ટર થઇ આવ્યા અને પછી મુંબઇની હાઇકોર્ટમાં તેમણે પ્રેકટીસ શરૂ કરી હતી. દ્રવ્યોપાર્જક વ્યવસાય સાથે તેમનું ધ્યાન હંમેશા પોતાની કોમની શકય તેટલી સેવા કરવા તરફ રહેતું. એમની કારકીર્દીની શરૂઆત પહેલાં મુંબઇમાં માંગરોળ જૈન સભા નામની એક સંસ્થા સ્થપાયલી હતી અને વર્ષો સુધી તેર સંસ્થાના મંત્રી યા તો પ્રમુખ તરીકે તેમણે ખૂબ કામ કર્યું, એ સંસ્થાનું સમયાન્તરે 'મુંબઇ અને માંગરોળ જૈન સભા' એ મુજબ નામરૂપાન્તર થયું અને એ સભા હસ્તક ચાલતી નાની સરખી કન્યાશાળા 'શકુન્તલા કાન્તિલાલ જૈન ગર્લ્સ હાઇસ્કુલ'માં રૂપાન્તર પામી. આ મહદ્ રૂપાન્તરના પાયામાં કામ કરનાર અમુક થોડી વ્યક્તિઓમાં એક શ્રી મકનજીભાઇ હતા.

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ એ તેમનું બીજું વિશિષ્ટ કાર્યક્ષેત્ર હતું. અનેક વિરોધી તત્વો સામે તે સંસ્થા આજ સુધી ટકી રહી છે અને જૈન સમાજની સેવા કરી રહી છે તેનો યશ પણ એક નાના સરખા જુથને ફાળે જાય છે. એ જુથ શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિયા, મોહનલાલ દલીચંદ દેસાઇ, ડો. નાનચંદ કસ્તુરચંદ મોદી, મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, મકનજી જૂઠાભાઇ મહેતા, લલ્લુભાઈ કરમચંદ દલાલ–લગભગ આટલી વ્યક્તિઓનું બનેલું હતું અને તેમાં પણ મોતીચંદભાઇએ અને મકનજીભાઇએ ઘણો મહત્વનો ભાગ ભજવ્યો હતો અને આણંદજી કલ્યાણજીની પેઢી, કેટલાક જુનવાણી સાધુઓ, આચાર્યો અને પ્રગતિવિરોધી શ્રીમાનો સામે વર્ષો સુધી ભારે ટક્કર ઝીલી હતી. આ જુથમાંની લગભગ બધી વ્યક્તિઓ આજે વિદેહ થઇ છે. મકનજીભાઇ હતા તે પણ ગયા. આજે હયાત છે માત્ર લલ્લુભાઇ કરમચંદ દલાલ.

મહાવીર જૈન વિદ્યાલય નામની સુખ્યાતિ પામેલી જૈન શિક્ષણસંસ્થાના પ્રારંભથી તેઓ એક અગ્રગણ્ય કાર્યકર્તા હતા અને તે સંસ્થાના વિકાસમાં પણ તેમણે સારો ફાળો આપ્યો હતો. કશી પણ અતિશયોકિત વિના તેમના વિષે કહી શકાય કે તેઓ પરમ સજ્જન હતા, તેમના સ્વભાવમાં નિખાલસતા અને મધુરતા હતી, નમ્રતા અને સ્નેહમયતા હતી. સૌ સાથે હળી મળીને કામ કરવાની તેમ જ કામ લેવાની તેમનામાં આવડત હતી. જૈન સમાજનો કેમ ઉત્કર્ષ થાય એ તેમની નિરન્તર ઝંખનાનો વિષય હતો.

તેમના અવસાનની નોંધ લેતાં તેમનાં સહધર્મચારિણી શ્રી ગુલાબબહેન પ્રત્યે આ વિષમ પ્રસંગે ઉંડી સહાનુભૂતિ વ્યકત કર્યા સિવાય રહી શકાતું નથી. મકનજીભાઇને જાણે તે ગુલાબબહેનને ન જાણે એ બની જ ન શકે એવું તેમનું અત્યન્ત પ્રેમભર્યું સતત સાહચર્ય હતું. સંભવ છે કે ગુલાબબહેન પહેલાં જાય તો મકનજીભાઇ એ વિયોગ સહન કરી નહિ શકે એવી આશંકાથી એ બેમાંથી મકનજીભાઇને પહેલાં ખેંચી લેવાનું વિધાતાને વધારે યોગ્ય લાગ્યું હશે. જૈન સમાજને એક સુચરિત કાર્યકર્તાની ખોટ પડી. ગૃહસ્થોની દુનિયામાં એક સ્નેહાનુરકત ગ્રંથિયુગલ ખંડિત થયું. સ્વર્ગસ્થના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એવી આપણી પ્રાર્થના હો !

સ્વર્ગસ્થ મગનલાલ જસરાજ ઝવેરી

ગયા જુન માસની ૧૫ મી તારીખે ઇન્દોરનિવાસી શ્રી મગનલાલ જસરાજ ઝવેરી ૭૧ વર્ષની ઉમ્મરે બે વર્ષની લાંબી માંદગી ભોગવીને અવસાન પામ્યા. શ્રી મગનલાલજી મુંબઇમાં

ઝવેરાતની દલાલી કરતા હતા અને એક દલાલ તરીકે તેમણે ઝવેરી બજારમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. તેમનું ભણતર સામાન્ય કોટિનું હતું એમ છતાં તેમના જીવનમાં જ્ઞાનના સારા સંસ્કાર હતા અને વિચારોની વિશાળતા હતી. જમાના સાથે તેઓ ચાલવાવાળા હતા અને રાષ્ટ્રવાદનો તેમને રંગ લાગ્યો હતો. તેમનો એક પુત્ર ભાઈ પન્નાલાલ જે કોંગ્રેસનો એક કાર્યકર હતો તે ૧૯૩૦ માં મુંબઇના મુસ્લીમ લત્તામાં ભળેલી કોંગ્રેસની એક જાહેર સભામાં ભાગ લેવા ગયેલો અને પાછાં ફરતાં કોઇ કોમવાદી મુસ્લીમ ગુંડાની છરીનો ભોગ બનેલો હતો. તેઓ જ્ઞાતે જૈન વીશા ઓશવાળ જ્ઞાતિના હતા. તેમનો એક દીકરો ભાઇ શેખર ડાકટર થયેલ છે. તેણે લુહાણા કોમની એક કન્યા જે તેની ડોકટરી લાઇનમાં સહાધ્યાયિની હતી તેની સાથે લગ્નસંબંધથી જોડાવાની ઇચ્છા વ્યકત કરી. કન્યાના માતપિતા સખ્ત વિરૂદ્ધ હતા પણ ભાઇ શેખરના પિતા મગનલાલજીએ આ દરમ્યાનને સહજભાવે સંમતિ આપી હતી અને પોતે હાજર રહીને પુત્રનો લગ્નઉત્સવ ઉજવ્યો હતો અને વરવધૂને આશીર્વાદ આપ્યા હતા. મારવાડી સમાજમાં આવી એક વયોવૃદ્ધ વ્યકિતમાં આટલી દિલની વિશાળતા હોવી એ સામાન્ય બાબત ન કહેવાય.

તેમનામાં ઉંડી ધર્મશ્રદ્ધા હતી જીવનમાં સાદાઈ અને ખડતલપણું હતું. શિસ્તપ્રેમ તેમની રહેણીકરણી હતી. તેમનું ચારિત્ર્ય પણ ઉચ્ચ કોટિનું હતું. વ્યાપારમાં પણ તેમની શાખ બહુ ઉંચી હતી. પોતાની પાછળ પહોળું ઉચ્ચ શિક્ષાસંસ્કારી કુટુંબ તેઓ મૂકી ગયા છે. તેમના આત્માને પરમ શાન્તિ પ્રાપ્ત થાઓ!

સ્વર્ગસ્થ જયસુખલાલ કે. મહેતા

તા. ૨૬-૭-૫૩ના રોજ મુંબઇના એક અગ્રગણ્ય શહેરી અને બોમ્બે ઇન્ડિયન મરચાંટ્સ ચેમ્બરના વર્ષો સુધીના મંત્રી શ્રી જયસુખલાલ કે. મહેતા લાંબી માંદગી બાદ ૬૯ વર્ષની ઉમ્મરે સાન્તાક્રુઝ ખાતે અવસાન પામ્યા. તેમનો જન્મ ૧૮૮૪ માં થયો હતો. ૧૯૦૫માં તેઓ એલ્ફીન્સ્ટન કોલેજના ત્રૈમ્બ એ. થયા. ૧૯૦૭ માં ઇન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરની સ્થાપના થઇ અને ચેમ્બરના તેઓ સૌથી પહેલા મંત્રી થયા. ૬૮ વર્ષ સુધી એ ચેમ્બરની તેમણે એકધારી સેવા કરી. અને આજે મુંબઇ શહેરમાં આ ચેમ્બર વ્યાપારીઓની સૌથી મોટી સંસ્થા છે, પ્રજામાં તેમ જ સરકારમાં તે સંસ્થાની બહુ મોટી પ્રતિષ્ઠા છે. ચેમ્બરનો આ વિકાસ તેમની કાર્યનિષ્ઠા તેમ જ કુશળતાને આભારી છે. ૧૯૪૬ માં તેઓ ચેમ્બરના કાર્યથી નિવૃત્ત થયા ત્યારે તેમના પ્રશંસક વ્યાપારીમહાજનોએ તરફથી એક લાખ રૂપીઆની થેલી તેમની સેવાની કદર તરીકે ભેટ આપવામાં આવી હતી.

પ્રથમ તેમ જ દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન હિંદી સરકારે તેમની સેવા ઉઠાવી લીધી હતી. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન તેમણે ઇન્ડીયન મ્યુનીશન્સ બોર્ડના આસીસ્ટન્ટ કન્ટ્રોલર તરીકે કામ કર્યું હતું. મુંબઇ તેમ જ અખિલ હિંદની અનેક વ્યાપારી હીલચાલો સાથે તેઓ જોડાયેલા હતા. ઇન્ડીયન એમ્પ્લોયર્સના પ્રતિનિધિ તરીકે તેમણે જીનીવામાં ભળેલી ઇન્ટરનેશનલ લેબર કોન્ફરન્સમાં ૧૯૨૧ અને ૧૯૩૪ માં ભાગ લીધો હતો.

આ ઉપરાંત સામાજિક ક્ષેત્રે પણ તેમણે અનેકવિધ સેવા કરી હતી. ફેમીન રીલીફ ફંડ અને ગુજરાત ફલડ રીલીફ કમીટીના મંત્રી તરીકે તેમણે કાર્ય કર્યું હતું. વળી હરિજન સેવક સંઘની મુંબઇ શાખાના તેઓ વર્ષો સુધી પ્રમુખ હતા. શાન્તાક્રુઝ નેટીવ ફંડ એરીઆ કમીટીના તેઓ લાંબી મુદત સુધી પ્રમુખ હતા. ૧૯૨૧ થી ૩૭ સુધીના ધારાકામાં તેમણે રાષ્ટ્રના રાજકારણમાં પણ અગ્રભાગ લીધો હતો અને ઉપનગર જીલ્લા કોંગ્રેસ સમિતિના લાંબા સમય સુધી તેઓ પ્રમુખ હતા. સ્વરાજ્ય પાર્ટીના પ્રતિનિધિ તરીકે તેઓ મુંબઇની ધારાસભામાં ચૂંટાયા હતા. આવી જ રીતે અનેક શિક્ષણસંસ્થાઓ સાથે પણ તેઓ જોડાયેલા હતા. અનેક વિદ્યાર્થીઓને કાં તો પોતે મદદ આપતા અથવા મેળવી આપતા તેમ જ અનેકને તેઓ દોરવણી આપતા હતા.

ગુજરાતી તેમ જ અંગ્રેજી ભાષા ઉપર તેઓ ખૂબ પ્રભુત્વ ધરાવતા હતા. ધાર્મિક તેમ જ તાત્ત્વિક સાહિત્યના તેઓ ઉંડા અભ્યાસી હતા. ગુજરાતી સાહિત્યની પણ તેમણે ઠીક ઠીક સેવા કરી હતી. શાન્તાક્રુઝના જાહેર જીવનમાં તેમણે હંમેશા અગ્રભાગ લીધો હતો. સામાજિક બાબતોમાં તેમની વૃત્તિ એક સુધારકની હતી. અનેકનાં તેઓ મિત્ર અને માર્ગદર્શક હતા. સરળ અને પ્રેમાળ તેમનો સ્વભાવ હતો. તેઓ ચારિત્ર્યશાળી સજ્જન હતા. તેમના જવાથી ગુજરાતી સમાજને એક અનુભવી, સંસ્કારી, સદા કાર્યપરાયણ સજ્જનની ખોટ પડી છે. તેઓ સદાને માટે ગયા છે છતાં પાછળ ચિર જીવી સુવાસ અને મીઠાં સ્મરણો અનેકના માટે મૂકી ગયા છે.

પરમાનંદ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા આવતા સપ્ટેમ્બર માસની પાંચમી તારીખ અને શનીવારે શરૂ થશે અને તેરમી તારીખ સુધી એ રીતે નવ દિવસ ચાલશે. આ વ્યાખ્યાનમાળામાં મુંબઇ તેમ જ મુંબઇ બહારના વ્યાખ્યાતાઓ ચાલુ ક્રમ મુજબ સવારના બે વ્યાખ્યાનો આપશે. શરૂઆતના સાત દિવસની સભાઓ ફ્રેંચ બ્રીજ ઉપર આવેલા ન્યુ એરાટ્રસ્ટી લોજમાં ભરાશે પાછળના બે દિવસની સભાઓ માટેનું સ્થાન હજુ હવે નિશ્ચિત થવાનું છે.

સદ્‌ગત મણિભાઇ સ્મૃતિદિન

આગામી શ્રાવણ શુદ ૩ (ઓગસ્ટ માસની ૧૨ મી તારીખ, બુધવાર) મુંબઇ જૈન યુવક સંઘના પિતા સદ્‌ગત મણિલાલ મોકમચંદ શાહની મૃત્યુ તિથિ છે. આ અંગે એક સ્મૃતિસભા તે દિવસે સાંજે ૬-૧૫ વાગે મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં યોજવામાં આવી છે. મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો અને સદ્‌ગત મણિભાઇના મિત્રો અને સ્વજનોને હાજર રહેવા વિનંતિ છે.

સંઘના સભ્યોનું પર્યટણ

સંઘના સભ્યોનું વિહાર અથવા તો પગપાળ બીજુ અનુકૂળતા મુજબ થોડા દિવસમાં એક પર્યટણ ગોઠવવામાં આવનાર છે. આંતિ લગતી બધી ગોઠવણ નક્કી થયા બાદ કાં તો પરિપત્રથી અથવા તો પ્રબુદ્ધ જીવનના આગામી અંકમાં સર્વે સભ્યોને વખતસર ખબર આપવામાં આવશે. આ પર્યટણમાં દરેક સભ્ય પોતાના કુટુંબ સાથે જોડાઈ શકશે, તો જે સભ્યો આ પર્યટણમાં જોડાવા ઇચ્છતા હોય તેમને આ બાબતની સંઘના કાર્યાલયને સત્વર ખબર પહોંચાડવા વિનંતિ છે. આમ કરવાથી પર્યટણ ગોઠવવાના કાર્યમાં સરળતા થશે.

મંત્રીઓ : મુંબઇ જૈન યુવક સંઘ

વિષય સૂચિ પૃષ્ઠ

પ્રકીર્ણ નોંધ-પશુનિર્દયતા નિવારણ પરમાનંદ ૫૭
વિધાન, લોકભારતી વિષે થોડુંક
વધારે, કોરીઆમાં યુદ્ધવિરામ,
હિંદ અને પાકીસ્તાન, શેખ
અબ્દુલ્લાની વિચિત્ર ચાલ,
વિજયવલ્લભસૂરિ પ્રશસ્તી અંક,
સ્વ. મોકમચંદ જુઠાભાઇ મહેતા,
સ્વ. મગનલાલ જેસંગજી ઝવેરી,
સ્વ. જયસુખલાલ કે. મહેતા.
સન્તીબાલજીનો સ્વર્ગે એક સમાલોચના ધીરેન્દ્ર દક્ષ મદાર ૬૩

સન્તબાલજી સાથે એક સપ્તાહ

(વીસાવદર તાલુકાની યાત્રાનાં કેટલાક સંસ્મરણો)

મુનિશ્રી સંતબાલજીનો કાર્યક્રમ વિસાવદર તાલુકામાં શરૂ થતો હોઇને તેમની સાથે રહેવાનું સદ્‌ભાગ્ય મને સાંપડયું. બગદુ ગામ એ પ્રવાસક્રમનું પહેલું મુકામ હતું. શરૂઆતથી જ પ્રયાસ કરવા છતાં પાંચ વિઘાથી વિશેષ ભૂમીદાન અહિંથી પ્રાપ્ત થતું ન હતું, પરંતુ સંતબાલજીની વાણીના પ્રભાવને કારણે તે જ દિવસની સભામાં કુલ્લે ૨૦ વિઘા જમીનની જાહેરાત થઇ.

મુનિશ્રીએ કહ્યું:—"અત્યારનું આર્થિક યુધ્ધ એ સાત કોઠાનું યુધ્ધ છે. એમાંના ચાર કોઠા તૂટયા છે. હજુ (૧) અમલદાર શાહી, (૨) મુડીવાદ, (૩) ચૌદશીયા વર્ગ, એમ ત્રણ કોઠા તોડવાના બાકી છે. પરંતુ તેનો ઉકેલ અહિંસક રીતે જ લાવવાનો છે. આ ઉકેલ તે સ્નેહવાદ છે. હું તેને ત્યાગવાદ કહું છું" એક રોટલામાંથી છઠ્ઠો ભાગ આપવાની વાત સમજાવતાં મુનિશ્રીએ કહ્યું કે "ધરતી ખેડતાં જનકરાજાને જનકી મળ્યા હતાં એ જનકીને (ભૂમીને) રામપાસે (નીતિ પાસે) લાવો! આમ થશે તો સામ્યવાદને બદલે સામ્યયોગ આવશે." રાજાઓની તેજીલી તલવારો પણ યુગના સાદ પાસે બુઠ્ઠી થઇ. ગઇ એ વાત યાદ કરીને મુનિશ્રીએ કહ્યું કે "ભૂમીના પતિ થવાને બદલે તેને માતા માનીએ અને તેના આશીર્વાદ મળે તેવા લાયક પુત્રો બનીએ!"

આ પછી તુરત જ એક ખેડુતે પાંચ વિઘા જમીન આપતાંની સાથે કહ્યું કે "આજે અમારાં સદ્‌ભાગ્ય છે કે અમે દાતા બન્યા છીએ. ભૂમીદાન રાજાઓથી જ થતું, પરંતુ આજે અમને એ અધિકાર અને સુઅવસર પ્રાપ્ત થયો છે." ખરેખર આ વખતે મુનિશ્રીની આંખમાં આનંદનાં આંસુ ભરાઇ આવ્યાં.

વહેલી સવારમાં બોલતાં તેમણે કહ્યું કે "મજૂરીની સાથે જો ધર્મતત્વ ભળે તો બુદ્ધિનો ઉપયોગ બીજાને રંજાડવામાં નહીં પ્રરચાય. આ જ માર્ગે ખેડુત જગતનો તાત કહેવાશે. માણસની લગની ઇશ્વર તરફથી જ હોય અને જો તે પરિગ્રહનો ટ્રસ્ટી દાતા બની જાય તો વિરાટની (વસ્તીની) એકતા થાય અને એ એકતાને જગતના કોઇ પરિબળો રૂંધી શકે નહીં. જગતનો તાત જો નીતિને માર્ગે વળવાને બદલે બીજામાં તણાઇ જાય તો જગતની સારી આશા રાખવી નિરર્થક છે."

* * *

બગદુથી અમે બરડીયા પહોંચ્યા. માર્ગમાં કેટલાક સવાલો થયા. એક ભાઇએ પુછયું કે 'મુડીવાદીઓનો વારો આવવાને બદલે ખેડુતોનો વારો શા માટે? અમને તો માંડ હજી હમણાં જ મળ્યું છે. એ મોહ કેમ છુટે?"

મુનિશ્રીએ તે દિવસના જ પ્રવચનમાં કહ્યું કે "જે માણસ વરસાદની જેમ હંમેશાં દાનથી વરસ્યા કરે છે તે સમાજની કામધેનુ ગાય સમાન છે. જે દાન કરે છે તે વધારેમાં વધારે મેળવે છે. જે ભોગ ભોગવે છે તે રોગ મેળવે છે. અને જે કશુંય કરતો નથી તે નાશ પામે છે." મુડીવાદીઓને યાદ કરતાં મુનિશ્રીએ કહ્યું કે "દેશમાં કરોડો માણસો જ્યારે ટુકડો ટુકડો આપવા માંડયા છે ત્યારે આંગળીને વેઢે ગણી શકાય તેવા માણસો રહી જશે શું?

'ચણાના ધડામાં મુઠ્ઠી ભરીને બેઠેલાં વાંદરાએ જ્યારે આખી મુઠીની મમતા છોડી નહિં ત્યારે તેનો હાથ અટવાયો અને નાસવા જતાં ભુંડે હાલ પડયો અને મુઠી પણ છુટી ગઇ. વધારેમાં ધડો પણ ફોડયો."

ભૂદાન કાર્યને યજ્ઞ સાથે સરખાવતાં તેમણે કહ્યું કે "આ યજ્ઞમાં તમારે મમતા હોમવાની છે. જે ભૂમી માંધાતાઓની નથી થઇ તે આપણી શું થશે?" સાગર પાર કરવા હોડીની રાહ જોઇ બેઠેલા શ્રોતાઓના સમુહને સંબોધતા મુનિશ્રીએ કહ્યું કે "બાંધેલ બચકામાંથી થોડું ઓછું કરો. એનાથી જ તમે પાર ઉતરશો. તે જ તમને તારશે." પ્રવચન પુરૂં થયું કે એક અર્ધનગ્ન જુવાન મહારાજશ્રી પાસે આવ્યો અને એક લખેલી ચીઠ્ઠી તેણે મહારાજશ્રીને આપી. ચીઠ્ઠીમાં લખ્યુ હતું કે "મારે આજીવિકાનું કોઇ સાધન નથી. તો મને પાંચ વિઘા જમીન અપાવવા મહેરબાની કરશો." આંખો મીંચી બે હાથ જોડી ઉન્નત મસ્તકે પ્રભુને પ્રાર્થના કરતાં સંતબાલજીએ કહ્યું "ઇશ્વર એવો દહાડો જરૂર લાવશે." આટલી વાત માત્રથી જ પેલાને દંડક વળી ગઇ હોય તેમ તે ખુશ ખુશ થઇ ગયો અને વંદના કરી ચાલતો થયો.

* * *

બીજે દહાડે એક આગેવાન ખેડુતને હું તેડી લાવ્યો. ગઇ ધારાસભાની ચુંટણીમાં તે એક ઉમેદવાર હતા. સંતબાલજીની સાથે મેં તેની ઓળખાણ કરાવી. તેમને ભૂમીદાન અંગે પુછતાં તેમણે જવાબ આપ્યો કે "હું તો દાન આપવા ઇચ્છું છું, પરંતુ છોકરો ના કહે છે." અમને થોડીકવાર તો હસવુ આવ્યું, પરંતુ મુનિશ્રીનો પ્રત્યુતર સાંભળવા અમે સૌ ઉત્સુક હતા. વિશ્વવાત્સલ્યના લેખો લખવાનું કામ છોડી તેમણે કહ્યું "આ વસ્તુ આવકાર દાયક છે. દરેક વખતે ઘરના બધા જ સભ્યોની જો સંમતિ લેવાતી જ હોય તો તેમાં ખોટું શું છે? પણ ધારાસભાની ચુંટણીમાં ઉભા તે વેળા પુત્રને, પત્નીને, એમ સર્વને તમે પુછયું હતું?" આ રીતે તે આગેવાન બોલતાં સપડાઇ ગયા. પોતે હસવું કે ભોંશે રહેવું તે નકકી કરી શકયા નહીં. પરંતુ અમોને હસતા જોઇને તેઓ પણ હસવા માંડયાં. મુનિશ્રીએ કહ્યું કે "તમે ઇચ્છો તો તમારા કુટુંબીઓને મળું. તેમને પણ વાત સમજાવું" પરંતુ સાંજરે પાછો આવીશ એમ કહીને તે આગેવાન ગયા. પણ પછી તેઓ દેખાયા જ નહિં.

* * *

સવારમાં મોણપરી જવા માટે વિહાર શરૂ થયો. ગામમાંથી નીકળતાંની સાથે હંમેશની ટેવ મુજબના સૂત્રો મીરાંબહેન બોલાવતા જતાં હતાં, અમે સૌ ઝીલતા હતા. આ સૂત્રો તે "સત્યનો વિજય થાઓ," "પ્રેમનો વિજય થાઓ," "નીતિનો વિજય થાઓ," "દયાનો વિજય થાઓ," "ધર્મનો વિજય થાઓ." "ક્ષમાનો વિજય થાઓ" વગેરે હતાં. મોટી મોણપરી પહોંચતાં પહેલાં માણસો સુધી લોકો સામે આવેલા. જમીનના નાના નાના ટુકડાઓ મેળવવાથી શું વળશે એવી શંકા પણ કોઇકને માર્ગમાં ઉઠેલી. મુનિશ્રીએ રાત્રે પ્રવચન કરતાં જણાવ્યું કે "ભૂમિદાન એ જમીનના ટુકડા માટે જ નથી. એ હૃદયના ટુકડા માટે છે. વળી જે સમાજમાંથી દયા અને દાન નાશ પામશે તે સમાજનો અંત વહેલો આવશે." તેમણે કહ્યું કે "જે કર્મે શૂરા હોય છે તે ધર્મે પણ શૂરા બને છે." "લોકોની બેદરકારી તરફ ટકોર કરીને મુનિશ્રીએ કહ્યું કે "હુકકાના બાધાણી અબદુલખાં પઠાણે બેદરકારીમાં ઘાંસની ગંજીમાં તણખો નાંખ્યો ત્યારે માન્યું કે ઇતનેસે કયા? પરંતુ તેમાંથી તો આખું ગામ તારાજ થયુ. તેલ ગણાની નાનકડી આગ પ્રત્યે જો આટલી જ બેદરકારી સેવાય તો તો એ આગ આખા દેશમાં સળગી ઉઠે." ત્યાગનો મહિમા સમજાવતાં તેમણે કહ્યું કે "ત્યાગ કરવાથી માણસ ગુમાવતો જ હોત અથવા તો તેનું ઓછું થતું હોત તો રામાયણ સર્જાયું ન હોત" તેમણે લોકોને ખાત્રી આપતાં કહ્યું કે "ધસમસતા પૂરને રોકવાની આપણી ઇચ્છા નથી. પરંતુ તે સીધે માર્ગે વહન કરે તે આપણે ઇચ્છીએ છીએ."

* * *

મોણપરીથી પાંચ વિઘાનું ભુમિદાન અને રૂ. ૩૫૨૫ નું સંપત્તિ દાન લઇને અમારી યાત્રા સરસાઇ પહોંચી. એકભાઇએ કહ્યું "કાયદા સિવાય કોઇ માનશે નહીં. માટે કાયદો લાવો." ત્યારે મુનિશ્રીએ કહ્યું "કાયદો લાવવાની વાતમાં દિવાળીબાપણું રહેલું છે. સજ્જનપણું નહીં. કાયદાની રાહ જોઇને પોતાના ભુખ્યા ભાંડુની સામું ન જુએ અને બધું વિસરી જાય તો તેને ગીતાની

પરિભાષામાં ચોર કહેવાય. ન્યાયની પરિભાષામાં તેને દેવાળીયો કહેવાય."

* * *

રાત્રીપ્રવચન દરમ્યાન ભક્ત રોહીદાસના કુંડની દશાનું વર્ણન કરતાં મુનિશ્રીએ કહ્યું કે "તમારા હૃદયકુંડને પવિત્ર રાખો, કારણ કે તેમાંથી જ નિત્ય અમૃતઝરણું વહે છે." ધરતીને માતા સાથે સરખાવીને મુનિશ્રીએ કહ્યું, કે "દેશના ભૂમીહીનોને આ માતાના છઠ્ઠા પુત્ર તરીકે લેખી શકાય. દેવમંદિરમાં પોઢેલા ભગવાનને જગાડવા ભાવિકો ઘંટ વગાડે છે એ જ રીતે તમારા હૃદયમાં રહેલા ભગવાનને જગાડો. જો કોઠામાંનો કળજૂગ દૂર થાય તો બહાર બધે સતજુગ જ છે." મોટા જમીનદારોને જગ્યા રોકી બેઠેલા ગાડીમાંના મુસાફરો સાથે સરખાવતાં મુનિશ્રીએ લોકોને પુછ્યું કે "તમે જ્યારે ગાડીમાં ચડતા હો ત્યારે આવા મુસાફરો તમને ડબ્બામાં પેસવા ન દે તે વેળા તમે શું કહેશો?" બંગાળના દુષ્કાળનું વર્ણન કરતાં મુનિશ્રીએ કહ્યું કે "યાદ કરો એ દિવસો જ્યારે પોતાના જ બાળકોને મા ભરખી જતી અને કુતરાની ઉલટીમાંથી લોકો ચોખા વીણતા. ખરેખર ભુખ્યનું દુઃખ જાણતો હોય તે જ જાણી શકે" દાનતાઓને તક ઝડપી લેવાનું સમજાવતાં મુનિશ્રીએ કહ્યું કે 'બીલખાના સગાળશા શેઠને દાનનો લેનાર કોઇ મળતો ન હતો તે દિવસો યાદ કરો! તમારા પૈસા અને જમીનના ટુકડા કરતાં તમારા દિલનો ટુકડો– તમારા મમત્વનો ટુકડો–મળે એ જ મહત્વની વસ્તુ છે. જમીન, હવા, ને પાણી એ બધું ભગવાનને જ અર્પણ હોઇ શકે. જેની પાસે જમીન છે તેની પાસે શ્રમશકિત નથી. અને જ્યાં શ્રમ-શકિત છે ત્યાં જમીનના સાંસા છે. આમ અત્યારના સમાજમાં કઠોળ અને કાંકરા એકત્રિત થઇ ગયા છે. માણુસની જ્યારે દાનત ચોર થાય છે ત્યારે ધરતી રસ ચુસી લે છે. અકરાંતીયો ખાઉં ખાઉંની ઘેલછામાં આગલા દિવસના ઉપવાસનું ફળ ધોઇ નાખે છે તેવું જ સ્વરાજપ્રાપ્તિ પછીની લોલુપતાનું સમજવું."

* * *

અહિંથી અમે લેરીયા જવા નીકળ્યા. પ્રશ્નોત્તરી ચાલી. એક ભાઇએ કહ્યું "ક્રાંતિની ગંધ હજી લોકોને આવતી નથી અને આ વાત અમારે મન તદ્દન નવી લાગે છે, એટલે હજી સમય લાગશે." મુનિશ્રીએ કહ્યું "આનું કારણ લોકો એક મૂર્છિત અવસ્થામાં છે તે છે. જો મોહ અને માયાનું પડળ તૂટે તો ક્રાંતિની સુગંધ જરૂર આવે. પરંતુ નરકમાં પડેલા પેલા ગુંગા (મામા)ને ફૂલો ઉપર લાવી મૂકવા છતાં સુવાસ આવતી ન હતી. આનું કારણ એટલું જ કે નાકમાં બેઠું નરકનું ભાતું તે ભરી લાવ્યો હતો. આથી ફૂલોની સુગંધ આવવાને બદલે પેલા નરકની જ દુર્ગંધ આવતી હતી. ઘુવના કાંટાને ગમે તેટલી રામદુહાઇ આપશો તો પણ તે ઉત્તર તરફ જ રહેવાનો. કારણ કે તેને મેગનેટના ઉત્તરી પહાડોનું આકર્ષણ છે. માણુસનું મન પણ જ્યાં સુધી માયાના મેગનેટથી ખેંચાયેલું છે ત્યાં સુધી તેની ઉપર સમજણની અસર થતી નથી. યજ્ઞકાર્યમાં ઘી અને અનાજ હોમાય છે, પરંતુ ભૂમીદાન યજ્ઞમાં તો આ માયા અને મમતા જ હોમવાની છે." આહ એક ભાઇએ કહ્યું "અમને સુખનો સાચો રસ્તો બતાવો."

મુનિશ્રીએ કહ્યું "માણુસ સુખ મેળવવાની જ ઇચ્છા રાખે છે પરંતુ તાલીમ દુઃખની જ લેતો હોય છે." સોલન નામના એક ગ્રીક તત્વજ્ઞાનીનો પ્રસંગ ટાંકતા મુનિશ્રીએ કહ્યું હતું કે "એક માણુસને સુખ પ્રાપ્તિની ઝંખના જાગી. સોલને તેને ધનાઢ્ય બતાવતાં કહ્યું કે જા, કોઇ પણ સુખી માણુસનું પહેરણ પહેરી લે, એનાથી તું સુખી થઇશ. આ માણુસ ફરી ફરીને થાકયો પણ કોઇ સુખી માણુસ મળે જ નહિ. છેવટે તેને સમજાયું કે જ્યાં પહેરણ હોય છે ત્યાં સુખ નથી અને જ્યાં સુખ છે ત્યાં પહેરણ (માયાનું આવરણ) નથી. સાચું સુખ ત્યાગમાં જ રહેલું છે. ભૂદાન હીલચાલ એ તો નિમિત્ત છે. ખરૂં જોતાં તો એ જીવનની હીલચાલ છે, કલ્યાણ અને આબાદી પણ આમાંજ છે, વહેવારૂ ઉકેલ પણ આમાં જ છે.

* * *

લેરીયા ગામે સંયમ અને નિયમની થોડી ચર્ચા નીકળેલી. પ્રાર્થના પછીનું વહેલી સવારનું પ્રવચન આજ વિષય ઉપર શરૂ થયું હતું. સંતલાલજીએ કહ્યું:– 'ભારંડા' પંખીનું વર્ણન જૈન સુત્રોમાં આવે છે. તેને એક ન્હોદું અને બે પેટ હોય છે. આમ તેની શરીરરચના વિચિત્ર પ્રકારની હોવાથી અનાજ ઉતારતી વેળા તેને ખૂબ કાળજી રાખવી પડે છે અને જીવવા માટે ખુબ જાગૃત રહેવું પડે છે. ઉંચે ચડવાનો આપણો માર્ગ પણ બહુ કપરો હોય છે. ડગલે ને પગલે માણુસ જો સાવધ ન રહે તો લપટી પડે છે. સિદ્ધિની નજીક ગયેલા સાધકો પણ એ રીતે પડયા છે,

"અગીયારમાં સમકિતમાં કહ્યું છે તેનો અર્થ બીજો કંઇ નથી. કેવળ જડ નિયમોથી ઘડેલું જીવન પણ પતન પામે છે તેજ રીતે નિયમોની બેદરકારી પણ સાધકને નીચે લઇ જાય છે. અને તે લપડીયાં ખાતો નીચે પડે છે. બેદરકારી તેમજ દાબી દાબીને લદાયેલ નિયમનો–બન્ને એ રીતે ભયાવહ છે. પોતે જે આદર્શ અને સિદ્ધાંતો ઉપર રહે તે માટે તકેદારી રાખવી જોઇએ. અમુક જાતની ભાવના અને લાગણી સ્વાભાવિક થઇ જવી જોઇએ. આતું સ્વાભાવિક જીવન બની જાય તો અંતરનો આનંદ મળે.

"સાધક બીજાઓના પતનની ભુલ જોઇને જીવન સુધારતો જાય છે. કાચબો જેમ ઇંદ્રિયોને ભય સ્થળે સંકોચી લે છે તે જ પ્રમાણે દુઃખ અને પ્રલોભનના પ્રસંગે તે વધારે સાવધ બને છે. આવું જ સામાજિક સાધનાનું સમજવું. ખુબ લાલચો, પ્રતિષ્ઠા, ડગલે પગલે વખાણ વિગેરેને કારણે માણુસ જો સિદ્ધાંત અને આદર્શ ભૂલી જાય તો તે પણ પડી જાય છે. અંગત સાધના અને સમાજસેવા સ્થૂળ રીતે ભલે જુદા હોય, પરતુ તત્વની દ્રષ્ટિએ કોઇ ભેદ નથી. જેમ ભગવાન મહાવીર ગૌતમને કહે છે તેમ તું એક ક્ષણભર પણ બેદરકાર રહીશ નહિં. નહિંતર ચંચળ મન ઉપર તેની તાણ પડશે, ઉછાળો આવશે, અને ઉલટી થાય તેમ બધા સુંદર દ્રવ્યોને ઓકી કાઢશે, છેવટે પસ્તાવો થશે. લોકોના હૃદયને ઢંઢોળનાર માણુસે પહેલા પોતાની જાતને ઢંઢોળવી પડશે."

* * *

લેરીયાથી ૬૧ (એકસઠ) વિઘાનું ભૂમીદાન અને બે રહેવાના મકાનો મેળવીને વહેલી સવારે યાત્રા વિસાવદર પહોંચી. વિસાવદર મુકામે પ્રવચન આપતાં મુનિશ્રીએ કહ્યું કે "ગ્રામીણ જનતાને આગળ લાવવા આ ભૂમિદાન સર્જાયું છે. આ હીલચાલ ખરેખર જમાનાની માંગ છે. જે માણુસ છ વિઘાં જમીનમાંથી એક વિઘો ભૂદાન આપે છે તેનો અર્થ એટલો જ કે દુઃખ કેવું હોય છે તેની તેને પોતાને ખબર છે. મુડીવાદીઓની ઠંડક, ઉદાસીનતા અને નસીબની વાતો ઉપર જ દોરવાઇએ તો તો ધર્મ ઉપર પણ એક દ્રષ્ટાડે તેની પકડ જમે અને તેમાં પણ તેની મહોર છાપ લાગે, અને તેમાંથી લોકોનું અકલ્યાણ જ થાય."

દેહ અને આત્માની વાત નીકળતાં મુનિશ્રીએ કહ્યું કે "એક સંન્યાસી હંમેશાં અદ્વૈત ભાવની જ વાતો કરે, પરંતુ જમવામાં નિત્ય લાડુ જ જોઇએ. કોઇક તેને નહાવાનું કહ્યું તો કહે કે 'હું તો જ્ઞાનગંગામાં નહાઉ છું. ત્યાં પાણીથી નાહ્યે શું વળે?' લાડુ ખાઇને સુતેલા સન્યાસીના ઓરડીમાંથી લાગ જોઇને કોઇ ખેપાન સેવકે પાણીનો ઘડો ઉઠાવી લીધો. તરસ્યો સંન્યાસી જ્યારે જાગ્યો ત્યારે પાણી માંગ્યું. સેવકે કહ્યું, "આપની પાસે તો જ્ઞાનગંગા વહી રહી છે ત્યાં પાણીની શી જરૂર?" સન્યાસીને છેવટે પોતાની ભુલ સમજાઇ."

(અપૂર્ણ) ધીરેન્દ્ર કામદાર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

છુટક નકલ : ત્રણ આના શ્રી મુંબઈ જૈન યુવક સંઘનુ પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ બી.૪૨૬૬.

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ: ૧૪ : અંક ૮
પ્ર. જીવન વર્ષ: ૧ : ૮

મુંબઈ : ૧૫ ઓગસ્ટ ૧૯૫૩ શનિવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

સ્વ. કવિવર ખબરદારનો અન્તિમ પત્ર

"ચલિયાં આવ્યાં તો ચારો પણ લાવશે જ" આ તેમની અપૂર્વ શ્રદ્ધા

★

"હવે હું પ્રભુચરણે જવા તૈયાર છું" આ તેમનો અન્તિમ ઉદ્‌ગાર



(નીચે આપેલ કવિવર સદ્‌ગત અરદેશર ફ. ખબરદારના તા. ૨૪-૭-૫૩ ના પત્રની સમગ્ર વસ્તુ વાંચનારના પૂરા ધ્યાન પર આવે તે માટે તેમના વિષેની થોડી માહીતી જરૂરની છે. આજથી ૩૫ વર્ષ પહેલાં હું મદ્રાસ પહેલી વાર મારા ધંધાના કારણે ગયેલો ત્યારે તેમની સાથે પ્રથમ વારનો મેળાપ થયેલો. તે સંબંધ ઉત્તરોત્તર વિકસતો રહ્યો. તેઓ ગુજરાતના એક મહાન કવિ છે એવા કુતુહલથી તેમની સાથેના પરિચયની શરૂઆત થઈ હતી. પાછલાં વર્ષોમાં તેઓ મારે મન એક મુરબ્બી સ્વજન જેવા હતા અને તેમની પારવિનાની અગવડોમાં અને તેટલા મદદરૂપ થવામાં હું જીવનનો સંતોષ અનુભવતો. તેમની પણ મારી ઉપર ખૂબ મમતા હતી. તેમનું જીવન આર્થિક મુંઝવણ, શારીરિક યાતના અને માનસિક વ્યથાની એક લાંબી કરૂણ કથા છે. વિષમ આર્થિક સંયોગો તેમને ૧૯૩૮માં મદ્રાસ છોડાવીને મુંબઇ ખેંચી લાવ્યા અને ૧૪ વર્ષના લાંબા ગાળા બાદ વળી પાછા અંગત વિષમ સંયોગોથી કંટાળીને પોણાબે વર્ષ પહેલા તેઓ મદ્રાસ ગયા. દશેક મહીના બાદ તેમનાં સુખદુઃખની ભાગિયણ સૌ. પીરોજબાઇ પુષ્કળ શરીરયાતના ભોગવીને વિદેહ થયાં. શ્રી. ખબરદાર સાથે માત્ર તેમની બે પુત્રીઓ રહી, જેમનો ઉલ્લેખ નીચેના પત્રમાં કરવામાં આવ્યો છે. તેમના બે મોટી ઉમરના પુત્રો પિતા સાથે મેળ નહિ મળવાથી ઘણી વખતથી છુટા પડી ગયા હતા અને આજે પણ મુંબઇમાં પોતપોતાનો વ્યવસાય કરી રહ્યા છે. થોડા દિવસ પહેલાં પોતાના નવા કાવ્યસંગ્રહ 'કીર્તનિકા'ની એક નકલ તેમણે મારી ઉપર મોકલવા કૃપા કરી. તે વિષે તેમનો આભાર માનતાં તેમના અનેક યાતનાઓ અને મુંઝવણોથી ભરેલા સંયોગોમાં લેશ પણ મદદરૂપ નહિ થઈ શકવા બદલ દિલનું દુઃખ અને શરમ મારા પત્રમાં મે વ્યકત કરેલ. તેના ઉત્તર રૂપે અવસાનને ૭ દિવસ પહેલાં તેમણે લખેલો પત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે. તે પત્રનો અવકાશ લઇને જવાબ લખું તે પહેલાં તેઓ આપણુ સર્વને સદાને માટે છોડીને એકાએક ચાલી નીકળ્યા અને પ્રભુચરણે સમર્પિત થયા! **પરમાનંદ**)

૧૧૪, સેન થોમે હાઇ રોડ. મયલાપોર
મદ્રાસ ૪, તા. ૨૪-૭-૫૩

મહેરબાન સ્નેહી ભાઇશ્રી પરમાનંદભાઈ,

તમારો તા. ૨૧મી નો માયાળુ પત્ર મળ્યો છે, તે માટે હું આભારી છું. "કીર્તનિકા" મળી ગઇ તે જાણ્યું. વાંચી જશો ને ખરું જણાવજો કે કવિતા મારી જેવી છે તેવી રહી છે કે નહિ. દુઃખથી રસ ઘાડો થયો છે. ગયે વર્ષે મારાં પત્નીની અસાધ્ય માંદગી વેળા ઓગસ્ટ-સપ્ટેમ્બર-બે માસમાં એ બધી કવિતાઓ લખાઇ હતી. એ જોઇને પછી તેઓ ગુજરી ગયાં. ત્યાર પછી તો મારા પર બહુ વીત્યું છે. એમની માંદગીમાં રોજ સવાર-સાંજના ઇન્જેકશનો દસ માસ ચાલ્યાં, તેમાં મોટો ખર્ચ થયો. પણ પ્રભુની મહેર કંઈ ઓછી છે? મારાં જુના મિત્ર હાતમ દિલના શ્રી હેમચંદભાઈ શાહ એલ્યુમીનીયમ કું.વાળા અહીં આવેલા. તેઓ મળવા આવેલા ને મારી સ્થિતિ જોઇને મને એક હજાર તુરત આંપી ગયા, તેમાં આ બધાં ચઢી ગયેલાં બીલો આપી દીધાં. પ્રભુની મહેર તો ચાલુ જ છે. પછી તેમના ભાઇ શ્રી કેશવભાઇએ 'કીર્તનિકા' પ્રગટ કરવા નાણાં આપ્યાં. એમ મદદ તો થયા જ કરી છે. બાકી તમો મારા પહેલા મિત્ર ને તારણહાર. તેમને તે કદી મારાથી ભૂલાય? તમે પરિસ્થિતિને લીધે હમણાં કંઇ નથી કરી શકતા તો તમારી દુઆથી કોઇને કોઈ તો મદદે આવે છે ને? તમારી કાઘેલી ગોઠવણોનાં નાણાં હજી મને દર માસે મળ્યા જાય છે, તે પણ તમારી જ મદદ ને? બીજા પારસી પંચાયત પણ હજી સુધી આપે છે. એટલે ગમે તેમ નભ્યું જાય છે. ને તમને રોજ દુઆ દઉં છું. તમે કદિ મનમાં એમ ન લાવતાં કે ખબરદાર નગુણા થયા કે તમારી કૃપાઓ જીવતાં કદિ ભૂલી જાય! પ્રભુ એવો છે કે તે તેના ભકતને ભૂખ્યો નથી રાખતો. પણ હું મારા કુટુંબથી અને સંતાનોથી બહુ જ કમનસીબ છું. છોકરાઓ ચાલી ગયા છે. એક છોકરી, નાની નાની, ત્રણ વર્ષથી એમગજ થઈ છે ને બહુ તોફાનને ભાંગફોડ કરી મને હેરાન કરે છે. મેં છેલ્લું દોઢ વર્ષ ભારે દુખમાં ને વિમાસણમાં કાઢયું છે. પછી છેલ્લા ચાર માસથી પરિસ્થિતિ બહુ બગડી ને મેં મુંબઈ એક પારસી મિત્રને લખ્યું. તેમણે મારા નાના પુત્રને બોલાવીને કહ્યું તેથી તે મને પોતા સાથે રાખવા તૈયાર થયો છે. મુંબઇમાં ઘર શોધ્યું મળ્યું નહિ, આખરે હમણા મુશ્કેલીયે વાંદરામાં નાનું ઘર મોટા ભાડાએ મળ્યું છે, તે મારા પુત્રે લીધું છે ને તે હવે મને મુંબઇ લઈ જવા પાંચ છ દીનમાં અહિં આવશે. ને બધું પેક કરીને પછી અમે ત્યાં આવીશું. ઘરનું સરનામું મને ખબર નથી, પછી લખીશ, મારા ભાગ્યમાં રખડયા કરવાનું જ છે.

છેલ્લા પાંચ માસમાં મેં ખૂબ કામ કરીધું છે. મેં બાકીની ચાર ગાથાઓનું સંશોધન ને ભાષાન્તર બધું જ અંગ્રેજીમાં કરીધું છે. ૭૦૦ પાનાં થયાં છે ને પહેલા ગ્રંથ જેટલો જ મોટો ગ્રંથ થશે. મારા જીવનનું આ મહાકાર્ય પ્રભુએ બધી પ્રેરણા આપીને પુરૂં કરાવ્યું છે એમ એક મોટું ને બીજું 'ફ્રીર્તનિકા' એમ બે પુસ્તકો આ વર્ષમાં મેં લખ્યાં છે. બીજું અવસ્તાનું કાર્ય પણ ચાલે છે, તેનાં ૬૦૦ પાનાં બીજા લખાયાં છે. હવે તો સેંકડો પાનાંથી જ ગ્રંથો ભરાય છે ને તે પણ જોતજોતાં. જુનો વૈદિક અભ્યાસ બહુ કામ આવ્યો. આપણા લોકોને હજી આ કાર્યનું ભાન કે કદર નથી. મને તેની પરવા પણ નથી. આપણે તો કામ કરી દુનિયાને કંઈક આપી જઈને ફરજ બજાવવાની. તે જ સંતોષ છે. આ બધું કરવા માટે જે જે સજ્જનોએ નિભાવ્યો–તમે પણ–તે સહુને પુણ્યફળ પ્રભુ આપશે જ. મારી પૂર્ણ શ્રધ્ધા છે. હવે હું પ્રભુચરણે જવા તૈયાર છું. ગાથાગ્રંથ માટે કોઈક લાલ વળી મુંબઈમાં મળી આવશે. ચલિયાં આવ્યાં તો ચારો પણ આવશે જ.

તમે સૌ આનંદમાં હશો. તમારૂં 'પ્રબુદ્ધ જીવન' મળે છે ને હંમેશ તે હું વાચું છું, ને તમારી સહુની પ્રવૃત્તિથી સંતોષ માનું છું. શ્રી કેદારનાથજીનું પ્રવચન સુંદર હતું. જાણે 'ગાથા'નું જ વાચન હું કરતો હતો. "આચરણ" જ મુખ્ય છે.

હવે તો પાછા ત્યાં જલ્દી મળીશું. ઘરમાં તમારાં ભલાં પત્નીને તેમ જ બહેનોને દુઆ કહેશો. હું એવા મહાકાર્યમાં રાતદિન ગુંથાએલો હતો કે જવલ્લે જ કોઈને પત્ર લખતો હતો. હવે જ લખવાનો આવકાશ મળ્યો છે! લિ. શુભેચ્છક

અરદેશર ખબરદારના આશીર્વાદ

કવિશ્રી ખબરદારની એ અંતિમ ઝળક

(કવિશ્રી જબરદારનું અવસાન છેક અણધાર્યું આવી પડ્યું. લાંબી બીમારીએ હૃદયને નબળું તો પાડ્યું જ હતું, છતાં આત્મ-શ્રધ્ધાથી જીવન ટકી રહ્યું હતું. કવિશ્રીના અવસાન પહેલાંના જ એક કલાકે મદ્રાસમાંના કવિશ્રીના ચાર મિત્રોએ તેઓની મુલાકાત લીધી હતી. એ મુલાકાતને એ ચાર મિત્રોમાંના એક શ્રી. મોહનલાલ મોરારજી મહેતાએ નીચે મુજબ શબ્દદેહ આપ્યો છે. આજે ગુજરાત કવિશ્રીનો શોક કરી કહ્યું છે તે ઘડીએ આ અંતિમ ઝલક કવિહૃદયની વ્યથા ને વેદના સાથે અજબ શ્રદ્ધાનો પ્રભાવશાળી ખ્યાલ આપી રહેશે.)

યોગાનુયોગ એવો બન્યો કે અમે ચાર મિત્રો ગુરૂવાર તા. ૩૦-૭-૫૩ ની સાંજે પોણાસાત વાગ્યા સુધી કવિશ્રી ખબરદાર સાથે રહ્યા ને તે પછી કલાકની અંદર જ તેઓ આ ફાની દુનિયા તજી ગયા.

તા. ૨૬-૭-૫૩ ને દીવસે તેમનો એક પત્ર મને મળ્યો. પોતાના અંગત દુઃખની અમુક વાતો લખી હતી ને સાથે લખતા હતા કે "હવે હું અહીંથી કંટાળ્યો છું. અઠવાડિયાની અંદર મુંબઈ ચાલ્યો જઈશ. જરૂર મળી જશો. તબિયતનું બહાનું કાઢતા નહીં" વિ. વિ.

પત્ર મળ્યા બાદ બે ત્રણ દિવસ તો "જવાય છે" કરતાં નીકળી ગયા. એ ગુરૂવારે એ ત્રણ મિત્રો કંઈક કામસર મળ્યા. સાંજે પાંચ વાગે કામ પૂરૂં થયું. એટલે એકાએક થઈ આવ્યું કે ચાલો ખબરદારને ત્યાં જઈ આવીએ. અને અમે ચારે જણ ઉપડ્યા.

ત્યાં પહોંચતાં જોયું કે તેઓ જે ખંડને અભ્યાસખંડ તરીકે વાપરતા તેની વચ્ચે તેમના પુત્રને ખભે હાથ દઈને તેઓ ઉભા હતા. તેમનું પ્રચંડ શરીર અસ્વસ્થ છતાં ભવ્ય લાગતું હતું. તેમણે તેમનું લાક્ષણિક નિખાલસ સ્મિત કરી અમને પ્રેમથી સત્કાર્યા ને કહ્યું કે, "છ દિવસથી મને ફરી હૃદયરોગનો હુમલો થયો છે. બહુ હેરાન છું. છાતીમાં કારમી પીડા ઉપડે છે ને ગઈ રાત આખી 'કોરોમાઈન'નું સેવન ચાલુ રાખ્યું હતું."

બસ, શરીર વિષે આટલી વાત કરી તેઓ હંમેશ મુજબ પોતાની મોટી આરામખુરસી પર બેઠા ને વાતો ચાલુ કરી.

"ફ્રીર્તનિકા'ના રીવ્યુ આવવા લાગ્યા છે." તેમણે કહ્યું. "બધાને "સાહેળનું શિરનામું" ભજન બહુ ગમ્યું છે, પણ નકલો કયાં ખપે છે? હવે ત્રિપાઠીએ એજન્સી કબૂલ કરી છે એટલે કદાચ વેચાણ સારૂં થાય."

તેઓ આ વખતે કારમા દર્દ સામે પોતાના આત્મબળ વડે ભીષણ યુદ્ધ ખેલી રહ્યા હોય એમ તેમના ચહેરા પરથી લાગતું હતું. દસેક મિનીટ આમ વાત કરી તેઓ ઓચીંતા ઉભા થઈ ગયા. એ પછી લગભગ પોણો કલાક સુધી ઉભે-ઉભે જ, કોઈક મહાન તત્ત્વથી પ્રેરાઈને અમારી સામે જે વાણીનો અવિરત સ્રોત ચલાવ્યો તે અમને જીવનભર યાદ રહેશે.

તેમણે પોતાના જીવનનું સંપૂર્ણ પણ સંક્ષિપ્ત વૃત્તાંત અમને સંભળાવ્યું. પ્રસંગમાં આવેલ અનેક વ્યકિતઓ વિષે ચર્ચા કરી અનેક પ્રસંગોનું રોચક વર્ણન કર્યું. અમને ખિન્ન કર્યા, હસાવ્યા અને મુગ્ધ કરી દીધા અને છેલ્લે એક અદ્‌ભુત વાત કરી:

"ગયા જુલાઈમાં (૧૯૫૨) જ મારૂં આયુષ્ય પૂરૂ થતું હતું ને તે વાત મેં તમારી પાસે તેથી પહેલાં કરી હતી. ૧૯૫૨ ના જુલાઈમાં હું આજે છું તેવો જ માંદો પડ્યો. તે માંદગી દરમિયાન એક દહાડો એક સાધુ ઓચિંતો મારી પાસે આવી લાગ્યો ને કહ્યું કે તમારા ગુરૂશ્રી કુમેરદાસે મને તમારી પાસે મોકલ્યો છે.

"મેં એ ગુરૂ મારી સોળ વર્ષની ઉમ્મરે કર્યા હતા ને તેઓ તો વર્ષો પહેલાં દેવલોક પામ્યા હતા. આથી મને એ સાધુની વાતથી આશ્ચર્ય થયું. મેં એ 'સાધુને ગુરૂ દેવલોક થયા છે' એમ કહ્યું, ત્યારે તેણે જવાબ આપ્યો કે 'હું તેમનો શિષ્ય છું. તેમનું શરીર રહ્યું નથી, છતાં સુક્ષ્મ ભાવે એ મારી નિકટ છે. તેમણે મારા મારફત તમારા માટે એક વર્ષનું આયુષ્ય મોકલ્યું છે, જેથી તમે એ સમય દરમ્યાન 'ઝરથુસ્તની ગાથા'નું કામ પૂરૂં કરી શકો' આમ કહી તે સાધુ ચાલ્યો ગયો.

"બીજા દીવસેથી જ મારૂં સ્વાસ્થ્ય સુધારવા લાગ્યું ને મેં ઝડપથી ગાથાના સંશોધનનું કામ ઉપાડ્યું. થોડા મહિના સુધી તેને લગતી સાહિત્ય-સામગ્રી એકત્ર કરીને પછી રાતદીવસ જોયાવિના લખવા મંડ્યો ને પાંચ મહીનાના ટુંટા ગાળામાં ૭૫૦ પાનાનો ગ્રંથ લખી નાખ્યો. તેની અનુક્રમણિકા, Glossary વ. પણ થોડા દીવસ પર જ સંપૂર્ણ કર્યા. હવે મને મળેલ વધારાનું એક વર્ષ વીત્યું છે, મારૂં કામ પુરૂં થયું છે, એટલે પ્રભુ બોલાવે ત્યારે જવા માટે તૈયાર છું."

આ પ્રસંગ કહ્યા પછી વળી તેમણે પોતાનું હૃદય ખોલી વાતો કરી. તેમાં ઈશ્વર પ્રત્યેની તેમની અમાપ શ્રદ્ધા, ઈશ્વર-ભકિતની ઉત્કટ ભાવના, ઈશ્વરપ્રેમનો મહાસાગર જાણે હેલે ચડ્યો દેખાતો હતો. તેમની મુખમુદ્રા ઉન્નેજિત બની કોઈ અપાર્થિવ તેજથી પ્રકાશતી હતી.

મને તેઓ આવી શારીરિક સ્થિતિમાં, આવા આવેશમાં આવી જાય તે ન ગમ્યું ને તેમને આરામ લેવાનું કહ્યું. અમે જવા લાગ્યા.

દર વખતે આવતા તેમ, અમારી 'ના–ના' છતાં, તેઓ એવા જ પ્રેમથી વાત કરતા અમને છેક દરવાજા સુધી વળાવવા આવ્યા. અમારી સાથે સ્નેહભર્યું હસ્તધૂનન કર્યું અને હસતે હસતે હાથ ઉંચો કરી અમને વિદાય આપી. અમે ત્યારે થોડા જ જાણતા હતા કે આ તેમની અંતિમ વીદાય છે?

શું તે વખતે તેમના હૃદયમાં તેમના ભજનની આ પંકિતઓ ચમકી ગઈ હશે? કે હવે—

ઉતરશે મેઘધનુ સીડી આકાશથી,
જઈશું ઉપર અમે તે પર ચડી;
ખૂલશે ખૂલશે મારા સાહેબાનાં ખોરડાં
દરશું ત્યાં સાહેબને વળગી પડી.
(ફ્રીર્તનિકા)

'વન્દે માતરમ' માંથી
સાભાર ઉધ્ધૃત

મોહનલાલ મોરારજી મહેતા

કવિશ્રી અરદેશર ફરામજી ખબરદારને અંજલિ

(કવિવર શ્રી ખબરદારના અવસાનના બીજા દિવસે તા. ૩૧-૭-૫૩ ના રોજ શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠકે આપેલું રેડિયો પ્રવચન)

સદ્‌ગત કવિ મલબારી, જેની જન્મશતાબ્દિ આપણે હમણાં ઊજવી, તેમના સ્વર્ગસ્થ આત્માને સંબોધનાર, અને કાન્તનું સ્વર્ગ-પ્રયાણ ગાનાર કવિ અરદેશર ફરામજી ખબરદાર, ગઇ કાલે સ્વર્ગવાસી થયાના સમાચાર આખા ગુજરાતે ગંભીર ખેદથી સાંભળ્યા હશે. કવિ ખબરદાર ગુજરાતને બિરદાવનાર ભારતનો ટંકાર ગાનાર ગુજરાતના પ્રિય કવિ હતા. વ્યવસાયને અંગે એમને આયુષ્યનો લાંબો સમય ગુજરાત બહાર રહેવાનું થયું છે, પણ એટલે દૂરથી આપણે એમનાં ગુજરાતનાં ગીતો અવારનવાર સાંભળતાં રહ્યા છીએ.

"ગુણવંતી ગુજરાત, અમારી ગુણવંતી ગુજરાત!
નમીએ નમીએ માત, અમારી ગુણવંતી ગુજરાત!"

એ ગીત દરેક ગુજરાતી બાળકને સાત્ત્વિક અભિમાન પ્રેરનાર રહશે. તેમનું "ઓ ગુજરાત! ઓ ગુજરાત!" ગીત આપણા સત્ય અને અહિંસાના યુધ્ધના ટંકાર જેવું છે.

"આપણ ગુણગરવા ગુજરાતી"

કૃષ્ણધરા અદ્‌ભુત મદમાતી, ભારત યુધ્ધ જિતે ભડવીર,
સાહસ શૌર્ય અડગ શ્રમથી જે થળથળમાં ગાજે રણધીર-

ઓ ગુજરાત! ઓ ગુજરાત!
તીર્થે તીર્થે શુચિતા સ્થાપી
ગરવી સાભ્રમતીને તાપી, ભરે નર્મદા નવનવ નીર
ગુણી ગોમતી સરસ્વતી ને દમણ ગંગાનું જળ શૂર.

ઓ ગુજરાત! ઓ ગુજરાત!
છે અદ્‌ભુતતા એ કંઇ જૂદી
પશ્ચિમ સાગરનાં જળ ફૂદી ઉછળી ગગન કસે નિજ જોમ
વિંધ્ય અને ગિરનાર દિશાએ ઊભી ઝીલે પડતું વ્યોમ

ઓ ગુજરાત! ઓ ગુજરાત!
એવાં ઓ ગુર્જર સંતાનો
હિંદુ, પારસી, મુસલમાનો, ખ્રિસ્તિ, બૌધ કે જૈન ચહેલ
ભુજશું ભુજ ભીડીને આવો એક જ પ્રેમતણો છે ખેલ

ઓ ગુજરાત! ઓ ગુજરાત!

આમ ગુજરાતનું ગીત ગાતાં છતાં, ગુજરાતીઓને ગુજરાતી ભાષામાં એમનાં શૌર્યગીતો સંભળાવતાં છતાં, એમની દૃષ્ટિ ભારત ઉપર છે, અને ભારતના આત્માસમા મહાત્માજી તરફ છે.

"ધન્ય ધન્ય મોહનની લીલા
પુણ્યભર્યા પ્રભુવાદ રસીલા, ઘરઘર ભરે નવીન પ્રભાત.
સત્યવીર! પડો મેદાનમાં, ગજવો જય જય ભારતમાત

ઓ ગુજરાત! ઓ ગુજરાત!

ગુજરાતને બહાદુરીનાં ગીતો સંભળાવનાર આપણા પ્રથમ કવિ નર્મદ, જેમણે નવા યુગનાં દર્શન કરી પ્રજાને બહાદુર બનવા, એક બનવા હાકલ કરી. પોતે સ્વરાજની ભાવના ઉદય પામતાં હરિ હર્ષદ ધ્રુવે શૌર્યની કાશીઓ ગાઇ. એ પછી "હોમરૂલ" અને સ્વરાજની લડતો શરૂ થતાં પ્રજામાં જે બહાદુરી, આત્મભોગ, અને ઉચ્ચ ભાવનાનો જુવાળ આવ્યો તેના કલ્લોલે કલ્લોલનો પડઘો આપણે ખબરદારનાં કાવ્યોમાં સાંભળીએ છીએ. તેઓ આપણા લોકભાવનાના ઉત્સાહી કવિ હતા.

કવિ ખબરદારે જન્મે પારસી છતાં, શુદ્ધ ગુજરાતી સાહિત્યના ઘોરણનાં કાવ્યો લખ્યાં એ તો હવે એમની પ્રશંસા તો નથી રહી, પણ એ વિધાન હવે કથનયોગ્ય પણ નથી રહ્યું એવી મોટી એમની સાહિત્યસિદ્ધિ છે, અને એ સિદ્ધિ હવે આપણી ભાષામાં નિત્યની થઇ ગઇ હું માનું છું. એમના પછીના પારસી લેખકો બહુ આસાનીથી ગુજરાતી લખી વાંચી શકે છે. એમનો જન્મ ૧૮૮૧ માં. બહુ નાની વયથી એમણે કાવ્યો લખવાં શરૂ કર્યાં, અને એમના અરધી સદી જેટલા લાંબા કવનકાળમાં કાવ્યપ્રગતિના તેમણે બધા રંગો ઝીલ્યા છે. તેમનામાં દલપતરામની સાદી હાવકી કવિતાઓ મળશે, નરસિંહરાવની પ્રકૃતિલીલાની કવિતાઓ મળશે, કાન્તનાં ખંડ-કાવ્યો મળશે, કવિ ન્હાનાલાલના મધુર રાસો મળશે, ભજનો મળશે, સોનેટો મળશે, નવા પ્રાણવાળાં શૃંગાર કાવ્યો મળશે, ચિંતનનાં કાવ્યો મળશે અને દેશાભિમાનનાં ઉત્સાહકાવ્યો મળશે. વળી આપણા સાહિત્યમાં વિરલ એવાં પ્રતિકાવ્યો વિડંબન-કાવ્યો પણ મળશે. આ સર્વમાં એમનાં પદ્યરચના-વૈચિત્ર્ય, વિપુલ શબ્દભંડોળ, બહુશ્રુતતા, ગુજરાતી અંગ્રેજી સાહિત્યવિહારમાં મળી આવેલ અલંકારપુષ્પોની આયોજના વગેરે સહેજે મળી આવે છે. બધાનાં દૃષ્ટાન્તો આપવાં શકય નથી. પણ કેટલીક લાક્ષણિક કડીઓ જોઇએ.

પાનબારી ચંદા

કે પાણીડાં ગઇ'તી અમીસરોવરે રે
કે એકલું રેલાતું ચોધાર
છલોછલ છલકે માઇ બેડલું રે.
કે ઢળીઢળી જાતાં અમી એ વાટમાં રે
કે હસતો છુપતો સૂર્યકુમાર
છલોછલ છલકે માઇ બેડલું રે.

સદ્‌ગત ખબરદારે વિવેચનમાં પણ પૂરો રસ લીધો છે. અને સદ્‌ગત કવિ ન્હાનાલાલના અપદ્યાગદ્યના અનૌચિત્ય વિશે લાંબી લેખમાળા લખેલી છે. પણ એ વિવેચને ધ્યાન દોર્યું છે તેથી વિશેષ, એ શૈલીના ઉપહાસમાં કાવ્યની વિડંબનામાં, તેમણે "ગુજરાતનો તપસ્વી" "પ્રભાતનો તપસ્વી" અને લખ્યું એણે વધારે ધ્યાન ખેંચ્યું છે.

"આંગણામાં પચ્ચીસ વખત પાણી છંટાવો,
પચ્ચીસ પચ્ચીસ વખત જોઇ જોઇ વળાવો,
પચ્ચીસ પચ્ચીસ ચોક પૂરાવો
આજે પચ્ચીસમી વેળાનો પુકાર છે
કૂકડે કૂક કૂકડે કૂક, કાંઇ ના ચૂક રે ચૂક!
એકદા એનો શબ્દ ડંકો વાગ્યો,
ને નિઃશસ્ત્ર યુવક મરધાઓની
અંધ ગાડરપ્રવાહ જેવી અરિસેના
ગુજરાતને હુમલે ચાલી.

કવિ ન્હાનાલાલની અપદ્યાગદ્ય શૈલીમાં આ એક સચોટ જવાબ છે.

એક શૌર્ય-કાવ્ય જોઇએ:

વીર બાળક બાદલ

અલાઉદ્દિન ખિલ્જી જય આવ્યો
ચિતોડને જિતવા દળ લાવ્યો
વીર્ય પ્રતાપ અખંડ બતાવ્યો
એવો કોણ હતો નરવીર?
કોની આજ કથા તે કરીએ?

કોનાં ગાનથકી ઉર ભરીએ ?
કોની પ્રતિમા નજરે ધરીએ ?
કોણ હતો એવો નરવીર ?
બારવસંત ન દીઠી પૂરી
બાદલવીર ! બાદલવીર !
કોમળ જેની કાંતિ મધૂરી
બાદલવીર ! બાદલવીર !
બાર વસંત ન દીઠી પૂરી
કોમળ જેની કાંતિ મધૂરી
અદ્‌ભુત તે શી પ્રતિમા શૂરી
રણ શોભાવે બાદલવીર.

પંક્તિના અને શબ્દોના ઊથલા ચમત્કારક અસર કરે છે.

શાસ્ત્રકારોએ કાવ્યનાં પ્રયોજનોમાં શિવેતરક્ષતિ અનિષ્ટમાંથી બચવું–એને પણ એક કાવ્યનું પ્રયોજન કહેલું છે. ખબરદાર કોઇ તીવ્ર અસહ્ય શિરોવેદનાથી સતત પીડાતા હોવાની ફરિયાદ કરતા. એમણે એમ પણ કહેલું કે એ વ્યાધિથી એમણે તત્ત્વ-ચિંતન તરફ પોતાનું ચિત્ત દોર્યું. તેમાંથી અનેક ભજનો વિસ્તર્યાં છે. એમણે સત્યનો સાક્ષાત્કાર થયાની પણ નોંધ કરેલી છે. એ રીતે એમનાં ભજનો ખરેખર ધ્યાનયોગ્ય છે.

આપણે થોડાં જોઇએ :

ઇશ્વરેચ્છા

નાથ ! તું રાખે તેમ રહું,
ભક્તિ સતત કરવા તુજ પળપળ
દુઃખ અનંત સહું;
નાથ ! તું રાખે તેમ રહું. (ધ્રુવ)
રજની દિનનું ચક્ર ફરે ત્યમ
સુખદુઃખ એક લહું
તુજ ભવસાગરમાં હું ગાગર
તરતી ડુબતી વહું:
નાથ ! તું રાખે તેમ રહું.

કવિને ચિંતન કરતાં છેવટ જગતનાં સુખદુઃખ સરખાં લાગે છે અને તેમાં તે સાંત્વન મેળવે છે. આ ભજનો ઉપરાંત એમણે એક લાંબુ ફિલસૂફીનું કાવ્ય " દર્શનિકા " લખ્યું છે. તેમનાં પ્રિય પુત્રી તહેમિનાનો ૧૯૨૯ માં સ્વર્ગવાસ થયો. તે નિમિત્તે તેમણે જગતનો ક્રમ, તેનાં સુખદુઃખ, જન્મમરણ, માનવી જીવનની ક્ષણભંગુરતા વગેરે ઉપર ચિંતન કરેલું છે. કવિમાનસ ફરિયાદ કરે છે:

આ સકળ વિકળતા, અંકળ પરિવર્તનો
અંત આ જીવનની સૌ ક્રિયાનો
આ પ્રયત્નો અફળ હૃદય-દૌર્બલ્યના
આ વૃથા જીવનનાં સુખવિધાનો,
જોઇ જોઇ બધું આંખ મુજ આ રડે
થાય સંતપ્ત અંતર ઉદાસી,
જગતમાં જીવન આ છે કશા કારણે
કે જીવનની થતી જોઉં હાંસી ?

નિર્ણય ઉપર આવે છે :

આ બધી વેદના આ ખુરાફ બધી
શ્રેયસીડી તણી છે જ પગથી,
એ જ પગથી ઉપરથી જવું સર્વને
તો જવું કેમ ના વીર ડગથી ?

અને ખરેખર શ્રી ખબરદાર વીર ડગથી આખી વેદના-પગથી ઓળંગી ગયા છે. ગુજરાતથી દૂર રહ્યાં પણ તેમણે ગુજરાતની સર્વ સાંસ્કારિક પ્રવૃત્તિમાં પોતાનો ફાળો આપ્યો છે. એમની ગણના આપણા પ્રૌઢ કવિ-નક્ષત્રમાલામાં થઈ છે. એમના સાહિત્યપ્રદાનને લીધે એઓ છેલ્લી મુંબઇ સાહિત્યપરિષદના પ્રમુખ થયા હતા.

આખું જીવન તેમણે શારદાચરણસેવામાં વીતાવ્યું છે. એમના જવાથી આપણી એક પ્રૌઢ કવિ-પેઢી હવે પૂરી થાય છે. રમણભાઇ, નરસિંહરાવ, કેશવલાલ, ડાહ્યાભાઇ, નહાનાલાલ, બલવંતરાય ઠાકોર અને હવે એ બધાની સાથે બબેબબો મિલાવી કવિતા ગાતા, વિવાદ કરતા, પોતાના પડછંદ દેહ જેવા લાંબા પહાડી અવાજે વ્યાખ્યાન કરતા, કાવ્યરસિકા, વિલાસિકા, પ્રકાશિકા, સંદેશિકા, ભજનિકા, કલિકા, દર્શનિકાથી માંડી હજી ગઇ કાલે કીર્તનિકાની કાવ્યની પુસ્તિકાઓ પ્રગટ કરી, 'મનુરાજ' નું એક અખંડ પદ્યરચનાનું મહાકાવ્ય અને હજી બીજી અનેક કૃતિઓ ગજરાતી સાહિત્યથાળ માટે નૈવેદ્ય તરીકે મૂકી કવિશ્રી બબરદાર પણ આપણી વચ્ચેથી વિદાય લેતાં એ પેઢી પૂરી થાય છે.

કવિ બબરદારે વિવેચન, પારસી ધર્મગ્રન્થો, અંગ્રેજી કાવ્યો વગેરે લખ્યાં છે, પણ તેમનું ચિરસ્થાન ગજરાતમાં કવિ તરીકેનું જ છે. તેમનું મનન ચિંતન ભક્તિ પર હતું. ભક્તિમાં એમણે હંમેશાં શાન્તિ શોધી છે અને આજે તેઓ પોતાને ઇષ્ટ પરમ શાન્તિમાં લીન થયા છે. તેમણે જ ભજનમાં ગાયેલું:

સાનો છોડયો હું છટકીને છૂટું
તારો છોડયો કયાં જાઉં ?
લે લે ઓ નાથ ! હું સિંધુનો મોજે
સિંધુમાં જ ઉછળી સમાઉં,
વિનવું રે મને છોડી ન દે,
જોડી રાખ સદા ઉર સાથ."

હવે તે સિંધુનો મોજે સિંધુમાં જ સમાયો છે. અને નાથ છોડી ન શકે એવી રીતે નાથના ઉર સાથ જોડાયો છે.

એ ગયા છે પણ એમની વાણી ગુજરાતીના હૃદયમાં ચિરકાળ રહેશે.

તા. ૩૧-૭-૫૩ **શ્રી રામનારાયણ વિ. પાઠક**

('ઓલ ઇન્ડિયા રેડીયો' ના સૌજન્યથી થોડા સુધારા વધારા સાથે)

મણિભાઇ – સંવત્સરિ

વિ. સં. ૨૦૦૯ શ્રાવણ શુદ ૩ ના રોજ મુંબઇ જૈન યુવક સંઘના પિતા સમાન સદ્‌ગત મણિલાલ મોકમચંદ શાહના અવસાનને એક વર્ષ પુરું થયું. આ સંવત્સરિ તિથિના ઉદ્યાપન અંગે તે જ દિવસે એટલે કે તા. ૧૨-૮-૫૩ બુધવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં સદ્‌ગત મણિભાઇના મિત્રો, સ્વજનો અને પ્રશંસકોનું એક સંમેલન યોજવામાં આવ્યું હતું. સંમેલનના પ્રમુખ સ્થાને મુંબઇના માજી મેયર શ્રી ગણપતિ શંકર દેસાઇ બીરાજ્યા હતા. કાર્યાલય ખીચોખીચ ભરાઇ ગયું હતું. પ્રારંભમાં બહેન ગીતાએ 'હે જીવનનાથ શાન્તિ કરો !' એ ગીત ગાયું હતું. ત્યારબાદ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ મણિભાઇનું સ્મરણ કરતાં જણાવ્યું હતું કે "આજે મણિભાઇ આપણી વચ્ચેથી હંમેશાને માટે વિદાય થયા તેને એક વર્ષ થવા આવ્યું. આવી રીતે સંવત્સરિ તિથિના નિમિત્તે બોલાવાતી સભાને શોકસભા કહેવાતી નથી. ઉલટું આ તિથિ આપણે ઉજવીએ છીએ એમ લૌકિક ભાષામાં કહેવાય છે. કારણ કે બાર મહીને

આવો ઘા સામાન્ય રીતે રૂઝાઈ જાય છે; પણ મણિભાઇ સંબંધે આપણે એવો અનુભવ છે કે તેમના મૃત્યુનો ઘા હજુ પણ રૂઝાયો નથી. જાણે કે એ ઘટના હજુ ગઈ કાલે જ બની હોય એમ લાગે છે. તેમના જવાથી પડેલી ખોટ આજે પણ એટલી જ સાલે છે. તેમના જવાથી જે પાંગળાપણું આપણે એ વખતે અનુભવતા હતા તે આજે પણ એટલું જ તીવ્રપણે આપણે અનુભવીએ છીએ. તેઓ ભિન્ન ભિન્ન પ્રકૃતિઓને સાંકળનાર એક કાર્યદક્ષ વ્યકિત હતા. તેના અભાવનું પરિણામ લાંબેતરમાં બનેલી ઘટનાઓમાં આજે આપણે નજરો નજર પ્રત્યક્ષ અનુભવી રહ્યા છીએ. આમ છતાં પણ આપણે તેમની કાર્યનિષ્ઠા યાદ કરતા રહીએ અને તેમણે જન્માવેલી અને સંવર્ધિત કરેલી પ્રવૃત્તિઓને યથાશકિત પરિપુષ્ટ કરતા રહીએ એમાં જ એમના સ્મરણની ચરિતાર્થતા રહેલી છે.

"સામાન્ય રીતે આપણે એને મોટો માણસ કહીએ છીએ કે જેની પ્રવૃત્તિ બહુ મોટા ક્ષેત્રને સ્પર્શતી હોય અને જેના કાર્યના પરિણામે સમાજમાં તેમ જ રાષ્ટ્રમાં મોટી ઉથલપાથલ થતી હોય અને ભવ્ય પરિવર્તનો સરજાતાં હોય. આવી મહત્તા પ્રાપ્ત થવામાં વ્યકિતની પોતાની પ્રતિભા ઉપરાંત અનેક આનુષંગિક સંયોગો અને પરિસ્થિતિ પણ બહુ મહત્વનો ભાગ ભજવે છે. આ કોટિના મણિભાઇ નહોતા. પણ માનવીની મહત્તા માપવાનું એક બીજું પણ ધોરણ છે. અને તે એ કે પોતાના મર્યાદિત સંયોગોમાં અને સામાન્ય પરિસ્થિતિમાં પણ તેણે કેવું અને કેટલું કામ કર્યું. કોઈ પણ લોકશ્રેયની નાની સરખી પણ પ્રવૃત્તિને પોતાનું જીવન કાર્ય બનાવીને તેના ઉપર જો તે પોતાની બધી શકિતઓ કેન્દ્રિત કરે અને તે પાછળ પોતાનાં તન મન અને ધન ન્યોચ્છાવર કરે અને તેને સતત વળગી રહે તો તે માનવી અન્ય કોટીના માનવી કરતાં ઓછો મહાન નથી. પ્રશ્ન નાની કે મોટી પ્રવૃત્તિનો નથી પણ જે બાબતને તમારું જીવનકાર્ય લેખો છો તેને વિકસાવવા પાછળ તમે કેટલું તપ કરો છો તે છે. આ રીતે વિચારતાં મણિભાઈના વ્યકિતત્વનું મૂલ્ય બહુ ઉચ્ચ કોટિનું હોઇને આપણ સર્વને માટે અનેક રીતે આદરણીય બન્યું છે. આ મૂલ્ય પોતે અપનાવેલી બે સંસ્થાઓની તેમણે કરેલી અનેકવિધ સેવા અને દુષ્કર તપને આભારી છે. એ વ્યકિત આપણને સદા પ્રેરક અને માર્ગદર્શક બનો એવી આપણી પ્રાર્થના હો !"



ત્યાર બાદ શ્રી ટી. જી. શાહે મણિભાઈના અત્યન્ત પ્રેમાળ સ્વભાવનો, ઉંડી કાર્યનિષ્ઠાનો ખ્યાલ આપ્યો અને તેમના જીવનના અન્તિમ દિવસોનાં સ્મરણોને તાજાં કર્યાં. અમદાવાદવાળા તેમના મિત્ર શ્રી છોટાલાલ ત્રીકમદાસ પારેખ જેઓ અંગત કારણોને અંગે મુંબઇ આવવાનું બનતાં અહિં અણુધાર્યા ઉપસ્થિત થઇ શકયા હતા તેમણે મણિભાઈ સાથેના સહવાસનાં કેટલાંક સ્મરણો રજુ કર્યાં અને તેમને ગુમાવવા બદલ પોતાના દિલનું દર્દ વ્યકત કરતાં તે પુણ્યાત્માને હાર્દિક અંજલિ આપી. શ્રી રતિલાલ ચીમનલાલ ઝોબરીએ મણિભાઇ સાથેના પોતાના ચિરકાળ પર્યન્તના સંબંધને યાદ કરી તેમની વ્હાલસોઇ બે સંસ્થાઓ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ અને સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહ-જેની બાતર શ્રી. મણિભાઇએ ઘસાઇ છૂટવામાં કોઇ કમીના નહોતી રાખી તે બન્ને સંસ્થાને પરિપુષ્ટ કરવા-આગળ વધારવા-સૌ કોઇને અનુરોધ કર્યો હતો. અને મુંબઈ જૈન યુવક સંઘ સંબંધમાં આજે જે કોઈ મતભેદ જેવી પરિસ્થિતિ પ્રવર્તે છે તે શમાવી દેવા-મણિભાઇ બાતર પણ બધું ભુલી જઇને સંઘના કાર્યને બને તેટલો સાથ અને વેગ આપવા-ઉપસ્થિત મિત્રોને ઉંડા દિલનો આગ્રહ કર્યો હતો. શ્રી શાન્તિલાલ મગનલાલ શાહે પણ એ જ બાબતનું બહુ જોરદાર સમર્થન કર્યું હતું અને આજે મણિભાઇ જીવતા હોત તો આપણને અનેક ઘુંચો ઉકેલવામાં તેઓ કેટલા બધા ઉપયોગી થઇ શકયા હોત તેની કલ્પના રજુ કરી હતી. શ્રી જસુમતી બહેને મણિભાઇની વ્યાપક વત્સલતાનો ઉલ્લેખ કર્યો હતો અને કાકાસાહેબ કાલેલકરે મણિભાઇની છબીનું અનાવરણ કરતાં કહેલું તે યાદ કરીને જણાવ્યું હતું કે " આપણે સમાજની ભવ્ય ઇમારતો જોઇને રાજી થઇએ છીએ, પણ કેટલીયે વ્યકિતઓ તેના પાયામાં પુરાવાનું પસંદ કરે છે ત્યારે જ એવી ઇમારતો ઉભી કરવાનું શકય બને છે. મણિભાઇ આવી રીતે પાયામાં સ્વેચ્છાએ પુરાયલી-દટાયલી-એક વ્યકિત હતા. તેનાં સુન્દર પરિણામો આપણે જોઇએ છીએ અને હજુ જોવાના છીએ."

પ્રમુખસ્થાનેથી ઉપસંહાર કરતાં શ્રી ગણપતિશંકર દેસાઇએ જણાવ્યું કે " મણિભાઇ એક એવા પુરૂષ હતા-તેમની મુદ્રા અને પ્રતિભા જ એવી હતી-કે તેમને જોઇને આપણને એમ લાગે કે તે જે કાંઈ કરવા ધારશે તે કરશે જ. તેમને મેં અનેક વાર જોયા હતા. હતા. તેમના હું પરિચયમાં પણ આવ્યો હતો. તેમને કોઇ પણ વખતે મુકત કંઠે હસતા જોયાનું મને યાદ નથી, કારણ કે તેમના દિલમાં સમાજનાં દુઃખો વિષે, જીવનને રૂંધી નાખતાં રૂઢિબંધનો વિષે, અજ્ઞાન અને દારિદ્ર વિષે સદા આગ બળ્યા કરતી હતી. તેમનામાં ઉંડું મનોમંથન ચાલ્યા જ કરતું હતું અને તેથી તેઓ હંમેશા ખૂબ ગંભીર દેખાતા હતા. એમણે આ લાઇબ્રેરીમાં રૂા. ૧૦૦૦૦ આપીને એક જ્ઞાનદીપક પ્રગટાવ્યો છે. તેને સદા જળતો રાખવો તે આપણી ફરજ છે. તેમનામાં નીડરતા એક મોટો ગુણ હતો. તેઓ હંમેશા સીધે સીધું સાચું કહેવાવાળા હતા. આવા માણસો આપણે ત્યાં વિરલ છે, એટલે જ આપણી આટલી બધી નૈતિક અધોગતિ થઇ છે. આ દુનિયામાં કોઇ સંપૂર્ણ છે જ નહિ એમ મણિભાઇ પણ સંપૂર્ણ ન હોતા. પણ તેમનો સંપૂર્ણતાને પહોંચવાનો સદા પ્રયત્ન હતો. તેમને કોઇ વૃદ્ધ કહે, કોઇ જુવાન કહે, પણ હું એમ કહું છું કે જેનામાં ઉંડી સેવા વૃત્તિ છે તે કદિ ઘરડો થતો જ નથી. તેમના જીવનમાંથી નીતરતા બોધપાઠોને અનુસરવામાં જ તેમના પ્રત્યે સાચી શ્રધ્ધાંજલિ રહેલી છે. તેઓ મારી દૃષ્ટિએ એક ક્રાન્તિકારક પુરૂષ હતા, કારણ કે મારી દૃષ્ટિએ વિચારો દ્વારા અન્ય હૃદયનો પલટો કરે અને અનેકને સાથમાં લઇને આગળ ચાલે તેજ મોટો ક્રાન્તિકારક પુરૂષ છે. મણિભાઇએ આખું જીવન આજ કાર્ય કર્યું છે અને પ્રજાજીવનના ઉત્કર્ષમાં તેમણે અગત્યનો ફાળો આપ્યો છે" ત્યાર બાદ સ્વર્ગસ્થની યાદમાં ઉભા થઇને સાએ એક મીનીટ પ્રાર્થના કરી હતી. ત્યાર બાદ આપણા મણિભાઇ આમ જનતાના આદમી હતા અને તેમની સંવત્સરિ ઉજવવાના પ્રસંગે મણિભાઇની જ જાણે કે બીજી આવૃત્તિ હોય એવા આમજનતાના જ આદમી ભાઇ ગણપતિશંકર આપણને પ્રમુખસ્થાને પ્રાપ્ત થયા એવા અત્યન્ત ઉચિત સુયોગ તરફ લક્ષ્ય ખેંચીને શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ તેમનો આભાર માન્યો અને બહેન ગીતાએ "કરે લે સિંગાર, ચતુર અલબેલી, સાજનકે ઘર જના હોગા !" ભજન ગાયું અને એ ભજનમાં રહેલા ઉંડા ભાવોથી પ્રભાવિત બનેલી સભા વિસર્જિત થઇ.

પ્રકીર્ણ નોંધ

"અણીનો ચૂકયો સો વરસ જીવે"

પ્રબુદ્ધ જીવનના ગયા અંકમાં 'શેખ અબ્દુલ્લાની વિચિત્ર ચાલ' એ મથાળાની નોંધ લખી ત્યારે પંદર દિવસના ગાળામાં કાશ્મીરમાં આવા ફેરફારો થશે, શેખ અબ્દુલ્લાને રૂખસદ મળશે એટલું જ નહિ પણ કાશ્મીરને ખેરવિખેર કરવાની પ્રવૃત્તિ, સમાજદ્રોહ, લાગવગનો દુરૂપયોગ, વહીવટી ગેરવ્યવસ્થા અને રાજ્યની સુલેહ શાન્તિને જોખમકારક એવા પરદેશી સત્તાઓ સાથે સંબંધો સ્થાપવાનો પ્રયત્ન–આવા અનેકવિધ આરોપો-પૂર્વક તેમની અને તેમના કેટલાક સાથીઓની ધરપકડ કરવામાં આવશે અને એકાએક ગુલામ મહમદ બક્ષીને કાશ્મીરના સદર-એ રિયાસત કરણસિંહ તરફથી નવું પ્રધાનમંડળ રચવાનું આમંત્રણ આપવામાં આવશે એવી કોઇ કલ્પના નહોતી. રાજકારણની દૃષ્ટિએ આ એક અસાધારણ ઘટનાના વિગતવાર સમાચારો દૈનિક છાપાઓમાં વિગતવાર પ્રગટ થઇ ચુકયા છે જેનું અહિં પુનરા-વર્તન કરવાની જરૂર નથી. જે કાંઈ કરવામાં આવ્યું છે તે એટલી કુશળતા, કુનેહ અને હીંમતપૂર્વક કરવામાં આવ્યું છે તેની સરખામણીએ મૂકી શકાય એવી રાજકારણના ઇતિહાસ માં બહુ ઓછી ઘટનાઓ શોધી જડશે. આ માટે આ આખા પ્રકરણના મુખ્ય સૂત્રધાર સદર-એ-રિયાસત કરણસિંહ અને બક્ષી ગુલામ મહમદને જેટલા ધન્યવાદ આપવામાં આવે તેટલા ઓછા છે.

પ્રસ્તુત ઘટના સંબંધે બક્ષી ગુલામ મહમદે કરેલા વાયુ-પ્રવચન ઉપરથી એક બે બાબતો સ્પષ્ટ થાય છે. એક તો પર-દેશી દોરીસંચાર કાશ્મીરમાં બહુ મોટા પ્રમાણમાં ચાલી રહ્યો હતો અને તેના જોરે શેખ અબ્દુલ્લાની મતિમાં વિકૃતિ પેદા થઈ રહી હતી અને કાશ્મીરને ભારત સાથેના જોડાણથી મુકત કરીને તે સો એ સો ટકા સ્વાયત્તશાસન બનાવવા માંગતો હતો અને તદર્થે કાશ્મીરમાં કોમીવાદના પ્રચારને જોસભેર વહેતો મૂકવામાં આવ્યો હતો. આ જોતાં જન સંઘની હીલચાલ અને સ્વ. શ્યામાપ્રસાદ મુકરજીની ચેતવણી ઉપર ચેતવણીનું વ્યાજબીપણું સચોટ રીતે પુરવાર થાય છે. પં. જવાહરલાલજી પોતાના નિવેદનમાં કાશ્મીરમાં આવી વિષમ પરિસ્થિતિ પેદા થવા માટે જનસંઘની હીલચાલને હજુ પણ દોષ દે છે. પણ બક્ષી ગુલામ મહમદ પોતાના વાયુ પ્રવચનમાં આ બાબતનો કશો પણ ઉલ્લેખ કરતા નથી એ સૂચવે છે કે જવાહરલાલજી આ બાબતમાં હજુ પણ કાંઇક ગેરસમજુતી સેવી રહ્યા છે.

બીજું શેખ અબ્દુલ્લાને આપવામાં આવેલી રૂખસદ અને તેની કરવામાં આવેલી ધરપકડે પાકીસ્તાનમાં જે પ્રત્યાઘાતો પેદા કર્યા છે–શેખ અબ્દુલ્લા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા સરઘસો અને હડતાળો, 'શેખ અબ્દુલ્લા ઝીન્દાબાદ' 'નહેરૂ સરકાર મુર્દાબાદ'ના પોકારો અને કાશ્મીરના કરણસિંહ અને હિંદના નહેરૂને વખોડી નાંખતી સભાઓ,–એટલું જ નહિ પણ આઝાદીદિનની રોશની અને ઉજવણી બધી મુલતવી–આ બધું બહુ જ સૂચક છે. શેખ અબ્દુલ્લા આજ સુધીનો પાકીસ્તાનનો કટ્ટર દુશ્મન તે આજે વળી કયાંથી તેનો મિત્ર બન્યો? કાશ્મીરમાં થયેલા પ્રધાન મંડળના ફેરફાર સાથે પાકીસ્તાનને કશી પણ નિસબત નથી, એમ છતાં જાણે કે પાકીસ્તાન તળમાં જ મોટો દાવાનળ સળગ્યો ન હોય એવો લોકક્ષોભ અને તેનાં છાપાઓનો ભારત વિરૂદ્ધનો એકાએક ઉપડેલો વિષમય પ્રચાર–આ બધું એક જ અનુમાન ઉપર આપણને લઇ જાય છે કે કાશ્મીરમાં શેખ અબ્દુલ્લાની પ્રેરણા, આગેવાની અને સંચાલન નીચે ભારતનો દ્રોહ કરનારૂં અને પાકીસ્તાન સાથે મળી જવાનો હેતુ ધરાવતું એક ભયંકર કાવતરૂં ચાલી રહ્યું હતું અને એ કાવતું પાર પડે તે પહેલાં સદર-એ-રિયાસત અને બક્ષી ગુલામ મહમદની સમયસૂચકતાથી બીજું જ કાંઇ બની ગયું અને પાકીસ્તાનની મુરાદ બર ન આવી અને કાશ્મીરમાં શરૂ થયેલી એક મેલી રમત ધૂળ મળી ગઇ. આ આફતમાંથી કાશ્મીરને બચાવનાર અને ભારતની લાજ રાખનાર ઈશ્વર જ છે. તેની કૃપા અને વખતસરનો પ્રયત્ન–એ બે ન હોત તો કાશ્મીરની દશા આજે કોઇ જુદી જ હોત. આશ્ચર્યજનક તો એ છે કે પંદર દિવસ પહેલાં ભારત અને ભારતના મહાઅમાત્ય નેહરૂ ઉપર વારી જનાર પાકીસ્તાન-જો કે કાશ્મીર ભારત સાથે જોડાયલું હોઇને આવી કટોકટીના વખતે ગમે તેવીદખલગીરી કરવાનો ભારત સરકારને સંપૂર્ણ હક્ક હતો. તો પણ પ્રસ્તુત પ્રકરણમાં ભારતની લેશ માત્ર દખલગીરી નહિ હોવા છતાં–હિંદ ઉપર ખૂબ ઉકળી ઉઠયું છે એ ઉપરથી ત્યાંના મુખ્ય પ્રધાન મહમદઅલી હિંદ સાથે મૈત્રી સાધવાની ગમે તેટલી ઇચ્છા ધરાવતા હોય તો પણ પાકીસ્તાનમાં હિંદવિરોધી તત્ત્વો કેટલા જોરવાળા છે તેનો ખ્યાલ આવે છે. આવા બેફામ આક્રોશને લીધે પાકીસ્તાન આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારે હાંસીનું પાત્ર બની રહેલ છે.

કાશ્મીરમાં જે કાંઇ બન્યું તે 'અણીનો ચૂકયો સો વરસ જીવે' એ કહેવતનું એક ભારે સમર્થક દૃષ્ટાંત છે. પહેલી વાર ૧૯૪૭ માં જ્યારે પાકીસ્તાને કાશ્મીર ઉપર ચઢાઇ કરી ત્યારે એકાએક ઉતરી આવેલા હિંદી સૈન્યે કાશ્મીરને પાકીસ્તાનની પકડમાંથી આબાદ બચાવી લીધું હતું. આ વખતે પણ હિંદના હાથ-માંથી આપણને ખબર ન પડે તે રીતે એકાએક સરકી રહેલું કાશ્મીર સદર–એ–રિયાસત અને બક્ષી ગુલામમહમદના સમયસર જલદ પગલાથી જ હિંદ સાથે જોડાયલું રહી શકયું છે, અને આ રીતે બચેલા કાશ્મીરને હવે કશી અડચણ નહિ આવે અને ભારત સાથેના તેના સંબંધો વધારે દૃઢ અને એકરૂપ થશે એવી આશા રહે છે.

સન્તબાલજી અને 'જૈન સિધ્ધાન્ત'ના તંત્રી

'જૈન સિધ્ધાન્ત' માસિકના તંત્રી શ્રી નગીનદાસ ગિર-ધરલાલ શેઠે જુલાઇ માસના અંકમાં 'સ્થા. જૈન મુનિ હોવાનું શ્રી સંતબાલનું પાખંડ' એ મથાળા નીચે એક લેખ લખ્યો છે. સન્તબાલજી મૂળ સ્થાનકવાસી પરંપરાના સાધુ અને મુનિ નાનચંદ્રજી તેમના ગુરૂ. સ્થાનકવાસી સાધુના ચાલુ આચાર સંબંધમાં પોતાના ગુરૂ સાથે અમુક મતભેદો પડવાથી સન્તબાલજી પોતાના ગુરૂ અને તેમના સંઘાડાથી છુટા થયા. આમ છતાં પણ સન્તબાલજી સ્થા-નકવાસી સાધુના ઘણા ખરા આચાર હજુ પાળી રહ્યા છે. ભિક્ષા માંગીને અન્ન ગ્રહણ કરે છે; કોઇ ઉપાશ્રય કે જાહેર જગ્યામાં સાધારણ રીતે વાસ કરે છે; ઉકાળેલું પાણી પીએ છે; ખાનપાનના પરંપરાગત સર્વ નિયમો પાળે છે; સવાર સાંજ પ્રતિક્રમણ કરે છે; પાસે કશું દ્રવ્ય રાખતા નથી; રાત્રીના કશો આહાર કે પાણી લેતા નથી; મોઢે મુહપતિ બાંધે છે અને સ્થાનકવાસી સાધુનો વેશ ધારણ કરે છે. તેમણે પોતાનું કાર્યક્ષેત્ર વિસ્તૃત કર્યું છે; પ્રજાના નીચલા થરને ઉંચે લાવવા તેઓ સતત પ્રયત્ન કરે છે; જુલ્મ–પીડિતની વહારે થાય છે; કોંગ્રેસનું અનુમોદન કરે છે અને આજ કાલ વિનોબા ભાવેની ભૂદાન પ્રવૃતિનું સૌરાષ્ટ્રમાં સંચાલન કરે છે. આમ તેમનું વિસ્તૃત બનેલું કાર્યક્ષેત્ર, આ માટે આમપ્રજા સાથે નિકટમાં રહેવાની આવશ્યકતા, જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાંના લોકોના સ્થાનિક પ્રશ્નોમાં રસ લેવાની અને એ રીતે લોકોને ઉપયોગી થવાની ઉંડી વૃત્તિ–આ બધાં કારણોને અંગે જૈન સાધુના અતિ જટિલ અને કઠણ આ-ચારમાંની કોઇ કોઇ નાની વિગતોની તેઓ ઉપેક્ષા કરતા હશે, પણ તેમના દિલનો ઝોક સાધુ આચારના શકય તેટલા અનુપાલન સાથે

બને તેટલી લોકસેવા કરવા તરફ રહેલો છે. આ કારણે રાત્રીના દીવાના પ્રકાશ નીચે તેઓ ઘણી વાર પ્રવચન કરે છે. પોતાને ખપતો આહાર જૈનેતર ઘરોમાંથી વહોરતાં તેમને જરા પણ સંકોચ નથી. સ્ત્રી–સમાગમથી તેઓ ભાગતા નથી. તેમના શીલ અને ચારિત્ર્ય વિષે કોઇ એક અક્ષર પણ બોલી શકે તેમ નથી. એક સ્થળેથી અન્ય સ્થળે વિહાર કરે છે ત્યારે પોતાને જરૂરી સામાન પોતાના ખભા ઉપર ઉપાડીને તેઓ વિચરે છે. તેમનામાં ઉંડી ધર્મનિષ્ઠા છે અને એટલી જ ઉગ્ર તેમનામાં સેવા કરવાની વૃત્તિ છે. તેમના વિષે ગુજરાત સૌરાષ્ટ્રના સામાજિક કાર્યકરો ભારે આદર ધરાવે છે. અને પ્રજાજનો તેમને ભક્તિપૂર્વક નિહાળે છે. આવા એક સત્યનિષ્ઠ સંતપુરૂષ સ્થાનકવાસી મુનિની વેશભૂષા ધારણ કરે છે અને એમ છતાં સ્થા. સાધુના સાંપ્રદાયિક આચાર અક્ષરશઃ પાળતા નથી અને આત્મકલ્યાણને બદલે પરકલ્યાણને વધારે મહત્વ આપી રહ્યા છે અને આમ છે તો શા માટે તેઓ સ્થા. સાધુનો વેશ છોડી દેતા નથી એવો પ્રશ્ન શ્રી. નગીનદાસ ગિરધરલાલ શેઠ ઉપર જણાવેલ પોતાના લેખમાં રજુ કરે છે. અલબત સ્થિતિચુસ્ત મનોદશાવાળી કોઇ પણ વ્યકિત આવો પ્રશ્ન ઉભો કરે, અને એ રીતે સન્તબાલજી સામે પોતાના વિરોધ રજુ કરે તે સમજી શકાય તેવું છે. પણ આ પ્રકારનો વિરોધ રજુ કરતાં ભાઇશ્રી નગીનદાસે જે ભાષા વાપરી છે તે સભ્યતાની સર્વ મર્યાદાઓને વટાવી જાય તેવી છે. 'મુનિવેશ ધારી રાખવાનું પાખંડ સેવી રહેલા સન્તબાલ', '... મુનિ તરીકે પોતાને ઓળખાવવા એ તો ભયંકર પાખંડ અને સમાજદ્રોહ છે,' 'બેશરમ મિથ્યાત્વી,' 'સંતબાલના પાખંડની પરાકાષ્ટા,' 'સંતબાલની જોહુકમી,' 'આપખુદી સમાજ તરફની તદ્દન બેપરવાઇ,' 'એક નફટ માણસ સિવાય આવી બેપરવાઇથી બીજું કોણ બોલી કે લખી શકે?,' 'જૈન સાધુનો ધર્મ શું છે એનો અક્ષર પણ નહિ સમજનારા આવા અંધ શ્રદ્ધાળુ ભકતોથી સંતબાલ ફુલાઈ ગયા છે અને તેમના ખોટા વર્તન માટે ખુલાસો પૂછનારાને મુસદ્દીપણાથી ગોળ મટોળ ખુલાસા આપી રહ્યા છે, એટલું જ નહિ પણ સૂત્રશાસ્ત્રોની વાતોને પણ ખોટા અર્થ કરી ખોટી રીતે સમજાવી રહ્યા છે' વગેરે વગેરે. જે વ્યકિત માટે તેના સમાજે અભિમાન લેવું જોઇએ, પોતાને ગૌરવાન્વિત થયેલો લેખવો જોઇએ, તેના માટે એક માસિકના તંત્રીની જવાબદારી ધરાવતો માણસ આવી ભાષા વાપરે એ અત્યન્ત દુઃખદ અને હીનમાનસનું દ્યોતક છે. જૈન સમાજે એ જાણવાની જરૂર છે કે સન્તબાલજી વિશાળ સેવા ક્ષેત્રમાં પડેલા હોવા છતાં જે સમાજના અવલંબન દ્વારા તેઓ આટલા આગળ વધ્યા, જે સાંપ્રદાયિક વેશભૂષા અને પ્રતીકોની મદદ વડે પોતે આટલો વિકાસ સાધી શકયા તે ઉભય વિષે પોતાના દિલમાં તેઓ ઉંડી મમતા ધરાવે છે અને તે જ કારણે તેઓ પોતાના સમાજનો કે સાંપ્રદાયિક પ્રતીકોનો ત્યાગ કરી શકતા નથી, કરવા તૈયાર નથી. 'હું ગમે તેટલો આગળ જાઉં તો પણ પૂર્વે જે મારા હતા તેમને હું છોડી ન શકું' આવી તેમના દિલની ભાવના છે. જેના વડે સમાજની શોભા છે અને સાધુ સંસ્થાનું પણ ગૌરવ છે તેવી એક વિશિષ્ટ વ્યકિતને સમાજ છોડી દેવાનું અને સાધુપણાના સાંપ્રદાયિક ચિહ્નો ફેંકી દેવાનું કહેનાર સન્તબાલજીને તો કંઇ નુકસાન કરી શકે તેમ નથી, પણ આ રીતે તે પોતાના વિવેકશૂન્ય ધર્મ-ઝનુનનું અત્યન્ત શોચનીય પ્રદર્શન કરે છે અને આવી પણ એક વ્યકિત જૈન સમાજમાં સંભવે છે એવી વિશાળ જનતાને જાણ કરાવે છે. આ આખા જૈન સમાજ માટે શરમ ઉપજાવનારી વસ્તુસ્થિતિ છે.

અલબત્ત એક એવો બીજો દૃષ્ટિકોણ છે કે જે એમ સૂચવે છે કે જ્યારે સન્તબાલજીએ પોતાના કાર્યક્ષેત્રને વિશાળ બનાવ્યું છે, સર્વ ધર્મ સમભાવની વૃત્તિને પોતાના જીવનમા વિકસાવી રહ્યા છે, વિશ્વવાત્સલ્યની સાધનામાં જીવનની ચરિતાર્થતા અનુભવી રહ્યા છે, જેમાં નાત જાત કે સંપ્રદાય ભેદને અવકાશ નથી એવા લોકસંગ્રહને સાધી રહ્યા છે, ત્યારે એક સંપ્રદાયના સાધુ વેશને અને તેનાં પ્રતીકોને તેમજ લોકસેવામાં પ્રત્યવાયરૂપ બનતા કેટલાક પરંપરાગત છતાં આજે અર્થશૂન્ય દેખાતા આચારને વળગી રહેવાની કશી જરૂર નથી. તે એક સંપ્રદાયના મટીને આમ જનતાના સાચા પ્રતિનિધિ બને એમ આવું દૃષ્ટિકોણ ધરાવતો વર્ગ જરૂર ઇચ્છે છે. પણ આ વિચારધારા અને વેશપરિત્યાગનું સૂચન સન્તબાલજી પ્રત્યેના ઉંડા આદરમાંથી ફુરે છે, જ્યારે ભાઇશ્રી નગીનદાસના લખાણમાં સન્તબાલજી પ્રત્યે હાડોહાડ તિરસ્કાર ભરેલો છે. દુઃખની વાત એ છે કે સૂર્યનો જ્યારે આકાશમાં ઉદય થાય છે ત્યારે વિશાળ માનવ સમાજ તેને આવકારે છે અને તેનાં પ્રાણદાયી કિરણોને ઝીલે છે પણ દિવાદૃષ્ટિબધિર ઘુવડ નથી સૂર્યને ઓળખી શકતું કે નથી તેના તેજને ઝીલી શકતું, ઉલટું સૂર્યની કોઇ સ્તુતિ કરે તો તેને તે અંધ અને બધિર કહીને ધુતકારે છે. સન્તબાલજીને સૂર્ય સાથે સરખાવવા તે અત્યુકિત ગણાય તેમજ ભાઇશ્રી નગીનદાસને ઘુવડ સાથે સરખાવવા તે પણ અસભ્ય લેખાય. આમ છતાં પણ ઘરનો દીવો ઘરપૂરતો જેમ સૂર્યની ગરજ સારે છે તેમ સન્તબાલજી જૈન સમાજના ઘર આંગણે એક નાના સરખા જ્યોતિર્ધરના ઉદય સમાન છે. તેમને આપણે અપનાવીએ, સત્કારીએ, તેમની ધર્મનિષ્ઠા અને સાત્વિક ભાવનામાંથી પ્રાણદાયી પ્રેરણા મેળવીએ. આંખો બંધ કરીને તેમની સામે ધુળ તો ન જ ઉડાડીએ!

ડો. આઇન્સ્ટીન ગાંધીજીને યાદ કરીને અસહકાર ઉપદેશે છે.

રાજકારણમાં રસ ધરાવતો કોઇ પણ બુદ્ધિશાળી સ્વતંત્ર વિચારક આજે અમેરિકામાં સહીસલામત નથી. તેની ઉપર ગમે ત્યારે જાસુસી તવાઇ આવે છે અને પોતે જે સ્થાન ઉપર બેસીને વિજ્ઞાનની, સાહિત્યની કે ઉગતી પ્રજાની સેવા કરતો હોય ત્યાંથી પદભ્રષ્ટ થવાનું અને પોતાના સમાજમાં બેહાલ થવાનું જોખમ તે ખેડતો જ હોય છે. આવી એક આકૃતનો સામનો કરવાનો પ્રસંગ અમેરિકાના એક શિક્ષકની સામે આવીને ઉભો રહ્યો. આવે વખતે તેણે પોતે કેવો સામનો કર્યો અને આ સંબંધમાં આજના એક ઋષિ સમા જગપ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડો. આઇન્સ્ટીન પાસે પોતાની સમકક્ષાના બુદ્ધિશાળી વર્ગ માટે માર્ગદર્શન માગ્યું અને ડો. આઇન્સ્ટીને તેને શું જવાબ આપ્યો તે આખી ઘટના આજે આપણ સર્વને માટે પણ માર્ગદર્શક હોઇને તેનો અહિં જરા વિગતથી ઉલ્લેખ કરવાનું ઉચિત ધાર્યું છે.

અમેરિકામાં આવેલા બ્રુકલીનની એક હાઇસ્કુલમાં ૨૭ વર્ષથી નોકરી કરતા શ્રી. ફ્રોનગ્લાસ નામના એક વિજ્ઞાનશિક્ષકે ગયા મે માસની નવમી તારીખે ડો. આઇન્સ્ટીનને એક પત્ર લખ્યો અને તે પત્રમાં પોતે જે સંશોધનકાર્ય કરી રહેલ હતા તેની માહીતી આપી. આ એક એવા વિષયનું તેઓ સંશોધન કરી રહ્યા હતા કે જે વિષય હાથ ધરવાની આગળ ઉપર ભાગ્યે જ કોઇએ હીંમત કરી હોય. તેમની સંશોધનપદ્ધતિ તદ્દન નિડર અને આગળની કોઇ પણ પરંપરા કે સ્વીકૃત અભિપ્રાયથી તદ્દન સ્વતંત્ર રીતે કામ કરવાની હતી.

ઉપર જણાવેલ પત્રમાં આગળ ચાલતાં એ શિક્ષક જણાવે છે કે " આજથી છ વર્ષ પહેલાં બોર્ડ ઓફ એજ્યુકેશન દ્વારા શિક્ષકો માટે ગોઠવાયલી વ્યાખ્યાનમાળામાં મેં જે વ્યાખ્યાનો આપેલાં તે સંબંધમાં મારી ઉલટાપાલટ તપાસ કરવા માટે

સીનેટની સબકમીટીએ મને બોલાવ્યો હતો. આપણા બંધારણમાં રહેલી કાનુની વ્યવસ્થા અને રક્ષા ઉપર મુસ્તાક રહીને રાજદ્વારી વિષયો પરત્વે મારા વિચારો શું છે તે જણાવવાનો મેં સ્પષ્ટ ઇન્કાર કર્યો. પરિણામે સીટી ચાર્ટરની ૯૦૩ કલમ નીચે મારી જગ્યાએથી મને બરતરફ કરવાનો હુકમ નીકળવાનો સંભવ છે. આ હકીકત ધ્યાનમાં લઇને આપ જો કાંઇ લખી મોકલશો તો આજના આવા પ્રત્યાઘાતી આક્રમણ સામે ઢળવણીકારોને અને જાહેર જનતાને એકત્ર કરવામાં આપનો પત્ર બહુ ઉપયોગી થશે."

આ પત્રનો ડો. આઇન્સ્ટીને મે માસની ૧૬ મી તારીખે નીચે મુજબ જવાબ આપ્યો છે.

"પ્રિય ભાઇ ફ્રેાનક્લાસ.

તમારા પત્ર માટે ઉપકાર. તમે જે ક્ષેત્રમાં શોધ કરી રહ્યા છો તે ક્ષેત્ર હું સમજું છું ત્યાં સુધી ફીઝીકસ (ભૌતિક શાસ્ત્ર)ના તાત્વિક પાયાને લગતું છે.

આ દેશના બુધ્ધિશાળી વર્ગ સામે જે પ્રશ્ન આવીને ઉભો રહ્યો છે તે બહુ ગંભીર છે. આજના પ્રત્યઘાતી રાજદ્વારી પુરૂષોએ બહારના ભયને આગળ ધરીને સર્વ પ્રકારના બૌધ્ધિક પ્રયત્નો વિષે જાહેર જનતાના દિલમાં એક પ્રકારનો વહેમ અને આશંકા પેદા કરેલ છે. આટલે સુધી સફળતા મેળવ્યા બાદ હવે તેમણે શિક્ષણના પ્રદેશમાં રહેલી સ્વતંત્રતાનું દલન શરૂ કર્યું છે અને જેઓ તેમને અધીન રહીને વર્તવાને તૈયાર ન હોય તેમને સ્થાનભ્રષ્ટ કરવાને એટલે ભુખે મારવાને તેઓ ઉદ્યુકત થયા છે.

આ દુષ્ટ પરિસ્થિતિ સામે બુધ્ધિશાળીઓના લઘુમતી વર્ગે શું કરવું ? પ્રમાણિકપણે કહું તો આની સામે ગાંધીજીના અસહકારનો વિપ્લવકારી રસ્તો જ મને અસરકારક ઉપાય લાગે છે. જે કોઇ શિક્ષકને આવી કોઇ પણ કમીટી સમક્ષ બોલાવવામાં આવે તેણે કશી પણ જુબાની આપવાનો ઇનકાર કરવો જોઇએ, એટલે કે પોતાના દેશના સાંસ્કૃતિક કલ્યાણ ખાતર જેલ જવાને, આર્થિક વિનાશ સ્વીકારવાને, ટુંકામાં પોતાના સર્વસ્વનો ભોગ આપવાને તેણે તૈયાર રહેવું જોઇએ. આવો ઇનકાર એવા મકકમ નિશ્ચયમાંથી સ્ફુરવો જોઇએ કે આ જાતની ઉલટ પાલટ તપાસને અધીન થવું એ એક નિર્દોષ શહેરી માટે કેવળ શરમભરેલું છે અને આ જાતની તપાસ બંધારણના મૂલ આશયનુ પાયામાંથી ઉલ્લંઘન કરે છે. જો આવું ગંભીર પગલું બુધ્ધિશાળી લોકો પૂરતી સંખ્યામાં લે તો તેઓ જરૂર ફતેહમંદ થવાના. જો એમ ન બને તો આ દેશના બુધ્ધિમાનો તેમનાં માટે નિર્માયલી ગુલામીને સર્વ પ્રકારે યોગ્ય છે એમ સ્વીકારવું રહ્યું. તમારો સ્નેહનિષ્ટ,

એ. આઇન્સ્ટીન"

વાણીસ્વાતંત્ર્યનું દમન આજે માત્ર રશીઆ કે અમેરિકામાં જ છે એમ નથી. આ અંકુશ આજે સર્વવ્યાપક બનેલો છે. આપણે કબુલ કરવું રહ્યું કે આજની વિષમ પરિસ્થિતિમાં આ અંકુશ અમુક અંશે જરૂરી છે, આમ છતાં પણ આપણે એ પણ જોઇ રહ્યા છીએ કે આ અંકુશનો દુરૂપયોગ સત્તાધીશોના હાથે જ્યાં ત્યાં બહુ મોટા પ્રમાણમાં થઇ રહ્યો છે અને અનેક પ્રમાણીક વિચારકો, વિવેચકો અને વિદ્વાનોને ખૂબ રૂંધી રહેલ છે. 'કાં તો અમારાં ગાણાં ગાઓ અથવા તો પાયમાલ થાઓ' આવો વિકલ્પ પણ કદિ કદિ તેમની સામે આવીને ઉભો રહે છે. જેમ જેમ સત્તાધીશોના અંકુશોને અધીન થઇને વર્તવામાં આવે છે તેમ તેમ તે અંકુશનો પંજો વધારે ને વધારે પસરતો જાય છે. તેથી સત્યનિષ્ટ પ્રત્યેક વિચારક, શિક્ષક કે સમાજ સેવકની ફરજ છે કે તેની સામે જ્યારે આવા કોઇ અનુચિત આક્રમણની તરવાર ઉગામવામાં આવે ત્યારે તેણે કોઇ પણ સંયોગમાં અધીન ન થવું અને જે કાંઇ પરિણામ આવે તે સ્વીકારી લેવાને તૈયાર રહેવું. આ ભાવના જ્યાં સુધી સમાજમાં જીવન્ત હશે ત્યાં સુધી સમાજ ચેતનાવાન રહેશે. એ ભાવનાના મૃત્યુ સાથે સમાજ જીવતો છતાં વિચારણાની દૃષ્ટિએ મૃતપ્રાય બની જશે અને કોઇ એક વિચારધારામાં જકડાયલું રૂંધાયલું યાંત્રિક જીવન તેના નસીબે આવીને ઉભું રહેશે. જર્મનીથી લગભગ દેશનીકાલ જેવી સ્થિતિ ભોગવતા-અને સામ્યવાદની ભડકથી કેવળ વિકલ બનેલા અમેરિકાની મધ્યમાં વસતા-ડો. આઇન્સ્ટીને ત્યાંના બુધ્ધિશાળી વર્ગને સત્તાધીશોની જોરતલબી સામે માથું ઉચકવાની સલાહ આપવા બદલ આપણુ સર્વના અનેક ધન્યવાદ ઘટે છે. **પરમાનંદ**

સંઘસમાચાર

રાજીનામાં મંજુર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ ઉપર તા. ૧૪-૫-૫૩ ના રોજ નીચે જણાવેલ ૧૧ સભ્યોએ સાથે મળીને મળીને સંઘની ચાલુ કાર્યવાહી પરત્વે અસંતોષ દાખવતાં રાજીનામાં મોકલ્યાં હતાં.

૧ શ્રી તારાચંદ લ. ઝોહારી, ૨ શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ, ૩ શ્રી રમણલાલ સી. શાહ, ૪ શ્રી જયન્તીલાલ લલ્લુભાઇ પરીખ, ૫ શ્રી ખુશાલચંદ કેશવજી સંઘવી, ૬ શ્રી વિનુભાઇ મૂળચંદ ઝવેરી, ૭ શ્રી જટુભાઇ મહેતા ૮ શ્રી ચંદુલાલ જે. શાહ, ૯ શ્રી જગુભાઇ શાહ, ૧૦ શ્રી પાસુભાઇ ખીયશી કુરીઆ, ૧૧ શ્રી પી. એચ. કામદાર.

આ રાજીનામાં પાછાં ખેંચી લેવા તેમને વિનંતિ કરવામાં આવી હતી અને તે માટે તેમને સમજાવવાનો શકય તેટલો પ્રયત્ન કરવામાં આવ્યો હતો અને તે કારણે આવેલાં રાજીનામાઓનો વિચાર અને નિર્ણય કરવા માટે ઉત્તરોત્તર બોલાવામાં આવેલી કાર્યવાહક સમિતિની ત્રણ સભાઓમાં તેને લગતો નિર્ણય કરવાનું મુલતવી રાખવામાં આવ્યું હતું પણ છેવટે બધી સમજાવટ નિષ્ફળ નીવડવાથી તા. ૮-૮-૫૩ ના રોજ મળેલી કાર્યવાહક સમિતિની સભાએ એ રાજીનામાંઓ દિલગીરી સાથે સર્વાનુમતે મંજુર કર્યાં હતાં.

સંઘપર્યટણ

આગામી સપ્ટેંબર માસની તા. ૨૦ મી અને રવિવારના રોજ સંઘના સભ્યોનું વિહાર સરોવર ઉપર એક પર્યટણ યોજવામાં આવ્યું છે. આ પર્યટણ સવારથી સાંજ સુધીનું રહેશે. આ પર્યટણમાં સંઘના સભ્યો પોતાના કુટુંબ સાથે જોડાઇ શકશે. મોટી ઉમરના એક જણ દીઠ રૂ. ૫ અને દશ વર્ષની અંદરના માટે જણ દીઠ રૂ. ૩ આપવાના રહેશે. સંઘના દરેક સભ્યને આ પર્યટણમાં જોડાવા આગ્રહપૂર્વક નિમંત્રણ છે. જોડાવા ઇચ્છનાર સભ્યને સંઘના કાર્યાલયમાં પોતાનું નામ નોંધાવી જવા અને જરૂરી રકમ ભરી જવા વિનંતિ છે. આ પર્યટણને લગતી વિશેષ વિગતો આવતા અંકમાં રજુ કરવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

વિષય સૂચિ

	પૃષ્ઠ
સ્વ. કવિ ખબરદારનો અન્તિમ પત્ર	૬૫
કવિશ્રી ખબરદારની એ અંતિમ ઝાંકી મોરારજી મોહનલાલ મહેતા	૬૬
કવિશ્રી અરદેશર ફરામજી ખબરદારને અંજલિ શ્રી રામનારાયણ વિ. પાઠક	૬૭
મણિભાઇ સંવત્સરિ	૬૮
પ્રકીર્ણ નોંધ: અણિનો ચૂકયો સો વરસ જીવે પરમાનંદ	૭૦
સન્તબાલજી અને 'જૈન સિધ્ધાન્ત'ના તંત્રી, ડો. આઇન્સ્ટીન ગાંધીજીને યાદ કરીને અસહકાર ઉપદેશ છે.	
સંઘ સમાચાર	૭૨
હિંદની ભાવી આર્થિક રચના અને વારસાવેરો ચીમનલાલ ચકુભાઇ શાહ	૭૩

હિંદની ભાવી આર્થિક રચના અને વારસાવેરો

તા. ૨૧-૭-૫૩ મંગળવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે હિંદી પાર્લામેન્ટના સભ્ય શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે 'હિંદની ભાવી આર્થિક રચના અને વારસાવેરો' એ વિષય ઉપર હીરાબાગના વ્યાખ્યાનખંડમાં એક જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. મુંબઇ સરકારના મજુર પ્રધાન શ્રી શાન્તિલાલ હરજીવન શાહ પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહે પ્રસ્તુત વિષય ઉપર પ્રવચન કરતાં જણાવ્યું હતું કે "કોંગ્રેસ સરકાર તરફથી જે વારસાવેરો નાંખવાનું બીલ વિધાનસભામાં રજુ કરવામાં આવ્યું છે તે સમજવામાં જરા કઠણ છે, એમ છતાં પણ કોંગ્રેસ સરકારની આર્થિક નીતિનું એ એક અંગ હોઇ તે આપણે બધાએ બરોબર સમજી લેવાની ખાસ જરૂર છે. ૧૯૪૭ના ઓગસ્ટ માસની ૧૫ મી તારીખે આપણો દેશ આઝાદ થયો ત્યારબાદ ૧૯૫૦ સુધીમાં આપણી વિધાન સભાએ આપ્યા દેશ માટે નવું બંધારણ ઘડ્યું. તે બંધારણમાં રાષ્ટ્રની સર્વાંગી નવરચનાનું એક ચિત્ર રજુ કરવામાં આવ્યું છે. તે રચનાનું તે બંધારણની ભૂમિકા (Preamble), પાયાના હકકો અને કયા સિધ્ધાન્તોને અનુસરીને રાજ્ય ચલાવવાનું છે તેને લગતી ભલામણોમાંથી આપણને દર્શન થાય છે. એ ભૂમિકામાં જણાવવામાં આવ્યું છે કે હિંદ એક એવું પ્રજાસત્તાક રાજ્ય હશે કે જેમાં માનવી માનવી વચ્ચે કોઇ ઉંચા નીચાનો ભેદ નહિ હોય, જેમાં સર્વને પોતાનો ઉત્કર્ષ સાધવાની સમાન તક હશે, જેમાં સૌ કોઇને સામાજિક, આર્થિક, ધાર્મિક અને રાજકીય સમાનતા અને સ્વતંત્રતા હશે અને જે સર્વાંશે ન્યાયપૂર્ણ હશે. આજ સુધી આપણે એમ માનતા હતા કે આપણે જે કાંઇ કમાઇએ છીએ તેના ઉપર આપણો જ સંપૂર્ણ હકક છે અને એ હકક ઉપર જે કોઇ તરાપ મારે તેને આપણે અન્યાય લેખતા હતા. કલ્યાણરાજ્યની નવી કલ્પના અને તેને અંગેની રાજ્યની અનેક નવી જવાબદારીઓના ખ્યાલ સાથે આ કલ્પના બંધ બેસતી નથી. કમાણી અને ધનસંચય કરવામાં આપણને જે તત્વો સહાય કરે છે તે બધાનો તે ઉપર હક્ક છે, આ તથ્ય આપણે સ્વીકારવું જોઇએ. આનું નામ સામાજિક ન્યાય છે અને એ ન્યાયની સ્થાપના કરવી એ આ બંધારણનો ઉદ્દેશ છે. વળી અનુભવે આપણને એ પણ સમજાવ્યું છે કે આર્થિક સમાનતા સિવાય સામાજિક સમાનતા શકય નથી.

આઝાદી પ્રાપ્ત થવા સાથે આપણી પહેલી મજલ પુરી થઇ છે, પણ આપણું ધ્યેય સમસ્ત પ્રજાની આબાદી-સર્વોદયની છે. આ ધ્યેયને પહોંચવા માટે આપણે આર્થિક તેમ જ સામાજિક સમાનતા સિદ્ધ કરવી જરૂરી છે. આર્થિક સમાનતા સામાજિક સમાનતાનો પાયો છે. આ રીતે વિચારતાં પંડિત જવાહરલાલ કહે છે તેમ હવે બધા પ્રશ્નો અન્તિમ અર્થમાં આર્થિક જ બન્યા છે.

આ સંબંધમાં કોંગ્રેસની નીતિ કેવળ પૈસાદારોને લૂંટી લેવાની નથી; કોંગ્રેસે ખાનગી મીલ્કતને સારા પ્રમાણમાં રક્ષણ આપ્યું છે. સરકાર જે કાંઇ લઇ લે તેનું વળતર આપવાનો પણ તેણે ઇનકાર કર્યો નથી. અલબત્ત આ વળતર જે અર્થમાં આપણે 'પુરેપુરૂં' સમજીએ છીએ તે અર્થમાં પુરેપુરૂં નહિ હોય, પણ વ્યાજબી જરૂર હશે. હમણાં સરકારે હવાઇ કંપનીઓનું રાષ્ટ્રીયકરણ કર્યું તે સંબંધમાં સરકાર તરફથી જે વળતર આપવામાં આવ્યું તે ઉપર જણાવેલી બાબતનો પુરાવો છે.

દેશમાં જે પ્રકારના ક્રાન્તિનિર્માણને આપણે કલ્પી રહ્યા છીએ તેનાં ચાર અંગો છે. ૧ પરદેશી હકુમતનો ઉચ્છેદ, ૨ રાજાઓની સંસ્થાઓનો ઉચ્છેદ, ૩ જમીનદારીની નાબુદી, ૪ મુડીવાદી અર્થરચનાનું વિસર્જન. આમાંથી ત્રણ અંગો આપણે લગભગ સિધ્ધ કર્યા છે. ચોથા અંગની સાધના તરફ કોંગ્રેસ સરકાર પ્રગતિ સાધી રહી છે.

દેશની સામે અનેક વિકટ તેમ જ વિરાટ સમસ્યાઓ, આપણને આઝાદી મળી ત્યારે, પડી હતી. રશીઆમાં ઝારશાહી નાબુદ થઇ અને નવી ક્રાન્તિને થાળે પડતાં ૧૨ વર્ષ લાગ્યાં અને ત્યાર બાદ પંચવર્ષીય યોજનાઓનો વિચાર કરવાની સ્થિતિમાં તેઓ આવ્યા. આ સાથે સરખાવતાં આઝાદી આવ્યા બાદ છ વર્ષના ગાળામાં કોંગ્રેસે સાધેલી સિધ્ધિઓ કાંઇ નાનીસુની નથી.

આપણે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે સરમુખત્યારી તંત્ર નીચે જે ઝડપે કામ કરી શકાય છે તે ઝડપથી લોકશાહી તંત્ર નીચે કામ કરી શકાતું નથી. પ્રગતિનું દરેક પગલું ધારાસભાઓમાંથી રીતસર પસાર કરાવવું પડે છે. વળી લોકશાહી તંત્રમાં અદાલતો પણ ખૂબ સત્તા ધરાવે છે અને તેના ચુકાદાઓ ઘણી વખતે પ્રગતિના અવરોધક બને છે. લોકશાહી ધોરણનું સ્વરૂપ જ એવું છે કે તેની ગતિ ધીમી હોય છતાં સુદૃઢ હોય કારણ કે પ્રજાનો ઘણા મોટા પ્રમાણમાં દિલના સાથ હોય.

એક બીજી બાબત પણ ધ્યાનમાં લેવાની છે. દેશમાં બે પ્રકારના ઉત્પાદનની હંમેશાં માંગ હોય છે. એક ભાવી રચનાની દૃષ્ટિએ જરૂરી સામગ્રી પેદા કરવી તે. આને અંગ્રેજીમાં 'કેપીટલ ગુડઝ' કહે છે. બીજું લોકોના ચાલુ ખપની ચીજો પુરતા પ્રમાણમાં પેદા કરવી, જેને અંગ્રેજીમાં 'કન્ઝયુમર્સ ગુડઝ' કહે છે. હવે સરમુખત્યારશાહી લોકોના પેટે પાટા બંધાવીને પણ કેપીટલ ગુડઝ પેદા કરાવી શકે છે અને તેથી તે દ્વારા રાષ્ટ્રથી આર્થિક પ્રગતિ વધારે ઝડપી બની શકે છે. લોકશાહી રાજ્યરચનામાં લોકોના ચાલુ ખપની ચીજોના ઉત્પાદનને સ્વાભાવિક રીતે પ્રાધાન્ય મળે છે જેનું પરિણામ આર્થિક પ્રગતિને ધીમી બનાવવામાં આવે છે.

આજે નિર્માણ થઇ રહેલી આર્થિક રચનાનો વિચાર કરતાં આપણે એ પણ સમજી લેવાની જરૂર છે કે હવેની અર્થરચના પહેલાં માફક નિરંકુશ-જેને અંગ્રેજીમાં 'લેસેઝ ફેર' કહે છે એવી-નહિ હોય. અર્થરચના યોજનાબદ્ધ હોવી જોઇએ એનો અર્થ જ એ છે કે ઉત્પાદન તેમ જ વિભાજન નિયંત્રિત હોવું જોઇએ. તો જ પ્રજાનું હિત રક્ષી શકાય અને લોકોની જરૂરિયાતોને પહોંચી શકાય. આને નિયંત્રિત અર્થરચના-Controlled Economy-કહે છે. આ નિયંત્રણ હવે આપણે ત્યાં સ્થાયીપણે આવ્યું છે, એ કદિ જવાનું નથી એમ આપણે સમજી લઇએ. આનો અર્થ ઉત્પાદન અને વિભાજન, આયાત અને નિકાસ, માલીક અને મજુર-આ બધાંનું નિયમન કરતા કાયદા કાનુનની દિન પ્રતિદિન વધતી જતી જટિલતા. આપણા વ્યાપારીઓને આ ભારે ત્રાસરૂપ લાગે છે. આ ત્રાસ કાયદાને લીધે છે એને બદલે એનો વહીવટ કરતા અણઘડ અધિકારીઓને લીધે છે એમ કહેવું વધારે યોગ્ય છે. અધિકારીઓમાં કૃશ્વતખોરી નથી એમ પણ કહી નહિ શકાય. વહીવટીતંત્ર વધારે વિશુદ્ધ અને કાર્યક્ષમ બને અને વ્યાપારીઓ પણ કાયદાકાનુન સામે ઉકળાટ દાખવવાને બદલે બરોબર સમજવા પ્રયત્ન કરે તો ઘણી હેરાનગતી ઓછી થઇ જાય.

કોંગ્રેસ સરકારની આર્થિક નીતિનું બીજું મહત્વનું અંગ એ છે કે તે ખાનગી ઉદ્યોગને તદ્દન નાબુદ કરવા માંગતી નથી. મિશ્ર અર્થરચના-ખાનગી તેમ જ જાહેર ઉદ્યોગોનું સહઅસ્તિત્વ-

misxed economy–એ ક્રોંગ્રેસ સરકારની નીતિ છે. પણ સાથે સાથે એ સમજી લેવું રહ્યું કે ખાનગી ઉદ્યોગને પહેલાં માફક તદ્દન નિરંકુશપણે ચાલવા દેવામાં નહિ આવે. મુડી રોકનાર, મજુર અને વાપરનાર–ત્રણેનું હિત જળવાય એ રીતે સમગ્ર ખાનગી ઉત્પાદનનું નિયંત્રણ કરવામાં આવશે. પંચવર્ષીય યોજના ૨૧૦૦ કરોડના ખર્ચ અને રોકાણનો અંદાજ છે તેમાં ૧૪૦૦ કરોડનું ખર્ચ અને રોકાણ રાષ્ટ્રીકૃત ઉદ્યોગો દ્વારા અને રાષ્ટ્રીય કાર્યોમાં અને ૭૦૦ કરોડનું ખર્ચ અને રોકાણ ખાનગી સાહસો દ્વારા થાય એમ કલ્પવામાં આવ્યું છે. ખાનગી મુડી રોકનારમાં વિશ્વાસ પેદા કરવા માટે સરકાર આજના મર્યાદિત સંયોગોમાં શકય તેટલું કરી રહી છે, અને પ્રજાનું બીનરોકાયલું બચત નાણું ઉદ્યોગોમાં સ્વેચ્છાએ ન રોકે તો ફરજિયાત તેને રોકવું પડે એવા કાયદાકાનુનની પણ જોગવાઇઓ થઇ રહી છે. દેશમાં વ્યાપક બનેલી ગરીબી અને બેકારી દુર કરવી, હળવી કરવી એ રાજ્યનું મુખ્ય લક્ષ્ય છે. આર્થિક સમાનતા પણ આપણે મર્યાદિત અર્થમાં સમજવાની છે. ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તો પણ બુદ્ધિની અસમાનતાના કારણે અમુક અંશે આર્થિક અસમાનતા રહેવાની જ છે. આજની અસમાનતાનો અંશ જેમ બને તેટલો હળવો કરવો–શ્રીમન્ત અને ગરીબ વચ્ચેનું અન્તર શકય તેટલું કમી કરવું–આ ધ્યેય ઉપર આજના કાયદાકાનુન ઘડાઇ રહ્યા છે.

આજનું રાજ્ય કેવળ રક્ષણ આપનારું–Police State-નથી, પણ પ્રજાની પાયાની સર્વ જરૂરિયાતોને પહોંચી વળવાનો મનોરથ સેવતું–Welfare State–છે. આવું ધ્યેય સિદ્ધ કરવા માટે રાજ્ય પાસે પૈસા જોઇએ; પૈસા કરવેરાથી આવે: નવા કરવેરા નાંખ્યા સિવાય ન જ ચાલે. કરવેરા નાંખવામાં રાજ્યે એક જ બાબત ધ્યાનમાં રાખવાની રહે છે અને તે એ કે પ્રજાની તાકાતની બહારનો કોઇ કર નાંખવો ન જોઇએ અને કર ખમી શકે તેવા વર્ગ ઉપર જ કરો નંખાવા જોઇએ. આજ સુધી જે કરો નાંખવામાં આવતાં હતા તે સર્વસામાન્ય પ્રજાને લાગુ પડે તેવા હતા. હવે કરભારણનો બોજો અર્થક્ષમ વર્ગ ઉપર પડે જેને અંગ્રેજીમાં Shift in the burden of taxation કહે છે એ મુદ્દો લક્ષ્યમાં રાખીને કરને લગતી નીતિ ઘડવામાં આવે છે. વારસાવેરો આ પ્રકારનો છે. ઉપર જણાવી તે વિગતોની ભૂમિકા ઉપર વારસાવેરાને સમજવા આપણે પ્રયત્ન કરવો ઘટે છે.

વારસાવેરાનો કર નાંખવાના બે હેતુ છે. (૧) લોકકલ્યાણની યોજનાઓ માટે જરૂરી દ્રવ્ય મેળવવું, (૨) આર્થિક અસમાનતા બને તેટલી દુર કરવી. વારસાવેરાના પાયામાં એ તથ્ય રહેલું છે કે જે ધનનો–મુડીનો કે મીલ્કતનો–આપણે ત્યાં સંચય થાય છે તે સમાજના અનેકવિધ સહકારના પરિણામે થાય છે. તેથી આપણી મુડીમાં સમાજનો કંઇને કંઇ ભાગ આપણે કબુલ રાખવો જ જોઇએ. આપણા મૃત્યુ બાદ આપણી આખી મુડી આપણા સંતાન યા સ્વજનોના હાથમાં જાય અને સમાજના ભાગે કાંઇ ન આવે એ ન્યાયપૂર્ણ વ્યવસ્થા ન કહેવાય. આ વ્યવસ્થામાં ફેરફાર કરવો અને સમાજને પણ થોડો ભાગ આપવો એ આ વારસાવેરાનો હેતુ છે. આપણે રળીએ તે બધું આપણું જ હોય અને તેમાં ન કોઇ રાજ્યનો કે કોઇ સમાજનો હક્ક હોઇ શકે એવા સંસ્કારમાં ઉછરેલા આપણને આવા કાયદાઓ, ઇન્કમ ટેકસ, પ્રોપર્ટી ટેકસ, સેઇલ્સ ટેકસ વગેરે કરો બહુ સાલે છે. પણ આજે દુનિયાના ૪૩ સુધરેલા ગણાતા રાજ્યોમાં બીજા કરો સાથે વારસાવેરાનો પણ અમલ થઇ રહ્યો છે. સરકાર આપણા ઉપર જે પ્રકારનો વારસાવેરો નાંખવા માંગે છે તે પ્રમાણમાં હળવો છે. સંયુક્ત કુટુંબના સભ્યની ૫૦૦૦ અને વ્યકિતગત ૭૫૦૦૦ રૂપીયા સુધીની મુડી ઉપર આ કર લાગુ પડતો નથી. ત્યાર પછી પણ અપરિણીત પુત્રીઓ કે કન્યાઓ કે જેના લગ્નની જવાબદારી મરનાર વ્યકિતની ઉપર હોય તે દરેકના લગ્ન દીઠ રૂ. ૫૦૦૦, વીમો રૂ. ૫૦૦૦ સુધી, ઘરવકરી રૂ. ૨૫૦૦ સુધી, નોકરોને બક્ષીસ રૂ. ૧૫૦૦ સુધી, અન્ય સગાં સંબંધીઓને બક્ષીસ રૂ. ૧૫૦૦ સુધી–આવી કેટલીક રકમોપણ ઉપર જણાવેલ રૂ. ૫૦૦૦૦ અથવા તો રૂ.૭૫૦૦૦ ઉપરાંત વારસાવેરાથી મુકત છે. મૃત્યુના બે વર્ષ પહેલાં અપાયલી રકમો અને પાંચ વર્ષ પહેલાં ઉભા કરેલા ટ્રસ્ટોને આ વારસાવેરો લાગુ પડતો નથી. આ બધું ગણતાં કોઇ વ્યકિત બે લાખ રૂપીઆની મુડી મૂકી જાય તો તેણે રૂ. ૫૦૦૦ આસપાસ વારસાવેરા પેટે આપવાના રહેશે અને તે પણ સ્થાવર મીલ્કતમાંથી કર આપવાનો હોય તો આઠ વર્ષના હપ્તામાં આપી શકાય છે. સરકાર વારસાવેરામાંથી રૂ. ૧૦ થી ૧૨ કરોડની વાર્ષિક આવક અંદાજે છે. આવા વારસા વેરાના બે ત્રણ પરિણામો અટકળી શકાય છે. (૧) મોટી કીંમતનાં મકાનો બંધાતા અટકી જશે, (૨) મોટી મીલ્કતો–big estates–ના ભાગ થતા જશે. (૩) લોકોનું જીવનધોરણ ઉંચે જશે. વારસાવેરો અત્યારે જે રીતે રજુ થયો છે તે હિન્દુસ્તાનમાં ઘણાં ઓછા માણસોને લાગુ પડશે. લગભગ ૬૦૦ માં એક માણસને તે લાગુ પડશે. ઉપર જણાવ્યું તેમ તેમાંથી વાર્ષિક ૧૦ થી ૧૨ કરોડની આવકનો અંદાજ છે, જ્યારે એકલાં ઇન્કમટેક્ષની વાર્ષિક આવક ૧૭૦ કરોડની છે. તે ઉપરથી સમજાશે કે આ કર માનીએ છીએ તેવો ભારે નથી. એ પણ ખરું છે કે બેકારી, ગરીબાઇ કે આર્થિક અસમાનતા વારસાવેરાથી દુર થવાની નથી. એ તો ઉત્પાદન વધે અને સંગ્રહવૃત્તિ ઓછી થાય ત્યારે જ બને. પણ વારસાવેરો એ દિશામાં એક પગલું છે અને જરૂરી છે. વારસાવેરાથી એક લાભ તો એ થશે કે સમાજનું વાતાવરણ હળવું થશે. જનસમાજને એમ જ્યારે લાગશે કે શ્રીમંતોની મુડીનો અમુક ભાગ રાજ્ય મારફત જનહિતાર્થે વપરાશે અને તે બધી તેમના વારસદારોને જ જતી નથી ત્યારે ઇર્ષ્યાનું તત્ત્વ ઓછું થશે. વારસો વગર મહેનતનો લાભ છે. હવે પછીની અર્થરચના જ એવી થવાની છે, વગરમહેનતની કમાણી ઉપર કોઇ કાયમ નભી નહિ શકે."

ત્યાર બાદ પ્રમુખ સાહેબે ઉપસંહાર કરતાં જણાવ્યું કે "આપણે જે આર્થિક ક્રાન્તિ નિર્માણ કરવા માંગીએ છીએ તેના બે માર્ગો છે. એક લોહિયાળ ક્રાન્તિનો અને બીજો અહિંસક ક્રાન્તિનો. લોહિયાળ ક્રાન્તિમાંથી સરમુખત્યારશાહી જન્મશે અને સામ્યવાદની સ્થાપના થશે. અહિંસક ક્રાન્તિ એટલે લોકશાહીનો આધાર લઇને લોકોની બહુમતીના આધારે સમજાવટ વડે તેમ જ કાયદાકાનુન વડે સમાજમાં આર્થિક સમાનતા ઉભી કરવાનો કાર્યક્રમ. ક્રોંગ્રેસ આ રીતની અહિંસક ક્રાન્તિ સર્જવા માંગે છે અને વારસાવેરો તે દિશાએ આગળ વધવાનું એક પગલું છે. લોહિયાળ ક્રાન્તિ લાવવાની વૃત્તિવાળા લોકો ઉત્પાદનના અવરોધક હોય છે, વિચારસ્થિરતા કોઇ રીતે પેદા ન થાય એવી હીલચાલો કરે છે અને પ્રજાના ભિન્ન ભિન્ન વર્ગોમાં એકતા થવા દેવાના વિરોધી હોય છે. આપણો રાહ પ્રજાગણને એક સૂત્રે સંગઠિત કરીને આગળ લઇ જવાનો છે. આ રીતે આપણે આગળ વધીએ અને હિંસા અને ખુનરેજી કર્યા સિવાય પ્રજાને આબાદ કરીએ અને આર્થિક સમાનતા નિર્મિત કરીએ." વ્યાખ્યાતા તથા પ્રમુખશ્રીનો આભાર માનીને સભા વિસર્જન કરવામાં આવી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

છુટક નકલ : ત્રણ આના શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ બી.૪૨૬૬.

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ : ૧૪ : અંક ૬
પ્ર. જીવન વર્ષ : ૧ : ૬

મુંબઈ : ૧ સપ્ટેમ્બર ૧૯૫૩ મંગળવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

સામુદાયિક સમાલોચનાની વેળાએ

પજ્જુસણનાં પર્વો એ જૈન તરીકે ઓળખાતા સંપ્રદાયોની આત્મસમાલોચનાના પરમ પવિત્ર દિવસો છે. તેમાંય સંવત્સરીનો દિવસ એ પરમ પવિત્ર દિવસોનો શિરમુકુટ છે. જૈન આગમોના આધારે એમ સ્પષ્ટ કહી શકાય કે સેંકડો વર્ષોથી લગાતાર આ પર્વોની ઉજવણી જૈનો તરફથી થયા કરી છે. દુઃખની વાત એ છે કે પર્વો સામુદાયિક આલોચનાનાં છે, છતાં વ્યક્તિગત આલોચનામાં એ લગભગ રૂઢ થઈ ગયાં છે. રૂઢ રીતે આ વાત બહુ રૂઢ મનાઈ ચૂકી છે કે આત્મસેવા વિના જગસેવા નકામી છે, માટે આત્મસેવાર્થે આત્મસમાલોચના પ્રથમ કરવી જોઈએ. અહીં લગી ખાસ વાંધો નથી, પણ બીજાઓમાં રહેલું ચૈતન્ય અમુક કક્ષાએ ઉંચું ન જાય, ત્યાં લગી પોતાની અંગત આત્મોન્નતિ અધૂરી જ રહે છે. આ વાત આજે જૈનોને તદ્દન નવી લાગશે, પણ એ સાવ સાચી વાત છે અને તેમાં જૈન આગમોનાં પ્રમાણો પણ છે.

પંથક નામના મુનિ જ્ઞાતાસૂત્ર પૈકી આવનારાં શિષ્યરત્નોમાં છાપ પડે, તેવું અનોખું શિષ્યરત્ન છે. તેમના ગુરુનું નામ શૈલક રાજર્ષિ છે. શૈલક રાજર્ષિ ખાનપાનમાં સાધુધર્મથી ઘણા નીચે ઉતરી જાય છે; અને તેથી બીજા ચારસો ને નવાણું શિષ્યો એક પછી એક ચાલતી પકડે છે. આ એક જ શિષ્ય ટકે છે. સંવત્સરીને દિવસે સાંજના જ્યારે આત્મ-સમાલોચનાની વેળા આવે છે, ત્યારે માદક ખાનપાન લઈને એ કહેવાતા ગુરુ ઘોર્યા કરે છે. આમ છતાં પંથક તો એવા ગુરુની પણ ચરણરજ જ લે છે. આને પરિણામે છેવટે ગુરુનો આત્મા જાગી જાય છે અને શિષ્યચરણે પસ્તાવો કરી પોતાની સદ્ગુરુતા પુનઃ પ્રાપ્ત કરી લે છે. અહીં પંથકના મનમાં યે હોવું જ જોઈએ કે આવા વિપરીત સંયોગોમાંથી ભાગવું; તેમાં ધર્મની શોભા નથી. આ પ્રક્રિયામાં સ્થૂળ રીતે તો પરદયા દેખાય છે, પણ ઉંડાણથી જોઈએ તો સ્વદયાની પણ એમાં ઉન્નતિ રહેલી જ છે.

કોશા નામની ગણિકા વેશ્યાને ત્યાં જે સ્થૂળભદ્ર પૂર્વાશ્રમમાં પતન પામેલા, તે જ કોશાને ત્યાં પોતાના ગુરુના આશીર્વાદ લઈને ચાતુર્માસ ગાળવા જાય છે. જૈનગ્રંથોનો આ પ્રસંગ અતિ ભવ્ય પ્રસંગ છે. એક સ્થળે એકલો પુરુષ એકલી સ્ત્રી ભીંત પાછળ સૂતી હોય તો ય ન સૂવે એવું વિધાન છે. અરે ! સમાજમાં અવિશ્વાસને પાત્ર હોય તેવાં ઘરોએ ભિક્ષાર્થે ન જવાની પણ વાત છે, જ્યારે બીજી બાજુ આટલી હદ સુધીની અસાધારણ છૂટ એક ગુરુ પોતાના સુયોગ્ય શિષ્યને આપે છે. એકલો માનવી ગમે તેટલો ઉંચે ચઢે; પણ સમાજ આગળ તેની ઉચ્ચતાની કસોટી તો થવી જ જોઈએ.

બાહુબલિ નામના જૈન સાધુ એકાંતમાં જઈ ધ્યાન, યોગ અને તપની પરકાષ્ઠા સાધે છે; પણ એમના વડીલ ગુરુ-ભાંડુઓની આગળ આવવા તૈયાર થતા નથી; કારણ કે પોતાના મનમાં ગૌરવગ્રંથિ પડી છે. 'રખે ! હું ત્યાં જઉં તો નમવું પડે !' એટલે તે જતા નથી. બાહ્મી અને સુંદરી નામની બે સાધ્વીઓના મનમાં થાય છે કે 'પૂર્વાશ્રમના એ વીરને ઉદ્બોધીએ !' અને એ બંને તેમની પાસે જઈને સંબોધે છે કે "વીરા ! મોરા રે ગજ થકી હેઠા ઉતરો, ગજે ચઢયા કેવળ ન હોય, વીરા મોરા રે ગજ થકી હેઠા ઉતરો." આ એક જ વાક્યે બાહુબલિ જાગી જાય છે અને કહેવાય છે કે મનમાં આ વાત ઉગીને તરત સંપૂર્ણ આત્મજ્ઞાનનો સૂર્ય સોળે કળાએ દીપી ઉઠયો ! આમ અનેક નાના મોટા ઉદાહરણો જૈન આગમોમાં શોભી રહ્યાં છે. અરે ! ત્યાંલગી કહેવાય છે કે ખુદ તીર્થંકરો પણ છકાયનાં (સંસારી જીવમાત્રનાં) મા બાપ ત્યારે જ ગણાય છે કે, જ્યારે પોતાનું આત્મજ્ઞાન સંપૂર્ણ ખીલી ઉઠયા બાદ અન્ય જીવોના કલ્યાણને સારૂ વિશ્વમાં આનિર્વાણાંત વિચર્યા જ કરે છે.

આ બધાં પ્રમાણો એ વાત સાબિત કરે છે કે જૈન દર્શન સ્વદયા અને પરદયા અથવા સ્વસેવા અને પરસેવાનો સમન્વય આચરીને જગત સામે આ મહત્વની વસ્તુ આચરણ દ્વારા સિદ્ધ કરી બતાવે છે. આજે જૈન ફિરકાઓ લગભગ ઘણા સાંકડા વર્તુલમાં પડી ગયા છે; પરિણામે નાના નાના કર્મકાંડોના ભેદમાં કે થોડાશા મંતવ્યભેદમાં અમૂલ્ય સમયનો વ્યય થાય છે અને સ્વદયા સાથેનું પરદયાનું કામ ખોરંભે પડે છે. પરિણામે મોટા મોટા ગણાતા સાધુ શ્રાવકોમાં પ્રાથમિક મનઃશુદ્ધિનો પણ એકડો બરાબર હોતો નથી.

આજની દુનિયા વિજ્ઞાનનાં ઝડપી સાધનોના ઉપયોગને લીધે ઘણી ટૂંકી બની ગઈ છે. બીજી બાજુ ધર્મતત્વ માનવમાત્રમાંથી બહાર નીકળવાને બદલે પરવારતું જાય છે. હમણાં સર રાધાકૃષ્ણન-ભારતના ઉપરાષ્ટ્રપતિ-બોલ્યા હતા, 'દુનિયામાંથી ધર્મભાવનાનો ઇનકાર ઘણાં રાષ્ટ્રોમાં થઈ ચૂકયો છે. અને જે રાષ્ટ્રો ધર્મભાવના સ્વીકારે છે, તે પણ ધર્માભાસને ધર્મ માનીને સ્વીકારે છે. ઉપલી કરતાં પણ નીચલી વાત વધુ ભયંકર છે.' આવા સંયોગો વચ્ચે જૈન સાધુતા ઉંચી છે એમ કહેવા માત્ર કેમ ચાલશે ? દુનિયાભરને આશ્ચર્યમુગ્ધ કરે તેવો રાજકીય ક્ષેત્રે ભારતવર્ષમાં અહિંસાનો સામુદાયિક પ્રયોગ થયો, તેમાં સામુદાયિક રીતે જૈનોનો ફાળો કેટલો ? હિંદુમુસ્લિમો ભાઈ ભાઈ હોવા છતાં બેહૂદી રીતે લડીને ખુવાર થયાં, તેમાં સામુદાયિક રીતે જૈનોએ શો ફાળો આપ્યો ? આમ એક પછી એક બનાવ ઇતિહાસના તખતા પરથી ઝડપભેર પસાર થાય છે અને જૈનો સામુદાયિક રીતે મ્હોં વકાસીને બેસી રહે છે, તો પછી કયે મોઢે ભાવી ઇતિહાસમાં જૈનોનો સમૂહ પોતાનો સંસ્કૃતિ-વિકાસ-ફાળો નોંધાવશે ? ભૂદાનયજ્ઞ ધર્મદૃષ્ટિએ ઉપડતું આર્થિક વ્યાપક આંદોલન છે. ગ્રામસંગઠન ધર્મદૃષ્ટિએ ઉપડતું વ્યાપક સામાજિક આંદોલન છે. આ બન્ને પ્રવૃત્તિ વિના રાજકીય અહિંસા ઝડપથી ઓસરી જવાની છે. આ મહત્વની વાત ઉપર જૈન સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાઓ આવનારાં સામુદાયિક સમાલોચનાનાં પર્વોમાં ગંભીરપણે ધ્યાન આપી જૂના ભૂતકાળનાં દૃષ્ટાંતો લઈ નવું પાનું ખોલી ઉજ્જ્વળ ભવિષ્યનું એંધાણ નકકી કરી લે તો કેવું સારું !

સંતબાલ

મહામાનવનો સાક્ષાત્કાર

(પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા સાથે મારો સંબંધ એ માળાના પ્રારંભથી જ છે. અમદાવાદ, મુંબઇ, કલકત્તા, ઇન્દોર, અકોલા વગેરે ઠેકાણે પર્યુષણ પર્વ નિમિત્તે મેં વ્યાખ્યાનો આપ્યા છે. પણ મુંબઇની વ્યાખ્યાનમાળામાં લગભગ દર વરસે હાજર રહ્યો જ છું. એમાં વિઘ્ન આવ્યું હોય તો સ્વરાજની હિલચાલની અંગેની જેલયાત્રાનું જ.

આ વરસે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જાતે હાજર રહી શકતો નથી તેનું દુઃખ મને શ્રી પરમાનંદભાઇ જેટલું જ છે. મારી ખાત્રી છે કે વ્યાખ્યાનમાળાના શ્રોતાઓ મારું કારણ જાણ્યા પછી મને જરૂર ક્ષમા કરશે. દિલ્લીની પાર્લામેન્ટનું કામ મહત્વનું હોય છે ખરું, પણ બે ત્રણ દિવસ એ કામ ટાળીને પણ મુંબઇ પહોંચ્યો હોત. પણ હમણાં જે પછાત વર્ગની સ્થિતિ તપાસવા માટે નીમેલા કમિશનનું કામ માથે આવી પડયું છે, એ કામ મને રોકે છે. દેશ આખામાં, એક વરસની અવધિમાં ફરીને દેશની ગરીબ અસહાય જનતાની સ્થિતિ પ્રત્યક્ષ જોવાનું કામ મને મારા જીવનની ઉત્તરાવસ્થામાં સોંપવામાં આવ્યું એ ભગવાનનો અને આપણી રાષ્ટ્રીય સરકારનો અનુગ્રહ સમજું છું. એ કામ મને જ્યાં, લઇ જાય ત્યાં જવાનો મારો પ્રથમ ધર્મ છે.

પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા શરૂ થઇ અને ઠીક ઠીક લોકપ્રિય થઇ ત્યારે એક સનાતની જૈન ભાઇએ ચિડાઇને મને લખ્યું હતું કે "પજુસણ પર્વમાં જે જાતની રૂઢી અમારા લોકોમાં ચાલતી આવી છે એને તોડી પાડવાનું કામ શ્રી પરમાનંદભાઇ જેવા કરે છે. અમને એ માન્ય નથી. એમાં જૈનેતર હોઇ તમારા જેવાએ શા માટે ભાગ લેવો જોઇએ ? આ વ્યાખ્યાનમાળામાં મોટા મોટા લોકો આવીને વ્યાખ્યાનો આપે છે. જનતા એ તરફ આકર્ષાય છે. પછી અમારા રૂઢી મુજબનાં કાર્યક્રમનો ભાવ કોણ પૂછે ? તમારે પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળામાં ભાગ ન લેવો જોઇએ."

એ ભાઇના શબ્દો મેં ઘણા સૌમ્ય કરીને અહિં લખ્યા છે. આ વ્યાખ્યાનમાળાને આ એક ઉત્તમ સર્ટિફિકેટ છે એમ તે વખતે પણ મેં માનેલું. પણ એવો પણ વિચાર કરેલો કે એ ભાઇના રૂઢીગ્રસ્ત આત્માની લાગણી સાચવવા આ વ્યાખ્યાનમાળા સાથેનો સંબંધ હું કેમ ન છોડી દઉં ? પણ મને થયું કે આ માળામાં વ્યાખ્યાન આપવા માટે જે ભાઇઓને બોલાવવામાં આવે છે તે જૈન હોય યા જૈનેતર, તે બધામાં જૈન ધર્મના પ્રધાન સિધ્ધાન્તો વિષે ખરેખરો હાર્દિક આદર છે. જૈન ધર્મના સ્યાદ્વાદનું અને સપ્તભંગી ન્યાયનું પ્રત્યક્ષ અને જીવતું ઉદાહરણ આ વ્યાખ્યાનમાળામાં મળે છે. સર્વ-ધર્મ-સમન્વય, ધાર્મિકતા પ્રત્યે ઉચ્ચ લાગણી, ધર્મને આધારે સમાજસુધારાની વિચારણા અને સામાજિક સંબંધોમાં વિશાળ હૃદયની આત્મીયતાની લાગણી એ બધા આ માળાના ગુણો જોઇ મને થયું કે રૂઢીવાદી વાંધાને વશ થવું આવશ્યક નથી. કાળે કરીને રૂઢીવાદી જૈનો પણ આ પ્રવૃત્તિને વધાવી લેશે જ.

આટલા વરસનું આ માળાનું કાર્ય જોતાં અને એનું સિંહાવલોકન કરતાં, આ માળા પ્રત્યે મનમાં આદર ઉપજે છે. માળાની લોકપ્રિયતાથી હર્ષઘેલા થઇ અથવા પ્રલોભ જઇ આ પ્રવૃત્તિ ઉપર એ ખમી ન શકે એવા નવા નવા બોજા લાદવાની ભૂલ પ્રવર્તકોએ ન કરી એ અભિનંદનીય છે. પ્રવર્તકોનું આ ડહેલપણું જ આ માળાને પોષક નીવડયું છે. માળાએ મુંબઇના સંસ્કારી ગુજરાતીઓમાં--કેવળ જૈનોમાં જ નહીં પણ ઇતર લોકોમાં પણ--જે વિચારની ઉદારતા કેળવી છે તે નાનું સુનું કાર્ય નથી. આજે હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, સુધારક, ઉધ્ધારક તમામ પ્રકારના લોકો આ માળામાં ભાગ લે છે. અને શ્રોતાઓ વિવેક અને આદરપૂર્વક તેમની વાતો સાંભળે છે અને ઝીલે છે.

ભગવાન મહાવીરનું જીવનચરિત્ર, અહિંસા અને તપસ્યા-પ્રધાન એમનો ઉપદેશ, જૈન ધર્મના સિધ્ધાન્તોની ખૂબીઓ અને બારીકીઓ ઇ. વિષયો તો આમાં હોય જ છે. પણ એ ઉપરાંત ધર્મના વિનિમયના તમામ સાહિત્યિક, સામાજિક, આર્થિક અને અન્ય શાસ્ત્રીય ક્ષેત્રો પણ અહિં �ેડાય છે અને ખેડાય છે.

મેં પોતે અહિં કયા કયા વિષયો ઉપર વ્યાખ્યાનો આપેલાં તેનું મને સ્મરણ નથી. પણ સાંસ્કૃતિક જાગૃતિ અને સાંસ્કૃતિક સમન્વયના અનેક પાસાંઓમાંથી તે તે વરસે જે પાસું મને સૌથી મહત્વનું જણાયું તેને વિષે જ બોલવાનો રિવાજ મેં રાખ્યો છે. આ વરસે હાજર ન રહી શકું તોયે મારી એ દૃષ્ટિને જ વળગી રહીને મહામાનવના સાક્ષાત્કાર ઉપર કેટલાક વિચારો અહિં નોંધવા માગું છું. કાક.)

માણસની અદમ્ય જિજ્ઞાસાએ શોધખોળ માટે અને અધ્યયન માટે અસંખ્ય વિષયો શોધ્યા છે. આકાશના તારાઓથી માંડીને પૃથિવીના ગર્ભની જ્ઞાત અજ્ઞાત ધાતુઓ સુધીની એકે વસ્તુ માણસે પોતાના જીજ્ઞાસા-ક્ષેત્રમાંથી બાતલ રાખી નથી. પદાર્થવિજ્ઞાન, રસાયનશાસ્ત્ર, જીવવિદ્યા, ગણિત અને ફલ-જ્યોતિષ-એવાં એવાં શાસ્ત્રોમાં માણસે અસંખ્ય વિભાગો ખેડયા છે. પણ માણસના રસ અને એનાં જીવનની કૃતાર્થતા જોતાં શોધખોળ અને અધ્યયનની દૃષ્ટિએ માણસ માટે સૌથી મહત્વનો વિષય છે પોતે માણસ જ.

આત્માનં વિજાનીયાત્ એ ઋષિવચનનો ગમે તેટલો બહોળો અર્થ કરી શકાય. પોતાની જાતને ઓળખવા માટે માણસોએ દરેક સમાજના ઇતિહાસ નોંધી રાખ્યા. અને રાષ્ટ્રીયતા અથવા માનવતા સુધી એની છણાવટ કરી. પોતાની જાતને ઓળખવા માટે એણે પોતાનું શરીર તપાસ્યું અને શરીર-રચનાશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, આહારશાસ્ત્ર, વૈદક ઇત્યાદિ શાસ્ત્રો ઉપજાવ્યા. ત્યાર પછી એને થયું કે હવે આપણે માણસનું મન પારખવું જોઇએ. સૃષ્ટિની તમામ અદ્‌ભુત વસ્તુઓમાં પણ સૌથી અદ્‌ભુત તત્વ હોય તો તે માણસનું મન છે. માણસ જેવો શોધક કારીગર મન પાછળ પડે તો એમાંથી શું શું શોધી ન કાઢે ? યોગવિદ્યા અને પ્રયોગવિદ્યા કેળવી એણે મનનું ઉંડાણ તપાસ્યું. એની શક્તિઓ શોધી કાઢી, એની વિકૃતિઓ સામે ઝઝામ્યો દૃઢ્યા, અને અંતે માણસ જીવતા છતાં પોતાનાં મનની ઉપર જઇને એના સ્થાને આત્માને અને આત્મશક્તિને સ્થાપન કરવાની રાજવિદ્યા પણ એણે કેળવી.

માણસે શોધ્યું કે એનાં મનનું રહેઠાણ શરીરમાં હોવા છતાં શરીરમાં એનું વ્યક્તિત્વ સમાતું નથી. આખો મનુષ્ય-સમાજ એ જ માણસજાત માટે પ્રાથમિક એકત્ર (Unit) છે. અને તેથી એણે માનસશાસ્ત્રને સામાજિક રૂપ આપ્યું. સંપત્તિશાસ્ત્ર ખીલવ્યું, સમાજશાસ્ત્ર જેવું એક નવું જ શાસ્ત્ર ઉપજાવી કાઢયું. ઇતિહાસમાંથી જે ન મળી શકયું તે નૃવંશશાસ્ત્ર-Anthropology-મારફતે જાણી લીધું, અને

અંતે હવે સામાજિક માનસશાસ્ત્ર જ નહીં પણ સામાજિક અધ્યાત્મ સુધી માણસ આજે પહોંચ્યો છે.

આ સામાજિક આધ્યાત્મમાંથી નવી જાતનું યોગશાસ્ત્ર નિર્માણ થાય છે એટલું જ નહીં, વિશ્વાત્મૈક્યનું નવું દર્શન-શાસ્ત્ર રચાય છે એટલું જ નહીં, વિશ્વસંગીત અને વિરાટકળા સ્થપાય છે એટલું જ નહીં, પણ સામાજિક આધ્યાત્મશાસ્ત્ર-માંથી નવી રાજનીતિનો જન્મ થતો આપણે જોઈએ છીએ. આ વસ્તુ વિષે જ થોડા પ્રાથમિક વિચારો અહિં રજુ કરવા માગું છું.

માણસે પોતાની જીવનાનુભૂતિના વિકાસ પ્રમાણે પ્રથમ ગોત્રો (Clans and Tribes) કલ્પ્યા. ત્યાર પછી રાષ્ટ્રો અને સામ્રાજ્યો સ્થાપ્યા. વિશાળ સમાજની શાસ્ત્રીય રચના કરવા માટે એણે વર્ણવ્યવસ્થા અને આશ્રમ વ્યવસ્થા કલ્પી કાઢી અને ચલાવી જોઈ. ઉદ્યોગ હુન્નરો ખીલવતા એણે ટ્રેડ ગિલ્ડ્સ (Trade-Guilds) અજમાવ્યા. અને હમણાં હમણાં રાષ્ટ્ર-સંઘોની સ્થાપના કરી માનવતાનો સાક્ષાત્કાર કરવા એ મથે છે.

શક્તિનો ઉપાસક હોઇ માણસે માનવતાનો સાક્ષાત્કાર કરવા માટે રાજનીતિનો આશ્રય લીધો અને અનેક ધર્મો જે ન કરી શકયા તે સંગઠનને જોરે સિધ્ધ કરવાની હામ ભીડી. માણસના આ પ્રયોગો હમણાં હમણાં જ શરૂ થયા છે અને એની અજમાયશ ચાલુ જ છે. પણ આ પ્રયોગો જેમ જેમ જટિલ થતા જાય છે, તેમ તેમ માણસ જોવા લાગ્યો છે કે આ પ્રયોગોમાં મતલબની કોઈ મહત્વની વસ્તુ જ રહી જાય છે. શારીરિક અને બૌધિક શક્તિ, સંગઠન શક્તિ, કેળવણી અને પ્રચાર મારફતે ખીલતી વિચારશક્તિ-એ બધી નવી નવી અને અદ્‌ભુત રીતે વાપરતો છતાં માણસ પોતાનાં ધ્યેય તરફ આગળ વધી શકતો નથી. એ જોઇને હવે એ અંતર્મુખ થવા લાગ્યો છે. પ્રાચીનકાળથી શક્તિની ઉપેક્ષા કરી, સદાચારનો જીવતો પ્રચાર કરવાનું કામ સંતોએ કર્યું છે. એની અસર ઉંડી છતાં વ્યાપક થતી નથી. એ જોઇને અને એ માર્ગમાં પોતાની જાત ઉપર જ વધારેમાં વધારે અંકુશ મૂકવો પડે છે એ અનુભવીને એ માર્ગ પ્રત્યે માણસ જાત કંઇક અશ્રધ્ધાળુ અને કંઇક ઉદાસીન થઈ અને એણે સૈન્યશક્તિ, કાનૂનનો દોર, આર્થિક સંગઠન અને કેળવણીના પ્રકાર દ્વારા પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવાનો મનસૂબો કર્યો. પણ પોતે ફાવી જશે એવી ખાત્રી એને ન થઈ.

જૂની પરિભાષામાં કહીએ તો સંતોએ ખેડેલા કલ્યાણ-માર્ગ, શિવમાર્ગ ઉપર માણસની કંઇક શ્રધ્ધા હોવા છતાં એને એ વ્યાપક ન કરી શકયો અને સેનાપતિઓએ અને રાજ્ય-કર્તાઓએ અત્યંત આગ્રહ અને વિશ્વાસપૂર્વક ચલાવેલો શક્તિ-માર્ગ સફળ નીવડતો નથી એ એણે અનુભવ્યું. એટલે હવે માણસજાત શક્તિ-તત્ત્વ શિવ-તત્ત્વને અધીન બનાવી શિવ-શક્તિના સમન્વય દ્વારા પોતાની ઉન્નતિ સાધવાનું વિચારી રહી છે.

આ જાતના પ્રયોગો જૂના કાળથી ચાલતા આવ્યા છતાં હમણાં હમણાં માણસજાતનું ધ્યાન એ માર્ગ પર વધારે જવા માંડયું છે. પણ અહિં પણ જૂનો જ અનુભવ ફરી અનુ-ભવાય છે કે શક્તિની પાર્થિવ અથવા પાશવી શક્તિથી શિવતત્વનું સામર્થ્ય વધતું નથી પણ ઘટે છે અને એ અપ્રતિષ્ઠિત થાય છે. માટે પાર્થિવ અને પાશવી શક્તિનો સદંતર બહિષ્કાર કરી શિવતત્વમાં જે પોતાની આંતરિક શક્તિ રહેલી છે તેના ઉપર જ અનન્ય આધાર રાખવો જોઇએ. અને એને આધારે જ માણસની-વ્યક્તિની જ નહીં પણ સમસ્ત માનવસમાજની-ઉન્નતિ થવાની છે એવી શ્રદ્ધા રાખી તે શિવશક્તિ અનુભવવી જોઇએ. એ શિવશક્તિને ગાંધીજીએ સત્યાગ્રહનું નામ આપ્યું છે. તેમણે કહ્યું કે સત્ય પોતાની આંતરિક શક્તિથી જ બળવાન છે. બાહ્ય શક્તિની એને મદદ આપવા જતાં તે અપમાનિત થાય છે અને નબળું પડે છે. Truth is humiliated and weakened when backed by mere physical and brute force.

આ મહાન સિદ્ધાન્તનો જેને અનુભવ થયો તેને જ ભવિષ્યના મહામાનવના સાક્ષાત્કાર થવાનો છે. જ્યાં સુધી માણસજાતનું હૃદય સંકુચિત હતું, એનો અનુભવ પણ એક-દેશીય હતો, ત્યાં સુધી માણસને મહામાનવનો સાક્ષાત્કાર થયો નહીં. ગ્રીક લોકોએ પોતાને જ સંસ્કારી, પૂર્ણમાનવ માની, અન્ય લોકોને bar barians કહ્યા અને 'કુદરતે જ એમને ગુલામ થવા માટે સર્જ્યા છે' એવો સિદ્ધાન્ત જારી કર્યો. (આજે પણ ધણીખરી માનવજાત માને છે કે આત્મા તો માણસને જ હોઇ શકે છે, પશુપક્ષી આદિ જળચર ખેચર તમામ મનુષ્યેતર પ્રાણી-ઓને આત્મા છે જ નહીં. એટલે ગ્રીક લોકોને હસવાની જરૂર નથી..)

આર્ય લોકોએ પણ પોતાની શ્રેષ્ઠતા કલ્પી અનાર્યોને હીન માન્યા, તે એટલે સુધી કે મર્યાદા પુરૂષોત્તમ રામચંદ્રે પણ માન્યું કે જે ન્યાય આર્યોને માટે લાગુ હતો તે શૂર્પણખા, વાલી કે શંબૂક જેવાઓને લાગુ ન પડી શકે.

આજે ગોરા લોકો પણ માને છે કે સભ્યતાનો વારસો એમનો જ છે, રંગીન પ્રજા પછાત છે. એને માટે સ્વરાજ કે સ્વાતંત્ર્ય નથી, જો કે એ મોહ અને મદ હવે ઠીક ઠીક ઉતર્યો છે.

આપણે ત્યાં તો આપણે ચાર વર્ણ અને અસંખ્ય જાતિ-ઓની સીડી ગોઠવીને માનવતાને લગભગ ભૂંસી જ નાખી. તે એટલે સુધી કે ન્યાયમંદિરમાં પણ એ બધાનો એકસરખો ન્યાય તોળાય નહીં. એક જ ગુના માટે બ્રાહ્મણને સજા જોખી, ક્ષત્રીય અને વૈશ્યને જોખી જોખી. શૂદ્રોને માટે સજાઓ ભયાનક રાખી. અને ચાંડાળોને સજા કરવા જતાં આપણે પોતે જ અન્યાય કરવા લાગ્યા.

હવે આપણે એ પુરાતન પાપમાંથી ઉગરી જવાનો પ્રયત્ન કરીએ છીએ. માનવમાત્રની સમાનતા આપણે કબુલ કરતા થયા છીએ જો કે જૂની રૂઢી હજી ભૂંસાઇ નથી. અને આપણા અધિકાંશ લોકો સમાનતાની નવી કલ્પનાથી અકળાય છે.

આપણી આ નવી સમાનતાનું સ્વરૂપ સ્પષ્ટ જાણવું જોઇએ. સદાચારી અને દુરાચારી, દેશભક્ત અને દેશદ્રોહી, પુણ્યાત્મા અને આતતાયી, ધનવાન અને દરિદ્રી, ભણેલો અને અભણ, સ્વજન અને પારકો, બધા જ મારા ભાઇભાંડુ છે, મારા પૂર્વજોના પુણ્યપ્રતાપથી જેમ હું મગરૂર થાઉં છું અને તેમની ભૂલોથી શરમાઉં છું, તેવી જ રીતે તમામ માણસજાતની સમસ્ત વ્યક્તિઓના ચારિત્ર્યમાં અથવા એના અભાવમાં મારો હિસ્સો છે, પૂરતો હિસ્સો છે એ મારે જાણવું જોઇએ. ભોળી, દબાયેલી અને પછાત જાતિઓના દોષો માટે એમને સજા થાય એના કરતાં મને વધારે સજા થવી જોઇએ, કેમ કે એમને પોતાના દોષોનું ભાન નથી અને મને એ દોષોનું ભાન હોવા છતાં મેં એમને હાથે એ દોષો થવા દીધા. અને હવે પછી પણ દોષોનું ભાન મને છે એટલા માટે એમને હાથે થતા એ દોષો મારે એકાએક જબરદસ્તીથી રોકવાના નથી, પણ બંધુભાવથી એમની સેવા કરી. એમનામાં એ ભાન મારે જાગૃત કરવાનું રહ્યું.

એક જ દાખલો લઇએ. પશુપક્ષીઓને અને માછલાં વગેરેને મારીને ખાવા એ પાપ છે એનું ભાન મને થયું અને એ આહાર મેં છોડી દીધો એટલાથી હું પોતાની જાતને નિષ્પાપ નહીં માનું. મારા કુટુંબીઓ જો માંસાહાર કરતા હોય તો જેમ મને થાય છે કે એમાં અમુક દોષ તો મને વળગે જ છે, તેવી જ રીતે અધિકાંશ માણસજાત માંસાહાર કરે છે એનું પાપ મારું છે એ મારે સમજવું જોઇએ.

એની સાથે માંસાહારી લોકોનો હું તિરસ્કાર કરું, કાયદા દ્વારા એમને માંસાહાર કરતા હું રોકું એ પણ મારે માટે યોગ્ય નહીં થાય. માણસજાત એ ઉંચાઇ સુધી પહોંચી નથી એ વાત સ્વીકારી, મારે ધીરજ કેળવ્યે જ છૂટકો. માંસાહારી લોકોનો દ્વેષ કે તિરસ્કાર હું ન જ કરું. એમને પાપી પણ ન ગણું. એમનાથી દૂર તો નહીં જ રહું. પણ એમના પ્રસંગમાં આવી પ્રેમ અને સેવા દ્વારા એમને અપનાવું અને ધીરજ રાખું કે આટલી અનુકૂળતા ઉભી કર્યા પછી ધીરે ધીરે માંસાહાર-ત્યાગનો સિદ્ધાન્ત એમને ગળે ઉતરશે જ. આ ધીરજને જ આપણા પૂર્વજોએ શ્રધ્ધાનું નામ આપ્યું છે. અને શ્રધ્ધા એ જ ધાર્મિકતાની મુખ્ય નિશાની છે. માંસાહારનો કડક રીતે ત્યાગ કર્યા છતાં માંસાહારી લોકોને અપનાવતા મને યત્કિંચિત્ પણ સંકોચ થવો ન જોઇએ.

પોતાની પેઢીમાં કામ કરતા જૈન કારકુનોને અને જૈન ચપરાસીઓને જૈન માલિક જેમ સંપ્રદાયની દૃષ્ટિએ પોતાનો જૈન ભાઇ માને છે અને એમનાં જૈનપણામાં ભેદ માનતો નથી. તેમજ પોતાનાં ઘરમાં નોકરી કરનારા તમામ નોકરો વિષે માણસ તરીકે આપણાં મનમાં આત્મીયતા હોવી જોઇએ.

ભારતવાસીનો વિચાર કરતા એમનું નાગરિકત્વ સ્વીકારતાં એ હિંદુ છે કે મુસલમાન, પારસી છે કે ખ્રીસ્તી, એનાં સગાં પાકિસ્તાનમાં છે કે હિંદુસ્તાનમાં છે ! એવો ભેદ મનમાં ન આવવો જોઇએ. જે મારા દેશમાં વસે છે તે મારો દેશબંધુ છે એ વસ્તુ સ્વીકારતાં મનમાં કોઇ પણ અંતરાય ઉભો ન થવો જોઇએ.

અને જ્યારે આપણાં હૃદયમાં મહામાનવનો સાક્ષાત્કાર થશે ત્યારે આપણાં મનમાં જે ઇજીજત સરદાર વલ્લભભાઇ પટેલ વિષે છે તે જ ઇજીજત વિન્સ્ટન ચર્ચિલ વિષે પણ રહેશે. ભારત જો પૂણ્યભૂમિ છે તો ઇજિપ્ટ, ઇટાલી, જરમની અને ઇંગલંડ પણ પૂણ્યભૂમિ જ છે. દરેક ભૂમિ ઉપર કોઇ ને કોઇ માનવી મહાત્માએ પુણ્યવીરકર્મો કર્યા જ છે. ગંગા નદી જો પવિત્ર હોય તો નીલ અને કોંગો, હ્વાંગ્હો અને વોલ્ગા, મિસુરી-મિસિસિપી અને હો હવેંગ હો, ઐરાવતી અને સીતાવાકા બધી જ નદીઓ પવિત્ર છે. કેમ કે એ બધી નદીઓએ માતા થઇને માણસજાતનું પોષણ કર્યું છે.

આ તમામ દેશોમાં કોઇ પણ માનવી પ્રત્યે અન્યાય થતો હોય તો એ અન્યાય મારા ભાઇ પ્રત્યે જ થાય છે એવી લાગણી મારાં મનમાં થવી જોઇએ. મારા ભાઇઓમાંથી જો કોઇ મારી પડખે ઉભો હોય અને એને કોઇ મારતું હોય તો હું તરત વચ્ચમાં પડીશ. મારો બીજો ભાઇ કલકત્તા કે શ્રીનગરમાં હોય અને ત્યાં કોઇ એને મારતું હોય તો ત્યાં એને બચાવવા માટે તરત જઇ ન શકું. પણ શકય તે ઇલાજ કર્યા વગર રહું નહીં. અને કશું ન કરી શકું તો તેટલા માટે એ મારો પૂરતો ભાઇ નથી એમ કહું નહીં. તેમ જ દુનિયાના તમામ માણસો પ્રત્યે મારી લાગણી હોવી જોઇએ.

મારાં દાનનો પ્રવાહ મારા કુટુંબીઓ પ્રત્યે જ અથવા મારી ન્યાતના લોકો પ્રત્યે જ ન વહે પણ મારી આસપાસ જે કોઇ માનવ હોય તે બધા પ્રત્યે એ વહેવો જોઇએ. અને એ પ્રવાહમાં દૂર સુધી વહેવાની શકિત હોય તો જ્યાં સુધી એ પહોંચે ત્યાં સુધી, કશા પક્ષપાત વગર તમામ માનવોને અપનાવે.

અને જ્યાં પક્ષપાત કરવો પડે ત્યાં પોતાનાને પ્રથમ યાદ કરવાને બદલે જેમના પ્રત્યે મારે હાથે કે મારા લોકોને હાથે અન્યાય થયો હોય, જે વધારે અસહાય હોય, દબાયેલો અને નિરાશ હોય એના પ્રત્યે દાનનો પક્ષપાત થવો જોઇએ.

આવી જાતની લાગણી જ્યારે સ્વીકારાશે, કેળવાશે અને સહજ થશે ત્યારે જ અહિંસાધર્મ સ્થપાશે. ત્યારે જ માણસજાતમાં ચાલતો સંઘર્ષ અને વિગ્રહ શમી જશે, ઉચ્ચનીચ ભાવ અલોપ થશે, પ્રેમની લાગણી બધે ફેલાશે અને વિરાટ માનવ સાથે માનવોના હૃદયમાં વસતા ભગવાનનો સાક્ષાત્કાર થશે.

કાકા કાલેલકર

આર્થિક અવલોકન

(૧) નહેર-યોજનાઓનો વિકાસ

રાજકીય આઝાદી મળ્યા પછી આપણા દેશનું રાજકારણ થાળે પડતાં, મધ્યસ્થ તેમજ પ્રાદેશિક સરકારોનું ધ્યાન જનસમાજની આર્થિક આબાદી તરફ વિશેષતઃ કેન્દ્રિત થતું રહ્યું છે. સમસ્ત પ્રજાજનોના જીવનધોરણને ઉંચું લાવવા અને દેશમાં ઘર કરી બેઠેલું દારિદ્રય દૂર કરવાના અંતિમ ધ્યેયને નજર સમક્ષ રાખીને સરકારે પંચવર્ષીય યોજનાના છેલ્લા અઢી વર્ષથી જે ચક્રો ગતિમાન કર્યા છે, એને પરિણામે-અનેકવિધ મુશ્કેલીઓનો સામનો કરતાં કરતાં-વિવિધ ક્ષેત્રોમાં સારી એવી પ્રગતિ સધાતી રહી છે. ખેતીપ્રધાન એવા આપણા દેશમાં નહોરોનું બાંધકામ આર્થિક દૃષ્ટિએ અતિ મહત્વનું બની રહે એ સ્વાભાવિક છે. વિવિધ નહેર યોજનાઓ-હાસોહર, ભાખરા-નાંગલ, હીરાકુંડ, કોશી-સારી એવી પ્રગતિ કરી રહી છે, જ્યારે તુંગભદ્રા અને કાકડપારા યોજનાનો પ્રથમ તબકકો પૂરો થયો છે. તુંગભદ્રામાંથી મદ્રાસ તેમજ હૈદ્રાબાદ રાજ્યોની લગભગ ૨,૬૫૦૦૦ એકર જમીનને ખેતી અંગેનું પાણી મળી રહેશે તેમજ વીજળીક બળનો પણ સારો લાભ મળશે. આવી જ રીતે કાકડપારા યોજનાને પરિણામે અંદાજે ગુજરાતની ૨,૯૧,૦૦૦ એકર જમીનને ફાયદો પહોંચશે. અને એટલે અંશે, મુંબઇ રાજયની અનાજની ખાધ ઘટવા પામશે. કેન્દ્રના આયોજન-પ્રધાન શ્રી. ગુલઝારીલાલ નંદાએ આવી પ્રવૃત્તિઓને મૂલવતાં કહ્યું છે તેમ "આવી યોજનાઓને અમુક વિસ્તારોને આવરી લેતી યોજના તરીકે ગણવા કરતાં; જીવનની જરૂરિઆત માટેની આવશ્યક ચીજવસ્તુઓ ઉત્પન્ન કરવા માટેની અને વારંવાર દુષ્કાળના કારમા ઓળાઓ જે ભય બતાવતા રહ્યા છે તેને દૂર કરવા માટેની સમગ્ર રાષ્ટ્રને આવરી લેતી યોજનાના એક ભાગ રૂપે ગણવી જોઇએ."

(૨) કૃષિ-વિષયક ઉત્પાદન

અને આવી બીજી અનેકવિધ યોજનાઓ અને બીજી કારણને પરિણામે, તેમજ આ સાલ એકંદરે ચોમાસું સારું હોવાને લીધે, આપણું **કૃષિ-વિષયક ઉત્પાદન** વધ્યું છે. આપણા સદ્‌ભાગ્યે પહેલાં અનુભવાયેલી અનાજની તીવ્ર તંગી એ ગઇ કાલની વાત બની ગઇ છે. કેન્દ્રના આપણા અન્ન અને ખેતીવાડીના પ્રધાન શ્રી. રફી અહમદ કીડવાઇએ જાહેર કરેલા આશાવાદ મુજબ "અનાજની આયાત હવે સરકાર પોતાની પાસે જરૂરી પુરવઠો રાખવા માટે જ કરી રહી છે. અને ઘણું ખરું તો, આવતા વર્ષથી અનાજ આયાત કરવાની જરૂરિયાત રહેવા જ નહીં પામે."

અનાજ પછી જીવનની બીજી પ્રાથમિક આવશ્યકતા છે કાપડ. કાપડનું ઉત્પાદન પંચવર્ષીય યોજનાએ નિશ્ચિત કરેલા લક્ષ્યબિન્દુની ઉપર ગયું છે અને છેલ્લાં આંકડાઓ મુજબ, કાપડનું માસિક ઉત્પાદન સરેરાશ ૪૦ કરોડ વાર પર પહોંચ્યું છે. આમ થવાથી દેશમાં માથા દીઠ કાપડનો વપરાશ વધવા પામ્યો છે.

આપણા આર્થિક જીવનને સ્પર્શતી બે મુખ્ય બાબતો અનાજ અને કાપડમાં આમ હળવી બનેલી પરિસ્થિતિને અનુલક્ષીને ભારત સરકારે **અંકુશ નિયમનનો** દોર ઢીલો મૂકયો છે. ખૂબ અનિવાર્ય ગણી શકાય એવા અંકુશો જ અનાજ ઉપર રાખવામાં આવ્યા છે. અને મદ્રાસ જેવા અનાજની અછતવાળા પ્રદેશોમાં પણ આ નીતિ બહુજનસમાજે આવકારી છે. આવી રીતે કાપડ

અને સુતરની વહેંચણી તેમજ ભાવનિયમન અંગેના અંકુશો દૂર કરવામાં આવ્યા છે. જો કે, કાપડના ઉત્પાદન અંગેના નિયમનો ચાલુ છે.

(૩) ઔદ્યોગિક ઉત્પાદનમાં વધારો

ભારત સરકારની મિશ્ર આર્થિક નીતિને પરિણામે આપણું **ઔદ્યોગિક ઉત્પાદન** વધતું રહ્યું છે. ઔદ્યોગિક ઉત્પાદનનો આંક-૧૯૪૬-નો આંક પ્રાથમિક ૧૦૦ તરીકે ગણીએ તો-૧૯૫૨ માં ૧૨૯ હતો. આ આંક એપ્રીલ ૧૯૫૩ માં ૧૪૧ નો નોંધાયો છે. કેલસા, પોલાદ, સીમેન્ટ, વીજળીક મોટરો, પાવર ટ્રાન્સ-ફોર્મરો તેમજ રસાયણોમાં રસાયણીક ખાતર, સોડા એશ તેમજ સલ્ફ્યુરીક એસીડ—આ બધાનું ઉત્પાદન ગઇ સાલના સરેરાશ ઉત્પાદન કરતાં નોંધપાત્ર વધારો દર્શાવે છે.

(૪) રાષ્ટ્રીયકરણની નીતિ

આયોજન પંચે ઔદ્યોગિક વિકાસની જવાબદારી ખાનગી સાહસ અને સરકાર બન્ને વચ્ચે વહેંચી છે. અને સરકાર હસ્તકનાં વિવિધ એકમોની પ્રવૃત્તિ અને ઉત્પાદન વ્યવસ્થિત બનતાં ગયાં છે. અનિવાર્ય સંજોગોમાં સરકાર તરફથી જેમ ચાલુ ઉદ્યોગનું રાષ્ટ્રિયકરણ કરવામાં આવે છે તેમ નવા ઉદ્યોગો સરકાર સ્થાપે પણ છે અને સ્થાપવામાં ખૂબ મદદ કરે છે. રેલ્વે, તાર, ટપાલ, રસાયણીક ખાતરનું ઉત્પાદન, મશીન ટુલ્સ અંગેનું કારખાનું, જહાજી બાંધકામ ઉદ્યોગ વગેરે ઉદ્યોગો અત્યાર અગાઉ સરકાર હસ્તક રહ્યાં છે, જેમાં તાજેતરમાં જ આંતરિક તેમજ વિદેશી વિમાનવ્યવહારનાં રાષ્ટ્રિયકરણથી એક વધુ ઉમેરો થયો છે. આ બન્ને વિભાગો માટે બે જુદી જુદી સંસ્થાઓ સ્થાપવામાં આવી છે. અને અગાઉ કામ કરતા નોકરિયાતો અને કામદારોને નવી સંસ્થામાં સામેલ કરવામાં આવશે.

(૫) મજૂર-માલીકના મીઠા સંબંધો

આપણા ઔદ્યોગિક ઉત્પાદનનો વધારો કાંઇક અંશે ઉદ્યોગના ક્ષેત્રમાં મજૂર અને માલીકના સંબંધો પહેલાં કરતાં વધુ મીઠા અને ગાઢા રહેવા પામ્યા છે એને પણ આભારી છે. આ સંબંધો કાયમી રીતે સ્થપાય એ સારૂં સરકાર નૂતન મજૂર-નીતિને આકાર આપી રહી છે, અને આ દિશામાં સક્રિય પગલાં ભરતાં પ્રોવીડંટ ફંડ અને વીમા યોજનાને ઔદ્યો-ગિક ક્ષેત્રોમાં સરકારે અમલી બનાવી છે.

(૬) સ્વદેશીને મદદ

દેશની ઉત્પાદન શકિતનો પૂરો ઉપયોગ કરી શકાતો નથી તેથી ભારત સરકારે આ અગત્યની બાબતમાં એક ખાસ તપાસ હાથ ધરી છે. તેવી જ રીતે સરકારની વિવિધ જાતની ખાતાવાર ખરીદી યોગ્ય રીતે થાય અને સાથે સાથે દેશની ચીજવસ્તુઓના ઉત્પાદનને મદદ થઇ શકે એ બાબત પણ સરકારની ખાસ વિચારણા નીચે છે.

(૭) વિદેશ સાથેના વેપાર

ભારતના વિદેશ સાથેના વેપાર તરફ દૃષ્ટિપાત કરતાં જણાય છે કે ૧૯૫૧-૫૨ કરતાં ૧૯૫૨-૫૩ માં આયાતમાં લગભગ રૂ. ૨૮૧ કરોડનો અને નિકાશમાં લગભગ રૂ. ૧૪૮ કરોડનો ઘટાડો થયો છે. ૧૯૫૨-૫૩ ના વર્ષમાં પણ આપણા વિદેશ સાથેના વેપારનું પાસું અવળું રહ્યું છે; જો કે, ૧૯૫૧-૫૨ ને મુકાબલે તેમાં અવશ્ય સુધારો થયો છે. ૧૯૫૨-૫૩ ની સાલમાં આપણે લગભગ રૂ. ૫૬૫ કરોડના માલની નિકાશ કરી હતી, જ્યારે રૂ. ૬૬૧ કરોડના માલની આયાત કરી હતી. આમ ૧૯૫૨-૫૩ નું વેપારનું પાસું આપણી વિરૂદ્ધમાં રૂ. ૮૬ કરોડનું હતું. આમ છતાં, વિદેશી ચલણની પરિસ્થિતિમાં એકંદરે સુધારો હોવાથી સરકાર તરફથી જુલાઇ-ડિસેમ્બર ગાળા માટેના આયાત નિયમ-નમાં છૂટછાટો મૂકવાની નીતિ અખત્યાર કરવામાં આવી છે. ચાલુ આયત નીતિમાં સામાન્ય વપરાશની ચીજોની આયાતોનું પ્રમાણ વધારવામાં આવ્યું છે; તેવી જ રીતે ઉદ્યોગો માટે જરૂરી કાચા માલની આયાતમાં પણ છૂટછાટો મૂકવામાં આવી છે. વિદેશી ચલણ મેળવવાની આવશ્યકતા તો દરેકને સમજાય તેવી છે; કારણ, ઔદ્યોગીકરણને જરૂરી એવા યંત્રો, મશીનરી કાચી ચીજો વિ. ની આપણને ભારે જરૂર છે. જ્યારે વેચનારને બદલે ખરીદનારનું બજાર જામતું જાય છે—અને વિશ્વમાં શાંતિ સ્થપાતાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે હડિકાઇ તો વધતી જ જશે—ત્યારે આપણી નિકાશોની સપાટી જાળવી રાખવાનું કાર્ય મહત્વનું સ્થાન માંગી લે છે. આ અગત્યની કામગીરી કેન્દ્રના વ્યાપાર-પ્રધાન શ્રી ડી. પી. કરમારકરને હાલમાં સોંપવામાં આવી છે. આ દિશામાં નિકાશજકાતો ઘટાડી શકાય કે નહીં તે પ્રશ્ન સરકાર વિચારતી રહી છે અને સંજોગો મુજબ પગલાં ભરે છે.

વેપારી સંબંધો કાયમી અને ગાઢા બનાવવામાં વેપારી કરારો મહત્વનો ભાગ ભજવે છે. આ અર્થે ભારત સરકારે હાલમાં નોર્વે, સ્વીડન, બલ્ગેરીઆ, યુગોસ્લાવીઆ, પોલાંડ, આર્જેન્ટીના, તુર્કી, ઈરાક વિ. દેશો સાથે વેપારી કરારો કર્યા છે. આપણા નજીકના પાડોશી સીલોન અને બ્રહ્મદેશ સાથે પણ વેપારી કરારો કરવામાં આવ્યા છે, અને આ વખતે આપણને બ્રહ્મદેશના ચોખાની જરૂર પડી નથી એ બાબત સૂચક છે. પાકિસ્તાન સાથે જુના વેપારી કરારોની મુદત લંબાવવામાં આવી છે અને એ દરમ્યાન એમ્બો આશાવાદ સેવાઈ રહ્યો છે કે, બંને દેશો વચ્ચે રાજદ્વારી વાતાવરણ સુધરતાં નવા અને વિસ્તૃત વેપારી કરારો અમલમાં આવશે અને એનાથી બંને દેશોના અર્થતંત્રને લાભ થશે. મીસર સાથે જે વેપારી કરારો કરવામાં આવ્યા છે તેમાં એક સગવડતા રાખવામાં આવી છે કે આપણા દેશમાં આયાત કરવામાં આવતા માલ સામે હવે સ્ટર્લિંગને બદલે ૪૦ ટકા નાણું રૂપિયામાં ચૂકવી શકાય. આ કરાર આમ એક નવો ચીલો પાડે છે.

પંચવર્ષીય યોજનાને પરિણામે ક્રમશઃ પ્રજાજનોની આર્થિક પરિસ્થિતિ સુધરવી જોઇએ અને રોજગારીની પરિસ્થિતિ સુધરે તેવા સંજોગો સર્જવા જોઇએ. આમ છતાં, હાલમાં શહેરમાં તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં બેકારીનું પ્રમાણ વધ્યું છે. બેકારી અને અર્ધબેકારી-કાયમી અને કામચલાઉ-એ જડ ઘાલી બેઠેલો આપણા આર્થિક શરીરનો એક જૂનો મહારોગ છે. રોજગારી, લોકોની ખરીદ શકિત, ઔદ્યોગિક ઉત્પાદન અને કામદારોનું વેતન એ બધાને અરસપરસ સંબંધો છે. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિને કારણે ઉદ્યોગો તથા વેપાર-ધંધામાં ભરતી ઓટ આવતાં રહે છે તેને પણ રોજગારી સાથે સીધો સંબંધ છે. હકીકતે દેશના વિવિધ જાતના ઉત્પાદનમાં સંતોષજનક વધારો છતાં, રોજગારીની તકો એટલા પ્રમાણમાં વધવા પામી નથી. વળી, સરકારની ઔદ્યોગિક વિકેન્દ્રીકરણની નીતિનો સૈદ્ધાંતીક સ્વીકાર થવા છતાં પણ ગ્રામોદ્યોગો અને ગૃહોદ્યોગો, નાના પાયાના ઉદ્યોગો અને ભાંગતા જૂના ઉદ્યોગોનો વિકાસ જેટલો ઝડપી બનવો જોઇએ તેટલો બની શકયો નથી. સરકાર તરફથી થોડા સમય પર શ્રી વૈકુંઠભાઇ મહેતાના પ્રમુખપણા નીચે એક ખાદી અને ગ્રામોદ્યોગ મંડળની નીમણૂંક કરવામાં આવી છે એ બાબતની અહીં નોંધ લેવી ઘટે.

(૮) શિક્ષિત વર્ગમાં બેકારી

શિક્ષિત વર્ગમાં ફેલાયેલી બેકારી બીજી બેકારીના પ્રમાણમાં ઓછી હોવા છતાં તેનું રાજકીય અને આર્થિક મહત્વ સવિશેષ છે. લોકશાહીના સિદ્ધાંતોની પકડ આપણા રાષ્ટ્રમાં દૃઢતર બને તે માટે પણ આ પ્રશ્નનું નિરાકરણ સૌથી વધુ ધ્યાન માંગી લે છે. આપણી લોકસંખ્યાનો પ્રશ્ન પણ મુંઝવણભર્યો રહ્યો છે, પણ આયોજનની સફળતા લોકસંખ્યાને બોજારૂપ બનવા દેવાને બદલે મદદકર્તા બનાવી શકાય એમાં જ રહેલી છે, કારણ જનસંખ્યા એ રાષ્ટ્રનું જીવતું જાગતું સામર્થ્ય છે.

(૯) આયોજન માટે નાણું—સરકારી લોનો

જનકલ્યાણની વિવિધ યોજનાઓ માટે નાણાં મેળવવા સરકાર માટે જરૂરી છે. સરકાર કર દ્વારા અથવા લોનો દ્વારા આમ નાણાં મેળવી શકે. ૧૯૫૩–૫૫ માં પાકની ૩ ટકાની લોનના નાણા ભરપાઈ કર્યા પહેલા. ભારત સરકારે રૂ. ૭૫ કરોડની ૩½ ટકાની નેશનલ ડિફેન્સ બોંડઝની જાહેરાત કરી હતી અને આ લોન ભરાઈ ગઇ છે. ભારત સરકાર બાદ બીજા દસ રાજ્યોની સરકારોએ પણ રૂ. ૨૮ કરોડ મેળવવા નાણા-બજારમાં પ્રવેશ કર્યો છે અને તેમની ટુંકી મુદતની ૪ ટકાની બીલવણી લોનોને જનતાએ ખૂબ સત્કારી છે. આ બીના સરકારની આર્થિક તેમજ નાણાકીય નીતિ અંગેનો નાણાબજારનો વિશ્વાસ જાહેર કરે છે. લોકશાહી ઢબે થતું આર્થિક નિયોજન જનતાના સ્વેચ્છાપૂર્વકના સહકાર અને વિશ્વાસ ઉપર નિર્ભર છે અને સરકારી જમીનગીરીઓમાં ભરાયેલું નાણું આ હકીકતની પ્રતીતિ કરાવી જાય છે.

(૧૦) વારસાવેરો અને ભૂદાનયજ્ઞ

સંપતિની અસમાન વહેંચણી શકય તેટલી ઓછી કરવા, અને સાથે સાથે, આયોજનના બહોળા ખર્ચને પહોંચી વળવા, ભારત સરકારે વારસાવેરો નાંખવાનું ઠરાવ્યું છે. લોકસભાની હવે પછીની બેઠકમાં આ વેરાને કાનૂની સ્વરૂપ અપાશે. ભારતના નવ–નિર્માણમાં કાનૂની ઉપરાંત સ્વેચ્છાપૂર્વક અને મરજીયાત રીતે પણ સ્તુત્ય પ્રયાસો થઈ રહ્યા છે. શ્રી વિનોબાજીના ભૂદાન–યજ્ઞમાં બે વર્ષમાં ૧૫ લાખ એકર જમીન પ્રાપ્ત થઇ છે અને તેની યોગ્ય વહેંચણી કરવામાં આવશે. આર્થિક અને સામા-જીક અસમાનતા ઓછી થવી જોઇએ. એ દિશામાં આમજનતાના હિતમાં આ રીતે પગલાં ભરાઇ રહ્યાં છે.

ઓલ ઇન્ડીઆ
રેડીઓના સૌજન્યથી. **કાન્તિલાલ અરોડિયા**

સાહસવીરની સહધર્મચારિણી

જેને જીવન મરણના ખેલ ખેલવા છે તેની પત્નીની મનો-દશા કેવી હોય છે તેનું એક સુન્દર ચિત્તાકર્ષક ચિત્ર તાજેતરમાં માઉન્ટ એવરેસ્ટને પાદાક્રાન્ત કરનાર સાહસશિરોમણી તેન્સીંગની પત્નીએ તેનસીંગના પરાક્રમ સંબંધમાં કરેલ એક નિવેદનમાં જોવા મળે છે. એવરેસ્ટ ઉપરના આરોહણ સંબંધે તેન્સીંગે લખેલું વર્ણન થોડા દિવસ પહેલાં ટાઇમ્સ ઓફ ઇન્ડીઆમાં પાંચ હપ્તાથી પ્રગટ થયું હતું. તે વર્ણનની પુરવણી રૂપે શ્રીમતી તેન્સીંગે એક નાની સરખી નોંધ અંગ્રેજીમાં લખેલી અને ટાઇમ્સમાં પ્રગટ થયેલી, જેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. આવું સાહસ ખેડનાર પછી તેન્સીંગ હોય, હવાઈ ઝંઝાવાતોને માથું મૂકીને વીંઝતો કોઈ વિમાની હોય કે દરિયાના ભયંકર તોફાનો સામે ટકકર ઝીલતો અને અજાણ્યા પ્રદેશો સર કરવા મથતો કોઈ નાવિક હોય, સામાજિક કે રાજકીય વિપ્લવોમાં ઝંપલાવતો કોઇ સેનાની હોય કે સૈનિક હોય, આવા દરેકની પત્નીનું જીવન હંમેશા અકથ્ય મુંઝવણ અને ગુંગળામ-ણમાંથી પસાર થતું હોય છે અને સાથે સાથે ધણીની મરદા-નગીના કારણે અન્તરના ઉંડાણમાં તે ભારે ગૌરવ પણ અનુભ-વતી હોય છે. ધણી તો કહીને કે ફાધા વીના નીકળી પડે છે અને એક પછી એક સાહસ ખેડયે જાય છે, પણ બીચારી સ્ત્રીનું હૈયું સદાકાળ ફડયા જ કરે છે. રખેને એમના જીવને કાંઇ થશે તો ? આ ચિન્તા અને તેમને કદાચ કાંઇ થયું તો મારૂં, મારાં છોકરાનું, મારા ઘરનું શું થશે ? આ ફફડાટથી તેનો જીવ સદા અધ્ધરનો અદ્ધર જ રહે છે. એક પરાક્રમ પુરૂં કરીને ધણી પાછો આવે છે, બધાં પાછાં મળે છે, હસે છે, થોડા દિવસ બધાં સાથે મળીને આનંદકલ્લોલ કરે છે–એવામાં આવતી કાલે વળી કોઇ નવા સાહસ માટે તે ઉપડે છે. અને એ બધો આનંદ જોતજોતામાં પાછો ગમગીનીમાં પલટાઇ જાય છે. પુરૂષની આ જનફેસાની અને ઘરરખુ સ્ત્રીની અપાર વેદના અને બલિદાન–આ ઉભયમાંથી અનેક સિદ્ધિઓ જન્મી છે અને માનવજાત પ્રગતિનાં નવાં નવાં સીમાચિહ્નો સર કરતી રહી છે. નીચેના નિવેદનમાં જે સ્ત્રીહૃદયનું આપણને દર્શન થાય છે તે જ સ્ત્રીહૃદય દરેક સાહસવીર પુરૂષની જીવનસહચરીના ચરિત્રમાં દ્રષ્ટિગોચર થવાનું. તે જ ફફડાટ, તે જ ચિન્તા વ્યાકુળતા અને સાથે સાથે મારા ધણી જેવો બીજો કોઇ મર્દ પાકયો નથી એવું સ્વાભિમાનપૂર્વકનું આત્મગારવ ! શ્રીમતી તેન્સીંગનું નિવેદન નીચે મુજબ છે:—

"તેન્સીંગ ભારે સાહસવીર–dare–devil છે. તેને ઘરની કદી પડી જ નથી. હું તેને ઘણીવાર કહું છું કે 'બરફ હંમેશા સરકણો હોય છે અને તને કદિ અકસ્માત થયો તો મારૂં અને મારાં છોકરાંનું શું થશે ? આ સાહસપ્રવાસો દરમિયાન મરણ નીપજે તો તે લોકો આપી આપીને હજાર રૂપરડી આપે છે અને કશું પેનશન'તો મળેજ નહિ. તો પછી તારે આ બધાં જોખમો શા માટે ખેડવા જોઇએ ?" અને તે જવાબ આપે છે કે "મને તેઓ જે કાંઇ આપે છે તે બરફવાળા પર્વત ઉપર ચડવા માટે આપે છે. તેઓ કાંઇ દાન નથી કરતા. જે માટે તેઓ મને મહેનતાણું આપે તે મારે કરવું જ જોઇએ." અને તમે જાણો છો તેને બીજું કશું કામ ગમતું નથી. એને માત્ર ડુંગરા ખુંદવા જ ગમે છે. તેણે એમ પણ મને કહેલું કે "જ્યાં સુધી ચોમોલુંગમા (માઉન્ટ એવરેસ્ટનું નેપાલી નામ)ની ટોચ ઉપર હું ચડું નહિ ત્યાં સુધી હું કોઇ પણ રીતે ઠરી ઠામ બેસવાનો નથી. તારી ઝુંપડી કરતાં ચોમોલુંગમા ઉપર મરવાનું મને વધારે ગમશે." "મેં કહ્યું બહુ સારૂં, તારી ધારણા પાર પડો !" તે એમ પણ કહ્યા કરતો હતો કે જો મારી સ્ત્રી અને બાળકોની સંભાળ લેવાની કોઇ ખાત્રી આપે તો ગમે તે હદ સુધીનું સાહસ ખેડવા અને એ પર્વતની ટોચે પહોંચવાનો પ્રયત્ન કરતાં કરતાં મરવાને પણ હું તૈયાર છું." પણ આવી બાંહેધરી આપવાને હજુ સુધી કોઇ આગળ આવ્યું નહોતું. સૌથી પહેલા પર્વતા-રોહણ દરમિયાન જે ટુકડી સાથે તે ગયો હતો તે ટુકડીવાળા એનું મૃત્યુ થાય તો રૂ. ૫૦૦ આપવાને બંધાયલા હતા. સ્વીસ ટુકડીએ ૫૦૦ ના ૧૦૦૦ કરી આપ્યા હતા. અને આ વખતે અંગ્રેજોએ ૧૦૦૦ ના ૨૦૦૦ કરી આપ્યા.

"હવે હું તેને કહું છું કે "જો, ચોમોલુંગમાં તેં હવે સર કરી લીધો છે. હવે તારે થોડો આરામ લેવો જોઇએ." આમ હું વિચારૂં છું અને કહું છું, પણ અમારૂં ભવિષ્ય કેવું છે તે વિષે હજુ પણ હું કાંઇ ચોક્કસ કહી શકતી નથી.

"તેની ફતેહના મને સમાચાર મળ્યા તે વખતે હું દાર-જીલીંગ હતી અને મારા ઘરમાં ચા કરતી હતી. દારજીલીંગના ડેપ્યુટી કમીશનર અને એક સરદાર મારા ઘેર આવ્યા અને કહેવા લાગ્યા "સાંભળો તો તમને ખબર પડી ? રેડીઓમાં સમાચાર આવ્યા છે !" મેં કહ્યું "મારી પાસે રેડીઓ નથી." મને ફાળ પડી. તેઓ શું સમાચાર લાવ્યા હશે ? તેમણે જણાવ્યું "ખુશ થાઓ. તેન્સીંગે એવરેસ્ટ સર કર્યું છે." આ સાંભળીને મને કેટલો આનંદ થયો એ હું તમને વર્ણવી શકતી નથી. મારા આનંદમાં કોઇ પણ બાબતનો હું પૂરો વિચાર કરવાની સ્થિતિમાં ન રહી. હું તમને ખરેખર કહું છું. મને બીક લાગી કે આ આનંદની વિહ્વલતા રખેને મારા હૃદયને થંભાવી તો નહિ દે ! પછી તો કાગળો અને તારોનો આખો દિવસ અને રાત પ્રવાહ વહેવા માંડયો. આ પત્રો અને તારો ભલાઈ અને માયાળુપણાથી ભરપુર હતા. પણ તેન્સીંગનો કોઈ કાગળ આવ્યો નહિ. તેનું ઉતરાણ સહીસલામત થયું કે નહ તેની જ મને ચિન્તા હતી. જુનની ૧૭ મી તારીખે તેનો કાગળ આવ્યો. તેમાં જણાવ્યું હતું કે "હું અને એક સાહેબ એવરેસ્ટની ટોચે પહોંચવામાં સફળ થયા બીજે. મારી કશી ચિન્તા કરતી નહિ. તારી તબિયત સંભાળજે." આ જાણીને મને નિરાંત થઇ. જુનની બીજી તારીખથી બારમી તારીખ સુધી આવાની પણ મને પુરસદ નહોતી. મને મળવા અને ધન્યવાદ આપવા ઢગલાબંધ માણસોનો મારા ઘર ઉપર ઘેરાડો પડયો હતો.

"પછી મેં ખટમન્ડુ જવાનું નક્કી કર્યું. તેણે મને ત્યાં બોલાવી નહોતી. (તેન્સીંગ હજુ ખટમન્ડુથી ૪૫ માઇલ દૂર દુર્ગમ્યઘાટ હતો.) મારી પોતાની ઇચ્છાથી હું ત્યાં ગઇ હતી.

"હવે હું ખૂબ સુખી છું. અમને હવે અમારૂં પોતાનું નવું ઘર સાંપડશે અને ત્યાં નીરાંત કરીને રહેવાની અમારી ઇચ્છા છે. ઇશ્વરે તેન્સીંગને બહુ મોટી ખ્યાતિ આપી છે, પણ તેથી અમે અમારૂં મગજ ગુમાવ્યું નથી. અમે જેવા પૂર્વે હતા એનાં એ જ તેન્સીંગદંપતી છીએ." **પરમાનંદ**

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૫-૯-૫૩ શનીવારથી તા. ૧૩-૯-૫૩ રવિવાર સુધી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ નવ દિવસોની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન પંડિત સુખલાલજી શોભાવશે. શરૂઆતના સાત દિવસની સભાઓ ફ્રેંચ બ્રીજ ઉપર આવેલા બ્લેવાટ્સ્કી હોજમાં ભરાશે. તા. ૧૨ શનીવાર તથા તા. ૧૩ રવિવારની સભાઓ ન્યુ કવીન્સ રોડ ઉપર આવેલા રોકસી થીયેટરમાં ભરાશે. વ્યાખ્યાનસભાનો કાર્યક્રમ હંમેશા સવારના સાડા આઠ વાગ્યાથી નિયમિત રીતે શરૂ કરવામાં આવશે.

દિવસ	વ્યાખ્યાતા	વિષય
તા. ૫ શનીવાર	શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક	મંગળ
,, ,, ,,	શ્રી. સૂરજચંદ્ર ડાંગી	ભગવાન મહાવીરનું જીવનદર્શન અને જૈનોના માન્યતાભેદો
તા. ૬ રવિવાર	ડૉ. ઇન્દ્રચંદ્ર	સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ
,, ,,	સ્વામી પ્રેમપુરીજી	નચિકેતા
,, ,,	સંગીતભાસ્કર માસ્તર વસન્ત અમૃત	ગીતવાદન
તા. ૭ સોમવાર	પંડિત બેચરદાસ જીવરાજ દોશી	આપણો કાંતિનો વારસો
,, ,,	અધ્યાપક કાંતિલાલ વ્યાસ	પંચમહાયજ્ઞ
,, ,,	શ્રી પિનાકિન ત્રિવેદી	ભજનો
તા. ૮ મંગળવાર	આચાર્યશ્રી જમ્બુ દાણી	પરા બુધ્ધિના પ્રદેશમાં
,, ,,	આચાર્ય શ્રી એચ. ઓ. મેસ્કેરીનાસ	ઇશુખ્રીસ્ત અને મહાત્મા ગાંધી
તા. ૯ બુધવાર	શ્રા. પરમાનંદ કુંવરજી કાપડિયા	પુનર્જન્મ
,, ,,	શ્રી. રોહિત દવે	અર્વાચીન ભારતમાં ધાર્મિક પુનરૂત્થાન
તા. ૧૦ ગુરૂવાર	શ્રી. મનુભાઇ પંચોળી	આપણો વારસો
,, ,,	શ્રી. મોહુંદીન હેરીસ	ઈસ્લામ અને આજના પ્રશ્નો
તા. ૧૧ શુક્રવાર	અધ્યાપિકા હીરાબહેન પાઠક	મીરાં
,, ,,	શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ	શ્રી કૃષ્ણ
તા. ૧૨ શનીવાર	સૌ. પૂર્ણિમાબહેન ઝવેરી	મીરાંનાં પદો
,, ,,	પંડિત સુખલાલજી	મિત્તી મે સવ્વ ભૂએસુ
	તર્કતીર્થ લક્ષ્મણશાસ્ત્રી જોશી	જૈન ધર્મનું ભારતીય સંસ્કૃતિમાં સ્થાન
તા. ૧૩ રવિવાર	શ્રી. શાંતિલાલ શાહ	સંગીત
,, ,,	શ્રી. કેદારનાથજી	સત્ય ઋતને સંશોધન
	મહાત્મા ભગવાનદીનજી	આજનો ધર્મ
	સૌ. કિશોરીબહેન પરીખ	સંગીત

આ કાર્યક્રમમાં સંયોગવશાત્ ફેરફાર થવાની શક્યતા છે, જેને લગતી જાહેરાત ચાલુ વ્યાખ્યાનસભાઓ દરમિયાન કરવામાં આવશે. આ વ્યાખ્યાનસભાઓનો જૈન જૈનેતર ભાઇ બહેનો સૌ કોઇને વિના સંકોચે લાભ લેવા નિમંત્રણ છે. સભાઓમાં ભાગ લેતા ભાઈ બહેનોને પૂરી શાંતિ અને શિસ્ત જાળવવા આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ
મુંબઇ, ૩

પરમાનંદ કુંવરજી કાપડિયા
ટી. જી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સંઘ સમાચાર

સંઘના સભ્યોને

સંઘના કેટલાકએક સભ્યોનું વાર્ષિક લવાજમ હજુ સુધી વસુલ થયું નથી તો તેવા સર્વ સભ્યોને વિનંતિ કે ચાલુ પર્યુષણ પર્વની વ્યાખ્યાનસભાઓ દરમિયાન તેમણે પોતપોતાનું લવાજમ ભરી દેવા કૃપા કરવી.

આ ઉપરાંત સર્વે સભ્યોના લક્ષ્ય ઉપર એ હકીકત લાવવાની જરૂર છે કે સંઘ તરફથી યોજાતી વ્યાખ્યાનમાળા માત્ર સંઘની કાર્યવાહક સમિતિની નહિ પણ સંઘના સર્વ સભ્યોની જવાબદારી છે. તે વ્યાખ્યાનમાળાની સફળતા બે પ્રકારે કલ્પવામાં આવે છે. એક તો આખો કાર્યક્રમ નિર્વિઘ્ને પાર પડે, સાંભળવા આવનાર ભાઇ બહેનોને કશી પણ અગવડ ન પડે, તેમજ પહેલેથી છેલ્લે સુધી સૌનો એકસરખો રસ ટકી રહે એ રીતે વ્યાખ્યાનમાળાની યોજના અને વ્યવસ્થા કરવામાં આવે. બીજુ સંઘની વાર્ષિક આર્થિક જવાબદારીઓ જે રૂ. ૬૦૦૦ ઉપરની છે તેને પહોંચી વળવા પૂરતું વ્યાખ્યાનસભાઓ દરમિયાન ઉઘરાણું કરવામાં આવે. આ બન્ને રીતે વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિને સફળતાપૂર્વક પાર પાડવામાં બને તેટલો સાથ અને સહકાર આપવાની દરેક સભ્યની ફરજ છે. આવો સાથ મળે તો જ આપણે આપણા સંઘની પ્રવૃત્તિઓને સારી રીતે વિકસાવી શકીએ. આ બાબત ધ્યાનમાં લેવા દરેક સભ્યને અનુરોધ કરવામાં આવે છે.

સ્નેહસંમેલન

તા. ૩-૮-૫૩ સોમવારના રોજ મુંબઇ જૈન યુવક સંઘના સભ્ય શ્રી મનુભાઇ ગુલાબચંદ કાપડિયા તથા તેમનાં પત્ની શ્રી જસુમતીબહેન જેઓ સંઘની કાર્યવાહક સમિતિના પણ સભ્ય છે તે બન્નેએ સંઘની કાર્યવાહક સમિતિના સભ્યોનું પોતાના ઘેર એક સ્નેહસંમેલન યોજ્યું હતું. આ સંમેલનનું પ્રમુખસ્થાન શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનાં પત્ની શ્રી અજવાળીબહેને શોભાવ્યું હતું અને તેમણે પોતાની વિનોદાત્મકવાણી વડે સૌના દિલનું ખૂબ રંજન કર્યું હતું. મનુભાઇ તથા જસુમતીબહેને ઉપસ્થિત થયેલા સભ્યોનું બહુ ભાવભર્યું આતિથ્ય કર્યું હતું અને એક કલાક સૌ કોઇએ મધુરતાભર્યા વિનોદ વાર્તાલાપમાં પસાર કર્યો હતો. મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

અહિંસક સંસ્કૃતિ

(નવજીવન પ્રકાશન મંદિર તરફથી પ્રગટ થયેલા 'અહિંસા વિવેચન' એ નામના સદ્‌ગત કિશોરલાલ ઘ. મશરૂવાળાના અહિંસાવિષયક લેખોના સંગ્રહમાંથી નીચેનો લેખ સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. અહિંસાને માર્ગે જનતાની સેવા અને સમાજનું હિત સાધવા ઇચ્છનારાઓનાં ધ્યેયો, સિધ્ધાન્તો અને આચારો કેવાં હોવાં જોઇએ તેને લગતી આ રૂપરેખા શ્રી કિશોરલાલભાઇએ ૧૯૪૧માં તૈયાર કરી હતી; તેનું ૧૯૪૭ના ડીસેંબરમાં તેમણે પુનઃ સંસ્કરણ કર્યું હતું; ગાંધીજીએ આ રૂપરેખાને પોતાની અનુમતિ આપી હતી. સમીપસ્થ પર્યુષણ પર્વના પ્રસંગે ખાસ કરીને જૈન સમાજને આ રૂપરેખા અનેક રીતે માર્ગદર્શક નીવડશે અને તેનામાં ઘર કરી રહેલા અહિંસાના પરંપરાગત રૂઢ વિચારો આજના પ્રશ્નો અને સામાજિક સમસ્યાઓને ખ્યાલમાં લેતાં કેવા સંશોધનની અપેક્ષા રાખે છે તેનો પણ તેને ખ્યાલ આવશે. ચાલુ જીવનવ્યવસાયમાંથી થોડો વિરામ લેવો, સમસ્ત જીવનચર્યા વિષે અન્તર્મુખ બનવું અને તેનું યોગ્ય પ્રકારે સંશોધન કરવું અને તદનુસાર બાહ્ય આચાર-વ્યવહારમાં પરિવર્તન લાવવું–આ પર્યુષણ પર્વના આયોજનના પાયામાં રહેલી મૂલભૂત વસ્તુ છે. નીચે આપેલ અહિંસક સંસ્કૃતિની રૂપરેખાને દરેક જૈન ભાઈ તેમજ ભગિની આ રીતે વાંચે અને વિચારે અને અદ્યતન યુગના સાચા અહિંસક જૈન બનવા ઉદ્યુકત થાય એવો નમ્ર ભાવે અનુરોધ અને પ્રાર્થના છે.

પરમાનંદ)

૧–અહિંસક સંસ્કૃતિનાં ધ્યેયો અને સિદ્ધાન્તો

૧. જીવનનો સાચો સિદ્ધાન્ત અથવા પાયો અહિંસા જ છે, હિંસા નહીં.

૨. 'હું' અને 'મારું' ની ટુંકી મર્યાદામાંથી હિંસા ઉદ્‌ભવે છે. એનું ક્ષેત્ર સતત વધાર્યા કરવું તે અહિંસાની સાધના.

૩. જીવમાત્ર સમાન છે. (ઊંડુ તપાસીએ તો એકજ આત્મા છે) પણ અહિંસાની સાધના મનુષ્યો વચ્ચે કરવાની હોવાથી મનુષ્ય સમાજનો વિશેષ વિચાર કરવાનો છે.

૪. આખો મનુષ્ય સમાજ એક જ માનવકુટુમ્બ છે, સ્ત્રી પુરૂષ પણ સમાન જ છે; પરંતુ તે કુટુમ્બમાં દેશ, રાજ્ય, વંશ, રંગ, વર્ણ (ધંધો), જાતિ, ધર્મ, શિક્ષણ, સંપત્તિ, ભાષા, લિપિ વગેરેના ભેદોથી જુદા જુદા સમાજો બંધાઇ ગયા છે. તે ભેદોને લીધે વ્યકિતઓ તેમજ સમાજોમાં વિશેષતાઓ પેદા થાય છે.

૫. તે ભેદો અને વિશેષતાઓને અવગણી કે ટાળી ન શકાય છતાં તેમનો મદ કે દુરભિમાન હોવા અયોગ્ય છે. એવા ભેદો અને વિશેષતાઓને તેટલે જ અંશે અને તેવી જ રીતે રાખવાં અને પોષવા જોઇએ, જેથી તે આખા માનવકુટુંબનાં હિત અને સુખ વધારવામાં ફાળો આપી શકે. પોતાની એવી વિશેષતાઓને માનવ કુટુંબની સેવામાં અર્પણ કરવી તથા જે તે માનવ કુટુંબના કોઇ ભાગને પીડા કરનારી હોય તો તેનો રાજી ખુશીથી ત્યાગ કરવો, તે અહિંસાની સાધના છે. સર્વ ભેદો અને વિશેષતાઓને નિઃશેષ કરી આખા માનવસમાજને કોઇ એક જ કે બે ચાર બીબામાં ઢાળવાનો પ્રયત્ન મિથ્યા છે, અને હિંસા વિના થઇ પણ ન શકે.

૬ ભેદો અને વિશેષતાઓ અંગે બીજાઓ પ્રત્યે ધર્મો ઉત્પન્ન થાય, હક અથવા ગર્વ નહીં. આમાંથી જ સર્વધર્મ-સમભાવ, અસ્પૃશ્યતાનિવારણ, (ભોજન વિગેરેમાં) એક પંગત, વગેરે વ્યવહાર અહિંસાની સાધનામાં અનિવાર્ય થાય છે.

૭. માનવકુટુંબની એકેએક વ્યકિતનાં સુખ અને હિત સિધ્ધ થવા માટે માનવવ્યવહારોમાંથી હિંસાનો સમૂળો ઉચ્છેદ થવાની જરૂર છે.

૮. એક પક્ષ હિંસા કરે, ત્યારે તેનો બદલો લેવા અથવા તે સામે પોતાનું રક્ષણ કરવા બીજા પક્ષને સામી હિંસા કરવાની લાગણી થાય છે. આમ હિંસાથી હિંસાનો ઉકેલ લાવવાની વૃત્તિ માનવકુટુંબમાં ઘર કરી બેઠી છે.

૯. પણ એવી રીતે હિંસાનો અંત આવતો નથી, કે કયા રેય બન્ને વચ્ચે ન્યાયયુકત સંબંધ સ્થપાતો નથી. ઉલટું, અંતે જતાં, સર્વે હિંસાપરાયણ પક્ષો પોતાની, પોતાના વંશજોની અને સમગ્ર માનવજાતિની હાનિ જ કરે છે.

૧૦. આથી અન્યાય કે અપકર્મ ગમે તેવા ભારે હોય, તેની સામે હિંસક ઉપાય લેવો જ ન જોઇએ. એ ઉપાય લેવાની લાગણીનો નિરોધ કરીને જ અહિંસાની સાધના થઇ શકે.

૧૧. અહિંસામાં જીવનનાં ન્યાય ધારણ, પોષણ અને ઉત્કર્ષ કરવાની શકિત હોવી જ જોઇએ અને છે જ. આથી જે અન્યાયો અને અપકર્મો સામે હિંસક ઉપાય યોજવાની લાગણી થાય છે. તેને માટે અહિંસક ઉપાયો પણ હોવા જ જોઇએ. નિષ્ઠાપૂર્વક અહિંસાની સાધના કરનાર તે ખોળી શકશે.

૧૨ જીવનનો એકેએક કારભાર અહિંસાથી ચલાવી શકાવો જ જોઇએ. અમુક ક્ષેત્રમાં અહિંસા ન જ ચાલી શકે એ વહેમને જાતે કાઢી, સમાજમાંથી કઢાવવાની જરૂર છે. જ્યાં સુધી તે ગયો નથી, ત્યાં સુધી અહિંસાની સાધના અધુરી સમજવી.

૧૩. પણ આ માટે માનવસભ્યતા અને સુખ વિશેના કેટલાક પ્રચલિત ખ્યાલો બદલવાની જરૂર છે. અત્યાર સુધી અહિંસાની જેટલી સાધના થઇ છે, તે પરથી હવે પછી જણાવેલા સિદ્ધાંતો અહિંસાનાં જરૂરી અંગો ગણી શકાય.

૧૪. ભોગવિલાસ અને એશઆરામની ઇચ્છા તથા અહિંસા વચ્ચે સીધો સંબંધ છે. એથી ઉલટું સાદાઇ, સંયમ, ખડતલપણું, અંગમહેનત અને સેવાવૃતિ અહિંસાને અનુકુળ થનારા ગુણો છે.

૧૫. ભવ્ય અને પ્રચંડ કામો તથા આંખોને આંજી નાંખે તેવું બનાવજલાલી અને ભોગોવાળું જીવન હિંસા વિના થવા કે ટકવાનો સંભવ નથી. સભ્યતાનું એ સ્વરૂપોમાં દર્શન કરવામાં જ ભૂલ થાય છે.

૧૬. સાચી સંસ્કૃતિ અથવા સભ્યતા માનવકુટુંબના એકે એક માણસને સાદું, સંયમી ખડતલ અને મહેનતુ છતાં નિરોગી, નિર્ભય, સ્વાભિમાની અને મીઠાશભર્યું જીવન બનાવવાની અનુકુળતા કરી આપે. આ સર્વોદયની સંસ્કૃતિ છે. એવી સંસ્કૃતિ અહિંસાથી જ સંભવે.

૧૭. અહિંસક સંસ્કૃતિનો અર્થ અવ્યવસ્થા,અરાજકતા કે નાની નાની એકબીજાથી સ્વતંત્ર ટોળીઓ બનાવીને રહેવું એવો નથી. એનું ધ્યેય સમગ્ર વિશ્વ સાથે–મનુષ્યેતર જીવો સાથે યે-એકતાનો અનુભવ કરવાનું છે. તે ધ્યેય બીજાઓને લુંટવા, ચુસવા વગેરે કામોથી સિધ્ધ થઇ શકે નહીં; વળી તે માત્ર સ્થૂળ અને મોટાં કામોમાં જ દેખાવું ન જોઇએ. પણ અલ્પમાં અલ્પ જીવને યે સ્વજીવન વિકસાવવાની અનુકુળતા નિર્માણ કરવામાં પ્રગટ થવું જોઇએ. આ ધ્યેયને ખ્યાલમાં રાખી કેન્દ્રીકરણ અને વિકેન્દ્રીકરણ તથા 'શકિત' યંત્રો અને 'શરીર' યંત્રો વચ્ચે જે જે સમયે જેવી યોગ્ય હોય તેવી મર્યાદાઓને શોધી પસંદગી કરવી જોઇએ.

૧૮. અહિંસાની સાધના સમુદાયના સહયોગ પર જ આધાર રાખતી નથી. એનો પ્રયોગ દરેક વ્યકિતએ આત્માર્થે જ પોતાના જીવનમાં સ્વતંત્રપણે કરવાનો છે અને મુખ્યત્વે પોતાના વર્તનથી દાખલો બેસાડવાનો છે. પણ આનો અર્થ એ નથી કે અહિંસાના સાધકે સમુદાયના સહયોગની ઉપેક્ષા કરવાની છે અને તેનું મહત્વ સમજવાનું જ નથી.

૧૯. અહિંસા પરમ ધર્મ જ નહીં પણ સત્યાગ્રહી માટે તો સ્વધર્મ જ છે, એમ સમજી તેને આચરતાં સુખદુઃખ, લાભહાનિ, યશઅપયશ કે મરણ પણ આવે, તો યે તેનું જ પાલન કરવું જોઇએ. ઇશ્વર, આત્મા કે જગતના તત્ત્વ વિષેની જે સમજણ, અભય, સેવાવૃત્તિ અને આત્મસન્માન વગેરે જે ગુણો તથા પ્રાર્થના, યમ, નિયમ, શ્રમ વગેરે જે જે જીવનચર્યા એવી નિષ્ઠા ઉત્પન્ન કરે, તે ઇશ્વરોપાસના તથા શ્રધ્ધા છે.

૨૦. એવી ઇશ્વરોપાસના તથા શ્રધ્ધા વિના અહિંસાની સાધનામાં છેલ્લે સુધી નબાવું કહેણ છે.

૨. અહિંસક આચાર

૧. ઉપર જણાવેલાં ધ્યેયો અને સિધ્ધાંતોની સિધ્ધિ માટે પોતાના જીવનમાં જે કાંઇ ફેરફાર કરવાની જ્યારે જરૂર જણાય તથા તે માટે જે કાંઇ ત્યાગ કરવો પડે, તે કરવાની સાધકની તૈયારી હોવી જોઇએ.

૨. અહિંસાના વ્યવહારનો આરંભ પોતાના વ્યકિતગત જીવનમાંથી જ કરવાનો હોવાથી પોતાના કુટુંબીજન, સાથી, પાડોશી અને નિકટના સમાજમાં તેનું વર્તન અહિંસામય જ હોવું જોઇએ. તે સૌની સાથે તેનો વ્યવહાર પ્રેમભર્યો જ હોવો જોઇએ અને તેમની સાથે કાંઇ મતભેદ ઉભો થાય અથવા તેમના તરફથી અન્યાય કે અપકર્મ પણ થાય, તો તેના ઉકેલ માટે અહિંસાનો જ માર્ગ લેવો જોઇએ. પણ તેમના શરીર, સંપત્તિ કે આબરૂના રક્ષણ માટે કે પોતાને થયેલા અન્યાયને દૂર કરાવવા માટે કોઇ સાધક દીવાની કે ફોજદારી કચેરી કે પોલીસની મદદ ન લે.

૩. તે પોતાના કે સમાજના જીવન, મિલકત કે આબરૂના રક્ષણ માટે કે કોઇ ટંટાફિસાદ દબાવી દેવા માટે હિંસક ઉપાયો યોજવાનો વિચાર નહીં સેવે; પરંતુ મરણ કે બીજી આપત્તિનું જોખમ વહોરીને યે અહિંસાથી જ તેનો માર્ગ ખોળશે.

૪. બાનગી જીવનમાં તેમ જ સમાજમાં થતી અને સંભવનીય લાગતી દરેક હિંસાનું મૂળ કારણ શોધવા તે મથશે, અને તેમાં હિંસાનો આશ્રય લેનાર કે લેવા ઇચ્છનારના પક્ષમાં જે વાજબીપણું હોય તેનો જાતે સ્વીકાર કરશે અને અન્યાય કરનાર પક્ષને સ્વીકાર કરવા અને તેની ફરિયાદ દૂર કરવા સમજાવશે. એમ સમજાવવામાં તે ન ફાવે તો હિંસાનો આશ્રય લેવા ઇચ્છનારને અહિંસક ઉપાયો લેવા વિનવશે. તેમાંયે ન ફાવે તો બન્ને પક્ષો સામે યોગ્ય પ્રકારના સત્યાગ્રહનો પ્રયોગ શોધશે.

૫. પ્રજાના સંકટ સમયે તે જાતને જોખમે પણ સંકટગ્રસ્તોની મદદે પહોંચશે.

૬. પોતે આ બધું સમજે છે તેની બાહ્ય નિશાની રૂપે તે નીચેના નિયમોનું પાલન કરતો હોવો જોઇએ.

(ક) એણે અસ્પૃશ્યતા, ઊંચનીચભાવ તથા પંકિતભેદનો તદ્દન ત્યાગ કર્યો હોવો જોઇએ.

(ખ) એ સર્વ પ્રકારના સંકુચિત, કોમી, પ્રાંતીય, સાંપ્રદાયિક, ભાષા વગેરેના દુરભિમાનથી મુકત હોવો જોઇએ.

(ગ) તેનામાં સર્વધર્મસમભાવ સહજપણે હોવો જોઇએ.

(ઘ) સ્ત્રી પુરૂષ-વ્યવહાર તથા ધનની બાબતમાં તેનું ચરિત્ર શુદ્ધ હોવું જોઇએ.

(ચ) તે નિયમિત કાંતનાર, બાદીમય તથા ગ્રામોદ્યોગોને ઉત્તેજન આપનારો હોવો જોઇએ.

(છ) તે સાર્વજનિક સેવાના (બાસ કરીને રચનાત્મક) કામોમાં જાતે ઘસારો વેઠી નિયમિત રીતે ભાગ લેનારો હોવો જોઇએ.

(જ) તે સાર્વજનિક સંસ્થાઓમાં અધિકાર મેળવવાની લાલસા ન રાખે, ચડસાચડસી અથવા વિનવણી કરી એને મેળવવાનો કદી પ્રયત્ન ન કરે અને કર્તવ્ય સમજાતાં ગમે તેવાં મહત્ત્વનાં સ્થાનનોયે ત્યાગ કરવા તૈયાર હોય.

કિશોરલાલ ઘ. મશરૂવાળા

ગિરનારની નિસર્ગલીલા

(મંદાક્રાન્તા)

ઝાલ્યું ના રૂહે હૃદય હરખે સૃષ્ટિસૌંદર્યમાંહે
"પૃથ્વી છે આ ?" "નહિ ! નહિ ! અહીં
માણું છું સ્વર્ગ સાચે !"

(વસંતતિલકા)

સંયોગ શો મૃદુલ-ભીષણનો અનેરો
ગાઈ રહે મધુર ભવ્ય સુરમ્ય ગાન !
આ પહાડના ખડક શ્યામ કઠોર એમાં
લીલોતરી હસતી નાજુક; આસમાન
ચંદા-કટોરી ઢળતી ધરીને વહાવે
કયારેક સ્વર્ગી રસનું શીત સોમપાન.
ત્યાં ઇંદ્રના ધનુષ બે શશિ આસપાસ
દેદિપ્યમાન ફરતાં લઈ ચક્ર ભવ્ય,
ને તારલા માણસમાન ઝગી રહે કૈં
આ રાજના મુગટશી ગિરનાર-ટોચે.

* * *

(મંદાક્રન્તા)

અંધારના તટ પર જઇ ક્રાળ લેતો નવીન
ચક્રાવો ત્યાં નયન બનતાં મુગ્ધ સૌંદર્યલીન.

(વસંતતિલકા)

જ્યાં અંધકાર છલકંત હતો બીજામાં
ત્યાં ઉમટયો ઉદધિ વાદળનો અહા શો !
ના કાંઈ ન્યાળી શકું હું, બસ શૂન્યતાએ
માણું છું સંગ સહુ વિશ્વની સાથ મારો.
ગાજ્યું ત્યહિં અનિલકેરું મૃદંગ તાલે
નર્તંત વાદળી સહુ નિજ નવ્ય વેશે
સત્કારવા જઇ રહી રવિ પૂર્વ રાહે
રંગો ઝીલી પ્રિયતણા ઉરને પ્રદેશે.
સોનેરી રંગતણી હોરી રમંત આવે
રંગી દઈ સઘળી વાદળી સૂર્ય આભે.
ઉલ્લાસથી ઝળહળે નભ રંગ લોલ,
હિલ્લોળતું હૃદય ત્યાં કયમ રૂહે અબોલ !
અંકાઈ જાય ઉરની પ્રતિછાય અભ્ર
છાયેલ એ ફલકપે ત્રણ ઇંદ્રચાપ
એકેકની પીઠ પરે થઇ સ્વાર દોડે
અભ્રો પરે ચિતરતાં પ્રભુનો પ્રતાપ.
એ સપ્તરંગ ભૂંસતાં થઈ મસ્ત ઘેલાં
કૈં વાદળાં પળમહિં ત્યહિં દોડી આવી
–તોફાની જેમ કોઇશુ કોઇક છાનું ભૂંસે
રંગોળી રમ્ય ગૃહ-આંગણપે હસીને.

* * *

મુગ્ધાસમી સુરૂપ વાદળી નર્તંતી કૈં
શૃંગાર રમ્ય નવલો ધરી મેનકાશી
આકર્ષવા "અચળને હું ચળાવું"—આશે
આવે મહર્ષિસમ આ ગિરનાર પાસે.

* * *

(મંદાક્રાન્તા)

ન્યાળું છું હું; ગિરિ ! નિતનવાં રૂપમાં રમ્ય તારી
શોભા—છંદે મથતી મઢવા વાણીમાંહે હું મારી,
તોયે તું તો—(અચળ પણ તોયે !) વહી જાય શાને
કંઠેથી આ, નહિ ગૂંથી શકું સ્પંદનો સર્વ ગાને ?

(અનુષ્ટુપ)

રોમાંચે તાહરા હૈયું સ્વર્ગિય નંદ શો લહે,
જડને રોમરોમે જેમાં ચેતના છલકી રહે !–ગીતા કાપડિયા

કાશ્મીર વિષે સંયુકત નિવેદન

પાકીસ્તાનના મુખ્ય પ્રધાન શ્રી મહમદઅલી ગયા પખવાડીઆમાં કાશ્મીરના પ્રશ્ન અંગે વાટાઘાટ કરવા દીલ્હી આવી ગયા, હિંદના મુખ્ય પ્રધાન શ્રી. જવાહરલાલ નહેરૂ સાથે ચાર દિવસ મસલત કરી અને પરિણામે તે બન્ને તરફથી તા. ૨૦–૮–૫૩ ના રોજ જે સંયુકત નિવેદન બહાર પાડવામાં આવ્યું તેમાં કાશ્મીર વિષેના નિર્ણયો નીચે મુજબના છે:—

"આ મસલતો દરમિયાન કાશ્મીરનો પ્રશ્ન ખાસ કરીને વિસ્તારથી ચર્ચવામાં આવ્યો હતો. તેમનો સુદૃઢ અભિપ્રાય છે કે આ પ્રશ્ન કાશ્મીરની પ્રજાનું સુખકલ્યાણ સંવર્ધિત થાય અને એ પ્રદેશના લોકોના જીવનમાં ઓછામાં ઓછો ક્ષોભ પેદા થાય એ રીતે એ પ્રદેશના પ્રજાજનોની ઇચ્છા મુજબ ઉકેલાવો જોઇએ. પ્રજાજનોની ઇચ્છાને નિર્ણીત કરવા માટે વ્યાજબી અને નિષ્પક્ષ લોકમત Plebiscite એ સૌથી વધારે વ્યવહારૂ માર્ગ છે. આવા લોકમતપ્રદાનની યોજના વર્ષો પહેલાં સૂચવવામાં તેમ જ સ્વીકારવામાં આવી હતી. પણ કેટલાક પ્રાથમિક મુદ્દાઓ સંબંધમાં નિર્ણય નહિ થઇ શકવાના કારણે આ દિશાએ પ્રગતિ થઇ શકી નહોતી. બન્ને મુખ્ય પ્રધાનો સ્વીકારે છે કે આ પ્રાથમિક મુદ્દાઓ –તત્સંબંધે નિર્ણય ઉપર આવવાના હેતુથી-તેમણે પોતે જ સીધે સીધા વિચારી લેવા જોઇએ. આ રીતે સધાયલા નિર્ણયોનો અમલ કરવામાં આવશે અને કોઇ પણ પ્રકારનો કામચલાઉ સમયક્રમ–ટાઇમટેબલ–નક્કી કરવા માટે બીજું પગલું મતપ્રદાનનિયામકની નિમણુંક કરવાનું રહેશે. આ સંબંધમાં એમ ઉભયપક્ષે સ્વીકારવામાં આવ્યું છે કે આ મતપ્રદાનનિયામકની નિમણુંક ૧૯૫૪ના એપ્રીલ માસની આખર સુધીમાં થઇ જવી જોઇએ. આ તારીખ પહેલાં ઉપર જેનો નિર્દેશ કરવામાં આવેલ છે તે પ્રાથમિક મુદ્દાઓ નક્કી કરી નાંખવા જોઇએ અને તદનુસાર જરૂરી પગલાં પણ ભરાવા જોઇએ, અને આ હેતુ સિદ્ધ કરવાની દિશાએ બન્ને મુખ્ય પ્રધાનોને સલાહ આપવા માટે લશ્કરી તેમ જ અન્ય પ્રકારના નિષ્ણાતોની સમિતિઓ નિમાવી જોઇએ.

"મતપ્રદાનનિયામકની નિમણુંક થાય અને જમ્મુ અને કાશ્મીર સરકાર તેનો સ્વીકાર કરે ત્યાર બાદ તે નિયામક આખી પરિસ્થિતિની તપાસ કરશે અને તે સંબંધે રીપોર્ટ કરશે. ત્યાર બાદ **આખા રાજ્યમાં** વ્યાજબી અને નિષ્પક્ષ મતપ્રદાન યોજવા માટે તેને જે જે જરૂરી લાગશે તેવી દરખાસ્તો કરશે અને આ સંબંધમાં બીજા પણ તેને ઠીક લાગશે તેવાં પગલાં ભરશે."

આ સંયુકત નિવેદનમાં શું છે અને શું નથી તે સંબંધમાં આજે જાત જાતની અસ્પષ્ટ ચર્ચાઓ ચાલી રહી છે અને હવે પછી પણ આ નિવેદનને કેન્દ્રમાં રાખીને અનેકવિધ ચર્ચા થવાની છે, તેથી પ્રસ્તુત નિવેદનનો આધારભૂત અનુવાદ આપવો જરૂરી ભાસ્યો છે.

હિંદના પાટનગર દીલ્હીમાં બને મુખ્ય પ્રધાનોની ખેલદીલી–ભરેલી વાટાઘાટો ચાલતી હતી તે દરમિયાન કમનસીબે પાકીસ્તાનમાં હિંદ સામે 'જેહાદ'ના પોકારો ચોતરફ ઉચ્ચારાઇ રહ્યા હતા. આવી આગળ તેમ જ પાછળ સતત ઉશ્કેરણી હોવા છતાં હિંદની અને ખાસ કરીને દીલ્હીની પ્રજાએ જે ખામોશી દાખવી છે એટલું જ નહિ પણ હિંદના મુખ્ય પ્રધાનના આદેશને અનુસરીને પાકીસ્તાનના મુખ્ય પ્રધાનનું જે ભાવભર્યું ભવ્ય સ્વાગત કર્યું છે, અને હિંદી રાજકરણના આગેવાન સૂત્રધારોએ પણ જે ઉદાત્ત અને ઉમદા પ્રકારનું વર્તન દાખવ્યું છે તે જગતભરની મુકતકંઠે પ્રશંસા માગી લે તેવું છે. આવા ઉચ્ચકોટિના ખાનદાનીભર્યા વર્તાવ દ્વારા હિંદે પોતાની સભ્યતાનું અને શિસ્તવૃત્તિનું જગત્ સમક્ષ એક અનુકરણીય દૃષ્ટાન્ત પુરૂં પાડયું છે.

બીજી બાજુએ આ સમજુતી સંબંધે પાકીસ્તાનમાં પ્રગટ થઇ રહેલા પ્રતિકુળ પ્રત્યાઘાતો ધ્યાન ઉપર આવતાં ભારે દુઃખ થાય છે. જે પરસ્પર મૈત્રીની શુભ ભાવના ત્યાંના મુખ્ય પ્રધાનને પ્રેરી રહી છે તે શુભભાવના સામે જ ત્યાંના કેટલાએક અગ્રણીઓનો કટ્ટર વિરોધ હોય એમ માલુમ પડે છે અને આ બે ઉભય વચ્ચે ઉભી થયેલી સમજુતીને તોડી નાંખવા ધકિકતાં ચક્રો ત્યાં ગતિમાન થયેલા દિસે છે. અગ્રપુરૂષની ગમે તેટલી શુભેચ્છા હોય, પણ પાકીસ્તાનના ઉદ્ભવની ગળથુથીમાં જે દ્વેષ-મત્સરનું ઝેર રહેલું છે તેની માઠી અસરથી જ્યાં સુધી એ પ્રજા મુકત ન થાય ત્યાં સુધી મૈત્રી અને શુભેચ્છાની વાતો જોઇએ તેટલી કામયાબ નીવડવા સંભવ નથી. ભાવીના ગર્ભમાં ગમે તે હોય, હિંદ પોતાનો રાહ કદિ નહિ ચુકે અને કોઇ પણ જટિલ સમસ્યાનું પરસ્પર વાટાઘાટ અને સલાહસમજુતી દ્વારા સંશોધન અને ઉકેલ લાવવા માટે શકય તેટલા પ્રયત્નો કરવામાં કદિ પણ શિથિલતા નહિ દાખવે. **પરમાનંદ**

સંઘના સભ્યોનું યોજાયેલું પર્યટણ

ચાલુ સપ્ટેમ્બરની તા. ૨૦ અને રવિવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોનું વિહાર સરોવર ઉપર એક પર્યટણ ગોઠવવામાં આવ્યું છે. આ પર્યટણમાં સંઘના સભ્યો પોતાના કુટુંબ સાથે જોડાઇ શકે છે. પર્યટણમાં સામેલ થનારમાં મોટી ઉપરનાએ જણ દીઠ રૂ. ૫ અને દશ વર્ષની અંદરના નાની ઉમરનાએ જણ દીઠ રૂ. ૩) આપવાના છે. આ પર્યટણમાં જોડાવા ઇચ્છનાર સભ્યે ધનજી સ્ટ્રીટમાં આવેલા સંઘના કાર્યાલયમાં તા. ૧૫મી ની સાંજ સુધીમાં પોતાનું નામ, ઠેકાણું પોતે બસ માટે નક્કી કરેલાં સ્થાનોમાંથી કયાંથી જોડાશે અને નાનાં મોટાં કેટલાં જણ હશે વગેરે વિગતો નોંધાવી જવી તેમ જ ઉપર જણાવેલ દર મુજબ રકમ ભરી જવી. ૧૫મી તારીખ પછી કોઇને પણ લેવામાં નહિ આવે. પર્યટણમાં ભાગ લેનાર દરેકે પોતાની સાથે જણ દીઠ એક પ્યાલો તથા વાડકો લાવવાના છે. વિહાર પહોંચ્યા બાદ બે વખત ચા અને ભોજન આપવામાં આવશે. પર્યટણ માટે નક્કી કરેલી બસો સવારના નવ વાગે પાયધુની ટી. જી. શાહ બીલ્ડીંગથી ઉપડશે અને રસ્તામાં ઓપેરા હાઉસ પાસે રૂબી કંપનીની બાજુએ, દાદર બોરદાદ સર્કલ અને માટુંગા કીંગ સરકલ પાસે ઉભી રહેશે. આ પર્યટણમાં સંઘના સર્વે સભ્યોને ઉત્સાહપૂર્વક જોડાવા અને પર્યટણને પોતપોતાથી બને તે રીતે આનંદપૂર્ણ અને સફળ બનાવવા આગ્રહપૂર્વક વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

વિષય સૂચિ.		પૃષ્ઠ
સામુદાયિક સમાલોચનની વેળાએ	સંતબાલજી	૭૫
મહામાનવનો સાક્ષાત્કાર	કાકા કાલેલકર	૭૬
આર્થિક અવલોકન	કાંતિલાલ બગડિયા	૭૮
સાહસવીરની સહધર્મચારિણી	પરમાનંદ	૮૦
પર્યુષણ વ્યાખ્યાનમાળા		૮૧
અહિંસક સંસ્કૃતિ	કિશોરલાલ ધ. મશરૂવાળા	૮૨
ગિરનારની નિસર્ગલીલા	ગીતા કાપડિયા	૮૩
કાશ્મીર વિષે સંયુકત નિવેદન	પરમાનંદ	૮૪
સંતબાલજી સાથે એક સપ્તાહ	ધીરેન્દ્ર કામદાર	૮૫

સંતબાલજી સાથે એક સપ્તાહ

વીસાવદર તાલુકાની યાત્રાનાં કેટલાંક સંસ્મરણો

(તા. ૧૫-૭-૫૩ ના અંકથી ચાલુ)

વિસાવદર મુકામે તાલુકાના કાર્યકરોને સંબોધતા મુનિશ્રીએ કહ્યું કે "જે કાર્યકર્તા ભૂમીદાનમાં પડયા છે તેમની શ્રદ્ધાની જ્યાં સુધી કસોટી નહીં થાય ત્યાં સુધી ખરો રંગ નહીં આવે. નાનામાં નાની પ્રક્રિયામાં પણ તેણે સાવધ રહેવાનું છે. કોઇપણ દાતા ગમે તેટલી જમીન આપે છતાં જૂઠી વસ્તુને પ્રતિષ્ઠા ન મળી જાય તે તમે જોશો. લોકોને બીક કે ભય બતાવીને કામ લેવાનું નથી, કારણ કે તે એક પ્રકારની હિંસા થાય. જો આ દેશમાં ધર્મ અને સંસ્કૃતિનું ખમીર ન હોત તો ગાંધીજી પેદા થયા ન હોત. ભૂમીદાન હીલચાલ પાછળનું આખું ચિત્ર કાર્યકર્તાના દિલમાં આવી જવું જોઇએ. ભૂમિદાનનો "કવોટા" પુરો ન થાય તેની આપણને ચિંતા નથી. એટલે ખાનદાની પૂર્વક, સ્વમાનપૂર્વક અને તેજસ્વીતાપૂર્વક આપણે ચાલવું જોઇએ અને પોતાની ખામી દૂર કરતા જવું જોઇએ. પચીસ લાખ એકર જમીન મળી જાય એટલેથી જ આ વાત પતતી નથી. પરંતુ પહેલો તબકકો પૂરો થાય તો લોકોમાં વિશ્વાસ પેદા થાય. જો આખા દેશમાં આ હવા પ્રસરી જાય તો સામ્યવાદ જરૂર અટકી જાય. સેવકમાં સ્વમાન જોઇશે અને ત્યાગ કરવાની શકિત જોઇશે.

"માણસની નૈતિક તાકાત ઉપર જ દુનિયાના બધા રાષ્ટ્રો મુસ્તાક થવાના છે અથવા થાય છે. ચીન પાસે માનબળ છે. અમેરિકા પાસે એટમ બોમ્બ છે. આમ છતાં બન્ને ધ્રુજે છે કે નૈતિકબળ પોતા પક્ષે વધારે હોય તો સારૂં. ભારતને આર્થિક મદદ આપવા અંગેની અમેરિકાની ચિંતા પાછળ આ કારણ રહેલું છે. ભારતને જો મદદ ન આપી શકે તો સામ્યવાદ આવી જાય તેવી બીક તેને રહેલી છે. રશીયા પણ ધ્રુજે છે કે ભારતનું પલ્લું અમેરિકા તરફ ગયું તો આપણે કડડ ભુસ થઇ જવાના. જે નૈતિક તાકાતનો પરચો લોકોને ગાંધીજીએ આપ્યો છે તે ફરી પાછો સજીવ કરવાનો છે. અને તે ભૂમિદાન યજ્ઞ દ્વારા. આપણા કાર્યમાં ધ્રુજીર અને કુદરત એ જ પ્રેરકબળ નિવડો.

"જો વહેવારની સાથે ધર્મનો મેળ ન મળે તો સમજવું કે તે ધર્મ નથી. પાયો હંમેશાં ચેતનાનો હોવો જોઇએ. સેવાનો અર્થ પોતાની જાતની ઉન્નતિ કર્યા પછી તેનો ચેપ સમાજમાં ફેલાવવો તે છે. પોતાનો મેલ સાફસૂફ ન કરે અને કામ કરવા જાય તો લાભને બદલે હાનિ થાય. લશ્કરની જેમ આમાં પણ સાફસૂફી કરવી જોઇએ. આવી સાફસૂફી સમાજના હિતને ખાતર જ હોય છે. સત્યાગ્રહમાં ગાંધીજી પણ આત્મશુદ્ધિ ઉપર ખૂબ ભાર મૂકતા. શુદ્ધિ અને સમાજસેવા વચ્ચે અંતર નથી. મહાવીરનો ધર્મ બધા ધર્મો કરતાં મહત્ત્વવાળો છે તેમાં આ એક કારણ છે. માત્ર રાહત આપવા પુરતું જ આપણું કામ નથી. પૈસાની વાતોની સાથે સાથે આત્મોન્નતિની વાતો પણ ન ભુલાય તે જોવું જોઇએ."

× × ×

રાત્રે ચર્ચામાં જતી વેળા ફોર્મ લઈ લેવા મીરાંબહેને મને સૂચન કર્યું. મેં કહ્યું "શું જરૂર છે? કોઈ દાન આપવાના નથી." ગુરૂદેવે કહ્યું "વરસાદ માટેની પ્રાર્થનામાં છત્રી લઇને જ બધા જનાર હોય તો એ શ્રદ્ધાના બળની પાસે વરસાદ આવે પણ ખરો. એ જે રીતે ફોર્મ લેશો અને શ્રદ્ધા રાખશો તો દાતા અવશ્ય મળશે જ." ખરેખર બન્યું પણ તેમ જ. વેકરીયા ગામના ખેડુત શ્રી સુખા રામે પાંચ વિઘા જમીન દાનમાં આપવાની સંમતિ આપતાં ત્યાં ને ત્યાં ફોર્મની મને જરૂરત પડી. શ્રદ્ધાનો આવો બીજો જ પ્રસંગ પણ બની ગયો. વિસાવદરથી વિહાર કર્યા બાદ મીરાંબહેને કહ્યું, "ગુરૂદેવ! આ બધા પૈસાદાર લોકોએ કેમ કંઇ દાન આપ્યું નહિં? મને તો થતું હતું કે આગેવાન ગણાતા એક ભાઇને સીધે સીધું કંઇક કહું. પરંતુ મણિભાઇએ મને ના કહેતાં હું કંઇ ન બોલી."

ગુરૂદેવ–"મીરાંબહેન તમને શું ખાત્રી કે તેઓ આપવાના નથી?"

મીરાંબેન–"કેમ વળી આપવું હોત તો આપી દીધું હોત. હવે શું આપવાના હતા?"

ગુરૂદેવ–" શ્રદ્ધાની ઉણપ દિલમાં કયારેય ન આવવી જોઇએ. કોઇ માણસ આ હીલચાલથી અલગ રહી શકવાનો નથી. હું માનું છું કે તેમના દિલમાં જે ભાવો પ્રસરતા હશે તે સારા જ હશે."

મીરાંબહેનને આ વાત તુરત તો ન સમજાઇ, પરંતુ પાંચેક મીનીટ ચાલ્યા હોઇશું કે એક સાઇકલીસ્ટ ચીઠ્ઠી લઇને આવ્યો. મારા ઉપરની એ ચીઠ્ઠીમાં જણાવેલું હતું કે "મથુરભાઇ ગાડીમાં આવી જતાં તેમની સંમતિ લઇને શ્રી વિષ્ણુદાસભાઈ પાંચ વીઘા જમીન આપે છે. ગુરૂદેવને જાહેર કરશો." આ પાંચ વિઘાં જમીન તે ઓછામાં ઓછી રૂા. ૧૦૦૦ ની કીંમતની ગણી શકાય. ગુરૂદેવે તુરત જ "કહ્યું, કેમ" મીરાંબહેન! હું અને મીરાંબહેન એજ ક્ષણે હસી પડયાં. માર્ગમાં મણિભાઇ- (સંતબાલજીના મંત્રીશ્રી) એ કહ્યું કે "ખરેખર દાન આપનારના મનમાં અનેક વિચારોની ઘટમાળ ચાલતી જ હોય છે. ધારાસભ્ય શ્રી વેલજી ખોરડે મને પુછ્યું કે તમે, (અર્થાત તમારા કુટુંબે) દાનમાં શું ફાળો આપ્યો છે? મને હવે વિચાર આવે છે કે મારા કુટુંબની મીલ્કતમાં જો મારો હીસ્સો ગણાતો હોય તો મારે પણ ભૂમીદાન અપાવવું જોઇએ." સંતબાલજીએ તુરત જ કહ્યું, "મણિભાઇ, હું એજ કહેવા માગુ છું કે આ હીલચાલ જ એવા પ્રકારની છે કે તેમાંથી કોઇ અલગ રહી શકે નહીં" અમારી સાથે અધવચ્ચેથી જોડાયેલા એક પત્રકારભાઇએ આ વાત સાંભળીને દર માસે પોતાના વેતનમાંથી પાંચ ટકા આપવાની જાહેરાત કરી. ખરેખર આ પ્રસંગોએ મારા દિલમાં જે ભાવો પેદા કર્યા છે તે હું કદી વિસરી શકું તેમ નથી.

* * *

જેતલવડમાંથી પંદર વિઘાં દાનપ્રાપ્તિ થઇ અને દાતાઓએ પુરા ભાવથી દાન કર્યું. માર્ગમાં નિર્મળકુમાર (ભાવનગર) કે જેમણે રીબ ધાડ કેસમાં ભાગ ભજવેલ અને જેમને કોર્ટે સજા કરેલી તેનો પ્રશ્ન ઉખળ્યો. એક ભાઇએ કહ્યું, "નિર્મળકુમારને જેલની અંદર બીજો વર્ગ અપાયો છે." મીરાં બહેને કહ્યું, "એવું શા માટે? એટલો જ ગુનો જો બીજો કોઈ કરે તો તેને બીજો વર્ગ અપાય ખરો? મને તો તે પક્ષપાત લાગે છે." બીજા ભાઇએ કહ્યું, "કોર્ટને પક્ષપાત કરવાનું કારણ શું હોઈ શકે?". ત્યાં એક એવો સુર આવ્યો, કે "કોર્ટે રાજ્યને જ કયો વર્ગ નકકી કરવો તે સોંપેલું." મીરાંબહેનનું કહેવું હતું કે સાધારણ કેદીને જે સજા ભોગવવી પડતી હોય તે સજા આવા માણસને પણ મળવી જોઇએ.

આ ચર્ચાઓ અધુરી રહેવી, પરંતુ પ્રાતઃકાળમાં પ્રાર્થના પછી પ્રવચન કરતાં સંતબાલજીએ કહ્યું, કે "ગુનેહગારને શારીરિક સજા કરતાં માનસિક સજા જ વધારે જાગૃત કરી શકે. શારીરિક સજાની પીડા કરતાં સજાની માનસિક પીડા વધારે હોય છે. વળી માનસિક રીઢા થયેલા ગુનેહગાર ઉપર શારીરિક સજાની કોઇ અસર થતી નથી. આથી કરીને કેવળ શારીરિક સજાને

વધારે મહત્વ આપણે નહીં આપીએ. જે નિમિત્તો દ્વારા તેણે અનિષ્ટો આચર્યાં એ જ નિમિત્તોનો ખ્યાલ કરીને તેની સ્થિતિ કાયમ ઉપર લાવવી તે યોગ્ય છે. જે સમાજમાં ગુનેહગાર આટલી હદ સુધી ફૂલ્યોફાલ્યો તેમાં આપણે પણ સીધો યા આડકતરો ભાગ ભજવ્યો છે એમ સમજીને આ ગુનાખોર વૃત્તિ મૂળમાંથી કેમ દૂર થાય તે વિચારીએ. એક માણસ ગુનેગાર છે, પ્રમાણો પણ મળે, પરંતુ જ્ઞાની વિચાર કરશે કે સમાજે તેને કેમ રોકયો નહિ ? આનો અર્થ એવો નથી કે બનવા કાળ બની ગયું, હવે શું ? જો એટલો જ વિચાર કરીએ તો એનાથી પણ ગુનાહખોર-વૃત્તિ વધે છે. સજ્જ દ્વારા માણસની મુર્છિત ભાવનાને જાગૃત કરવાની છે. જ્ઞાનના ચાર રસ્તા છે (૧) પ્રાણીમાત્ર ઉપર મૈત્રી ભાવથી જોવું. (૨) પોતાના કરતાં સામામાં જે વિશેષ ગુણ હોય તેનાથી આનંદ પામવો. (૩) તેનામાં ખામી હોય તો ઉર્મિનો વધારે ઉમળકો આવવો જોઈએ, વધારે કરૂણાની લાગણી પેદા થવી જોઇએ. (૪) કોઇ આપણી સામે દુશ્મનાવટથી જુએ તો પણ આપણે શાંતિ રાખવી, સમભાવ ચિન્તવવો.

બીજાએ કરેલા દોષમાં સીધું કે આડકતરું ભાગીદારીપણું ધરાવું છું તેવું જ્ઞાન રાખીને આગળ ચાલવું તેમાં જ પવિત્રતા છે. આ રસ્તો જ ન્યાયી અને પ્રેમ ઉપજાવે તેવો છે. તોરલના જીવનઆચરણે જ જેસલને જગાડયો અને જેસલની ઉપર જામેલા પડળ ઉખેડયાં. માયા અને મમતા છોડાવવા તેણીએ પ્રયાસ કર્યો અને મુર્છિત થયેલ માણસ બેઠો થઇ જાય તેમ જેસલનો હૃદયપલટો થયો. આમ કરવાથી જ ન્યાયની એક પ્રણાલી ઉભી થાય અને વાત્સલ્ય તેમજ પ્રેમનું વાતાવરણ પ્રગટે."

* * *

વિશ્વતાત્સલ્યનું લખાણ લખવામાં અને બીજી ટપાલોના જવાબો આપવામાં મહારાજશ્રીનો સમય સારી રીતે વીતતો હતો. વચ્ચે મુલાકાતીઓની પણ હારમાળા જામતી. વિસાવદર મુકામે એક ગીરાસદાર ત્રણ એકરનું ફોર્મ લઇને મળવા આવેલા, પરંતુ મહારાજશ્રીના પ્રભાવ માત્રથી જ ત્રણને બદલે ચાર એકર ત્યાંને ત્યાં તેમણે કરી આપી. કમકાઇના મહંતશ્રીએ મુલાકાત વેળા ત્યાંને ત્યાં પચીસ વિઘાંની જાહેરાત કરી. એક મોટા જમીનદાર ખેડુત તરફથી ચીઠ્ઠી લઇને એક ભાઇ આવેલા. ચીઠ્ઠીમાં લખેલું કે "હું સારી એવી ખેડવાણ જમીનમાંથી એકસો વિઘાનું દાન આપું છું" ચીઠ્ઠી વાંચતાં જ મહારાજશ્રીએ કહ્યું કે "તેઓ પોતાનો છઠ્ઠો ભાગ પુરેપુરો આપે તો સારૂં" અને પેલા ભાઇ મહારાજ-શ્રીનો સંદેશો લઇને એટલા જ ઉત્સાહથી દાતાને મળવા ગયા. મુલાકાતીઓમાં શ્રી રતુભાઇ અદાણી ઉપરાંત કુંડલાના ધારા-સભ્ય શ્રી અમુલખરાય ખીમાણી, અને જીલ્લા વિકાસ અધિકારી (સોરઠ) તથા "પ્રબુધ્ધ જીવન"ના તંત્રી, શ્રી પરમાણંદ કુંવરજી કાપડીયા પણ હતા. પ્રબુધ્ધ જીવનના તંત્રીશ્રીએ વિવિધ પ્રશ્નો ઉપર મહારાજશ્રી સાથે ચર્ચા કરી હતી અને વધુમાં વધુ સમય લીધો હતો રાત્રીપ્રવચન દરમ્યાન તેઓશ્રીએ સચોટ એવી ભાષામાં ભૂમિદાનને આવકાર્યું હતું. આ સિવાય એક જૈન મુનિ કે જેમને જૈન સંઘે ત્યજી દીધાં છે તેમણે પણ સંતબાલજીની મુલાકાત વેળા ટીક સમય લીધેલો. સુડાવડ મુકામે કેળવણી નિરીક્ષક તથા શ્રી લાલચંદભાઇ વોરા પણ મુલાકાતીઓમાનાં હતાં. મીરાંબ્હેનને હાથે સુડાવડમાં પ્રાથમિક શાળાનું નવું મકાન ખુલ્લું મુકાયું હતું.

* * *

સુડાવડ મુકામે પ્રવચન આપતાં મુનિશ્રીએ કહેલું કે "રાષ્ટ્ર ભરમાંથી પાંચ કરોડ એકરનો ભૂમિદાન સંકલ્પ છે. સૌનું થશે તે આપણું થશે તેવી માન્યતા બરોબર નથી. માઉ માઉની લડાઇ આફ્રિકામાં ચાલતી હોય તો તેની હવા અહિં આવે છે. ચીન અને રશીયાના છાંટા અહિં ઉડે છે. સમય બહુ ટુંકો છે અને તેમાંથી જ આપણે સાચે રસ્તો કાઢવાનો છે. ચાર બ્રાહ્મણ ભાઇઓ વચ્ચે દાનમાં મળેલી એક ગાયને કોઇએ ખોરાક આપ્યો નહિં, પરંતુ દુધની આશા ચારેય જણે રાખી. પરિણામે કામ-ધેનું જેવી ગાય ગુમાવી. રાજાઓ, ગીરાસદારો, ખેડુતો, અને મજુરો વચ્ચે વહેંચાયેલી ધરતીની એ દશા હતી. આજના ઉભડોની સંખ્યા જોઇને જ ખાત્રી થઇ જવી જોઇએ કે વહેંચ-ણીની જરૂરત છે. રાજાના કુંવરને માટે એકઠું થનાર દુધના ટાંકામાં સો મણ દુધ ચારસો માણસોએ નાંખવાનું હતું. જ્યારે પ્રત્યેકે દસ શેર દુધને બદલે દસ શેર પાણી નાખ્યું, ત્યારે દુધના ટાંકામાં સો મણ પાણી એકઠું થઇ ગયું. દરેકના મનમાં જો ચોરવૃત્તિ જ હોય તો પછી કુદરત પણ ચોરી કરે એમાં નવાઇ શી ?"

* * *

રાત્રે સેવકો અને સાધકોનો પ્રશ્ન છેડાયો હતો. પ્રાર્થના પછીનું સવારનું પ્રવચન આપતાં મુનિશ્રીએ કહ્યું કે "કુવો ઉત્તમ ન હોય તો હવાડાનું પાણી સારૂં હોઇ શકે નહીં. સમાજ એક કુવો છે. સેવકો, સાધકો, આ બધી તેની સરવાણીઓ છે. જ્યાં સુધી બ્રાહ્મણ ને ક્ષત્રિયો બીલકુલ નિષ્કંચન હતાં, ત્યારે ઉત્તમ કોટિના દર્શકો આપણને સાંપડયા હતા. પરંતુ સડો લાગતાં વાતાવરણ પલટાઇ ગયું. બુધ્ધ અને મહાવીરે માન્યું કે હવે જુનું ચાલે તેમ નથી, એટલે ન્યાત જાતના ભેદો તોડયા. ભકતોની પરંપરા ચાલી, જેણે સંગીન રીતે કાર્ય કર્યું. તે પરંપરાને કારણે થોડુંક સુષુપ્ત અવસ્થામાં પડેલું આપણને મળ્યું છે. ગાંધીજીએ ધર્મને અને વહેવારને એક કરી નાંખ્યો અને પરિ-ણામે એક મોટો પ્રભાવ પડયો. વચમાં એક મૂર્છાનો ઝોક આવી ગયો. પરંતુ ભૂમિદાનથી વાતાવરણ ફરી પલટાયું છે. રચનાત્મક સેવકો જો નૈતિકપણે એક વાત સ્વીકારી લે તો બહારનું બળ પણ પવિત્ર બને. આવા સેવકો માટે આખી યોજના વિચારવી જોઇએ અને સર્વ-સામાન્ય રીતે કેમ જીવી શકે તે ગોઠવવું જોઇએ. દૃષ્ટિસંપન્ન માર્ગદર્શકો-નેતાઓ હોય તો તો સેવકોનો માર્ગ મોકળો થઇ જાય. એક બાજુથી સત્તા અને ધનની પ્રતિષ્ઠા તૂટે અને સેવાની પ્રતિષ્ઠા વધે તો ત્યાગ તપ, અને સંયમની પરંપરા વધવાની જ. એ પરંપરામાંથી જો થોડાક સેવકો આગળ વધી જાય તો ભકતોની પરંપરાની જેમ નવો ચીલો પડે. તેમણે એવી સેવા કરતાં કરતાં દટાઇ જવું જોઇએ. અ.જે એવા ૫૦૦૦ સેવકો મળવા મુશ્કેલ છે. આવા સેવકો પકવવાનું કામ સમાજ અને સાધુનું છે. નવી આર્થિક ક્રાંતિ અને સામાજિક ક્રાંતિમાં આ જરૂરી છે. આ બધું કરતાં કરતાં પણ તેજસ્વીપણું ટકવું જોઇએ. જો તેજસ્વીપણું ટકશે નહીં તો તેની કંઈ કીંમત નહીં રહે, અને વ્યવસ્થિત સમાજરચના આગળ નહી વધી શકે.

"જ્યારે સાધક સર્વજ્ઞ બને છે ત્યારે તેને બધી જાતનું જ્ઞાન થાય છે. જેટલે અંશે તે રાગદ્વેષથી પર બને છે તેટલે અંશે જ્ઞાન વધુને વધુ થાય છે. પોતાના શરીરની મમતાને લીધે અને અહંકારને લીધે. માણસને બહારના ચમત્કારો વધારે ગમતા હોય છે. બહારના બધા જ ચમત્કારો કરતા અંતઃકરણની પવિત્રતા વધે છે. રાગદ્વેષ સર્વાંશે નિર્મૂળ થઇ જાય તો તેને સર્વજ્ઞ કહેવામાં આવે છે.

"જ્યારે તે સાધારણ અંશે દૂર થાય ત્યારે તેને સમકિત-રૂપ કહેવાય છે. સોરઠમાં સન્તબાલજીના પ્રવાસ દરમિયાન વિસાવદર તાલુકા તરફથી કુલ ૮૦૮॥ વિઘા જમીન રૂ. ૨૪૩ રોકડા તથા બે મકાનો—આટલું ભૂમિદાનમાં મળ્યું છે. આ પ્રમાણે અમારો તાલુકાનો કાર્યક્રમ અહીજ પૂરો થતો હોઇને અમે સંતબાલજીના આશીર્વાદ લેવા ગયા. વિદાયવેળાએ અમને નીચે મુજબ આશીર્વાદ આપ્યા:—

સર્વથા સૌ સુખી થાઓ !
સમતા સૌ સમાચરો !
સર્વત્ર દિવ્યતા વ્યાપો !
સર્વત્ર શાન્તિ વિસ્તરો !

સમાપ્ત **ધીરેન્દ્ર કામદાર**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨.

છુટક નકલ : ત્રણ આના શ્રી મુંબઈ જૈન યુવક સંઘનુ પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ બી.૪૨૬૬

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જનવર્ષ : ૧૪ : અંક ૧૦ | પ્ર. જીવન વર્ષ ૧ : ૧૦ | મુંબઈ : ૧૫ સપ્ટેંબર ૧૯૫૩ મંગળવાર | વાર્ષિક લવાજમ રૂપિયા ૪

उपयोगमूलो धम्मो

આ પત્રિકા બહાર પડશે ત્યારે પર્યુષણ પર્વ શરૂ થઇ ગયા હશે. વર્ષનાં અનેક પર્વોમાં પર્યુષણપર્વનો મહિમા સૌથી વધારે છે. જેઓ વર્ષ દરમિયાન કંઇ નહિ કરતાં હોય તેઓને પણ આ પર્વમાં કંઇક ધાર્મિક ક્રિયા કરવાની વૃત્તિ થાય છે. બહુધા માનવી અર્થ અને કામની સાધનાના પ્રવાહમાં ખેંચાયે જતો હોય છે. પાછું વળીને જોવાની નિરાંત નથી હોતી. તેવા મનુષ્યો કર્તવ્યાકર્તવ્યનો વિચાર કરવા થોભે, વર્ષમાં એકાદ દિવસ પણ અંતઃકરણની પરિમાર્જના કરે, એ હેતુથી પર્યુષણ પર્વની યોજના થયેલી છે. વ્યાખ્યાનમાં પ્રતિવર્ષ ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુનું કથાનક સંભળાવવાનો ઉદ્દેશ પણ આ જ છે.

આપણે બધા સામાન્ય રીતે શું કરીએ છીએ ? આભૂષણ કપડાંની સજાવટ, નાના મોટા માટે કરી રાખવાની ખાદ્ય વસ્તુઓની તૈયારી, અને શું તપસ્યા કરવી, કેટલા ઉપવાસો કરવા તેની વિચારણા એ પૂર્વતૈયારી હોય છે. પર્વ શરૂ થાય ત્યારે વ્યાખ્યાનમાં જવું, પ્રતિક્રમણ કરવું અને બને તે તપસ્યા કરવી. ચાલતા આવતા ચીલા પ્રમાણે બધું કરીએ અને પર્વના દિવસો સારા ગયા તેનો સંતોષ માનીએ. પણ આમાં અંતરશોધનની તો કયાંય ઝાંખીયે ન હોય. ઉપર જણાવેલી બધી ક્રિયાઓ જીવનમાં ઉત્તરોત્તર વિશુદ્ધિ આણવાની પ્રેરણા મેળવવાનું સાધન છે. સાધ્ય નથી. પણ આપણા ચિત્તમાં એવી માન્યતા દૃઢ થયેલી હોય છે કે આ જે કથાનક સાંભળીએ છીએ તે એક જુદા જમાનાની વાત છે. તે સમયે તે સંભવી શકતું હતું. અત્યારનો કાળ વિષમ છે. આપણે તેવું કશું કરી શકીએ તેમ નથી. આવી કલ્પનાથી આપણી વિચારબુદ્ધિ જડ થઇ જાય છે. જે કથાનક સાંભળીને જીવન ઉચ્ચ શ્રેણી તરફ વાળવાની પ્રેરણા મેળવવાની છે, તે કથાનકને તદ્દન નિષ્ક્રિય બુદ્ધિથી સાંભળીએ છીએ. આના સમર્થનરૂપે બે ચાર બાબતો લઇએ.

આયંબિલ તપ તેમજ બીજી અનેક ખાદ્ય વસ્તુઓનો ત્યાગ કરીને જીભના રસ જીતવાનો પ્રયત્ન કરનારા આપણે ખાંડ ઉપર અંકુશ હતો ત્યારે ચોરી છુપીથી જે ભાવે મળે તે ભાવે લઇને ખાધી. દરરોજ અતિચારમાં " વિરુધ્ધ રાજ્યાતિક્રમણ કીધો " બોલનારા આપણને ન ચોરી લાગી, ન જીભના રસ જીતવાનો ધર્મ સમજાયો. નિષ્પરિગ્રહી થવાની ટેવ પાડવા માટે " પૌષધ વ્રત " કરનારા આપણને " નહિં મળે માટે લઇ લો " એમ વિચારીને જેમ મળ્યું તેમ સંગ્રહ કરવામાં સંકોચ ન લાગ્યો. સ્વધર્મીવાત્સલ્ય એ શ્રાવકનું કર્તવ્ય છે એમ દર વર્ષે વ્યાખ્યાનમાં સાંભળવા છતાં ગમે તે ભાવે ગમે તે વસ્તુ ખરીદીને આપણી સગવડોને ઊણપ ન આવવા દીધી. તેમાં સ્વધર્મીવાત્સલ્ય તો બાજુએ રહ્યું પણ સ્વધર્મીઓને તે તે વસ્તુઓ વિના ભૂખ્યા રાખ્યા તેનો વિચાર પણ ન આવ્યો. મહાવીરના ઉપસર્ગોનું દર વર્ષે શ્રવણ કરીને પરિસહ સહન કરવાની ટેવ પાડવાને ઇચ્છતા આપણને કોઇ કાર્ય પાર પાડવામાં જરા સરખું કષ્ટ જણાતા ' ભઇ રૂપીઓ આઠ આના હાથમાં મૂકી દોને, તુર્ત કાર્ય થઇ જશે " એમ બોલી નાંખતા નથી તો જરાએ ક્ષોભ થતો, નથી તેમાં લાંચ રૂશ્વતરૂપી અધર્માચરણ લાગતું.

રોજના જીવનવ્યવહારમાં બીજી પણ અનેક નાની નાની વિગતો છે. જેમકે ગમે ત્યાં ગમે તેમ થુંકવું કે કચરો નાંખીને રોગનો ફેલાવો કરવો અથવા કોઇને માથે પડે કે કોઇના પગ નીચે આવે તેમાં તે વ્યક્તિનો કેટલો જીવ દુભાય ? તેના દોષભાગી આપણે નહિં ? વ્યાખ્યાનોમાં બાળકોને લઇ જવા અને પછી તેને દોડાદોડી કે ધોંધાટ કરવાને છુટા મૂકી દઇ આપણે સામાયિક લઇને બેસી જવું તેમાં આપણે કેટલા બધાને સાંભળવામાં વિક્ષેપ નાંખવાના નિમિત્તભૂત થઇએ છીએ ! ચાલુ વ્યાખ્યાને બીજાઓની વચ્ચમાં પગ મૂકી મૂકીને આગળ જવું તેમાં બીજાઓનો કેટલો જીવ દુભાય ? કીડી સરખીને પણ દુભવવામાં હિંસા માનનારા આપણે પંચેન્દ્રિય જીવ રૂપી માનવસમાજને કેટલી દુભવીએ છીએ તેનો વિચાર કરી શકતા નથી. આવી રીતે અનેક બાબતોમાં આપણી વિવેકબુધ્ધિની જડતા કે ઉપયોગશૂન્યપણું મુખ્ય ભાગ ભજવે છે. શાસ્ત્રકારોએ અમુક રૂઢી ચાલુ કરી અને તે રૂઢી પ્રમાણે વર્તવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ. પણ તે રૂઢીના મૂળમાં ઉંડા ઉતરીને વિચારવાની જો થોડી તસ્દી લઇએ તો રોજના જીવનવ્યવહારમાં અનેક સુધારણાઓ કરી હિંસા, અસત્ય વગેરેના દોષભાગી થતાં બચી જવાય. પણ આ રીતે વિચારવામાં મનને તટસ્થ અને એકાગ્ર કરવું પડે છે, જે એક પ્રકારનો માનસિક શ્રમ હોવાથી કઠીન લાગે છે, એટલે એ વિષયમાં બુદ્ધિને આપણે બુઠ્ઠી કરી નાંખી છે. જે કાળમાં પૂર્વપુરૂષોને જે જે દોષરૂપ લાગ્યું તેમાંથી બચવાનું માર્ગદર્શન તેઓએ કર્યું, પણ મુખ્ય વસ્તુ આપણો પોતાનો ઉપયોગ–વિવેકબુદ્ધિ–છે. એટલેજ શાસ્ત્રકારોએ કહી દીધું કે " ગમે તેટલા રસ્તા બાંધી આપીએ પણ તે રસ્તે આંખ મીંચીને ચાલવાનું નથી. ધર્મ તો " उपयोगमूलो " છે. માટે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી ડાધ લાગી જાય છે તેનું ચિંતન શોધન કરીને આચરણ કરો.

ધર્મ અને સમાજ એ જુદી વસ્તુ નથી. સમાજ સાથેનો શુદ્ધ ન્યાયપૂર્ણ વ્યવહાર એ જ ધર્મ છે. વ્યવહારમાં તો અસત્ય બોલવું પડે, થોડી ઘણી લાંચ રૂશ્વત આપવી પડે એમ બોલનારા આપણે આપણા પોતાના આત્માને છેતરી રહ્યા છીએ. અધર્મ આચરતાં છતાંયે ધાર્મિકતાનો અહંભાવ પોષીએ છીએ. વ્યવહારમાં સત્યને વળગી રહેતાં કે લાંચ રૂશ્વત ન આપતાં જે સહન કરવું પડે તે સહન કરવા તૈયાર રહીએ એ જ ખરું તપ છે. એ જ उपयोगमूलो धम्मो છે. ભાદરવા શુદી ૪ ને દિવસે સંવત્સરી પ્રતિક્રમણ કરી ગત વર્ષમાં થયેલા દોષોની આ રીતે વિચારણા કરી વ્યવહારમાં શુદ્ધ નિર્મળ જીવન જીવવાની પ્રતિજ્ઞા લઇ નવીન વર્ષમાં પ્રવેશીએ !

' વિકાસ ' માંથી સાભાર ઉધ્ધૃત. **મનાભહેન**

મંગળયાત્રા

જીવન પોતે જ યાત્રામય છે. માણસ કે બીજું પ્રાણી જીવે છે તે સાથે એની જીવનયાત્રા સંકળાયેલી જ છે. તેદ્વારા એ એક અથવા બીજી રીતે પ્રગતિ, અને અપ્રગતિના ચક્રમાં ફેરા ફર્યા જ કરે છે. એવા ફેરાઓને આપણે જાણતા પણ હોઇએ છીએ. ઘણીવાર જાણવા છતાં જાણે અજાણ્યા હોઇએ તે રીતે પણ વર્તીએ છીએ. એવા અજ્ઞાનથી ઉગરવા અને કાંઇક જાણતા હોઇએ તો તેથી વધારે ઊંડું, વધારે સ્પષ્ટ અને વધારે સ્થાયી જાણવાની દૃષ્ટિએ ધર્મજીવી પુરૂષોએ મંગળયાત્રા વિષેનો પોતાનો અનુભવ આપણી સમક્ષ રજુ કર્યો છે. તે યાત્રા કઈ અને કેવી એ જાણીએ તો પજુસણના દિવસો કાંઇક સાર્થક બને.

મંગળયાત્રાનું પહેલું લક્ષણ એ છે કે જે પરિમિતમાંથી અપરિમિત ભણી લઈ જાય, જે લઘુતામાંથી મહત્તા સર્જે, જે અલ્પને ભૂમા (મોટા) બનાવે. બીજું લક્ષણ એ છે કે તે યોગ્ય રીતે જ ઉપર ઉપરના પગથીયે ચઢાવે. જેથી એના યાત્રિકને પડવા વારો કે પ.છેહડ કરવા વારો ન આવે. ત્રીજું અને મહત્વનું ખાસ લક્ષણ એ છે કે એ તેના યાત્રિકમાં કદિ પણ વિષાદ, કંટાળો કે થાક આવવા ન દે.

મનુષ્યમાં કાંઈ પણ સૌની નજરે તરે તેવું જીવિત તત્ત્વ હોય તો તે તેની જીજ્ઞાસાવૃત્તિ છે. જાણવું, કાંઇક જાણવું, નવું નવું જાણવું, ગમે તે રીતે પણ જાણવું ને જાણવું જ એ માણસની અદમ્ય વૃત્તિ છે. એ વૃત્તિ તેની મંગળયાત્રાનો મૂળ પાયો છે. જીજ્ઞાસાને જોરે જ માણસ જુદી જુદી ઇંદ્રિયોથી જ્ઞાન મેળવે છે. જ્યાં ઇંદ્રિયોની ગતિ ન હોય એવા વિષયોને કે એવી બાબતોને તે વિશ્વાસપાત્ર પુરૂષોને મોઢેથી કે વિશ્વાસપાત્ર મનાતા શાસ્ત્રોમાંથી સાંભળી જ્ઞાન મેળવે છે. આ ભૂમિકા મંગળયાત્રાની પહેલી મજલ છે. આ મજલ બહુ જ લાંબી છે. તેમાં માણસ નજીકના, દૂરના, કામના, કામવિનાના, સ્થૂલ, સૂક્ષ્મ એવા અનેક વિષયોનું જ્ઞાનભંડોળ સંચિત કરતો જાય છે. એ સંચયથી એનો આત્મા પ્રફુલ્લ થાય છે, ભર્યોભર્યો બને છે. પણ માણસનું મૌલિક જિજ્ઞાસા તત્ત્વ એને એ મજલની કોઇક ક્ષણે ધક્કો મારે છે અને કહે છે કે તું નવું જાણ. પણ માત્ર નવું જ નહિં પણ તે નવું સત્ય હોવું જોઇએ. તે પ્રેય નહિં પંણ શ્રેય હોવું જોઇએ. જિજ્ઞાસાના આ અંતર્મુખ ધક્કાથી માણસ હવે પોતાની દિશા બદલે છે. પહેલાં તે નવું ને નવું જાણવાની ધૂનમાં યાત્રા કર્યે જતો, હવે એને નવું જાણવાની સાથે સત્ય અને શ્રેય શું છે એ જાણવાની ધૂન પ્રગટે છે. અને અહિંથી જ એની પહેલી મજલ પૂરી થઇ બીજી મજલ શરૂ થાય છે.

બીજી મજલમાં માણસ મુખ્યપણે ઇંદ્રિયોના બાહ્ય વ્યાપારો દ્વારા જ્ઞાન મેળવવાને બદલે આંતરિક ઇંદ્રિય મન દ્વારા પ્રથમ મેળવેલ જ્ઞાનનું અને નવા મેળવાતા જ્ઞાનનું સંશોધન શરૂ કરે છે. પહેલી મજલમાં સંચિત થયેલ જ્ઞાનભંડોળ કે તેના સંસ્કારોનું અંતર્નિરીક્ષણ દ્વારા પૃથક્કરણ કરી તેમાં સાર શું છે; અસાર શું છે તેનો વિવેક કરે છે. મંગળયાત્રાની આ બીજી મજલ છે. પહેલી મજલ એટલી બધી શ્રમસાધ્ય નથી જેટલી બીજી છે. એટલે સ્વાભાવિક રીતે જ બીજી મજલમાં પ્રવેશ કરનાર અને તેમાં આગળ વધનાર ઓછા જ માણસો મળી આવે. પણ જેઓ બીજી મલજમાં દાખલ થયા નથી હોતા તેને પણ વહેલા કે મોડા ઇચ્છાએ કે અનિચ્છાએ એ ભણી ધકેલાવું જ પડે છે. તે વિના કોઇને સંતોષ થતો જ નથી.

બીજી મજલ માણસને ઓછું કે વત્તું સત્ય તારવી આપે છે. એ સત્યનું ભાન જ પછી તેને તેની મંગળયાત્રામાં મુખ્ય પાથેય બને છે. એ પાથેયને બળે હવે તે આગળ ને આગળ કુચ કરવા ઉજમાળ બને છે. એનામાં વાર્યોલ્લાસનું એક-બાળી ન શકાય-એવું મોજું પ્રગટે છે, જે તેને મંગળયાત્રાની છેલ્લી મજલમાં પ્રવેશ કરાવે છે. આ છેલ્લી મજલ એટલે જે સત્ય અને શ્રેય જણાયું તેને જીવનમાં વણી નાખવું. એવી રીતે કે જીવન અને સત્ય એ બે હવે જુદાં ન રહે. જીવન છે તો તે સત્ય જ હોવું જોઇએ. નિર્દોષ અને નિષ્કલંક જ હોવું જોઇએ. સત્ય છે તો તે જીવનબાહ્ય રહી જ ન શકે. એ બેનું દ્વૈત વિરમે ત્યાં જ મંગળયાત્રાની છેલ્લી મજલનું છેલ્લું વિશ્રામસ્થાન.

જીવનસાધનાના વિકાસક્રમને જ મંગળયાત્રા કહેવામાં આવી છે. એની ઉપર સૂચવેલ ત્રણ મજલોને અનુક્રમે શ્રુતમયી ચિંતામયી અને પ્રજ્ઞામયી ભાવના તરીકે બૌદ્ધ વિદ્વાનોએ ઓળખાવેલ છે, જ્યારે ઉપનિષદના ઋષિઓએ શ્રવણ, મનન અને નિદિધ્યાસન-સાક્ષાત્કાર શબ્દથી સૂચવી છે. જૈન ચિંતકોએ પણ પ્રચ્છયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ જેવા સંકેતોથી એનું સૂચન કર્યું છે. ખ્રિસ્તી ધર્મ, ઇસ્લામ અને પારસી વિગેરે ધર્મોમાં પણ જુદા જુદા નામથી મંગળયાત્રાનું વર્ણન છે જ.

ધર્મના દિવસો માત્ર શ્રવણ માટે કે શ્રુતમયભાવના માટે નથી. એ સ્થિતિ તો રોજ-બ-રોજના જીવનમાં પણ ઓછે વત્તે અંશે ચાલુ રહે જ છે. પણ એ દિવસો આપણને મંગળયાત્રાની બીજી મજલ ભણી વાળવા માટે નિર્માયા છે. આપણે સાંભળેલું વિચારીએ, સત્યાસત્યનો વિવેક કરીએ એ જ વ્યક્તિગત અને સામૂહિક ધર્મપર્વનો મુખ્ય હેતુ છે. સત્ય થોડા પણ અંશે બરાબર સમજાય તો અસત્ય સામે થવાની હિંમત પ્રગટ્યા વિના રહેતી જ નથી. સત્ય સેવવા માટે ગમે તેવા જોખમો ખેડવાનો ઉત્સાહ એમાંથી જ પ્રગટે છે. આ રીતે વ્યક્તિગત અને સામૂહિક જીવન શુદ્ધિ ભણી વળે છે.

મંગળયાત્રા પૂર્ણ કરી હોય એવા અનેક નરપુંગવો દુનિયાના જુદા જુદા ભાગમાં થઈ ગયા છે. મંગળયાત્રા અસાધ્ય નથી. એ વસ્તુ પણ આપણી વચ્ચે જ થઈ ગયેલા પુરૂષોએ દર્શાવી આપી છે. ગાંધીજીએ પોતાની ઢબે એ જ મંગળયાત્રા સાધી છે, જેમને આપણામાંના ઘણાયે નજરોનજર જોયા છે. શ્રી અરવિંદને નહિં જોનાર પણ તેમના લખાણોથી અને સર્જન થી તેમની મંગળયાત્રાની પ્રતીતિ કરી શકે છે. મંગળયાત્રાની સાધ્યતા વિષે સંદેહ હોય તેને દૂર કરવા જ જાણે વિનોબા ભાવેએ પ્રસ્થાન આદર્યું ન હોય એમ એમનું સમગ્ર જીવન, વચન અને વર્તન દર્શાવી આપે છે.

મંગળયાત્રાની પહેલી મજલમાં દેશ, જાતિ, પંથ, વેશ, ક્રિયાકાંડ આદિનો અભિનિવેશ રહે છે, જે માણસને એક કે બીજી રીતે બાંધી રાખે છે. બીજી મજલ શરૂ થતાં જ એ અભિનિવેશ ઢીલો થવા લાગે છે અને બીજી મજલમાં જેમ જેમ આગળ વધાય તેમ તેમ અભિનિવેશ કે મિથ્યા આગ્રહો વધારે ગળતા જાય છે. એટલે જ એ મજલમાં સત્ય અને શ્રેય વધારે સ્પષ્ટ સમજાય છે. માનસિક ગ્રંથિઓ અને દુરાગ્રહો એ જ સત્યદર્શનના આવરણો છે. ત્રીજી મજલમાં તો સત્યદર્શનનો અલોક એટલો બધો તીવ્ર અને સ્થિર બને છે કે તેને જીવનના મૌલિક પ્રશ્નો વિષે સંદેહ જ નથી ઉઠતો. એના વિચાર અને વર્તન એ ધર્મમેઘ* બની જાય છે. એનું જીવન જોતાં જ એનાં વચનો સાંભળતાં જ, એની કર્તવ્યદિશા નિહાળતાં જ માણસનું ચિત્ત ભાંકતાથી દ્રવવા લાગે છે.

મંગળયાત્રા જીવનમાં શરૂ થઇ તો પછી તેનો યાત્રિક ગમે તે ક્ષેત્રમાં ને ગમે તે વિષયમાં વિચરતો કે કામ કરતો હશે તો તેમાં એને મનની ગૂંચો કહિં બાધા નાખી નહિં શકે, એટલું જ નહિં પણ તે આખા વિશ્વને આત્મવત જ લેખશે.

પંડિત સુખલાલજી

---

* 'ધર્મમેઘ' એક પ્રકારની સમાધિ છે. તે અવસ્થા સમાધિમાં બહુ ઊંચી ગણાય છે, જ્યારે ચિત્તમાંથી કલ્યાણની જ વર્ષા થાય, અને શુદ્ધ અને શુભ વિચાર તેમ જ પ્રવૃત્તિનો ઝરો ફુટે. યોગશાસ્ત્રમાં આ ખાસ શબ્દ છે.
સુખલાલ

ભૂમિદાન પ્રવૃત્તિ વિષે વિશેષ સ્પષ્ટતા

(જુલાઇ માસ દરમિયાન શ્રી વિનોબા ભાવેએ આપેલા એક વિશિષ્ટ વ્યાખ્યાનના ઉપયોગી વિભાગો નીચે આપવામાં આવે છે. મૂળ હિંદીનો અનુવાદ શ્રી નિરંજન ભગત અને શ્રી સૂર્યકાન્ત પરીખે મળીને કર્યો છે.)

ક્રાન્તિ સંસ્થાથી નથી થતી

હમણા મેં પુછ્યું કે કોંગ્રેસ તરફથી દરેક જિલ્લામાંથી એક એક પ્રતિનિધિ આવે એવી વાત હતી તો એમાંથી કેટલા અહીં આવ્યા છે ? મને જણાવવામાં આવ્યું કે બહુ નથી આવ્યા. આ માટે હું એમને દોષ નથી દેતો. હમણાં અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીની બેઠક છે અને એમને પોતપોતાનું કામ. પણ હોય છે. એથી એ નહીં આવ્યા હોય. પરંતુ આ વિચાર મહત્વનો નથી. મને કોંગ્રેસ પર દયા આવે છે. કારણ કે કોંગ્રેસની દલબંધી એક એવો રોગ છે કે જે અહિંની કોંગ્રેસને ખાઇ રહ્યો છે. મારી તો મુરાદ હતી અને આજે પણ છે કે આ ભેદ મટી જશે અને થોડો ઘણો મટી પણ ગયો છે એમ આપણે રાંચીમાં જોયું. એટલે આ તો એક દુષ્ટ ચક્ર છે. આપણે કોઇ મોટું કામ ઉપાડીએ તો અંદર અંદરના ભેદ મટી શકતા હોય છે અને જ્યારે અંદર અંદરના ભેદ મટી જાય છે ત્યારે મોટું કામ કરવાની વૃત્તિ આપણામાં થતી હોય છે, પરંતુ છેવટે તો આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે જે ક્રાન્તિનું કામ થતું હોય છે એ કોઇ એક ઘડી કાઢેલી સંસ્થા કે મંડળથી નથી થતું હોતું. હું તો આશા રાખતો હતો કે દેશની બધી જ મોટી મોટી સંસ્થાઓની સહાનુભૂતિ મેળવીશ, અને મેળવી પણ છે. આ કોઇ નાનીસુની વાત નથી. હિંદુસ્તાન જેવા દેશમાં તો આ એક મોટી વાત છે. પરમેશ્વરે એટલો યશ આપણને આપ્યો છે. પરંતુ સંગઠિત રૂપમાં કોઈ સંસ્થા આમાં ભાગ લે એવું થયું નથી. દરેક સંસ્થામાંથી પાંચ દસ ભાઇ જેમને ભવિષ્યના ચિત્રની ઝાંખી થાય છે તે આમાં ભાગ લે છે. તેઓ કામ કરે છે તો એમનો યશ એની સંસ્થાને મળતો હોય છે. પરંતુ કોઈ સંસ્થાનો સંગઠિત સહકાર હજુ લગી આ કામ માટે મળ્યો નથી. આમ છતાં બિહાર કોંગ્રેસે એક મહત્વનો ઠરાવ કર્યો છે. એથી પુણ્યકાર્ય કર્યું એ કોઇ નાની વાત નથી. ઠરાવ કર્યો છે એટલે એ લોકો કંઈ કરશે તો ખરા ને ? પરંતુ આમ છતાં એ એમનો સંગઠિત અને પૂર્ણ સહકાર મળ્યો નથી એનું કેટલાક લોકોને આશ્ચર્ય થાય છે અને કેટલાકને દુઃખ થાય છે, પરંતુ મને એમાનું કંઈ થતું નથી એવી મારી માનસિક તૈયારી છે. ઇતિહાસનો મારો જે અભ્યાસ છે અને માનસશાસ્ત્રનું મારું જે જ્ઞાન છે એથી જોઇ શકું છું કે ક્રાંતિ કયારેય પણ કોઇ ઘડી કાઢેલી સંસ્થાથી નથી થતી. મેં પહેલાં પણ કહ્યું હતું કે ક્રાન્તિ પુરસદથી થતી નથી.

ક્રાન્તની વૈતાલિક વ્યકિત

કેટલાક લોક પૂછે છે કે ગાંધીજીએ કોંગ્રેસનો જે લાભ ઉઠાવ્યો એથી તો ક્રાન્ત થઇ. એમણે આ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે પહેલેથી કોંગ્રેસનું ધ્યેય સ્વરાજ્ય રહ્યું છે. તે છતાં ગાંધીજીએ પોતાની રીતે કામ શરૂ કર્યું અને સંજોગોવશાત્ કોંગ્રેસે એ સ્વીકાર્યું. પણ કોંગ્રેસનું ધ્યેય તો પહેલેથી જ સ્વરાજનું હતું. દાદાભાઇ નવરોજજીએ સૌથી પહેલાં આ શબ્દ ઉચ્ચાર્યો. પણ એની એ કોંગ્રેસનું પહેલાંથી ધ્યેય હતું. આથી પરિસ્થિતિનો ગાંધીજીને લાભ મળ્યો. કોંગ્રેસ એક મોટી સંસ્થા છે. એથી એમાં સારા અને નરસા બન્ને પ્રકારના માણસો છે. એ સમુદ્રદેવી છે, એ મોટી સંસ્થા છે, પણ આખરે તો એક પાર્ટી છે, રાષ્ટ્ર (નેશન) નથી. એથી ગમે તેમ પણ એ પાર્ટી લાઇન પર ચાલવાથી ક્રાંતિ નથી થતી. ક્રાન્તિનો અગ્રદૂત હંમેશા વ્યકિત હોય છે. જેને ક્રાંન્તિનું દર્શન થાય છે, તે આમ જનતામાં જાય છે અને સંદેશો સુણાવે છે. અને સમાજમાં ચાલતો કોઇ પણ કાર્યક્રમ તે ઉપાડી લે છે. એનો મોટી અને ઘડી કાઢેલી સંસ્થાઓને ભય રહેતો હોય છે અને હિંદુસ્તાનનો સારોયે લોકમત આ ારા હાથમાંથી ચાલ્યો જશે એવો પણ જે લોકો સ્થિર સંસ્થામાં હોય છે તે લોકોને ડર રહેલો હોય છે. એથી તમારા કામનો વિરોધ પણ થશે એવી શકયતાને પહોંચી વળવાને તમારું મન તૈયાર હોવું જોઇએ. આપણે એવી રીતે કામ કરવું જોઇએ કે જેથી કોઇનો વિરોધ ન હોય. કદાચ કોઇના મનમાં વિરોધ જાગે તો પણ સંગઠિતરૂપમાં કોઇ વિરોધ નહીં કરે. જે રાજનૈતિક અને સંકુચિત દ્રષ્ટિએજ વિચારે છે, 'સ્ટ્રેન્થ' અને 'પાવર'નો ભેદ નથી સમજતા, 'પાવર' ને જે 'સ્ટ્રેન્થ' સમજતા હોય છે એમના મનમાં આપણા કામથી ભય પેદા થઇ શકે છે, પરંતુ આજે એવું નથી થઇ રહ્યું. તેમ છતાંયે આપણા મનની એટલી તૈયારી હોવી જોઇએ કે આપણે ભીષ્મદ્રોણનો પણ વિરોધ સહન કરવો પડે. અને છેવટે તો ભીષ્મદ્રોણ દુર્જન ન હતા, પણ સજ્જનોના ગુરૂ હતા. પાંડવોએ એમની પાસેથી જ તાલીમ લીધી હતી. આજે કોંગ્રેસમાં અને સમાજવાદી પક્ષમાં મહાન વ્યક્તિઓ છે, જેમનું લોહી દેશને માટે વહ્યું છે અને હવે જેમનું હાડ પણ દેશને માટે જ પડવાનું છે. એવા મહાન લોકો આ સંસ્થાઓમાં છે, પરંતુ ભીષ્મદ્રોણનો પણ અર્જુને અત્યંત શાંત તટસ્થ અને અનાસકત ભાવે વિરોધ કર્યો હતો. એમના પ્રત્યે અત્યંત આદર રાખીને એમને નમસ્કાર કરીને અર્જુન એમની વિરૂદ્ધ લડવાને તૈયાર થયો હતો. જ્યારે અર્જુન અને તેઓ એકબીજાની સામ સામે આવ્યા ત્યારે બન્ને બાણ છોડવા તૈયાર ન હતા. ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે "તું કેવો મુર્ખ છે ? તું બાણ છોડીને તું એમની સેવા કર, તેઓ એની રાહ જોઇ રહ્યા છે." એટલે પછી અર્જુને નમસ્કાર કરવાને એમના પગ પાસે બાણ છોડયું અને યુદ્ધનો આરંભ થયો.

આ બહુ મહત્વનો ઇતિહાસ છે. આ કોઈ હિંસક લડાઇની ભળામણ નથી. ધર્મ સમજાવવાને વ્યાસમુનીએ લડાઇનું એક રૂપક લીધું છે. દુનિયામાં લડાઇનું વર્ણન અનેક જગ્યાએ થયું છે. પરંતુ વ્યાસ ભગવાનનું ધર્મગ્રન્થ સમજીને નિત્ય પઠન થાય, છે. હિંસક લડાઇનું આ રીતે પઠન નથી થતું. એથી તો એ એક રૂપક છે. એમાં એ ધર્મ સમજાવ્યો છે કે કયારેક કયારેક મોટા મોટા સજ્જનોનો પણ વિરોધ કરવો પડે છે. ત્યારે ત્યારે આદર સહિત વિરોધ થઇ શકતો હોય છે. હું જ્યારે જુવાનીમાં તપશ્ચર્યા કરતો હતો ત્યારે પ્રહ્લાદે એના બાપનો વિરોધ કર્યો એની વાત સાંભળ્યા કરતો હતો. સંતોએ એનું ગાન ગાયું છે, અને ગાંધીજીએ પણ ગાયું છે. પણ મેં કહ્યું કે હિરણ્યકશ્યપ જેવા બાપનો પ્રહ્લાદે વિરોધ કર્યો તેમાં કશું આશ્ચર્યજનક નથી. કારણ કે હિરણ્યકશ્યપ આખરે તો અસુર હતો. હા, પ્રહ્લાદે અહિંસાથી પ્રતિકાર કર્યો એ મોટી વાત છે. પ્રહ્લાદ કરતાં પણ વ્યાસ અને શુકની વાત મને વધુ મહત્વની લાગે છે. વ્યાસ ભગવાન સ્વયંજ્ઞાની હતા, છતાં એમને આસક્તિ હતી કે પોતાનો દીકરો શુક ઘરમાં રહે. પરંતુ શુક એમને છોડીને ઘર બહાર નીકળી પડયા. શુકે વ્યાસનો જે વિરોધ કર્યો એ બહુ મોટી વાત છે, અને પ્રહ્લાદથી પણ વધુ હિમ્મતની વાત છે.

પુરૂષાર્થની કસોટી

આપણે નવે રસ્તે કામ કરવું છે. એટલે આ કામમાં જે

એક એક માણસ મળશે તે 'માણસ' જ હશે. અહિં કૉંગ્રેસના એ ત્રણ પ્રતિનિધિ આવે તો એનો અર્થ એ થયો કે એ ત્રણ માણસ આવ્યા. કૉંગ્રેસ આ કામમાં નથી આવી રહી, પણ કૉંગ્રેસના 'માણસ' આવી રહ્યા છે. એ જ રીતે સમાજવાદી પાર્ટી આ કામમાં નથી આવી રહી, એના કેટલાક માણસ આવી રહ્યા છે, અને જ્યાં કોઇ ચૂંટણીનો પ્રસંગ આવે છે– જેવો હમણાં ફૂલવા અને ભાગલપુરમાં આવ્યો હતો–ત્યાં તેઓ ચૂંટણી લડવાને ચાલ્યા જાય છે અને એ યોગ્ય જ છે, કારણ કે એમણે આ ચૂંટણીને "સીમ્બોલ" માનીને એમાં બધી જ શક્તિ લગાડી હતી. એ ચૂંટણી પર એમનો બધો જ આધાર હતો. એમની સંસ્થા એના પર જ ટકી છે. એથી પોતપોતાની સંસ્થાનું કામ કરતાં કરતાં તેઓ તમને થોડી મદદ કરે તો એમનો ઉપકાર માનજો. પરંતુ કેટલાક માણસ તમને એવા મળશે કે જે આપણું કામ ધૂનથી કરશે; અને જ્યાં એમની સંસ્થા અને આ કામની વચ્ચે વિરોધ આવશે ત્યાં સંસ્થાને પણ છોડી દેશે. પરંતુ આત્યારે તેઓ સંસ્થાનું કામ કરે છે એનું દુઃખ રાખવું એ એક મોહમયી વૃત્તિ છે. ભગવાન કઠિન કામ એકદમ નથી કરતો. કઠિન કામમાં પુરૂષાર્થની કસોટી કર્યા વિના યશ નથી આપતો.

પહેલાં વિચારનિર્માણ, પછી કાયદો

હું ઇચ્છું છું કે જેવી રીતે આજે ચોરીને પાપ માનવામાં આવે છે તેવી રીતે પોતાની પાસે વધુ પડતી જમીન રાખવી એ પાપ છે એવો વિચાર સમાજમાં સ્થિર થાય. સમાજમાં આ વિચાર સ્થિર થયા પછી કાયદો થશે, 'સ્મૃતિ' થશે. જેવી રીતે 'મનુસ્મૃતિ' દેશને નથી ઘડતી, સંત અને ઋષિ પહેલા દેશનું મન ઘડે છે અને ત્યાર પછી એની નોંધ રૂપે 'સ્મૃતિ' અથવા કાયદો ઘડાય છે.

જનસંપર્કનો અવસર

મેં તમને ગામેગામ અને ઘરેઘર જવાની તક આપી છે; તમને દરેકના ઘરમાં પહોંચવાની અનુમતિ–વીસા–મળી છે. આજ તમે કોઇનેય આંગણે જાઓ તો તેઓ તમારી વાત સાંભળવા રાજી છે. તમને કોઇ ભગાડી મૂકશે નહિ. આપણે કોઇને પણ આંગણે જઇ શકીએ છીએ, એમને વાત કરી શકીએ છીએ અને ચાહે જમીન આપે કે ન આપે પણ સમય તો આપે જ છે. આથી હવે આપણા કાર્યકર્તાઓની અક્કલ અને સમજ જેટલી હશે તેટલું કામ થશે. એથી કાર્યકર્તાઓના મનમાં વિચારની પુરી સ્પષ્ટતા હોવી જોઇએ, વિચાર બરાબર સમજીને ગ્રહણ કરી લેવો જોઇએ. ખોટા વિચારથી કોઇ જમીન લાવે તો આપણને કોઇ લાભ થવાનો નથી. જ્યારે તમે જુઓ છો કે બહુ લોકો આ કામમાં નથી આવતા ત્યારે તો તમારી હિંમત વધવી જોઇએ.

હમણાં જયપ્રકાશજીએ દામોદરને કાગળ લખ્યો છે કે હજુ સુધી સમાજવાદી પક્ષ આ કામમાં પુરા દીલથી નથી લાગ્યો, પરંતુ હું તેની કોશિષ કરી રહ્યો છું. એવીજ આપણાં ચૌધરીજી (ઓરીસ્સાના વડાપ્રધાન) આશા રાખે છે કે કૉંગ્રેસ પૂરા દીલથી લાગે. આ મોહમાયા છે કે આશા છે એનો ફેંસલો થઇ જશે. એ મોહમાયા હશે તો તેઓ પાર્ટી છોડશે. જ્યારે કોઇ ઘડી કાઢેલી સંસ્થાઓ તમને મદદ કરવાને દોડતી નથી આવતી ત્યારે તમને ખુશી થવી જોઇએ કે આપણું કામ ક્રાંન્તિનું છે તેથી એમ થાય છે.

નિરંતર ક્ષમાશીલતા

હમણાં જ મેં સાંભળ્યું કે ગયામાં થોડોક પરસ્પર દ્વેષ પેદા થયો છે અને એ રીતે આપણા કામનો વિરોધ અથવા પ્રતિકાર થાય છે. એથી આપણને ખુશી થવી જોઇએ. અત્યારે કોઇ સંસ્થા તરીકે તો આપણો કોઇ વિરોધ ન કરી શકે. પરંતુ સંસ્થામાં કેટલીક એવી વ્યક્તિ નીકળી આવે કે જે વિરોધ કરે. તો આજે વિરોધ કરવાવાળા વિષ્ણુ ભગવાન છે. એમનું હૃદય આપણે જીતી લેવું જોઇએ. જે અહિંસાનું કામ ગાંધીજીએ શરૂ કર્યું હતું તે બીલકુલ અપૂર્ણ છે. આપણે હવે તે આગળ ચલાવવું છે. અત્યારે હવે વીર પુરૂષની અહિંસાની જરૂર છે. સ્વરાજ્યની લડાઇમાં વીરોની અહિંસા નહોતી. લાચારીની અહિંસા હતી. પણ એ સમયે એ પણ કામની હતી, કારણ કે ત્યારે તો એક નેગેટીવ અભાવરૂપ કામ કરવાનું હતું. હવે તો આપણે સારાએ સમાજનું પરિવર્તન કરવાનું છે, ત્યારે વીરોની જ અહિંસા જોઇએ. આથી કોઇ તમારો વિરોધ કરે તો એની સાથે હંમેશા તમારે પ્રેમથી વર્તવું જોઇએ. આ ક્રાન્તિને માટે સૌથી તેજસ્વી સાધન છે નિરંતર ક્ષમાશીલતા. મેરૂ પર્વત જેવી આપણી સ્થિર વૃત્તિ હોવી જોઇએ. પૂરા શુધ્ધ વિચારથી કામ થવું જોઇએ.

સુયોગ્ય કાર્યકર્તાઓની જરૂર

હમણાં શાંતાબહેને કહ્યું કે ગયામાં જે નવા માણસો આવ્યા એમને અમે કામ કરવા મોકલીએ છીએ તો એટલી સારી અસર નથી પડતી. આ માટે કાર્યકર્તાઓને સારી રીતે "ટ્રેઇન" કરવા જોઇએ, અને ચૂંટેલા કાર્યકર્તાઓને જ મોકલવા જોઇએ. મુખ્ય કાર્યકર્તા તો એવા હોવા જોઇએ કે તેઓ પુરો વિચાર સમજ્યા હોય અને જેમને કંઇક દર્શન હોય. પછીનું કામ કરવા માટે થોડાક સૈનિકો આપી શકાય. બિહારમાં આપણે વધુ ઊંડા જઇ રહ્યા છીએ. આપણે અહીં માત્ર જમીનનું કે દાનપત્રનું પ્રમાણ વધાર્યું નથી, પણ એમ ઇચ્છ્યું છે કે ગ્રામવાસીઓને એ સમજાવું જોઇએ કે તમારા ગામમાં જે ભૂમિહીનો હોય તેમને જમીન આપવી એ તમારૂં કર્તવ્ય છે. તમારે હળીમળીને રહેવાનું છે. પહેલાં તો આપણે એમ કહીંતું કે ઓછામાં ઓછી દરેક ગામમાંથી પાંચ દસ એકર જમીન મેળવવી જોઇએ. પછી આપણે એક કદમ આગે બઢાવીશું. ઉંડાણમાં જવાનું હોય છે ત્યારે ધીરે ધીરે જવાનું હોય છે. પછી આપણે કહીશું કે દરેક ગામમાં દરેક કિસાન પાસેથી દાનપત્ર મેળવવું જોઇએ. અને છેલ્લું પગલું લઇશું ત્યારે લોકોને કહીશું કે હવે માલિકી હક્ક છોડી દો. આ રીતે કાર્યકર્તાઓને પુરા દર્શનની ઝાંખી હોવી જોઇએ. તમારા સૌના મનમાં એ ઝાંખી હોવી જોઇએ અને એની સાથે સાથે એક એક પગલું આગળ વધવું જોઇએ.

ભૂમિવ્યવસ્થાનું અંતિમ ચિત્ર

હિંદુસ્તાનમાં કુલ જેટલી જમીન છે તે બધી એકઠી કરીને એમાં ખેતી થાય એ આપણો આખરી તબક્કો નથી. જમીન તો વ્યકિતના હાથમાં રહેશે, પરંતુ માલીકી ગ્રામપંચાયતની હશે. દરેક કુટુંબને પાંચ પાંચ એકર જમીન ખેતી કરવા માટે મળશે. પછી વધેલી જમીન સામુહિક રહેશે. વેરો સામુહિક ખેતીમાંથી જ અપાશે. તાલીમ, દવા વગેરેનું કામ સામુહિક ખેતીમાંથી જ થશે. આ રીતે ગામનું સાર્વજનિક કામ ખેતીમાંથી થશે, અને અન્નને માટે દરેકના હાથમાં થોડી જમીન આવશે. દર આઠ દસ સાલ પછી જમીનની ફરીથી વહેંચણી થશે, અગર કોઇના ઘરમાં સંખ્યા વધી ગઇ હોય તો એને વધુ જમીન મળશે, અને ઘટી ગઇ હોય તો તેની જમીન ઓછી કરવામાં આવશે. એટલા સમય માટે જ એ વ્યકિત માલીક રહેશે; એટલે કે એની પાસેથી કોઇ જમીન છીનવી નહી શકે. હરકોઇ જે કામ કરશે તે એમ સમજીને કરશે કે એની પુરી જવાબદારી "મારી" પર છે, અને આ જમીન "અમારી" છે એવી જ રીતે સામુહિક

જમીન અમારી છે એમ સમજીને લોકો કામ કરશે. સર્વ જમીન અમારી છે, એમાંથી જરૂર પડયે એમને મળી પણ શકે છે અને અમારી પાસેથી લઇ પણ શકાય છે. કોઇ પણ બાપ એમ નથી કહેતો કે હું મારા દીકરાનો માલીક છું. છતાંયે બન્નેનો અતૂટ સંબંધ હોય છે. એ કહેતો હોય છે કે માલીક તો ભગવાન છે. અમે બન્ને એના સેવક છીએ. એના દીકરા ઉપર મમત્વ હોય છે, પણ માલીકી નહિ. એવી જ રીતે જમીન પર મમત્વ રહેશે, માલીકી નહિ. જમીન વેચી નહિ શકાય. શું કોઇ પોતાનો દીકરો વેચે છે? દીકરાને કોઇની મદદમાં આપી શકાય છે. જમીનનું મૂલ્ય પૈસામાં નથી આંકી શકાતું, એ અમૂલ્ય વસ્તુ છે.

આપણી એક રાષ્ટ્રીય ત્રુટિ

આપણામાં એક બહુ મોટી ખામી છે. હિંદુસ્તાનમાં મહાન પુરૂષો એવા થયા કે દુનિયાના બીજા કોઇ પણ દેશના મહાન પુરૂષોની સરખામણીમાં ટકી શકે, અથવા તો એમનાથી પણ મહાન સાબિત થઇ શકે. પરંતુ હિંદુસ્તાની આમજનતાનું ધોરણ બીજા દેશોની આમજનતાથી નીચું છે. આ એક બહુ વિચિત્ર વાત છે. એનું કારણ એ છે કે અહિં સત્‌પુરૂષો થયા એમને ધ્યાન, યોગ, આદિ સાધના બહુ કરી, દુનિયાથી પોતાને અલગ રાખવાની હિંમત કરી, દુનિયા સાથે એકરત થઇ જવાની હિંમત ન કરી. જ્યાં થોડી ગરબડ થઇ કે બુરાઇ દેખાઇ, ત્યાંથી દૂર ભાગવાની એમની પ્રવૃત્તિ રહી છે. પણ એવા સ્થાને તો આપણી વધુ જરૂર છે એવું એમણે ન વિચાર્યું. એકાંતમાં જવા માટે એમણે પૂરતી તકલીફ ઉઠાવવી પડી, પરંતુ એ વ્યકિતગત તકલીફ એમણે સહન કરી, સામાજીક તકલીફ ઉઠાવવાની કોશિષ ન કરી. અહિંના કેટલાક ઉંચા લોકો એવરેસ્ટ શિખરની જેમ અગમ્ય રહ્યા છે, પણ હવે લોકો એવરેસ્ટ પર પણ પહોંચ્યા છે, તો હું ઉમેદ રાખું છું કે સામાન્ય લોકો પણ પેલા ઉંચા સજ્જનો પાસે પહોંચી શકશે. ગાંધીજીએ રસ્તો બતાવી દીધો છે. હવે સજ્જનોની સામાન્ય લોકોમાં રસ લેવાની વૃત્તિ જન્મશે. ગાંધીજીના જમાનામાં એ થયું છે. આ જમાનામાં આપણે એવરેસ્ટ સુધી પહોંચીશું.

પાર્ટીની મર્યાદાઓ : કૃપલાનીજીનું ઉદાહરણ

આજ કોંગ્રેસ અને સમાજવાદી બન્ને સત્તાશોખીન છે. બંનેમાં ભૂદાનનું કામ કરવાવાળા લોકો થોડા છે. ક્રાંતિનો ઝંડો વ્યકિત જ ઉઠાવશે, ઘડી કાઢેલી સંસ્થા નહિ. એવો મેં એક પાયાનો વિચાર મૂકયો છે. કૃપલાનીજી એટલા મુકત અને ઉદાર પુરૂષ છે કે એમણે પોતાની સાથે રહેતા લોકોને પુરી આઝાદી આપી છે. એમની સાથે કામ કરવાવાળા એક ભાઇ તો કોંગ્રેસ મંત્રીમંડળમાં મંત્રી બન્યા છે. એ એમની ખુબી છે. કામ કરવાનો આ જ સાચો ઢંગ છે. છતાં એ એક પાર્ટીમાં છે, એટલે એમની થોડી મર્યાદાઓ છે. પાર્ટીમાં રહેવાને કારણે જયપ્રકાશજીની પણ એ જ હાલત છે, પરંતુ તેઓ સમજે છે કે પાર્ટીને કારણે કેટલીક નિર્બળતાઓ અને મર્યાદાઓ આવે છે તેવી જ રીતે કેટલીક શકિત પણ આવે છે. એટલે તેઓ મને કહે છે કે પાર્ટી બનાવો. પરંતુ હું કહું છું કે પાર્ટીથી આ પ્રકારની ક્રાન્તિ કદી નહી થઇ શકે. હું અનુશાસનને નથી માનતો. હું તો માત્ર સલાહ આપીશ. મારી સલાહ માનવી ન માનવી સૌની પોતાની મરજીની વાત છે. અને કોઇ મારી સલાહ નથી માનતું તો મને આનંદ થાય છે, દુઃખ નહીં. સંગઠનમાં મને વિશ્વાસ જ નથી. કેટલાક લોકો કહે છે કે ગાંધીજી સંગઠન કરતા હતા તો તમે પણ કરો. એમને હું કહું છું કે "સમરથકો નહિ દોષ ગોંસાઇ" (સમરથને ના કદી દોષ કોઇ). ગાંધીજીની વાત જુદી છે. એ જે કરતા એ મારાથી ન થાય. એમની તાકાત મારામાં નથી. એ સંસ્થાઓ રચી પણ શકતા હતા અને તોડી પણ શકતા હતા. આજ તમારા બિહારના નેતાઓની શી હાલત છે? એમના અનુયાયી એમનાં હાથમાં નથી, પરંતુ ગાંધીજીની એવી હાલત નહોતી. એમનામાં જે શકિત હતી તે સામાન્ય ન હતી. શંકર ભગવાન નાચે છે. એને તાંડવ નૃત્ય કહેવાય છે. અને ભૂત નાચે છે એને નાગો નાચ કહેવાય છે. ગાંધીજી શંકર હતા. એ તાંડવ કરી શકતા હતા. મારામાં એ તાકાત નથી.

વિનોબા ભાવે

વિચારો જોરથી ભલે ચાલે : પણ તરતને માટે આચારને સંભાળો!

આહાર શુધ્ધિની દિશાએ વિચાર અને આચારનો વિકાસ સાધતાં સાધતાં માંસાહાર વર્જ્ય છે એ વિચારને આપણા પૂર્વજોએ પ્રતિષ્ઠિત કર્યો છે અને આપણી પ્રજાનો કેટલોક ભાગ કુળપરંપરાથી નિરામિષ-આહારી બન્યો છે. આ આવકારદાયક પરિસ્થિતિનો નિર્દેશ કરતાં શ્રી વિનોબા પોતાના ગીતાપ્રવચનોમાં ૨૬૧ મા પાના ઉપર જણાવે છે કે "આજે આપણી આહારશુધ્ધિ આટલે સુધી થઇ છે. અનંત ત્યાગ કરીને પૂર્વજોએ કરેલી એ કમાણી ગુમાવશો માં! હિંદી સંસ્કૃતિમાં રહેલી આ વાતને ડુબાવશો મા. આપણે ફાવે તેમ કરીને જીવવું નથી. ફાવે તેમ કરીને જેને જીવવું છે તેનું કામ સહેલું છે. પશુઓ પણ ફાવે તેમ કરીને તો જીવે છે. પણ જેવા પશુ તેવા જ શું આપણે છીએ? જાનવરો અને આપણી વચ્ચે ફેર છે. એ ફેરને વધારતા રહેવું એને જ સંસ્કૃતિ-સંવર્ધન કહે છે. આપણા રાષ્ટ્રે માંસાહાર-ત્યાગનો મોટો અખતરો કરી બતાવ્યો. તેને આગળ વધારો! કાંઇ નહીં તો જે ભૂમિકા ઉપર છો ત્યાંથી પાછા હઠશો મા!

"આ સૂચના કરવાનું કારણ છે. હમણાં હમણાં કેટલાક લોકોને માંસાહારમાં પ્રોટીન દેખાવા માંડી છે, માંસાહાર કરવો જોઇએ, જરૂરી છે એવું લાગવા માંડયું છે. આજે પૌર્વાત્ય એટલે કે પૂર્વની અને પાશ્ચાત્ય એટલે પશ્ચિમની સંસ્કૃતિની પરસ્પર, એક બીજા ઉપર અસર પહોંચે છે. એમાંથી છેવટે ભલું થવાનું છે, રૂડાં વાનાં થવાનાં છે એવી મને શ્રધ્ધા છે. પાશ્ચાત્ય સંસ્કૃતિને લીધે, તેની અસરથી આપણામાં રહેલી જડ શ્રધ્ધા ડગવા માંડી છે. અંધ શ્રધ્ધા ડગી જાય તેથી કંઇ યે નુકસાન નથી. પણ અંધ શ્રધ્ધા જાય તેની જગ્યાએ અંધ અશ્રધ્ધા પેદા થાય તે ન ચાલે. એકલી શ્રધ્ધા આંધળી હોય છે એમ ન માનશો. અંધ વિશેષણનો પ્રભારો એકલી શ્રધ્ધાએ રાખ્યો નથી. અશ્રધ્ધા પણ આંધળી હોઇ શકે છે.

"માંસાહારની બાબતમાં આજે ફરી વિચાર શરૂ થયો છે. કોઇ પણ નવો વિચાર નીકળે છે એટલે મને આનંદ થાય છે. લોકો જાગ્યા છે, જુની વાતોને ધક્કા લાગતા થયા છે. એટલું એથી બસુસ જણાય છે. જાગૃતનાં લક્ષણો જેવા મળે તેથી સારૂં લાગે છે. પણ જાગ્યા પછી આંખ ચોળતા ચોળતા જોઇતું તો પડી જવાય એવો સંભવ છે. તેથી પૂરેપૂરી જાગૃતિ આવે ત્યાં સુધી, પૂરૂં ચોખ્ખું દેખાય એટલા જાગતા થાઓ ત્યાં સુધી હાથપગને મર્યાદામાં રાખવા સારા. ખૂબ વિચાર કરો, વાંકાચૂકા ચારે બાજુથી વિચાર કરો. ધર્મપર વિચારની કાતર ચલાવો. આ વિચારરૂપ કાતરથી જેટલો ધર્મ કપાઇ જશે તે નકામો હતો એમ સમજવું જોઇએ. જે ટુકડા એમ તૂટી પડે તેને જવા દો. તારી કાતરથી જે તૂટે નહિ, ઉલટું તારી કાતર જ જ્યાં તૂટી જાય તે જ ધર્મ ખરો, તેને જ સાચો જાણવો. ધર્મને વિચારનો ડર નથી. વિચાર જરૂર કરો, પણ કૃતિ એકદમ કરશો મા. અરધી પરધી જાગૃતમાં કૃતિ કરવા જશો તો અથડાઇ પડશો. વિચારો જોરથી ભલે ચાલે, પણ તરતને માટે આચારને સંભાળો. કૃતિ ઉપર સંયમ રાખો. પહેલાંની પુણ્યની કમાણી ગુમાવી બેસશો મા."

'ગીતા પ્રવચનો' માંથી સાભાર ઉધ્ધૃત વિનોબા ભાવે

મંગળ

(તા. ૫-૯-૫૩ ના રોજ પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રારંભમાં માંગલ્યભાવને વ્યકત કરતું કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું 'અન્તર મમ વિકસીત કરો' એ કાવ્ય ગવાઇ રહ્યા પછી શ્રી. રામનારાયણ પાઠકે આપેલા વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ)

મંગળનો મુખ્ય અર્થ કોઇ પણ ઇષ્ટ પ્રવૃત્તિ શરૂ કરતાં તેમણે ઇષ્ટ સ્મરણ કરવું એવો થાય છે. આપણે જરા વિચાર કરીએ. કેવી પ્રવૃત્તિને આપણે ઇષ્ટ અને મંગળ કહીએ?

માણસને વિચાર કરતાં સમજાયું કે પોતાની પ્રવૃત્તિઓમાં કેટલીએક શુભ છે, કેટલીએક અશુભ છે. પણ માણસ ઘણી વાર પોતાના અનુભવ વિષે કેવળ બુદ્ધિથી એકપક્ષી અથવા એકાંતિક ધોરણો ઉભા કરે છે. તેમ તેણે વિચાર્યું કે આ દેહને માટે જે કાંઇ પ્રવૃત્તિ થાય છે, જેમાં જેમાં દેહને આનંદ આવે છે, સુખ લાગે છે આ બધું પાપમય છે. આત્મા એ એક જ પવિત્ર વસ્તુ છે. તેણે આવી રીતે આત્મા અને અનાત્માનો ભેદ અને વિરોધ ઉભો કર્યો. ક્રિશ્ચીયન ધર્મના એક સાધુ વિષે કહેવાયું છે કે એ પોતાની ઝુંપડીમાં એક બારી જે સુંદર દૃષ્ય ઉપર પડતી હતી તે કદિ ઉઘાડતો નહોતો, કારણ કે એ ઐહિક સુખ હતું અને ઐહિક સુખ માત્ર પાપમય છે.

પ્રખર સંન્યાસધર્મની ભાવના આ રીતે ઉત્પન્ન થઇ છે. પણ આપણે પ્રવૃત્તિ વગર રહી શકીએ? ઓછામાં ઓછી શરીર-નિર્વાહની પ્રવૃત્તિ કરવી જ પડે અને એ પ્રવૃત્તિ માટે પણ આ જગતની વ્યવસ્થામાંથી મળતી સગવડનો લાભ લેવો જ પડે. એટલા નાના સરખા દેખાતા લાભમાં પણ આખા જગતનો સ્વીકાર આવી જાય છે. જેમ ઘડિયાળના કાંટા જ માત્ર ફરતા દેખાય છે, પણ તેની પછવાડે ઘડિયાળનું એક એક ચક્ર ફરતું હોય છે તેમ જે કાંઇ નાનામાં નાની શરીરની સગવડ સ્વીકારી તેની પછવાડે આખું જગતનું તંત્ર સ્વીકારાઇ જાય છે. અને એમ સ્વીકાર્યા છતાં હું જગતથી અલિપ્ત રહ્યો છું એમ માનવું એ મોટામાં મોટું અભિમાન અને સ્વાર્થબુદ્ધિ છે. પણ ધારો કે જગતથી દૂર રહેવાને માટે અન્ન, આહાર વગેરેનો ત્યાગ કરીએ તો એ પણ સાચી નિષ્ક્રિયતા નથી, નૈષ્કર્મ્ય નથી. આહાર તજવો એ પણ એક કર્મબંધન જ છે અને એમાં પણ જગત તરફની એક વૃત્તિ રહેલી છે. એટલે કે જગતનો અને તેની પ્રવૃત્તિઓનો સદંતર ત્યાગ અશકય છે.

આ બે વિરોધી વસ્તુઓ-આત્મ અને અનાત્મ-એનો જીવનમાં સમન્વય કેવી રીતે કરવો એ જ જીવનફિલસુફીનો મહાન પ્રશ્ન છે. આપણા દેશના વિચારકોએ એ પ્રશ્નનો નિવેડો આણેલો છે. તેમણે કહ્યું છે કે દેહ માટેની અને દેહમાંથી ઉદ્ભવતી બધી પ્રવૃત્તિ જો ધર્મથી અવિરૂધ્ધ હોય તો નિર્દોષ છે. અને ધર્મ એટલે જગતને ધારણ કરે તે ધર્મ. આ જગતનાં નિર્વાહ, ધારણ અને પ્રગતિને બાધ ન કરે એ બધી પ્રવૃત્તિઓ ધર્મથી અવિરૂધ્ધ છે. અને એવી પ્રવૃત્તિને આપણે મંગલ કહીએ છીએ. મંગલ એ આત્મા અને અનાત્માનો સમન્વય છે.

ચાણાક્ય કૌટિલ્યે પોતાના અર્થશાસ્ત્રમાં કહ્યું છે કે ધર્મથી અવિરૂધ્ધ હોય એવા અર્થ અને કામનું સેવન કરી શકાય. અર્થ એટલે કામનું સાધન. ગીતામાં કહેલું છે કે ધર્માવિરુધ્ધો કામોઽસ્મિ એટલે કે ધર્મથી અવિરૂધ્ધ એવું જે કામ એ જ મારૂં સ્વરૂપ છે.

રવીન્દ્રનાથ ટાગોર આનું એક બહુ જ સુંદર દૃષ્ટાંત આપે છે. બાવું એ કેવળ સ્થૂલ, દૈહિક, ગંદી ક્રીયા છે. મહાત્માજીએ આ ક્રિયાને એક પ્રસિધ્ધ પ્રસંગે ગંદી કહેવી હતી. ટાગોર કહે છે કે આવી ગંદી ક્રિયાને પણ આપણે સુંદર અને સામાજિક કરી. આપણે એકલાં પેટ ભરતાં નથી. આપણાં બીજાઓની સાથે જમીએ છીએ. આ રીતે એ ક્રિયા એક કેવળ સ્વાર્થી, સ્થૂળ, દૈહિક ક્રિયા મટી જઇને એક સામાજિક આનંદની સભ્યતાભરી ક્રિયા બની જાય છે. એ જ માણસજાતનો સ્થૂળતા અને દેહ ઉપરનો વિજય છે. આપણે લગ્નને પણ મંગળ કહીએ છીએ એ પણ આ જ દૃષ્ટિએ. પરસ્પરના પ્રેમથી, સમાજના સદ્‌ભાવથી, સામાજિક જવાબદારીના સ્વીકારથી, સંયમથી, લગ્ન પણ એક મંગળ દીક્ષારૂપ બની રહે છે.

આ પ્રમાણે માણસનું મુખ્ય કર્તવ્ય બધી પ્રવૃત્તિઓને મંગળમય કરવી એ છે. ધર્મ એ કાંઇ અમુક એક વસ્તુ પકડી લઇને બેસી રહેવાની ચીજ નથી. એ તો પૂનાની ટિકિટ લઇને બેસી રહીએ એના જેવું છે. ટીકીટ લઇને બેસી રહેવાથી પૂના જવાતું નથી. એને માટે ટ્રેઇનમાં બેસવું જોઇએ. એમ ધર્મ પણ દેશકાળ પ્રમાણે સમાજના ધોરણને અનુકુળ રીતે પ્રવૃત્તિઓ ઘડવી એ છે. એ ઘડતરને કોઇ સીમા નથી. એકેએક પ્રવૃત્તિ સુધી તે પહોંચી શકે, એકેએક પ્રવૃત્તિમાં તે વ્યાપી જાય એવો એનો સ્વભાવ છે. આ રીતે પ્રવૃત્તિઓનો ઉચ્છેદ કે વિનાશ એ માણસનું કર્તવ્ય નથી. એ તો શકય જ નથી. પણ પ્રવૃત્તિઓને ધર્માનુકૂલ કરવી એ મુખ્ય કર્તવ્ય છે. એવી બધી પ્રવૃત્તિઓ મંગલ છે.

રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંઘના સભ્યોનું ચોમાસામાં પર્યટણ

ચાલુ સપ્ટેમ્બરની તા. ૨૦ અને રવિવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોનું વિહાર સરોવર ઉપર એક પર્યટણ ગોઠવવામાં આવ્યું છે. આ પર્યટણમાં સંઘના સભ્યો પોતાના કુટુંબ સાથે જોડાઇ શકે છે. પર્યટણમાં સામેલ થનારમાં મોટી ઉમરનાએ જણ દીઠ રૂ. ૫ અને દશ વર્ષની અંદરના નાની ઉમરનાએ જણ દીઠ રૂ. ૩ આપવાના છે. આ પર્યટણમાં જોડાવા ઇચ્છનાર સભ્યે ધનજી સ્ટ્રીટમાં આવેલા સંઘના કાર્યાલયમાં તા. ૧૭મી ની સાંજ સુધીમાં પોતાનું નામ, ઠેકાણું પોતે બસ માટે નકકી કરેલાં સ્થાનોમાંથી કયાંથી જોડાશે અને નાનાં મોટાં કેટલાં જણ હશે વગેરે વિગતો નોંધાવી જવી તેમ જ ઉપર જણાવેલ દર મુજબ રકમ ભરી જવી. ૧૭મી તારીખ પછી કોઇને પણ લેવામાં નહિ આવે. પર્યટણમાં ભાગ લેનાર દરેકે પોતાની સાથે જણ દીઠ એક પ્યાલો તથા વાડકો લાવવાના છે. વિહાર પહોંચ્યા બાદ બે વખત ચા અને ભોજન આપવામાં આવશે. પર્યટણ માટે નકકી કરેલી બસો સવારના નવ વાગે પાયધુની ટી. જી. શાહ બીલ્ડીંગથી ઉપડશે અને રસ્તામાં ઓપેરા હાઉસ પાસે ઇર્મી કંપનીની બાજુએ, દાદર ગોરદાદ સર્કલ અને માટુંગા કીંગ સરકલ પાસે ઉભી રહેશે. આ પર્યટણમાં સંઘના સર્વે સભ્યોને ઉત્સાહપૂર્વક જોડાવા અને પર્યટણને પોતપોતાથી અને તે રીતે આનંદપૂર્ણ અને સફળ બનાવવા આગ્રહપૂર્વક વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

વિષય સૂચિ		પૃષ્ઠ
ઉપયોગમૂલો ધર્મો	મેનાબહેન	૮૭
મંગળયાત્રા	પંડિત સુખલાલજી	૮૮
ભૂમિદાન પ્રવૃત્તિ વિષે વિશેષ સ્પષ્ટતા	વિનોબા ભાવે	૮૯
વિચારો જોરથી ભલે ચાલે :		
પણ તરતને માટે આચારને સંભાળો,	વિનોબા ભાવે	૯૧
મંગળ	રામનારાયણ વિશ્વનાથ પાઠક	૯૨
શાસ્ત્રસંશોધન અને સ્થિતિસુસ્તતા	પરમાનંદ	૯૩
એ વિશ્વવ્યાપી ક્રાંતિના સાથી બનશું કે શિકાર?	કાકા કાલેલકર	૯૪

શાસ્ત્રસંશોધન અને સ્થિતિચુસ્તતા

એક રોમાંચક કહાણી

(થોડા મહીના પહેલાં નાગપુર મહાવિદ્યાલયના પ્રાધ્યાપક ડૉ. હીરાલાલ જૈન જેઓ જૈન સાહિત્યના પ્રખર વિદ્વાન છે અને જેમના 'સૂત્રસમુચ્ચય'નું પંડિત બેચરદાસ જીવરાજ દોશીએ કરેલું અવલોકન હજુ થોડા સમય પહેલાં 'પ્રબુદ્ધ જીવન'ના એપ્રીલના છેલ્લા અંકમાં પ્રગટ કરવામાં આવ્યું છે તેઓ મુંબઇ આવેલા અને તેમને મળવાનું થતાં દિગંબર સંપ્રદાયમાં જૈન આગમની પ્રતિષ્ઠાને પામેલો 'ધવલસિદ્ધાન્ત' નામનો ગ્રંથ કઇ રીતે પ્રસિદ્ધિમાં આવ્યો અને તે ગ્રંથમાંના એક સૂત્રના છેડે આવતાં 'સંજદ' શબ્દે દિગંબર સમાજમાં કેવો ખળભળાટ ઉભો કર્યો અને તેમની જેવા એક સત્યનિષ્ઠ સંશોધનકારને કેવા પ્રબળ વિરોધનો સામનો કરવો પડ્યો તેને લગતી તેમણે કેટલીક વાતો સંભળાવી. તે ઉપરથી એક સળંગ કથાના રૂપમાં તે વાતોને ગુંથીને નીચેની કહાણી રજુ કરવામાં આવે છે. **પરમાનંદ.**)

જૈનોના ચરમ તીર્થંકર ભગવાન મહાવીરની વાણી જેમાં ગ્રથિત થઇ છે તેને દ્વાદશાંગી કહે છે. આ દ્વાદશાંગી એટલે બાર અંગ અથવા તો બાર વિભાગમાં વહેંચાયલી ભગવાન મહાવીરની વાણી. આ બાર અંગ સંબંધે શ્વેતાંબર સંપ્રદાયની એવી માન્યતા છે કે બાર અંગમાંથી ૧૧ અંગ સુરક્ષિત છે, જે તેમના ૪૫ આગમોમાં વણાયલા છે, પણ બારમું અંગ જે 'દ્રષ્ટિવાદ'ના નામે ઓળખાય છે તે વિચ્છેદ પામ્યું છે. દિગંબર સંપ્રદાયની માન્યતા પ્રમાણે ૧૧ અંગ વિચ્છેદ ગયા છે, પણ બારમું અંગ જ સુરક્ષિત રહ્યું છે અને તે ભગવાન મહાવીરથી ચાલી આવતી આચાર્યપરંપરામાં જીવિત રહ્યું છે. વળી તેઓ એમ પણ માને છે કે આ બારમા અંગમાં ચૌદ પૂર્વની જ્ઞાનપરંપરા સમાવિષ્ટ થયેલી છે. વિક્રમની પ્રથમ શતાબ્દિમાં થયેલા શ્રી ધરસેનાચાર્ય આ પૂર્વોની પરંપરાના અન્તિમ જ્ઞાતા હતા. તેઓ ગિરિનગર એટલે કે ગિરનારની ચંદ્રગુફામાં રહેતા હતા. તેમના આયુષ્યનો અંત જેમ જેમ સમીપ આવવા લાગ્યો તેમ તેમ પોતાની જ્ઞાનપરંપરા કોને આપવી તેની તેમને ચિન્તા થવા લાગી. યોગ્ય પાત્ર નહિ મળે તો આ જ્ઞાનપરંપરા તુટી જશે એવો ભય તેઓ અનુભવવા લાગ્યા. એ અરસામાં દક્ષિણ દેશમાં આવેલ (અને કેટલાકના મતે બંગાળમાં આવેલ) પુંડ્રવર્ધનનગરમાં મુનિસંઘનું એક સંમેલન ભરાયું હતું. શાસ્ત્રધારણપારણની યોગ્યતાવાળા બે સાધુઓને પોતાની પાસે મોકલવા શ્રી ધરસેનાચાર્યે એ મુનિસંઘ ઉપર સંદેશો મોકલ્યો. આ સંદેશાને માન આપીને ભૂતબલિ અને પુષ્પદંત એ નામના બે સાધુઓને ધરસેનાચાર્ય પાસે મોકલવામાં આવ્યા. તે બન્ને સાધુઓએ ધરસેનાચાર્ય પાસેથી ૧૪ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને દક્ષિણ દેશમાં જઇને તે રીતે પ્રાપ્ત થએલા જ્ઞાનમાંથી ષટ્‌ખંડ આગમ એ નામના સૂત્રગ્રંથની રચના કરી. આ ગ્રંથના પ્રારંભના કેટલાએક સૂત્રો પુષ્પદન્તના રચેલા છે અને બાકીનો બધો ભાગ ભૂતબલિ આચાર્યનો રચેલો છે એમ માનવામાં આવે છે. આ ગ્રંથને દિગંબર જૈનો મૂળ સૂત્રના સર્વમાન્ય પ્રમાણભૂત ગ્રંથ તરીકે માને છે. એ ગ્રંથની રચના જેઠ સુદ પાંચમે પરિપૂર્ણ થઇ એમ માનવામાં આવે છે અને તે ઉપરથી, જેઠ સુદ પાંચમનું દિગંબર જૈનો "શ્રુતપંચમી" તરીકે બહુમાન કરે છે અને તે દિવસે શ્રુતની આરાધનારૂપ વ્રતનિયમ વગેરે કરે છે.

ત્યારબાદ આઠમી નવમી શતાબ્દિમાં વીરસેનાચાર્ય નામના દિગંબર આચાર્યે એ શ્રુતગ્રંથ ઉપર 'ધવલા' નામની ટીકા રચી. અને મૂળ સૂત્રો અને ટીકા ઉભય મળીને તૈયાર કરવામાં આવેલો ગ્રંથ **'ધવલસિદ્ધાન્ત'**ના નામથી ઓળખાયો. આ ધવલસિદ્ધાન્તની તાડપત્ર ઉપરની એક જ પ્રત હાલ વિદ્યમાન છે અને તે દક્ષિણમાં મૈંગલોરથી ૩૦ માઇલ દૂર આવેલા દિગંબરોના સુપ્રિસિદ્ધ તીર્થ મૂળબદ્રીના 'સિદ્ધાન્ત-બસતી'ના નામે ઓળખાતા એક મંદિરમાં છે એવી માન્યતા સામાન્યતઃ હાલના દિગંબર સમાજમાં પ્રવર્તતી હતી. આ મંદિરનો ભટ્ટારક ઉપર જણાવેલ ધવલસિદ્ધાન્તની પ્રત કોઇને પણ આપતો નહોતો કે જોવા દેતો નહોતો. વારતહેવારે તે ગ્રંથની પૂજા થતી હતી અને ત્યાંના ભટ્ટારકને તે કમાણીનું એક મોટું સાધન થઈ પડ્યું હતું. આ તાડપત્રની પ્રત ધીમે ધીમે જર્જરિત થઇ રહી છે અને તેની કોઈ પણ હિસાબે બીજી નકલ થવી જોઇએ એમ આજથી ચાલીશેક વર્ષ ઉપર વિદ્યમાન દિગંબર સમાજના પ્રમુખ આગેવાન સ્વર્ગસ્થ શેઠ હીરાચંદ નેમીચંદ અને શેઠ માણેકચંદ હીરાચંદને લાગ્યું. પણ સિદ્ધાન્ત-બસતીનો ભટ્ટારક એ પ્રતને એમ કોઇને હાથ સરખો લગાડવા દે એમ ન હોતું. આખરે કેટલીક વાટાઘાટ અને સમજાવટના પરિણામે એમ નક્કી કરવામાં આવ્યું કે તે મૂળ ગ્રંથ જે કન્નડી લિપિમાં હતો તેની તેણે નકલ કરવા દેવી, પણ તે નકલ પણ તે ભટ્ટારક પાસે જ રહે. આ મુજબ ગજપતિ શાસ્ત્રી નામના એક લહીઆએ એ મૂળ ગ્રંથની નકલ તૈયાર કરી આપી અને સાથે સાથે તે લહીઆએ છુપી રીતે એક બીજી નકલ પોતાને માટે પણ કરી લીધી. એ નકલ તેણે બહુ મોટી કીંમતે સહરાનપુરના શેઠ જબુપ્રસાદને વેચી. એ શ્રીમાનને વિચાર આવ્યો કે આ ગ્રંથ કન્નડી લિપિમાં છે તે જો દેવનાગરી લિપિમાં લખાવવામાં આવે તો તેનો ઉપયોગ થઇ શકે. તેથી તેનું દેવનાગરી રૂપાન્તર કોઇ એક સીતારામ શાસ્ત્રી પાસે કરાવવામાં આવ્યું. આ સીતારામ શાસ્ત્રીએ પણ ગુપ્ત રીતે પોતા માટે એક નકલ કરી લીધી અને પછી તેણે ખુલ્લી રીતે ૧૫૦૦, ૧૦૦૦,૮૦૦ એમ મોટી મોટી રકમો લઇને મૂળ ગ્રંથની એક પછી એક નકલો વેચવા માંડી. આ રીતે તેની પાસેથી અમરાવતીની પંચાયતે એક નકલ મેળવી. ત્યારબાદ ભીલસાવાળા શ્રીમાન સીતારામ લક્ષ્મીચંદે ઉપરોકત ધવલસિધ્ધાન્ત મૂળ તથા તેનો હિંદી અનુવાદ જરૂરી ટીકા ટીપ્પણી સાથે પ્રગટ કરવા માટે રૂા. ૧૦૦૦૦ નું દાન કર્યું અને એ કાર્ય નાગપુર મહાવિદ્યાલયના અધ્યાપક ડૉ. હીરાલાલ જૈનને સોંપવામાં આવ્યું. તેમણે તે રીતે તૈયાર કરીને એ ગ્રંથનો લગભગ અરધો ભાગ પ્રગટ કર્યો અને તથા પ્રકારે એ ગ્રંથનો તેટલો ભાગ આજના વિદ્વાન સંશોધકોને પઠનપાઠન તથા સંશોધન અર્થે સુલભ થઈ શકયો છે.

આ ગ્રંથના પ્રકાશને એક નવી ચર્ચા ઉભી કરી અને દિગંબર સમાજમાં ભારે સંક્ષોભ પેદા કર્યો. આ બાબત સમજવા માટે દિગંબર માન્યતાઓને જરા ઉંડાણથી ગ્રહણ કરવાની જરૂર છે. દિગંબર સંપ્રદાય અપરિગ્રહ વ્રતને નિરપવાદ રૂપમાં સ્વીકારતો હોઇને પોતાના સંપ્રદાયના સાધુઓને નગ્ન-વસ્ત્ર વિહીન- રહેવા ફરમાવે છે. સંસારત્યાગ અને જૈન દીક્ષાનો અંગીકાર મોક્ષપ્રાપ્તિ માટે અતિ આવશ્યક છે. સ્ત્રીઓ દિગંબર એટલે કે નગ્ન બનીને વિચરી શકે નહિ, તેથી જૈન દીક્ષા ગ્રહણ કરી શકે નહિ અને તેથી મોક્ષપ્રાપ્તિની અધિકારિણી થઇ શકે નહિ. આ દિગંબર સંપ્રદાયની તેને અન્ય સંપ્રદાયથી જુદો પાડતી એક પાયાની માન્યતા છે. જૈન દર્શનમાં જીવનો ઉર્ધ્વ

ભદ્રબાથી અન્તિમ કક્ષા-મોક્ષપ્રાપ્તિ-સુધીના વિકાસનો એક ક્રમ પ્રતિપાદિત કરવામાં આવ્યો છે, જેને ગુણસ્થાનક ક્રમ કહેવામાં આવે છે. આ ગુણસ્થાનક ૧૪ છે. તેમાં પાંચ ગુણસ્થાનક અસંયત-સંયતઅસંયત સુધીના છે, જે સ્ત્રી પુરુષને સમાન છે. પછીનું છઠ્ઠું ગુણસ્થાનક સંયતનું એટલે કે દિક્ષાધારીનું છે. આ અને પછીના ગુણસ્થાનક ઉપર ચડવાનું આગળ જણાવેલા કારણોસર દિગંબર મત પ્રમાણે સ્ત્રીઓ માટે મનુષ્યિણી માટે-શક્ય નથી. આવો ઉત્ક્રમ સ્ત્રી જાતિ માટે શાય છે એમ કોઈ દિગંબર જૈન પુરવાર કરે અથવા તો આગમ ગ્રંથનો આધાર લઈને સાબીત કરે તો દિગંબર સમાજ તેનો સખ્ત વિરોધ કરે અને તેને નાસ્તિક ગણી કાઢે એ તદ્દન સ્વાભાવિક છે.

હવે ઉપર જણાવેલ 'ધવલાસદ્ધાન્ત'નું સંશોધન કરીને જેણે તે ગ્રંથ હિંદી અનુવાદ સાથે પ્રગટ કર્યો તે ડૉ. હીરાલાલ જૈને પોતાના સંશોધનના પરિણામે એમ જાહેર કર્યું કે મનુષ્યિણીના ગુણસ્થાનકનો ક્રમ સમુચ્ચયે જણાવતાં મૂળ સૂત્રમાં જોડે અસંજદ-સંજદાસંજદ (અસંયત સંયતાસંયત)એટલોજ પાઠ છે, તો પણ પૂર્વાપર સંબંધ તથા પ્રસ્તુત સૂત્ર ઉપરની ટીકા તથા તે ઉપરથી રચાયલા ગોમટસાર વગેરે ગ્રંથો તપાસતાં તે સૂત્ર અધુરું લાગે છે. અર્થાત્ તે સૂત્રના છેડે સંજદ (સંયત) શબ્દ હોવો જોઇએ એવું અનુમાન થાય છે. એ મુજબ તેમણે એ સૂત્રને અનુલક્ષીને એજ પાનાના છેડે એ બાબતની ફુટનોટ મુકી. આ ફુટનોટે દિગંબર સમાજમાં ખૂબ ખળભળાટ પેદા કર્યો અને અને ડૉ. હીરાલાલ જૈને મનસ્વીપણે મૂળ ગ્રંથમાં આવી ફુટનોટ ઘુસાડીને સ્ત્રી સંયમ (સાધુ-જીવન) અને મોક્ષની અધિકારિણી છે એવા શાસ્ત્રવિરુદ્ધના ખ્યાલને પ્રહેતો કર્યો છે એવો તેમની ઉપર આક્ષેપ કરવામાં આવ્યો.

આ ચર્ચા અને સક્ષોભ ચાલ્યા કરતા હતા એ દરમ્યાન માલુમ પડયું કે મૂળબદ્રીના ઉપરે જણાવેલા ગ્રંથ-ભંડારમાં ધવલસિધ્ધાન્તની માત્ર એક જ નહિ પણ બીજી ત્રણ તાડપત્રની નકલ છે. આમાં એક તો લગભગ શીર્ણવિશીર્ણ ગઇ ગઇ છે; એકમાંથી ઉપરન સૂત્રવાળું પાનું તેમજ બીજી કેટલાંક પાનાંઓ ગુમ થયાં છે. પણ ત્રીજી નકલ સાંગોપાંગ સંપૂર્ણ છે અને તેમાં સ્ત્રીનાં ગુણસ્થાનક વર્ણવતાં અસંજદ-સંજદાસંજદ સંજદ (અ-સંયત-સંયતાસંયત-સંયત) એમ સળંગ પાઠ છે. આ વાતની જાહેરાત થયા બાદ દિગંબર મુનિ શાંતિસાગરજીની પ્રેરણાથી પ્રસ્તુત મૂળગ્રંથને તાંબાના પતરમાં સળંગ કોતરવામાં આવ્યો અને એ રીતે મૂળગ્રંથને સ્થાયી સ્વરૂપ આપવાનો પ્રયત્ન હાથ ધરાયો. આ તામ્રપટની પ્રતમાં યથાસ્થાને પ્રસ્તુત સૂત્રના છેડે સંજદ (સંયત) શબ્દ આવે એ રીતે એ સૂત્ર પણ કોતરવામાં આવ્યું. આ હકીકતની જાણ થતાં આવી રીતે વાદગ્રસ્ત પાઠને આ તામ્રપટમાં સ્થાયી-રૂપ મળી જાય એ તો સહી જ ન શકાય-એ ક્ષમતો ખૂબ કોલાહલ દિગંબર સમાજમાં ઉઠ્યો થયો. મુનિ શાંતિસાગરજી આમ તો કેવળ જૂનવાણી અને સ્થિતિચુસ્ત વિચારસરણી ધરાવતા એક દિગંબર સાધુ છે. તે એ સાધુ કે જેમણે હરિજન-મંદિર પ્રવેશનો સખ્ત વિરોધ કરેલો, જેનો હિંદુ નથી અને જૈનેના મંદિરોને આ કાયદો લાગુ ન પડવો જોઇએ એવી તેમણે ઝુંબેશ ચલાવેલી અને એ ઝુંબેશના તાનમાં કેટલાંક સમય સુધી અન્નત્યાગ એટલે કે અનાજત્યાગ કરેલો. તેમણે બહુ લાંબો વિચાર કર્યા સિવાય તામ્રપટમાં 'સંજદ' શબ્દ ઉપર જણાવ્યું તે મુજબ કોતરાવા દીધેલે, પણ સંશોધકની તેમનામાં કશી દ્રષ્ટિ કે વૃત્તિ મળે નહિ. ચાલુ માન્યતાની પરિપાટીને જોર આપવું એજ તેમના જીવનભરનો વ્યવસાય. તેથી પોતાના સમાજમાં આ જ હકીકતે મોટો વિરોધ વંટોળ ઉભો કર્યો છે એમ તેમને માલુમ પડયું કે તરતજ ઉપર જણાવ્યા મુજબનું સૂત્ર જેમાં કોતરવામાં આવ્યું હતું તે તામ્રપત્ર રદ કરીને 'સંજદ' (સંયત) શબ્દ વિનાનું નવું તામ્રપત્ર કોતરાવીને તે તામ્રપટમાં તેમણે દાખલ કરાવ્યું. તાજેતરમાં શ્રવણ બેલગોડામાં મહામસ્તકાભિષેકનો સમારંભ હતો તે દરમ્યાન દિગંબર જૈન મહાસભાનું અધિવેશન ભરાયું હતું. તે અધિવેશને પ્રસ્તુત ચર્ચાને અનુલક્ષીને તથા મૂલબદ્રીની પ્રાચીન પ્રતો વગેરે ધ્યાનમાં લઇને ઠરાવ કર્યો કે ધવલસિદ્ધાન્તમાં 'અસંજદ-સંજદાસંજદ-સંજદ' એ મુજબનો પાઠ સ્વીકાર્ય ગણવો અને એ મૂળ પ્રતની છબીઓ લઇને તે મુજબ તામ્રપટ તૈયાર કરાવવો.

આ ઠરાવનો મુનિ શાંતિસાગરજીએ સખ્ત વિરોધ કર્યો છે. એ સૂત્રના છેડે વિવાદાસ્પદ 'સંજદ' શબ્દ નહિ મૂકવાની તેમણે આજ્ઞા કરી છે અને આ હેતુથી મૂલબદ્રીના ભંડારની પ્રતોનું કોઇ સંશોધન કરવામાં આવે અથવા તો છબીઓ લેવા આવે તો તેને કશી પણ સગવડ ન આપવા સિદ્ધાન્તબસતીના ભટ્ટારકને તથા ટ્રસ્ટીઓને અનુરોધ કર્યો છે, હુકમ ફરમાવ્યો છે.

આ છે શાસ્ત્રસંશોધન સાથે અથડાતી સ્થિતિચુસ્તતાની દિગંબર સમાજમાં બની રહેલી આજ સુધીની કહાણી. સ્થિતિચુસ્તતા સુધારક સાથે તો અથડાય જ છે, કારણ કે તે ધર્મ યા તો સમાજના નામે ચાલતી અનિષ્ટ રૂઢિઓનો તેમજ બુદ્ધિ અને વિવેક સાથે અસંગત એવી માન્યતાઓનો હંમેશાં વિરોધ કરે છે, ઇનકાર કરે છે. પણ કેવળ સંશોધનની દ્રષ્ટિએ શાસ્ત્ર-ગ્રંથોનું અવગાહન અને તારણ કરનાર નિષ્પક્ષ પુરાતત્વવિદો સાથે પણ સ્થિતિચુસ્તતા ઘર્ષણમાં આવે છે. કારણ કે તેમના સંશોધનો ઘણીવાર પુરાપ્રતિષ્ઠિત માન્યતાઓનો પાયો હલાવી નાંખે છે. સ્થિતિચુસ્તતાને સત્ય કે પ્રગતિ ઉભયમાંથી એકેકની પરવા હોતી નથી. તે અચલાયતનની પૂજારી છે. પરિણામે સુધારકને કે સંશોધકને પોતાના અભિપ્રાય કે શોધને વળગી રહેતાં ઘણી વખત ભારે તિતિક્ષામાંથી પસાર થવું પડે છે. આવી તિતિક્ષામાંથી પસાર થવા માટે ડૉ. હીરાલાલ જૈન જેવા પુરાતત્ત્વ-સંશોધકોને જરૂર ધન્યવાદ ઘટે છે. **પરમાનંદ**

એ વિશ્વવ્યાપી ક્રાંતિના સાથી બનશું કે શિકાર ?

આપણા દેશના સંસ્કારી, ધની અને સુખી લોકોને શી રીતે જાગૃત કરાય ? જે લોકો કેવળ પૈસા પાછળ પડેલા હોય છે, સંસ્કાર કેળવતા નથી અને સુખ પણ ભોગવતા નથી, તેમને કોક વખતે જાગૃત કરી શકાય. કેમ કે તેઓ જાણે છે કે તેમના જીવનમાં ઘણી ઉણપ છે. પણ જેઓ પોતાના જીવન ઉપર એટલા તો ખુશ હોય છે કે તેમને હચમચાવીને જગાડવા પણ મુશ્કેલ. સારા અને સાચા રાષ્ટ્રસેવકોની તેઓ વખતો વખત કદર પણ કરી શકે છે. સારાં કામો ઓળખીને એને માટે સખાવત પણ આપે છે. તેઓ ફક્ત ઓળખી શકતા નથી તે વિરાટ સામાજિક અન્યાયને કે જેને આધારે તેમનું ધની, સુખી અને સંસ્કારી જીવન નભે છે.

રશિયામાં ભીષણ સામાજિક ક્રાન્તિ થઈ એ ઉપરથી બોધ લઇ અનેક દેશોએ સમાજસત્તાવાદી રાજ્ય વ્યવસ્થા ગ્રહણ કરી. રશિયાની વિચારસરણી દુનિયામાં ફેલાતી જોઇને અમેરિકા ધ્રુજે છે.

હવે બીજી બાજુ દુનિયાની પછાત જાતિઓ બળવાની તૈયારી કરે છે. આફ્રિકા, દક્ષિણપૂર્વ એશિયા-જ્યાં જુઓ ત્યાં સામાજિક મંથન ચાલી રહ્યું છે. આપણે ત્યાં 'ભૂમિદાન યજ્ઞ' શરૂ થયો છે. એ કાંઇ સુખી લોકોની સખાવતનો પ્રકાર નથી. એમાંથી પણ ક્રાન્તિ ફાટી નીકળવાની છે. આવી વિશ્વવ્યાપી ક્રાન્તિના મુખી અથવા સાથી બનીશું કે ભોગ બનીશું ? એ સવાલ છે.

(એક અંગત પત્રમાંથી) **કાકા કાલેલકર**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

છૂટક નકલ : ત્રણ આના શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ : ૧૪ : અંક ૧
પ્ર. જીવન વર્ષ : ૧૬ ૧

મુંબઈ : ૧ ઓક્ટોબર ૧૯૫૩ ગુરુવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

शिवास्ते पन्थानः सन्तु ।

સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનાં શરૂ થયેલા આઠમાં અધિવેશનમાં ભારત સરકાર તરફથી નિયત કરવામાં આવેલ પ્રતિનિધિમંડળમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ જેઓ હિંદી પાર્લામેન્ટમાં સૌરાષ્ટ્ર તરફથી ચૂંટાયેલા એક સભ્ય છે તેમની નિમણુક કરવામાં આવી છે અને તેમાં ભાગ લેવા માટે તા. ૨૬-૯-૫૩ શનીવારના રોજ મુંબઈથી તેઓ અમેરિકા જવા વિદાય થયા છે. સપ્ટેમ્બર માસની શરૂઆતમાં આ નિમણુકની જાહેરાત કરવામાં આવી હતી અને અમેરિકા જવાની તૈયારી કરવા માટે તેઓ સાડેબારની દશામી તારીખે મુંબઈ આવી પહોંચેલા. ત્યાર પછીના પખવાડીયા દરમિયાન તેમને અભિનંદન આપતા તથા શુભવિદાય ઇચ્છતા અનેક નાનાં મોટાં સંમેલનો ભરાયાં તેમ જ તદ્દન્તર્ગત ભોજન સમારંભો પણ યોજાયા. શરૂઆતમાં તા. ૧૭-૯-૫૩ ના રોજ શ્રી. ચીમનલાલ પી. શાહ તથા શ્રી રમણીકલાલ મણિલાલ શાહ-ચીમનભાઇના અંગત મિત્રો તરફથી પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ બાથમાં મુંબઇના માજી મેયર શ્રી ગણપતિશંકર દેસાઈના પ્રમુખપણા નીચે એક ભવ્ય સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. ત્યાર બાદ તા. ૧૯-૯-૫૩ શનીવારના રોજ સુન્દરાબાઇ હોલમાં શેઠ પ્રાણજીવન દેવકરણ નાનજીના પ્રમુખપણા નીચે એ જ હેતુથી સમસ્ત જૈનોની એક જાહેર સભા ગોઠવવામાં આવી હતી. તે જ દિવસે રાત્રે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ અને મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્યોતું શ્રી. ચીમનભાઇના સન્માનમાં એક નાનું સરખું સંમેલન ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે બન્ને સંસ્થાઓ તરફથી આવકાર આપતાં અને આવી ઉંચી કક્ષાની નિમણુક વિષે સૌ કોઇના દિલમાં રમી રહેલો આનંદ વ્યક્ત કરતાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયાએ જણાવ્યું હતું કે "આ પ્રસંગે ચીમનભાઇ વિષે આપણે અંગત રીતે જે ઉંડો આદર અને પ્રેમ અનુભવીએ છીએ તેને લાંબા શાબ્દિક વ્યાખ્યાનો દ્વારા વ્યક્ત કરવાની બીલકુલ જરૂર નથી; કારણ કે આપણે એકમેકને વર્ષોથી બહુ સારી રીતે જાણીએ છીએ. માત્ર આ પ્રસંગે મારા મનમાં શુભેચ્છાસૂચક એક કલ્પના સ્ફુરે છે તે રજુ કરવા ઇચ્છું છું. આપણે બધા જૈન છીએ, જૈન સંસ્કારમાં આપણે ઉછરેલા છીએ અને જૈન માન્યતાથી આપણે સૌ સારી રીતે પરિચિત છીએ. જૈન તીર્થંકરોના ચરિત્રથી અને તેમના પૂર્વભવોની કથાથી જેઓ માહિતગાર છે તેમને ખ્યાલ હશે કે પ્રત્યેક તીર્થંકરના પૂર્વભવની કથાઓમાં એક એવો વિશિષ્ટ પ્રસંગ આવે છે કે જેને અનુલક્ષીને શાસ્ત્રકારો એમ જણાવે છે કે આ પ્રસંગે ભગવાને પોતાના પૂર્વ ભવમાં એવો અસાધારણ પુરૂષાર્થ દાખવ્યો-પછી તે દાનનો હોય, શીલનો, હોય, તપનો હોય, કરૂણાનો હોય કે આત્મબલિદાનનો હોય-કે જેના પરિણામે ભગવાને તીર્થંકર-નામકર્મ ઉપાર્જન કર્યું અને છેવટના ભવમાં તેઓ તીર્થંકર પદને પામ્યા. આજે આન્તરરાષ્ટ્રીય રાજનીતિનો મુખ્ય ઉદ્દેશ દુનિયાભરમાં સુલેહ-શાન્તિની પાકો પાયે સ્થાપના કરવાનો છે. આ ધ્યેય હિંદનું છે એમ કહેવાનો અર્થ એ છે કે એ ખાતર હિંદ ગમે તે ભોગ આપવાને-માગો તેટલું મૂલ્ય ચુકવવાને-તૈયાર છે. આજે દુનિયા એક અસાધારણ કટોકટીમાંથી પસાર થઇ રહી છે અને માથે ત્રીજુ વિશ્વયુદ્ધ ઝઝુમે છે. આજે શરૂ થયેલી રાષ્ટ્રસંસ્થાની બેઠક આગળ વિશ્વશાન્તિને ક્ષુબ્ધ કરતો કોરીઆની સુલેહનો પ્રશ્ન મુખ્યસ્થાને છે અને રંગદ્વેષનો પ્રશ્ન પણ આજે એટલો જ ઉગ્ર અને ત્વરિત ઉકેલની અપેક્ષા રાખતો બન્યો છે. આ પ્રસંગે મોકલવામાં આવતા હિંદી પ્રતિનિધિમંડળના શ્રીમનભાઇ એક સભ્ય છે. તેમને ત્યાં શું ભાગ ભજવવાનો હશે તેની આપણને કે તેમને ખબર નથી. વિજયાલક્ષ્મી પંડિત આ વખતના વાર્ષિક અધિવેશનનો પ્રમુખ નિમાયા છે. બી. કે. મેનન સંભવ છે કે કોરીઆની પોલીટીકલ કોન્ફરન્સમાં જાય. આ સંયોગોમાં ચીમનભાઇના ભાગે આજે આપણે કલ્પીએ છીએ તેથી પણ વધારે જવાબદારીભર્યો ભાગ ભજવાનું આવે. કોણ જાણે કે ન જાણે. આપણે તો એટલું જ ઇચ્છીએ અને પ્રાર્થીએ કે વિશ્વશાંતિને સુદૃઢ કરવાના પ્રદેશમાં ચીમનભાઇના ભાગે જે કાંઇ જવાબદારી આવે તેને પહોંચી વળતાં તેઓ એવો પ્રબળ પુરૂષાર્થ દાખવે કે જેથી તેઓ તીર્થંકર-નામકર્મ ઉપાર્જન કરે. વિશ્વનો સૌથી ઉત્કટ પ્રશ્ન આ છે. તેનો ઉકેલ જેના હાથે થશે, તે પાછળ જે પોતાની જાતને ખપાવી દેશે-તે ભાવી તીર્થંકર થવાને યોગ્ય ગણાવો જોઇએ-એ વિષે બે મત હોવા સંભવ નથી. ચીમનભાઇને પુરૂષાર્થ આ પ્રકારનો હોય એવી



વિરોધ અને સમન્વય

(પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ થયેલ શાસ્ત્રસંશોધન અને સ્થિતિસ્થુસ્તતાના અનુસંધાનમાં ગત વર્ષના સપ્ટેંબર માસના અનેકાન્તમાં પ્રગટ થયેલા નાગપુર' મહાવિદ્યાલયના અધ્યાપક ડૉ. હીરાલાલ જૈનનો વિવેક और सामञ्जस्य એ મથાળાના હિંદી લેખનો મુનિશ્રી ન્યાયવિજયજીએ કરેલો અનુવાદ તા. ૨૭-૧૨-૫૩ ના જૈનમાં પ્રગટ થયો હતો જે નીચે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. **તંત્રી**)

વિદ્વત્સમાજમાં હવે આ વાત સ્વીકારાઇ ગઇ છે કે ભગવાન મહાવીરે કોઇ નવો ધર્મ સ્થાપિત નથી કર્યો, પણ તેમણે એક પ્રાચીન પ્રચલિત ધર્મનો પુનઃ સંસ્કાર કર્યો. તે પ્રાચીન ધર્મના અનુયાયી 'શ્રમણ' કહેવાતા હતા. શ્રમણોનો એક યતિસમ્પ્રદાય હતો, જેનો વૈદિક સંપ્રદાયના 'બ્રાહ્મણો' સાથે અનેક મૌલિક વાતોમાં મતભેદ હતો. શ્રમણો 'ચાતુર્યામ' અર્થાત્ ચાર સંયમોનું પાલન અને પ્રચાર કરતા હતા. તે ચાર સંયમો હતા-અહિંસા, અમૃષા, અચૌર્ય અને અબહિદ્ધાદાણ.* જ્યારે મહાવીર આ શ્રમણ સંપ્રદાયમાં પ્રવિષ્ટ થયા ત્યારે તેમણે જોયું કે શ્રમણોનું આચરણ ન તો પૂર્ણતયા પરિગ્રહરહિત છે અને ન આકુલતાથી મુક્ત. એથી તેમણે ચતુર્થ સંયમ અબહિદ્ધાદાણને [બહિદ્ધાદાણઓ વેરમણને] બે સ્વતંત્ર વ્રતોમાં વિભાજિત કરી દીધું- એક અમૈથુન અને બીજું અપરિગ્રહ. આનો એ અર્થ નહિ સમજવો જોઇએ કે અમૈથુન અર્થાત્ બ્રહ્મચર્યનું એની પૂર્વે શ્રમણોદ્વારા પાલન નહોતું કરાતું. ખરી રીતે તો પરિસ્થિતિ એ હતી કે ચારિત્રનો બધો ભાર આ સ્ત્રીપરિત્યાગરૂપ અબહિદ્ધાદાણ પર હતો. સ્ત્રીપરિત્યાગ થઈ જતાં શ્રમણને માટે અન્ય પરિગ્રહોના સંબંધમાં એટલી કઠિનતા નહોતી રહેતી. મહાવીરસ્વામીએ અમૈથુન યા બ્રહ્મચર્યનું એક સ્વતંત્ર વ્રત જે બતાવ્યું તેનું પ્રયોજન એ હતું કે અમૈથુન યા સ્ત્રીપરિત્યાગ માત્રથી જ બહિદ્ધાદાણવ્રતની પરિપૂર્ણતા ન સમજવી જોઇએ, કિન્તુ એ વ્રતનું ન્યાયતઃ પરિપાલન તો ત્યારે જ થઈ શકે છે કે જ્યારે બાહ્ય સમસ્ત પરિગ્રહ, ત્યાં સુધી કે અલ્પમાં અલ્પ વસ્ત્રનો પણ પૂર્ણતયા ત્યાગ કરવામાં આવે. આ જ આદર્શને અનુરૂપ તેમણે બાવીસ પરીષહોનું પણ સુસંગઠન કર્યું, જેમનું પાલન પણ શ્રમણને માટે અનિવાર્ય ઠરાવવામાં આવ્યું. આ પ્રમાણે તેમના અનુયાયીઓ 'નિર્ગ્રન્થ' બની ગયા. તેઓ 'અચેલ' પણ કહેવાવા લાગ્યા અને પ્રાચીન ચાતુર્યામ શ્રમણ સંપ્રદાયથી પૃથક્ થઈ ગયા.

ભગવાન મહાવીરનાં પટ્ટશિષ્ય ગૌતમ ગણધર એક ઉક્ત ચાતુર્યામ સંપ્રદાયના નાયક શ્રમણ 'કેશી' ને એ વાત સમજાવવામાં સફલ થયા કે મહાવીરે જે વિશેષતા એમના ધર્મમાં ઉત્પન્ન કરી તે 'પ્રાચીન' સંપ્રદાયથી વિરુદ્ધ નહોતી એટલું જ નહિ, કિન્તુ તેનાથી એ પ્રાચીન ધર્મનો જ સાચો મર્મ એના પ્રાણ પ્રકટ કરવામાં આવ્યાં છે. આ સ્પષ્ટીકરણથી ચાતુર્યામવાળો તે પાર્શ્વ સંપ્રદાય અને મહાવીર ભગવાનનો અચેલક સંપ્રદાય એ બન્ને એકત્ર થઈ ગયા અને તેમણે પ્રાચીન ચાર યામોના સ્થાને પાંચ વ્રતોનો સ્વીકાર કરી લીધો. આ સમ્મેલનમાં વસ્ત્રના સંબંધમાં જે સમજુતી થઇ તે, એમ જણાય છે કે વિકલ્પના રૂપમાં થઈ, કેમકે એ પછી આપણને જિનકલ્પ અર્થાત્ અન્તિમ જિન મહાવીર દ્વારા ઉપદિષ્ટ 'નાગ્ન્ય' અને સ્થવિર કલ્પ અર્થાત્ પ્રાચીન ચાતુર્યામ સંબંધી કલ્પ-વસ્ત્રગ્રહણરૂપ આચાર-નો પ્રાદુર્ભાવ થયેલો જણાય છે. પરન્તુ આ સમજુતી સ્વભાવિક રીતે જ સ્થાયી થઈ શકે તેમ નહોતી. કેમકે જેઓ અચેલકત્વ અર્થાત્ નાગ્ન્યનું કઠિન વ્રત પાલતા હતા અને જેઓ એ વ્રતનું પાલન ન કરી શકવાના કારણે અચેલ તપસ્વીઓ દ્વારા હીન સમજાતા હતા એ બંને વચ્ચે સમાનતાની ભાવનાને સ્થિર બનાવવી એ સંભવિત નહોતું. ભગવાન મહાવીરની પછીની જે પટ્ટાવલીઓ ઉપલબ્ધ છે તે મુજબ આ સંપ્રદાય કેવલ ત્રણ પેઢી સુધી જ સમ્મિલિત રહી શક્યો. આ સમ્મિલિત સંપ્રદાયના નાયક 'કેવલિ' કહેવાયા છે અને તેઓ ક્રમશઃ ત્રણ જ થયા. ગૌતમ, સુધર્મા ને જંબૂ. તત્પશ્ચાત્ સંપ્રદાયનું નાયકત્વ વિચ્છિન્ન થઈ ગયું અને અમને પટ્ટાવલીઓમાં આચારપરંપરાની બે વિભિન્ન ધારાઓ દેખાઈ દેવા લાગી. આમાંથી એક આચાર્ય નંદીથી પ્રારંભ થાય છે અને બીજી પ્રભવથી. આ બે શાખાના સંબંધમાં અમને જે કંઇ વૃત્તાન્ત પ્રાપ્ત થાય છે તે ઉપરથી જણાઇ આવે છે કે-આમાંની પ્રથમ શાખા 'જિનકલ્પી' અર્થાત્ નગ્ન નિર્ગ્રન્થોની હતી અને બીજી સ્થવિરકલ્પી અર્થાત્ વસ્ત્રધારી શ્રમણોની. કિન્તુ અત્યાર (ત્યાં) સુધીમાં દિગમ્બર તથા શ્વેતામ્બર સંપ્રદાયોનો સુદૃઢ રૂપમાં પ્રાદુર્ભાવ નહોતો થયો, કેમકે એ સમયના વૃત્તાન્તાનુસાર એક શાખાને છોડી બીજી શાખામાં પ્રવિષ્ટ થવું કઠિન નહોતું.

સ્થવિરકલ્પી શાખાની અપેક્ષાએ જિનકલ્પી શાખામાં એક વિશેષ કઠિનાઇ હતી. નાગ્ન્ય પરિષહ સહન કરવો સરળ નહોતો. વિશેષતઃ એ શ્રમણો માટે કે જેઓ ધની ગૃહસ્થ જીવનમાંથી આવ્યા હતા; અથવા જેમના અંગપ્રત્યંગમાં કોઈ વિશેષ વિકૃતિ હતી; અને સ્ત્રીઓ તો નાગ્ન્યનું પાલન કરી જ ન શકે. આ કારણોથી જિનકલ્પીઓની સંખ્યા સ્થવિરકલ્પીઓની અપેક્ષાએ કમ રહેતી હતી આ કમીની પૂર્તિ આર્ય શિવભૂતિએ કરી, જેમણે શ્વેતામ્બર સ્થવિરાવલી અનુસાર સ્થવિરકલ્પને ત્યાગી જિનકલ્પ ગ્રહણ કર્યો હતો, તથા જેમને અને 'મૂલારાધના' ગ્રન્થના કર્તા શિવાર્યને મેં એક માન્યા છે (એ બે એક હોય એવું મેં અનુમાન કર્યું છે). એ (મૂલારાધના) ગ્રન્થમાં મુનિઓ માટે નાગ્ન્યનો નિયમ (ઉત્સર્ગ) બતાવ્યો છે અને સાથે જ એ અપવાદ પણ બતાવ્યો છે કે મહર્દ્ધિક, વિકૃતાંગ અને સ્ત્રીઓ વસ્ત્ર પણ ધારણ કરી શકે. આમ સ્વયં જિનકલ્પની અંદર પણ કંઇક વિકલ્પનો વ્યવહાર થવા લાગ્યો.

પરન્તુ આ વિકલ્પના કારણે નાગ્ન્યનો નિયમ ન્યાયતઃ સ્ખલિત થઈ ગયો. જો કોઈ પણ કારણે કોઈ વિશેષ

આપણા સર્વના અન્તરની પ્રાર્થના હો!" ઉપર જણાવેલ સંમેલન બાદ તા. ૨૦-૯-૫૩ રવિવારના રોજ વીલેપારલેના સ્થાનકવાસી જૈન સંઘે શ્રી ચીમનભાઇ માટે મુંબઇના મજુર પ્રધાન શ્રી શાંતિલાલ શાહના પ્રમુખપણા નીચે એક મોટી સન્માન સભા ભરી અને સામુદાયિક ભોજનસમારંભ કર્યો. તા. ૨૩-૯-૫૩ ના રોજ જન્મભૂમિ ભવનમાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી ઉછરંગરાય ઢેબરના પ્રમુખસ્થાને બીજો એક ભવ્ય સન્માનસમારંભ યોજવામાં આવ્યો. આ પ્રસંગે શ્રી એસ. કે. પાટીલે ચીમનભાઇને ઉદાર પ્રશસ્તી વડે નવાજ્યા. શ્રી નથવાણીએ શ્રી ચીમનભાઇની વિશિષ્ટ શકિતઓનો પરિચય કરાવ્યો. શ્રી ઢેબરભાઇએ એક અદ્‌ભુત પ્રેરક પ્રવચન દ્વારા ચીમનભાઇના આ મહાપ્રસ્થાનનું મહત્વ સમજાવ્યું. આ રીતે અનેક મિત્રો મંડળો, સંસ્થાઓ અને મહાજનોથી સન્માનિત થયેલા શ્રી ચીમનભાઇએ તા. ૨૬-૯-૫૩ શનીવારે બપોરે સાન્તાક્રુઝ એરપોર્ટ ઉપર એકઠા થયેલા અનેક સ્વજનો અને સહકાર્યકર્તાઓ વચ્ચેથી વિદાય લીધી અને અમેરિકા જવા ઉપડયા. આ પ્રસંગે તેમની યાત્રા સર્વપ્રકારે કલ્યાણકારિણી બનો એવી સૌ કોઇની શુભેચ્છા તેમની ઉપર વરસી રહી.

વ્યક્તિ નાગ્ન્યપાલન કર્યા વગર નિર્ગ્રન્થતાની પૂર્ણતાને પ્રાપ્ત થયેલો કહી શકાતો હતો, તો તે જ પ્રકારે બીજા મુનિઓ પણ વસ્ત્ર ધારણ કરવા છતાં કેમ પૂર્ણ શ્રમણ ન ગણાય? આ વિષમતાના કારણે નાગ્ન્યના નિયમનું પાલન કરવામાં સ્વયં જીનકલ્પની અંદર શિથિલતા આવવા લાગી.

આ પ્રકારની પરિસ્થિતિમાં કુન્દકુન્દાચાર્યે જીનકલ્પનું નાયકત્વ ગ્રહણ કર્યું. તેમણે ઉકત સમસ્યાનો છેલ્લો નિપટારો કરી નાખવા માટે પોતાનું ધ્યાન અન્તિમ તીર્થંકર ભગવાન્ મહાવીરદ્વારા નિર્દિષ્ટ આચાર પર સ્થાપ્યું, જે અનુસાર નાગ્ન્યનું પ્રાધાન્ય હતું. અતઃએવ કુન્દકુન્દાચાર્યે એ નિર્ણય કર્યો કે નાગ્ન્યનું પરિપાલન સંયમીને માટે અનિવાર્ય અને નિરપવાદ નિયમ છે, તેમાં જેઓ એનું પાલન કરી શકતા ન હોય તેમને મુનિસંઘમાં રહેવાનો કોઇ અધિકાર નથી.

હવે સમસ્યા સ્ત્રીઓની ઉપસ્થિત થઇ. તેમને વસ્ત્રત્યાગનો ઉપદેશ આપવો અસંભવ હતો. અતઃએવ તેમને સવસ્ત્ર અવસ્થામાં રહેવા દીધી; પણ તેમનો આધ્યાત્મિક વિકાસ [અર્થાત્ ગુણસ્થાન] શ્રાવિકાઓથી ઉંચો માનવામાં આવ્યો નહિ. આમ સ્ત્રીઓને માટે પૂર્ણ સંયમનો સર્વથા નિષેધ કરી દેવામાં આવ્યો. વસ્ત્રના પરિત્યાગ વિના સંયમ હોઇ શકે નહિ અને સંયમ વિના મુકિત પ્રાપ્ત કરવી અસંભવ છે. અતઃએવ ન્યાયતઃ સ્ત્રીઓમાં મુકિતની યોગ્યતાનો પણ નિષેધ કરવો પડયો.

આ વ્યવસ્થાનું પરિણામ એ આવ્યું કે જે આગમોમાં પુરુષો અને સ્ત્રી બન્નેમાં આધ્યાત્મિક યોગ્યતાનો પૂર્ણ વિકાસ સ્વીકારવામાં આવ્યો હતો તે આ સંપ્રદાયમાં અમાન્ય થઇ ગયા. મને લાગે છે કે દિગમ્બર સમ્પ્રદાયમાં 'અંગ' ગ્રન્થોનો સર્વથા લોપ માનવાનું આ પણ એક કારણ છે. એટલું જ નહિ, કિન્તુ સ્વયં જીનકલ્પીઓ દ્વારા નિર્મિત 'ષટ્ખંડાગમ' જેવાં શાસ્ત્રો પણ કુન્દકુન્દાચાર્યના મૂલસંઘમાં અમાન્ય સિદ્ધ થયા.

આ વિરોધનું સામંજસ્ય આ વખતે આચાર્ય દેવનન્દીએ કર્યું અને સંભવતઃ તેમના આ જ મહાન્ કાર્યને માટે તેઓ 'પૂજ્યપાદ' ની ઉપાધિથી ભૂષિત કરાયા. ઇતિહાસમાં પૂજ્યપાદ નામથી જ તેઓ અધિક પ્રસિદ્ધ થયા. તેમણે ઉમાસ્વામીકૃત તત્ત્વાર્થસૂત્ર પરની પોતાની 'સર્વાર્થસિદ્ધિ' નામક સુપ્રસિદ્ધ ટીકામાં ભાવસ્ત્રી અને દ્રવ્યસ્ત્રીનો ભેદ પાડી પ્રાચીન આગમોમાં વિહિત મનુષ્યિણી (માનવી સ્ત્રી) ના ચૌદ ગુણસ્થાનો અને કુન્દકુન્દાચાર્ય દ્વારા ઉપદિષ્ટ સ્ત્રીમુકિતનિષેધના વિરોધનો પરિહાર કરી દીધો.

પૂજ્યપાદના આ સૂત્રાત્મક પરિહારનો મથિતાર્થ એ નિકળે છે કે એક પુરુષશરીરી મનુષ્ય ભાવથી સ્ત્રી પણ હોઇ શકે છે અને એ જ ભાવસ્ત્રી છે, જેમાં મુકિતની યોગ્યતા સ્વીકારી શકાય છે. કેમકે તે વસ્ત્રપરિત્યાગરૂપ સંયમનું પરિપાલન કરી શકે છે. કિન્તુ જેની અંગરચના સ્ત્રીરૂપ છે તે દ્રવ્યસ્ત્રી ન ઉકત સંયમનું પરિપાલન કરી શકે અને ન પરિણામતઃ મુકિત પ્રાપ્ત કરી શકે. આ શોધના આધાર પર પૂજ્યપાદ જિનકલ્પીઓની અન્દરના વિરોધને મિટાવી એકતા સ્થાપિત કરવામાં સફલ થયા. હવે જિનકલ્પ અને સ્થવિરકલ્પની શાખાઓ દિગમ્બર તથા શ્વેતામ્બર સમ્પ્રદાયના રૂપમાં દૃઢતાથી પૃથક થઇ ગઇ. દિગમ્બર સમ્પ્રદાયમાં ભાવસ્ત્રીના ભેદમાં સ્ત્રીમુકિત મનાવા લાગી, શ્વેતામ્બરોમાં આવા કોઇ વિકલ્પ વિના.

પૂજ્યપાદના ઉપર્યુકત ભાવસ્ત્રી અને દ્રવ્યસ્ત્રી ભેદની વ્યવસ્થા વિચારણીય છે. મુકિતની પ્રાપ્તિ કર્મસિધ્ધાન્તની વ્યવસ્થા અનુસાર માનવામાં આવી છે. કર્મસિધ્ધાન્તમાં શરીરનિર્માણના જે નિયમો મળે છે તેમાં ઉકત પ્રકારે ભાવસ્ત્રી અને દ્રવ્યસ્ત્રીના ભેદે નિર્માણનું હોવું સંભવિત નથી. પૂજ્યપાદની પછી અકલંકદેવ અને વીરસેનસ્વામીએ પણ ઉકત ભેદના સમર્થનમાં પ્રયત્ન કર્યો છે, કિન્તુ એમના પ્રયત્નથી ઉકત વ્યવસ્થાની આન્તરિક કચ્ચાઇ જ પ્રગટ થાય છે.

જૈન સંઘના અંદરની ઘટનાઓના આ સંક્ષિપ્ત પરિચયથી સ્પષ્ટ છે કે જૈન ધર્મના પ્રાચીનતમ ગ્રન્થોમાં સ્ત્રીનાં ચૌદ ગુણસ્થાનો તથા તેની મુકિતનું વિધાન મળે છે. કિન્તુ એ વ્યવસ્થાનો અને સંયમને માટે નાગ્ન્યની અનિવાર્યતાનો વિરોધ જણાઇ આવે છે; કેમકે સ્ત્રીઓને માટે નાગ્ન્યનો કયાંય ઉપદેશ નથી, આ વિરોધનો પરિહાર કરવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા, જેમાં અન્તિમ પ્રયત્ન દેવનન્દી પૂજ્યપાદનો હતો. તેમણે ભાવસ્ત્રી અને દ્રવ્યસ્ત્રી એવો ભેદ પાડયો, જેથી ગત પંદર શતાબ્દિઓ સુધી દિગમ્બર સમ્પ્રદાયમાં એકતા બની રહી.

કિન્તુ કર્મસિદ્ધાન્તની વ્યવસ્થાઓની કસોટી પર પરીક્ષા કરવાથી પૂજ્યપાદકૃત ઉકત ભેદ સિદ્ધ નથી થતો, કેમકે સિદ્ધાન્તાનુસાર જીવની ભાવાત્મક પ્રવૃત્તિઓ દ્વારા જ એની દ્રવ્યાત્મક શરીરરચના થાય છે, જેના ફલસ્વરૂપે સ્ત્રીવેદોદયથી જીવને પુરૂષશરીરની રચના અસંભવ છે. આ પરીક્ષણનું તાત્પર્ય એ નિકળે છે કે યા તો સ્ત્રીઓમાં મુકિતની યોગ્યતાનો સ્વીકાર કરી લેવાય, યા પરંપરાગત કર્મસિદ્ધાન્તની વ્યવસ્થાઓનો અસ્વીકાર કરી દેવાય. આ પરિસ્થિતિથી બચવાનો બીજો કોઇ ઉપાય નથી.

ડૉ. હીરાલાલ જૈન

(* ઠાણાંગના ચોથા ઠાણાના પ્રથમ ઉદ્દેશમાં આ ચાર મહાવ્રતોનો ઉલ્લેખ છે. જેમાં ચોથા મહાવ્રતનો નિર્દેષ 'બહિદ્ધાદાણાઓ વેરમણં' એ શબ્દથી છે. એ શબ્દોમાંના 'બહિદ્ધાદાણ' નો અર્થ ટીકાકાર શ્રી અભયદેવસૂરિજીએ બે રીતે કર્યો છે. (૧) 'બહિદ્ધા' (બહિદ્ધર્ા) એટલે મૈથુન, અને 'આદાણ' કર્યો (આદાન) એટલે પરિગ્રહ–આમ એ બન્ને 'બહિદ્ધાદાણ' શબ્દથી ગૃહિત કરેલ છે, અને (૨) બીજી રીતના અર્થમાં એ શબ્દથી પરિગ્રહ જણાવેલ છે. અનુવાદક)

વિહાર સરોવર ઉપરનું સમુહપર્યટણ

મુંબઇ શહેરથી લગભગ વીશ માઇલ દૂર ટેકરા ટેકરીઓની વચ્ચે બે સરોવરો બાજુએ બાજુએ આવેલ છે. એકનું નામ છે પવઇ; બીજાનું નામ છે વિહાર. વિહાર સરોવર તરફ જવાની સડક ઉપર જતાં શરૂઆતમાં જમણી બાજુએ ફંટાતી સડક ઉપર પવઇ સરોવર આવે છે અને પછી ટેકરાળ ચઢાણ ઉપર આમ તેમ વળાંક લેતા ઉંચે જતાં વિહાર સરોવર આંખો સામે પ્રગટ થાય છે. પવઇ કરતાં વિહાર સરોવરનું દૃષ્ય વધારે ભવ્ય અને રોમાંચક છે. મુંબઇ આસપાસ રજાઓના દિવસોમાં પર્યટણ માટે અનુકુળ અને આકર્ષક એવાં અનેક સુન્દર સ્થળો આવેલાં છે. મુંબઇની ચોતરફ જે અનુપમ સૃષ્ટિસૌંદર્ય પથરાયલું પડયું છે તેવું સૃષ્ટિસૌન્દર્ય હિંદના અન્ય શહેરોના પ્રાન્તભાગો ભાગ્યે જ ધરાવે છે. એક બાજુ વિશાળ અરબ્બી સમુદ્ર છે; બીજી બાજુએ ઘન વનરાજિઓથી સુસંપન્ન સહ્યાદ્રિની પર્વતમાળ છે. આ ટેકરા ટેકરીઓમાંના અનેક નદી નાળાં સમુદ્રને મળે છે. એને લીધે મુંબઇના શહેરના સીમાપ્રદેશો અનોખી રમ્યતા ધારણ કરે છે. મુંબઇ આસપાસનાં આવાં અનેક રમ્ય વિહારસ્થાનોમાં પણ વિહાર સરોવરની સૌન્દર્યશ્રી સૌથી ચડિયાતી છે. ત્રણ દિશાને આવરી લેતી આસપાસ દૂર દૂર દેખાતી ટેકરીઓ છે અને વચ્ચે મોટી ખીણ છે, જેને પશ્ચિમ દિશાની ખુલ્લી બાજુએ બંધથી બાંધી લેવામાં આવી છે અને તે રીતે આ સ્થળને જળ

સંચયનું એક વિશિષ્ટ કેન્દ્ર બનાવવામાં આવ્યું છે. સરોવર-પ્રદેશમાં પ્રવેશ કરતાં પૂર્વ દિશાએ વિશાળ જળરાશી જોવામાં આવે છે, અને બંધની બીજી બાજુએ પશ્ચિમ દિશાએ ઝાડપાનથી ખીચોખીચ ભરેલા નીચાણઉંચાણવાળા ટેકરાળ પ્રદેશનું દર્શન આપણી આંખોને મુગ્ધ બનાવે છે. સરોવરની બાંધેલી પાળ ઉપર આગળ ચાલતાં એક ટેકરી ઉપર એક સુન્દર બંગલો છે. આ બંગલા ઉપરથી માણસોના માણસો સુધી ચોતરફ આપણી નજર દોડે છે અને જે દિશાએ આપણી નજર જાય તે દિશા આપણને નવલ સૌન્દર્યનું અનુપાન કરાવે છે.

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૨૦-૯-૫૩ રવિવારના રોજ ગોઠવાયલા સામુદાયિક પર્યટણનું સ્થળ આ હતું. આ પર્યટણમાં લગભગ ૧૫૦ ભાઇ બહેનો અને બાળકો સંમીલિત થયાં હતાં. સવારના નવ વાગે નક્કી કરેલી ત્રણ બસો પાયધુનીથી ઉપાડવામાં આવી હતી. કેટલાંક કુટુંબો પોતપોતાની મોટરોમાં પણ ત્યાં આવી પહોંચ્યા હતાં. લગભગ અગિયાર વાગ્યે નિયત સ્થાને સૌ પહોંચી ગયા. જતાં વેત સૌને ચા તથા નાસ્તો પુરો પાડવામાં આવ્યો. નાસ્તા બાદ આસપાસના વનપ્રદેશમાં ભટકવા માટે મંડળીનો મોટો ભાગ નીકળી પડ્યો. બપોર બે વાગે શિખંડ પુરીનું ભોજન આપવામાં આવ્યું. ત્રણેક વાગ્યા લગભગ બધાં ભાઇ બહેનો બંગલાના ઉપરના હોલમાં એકઠા થયા. ભાઇ શાન્તિલાલ શાહ-મુંબઇના સુપ્રસિદ્ધ જૈન સંગીતકાર-અમારા નિમંત્રણને માન આપીને આ પર્યટણમાં જોડાયા હતા. તેમણે એક પછી એક પદો સંભળાવવાનું શરૂ કર્યું અને સરોવરના પ્રદેશને સંગીતના રણકારથી ગાજતો કર્યો; નાનાં નાનાં આખ્યાનો પણ તેમણે સંભળાવ્યા. અમારામાંના શ્રી. ટી. જી. શાહે પણ નાના મોટા ટુચકાઓથી સૌને ખૂબ વિનોદ કરાવ્યો; બીજા ભાઇ બહેનોએ પણ પોતાને આવડે તે સંભળાવીને સામુદાયિક આનંદમાં વૃદ્ધિ કરી. સાંજના પાંચ વાગ્યા. સૌ કોઇને ચા આપવામાં આવી. શરદ ઋતુનો સમય હોઇને બપોરના થોડી ગરમી લાગતી હતી. પણ હવે તો નમતો પહોર થયો હતો; ગરમી શમી ગઇ હતી; શીતળ પવનલહરિઓ વાઇ રહી હતી; સૂર્ય પશ્ચિમ ક્ષિતિજ તરફ ગતિ કરી રહ્યો હતો; તડકો કંટાળો આપવાને બદલે હવે મધુર લાગતો હતો; સાયં સંધ્યા સમસ્ત દૃષ્યને સોનેરી ઓપ આપી રહી હતી; ચોતરફનું દૃષ્ય હવે વધારે રમ્ય વધારે આકર્ષક, વધારે મોહક લાગતું હતું. કોઇ વિલક્ષણ પ્રસન્નતા ચિત્તને પ્રફુલ્લ બનાવી રહી હતી. સૂર્ય પશ્ચિમની ટેકરીઓ પાછળ અદૃષ્ય થાય-લગભગ તે સમયે અમારી પર્યટણ-મંડળીએ આનંદ અને તૃપ્તિની લાગણીઓથી ભરેલા હૃદયે તે સ્થળની વિદાય લીધી અને રાત્રીના આઠ વાગ્યા લગભગ સૌ કોઈ પોતપોતાના નિવાસસ્થાને પહોંચી ગયા.

આવું સામુદાયિક પર્યટણ અનેક મિત્રોના સહકાર વિના યોજવું તેમ જ સફળતાપૂર્વક પાર પાડવું અશક્ય છે. વિહારનો બંગલો મેળવી આપવામાં સંઘના સભ્ય અને મુંબઇ કોરપોરેશનના કોરપોરેટર શ્રી જીવરાજ ભાણજી શાહ તથા પ્રેમચંદ વેલજી મહેતા મદદરૂપ બન્યા. પર્યટણને લગતી બીજી અનેક બાબતો વિચારવામાં, બસોની ગોઠવણ કરવામાં તેમ જ બીજી વ્યવસ્થા કરવામાં શ્રી જીવરાજભાઇનો સહકાર અત્યન્ત ઉપયોગી નીવડ્યો. આખી ભોજન સામગ્રી તૈયાર કરવાનો ભાર સંઘના ઉપપ્રમુખ શ્રી લીલાવતીબહેન દેવીદાસે ઉપાડ્યો અને તે માટે તેમણે અથાગ પરિશ્રમ લીધો. વિહાર સરોવર ઉપર પહોંચ્યા બાદ ચા નાસ્તો તેમ જ રસોઇ વગેરે તૈયાર કરવામાં લીલાવતીબહેન સાથે પર્યટણમાં જોડાયલી કેટલીએક બહેનો લગભગ બધો સમય રોકાયલી જ રહી. આવેલાં ભાઇ બહેનોએ પણ જરૂર હોય ત્યાં ઉપયોગી થવા તત્પરતા દાખવી અને એ રીતે એક દિવસ મુંબઇની ધમાલથી મુકત સૃષ્ટિ સૌંદર્યની દૃષ્ટિએ જાણે કે કોઇ એક ભવ્ય દેવાલય ન હોય એવા આ રમ્ય સ્થળ ઉપર આનંદમાં, વિનોદમાં અને કેટલાકે ગંજીપો રમવામાં તો કોઇએ આવા સ્થળે સ્વાભાવિક એવા ઉન્નત ચિન્તનમાં પસાર કર્યો અને છુટા પાડવાના વખતે આવા સહમીલનના પ્રસંગો મુંબઇ જૈન યુવક સંઘ તરફથી અવારનવાર યોજાતા રહે એવો ઉદ્‌ગાર સૌ કોઇના મોઢેથી સરતો રહ્યો. **પરમાનંદ**

મુંબઇની પર્યુષણ વ્યાખ્યાનમાળા

તા. ૧-૯-૫૩ના પ્રબુદ્ધ જીવનમાં મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ સાંગોપાંગ પાર પાડવામાં નાના મોટાં વિઘ્નો આવ્યાં. તા. ૧૦-૯ ૫૩ના રોજ પહેલાં શ્રી. મનુભાઇ પંચોળીનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું; પણ વ્યાખ્યાનમાળાની શરૂઆત પહેલાં જ નાદુરસ્ત તબિયતના કારણે તેમનું આવવાનું અશકય બનતાં ડો. એચ્. જે. એસ. તારાપોરવાળાનું રવીન્દ્રનાથ ટાગોર ઉપર વ્યાખ્યાન નક્કી કરવામાં આવ્યું હતું. તે પણ તેમની શારીરિક અસ્વસ્થતાના કારણે બંધ રહેતાં શ્રી. પુરૂષોત્તમ કાનજી (કાકુભાઇ) ને નિમંત્રણ આપવામાં આવ્યું હતું અને તેમણે 'વિશ્વવન્દ્ય ગાંધીજી' ઉપર એક સુન્દર વ્યાખ્યાન આપીને અમારી ભીડ ભાંગી હતી.

આવી જ રીતે પંડિત સુખલાલજી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાના અધ્યક્ષસ્થાને બીરાજવાના હતા અને તા. ૧૨-૯-૫૩ ની વિશિષ્ટ સભામાં તેઓ મિત્તી મે સવ્વ ભૂએસુ એ વિષય ઉપર વ્યાખ્યાન આપવાના હતા. પર્યુષણ પહેલાં જ તેમની તબિયત એકાએક બગડી આવી, પ્રારંભથી તો તેઓ આવી ન શકયા અને કોઇ પણ હિસાબે શનીવારે આવી પહોંચવાની તીવ્ર ઇચ્છા ધરાવવા છતાં નાદુરસ્ત તબિયતે તેમને તા. ૧૨ મી ઉપર પણ મુંબઇ આવવા ન જ દીધા. તેમના સ્થાને એ જ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે વ્યાખ્યાન આપ્યું અને અમને ચિન્તાથી મુકત કર્યા.

અમારો નિયત અને કલ્પિત કાર્યક્રમ અખંડિત રીતે જળવાઇ રહે એવી ચાલુ પરિપાટીમાં આ વખતે પ્રારંભથી જ ભંગ થતો રહ્યો અને તે છેવટ સુધી ચાલુ રહ્યો. કાકાસાહેબ કાલેલકરનું છેવટના દિવસે વ્યાખ્યાન હોય જ અને તે વ્યાખ્યાન તેમના વર્ષભરના ચિન્તનના નીચોડ જેવું હોય-વર્ષોથી ચાલી આવતી આ પરંપરા આ વખતે તેમની અનિયમિત શરીર-સ્વસ્થતા અને પછાત વર્ગોના તપાસપંચના પ્રમુખ તરીકેની જવાબદારી અંગેનાં ભારે રોકાણોના કારણે જળવાઇ ન શકી. પંડિત સુખલાલજીના નેતૃત્વ અને માર્ગદર્શનથી પણ ઉપર જણાવ્યા મુજબ અમે વંચિત રહ્યા. તેમના સ્થાને વ્યાખ્યાનમાળાના અધ્યક્ષપદે જાણીતા સાહિત્ય વિવેચક સાધુપુરૂષ શ્રી નાથુરામ પ્રેમીની અમે નિમણુક કરી; તેમણે પહેલાં બે દિવસ અધ્યક્ષસ્થાન શોભાવ્યું, પણ પછીના દિવસો દરમિયાન દમની બીમારીના કારણે તેઓ મોટા ભાગે હાજર રહી ન શકયા. ભાઇ નારાયણ મહાદેવ દેસાઇને છેલ્લા બે દિવસની વિશિષ્ટ સભાઓમાંથી કોઇ પણ એક સભામાં ભૂદાનના તત્વજ્ઞાન ઉપર બોલવાનું અમારું નિમંત્રણ હતું, અને તેમણે લગભગ સ્વીકાર્યું પણ હતું. પણ છેવટની ઘડીએ તેમણે વિચાર ફેરવ્યો અને આખો સપ્ટેંબર માસ વિનોબા ભાવેની સંનિધિમાં ગાળવાનો તેમણે નિર્ણય કર્યો. સણોસરા ખાતે ઉભી કરવામાં આવેલ લોકભારતીના એક

પ્રમુખ સંચાલક શ્રી. મનુભાઇ પંચોલીનો આ નિમિત્તે મુંબઇની જનતાને પરિચય કરાવવાનો અમને મનોરથ હતો પણ તેમની અણધારી માંદગીએ આ મનોરથ પણ વણપુર્યો રાખ્યો.

આમ છતાં પણ બહારગામ અણધાર્યા વધારે સમય રોકાઇ જવાનું બનતાં સંગીતભાસ્કર માસ્તર વસન્ત આવી ન શકયા અને તેમનું સંગીતવાદન તા. ૬-૯-૫૩ ના કાર્યક્રમમાં ગોઠવેલું રદ કરવું પડયું તે સિવાય સદ્‌ભાગ્યે પર્યુષણ વ્યાખ્યાનમાળાનો સમગ્ર કાર્યક્રમ સાંગોપાંગ પાર પડી શકયો.

પહેલા સાત દિવસની સભા ગ્લેવાટ્સ્કી હોલમાં ભરવામાં આવી હતી; છેલ્લા બે દિવસની સભાઓ રોકસી થીએટરમાં ગોઠવવામાં આવી હતી. આ વખતે અનેક મુનિરાજો મુંબઇના જુદા જુદા ઉપાશ્રયોમાં ચાતુર્માસ કરી રહ્યા હતા અને પ્રત્યેક ઉપાશ્રયમાં પર્યુષણનાં વ્યાખ્યાનો ચાલતાં હતાં. એમ છતાં ગ્લેવાટસ્કી હોલ કે રોકસી થીએટર પ્રારંભથી અન્ત સુધી શ્રોતાઓ વડે ભરેલાં રહ્યાં હતાં. આ સભાઓનો જેટલા ભાઇઓએ, લગભગ તેટલી જ સંખ્યામાં બહેનોએ લાભ લીધો હતો. આ પ્રસંગે બહાર વ્યાખ્યાતાઓમાં ૧૦ વ્યાખ્યાતાઓ નવા જ હતા. કાશીથી ડો. ઇન્દ્રચંદ્ર, અલ્હાબાદથી મહાત્મા ભગવાનદીનજી, બારસીથી શ્રી. સૂરજચંદ્ર ડાંગી, વાંકાનેરથી તર્કતીર્થ લક્ષ્મણશાસ્ત્રી જોષી, અને અમદાવાદથી પંડિત બેચરદાસ જીવરાજ દોશી–આ પાંચ વકતાઓ મુંબઇ બહારથી પધાર્યા હતા. દરેક વ્યાખ્યાતાઓ પોતપોતાના વિષય માટે પુરતી તૈયારી કરીને આવેલ હતા અને આ વ્યાખ્યાનમાળામાં અપાયલું દરેક વ્યાખ્યાન આજ સુધીમાં તે સંબંધમાં જે એક ઘોરણ કેળવવામાં આવ્યું છે તેને સર્વ પ્રકારે અનુરૂપ હતું. શ્રી રામનારાયણ પાઠકે જીવનનું ખરૂં મંગળ શેમાં રહેલું છે તે સંક્ષેપમાં સમજાવ્યું હતું. શ્રી સુરજચંદ્ર ડાંગીએ ભગવાન મહાવીરના જીવનદર્શનનો સવિસ્તર ખ્યાલ આપીને આજના માન્યતાભેદોનો સમન્વય તેમ જ ઉકેલ શી રીતે થઇ શકે તેમ છે તેનું વિગતવાર વિવેચન કર્યું હતું. ડો. ઇન્દ્રચંદ્રે શાસ્ત્રીય દૃષ્ટિએ સમ્યગ્‌દૃષ્ટિ અને મિથ્યા દૃષ્ટિનો વિવેક રજુ કરતાં ધર્મસાહિત્યના ઉંડા અભ્યાસનો પરિચય કરાવ્યો હતો. પંડિત બેચરદાસે જૈન ધર્મના ઇતિહાસની રૂપરેખા રજુ કરતાં વિચાર અને આચારના ક્ષેત્રમાં કાળેકાળે નિર્માણ થયેલી ક્રાન્તિકારી ઘટનાઓનો ખ્યાલ આપ્યો હતો. અધ્યાપક કાંતિલાલ વ્યાસે ગોવર્ધનરામરચિત સરસ્વતીચંદ્રના ચોથા ભાગનું અવલંબન લઇને પંચમહાવ્રતોનું સ્વરૂપ સમજાવ્યું હતું. શ્રી જમુ દાણીએ પરાબુદ્ધિનું સ્વરૂપ અને તે ક્ષેત્રમાં જુદી જુદી વ્યકિતઓને થયેલા અનુભવોનું વિવેચન કર્યું હતું. ફાધર મેસ્કેરીનાસે બુદ્ધ ખ્રીસ્ત અને મહાત્મા ગાંધી વચ્ચે રહેલા સરખાપણાનો ખ્યાલ આપ્યો હતો. શ્રી પરમાનંદ કાપડિયાએ પુનર્જન્મના પ્રશ્નની સવિસ્તર સમાલોચના કરી હતી. શ્રી રોહિત દવેએ અર્વાચીન ભારતમાં થઇ રહેલા ધાર્મિક પુનરૂત્થાનનું સ્વરૂપ સમજાવ્યું હતું અને તે સંબંધે કેટલી એક ચેતવણીઓ આપી હતી. શ્રી. કાકુભાઇએ ગાંધીજીના જીવનમાંથી ખાસ ખ્યાત બનેલા એવા કેટલાએક દાખલાઓ અને બીનાઓ રજુ કરીને તે મહાપુરૂષની લોકોત્તરતાનો ખ્યાલ આપ્યો હતો. શ્રી. મોહ્યુદીન હેરીસે ઇસ્લામના હાર્દમાં રહેલી માનવી–સમાનતાની ભાવના અને લોકશાહીનાં બીજોનું નિરૂપણ કર્યું હતું. શ્રી હીરા બહેન પાઠકે મીરાંના જીવનની ઉપલબ્ધ હકીકતો રજુ કરીને મીરાંના પદોમાં રહેલી ભકિતમયતા અને ભવ્યતાનું ભાન કરાવ્યું હતું. શ્રી ચીમનલાલ ચકુભાઇ ચાહે ભાગવતના શ્રીકૃષ્ણ નહિ પણ મહાભારતના શ્રીકૃષ્ણને કેન્દ્રમાં રાખીને કૃષ્ણચરિત્રની અદ્‌ભુતતાનો શ્રોતાઓને ભારે સુન્દર અને સૌ કોઇને મુગ્ધ કરે તેવો સવિસ્તર પરિચય કરાવ્યો હતો. પછીના દિવસે તેમણે મિત્તી મે સવ્વ ભૂએસુ એ સૂત્ર ઉપર વિચારપ્રેરક પ્રવચન કર્યું હતું. તર્કતીર્થ લક્ષ્મણશાસ્ત્રી જોશીએ પોતાના વિશાળ વાંચન અને ઉંડા અભ્યાસની મદદથી ભારતીય સંસ્કૃતિનાં વિવિધ અંગો જૈન ધર્મથી પદે પદે કેવાં અંકિત થયેલાં છે તેની સમર્થ આલોચના કરી હતી. છેલ્લા દિવસે શ્રી. કેદારનાથજીએ સત્ય એટલે શું અને તે પ્રાપ્ત કરવા માટે કેવા પ્રકારના સંશોધનની આવશ્યકતા છે તે વિષે માર્ગદર્શક વ્યાખ્યાન આપ્યું હતું અને છેલ્લે મહાત્મા ભગવાનદીનજીએ આજનો ધર્મ સમજાવતાં ભૂતકાળના અનેક પૂર્વગ્રહો અને અભિનિવેશો ઉપર મર્મપ્રહાર કર્યા હતા અને આજની પરિસ્થિતિ અનુસાર આજે આપણો શું ધર્મ હોઇ શકે તેનું સચોટ માર્ગદર્શન કરાવ્યું હતું.

આ વ્યાખ્યાનોના પરિશિષ્ટરૂપ તા. ૭-૯-૫૩ ના રોજ શ્રી. પિનાકિન ત્રિવેદીએ ભકિતગીતો સંભળાવ્યા હતા. તા. ૧૨-૯-૫૩ ના રોજ સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી. શાન્તિલાલ શાહે થોડાંક પદો અને આ પ્રસંગને ધ્યાનમાં રાખીને ખાસ તૈયાર કરેલ આર્દ્રકુમારનું ચરિત્ર સંગીત આકારમાં રજુ કર્યું હતું, તા. ૧૩-૯-૫૩ ના રોજ બહેન કિશોરી પરીખે અડધા કલાક સુધી મીરા યા કબીરનાં જાણીતાં ભજનો મધુર કંઠે ગાઇને સૌ કોઇનાં મન મુગ્ધ કર્યા હતાં. દરેક સભાની શરૂઆત એક યા બે પ્રાર્થનાગીતોથી કરવામાં આવતી હતી અને આ પ્રાર્થના ગીતો બહેન હંસા, ગૌરી, કિશોરી શાહ, દમયન્તી ગાંધી, કુમુદ શેઠ, ઉષા શાહ, અનસૂયા શાહ અને સુરંગી વકીલે જુદા જુદા દિવસે રજુ કર્યા હતા. છેલ્લા બે દિવસની સભાઓ માટે મેસર્સ કપુરચંદ કંપનીવાળાએ પોતાનું રોકસી થીએટર કશું પણ વળતર લીધા સિવાય સહજ પ્રેમભાવે અમને વાપરવા આપ્યું હતું. પ્રારંભથી અન્ત સુધી ઝાલાવાડ સ્થાનકવાસી જૈન સ્વયંસેવક મંડળે અમારી સભાઓની વ્યવસ્થા જાળવી હતી. આમ અનેકના સહકાર વડે આ વ્યાખ્યાનમાળા સફળતાપૂર્વક પાર પડી હતી. આ માટે વિદ્વાન વ્યાખ્યાતાઓ, સંગીત રજુ કરનાર ભાઇઓ યા બહેનો, રોકસી થીએટર વાપરવા આપનાર કપુરચંદ એન્ડ કું. અને વ્યવસ્થા જાળવનાર ઝાલાવાડ સ્થાનકવાસી જૈન સ્વયંસેવક મંડળ-આ સર્વનો તેમ જ સમસ્ત આયોજનમાં એક આ બીજી રીતે ઉપયોગી થયેલા મિત્રો અને સહકાર્યકર્તાઓનો અમે અન્તઃકરણપૂર્વક ઉપકાર માનીએ છીએ.

સૌથી વિશેષ અમારે આભાર માનવો ઘટે છે શ્રી અમૃતલાલ જેઠાલાલ શાહનો કે જેમણે આ આખી વ્યાખ્યાનમાળાનો રૂ. ૮૫૦ નો ખર્ચ પોતે ઉપાડી લેવાની તત્પરતા દાખવીને તે વિષે અમને નચિન્ત કર્યા હતા.

પ્રસ્તુત પ્રસંગે અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવતા શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ફંડમાં લગભગ રૂ. ૪૦૦૦ જેટલી રકમ આ વ્યાખ્યાનમાળામાં ભાગ લેતા ભાઇ બહેનો તરફથી અમને પ્રાપ્ત થઇ છે. આ રકમની વિગતો આ અંકમાં અન્યત્ર આપવામાં આવી છે. અમારી આર્થિક ચિન્તાને મોટા અંશે હળવી કરનાર આ ભાઇ બહેનોના પણ અમે ઋણી છીએ.

અમારી આ વર્ષોભરની પ્રવૃત્તિથી પ્રેરણા પામીને મુંબઇમાં અન્યત્ર પણ માટુંગા તેમ જ દાદર એમ બે સ્થળોએ જુદા જુદા કાર્યકર્તાઓએ પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ યોજવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો હતો અને તેમાં પણ શ્રોતાઓએ વિપુલ સંખ્યામાં ભાગ લીધો હતો. આ ઘટના આનંદજનક છે તેમ જ પર્યુષણ વ્યાખ્યાનમાળાની લોકપ્રિયતાને સવિશેષ પુરવાર કરે છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

માટુંગા–શીવ પર્યુષણ વ્યાખ્યાનમાળા

મુંબઇમાં મુંબઇ જૈન યુવક સંઘ તરફથી છેલ્લાં ૨૦ વર્ષોથી જે પ્રકારની વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે તેને અનુસરીને આ વખતે માટુંગા–શીવ બાજુએ વસતા કેટલાક પ્રગતિશીલ ભાઇઓએ એકત્ર થઇને માટુંગામાં આવેલા નવા કોળીનિવાસના ઝવેરબાઇ હોલમાં તા. ૫-૯-૫૩ થી તા. ૧૩-૯-૫૩ સુધી એક સુંદર કાર્યક્રમ યોજ્યો હતો. આ વ્યાખ્યાનમાળામાં અપાયલાં વ્યાખ્યાનોનો ક્રમ નીચે મુજબ હતો.

શ્રી. પુરૂષોત્તમ કાનજી	ઇશ્વરનિષ્ઠા
પંડિત બેચરદાસ દોશી	ભગવાન મહાવીરનો જીવન સંદેશ
ડૉ. ઇન્દ્રચંદ્ર	સમ્યગ્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ
શ્રી. કાંતિલાલ પરીખ	આન્તર દર્શન
શ્રી. સુશીલાબહેન કુસુમગર	ધર્મ અને માનસશાસ્ત્ર
આચાર્ય જમુ દાણી	નવયુગનો માનવધર્મ
શ્રી. કેદારનાથજી	જીવનશુદ્ધિ
મહાત્મા ભગવાનદીનજી	વીરપૂજાની ઉચિત રીત
શ્રી. શાંતિલાલ ઠાકર	શ્રી. અરવિંદનું જીવનદર્શન

આ વ્યાખ્યાનસભાઓમાં પ્રત્યેક વ્યાખ્યાનોના અન્તે ભક્તિ ગીતોનો ચાલુ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને તે પાર પાડવામાં શ્રી. કિશોરીબહેન પરીખ, શ્રી. પૂર્ણિમાબહેન ઝવેરી, શ્રી. રમેશ દેસાઇ, શ્રી. શંકરલાલ ભટ્ટ, શ્રી. બાપુભાઇ પરમાર, શ્રી. ઇન્દુભાઇ પારેખ, શ્રી. કૌમુદીબહેન મુનશી, શ્રી. લીલાવતી-બહેન કોચીનવાળા, શ્રી. વીણાબહેન મહેતા–આ ભાઇબહેનોએ તેમ જ લલિત કળાકેન્દ્રે ભાગ લીધો હતો અને આ કાર્યક્રમને ખૂબ રસમય બનાવ્યો હતો. આ વ્યાખ્યાનમાળાની યોજના કરવામાં તેમ જ તેને સફળતાપૂર્વક પાર પાડવામાં ખાસ કરીને શ્રી. કાન્તિલાલ ઉગરચંદ પરીખ ડૉ. શ્રીકાન્ત દોશી તથા શ્રી. શાન્તાબહેને ખૂબ શ્રમ ઉઠાવ્યો હતો. અને આ આખી વ્યાખ્યાનમાળા માટુંગા–શીવના જાહેર જીવનનું એક આકર્ષક અંક બની ગયું હતું.

દાદર પર્યુષણ વ્યાખ્યાનમાળા

આવી જ રીતે દાદરમાં પણ ડૉ. નગીનદાસ પી. શાહ તથા શ્રી. રતિલાલ રેવાશંકર મહેતાની પ્રેરણા અને નેતૃત્વ નીચે પહેલી જ વાર નાના પાયા ઉપર એક પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાની સભાઓ દાદર છબીલદાસ રોડ ઉપર આવેલ વનમાળી હોલમાં ભરવામાં આવી હતી. તેનું ઉદ્‌ઘાટન તા. ૩૰-૮-૫૩ રવિવારના રોજ સ્થાનકવાસી મુનિશ્રી પુલચંદજી મહારાજના હાથે કરવામાં આવ્યું હતું અને તે પ્રસંગે તેમણે પ્રાર્થના ઉપર એક સુંદર પ્રવચન કર્યું હતું અને જૈનોની એકતા ઉપર પણ તેમણે ખૂબ ભાર મૂકયો હતો. આ વ્યાખ્યાનમાળામાં અપાયલાં વ્યાખ્યાનોનો ક્રમ નીચે મુજબ હતો.

પંડિત બેચરદાસ દોશી	જૈન ધર્મ
શ્રી. ચીમનલાલ પોપટલાલ	જૈનોની એકતા
શ્રી. ચુનીલાલ કામદાર	બહેનો અને ધર્મ
ડૉ. ઇન્દ્રચંદ્ર	સમ્યક્‌દૃષ્ટિ–મિથ્યાદૃષ્ટિ
શ્રી. મોહનલાલ ડી. ચોકસી	જૈન ધર્મની વિશાળતા
શ્રી. ખીમચંદ મ. વોરા	આજનો યુગધર્મ
શ્રી. લીલાવતીબહેન કામદાર	જીવનવિકાસ
શ્રી. કેદારનાથજી	સત્ય અને અહિંસા

આ ઉપરાંત તા. ૭-૯-૫૩ ના રોજ શ્રી. કોકીલા બહેન તથા જયન્ત જોશીએ ભક્તિગીતો સંભળાવ્યાં હતાં. આ પર્યુષણ વ્યાખ્યાનમાળાનો મારવાડી, કચ્છી તેમજ ગુજરાતી જૈન ભાઇ બહેનોએ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

અમદાવાદની પર્યુષણ વ્યાખ્યાનમાળા

અમદાવાદ મુંબઇ જૈન યુવક સંઘ તરફથી દર વર્ષ માફક આ વખતે પણ તા. ૫-૯-૫૩ શનીવારથી તા. ૧૨-૯-૫૩ શનીવાર સુધી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી અને તેમાં નીચે મુજબ વ્યાખ્યાનો આપવામાં આવ્યા હતા.

શ્રી. સોમચંદભાઇ	જૈન દર્શન
શ્રી. કેદારનાથજી	જીવનમાં ધર્મનું સ્થાન
શ્રી. હરિસિધ્ધભાઇ દિવેટિયા	માનસિક આરોગ્ય
અધ્યાપક એસ. આર. ભટ્ટ	શ્રદ્ધા
શ્રી. મધુસૂદન મોદી	પુરૂષાર્થ
શ્રી. કેદારનાથજી	વ્યવહારશુદ્ધિ
આચાર્યશ્રી એસ. વી. દેસાઇ	અર્થ અને મોક્ષ
શ્રી. ઋષભદાસજી રાંકા	ભગવાન મહાવીરનો માર્ગ
શ્રી. ઋષભદાસજી રાંકા	સર્વોદય
ખાનસાહેબ દોસ્તમહમદ	કબીર–મીરાંના પદો
પંડિત બેચરદાસ	ક્રાંતિકારી આનંદઘન
શ્રી. રવિશંકર મહારાજ	વાર્તાલાપ
મુનિશ્રી નેમિચંદ્રજી	જીવન અને ધર્મ
અધ્યાપક ભોગીલાલ સાંડેસરા	ગુજરાતી જૈન સાહિત્ય
શ્રી. રવિશંકર મહારાજ	વાર્તાલાપ
શ્રી. ઇન્દુમતીબહેન મહેતા	સમ્યક્‌ જીવન

આ મુજબની દરેક વ્યાખ્યાનસભાની શરૂઆત શ્રી ભાઇ-લાલભાઇ શાહ અથવા તો શ્રી અમિતાબહેન મહેતાનાં ભજનોથી કરવામાં આવી હતી. આ વ્યાખ્યાનસભાઓ પ્રેમા-ભાઇ હોલમાં ભરવામાં આવી હતી અને આ વ્યાખ્યાનોનો લાભ જૈન તેમ જ જૈનેતર ભાઇ બહેનોએ બહુ મોટી સંખ્યામાં લીધો હતો અને ઘણી વખત હોલમાં શ્રોતાઓને સમાવવાનું કાર્ય વિકટ અને કદિ કદિ અશકય બન્યું હતું.

પારડી ખેડ સત્યાગ્રહ

સપ્ટેમ્બર માસની પહેલી તારીખથી પારડી તાલુકામાં પ્રજાસમાજવાદી પક્ષ તરફથી જે ખેડ સત્યાગ્રહ શરૂ કરવામાં આવ્યો છે તેની વિગતો દૈનિક છાપાઓમાં પ્રગટ થઇ ચુકેલ હોવાથી અહિં આપવાની જરૂર નથી. આ સંબંધમાં પ્રજા-સમાજવાદી પક્ષના આગેવાનોનું એમ કહેવું છે કે પારડી આસ-પાસની જમીનનો મોટો ભાગ મોટા મોટા જમીનદારોના હાથમાં છે અને ત્યાં અનાજ ઉગાડવાને બદલે ઘાસ ઉગાડવામાં આવે છે. ઘાસ ઉગાડવા માટે બહુ માણસોની જરૂર પડતી નથી. તેથી ત્યાંના આદિવાસી ખેડુતમજુરોમાં ખૂબ બેકારી પ્રવર્તે છે. આ દૂર કરવાના હેતુથી અને સાથે સાથે જ્યારે દેશમાં અનાજની તંગી છે ત્યારે જ્યાં અનાજ ઉગાડી શકાય તેમ છે ત્યાં ઘાસ નહિ પણ અનાજ ઉગાડવું એવો સરકારી કાનુન હોવા છતાં આ પ્રદેશમાં એ કાનુનનો અમલ કરવામાં આવતો નથી, એ પરિ-સ્થિતિ દૂર કરવા માટે આ પ્રકારના સત્યાગ્રહની યોજના કરવામાં આવી છે.

આજે દેશભરમાં વિનોબા ભાવેની ભૂમિદાન પ્રવૃત્તિ જોરસ-ભેર ચાલી રહી છે. એ દાનમાં મળતા એકરોની સંખ્યાનો આંક દિન પર દિન ચઢતો જાય છે અને પચ્ચીસ લાખ એકરની સમીપ બહુ જલ્દીથી જઇ રહ્યો છે. એ પ્રવૃત્તિનું આખું સ્વરૂપ સાત્વિક, અહિંસક, અને અનાક્રમક છે. જનતાના દિલમાં રહેલી દાનવૃત્તિને જાગૃત કરવી, જે જરૂરીયાતને પોતાની માની બેઠેલ

છે તેમાં સમાજનો પણ કાંઈક ભાગ છે એ વિચારનો સંચાર કરવો, પરિગ્રહમોહને હળવો કરવો અને એ રીતે રાષ્ટ્રની નવરચનાના પાયામાં રહેલા જમીનવહેંચણીના પ્રશ્નનો શાંતિમય ઉપાયો વડે ઉકેલ લાવવો એ વિનોબાજીનો મનોરથ છે અને એ મનોરથપ્રેરિત દેશવ્યાપી જે આન્દોલન ચાલી રહ્યું છે તેને જનતા તરફથી મળી રહેલો આવકાર બધી રીતે પ્રોત્સાહક છે.

આવે સમયે અને આ સુસંવાદી વાતાવરણ વચ્ચે પારડીનો ખેડ સત્યાગ્રહ કોઇ જુદી જ સારીગમ ઉપર શરૂ થાય છે. આ સત્યાગ્રહના પાયામાં રહેલો હેતુ લગભગ એકસરખો–જમીનવિહોણા ખેતમજુરોને કામ આપવું–ખેતી માટે જમીન આપવી–તે છે. તેનો બાહ્ય દેખાવ પણ શાંતિમય અને અહિંસક છે. પ્રજાસમાજવાદી પક્ષનાં કોઇ આગેવાન નેતાની દોરવણી નીચે ૫૦૦–૧૦૦૦ સ્વયંસેવકો કોઈની જમીન ઉપર જાય છે અને જાણે કે પોતાની જ જમીન હોય એમ તેઓ ખેતી કરવાનો પ્રયત્ન કરે છે. તેમને સરકારી પોલીસ અટકાવે તો નથી તેઓ અટકતા કે નથી તેનો સશસ્ત્ર સામનો કરતા. સરકારી વૉરન્ટથી તેમને પકડવામાં આવે તો તેઓ શાંતિથી અટકાયતમાં ચાલી જાય છે. આ તેનું બાહ્ય સ્વરૂપ છે. પણ જ્યારે ભૂદાનની પ્રવૃત્તિ કોઇની માલેકીની જમીન ઉપર નાનું સરખું આક્રમણ કરવાની કલ્પના સરખી પણ કરતી નથી; જે જેટલું આપે તેટલું લેવું, 'દેનેવાલાકા ભલા હોગા, નહિ દેને વાલાકાભી ભલા હોગા' એ શુભભાવનાથી આગળ વધ્યે જવું એ જ ભૂદાન અન્દોલનની નીતિ છે; આપનારો આનંદથી આપે છે; નહિ આપનારાને કોઇ પજવતું નથી; જમીનદારોને કે સરકારી કાનુની વ્યવસ્થાને કોઇ પડકાર નથી; ત્યારે પારડીનો ખેડ સત્યાગ્રહ સત્યાગ્રહ કહેવાય કે નહિ એ શાબ્દિક ચર્ચામાં આપણે ન ઉતરીએ, પણ એ તો સૌ કોઇને કબુલ કરવું પડશે કે પારડી સત્યાગ્રહનો રાહ ભૂદાનથી તદ્દન ન્યારો છે, ભૂદાનના આત્માનો તદ્દન વિરોધી છે. જમીનદારોનો માલેકી હક્ક અને સરકારી કાનુની વ્યવસ્થા–ઉભયનો તે પડકાર કરે છે. એકમાં સદ્‌ભાવ અને પરસ્પર શુભેચ્છાની વૃધ્ધિ છે; આખી હીલચાલ પ્રેમપ્રેરિત અને પ્રેમસંવર્ધક છે. બીજામાં શુધ્ધ આક્રમણ છે, પરસ્પર વૈમનસ્યની વૃદ્ધિ છે, વર્ગવિગ્રહની વૃત્તિને સીધું નિમંત્રણ છે. આ રીતે વિચારતાં પારડી સત્યાગ્રહ બાહ્યાંગમાં ભલે અહિંસક હોય, પણ અન્તરંગમાં હિંસક છે.

કેટલાએક એવી દલીલ કરે છે કે આઝાદી મળી, ગાંધીજી ગયા, પ્રજાપ્રતિનિધિઓનું શાસન સ્થપાયું એટલે હવે આપણે જે કાંઈ વિરોધ કરવો હોય તે કાયદાની–બંધારણની–હદમાં રહીને જ કરવો જોઇએ. હવેના જાહેર જીવનમાં અસહકાર કે સત્યાગ્રહને અવકાશ હોઈ ન જ શકે. આ વિચારણા બરોબર નથી. રાજ્યસિંહાસન ઉપર કોઇ દેવપુરૂષો બેઠા નથી. આવડો મોટો દેશ, આટલું વિરાટ જટિલ રાજ્યતંત્ર, અનેક સ્થાપિત હિતોનો ચાલતો દોર, જ્યાં વિપુલ સત્તા હોય ત્યાં ધીમે ધીમે દૃષ્ટિજડતા અને મદમત્તતા આવ્યા વિના ન જ રહે એવો આપણો ચાલુ અનુભવ–આ સંયોગોમાં દેશમાં એવી પરિસ્થિતિ અવારનવાર ઉભી થવાનો સંભવ છે કે જ્યારે તે પરિસ્થિતિમાં રહેલા અન્યાયના નિવારણ માટે કેવળ બંધારણીય ઉપાયો નકામા નીવડે. ઉપર બેઠેલો માણસ કદિ કદિ 'હું માનું છું એ જ સાચું–અન્ય કાંઇ સાચું હોઇ જ ન શકે' એવું અચલાયતન વળણ ધારણ કરતો હોય છે અને તેનું સિંહાસન કંપાયમાન ન થાય ત્યાં સુધી તે બીજી રીતે જોવા કે વિચારવા તૈયાર હોતો જ નથી. આવી કરોકટીના પ્રસંગે સત્યાગ્રહ પ્રજાજનો માટે અનિવાર્ય બની જાય છે. જ્યારે સત્તા જડ થઇને બેસે અને કાયદેસરના ઉપાયો નકામા નીવડે ત્યારે શું કરવું ? ગઇ કાલ સુધી આવે પ્રસંગે પ્રજા નાના કે મોટા પાયા ઉપર હિંસક બળવો કરતી હતી. ગાંધીજીએ તેના સ્થાને અહિંસક સત્યાગ્રહનો ઉપાય આપણને બતાવ્યો. કોઈ પણ અન્યાયના અન્તિમ પ્રતિકાર માટે સત્યાગ્રહનો અમલ એ ગાંધીજી તરફથી આપણને મળેલો અમૂલ્ય વારસો છે. તેનું ઔચિત્ય કોઇ પણ દેશકાળમાં આબાધિત છે.

પણ સાથે સાથે એ સમજવાની, પૂરેપૂરું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે સત્યાગ્રહ કોઇ પણ અન્યાયનિવારણની પ્રવૃત્તિનો અન્તિમ ઉપાય છે અને તેનું એ કારણ છે કે સત્યાગ્રહ અત્યંત જોખમી માર્ગ છે. તેનો નેતા શુદ્ધ પ્રેમ અને અહિંસાની વૃત્તિથી પૂર્ણપણે પ્રેરિત હોય તો પણ અનુયાયીઓમાં આ વૃત્તિ હોતી નથી અને હોય છે તો અતિ અલ્પ અંશમાં હોય છે. પરિણામે આવી પ્રવૃત્તિ અહિંસકમાંથી હિંસકમાં પલટી જવાનો હંમેશા ભય રહે છે. આસપાસની જનતા ઉશ્કેરાવાનો અને સુલેહશાંતિ જોખમાવાનો પૂરો સંભવ હોય છે. વળી જેમ અગ્નિના તણખામાં દાવાનળ નિર્માણ કરવાની શક્યતા રહેલી છે તેમ સત્યાગ્રહમાં આખરે રાજ્યસત્તાને ઉખેડી નાંખવાની પણ વિરાટ શક્યતા રહેલી જ છે. લોકશાસન એટલે બહુમતી પક્ષનું રાજ્ય તેમ જ અન્ય લઘુમતી પક્ષોનો બહુમતી મેળવવાનો અને સત્તા ઉપર આવવાનો સતત પ્રયત્ન. કોઇ પણ રાજકીય લઘુમતી પક્ષ જ્યારે આવો કોઇ સત્યાગ્રહ શરૂ કરે છે ત્યારે સ્વાભાવિક રીતે તેના બે હેતુ હોય છે. એક તો તત્કાળ કોઇ અન્યાયયુક્ત પરિસ્થિતિનું નિવારણ કરવું અને બીજું સત્તાસ્થિત રાજકીય પક્ષની પ્રતિષ્ટાને તોડવી. સત્યાગ્રહ જ્યારે વ્યાપક અને તીવ્ર સ્વરૂપ પકડે છે ત્યારે માત્ર સત્તાસ્થિત રાજકીય પક્ષની પ્રતિષ્ટાને આઘાત આપીને તે અટકતો નથી, પણ લોકોના દિલમાં રહેલી રાજ્યનિષ્ટાને પણ નાબુદ કરવામાં તે અમુક અંશે નિમિત્તભૂત થાય છે. આ આલોચના ઉપરથી એ સ્પષ્ટ થવું ઘટે છે કે સત્યાગ્રહ–રાજકારણી સત્યાગ્રહ–અમુક સંયોગોમાં પરિસ્થિતિમાં અનિવાર્ય અને ઉચિત ઉપાય હોવા છતાં અત્યન્ત જોખમી અને અનેક ભયાવહ શક્યતાઓથી ભરેલો છે અને તેથી જ્યારે પણ કોઈ પ્રવર્તમાન અન્યાયયુક્ત પરિસ્થિતિની દુરસ્તી માટે રાજકીય હીલચાલની–સામુદાયિક આન્દોલનની–જરૂર છે એમ જવાબદાર પ્રજાજનોને લાગે ત્યારે તેમની ફરજ છે કે લોકોના ચિત્તને આ અનિષ્ટ પરિસ્થિતિ ઉપર સચોટપણે કેન્દ્રિત કરવું, બળવાન લોકમત ઉભો કરવો, સત્તાધીશો સાથે પણ શક્ય તેટલી વાટાઘાટો કરવી, થોડું ઘણું નમતું આપીને બાંધછોડ કરવાની સતત વૃત્તિ રાખવી. આમ બધા ઉપાયો કારગત નીવડ્યા પછી એવી માત્ર પોતાને જ નહિ પણ સામાન્ય જનતાને પણ પ્રતીતિ થયા બાદ જ સત્યાગ્રહનો વિચાર કરવો ઘટે છે.

સત્યાગ્રહ સંબંધે એક બીજો મુદ્દો પણ ધ્યાનમાં લેવાની ખાસ જરૂર છે અને તે એ કે આવા સત્યાગ્રહનો જ્યારે બીજી બાજુએથી વિરોધ કરવામાં આવે છે ત્યારે તેના પ્રમુખ સંચાલકો તરફથી આઝાદી મળ્યા પહેલા બનેલી સત્યાગ્રહની ઘટનાઓ અને ગાંધીજીએ તે તે પ્રસંગોએ રજુ કરેલા વિચારો અને અભિપ્રાયોને આગળ ધરવામાં આવે છે. આમાં થોડોક વિવેક ચિન્તવવાની જરૂર છે. ઉપર જણાવ્યું તેમ રાજકારણી સત્યાગ્રહ આખરે રાજ્યસત્તાને પડકારરૂપ હોય છે અને કોઇ પણ સત્યાગ્રહની સફળતા રાજ્યસત્તાને અમુક અંશે ઢીલી પાડવામાં પરિણમે છે. અંગ્રેજી હકુમત દરમિયાન આપણે પ્રમાણમાં હળવા દિલે સત્યાગ્રહનો વિચાર કરી શકતા હતા, કારણ કે નાના મોટા કોઇ પણ સત્યાગ્રહનો અન્તિમ

હેતુ એ હકુમતને પાયામાંથી નાબુદ કરવાનો હતો. આજે દેશ ઉપર ગમે તે પક્ષ રાજ્ય કરતો હોય પણ હુકમત આપણી હિંદીઓની છે એને જરા પણ આંચ ન આવે, દેશમાં અરાજકતા કે અવ્યવસ્થા ન ફેલાય એ જોવું એ આપણ સર્વનું પ્રથમ કર્તવ્ય બને છે. એ જ રીતે બંધારણનિષ્ઠા પણ આપણ સર્વનો અનુપેક્ષણીય ધર્મ છે. કોઇ પણ મોટા પાયાના સત્યાગ્રહનો વિચાર કરતાં આઝાદી પહેલાંની અને પછીની સ્થિતિ વચ્ચે રહેલો આ મહત્ત્વનો ફરક પૂરેપૂરો ધ્યાનમાં રાખવો ઘટે છે.

આ ધોરણે માપતાં પણ સ્થાનિક પરિસ્થિતિ ભલે ને કાંઈક ઉગ્ર પગલું માંગી લેતી હોય તો પણ પ્રજાસમાજવાદી પક્ષે આવા જોખમી સત્યાગ્રહના મંડાણ માંડતાં પહેલાં આવો સત્યાગ્રહ વિશદ બને અને માત્ર પોતાની દૃષ્ટિએ જ નહિ પણ સામાન્ય જનતાની નજરે પણ તદ્દન અનિવાર્ય લાગે એવી પૂર્વભૂમિકા નિર્માણ કરવા જોઇતી હતી. પંદર દિવસ પહેલાં નોટીસ અને સપ્ટેંબરની પહેલી તારીખે એકાએક સત્યાગ્રહની શરૂઆત–આમાં શાસનસેવકો સામે અસાધારણ વિકટ રાજકીય પરિસ્થિતિ ઉભી કરવાની અધીરાઇ સિવાય બીજો કોઇ હેતુ દૃષ્ટિગોચર થતો નથી.

સત્યાગ્રહના સંચાલકોએ પારડીની જમીન વિષે એક એવું ચિત્ર આપણી સમક્ષ ઉભું કર્યું છે કે આખા પારડી તાલુકાની જમીન મોટા ભાગે થોડા જમીનદારો પચાવી પડયા છે, એ જમીન ઉપર ઢગલાબંધ ઘાસ ઉગાડવામાં આવે છે અને એ રીતે તે જમીન ઉપર નભતા સંખ્યાબંધ ખેતમજુરોને બેકાર બનાવવામાં આવ્યા છે. પારડી તાલુકાની જમીન વિષે તે બાજુના એક લોકસેવકે સરકારી દફતરો તેમ જ બીજી બધી રીતે તપાસ કરીને જે આંકડાઓ પ્રગટ કર્યા છે (જે આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યા છે) તે કાંઇક જુદું જ ચિત્ર રજુ કરે છે. તે આંકડાઓ મુજબ પારડી તાલુકાની ૮૮૦૦૦ એકર જમીનમાંથી ૪૦૦૦૦ એકર ખેડાણ નીચે લાવવામાં આવી છે અને ૪૮૦૦૦ એકર પાસિયા છે. ૨૦૦૦૦ એકર મોટા જમીનદારોની છે, ૬૮૦૦૦ એકર નાના જમીનદારો અને ખેડુતોની માલેકીની છે. છેલ્લાં ત્રણ વર્ષમાં જાતખેડમાં લેવાયલી જમીન ૧૮૧૭ એકર છે જેમાં ૧૫૯૭ એકર જમીન રાજીખુશીથી છોડી દેવામાં આવી છે. આમ છતાં પણ એ જરૂર બનવાજોગ છે કે એ પ્રદેશમાં પુષ્કળ લોકો બેકાર હોય. આપણે જાણીએ છીએ કે બેકારી માત્ર ત્યાં જ નહિ પણ આજે આખા હિંદમાં વ્યાપકપણે પ્રવર્તે છે અને એનો ઉકેલ કેમ લાવવો એ સૌ કોઇ માટે એક મહાન ચિન્તાનો વિષય બની રહેલ છે.

પારડી તાલુકાની જમીન વિષે એ બાબત લક્ષ્યમાં લેવી ઘટે છે કે એ તાલુકાની ઘણી જમીન ઉતરતી કોટિની છે. કેટલેક ઠેકાણે ઘાસ સિવાય બીજું કાંઇ ઉગે એવો સંભવ નથી અને કેટલીક એવી જમીન છે કે જ્યાં અનાજ ઉગાડવા પ્રયત્ન કરવામાં આવે તો વળતર બહુ જુજ આવે તેમ છે. મુંબઇ તેમ જ ગુજરાતને અને દુષ્કાળની પરિસ્થિતિમાં સૌરાષ્ટ્રને પણ આ તાલુકો ઘાસ પુરું પાડનારું એક બહુ મોટું મથક છે. આમાં પણ મુંબઇની ઘાસની માંગ બહુ જ મોટી રહે છે. આનું મુખ્ય કારણ એ છે કે આજે મુંબઇને જોઇતા દુધ માટે મુંબઇ બાજુએ જ બધાં ઢોરો એકઠાં કરવામાં આવે છે. આ વ્યવસ્થા ફેરવવામાં આવે અને આણંદ માફક જુદા જુદા સ્થળે દુધ દેતા પશુઓને વસાવવામાં આવે અને ત્યાંથી મુંબઇ દુધ લાવવાની વ્યવસ્થા કરવામાં આવે તો મુંબઇની ઘાસની માંગ ઘણી ઘટી જાય અને ઘાસીઆ જમીનમાંનો કેટલોક ભાગ જરૂર કયારી જમીનમાં પલટાવી શકાય. વળી એ તાલુકાની આજે નબળી અને નકામી લેખાતી જમીનને સબળી બનાવવાનું આજના વૈજ્ઞાનિક યુગમાં અશકય નથી. આ દૃષ્ટિએ આ પ્રશ્નની વ્યાપક તપાસ થવી જરૂરી છે. આમ કરવાથી અનાજની ખેતી સ્વાભાવિક રીતે વધે અને ત્યાંની બેકારી અમુક અંશે હળવી કરી શકાય. આ બધું કરવા છતાં પણ ઘાસ પેદા કરનાર મથક તરીકે પારડી તાલુકાનું મહત્વ રહેવાનું જ છે અને આર્થિક આયોજનમાં ઘાસના સારા જથ્થાની ઉપયોગીતા પણ રહેવાની જ છે.

મુંબઇ સરકારને જેવી પ્રજાસમાજવાદી પક્ષ તરફથી ઓગસ્ટની ૧૫મી તારીખ આસપાસ સપ્ટેંબરની પહેલી તારીખથી સત્યાગ્રહ કરવાની નોટીસ આપવામાં આવી તે અરસામાં જ મુંબઇ સરકારે ૧૨૦૦ જમીનદાર યા ખેડુતોને ઘાસ ઉગાડવામાં આવે છે ત્યાં અનાજ કેમ ઉગાડવામાં આવતું નથી તેનો ખુલાસો માંગતી નોટીસો આપી છે એ બતાવે છે કે આ બાબતમાં મુંબઇ સરકાર જોઇએ તેટલી જાગૃત અને સક્રિય નહોતી.

આ પરિસ્થિતિમાં પ્રજાસમાજવાદી પક્ષે ઉભો કરેલો સત્યાગ્રહ ગમે તેટલો અસમયોચિત, ભૂદાનભાવનાવિરોધી અને આજની સ્ફોટક પરિસ્થિતિમાં અરાજક બળોને ઉત્તેજનારો હોય તો પણ અનાજ ઉગાડવું શકય હોય ત્યાં અનાજ ઉગાડવાની ફરજ પાડવી અને વ્યાપક બેકારીને બને તેટલી હળવી કરવી એ સરકાર અને પ્રજાસમાજવાદી પક્ષ ઉભયની સરખી નેમ છે એ ધ્યાનમાં લઇને સત્તાના જોરે આ સત્યાગ્રહને દાબી દેવાની વૃત્તિ ન સેવાતાં કોઇ ને કોઇ સમાધાનીનો માર્ગ શોધાય એ સરકાર પક્ષે ઇચ્છવાયોગ્ય છે. આ સત્યાગ્રહના સંચાલક અને સૂત્રધાર શ્રી. અશોક મહેતાની પ્રારંભથી બે માંગણીઓ હતી. એક તો તેમને ૫૦૦૦ એકર જમીન બેકાર મજુરોને કામ આપવા માટે સરકારે મેળવી આપવી અને બીજી આખા પ્રશ્નની સર્વતોમુખી તપાસ માટે સરકારે એક સમિતિ નીમવી. સરકાર કોઇ પણ જમીનદાર પાસેથી એમને એમ જમીન ઝુંટવી લઇ શકતી નથી. તે જે કોઇ કરે તે કાયદા કાનુન અને અદાલત દ્વારા કરી શકે છે. તેથી કોઇ ભૂદાનમાં એટલી જમીન આપી દે તે સિવાય તત્કાળ ૫૦૦૦ એકર જમીનની માંગણી પુરી પાડવાનું શકય નથી. પણ તેમની બીજી માંગણી સરકાર મંજુર કરી શકે છે. આ માંગણી સંબંધમાં સરકારનું એમ કહેવું છે કે પારડી તાલુકાની જમીન વિષે જરૂરી બધી હકીકતો સરકાર પાસે મોજુદ છે, અને તેમાં કોઇ પણ નવી બાબતની તપાસ કરવાપણું છે જ નહિ. સરકારની આ માન્યતા સંભવ છે કે ભુલભરેલી હોય. ભુલ ભરેલી ન હોય તો પણ પ્રતિપક્ષના સંતોષ ખાતર પણ આવી તપાસસમિતિ નીમવામાં સરકારને કશું ખોવાપણું નથી. આપણે આશા રાખીએ કે આવી તપાસસમિતિની સત્વર નિમણુક કરીને પ્રસ્તુત સત્યાગ્રહે ઉભું કરેલું તંગ વાતાવરણ સરકાર હળવું કરશે અને પ્રજાસમાજવાદી પક્ષના આગેવાનો પણ વટ અને પ્રતિષ્ઠાના ખ્યાલે ન દોરવાતાં આ તપાસસમિતિને પૂરો સહકાર આપશે અને આરંભેલો સત્યાગ્રહ સત્વર સંકેલી લેશે **પરમાનંદ**

પ્રકીર્ણ નોંધ

સોહામણી શરદ ઋતુ

આગલા પાંચ સાત વર્ષોની શરદ ઋતુ કરતાં આ વખતની શરદ ઋતુ વધારે સોહામણી લાગે છે. કારણ કે વિદાય થયેલી વર્ષાએ વિપુલ જલરાશિ વડે ધરતીને સારી રીતે ધરવી દીધી છે અને ખેતરે ખેતરે લીલા પાક લચી રહ્યા છે. ઘણા વખતથી

નથી જોયો એવો આજે પાક નીપજવાની આશા રહે છે; વરસ સત્તર આના પાકવાનું છે એવી ગણુતરી મૂકવામાં આવે છે; લાંબા ગાળે આ વખતે દેશ અનાજની બાબતમાં સ્વાયત્ત-સ્વાધીન-બનશે, પરદેશથી અનાજ લાવવાની હવે જરૂર નહિ રહે એમ માનવામાં આવે છે. સ્વચ્છ આકાશને સફેદ વાદળાંઓ શોભાવી રહ્યા છે. નદીનાળામાં નિર્મળ નીતરાં પાણી વહી રહ્યાં છે. સરોવરો જળરાશિથી છલોછલ ભરેલાં છે. સમુદ્ર ગાજી ગરજીને હવે શાન્ત અને સ્વસ્થ થયો છે. પ્રજાજનોનાં દિલ આગામી વર્ષની ચિન્તાથી મુકત બન્યાં છે, સ્વાભાવિક પ્રસન્નતા અને પ્રફુલ્લિતતા અનુભવે છે. બપોરના ગરમી પડે છે; રાત્રી ઠંડી રહે છે. ચોતરફ બધું લીલું છમ નજરે પડે છે. લોકમાનસને કોઇ નવો આશાવાદ ઉત્તેજિત કરી રહ્યો છે. 'દુઃખના દહાડા ગયા, સુખનો સુરજ બધી દિશાએ ઉગી રહ્યો છે.' એમ આપણું મન કહી રહ્યું છે. આન્તરરાષ્ટ્રીય નાવ પણ અશાન્તિ, સંઘર્ષ, યુદ્ધના ખડકોમાં અથડાતું પછડાતું હવે સુલેહ અને શાન્તિના કીનારા તરફ ચોક્કસપણે ગતિ કરી રહ્યું છે. આમ નવજીવનને નિર્માણ કરતી શરદઋતુને આપણે આવકારીએ, અભિનંદીએ અને પ્રાર્થીએ કે :—

शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीभवन्तु लोकाः ॥

પારડી તાલુકાની જમીન વિષે કેટલાક આંકડા

પારડી તાલુકામાં ચાલી રહેલા ખેડ સત્યાગ્રહને સમ્યક્ પ્રકારે સમજવા માટે ત્યાંની જમીનની આજે શું સ્થિતિ છે, ત્યાં ઉગાડવામાં આવતા ઘાસ અનાજ તેમ જ ફળઝાડોના વાવેતર સંબંધમાં છેલ્લા સાઠ વર્ષમાં કેવા ફેરફારો થયા છે તેનો તેમજ તેને લગતી બીજી વિગતોનો પૂરો ખ્યાલ હોવો જરૂરી છે. તે હેતુથી સુરત જીલ્લાના એક લોકસેવકે બને તેટલી ચોક્કસાઇ કરીને અને સરકારી દફતરો તપાસીને કેટલાક આંકડાઓ એકઠા કર્યા છે અને તે આંકડાઓ તા. ૨૬ ૯-૫૩ ના હરિજનબંધુમાં નીચે મુજબ પ્રગટ કરવામાં આવ્યા છે.

કેટલી જમીન જાતખેડમાં લેવાઈ ?

સન	રાજીખુશીથી છોડી દીધેલી	ગણોત નહીં આપવા બદલ	જાતખેડ માટે માલિકોએ મેળવેલી	કુલ
	એ. ગુ.	એ. ગુ.	એ. ગુ	એ. ગુ.
૧૯૪૯-૫૦	૬૧૯-૩૬	૬-૧૪	૩૧-૨૫	૬૫૭-૩૫
૧૯૫૦-૫૧	૩૮૩-૧૯	૬૪-૨૦	૩૨-૧૩	૪૮૦-૧૨
૧૯૫૧-૫૨	૨૬૪- ૧	૫૬- ૬	૨૬- ૧	૩૭૬- ૮
	કુલ ૧૫૬૭-૧૬	૧૨૭- ૦	૬૨-૩૬	૧૮૧૭-૧૫

આ રીતે એકંદરે ત્રણ વર્ષમાં બધી મળીને ૧૮૧૭ એકર ૧૫ ગુંઠા, એટલે કે, કુલ સાંથી જમીનના ૧૪ ટકા જમીન ગણોતિયાઓ પાસેથી જમીનમાલિકો પાસે ગઇ છે.

જાતખેડની અને સાંથવેલી જમીન

આજે જમીનમાલિકો અને ગણોતિયા કેટલી કેટલી જમીન ખેડે છે, તેના આંકડા નીચે મુજબ છે:—

ગણોતિયા પાસે એકંદર જમીન	જમીનમાલિકો ખેડતા હોય તેવી જમીન	કુલ ખેડાણ
૧૩,૦૦૦ એકર	૨૩,૦૦૦ એકર	૨૬,૦૦૦ એકર

આમાં માલિકોના કબજામાં ખેડાતી જમીન ૨૩,૦૦૦એકર છે, તે નાના મોટા તમામ જમીનદારોના કબજાની છે. તેમાં પછાતવર્ગના ખેડૂતોનાં કબજાની જમીનનો પણ સમાવેશ થાય છે. ગણોતે અપાયેલી જમીન ૧૩,૦૦૦ એકર છે, જેમાંની ઘણીખરી જમીન રાનીપરજના નાના ગણોતિયાઓના કબજાની છે.

અનાજ માટેની જમીન

બીજું, પારડી તાલુકામાં ખેડાણ હેઠળની જમીન છેલ્લાં પચાસથી સાઠ વર્ષમાં કોઇ પણ વખતે નહોતી એટલી ખેડાણ હેઠળ લાવવામાં આવી છે.

આજથી લગભગ સાઠ વર્ષ પર પારડી તાલુકામાં ફકત ૭,૦૦૦ એકર જમીનમાં ભાતની કયારી હતી. ત્યાર બાદ ચાળીસ વર્ષ પર વધીને ૧૨,૦૦૦ એકર જમીનમાં કયારી થઇ; અને છેલ્લાં વીસ કે પચીસ વર્ષ પર તે લગભગ ૧૭,૦૦૦ જેટલી હતી. આજે તે વધીને સરકારી દફતરે ૨૪,૫૦૦ એકર કયારી છે.

ઉપરાંત છેલ્લાં ત્રણ વર્ષમાં સરકારી દફતરે ધાસિયા ચાલતી એવી પણ લગભગ ૩,૦૦૦ એકર જમીનમાં કયારી બનાવવામાં આવી છે.

આમ છેલ્લાં સાઠ વર્ષમાં ૭,૦૦૦ એકર કયારીમાંથી ૨૭,૫૦૦ એકર, એટલે ચાર ગણી જમીન કયારીની થઇ છે.

આ ઉપરાંત જેમાં નાગલી, કોદરા, અડદ, તુવર, દિવેલી સિંગ, એવાં પરચૂરણ વાવેતરો કરવામાં આવતાં હોય એવી ઓછામાં ઓછી આઠ હજાર એકર જેટલી જમીન છે.

વાડીની જમીન

વળી આ ભાગમાં આંબા, ચીકુ જેવી વાડીની જમીનો પહેલાં ભાગ્યે જ હતી. હાલમાં સરકારી દફતરે એવી જમીન લગભગ ૨,૩૦૦ એકર છે. અને છેલ્લાં પાંચ વર્ષમાં પડતર જમીન તોડીને નવી કલમો નાખવામાં આવી છે. તે જોતાં બધું મળીને ઓછામાં ઓછી ચારથી પાંચ હજાર એકર જમીનમાં આંબા અને બીજાં ઝાડો નાખવામાં આવ્યાં છે.

કુલ ખેડાણ જમીન વધી છે

આમ એકંદરે ૨૭,૫૦૦ એકર જમીન કયારી, ૫,૦૦૦ એકર જમીનમાં વાડી, અને લગભગ ૮,૦૦૦ એકર જમીનમાં બીજાં તૂસો મળી કુલ ૪૦,૦૦૦ થી વધારે એકર જમીન આજે ખેડાણમાં લાવવામાં આવેલી છે. એટલે લગભગ ૪૮,૦૦૦ એકર જેટલી જમીનમાં ધાસિયાં રહ્યાં, જ્યારે કુલ સરકાર દફતરે ધાસિયા જમીન ૫૪,૦૦૦ એકર છે. એટલે ધાસિયા જમીનમાંથી ૬,૦૦૦ એકર જેટલી નવી જમીન ખેડાણ હેઠળ આવેલી છે.

આટલી જમીન કોઇ કાળે ખેડાણમાં નહોતી. આ ૪૦,૦૦૦ ખેડાણમાંથી ૩૬,૦૦૦ ખેડાણ હેઠળ છે, એ તો સરકારી દફતર પુરવાર કરે છે. એટલે એમાં નવાં ખેડાણો ઉમેરાતાં ૪૦,૦૦૦ નો આંકડો આવી રહેશે.

જમીનમાલેકી વિષે

પારડી તાલુકાની કુલ ૮૮,૫૦૦ એકર જમીનમાંથી વેપારી કોમના ૨૫૦થી ૩૦૦ ખાતેદારોને નામે ૧૦,૦૦૦ એકર જેટલી જમીન છે. પારસી અને બીજા મોટા જમીનદારોની મળી કુલ્લે ૨૦,૦૦૦ એકર જમીન મોટા જમીનદારોની માલેકીની છે, જ્યારે ૬૮,૫૦૦ એકર જમીન નાના જમીનદારો અને ખેડૂતોના માલેકી કબજાની છે. એટલે ૭૫ ટકાથી પણ વધારે જમીન નાના જમીનદારો અને ખેડૂતોની માલકીની છે.

કપુરચંદ બંબુત્રપુટીને ધન્યવાદ

થોડા દિવસો પહેલાં સીનેમાવ્યવસાય સાથે સંકળાયલી મેસર્સ કપુરચંદ એન્ડ કું. ના મુખ્ય ભાગીદાર શ્રી કપુરચંદ

નેમચંદ મહેતાએ રૂ. ૫૦૦૦૦, શ્રી ઝવેરચંદ નેમચંદ મહેતાએ રૂ. ૫૦૦૦૦, અને શ્રી કેવળચંદ નેમચંદ મહેતાએ રૂ. ૧૦૦૦૦ એમ એ ત્રણ ભાઇઓ તરફથી કુલ રૂ. ૧૧૦૦૦૦ નું શ્રી મહાવીર જૈન વિદ્યાલયને દાન કરવામાં આવ્યું હતું. આટલાથી સંતોષ ન માનતાં શ્રી કપુરચંદભાઇ તરફથી વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિ ઉપર એક એવી દરખાસ્ત રજુ કરવામાં આવી હતી કે જો વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિ આગામી આસો વદ ૦)) સુધીમાં રૂ. ૧૪૦૦૦૦ એકઠા કરે તો કપુરચંદ બંધુઓ વિદ્યાલયને એટલી જ રકમ એટલે કે રૂ. ૧૪૦૦૦૦ આપે. આ સરતને અનુલક્ષીને વિદ્યાલયની સમિતિના મંત્રીઓ અને સભ્યોએ વિદ્યાલય માટે મળે ત્યાંથી દાનો મેળવવાનો પ્રયત્ન શરૂ કર્યો છે અને એ પ્રયત્નના પરિણામે આજ સુધીમાં તેઓ રૂ. ૭૦૦૦૦ નાં વચનો મેળવવા ભાગ્યશાળી થયા છે અને આસો વદ ૦)) સુધીમાં રૂ. ૧૪૦૦૦૦ સુધી પહોંચી વળવાની તેઓ આશા સેવે છે. પણ આનંદની વાત તો એ છે કે વિદ્યાલયની સમિતિ ધારી મુદતમાં ઉપર જણાવેલી રકમ મેળવે યા ન મેળવે-કપુરચંદ બંધુઓએ પોતે રજુ કરેલી સરતનો આગ્રહ છોડી દઇને પોતે મનથી નક્કી કરેલ રકમ તરત જ આપી દેવાનો નિરાધાર કર્યો છે. આ રીતે લગભગ કેળવણીના કાર્યમાં એક સાથે અઢી લાખ રૂપીઆની રકમની ઉદાર સખાવત કરવા માટે ભાઇશ્રી. કપુરચંદ ભાઇ, ઝવેરચંદ ભાઇ, તથા કેવળચંદ ભાઇને આખા જૈન સમાજના ધન્યવાદ ઘટે છે. આખા જૈન સમાજના ધન્યવાદ એટલા માટે કે કપુરચંદ બંધુઓએ જો કે આજે તો શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું અદ્યતન બંધારણ કે જે વિદ્યાલયના લાભને માત્ર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓ પૂરતો સીમિત કરે છે તે સ્વીકારીને આ દાન આપ્યું છે, પણ તેમની ઇચ્છા તેમ જ આગ્રહ એવો છે કે મહાવીર જૈન વિદ્યાલયનાં બારણાં રાષ્ટ્ર તેમ જ જૈન કોમની આજની પરિસ્થિતિ લક્ષ્યમાં લઇને સૌ કોઇ જૈન વિદ્યાર્થીઓ માટે ખુલ્લાં થવા જોઇએ. આ વિશાળતા નિર્માણ કરવામાં બંધારણની જે કાંઇ મુશ્કેલીઓ હોય તે દૂર કરવામાં આવે તો આથી વિશેષ રકમ આપવા અથવા તો મેળવી આપવા તે ભાઇઓ ખૂબ આતુરતા સેવે છે. વિદ્યાલય પક્ષે આવો ફેરફાર કરવા આડે કોઇ મોટી મુશ્કેલી છે જ નહિ. તે સંસ્થાના બંધારણમાં રહેલા ઉદ્દેશમાં કોઇ સંકુચિતતા કે ફિરકા-પરસ્તી રહેલી નથી. તેના બંધારણ અને ધારાધોરણમાં આ વિદ્યાલયની સગવડોનો કોને લાભ મળે તેને લગતી કલમો જૈન શ્વે. મૂ. વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદા સૂચવે છે. આ મર્યાદા હવે દૂર થવી જોઇએ એમ આ સંસ્થાના પ્રેરક અને આદ્યસંસ્થાપક શ્રી વિજયવલ્લભસૂરિ માને છે, બલકે કહી રહ્યા છે. આજના સંચાલકો આ વિશાળતાને મનથી અપનાવે તો સંસ્થાના સભ્યો તેમને જરૂર અનુસરે અને બંધારણી ફેરફાર સહેલાઇથી થઇ શકે. આપણે સૌ અન્તરથી ઇચ્છીએ કે સર્વ ફિરકાઓના વિદ્યાર્થીઓ માટે પોતાનાં દ્વાર ખુલ્લાં કરીને સંસ્થા પોતાની સાથે ભગવાન મહાવીરનું નામ જોડવામાં આવ્યું છે તેને સંપૂર્ણ અર્થમાં સત્વર સાર્થક કરે. કપુરચંદ બંધુઓને આવી ઉદાર સખાવત માટે અનેક ધન્યવાદ આપવા સાથેતેમના ઉપર જણાવેલ પ્રયત્નમાં પણ તેમને સફળતા મળે એમ પણ આપણે જરૂર ઇચ્છીએ!

'રાષ્ટ્રભાષા' અને જૈન સાધુઓ

મુંબઇની ધી જનરલ બુક ડેપો તરફથી શ્રી કાંતિલાલ જોશી એમ. એ. એ સંપાદિત કરેલ હમારી 'રાષ્ટ્રભાષા' સાત ભાગમાં પ્રગટ થયેલ છે. આ પુસ્તક મુંબઇ સરકારે તેમ જ સૌરાષ્ટ્ર સરકારે હિંદી-હિંદુસ્તાનીના પાઠય પુસ્તક તરીકે મંજુર કરેલ છે. આ પુસ્તકના પાંચમા ભાગમાં સાતમા પાઠ તરીકે 'દાંત' ઉપર એક રમુજ ઉપજાવે તેવો કટાક્ષલેખ આપવામાં આવ્યો છે. આ લેખમાં 'દાંત'થી સાહિત્યના નવ રસનો અનુભવ કેવી રીતે થઇ શકે એનું વર્ણન કરતાં દાંતથી થતા બિભત્સ રસના અનુભવનો દાખલો આપતાં લેખકે જૈન સાધુઓના દાંતને અનુલક્ષીને જણાવ્યું છે કે "બિભત્સ રસકા પ્રત્યક્ષ દર્શન કરના હો તો કિસી જૈનિયોંકે જૈની મહરાજકે દાંત દેખ લીજિએ, જિનકી છોટીસી સ્તુતિ યહ હૈ કિ મૈલકે મારે પૈસા ભી ચપક જાતા હૈ." કોઇ પણ સાહિત્યકાર સાહિત્યના નવ રસનો પરિચય આપવાના બહાના નીચે જૈન મુનિઓ વિષેનો પોતાનો દ્વેષ આ રીતે પ્રગટ કરે એ દુઃખદ તેમ જ શોચનીય છે. એમાં પણ પાઠયપુસ્તકોમાં આવે ઉલ્લેખ દાખલ કરવામાં આવે એ વિશેષતઃ દુઃખપ્રદ છે. આવાં પરસ્પર દ્વેષમૂલક લખાણો લખવાનો એક જમાનો હતો. આજે પરસ્પર સમભાવ વધારવાનો, જેનું જે કાંઇ સારૂં અને આદરણીય હોય તે જનતા સમક્ષ રજુ કરવાનો યુગ છે. આજે પણ શ્રી કાન્તિલાલ જોશી જેવી સુશિક્ષિત વ્યક્તિ પોતાનાં પાઠયપુસ્તકોને આવા દ્વેષમૂલક ઉલ્લેખોથી દૂષિત કરે તે ભારે વિસ્મયજનક છે. સૌરાષ્ટ્ર સરકારના ધ્યાન ઉપર આ હકીકત આવતાં તે પાઠ રદ કરવાનું તેણે ફરમાન કર્યું છે; મુંબઇ સરકારે પણ આની જ જાહેરાત કરવાની ખાસ જરૂર છે. અને આ પુસ્તકની નવી આવૃત્તિમાં આ પાઠને બીલકુલ સ્થાન ન મળે એ બાબત તરફ આ પાઠય પુસ્તકના પ્રકાશક તેમ જ સંપાદકનું તત્કાળ ધ્યાન ખેંચવાની ખાસ કરીને શ્વે. મૂ. તથા સ્થાનકવાસી કોન્ફરન્સના સૂત્રધારોની ખાસ ફરજ છે. આ કટાક્ષના પાયામાં ગૃહસ્થોની માફક જૈન સાધુઓ દાંત ચાલુ સાફ કરતા નથી એ હકીકત છે, પણ આંધળાને આંધળો કહેવો અને લંગડાને લંગડો કહીને બોલાવવો એ આંધળા તેમ જ લંગડાનું સ્પષ્ટ અપમાન છે તેવી જ રીતે જૈન સાધુઓ વિષે આવો ઉલ્લેખ કરીને જનસમાજની નજરમાં તેમને ઉતારી પાડવા એ આખા સાધુવર્ગનું ભારે અપમાન કરવા બરાબર.

પરમાનંદ

શરત્ પૂર્ણિમા સાગરવિહાર

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી આગામી શરત્ પૂર્ણિમા-તા. ૨૨-૧૦-૫૩ ગુરૂવારના રોજ રાત્રીના સંઘના સભ્યો તથા તેમનાં કુટુંબીજનો માટે રા થી ૩ કલાકનો સાગરવિહાર ગોઠવવામાં આવનાર છે. આ સાગરવિહારનો લાભ પરિમિત સંખ્યાને આપી શકાશે. આને લગતી વિગતવાર માહીતી સભ્યોને વ્યક્તિગત આપવામાં આવશે તેમ જ પ્રબુદ્ધ જીવનના આગામી અંકમાં પણ પ્રગટ કરવામાં આવશે.

સંઘના સભ્યોમાં અભિવૃદ્ધિ

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન એકત્ર થયેલા ઉપ પ્રવેશપત્રો તા. ૧-૧૦-૫૩ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ મંજુર કર્યા છે. પ્રબુદ્ધ જીવનની ગ્રાહક સંખ્યામાં પણ થોડી વૃધ્ધિ થઇ છે.

મંત્રીઓ, જૈન યુવક સંઘ

વિષય સૂચ		પૃષ્ઠ
શિવાસ્તે પન્થાનઃ સન્તુ ।		૯૫
વિરોધ અને સમન્વય	ડો. હીરાલાલ જૈન	૯૬
વિહાર સરોવરનું પર્યટણ	પરમાનંદ	૯૭
મુંબઇની પર્યુષણ વ્યાખ્યાનમાળા	મંત્રીઓ	૯૮
પારડી ખેડ સત્યાગ્રહ	પરમાનંદ	૧૦૦
પ્રકીર્ણ નોંધ : સોહામણી શરદ ઋતુ, પારડી તાલુકાની જમીન વિષે કેટલાક આંકડા, કપુરચંદ બંધુત્રિપુટીને ધન્યવાદ, 'રાષ્ટ્રભાષા' અને જૈન સાધુઓ.	પરમાનંદ	૧૦૨
આપણાં વિદ્યાપીઠો	આચાર્ય નરેન્દ્ર દેવ	૧૦૫

આપણાં વિદ્યાપીઠો

(ટાઇમ્સ ઓફ ઇન્ડીયાએ Education To-day (આજની કેળવણી) એ શિર્ષક નીચે ભિન્ન ભિન્ન અધિકારી શિક્ષણ-શાસ્ત્રીઓની લેખમાળા શરૂ કરી છે. આ લેખમાળામાં બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપકુલપતિ અને ક્રાંતિકારી સમાજવાદી આગેવાન આચાર્ય નરેન્દ્રદેવે આપણી વિદ્યાપીઠોના પ્રશ્ન અંગે એક માર્ગદર્શક લેખ લખ્યો છે તેનો અનુવાદ નીચે આપવામાં આવ્યો છે.)

આપણી સમગ્ર શિક્ષણ વ્યવસ્થાની પુર્નવ્યવસ્થા કરી તેની સુસંવાદિત રચના કરવી જ પડશે. આપણે આપણી શિક્ષણ પધ્ધતિને સામાજિક ધ્યેય સાથે સાંકળવી પડશે. શિક્ષણ અને જીવનના છૂટા છેડા શક્ય નથી. સમકાલીન સમાજની આવશ્યકતા અને આશાઓને શિક્ષણે સંતોષવી જોઇએ. પ્રત્યેક રાષ્ટ્ર એક આંતરરાષ્ટ્રીય કુટુંબનું સભ્ય છે તે હકીકત લક્ષમાં રાખીને તે રાષ્ટ્રની ખાસ જરૂરિયાત અનુસાર શિક્ષણના પ્રશ્નો વિષે કાંઇ પણ નિર્ણય થઇ શકે.

પ્રશ્ન આ છે : આપણી શિક્ષણ પધ્ધતિની પુર્નવ્યવસ્થામાં માર્ગદર્શન આપી શકે એવી કોઇ સામાજિક ફિલસૂફી આપણી પાસે છે ? આપણાં દેશમાં સર્વમાન્ય સામાજિક ફિલસૂફીનો અભાવ હોવાથી આપણાં બંધારણના મૂળભૂત સિધ્ધાંતોનો આપણી સામાજિક ફિલસૂફીના પાયા તરીકે ઉપયોગ કરવો રહ્યો. આપણાં બંધારણના સિધ્ધાંતો મોટા ભાગના લોકોએ સ્વીકાર્યા છે. એ સાથે એ પણ ખરૂં છે કે આપણી પ્રજાના કેટલાંક વિભાગોને બંધારણના સિધ્ધાંતો અસ્વીકાર્ય છે. પણ આવી બાબતમાં સંપૂર્ણ સર્વાનુમતિ શક્ય નથી. આપણે તો એટલું જ કરી શકીએ કે બંધારણના એ સિધ્ધાંતોને હંમેશા આપણી દૃષ્ટિ સમક્ષ રાખીએ. લોકશાહી રાજ્યતંત્ર એ પ્રથમ સિધ્ધાંત છે, જ્યારે ન્યાયી સમાજવ્યવસ્થા અને સહુને વિકાસ માટે સરખી તક એ બંધારણનો બીજો મૂળભૂત સિધ્ધાંત છે.

વિદ્યાર્થીએ જીંદગીનું આહ્વાન સ્વીકારી માત્ર જીવનવેતન પ્રાપ્ત કરવાની તૈયારી કરવાની નથી. એક સ્વતંત્ર રાજ્યના નાગરિકની ફરજો પણ તેણે અદા કરવાની છે. તે માત્ર ઉલ્લાદક બને તે પૂરતું નથી; તેણે એક સારા નાગરિક પણ બનવાનું છે. આર્થિક, ધાર્મિક, જાતીય અને વર્ણવિષયક (Racial) હકીકતોને લક્ષમાં લીધા સિવાય સહુને સરખી સ્વતંત્રતા અને સરખી તક મળે એ લોકશાહી જીવનનો પાયો છે. વિદ્યાનગરનું સમગ્ર જીવન આ લોકશાહીની ખુમારીથી રંગાઇ જવું જોઇએ. આ ઉપરાંત, આપણે આંતરરાષ્ટ્રીય સમાજના સભ્ય પણ છીએ. આપણામાં આંતરરાષ્ટ્રીય સમાજ અને શુભેચ્છાની વૃધ્ધિ થાય એ આવશ્યક છે. આથી આપણે ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓ ખાસ કરીને આપણી પડોશી સંસ્કૃતિઓનો સહાનુભૂતિપૂર્વક અભ્યાસ કરવો જોઇએ.

આપણે નવી પેઢીને આપણા પ્રાચીન વારસાથી પરિચિત કરવી જોઇએ; તે સાથે તેને એ વારસાની વિવેકપૂર્વક મૂલવણી કરતાં શીખવવું જોઇએ. પ્રાચીન વારસાના સૂચક અને શકિતશાળી તત્ત્વોને મૃતપ્રાયઃ તત્ત્વોથી જુદા પાડી સાચવવા જોઇએ. વર્તમાન પરિસ્થિતિ યોગ્ય રીતે સમજવા ભૂતકાળનું જ્ઞાન આવશ્યક છે. ભૂતકાળના જ્ઞાન સિવાય આજના કોયડાઓની સમજ કે ઉકેલ શક્ય નથી.

જ્ઞાનના મૂળભૂત મૂલ્યને લક્ષમાં રાખી જ્ઞાનનું એક નિષ્ઠાથી સંશોધન કરતી સંસ્થા કે સમાજને વિદ્યાપીઠ કહે છે. આથી સંશોધન એ પ્રત્યેક વિદ્યાપીઠના કાર્યનો મહત્ત્વનો ભાગ છે. કોઇએ એમ કહ્યું છે કે સંશોધનને બાદ કરીએ તો વિદ્યાપીઠમાં સાચું શિક્ષણ આપવું અશક્ય છે તે સાવ સાચું છે. જ્ઞાનના સિમાડાઓનો વારંવાર વિસ્તાર થતો જાય છે અને તેને પરિણામે પુરાણા વિચારો અને માન્યતાઓની પુનર્વિચારણા કરી તેમને સુધારવા પડે છે. આ પ્રમાણે શિક્ષણ એ ગતિશીલ પ્રક્રિયા બની ગયું છે. જે શિક્ષક પોતાના વિષય અંગેની છેલ્લામાં છેલ્લી હકીકત અને નવા સંશોધનોથી પરિચિત ન રહે તે, શિક્ષક તરીકેની સામાન્ય જવાબદારી પણ અદા નહીં કરી શકે.

કમનસીબે આપણી વિદ્યાપીઠો પોતાનું પ્રાથમિક કાર્ય પણ કરતી નથી. સામાજિક, આર્થિક, રાજકીય તથા બીજા કળાના વિષયો અંગે અતિ અલ્પ સંશોધન થયું છે. આપણી વિદ્યાપીઠોએ આપણાં સામાજિક કોયડાઓના ઉકેલ માટે ઘણો થોડો ફાળો આપ્યો છે તે દુઃખદ પણ સત્ય હકીકત છે. વિદ્યાપીઠો આપણાં બૌધ્ધિક જીવનના એવા કેન્દ્રો થવાં જોઇએ કે જ્યાં સામાન્ય પ્રજાજનો બધા જ સામાજિક અને આર્થિક પ્રશ્નોના ઉકેલ માટે માર્ગદર્શન મેળવી શકે. પણ આજે ગણ્યાં-ગાંઠ્યા અધ્યાપકો આધુનિક ઓદોલનો અને વર્તમાન વિચાર-પ્રવાહોનો અભ્યાસ કરે છે.

આપણી વિદ્યાપીઠોમાં વૈજ્ઞાનિક સંશોધન ધીમે ધીમે બંધ થઇ રહ્યું છે એવો સકારણ ભય સેવાય છે. વિજ્ઞાનના અગ્રગણ્ય અધ્યાપકો સરકારી તંત્રમાં જોડાતા જાય છે. સરકાર પ્રોફેસરોને આકર્ષક વેતનવધારાનો ક્રમ (Grade) તથા કાર્ય કરવાની સારી સગવડતા આપે છે. વિદ્યાપીઠો પોતાની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે આ બાબતમાં સરકારની હરિફાઇ કરી શકતી નથી. ઘણાંખરા વૈજ્ઞાનિકોને સરકાર માત્ર વહીવટી-કાર્ય સોંપે છે અને આને પરિણામે વૈજ્ઞાનિક જગત તે વૈજ્ઞાનિકોને હંમેશને માટે ગુમાવે છે. અનુભવ પરથી એમ માલુમ પડયું છે કે નવા અધ્યાપકો સંશોધનમાં ઉંડો રસ લઇ થોડાં સમય માટે સખત કામ કરે છે, પણ તે આ બધું પોતાનું વેતન વધારવા અને પોતાનો દરજ્જો ઊંચો લાવવા કરતા હોય છે, અને જેવું એ ધ્યેય હાંસલ થયું કે તરત જ તેમની સંશોધન પ્રવૃત્તિની ઇતિશ્રી થાય છે. આ પરિસ્થિતિમાં ફેરફાર કરવા સંશોધનકાર્ય કરનારને યોગ્ય ઉત્તેજન મળે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. મોટા અધ્યાપકો (Senior Professors) ની નિમણૂંક ટુંકા ગાળા માટે જ થાય તો તે સંશોધનને મદદકર્તા થઇ પડે.

વિદ્યાપીઠનું બીજું કાર્ય યુવક-યુવતીઓને નેતૃત્વ અને વહીવટીતંત્રની તાલીમ આપવાનું છે. હિન્દ જેવા અર્ધવિકસિત દેશમાં તાલીમ પામેલાં માણસોની મોટી માગ છે. અને આ માગ પૂરી પાડવાની વિદ્યાપીઠોની ફરજ છે.

આ ધ્યેયને હાંસલ કરવા વિદ્યાપીઠોના અભ્યાસક્રમોમાં ફેરફાર કરવો પડશે. તે સાથે વિદ્યાપીઠનું વહીવટીતંત્ર નવી ખુમારીથી જીવંત બને તે માટે વહીવટી તંત્રમાં પણ ઉદાર ફેરફારો કરવા પડશે. એ તો સાવ સ્પષ્ટ છે કે આ બધા ફેરફારનો મોટો આધાર અધ્યાપકોની શકિત અને ચારિત્ર્ય પર છે. ઊંચી કેળવણી પામેલી વ્યકિતઓ અધ્યાપકો થવા આકર્ષાય તે માટે આપણે પૂરતું વેતન, કામ આપવાની નિર્ણીત સમયની બાહેંધરી તથા કાર્ય કરવા માટેની પૂરતી સગવડ માટેની જોગવાઇ કરવી પડશે. આજની એ એક સામાન્ય ફરિયાદ છે કે વિદ્યાર્થીઓના શિસ્તનું ધોરણ ઘણું નીચે ઉતરી ગયું છે. શિસ્તના આ અભાવનું કારણ આપણાં આજના સામાજિક વાતાવરણમાં રહેલું છે. ગેરશિસ્ત એ માત્ર વિદ્યાર્થીવર્ગ પૂરતું જ મર્યાદિત નથી. આપણે એ સ્મરણમાં રાખવું જોઇએ કે પ્રત્યેક સામાન્ય વિદ્યાર્થી હતાશાથી પીડાઇ રહ્યો છે અને આજે જિંદગી ટકાવી રાખવાની મથામણ ખૂબજ કઠીન થઇ ગઇ છે. પ્રત્યેક વર્ગની સંખ્યામાં અસાધારણ વધારો

થવાથી શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે જે અંગત સંબંધો હતા તે ભૂતકાળની વાત બની ગઈ છે. શિક્ષક અને શિષ્ય વચ્ચેના સંબંધોના અંગેના મંતવ્યોમાં પણ પરિવર્તન થયું છે. જૂની ઘરેડના સોટીના શિસ્તને નવી પ્રણાલિમાં સ્થાન નથી. શિક્ષકે એ હંમેશા ખ્યાલમાં રાખવું જરૂરી છે કે સાચું શિસ્ત કદી પ્રહારના દબાણથી આવતું નથી. પરંતુ તે હંમેશા વ્યક્તિના અંતરમાં ઉગે છે. શિક્ષકે પોતાના જીવન દ્વારા વિદ્યાર્થીઓ પર અસર કરવી જોઈએ અને શુભ કાર્યો માટે અનિવાર્ય માનસિક ટેવોનો વિદ્યાર્થીઓમાં વિકાસ થાય તે માટે શિક્ષકે તેમને સહાય કરવી જોઈએ.

બીજી ફરિયાદ એ છે કે આપણી વિદ્યાપીઠનું ધોરણ ત્વરાથી નીચે ઉતરતું જાય છે. કોઈના પર દોષારોપણ કરતાં પહેલાં એ ખ્યાલમાં રાખવું જરૂરી છે કે જ્યાં સુધી માધ્યમિક શાળાઓમાં શિક્ષણનું યોગ્ય ધોરણ રાખવામાં નહીં આવે ત્યાં સુધી વિદ્યાપીઠ માટે ઊંચા જતાં ધોરણને ટકાવવું શક્ય નથી. બીજી વાત તો એ છે કે માધ્યમિક શિક્ષણ એ એક સ્વપૂર્ણ, સુસંવાદિત અને સ્વાવલંબી કેળવણી હોવી જોઈએ. વિદ્યાર્થીઓની ભિન્ન ભિન્ન વૃત્તિ, રસ અને કુદરતી શક્તિને અનુકૂળ અભ્યાસક્રમો માધ્યમિક શિક્ષણમાં દાખલ કરવા જોઈએ. સામાન્ય રીતે જીવન અને જીવનનિર્વાહને લક્ષમાં રાખી માધ્યમિક શિક્ષણ અપાવું જોઈએ, પણ તે સાથે વિદ્યાપીઠમાં વધુ અભ્યાસ કરતા વિદ્યાર્થીને સહાયરૂપ થઈ શકે તેવા અભ્યાસક્રમની પણ જોગવાઈ કરવી જોઈએ. આમ થવાથી વિદ્યાપીઠની જરૂરિયાતોને જ મહત્ત્વ આપતા આપણા માધ્યમિક શિક્ષણક્રમમાં ફેરફારો થશે. એટલું જ નહીં પણ, તે અભ્યાસક્રમમાં સાહિત્યના અભ્યાસને અતિ મહત્ત્વનું સ્થાન આપવામાં આવે છે તે પણ દૂર થશે. આપણા દેશમાં જ્યારે કામ મેળવવા માટેના નવા નવા ક્ષેત્રો ખુલ્લાં થશે ત્યારે માધ્યમિક શિક્ષણ પૂરું થયા બાદ શું કરવું તેની સૂઝ ન પડતાં જે વિદ્યાર્થીઓ વિદ્યાપીઠમાં જોડાય છે તેઓ વિદ્યાપીઠમાં દાખલ થતાં અટકશે. આ પરિસ્થિતિના પરિણામે વિદ્યાપીઠના શિક્ષણનું ધોરણ આપોઆપ ઊંચું આવશે. વિદ્યાર્થી ત્રણ વરસમાં સ્નાતક થઈ શકે તે માટે સ્નાતક પહેલાના વચગાળાના વર્ગો (Intermediate Classes) નાબૂદ કરવા જોઈએ.

વિદ્યાર્થી પુસ્તકાલયનો મુક્તે ઉપયોગ કરી શકે તેવી સુધારેલ શિક્ષણક્રમમાં દાખલ કરવા જોઈએ. વિદ્યાપીઠના વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવ પડે એવી કેળવણી આપવી જોઈએ. વિદ્યાપીઠના પુસ્તકાલયમાં એક વિભાગ પાઠ્યપુસ્તકોનો હોવો જોઈએ. આ વિભાગનો ઉપયોગ જે ગરીબ વિદ્યાર્થીઓ અર્થાભાવે પાઠ્ય પુસ્તકો ખરીદી શકે તેમના માટે જ અનામત રાખવો જોઈએ.

અભ્યાસક્રમના વિષયો અંગે સુધારણા તથા તેના ધોરણ અંગેના મહત્ત્વના પ્રશ્નોની ચર્ચા જગ્યાના અભાવે હું કરી શકતો નથી. પણ એક વાત પ્રત્યે હું ખાસ ધ્યાન દોરવા ઇચ્છું છું. હિન્દમાં ભારતીય વિદ્યાના અભ્યાસ અંગે જે પરિસ્થિતિ પ્રવર્તે છે તે વિશે સૌએ વિચાર કરવો જોઈએ. એ ખરી વાત છે કે કેટલીક સંશોધનની સંસ્થાઓ ભારતીય વિદ્યાના અભ્યાસ અંગે સુંદર કાર્ય કરી રહી છે અને તે અંગે નોંધપાત્ર કાળો પણ આપ્યો છે પણ સંશોધનના આવા એક અગત્યના અંગના વિકાસ માટે આપણી વિદ્યાપીઠોએ સાર નજીવો કાળો આપ્યો છે. ઘણી વિદ્યાપીઠોમાં તો ભારતીય વિદ્યાના સંશોધન માટે કશી જ સગવડ નથી. ભારતીય વિદ્યાનું સંશોધન આપણા દેશ માટે મહત્ત્વનું છે અને તેના વિકાસ માટેની જવાબદારી આપણા પર છે.

જો વિદ્યાપીઠો આપણા દેશની નવી પરિસ્થિતિમાં પોતાનો ભાગ ભજવનારી હોય તો વિદ્યાપીઠની પ્રવૃત્તિ સાચી દિશામાં વિકસે એ માટે સરકારે સારી એવી આર્થિક સહાય કરવી પડશે. વિદ્યાપીઠોમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં હમણાં બહુ મોટો વધારો થયો છે. આમ છતાં વિદ્યાપીઠની સાધન સામગ્રી તથા છાત્રાલયો (Hostels) ની સંખ્યામાં કાંઈ પણ વધારો થયો નથી તે એક હકીકત છે.

મૂળ લેખક : આચાર્ય નરેન્દ્રદેવ
અનુવાદક : વાડીલાલ ડગલી

સંઘની પ્રવૃત્તિઓને મળેલું આર્થિક સીંચન

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ચાલતી વિવિધ પ્રવૃત્તિઓને વર્ષ દરમિયાન મળેલી આર્થિક મદદની યાદી નીચે આપવામાં આવે છે. આ રીતે મદદ આપનાર ભાઈ-બહેનોનો આભાર માનવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ

૨૦૦ શ્રી. રમણલાલ લાલભાઈ શેઠ
૨૦૦ ,, ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૨૦૦ ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી
૨૦૦ ,, સીમનલાલ પી. શાહ
૨૦૦ ,, દીપચંદ એન્ડ કું.
૨૦૦ ,, ભોળાભાઈ જેસીંગભાઈ
૧૦૧ ,, હેમચંદ ચત્રભુજ
૧૦૦ ,, શ્રી. ટી. જી. શાહ
૫૧ ,, મોંઘીબહેન હીરાલાલ
૫૧ ,, ચંદનબહેન ડાહ્યાભાઈ
૫૧ ,, સકરચંદ એન્ડ બ્રધર્સ
૫૧ ,, સુરજબહેન ઝવેરી
૫૧ ,, ભોગીલાલ મોહનલાલ
૫૦ ,, ધીરજલાલ જીવણલાલ કેશરીચંદ
૫૦ ,, લીલાધર પાસુ શાહ
૨૫ ,, કાંતિલાલ નથુભાઈ પારેખ
૨૫ ,, વિજયાબહેન પરીખ
૨૫ ,, એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૫ ,, મોતીચંદ હેમચંદ અમરચંદ
૨૫ ,, માણેકબહેન શિવલાલ પાનાચંદ
૨૫ ,, ખીમજી હેમરાજ છેડા.
૨૫ ,, એલ. પી. શાહ
૨૫ ,, દલપતલાલ કેશવલાલ
૨૫ ,, મંગળદાસ લાલચંદ તલસાણીયા
૨૫ ,, ડી મતલાલ મણિયાર
૨૫ ,, રાયચંદ હીરાચંદ ઝવેરી
૨૫ ,, કાંતિલાલ ઝેકરી
૨૫ ,, પ્રવીણ મંગળદાસ
૨૫ ,, મેનુભાઈ ગુલાબચંદ કાપડિયા
૨૫ ,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ
૨૫ ,, મણેકબહેન સકરચંદ
૨૫ ,, નાથુરામ પ્રેમી
૨૫ ,, નવલબહેન જગન્નાથ પારેખ
૨૫ ,, વેલજી એન્ડ કું.
૨૫ ,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ
૨૫ ,, મોહનલાલ નગીનદાસ જસરાજ
૨૧ ,, પી એચ. કામદાર
૨૦ ,, મધુબહેન દીવાનજી
૨૦ ,, ડો. ઇન્દુમતીબહેન મુનસફ
૧૫ ,, ધી ઇમ્પીમેન્ટ્સ સેલ્સ કોર્પોરેશન
૧૫ ,, કાંતિલાલ હરખચંદ શાહ
૧૫ ,, કુંવરલાલ લાલચંદ તલસાણીયા
૫ ,, દીપચંદ કેશરીમલ
૫ ,, કુસુમબહેન શાહ
૫ ,, મનસુખલાલ રાઘવજી દોસી
૫ ,, એક સદ્‌ગૃહસ્થ
૫ ,, સેવંતીભાઈ શાહ
૫ ,, કાંતિલાલ ઝવેરચંદ ગાંધી
૫ ,, કાકુભાઈ
૫ ,, ચંપકભાઈ
૧ ,, મોહનલાલ દેવચંદ મહેતા
૧ ,, એક સદ્‌ગૃહસ્થ
૧ ,, એક બહેન

૨૪૫૧

૪૩૭ બહેનો માર્ફત થેલીમાં આવ્યા

૨૮૮૮

વ્યાખ્યાનમાળા

૮૦૦ શ્રી. અમૃતલાલ જેઠાલાલ શાહ
૨૫ ,, સારાભાઈ નગીનદાસ
૨૧ ,, પાસુભાઈ ખીમચંદ પુરીઆ
૧૧ ,, મંગળદાસ ગોપાળદાસ પારેખ

૮૬૭

વૈદ્યકીય રાહત

૨૫-૦-૦ શ્રી. ચંદુલાલ મણિલાલ શાહ
૨૫-૦-૦ કાંતાબહેન કસ્તુરચંદ ઝવેરી
૧૬-૦-૦ ,, ત્રીકમલાલ મગનલાલ વારવાડીઆ

૬૧-૦-૦

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ. ૨.

છુટક નકલ : ત્રણ આના શ્રી મુંબઈ જૈન યુવક સંઘનુ પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ બી.૪૨૬૬

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર જૈન વર્ષ: ૧૪ : અંક ૨
પ્ર. જીવન વર્ષ ૧ : ૧૨

મુંબઈ : ૧૫ ઓક્ટોબર ૧૯૫૩ ગુરૂવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

પુનર્જન્મ

[એક જાતક કથા]

શ્રમણ દ્વીપાયન વિહાર કરીને પાછા આવી ગયા. ગોપાએ કુમાર યજ્ઞદત્તને તૈયાર કર્યો એટલે માંડવ્ય તેમને લઇ દ્વીપાયનના દર્શને ગયો. સાથે ગંધમાલ્ય તેલ, શર્કરા અને બીજી સામગ્રી ભરપૂર હતી.

સામગ્રી તો હોય જને ! એક તો દાન દક્ષિણા ને અતિથિ-સત્કારની વાત આવે, ત્યારે માંડવ્યના ઘરની બરાબરી કરવી એ ગામના સારામાં સારા કુટુમ્બો માટે પણ હજી એક વણ-પૂરાયેલી મહત્વાકાંક્ષા જ રહી હતી. અને તેમાં ભદંત દ્વીપાયન તો માંડવ્યના બાળસ્નેહી. વરસોના વરસોનો જુનો સંબંધ. કાંઇ પચાસેક તો થયા હશે. પચાસ વરસ ! પચાસ વરસ એટલે અરધું આયુષ્ય થયું. આટલો વખત સ્નેહસંબંધ ટકી રહે એ કેવો વિરલ દૈવયોગ !

એ દૈવયોગ એમાં તો ના નહીં. નહીં તો દ્વીપાયન પ્રવજ્યા લીધા પછી માંડવ્યને ત્યાં કયાંથી આવે, તેમના પૂર્વાશ્રમની મૈત્રી પાછી જીવતી કયાંથી થાય, અને પર્ણકુટી બાંધી આપી માંડવ્યની બાજુમાં જ તેને વસાવવાની ને ભિક્ષા વગેરેની ગોઠવણ કરવાની વાત પણ કયાંથી બને ?

માંડવ્ય, ગોપાને યજ્ઞદત્ત પર્ણકુટી પાસે આવી પહોંચ્યાં. સ્થળ ખરેખર રમણીય હતું. કુમાર યજ્ઞદત્તને તો એ ખૂબ જ ગમતું. આંગણાના પ્રવેશદ્વારથી શરૂ થઇને એક વીઘો ઉંચા, ઘેરદાર આશોપાલવની છત્રછાયા નીચે પર્ણકુટીના દ્વાર સુધી પહોંચતી. તેની અધવચ્ચથી એક એવી જ બીજી વીથા હરિયાળી વચ્ચે થઇ, આગળ જતાં બે ચાર નાની નાની કેડીઓમાં ફંટાઇ જતી, અને તેમાંથી બે થોડે દૂર રહેલા નાનકડા જળાશય સુધી જતી, જ્યારે બીજી વેલા ઝાંખરા, ઝાડઝાડને ટીબા ટેકરાને ભેટતી વાડને આંબવા જતી, પર્ણકુટી ને જળાશય વચ્ચેની જગ્યામાં કૂલછોડ, વેલાને વૃક્ષો કશી યોજના વિના અસ્તવ્યસ્ત ઉગી નિકળેલાં હતાં. વચમાં વચમાં લીલેતરીને લત્તાપત્તાથી છવાયલા ટીબા અને રાફડા નૈસર્ગિક સૌન્દર્યના સંસ્કારને દૃઢ બનાવતા હતા.

અહીં આવતો ત્યારે યજ્ઞદત્તને રમ્યા જ કરવાનું મન થતું. કોઇ ગોઠીયાની પણ તેને જરૂર પડતી નહીં. આ વખતે પણ દડો સાથે લેતો આવ્યો હતો. વૃક્ષરાજી, જળાશય અને હરિયાળી દૃષ્ટિપથમાં આવતાં જ તેના પગ થનગની રહ્યા. માંડવ્યે પણ કુમારને છુટો મૂકી દીધો અને ગોપા સાથે પોતે પર્ણકુટીમાં પ્રવેશ કર્યો. બન્નેએ ભદન્ત દ્વીપાયનને વંદન કર્યાં. પાદ્ય, અર્ઘ્ય, પેય આદિથી તેમના પૂજન સન્માન કરીને બેઠાં. કુશલ પ્રશ્ન પુછાયાં. કયાં કયાં ભદંત વિહાર કરી આવ્યા ? કુતૂહલ પ્રેરે એવું કશું જોયું ? લોકોનાં સુખદુઃખની કોઇ બોધક, પ્રેરક નવી વાતો લાવ્યા ? દ્વીપાયને વિહારના જે અનુભવો કહ્યા તેમાં શ્રમણ અણિમાંડવ્યની વાત રૂંવાડાં ઉભા કરી દે તેવી હતી. નિર્દોષ અણિમાંડવ્યને માથે ચોરીનો આરોપ આવ્યો, કાશીરાજે તપાસ કર્યા વિના જ શૂળીનો દંડ દીધો એ વાતનામાંથી અકસ્માત દ્વીપાયને એમને છોડાવ્યા, એમની સારવાર કરી, વ્રણ રૂઝવા આવ્યો એટલે દ્વીપાયન પાછા આવ્યા, વગેરે વૃત્તાંત સાંભળવામાં માંડવ્ય અને ગોપા એટલા એકાગ્ર થઇ ગયા કે વાતમાં અને વાતમાં કેટલી ઘટિકાઓ વીતી ગઈ તેનું એમને ભાન ન રહ્યું.

અણિમાંડવ્યની વાત પૂરી થઈ. ઘણો સમય વહી ગયાનું ભાન થતાં માંડવ્ય અને ગોપા ઝટપટ ઉભાં થયાં. દ્વીપાયનને અભિવાદન કરી પર્ણકુટીમાંથી બહાર આવ્યા ને યજ્ઞદત્તને સાદ કર્યો. દ્વીપાયનની વાતમાં એટલાં એકરસ થઇ ગયેલાં કે આટલા વખતમાં યજ્ઞદત્ત એકાદ વાર પણ તેમની પાસે કેમ ન ડોકાયો એનો એમને અત્યાર સુધી વિચાર સરખો પણ ન આવ્યો !

બે ચાર ક્ષણ મારી છતાં યજ્ઞદત્તનો હોંકારો ન સંભળાયો. માંડવ્ય ફરતી દૃષ્ટિ નાંખતો સહેજ ત્વરિત પગલે જળાશયની દિશા તરફ તપાસ કરવા ગયો. કુમાર કયાંયે નજરે ન ચડયો.

વત્સ યજ્ઞદત્ત ! જળાશય પાસેથી સાદ પાડયો. કશો ઉત્તર ન મળ્યો. આસપાસ લાંબી નજર નાંખતો માંડવ્ય વાડ તરફ જતી એક કેડીએ આગળ વધ્યો ને વાડની પાસે બાવો-ખીચ વેલાઝાંખરાંના ઝુંડ પથરાયલા હતાં, ત્યાં માટીના બે ત્રણ ટીબા પાસે યજ્ઞદત્તને જોયો—નાનકડો દેહ ચત્તાપાટ ભોંય પર ઢળી પડયો હતો ! વિહ્વળતામાં માંડવ્ય નીચો નમી જુએ તો શરીર જાણે લીલું કાચ થઇ ગયું હતું. તપાસતાં તેના જમણા હાથની આંગળીએ સર્પદંશના ચિન્હો દેખાયાં.

માંડવ્યે અડખે પડખે નજર ફેરવી. બધું સ્પષ્ટ થઇ ગયું. રમતાં રમતાં કુમારનો દડો આ રાફડામાં પેસી ગયો અને બિચારો અણસમજુ કિશોર અંદર હાથ નાંખી તે કાઢવા ગયો ત્યાં કાળા નાગે ડંખ દીધો.

વિષ રગેરગમાં પ્રસરી ગયું હતું, કોણ જાણે કયારનો અહીં પડયે હશે ?

માંડવ્યને ચક્કર આવ્યાં તે નીચે બેસી પડયો. તેનો યજ્ઞદત્ત ગયો ? અરે પણ આમ બેસી પડયે શું ?

તેણે યજ્ઞદત્તને ઉંચકી ખભે નાંખી ઝડપથી પર્ણકુટી તરફ દોટ દીધી. ગોપાએ યજ્ઞદત્તને ઉંચકી માંડવ્યને ધસમસતો આવતો જોયો ને તેના પેટમાં ફાળ પડી. 'શું થયું ? શું થયું ?' એક શ્વાસે ગોપાના મુખમાંથી ઉદ્‌ગાર નીસરી પડયા. કુમારના મૂર્છિત દેહનો લીલો વાન જોઇ તેનાં નેત્રો આડે આંખ વળી ગઇ.

પર્ણકુટીમાં આવી માંડવ્યે ભદંત દ્વિપાયનના ચરણ પાસે કુમારનો દેહ મૂક્યો ને સાથે પોતાનું શરીર પણ ઢાળી દઈ આર્દ્ર સ્વરે વીનવણી કરી. 'દેવ, વત્સ યજ્ઞદત્તને ઝેરી નાગ ડસ્યો લાગે છે. આપની ઔષધવાર્તાનું અમે શ્રવણ કરતાં હતાં, ત્યાં ખેલતાં કુદતાં અમારા આ પુલ જેવા બાળક પર વિધિની ક્રૂર દૃષ્ટિ પડી. આપ કોઇ ઔષધ કરો ! અરે મંત્રપ્રયોગની કૃપા કરો તો તો હમણાં ઉઠીને બેઠો થશે. અમારૂં એટલું વળી સદ્‌ભાગ્ય કે આપના જેવા અગાધ જ્ઞાનના ભંડાર અહીં ઉપસ્થિત છે.''

દ્વીપાયન બોલ્યા, ''ભદ્ર બહુ અશુભ થયું. કુમારને પ્રાણસંકટ આવી પડયું. પણ આમાં મારે તમને નિરાશ કરવા પડે છે એ પણ કલેશકર છે. કેમકે મને વૈદ્યકનું કશું જ્ઞાન નથી. તેમ નથી હું મંત્રતંત્ર જાણતો. કહો, કુમારનું વિષ હું કઈ રીતે ઉતારૂં ?''

''ભદંત આપ તો સાધુપુરૂષ છો, ભગવાન તથાગતના માર્ગે વિચારનારા પવિત્ર પરિવ્રાજક છો.''માંડવ્ય-કુળતો માંડવ્ય-તરણોપાય બોળવા તરફડિયાં મારતો હતો. ''આપના જેવાનું મારે શરણ હોય ને મારે હતાશ થવું પડે એ બને જ કેમ ? આ કુમાર પર કરૂણા કરો. કાંઇક ઉપાય જરૂર આપ પાસે હશે. છેવટે બીજું કાંઈ નહીં તો એક વિનંતિ કરૂં. સતનું બળ સીમા વગરનું છે. તો આપ જેવા સાધુપુરૂષ સત્યક્રિયા કરે તો મારો કુમાર જરૂર જીવી જાય !''

''સારૂં,'' દ્વીપાયને કહ્યું ''તું આટલો આગ્રહ રાખે છે તો હું કુમાર પર સત્યક્રિયા કરી જોઉં. પછી તો જેવાં એના સંચિત.''

માંડવ્યને ગોપાના હૃદયમાં આશાનો સંચાર થયો. ક્ષુબ્ધ ચિત્તે હાથ જોડી તેઓ બેઠાં. આગળ યજ્ઞદત્તનો નિશ્ચેતન દેહ પડયો હતો. દ્વીપાયન પણ બેઠા. યજ્ઞદત્તના મસ્તક પર હાથ મૂકી, ધ્યાનમુદ્રા ધરી, શાન્ત સ્વસ્થ સ્વરે તે બોલ્યા.

''મારે પ્રવ્રજ્યા લીધાને કોઇ પાંચ છ દસકા વીતી ગયા છે. પણ પરિવ્રાજક તરીકેના મારા એ દીર્ઘ જીવનમાં મેં માત્ર પહેલા સાત દિવસ જ સ્વેચ્છાએ બ્રહ્મચર્યનું પાલન કર્યું છે પછીના પચાસથી પણ વધારે વરસથી હું એ અનિચ્છાથી પાળું છું.

આ સત્યપ્રકાશિત થતાં સ્વસ્થ બનો કુમાર,
વિષ નષ્ટ થાઓ,
જીવો જીવો યજ્ઞદત્ત !''

દ્વીપાયનની આ સત્ય શ્રવણથી યજ્ઞદત્તની છાતીની ઉપરના ભાગનું વિષ ઝરીને ભોંયમાં ઉતરી ગયું, કુમારે આંખો ખોલી. માતાપિતાની સામે જોતાં, 'અમ્મા' બોલી પડયું ફરીને તે પાછો શાન્ત થઇ ગયો. દ્વીપાયને માંડવ્યને કહ્યું ''ભદ્ર, મેં તો મારૂં બળ અજમાવ્યું. તું પણ પ્રયાસ તો કરી જો.''

'સારૂં ભદંત !'' માંડવ્યે રડતે રાગે કહ્યું. ''આપ કહો છો તો હું પણ સત્યક્રિયા કરી જોઉં !''

ને માંડવ્ય કુમારના વક્ષઃસ્થળ ઉપર હાથ મૂકી બોલ્યો– એના સ્વરમાં તરવરાટ હતો.

''વરસોથી હું બ્રાહ્મણોને શ્રમણોનો સેવા શુશ્રૂષાથી ને દાન ધર્મથી સત્કાર કરતો રહ્યો છું, પણ દાન દેવું મને કદી પ્રિય નથી લાગ્યું, તેમ અતિથિની આગતા સ્વાગતા કરતાં મને કશો આનંદ નથી થયો, જો કે અભ્યાગતોને મેં કદી જણાવા નથી દીધું કે હું બધું અનિચ્છાએ કરી રહ્યો છું.

આ સત્યશ્રવણથી સ્વસ્થ બનો કુમાર,
વિષ નષ્ટ થાઓ,
જીવો જીવો યજ્ઞદત્ત ?''

માંડવ્ય સત્યક્રિયા કરી રહ્યો એટલે કુમારના કટિ પ્રદેશના ઉપરના ભાગનું બધું વિષ ઝરીને ધરતીમાં ઉતરી ગયું. યજ્ઞદત્ત બેઠો થયો. પણ તેના પગ બોટા હતાં. તે ઉભો થઈ શકે તેમ નહોતું.

હવે માંડવ્યો ગોપાને કહ્યું, ''ભદ્રે ! મેં યે મારૂં બળ અજમાવી જોયું. હવે રહ્યો તારો વારો. સત્યક્રિયા કરી પુત્રને ઉઠાડવો, હાલતો ચાલતો કરવો તારા હાથમાં છે.''

''મારા હાથમાં ?'' સંકોચાતી–સંકોડાતી ગોપાના મુખમાંથી વેણ નીકળ્યાં. ''તમે બન્નેએ તમારી ગુહ્યતમ વાત પ્રગટ કરી. એ સત્યનો પૂરતો પ્રભાવ ના પડયો, ત્યાં મારા જેવીનું શું ગજું ?'' ઘડીક રહીને કંપિત સ્વરે તેણે ઉમેર્યું, ''જો કે મારે પણ એક સત્ય પ્રગટ કરવાનું છે ખરૂં. પણ—તમારાં દેખતાં હું નહીં કહું.''

''અરે, આપણા કુમારને પ્રાણસંકટ છે ને તો યે તને ખંચાવાનું સુઝે છે, ભદ્રે ?'' માંડવ્યે સમજાવટથી કહ્યું. ''તારે કહેવાનું હોય તે કોઇનો કશોયે ભય રાખ્યા વિના કહી દે, ને કુમારને સાવ સાજો કર.'

'સારૂં તમે કહો છો તો !'

ગોપાએ યજ્ઞદત્તના પગ પર હાથ મૂકયો. ઘડીક તો તે ન બોલી શકી. પછી ધીમે ધીમે ધ્રુજારીભર્યા સ્વરમાં પ્રયત્નપૂર્વક મુખમાંથી શબ્દો નીકળ્યાઃ

''હે તાત, દરમાંથી નીકળીને તને ડસેલો કાળો નાગ મને જેટલો અપ્રિય છે તેટલા જ મને તારા પિતા અપ્રિય છે–જો કે આની મેં કદી તેમને જાણ થવા દીધી નથી.

આ ગુહ્ય સત્યના પ્રકાશથી સ્વસ્થ બનો કુમાર,
વિષ નષ્ટ થાઓ
જીવો જીવો યજ્ઞદત્ત !''

ગોપાની સત્યશ્રવણ પૂરી થઇને સાથે જ કુમારનું બધું વિષ ઝરી જઇ પૃથ્વીમાં સમાઇ ગયું. યજ્ઞદત્ત નિર્વિષ થઇ ઉઠીને રમવા લાગ્યો.

કુમારનું પ્રાણસંકટ દૂર થતાં તેના માતપિતાના જીવમાં જીવ આવ્યો. સૌએ હવે નિરાંતનો શ્વાસ લીધો.

તેમના અંતરનું ગુહ્યમાં ગુહ્ય છતું થયું, તેથી ત્રણેય સહેજ સંકોચ સાથે હળવાશ પણ અનુભવતાં હતાં, જો કે ગોપાની નજર ભોંય પર જ ખોડાયેલી રહી હતી.

પણ મુખ્ય પડદો હટી જતાં મોટી આડશ તો દૂર થયેલી. એટલે દ્વીપાયનની પ્રેરણા મળતાં સૌએ પોતાનું હૃદ્‌ગત પુરેપુરૂં ખુલ્લું કર્યું.

બ્રહ્મચર્યની જુગુપ્સા છતાં લોકાપવાદથી કરીને પોતે શ્રમણજીવનને વળગી રહ્યાનું, ને એમ લોકોમાં પુણ્યશાળી સાધુપુરૂષ ગણાતાં રહ્યા હોવાનું દ્વીપાયને જણાવ્યું.

ત્રણ પેઢીની ઉદાર દાન દક્ષિણાની કુળપરંપરાને પોતે ન અનુસરે તો લોકો કુળબોળુ કહે એ ભયે, અનિચ્છાએ દાનધર્મ આચરતા રહ્યાનું જણાવી માંડવ્યે પોતાની વાત સ્પષ્ટ કરી.

પરિણીત પતિને છોડીને બીજાનો સ્વીકાર કરવાનું પોતાના કુળમાં કદી ન બન્યું હોવાથી પોતે મર્યાદા તોડે તો સા કુલકલંકિની કહે–એમ લોકલાજથી બીને પ્રેમ ન હતો તોયે માંડવ્યની પરિચર્યા કરવા પોતે જીવનભર સાથે રહી હોવાનું કહી ગોપા પતિના ચરણમાં પડી ને કાંઇ નહીં તો તેમના પુત્રને ખાતર ક્ષમા આપવા તેને વિનવ્યો.

આમ ત્રણેયે હવેથી દંભનો ત્યાગ કરી, સાચું ને પવિત્ર જીવન ગાળવાનું સ્વીકાર્યું. નવજીવન પામેલા માંડવ્ય, ગોપાને યજ્ઞદત્ત નવજીવન પામેલા દ્વીપાયનને વંદન કરી ઘર તરફ પાછાં ફર્યાં.

'નચિકેતા'માંથી
સાભાર ઉધ્ધૃત

પ્રાધ્યાપક : **હરીવલ્લભ ભાયાણી**

પ્ર....કી....ર્ણ નોં....ધ

ઋતુઓમાં પણ શરદની વિશેષતા શા માટે ?

આજે આપણી આસપાસ શરદ ઋતુનું ઉત્સવમય વાતાવરણ જામેલું છે. શેરીએ શેરીએ માતાની ગરબી મંડાણી છે અને જાહેર સંસ્થાઓ શરદુત્સવો ઉજવી રહી છે. આવા સમયે આપણે નાનું સરખું ઋતુપર્યટણ કરીએ અને આ છ ઋતુઓમાં ઉત્સવ તો માત્ર વસન્ત અને શરદ્ઋતુના જ ઉજવાય છે એ રીતે વસન્ત અને શરદને લોકમાનસે આવું વિશિષ્ટ સ્થાન શા માટે આપ્યું છે તેનું થોડું સરખું પૃથક્કરણ કરીએ.

હેમન્તથી ટાઢની શરૂઆત થાય છે; શિશિરમાં કડકડતી ઠંડી પડે છે અને માનવીની હીલચાલ ઉપર સ્વાભાવિક રીતે અંકુશ મુકાઈ જાય છે. રાત્રે સૌ વહેલા ઘર ભેગા થઇ જાય છે અને સવાર સાંજ પણ ઠંડીની વ્યાકુલતા આડે માણસ મુક્ત મને વિચરી શકતો નથી. વસન્ત આવવા સાથે ઠંડી ઓસરે છે; દિવસના ભાગમાં ઉષ્મા વધે છે; રાત્રી ધીમે ધીમે સમશીતોષ્ણ બનવા લાગે છે. માનવીસમાજનું દિલ ઘણું બને છે અને વસન્તના આગમનનું અનેરા ઉલ્લાસ વડે અભિનન્દન કરે છે. પરિણામે ઉત્સવાભિમુખતા તનામા સહજપણે જાગૃત થાય છે.

આવી જ રીતે વળી પાછી ગ્રીષ્મ આવતાં દિવસો ગરમ થતા ચાલે છે; પૃથ્વી સૂર્ય સમીપ આવે છે; સવાર પડી ન પડી અને ઉકળાટ શરૂ થાય છે; દીવસ આખો ધોમ તડકો પડે છે; સાંજે પણ કાંઇ રાહત લાગતી નથી. રાત્રીના પણ કદિ કદિ હવા બંધાઇ જાય છે અને દિવસની અકળામણ ચાલુ રહે છે. ગ્રીષ્મ પાછળ વર્ષા આવે છે; ગરમી ઘટે છે; પણ વરસાદ આડે માણસના ફરવા હરવા ઉપર મોટો કાપ મુકાય છે. રાત્રે પણ આકાશ વાદળાંથી રહે છે અને અજવાળી કે અંધારી રાતમાં કોઇ ફરક લાગતો નથી. પાણીથી છલકતાં નદીનાળાં અને કીચડથી ભરેલા રસ્તાઓ-આ કારણે માણસની અવરજવર ઘટી જાય છે અને જીવન બંધિયાર જેવું બની જાય છે. ત્યાર બાદ શરદ ઋતુના આગમન સાથે આકાશ નિરભ્ર બને છે; નદીનાળાના પ્રવાહો ક્ષીણ બને છે; રાજમાર્ગો સાફ અને સુગમ બને છે; વાદળાગ્રસ્ત ચંદ્રમા મુક્તિ અનુભવે છે અને પૃથ્વીને શીતળ ધવળ કિરણો વડે પરિપ્લાવિત કરે છે. માનવી પુનઃ મુક્તમને વિચરવા માંડે છે અને તેનું દિલ ઉત્સવપ્રિયતાની લાગણીથી પુનઃ પુલકિત બને છે. આમ ઋતુચક્રમાં બધે ઋતુના ગાળે એક એક ઋતુનું અવનવાં ઉત્સવો વડે અભિનંદન કરવામાં આવે છે અને માનવી મનમાં આનંદ ઉલ્લાસની ભરતી અનુભવે છે.

આજે આપણી વચ્ચે શરદઋતુ વિલસી રહી છે. નવરાત્રના ઉત્સવો ચોતરફ ઉજવાઇ રહ્યા છે. જાણે કે લાંબા ગાળે જોવા પામતા ન હોઇએ એમ પૂર્ણિમાના વિમળ, સુસ્પષ્ટ વિશાળ ચંદ્રબિંબને આપણે કોઈ જુદા જ કુતુહલથી ધારી ધારીને નિહાળીએ છીએ અને તેમાંથી ઝરતા સુધારસનું ધરાઈ-ધરાઇને પાન કરીએ છીએ. આ આનંદભરીતમાં આપણે એવી ચેતના પ્રાપ્ત કરીએ કે જે આગામી નૂતન વર્ષ દરમિયાન આપણને ઉન્નત જીવનના રાહ ઉપર ટકાવી રાખે અને કોઈ પણ આફત, અગવડ, આપત્તિ સામે હસતા મોઢે ટટ્ટાર ઉભા રહેવાનું આપણને બળ આપે. શરદ ઋતુનું આગમન આ રીતે સાર્થક બનો, મંગળકારી બનો એ જ શુભેચ્છા, એ જ પ્રાર્થના !

'પુનર્જન્મ' ના રહસ્યસૂચક એકરારો

આ અંકની શરૂઆતમાં આપેલ જાતક કથા સૂચક અને રહસ્યપૂર્ણ છે. શ્રમણદીપાયનનો એકરાર બ્રહ્મચર્યવ્રતનું મન, વાણી અને વચનપૂર્વકનું સંપૂર્ણ પાલન એક માનવી માટે કેટલું મુશ્કેલ-લગભગ અશક્ય જેવું છે-એ માનસશાસ્ત્રના ગૂઢ રહસ્યને પ્રગટ કરે છે. વેશપલટા સાથે જાણે કે બ્રહ્મચર્ય સ્વયંસિદ્ધ થઈ ગયું એવી ભ્રમણા ઉપર રચાયલી અને આજે ચાલી રહેલી જૈન દીક્ષાની પ્રથા કેવા અજ્ઞાન અને ગતાનુગતિકતાથી દૂષિત છે અને જે આવ્યું તેની યોગ્યતાનો કશો પણ વિચાર કર્યા સિવાય, તેને કશી પણ તાલીમ આપ્યા સિવાય કે કસોટીમાંથી પસાર કર્યા સિવાય અપાઇ રહેલી દીક્ષા અને તેમાંથી પરિણમતું દેખાવતું સાધુજીવન કેટલું પોલું હોવું જોઇએ તેની શ્રમણદીપાયનના અદ્ભૂત એકરાર ઉપરથી આપણને વાસ્તવિક કલ્પના આવે છે. આજના સાધુઓ આ રીતે જો એકરાર કરે તો બાહ્ય જીવન અને અન્તર જીવન વચ્ચે કેવું ભયાનક અન્તર રહેલું છે તેનો આપણને ખ્યાલ આવે અને ઉજળું એટલું દૂધ નથી એ રીતે આપણી આંખ ઉઘડે.

એવો જ બીજો મહત્વનો એકરાર માંડવ્યનો છે. આજે થઇ રહેલા અને ગવાઇ રહેલાં અનેક દાનો કીર્તિદાનો હોય છે અને ભાગ્યે જ કોઇ સોએ સો ટકા શુધ્ધ વૃત્તિથી પ્રેરાયલું પવિત્ર દાન હોય છે એ વસ્તુસ્થિતિ માંડવ્યનો એકરાર આપણી સામે રજુ કરે છે

ગોપાનો એકરાર માનવી જીવનની બીજી એક બાજુ ઉપર વેધક પ્રકાશ પાડે છે. પ્રેમપૂર્ણ લેખાતા દંપતી જીવનમાં ભાગ્યે જ કોઈ પરસ્પર શુદ્ધ પ્રેમથી પ્રભાવિત હોય છે. મોટા ભાગનું જીવન કેવળ ઔપચારિક અને જોડાયા છીએ તો જેમ તેમ કરીને જીવનભર ગોઠવાયલાં રહેવું એ વૃત્તિ ઉપર રચાયલું હોય છે. આવો અનુભવ થતાં માનવીના દિલમાં વૈરાગ્યની ભાવના પ્રગટે છે અને ઐહિક જીવનના સુખ-દુઃખ, પ્રેમ-અપ્રેમ વિષે ઉદાસીન બનીને પારમાર્થિક જીવન-પરમ સત્યની ખોજ-તરફ તે વળે છે.

ડા. પંજાબરાવ દેશમુખનો ઉન્મત્ત અપલાપ

ખેતીવાડી ખાતાના પ્રધાન ડો. પંજાબરાવ દેશમુખ સપ્ટેમ્બર માસની આખરમાં રાજકોટ (સૌરાષ્ટ્ર) ગયેલા તે દરમિયાન એક પત્રકાર પરિષદમાં તા. ૩૦-૯-૫૩ ના રોજ તેમણે જાહેર કરેલું કે "આર્થિક કટોકટી ટાળવા માટે મદ્યનિષેધને રૂખસદ આપવી જોઇએ. હજુ બીજા દશ વર્ષ લોકોને દારૂ પીવાનું હું કહું છું. મને રાજ્યની આવક વધારવાની ચિન્તા છે. એ આવક કયાંથી આવે છે તેની મને કોઇ પરવા નથી."

દેશ સમક્ષ છેલ્લા વીશ વર્ષથી મૂકાતા આવેલા રચનાત્મક કાર્યક્રમમાં ગાંધીજી મદ્યનિષેધને હંમેશાં અગ્રસ્થાન આપતા આવ્યા હતા. આપણને આઝાદી મળી અને રાષ્ટ્રનું નવું બંધારણ રચાયું તેમાં પણ રાજ્યની નીતિ રાષ્ટ્રમાંથી મદ્યની બદીને સમયાન્તરે તદ્દન નાબુદ કરવાની રહેશે એમ સ્પષ્ટપણે વિધાન કરવામાં આવ્યું છે. આ નીતિને અનુસરીને મુંબઇ, મદ્રાસ, અને સૌરાષ્ટ્ર સરકારે પોતપોતાના પ્રદેશમાં સંપૂર્ણ દારૂબંધીને કાયદાથી અમલી બનાવી છે. ડો. પંજાબરાવ દેશમુખ મધ્યસ્થ સરકારમાં ખેતીવાડી ખાતાના પ્રધાન છે. તેમને મદ્યનિષેધ સાથે કોઇ સીધો કે આડકતરો સંબંધ નથી. પોતાના ખાતાને લગતા કામ માટે તેઓ સૌરાષ્ટ્ર સરકારના મહેમાન બને છે. એ સરકારની રાજધાનીમાં આ મહાશય દારૂબંધી સામે જેહાદ પોકારે છે. લોકોને કહે છે કે પીઓ, ખુબ દારૂ પીઓ અને સરકારની તીજોરી તર કરો. વળી તેઓ એમ જણાવે છે કે મને તો (એટલે કે મોરારી સરકારને) યેન કેન પ્રકારેણ પૈસા જોઇએ છીએ. પૈસા કયાંથી આવે છે, કેમ આવે છે તેની સાથે મને કોઇ નીસબત નથી. મદ્યનિષેધની નીતિ

સંબંધે, તેને અમલી બનાવવાની પદ્ધતિ સંબંધે તેઓ અંગત રીતે ગમે તે વિચારો ધરાવી શકે છે. પણ જ્યાં સુધી તેઓ ભારત સરકારના એક પ્રધાનનો હોદ્દો ધરાવે છે ત્યાં સુધી મદ્યનિષેધની વિરુદ્ધ એક પણ શબ્દ બોલવાનો તેમને અધિકાર નથી. સામાન્ય સભ્યતાની દૃષ્ટિએ પણ સંપૂર્ણ મદ્યનિષેધની નીતિને વરેલી સૌરાષ્ટ્ર સરકારના મહેમાન હોઈને આ બાબત વિષે તેમણે મૌન સેવવું જોઈતું હતું. પણ આ સભ્યતા જાળવવાની પણ તેમણે પરવા કરી નથી. અનેક પ્રદેશોમાં અનેક પ્રધાનો રાજ્યનો વહીવટ ચલાવે છે, પણ મદ્યનિષેધ સંબંધમાં આવી બેફામ રીતે બોલતા કોઇ પ્રધાનને સાંભળ્યા કે જાણ્યા નથી. આશ્ચર્યજનક તો એ છે કે ડો. પંજાબરાવ દેશમુખના આ ઉદ્દંડ ઉદ્‌ગારો સંબંધે નથી સૌરાષ્ટ્ર સરકારે પોતાનો વિરોધ નોંધાવ્યો કે નથી મહાઅમાત્યે તેમનો કાન ખેંચ્યો. ઉપરના ઉદ્‌ગારોમાં સભ્યતાનો અભાવ છે, ઔચિત્યનું દેવાળું છે, બંધારણનું છડેચોક અપમાન છે. આવા નાલાયક માણસને એક પણ દિવસ કેન્દ્રસ્થ પ્રધાનના જવાબદારી ભરેલા હોદ્દા ઉપર ચાલુ રાખવો ન જોઈએ. પ્રજાએ આવા માણસની સત્વર બરતરફી માટે ચારે દિશાઓથી પોકાર ઉઠાવવો જોઈએ. તેઓ જ્યારે એમ કહે છે કે યેન કેન પ્રકારે મારે તો પૈસા જોઈએ ત્યારે તેઓ ભારત સરકારની ભયંકર નાલેશી કરે છે. ભારત સરકારની આવી નીતિ કદિ કોઇએ જાણી નથી. કોઈ પણ સભ્યતાને વરેલી સરકારની આવી નીતિ હોઈ શકે નહિ. આવી ધૃષ્ટ અને સ્વચ્છંદી માનસ ધરાવતી વ્યકિત ભારતસરકારમાં હોય તે ભારતસરકાર માટે ભારે શરમભરેલું છે. આપણે આશા રાખીએ કે આ બાબતમાં બળવાન લોકમત જાગૃત થશે અને ડો. પંજાબરાવ દેશમુખને આવા ઉન્મત્ત અપલાપ કરવા બદલ યોગ્ય પ્રાયશ્ચિત્ત કરવાની ફરજ પાડશે.

સાહિત્યસંશોધક સ્વ. ડો. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ

જૈન સમાજના જાણીતા સાહિત્ય સંશોધક ડો. ત્રિભુવનદાસ લહેરચંદનું વડોદરા ખાતે ૭૫ વર્ષની ઉમ્મરે તા. ૨૬-૯-૫૩ શનીવારના રોજ અવસાન થયું. ધર્મસાહિત્ય વિષે અભિરુચિ ધરાવતી અને પ્રાચીન ઇતિહાસસંશોધન તરફ વળેલી એવી ગણીગાંઠી વ્યકિતઓ જે સમાજમાં છે તેવા જૈન સમાજ માટે ડો. ત્રિભુવનદાસનું અવસાન એક મોટી ખોટરૂપ ગણાય. હજુ થોડા સમય પહેલાં ડો. ત્રિભુવનદાસનો એક લેખ "સારિપુત્ર અને મોગ્ગલાન બૌધ્ધ હતા કે જૈન ?" તા. ૧૫-૭-૫૩ ના પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ થયો હતો. તે લેખમાં આ બન્ને મહાપુરૂષો બૌધ્ધ નહિ પણ જૈન સાધુ હતા અને પાર્શ્વનાથની ચતુર્યામી પરંપરાના અનુયાયી હતા એવું એક અચંબો પમાડે તેવું વિધાન તેને લગતા દાખલા દલીલ અને પુરાવા સાથે કરવામાં આવ્યું હતું અને આ સંબંધમાં તેમ જ પ્રિયદર્શીના શિલાલેખો બૌદ્ધસમ્રાટ અશોકના નહિ પણ તેના પૌત્ર જૈન સમ્રાટ સંપ્રતિના છે એવા જ તેમના એક અન્ય ચોંકાવનારા વિધાન વિષે તેમની સાથે મારે કેટલોક પત્રવ્યવહાર ચાલ્યો હતો અને આ કે તે બધું જૈનનું છે એમ પુરવાર કરવાનો તેમનો હંમેશા આગ્રહ હોય છે એવી મારા મન ઉપર પડેલી છાપ નાબુદ કરવા તેઓ પ્રયત્ન કરી રહ્યા હતા. થોડા સમયમાં તેઓ મુંબઇ આવે ત્યારે મારી સાથે વિશેષ ચર્ચા કરીને તેમના આ વિધાનો વિષે મને પ્રતીતિ કરાવવાની તેમણે આશા આપી હતી. આમ તેમને આજકાલમાં મળવાની હું કલ્પના સેવતો હતો એવામાં તેમના આ અવસાનસમાચાર મળ્યા અને મેં દુઃખદ આઘાત અનુભવ્યો. એ પ્રસન્ન સ્વસ્થ સુચરિત સજ્જનનાં હવે દર્શન નહિ થાય એવી ઊંડી નિરાશા અનુભવી.

તેઓ ધંધાથી ડાકટર હતા પણ ડાકટરી તેમણે ઘણાં વર્ષોથી છોડી દીધી હતી અને તેમનો સર્વ સમય જૈન સાહિત્ય, ઇતિહાસ, અને સંસ્કૃતિની ઉપાસનામાં જ તેઓ પસાર કરતા હતા. 'પ્રાચીન ભારત વર્ષ' એ નામનાં પાંચ-છ ગ્રંથો તેમણે પ્રગટ કર્યાં હતા. તેઓ જૈન સર્વસંગ્રહ (જૈન એન્સાઇકલોપીડીઆ) તયાર કરવાનો કેટલાક સમયથી તીવ્ર મનોરથ સેવી રહ્યા હતા. અને એ માટે તેમણે પુષ્કળ સામગ્રી એકઠી કરી હતી. એ મનોરથ તેમનો મનનો મનમાં રહી ગયો અને પરલોક તરફ તેમણે એકાએક પ્રયાણ કર્યું.

જેવું તેમનું સંતોષી અને ધર્મપરાયણ જીવન હતું તેવું જ તેમનું મૃત્યુ નીપજ્યું. મળેલા સમાચાર મુજબ અલ્પ સમયમાં પોતાનું મૃત્યુ થવાનું છે એવી ચિત્તમાં આગાહી થતાં તેમણે સર્વ સ્નેહી સંબંધીઓને એકઠા કર્યા, સૌ સાથે થોડો સમય ધાર્મિક વાર્તાલાપ કર્યા. ત્યાર બાદ કપડાં બદલાવ્યાં, અને સ્વચ્છ વસ્ત્રો પરિધાન કર્યાં અને સંથારો કરીને ધર્મધ્યાનમાં તેઓ આરૂઢ થયા અને અર્ધાએક કલાકમાં વિનશ્વર દેહનો ત્યાગ કરીને અગોચર દુનિયામાં તેમણે પ્રવેશ કર્યો. સાહિત્યપરાયણ જીવનને સમાધિપરાયણ મૃત્યુ વડે તેમણે સવિશેષ કૃતકૃત્ય બનાવ્યું. આપણે આશા રાખીએ કે તેમનો સાહિત્યશોખ, સંશોધનતમન્ના, આજના વિદ્વદ્‌ જગતને સહજ સ્વીકાર્ય ન બને એવાં વિધાનો રજુ કરવાની હીંમત-આ પરંપરા ભાવી પેઢીમાં સદા જીવતી-સંવર્ધિત થતી રહે અને નવી શોધો, અને સંશોધનો વડે આપણું સંચિત જ્ઞાન સદા સંમાર્જિત થતું રહે!

શ્રી મહાવીર જૈન વિદ્યાલયને થયેલો વિપુલ અર્થલાભ અને આભનન્દન સમારંભ

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં જણાવ્યું હતું તેમ શ્રી કપુરચંદ, ઝવેરચંદ તથા કેવળચંદ-એ બંધુત્રિપુટીએ મળીને શ્રી મહાવીર જૈન વિદ્યાલયને રૂ. ૨૫૦૦૦૦ નું દાન કર્યું અને તે સખાવતથી ઉત્તેજિત થઇને સંસ્થાની વ્યવસ્થાપક સમિતિના નવા મંત્રી શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ, શ્રી પ્રવીણચંદ્ર હેમચંદ્ર અમરચંદ, શા કકલભાઇ ભુદરદાસ તથા શ્રી પ્રફુલચંદ શામજી શાહ, શ્રી ભોગીલાલ લહેરચંદ ઝવેરી વગેરે સભ્યોએ અત્યન્ત પરિશ્રમ લઇને આજ સુધીમાં રૂ. ૨૨૭૭૭૨ એકઠા કર્યા. જ્યારે ચોતરફ મંદીનું વાતાવરણ જામેલું છે અને લોકોના વ્યાપારધંધા ભાંગતા જાય છે ત્યારે આ સંસ્થાને જંતજંતામાં લગભગ પાંચ લાખ રૂપીયા મળી જાય એ આ સંસ્થાનું પરમ સાભાગ્ય લેખાય. આ માટે સંસ્થાના પ્રમુખ કાર્યકર્તાઓને અનેક ધન્યવાદ ઘટે છે.

ઉપર મુજબ એકઠા થયેલા ફંડમાં બે વ્યકિતઓના દાનની ખાસ નોંધ લેવી ઘટે છે. એક શ્રી અમૃતલાલ જેઠાલાલ શાહ તથા બીજા શ્રી. દીપચંદ શિવલાલ ગાર્ડી. આ બન્ને મહાશયો આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. જે સંસ્થાના અવલંબન વડે તેઓ અભ્યાસ કરી આગળ આવ્યા અને આર્થિક ઉન્નતિ સાધી શકયા એ સંસ્થા પ્રત્યેનું ઋણ અદા કરવા માટે પોતાથી શકય તે કરવું જોઇએ એવી કૃતજ્ઞતાની વૃત્તિથી પ્રેરાઇને તે બન્નેએ દશ દશ હજારની રકમ સંસ્થાના ફંડમાં ભરી. માત્ર આ સંસ્થાના જ નહિ પણ અન્ય શિક્ષણસંસ્થાઓના તેમ જ છાત્રાલયોના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ દાખલાને અનુસરવા પ્રયત્ન કરે તો આજે જે આર્થિક ભીંસમાંથી અનેક સંસ્થાઓ પસાર થઇ રહી છે તે ભીંસ જરૂર ઘણા અંશે હળવી થાય.

ઉપર જણાવ્યા મુજબના અઢી લાખની રકમના બાદશાહી દાન માટે શ્રી કપુરચંદભાઇ તથા તેમના ભાઇઓનું અભિનંદન કરવા માટે મુંબઇ ખાતે તા. ૧૪-૧૦-૫૩ ના રોજ ભારતી વિદ્યાભવનમાં શ્રીમાન કસ્તુરભાઈ લાલભાઇના પ્રમુખપણા નીચે એક ભવ્ય મેળાવડો યોજવામાં આવ્યો હતો. એ મેળાવડામાં સંસ્થાના મંત્રી શ્રી ચંદુલાલ વર્ધમાને

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની આજ સુધીની ઉજ્જ્વળ કારકીર્દીનો ખ્યાલ આપતું એક નિવેદન રજુ કર્યું હતું અને પ્રસંગોચિત વિવેચનો થયાં હતાં. આ સર્વનો ઉપસંહાર કરતાં શ્રી કસ્તુરભાઇ લાલભાઇએ એક ટુંકું પ્રવચન કર્યું હતું. આ પ્રવચનમાં શ્રી કસ્તુરભાઇએ પ્રસ્તુત દાનના પ્રેરક આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિની સમયદર્શિતા વિષે ઉલ્લેખ કર્યો હતો અને આ સંસ્થાના ઘડતરમાં અજોડ ફાળો આપનાર સ્વ. શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિયાને હાર્દિક અંજલિ આપી હતી. વિશેષમાં તેમણે જણાવ્યું હતું કે આવી સંસ્થાઓ કોમના અનેક વિદ્યાર્થીઓને આર્થિક ટેકો આપીને સારી સ્થિતિએ પહોંચાડે છે અને વ્યવહારૂ જીવનમાં તરતા કરે છે એ જરૂર આવકારદાયક છે, પણ જો ધાર્મિક સંસ્કાર અને ભાવનામય જીવનની કસોટીએ આંકવામાં આવે તો પરિણામ નિરાશાજનક છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી અને તેનું કારણ આપણને ઉંચી પ્રતિના કાર્યકર્તાઓ મળતા નથી એ છે. પ્રસ્તુત સખાવતને ઉદ્દેશીને તેમણે જણાવ્યું કે જે ધનવાન ધન વિષે મોહમુર્છા ધરાવે છે તે કદિ દાન કરી શકતો નથી પણ પોતાને પ્રાપ્ત થયેલા ધનનો પોતે ટ્રસ્ટી છે એમ જે ખરા દિલથી માને છે તે બહુ સહેલાઇથી આવાં દાનો કરી શકે છે.

જે પ્રસંગ માટે તેમને ખાસ નિમંત્રવામાં આવ્યા હતા તે પ્રસંગ ધ્યાનમાં લેતાં તેમ જ સંસ્થાના મંત્રીઓએ તેમ જ મેળાવડામાં ઉપસ્થિત થયેલા અનેક જૈન આગેવાનોએ જે માર્ગદર્શનની તેમની પાસેથી આશા રાખી હતી તે ધોરણે માપતાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇનું વકતવ્ય ભારે નિરાશા ઉપજાવે તેવું હતું. જૈન સમાજ સામે જ માત્ર નહિ પણ વિશાળ જન સમાજ સામે આજે અનેક સમસ્યાઓ ઉકેલ માગી રહી છે. મધ્યમ વર્ગની ઘસાતી જતી પરિસ્થિતિ, કોમી સંસ્થાઓએ હવે કેમ કામ કરવું અને કેવી રીતે આગળ વધવું, શિક્ષિતોની બેકારી, જૈન સમાજની એકતા, ધાર્મિક શિક્ષણનું સ્વરૂપ–આવી અનેક બાબતો હતી કે જે ઉપર શેઠ કસ્તુરભાઇ પોતાના બહોળા અનુભવ અને વેધક દૃષ્ટિદ્વારા જરૂર નવો પ્રકાશ પાડી શકત. કાંઇ નહિ તો જે સંસ્થાના સમારંભ અંગે તેઓ આવ્યા હતા તે સંસ્થાએ હવે પોતાનો વિકાસ કેમ સાધવો અને તેમાં તેમના અનુભવ અને પ્રતિષ્ઠાનો કંઇ લાભ મળી શકે તેમ છે કે નહિ તે વિષે આપણને જરૂર ઉચિત દર્શન મળશે એવી સંસ્થાના કાર્યવાહકો જે આશા સેવતા હતા તેમાં પણ તેમને નિરાશા સાંપડી. કમનસીબે તેમણે ટુંકા અને ઉપલકિયા પ્રવચનથી પતાવી દેવું ઉચિત ધાર્યું અને તેઓ જે કાંઇ બોલ્યા તેમાં પણ નહોતી હાર્દિકતા, નહોતી આત્મીયતા, અને આવી એક આવકારદાયક ઘટના અંગે હોવો જોઇતો નહોતો આનંદોર્મિનો કોઇ ઉલ્લાસ.

શ્રી કપુરચંદભાઇએ પોતાને અપાયલાં અભિનન્દનો બદલ આભાર માનતાં સંસ્થા પ્રત્યે આત્મીય ભાવ પ્રગટ કર્યો, ભવિષ્યમાં પણ પોતે બને તેટલો સાથ આપતા રહેશે એમ જણાવ્યું અને કોઇ પણ અરજી કરનાર વિદ્યાર્થીને નિરાશ થવું ન પડે એ હેતુથી ૫૦૦ વિદ્યાર્થીઓ રહી શકે એવું સત્વર મકાન બાંધવાની પ્રેરણા આપતાં, જ્યારે પણ એવું મકાન બાંધવાનો વ્યવસ્થાપક સમિતિ વિચાર કરશે ત્યારે પોતા તરફથી બીજા રૂ. ૫૦૦૦૦ આપવામાં આવશે એમ તેમણે જાહેરાત કરી.

આભાર નિવેદન સાથે મેળાવડો વિસર્જિત કરવામાં આવ્યો હતો.

નવા પી. એચ. ડી. કુ. ઇન્દુકળાબહેનને ધન્યવાદ

છેલ્લાં ત્રણ વર્ષથી ગુજરાત વિદ્યાસભાના અધિષ્ઠાતા શ્રી રસિકલાલ છોટાલાલ પરીખના માર્ગદર્શન નીચે, શ્રી ઇન્દુકળાબહેન પી. એચ. ડી. ની પદવી પ્રાપ્ત કરવાના હેતુથી સાંખ્ય અને જૈન દર્શનનો 'પરિણામવાદ' એ વિષય ઉપર નિબંધ તૈયાર કરી રહ્યાં હતાં. તેઓ છે તો મુંબઇના વતની. તેમના પિતાશ્રી હીરાચંદ કસ્તુરચંદ ઝવેરી સ્થાનકવાસી જૈન અને જૈનધર્મ સાહિત્યના અભ્યાસી સાહિત્યરસિક સજ્જન છે. બહેન ઇન્દુકળા ઉપર જણાવેલ નિબંધ તૈયાર કરવા માટે કેટલાક સમયથી પંડિત સુખલાલજી સાથે અમદાવાદ રહેતાં હતાં અને તેમનાં સહવાસનો તેમને ખૂબ લાભ મળ્યો હતો. તાજેતરમાં તેમણે રજુ કરેલા નિબંધનું પરિણામ જાહેર થયું છે, પી. એચ. ડી.ની પદવી પ્રાપ્ત કરવા માટે તેમને યોગ્ય લેખવામાં આવ્યા છે અને પરીક્ષકોએ તેમના નિવેદનમાં બહેન ઇન્દુકળાના સંશોધનકાર્યની મુકતકંઠે ખૂબ પ્રશંસા કરી છે.

૧૯૪૮માં સંસ્કૃત સાહિત્યનો વિષય લઇને તેઓ બી. એ. ઓનર્સ બીજા વર્ગમાં પસાર થયાં. પછી મુખ્ય સંસ્કૃત અને ગૌણપણે અર્ધમાગધી એમ બે વિષયો લઇને ૧૯૫૦ માં ૬૦ટકા માર્ક સાથે તેઓ એમ. એ. થયાં. તાજેતરમાં પી. એચ. ડી.ની પરીક્ષામાં પણ તેઓ યશસ્વી રીતે ઉત્તીર્ણ થયાં. હજુ પણ તેઓ પોતાનો અભ્યાસ ચાલુ રાખવા માંગે છે. સુપ્રસિદ્ધ જૈન આચાર્ય હરિભદ્ર સૂરિનાં 'યોગશતક'નું તેઓ સંપાદન કરવા ધારે છે અને તે નિમિત્તે યોગના સમગ્ર વિષય ઉપર એક અભ્યાસપૂર્ણ નિબંધ તૈયાર કરવાનો મનોરથ ધરાવે છે. વિદ્વત્તાના ક્ષેત્રમાં– તેમાં પણ તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં કોઇ પણ એક બહેન આગળ આવે, નામ કાઢે તે જેટલું પ્રોત્સાહક છે તેટલું જ સમાજના ઉજ્જ્વળ ભાવીનું દ્યોતક છે. આવી અસાધારણ સફળતા મેળવવા માટે બહેન ઇન્દુકળાને ગુજરાતી સમાજના વિશેષતઃ જૈન સમાજના ધન્યવાદ ઘટે છે.

ડો. તારાબહેનને હાર્દિક અભિનન્દન

કુમારી ડો. તારાબહેન મણિયાર ઇગ્લંડમાં પોતાનો ડાકટરી અભ્યાસ પૂરો કરીને થોડા સમયથી હિંદ ખાતે પાછા ફર્યાં છે. તેઓ જાણીતા જૈન ડોકટર એકસ–રે સ્પેશીયાલીસ્ટ શ્રી હરિલાલ અભેચંદ મણિયારનાં પુત્રી થાય. તારાબહેનની એક વિદ્યાર્થી તરીકેની કારકીર્દી એકસરખી યશસ્વી રહી છે. ૧૯૪૯ માં તેઓ એમ. બી. બી. એસ. થયાં. એમ. ડી. ની પરીક્ષા પહેલા પ્રયત્ને તેમણે ૧૯૫૧ માં પસાર કરી. પછી તેઓ વિષેષ અભ્યાસ માટે વિલાયત ગયા. શરૂઆતમાં ટ્રોપીકલ મેડીસીન અને હાઇજીનનો તેમણે ડીપ્લોમા અને સુવર્ણચંદ્રક મેળવ્યાં. પછી પહેલા પ્રયત્ને એડીનબરોની એમ. આર. સી. પી. ની પરીક્ષા ગયા જાન્યુઆરીમાં તેમણે પસાર કરી. આવી એક સરખી ઉત્કર્ષભરી કારકીર્દી બહુ ઓછા વિદ્યાર્થીઓને વરે છે. તારાબહેનનું આ માટે આપણે અન્તરથી અભિનન્દન કરીએ, તેમના એક ડાકટર તરીકે શરૂ થતા વ્યવસાયમાં સફળતા ઇચ્છીએ અને જનતાની સેવામાં તેમની શકિત કેન્દ્રિત થાય એવી આપણે આશા રાખીએ.

જૈન મહિલાસમાજનો શરદોત્સવ

દર વર્ષ માફક આ વર્ષે પણ મુંબઇ જૈન મહિલા સમાજે તા. ૧૦–૧૦–૫૩ ના રોજ સેન્ટ ઝેવીયર્સ કોલેજના હોલમાં ત્રણ સાડા ત્રણ કલાક ચાલે એવો લાંબા કાર્યક્રમવાળો શરદુત્સવ ઉજવ્યો. આ શરદુત્સવમાં છુટાછવાયા ગીત ગરબા અને નૃત્યો ઉપરાંત આદ્રકુમારની નૃત્યનાટિકા અને ચંદનબાળાનું નાટક ભજવવામાં આવ્યું હતું. આદ્રકુમારની નૃત્યનાટિકા રચનાર અને ગાનાર શ્રી શાન્તિલાલ શાહ હતા. આ નાટિકા બહુ સુન્દર રીતે ભજવાઇ હતી અને તેણે શ્રોતાઓ–જોનારાઓનાં દિલમાં ભાવનામય વાતાવરણ ઉભું કર્યું હતું. ચંદનબાળાના નાટકનું લખાણ, આયોજન અને ભજવણી પ્રમાણમાં નબળાં હતાં. ખાસ કરીને ચંદનબાળાનું નાટક ભજવાય અને ત્રણ ઉપવાસનું પારણું કરવા બેઠેલી ચંદનબાળા સમક્ષ ચાલુ રૂઢિને વશ વર્તીને ભગવાન મહાવીરને ઉપસ્થિત કરી ન શકાય એવું આ નાટક તત્વદર્શન વિનાના ક્રિયાકાંડ જેવું લાગતું હતું. આ રૂઢિનો પરિત્યાગ કરવામાં નહિ આવે ત્યાં સુધી તીર્થંકરોના કે જૈન સંતો યા મહાપુરૂષોના ચરિત્રો વાસ્તવિક અને આકર્ષક આકારમાં કદિ પણ ભજવી નહિ શકાય.

આ વખતે પહેલી જ વાર પોતાના શરદુત્સવમાં જૈન મહિલા સમાજે પુરૂષ પ્રેક્ષકોને ભાગ લેવાની એટલે કે હાજર રહેવાની તક આપી હતી તે બદલ પુરૂષ સમાજે જૈન મહિલા સમાજનો આભાર માનવો ઘટે છે. પરમાનંદ

શ્રી. સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની નવી ચૂંટણી

શ્રી. સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની તા. ૧૯-૯-૫૩ ના રોજ મળેલ દ્વિવાર્ષિક સામાન્ય સભાએ સંસ્થાના બંધારણ મુજબ ચાલુ કાર્યવાહક સમિતિને બે વર્ષ પુરાં થતાં હોઈ નવી કાર્યવાહક સમિતિના પંદર સભ્યોની ચૂંટણી કરી હતી. ત્યાર બાદ તારીખ ૫-૧૦-૫૩ ના રોજ મળેલી નવી કાર્યવાહક સમિતિની પહેલી સભામાં બંધારણ મુજબ અધિકારીઓની ચૂંટણી કરવામાં આવી હતી. ટ્રસ્ટીઓ, આશ્રયદાતાઓ, અને નવા ચૂંટાયલા સભ્યો સાથે નવાં વર્ષ માટેની આખી કાર્યવાહક સમિતિના સભ્યોના નામો નીચે આપવામાં આવ્યા છે.

(૧) શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ, ટ્રસ્ટી-પ્રમુખ. (૨) શ્રી. રમણિકલાલ મણિલાલ શાહ, ટ્રસ્ટી-મંત્રી. (૩) શ્રી. માણેકલાલ અમુલખરાય મહેતા-ટ્રસ્ટી. (૪) શ્રી શાંતિલાલ હરજીવન શાહ-ટ્રસ્ટી. (૫) શ્રી શાંતિલાલ વાડીલાલ શાહ-ટ્રસ્ટી. (૬) શ્રી. ચીમનલાલ પી. શાહ, આશ્રયદાતા-કોષાધ્યક્ષ. (૭) શ્રી. અમૃતલાલ દલપતભાઇ શેઠ-આશ્રયદાતા. (૮) શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા-ઉપપ્રમુખ. (૯) શ્રી. ટી. જી. શાહ-મંત્રી. (૧૦) શ્રી. ધીરજલાલ ધનજીભાઇ શાહ, સભ્ય. (૧૧) શ્રી. જયંતિલાલ લલ્લુભાઇ પરીખ, (૧૨) શ્રી. તારાચંદ લ. કોઠારી, (૧૩) શ્રી. પ્રેમચંદ વેલજી મહેતા, (૧૪) શ્રી. ભીખાભાઇ ભુદરભાઈ કોઠારી, (૧૫) શ્રી. ચીમનલાલ મોતીલાલ પરીખ, (૧૬) શ્રી. દુર્લભજી કેશવજી ખેતાણી. (૧૭) શ્રી. ખુશાલભાઇ ખેંગાર, (૧૮) શ્રી. ચંદુલાલ કસ્તુરચંદ, (૧૯) શ્રી. ગોકળદાસ શીવલાલ, (૨૦) શ્રી. વલ્લભદાસ પુલચંદ મહેતા, (૨૧) શ્રી. શાંતિલાલ મગનલાલ શાહ, (૨૨) શ્રી. રમણલાલ સી. શાહ, (૨૩) શ્રી. ખીમજી માંડણ ભુજપુરીઆ, (૨૪) શ્રી. નેમચંદ નગીનચંદ વકીલવાળા, (૨૫) શ્રી. દીપચંદ ત્રીભોવનદાસ શાહ,

આ ઉપરાંત તા. ૧૮-૯-૫૩ના રોજ મળેલી કાર્યવાહક સમિતિની સભામાં એક તથા તા. ૧૯-૯-૫૩ના રોજ મળેલી દ્વિવાર્ષિક સામાન્ય સભામાં ત્રણ અને તા. ૫-૯-૫૩ના રોજ મળેલી નવી ચૂંટાયલી કાર્યવાહક સમિતિમાં એક એમ એકંદરે અનુક્રમે નીચેના પાંચ અગત્યના ઠરાવો પ્રસાર કરવામાં આવ્યા હતા.

(૧) "સદ્‌ગત મણિલાલ મોકમચંદ શાહની ટ્રસ્ટી તરીકેની જગ્યા ખાલી પડેલી હોઇ નવા ટ્રસ્ટી નીમવા માટે શ્રી. તારાચંદ લ. કોઠારીએ શ્રી. રમણિકલાલ મણિલાલ શાહને ટ્રસ્ટી તરીકે નીમવાની દરખાસ્ત કરી અને તેને શ્રી. ટી. જી. શાહે ટેકો આપ્યો અને તે દરખાસ્ત સર્વાનુમતે પસાર કરવામાં આવી."

(૨) "સ્વ. મણિભાઇ સ્મૃતિ ફંડ, જનરલ ફંડ તથા બીલ્ડીંગ ફંડમાં જે કોઇ જૈન વ્યકિત યા પેઢીએ રૂા. ૫૦૦ અથવા વધારે રકમ ભરી હોય અથવા હવે પછી ભરે તેને બંધારણની કલમ ૮ અને ૯ મુજબ આજીવન સભ્ય અથવા તો આશ્રયદાતા ગણવામાં આવશે."

(૩) "આ સંસ્થાનું વર્ષ કાર્તક સુદી ૧ થી આસો વદી અમાસ સુધી ગણવામાં આવે છે તેના બદલે હવે પછીથી એપ્રીલની પહેલી તારીખથી માર્ચની ૩૧મી તારીખ સુધી ગણવું એમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું."

(૪) 'ઓડીટર તરીકે મેસર્સ દીનુભાઈ એન્ડ કું ની નીમણુક કરવામાં આવી.'

(૫) 'આ સંસ્થાના એક મંત્રી શ્રી ટી. જી. શાહ આફ્રિકા જતા હોઇ શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ માટે આફ્રિકામાંથી ફાળો ઉઘરાવવાની તેમને સત્તા આપવામાં આવી.'

* * *

શિવ માટુંગા ખાતે બંધાઇ રહેલું સંસ્થાનું મકાન લગભગ પુરું થવા આવ્યું છે. ઉપરની વ્યાખ્યાનશાળા, બારી બારણા અને અંદરનું કામકાજ પુરું થતાં હજુ ત્રણથી ચાર મહીના લાગશે. આગામી જુન માસથી શરૂ થતા નવા સત્રથી વિદ્યાર્થીઓને ત્યાં વસાવી શકાશે. **મંત્રીઓ, સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ**

શરદ પૂર્ણિમા નૌકાવિહાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૨૨-૧૦-૫૩ ગુરૂવાર-શરદ પૂર્ણિમાની રાત્રે સંઘના સભ્યો અને તેમનાં કુટુંબીજનો માટે એક સામુદાયિક નૌકાવિહાર ગોઠવવામાં આવેલ છે. દસ વર્ષની ઉપરની ઉમ્મરની વ્યકિતએ રૂ. ૩) અને તેથી નીચેની ઉમ્મરની વ્યકિતએ રૂ. ૨) આપવાના રહેશે. આ મુજબના દરથી નૌકાવિહારમાં જોડાવા ઇચ્છનારાઓએ સંઘના કાર્યાલયમાંથી તા. ૧૯-૧૦-૫૩ સોમવાર સાંજના ૭ વાગ્યા પહેલાં પાસ મેળવી લેવાના રહેશે. સંઘનું વાર્ષિક લવાજમ રૂ. ૫ જે સભ્યે ભર્યું ન હોય તેણે પાસ મેળવતાં પહેલાં પોતપોતાનું લવાજમ ભરી દેવું પડશે. નૌકાવિહાર માટે નક્કી કરેલી સ્ટીમ લોંચમાં ૧૨૫ પેસેન્જર લઇ શકાય તેમ છે. આ મર્યાદા પુરતા જ પાસો આપવામાં આવશે. આ નૌકાવિહારમાં જોડાનારે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.

(૧) દરેકે પોતાનો પાસ, એક વાડકો તથા ચમચો પોતાની સાથે લાવવાનું ચુકવું નહિ.

(૨) નક્કી કરેલી સ્ટીમલોંચ M. V. 'બગદાદી' ભાઉનો નવો ધક્કો-ન્યુ ફેરી વોર્ફ-નંબર O (ઝીરો) ઉપરથી તા. ૨૨-૧૦-૫૩ ગુરૂવારની રાત્રે બરોબર ૮ વાગે ઉપડશે. ધોબીતલાવ કે ફ્રાંઅર રોડ ઉપરની ટ્રામથી અથવા તો 'એલ' તથા 'ઇ' બસથી કરનાક બ્રીજ અને ત્યાંથી લગભગ દશબાર મીનીટના રસ્તે ઉપર જણાવેલા સ્થળે પહોંચી શકાશે. બરાબર ૩ કલાક સમુદ્રમાં પરિભ્રમણ કરીને સ્ટીમલોંચ ૧૧ વાગે કીનારે આવીને ઉભી રહેશે. આ સમયે ક્રાફર્ડ માર્કેટ, ઝોરીબંદર, ચર્ચગેટ, મરીન ડ્રાઇવ, ચોપાટી, ગામદેવી, સેન્ડહર્સ્ટ રોડ, પાયધુની, માંડવી વગેરે લતાઓમાં પહોંચવા માટે બસની સગવડ રાખવામાં આવશે.

(૩) સમુદ્રપરિભ્રમણ દરમિયાન દુધ-પૌંઆ આપવામાં આવશે. આ ઉપરાંત સ્ટીમલોંચમાં પોતપોતાના ખર્ચે ચા-નાસ્તો મેળવવાની પણ વ્યવસ્થા છે.

(૪) નૌકાવિહારમાં જોડાનારનું મનોરંજન થાય એવી સંગીત વગેરેની શકય તેટલી ગોઠવણ કરવામાં આવશે.

(૫) ત્રણ વર્ષથી નાનાં બાળકોને સાથે નહિ લાવવા ખાસ વિનંતિ છે.

સંઘના સભ્યોને આ નૌકાવિહારમાં જોડાવા માટે સત્વર સંઘના કાર્યાલયમાં પોતાના નામો નોંધાવી જવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

એક ખુલાસો

'વિહાર સરોવરના કાંઠે જૈન યુવકોનું પર્યટન' એ મથાળાનો એક લેખ તા. ૨૩-૯-૫૩ના મુંબઇ સમાચારમાં પ્રગટ થયો હતો. તે લેખમાં મુંબઇ જૈન યુવક સંઘથી તાજેતરમાં છુટા થયેલા અમુક સભ્યોને ઉદ્દેશીને લખવામાં આવ્યું હતું કે "શ્રી મુંબઇ જૈન યુવક સંઘની ધોરી નસ સમા ગણાતા શ્રી પરમાનંદભાઇએ સંઘના કોલ્લામાંથી કેટલાક કાંકરા ખરી પડવા છતાં સંઘના કિલ્લાને સુરક્ષિત રાખ્યો છે." આ તરફ અમારું ધ્યાન ખેંચવામાં આવતાં મુંબઇ જૈન યુવક સંઘ વિષે કોઇના દિલમાં કશી ગેરસમજુતી પેદા ન થાય એ હેતુથી અમારા તરફથી ખુલાસો કરવામાં આવે છે કે એ લેખના લખાણ કે પ્રકાશન સાથે સંઘની કાર્યવાહીને કશોપણ સંબંધ નથી, છુટા થયેલા સભ્યો વિષે આવું લખવું બીલકુલ યોગ્ય નથી અને અમને એ વાંચીને ઘણું દુ:ખ થયું છે. ગઇ કાલ સુધી તેઓ સંઘના સભ્ય હતા, આજે નથી, આવતી કાલે તેમનામાંના કોઇ સંઘમાં નહિ જ જોડાય એમ માનવાને કયું કારણ નથી. વળી સમાજના બીજા કાર્યક્ષેત્રોમાં તેઓ તેમ જ સંઘના સભ્યો સાથે અનેક રીતે સંકળાયલા છે અને સાથે પરસ્પર આદરપૂર્વક વર્તવાનું છે અને સાથે મળીને અનેક સામાજિક કાર્યો કરવાના છે. કોઇની પણ અવમાનના કરવાથી કોઇને કદિ કશો લાભ થતો જ નથી. **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

પુસ્તક પરિચય

મહાવીર વાણી

પંડિત ખેચરદાસ જીવરાજ દોશીરચિત મહાવીરવાણીની કેટલાક સુધારાવધારા સાથેની ચોથી આવૃત્તિ ભારત જૈન મહામંડળ (વર્ધા) તરફથી પ્રગટ કરવામાં આવી છે. તેની કીંમત રૂ.૨-૪-૦ છે. આ પુસ્તક પંડિત ખેચરદાસે પોતાનાં પત્ની શ્રી. અજવાળી બહેનને સમર્પિત કર્યું છે. મૂળ આગમ ગ્રંથોમાંથી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અપ્રમાદ, વિનય, એમ જુદા જુદા વિષયોને અનુલક્ષીને પ્રાકૃત શ્લોકો તારવીને આ ગ્રંથમાં વિષયવાર આપવામાં આવ્યા છે, તેની બાજુએ ક્રમવાર હિંદી અનુવાદ આપવામાં આવ્યો છે અને અન્તભાગમાં આ પ્રાકૃત શ્લોકોનો સંસ્કૃત અનુવાદ પણ સંકલિત કરવામાં આવ્યો છે. આ રીતે ભગવાન મહાવીરના જીવનદર્શનને આધારભૂત અવતરણો વડે સંક્ષેપમાં રજુ કરવાનો પ્રયત્ન છે. આ મહાવીરવાણીને આવકારતો શ્રી. વિનોબા ભાવેનો એક નાનો સરખો લેખ છે જેમાં તેઓ જણાવે છે કે ' બુદ્ધ અને મહાવીર ભારતીય આકાશના બે ઉજ્જ્વલ નક્ષત્ર - હતા. ગુરુ, શુક્ર સમાન તેજસ્વી અને મંગળ-દર્શન બુદ્ધનો પ્રકાશ દુનિયામાં ફેલાઈ ગયો. મહાવીરનો પ્રકાશ ભારતના હૃદયના ઉંડાણમાં પેઠો. બુધ્ધે મધ્યમ માર્ગ શિખવ્યો. મહાવીરે મધ્યસ્થ દૃષ્ટિ આપી. બન્ને દયાળુ અને અહિંસાધર્મી હતા. બુદ્ધ બોધપ્રધાન હતા, મહાવીર વીર્યવાન તપસ્વી હતા.

"બુદ્ધ અને મહાવીર બન્ને કર્મવીર હતા. તેઓ નિર્ગ્રંથ હતા. તેમનામાં લેખનવૃત્તિ નહોતી, કોઇ શાસ્ત્રરચના તેમણે કરી નથી. પણ તેઓ જે બોલ્યે જતા હતા, તેમાંથી શાસ્ત્ર બનતું હતું. તેમનું બોલવું સહજ હતું, તેમની છુટી છવાઇ વાણીનો સંગ્રહ પણ પાછળથી લોકોને એકત્ર કરવો પડ્યો.

'બુદ્ધવાણીનો એક નાનો સરખો સારભૂત સંગ્રહ 'ધમ્મપદ' નામનો બે હજાર વર્ષ પહેલાં થઇ ચૂકયો હતો, જે માત્ર બૌદ્ધ સમાજમાં જ નહિ પણ વિશાળ દુનિયામાં ભગવદ્ગીતા માફક પ્રચલિત થઇ ગયો છે. મહાવીરની વાણી આજ સુધી જૈનોના આગમોમાં વિખરાયલી પડેલી હતી, તેમાંથી ચૂંટી ચૂંટીને આ એક નાનોસરખો સંગ્રહ આત્માર્થીઓના ઉપયોગ માટે રિષ-ભદાસની પ્રેરણાથી પ્રકાશિત કરવામાં આવ્યો છે.

આ સંબંધમાં વિનોબાજી આગળ ચાલતાં જણાવે છે કે "ધમ્મપદ" કાળમાન્ય થઇ ચૂકયો છે. મહાવીર-વાણી પણ કાળમાન્ય બની શકે છે, જો જૈન સમાજ એક વિદ્વત-પરિષદ દ્વારા પૂરી તારવણી પૂર્વક, વચનો તેમ જ તેના ક્રમનો નિશ્ચય કરીને, એક પ્રમાણભૂત સંગ્રહ લોકોની સામે રાખે. જૈન સમાજને મારી આ ભળામણ છે. આ ભલામણનો અમલ કરવામાં આવશે તો જૈન સમાજ તરફથી જે પચાસ-સો પુસ્તકો પ્રગટ કરવામાં આવે છે તે કરતાં આવો સંગ્રહ અધિકતર ઉપયોગી થશે. એવો અપૌરૂષેય સંગ્રહ જ્યારે થવાનો હશે ત્યારે થશે. પણ ત્યાં સુધી પૌરૂષેય સંગ્રહ વ્યક્તિગત પ્રયત્નના પરિણામ રૂપ જેવો થશે તે પણ ઉપયોગી થશે.....હું ચાહું છું કે માત્ર જૈન સમાજ જ નહિ પણ ચિત્તશુધ્ધિની ઇચ્છા રાખવાવાળા, જે જૈન સંપ્રદાયના નહિ હોય તે પણ, આ મહાવીર વાણીનું ચિન્તન મનન કરશે."

આ રીતે વિનોબા ભાવે જેવી મહાન વ્યક્તિનો આવકાર અને આશીર્વાદ પામેલા આ લઘુ-પુસ્તક વિષે વિશેષ કહેવાપણું રહેતું નથી. ચાલુ ચિન્તન મનનની દૃષ્ટિએ કોઇ પણ મુમુક્ષુએ અને ખાસ કરીને કોઇ પણ જૈને આ પુસ્તક વસાવવા યોગ્ય છે. આ પુસ્તકમાં એક લાંબું શુધ્ધિપત્રક જોવામાં આવે છે. આવા મનનયોગ્ય પુસ્તકને આવું શુધ્ધિપત્રક ન ઘટે. પ્રારંભથી જ પુરી સંભાળપૂર્વક આવું પુસ્તક છપાવું જોઇએ. પ.

અભિષેક

ત્યાગ, શૌર્ય અને સંયમની પ્રરૂપક કેટલીક જૈન કથાઓનો સંગ્રહ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય. ગાંધી રસ્તો, અમદાવાદ, તરફથી બહાર પડયો છે અને તેની કીંમત ૩. ૩ છે આ સંગ્રહના લેખક શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ છે. 'પુનઃ પંચાવન વર્ષે—' એ મથાળાથી પંડિત સુખલાલજીએ પોતાનાં પૂર્વ-જીવનનાં કેટલાંક સ્મરણોને સાંકળતો વિવેચનાત્મક ઉપોદ્ઘાત લખ્યો છે. કથાની લેખન શૈલિ અને ભાષા ભારે સુન્દર અને આકર્ષક છે. મૂળ કથાની વસ્તુમાં અવારનવાર દૃષ્ટિગોચર થતી અસ્વાભાવિકતાને લેખકે બને તેટલું સુન્દર રૂપ અને આકાર આપવા પ્રયત્ન કર્યો છે અને તેથી આખાં પુસ્તકનું વાંચન આરંભથી અન્ત સુધી એક સરખું રસપ્રદ લાગે છે. એમાં પણ પંડિતજીના ઉદ્બોધક ઉપોદ્ઘાતને લીધે આ પુસ્તક સવિશેષ મૂલ્યવાન બન્યું છે.

આપણો વૈભવ અને વારસો

(લેખકઃ દર્શક. પ્રકાશકઃ શ્રી સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિ૦ પાનવાડી, ભાવનગર. કીંમત રૂા. ૨-૧૨-૦)

આ પુસ્તકના લેખક શ્રી દર્શક એટલે મનુભાઇ પંચોળી, તાજેતરમાં સ્થપાયેલ લોકભારતીના અગ્રસંચાલક, શ્રી નાનાભાઇ ભટ્ટના વર્ષોજુના સહકાર્યકર્તા. શ્રી દર્શક ગુજરાતી સાહિત્યના એક સુવિદિત લેખક અને નવલકથાકાર છે. પ્રસ્તુત પુસ્તકમાં ઇતિહાસયુગ અને તે પહેલાંના યુગો-એમ એકંદર લગભગ ૫૦૦૦ વર્ષોનો માનવજાતે જે વારસો મૂકયો છે ને જે ખાસ કરી ભારત સાથે સંબંધ ધરાવે છે તેની ક્રમવાર સુસંબધ્ધ રજુઆત કરવામાં આવી છે. લેખકે શરૂઆત બહુ પ્રાચીન સમયથી કરી છે, પણ તેની સમાપ્તિ ઈ. સ. ના સાતમા સૈકામાં થયેલ હર્ષવર્ધનની સાથે જ થાય છે. આ પુસ્તક ઐતિહાસિક તવારીખોની શુષ્ક રજુઆત કરતો માહીતીગ્રંથ નથી, પણ પૂર્વકાળમાં આપણો જે સંસ્કારવૈભવ હતો અને આપણા પૂર્વપુરૂષોએ આપણને જે ભવ્ય વારસો આપ્યો છે તેનું જાણે કે એક રમ્ય અને ઉદ્બોધક ચિત્રપટ ન હોય એવું આ પુસ્તક છે અને આરંભથી અન્ત સુધી વાંચકના મનને એક સરખું મુગ્ધ રાખે તેવી તેની રચના છે. એમાં પણ મહાભારતના કાળનું તેમ જ ભગવાન બુદ્ધ અને મહાવીરના સમયનું નિરૂપણ ભારે ચિત્તાકર્ષક છે. પુસ્તક વાંચતાં પ્રાચીન કાળના લોકોત્તર પુરૂષો વિષે પહેલા કદિ નહિ અનુભવેલી એવી ગૌરવબુદ્ધિ આપણા દિલમાં જાગૃત થાય છે અને એમના પગલે ચાલીને આપણે પણ આપણા જીવનમાં પુરૂષાર્થ પ્રગટાવીએ એવી કર્તવ્યબુધ્ધિ પેદા થાય છે. અનભિજ્ઞને નવું ભાન કરાવે અને અભિજ્ઞને પણ નવું દર્શન આપે એવું આ પુસ્તક આજ સુધી આ વિષય ઉપર લખાયલાં પુસ્તકોમાં કોઇ નથી જ ભાત પાડે છે. લેખકનું જ્ઞાન કેટલું વિશાળ છે અને ચિન્તન કેટલું મર્મગ્રાહી છે તેનો આ પુસ્તક સરસ પુરાવો છે. ભાષા પણ સરળ અને લાલિત્યથી ભરેલી, રોચક અને હૃદયંગમ છે. સાહિત્યરસિક અને સંસ્કારવાંચ્છુ સૌ કોઇએ આ પુસ્તક વસાવવા જેવું છે.

કૈલાસ-દર્શન:

લેખક, શ્રી નવનીત પારેખ. પ્રકાશક: સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર અમદાવાદ કીંમત રૂ. ૨-૮-૦

ભાગ્યે જ એવો કોઇ હિંદુ હશે કે જેના દિલમાં કૈલાસ વિષે ઊંડું આકર્ષણ નહિ હોય. આ કૈલાસને નજરે નિહાળનાર ઝણ્યાગાંઠ્યા માનવીઓમાં એક ભાઇ નવનીતલાલ પરીખ છે. તેમની એક નાની સરખી મંડળી ૧૯૫૦ ની ગ્રીષ્મઋતુમાં આલ્મોડાથી ઉપડી અને લીપુ ઘાટના માર્ગે માન્ધાતા (ઉંચાઇ ૨૫૩૫૫ ફીટ) ની બાજુએ થઇને રાકસતાલ સરોવર અને માનસ સરોવર વચ્ચેના રસ્તા ઉપર આગળ વધીને કૈલાસ પર્વત (ઉંચાઇ ૨૨૦૨૮ ફીટ) ની તેમણે પ્રદક્ષિણા કરી અને માનસ સરોવરની પૂર્વ બાજુએ થઇને આલ્મોડા તરફ તેઓ પાછા ફર્યા. આ પ્રવાસની ભાઇ શ્રી નવનીતલાલે રંગીન ફીલ્મ ઉતારેલી છે જેનું વર્ણન પ્રબુધ્ધ જૈનના આગળના અંકમાં પ્રગટ કરવામાં આવ્યું છે. આ અદ્‌ભુત રોમાંચક પ્રવાસનું પ્રસ્તુત પુસ્તકમાં ભાઇ નવનીત પરીખે વિગતવાર વર્ણન આપ્યું છે. સૃષ્ટિ સૌન્દર્યનું ઉંડું સંવેદન અને ભક્તિપરાયણ ચિત્તવૃત્તિથી આ વર્ણન સુચંકિત હોઇને પુસ્તક વાંચતાં આપણું મન પણ દુન્યવી વાતાવરણથી છૂટું થઇને લેખક સાથે ઉન્નત વાતાવરણમાં વિચરે છે અને કૈલાસની કંઇક ઝાંખી કરે છે. આ પુસ્તકમાં પ્રવાસવર્ણન ઉપરાંત પ્રાદેશિક ભુગોળ, કૈલાસપર્વત, માનસસરોવર તેમ જ ટિબેટ વિષે ઉપયોગી માહીતીઓ તેમ જ ભાવી યાત્રીઓને ખૂબ ઉપયોગી થઇ પડે તેવા કેટલીયે વિગતો આપવામાં આવી છે. આ ઉપરાંત કૈલાસ તેમ જ આસપાસના પ્રદેશોનો તથા તે બાજુ વસતી ટીબેટી પ્રજાના ચિત્રવિચિત્ર જીવનનો કાંઇક ખ્યાલ આવે તેવી કેટલીક છબીઓ પણ આ પુસ્તકમાં સંગ્રહિત કરવામાં આવી છે. પ્રવાસવર્ણનના આજ સુધીમાં પ્રગટ થયેલાં અનેક પુસ્તકોમાં આ પુસ્તક ઉપયોગી વધારો કરે છે. **પરમાનંદ**

ઉર્મિના દીવા

લેખક—શ્રી એસ. કે. શાહ, પ્રાપ્તિસ્થાન—એન. એમ. ઠક્કરની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૨, કિંમત—બે રુપિયા; પૃષ્ટ—૧૧૬.

શ્રી એસ. કે. શાહનો આ પ્રથમ વાર્તાસંગ્રહ છે. આ સંગ્રહમાં દસ ટુંકી વાર્તાઓ લેખકે આપી છે. આ વાર્તાઓમાં 'તસવીર,' 'દેવલો,' અને 'ઘેરાં ગાન' નામની વાર્તાઓ તો તદ્દન ટૂંકી વાર્તાઓ-ટૂંકા પ્રસંગચિત્રો જેવી છે. આ વાર્તાઓનું વસ્તુ આપણી આસપાસના વર્તમાન જીવનમાંથી લેવામાં આવ્યું છે અને એ જીવનના પણ વિવિધ પ્રશ્નોનું આલેખન એમાં કરવામાં આવ્યું છે. એટલે આ વાર્તાઓની વાસ્તવિકતાની છાપ આપણા મન ઉપર પડયા વિના રહેતી નથી. પરંતુ એકંદરે આ વાર્તાઓનું ઘોરણ ઘણું નીચું છે. વાર્તાઓનું વસ્તુ વાસ્તવિક છે, છતાં તેનું નિરૂપણ જેટલું ચોટદાર અને પ્રતીતિકર થવું જોઇએ તેટલું થયું હોય તેમ જણાતું નથી, અને એથી જ એમની વાસ્તવિક જીવનની વાર્તાઓમાં ઘણીવાર અવાસ્તવિકતાની ખામી દેખાઈ આવે છે. 'કાળો ડાઘ' 'પાટીવાળાનો પત્ર' 'ખોટા રૂપિયા' વગેરે વાર્તાઓમાં કેટલાંક સ્થળે અસંભવિતતા અને અપ્રતીતિકરતા ખૂંચ્યા વગર રહેતી નથી. લેખકને ગરીબો પ્રત્યે સહાનુભૂતિ વધારે છે, અને એ પ્રશંસનીય છે, પરંતુ કેટલીક વાર લેખક માત્ર ઉર્મિલતામાં સરી પડી અતિશયતાભર્યું આલેખન કરી નાખે છે અને એથી એમની વાર્તાઓમાં કલાતત્ત્વની ઉણપ આવી જાય છે, જેને લીધે વાર્તાઓ જેટલી અસરકારક બનવી જોઇએ તેટલી બનતી નથી. આ પુસ્તકની છપાઇમાં જોડણીની અશુદ્ધિ પણ વધારે નજરે પડે છે.

લેખક જો ચોટદાર શૈલીમાં, કલાત્મક સ્વરૂપમાં, પ્રતીતિકર લાગે એ રીતે આ જ પ્રશ્નોનું નિરૂપણ કરે તો વધુ સારી વાર્તાઓ જરૂર આપી શકે. **રમણલાલ શાહ**

ધી ઈન્ડીયન કોટન ટેક્ષટાઇલ ઈન્ડસ્ટ્રી

લેખક : શ્રી. એસ. ડી. મહેતા. પ્રસ્તાવના. સર. હોમી. મોદી. પ્રકાશક. ધી ટેક્ષટાઇલ એસોસીએશન (ઇન્ડીઆ) પ્રથમ આવૃત્તિ. કીંમત: રૂા. ૧૨

કાપડના વણાટકામમાં આપણા દેશે ઘણા વર્ષો પૂર્વે પણ સારી પ્રગતી કરી હતી અને આપણો ભૂતકાળ ભવ્ય હતો તે એક ઐતિહાસીક બીના છે. ઔદ્યોગિક ક્રાન્તિ પછી ઉદ્યોગોમાં મશીનનો પ્રવેશ થયો અને ત્યારથી ઉત્પાદનના જથ્થામાં અને માલના ધોરણમાં અને જાતમાં ધરમૂળથી ફેરફારો થવા પામ્યા. લગભગ સો વર્ષ પૂર્વે આપણા દેશમાં મીલોની સ્થાપના થઇ અને ત્યારથી ભારતના મીલઉદ્યોગે પ્રશંસનીય પ્રગતિ સાધી છે. આપણા દેશના અર્થકારણમાં આ ઉદ્યોગ મહત્ત્વનું સ્થાન ધરાવે છે—લગભગ એક અબજથી વધુ મુડી તેમાં રોકાયલી છે. લગભગ પાંચ અબજની કીંમતનો માલ દર વર્ષે તેમાં બને છે અને સાતથી આઠ લાખ માણસોને રોજી આ ઉદ્યોગ આપે છે. આપણાં દેશની આંતરિક માંગ વિપુલ પ્રમાણમાં છે અને વિકાસયોજનાઓને પરિણામે જેમ જેમ લોકોનું જીવનધોરણ ઉંચુ આવતું જશે તેમ તેમ આ માંગને સંતોષવા આ ઉદ્યોગે વધુને વધુ વિકાસ સાધવો પડશે એ નિશ્ચિત છે.

શ્રી. એસ. ડી. મહેતા અર્થશાસ્ત્રના અને આ વિષયના ઉંડા અભ્યાસી છે અને તેમણે આ સુંદર પુસ્તકમાં મીલઉદ્યોગના અટપટા અને વિવિધ પ્રશ્નો ઉપર સુંદર વિવેચન કર્યું છે. આ વિષયની ટેકનીકલ બાજુ, નાણાંકીય પાસું, સમગ્ર વ્યવસ્થા, હાથશાળ-ઉદ્યોગના પ્રશ્નો, વિતરણ વ્યવસ્થા-એવાં વિવિધ વિષયોને તેમણે આ સવા બસો પાનાનાં પુસ્તકમાં સમાવ્યાં છે, આંકડાઓ, ગ્રાફ અને કોઠાઓ દ્વારા માહીતીપૂર્ણ બનાવ્યું છે. અને વિષયને સારો ન્યાય આપ્યો છે. આવા કામમાં ચીવટ અને ખંતની સાથે સાથે વિષયની જાણકારીની અને ઉંડી સમજની ભારે જરૂર રહે છે અને તે બધું ભંડોળ શ્રી એસ. ડી. મહેતા પાસે છે તેમ આ પુસ્તક વાંચ્યા પછી આપણને ખાત્રી થાય છે. પુસ્તકની કીંમત સહેજ વધુ લાગવા સંભવ છે પણ આવા પુસ્તકોનું મુદ્રણખર્ચ અને તેની માંગ વિગેરે જોતાં તે બાબતમાં કંઇ થઇ શકે તેમ નથી તે અમે જાણીએ છીએ. આવા સુંદર અભ્યાસગ્રંથ માટે શ્રી એસ. ડી. મહેતા આપણા અભિનંદનના અધિકારી બને છે અને તેઓ બીજા ઉદ્યોગો અંગે પણ આવું સારું કાર્ય કરે તેવી આપણે આશા રાખીએ.

કાન્તિલાલ બરોડીયા

સંઘના સભ્યોનાં બાકી રહેલાં લવાજમ

આ સભ્યોને ચાલુ સાલ સં. ૨૦૦૯ના બાકી રહેલાં લવાજમો વિષે પરિપત્ર મોકલવામાં આવ્યા છે, તે ધ્યાનમાં લઇને આસો વદ ૦)) પહેલાં પોતપોતાનાં લવાજમો સત્વર મોકલી આપવા વિનંતિ છે. **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨.

છુટક નકલ : ત્રણ આના શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ : ૧૪ : અંક
પ્ર. જીવન વર્ષ ૧ : ૧૩

મુંબઈ : ૧ નવેમ્બર ૧૯૫૩ રવિવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

મહાદેવથી નાનેરા

નવજીવન અને હરિજન પત્રોની વાચક આલમના ગાઢ પરિચિત અને અક્ષરદેહે સ્વ. મહાદેવભાઈના અનુજ સમા શ્રી ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ તા. ૧૬મી ઓકટોબરને દિને મુંબઈ ખાતે અકાળ અવસાન પામ્યા. જન્મમરણનાં રોજિંદાં આવાગમનોમાં સરતચૂકથી ખપી જાય એવી આ નાનકડી ઘટનાના ખબર હરિજન પત્રોના વિશાળ વાચકવર્ગ ઉપરાંત ઠેઠ હિંદી પ્રજાના પ્રમુખ ઉપપ્રમુખથી માંડીને આ દેશના જાહેર જીવનક્ષેત્રના અસંખ્ય નાનામોટા કાર્યકર્તાઓમાં અને અનેક વિદેશવાસી મિત્રોમાં ઊંડી ગમગીનીની લાગણી ફેલાવશે.

એમની ગંભીર અંતઃકાંદગીમાં ભાઇ દેવદાસ ગાંધી અને હું, તેમનાં આપ્તજનો તેમ જ વિશાળ મિત્રવૃંદ સાથે, દિવસો લગી હાજર હતા. સજ્જનો, સંતો કે રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ સમા દિવ્ય પુરુષોને પણ શરીરના આધિવ્યાધિ અથવા દેહના દંડ છોડતા નથી અને એની આગળ ભલા ભટ-સુભટોને પણ રાંક અને અભાગ્યક સમા લાચાર બનવું પડે છે, એ સત્યનું અમને સૌને જીવનમાં ફરી એક વાર મોઢામોઢ દર્શન થયું.



મારાથી લગભગ તેર વર્ષે નાના, જેમને વિદ્યાર્થી દશામાં અમે સૌએ જોયેલા જાણેલા એવા, એમને આમ મારા અગાઉ ઊઠી ચાલી જતા જોવા, એ દૈવદુર્વિલાસ મને બહુ વસમો થઇ પડયો છે. પણ ઇશ્વરેચ્છા આગળ માથું નમાવ્યા વગર માણસને છૂટકો ન મળે.

બાવન વર્ષ જેટલી ટૂંકી જિંદગીમાં ભાઈ ચંદ્રશંકરની સિદ્ધિઓ હરકોઇને આશ્ચર્ય પમાડે અને મુગ્ધ બનાવે તેવી હતી. ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠે પોતાની ૩૩ વર્ષની કારકિર્દીમાં જે પાક ઉતાર્યો તેનો સર્વશ્રેષ્ઠ નમૂનો ભાઈ ચંદ્રશંકર હતા એવું મારું માનવું છે. સ્વ. મહાદેવભાઇને પોતાની આદર્શ મૂર્તિ બનાવીને એકધારી ભક્તિથી એમણે પોતાનું જીવતરઘડતર કર્યું અને વિદ્યાની સાધનામાં અનુપમ સિદ્ધિ મેળવ્યા ઉપરાંત ઘણી વધારે જીવનસમૃદ્ધિ પ્રાપ્ત કરી અને લગભગ મહાદેવભાઇની જ ઉમ્મરે ચાલ્યા ગયા.

ગૂજરાત વિદ્યાપીઠના પણ પૂરા પદવીધર નહીં છતાં જીવનસાધનામાં મહાદેવભાઇને પોતાની ધ્યાનમૂર્તિ બનાવીને ઊંચું શિષ્ટ ગુજરાતી અંગ્રેજી લખવાની કળા એમણે સિદ્ધ કરી. અક્ષર પણ ગુજરાતી અંગ્રેજી બેઉ આબેહૂબ મહાદેવભાઇના જ જોઈ લો. અમે સૌ જ નહીં, ખુદ ગાંધીજી ને મહાદેવભાઇ પોતે પણ ઘણી વાર થાપ ખાઇ જતા. બેવી જ એકસરખી મોતીની સેરો. કાપીને કેટે પહેરવાનું મન થાય.

અજંટાના કલાધરોની કલાને યાદ દેવડાવે એવું શિષ્ટ સંસ્કારી કંડારેલ 'કલાસિક' ગુજરાતી લખવામાં, અધરામાં અધરી તાત્વિક કે સંસ્કૃતિવિષયક ચર્ચાવિચારણાઓ કે ગ્રંથોને 'કલાસિક' ગુજરાતીમાં ઉતારવાની હથોટીમાં ગાંધીજીના અંતેવાસી અમારા મંડળમાં–કદાચ આખા ગુજરાતમાં–મહાદેવભાઇ પછી ભાઇ ચંદ્રશંકરની બરાબરી કરે એવું બીજું કોઇ નહોતું. મારી પાળી નવજીવન અને હરિજન સાપ્તાહિકોમાં ગાંધીજીનાં લખાણોના અનુવાદ મારા કરતાં ઘણી વધુ યોગ્યતાપૂર્વક વર્ષો સુધી મહાદેવભાઇની અમીદૃષ્ટિ હેઠળ રહીને એમણે કર્યા, અને અનુવાદની કળામાં અજબ નિપુણતા સંપાદન કરી. ભાષા ઉપર પ્રભુત્વ પણ તેવું જ મેળવ્યું. વિદ્યાપીઠના વિદ્યાર્થી અને ઉગતા જુવાન લેખક સંપાદક તરીકે પોતાનાં પહેલવહેલાં લખાણો મારી પાસે સુધરાવવા મઠારવા લાવનાર અને ખાસી મુદત સુધી મારી હેઠળ લખવા છાપવાના કામની તાલીમ લેનાર એમની પાસે પાછલાં વર્ષોમાં મારાં અંગ્રેજી ગુજરાતી કાચાં લખાણો સુધરાવવા સમરાવવામાં હું ગૌરવ અનુભવતો. પોતે પણ પુત્રની લીનતાથી સેા. કામ કેરે ભૂલીને એ બધું કરતા. એમના અકાળ અવસાનથી ગુજરાત આજે ખચીત ગરીબ બન્યું છે.

મહાદેવભાઇના કારાવાસ દરમ્યાન સને ૧૯૩૩–૩૪માં ગાંધીજીનું મંત્રીપદ પણ એમણે ટૂંક મુદત સુધી કરેલું. તે દરમ્યાન મહાદેવભાઇની જ ઢબે હરિજન પત્રોમાં સાપ્તાહિક પત્રો અને બીજાં લખાણો કરતા તેમ જ રોજેરોજનૂા બનાવેા, મુલાકાતો ઇ. ની ડાયરી રાખતા. આનાં મીઠાં ફળ ગાંધીજીના જીવનપ્રસંગો ઇ. વર્ણવનારા સંખ્યાબંધ અંગ્રેજી ગુજરાતી ગ્રંથોના રૂપમાં એમણે પ્રજાને આપ્યાં. પૂનેથી પ્રગટ થતાં ત્યારે અંગ્રેજી ગુજરાતી હરિજન પત્રોનું સંપાદન પણ ગાંધીજી તથા મહાદેવભાઇના આશરા હેઠળ ઉપતંત્રીને નાતે વર્ષો સુધી એમણે કર્યું અને એ કામમાં બેઉનો સંપૂર્ણ સંતોષ મેળવેલો.

એમની વિદ્વત્તા તકલાદી કે ટૂંકપૂંજિયા નહોતી. ધર્મવિચાર, દેશપરદેશોની સંસ્કૃતિ, ગાંધીવિચારણા, ગાંધીજીવન આદિ વિષયો પર એમણે કરેલાં લખાણો તેમ જ મૂળ અને

અનુવાદિત મળીને ૨૫-૩૦ જેટલા એમના ગુજરાતી અંગ્રેજી ગ્રંથો હિંદના અને ગુજરાતના ચિરંતન 'કલાસિક' સાહિત્યમાં કાયમનો ઉમેરો કરનારા છે. આમાંનાં ઘણાં પુસ્તકો આપણી યુનિવર્સિટીઓના પાઠ્યક્રમોમાં સ્થાયી સ્થાન લઇ શકે એવાં છે. સંસ્કૃત ગ્રંથોનું એમનું પરિશીલન એમના અંગ્રેજી વાંચન જેટલું જ ઘહોળું અને ઊંડું હતું. ગીતા, વાલ્મીકિ રામાયણ અને શ્રીમદ્ ભાગવત પ્રતિ એમને અગાધ ભક્તિ હતી. પાછલાં એના શ્લોકો, વચનામૃતો અને ગહન અવલોકનોના ફકરા એમને જિહ્વાગ્રે રહેતાં. એ ટાંકતાં કદી ન થાકતા. ખાધખલનો એમનો અભ્યાસ પણ તેવો જ તલસ્પર્શી હતો. હિંદુ સંસ્કૃતિ અને વિચારણાની શ્રી રાધાકૃષ્ણનની રજૂઆતે એમના ચિંતન અને લેખન ઉપર લગભગ ગાંધીજીના જેટલી જ અસર કરી હતી. શ્રી રાધાકૃષ્ણનના અનેક ગ્રંથોના અનુપમ અનુવાદો એમણે ગુજરાતને ભેટ કર્યા છે.

એમની સારમાણુસાઇ, ભલાઇ, વિનય, નમ્રતા બધું અનુપમ હતું. મહાદેવભાઇની વિભૂતિ ઉપાસના કરી કરીને ફીટ-ભ્રમરન્યાયે એમના અનેક ગુણ પોતાનામાં ઉતારવામાં તે સફળ થયા હતા. અને જોકે જિંદગીના ક્ષેત્રમાં નાનાં કહેવાતાં માણુસોને પોતાના કરતાં ઘણી ઓછી યોગ્યતાવાળા માણુસોને હાથે ઘણી વાર ખમવું પડે છે એવું એમને પણ ઠીક ઠીક ખમવું વેઠવું પડેલું, છતાં એમણે એની ફરિયાદ કદિ કોઇને સંભળાવી નહીં.

છેલ્લાં ૧૦-૧૨ વર્ષોમાં એમની વિદ્વત્તા તેમ જ સંસ્કારિતાની સુગંધ દેશપરદેશ બધે પહોંચી હતી. ગાંધીજીના એક કાળના મંત્રી અને અન્તેવાસી તરીકે પ્રાંતિપ્રાંતના રાજદ્વારી આગેવાનો, મુત્સદ્દીઓ, હાકેમો અને વડામાં વડા દેશનેતાઓ જોડે અંગત સંપર્ક સંબંધ ધરાવતા, છતાં તેવી ઓળખાણોથી કશો અંગત લાભ મેળવવાની સ્પૃહા એમણે કદી ન ધરી. અંગ્રેજી સલ્તનતના મોટામોટા મુત્સદ્દીઓ, માજી વાઇસરોયો, આંતરરાષ્ટ્રીય નામના ધરાવનારા ગ્રંથકારો કે મિશનરીઓ, સો જોડે એક ગ્રંથકાર કે સંપાદકને નાતે અગર તો વ્યક્તિગત નાતે પૂરા આત્મવિશ્વાસપૂર્વક સાવ સ્વાભાવિકપણે પત્રવહેવાર ચલાવતા અને ભલભલા ચમરબંધી અંગ્રેજ અમેરિકન મુત્સદ્દી કે મિશનરીનું મોકલેલું લખાણ પોતાની માગણી કે ગ્રંથયોજનાને બંધબેસતું ન હોવાને સબબે રદ કરતાં અચકાતા નહીં.

ગૃહજીવનમાં સુખી હતા. અશરાફ પત્ની અને ચંપાકળી સમી બે નાનકડી દીકરીઓ કિરતારે એમને બક્ષી હતી. વર્ષો અગાઉ આ ટચૂકડા પરિવારને મહાદેવભાઇએ ગાંધીજી આગળ એમનો જ વિનોદ ટાંકીને 'ચંદ્રશંકરનાં "Them" મળવા આવ્યાં છે' કહીને ઓળખાવેલો ! એ જ સંબોધને ઘણી વાર પોતાના પરિવારને સંબોધતા કે મિત્રો આગળ ઉલ્લેખ કરતા. બિચારાં "Them" નું જૂથ આજે ઉડી ગયું !

પણ એમની હાનિમાં દેશનાં અસંખ્ય મિત્રો અને મિત્રકુટુંબો આજે ભાગીદાર છે, એ વિચાર એમને સૌને સાંત્વન આપનાર નીવડો.

એમની ટૂંકી જિંદગીનું છેલ્લું વર્ષ દોઢ-વર્ષ એમણે ગાંધીજીના જીવનપ્રસંગોની તે તે કાળે લેવાયેલી ફિલ્મોના સમન્વય દ્વારા તૈયાર કરવામાં આવતી 'ડોકયુમેન્ટરી' જીવનકથા અંગે મુંબઇમાં ગાંધી સ્મારક નિધિના આશરા હેઠળ ચાલી રહેલી પ્રવૃત્તિમાં ગાળ્યું. જીવનમાં સ્થિરતા આવ્યા છતાં શરીર જોડેની લેણાદેણીમાં ભાઈ ચંદ્રશંકર મરહૂમ કિશોરલાલભાઇની બરોબરી કરનારા હતા. એવા જ દમિયલ અને સુકલકડી. પણ કિશોરલાલભાઇમાં નહોતું એવું કમજોરીનું ઝનૂન દુર્ભાગ્યે એમનામાં હતું. ક્ષીણ વ્યાધિગ્રસ્ત તબિયતે દમના હુમલાઓ સામે ઝઝૂમીને લીધેલું કામ પુરું કરવાને લોભે એફિડ્રિન (ધંતૂરો) ની ટીકડીઓ, એવી જ જાલિમ દવાઓના નાસ અને બીજી પેટંટ દવાઓ ઝનૂનીના આગ્રહથી લઈ લઇને આ શાણા પુરુષે પોતાના હૃદયને બૂરી રીતે જોખમાવ્યું, એવું નિષ્ણાત ડાકતરોનું એમની અંતમાંદગીનું નિદાન હતું.

ઇશ્વરની અગમ યોજનામાં અંતે તો માણુસ અલ્પજ્ઞ જ છે. ડાકતરી ખુલાસાનું ઔચિત્ય ચાહે તેવડું હોય તોયે માનવીએ માનવીની ભૂલો કે નબળાઇઓના કાજી બનવાના પ્રયાસ વૃથા છે. માણુસમાત્ર શાણપણ અને ગાંડપણનું, ખામીઓ અને ખૂબીઓનું પોટલું બનીને જીવે છે ને એની કમાણી જીવન ખાતે જમે કરાવીને પોતાની યાત્રા પૂરી કરે છે. સુસંગતિ-વિસંગતિ પણ જીવનનાં એવાં જ અવિભાજ્ય જોડકાં છે, જેવાં સુખદુઃખ, જશઅપજશ અને હારજીત. ડાહ્યામાં ડાહ્યા લેખાતા માણુસોનાં જીવનમાં પણ કયાંક ને કયાંક એકાદ નબળાઇ—એકાદ સ્ક્રૂ ઢીલો—હોય જ છે, એવો સાર્વત્રિક અનુભવ છે. માનવ જીવનની આ નબળાઇમાં જ કદાચ એની માનવતાની ભવ્યતા ને ગૌરવ છૂપાં છે.

પણ માણુસની ખામીઓ, ક્ષતિઓ અને અવગુણ એના 'भस्मान्त ं शरीरं' બા- નાશ પામે છે અને એના ગુણોની સુગંધ અને સ્મૃતિ એ પોતાના પાછળ પોતાની પ્રજ્ઞતા અને સંસારના ઉપકાર અર્થે મૂકી જાય છે.

મહાબળેશ્વર,
૧૭-૧૦-૫૩

સ્વામી આનંદ

પુસ્તક પરિચય

The Perennial Fount—(કવિ નાનાલાલનાં કેટલાંક કાવ્યોનો અંગ્રેજી અનુવાદ): અનુવાદક : શ્રી બાલચંદ્ર પરીખ, પ્રકાશક: હિંદ કિતાબ ત્રામીટ૬, મુંબઇ. કીંમત રૂા. ૩-૮-૦

આ પુસ્તકમાં કવિશ્રી નાનાલાલનાં ૨૩ ઊર્મિગીતોનાં અંગ્રેજી અનુવાદ આપવામાં આવ્યા છે. લેખકે કવિ નાનાલાલનો ઘણો ઉંડો અભ્યાસ કર્યો છે. અને નાનાલાલ ઉપર અંગ્રેજીમાં એક પુસ્તક પણ લખ્યું છે. આ પુસ્તકમાં પણ ઊર્મિગીતોનો અંગ્રેજી અનુવાદ આપવા ઉપરાંત નાનાલાલની કવિતાનો પરિચય આપતી પ્રસ્તાવના પણ લેખકે લખી છે, જો કે એમાં લેખક નાનાલાલની કવિતાના તટસ્થ વિવેચક કરતાં મુગ્ધ પ્રશંસક વધારે લાગે છે.

આ સંગ્રહમાં નાનામોટાં ૨૩ ઊર્મિગીતો અંગ્રેજીમાં મૂકવામાં આવ્યાં છે. આ ઊર્મિગીતો નાનાલાલનાં 'જયા-જયંત,' 'ઇન્દુકુમાર,' 'વિશ્વગીતા' વગેરે પ્રખ્યાત નાટકોમાંથી તેમ જ 'કેટલાંક કાવ્યો,' 'નાના નાના રાસ,' દાંપત્ય સ્તોત્રો,' 'ચિત્રદર્શનો' વગેરે પુસ્તકોમાંથી પસંદ કરવામાં આવ્યાં છે. કાવ્યોને અને તેમાં યે ઊર્મિગીતોને જ્યારે પરભાષામાં ઉતારવામાં આવતાં હોય છે ત્યારે અનુવાદકોને એક મોટામાં મોટી જે મુશ્કેલી નડતી હોય છે તે મૂળ ગીતના શબ્દમાધુર્ય અને શબ્દ સંગીતને પરભાષામાં ઉતારવાની છે. અહીં પણ એ મર્યાદા દેખાઇ આવ્યા વિના રહેતી નથી. લેખકે જે ગીતો પસંદ કર્યાં છે તે નાનાલાલનાં ઉત્તમમાં ઉત્તમ ગીતોમાંનાં કેટલાંક છે. આ ગીતોને અંગ્રેજી ઢાળ અને લયમાં બેસાડવાનો લેખકે ખરેખર સુંદર પ્રયત્ન કર્યો છે. અને એમાં અંગ્રેજી ભાષા પરનું લેખકનું પ્રભુત્વ ખરેખર પ્રશંસનીય છે. અંગ્રેજી ભાષામાં પણ અમુક ઢાળમાં એ ગીતો રજૂ કરવાની લેખકે સારી હથોટી પ્રાપ્ત કરી છે તે છતાં 'હળવે હાથે તે નાથ મહીડાં વલોવજો,' કે 'સતા આ સરોવરે

શ્રી વિજયધર્મસૂરિ સુવર્ણચંદ્રક પ્રદાન સમારંભ

ભાવનગર ખાતે શ્રી. યશોવિજયજી જૈન ગ્રંથમાળા તરફથી તા. ૨૫-૧૦-૫૭ના રોજ દરબાર હોલમાં પંડિત બેચરદાસ જીવરાજ દોશીને 'ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ' એ તેમની એક વિશિષ્ટ સાહિત્યકૃતિને લક્ષ્યમાં રાખીને સુવર્ણચંદ્રક આપવાનો એક ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભ એ જ અરસામાં યોજવામાં આવેલ સૌરાષ્ટ્ર લેખક મિલનના અનુસંધાનમાં ગોઠવવામાં આવેલ હોઈને ભાવનગરના જૈન સમાજ ઉપરાંત સૌરાષ્ટ્રના અનેક સાહિત્યકારો, લેખકો અને કવિઓએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. મંગળગીત બાદ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાની પ્રમુખ સ્થાને નિયુક્તિ કરવામાં આવી હતી. સંસ્થાના મંત્રી શ્રી. ભાઇચંદ અમરચંદ શાહે પ્રસ્તુત પ્રસંગ અંગેનું નિવેદન વાંચ્યું હતું અને ત્યાર બાદ આ અવસર ઉપર આવેલા અનેક સંદેશાઓનું શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહે વાંચન કર્યું હતું. આ અનેક સંદેશાઓમાં આ સમારંભના મહત્વને સમજાવતો અને પં. બેચરદાસના અનુપમ વ્યક્તિત્વનો સુપરિચય આપતો જરાક લાંબો છતાં અર્થપૂર્ણ સંદેશો પં. સુખલાલજીનો હતો. તે સંદેશો આ મુજબ હતો:—

"હું તમારું આમંત્રણ અને અંગત ઇચ્છા છતાં ચંદ્રક સમર્પણ વખતે હાજર નથી થઇ શકતો, એ બદલ હું લાચાર છું. તમારી સંસ્થા શ્રી વિજયધર્મસૂરી ચંદ્રક આજે જે વ્યક્તિને અર્પે છે તે પોતે જ શ્રી વિજયધર્મસૂરીના અનુગામી જ નહીં, પણ મારી પેઠે પ્રશંસક પણ છે. કાશીની યશોવિજય પાઠશાળામાં હું અભ્યાસ અર્થે ગયો ત્યાર બાદ થોડા જ મહીનામાં બેચરદાસ (તે વખતની ભાષામાં બેચર) આવ્યા હતા. ત્યારથી અમારી વચ્ચે પારસ્પરિક સૌહાર્દ રહ્યું છે. અને તે વિશેષપરિપાક પણ પામ્યું છે. એટલે સહેજે આવે પ્રસંગે ઉપસ્થિત રહેવાની લાલચ થઇ આવે.

હું જાણું છું ત્યાં લગી જૈન પરંપરામાં ગૃહસ્થ વિદ્યાર્થીઓને શાસ્ત્રીય શિક્ષણ આપવાની શરૂઆત, અને તે પણ કાશી જેવા વિદ્યાધામમાં શ્રી વિજયધર્મસૂરી પહેલાં કોઇ જૈને કરેલી નહીં. અને કોઇને એ વાત સુઝેલી પણ નહીં. જો એ પરંપરા યોગ્ય હાથે ચાલુ રહી હોત તો જૈન સમાજ શાસ્ત્રીય વિદ્યાની દરિદ્રતામાંથી કેટલેક અંશે ઉગરી જાત. આમ છતાં એ પ્રારંભિક પ્રયત્નનાં પરિણામો પણ જેવા તેવા નથી આવ્યા. પં. બેચરદાસ એમાનું એક વિશિષ્ટ પરિણામ છે, જેમણે છેલ્લા ૪૫ વર્ષ થયા એકધારું શાસ્ત્રીય સંશોધન, સંપાદન અને અનુવાદ આદિ કામ કર્યું છે.

પં. બેચરદાસ ભણ્યા તો છે મારી પેઠે માત્ર રૂઢિ અને અવૈજ્ઞાનિક મનાતી પ્રણાલિકાથી, પણ તેમનું સંશોધનશીલ માનસ અને સત્યલક્ષી દૃષ્ટિ એ બંન્નેએ તેમને મિથ્યા અને અવિચારી રૂઢિઓથી બહુ ઉંચે મૂક્યા છે. આ માર્ગે આગળ વધવામાં તેમને બહુ વેઠવું પડ્યું છે. અનેક લાલચો અને ધમકીઓ છતાં તેઓ સંકુચિત અને નિરાધાર માન્યતાઓને વશ થયા નથી. એમનો કાર્યકાળ અને જીવન-ઇતિહાસ એટલે રૂઢિ અને વહેમો સામે થઇ ઝઝૂમવાનો ઇતિહાસ એમ કહી શકાય. ગરીબ સ્વભાવના દેખાતા અને મિત્રોમાં કાંઇક અવ્યવહારૂ ગણાતા પંડિત બેચરદાસમાં જે સત્યને અને પોતાના સંશોધનને વળગી રહેવાની મક્કમતા છે તે જ તેમની સાચી બહાદુરી અને તેમની વ્યવહારનિષ્ઠા છે એમ મને લાગે છે.

જાતમહેનતથી આગળ વધવાનો પદાર્થપાઠ એમના જીવનમાંથી મળે તેમ છે. તેઓ સંસ્કૃત ભાષાના વ્યુત્પન્ન પંડિત છે ખરા, પણ તેમનું પારદર્શી પાંડિત્ય પ્રાકૃત ભાષા અને તેના સાહિત્ય વિષેનું છે. તેમણે એ ભાષા અને એના સાહિત્યને લગતું ઘણું કામ કર્યું છે. ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા માટે મુંબઇ યુનિવર્સિટીએ તેમને આપેલું આમંત્રણ અને તેને પરિણામે પ્રસિદ્ધ થયેલ "ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ" એ પુસ્તક ગવેષકો માટે મહત્વનું છે. એમના આગળના ભાષાન્તરો પણ ખાસ મહત્વનું સ્થાન ધરાવે છે.

હું જૈન સંઘની દૃષ્ટિએ ભાવનગર સામે જોઉં છું ત્યારે શ્રધ્ધેય સ્વ. કુંવરજીભાઇની કર્મઠ અને પ્રેમાળ વિદ્યામૂર્તિ મારી સામે આવે છે. આ ચંદ્રક સમર્પણ પ્રસંગે ગ્રંથમાળાએ તેમના જ પુત્રની પ્રમુખ તરીકેની વરણી કરી દીર્ઘદૃષ્ટિતા સુચવી છે. શ્રી. પરમાનંદદાસ એ માત્ર સૌરાષ્ટ્રવાસી કે માત્ર ગુજરાતના કે માત્ર જૈન વર્તુલના નથી. મારા જે થોડા ઘણા વિશિષ્ટ મિત્રો છે; તેમાં વધારે સ્પષ્ટ દૃષ્ટિ ધરાવનાર, વિશેષ નિર્ભયતાપૂર્વક અને છતાંય નમ્રપણે પોતાની વાત રજૂ કરનાર, અયોગ્ય બાબતમાં અયોગ્ય રીતે કોઇને નમતું ન આપનાર એવા તે એક છે. "પ્રબુદ્ધ જીવન"ના સુયોગ્ય સંચાલને તેમને જૈન-જૈનેતરોમાં આદરનું સ્થાન અપાવ્યું છે. આવા પ્રમુખને હાથે યોગ્ય વ્યક્તિનો સત્કાર થાય તે વિશેષ દીપે તેવું છે.

પ્રસ્તુત ચંદ્રક છે તે કરતા વધારે વજનદાર અગર હીરાજડીત હોત તો ઘણાને એમ લાગવાનો સંભવ છે કે બહુ મોટું ગારવ થયું, પણ મારી દૃષ્ટિએ અને કોઇ પણ વિવેકી વિચારકની દૃષ્ટિએ આવા ચંદ્રકનું મૂલ્ય તેની

આવો હો રાજહંસ, સૂના આ સરોવરે આ'વો' જેવાં કેટલાંક ગીતોમાં જે માધુર્ય અને સંગીત આપણને અનુભવવા મળે છે તે એના આ અંગ્રેજી ભાષાંતરમાં મળતું નથી. પરંતુ તેમાં દોષ અનુવાદકનો નહિ, પણ ભાષાનો છે. કારણ કે એક ભાષાનાં વિશિષ્ટ શબ્દમાધુર્યને બીજી પરદેશી ભાષામાં ઉતારવું સહેલું નથી. ન્હાનાલાલના 'તાજમહાલ' નામના કાવ્યને આ લેખકે અંગ્રેજીમાં ખરેખર સુંદર રીતે ઊતારી બતાવ્યું છે. એ ખાસ નોંધવું જોઇએ.

પરભાષામાંથી આપણી ભાષામાં અનુવાદો ઘણા થાય છે. અંગ્રેજી ઉપરાંત અંગ્રેજી મારફત ફ્રેંચ, રશિયન વગેરે પરદેશી ભાષાઓમાંથી તેમ જ બંગાળી, હિંદી, મરાઠી વગેરે હિંદની ભાષાઓમાંથી આપણે ત્યાં થોકબંધ અનુવાદિત પુસ્તકો પ્રગટ થાય છે. એમાં યે દિવસે દિવસે ગમે તેવા અધકચરા પુસ્તકોનાં ગમે તેમ કરી નાખેલા અનુવાદોનું પ્રમાણ વધી ગયું છે. જ્યારે બીજી બાજુથી આપણા લેખકોને બીજી ભાષામાં રજુ થવાની તક ભાગ્યે જ મળે છે, એ સંજોગોમાં આપણા ઉત્તમોત્તમ લેખકોની ઉત્તમોત્તમ કૃતિઓ પરભાષામાં ઊતરે એ અત્યંત આવશ્યક છે. તો જ બીજી ભાષાના લોકોને ગુજરાતી સાહિત્યનો વધારે સાચો ખ્યાલ મળી શકે. એટલે એ દૃષ્ટિએ શ્રી બાલચંદ્ર પરીખે ન્હાનાલાલના થોડાંક ગીતોને અંગ્રેજીમાં ઉતારવાનો આ જે પ્રયાસ કર્યો છે એ ગુજરાતી ભાષાની ખરેખર સ્તુત્ય સેવા છે, અને એવી સેવાની ગુજરાતને અને ગુજરાતી સાહિત્યને ઘણી જ જરૂર છે. આશા રાખીએ છીએ કે લેખક ન્હાનાલાલનાં બીજાં ગીતોનાં કે પુસ્તકોનાં તેમ જ બીજા ઉત્તમ ગુજરાતી લેખકોનાં પુસ્તકોને અંગ્રેજીમાં ઉતારી ગુજરાતની સારી સેવા બજાવે.

રમણલાલ. શાહ

વ્યવહાર–ભાષાની આર્થિક કિંમતમાં નથી પણ એની પાછળ રહેલી ભાવના અને દૃષ્ટિમાં છે. કઇ યોગ્યતાને કારણે, કઈ ભાવનાથી જાહેર સમારંભદ્વારા કદર કરવામાં આવે છે એના તારતમ્યની સમજણમાં જ ગૌરવ કે કદરદાની સમાયેલ છે એમ હું સમજું છું. પ્રસ્તુત ગૌરવની પાછળ આજન્મ શાસ્ત્રીય વિદ્યાનું પરિશીલન, ખાસ કરી જૈન પરંપરાને કેન્દ્રમાં રાખી ઉપાસેલી વિદ્યાની ભૂમિકા છે; નહીં કે કોઇ રૂઢ ક્રિયાકાંડની પ્રથા યા ઉગ્ર દેહદમન જેવા તપની ભૂમિકા.

ક્રિયાકાંડ ને અઘરા દેખાતા બીજા બાહ્ય તપો–એ બધાં કરતા વિદ્યાતપ બહુ વધારે અઘરું છે. એનો દેખીતો પુરાવો એ જ છે કે પ્રથમ પ્રકારના ઉમેદવારો સહેલાઈથી હજારોની સંખ્યામાં મળે છે, જ્યારે વિદ્યાતપનો ઉમેદવાર ભાગ્યે જ શોધ્યો જડે છે. વળી, વિદ્યાતપ એ એવું નથી કે જે ઝટપટ પુરું થઇ જાય ને એનું પારણું કે ઉજમણું તરત સંભવે, અગર સહેલાઈથી સંભવે. તેથી જ તો સાઠ વર્ષ પસાર કર્યા બાદ હવે પંડિત બેચરદાસના વિદ્યાતપનું કાંઈક ઉદ્યાપન જાહેર રીતે આજે થઇ રહ્યું છે. તેમણે કે તેમના જેવા બીજાએ પચીસ–પચાસ ઉપવાસ કરી કાઢયા હોત તો અગર ઉપધાન કર્યા હોત તો કેટલાય વર્ષો પહેલા કદાચ ઉજમણું થવા પામ્યું હોત.

નોબલ પ્રાઇઝ વિષે સૌ જાણે છે કે તે તે વિષયમાં ઉચ્ચતમ નિષ્ણાતતા ધરાવનારના આંતરરાષ્ટ્રીય ગૌરવનું એ પ્રતિક છે. એ પ્રથાનું અનુસરણ આપણા દેશમાં નાની મોટી વિદ્યાવિષયક અનેક સંસ્થાઓએ અને અનેક પરંપરાઓએ કરવા માંડયું છે. હું જાણું છું ત્યાં લગી જૈન પરંપરામાં આ દિશાએ પહેલી શરૂઆત શ્રી યશોવિજયજી ગ્રંથમાળાએ કરી છે. ખરી રીતે તેના કરતાં આર્થિક તેમ જ બીજી દૃષ્ટિએ વધારે માતબર બીજી જૈન સંસ્થાઓ ભાવનગરમાં અને અન્યત્ર પણ છે. તેમણે જુદી જુદી રીતે અને બની શકે તો સમ્મિલિત ભાવે જ વિદ્યા, કળા, સાહિત્ય અને સેવાને લક્ષીને કાંઇને કાંઇ ગૌરવ પ્રતીક્ષા યોજવા જોઇએ. તો જ જૈન સમાજમાં વિદ્યાદૃષ્ટિએ કાંઇક વિકાસ થશે અને થયેલો વિકાસ ટકી પણ રહેશે.

આજનો જમાનો વિદ્યા, સાહિત્ય કે સેવાની બાબતમાં સહેલાઇથી માન ખાટી જવાનો નથી. અત્યારે તો આવી વસ્તુઓનો માપદંડ બહુ મોટો અને બારીક પણ થયો છે. વિશ્વવિદ્યાલય, કોલેજો અને બીજા વિદ્યાવર્તુલો એટલો બધો વિશાળ ઉંડો અને તટસ્થ અભ્યાસ માગી લે છે કે તે સિદ્ધ કરતા જન્મારો જાય. અને ત્યારે જ લોકોના ધ્યાનમાં આવે. પણ સમાજે જો તેજસ્વીતા સાચવી રાખવી હોય અને ધર્મ તેમ જ જીવનના ક્ષેત્રમાં ઉભા થયેલા અને ઉભા થનાર નવા નવા કોયડાઓનો ઉકેલ વિચાર અને વિવેકથી કરવો હોય તો હવે માત્ર ક્રિયાકાંડમાં રાચ્યે અગર માત્ર વેશપુજામાં રાચ્યે કામ નહિ ચાલે."

આ સંદેશા વાંચન પુરું થયા બાદ શ્રી. રતિલાલ દીપચંદ દેસાઇ, શ્રી ભૂદાભાઇ સાકરચંદ વોરા, શ્રી વળવન્તરાય મહેતા, મુનિશ્રી કલ્યાણવિજયજી, અધ્યાપક રવિશંકર જોષી, આચાર્યશ્રી ડોલરરાય માંકડ, શ્રી પુલચંદ હરિચંદ દોશી તથા શ્રી પદ્મનાભ જૈને પ્રસંગોચિત વિવેચનો કર્યાં હતાં અને પંડિત બેચરદાસની ઉજ્જવળ જીવનકારકીર્દીના વિવિધ પાસાઓ ઉપર સારો પ્રકાશ પાડયો હતો અને સાથે સાથે જૈન સમાજની આજની પરિસ્થિતિ પરત્વે પણ પોતપોતાના વિચારો રજુ કર્યાં હતાં.

ત્યાર બાદ પ્રમુખશ્રીએ પંડિત બેચરદાસને સુવર્ણચંદ્રકનું પ્રદાન કર્યું હતું અને તેમનું પુલહારથી સન્માન કર્યું હતું. આ સુવર્ણચંદ્રક આપવા બદલ તેમ જ આવો ભવ્ય સમારંભ યોજવા માટે ઊંડા આભારની લાગણી વ્યકત કરતાં પંડિત બેચરદાસે નીચે મુજબ પ્રવચન કર્યું હતું :—

પં. બેચરદાસનું પ્રવચન

આજે અહીં મારા પ્રત્યે જે પ્રેમ દાખવવામાં આવ્યો છે તેની મારા દિલ ઉપર એવી ઊંડી છાપ પડી છે કે આ પ્રસંગે મારાથી વિશેષ બોલી શકાય એમ નથી. આપ ભાઇઓએ જે આ પ્રસંગ માંડયો છે તેને સારૂ હું લાયક છું એમ હું માનતો નથી. મેં તો મારા મિત્રોને કહેલું કે ચંદ્રક તમારે આપવો જ હોય તો એમ ને એમ આપી દો; વરઘોડો ચડાવવો રહેવા દો. આપ બંધુઓ ગુણના જ ગ્રાહક છો એટલે આપે મારા દોષો જોયા નથી. પણ ભગવાન મહાવીરે આંતરપંક્તિના જે ગુણો કહ્યા છે એનો વિચાર કરૂં છું ત્યારે હું વિચારમાં પડી જાઉં છું.

સ્વ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મારા મોટા ઉપકારી છે અને મુનિશ્રી જયંતવિજયજીનો પણ મારા ઉપર ઉપકાર છે. મારા ઉપરનું તેમનું ઋણ વાળી શકાય એવું નથી. હું બનારસમાં અભ્યાસ કરવા ગયો અને ત્યાં રહીને આ બન્નેની દેખરેખ નીચે મેં મારો અભ્યાસ આગળ વધાર્યો, વર્ષો જૂની વાત છે કે તે વખતે ગુજરાતમાં એવા આક્ષેપો થતા કે બનારસ પાઠશાળામાં કોઇ ભણતું નથી અને સાધુઓ અને છોકરાઓ ત્યાં માલમલીદા ઉડાવે છે. આવી વાતોનો જવાબ આપવા હું પાઠશાળાના વ્યવસ્થાપક સાથે અમદાવાદ આવેલો અને વિદ્યાવારિધિ ડા. આનંદશંકર ધ્રુવના પ્રમુખપદે અને બીજા પ્રસંગો યોજીને અમદાવાદમ સંસ્કૃતમાં કેટલાંક ભાષણો આપેલાં. ભાવનગરમાં પણ આવું એકાદ ભાષણ આપ્યાનું મને સાંભરે છે.

આ તો મારા ભણતરની વાત થઇ. પણ એ ભણતર દરમ્યાન અને તે પછીના મારા કાર્ય દરમ્યાનના મારા સાથીઓનો અને સહકાર્યકરોનો વિચાર કરૂં છું ત્યારે અનેક વ્યક્તિઓ મારા સ્મરણપટ ઉપર અંકિત થાય છે. પાઠયસહ્ મહણણુવો જેવા મોટા ગ્રંથને એકલે હાથે તૈયાર કરનાર સ્વ. પં. શ્રી હરગોવિંદદાસ શેઠની સાથે તા મં શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાના અનેક ગ્રંથોનું સંપાદન કરેલું. પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રી સુખલાલજી સાથે બનારસમાં રહેવાનું સૌભાગ્ય મને મળેલું અને ત્યારપછીનાં મારા જીવનનાં ઘણાં કીંમતી વર્ષો મેં એ મહાનુભાવની સાથે જ ગાળેલાં. પૂજ્ય ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠમાં તેમની સાથે જ મેં ' સન્મતિતર્ક ' નામના ન્યાયનાવાદમહાર્ણવ જેવા ગ્રંથનું લગભગ દસ વર્ષ સુધી સંપાદન કરેલું છે. આપણા સંઘના સદ્ભાગ્ય છે કે–આવે જીર્ણ દેહે તેઓ પણ નિરંતર સાહિત્યનું કામ કરતાં રહીને જૈન સંઘને શોભાવી રહ્યા છે. અમારા બનારસના સાથી શ્રી ભીમજીભાઇ સુશીલ તો કદી વીસર્યા ન વિસરાય એવા અમારા સ્નેહી છે. બીજું સ્મરણ મને મુનિશ્રી જિનવિજયજીનું થાય છે. તેઓ ક્રાંતિવીર, કાર્યવીર અને ધર્મશાસનની ભારે દાઝવાળા છે. આ સાથે મારા વયોવૃદ્ધ સ્નેહી શ્રી નાથુરામજી પ્રેમીનું નામ પણ હું ભૂલી શકતો નથી. તેઓ દિગમ્બર હોવા છતાં ભારે સમદર્શી છે. અમારૂં સખ્ય અતૂટ છે. મુનિરાજશ્રી પુણ્યવિજયજીનું પુણ્ય નામ સંભારવાનું હું ભૂલી શકતો નથી. પોતાના દાદાગુરૂ પ્રવર્તકશ્રી કાંતિવિજયજી અને ગુરૂશ્રી ચતુરવિજયજીના શ્રામણ્યની સુવાસ એમનામાં ઊતરી આવી છે. તેઓએ પ્રાચીન ગ્રંથોના ઉદ્ધારનું જે કામ હાથ ધર્યું છે તે એક મહાભારત કામ છે. આવી જ રીતે મુનિશ્રી રમણિકવિજયજીની સૌજન્યભરી મૂર્તિ મારી સામે ખડી થાય છે.

આમ આજે કંઇ કંઇ મહાનુભાવોનું મને સ્મરણ થઇ આવે છે. અને ભાવનગર તો મને મારૂં ઘરઆંગણું જ લાગે છે. અહીં મારે અનેક કૌટુંમ્બિક સંબંધો બંધાયા છે. સ્વ.

ધર્મપ્રાણ શ્રી કુંવરજીભાઇ, વિદ્યારસિક શ્રી અમરચંદભાઈ અને શ્રીમાન ગિરધરભાઇનું મારા પ્રત્યેનું વાત્સલ્ય હું વીસરી શકું એમ નથી. એ બધાની હૂંફ મને પિતાની હૂંફની ગરજ સારતી. "જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ" નામના જૈન સમાજમાં ભારે સંક્ષોભ ઉપજાવનાર મારા ભાષણ વખતે એને સહૃદયતાપૂર્વક સમજવાની ભાવના ધરાવનાર ઉદારદિલ પ્રમુખ તરીકે સ્વ. શ્રી મોતીચંદભાઇ હતા તે પણ ભાવનગરના જ છે અને મારા એ ભાષણ સામે જાગેલ વિરોધથી ડરી નહીં જવાની પત્રદ્વારા મને હિંમત આપનાર શેઠશ્રી જૂઠાભાઇ વોરા તથા બીજા કેટલાક સદ્‌ગૃહસ્થો પણ ભાવનગરના જ છે. સ્વ. શ્રી નરોત્તમદાસ ભાણજીને પણ મારે આ પ્રસંગે સંભારવા જ જોઇએ. આમ અનેક રીતે ભાવનગરે મારા જીવનમાં અગત્યનું સ્થાન મેળવ્યું છે.

અને જે સંસ્થાએ સમારંભનું કમઠાણ ઉભું કર્યું છે તેના બધાય કાર્યકરો તો મારા મિત્રો જેવા છે.

આ પ્રસંગે આપણા સમાજની સ્થિતિ અંગે થોડીક વાતો રજૂ કરવી યોગ્ય લાગે છે. આપણે ત્યાં કર્મવાદ એટલે 'જે થવાનું હશે તે થશે' એ વાત જે રીતે સમજવા લાગી છે તેથી આપણને ઘણી હાનિ થઇ છે. એથી આપણે પુરૂષાર્થ કરવાથી પાછા પડયા છીએ. ભ. મહાવીરે કર્મવાદ સમજાવ્યો તેની પાછળ પણ પુરૂષાર્થની પ્રબળ ભાવના રહેલી છે તે આપણે ન સમજ્યા એટલે આપણે કર્તવ્યહીનતા અને અનેક વહેમોમાં સપડાઈ ગયા. ભગવાન મહાવીરનો ઉપદેશ તો સ્વાશ્રયી બનવાનો જ છે. સંપ્રદાયોના પરસ્પર ધર્ષણો આપણે ત્યાં વારંવાર ઉભા થાય છે તેમાં પણ જૈન ધર્મને આપણે મૂળરૂપે ન સમજ્યા તે જ કારણ છે. ભૂતકાળની કેટલીય બાબતો માટે આપણે ગૌરવ લઇએ છીએ; પણ એમાં સાચું ગૌરવ લેવા જેટલું કેટલું છે અને સાર વગરનું કેટલું છે એનું તારતમ્ય કાઢતા નથી અને ભૂતકાળને કેવળ વખાણ્યા જ કરીએ છીએ તેથી આપણી પડતી થઇ છે. આપણે આત્મશુધ્ધિના બદલે લબ્ધિઓને-ભૌતિક સિધ્ધિઓને મહત્ત્વ આપવા લાગ્યા એમાં આપણે જૈન દર્શનનું અસલી સ્વરૂપ વીસરી ગયા. અને ધીરે ધીરે આપણે એવા સ્વાર્થીલા બની ગયા કે સાંધિક બળ આપણે લગભગ ગુમાવી બેઠા. દેવદ્રવ્યનો પ્રશ્ન પણ આપણે યથાસ્થિત રીતે સમજવાનો પ્રયત્ન નથી કરતા. આ ઉપરાંત જૈન સંસ્કૃતિને ન છાજે એવી કેટલીય પ્રવૃત્તિઓ અને સંકુચિતતાઓ આપણામાં ઘર કરી બેઠી છે, જે જોઇને મનમાં ભારે આઘાત લાગ્યા વિના નથી રહેતો.

દીર્ઘ તપસ્વી ભગવાન મહાવીરનો સર્વકલ્યાણમય વારસો મળવા છતાં આમ કેમ બન્યું ? એનો હું વિચાર કરું છું ત્યારે મને આ બધાનું મુખ્ય કારણ આપણે જ્ઞાનથી દૂર થયા એ જ છે એમ લાગે છે. ધીમે ધીમે આપણે ગૃહસ્થો શાસ્ત્રોના અધ્યયનથી વંચિત થતા ગયા. પરિણામે સાચી વાત આપણા મનમાંથી સરી ગઇ. આમ થવાનું કારણ પણ અત્યારે આપણો સમાજ વેપારીઓનો સમાજ બની ગયો છે તે હોય એમ મને લાગે છે, પણ જો આપણે આ બધાથી બચીને આગળ વધવું હોય તો આપણે સ્વયં શાસ્ત્રાભ્યાસ કરવો પડશે અને સારા સારા પંડિતો તૈયાર કરીને તેમની પ્રતિષ્ઠા સાચવવી પડશે. આપણી પાસે બહુ કીંમતી ઝવેરાત છે, પણ આપણે એ અત્યાર લગી છુપાવી રાખ્યું છે. પણ હવે એમ ચલાવ્યે રાખ્યે આપણું કામ ચાલવાનું નથી. આપ સહુ જાણો છો કે પૂજ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજે આગમોના નવસંસ્કરણનું ભારે કામ ઉપાડયું છે. તે બહુ મહત્ત્વનું કામ છે. એ કામમાં જૈનસંઘે તન મન ધનથી સાથ આપવો જોઇએ.

અહીં મળેલા સૌરાષ્ટ્રના લેખકભાઇઓને મારે એટલું જ કહેવાનું છે કે આપ જૈન સાહિત્યને બરાબર જોશો તો તેમાં આપને અનેક રીતે ઘણું જાણવાનું મળશે. એમાં 'બૃહત્કથા-કોષ' જેવા અનેક કથાના ભંડારો પડયા છે. અને જૈન સંસ્થાઓને મારી વિનંતી છે કે સહુને વાંચવાનું દિલ થાય એવી રીતે જૈન શાસ્ત્રોને અને તેના અનુવાદોને પ્રગટ કરે અને સહુને માટે સુલભ બનાવે.

ભાવનગરની ત્રણ સાહિત્ય સંસ્થાઓ શ્રી આત્માનંદ જૈન સભા, શ્રી જૈનધર્મ પ્રસારક સભા અને શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા ભેગી મળીને કામ કરે તો આ દિશામાં ખૂબ કામ થઇ શકે.

છેલ્લે છેલ્લે મારું કહેવું એ છે કે-આપણી નવી પેઢી નાસ્તિક નથી પણ જિજ્ઞાસુ છે, એની જિજ્ઞાસાને સંતોષે એવું સાહિત્ય પ્રગટ કરવું અને એમને સંતોષ થાય એ રીતે ધર્મની વાતો તેમને સમજાવવી એ અત્યારે ખાસ જરૂરી છે.

આમ છેવટે બધી વાત જ્ઞાનની ઉપાસના અને જ્ઞાનના પ્રકાશન ઉપર આવીને ઊભી રહે છે. એનો આપ સહુ વિચાર કરો એ જ મારી નમ્ર વિનંતી છે.

પ્રમુખશ્રીનો ઉપસંહાર

ત્યાર બાદ સમગ્ર સમારંભનો ઉપસંહાર કરતાં "પ્રમુખ-સ્થાનેથી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે સામાન્યતઃ આગોચર અપ્રસિદ્ધ એવા પંડિત બેચરદાસ જીવરાજ દોશીના જ્ઞાનોપાસનાનિષ્ટ જીવનનો વિશાળ સમાજને આવા સમારંભદ્વારા પરિચય કરાવવા માટે શ્રી યશોવિજયજી ગ્રંથ-માળાના કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે. આવા પ્રસંગનું પ્રમુખ-સ્થાન સ્વીકારવા માટે મારી યોગ્યતા કેટલી એ મારે મન એક મુંઝવતો પ્રશ્ન હતો. આવા એક વિદ્વદ્વર્યનું સન્માન કરવા માટે એમનાથી પણ અધિકતર વિદ્વત્તા ધરાવતી વ્યક્તિને પ્રમુખસ્થાન ઉપર નિયુક્ત કરવી જોઇએ. આ રીતે વિચારતાં આ જવાબદારી માટે મારી કોઈ યોગ્યતા ગણાય જ નહીં. હું નથી કોઈ પંડિત, નથી મેં કોઇ ગ્રંથોનું નિર્માણ કર્યું. પણ આ પ્રસંગનો બીજી રીતે વિચાર કરીને મેં આ સ્થાન સ્વીકારી લેવાનું ઉચિત ધાર્યું. આજથી ૩૩ વર્ષ પહેલાં ધર્મવિરૂદ્ધ શાસ્ત્રવિરૂદ્ધ વિચારો પ્રગટ કરવા માટે અમદાવાદના શ્રી સંઘે ભાઇ બેચરદાસનો સંઘબહિષ્કાર જાહેર કરેલો. તે મુજબ અને તેવા જ કારણોસર આજથી પંદરેક વર્ષ પહેલાં મને પણ એ જ અમદાવાદના સંઘે સંઘબહિષ્કૃત કરેલો. પંડિત બેચરદાસે "જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ" એ વિષય ઉપર આજથી ૩૩ વર્ષ ઉપર જે વ્યાખ્યાન આપેલું અને જે માટે તેમને સંઘ બહાર કરવામાં આવેલા તે વ્યાખ્યાન મારા સ્વર્ગસ્થ વડિલ બંધુ મોતીચંદ ગિરધરલાલ કાપડિયાના પ્રમુખસ્થાને આપવામાં આવેલું. તો મને એમ થયું કે મારા આ સહધર્મી બંધુને મારા પ્રમુખસ્થાનેથી મારા હાથે સુવર્ણચંદ્રક અપાય એ સુયોગ્ય ઘટના લેખાશે એમ ધારીને મેં આ સ્થાન સ્વીકારવાની સંમતિ આપી અને એ રીતે આજે મને આપની સમક્ષ ઉપસ્થિત થવાની તક મળી છે. આવી તક આપવા માટે યશોવિજયજી જૈન ગ્રંથમાળાના કાર્યવાહકોનો હું આ સ્થળે આભાર માનું છું.

પંડિત બેચરદાસે મુંબઇ યુનિવર્સીટી તરફથી યોજાતી ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં આજથી તેર વર્ષ પહેલાં "ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિ" એ વિષય ઉપર પાંચ વ્યાખ્યાનો આપેલાં અને તેમાં તેમણે બારમા સૌકાથી અઢારમાં

સૈકા સુધીનો ગુજરાતી ભાષાનો ઇતિહાસ રજુ કરેલો. આ વ્યાખ્યાનો ત્યાર બાદ એક પુસ્તક રૂપે પ્રગટ થઈ ચુકયા છે અને ભાષાશાસ્ત્રના ક્ષેત્રમાં તે એક આધારભૂત ગ્રંથ તરીકે લેખાય છે. આ તેમની વિશિષ્ટ સાહિત્યકૃતિને ધ્યાનમાં રાખીને યશોવિજયજી ગ્રંથમાળાએ નીમેલી શ્રી વિજયધર્મસૂરિજી સુવર્ણચંદ્રક સમિતિએ આજથી ત્રણ વર્ષ પહેલાં આવા સુવર્ણચંદ્રક માટે તેમની યોગ્યતા જાહેર કરેલી. આપ જાણો છો તેમ આ સુવર્ણચંદ્રક પંડિત બેચરદાસને જાહેર રીતે અર્પણ કરવા આપણે સૌ આજે અહિં એકઠા થયા છીએ.

આ સુવર્ણચંદ્રકની યોજના વિ. સં. ૨૦૦૩ માં કરવામાં આવેલી. આજ સુધીમાં આ સુવર્ણચંદ્રક બે વ્યકિતઓને અર્પણ કરવામાં આવેલ છે. (૧) પંડિત સુખલાલજી (૨) શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા. આ ઉપરાંત મુનિ જિનવિજયજીને આવો સુવર્ણચંદ્રક આપવાનું આજથી ચાર વર્ષ પહેલાં નક્કી કરવામાં આવ્યું છે, પણ તેમનું આ રીતે જાહેર સન્માન કરવાનો પ્રસંગ હજુ સુધી ઉભો કરી શકાયો નથી. આ પરંપરામાં ચોથી વ્યકિત આજના આપણા અતિથી અને માન્યવર મિત્ર પંડિત બેચરદાસ જીવરાજ દોશી છે અને એ પરંપરામાં તેમની ઉમેરણી બધી રીતે સુયોગ્ય લાગે છે.

પંડિત બેચરદાસની જે જીવનરેખા આપની સમક્ષ રજુ કરવામાં આવી છે અને અહિં અનેક વકતાઓ તરફથી જે કાંઇ છુટું છવાયું બોલવામાં આવ્યું છે તે ઉપરથી આપને માલુમ પડયું હશે કે ભાઇ બેચરદાસ કેવળ ગ્રંથોપજીવી પંડિત નથી. તેમના આજ સુધીના સમગ્ર જીવનની વિગતો જ્યારે આપણે ધ્યાનમાં લઇએ છીએ ત્યારે એક સાધારણ લેખક, સાહિત્યકાર કે ગ્રંથકાર કરતાં તેમનું જીવન કેટલું જુદા પ્રકારનું છે અને સામાન્યતઃ વિરલ એવી અનેક વિશેષતાઓથી ભરેલું છે તેનો આપણને ખ્યાલ આવે છે અને આ સુવર્ણચંદ્રક ખરેખર એક વિશિષ્ટ કોટિની વ્યકિતને આપવામાં આવે છે એવી આપણને પ્રતીતિ થાય છે.

તેમને આજે ૬૩ વર્ષ થયાં છે. તેમના પિતા તેમના બાલ્યકાળમાં વિદેહ થયેલા. અત્યન્ત ગરીબાઇમાં તેમની માતાએ તેમને ઉછેર્યા. શેઠ ગુજરાતી ભણ્યા ન ભણ્યા અને સ્વર્ગસ્થ આચાર્ય શ્રી વિજયધર્મ સૂરિએ શરૂ કરેલી બનારસની જૈન પાઠશાળામાં તેઓ જોડાયા અને સંસ્કૃત પ્રાકૃત ભાષાનો, વ્યાકરણનો, ન્યાયગ્રંથોનો, આગમોનો તેમણે અભ્યાસ કર્યો. અને ન્યાયતીર્થ તથા વ્યાકરણતીર્થની ઉપાધિઓ પ્રાપ્ત કરી. આ તેમના જ્ઞાનયોગની વિગતો ભારે રોમાંચક છે. જ્ઞાનપિપાસા તેમને એક સ્થળેથી બીજે સ્થળે લઇ ગઇ, ખાવાપીવા તથા રહેવાના સાંસા, પોતાનો તેમ માતાના ઉદરનિર્વાહનો ચાલુ પ્રશ્ન, આમ અનેક મુશ્કેલીઓ અને હાડમારીઓ વચ્ચે તેમણે વિદ્યાર્થીજીવન પુરૂં કર્યું. તેમના અભ્યાસકાળ દરમિયાન મૂળ આગમમાં જે ધાર્મિક જીવનનો ખ્યાલ આપવામાં આવ્યો તેમાં અને આજના રૂઢ, સાંપ્રદાયિક ગતાનુગતિક જીવનમાં જે મહદ્ અન્તર રહેલું છે તેનું તેમને ભાન થયું અને આજના દંભ, પાખંડ, ચાલી રહેલા અસત્યો, પ્રત્યે તેમના દિલમાં ધૃણા પેદા થઇ અને એ રીતે વ્યવહારૂ જીવનના પ્રારંભથી જ તેઓ બળવાખોર બન્યા. પોતાના મન્તવ્યો તેઓ નિડરપણે સમાજ સમક્ષ રજુ કરવા લાગ્યા. તેને લીધે એ વખતના સ્થિતિચુસ્ત સમાજમાં ભળભળાટ પેદા થવા લાગ્યો. આગમ તો સાધુઓ જ વાંચી શકે એવી એ વખતે માન્યતા હતી. તેના સ્થાને આગમોનો પોતે અભ્યાસ કર્યો અને તેનું પ્રકાશન અને અનુવાદ કરવાની પ્રવૃત્તિમાં પણ તેઓ જોડાયા દેવદ્રવ્યનો મંદિર તથા મૂર્તિ સિવાય અન્યત્ર ઉપયોગ થઇ ન શકે આ રૂઢ માન્યતા કેટલી પાયાવિનાની અને અશાસ્ત્રીય છે તેનો તેમણે લોકોને ખ્યાલ આપ્યો અને તે વખતના સ્થિતિચુસ્ત જૈન સમાજે ભારે પ્રકંપ અનુભવ્યો. તેમનો અમદાવાદના જૈન સંઘે ભારે તિરસ્કારપૂર્વક બહિષ્કાર કર્યો. તેમના પ્રત્યે સાધુઓ અને શ્રાવકો તરફથી તિરસ્કાર વરસાવવામાં આવ્યો; તેમને મારવાની ખુન કરવાની ધમકી અપવામાં આવી. પણ તેઓ સદા અણનમ રહ્યા. આજે જ્યારે આ બધા વિચારો આપણને પચી ગયા છે ત્યારે આમાં કશી નવીનતા કે અસાધારણપણું લાગતું નથી પણ આજથી ત્રીશ ચાલીશ વર્ષ પહેલાંનો યુગ જુદો જ હતો. ચાલુ ધાર્મિક માન્યતા કે રૂઢિ વિરૂદ્ધ એક પણ શબ્દ ઉચ્ચારવાની કોઇ હિંમત કરતું નહોતું. આવા વખતે એક સાધારણ સ્થિતિનો માણસ જેને કેમ જીવવું આને ટકવું એ પણ એક સવાલ હતો તે માથું ઉંચકીને કહે કે આ તમારી માન્યતા ખોટી છે; આ તમારી પરંપરા પાયા વિનાની છે; એ આચાર કેવળ દંભ અને પાખંડ છે; આગમો હું વાંચીશ, શિખવીશ અને પ્રગટ કરીશ. દેવદ્રવ્યનો સામાજિક ઉપયોગ થઈ શકે છે વગેરે, તે કાંઇ નાનીસુની વાત ન કહેવાય. તેમણે પોતાના વિચારો દર્શાવવામાં જે ટેક બતાવી છે, નિડરતા દાખવી છે અને તે ખાતર સહન કર્યું છે તે અસામાન્ય છે. તેમની તુલનામાં મૂકી શકાય એવી જૈન સમાજમાં બહુ ઓછી વ્યકિતઓ પાકી છે.

આ રીતે જોતાં માલુમ પડશે કે બેચરદાસે કેવળ અધ્યયન અને અભ્યાસપૂર્ણ ગ્રંથોના પ્રકાશનથી જીવનપર્યાપ્તિ નથી માની. જેટલી અપૂર્વ તેમની જ્ઞાનનિષ્ઠા છે તેટલી જ અપૂર્વ તેમની સત્યનિષ્ઠા છે અને તેટલી જ ઉગ્ર તેમના દિલમાં અસત્ય પ્રત્યે, દંભ અને પાખંડ પ્રત્યે ધૃણા છે. તેમના લખાણોમાં, ઉદ્ગારોમાં ઘણી વાર અસમતા, આવેશ, કઠોરતા માલુમ પડે છે, પણ તેના પાયામાં તેમની પ્રકૃતિમાં રહેલો પુણ્યપ્રકોપ અને અસત્ય સહી ન શકવાની અકળામણ રહેલી છે.

આ સાથે અન્ય સાહિત્યકારોમાં કે પુરાતત્વસંશોધકોમાં સાધારણ રીતે નજરે પડતી નથી તે રાષ્ટ્રનિષ્ઠા પણ બેચરદાસમાં માલુમ પડે છે. આ જ કારણે તેમણે ૧૯૩૦-૩૨ ના ગાળા દરમિયાન જેલવાસ વેઠેલો અને ત્યાર પછી પણ તેઓ સરકારી હુકમના કારણે અમદાવાદ આવીને રહી શકયા નહોતા અને તેમને મેવાડ મારવાડમાં પાંચ છ વર્ષ ગાળવા પડેલા અને ઉદરનિર્વાહ શોધવો પડેલો. આ રીતે જ્યારે રાષ્ટ્રનું આહ્વાન થયેલું ત્યારે પુસ્તક પાનાને બાજુએ મૂકીને સામુદાયિક જંગમાં તેમણે ઝંપલાવેલું અને હસતા મોઢે અનેક યાતનાઓ સહન કરેલી.

આવી એક વિશિષ્ટ વ્યકિતને આપ સર્વની વતી સુવર્ણચંદ્રકનું પ્રદાન કરતાં હું ખૂબ આનંદ અનુભવું છું અને મારી જાતને અહોભાગ્ય માનું છું.

આ પ્રસંગ ભાવનગરમાં ઉજવાય છે, હું ભાવનગરમાં ઉછર્યો છું અને મોટો થયો છું, અહિંના જૈન સમાજ સાથે મને ઘનિષ્ટ સંબંધ છે. આજે આ સમારંભમાં પણ જૈન સમાજ મોટા ભાગે ઉપસ્થિત થયો છે. આ હકીકત લક્ષમાં લઇને અહિંના જૈન સમાજને ઉદ્દેશીને બે વાત કહું તો અસ્થાને નહિ લેખાય.

સૌરાષ્ટ્રમાં ભાવનગર અને ભાવનગરમાં જૈન સમાજ ભારે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જેઓ આજે આપણી વચ્ચે નથી તેમના પુરૂષાર્થ અને સમાજને ઉંચે લાવવાની તમન્નાના પરિણામે ભાવનગરના જૈન સમાજે આ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. આ સમાજના છેલ્લા પચ્ચાસ વર્ષનો ઇતિહાસ જોઇએ તો

માલુમ પડે છે કે આ સમાજ પણ આરોહ અવરોહ, તેજસ્વીતા અને મન્દતાના ચક્રમાંથી પસાર થયો છે. આજથી ચાળીશ પચ્ચાસ વર્ષ પહેલાંનો સમય અહિંના જૈન સમાજ માટે અભ્યુદયનો કાળ હતો. એ દરમિયાન બે મોટી સાહિત્યસંસ્થાઓ અસ્તિત્વમાં આવી અને ભાવનગરના જૈન સમાજના આગેવાનોનું પ્રભુત્વ ચોતરફ ખૂબ વિસ્તર્યું. નિશાળો અને કોલેજોમાં જૈન વિદ્યાર્થીઓની ભરતી થવા લાગી અને એ વખતમાં ઉભી કરવામાં આવેલી જૈન બોર્ડીંગ પણ વિદ્યાર્થીઓની માંગને પહોંચી ન શકે એવી સ્થિતિ ઉભી થઇ. ધર્મસાહિત્યના અભ્યાસીઓ પણ એ કાળમાં સારા પ્રમાણમાં નજરે પડવા લાગ્યા. પછી પાછો મન્દતાનો કાળ આવ્યો. ઉગતી ઉમરના વિદ્યાર્થીઓ વિદ્યાની ઉપાસના છોડી વ્યાપાર તરફ વળવા લાગ્યા. બોર્ડીંગ ખાલી પડવા લાગી. ધર્મસાહિત્યની અભિરુચિ એકાએક ઓસરી ગઇ.

આ બધું બનવા છતાં ભાવનગરના જૈન સમાજની એક વિશેષતાનો આજ સુધી એકસરખો અનુભવ થતો રહ્યો છે અને તે છે તેનામાં રહેલી દિલની વત્સલતા, વિચારની ઉદારતા. અનેક સ્થળના અનેક સંઘોએ અનેકને બહિષ્કૃત કર્યા છે, તિરસ્કૃત કર્યા છે, તુચ્છકાર્યા છે. ભાવનગરમાં આજ સુધી આવી એક પણ ઘટના બનવા પામી નથી. અહિં જૈન આચાર્યો અને મુનિરાજો જેમ સન્માન પામ્યા છે તેમ જ સુખલાલજી અને જિનવિજયજી, પંડિત લાલન અને બેચરદાસ– આવી બળવાખોર વ્યક્તિઓ પણ આદરને પાત્ર છે. ભાવનગરના જૈન સમાજ માટે આ એક ભારે ગૌરવપ્રદ હકીકત છે.

આ ઉદારતા, દિલની વિશાળતા આજ આપની પાસે એક નવી ઘટનાની અપેક્ષા રાખે છે. આ શહેરમાં આજ સુધી પોતપોતાની રીતે અલગ રહીને કામ કરતી શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, જૈન આત્માનંદ સભા અને યશોવિજયજી જૈન ગ્રંથમાળા–એ ત્રણ સંસ્થાઓનું એકીકરણ, હવે અત્યન્ત આવશ્યક છે, કારણ કે આ સંસ્થાઓના મૂળ કાર્યકર્તાઓમાંથી કેટલાક વિદાય થયા છે અને જીવંત છે તેઓ પણ જરાથી જર્જરિત થઇ રહ્યા છે; નવા કાર્યકર્તાઓ આકર્ષાતા નથી; પ્રત્યેક સંસ્થાની જ્યોત ઓછા વધતા અંશે ઝાંખી થઇ રહી છે. આજે જે કાર્ય થઇ રહ્યું છે તેમાં પણ ધરમૂળથી ફેરફાર થવાની જરૂર છે.

આ શકિત ઉપર જણાવેલ ત્રણ સંસ્થાઓના એકીકરણમાંથી પેદા થઇ શકે તેમ છે. નવી દૃષ્ટિપૂર્વક આવું એકીકરણ કરવામાં આવે તો જૈન પરંપરાનું, સાહિત્યસંશોધનનું, જૈન વિષયોને લગતા અનુસ્નાતક અભ્યાસનું ભાવનગરને એક કેન્દ્ર બનાવી શકાય. હું બોલ્યો છું અને ઉંડા દિલની અપેક્ષા રાખું છું કે અહિંનો જૈન સમાજ ચાલીશ પચ્ચાસ વર્ષ પહેલાના અભ્યુદયકાળને સંભારીને પુનઃ જાગૃત થાય, સચેત થાય, પોતાના સંતાનોને વિદ્યાભિમુખ તેમ જ શ્રમાભિમુખ કરે, ઉપર જણાવ્યાં મુજબના એકીકરણ દ્વારા પોતાની ઉન્નતિ સાધે અને આજે જે વિચાર અને આચારનું ચોતરફ નવનિર્માણ થઇ રહ્યું છે તેમાં પોતા તરફથી મહત્વનો ફાળો આપે. આવા કોઇ નવઘડતર તરફ આજથી પગલાં મંડાશે તો આજનો સમારંભ સવિશેષ સાર્થક થયો લેખાશે.”

ત્યાર બાદ શ્રી. હરિલાલ દેવચંદે પંડિત બેચરદાસનો, પ્રમુખશ્રીનો તથા ઉપસ્થિત ભાઇ બહેનોનો આભાર માન્યો હતો અને આનંદ અને હર્ષનાદ વચ્ચે સભા વિસર્જન થઇ હતી.

ભૂલસુધાર

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં કુમારી ઇન્દુકલાનો પરિચય આપતાં તેમના પિતા શ્રી હીરાચંદ કસ્તુરચંદ મુંબઇના સ્થાનકવાસી જૈન છે એમ છપાયું હતું. તેના બદલે તેઓ સુરતના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન છે એમ સુધારીને વાંચવા વિનંતિ છે. તંત્રી

પ્રકીર્ણ નોંધ

ઘોર તપસ્યાએ આણેલો એક અમૂલ્ય માનવજીવનનો અંત

લાંબી મુદતના ઉપવાસો દ્વારા જેમને જૈન સમાજમાં સારી ખ્યાતિ મળી છે એવા માંગરોળનિવાસી શ્રી જવલબહેનના દિલમાં મોગલ સમ્રાટ અકબર બાદશાહના સમયમાં ૭ મહીનાની ઉગ્ર તપશ્ચર્યા કરીને તત્કાલીન જનતાને આશ્ચર્યમુગ્ધ બનાવનાર ચંપા શ્રાવિકાના પગલે ચાલીને ૭ માસના ઉપવાસ કરવાનો સંકલ્પ ઉદ્ભવ્યો અને તે મુજબ તેમણે બીજા વૈશાખ શુદિ ૧૧ ૨૪-૫-૫૩ રવિવારના રોજ અનશનનો પ્રારંભ કર્યો, નાની મુદતના ઉપવાસના પચખ્ખાણ (પ્રતિજ્ઞા)થી તેમણે શરૂઆત કરી, અને એ મુદત પુરી થાય એટલે નવી મુદતના પચખ્ખાણ તેઓ લેતા રહ્યા. એમ ભાદરવા વદ ૮ તા. ૩૦-૯-૫૩ બુધવારના રોજ તેમણે ૧૩૦ દિવસના ઉપવાસ પુરા કર્યા. અને તે દિવસે તેમણે બીજા ૧૧ દિવસના પચખ્ખાણ લીધા, પણ તે મુદત પુરી થાય તે પહેલાં ભાદરવા વદિ ૮ તા. ૫-૧૦-૫૩ સોમવારની રાત્રે ૮-૫૫ વાગ્યે ઉપવાસજર્જરિત શરીરના માળખાનો તેમણે ત્યાગ કર્યો. અને તેમના અવસાનનું માંગરોળવાસી પ્રજાજનોએ મોટી સ્મશાનયાત્રા કાઢીને ભવ્ય ઉદ્યાપન કર્યું.

અવસાન સમયે તેમની ઉમ્મર આશરે પચ્ચાસ વર્ષની હતી. ઓસવાલ જ્ઞાતિના આ જવલબહેન હીરાચંદ ૧૧ વર્ષની ઉમ્મરે પરણેલાં અને ૧૩ વર્ષની ઉમ્મરે વિધવા થયેલાં. ત્યાર બાદ તેમનો ધાર્મિક અભ્યાસ ઠીક હોવાથી કોઇ જૈન પાઠશાળામાં તેઓ જોડાયાં હતાં અને ધાર્મિક શિક્ષિકા તરીકે પોતાનો જીવનનિર્વાહ કરતાં હતાં. સોળ વર્ષની ઉમ્મરથી તેઓ તપશ્ચર્યા તરફ ખેંચાયા હતાં. ૩૦ થી ૬૩ દિવસ સુધીના ઉપવાસો ચોવીહારા–નિર્જળા–પણ તેમણે કરી બતાવ્યા હતા. અને ૭૦, ૧૦૮ અને છેવટના ૧૩૫ એવા લાંબી મુદતના તેવીહારા–પાણી સાથેના–ઉપવાસોનો પુરુષાર્થ પણ તેમણે દાખવ્યો હતો. દુંકી મુદતનાં અનશનો તો તેમણે અનેક કર્યાં હતાં અને જાણે કે જીવનમાં બાધું ઓછા દિવસ અને ઉપવાસ ઘણા કર્યા એવું અનશનોની પરાકાષ્ટા દાખવતું જીવન તેમણે જીવી બતાવ્યું.

આ રીતે એક માનવી અન્ન વિના તેમ જ અન્નજળ ઉભય વિના કેટલા દિવસ ટકી શકે એની જો કોઇ ઠેકાણે તવારીખો નોંધાતી હોય તો તે ઇતિહાસમાં સંભવ છે કે જવલબહેનનું નામ અગ્રસ્થાને નોંધાય. પણ આવા દીર્ઘકાલીન ઉપવાસોની ધાર્મિક જીવનસાધનામાં ખરેખર કોઇ ઉપયોગીતા છે ખરી? એ પ્રશ્ન આપણ સર્વેએ વિચારવો ઘટે છે.

પરંપરાગત માન્યતા–ખાસ કરીને જૈન સમાજમાં–એવી છે કે આત્મોન્નતિ માટે તપ એક અમોઘ અને અદ્વિતીય સાધન છે; તપ એટલે ઉપવાસ–અનશન. જે જેટલું તપ કરી શકે તે તેટલાં કર્મો ખપાવે છે અને આત્મકલ્યાણ સાધે છે. જૈન ધર્મમાં જૈન માન્યતામાં તપની–ઉપવાસની અસામાન્ય પ્રતિષ્ટા છે. પરિણામે જે કોઇ મહાન તપ કરે છે તે વ્યકિત જૈન સમાજમાં બહુમાન્ય–આદરણીય બને છે.

પણ સાથે સાથે એ ભુલી જવાય છે કે ધાર્મિકતા એટલે વિચાર, વાણી અને કર્મની વિશદતા, પારમાર્થિક એકવાક્યતા–ધાર્મિકતાનો આ અર્થ બરોબર હોય તો એ ધાર્મિકતા સિદ્ધ કરવા માટે તપની માફક બીજાં પણ અનુષ્ટાનોની એટલી જ ઉપયોગીતા છે અને એ બધાં અનુષ્ટાનોના અવલંબનદ્વારા જ આત્માનો સર્વતોમુખી વિકાસ સાધી શકાય છે. આ ઉપરાંત આ પ્રત્યેક અનુષ્ટાનનું વિવેકયુકત હોવું જોઇએ એ પણ અત્યંત જરૂરી છે. કોઇ પણ સાધના, પ્રવૃત્તિ કે યોગાનુષ્ટાનના સમ્યક્–અસમ્યક્પણાની કસોટી તે વિવેકયુકત છે કે નહિ તેના ઉપર

રહેલી છે. દા. ત. તપની માફક જપ, ભક્તિ, ધ્યાન, તીર્થાટન, દાન, પ્રાણાયામ વ્રતનિયમ,—આવાં અનેક અનુષ્ઠાનો આત્માભિમુખતા, આત્મદર્શન માટે આવશ્યક છે, પણ તે અમુક હદ અને મર્યાદામાં હોય તો જ. કોઈ કોઈ ચોવીશે કલાક જપ જ કર્યા કરે, પૂજા પ્રાર્થના કર્યા કરે અથવા બને તેટલો સમય ધ્યાનમાં જ બેસી રહેવાની આદત કેળવે તો તેથી જડતા જ વધે અને યાંત્રિકતા જ કેળવાય, કોઈ પ્રગતિ ન સધાય. તીર્થાટન આવશ્યક છે, પણ કોઈ વર્ષનો મોટો ભાગ તીર્થના આરોહ અવરોહમાં જ વ્યતીત કરે તો શારીરિક ખડતલપણાથી તેને કોઈ વિશેષ લાભ ન થાય. આવી જ રીતે ઉપવાસ-અનશન પણ વિવેકયુક્ત હોય તો જ લાભકારી બને. નહિં તો શરીરકૃપતાં ઇન્દ્રિયોની મન્દતા અને ચિત્તની જડતાથી બીજું કોઈ પરિણામ ન આવે.

તપનો પણ આપણે કેવળ એકાંગી ખ્યાલ ધરાવીએ છીએ. તપ બાહ્ય અને આભ્યન્તર છે. શરીર તેમ જ મનની વૃત્તિઓનું ધ્યેયલક્ષી વિવેકયુક્ત દમન તેમ જ કોઇ ઇષ્ટ સાધના તરફ મન, વાણી કર્મની એકાગ્રતા—આનું નામ તપ છે. આપણને ઉપવાસો કરવા સિવાય તપની બીજી કોઇ કલ્પના જ નથી. આવો એકાંગી તપ આપણને આગળ વધવામાં બહુ મદદરૂપ થતો નથી.

જીવન એટલે પ્રવૃત્તિ, ક્રિયાશીલતા. આ પ્રવૃત્તિ-ક્રિયાશીલતા—વિશદ્ બને અને તેનું સામર્થ્ય વધે એ માટે અવારનવાર એક યા બીજા પ્રકારના વિરામની દરેક માનવીને જરૂર રહે છે. આ હેતુથી માનવી રાત્રે ઉંઘે છે કે જેથી દિવસે તે પ્રાણમય જીવન જીવી શકે; માણસ અવારનવાર તીર્થાટન કે પ્રવાસે જાય છે કે જેથી ચાલુ જીવનમાં તે નવી સ્ફુર્તિ તાજગી મેળવી શકે. ઉપવાસ યા અનશનના અર્થમાં તપની એટલા માટે ઉપયોગીતા છે કે જેથી વિવિધ પ્રકારના અન્નગ્રહણથી નીપજેલી શારીરિક તેમ જ માનસિક વિકૃતિઓ હળવી થાય યા નાબુદ થાય, હોજરીને આરામ મળતાં પાચનશક્તિ વધે અને ખાવાની ઉપાધિ થોડો સમય બંધ રહેતાં માણસ અન્તર્મુખ બને, આત્માભિમુખ બને. આવી જ રીતે યોગસાધનામાં મનને પણ અવારનવાર વૃત્તિવિમુખ બનાવવાનું, વિચારના સ્પંદનો અટકાવીને સ્થિર, શાન્ત, નિશ્ચેષ્ટ બનાવવાનું કહેવામાં આવ્યું છે. આના પરિણામે કહેવામાં આવે છે કે મનનું સામર્થ્ય વધે છે, ચિન્તન નિર્મળ બને છે, અને મનની ઉપરની જ્ઞાનભૂમિકાનું દ્વાર ઉઘડે છે. આ રીતે આધ્યાત્મિક સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે, નિત્યનૂતન પુરૂષાર્થની તાકાત મેળવવા માટે માનસિક તપ—ચિત્તવૃત્તિનિરોધ તથા શારીરિક તપ—અનશન ઉપવાસાદિ ઉભયની આવશ્યકતા છે, ઉપયોગીતા છે. પણ જેમ માનસિક વૃત્તિનો સતત નિરોધ કર્યા કરવાથી જડતા જ પેદા થાય છે તેવી જ રીતે લાંબા લાંબા ઉપવાસોનું પણ બીજું કોઇ પરિણામ આવતું નથી. કોઇ પણ કહેવાતા તપસ્વીના સીધા પરિચયમાં આવવાથી આ કથનનું સત્ય અનુભવગોચર થઇ શકે તેમ છે. તેનામાં ઉપવાસના નાદ સિવાય બીજી કોઇ ચેતના કે આત્મોત્કર્ષના ચિહ્નો નજરે પડતા નથી. દુર્વાસાની ક્રોધાવિવશતા આપણને કયાં અજાણી છે ?

અપૂર્વ દેહદમનના વિરલ દૃષ્ટાંત તરીકે સદ્‌ગત જવલબહેનના ઉપવાસોની ગમે તે કીંમત હોય, પણ બીજી રીતે વિચારીએ તો કોઇ ધર્મના ખ્યાલથી પ્રેરાઇને દિવસના હજાર હજાર પંચસૂતમસ્કાર કરે, કોઇ એક પગ ઉપર દિવસોના દિવસ સુધી ઉભો રહે, કોઈ પંચાગ્નિ પ્રગટાવી તે વચ્ચે આખો દિવસ પસાર કરે, કોઈ શીતળ જળચાળી વહેતી નદીમાં ઉભો રહીને રાત્રી વ્યતીત કરે, કોઇ માત્ર લીંબડાના પાન ચાવીને મહીનાઓ સુધી જીવવાનો ચમત્કાર બતાવે, કોઇ શત્રુંજય કે ગિરનારની ચઢઉતરમાં સારૂં જીવન વીતાવે, તેમાં અને જવલબહેનના લાંબી મુદતના ઉપવાસોમાં બીજો કશો ફરક નજરે પડતો નથી. જેમ એક બાજુએ ખાનપાનના ભોગોપભોગથી આપણે પાછા હટવું જોઇએ તેમ બીજી બાજુએ આવી તપઘેલછાથી પણ આપણે મુકત બનવું જોઇએ. જેમ જીવનની બીજી બાબતોમાં આપણાં મૂલ્યાંકનો બદલાવા લાગ્યા છે તેમ તપના ખ્યાલોનું વિવેકબુદ્ધિથી સંમાર્જન થવું ઘટે છે, ખાલી દેહદમનની પૂજા બંધ થવી ઘટે છે, તપ, ત્યાગ કે સંયમ શરીર અને મનને નબળાં પાડવામાં નહિ પણ તેનું સામર્થ્ય વધારવામાં પરિણમવા જોઇએ—એ રીતે આપણી આખી ધાર્મિક વિચારસરણિને સંશોધિત કરવી ઘટે છે.

આ રીતે વિચારતાં જવલબહેને લાંબી મુદતના ઉપવાસો કરીને છેવટે દેહને પાડયો એ કોઇ અભિનન્દન કે ધન્યવાદયોગ્ય ગૌરવપ્રદ ઘટના નથી લાગતી, પણ કોઇ તેમને સમ્યક્ જીવનદ્રષ્ટિ આપનાર ન મળ્યું અને એક અપૂર્વ જીવનશકિત પરંપરાગત તપના ખ્યાલી નાદ અને અભ્યાસ પાછળ વેડફાઇ ગઇ તે વિષે મન ઉંડી ગ્લાનિ અનુભવે છે. આ રીતે એમનું અકુદરતી અવસાન ખરેખર ખેદ ઉપજાવે તેવું છે.

શ્રી શકુન્તલા કાન્તિલાલ જૈન ગર્લ્સ હાઇસ્કૂલનો ૬૨ મો વાર્ષિક ઉત્સવ

વિજયાદશમી તા. ૧૭-૧૦-૫૩ ના રોજ શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભા હસ્તક ચાલતી શ્રી શકુન્તલા કાંન્તિલાલ જૈન ગર્લ્સ હાઇસ્કૂલની વિદ્યાર્થીનીઓએ સંસ્થાનો ૬૨મો વાર્ષિક ઉત્સવ શ્રી સોહનલાલજી દુગડના પ્રમુખપણા નીચે ભારતીય વિદ્યાભવનના નાટયગૃહમાં ઉજવ્યો. આ ઉત્સવનો કાર્યક્રમ ગરબા, રાસ, નૃત્ય, અભિનય ગીત, લેઝિમ, ડ્રીલ વગેરે અનેક સુન્દર પ્રક્રિયાઓથી ભરેલો હતો. પ્રત્યેક પ્રક્રિયા ઉત્તમ રીતે રજુ કરવામાં આવી હતી. આવા ઉત્સવોની બાબતમાં મુંબઇની અન્ય અગ્રગણ્ય સંસ્થાઓની અપેક્ષાએ આ સંસ્થા એક વખત બે દશકા પાછળ લાગતી હતી. આજે અન્ય સંસ્થાઓની હરોળમાં બરોબર ઉભી રહે-કોઇ કોઇ બાબતમાં ચઢી પણ જાય એવી આ ગર્લ્સસ્કૂલે ગીત, ગાન, નૃત્ય અભિનય આદિમાં પ્રગતિ સાધી છે એમ જરૂર કહી શકાય.

આ કાર્યક્રમમાં સૌથી વધારે આકર્ષક હતી ' ગિરિગુરૂ ગિરનાર ' એ નામની શ્રી. ચંદ્રવદન મહેતાએ રચેલ નૃત્યનાટિકાની ઉત્તમ પ્રતિની ભજવણી. આ નાટિકામાં કાળ જુના ગિરનારે હજારો વર્ષના ઇતિહાસ પટ દરમિયાન પોતાની નજર સામે શું શું ભવ્ય ઘટનાઓ બનતી જોઇ તેનું ક્રમસર નિરૂપણ કરવામાં આવ્યું હતું અને તેમાંની અમુક ઘટનાઓ તાદ્રશ ભજવી પણ બતાવવામાં આવી હતી. એક વખત સમતલ ઉપર આવેલા એશીઆ અને આફ્રીકા કાળાન્તરે જુદા પડયા અને વચ્ચે અરબ્બી સમુદ્ર નિર્માણ થયો, ઉત્તરપથમાં મહાસાગર હતો ત્યાં એકાએક હિમાલયે માથું કાઢયું, સમુદ્ર તરફ ધસી જતી સરસ્વતી કચ્છના રણમાં લુપ્ત થઇ, કૃષ્ણચંદ્રનો ઉદય અને અસ્ત થયો, પ્રિયદર્શી સમ્રાટ અશોકના લેખો કોતરાયા, સોનબાઇ, નાગબાઇ અને રાણકદેવી—ત્રણ સતીઓના સૌરાષ્ટ્ર ઉપર શાપ વરસ્યા, નરસિંહ મહેતો અને મીરાં પ્રગટયાં, જોગીદાસ ખુમાણના પરાક્રમોએ લોકોને ચકિત કર્યા, દયાનંદ સરસ્વતી અને તેની પાછળ મહાત્મા ગાંધી આવ્યા અને ગયા. આવી એક કલ્પનાપ્રચુર સાહિત્યકૃતિ ભજવી બતાવીને પ્રેક્ષકોને આનંદ તેમ જ આશ્ચર્યથી મુગ્ધ કર્યા એટલું જ નહિ પણ ગિરનાર આસપાસના સદીઓ જુના ભવ્ય રોમાંચક ઇતિહાસનું દર્શન કરાવ્યું.

પ્રમુખસ્થાને બીરાજેલ શ્રી સોહનલાલજી દુગડે પોતાના કેટલાક લાંબા પ્રવચન દ્વારા આજના કન્યાશિક્ષણને અંગે ચાર

બાબતો ઉપર સભાજનોનું ખાસ લક્ષ્ય ખેંચ્યું. (૧) કન્યાઓને લશ્કરી તાલીમ આપવાની જરૂર (૨) નર્સીંગ તરફ બહેનોને વાળવાની આવશ્યકતા (૩) બાળ માનસશાસ્ત્રના શિક્ષણની ખાસ અગત્ય (૪) બહેનો ભવિષ્યમાં સ્વાશ્રયી બને અને પરણે ત્યાર બાદ પણ ઘરની આવકમાં પુરવણી કરે એ દ્રષ્ટિએ શિક્ષણ આપવાની ખાસ જરૂર. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે "જૈન સમાજ જેવી શ્રીમન્ત કોમ પોતાની કોમની કન્યાઓને આવું ઉચ્ચ શિક્ષણ આપે. તેથી જ માત્ર સંતોષ માનીને બેસી રહેવું યોગ્ય નથી. જે વર્ગની છોકરીઓને ભણવાનો અવકાશ નથી, તેમ જ જે વર્ગની પાસે પોતાની છોકરીઓને ભણાવવા માટે નથી સાધન કે સંપત્તિ તેવા હીન દીન દલિત વર્ગના લતામાં જ્યારે આવી એક શાળા જૈન સમાજ તરફથી ખોલવામાં આવે ત્યારે પોતાની શ્રીમન્તાઇને ખરી રીતે સાર્થક કરી એમ માની શકાય." શ્રી. દુગડ પોતે સંસ્થાને રૂા. ૧૦૦૦) આપી સંસ્થાના પેટ્રન થયા. પોતાની પત્ની તરફથી સંસ્થાના ભંડોળમાં રૂા. ૧૦,૦૦૬) નું દાન કર્યું અને સંસ્થામાં ભણતી બાળાઓને તેમ જ તેમનાં માબાપોને સાચી જીવનદૃષ્ટિ મળે તે હેતુથી દરેક બાળાને શ્રી નાથજી રચિત વિવેક અને સાધનાની એક એક નકલ ભેટ આપવાની ઇચ્છા દર્શાવી. આવી ઉદારતા અને અદ્યતન જીવનદૃષ્ટિ માટે શ્રી સોહનલાલજી દુગડને અનેક ધન્યવાદ ઘટે છે. થોડા દિવસ પહેલાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના નિમિત્તે એક લોકોત્તર પુરૂષને નિમંત્રવામાં આવેલા. તેમની કૃપાદ્રષ્ટિનું સૌભાગ્ય પણ આપણને ન સાંપડ્યું: આ પ્રસંગે આપણામાંના જ એક સામાન્ય આદમીને આપણે પ્રમુખના સિંહાસન બેસાડ્યા તો તેમણે પોતાની સુઝ મુજબ થોડી માર્ગદર્શક સૂચનાઓ કરી, આત્મીયતાનો અનુભવ કરાવ્યો અને આપણા ઝોળી પણ ભરી આપી.

વજેશ્વરીમાં નવા આરોગ્યભવનનું શિલારોપણ સમારંભ

કચ્છી સમુદાયમાં 'કચ્છી વીશા ઓશવાળ શ્રેયસાધક સંઘ' નામની એક સંસ્થા આજથી નવ વર્ષ પહેલાં સ્થપાયલી છે અને તે સંસ્થા પોતાની કોમની સેવાનાં અનેક કાર્યો કરી રહી છે. આ સંસ્થા તરફથી તળેગાંવ ખાતે ચાલતી 'ધા તળેગાંવ જનરલ હોસ્પીટલ એન્ડ કોન્વેલેસેન્ટમ હોમ' માં દરેકમાં બબ્બે દર્દીઓ રહી શકે એ રીતે દશ બ્લોકો બંધાવી આપવામાં આવ્યા છે અને બીજા બે બ્લોકો થોડા સમયમાં બંધાવી આપવામાં આવનાર છે. દર્દીઓને હોસ્પીટલમાંથી રજા મળ્યા બાદ તેઓ બે ત્રણ મહીના આરામ લઈ શકે તે હેતુથી એ જ હોસ્પીટલમાં 'શેઠશ્રી રવજી સોજપાળ આરામગૃહ' પણ આ સંસ્થાએ બંધાવી આપ્યું છે. આ હોસ્પીટલની બાજુમાં સ્વ. 'શેઠશ્રી પરશોત્તમ વિશ્રામ ઝવેરી ધર્મશાળા' પણ સંસ્થા તરફથી બંધાવવામાં આવી છે તેમ જ આ હોસ્પીટલક્ષેત્રમાં વસતા દર્દીઓ તેમ જ અન્ય કર્મચારીઓના મનોરંજન અર્થે એક રેડીઓઘર પણ ઉભું કરવામાં આવ્યું છે. આ સંસ્થાને કલકત્તાનિવાસી શ્રી નેણસીભાઇ કુંવરજી નાની ખાખરવાળા તરફથી તેમના સ્વ. પત્ની ભાણબાઇની યાદમાં કન્યાછાત્રાલય બાંધવા માટે એક લાખની રકમ ભેટ આપવામાં આવી છે. અને એ દાનના પરિણામે 'શ્રી ભાણબાઇ નેણશી મહિલાવિદ્યાલય' નામની એક સ્વતંત્ર સંસ્થા ઉભી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ જ સંસ્થા તરફથી વજેશ્વરી પાસે આવેલું અકલોલી ગામ કે જે ગરમ પાણીના ઝરાઓ અને કુંડોને માટે જાણીતું છે ત્યાં એક આરોગ્યભવન બાંધવા માટે ૨૧૧૬ વાર જમીન ખરીદવામાં આવી છે. નીચે આઠ તેમ જ પહેલે માળ આઠ એમ સોળ ડબલ રૂમના બ્લોકો અને બાજુએ જાહેર રસ્તા ઉપર ૩ દુકાનો અને તેની ઉપર એક હોલ–આ પ્રમાણે આ આરોગ્યભવનની યોજના કરવામાં આવી છે.

તા. ૧૮-૧૦-૫૩ રવિવારના રોજ આ આરોગ્યભવનનો મુંબઇની કોંગ્રેસના પ્રમુખ શ્રી એસ્. કે. પાટીલના હાથે પાયો નાંખવામાં આવ્યો હતો. આ પ્રસંગે આ સંસ્થા તરફથી લગભગ પાંચસો ભાઇઓને મુંબઇથી વજેશ્વરી લાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સભાના પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆએ સભાનું પ્રમુખસ્થાન સ્વીકારવાની એસ્. કે. પાટીલને વિનંતિ કરતાં એસ્. કે. પાટીલનો પરિચય કરાવ્યો હતો. શુભેચ્છાના સંદેશાઓનું વાંચન, મંત્રીઓનું નિવેદન, પ્રાસંગિક વિવેચનો, શિલારોપણવિધિ અને ત્યાર બાદ પ્રમુખસ્થાનેથી શ્રી એસ્. કે. પાટીલે એક ભવ્ય પ્રવચન કર્યું હતું અને દાન, ધર્મ, કોમની સેવા, મુંબઇની વિશેષતા અને તેને કોઇ પ્રાન્તમાં નહિ ભેળવતા સ્વતંત્ર કેન્દ્ર તરીકે અલગ રાખવાની આવશ્યકતા, આર્થિક અભ્યુદય અને નિઃશ્રેયસની સાધનાનો સમન્વય, શ્રેયપ્રેયનો વિવેક વગેરે અનેક મુદ્દાઓની તેમણે સુન્દર ચર્ચા કરી હતી અને લગભગ એક કલાક સુધી અવિરત વાગ્‌ધારા વડે ઉપસ્થિત મંડળીને આનંદમુગ્ધ બનાવી હતી.

મુંબઇની સમીપમાં આવેલ વજેશ્વરી એક શાન્ત એકાન્ત અને સુન્દર સ્થળ છે. ગંધકયુક્ત ગરમ પાણીના ઝરાઓ એ આ સ્થળની અસાધારણ વિશેષતા તેમ જ વિલક્ષણતા છે. સંધિવાને લગતા કોઇ પણ દર્દથી પીડાતા દર્દીને આ પાણીના સ્નાનથી આરામ થાય છે અને બીજા પણ કેટલાક દર્દો મટાડવામાં આ ઝરાઓનું સ્નાન ખૂબ મદદરૂપ બને છે. માંદગીમાંથી ઉઠયા બાદ આરામ અને તાજગી મેળવવા માટે આ સ્થળની આબોહવા તથા પાણી ખૂબ સારાં ગણાય છે. સૃષ્ટિસૌન્દર્યની દૃષ્ટિએ પણ આ સ્થળની આકર્ષકતા કંઇ ઓછી નથી.

મુંબઇ અને તેની આસપાસના પ્રદેશોમાં જે અદ્‌ભૂત નૈસર્ગિક સૌન્દર્ય ભર્યું છે તેવું સૌન્દર્ય હિંદનું ભાગ્યે જ અન્ય કોઇ શહેર ધરાવે છે. વજેશ્વરી મુંબઇથી ૫૫ માઇલ દૂર હોઇને રજાના દિવસોમાં સહેલાણીઓનાં ટોળેટોળાં અહિં આવી ચઢે છે. આ સ્થળ માટે સરકારે એક સંશોધક ખાતું નિયુક્ત કરીને અહિંના ગરમ ઝરાઓના પાણીની વૈજ્ઞાનિક ચિકિત્સા કરાવવી જોઇએ અને કયા કયા દર્દો ઉપર કેવા કેવા પ્રકારના ઉપચારો ફાયદાકર્તા છે તેનું જનતાને માર્ગદર્શન આપવું જોઇએ અને તેવી રાહત ઇચ્છતા લોકોને આર્થિક દૃષ્ટિએ બહુ ભારે ન પડે તેવા આરોગ્યભવનો અને ચિકિત્સાગૃહો સરકારે ખોલવાં જોઇએ.

આ સ્થળ ઉપર ત્રણ ચાર છુટાછવાયાં આરોગ્યભવનો અત્યારે અસ્તિત્વ ધરાવે છે. લોકોની પુષ્કળ માંગને ધ્યાનમાં લેતાં આ નવા આરોગ્યભવનનો વધારો અત્યન્ત આવકારદાયક છે. આ આરોગ્યભવનનો વિશેષ લાભ જે કોમની સંસ્થા તરફથી આ આરોગ્યભવન બાંધવામાં આવે છે તેને મળશે, એમ છતાં પણ આ આરોગ્યભવનના ઉપયોગને માટે કોઇ કોમી મર્યાદા રાખવામાં આવી નથી. તેથી ખાલી હશે ત્યારે બીજી કોમના કુટુંબો પણ આનો લાભ પામી શકશે.

ઉપર જણાવ્યા મુજબ પાયો નાંખવાનો સમારંભ પૂરો થયા બાદ બધાંએ એટલે કે લગભગ ૭૦૦ ભાઇઓએ ભોજન કર્યું, અને સાંજના સૌ ઘેર પાછા ફર્યા. આ ભવ્ય સમારંભ, વજેશ્વરી સુધીનું પર્યટણ અને મોટા પાયા ઉપરની ભોજન–વ્યવસ્થા–આ સર્વનું આયોજન કરવા માટે કચ્છી વીશા ઓશવાળ શ્રેયસાધક સંઘના કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે. આશા રાખીએ કે આ આરોગ્યભવન જલ્દિથી તૈયાર થાય અને તેનો જનતાને બહોળા પ્રમાણમાં લાભ મળે. **પરમાનંદ**

પંડિત બેચરદાસનો જીવનપરિચય

(ભાવનગર ખાતે શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા તરફથી તા. ૨૫-૧૦-૫૩ રવિવારના રોજ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના હાથે પંડિત બેચરદાસ જીવરાજ દોશીને સુવર્ણ ચંદ્રક આપવામાં આવ્યો તેમના જીવનનો આછો પરિચય નીચે આપવામાં આવ્યો છે. તંત્રી)

સત્યને ફૂલતા હાર પર નહિ, પણ તલવારની ધાર પર જીવનાર, પાંડિત્ય ખાતર અપૂર્વ આત્મભોગ આપનાર, રાષ્ટ્ર ખાતર હદપારીની સજા ભોગવનાર, સરસ્વતી દેવી, સમાજ ને રાષ્ટ્રની તન, મન ને ધનથી સેવા કરનાર પંડિતવર્ય શ્રી. બેચરદાસજીની ગણના ભારતના અગ્રગણ્ય સાક્ષરો, રાષ્ટ્રસેવકો ને સમાજ-સેવકોમાં છે. તેમણે જીવનની ત્રિવિધ દિશા-ઓમાં પોતાના પુરૂષાર્થને અવિરતપણે વહા ી જીવનને ચરિતાર્થ કર્યું છે. તેમાંય ખાસ કરીને જૈન સંઘને અંધશ્રદ્ધાની નિદ્રામાંથી જગાડનાર આ યુગના ગણ્યાગાંઠ્યા પંડિત-પુરૂષોમાંના તેઓ એક છે.

ઊગતી ઉંમરમાંથી જ મુસીબતોમાં જીવવા ટેવાયેલા પુરૂષાર્થી પંડિતજી આજે ત્રેસઠ વર્ષની ઉમ્મરે પણ, મનને કે તનને અસ્વસ્થ બનાવી દે એવી મુશ્કેલીઓ વચ્ચે પણ, સમભાવપૂર્વક પોતાની સરસ્વતી અને સમાજધર્મની ઉપાસનાને અસ્ખલિતપણે આગળ વધારી રહ્યા છે. નવું નવું જાણવાની અને સત્યને શોધવાની એમની વૃત્તિમાં આજે પણ ઢીલાશ નથી આવી, એ એમના જીવનની એક આગળ પડતી વિશેષતા છે.

ભારતના અને જૈનોના ઇતિહાસમાં વલભીપુરનું નામ ભારે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જૈન આગમ શાસ્ત્રોને ગ્રંથસ્થ કરવાનું ગૌરવ આ નગરીને ફાળે જાય છે. સૌરાષ્ટ્રની ધરતીના ગૌરવભર્યા આ વલભીપુર (વળા) નગરમાં વિ. સં. ૧૯૪૬ ની સાલમાં, માગશર વદિ અમાવાસ્યાને દિવસે પંડિતજીનો જન્મ થયો હતો. એમના પિતાશ્રીનું નામ જીવરાજ લાધાભાઇ દોશી. માતાનું નામ ઓતમબાઇ. નાતે વીસાશ્રીમાળી દેરાવાસી જૈન. કુટુંબની સ્થિતિ બહુ સાધારણ. પંડિતજીના ભણતરની શરૂઆત વળાના ઘૂડી નિશાળમાં થયેલી. ત્યારપછી પાંચ ચોપડી સુધી તેઓ પોતાના મોસાળ સણોસરામાં ભણ્યા, અને છઠ્ઠી ચોપડી વલભીપુરમાં આવી પૂરી કરી. આ દરમ્યાન એમની ૧૦ વર્ષની ઉમ્મરે એમના પિતાશ્રીનું અવસાન થયું, અને કુટુંબની આજીવિકાનો સવાલ ભારે મુશ્કેલીભર્યો બની ગયો. સમાજની પ્રચલિત રૂઢિ મુજબ પોતાના પિતાશ્રીનું કારજ કરવા માટે તેમની માતાને પોતાની આખરી પૂંજી સમાં કડલાં અને ઠોળિયાં વેચી દેવા પડેલાં એ વાત કહેતા કહેતા આજે પણ પંડિતજીનું દિલ દ્રવી ઉઠે છે. આ પછી કુટુંબનો નિર્વાહ ચલાવવા માટે ઓતમબાઇને પારકા દળણાં-ખાંડણાનું પાર-વગરનું કામ કરવું પડતું; અને છતાં નિર્વાહ તો પૂરો થઇ શકતો જ નહીં. બે દીકરા અને એક દીકરી એમ પોતાનાં ત્રણ સંતાનો માટે રાતદિવસ મથામણ કરતી પોતાની માતાને મદદત કરવા પંડિતજીએ કદી પણ કામ કરવામાં શરમ કે નાનમ અનુભવી ન હતી. દાણામાં મેળવવા માટે રાખ ચાળી આપવી, કાલાં ફોલવાં, કાલાંના ફાલિયાંમાંથી રૂનાં પૂમડાં વીણવાં, દાળમશાલી (તળેલી દાળ) વેચવી વગેરે જે મળી શકે તે કામ પંડિતજી કરતા રહેતા.

પંડુ અભ્યાસની ઇચ્છા છતાં આજીવિકાનો સવાલ જ એટલો ભારે થઇ પડ્યો કે ભણવાની વાતનો વિચાર થઇ શકે એમ જ ન હતું. એટલામાં સંવત ૧૯૫૮-૫૯ ની સાલમાં સ્વ. શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય વિજય-ધર્મસૂરિજી મહારાજે જૈન વિદ્વાનો તૈયાર કરવાના ઉદ્દેશથી, માંડળમાં સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરેલી તેમાં અભ્યાસ કરવા માટે વલભીપુરના જ રહેવાસી શ્રી હર્ષચંદ્ર ભુરાભાઇ (સ્વ. મુ. શ્રી. જયંતવિજયજી) માંડળ જતા હતા તેમની સાથે પંડિતજી પણ માંડળ ગયા.

જૈન વિદ્વાનો તૈયાર કરવાની શ્રી. વિજય-ધર્મસૂરીશ્વરજીની તમન્ના ભારે ઉત્કટ હતી. તેમને આવા બુદ્ધિશાળી વિદ્યાર્થીને જોઇને ભારે આનંદ થયો. આ પછી તો સ્વ. સૂરિજીએ પ્રખર જૈન વિદ્વાન. ગુજરાતના અર્થપ્રધાન વાતાવરણમાં તૈયાર થવા મુશ્કેલ જાણીને વિદ્યાભ્યાસ'ગના વાતાવરણવાળા કાશી જવાનો નિર્ણય કર્યો. બેચરદાસભાઇએ માંડળમાં પાંચ-સાત મહિના રહીને કૌમુદીનો અભ્યાસ કર્યો. પછી આચાર્ય મહારાજ સાથે કાશી જવા માટે પગપાળા રવાના થયા. પણ માતુશ્રીની ઇચ્છા તેમને આટલે દૂર મોકલવાની ન હતી એટલે હર્ષચંદ્ર-ભાઇની સાથે ગોધરાથી તેઓ વલભીપુર પાછા આવ્યા. અને સાતમી ચોપડી ત્યાં પૂરી કરી.

માતાની ઇચ્છાથી અભ્યાસ છોડીને પાછા તો આવવું પડ્યું હતું, પણ મનમાંથી ભણવાનો વિચાર દૂર થતો ન હતો. એટલે બેચરદાસ પાલીતાણા ગયા, અને મુ. શ્રી. સિદ્ધિવિજયજી મહારાજ સુરતીની પાસે રહીને નવતત્ત્વ વગેરેનો ધાર્મિક અભ્યાસ કર્યો. પાલીતાણાના આ વસવાટ દરમ્યાન એમને જમવા વગેરેની પુષ્કળ મુશ્કેલી વેઠવી પડેલી. તેમની બાએ બરફીચૂરમાનો ડબ્બો ભરીને આપ્યો હતો, તે પહોંચ્યું ત્યાં સુધી તો રોજ વખતસર ખાવાનું મળતું, પણ પછી તો પ્રભાવના વગેરેમાં જે કાંઇ જે તેનાથી ચલાવી લેવું પડતું. કોઈ કોઇ દિવસ તો એકાદશી પણ થઇ જતી. છેવટે જામનગરના એક સદ્‌ગૃહસ્થ શ્રી. સૌભાગ્યચંદ કપૂરચંદે માસિક રૂ. ૧૦ આપવાનું નક્કી કર્યું, અને એમનો માર્ગ કંઇક સરળ બન્યો.

પાલીતાણામાં એક વર્ષ રહી તેઓ વળી પાછા વલભીપુર આવ્યા. કોઇએ કહ્યું કે 'વૃષભ' રાશિવાળાને લાંમાં પ્રવાસનો જોગ છે. આ સાંભળી બેચરદાસને ફરી પાછા કાશીના વિચારો આવવા લાગ્યા. પણ બાએ રજા ન આપી, એટલે છેવટે મહે-સાણા પાઠશાળામાં જઈ પહોંચ્યા, અને ત્યાં એક માસમાં ભાંડારકરની માર્ગોપદેશિકાની પહેલી ચોપડી પૂરી કરી. પણ આટલાથી વિદ્યા માટે તલસતો પંડિતજીનો આત્મા સંતુષ્ટ ન થયો, અને એક દિવસ માતાને પૂછ્યા વગર જ હર્ષચંદ્રભાઇ સાથે સંવત ૧૯૬૨-૬૩ ના અરસામાં તેઓ કાશી ઉપડી ગયા. આમ વિદ્વાનો તૈયાર કરવાની ધગશવાળા આચાર્ય મહારાજ અને ગમે તે ભોગે વિદ્યા ઉપાર્જન કરવાની ભાવનાવાળા વિદ્યા-થીનો સુયોગ થઇ ગયો. પણ છ મહિનામાં પંડિતજી શીતળાની બીમારીમાં સપડાયા, તે જાણીને એમનાં બા સાવ એકલાં એકલાં છેક બનારસ પહોંચી ગયાં. માતૃસ્નેહનું માપ આપણે બુદ્ધિના ગજે ન કાઢી શકીએ.

કાશીમાં બે વરસ રોકાઇ તેઓ વલભીપુર ગયા ત્યારે

આચાર્યવર્ય હેમચંદ્રકૃત લઘુવૃત્તિ પોણી થઇ ગઈ હતી. વલભીપુરમાં થોડું રોકાઇ તેઓ પાછા બનારસ આવ્યા અને પોતાના અભ્યાસની સાથોસાથ શ્રી. યશોવિજય જૈન ગ્રંથમાળાના ગ્રંથોનું સંપાદન, પં. શ્રી હરગોવિંદદાસ ત્રિકમદાસ શેઠના સહકારમાં કરવા લાગ્યા. ખાસ નોંધવા જેવી વાત તો એ છે કે આ ગ્રંથમાળાએ પ્રકાશિત કરેલા જૈન, વ્યાકરણ અને ન્યાયને લગતા ગ્રંથો કલકત્તા સંસ્કૃત કૉલેજની તીર્થ પરીક્ષામાં દાખલ થયા, અને પછી પંડિતજી ન્યાય અને વ્યાકરણના તીર્થ થયા. મુંબઇના એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષામાં પણ પંડિતજી તથા શ્રી. હરગોવિંદદાસભાઇ આગલે નંબરે ઉત્તીર્ણ થયા અને બન્નેને રૂા. ૭૫)-૭૫) નું પારિતોષિક મળ્યું.

આમ ધીરે ધીરે પંડિતજીની ગણના એક મહાબુદ્ધિશાળી વિદ્યાર્થી તરીકે થવા લાગી. તે વખતે તો તેઓ સંસ્કૃત કવિતા પણ બનાવતા અને પાદપૂર્તિ કરવામાં પણ કુશળ ગણાતા. પંડિતજીની આવી હોંશિયારીથી મહારાજશ્રીએ તેમને માસિક રૂા. ૧૦) ની સ્કોલરશિપ આપવાનું કર્યું તો પંડિતજીએ તેનો એમ કહીને સાદર અસ્વીકાર કર્યો કે-જ્યારે પાઠશાળા મારું બધું ખર્ચ આપતી હોય ત્યારે આવી સ્કોલરશિપ કેમ કરી લઇ શકાય ?

આ દરમ્યાન મહારાજશ્રી પાસે આવતા અનેક વિદ્વાનો સાથે પંડિતજીને સારો પરિચય થઇ ગયો હતો. મહારાજશ્રીની ઇચ્છા પંડિતજીને શ્રમણ સંસ્કૃતિમાં પૂર્ણ નિષ્ણાત બનાવવાની હતી. પ્રાકૃત ભાષાનો અભ્યાસ તો આ વખતે કરી જ લીધો હતો, પોતાના પ્રાકૃતના અભ્યાસ માટે તો પંડિતજી એમ જ કહે છે કે, કોણ જાણે શાથી, પણ પ્રાકૃત-અર્ધમાગધી ભાષા તો મને બહુ જ સરળ થઇ પડી, અને જાણે અચાનક જ આવી મળી ગઇ હોય એમ એ ભાષા મને આત્મસાત્ બની ગઇ. હવે બૌદ્ધધર્મના જ્ઞાન માટે પાલીભાષાના જ્ઞાનની જરૂર હતી. તે માટે આચાર્ય મહારાજે ડૉ. શતીશચંદ્ર વિદ્યાભૂષણની સાથે પંડિતજીને તથા પં. શ્રી. હરગોવિંદદાસભાઇને સિલોન મોકલ્યા. ત્યાં ૮ માસ જેટલા ટૂંકા સમયમાં પોતાનું કામ પતાવીને એ બન્ને જણા પાછા કાશી આવ્યા, અને ગ્રંથમાળામાં પ્રાચીન જૈન ગ્રંથોના સંપાદનનું કામ કરવા લાગ્યા.

આ વખતે ધાર્મિક, સામાજિક અને કોમી શિક્ષણ સંસ્થાઓમાં રાષ્ટ્રીયતાની હવા સુદ્ધાં નહોતી પહોંચી શકતી. પણ બંગભંગની ચળવળનું આછું-પાતળું દર્શન પણ પંડિતજીએ એ વખતે કાશીમાં જે કર્યું, તે ઉપરથી તેમણે દેશી કાપડ વાપરવાનો અને દેશી ખાંડનો ઉપયોગ કરવાનો નિયમ કર્યો હતો. અને સને ૧૯૧૫-૧૬માં ગાંધીજીએ સ્વદેશી અને ખાદીની હાકલ કરી ત્યારથી તેમણે સ્વદેશી કાપડ અને વસ્તુઓનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું હતું. આમ તે કાળે પંડિતોમાં ભાગ્યે જ જોવા મળતી રાષ્ટ્રીયતાની ભાવના પંડિતજીના અંતરમાં વસવા લાગી હતી.

શરૂઆતમાં પંડિતજીને જૈનધર્મ ઉપર એવી એકાંગી શ્રદ્ધા કે તેઓ જૈન સિવાય બીજાં પુસ્તકો વાંચે જ નહીં. પણ પ્રાકૃત-અર્ધમાગધી ભાષાના અભ્યાસ પછી મૌલિક પ્રાચીન જૈન સાહિત્યનું જેમ જેમ અધ્યયન ચિંતન આગળ વધતું ગયું તેમ તેમ નર્યું સત્ય જાણવાની એમની ઇચ્છા વધુ ને વધુ ઉત્કટ બનતી ગઈ; અને મનમાં ઘર કરી બેઠેલી અંધશ્રદ્ધા વિલીન થવા લાગી. પછી તો આગમો કંઠસ્થ કરવાનો એમને એવો નાદ લાગ્યો કે રાતના બે બે વાગે ઊઠીને તેઓ એમાં તન્મય થવા લાગ્યા. પ્રાકૃત ભાષાનું ઊંડું જ્ઞાન તો મળી જ ચૂક્યું હતું, હવે તેમાં આગમોનું વાચન અને ચિંતન ઉમેરાયું એટલે એમનો આત્મા વધુ સત્યશોધક બન્યો. પંડિતજીના જીવનનો આ સમય એ પંડિતજીના માટે ક્રાન્તદર્શનનો અને એમના દિલમાં ક્રાંતિની ભાવનાને સજીવન કરવાનો સમય ગણી શકાય. આ પછી તો પંડિતજીને થયું કે જૈન સંસ્કૃતિનો અભ્યુદય કરવો હોય તો એ સંસ્કૃતિના મૂળ ગ્રંથોનો અનુવાદ કરીને એને સર્વજનસુગમ બનાવી દેવા જોઇએ.

બનારસમાં આ ઇચ્છા પૂર્ણ થઇ શકે એમ ન લાગ્યું એટલે સંવત ૧૯૭૦-૭૧ લગભગમાં અમદાવાદના શેઠ પૂંજાભાઇ હીરાચંદે સ્થાપેલ જિનાગમ પ્રકાશન સભામાં જોડાયા. જૈન આગમોનાં પ્રમાણભૂત ભાષાંતરો તૈયાર કરાવવાં એ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ હતો. પણ જૈન સંઘમાં તે કાળે આગમોના અનુવાદ સામે ભારે વિરોધ પ્રવર્તતો હતો. ઉદાર વિચારના કે સુધારક દિલના આગળ પડતા કહેવાતા સાધુઓ અને ગૃહસ્થોને પણ આ વાત રૂચતી ન હતી. આ દરમ્યાન અમદાવાદમાં મહાવીર જયંતીની એક સભામાં પંડિતજીએ આગમોના અનુવાદની જરૂર સંબંધી પોતાના વિચારો સ્પષ્ટપણે વ્યકત કર્યા. પરિણામે એની સામેનો વિરોધ વધુ ઉગ્ર બન્યો. એ કાળે તો આવો વિરોધ મારપીટ સુધી આગળ વધી જવાની પણ દહેશત રહેતી. પણ પંડિતજી પોતાની વાતને મક્કમપણે વળગી રહ્યા અને મુંબઇમાં રહીને આ કામ કરવા લાગ્યા.

આ દરમ્યાન તા. ૨૧-૧-૧૯૧૯ ના રોજ મુંબઇમાં માંગરોળ જૈન સભાના આશ્રયે વકતૃત્વ પ્રચારક મંડળના મંત્રીના આમંત્રણથી, શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાના પ્રમુખપદે "જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ" એ વિષય ઉપર જાહેર ભાષણ આપ્યું અને આખા જૈન સંઘમાં વિરોધનો એક ભારે વંટોળ જાગી ગયો. પણ જે વિચારો હતા તેમને એ ભાષણે ભારે વિચાર કરતા કરી મૂકયા.

આ ભાષણ એ પંડિતજીનાં જીવનના એક મહત્ત્વના સીમાસ્તંભ રૂપ લેખાય છે. આના લીધે તો અમદાવાદના સંઘે પંડિતજીને સંઘ બહાર કરવા જેટલું બહુમાન આપ્યું ! પણ પંડિતજીને મન નગ્ન સત્ય કહેવાના લાભની આગળ આ વિરોધ કંઇ વિસાતમાં ન હતો. લોકનિંદા કે લોકપ્રશંસાને મહત્ત્વ આપીએ તો સત્યને ન પિછાણી શકાય કે ન પ્રચારી શકાય, એ સિદ્ધાંત પંડિતજીના મનમાં દૃઢ રીતે વસી ગયો હતો.

આ દરમ્યાન પંડિતજીને પૂ. મહાત્મા ગાંધીજીનો સમાગમ થયો. એક વિદ્વાનને આવા ઉત્કટ સત્યપ્રેમી જોઇને ગાંધીજીએ એમને આશીર્વાદ આપ્યા, અને પોતાની વાતથી પાછા નહીં હઠવા કહ્યું.

આ ભાષણ પછી તેઓ થોડો વખત ભાવનગરમાં રહ્યા ત્યારે 'તમસ્તરણ' નામે સમાજની સ્થિતિ દર્શાવતો રૂપકાત્મક લેખ લખ્યો, જે "જૈન" માં છપાયો હતો. આ લેખે તો આખા સમાજમાં અને સુધારકોમાં પણ ભારે ખળભળાટ મચાવી દીધેલો.

આ પછી તો ગાંધીજી સાથેનો એમનો પરિચય વધતો જ ગયો, અને સને ૧૯૨૧-૨૨ માં તેઓ ગાંધીજીના ગુજરાત પુરાતત્ત્વ મંદિરમાં જોડાયા, અને ત્યાં પંડિતવર્ય શ્રી સુખલાલજીના સહકારમાં સન્મતિતર્કના સંપાદનનું અતિ દુષ્કર કાર્ય કર્યું. પ્રાચીન આકર ગ્રંથોના સંપાદનમાં આ ગ્રંથનું સંપાદન એક નમૂનેદાર સંપાદન ગણાય છે. તેમના આ કામથી ગાંધીજીને ભારે સંતોષ થયો, પંડિતજીને આ અતિ ઝીણા કામને પાર પાડવા માટે પોતાની ડાબી આંખની સદાની ઝાંખપ વહોરી લેવી પડી.

આ પછી તો ગાંધીજીની દાંડી કૂચનો ઐતિહાસિક પ્રસંગ આવી પડયો. એ રણભેરીનો નાદ સંભળાયા પછી ઘરમાં ભરાઇ રહેવું શકય ન હતું. પંડિતજી પણ એ નાદની પાછળ ઘેલા બન્યા અને હસ્તલિખિત 'નવજીવન'ના તંત્રી બનીને ૯ મહિના વીસાપુર જેલના મહેમાન બન્યા.

પણ પંડિતજી માટે ખરી મુશ્કેલીનો સમય તો જેલમાંથી છૂટ્યા પછી શરૂ થયો. તેમને બ્રીટિશ હકુમતમાં દાખલ થવાનો સખ્ત મનાઇહુકમ મળ્યો હતો તે છેક ૧૯૩૩-૩૬ ની સાલમાં કોંગ્રેસે પ્રાંતોમાં સત્તા સ્વીકારી ત્યાં સુધી ચાલુ રહ્યો. આ દરમ્યાન આજીવિકા મેળવવાની ભારે મુશ્કેલી હતી, અને છ-સાત જણનું ભરણ-પોષણ કરવા સાથે દીકરા-દીકરીઓના અભ્યાસને પણ પહોંચી વળવાનું હતું. આ ચાર-પાંચ વર્ષ લગી કોઇ અણનમ યોદ્ધો ઝઝૂમે તેમ પંડિતજી અણનમપણે જીવનસંગ્રામ ખેલતા રહ્યા, અને મારવાડ, રાજસ્થાન જેવાં પ્રદેશોમાં સ્થાનકવાસી સાધુઓ કે બીજાઓને ભણાવીને પોતાનો વિકટ જીવનપંથ કાપતા રહ્યા. આવી વિકટ સ્થિતિ છતાં જૈન સાહિત્યમાં રહેલ સત્યનો પ્રચાર કરવાની એમની તમન્નામાં જરા પણ ઓટ ન આવી, અને જૈન સાહિત્ય સામેનો સંબંધ શિથિલ કરીને, વિદ્યાનાં બીજાં ક્ષેત્રો દ્વારા જીવનને સુખ-ચેન મય બનાવવાની લાલચથી પંડિતજી સર્વથા અળગા રહ્યા. આ દુઃખના ને કસોટીના સમયમાં તેમને સાથ આપનાર તેમનાં સહધર્મિણી શ્રીમતી અજવાળીબેનને અત્રે યાદ કર્યા સિવાય ચાલે તેમ નથી.

પછી તો અમદાવાદમાં એસ. એલ. ડી. આર્ટ્સ કોલેજ રથપાયું, અને ગુજરાતના સર્વમાન્ય વિદ્વાન ડો. આનંદશંકર ધ્રુવના પ્રયાસથી તેઓ એ કોલેજના અર્ધમાગધીના અધ્યાપક નીમાયા.

સને ૧૯૪૦માં તેમણે મુંબઇ યુનીવર્સીટીની હંસકુંવર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં 'ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ' વિષે જે વ્યાખ્યાનો આપ્યાં તેણે પંડિતજીના પાંડિત્ય ઉપર કલગી ચડાવી દીધી.

છેલ્લાં ચાલીશ વર્ષ દરમ્યાન પંડિતજીએ જૈન સાહિત્યની જે વિરલ સેવા કરી તેના લીધે અનેક મહત્ત્વના ગ્રંથો પ્રકાશમાં આવ્યા. પ્રાચીન ગુજરાતી, અપભ્રંશ અને પ્રાકૃત-અર્ધમાગધી ભાષાના તો પંડિતજી અસાધારણ વિદ્વાન છે. આ ક્ષેત્રમાં તો તેઓ દેશના અને દુનિયાની ઉચ્ચ કોટીના વિદ્વાનોમાં માનભર્યું સ્થાન ધરાવે છે; સાથે સાથે સંસ્કૃત ભાષાના પણ તેઓ એવા જ ઉત્કટ વિદ્વાન છે. અને આ બધાની પાછળ, જૈન સાહિત્યમાંની સાચી હકીકતો પ્રગટ કરીને સમાજને સાચો રસ્તો બતાવવાની જે ક્રાંતિકારી ભાવના તેઓ સેવી રહ્યા છે તે અપૂર્વ છે. પાંડિત્ય અને સત્યલક્ષી ક્રાંતિપ્રિયતાનો આવો યોગ બહુ વિરલ ઘટના છે.

પોતાને સત્ય સમજાયા પછી બીજાની સમક્ષ રજુ કરતી વખતે એની કડવાશ કે ઉગ્રતાને દૂર કરવા માટે એના ઉપર સાકરનો પટ ચડાવવાની વ્યવહારદક્ષતામાં પંડિતજી પડતા નથી, પણ નગ્ન સત્ય પ્રગટ કરવા બદલ પોતા ઉપર જે મુશ્કેલી આવી પડે તેને સહજભાવે વધાવી લે છે. પણ કોઇપણ સત્યનો જિજ્ઞાસુ એમની પાસે જઈ ચડે તો બાળસહજ નિસ્વાર્થ આત્મીય ભાવનાથી એને મદદ કરવામાં પંડિતજી ખૂબ આનંદ અનુભવે છે. અને કોઇનું પણ કામ કરી છૂટવું અને ખાસ કરીને વિદ્યાર્થીઓને કોઇ પણ રીતે ઉપયોગી થઇ પડવું, એ માટે પંડિતજી સદા તૈયાર હોય છે.

જૈન આગમોને પ્રકાશિત કરવાનો જ નહીં, પણ તેના અનુવાદો પ્રસિદ્ધ કરવાનો પણ માર્ગ આજે ખુલ્લો થયો છે અને તેની સામેનો વિરોધ નામશેષ બન્યો છે તેનું શ્રેય પંડિતજીને ફાળે જાય છે. આ નૂતન વિચારસરણીને જન્માવવામાં પંડિતજીએ જે સંકટોનો સામનો કર્યો છે તે ચિરસ્મરણીય બની રહેશે.

પંડિતજીનો આખો પરિવાર સરસ્વતીપરાયણ છે. તેમના મોટા પુત્ર ડો. પ્રબોધ એમ. એ.: પીએચ. ડી. (લંડન) છે: તેમનાં મોટાં પુત્રી બેન લલિતા કર્વેના બી. એ., પી. એચ. અને બી. ટી. છે. નાનાં પુત્રી લાવણ્યવતી મેટ્રિક પાસ છે: ને નાનો પુત્ર શિરીષ પણ મેટ્રિકમાં છે.

જૈન સંસ્કૃતિ અને જૈન સાહિત્યના વિકાસ માટે પંડિતજી જેવા અનેક સાચવીર પંડિત પુરુષોની સમાજને ખૂબ જરૂર છે. જૈન સમાજને જ્ઞાનથી વિશેષ સમૃદ્ધ બનાવવા પંડિતજી તંદુરસ્તી-ભર્યું દીર્ઘ જીવન મેળવો એમ ઇચ્છીએ.

મુંબઇની પર્યુષણ વ્યાખ્યાનમાળા

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં બનારસવાસી ડો. ઇન્દ્રચંદ્રને વ્યાખ્યાન આપવા માટે નિમંત્રણ આપવામાં આવેલું અને તેમણે 'સમ્યગ દૃષ્ટિ-મિથ્યા-દૃષ્ટિ' એ વિષય ઉપર એક વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું જે આગળ ઉપર પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવનાર છે. તેઓ શ્રમણ માસિકના સંપાદક છે. તેમણે ઓકટોબરના શ્રમણમાં 'મારી મુંબઇ યાત્રા' એ મથાળાના લેખમાં મુંબઇની પર્યુષણ વ્યાખ્યાનમાળા વિષે પોતાના મન ઉપર પડેલી છાપ વ્યકત કરતાં જણાવ્યું છે કે :—"આ પ્રકારની વ્યાખ્યાનમાળાનું આયોજન એવી વ્યકિતઓ દ્વારા કરવામાં આવે છે કે જેઓ ધર્મના વિષયમાં કાંઇક જાણવા ઇચ્છે છે. સૌથી પુરાણી વ્યાખ્યાનમાળા મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ચાલી રહી છે. વીસ વર્ષથી પણ વધારે મુદ્દતથી ચાલે છે. કાકા કાલેલકર, પં. સુખલાલજી, શ્રી નાથજી, વગેરે મોટા મોટા વિદ્વાન, સાધક તેમ વિચારક આમાં આવીને ધર્મનું સ્વરૂપ સમજાવી રહ્યા છે. શ્રી મશરૂવાળા, સ્વામી સત્યભકત (પં. દરબારીલાલજી) તથા અન્ય વિદ્વાનો પણ આમાં પોતાના વિચારો પ્રગટ કરી ચુકયા છે. આ વ્યાખ્યાનોના સંગ્રહના રૂપમાં જે સાહિત્ય પ્રકાશિત થયું છે તો ધર્મ, સમાજ, વ્યકિત તથા જીવનના અન્ય પ્રશ્નોનું સમાધાન પ્રાપ્ત કરવા માટે અત્યન્ત ઉપયોગી સિદ્ધ થયું છે. પર્યુષણના દિવસોમાં ધર્મશ્રવણની ભાવના તો પ્રત્યેક જૈનમાં હોય જ છે. જેમને ઉપાશ્રયોમાં સંતોષ પ્રાપ્ત થતો નથી અને જેઓ ધર્મના જીવિત તત્વને જાણવા માંગે છે તેમને આ આયોજનથી સારો સંતોષ પ્રાપ્ત થયો છે. આ વ્યાખ્યાનમાળાના કર્ણધાર શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા વિચારક છે અને સાથે સાથે કલ્પનાશીલ પણ છે. વ્યાખ્યાનમાળામાં કેટલાક એવા પણ વિષયોનો સમાવેશ કરવામાં આવે છે કે જેનો જૈન પરંપરા સાથે સીધો સંબંધ નથી હોતો. તેવા વિષય ઉપર જ્યારે એક અધિકારી વિદ્વાન બોલે છે અને તેના રહસ્યને પ્રગટ કરે છે ત્યારે જૈન જનતાની દૃષ્ટિ વ્યાપક બને છે, સાંપ્રદાયિક સંકુચિત વૃત્તિ હળવી બને છે અને હૃદયમાં વિશાળતા આવે છે. આ રીતે જૈનેતર જનતા પણ જૈન તત્વો સમજવા માટે ઉત્સુક હોય છે. જ્યાં સાંપ્રદાયિકતાએ ધર્મનું ગળું દાબી રાખ્યું છે અને સેંકડો અને હજારો વર્ષોથી પરાજિત, વિશૃંખલિત અર્થાત્ છિન્નભિન્ન બનાવી દીધું છે, ત્યાં આ પ્રકારની વિશાળ દૃષ્ટિનું નિર્માણ ધર્મ તેમ જ રાષ્ટ્રની એક મોટી સેવા છે. ભારતની આધ્યાત્મિક પરંપરા અત્યન્ત મહત્વપૂર્ણ છે. તે પરંપરા વ્યકિત તથા રાષ્ટ્ર-સર્વને શકિતશાળી તેમ જ સુખી બનાવી શકે તેમ છે તેમાં કોઇ સંદેહ નથી. પણ જ્યાં સુધી તે પરંપરા સાંપ્રદાયિકતાની જાળમાં ફસાયલી રહેશે ત્યાં સુધી આપણું કશું પણ હિત કરી શકે તેમ નથી. કહેવાની જરૂર નથી કે આ પ્રકારની પ્રવૃત્તિઓ જેટલી વધશે તેટલા પ્રમાણમાં જનતાનું ધ્યાન ધર્મના વાસ્તવિક રૂપની તરફ ગતિમાન બનશે."

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

છુટક નકલ: ત્રણ આના શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જીવન

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ: ૧૪ : અંક ૧
પ્ર. જીવન વર્ષ ૧ : ૧૪

મુંબઈ : ૧૫ નવેમ્બર ૧૯૫૩ રવિવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

જ્ઞાનભંડારો પર એક દૃષ્ટિપાત

(અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદના ૧૭ માં અધિવેશન પ્રસંગે ગુજરાત વિદ્યાસભા અન્તર્ગત શ્રી ભોળાભાઇ જેસંગલાલ અધ્યયન-સંશોધન વિદ્યાભવન યોજિત સાહિત્ય પ્રદર્શનીના પ્રયોજક મુનિશ્રી પુણ્યવિજયજીના હિંદી ભાષામાં લખાયલા પ્રાક્કથનના ઉપયોગી વિભાગોનો અનુવાદ નીચે આપવામાં આવે છે. તંત્રી)

આ યુગના વિકસિત સાધન વિકસિત વ્યવહારની દૃષ્ટિએ લાઇબ્રેરી અથવા પુસ્તકાલયોનું વિશ્વમા જે સ્થાન છે તે સ્થાન પડેલાના સમયમાં તે યુગની મર્યાદા અનુસાર જ્ઞાનભંડારોનું હતું. ધન, ધાન્ય, વસ્ત્ર, પાત્ર આદિ દુન્યવી ચીજોના ભંડારોની માફક શાસ્ત્રોના પણ ભંડાર અથવા તો સંગ્રહો કરવામાં આવતા હતા. અને આ ભંડાર ધર્મજીની અથવા તો વિદ્યાજીની ઋષિ-મુનિ યા વિદ્વાનોને હાથે નિર્માણ થતા હતા. આ પ્રથા કોઈ એક દેશ, કોઈ એક ધર્મ, યા કોઇ એક પરંપરામાં મર્યાદિત રહી ન હતી. ભારતીય આર્યની માફક ઇરાની અર્થ, ખ્રીસ્તીઓ અથવા મુસલમાનો પણ પોતાના સન્માન્ય શાસ્ત્રોના સંગ્રહો સર્વદા કરતા રહ્યા હતા.

ભંડારના ઇતિહાસની સાથે અનેક બાબતો સંકલિત છે– લિપિ, લેખનકળા, લેખનનું સાધન, લેખનનો વ્યવસાય. પરંતુ અહીં તો નાના લગભગ ચાલીસ વર્ષના પ્રત્યક્ષ અનુભવથી જે વાત જાણવામાં આવી છે તેનો હું સંક્ષેપમાં નિર્દેશ કરવા ઇચ્છું છું.

હું જાણું છું તે મુજબ કહી શકું છું કે ભારતમાં બે પ્રકારના ભંડાર મુખ્યતયા જોવામાં આવે છે–વ્યક્તિગત માલિકીનું અને સાંઘિક (સંઘના) માલિકીનું. વૈદિક પરંપરામાં પુસ્તક સંગ્રહનો મુખ્ય સંબંધ બ્રાહ્મણવર્ગની સાથે રહેલો છે. બ્રાહ્મણ-વર્ગ ગૃહસ્થાશ્રમપ્રધાન છે. તેને પુત્રપરિવાર વગેરેનો પરિગ્રહ પણ ઇષ્ટ છે–શાસ્ત્રસંમત છે. તેથી જ વૈદિક પરંપરાના વિદ્વાનોના પુસ્તકસંગ્રહ મુખ્યતઃ વ્યક્તિગત માલિકીના રહ્યા છે અને આજ પણ એવું જ છે. ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળ, મિથિલા અથવા તો દક્ષિણના કોઈપણ પ્રદેશમાં જઇને પુરાણા બ્રાહ્મણપરંપરાના સંગ્રહો આપણે જોવા માંગીએ તો કોઇને કોઇ વ્યક્તિગત કુટુંબની માલિકીના જ મળી શકશે. પરંતુ ભિક્ષુપરંપરામાં આનાથી ઉલટો પ્રકાર છે. બૌદ્ધ-જૈન જેવી પરંપરાઓ ભિક્ષુ યા શ્રમણ પરંપરામાં સંમિલિત છે. જો કે ભિક્ષુ યા શ્રમણ ગૃહસ્થોના અવલંબન વગર જ ધર્મ યા વિદ્યાનું સંરક્ષણ સંવર્ધન કરે છે તો પણ તેનું પોતાનું જીવન અને ઉદ્દેશ અપરિગ્રહના સિદ્ધાંત ઉપર અવલંબિત છે-તેને કોઈ પોતાનો પુત્રપરિવાર વગર હતું નથી. તેથી તેની મારફત કરાયેલો અથવા તો રક્ષાયેલો સંગ્રહ સાંઘિક માલિકીનો રહ્યો છે અને આજે પણ એ મુજબ છે. કોઈ બૌદ્ધ વિહાર યા કોઇ જૈન સંસ્થામાં કોઈ એક આચાર્ય યા વિદ્વાનનું પ્રાધાન્ય કોઇ કાળે રહ્યું હોય તો પણ તેના આશ્રય નીચે બનેલો અથવા સંરક્ષિત થયેલો જ્ઞાનભંડાર તત્વતઃ સંઘની માલિકીનો જ રહે છે અથવા માનવામાં આવે છે.

સામાન્ય રૂપથી આપણે જાણીએ છીએ કે આ દેશમાં બૌદ્ધવિહાર નહિ હોવાથી બૌદ્ધ સંઘનો ભંડાર પણ નથી, પરંતુ વસ્તુસ્થિતિ જુદી છે. અહિંના પુરાણા બૌદ્ધ વિહારોના નાના મોટા અનેક પુસ્તકસંગ્રહો કેટલાક મૂળરૂપમાં અને કેટલાક પલટાયલા રૂપમાં ભારતના પાડોશી અનેક દેશોમાં થયા છે. નેપાળ, ચીન, સિલોન, ટીબેટ, બર્મા વગેરે અનેક દેશોમાં પુરાણા બૌદ્ધ શાસ્ત્રસંગ્રહ આજે પણ સુલભ છે.

જૈન પરંપરાના ભિક્ષુઓ ભારતની બહાર ગયા નથી. તેને લીધે તેનો શાસ્ત્રસંગ્રહ પણ મુખ્યત્વે ભારતમાં જ રહ્યો છે. કદાચ ભારતનો કોઈ એવો ભાગ નહિ હોય કે જ્યાં જૈન પુસ્તકસંગ્રહ ઓછાવધતા પ્રમાણમાં ન મળી શકે. દૂર દક્ષિણમાં કર્ણાટક, આંધ્ર, તામીલ વગેરે પ્રદેશોથી માંડીને ઉત્તરના પંજાબ, યુક્ત પ્રદેશો સુધી અને પૂર્વના બંગાળ, બિહારથી માંડીને પશ્ચિમના કચ્છ, સૌરાષ્ટ્ર સુધી જૈન ભંડારો આજે પણ જોવામાં આવે છે, પછી ભલે કોઇ જગ્યાએ તે નામ માત્ર હોય. આ સર્વ ભંડારો મૂળમાં સાંઘિક માલિકીના ધોરણ ઉપર જ સ્થાપિત થયા છે. સાંઘિક માલિકીના ભંડારોના મુખ્ય લાભ એ છે કે તેની વૃદ્ધિ સંરક્ષણ વગેરે કાર્યોમાં સંઘ ભાગ લે છે અને સંઘના જુદા જુદા દરજ્જાના અનુયાયી ગૃહસ્થો તેમાં પોતાનો ભક્તિપૂર્વક સાથ દે છે, જેને લીધે ભંડારોની શાસ્ત્ર-સમૃદ્ધિ બહુ વધી જાય છે અને તેની રક્ષા પણ ઠીક ઠીક થાય છે. આ જ કારણ છે કે જેને લીધે વચગાળાના અંધાધુંધીના સમયમાં સેંકડો વિઘ્નબાધાઓ ઉપસ્થિત થવા છતાં પણ હજારોની સંખ્યામાં પુરાણા ભંડારો સુરક્ષિત રહ્યા છે અને પુરાણા ભંડારોની કાયા ઉપર નવા ભંડારોની સ્થાપના અને વૃદ્ધિ થતી રહી છે, જે પરંપરા આજ પણ ચાલુ છે.

આ વિષયમાં એક બે ઐતિહાસીક ઉદાહરણ પૂરતાં છે. જ્યારે પાટણ, ખંભાત આદિ સ્થળોમાં કોઇ ઉત્પાતની સંભાવના માલુમ પડી કે તરત જ આચાર્યોએ બહુમૂલ્ય શાસ્ત્રસંપત્તિ જેસલમેર જેવા દૂરવર્તી સુરક્ષિત સ્થાનોમાં સ્થાનાંતરિત કરી હતી. એથી અન્યથા જ્યાં એવા ઉત્પાતનો સંભવ નહોતો ત્યાં પુરાણા સંગ્રહો એજ રીતે ચાલુ રહ્યા હતા જેવા કે કર્ણાટકના દિગંબર ભંડાર.

આમ તો વૈદિક બૌધાદિ પરંપરાઓના ગ્રંથો સાથે મારો

જે ભાવ તથા સંબંધ છે તે જ જૈન પરંપરાના શાસ્ત્રગ્રંથોની સાથે છે, તો પણ મારા કાર્યનો મુખ્ય સંબંધ પરિસ્થિતિની દૃષ્ટિએ જૈન ભંડારો સાથે રહ્યો છે. આમ હોવાથી હું તેને લગતા અનુભવ વિષે જ અહિં વિચાર પ્રસ્તુત કરવા માગું છું. ભારતમાં ઓછામાં ઓછા પાંચસો શહેર, ગામ, કસબા વગેરે સ્થાન હશે જ્યાં જૈનશાસ્ત્ર સંગ્રહ મળી શકે. પાંચસોની સંખ્યા—આ તો સ્થાનોની સંખ્યા છે, ભંડારોની નહિ—ભંડાર તો કોઇ એક શહેર, એક કસબો અથવા એક ગામડામાં બે પાંચથી માંડીને પંદર વીસ સુધી મળી શકે તેમ છે. પાટણમાં વીસથી વધારે ભંડાર છે તો અમદાવાદ, સુરત, બીકાનેર વગેરે સ્થળોમાં દશ, દશ, પંદર પંદર આસપાસ જોવામાં આવે છે. ભંડારના કદ પણ સૌના એક સરખા નથી. કોઇ કોઇ ભંડારમાં પચીસ હજાર સુધીનો ગ્રંથસંગ્રહ છે તો કોઈ કોઇમાં બસો પાંચસો પણ છે. ભંડારોનું મહત્ત્વ જુદી જુદી દૃષ્ટિથી આંકવામાં આવે છે. કોઇમાં ગ્રંથરાશિ વિપુલ છે તો વિષયવૈવિધ્ય કમ છે; કોઇમાં વિષયવૈવિધ્ય વધારે છે તો અપેક્ષાકૃત પ્રાચીનત્વ કમ છે, કોઇમાં પ્રાચીનતા વધારે છે; કોઇમાં જૈનેતર બૌદ્ધ—વૈદિક જેવી પરંપરાઓના મહત્વપૂર્ણ ગ્રંથ મુખ્ય રૂપમાં સંગ્રહિત છે તો કોઇમાં થોડા પણ એવા ગ્રંથો છે કે જે આ ભંડાર સિવાય દુનિયાના કોઇ ભાગમાં આજ સુધી પ્રાપ્ત થયા નથી, ખાસ કરીને એવા ગ્રંથો બાહ્યપરંપરાના છે; કોઇમાં સંસ્કૃત, પ્રાકૃતિ અપભ્રંશ, પ્રાચીન ગુજરાતી, રાજસ્થાની, હિંદી, ફારસી વગેરે ભાષાવૈવિધ્યની દૃષ્ટિએ ગ્રંથરાશિનું મહત્વ છે તો કોઇમાં પુરાણા તાડપત્ર અને ચિત્રસમૃદ્ધિનું મહત્વ છે.

સૌરાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનના જુદા સ્થાનોમાં હું રહ્યો છું અને મેં ભ્રમણ પણ કર્યું છે. મેં લગભગ ચાલીસ સ્થાનોના સર્વભંડારો જોયા છે અને લગભગ પચ્યાસ ભંડારોમાં તો પ્રત્યક્ષ બેસીને કામ કર્યું છે. આટલા પરિમિત અનુભવોમાં પણ જે સાધનસામગ્રી જાણવામાં આવી છે તેમ જ હસ્તગત થઇ છે તેના આધાર પર હું કહી શકું છું કે વૈદિક બૌદ્ધ અને જૈન પરંપરાના પ્રાચીન તથા મધ્યકાલીન શાસ્ત્રોના સંશોધન વગેરેમાં જેને રસ છે તેને માટે અપરિનત સામગ્રી ઉપલબ્ધ છે.

શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી અને તેરાપંથી—આ ચાર ફિરકાથી આશ્રિત જૈન ભંડારા છે. આમ તો આ સર્વ ફિરકાના ભંડારોથી હું થોડોઘણો પરિચિત છું. તો પણ મારો સાથી વધારે પરિચય અને પ્રત્યક્ષ અનુભવ શ્વેતાંબર પરંપરાના ભંડારો સાથે જ રહ્યો છે. હું માનું છું કે વિષય તથા ભાષાના વૈવિધ્યની દૃષ્ટિથી, ગ્રંથસંખ્યાની દૃષ્ટિથી, પ્રાચીનતાની દૃષ્ટિથી, ગ્રંથોના કદ, પ્રકાર, અલંકરણ વગેરેની દૃષ્ટિથી તથા અલભ્ય, દુર્લભ અને સુલભ પરંતુ શુદ્ધ એવા બૌદ્ધ વૈદિક જેવી જૈનેતર પરંપરાઓના બહુમૂલ્ય વિવિધ ગ્રંથોના સંગ્રહની દૃષ્ટિથી શ્વેતાંબર પરંપરાના અનેક ભંડારો એટલા મહત્વના છે કે જેટલા મહત્વના અન્ય સ્થાનોના છે જ નહિ.

માધ્યમની દૃષ્ટિએ મારા જોવામાં આવેલા ગ્રંથોના ત્રણ પ્રકાર છે-તાડપત્ર, કાગળ અને કપડું-તાડપત્રના ગ્રંથ વિક્રમની નવમી શતાબ્દિથી માંડીને સોળમી શતાબ્દિ સુધીનાં મળે છે. કાગળના ગ્રંથ જૈન ભંડારોમાં વિક્રમની તેરમી શતાબ્દિના પ્રારંભથી આજ સુધીના મૌજુદ છે. જો કે મધ્ય એશિયાના યારકંદ શહેરથી દક્ષિણની બાજુ ૬૦ માઇલ ઉપર કુગિયર નામના સ્થાનમાં પ્રાપ્ત થયેલા કાગળના ચાર ગ્રંથો ઇ. સ. ની પાંચમી શતાબ્દિના માનવામાં આવે છે, પરંતુ એટલા પુરાણા કોઇ તાડપત્રના અથવા તો કાગળના ગ્રંથ આજ સુધી જૈન ભંડારોમાં મળ્યા નથી. પરંતુ આનો અર્થ એટલો જ છે કે પૂર્વકાળમાં લખાયેલા ગ્રંથો જેમ જેમ વૃદ્ધ થતાં ગયા—નાશાભિમુખ થતાં ગયા તેમ તેમ તે ઉપરથી નવી નવી નકલો થતી ગઇ અને નવા રચાનાર ગ્રંથો પણ લખાતા ગયા. આ રીતે આપણી સામે જે ગ્રંથસામગ્રી મોજુદ છે તેમાં મારી દૃષ્ટિથી વિક્રમની પૂર્વ શતાબ્દિઓથી માંડીને નવમી શતાબ્દિ સુધીના ગ્રંથોના અવતરણનો અને નવમી શતાબ્દિની પછી નવા રચાયેલા ગ્રંથોનો સમાવેશ થાય છે.

મારી નજર તળેથી પસાર થએલા ગ્રંથોમાં તાડપત્રીય ગ્રંથોની સંખ્યા લગભગ ૩૦૦૦ જેટલી છે અને કાગળના ગ્રંથોની સંખ્યા તો બે લાખ કરતાં વધારે છે.

એ કહેવાની જરૂર નથી કે આમાં સર્વ જૈન ફિરકાના સર્વ ભંડારોના ગ્રંથોની સંખ્યા અભિપ્રેત નથી. એ સંખ્યા તો દસ પંદર લાખથી પણ કંઇક વધી જાય તેમ છે.

જુદી જુદી અપેક્ષાથી ભંડારોનું વર્ગીકરણ નીચે લખ્યા મુજબ કરી શકાય છે. એ ધ્યાનમાં રહેવું જોઇએ કે આ વર્ગીકરણ રૂઢ થયું છે.

પ્રાચીનતાની દૃષ્ટિથી તથા ચિત્રપટ્ટિકા તેમ જ અન્ય ચિત્ર સમૃધ્ધિની દૃષ્ટિથી અને સંશોધિત તથા શુધ્ધ કરાયેલા આગમિક સાહિત્યની તેમ જ તાર્કિક દાર્શનિક દૃષ્ટિની જેમાં જૈન પરંપરા ઉપરાંત વૈદિક તેમજ બૌધ્ધ પરંપરાનો સમાવેશ થાય છે-પાટણ, ખંભાત અને જેસલમેરના તાડપત્રીય સંગ્રહ સૌથી પ્રથમ કોટિના છે. આમાં જેસલમેરનો ભંડાર આચાર્ય શ્રી જિનભદ્રસૂરિ—સંસ્થાપિત તાડપત્રીય ભંડાર પ્રથમ સ્થાન ભોગવે છે. એમાંનાં શતાબ્દિવાળો તાડપત્રીય ગ્રંથ—વિશેષ આવશ્યક મહાભાષ્ય—કે જે લિપિ, ભાષા અને વિષયની દૃષ્ટિથી મહત્વ ધરાવે છે તે પહેલવહેલો આ સંગ્રહમાં જણ્યો છે. આ સંગ્રહમાં જેટલી અને જેવી પ્રાચીન ચિત્રપટ્ટિકા તથા અન્ય પુરાણી ચિત્રસમૃદ્ધિ છે તેટલી પુરાણી અને તે પ્રકારની કોઇ અન્ય ભંડારમાં લભ્ય નથી. આ તાડપત્રીય સંગ્રહમાં જે આગમિક ગ્રંથો છે તે મોટા ભાગે સંશોધિત અને શુધ્ધ કરાયેલા છે. વૈદિક પરંપરાના વિશેષ શુધ્ધ અને મહત્વના કટલાક ગ્રંથો પણ આ સંગ્રહમાં ઉપલબ્ધ છે. આમાં સાંખ્યકારિકા ઉપરનું ગૌડપાદ—ભાષ્ય તથા ઇતર વૃત્તિઓ છે. યોગસૂત્ર પરની વ્યાસ ભાષ્ય સહિત તત્વ વૈશારદી ટીકા છે. ગીતા ઉપરનું શાંકર ભાષ્ય અને શ્રીહર્ષનું ખંડનખંડખાદ્ય છે. વૈશેષિક અને ન્યાયદર્શનનું ભાષ્ય અને એની ઉપરની ક્રમિક ઉદયનાચાર્ય ટીકાની સર્વ ટીકાઓ મોજુદ છે. ન્યાયસૂત્ર ઉપરનું ભાષ્ય, તેનું વાર્તિક, વાર્તિક ઉપરની તાત્પર્ય—ટીકા અને તાત્પર્યટીકા ઉપર તાત્પર્યશુધ્ધિ તથા એ પાંચ ગ્રંથો ઉપર વિષમપદવિવરણરૂપ 'પંચપ્રસ્થાન' નામનો એક અપૂર્વ ગ્રંથ આ સંગ્રહમાં છે. બૌધ પરંપરાના મહત્વપૂર્ણ તર્ક ગ્રંથોમાંથી સટીક સટિપ્પણ ન્યાયબિંદુ તથા સટીક સટિપ્પણ તત્ત્વ સંગ્રહ જેવા અનેક ગ્રંથો છે. અહિં એક બાબતનો હું ખાસ નિર્દેશ કરવા માગું છું જે સંશોધકો માટે ખાસ ઉપયોગી છે. અપભ્રંશ ભાષાના કેટલાક અપ્રકાશિત તથા અન્યત્ર અપ્રાપ્ય એવા બારમી સદીના મોટા મોટા કથા—ગ્રંથો આ ભંડારમાં છે, જેવા કે વિલાસવઇકહા, અરિટ્ઠ—નેમિચરિઉ ઇત્યાદિ. આવી રીતે છંદ વિષયક કેટલાક ગ્રંથો છે જેની નકલો પુરાતત્વકોવિદ શ્રી જિનવિજયજીએ જેસલમેર જઇને કરાવી છે. એ નકલોના આધાર ઉપર પ્રોફેસર વેલણકરે તેનું પ્રકાશન કર્યું છે.

ખંભાતના શ્રી શાંતિનાથ—તાડપત્રીય—ગ્રંથ ભંડારની બે વિશેષતાઓ આ છે. એમાં ચિત્રસમૃદ્ધિ તો છે જ, પણ

ગુજરાતના સુપ્રસિદ્ધ અને વિદ્વાન વસ્તુપાલની સ્વહસ્તલિખિત 'ધર્માભ્યુદય' મહાકાવ્યની પ્રત પણ છે. પાટણના ત્રણ તાડપત્રીય સંગ્રહોની અનેક વિશેષતાઓ છે. એમાંથી એક તો એ છે કે ત્યાંથી ધર્મકીર્તિનું 'હેતુબિંદુ' અર્ચટકૃત ટીકાવાળું પ્રાપ્ત થયું છે, જે આજ સુધી મૂળ સંસ્કૃતમાં કોઈ ઠેકાણે મળ્યું નથી. જયરાશિનું તત્ત્વોપાલવ જેનો અન્યત્ર કોઈ પત્તો નથી તે પણ અહિંથી મળ્યું છે.

કાગળ-ગ્રંથના અનેક ભંડારોમાંથી ચાર પાંચનો નિર્દેશ અહિં પૂરતો લેખાશે. પાટણના તપાગચ્છનો ભંડાર ગુજરાતી, રાજસ્થાની, હિંદી અને ફારસી ભાષાના વિવિધવિષયક સેંકડો ગ્રંથોથી સમૃદ્ધ છે, જેમાં 'આગમડંબર' નાટક પણ છે, જે અન્યત્ર દુર્લભ છે. પાટણના ભાભાના પાડાનો ભંડાર પણ અનેક દૃષ્ટિથી મહત્ત્વનો છે. હમણાં હમણાં એમાંથી જ છઠ્ઠી સાતમી સદીના બૌદ્ધ તાર્કિક આચાર્ય શ્રી ધર્મકીર્તિના સુપ્રસિદ્ધ 'પ્રમાણવાર્તિક'-ગ્રંથની સ્વોપજ્ઞ વૃત્તિ મળી છે, જે તિબેટથી પણ આજ સુધી પ્રાપ્ત થઇ નથી. ખંભાતની જૈન શાળાનો ભંડાર પણ મહત્ત્વ ધરાવે છે. તેમાં વિક્રમ સંવત ૧૨૩૪ ની લખેલી જિનેશ્વરીય કથાકોશની પ્રતિ છે.

જૈન ભંડારમાં મળતી કાગળની પોથીઓમાં આ સૌથી પુરાણી છે. આઠસો વર્ષ પછી આજે પણ તેના કાગળની સ્થિતિ સારી છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના સ્વહસ્તલિખિત કેટલાય ગ્રંથો જેવાકે વિષયતાવાદ, સ્તોત્રસંગ્રહ વગેરે આ ભંડારમાંથી હમણાં હમણાં મને મળ્યાં છે. જેસલમેરના એક કાગળના ભંડારમાં ન્યાય અને વૈશેષિક દર્શનના સૂત્ર, ભાષ્ય, ટીકા, અનુટીકા વગેરેનો પૂરો સંગ્રહ બધુ જુદે જુદે રૂપમાં વિદ્યમાન છે, જે વિ. સં. ૧૨૭૯માં લખવામાં આવેલ છે. અમદાવાદના માત્ર બે ભંડારનો જ હું નિર્દેશ કરવા માગું છું. પગથિયાના ઉપાશ્રયના સંગ્રહમાંથી ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની સ્વહસ્તલિખિત પ્રમેયમાળા તથા વીતરાગસ્તોત્ર અષ્ટમ પ્રકાશની વ્યાખ્યા-આ બે ગ્રંથ તાજેતરમાં આચાર્યશ્રી વિજયમનોહર સૂરિજી મારફત મળ્યા છે. બાદશાહ જહાંગીર દ્વારા સન્માનિત વિદ્વાન ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્ર રચિત કેટલાય ગ્રંથો આ ગ્રંથમાં છે, જેવાકે નૈષધકી તથા વાસવદત્તાની ટીકા વગેરે. દેવશાના પાડાનો સંગ્રહ પણ મહત્ત્વનો છે. એમાં પણ ભાનુચંદ્ર, સિદ્ધિચંદ્રના અનેક ગ્રંથો છે એમ સાંભળવામાં આવ્યું છે.

કપડા ઉપર પત્રાકારમાં લખાયેલો આજ સુધીમાં એક જ ગ્રંથ મળ્યો છે. જે પાટણના શ્રીસંઘના ભંડારમાં છે. આમ તો રોલ-ટીપણાના આકારના કપડા ઉપર લખાએલા કેટલાય ગ્રંથો મળેલાં છે, પણ પત્રાકાર લિખિત આ એક જ ગ્રંથ છે.

સોનાચાંદીની સહાયથી બનાવેલા તથા અનેક રંગવાળા સેંકડો નાનાવિધ ચિત્રો જેવા તાડપત્રીય ગ્રંથ પર મળે છે તેવા જ કાગળના ગ્રંથો પર પણ જોવામાં આવે છે. આ રીતે કાગળ તથા કપડા ઉપર આલિખિત, અલંકારખચિત વિજ્ઞપ્તિપત્ર, ચિત્રપટ પણ મોટા પ્રમાણમાં મળે છે. પાટા (વાંચતી વખતે પાના રાખવા માટે તથા પ્રતાકાર ગ્રંથ બાંધવાને માટે જે બંને બાજુ રાખવામાં આવે છે તે પુંઠા), ડબ્બા વગેરે પણ સચિત્ર તથા વિવિધ આકારના પ્રાપ્ત થાય છે. ડબ્બાની એક ખુબી એ છે કે એમાંથી કોઇ ચર્મજડિત છે, કોઇ વસ્ત્રજડિત હોય છે તો કોઇ કાગળથી મઢેલા હોય છે. આજકાલના છાપેલા પુસ્તકોના પાકા પુંઠા ઉપર જેવી રચનાઓ જોવામાં આવે છે એવી આ ડબ્બાઓ ઉપર કુંપાથી-સંચાથી ઢાળેલી અનેક તરેહની રંગબેરંગી રચનાઓ કરવામાં આવેલી હોય છે.

આ જ્ઞાનભંડારો વિવિધ દૃષ્ટિથી સમૃદ્ધ અને મહત્ત્વના છે. એમની મુખ્ય વિશેષતા એ છે કે તેનો સંગ્રહ જે કે જૈનોએ કર્યો હોય છે તો પણ તે માત્ર જૈન શાસ્ત્રોના સંગ્રહથી મર્યાદિત હોતા નથી. તેમાં જૈન જૈનેતર અથવા વૈદિક-બૌદ્ધ-જૈન, સંસ્કૃત પ્રાકૃત, અપભ્રંશ અથવા ગુજરાતી, હિંદી, મરાઠી, ફારસી વગેરે ભાષાઓના તથા જૈન-જૈનેતર-વૈદિક-બૌદ્ધ-જૈનાચાર્યોના રચેલા ધર્મશાસ્ત્રો અને તદુપરાંત વ્યાકરણ, કોશ, છંદ, અલંકાર, મંત્ર, તંત્ર, કલ્પ, નાટય, નાટક, જ્યોતિષ, લક્ષણ, આયુર્વેદ, દર્શન તેમજ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ આદિ ભાષાના ચરિત્ર ગ્રંથ, રાસ આદિ વિવિધ સાહિત્ય વિદ્યમાન છે. સંક્ષિપ્તમાં મારે કહેવું જોઇએ કે આ ભંડારોનું સાચું મહત્ત્વ તેની વ્યાપક અને વિશાળ સંગ્રહદૃષ્ટિમાં રહેલું છે. જેવી રીતે આ વિશાળ જ્ઞાનભંડારોમાં લેખનસંશોધન-રક્ષણ-વિષયક સાધન તેમ જ સંગ્રહ છે તેવી રીતે તાડપત્ર, કાપડ, અને કાગળ ઉપર કાળી, લાલ, સોનેરી, રૂપેરી વગેરે અનેક પ્રકારની શાહીથી લખેલાં અનેક આકાર પ્રકારના અત્યંત સુંદર અને કલાપૂર્ણ સચિત્ર-અચિત્ર, પત્રાકાર, ગુટકાકાર, કુંડળીઆકાર લખાયેલા ગ્રંથો વિદ્યમાન છે. અનેક પ્રકારના સચિત્ર-અચિત્ર વિજ્ઞપ્તિ પત્ર, તીર્થયાત્રાદિના ચિત્રપટ, યંત્રપટ, વિદ્યાપટ આદિનો વિશાળ સંગ્રહ આ ભંડારમાં છે. જૈનોએ આ ભંડારના સંગ્રહને માટે હાર્દિક મનોયોગની સાથે સાથે પોતાની સંપત્તિ પાણીની માફક વહેવરાવી છે. એજ રીતે તેના સંરક્ષણ માટે પણ તેમણે સર્વ શકય ઉપાયો કર્યાં છે.

આ પ્રકારના જ્ઞાનભંડાર, તેમાં ઉપલબ્ધ સામગ્રી તેમ જ ગ્રંથરાશી તથા તેની વ્યવસ્થા વગેરે બાબતો વિષે મેં અહિં સંક્ષિપ્ત વર્ણન કર્યું છે. વિશાળ તેમ જ વૈવિધ્યપૂર્ણ આ ગ્રંથરત્નોના પરીક્ષકો તેનો સમ્યક્ ઉપયોગ કરે, આ મારી આંતરિક અભિલાષા છે.

મુનિ પુણ્યવિજયજી

દોડતી ગાડી

એક સાંજો ટ્રેનનો પ્રવાસ કરીને હું ત્રણ દિવસ પહેલાં જ પાછો આવ્યો. તે પ્રવાસની એક મજાની વાત યાદ આવે છે ને મને હજી પણ હસવું આવે છે.

ટ્રેન એક સ્ટેશનમાં ઉભી હતી અને એક બુઢ્ઢા કાકા શૌચવિધિ માટે ટ્રેનના સંડાસમાં ગયા. સંડાસમાંથી તેમનું બહાર આવવું અને એંજીનનું ભખ...ભખ...શરૂ થઇ ટ્રેનનું ચાલવું સાથે જ બન્યું. ઉતાવળે કપડાં ઠીક કરતાં કરતાં તે સજ્જન ગાડી ચાલતી જોઇ જાણે છૂટકારાનો દમ ખેંચી બોલ્યા "વખતસર બહાર આવ્યો, ભાઇ ! નહીં તો હું અંદર જ રહ્યો હોત, ને ગાડી ચાલતી થઇ હોત !" ડહાપણનાં આ વાકયો સાંભળી બધા હસવા લાગ્યા. પેટભરીને હસ્યા. મારું હસવું પણ માય નહીં ત્યાં તો તેમનાં પણ ધ્યાનમાં આવ્યું કે પોતે ટ્રેનનાં સંડાસમાં જ હતા એટલે ગાડી ચૂકવાનો સંભવ જ ન હતો. તેઓ ગાડીમાં જ રહેવાના હતા. અમારી સાથે એ પણ હસવા લાગ્યા-ખડખડાટ હસ્યા. મને એ ગમ્યું.

આ વાત હાસ્યાસ્પદ લાગે છે ખરી, પણ આવી હાસ્યાસ્પદ વાતો આપણે પણ કયાં નથી કરતા ? તત્ત્વજ્ઞાનનો આધાર લઇ આપણે આવી વાતો મોટા પ્રમાણમાં ઉંચી ભૂમિકએ કરીએ છીએ એટલું જ. અને એ કારણે આપણને એવું વર્તન હાસ્યાસ્પદ નથી લાગતું.

કોઇ કારણે જગતનો કંટાળો આવ્યો એટલે " કંટાળ્યા

આ દુનિયાથી–કયાંક દૂર ભાગી જવાનું મન થાય છે!" એમ લોકો ખરેખર બોલતા હોય છે. અને અમલ કરતા હોય છે, અલબત્ત ગણ્યાગાંઠ્યાં જ.

તે બધા ફકત એટલું ભૂલી જાય છે કે જગતના ગમે તે ખૂણે જાય–દુનિયાના ગમે તે ભાગમાં જાય તો પણ તેઓ દુનિયામાં જ રહે છે. અને જે કારણો દુનિયા છોડવા માટે અહિં હોય છે, તે થોડેઘણે અંશે બધે જ હોય છે.

મારા એક ઓળખીતા મિત્રનું આવું જ થયું. હિંદુસ્તાનમાં પ્રેમભંગ થયા તેથી તેઓ ખૂબ નિરાશ થઈ ગયા. જીવનમાં હવે સ્ત્રીનું નામનિશાન ન જોઈએ, એવી ભિષ્મપ્રતિજ્ઞા કરી, જે નોકરી તરત જ મળી તે વધાવી લઈ તેઓ પૂર્વ આફ્રીકા ગયા. જાણે છૂટયા. પરંતુ તેમના ગયા પછી થોડા જ મહિનામાં મને ખબર પડી, કે ત્યાં ઓફિસમાં કામ કરતી એક સુંદર ટાઇપીસ્ટ છોકરી સાથે તેઓ પરણી ગયા.

આવું ઘણીવાર બને છે–અનુભવની વાત છે. જીવનની આવી ધર્મોચકોમાંથી ભાગી જવાનો પ્રયત્ન કરવો, એટલે દોડતી ગાડીના પાછલા ડબ્બામાંથી કોઇએ આગલા ડબ્બામાં જવાનો પ્રયત્ન કરવો એટલું જ થયું. અને છતાં તે મુસાફર માને છે,–મનાવે છે, કે મારે ગાડીમાંથી ભાગી જવું છે.

દોડતી ગાડીમાંથી ખરેખર છૂટવાનો માર્ગ એટલે બારીમાંથી બહાર કૂદકો મારવો એ છે. સીધા–સાદા શબ્દોમાં કહીએ તો આપઘાત કરવો. જીવનની દોડતી ગાડીમાંથી છૂટવા માટે થોડા કમનશીબ લોકો એવો રસ્તો લે છે. પણ ખરા આ રસ્તો દુઃખદ છે, ભયાનક છે; બીકણપણાનો, પણ છે. પરંતુ પૂર ઝડપે દોડતી ગાડીમાંથી નાસી છૂટવાનો એ એક જ નિશ્ચિત માર્ગ છે, એમાં શંકા નહી.

આવા લોકો ઉપર દયા આવે, ચીડ ચડે એ ખરું પણ તેમનામાં પોતાનો રસ્તો શોધી લેવાની–બરાબર પકડી લેવાની કુશાગ્ર બુધ્ધિ અને તીક્ષ્ણ દૃષ્ટિ છે એ ચોક્કસ. પાછલા ડબ્બામાંથી આગલા ડબ્બામાં જઇ, અથવા દુનિયાના એક ખૂણામાંથી બીજા ખૂણામાં જઇ "છૂટયા ભાઇ, આપણે" એવું કહી પોતાની જાતને તેવા લોકો છેતરતા નથી.

અને માનવજીવન પણ જાણે એક દોડતી ગાડી જેવું નથી શું? આ ગાડીના આપણે પ્રવાસીઓ બીજા કરતાં પોતાને મોટા સમજીએ છીએ અને મનમાં અદેખાઇ તથા દ્વેષ રાખી જીવન–ગાડીના પાછળના ડબ્બામાંથી આગળના ડબ્બામાં આવવા તનતોડ પ્રયત્ન કરીએ છીએ. આગળ પહોંચેલો પોતાને મોટો બહાદુર અને ભડવીર સમજે છે. પાછળવાળા તરફ તુચ્છતાથી જોઇ હસે છે. પણ આપણે બધા એક જ ગાડીમાં બેઠા છીએ અને એ ગાડી કયાં જઇ રહી છે એની કોઇનેયે–આગળ રહેલા વીરને કે પાછળવાળાને–ખબર નથી.

આવા વિચારો મનમાં આવે છે એટલે મને એકદમ ઉદાસીનતા આવરી લે છે અને હું નિરાશાવાદી થઈ જાઉં છું. ખરેખર! આવા વિચારો મનમાં ન લાવવા જોઇએ. પણ આવા વિચારોને આવતા થોડા જ અટકાવી શકાય એમ છે? ટિકિટ-ઇન્સ્પેકટરના પંજામાંથી બચવા ટ્રેનના એક ડબ્બામાંથી બીજા ડબ્બામાં જઇએ તો ત્યાં પણ ઇન્સ્પેકટર હોવાનો સંભવ કયાં નથી હોતો?

મૂળ મરાઠી: **શ્રી અનન્ત કાણેકર**

અનુવાદક: **કાન્તિલાલ ખરોડિયા**

જૈન સાહિત્ય માટે મંગળ પ્રભાત

અમૃતસર (પંજાબ)ની શ્રી સોહનલાલ જૈન ધર્મ-પ્રચારક સમિતિ તરફથી બનારસમાં ચાલતા શ્રી પાર્શ્વનાથ વિદ્યાશ્રમે–જૈન વિશેષનામોનો શબ્દકોષ; જૈન દર્શન અને ધર્મનો ક્રમબદ્ધ ઇતિહાસ; જૈન દાર્શનિક શબ્દકોષ; જૈન સાહિત્યમાંની સામગ્રીનું સાંસ્કૃતિક, રાજનૈતિક, ભૌગોલિક વગેરે દૃષ્ટિએ સંકલન; અને જૈન સાહિત્યનો ઇતિહાસ–એ રીતે આધુનિક યુગની માગણીને સંતોષી શકે એવા ઉપયોગી ગ્રંથો તૈયાર કરવાની એક વિસ્તૃત યોજના થોડાક મહિનાઓ પહેલાં તૈયાર કરી હતી; અને એ સંબંધી કેટલીક માહિતી અમે આ તબક્કરા જગટ કરી હતી, જે અમારા વાચકોને યાદ હશે.

આ યોજનામાંની જૈન સાહિત્યનો ઇતિહાસ તૈયાર કરવાની યોજનાને આખરી ઓપ મૂર્તરૂપ આપવા માટે તા. ૨૯–૧૦–૫૩ ને ગુરૂવારના રોજ, અમદાવાદમાં પંડિતવર્ય શ્રી સુખલાલજીના રહેઠાણ ઉપર–સરિતકુંજમાં, પૂજ્ય મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજના અધ્યક્ષસ્થાને, વિદ્વાનોની એક નાની સરખી પરિષદ મળી તેને અમે જૈન સાહિત્યના ઇતિહાસને માટે મંગલપ્રભાત લેખીએ છીએ; અને તેથી એ પરિષદમાં જે કાર્યવાહી થઇ તેને સહર્ષ વધાવી લેવા સાથે તેને સંપૂર્ણ સાથ અને સહકાર આપવાની જૈન સંઘને પ્રાર્થના કરીએ છીએ.

આ નાની સરખી પરિષદ, જાણે વિદ્યાના વડલાઓનું સુમધુર મિલન હોય એવી, ગંભીર અને ગરવી પરિષદ હતી. એમાં જૈનધર્મના ત્રણે ફિરકાના વિદ્વાનો ઉપરાંત જૈન સંસ્કૃતિ પ્રત્યે ભારે પ્રેમ અને આદર ધરાવતા ડો. વાસુદેવશરણ અગ્રવાલ, ડો. પ્રો. એલ. વૈદ્ય, ડો. મોતીચંદ, ડો. ભોગીલાલ સાંડેસરા જેવા વિદ્વાનો પણ હાજર હતા. જૈન વિદ્વાનોમાં પં. શ્રી. સુખલાલજી, પં. શ્રી બેચરદાસજી, મુ. શ્રી જિનવિજયજી, ડો. એ. એન. ઉપાધ્યે, ડો. ઇન્દ્રચંદ્રજી, મુનિ કૃષ્ણચંદ્રજી, પ્રો. પદ્મનાભજી જૈની વગેરે મુખ્ય હતા.

આ સમયે મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી તથા વિદ્વાનોએ જે મુદ્દાસરનાં માર્ગદર્શક અને કાર્યની ગંભીરતા સમજાવતાં પ્રવચનો કર્યાં હતાં તે ભારે મહત્ત્વનાં હતાં. જૈન સાહિત્યનો સાચો ઇતિહાસ લખવો હોય તો સાંપ્રદાયીકતાના બદલે સત્યને જ મુખ્ય સ્થાન આપવું ઘટે–સાંપ્રદાયિકતા અને સત્ય સાથે ન ચાલી શકે–એ આ પ્રવચનોનો મુખ્ય સૂર હતો.

આ યોજના પ્રમાણે, આશરે પંદર હજાર રૂપિયાના ખર્ચે અને લગભગ ત્રણ હજાર પૃષ્ઠોમાં, કોઇ પણ જાતની સાંપ્રદાયિક ખેંચતાણમાં તણાયા વગર, પ્રાચીન કાળથી લઇને ૧૯ મી સદીના અંતસુધીમાં રચાયેલ દરેક ભાષાના અને દરેક વિષયના જૈન સાહિત્યનો ક્રમબદ્ધ ઇતિહાસ તૈયાર કરવામાં આવશે. (આ ગ્રંથની છપામણીના ખર્ચનો આમાં સમાવેશ થતો નથી)

આ કાર્ય માટે તે વિષયના મુખ્ય સ પાદકો નક્કી કરવામાં આવ્યા છે, સને ૧૯૫૫ સુધીમાં બધું લખાણ તૈયાર થવું જોઇએ, એવી સમયની મર્યાદા પણ નકકી કરવામાં આવી છે. આ કામમાં ડો. વાસુદેવશરણ અગ્રવાલ જેવા નિર્મળ સાહિત્યસેવી વિદ્વાન જે ઉલટભેર પોતાનો સક્રિય સાથ આપી રહ્યા છે તેથી એની સફળતા માટે ભારે આશા બંધાય છે.

અમારે મન તો વિદ્વાનોની આ નાની સરખી પરિષદે વડલાનું બીજ વાવવાનું મહાન કાર્ય કર્યું છે. એ વડલો વેલાસર ફાલો–ફુલો, અને આપણે સહુ આપણી સંપત્તિ અને શકિતને એ વડલાનું સંવર્ધન અને સંરક્ષણ કરવામાં ધન્ય બનીને આ મંગલ પ્રભાતનાં વધામણાં કરીએ એજ અભિલાષા.

" જૈનમાંથી સાભાર ઉધ્ધૃત.

પ્ર... કી....ર્ણ નાં....ધ

उत्तिष्ठ, जाग्रत, प्राप्यवरान्निबोधत !

તા. ૭-૧૧-૫૩ શનીવારના રોજ વિ. સં. ૨૦૦૯ ના વર્ષે વિદાય લીધી અને વિ. સં. ૨૦૧૦ ની સાલનો પ્રારંભ થયો. ચોતરફ સંતોષકારક વરસાદ અને માણસનું મન ધરાય એટલો પાક થવાથી નવા વર્ષનો પ્રારંભ આપણને સવિશેષ સુખદાયી અને મંગળકારી લાગે છે. અનાજની અછત હવે દૂર થશે અને જીવનની હાડમારીઓ પણ ઓસરતી જશે એવી શુભ આશાનો આપણા દિલમાં સંચાર થાય છે.

આઝાદી મળ્યા પછીનું એક એક વર્ષ એક મહાન ઉત્થાન જેવું લાગે છે. અનેક અણધારી સમસ્યા ઉભી થાય છે, ઉકેલાય છે અને નવી સમસ્યાઓ ઉભી થાય છે. રાષ્ટ્રની સર્વાંગી નવ-રચનાની યોજનાઓ વિચારાય છે; અમલમાં મૂકાય છે; આપણી કાર્યશક્તિનો આજે ભારે મુકાબલો થઈ રહ્યો છે. આઝાદી મળી નહોતી ત્યાં સુધી આપણે કેવળ સ્વપ્નસેવી હતા. આજે દેશની હકુમત આપણા હાથમાં આવી છે. દેશના સારા યા ખરાબ ભાવીની જવાબદારી હવે આપણી પોતાની છે. આવો અવકાશ મળવા બદલ આપણું દિલ આનંદ અને નવું જોમ અનુભવે છે; પણ સાથે સાથે આ જવાબદારીને કેમ પહોંચી વળીશું એ ચિન્તા આપણને મુંઝવે છે, અકળાવે છે.

આર્થિક ઉત્કર્ષ જેટલો જરૂરી છે તેટલી જ અગત્ય આજના નૈતિક અપકર્ષમાંથી ઉંચે આવવાની છે. લાંચરૂશ્વત; કાળાબજાર, ભેળસેળ અને તેવી જ રીતે કોમવાદ, પ્રાન્તીયવાદ અને સમગ્ર રાષ્ટ્રના હિતની ઉપેક્ષા કરાવતો પક્ષવાદ-આ બધાં આપણાં બહુ મોટાં ભયસ્થાનો છે. આ બધામાંથી ઉંચે આવવાનો, જીવનવ્યવહારને વિશુદ્ધ બનાવવાનો, વિશ્વબંધુત્વ અને જે રાષ્ટ્રને ઉન્નત બનાવવાની આપણ સર્વની ફરજ છે તે રાષ્ટ્રની એકાન્ત ઉન્નતિને લક્ષ્યમાં રાખીને આપણા સર્વ આચાર, વિચાર અને વળણને ઘડવાનો અને શક્ય તેટલો પુરૂષાર્થ દાખવવાનો અનિ-વાર્ય ધર્મ આપણી સામે ઉભો છે. તેની ઉપેક્ષા કરીશું તો હાથમાં આવેલી તક સરી જશે અને અનેક અરાજક બળો આપણા જીવનને છિન્નભિન્ન કરી નાંખશે.

તેથી નૂતન વર્ષનો આપણને સંદેશ છે કે उत्तिष्ठ, जाग्रत, प्राप्यवरान्निबोधत । ઉઠો, જાગૃત થાઓ, પ્રાપ્તવ્યને યથાસ્વરૂપે પીછાણો !

શ્રી. માણેકબહેનનો સ્વર્ગવાસ

મુંબઇ સરકારના ડેપ્યુટી મીનીસ્ટર શ્રી ઇન્દુમતીબહેન ચીમનલાલનાં માતુશ્રી માણેકબહેન લાંબી માંદગી ભોગવીને ૬૭ વર્ષની ઉમ્મરે તા. ૨૩-૧૦-૫૩ના રોજ મુંબઈ ખાતે અવસાન પામ્યાં. તેઓ એક વિચારસંપન્ન શક્તિશાળી સન્નારી હતાં. તેમના પતિનું નામ જે સંસ્થા સાથે જોડાયેલું છે તે શ્રી ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર અમદાવાદની એક અગ્રગણ્ય શિક્ષણસંસ્થા છે. તેની અંદર આજે લગભગ ૧૫૦૦ વિદ્યા-થીઓ ભણે છે. સહશિક્ષણની પ્રથા આ સંસ્થામાં લાંબા સમયથી સ્વીકારવામાં આવી છે. તેમ જ રીતે ઔદ્યોગિક શિક્ષણ માટે પણ ત્યાં બહુ મોટા પાયા ઉપર પ્રબંધ કરવામાં આવ્યો છે. આ સાર્વજનિક સંસ્થા સાથે જૈન વિદ્યાર્થીઓ માટે એક સુવ્યવસ્થિત છાત્રાલય સંલગ્ન કરવામાં આવ્યું છે. આ આખી સંસ્થાનો ઉદ્ભવ અને આજ સુધીનો અનેકમુખી વિકાસ શ્રી. માણેકબહેનની ઉંડી સમજણ અને અસાધારણ વ્યવસ્થાશક્તિને આભારી છે. તેઓ બહુ જાહેરમાં આવ્યા નહોતાં પણ જૈન સમાજના તેમ જ વિશાળ રાષ્ટ્રના અનેક પ્રશ્નોમાં તેઓ ખૂબ રસ ધરાવતા હતા. ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારને અંગે શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓને લગતી અનેક અટપટી સમસ્યાઓ તેમની સમક્ષ ઉપસ્થિત થતી હતી અને તેનો તેઓ ભારે કુશળતાપૂર્વક નીકાલ કરતા હતા.

આ ઉપરાંત એ વિદ્યાવિહારમાં ભણતા અને ભણી ચુકેલા વિદ્યાર્થીઓના અંગત જીવનમાં તેઓ ઉંડા રસ ધરાવતા હતા. ભણતા વિદ્યાર્થીઓની આર્થિક યા અન્ય પ્રકારની મુશ્કેલીઓ દુર કરવા તેઓ સદા તત્પર રહેતા. વિદ્યાવિહારમાંથી પસાર થયેલો વિદ્યાર્થી આગળ કયાં ભણવા ગયો, ભણતર પુરું કરીને કયા વ્યવસાયમાં તે દાખલ થયો તેની તેઓ સતત ચિન્તા ધરાવતા હતા. આ રીતે તેઓ અનેક વિદ્યાર્થીઓની સાચી માતા બન્યા હતાં.

તેઓ ધર્મશ્રધ્ધાળુ હતા છતાં વિચારમાં કશું સાંકડાપણું કે સાંપ્રદાયિકતા નહોતી. તેમની વિચારસરણી અદ્યતન રંગથી રંગાયેલી હતી. સાથે સાથે તેમનામાં ઉંડી સ્નેહવત્સલતા હતી. નાના મોટાં સૌ કોઈમાં તેઓ આત્મીયતાનો ભાવ પેદા કરી શકતાં હતાં. વિદ્વાનો અને વિચારકોનો સહવાસ તેમને ખૂબ ગમતો. પંડિત લાલન પાછળનાં વર્ષોમાં ઘણો સમય તેમને ત્યાં જ રહેતાં હતાં. જૈન સમાજમાં એમના અનુભવ, શાણપણ અને આયોજનશક્તિને તોલ આવે એવી બહુ ઓછી સન્નારીઓ હશે. ઇન્દુમતી બહેનના જીવનનું તેઓ એક અનન્ય અવલંબન હતાં. આ દુઃખદ પ્રસંગે તેમના પ્રત્યે અન્તર ઉંડી સહાનુભૂતિ અનુભવે છે અને સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ મળો એમ પ્રાર્થના કરે છે.

શરદ્‌પૂર્ણિમાનો નૌકાવિહાર

પૃથ્વીના બે ભાગમાં પાણી છે અને એક ભાગમાં જમીન છે. આમ છતાં પણ જમીન સાથે આપણો એટલો બધો સંઘટ્ટ સંબંધ છે અને જળથી આપણે એટલા બધા દૂર રહીએ છીએ કે પૃથ્વી એટલે જમીન, જમીન અને જમીન જ છે અને તેના જાણે કે પરિશિષ્ટરૂપે થોડા ભાગમાં પાણી છે એવી ભ્રાન્તિમાં આપણે સાધારણ રીતે જીવીએ છીએ. વિચરીએ છીએ. આવા આપણા માટે જ્યારે સ્થળમાંથી જળભૂમિ ઉપર વિચરવાનો, વિહાર કરવાનો પ્રસંગ ઉભો થાય છે ત્યારે જાણે કે આ દુનિયા છોડીને આપણે કોઇ જુદી દુનિયા ઉપર ગયા હોઇએ એમ આપણને લાગે છે. ગયા મહીનાની ૨૨ મી તારીખની રાત્રીએ યોજાયેલા નૌકાવિહારમાં જોડાયેલા લગભગ ૧૫૦ ભાઇ બહેનોને લગભગ આવો જ અનુભવ થયો હતો.

સૂર્ય અસ્ત પામ્યાને કલાક દોઢ કલાક થયો હતો; પૂર્વ દિશાએ પૂર્ણ ચંદ્રનો ઉદય થઇ ચૂકયો હતો. પૂર્વક્ષિતિજમાંથી ચંદ્ર પ્રગટીને આકાશમાં ઉર્ધ્વગમન કરી રહ્યો હતો અને પોતાનાં શ્વેત શીતળ કિરણો સમુદ્રના વિશાળ જળપટ ઉપર વરસાવી રહ્યો હતો અને તેને લીધે પાણીનો ઝળહળાટ આંખોને આંજી રહ્યો હતો, આનંદ અને વિસ્મયથી મુગ્ધ બનાવી રહ્યો હતો. કિનારે 'બગદાદી' સ્ટીમલોંચ લાંગરેલી હતી; સમુદ્રવિહાર-વાંચ્છુ ભાઇઓ અને બહેનો, બાળકો અને બાળિકાઓ આવી રહ્યાં હતાં અને લોંચમાં દાખલ થઈ રહ્યાં હતાં. રાત્રીના બરોબર આઠને પાંચ મીનીટે બગદાદી કિનારાથી અળગી થઇ અને રેવાસ બાજુ ગતિમાન થઇ. આ પ્રવાસમાં જોડાયલાં ઘણાં ભાઇ બહેનો માટે આ અનુભવ તદ્દન નવો પહેલવહેલો હતો એ તેમની મુદ્રામાં દેખાતી વિસ્મયચકિતતા ઉપરથી માલુમ પડતું હતું. આગળ વધી રહેલી સ્ટીમલોંચ સૌ કોઇના દિલમાં કોઇ જુદો જ આનંદોલ્લાસ પ્રગટાવી રહી હતી.

પાંચ દિવસ પહેલાં મુંબઇમાં ખૂબ ગાજવીજ અને વરસાદ થયો હતો અને પછીની રાતો પણ વાદળાંઓથી ઘેરાયલી રહેતી હતી. તેથી સૌ કોઇના મનમાં શરદ પૂર્ણિમાની રાત્રી કેવી જશે એ વિષે સ્વાભાવિક રીતે ચિન્તા હતી. પણ સદ્‌ભાગ્યે પૂર્ણિમાની સાંજ ચોખ્ખી હતી; વાદળાંઓએ વિદાય લીધી હતી; આકાશ સ્વચ્છ નિર્મળ હતું; ચંદ્ર સોળેકળાએ ખીલેલો હતો; વાતાવરણ પ્રસન્ન હતું; પવન પણ મંદ મંદ વાતો હતો; દરિયો પણ શાંત સ્વસ્થ હતો; લોંચ પણ આમતેમ વિશેષ ઝોલાં ખાધા સિવાય મધુર ગતિએ ચાલી રહી હતી; પૂર્વાકાશમાં આરૂઢ થયેલા ચંદ્રને લીધે આખો જળપટ કેવળ રૂપેરી ભાસતો હતો. અમારી નૌકા શ્વેતરંગી હતી; સમુદ્ર પણ શ્વેતરંગી; આકાશ પણ શ્વેતરંગી; સૌ કોઇનાં શરીર તેમ મન પણ શ્વેતરંગે રંગાઇ ગયાં હતાં.

સ્ટીમલોંચમાં માઇક અને લાઉડસ્પીકર્સની સગવડ રાખી હતી. બગદાદી ચાલુ થયાને થોડા સમય બાદ એક પછી એક બહેનોએ ગાવા માંડયું અને વાતાવરણને વિશેષ ઉત્તેજિત બનાવ્યું. દરિયાના ઉછળતા મોજાનો અવાજ, સ્ટીમલોંચના એન્જીનનો અવાજ; ફરફર વાતી પવનલહરિઓનો અવાજ–આ બધા વચ્ચે સમીપમાં ગવાતાં ગીતો જાણે કે દૂર આકાશમાંથી આવતા સંભળાતા હોય એવો ભાસ થતો હતો અને એ કારણે વાતાવરણ દિવ્ય બનતું જતું હતું.

કલાકેક થયો અને પછી સૌ કોઇને દુધપૌઆ પીરસવામાં આવ્યા. આમ તો શરદપુનમની રાત્રે સૌ કોઇ પોતપોતાની અગાસીમાં બેસીને દુધપૌઆ ખાય છે. પણ અહિં આ નૌકામાં વિશાળ સમુદાય સાથે ચોતરફ વસરતી રજત વર્ષા વચ્ચે જાણે કે ચંદ્રબિંબમાંથી સીધા જ નિર્માણ થઇને ન આવ્યા હોય એવા ધવલરંગી દુધપૌઆ ખાવાની લીજ્જત કોઇ જુદી જ હતી. અને આ દુધપૌઆ શ્રી લીલાવતીબહેન દેવીદાસની કુશળ કારીગરી અને વ્યવસ્થાનું પરિણામ હતું. તેમાં મોહન અને સુવાસ કોઇ જુદી જ હતી. દુધપૌઆના આસ્વાદથી સર્વ કોઇનાં દિલ અત્યન્ત પ્રસન્ન થયાં હતાં.

રેવાસની દિશા છોડીને સ્ટીમલોંચ ઉરણ તરફ આવી હતી. સ્ટીમલોંચ આમ તો હાંકવી હતી પણ જેને ચાંદની માણવી હોય તેમના માટે જ્યાં કેપ્ટનની ઓરડી હોય છે અને જ્યાંથી સુકાન વડે કેપ્ટન નૌકાની ગતિને નિયંત્રિત કરતો હતો તેની આસપાસ ઉંચાણમાં ઠીક પ્રમાણમાં ખુલ્લી જગ્યા હતી અને ઘણાં ભાઇ બહેનો દુધપૌઆ ખાધા પછી આ ખુલ્લા વિભાગમાં આવીને બેઠાં હતાં અને ધરાઇ ધરાઇને ચાંદની માણતાં હતાં. અહિં વળી બહેનોએ પોતાની જુદી મંડળી જમાવી હતી અને ગાનતાનમાં તલ્લીન થઈ ગઈ હતી. ભાઇઓ પણ પોતપોતાનાં વર્તુળમાં ગોઠવાયા હતા અને તેમના મધુર વાર્તાલાપવડે વાતાવરણ ગુંજી રહ્યું હતું.

ઉરણથી એલીફન્ટા બાજુ આવ્યા અને ત્યાંથી મુંબઇ તરફ અમે ગતિમાન થયા. ઘડિયાળનો કલાકનો કાંટો પણ અંધારાના આંકડા તરફ જઈ રહ્યો હતો. જોતજોતામાં મુંબઇની દીપમાળ સમીપ આવી લાગી. કિનારો નજીક આવ્યો સ્વપ્નની માફક ત્રણ કલાક સરી ગયા અને બરોબર અગિયારને ટકોરે અમે પાછા જળપ્રદેશ છોડી જમીન ઉપર પગ મૂકયો. પાછા ફરતાં જેઓ પોતાની મોટર લાવ્યા હતા તેઓ તેમાં અને બીજાઓ આ અંગે મુકરર કરેલી બસમાં પોતપોતાના ઘર તરફ વિદાય થયા. ત્રણ કલાકનો નૌકાવિહાર સૌના દિલમાં ચિરકાળ જાગૃત રહે એવો સુખદ અનુભવનું મીઠું સ્મરણ મૂકતો ગયો.

પંજાબરાવ દેશમુખનો પાંગળો બચાવ

શ્રી પંજાબરાવ દેશમુખના જે મદ્યનિષેધ વિરોધી ઉદ્‌ગારોનો પ્રબુદ્ધ જીવનના તા. ૧૫-૧૦-૫૩ના અંકમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તે સંબંધમાં તેમણે કેટલાએક દિવસ પહેલાં એ મતલબનો ખુલાસો બહાર પાડયો હતો કે તેમણે જે કાંઇ કહ્યું હતું તે નવા ભાષાવાર પ્રાન્તોની રચના થવાની છે તેમાંથી જે પ્રાન્તો પાસે પોતાના વિકાસ માટે પુરતું નાણું ન હોય તેવા પ્રાન્તોને અનુલક્ષીને તેમણે કહ્યું હતું. આ ખુલાસાથી તેમણે જે આગળ ઉપર ઉદ્‌ગારો કાઢયા હતા તેના ભાવ કે પરિણામમાં કશો ફરક પડતો નથી. મદ્યનિષેધ જો બાજુપર મૂકી નવા પ્રાન્તોને લાગુ ન પાડવો એમ તેઓ કહેતા હોય તો જુના પ્રાન્તો કે જેમને પણ આત્મવિકાસ માટે નાણાંની બેટલી જ જરૂર છે તેમણે શા માટે મદ્યનિષેધને વળગી રહેવું ? વસ્તુતઃ તેમને મૂળ મદ્યનિષેધની નીતિ એક બેવકૂફી અને ઘેલછા છે. દારૂ પીનાર તેનો આનંદ અને બીજાઓ ગુમાવે છે અને રાજ્યની તીજોરી ખાલી રહે છે. આ બન્ને વાત તેમને સ્પષ્ટપણે મંજુર નથી.

પોતાના ખુલાસામાં તેઓ આગળ વધતાં એમ જણાવે છે કે સરકારી પ્રધાન તરીકે તેઓ સરકારી નીતી તેમ જ કોંગ્રેસના સિદ્ધાન્તો અને ઠરાવોને વળગી રહેવાથી બંધાયલા છે અને સાથે સાથે તેઓ ફરિયાદ કરે છે કે પોતાના મુક્ત અભિપ્રાયોને જાહેર રીતે વ્યકત કરવા માટે પણ તેમને બીજા ઓછો અવકાશ છે. આમ ફરિયાદ કરનાર પ્રધાન બનતા હોવા જોઇએ કે તેમને કોઇએ બાંધી પકડીને પ્રધાન બનાવ્યા નથી. કોઇ પણ પક્ષના પાયાના સિદ્ધાન્તો અને નીતિ પોતાને સ્વીકાર્ય ન હોય તો તે વ્યકિત કોઇ પણ ઘડિએ પ્રધાનપદનો ત્યાગ કરી શકે છે અને પછી પોતાના મનમાં હોય તે મુકત કંઠે બાનગીમાં તેમ જ જાહેરમાં છાપાવાળાઓ સમક્ષ તેમ જ જાહેર સભાઓમાં બોલી શકે છે અને તેમને તેમ કરતા કોઇ નથી રોકવાનું કે કોઇ નથી ટોકવાનું. અહિં કોઇ એક મદ્યનિષેધનો જ પ્રશ્ન નથી. રાજ્યતંત્રનું અસાંપ્રદાયિક સ્વરૂપ, અસ્પૃશ્યતાની નાબુદી, સ્ત્રીપુરૂષની સમાનતા, જાતિ જાતિ વચ્ચે રહેલી અસમાનતાનો ઉચ્છેદ, મુડીવાદનું શનૈઃ શનૈઃ વિસર્જન, કોમીવાદને તિલાંજલિ–આવી કેટલીક પાયાની બાબતો છે કે જે દરેક કોંગ્રેસીને અને ખાસ કરીને સત્તાધીશ પ્રધાનોને માત્ર ઔપચારિક રીતે નહિ પણ અન્તરથી માન્ય અને સ્વીકાર્ય હોવી જ જોઇએ. અને જેને એ બાબતો આ રીતે સ્વીકાર્ય ન હોય તેણે કોઇ પણ જવાબદારીભરેલા સ્થાન ઉપર એક દિવસ પણ રહેવું ન જોઇએ. જેઓ અન્તરની માન્યતા એક અને બાહ્યોપચાર બીજો એ રીતે કોંગ્રેસમાં જોડાયલા રહે છે અને સત્તાસૂત્રોને વળગી રહે છે તેઓ કોંગ્રેસનો તેમ જ રાષ્ટ્રનો ભારે દ્રોહ કરે છે. આ દૃષ્ટિએ વિચારતાં, પોતે ગેરસમજુતીના નિમિત્ત બન્યા એ વિષે દિલગીરી દર્શાવવા છતાં ડો. પંજાબરાવ દેશમુખ વિષે આગળના અંકમાં જે અભિપ્રાય દર્શાવવામાં આવ્યો છે તેમાં ફેરફાર કરવાને કશું કારણ દેખાતું નથી.

પરમાનંદ

'ગુજરાતની સાંસ્કૃતિક પ્રતિભા'

(અમદાવાદ ખાતે તા. ૩૦-૧૦-૫૩ના રોજ મળેલા અ. ભા. પ્રાચ્યવિદ્યા પરિષદના ૧૭મા અધિવેશન પ્રસંગે સ્વાગત સમિતિના અધ્યક્ષસ્થાનેથી ગુજરાત યુનિવર્સિટીના વાઇસ-ચેન્સેલર માન્યવર શ્રી હરસિધ્ધભાઈ વજુભાઇ દીવેટીયાએ આપેલું અનેક માહીતીઓથી ભરપુર મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાન)

અમારા પાંચસો વર્ષ પુરાણા શહેરને ભારતનાં અતિપ્રાચીન નગરોમાંના એક તરીકે ગણવાનો વિશેષાધિકાર તો પ્રાપ્ત નથી થતો. પણ વિનમ્રતાથી એટલો તો દાવો કરી શકાય કે ઇ. ૧૪૧૧ માં સાબરમતી નદીને કાંઠે આવેલા પ્રાચીન કર્ણાવતીનગર પાસે એની સ્થાપના થઇ ત્યારથી તે લગભગ ૨૦૦ વર્ષ સુધીના કાળ દરમિયાન તેનો એકધારો વિકાસ થતો રહ્યો હતો અને સર થોમસ રો જેવા પરદેશી મુલાકાતીઓએ એને એના વિસ્તારની દૃષ્ટિએ લંડન સાથે સરખાવ્યું હતું અને મહાન ઇતિહાસકાર ફિરસ્તાએ એને એક અત્યંત સુંદર શહેર તરીકે ઓળખાવ્યું હતું. એ વેળા આ શહેર સો ઉપરાંત ઉપનગરો ધરાવતું હતું અને સંખ્યાબંધ બગીચાઓ તેમ જ વિનોદવિહારનાં સ્થળો વડે સમૃધ્ધ હતું. એની આ મહત્તા એ ગુજરાતનું પાટનગર હોવાને લીધે માત્ર આભારી નહોતી પણ એના સાહસિક અને ઉદ્યમી નાગરિકોએ એને ભારતભરમાં બીજા કોઇ પણ શહેરની સરખામણીમાં સ્પર્ધામાં એક અને અદ્વિતીય વ્યાપાર અને ઉત્પાદનનું મહાકેન્દ્ર બનાવી દીધું હતું એ હકીકતને પણ આભારી છે. એની આબાદી રૂ, રેશમ અને સુવર્ણ એ ત્રણ દ્રવ્યોના ઝીણા તાર ઉપર અવલંબી રહી હતી. પોતાના કસબના ખૂબખૂબ જાણકાર કારીગરો આ ત્રણ વસ્તુઓના ઝીણાઝીણા તારને વણીને તરેહતરેહનાં ભાતીગળ સુંદર વસ્ત્ર બનાવતા હતા, અને એની દેશના તમામ ભાગોમાંથી જ નહિં પરંતુ પરદેશમાંથી પણ માંગણી થતી હતી. પણ કોઇ એક શહેર ગમે એટલું મોટું હોય તોયે એનું ભાવિ હંમેશાં એની રાજકીય ચઢતી પડતા ઉપર એવી રીતે આધાર રાખતું હોય છે કે અંત ભાગ્યે જ કશું નિશ્ચિતતાથી કહી શકાય. અને અમદાવાદને પણ મુસ્લિમ શાસન દરમિયાન સમૃધ્ધિને શિખરે પહોંચ્યા બાદ ચડતીપડતીના વારાફેરા અનુભવવા પડયા હતા. મોગલ શહેનશાહોના પતને અમદાવાદનું પણ પતન કર્યું હતું. ૧૮ મી સદી અને અમુક અંશે ૧૯ મી સદીઓએ ભારતનાં પ્રાચીન રાજ્યો અને સંસ્કૃતિઓનો સર્વનાશ નિહાળ્યો તે કાળ પણ આ મહાનગરીના કરુણ વિનાશનો સાક્ષી બની રહ્યો હતો. હકીકતમાં તો ગુજરાતની ધરતી ઉપર મુસ્લિમ, બ્રિટિશ, પેશ્વા અને ગાયકવાડ આ ચાર સત્તાઓનાં સૈન્યો વચ્ચે સતત થતી રહેતી ઝપાઝપ્પીઓ જ એના પાટનગરના સર્વવિનાશ માટે જવાબદાર છે. કિન્તુ એનો સુષુપ્ત આત્મા એના ભગ્નાવશેષો તળે પણ ટકી રહ્યો હતો. છેલ્લા એક શતક દરમિયાન આધુનિક અમદાવાદનગર એની ધૂળ અને ભસ્મમાંથી એક નવે જ સ્વરૂપે ઉદ્‌ભવ્યું અને એની સંખ્યાબંધ મિલો અને કારખાનાનાં યંત્રોનાં ધણેકારથી એનું હૃદય ઔદ્યોગિક પ્રગતિ અને સમૃદ્ધિના નૂતન પ્રાણથી ધબકવા માંડયું. આ સમૃદ્ધ સ્થિતિ ધરાવે અશે ગુજરાતના કાપડઉદ્યોગના અગ્રણી શેઠ રણછોડલાલના કુટુંબને તેમ જ એમના વંશજોએ આ શહેરના કલ્યાણ અર્થે ઉદારતાથી અર્પણ કર્યું છે તેમને આભારી છે. કેવળ આ શહેરની કાપડની મિલો અને એના વ્યાપારી બંદરોથી જે કોઇ પરિચિત છે તેને એના સાચા જીવન વિષે કશા જ ખબર ન હોય. આ શહેરની આકસ્મિક મુલાકાતે આવી ચડનાર આગંતુકો એના બાહ્ય દર્શન ઉપરથી જ પોતાનો અભિપ્રાય બાંધે છે. ગુજરાતની સાહિત્યિક અને ધાર્મિક સંસ્કૃતિનાં વિશિષ્ટ ગુણલક્ષણોએ સૈકાથી વિવિધ અને પરસ્પરવિરોધી ગણાય એવાં પણ તત્ત્વોદ્વારા એના જીવનને ઘાટ આપ્યો છે તે ઉપરથી નિરીક્ષણ કરનારના ધ્યાન બહાર રહી જાય છે. હિન્દુ તેમ જ મુસ્લિમ શાસન હેઠળ આ પ્રદેશમાં કલા અને સાહિત્યે વાણિજ્ય અને ઉદ્યોગની સાથોસાથ જ પ્રગતિ સાધી છે.

આ હકીકત પિછાનવા માટે આપણે એના ભૂતકાળમાં ડોકિયું કરવું પડશે. ઐતિહાસિક કાળમાં સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં સાંસ્કારિક પ્રવૃત્તિઓના વિકાસની સર્વ પ્રથમ પ્રતીતિ પાંચમી સદીથી આઠમી સદીના અંતકાળ સુધી વલભીપુરમાં રાજ્ય કરી ગયેલા મૈત્રકોના યુગમાં સાંપડે છે. ભારતમાં આ કાળ દરમિયાન બ્રાહ્મણ, જૈન અને બુદ્ધ આ ત્રણે મુખ્ય ધાર્મિક સંપ્રદાયો વલભીપુરની આસપાસ વિદ્યાના સમૃદ્ધ કેન્દ્રો ધરાવતા હતા. સંખ્યાબંધ આચાર્યો, મુનિઓ તેમ જ બૌદ્ધ ભીક્ષુઓએ આ ત્રણ ધાર્મિક સંપ્રદાયોને અનુલક્ષતી ફિલસૂફીનું શિક્ષણ આપવા માટે શાળાઓ ચાલતી હતી. વિન્સેન્ટ સ્મિથ એના "અર્લી હિસ્ટરી ઓફ ઇન્ડીઆ" નામના ઇતિહાસગ્રંથમાં જણાવે છે: "હ્યુએનસંગનો લઘુવય સમકાલીન ઇત્સિંગ આપણને જણાવે છે કે પોતાના સમયમાં દક્ષિણ બિહારમાં નાલંદ અને પશ્ચિમમાં વલભી આ બે સ્થળો ભારતમાં એવાં હતાં તેઓ ચીનમાં આવેલ શિક્ષણના અત્યંત વિખ્યાત કેન્દ્રો સાથે તુલના કરવાને પાત્ર ગણી શકાય. આ શિક્ષણકેન્દ્રોમાં સંખ્યાબંધ જ્ઞાનપિપાસુ વિદ્યાર્થીઓ વારંવાર આવતા અને બુદ્ધના જીવનદર્શન અંગે થતાં પ્રવચનો બાદ બે ત્રણત્રણ વર્ષ સુધી હાજરી આપીને સાંભાળતા." આ સાંસ્કારિક પ્રવૃત્તિઓનું સૌથી નોંધપાત્ર લક્ષણ એ હતું કે એ બધી જ પ્રવૃત્તિઓ તે સમયના રાજાઓના આશ્રય હેઠળ થતી. રાજાઓ સહિષ્ણુતાની ભાવનાથી પોતાનું કર્તવ્ય બજાવતા. આ સહિષ્ણુતા એ અને તે પછીની સદીઓ દરમિયાન સમસ્ત ગુજરાતમાં તેમની એક નોંધવા યોગ્ય લાક્ષણિકતા બની રહી છે. ભારતના જુદાજુદા ભાગોમાંથી જૈન પંડિતોએ પોતાના પવિત્ર મૂળ પાઠોની ઝીણવટભરી તુલના કરવા માટે તેમ જ પ્રમાણભૂત જૈન નીતિનિયમના કાનૂનો આલેખવા માટે અહીં વલભીપૂરમાં જ પોતાની બીજી અને ત્રીજી પરિષદો ભરી હતી. વેદોનું અધ્યયન પણ ઘણું ખરું આરંભકાળના વલભીરાજાઓના આશ્રયે થતું હતું. વડનગર અને અન્ય સ્થળોએથી આવતા વિદ્વાન બ્રાહ્મણોને આ રાજાઓ નાણાંની સહાય આપતા. રાજાઓ પોતે તો શૈવધર્મી હતા છતાં તેમણે બ્રાહ્મણ સંપ્રદાય અને જૈન સંપ્રદાયને એકસરખો આશ્રય આપ્યો હતો.

આરબોએ વલભીપુર લૂંટયું તે પહેલાંના સમયથી પંજાબથી વસી આવેલા ગુર્જરોએ આબુપર્વતની પશ્ચિમે લગભગ ૫૦ માઇલે પર આવેલા શ્રીમાળ ખાતે પોતાનું પાટનગર સ્થાપ્યું હતું. એ કાળે શ્રીમાળ એ મહાગુજરાતના એક ભાગમાં હતું. શ્રીમાળ તે કાળે એક ઘણું મોટું શહેર હતું. એને ૮૪ તો દરવાજા હતા. ૧૦૦૦ જેટલી બ્રહ્મશાળાઓ હતી અને ૪૦૦૦ જેટલા મઠ હતા, અહીં પણ વલભીપુરની માફક જ એ ત્રણ ધાર્મિક સંપ્રદાયો સાથેસાથે જ વિકાસ પામ્યા. આ ગુર્જરોએ આઠમી સદીથી અગીયારમી સદીના આરંભકાળ સુધી અહીં રાજ્ય કર્યું. અત્યારે જે પ્રદેશ રાજસ્થાન અથવા રાજપૂતાના તરીકે ઓળખાય છે તે એ કાળે ગુર્જરરાષ્ટ્રનો ભાગ હતો અને એની સીમા એક કાળે ઉત્તરમાં મથુરાની હદ સુધી વિસ્તરતી હતી. સંસ્કૃતના મહાકવિ માઘનું કુટુંબ જ જ્યોતિષશાસ્ત્રી બ્રહ્મગુપ્ત,

જૈન તત્ત્વદર્શનના મહાન પ્રસારક હરિભદ્રસૂરિ, મહાન કવિ અને ટીકાકાર રાજશેખર, જેણે કાવ્યકલા અંગે કાવ્યાનુશાસન નામનો ગ્રંથ લખ્યો હતો તેમ જ સંસ્કૃતમાં કેટલાક નાટકો પણ લખ્યાં હતાં તે તથા બીજા કેટલાક સુવિખ્યાત જૈન પંડિતો, આ સહુ શ્રીમાળમાં જ વસતાં હતાં. વલભીપુરની જેમ શ્રીમાળ પણ પરદેશીઓના આક્રમણનો ભોગ થઈ પડયું ને એનું પતન થયું. અને અતિ મહા સંખ્યામાં બ્રાહ્મણો, જૈનો તેમજ રાજપુતો હિજરત કરી જઈ ગુજરાતમાં દક્ષિણ તરફ જઈને વસ્યા હતા. તે કાળે ચાવડા વંશ હેઠળ અને તે પછીથી ચૌલુક્ય અથવા સોલંકી વંશ હેઠળ એનું પાટનગર અણહિલવાડ સ્થપાયું હતું. આ સ્થળાન્તરોને કારણે ગુજરાતની સમૃદ્ધિ એટલી બધી વધી ગઈ હતી કે એમ કહેવાતું કે શ્રીમાળની શ્રીએ લક્ષ્મીએ–પોતાનું નિવાસસ્થાન બદલીને પાટણ રાખ્યું. ગુજરાતે પોતાનો હાલનો આકાર ધારણ કરવાનું તે કાળે શરૂ કર્યું હતું. જો કે તે કાળે તો એ અત્યારના કરતાં અતિશય વિશાળ હતું. આબૂપર્વતની તળેટી પાસે આવેલી પ્રાચીન નગરી ચન્દ્રાવતી તેમ જ એની પાસેપાસે આવેલા પ્રદેશો પરમારવંશના રાજ્ય અમલ હેઠળ હતા. પરમારો ગુજરાતના રાજાઓના જાગીરદારો હતા. તે કાળે ગુજરાત મહાભાગ્યશાળી હતું કે ગુજરાતને ત્રણ રાજાઓ એવા સાંપડયા હતા કે જેમનું તમામ દિશાઓમાં પોતાના પ્રદેશોને વિસ્તાર્યા એટલું જ નહિ પણ કલા, વિદ્યા અને ધર્મ આ ત્રણેને પોતાનો સક્રિય આશ્રય આપીને ગુજરાતના સાંસ્કૃતિક જીવનનું મજબૂત પાયા ઉપર ચણતર કર્યું. મૂળરાજ, સિદ્ધરાજ અને કુમારપાળ આ ત્રણ મધ્યકાલીન ગુજરાતના સુવર્ણયુગના સૂત્રધાર હતા. એ સુવર્ણયુગ તે પછીની એકત્વ પામેલી અને વિશાલભૂમિ સંસ્કૃતિ ઉપર પોતાના ચિરંતન સંસ્કાર મૂકી ગયો છે. મૂળરાજે જેમને ગુજરાતમાં આવીને વસવાનું નિમંત્રણ આપ્યું હતું તે ભારતના ઉત્તરના પ્રદેશના ઔદીચ્ય બ્રાહ્મણોએ અને શ્રીમાળી જ્ઞાતિના ઓસવાળો, પ્રાગ્વાટ જૈનો તેમ જ બ્રાહ્મણો અને જૈનોએ ગુજરાતમાં પોતાનો સ્થાયી વસવાટ કર્યો જેમણે વ્યાપાર અને વાણિજ્ય અપનાવ્યા તે લોકોએ પોતાની પ્રવૃત્તિઓ સમુદ્રોની પણ પેલે પાર વિસ્તારી. સાહસવૃત્તિ ધરાવતા તેમના પૂર્વજો પોતાની સામગ્રીઓના વિનિમય અર્થે છેક જાવા અને કામભોજ સુધીના દૂરદૂરના પ્રદેશો સુધી જવાને પ્રેરાયા હતા અને કેટલાકોએ તો ત્યાં પોતાનો હંમેશનો વસવાટ પણ કર્યો હતો.

પણ ગુજરાતનો કીર્તિવૈભવ કેવળ વેપાર અને ઉદ્યોગપૂરતો જ મર્યાદિત રહ્યો નહોતા. હકીકતમાં જોઈએ તો બહુ જ આરંભકાળથી જે વિશાળભૂમિની હતી, અને આ બધાં સૈકાં દરમિયાન પણ જેનું એ ને એ જ સ્વરૂપ જળવાઈ રહ્યું છે એ સંસ્કૃતિના અપૂર્વતાના ગુણોમાંથી ઉદ્ભવી છે. સંસ્કૃતિની આ લાક્ષણિકતાનું મુખ્ય કારણ એક એ હકીકતમાં રહ્યું છે કે જેની સાહિત્યિક અને સંસ્કારિક પ્રવૃત્તિઓ દેશના બીજા બધા ભાગોમાં બન્યું છે તેમ કેવળ બ્રાહ્મણોપૂરતી જ મર્યાદિત નહોતી રહી. અને તેટલા જ કારણસર ગુજરાતમાં બ્રાહ્મણ–બ્રાહ્મણેતર એવી સમસ્યા કોઈ દિવસ નથી ઉદ્ભવી. આ વસ્તુસ્થિતિ માટેનો ઘણો યશ જૈન કોમને ફાળે જવો જોઈએ. એ કોમે કેવળ વેપારીઓ જ નથી જન્માવ્યા પણ વેપારીઓ ઉપરાંત કાર્યભારીય દક્ષતા ધરાવતી વ્યક્તિઓ, યોદ્ધાઓ તેમ જ સાહિત્યના પંડિતો પણ નીપજાવ્યા છે. સંખ્યાબંધ જૈન મુનિઓએ પોતાનું જીવન કેવળ પોતાના ધર્મના સિદ્ધાંતોનું સ્પષ્ટીકરણ કરવા પાછળ જ નહિ પણ વ્યાકરણ, ચારિત્રાલેખન અને ઇતિહાસપ્રવાસ લખવા પાછળ પણ ગાળ્યું હતું. તેમણે પોતાના લેખ કેવળ પ્રાકૃતમાં જ નહિ પણ સંસ્કૃત ભાષામાં પણ લખ્યા છે. એ સહુમાં અત્યન્ત આગળ તરી આવે એવી તેજસ્વી વ્યક્તિ તે વિખ્યાત કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય હતા. એ પોતાની અનેકદેશીય પ્રતિભાવડે ભાષાશાસ્ત્ર, કાવ્ય, વ્યાકરણ અને છંદઃશાસ્ત્ર એમ વિવિધ ક્ષેત્રોમાં અગ્રણી બની રહ્યા હતા. એમને કલિકાલસર્વજ્ઞનું જે બિરુદ પ્રાપ્ત થયું હતું તે સંપૂર્ણતાથી યથાર્થ છે. સાહિત્ય અને ધર્મના ક્ષેત્રમાં અર્પણ કરનારાઓ માટે રાજાશ્રય પ્રાપ્ત કરાવી આપવામાં તેમણે મુખ્ય ભાગ ભજવ્યો છે. સીદ્ધરાજ અને કુમારપાળ બંનેએ બ્રાહ્મણો અને જૈનોને એટલી હદ સુધી રાજ્યાશ્રય આપ્યો હતો કે તેમણે ખરેખર શૈવધર્મનું પ્રતિપાદન કર્યું હતું કે જૈનધર્મનું કર્યું હતું એ વસ્તુ હજી આજે પણ વિવાદાસ્પદ રહી ગઈ છે. આ રાજ્યાશ્રયે સાહિત્ય તેમ જ કલા બંને ક્ષેત્રોમાં ભરતી આણી હતી.

પ્રાધ્યાપક શ્રી રસિકલાલ છો. પરીખ પોતાના ગ્રંથ 'કાવ્યાનુશાસન'માં નોંધે છે: 'તર્ક સાહિત્ય અને લક્ષણ–તર્કશાસ્ત્ર અને ખંડનમંડનની કળા, સાહિત્ય અને કાવ્યકળા, વ્યાકરણ અને ભાષાનું તત્ત્વજ્ઞાન આ બધા જ વિષયો અણહિલપુરના સંસ્કારી નાગરિકોની અસર તળે આવ્યા હતા. આ વિષયોમાં જેમણે નિપુણતા પ્રાપ્ત કરી હોય તેમને રાજાના દરબારમાં તેમ જ પંડિતોની સભાઓમાં જવાનો પંચવાનો મળી જતો. વિદ્યાનું, જાહેર વાદવિવાદ સભાઓનું અને સાહિત્યના વિવેચનનું તેમ સાહિત્યસર્જનનું વાતાવરણ તે કાળનું બહુ જ સૂચક લક્ષણ હતું; અને અણહિલપુરની રાજકીય સત્તા જેમ જેમ વ્યાપક બનતી ગઈ તેમતેમ આ લક્ષણ વધારે ને વધારે દૃઢ થતું ગયું.

જૈન પંડિતોની વાઙ્મય પ્રતિભાનાં સુફલ હજી આજે પણ પાટણ, ખંભાત, અમદાવાદ, વડોદરા અને દૂરસુદૂર આવેલા જેસલમીર ખાતે જુદાજુદા અનેક ભંડારોના ભોંયરામાં સુરક્ષિત રહ્યાં છે. એ ભોંયરામાં સંખ્યાબંધ ગ્રંથો અને હસ્તલિખિત ગ્રંથો સંઘરી રાખવામાં આવ્યા છે અને એમાંના ઘણા હજી પણ પંડિતોનાં સંશોધનની વાટ જોઈ રહ્યા છે. મધ્યકાલીન ગુજરાતનું ખરેખરું ધન હજી પણ એ ભંડારોમાં ગુપ્ત પડેલું રહ્યું છે અને આધુનિક કાળમાં હમણાંના વિદ્વાનોને પોતાની શોધખોળની પ્રવૃત્તિઓમાં ઠીકઠીક પ્રમાણમાં રસ જાગ્યો છે તેમ છતાં પણ સહાયક બનવા માટે તેમનું કાર્ય સિદ્ધ થવામાં ઘણા સારા પ્રમાણમાં આર્થિક મદદ તેમ જ વિદ્વાન સંસ્થાઓના સહકારની જરૂર રહેશે. આ અધિવેશનની સાથોસાથ યોજવામાં આવેલા પ્રદર્શનની અંદર આ સાહિત્યધનમાંથી થોડું ઘણું એકત્રિત કરીને રજૂ કરવામાં આવ્યું છે એ જોવાની આપ સહુને તક મળી રહેશે અને મને આશા છે કે આપણી પ્રાચીન સંસ્કૃતિનું જ્ઞાન વિસ્તારવા માટે, એને વ્યાપક બનાવવા માટે આ ભંડારોમાં જે મહામૂલું સાહિત્ય સંઘરાયલું પડયું છે તેના થોડાક ખ્યાલ આપને જરૂર આવશે. જૈન ભંડારો અને દહેરાસરો જાળવી રાખવાનો સુયશ ગુજરાતના મુસ્લિમ રાજાઓ અને મૂઘ મોગલ શહેનશાહો ઉપર પણ જૈન કોમના આગેવાનોનો જે પ્રભાવ હતો અને તેમની જે દીર્ઘદ્રષ્ટિ હતી તેને આભારી છે. અમદાવાદના નગરશેઠ કુટુંબના આદ્યપુરુષ શેઠ શાંતિદાસ ઝવેરીની શહેનશાહ ઔરંગઝેબ ઉપર સારા પ્રમાણમાં લાગવગ પ્રવર્તતી હતી. એ મહાન મૂર્તિભંજક શહેનશાહે જૈન કોમ અર્થે, શેઠ શાંતિદાસને જૈન દેવાલયોવાળી શત્રુંજયનાં શૃંગો, ગિરનાર અને આબૂપર્વત ઉપરની એક ટેકરી બક્ષીસ આપતું એક ફરમાન પ્રગટ કર્યું હતું અને એમાં તમામ લોકોને એવી ચેતવણી આપી હતી કે શેઠ શાંતિદાસને પાલીતાણા ગામ તેમ જ જે ત્રણ શિખરો આપ્યાં છે તેને અંગે કોઈએ પણ કોઈ પણ જાતનો અવરોધ નાંખવો નહિ તેમ જ પેદા કરવો નહિ. અને જો કોઈ પણ શખ્સ એ ગામ તેમ જ ત્રણ શિખરો વિષે કોઈ પણ જાતનો દાવો કરશે તો તે પ્રજાના તેમ જ પાકપરવરદિગારના રાપને અને શાપને પાત્ર થશે. દહેરાસરોનો શાંતિપૂર્વક ઉપયોગ કરવા દેવામાં ન આવે તો ઈશ્વરનો શાપ ઉતારનાર ઔરંગઝેબ જેવા મૂર્તિભંજક શહેનશાહ પાસેથી આ દહેરાસરો માટે રક્ષણનું અભયવચન મેળવવું એ શું કોઈ જેવીતેવી સિદ્ધિ છે?

(અપૂર્ણ)

હરસિદ્ધભાઈ દીવેટીયા.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ, ૨.

છુટક નકલ : ત્રણ આના શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ બી.૪૨૬૬

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જૈન વર્ષ : ૧૪ : અંક
પ્ર. જીવન વર્ષ ૧ : ૧૫

મુંબઈ : ૧ ડીસેમ્બર ૧૯૫૩ મંગળવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૪

સમાજમાં પ્રવર્તતા દુઃખનું કારણ

પાછલા યુગમાં જગદીશ્વર ગણાતા મોગલ બાદશાહોને પણ જે સુખસગવડો અપ્રાપ્ય હતાં. એ સુખસગવડો આજનો સામાન્ય માનવી પણ ભોગવી શકે એવા અદ્‌ભૂત શોધો વિજ્ઞાને નિર્માણ કરી છે અને હજી પણ એમાં રાતદિવસ સંશોધનો થયે જાય છે. સાથે ઝડપી વ્યવહાર-સાધનોને કારણે દુનિયા પાસે પાસે આવવાથી ભિન્નભિન્ન પ્રદેશના લોકો વચ્ચેનો સંપર્ક પણ એટલો વધ્યો છે કે જેથી અરસપરસ આપલેના વ્યવહારને કારણે આપણાં બુદ્ધિ, સમજ, અનુભવ તથા જ્ઞાનમાં પણ આપણી ભારે પ્રગતિ થઇ છે. વસ્તુસ્થિતિ આમ હોવા છતાં દુનિયા આજે સંઘર્ષને નોતરતી અશાંતિ, વેદના અને હાડમારીઓમાંથી કેમ પસાર થઇ રહી છે એ પ્રશ્ન સહેજે જ આપણી સામે આવીને ઉભો રહે છે. એનો ત્રણ વિકલ્પોથી ઉત્તર આપી શકાય. કાં તો આ બધા દુઃખનું કારણ વિજ્ઞાન હોય, કાં તો આપણા ઘડતરનો દોષ હોય અથવા તો કુદરતની આપણા પર અવકૃપા ઉતરી હોય. વિજ્ઞાને તો માનવસમાજને ઉપયોગી એવા સુખસગવડના વિપુલ સાધનો આપ્યા છે અને ઓછી મહેનતે વધુ ઉત્પાદનનાં યંત્રો પુરા પાડયા છે. એથી દોષ વિજ્ઞાનનો નથી. જોકે વિજ્ઞાનના દુરૂપયોગથી જગતમાં દુઃખ પણ ઓછું નથી આવ્યું પરંતુ તો અધ્યાત્મનો પણ દુરૂપયોગ કયાં નથી થયો ? બીજી બાજુ કુદરત પણ પોતાની અપાર દયા વરસાવતી અટકી નથી. હવા, પાણી, પ્રકાશ તથા એના પેટાળમાં રહેલા અણમોલ ખજાના માણસજાત માટે ખુલ્લા છે, કે જેમાંથી સહુને જરૂર જેટલું પોષણ મળી જ રહે છે. એની ક્ષમ વહેંચણી થતી ન હોય એ એક જુદો પ્રશ્ન છે. એથી દુઃખના મૂળ કારણમાં ઉંડા ઉતરતાં જો કંઇ પણ દોષ હોય તો તે વિજ્ઞાનનો કે કુદરતનો નથી પણ આપણા ઘડતરનો-સંસ્કારનો જ છે એ સહેજે સમજી શકાય છે.

મૂળ વાત એ છે કે જીવમાત્રમાં આહાર, ભય, નિદ્રા અને મૈથુનની સ્વભાવગત બળવાન વૃત્તિઓ અનાદિકાળથી પડેલી જ છે. સાથે સુખ માટે મથવું એ પણ એની પ્રબળ ઇચ્છા રહી છે. સુખ મેળવવું એ જીવમાત્રનું ધ્યેય છે. દુઃખ કોઇનેય ગમતું નથી. જેઓ દુઃખ માગી લે છે એ પણ એ દ્વારા સુખ મેળવવા જ મથતા હોય છે. આમ જીવનું વલણ સુખ મેળવવાનું છે અને આહાર, નિદ્રા, ભય અને મૈથુનની પ્રબળ લાગણીઓ એનામાં જોર કરી ઉઠતી હોય છે. એથી જીવનું વલણ સહેજે જ એ વૃત્તિઓ-વાસનાઓની તૃપ્તિ કરવા તરફ ઢળ્યું. જો કે માનવેતર જગતનું જીવન બહુધા આંતરપ્રેરણાને વશવર્તી ચાલતું હોઇ એને સુખનો માર્ગ હાથ લાગ્યો નથી, પણ માનવમાં પાછળથી બુદ્ધિનો વિકાસ અને 'હું' પણાનું વ્યક્તિત્વ ખીલવાથી અનુ એ મૂળભૂત વૃત્તિઓને અનુરૂપ એમાંથી સુખ મેળવવાનો ભગીરથ પ્રયત્ન કર્યા છે અને એના એ પ્રયત્નમાંથી જ આદિ માનવના જંગલી જીવનમાંથી કે અત્યવહારિક યુગાલક યુગના જીવનમાંથી પ્રગતિ સાધી એણે ભવ્ય નગરો, આમેદ્રણ કલાકૃતિઓ, ધર્મ અને સંસ્કૃતિ તથા સમાજ અને રાજ્યના બંધારણો તથા સાહિત્ય સંગીત જેવી લલિતકળાઓ નિર્માણ કરી છે. તો બીજી બાજુ સ્વાદવૃત્તિ, સુખોપભોગના સાધનો તથા અન્યને કચડવા-દબાવવાના પ્રકારો ઉપરાંત શસ્ત્રવિદ્યા પણ પ્રાપ્ત કરી છે. આ પ્રમાણે મૂળભૂત વૃત્તિઓના પોષણ અને શમનમાંથી સુખ મેળવવાનો આપણો એક પ્રકારનો સંસ્કાર બંધાઈ ગયો છે અને એથી આપણું ઘડતર થયું છે. આમ માનવે વિકાસ તો ખૂબ સાધ્યો છે, પણ સુખ તો જીવમાત્રને જોઇતું હતું. એથી જેનામાં વિશેષ બુદ્ધિ હતી, વળી જેનામાં 'હું' પણાનું વ્યક્તિત્વ વધારે ખીલેલું હતું એમણે બીજા પર સરસાઇ ભોગવવા તથા સુખનાં સાધનો હાથ કરવા જે પ્રયત્ન કર્યો એથી સંઘર્ષ પેદા થયો.

આ રીતે જેમ જેમ માનવનો વિકાસ થતો ગયો છે તેમ તેમ બીજી બાજુ સંઘર્ષ પણ વ્યાપક થવા લાગ્યો છે, સંઘર્ષનું એક કારણ આમ આહાર તથા સુખોપભોગની સામગ્રી મેળવવા માટે થતી અથડાઅથડી છે તેમ 'હું' પણાના વ્યક્તિતત્વને કારણે બીજા પર સરસાઇ મેળવવાનો વિજય-લોભ પણ છે. આથી જ્યારે માણસની લાલસા પુરી થાય છે તેમ જ જ્યારે એ માટે એ બીજા પર વિજય પ્રાપ્ત કરે છે ત્યારે એને સુખ લાગે છે. પણ એક ઇચ્છા પોતાની પાછળ સેંકડો ઇચ્છાઓ જન્માવતી હોઇ એ ઇચ્છાપૂર્તિની લાલસા ઉત્પન્ન કરે છે અને આ રીતે સુખમાંથી દુઃખની પરંપરા જ નિર્માણ થયે જાય છે. અને જે સુખ મળે છે તે પણ સ્થિર રહેતું નથી. જો કે આથી એક લાભ થતો દેખાય છે અને તે એ કે એથી ઇચ્છાપૂર્તિરૂપ પ્રયત્નમાંથી વિકાસ થાય છે; પણ પછી લાલસાની એક પછી એક લંબાતી પરંપરા ઘાણીના બેલની જેમ નવી ગતિ ઉત્પન્ન કરતી નથી અને તેથી નવવિકાસ અટકી જઇ શક્તિનો હ્રાસ થવા લાગે છે. જ્યાં સુધી વિકાસ શક્તિનું નિર્માણ કરે છે ત્યાં સુધી એ વિકાસ સુખનું રૂપ લે છે, પણ જ્યારે નવનિર્માણ અટકી જાય છે અને નવો વિકાસ રૂંધાઈ જાય છે ત્યારે જીવને દુઃખ લાગે છે. એક રીતે વિકાસ એ જ દુઃખ છે અને શક્તિનું રૂંધન એ દુઃખ છે. આ તો આપણે તત્વની વાત કરી. પણ જ્યારે માનવે પોતાની વાસનાઓની તૃપ્તિ માટે પુરૂષાર્થ આદર્યો અને આહારવૃત્તિના પોષણ અને શમનમાંથી હિંસા, શિકાર, યજ્ઞયાગ, ભયંકર યુદ્ધો, ક્રુર કત્લેઆમ મચાવતા ભીષણ માનવસંહારો અને રોટીનાં રમખાણો ઉભા કર્યા તેમ જ નિદ્રા-આરામવૃત્તિમાંથી સુખસગવડો તથા ભોગોપભોગની સામગ્રીઓ મેળવવાની લાલસા તથા એ માટે અન્યને કચડવાની લૂંટવાની, દગો કે છેતરપિંડી કરી પરિગ્રહ વધારવાની વૃત્તિ બળવાન બનાવી, વળી ભયમાંથી ડર, જૂલ્મ, વૈર વિરોધ, કપટ-માયાના પ્રકારો અને મૈથુનમાંથી રાગ,

દ્વેષ, કામ ક્રોધ, મોહ, લગ્ન, કુટુંબલાલસા, દેહઆકર્ષણ તથા વિકૃતકલાની સાધનાઓ પેદા કરી ત્યારે જીવન-સંઘર્ષ પણ પરાકાષ્ટાએ પહોંચ્યો; અને આજે તો એ વિનાશ ની હદે પહોંચી ગયો છે. આખું જગત આજે ધગધગતા લાવારસ પર ઉભું હોય તેમ સળગી રહ્યું છે. આમ આપણે શકિતનો પેદા કરી છે, પણ એ શકિત આપણને જ ભરખવા બેઠી છે, એનું આપણને મોડે મોડે પણ ભાન થવા લાગ્યું છે. પણ હવે એમાંથી છૂટવા શું કરવું એ એક પ્રશ્ન છે. જો કે એ પ્રશ્ન આજે નવો નથી. ભૂતકાળમાં પણ હતો. જો કે એ ત્યારે આજના જેટલો વ્યાપક નહોતો છતાં એ યુગના કલ્યાણેચ્છુ તીર્થંકરાદિ સંતોએ એની ભયંકરતા જોઇ લીધી હતી. એથી એ પ્રશ્ન વિચારી એનો ઉપાય પણ બતાવ્યો છે. પણ બહેરા જગતે એમના ઉપદેશો તરફ હમેશા દુર્લક્ષ જ કર્યું છે. આજે હવે એવો સમય પાકયો છે કે જો વહેલા ચેતી એ સંતોના ઉપદેશને જીવનનો આચારધર્મ નહીં બનાવવામાં આવે તો એક દિવસ આપણી પુરી કમબખ્તી થવાની છે એમ દિવા જેવું સ્પષ્ટ જણાય છે. એમનો ઉપદેશ હતો કે ફરી અંધકારયુગમાં જવાની જરૂર નથી તેમજ યુગલિક કાળ પણ હવે લાવી શકાય તેમ નથી અને છતાં છે એ પરિસ્થિતિમાંથી સુખ મેળવવું છે. સાથે શકિતનો વિકાસ પણ રોકવો નથી. એથી એમણે જગતની સમક્ષ ત્યાગ અને અપરિગ્રહનો માર્ગ બતાવ્યો અને જણાવ્યું કે પરિગ્રહ એ કેવળ ધનનો કે સાધનોનો જ સંગ્રહ નથી, પણ સ્વાદલાલસા, ભોગવૃત્તિ, અહંબુધ્ધિ અને સ્વાર્થવૃત્તિ પણ એક પ્રકારનો પરિગ્રહ જ છે. આ કારણે આહારાદિ વૃત્તિને કારણે સંઘર્ષ વધારનારા હિંસા, માંસાહાર, શિકાર અને હિંસક યજ્ઞ-યાગ જેવી આચારપ્રણાલિઓ સામે આપણે અહિંસા, નિરામિષાહાર, પ્રેમ, સેવા અને નિસ્વાર્થ ત્યાગ તથા ઉપવાસાદિની પ્રણાલિકાઓ યોજી. સાથે પ્રેમ, કરૂણા, દયા સહાનુભૂતિ, સહિષ્ણુતા અને નિર્વૈરબુધ્ધિનો પાઠ આપ્યો. અને બ્રહ્મચર્ય, નિર્લોભ, અણગારપણું, સંયમ તથા વૈરાગ્યનું પ્રતિપાદન કર્યું. આ રીતે જે શકિત સંઘર્ષને ઉત્પન્ન કરનારા સુખને માટે વળી હતી એને સહકારની ભાવના પર ચિરશાંતિ પ્રગટાવવાના માર્ગે વાળવાનો અમર સંદેશ આપ્યો. પણ યુગોના દૃઢ સંસ્કારના કારણે દુનિયા થોડા જ વખતમાં એ મંત્ર ભુલી ગઇ અને ફરી સંઘર્ષને જન્માવનારા પરિગ્રહ, લાલસા અને ધનમોહના વિકૃત માર્ગે ઉતરી પડી. આજે દુનિયા જે અશાંતિ ભોગવે છે એ આ વધેલા પરિગ્રહનું જ કારણ છે. પછી એ પરિગ્રહ ધનના રૂપમાં હોય, સત્તાના રૂપમાં હોય કે ભોગલાલસાના રૂપમાં હોય, પણ વધેલા પરિગ્રહે જ આ વિનાશ સર્જ્યો છે, અને એનું ભયંકર રૂપ વધતુ જ જાય છે. અધુરામાં પુરૂં આજે વિજ્ઞાને જે સુખસગવડ અને ભોગવિલાસની સામગ્રી આપી છે અને એને એક આવશ્યક જરૂરિયાત બનાવી દીધા છે. તેમ જ દુનિયા પાસે પાસે આવવાથી તે એક ચેપી રોગ જેવી થઇ પડી છે. પ્રજામાનસ પણ આજ વિજ્ઞાનને કારણે ખૂબ જાગૃત અને કેળવાયેલું બન્યું છે. એથી પણ એ ઉપરના થરના લોકોની જેમ સુખસગવડ અને ભોગસામગ્રી ઝંખી રહી છે. અને તેથી પ્રજાને પોષતી એ સમાન સુખસગવડની માગણી કરવા લાગી છે ને આમ રાજ સંઘર્ષની આગ ભભુકતી થઇ છે. વળી યંત્રવાદે પણ વિજ્ઞાનનો આશ્રય લઇ બેકારી સર્જવામાં કોઇ મણા રાખી નથી. આ બધાનો એક જ ઉપાય છે કે જેમ બને તેમ પરિગ્રહ ઘટાડતા રહી જીવન જીવવાની કળા હાથ કરવી જોઇએ. પણ આજના આ દોડતા યુગમાં હવે વનવાસી જીવન જીવી શકાય એમ નથી. દુનિયા દોડતી હોય અને આપણે બેસી રહીએ એ પણ જો આપણે જીવતું બન ટકવું હોય તો બને તેમ નથી. અને એમ કુટુંબજીવન જીવનારાથી એકલે હાથે તાળી પડે પણ નહીં. ત્યારે કરવું શું ? એ પ્રશ્ન આપણને મુંઝવે છે. પણ તેનોય શાસ્ત્રકારોએ આપણને માર્ગ બતાવ્યો છે અને તે છે અતિથિસંવિભાગ, દાન, ભોગોપભોગપરિમાણ અને પરિગ્રહપરિમાણ જેવા વ્રતોનું પાલન. ઉપનિષદકારે પણ એ જ ત્યક્તેન મુંજીથાઃ 'ત્યાગ કરીને ભોગવ' નો દિવ્યમંત્ર આપ્યો છે. આમ છતાં વ્યકિતઓને વ્યવહારમાં રહેવાનું હોઇ આ પણ મુશ્કેલ પડે તેમ છે. એથી આજના યુગ પ્રમાણે ભાવીની હવા જોઇ સમાજે જ પોતાના બંધારણમાં ફેરફાર કરી ઘટતા સુધારા કરવા જોઇએ અને એવા રીતે વ્યવહારો ગોઠવવા જોઇએ કે જેથી સહેજે જ મધ્યમવર્ગના માનવીઓનું જીવન કેંક હળવું થઇ શકે અને એ ટકી શકે. બાકી ત્યાં સુધી સમાજમાં વ્યાપેલાં દુઃખો મટવાના નથી અને ધોધમાર દાનના પ્રવાહો વહેડાવ્યા છતાં એ સમસ્યા હલ થવાની નથી. પરિગ્રહ ઘટે, ખર્ચ ઘટે, આવકમાં પુરવણી થાય એવા કાર્યો મળે અને એ બધાથીયે ભયંકર જે સામાજિક રીવાજોને અંગે બીજાઓ પાછળ ખેંચાવું પડે છે એમાંથી બોજ કંઇક હળવો થાય તો જ સમાજ કંઇક રાહત મેળવી શકે. જીવનની કેટલીક રીતભાત, શેહશોભનો ડોળ, સગાવહાલાઓમાં મોટા ખપવાની વૃત્તિ, લગ્નાદિ પ્રસંગો પરનું ગંજાવર ખર્ચ તથા આ અને આવા બીજા સામાજિક-ધાર્મિક તોફાનોમાં ખેંચાઇ મરવાની મૂર્ખતા સમાજને આજે નાગચૂડની જેમ ભીંસી રહી છે. એથી સમાજના સુત્રધારોએ તેમ જ ત્યાગી-વર્ગે આ બાબત તરફ તાત્કાલિક લક્ષ ખેંચી ઘટતા સુધારા વધારા કરવાની ખાસ જરૂર છે. બાકી તો યુગાનુરૂપ જે આંધી-જે આવવાની હશે તો—આવી રહી છે. એમાં બધું ઠીક થઇ પરિસ્થિતિ છેવટે થાળે તો પડશે જ. પણ જેટલા આપણે વહેલા ચેતી પાળ બાંધીશું એટલા આપણે ઉગરશું અને વળી આપણી પાસે તો એ જ ત્યાગ અને સાદાઇનો ધર્મવારસો છે. મહાવીર-બુદ્ધ જેવા સંતોની જેમ વિનોબાજી પણ આજે એ જ માર્ગ બતાવી રહ્યા છે. જગત એ સંદેશ જેટલો મોડો સાંભળશે તેટલો એનાજ અહિતમાં છે. આ માટે સમાજે જાગૃત થઇ જરૂરી ફેરફારો સત્વર કરવા ઘટે છે. **રાતલાલ મફાભાઇ શાહ**

આજના સમાજને સાધુસંસ્થાની જરૂર છે કે નહિ ?

કેટલાએક સમય પહેલાં હિંદના મહા અમાત્ય પંડિત જવાહરલાલ નહેરૂએ પીડાણી ખાતે તા. ૨૬-૬-૫૩ ના રોજ સે. પ્ર. એ. રી. ઇ ના મકાનની શિલારોપણ વિધિ કરતાં એક પ્રવચન કર્યું હતું અને તે દરમિયાન આજની બેકારીનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે "એક બીજો એવો વર્ગ છે કે જે બીજાઓ ઉપર જ નભે છે. દેશમાં આવા પચ્ચાસ લાખ સાધુઓ છે. સાધુઓમાં કેટલાક સારા અને ઉચ્ચ કોટિના હશે; પરંતુ મોટા ભાગના સાધુઓ તો લોકોની દાનવૃત્તિ ઉપર જ નભે છે. કોઇ પણ દેશને માટે આ ખતરનાક વસ્તુ છે, કારણ કે તેઓ કશું જ પેદા કરતા નથી. કાયદાની દૃષ્ટિએ ભલે ના ગણાય, પરંતુ આવી જાતના સાધુઓ એક પ્રકારના ચોર જ છે."

આ કથન આજના સંન્યાસીઓ તથા સાધુઓની સંસ્થાને સીધી રીતે લાગુ પડે છે. આ સંન્યાસીઓની સંખ્યા પચાસ લાખની છે કે તેથી થોડી વધારે યા ઓછી તે આપણે ચોક્કસ કહી શકીએ તેમ નથી. પણ આપણે ત્યાં જરૂર એક એવો મોટો સમુદાય છે કે જે પોતાને ચાલુ સમાજવ્યવહારથી અલગ માને છે, જેણે સંસારનો ત્યાગ કર્યો લેખાય છે, જે લોકોની દાનવૃત્તિ ઉપર નભે છે, અને આત્મસાધના અને ઉપદેશપ્રદાન એ જેમની સાધારણતઃ મુખ્ય પ્રવૃત્તિ હોય છે. આજે આપણે નવનિર્માણને માર્ગે છીએ. પ્રાચીન કાળથી ચાલી આવતી અનેક સામાજિક સંસ્થાઓ

માતાનું આક્રંદ

ભૂમિકા

Inside Europe, Inside Asia આદિ ગ્રંથોના સુપ્રસિદ્ધ અમેરિકન લેખક જ્હોન ગંથરનું નામ અંગ્રેજી સાહિત્ય-લેખકોમાં અગ્રગણ્ય છે. તેમના તરફથી 'Death be not proud' એ નામનું એક પુસ્તક કેટલાએક સમય પહેલાં પ્રગટ કરવામાં આવેલ છે તે પુસ્તકમાં તેમના એકનો એક પુત્ર જોની પંદર મહીનાની માંદગીના પરિણામે, સત્તર વર્ષની ઉમ્મરે મૃત્યુ પામ્યો હતો, તેની માંદગીની કરુણ કથા આપવામાં આવેલી છે. જ્હોન ગંથર આમ તો કેલીફોર્નીઆમાં રહે છે, પણ તા. ૪-૧૧-૧૯૪૬ના રોજ જોનીનો જન્મ થયો હતો ત્યારે તેઓ-ગંથર દંપતી-પેરીસમાં હતાં. જોની બાળપણથી ભારે તેજસ્વી અને બુદ્ધિશાળી હતો. તેની પ્રજ્ઞા અનેકવિધગામિની હતી. નાનપણથી તેનું મુખ્ય વળણ વિજ્ઞાન તરફ હતુ. એમ છતાં તે ચિત્રકામ કરતો; તેને સંગીતનો શોખ હતો; સાહિત્ય વૃત્તિ તો તેને વારસામાં મળી જ હતી. વિદ્યાર્થી તરીકેની તેની કારકીર્દી પ્રારંભથી અત્યન્ત ઉજ્જવળ બની રહી હતી. તે ડીયરફીલ્ડ એકેડેમીમાં જોડાયો હતો અને ગ્રેજ્યુએટનો ડીપ્લોમા મેળવવા માટે અભ્યાસ કરતો હતો. ૧૯૪૬ના એપ્રીલ માસમાં તેને મગજના ટયુમરનો વ્યાધિ શરૂ થયો. આ વ્યાધિ પંદર મહીના ચાલ્યો અને આ દરમિયાન તેના મગજ ઉપર બે વાર ભારે ગંભીર ઓપરેશન કરવામાં આવ્યાં. આ વ્યાધિને કારણે અને આ ઓપરેશનો માટે તે ઘડિ હોસ્પીટલમાં, વળી સારૂં થાય એટલે પાછો ઘરમાં; આમ છતાં ટયુટરોની મદદથી તેણે પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો અને છેવટના પરીક્ષા પસાર કરી અને તેને લગતા પદવીદાન-સમારંભમાં માથા ઉપર ફેંદીયું વીંટાળીને આંખે પુરૂં દેખાય ન દેખાય કદિ કદિ લડથડીઆ પણ ખાય એ સ્થિતિમાં જોની જાતે હાજર રહ્યો અને ડીપ્લોમા લીધો. વિદ્યાર્થીઓએ અને અધ્યાપકોએ તેને ભારે હર્ષનાદથી વધાવ્યો અને ધન્યવાદ આપ્યો. આ ઘટના બાદ એકાએક માંદગી વધતી ચાલી અને પચ્ચીસ દિવસ બાદ ૧૯૪૭ જુન માસની ૩૦મી તારીખે તે મૃત્યુ પામ્યો.

જોનીએ સ્કૂલમાં જવાનું શરૂ કર્યું તે દરમિયાન જ્હોન ગંથર અને તેમનાં પત્ની ફ્રાન્સીસ ગંથરે છુટાછેડા લીધા હતા. એમ છતાં બન્નેની જોની પ્રત્યે મમતા જેવી ને તેવી રહી હતી. જોની ભણતો હતો તે વર્ષો દરમિયાન જ્હોન ગંથર ન્યુ યોર્કમાં રહેતા હતા. તેમનાં પત્ની કોનેકટીકટમાં રહેતાં હતાં. દરેક શિયાળો અને વસન્ત ઋતુની રજાઓ દરમિયાન જોની પોતાના પિતા સાથે રહેતો હતો અને ઉનાળાની રજાઓ પોતાની માતા સાથે પસાર કરતો હતો. ઉનાળા દરમિયાન પિતા જોનીને મળી આવતા હતા; અને શિયાળા દરમિયાન માતા અઠવાડિયામાં જોનીની ખબર કાઢતી હતી. માતા પણ પિતા જેટલી જ સંસ્કારી, શક્તિશાળી અને વિદ્વાન હતી. પુત્રની માંદગી દરમિયાન તો બન્નેએ છૂટા છેડા લીધા જ ન હોય એ રીતે એકરૂપ બનીને તેમણે પુત્રની સારવાર કરી હતી અને તેને બચાવવા માટે દ્રવ્ય ખરચવામાં પાછું વાનીને જોયું નહોતું.

પ્રસ્તુત પુસ્તક છે તો નાનું સરખું ૨૧૬ પાનાનું, પણ તેઓનું લખાણ ભારે વેધક છે અને માતપિતાના દર્દનું એક રોમાંચક ચિત્ર રજુ કરે છે. આ પુસ્તકનું મથાળું 'જ્હોન ડોને' નામના કોઈ કવિના એક કાવ્યના પ્રથમ પંક્તિ ઉપરથી બાંધવામાં આવ્યું છે. આ કાવ્યમાંથી અનુક પંક્તિઓનો ભાવાર્થ સમજાતો નથી એમ છતાં એ કાવ્યનો બહેન ગીતા કાપડિયાએ અનુવાદ કરવા પ્રયત્ન કર્યો છે જે નીચે મુજબ છે:—

મરણ તારૂં, મૃત્યુ !

(વસન્ત તિલકા)

રે મૃત્યુ ! ગર્વ કર ના, નહિ શેખી તારી કે તારી
ઘેરી મહા કપટથી કંઈને ફગાવે
તું-સાચું એ ન જરીયે; તું મનેય મારે
ના ! ના કદી ! નહિ ભયાનક શક્તિશાળી
છે તું ખરેખર નહીં, સુજ્ઞ રાંક મૃત્યુ !
આરામ-નિદ્રા સ્વરૂપ જ તાહરાં છે,
એથીય તું
આનંદ-દાયક અવશ્ય વધુ હશે, ના ?
યોગાનુયોગ, હતભાગી, નૃપો, નસીબ—
નો તું ગુલામ; વસતો વિષ ને બિમારી
ને યુદ્ધ સાથ નિત તું.
નહિ નિદ્ર દેતાં
જાદુ-અફીણ તવ વા કરતાં શું ન્યારી ?
તોયે ઘમંડ કર તું શીદ મૂર્ખ મૃત્યુ ?
વીતી જતાં જરીક નિદ્ર, અમે (અમર્યો !)
માણીશું જાગૃત અનંત, કદાપિ કયાંય
રહે મૃત્યુ—છાય પણ ના;
થાશે અરે મરણ તાહરૂં, મૃત્યુ ત્યાંય !!

આ પુસ્તકના અન્ત ભાગમાં જોનીની માતા ફ્રાન્સીસ-ગ્રંથરે એક હૃદયદ્રાવક નોંધ લખી છે. તે છે ગદ્યમાં, પણ તેના વાકયે વાકયે કાવ્ય ઝરે છે અને પદે પદે કારૂણ્ય ટપકે છે. આ નોંધનું હાર્દ યથાસ્વરૂપે ગ્રહણ થઇ શકે એ હેતુથી આટલી વિગતો વાળી ભૂમિકા આપવામાં આવી છે. હવે આપણે પુત્ર-વિહોણી માતાનું આક્રંદ સાંભળીએ અને તેની સાથે સમસંવેદનાનો અનુભવ કરીએ ! **પરમાનંદ**

અપૂર્ણ

અને જીવન પર પરાઓની ઉપયોગીતા વિષે આજે આપણે પાયામાંથી વિચાર કરી રહ્યા છીએ, આ દૃષ્ટિએ ઉપર વર્ણવી તેવી લોકોની દાનવૃત્તિ ઉપર નભતી સાધુસંસ્થાની જરૂર છે કે નહિ તે પ્રશ્ન સવિશેષ વિચારણીય બને છે. આ પ્રશ્ન જાહેર ચર્ચા માટે અમે રજુ કરીએ છીએ અને આજના સમાજહિતચિન્તકોને આ પ્રશ્ન સંબંધે પોતાનાં મન્તવ્યો સંક્ષેપમાં મુદ્દાસર લખી મોકલવા અમે નિમંત્રણ આપીએ છીએ. આ રીતે મળેલા ઉત્તરો જરૂર જણાય ત્યાં ટુંકાવીને પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવશે. આ પ્રશ્નનો ઉત્તર મોકલનાર ભાઇઓ અને બહેનો એ લક્ષ્યમાં રાખે કે અહિં પ્રશ્ન સમાજને સાધુ પુરૂષોની જરૂર છે કે નહિ તે નથી પણ પોતાના શરીરનિર્વાહ માટે જાતે શ્રમ કરીને કમાવાની જરૂર નહિ સ્વીકારતા સાધુવર્ગને અનુલક્ષીને ઉપરનો પ્રશ્ન છે. **તંત્રી, પ્રબુદ્ધ જીવન**

જે સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહમાં વપરાવાનું છે.

સ્વ. મણિભાઇ સ્મૃતિફંડ

૧૪૬૮૦	અગાઉ સ્વીકારેલા	
	૨૫	શ્રી મશીન ટુલ્સ ટ્રેડર્સ
	૧૦૧ ,,	લખમસી વેલાભાઇ
	૧૦૧ ,,	પ્રવીણચંદ્ર હમચંદ
	૫૧ ,,	વી. એન. મહેતા
	૫૧ ,,	આર. બાબુલાલ એન્ડ કું.
	૫૦૧ ,,	મોહનલાલ કાળીદાસ મહેતા (તેમના પુત્ર કીશોર કુમારના લગ્ન પ્રસંગે)
	૧૦૧ ,,	પ્રભાશંકર પોપટલાલ શેઠ
	૫૦૧ ,,	બાબુભાઇ કે. શાહ
૧૫૬૬૨	૧૩૪૯૦ વસુલ ૨૧૭૨ બાકી	

જેવા ખેડુત અને ખેતર તેવી ખેતી

થોડા સમય પહેલાં શ્રીમાન કપુરચંદ અને તેમના બે બંધુઓના સન્માન સમારંભમાં પ્રમુખસ્થાનેથી શ્રીમાન કસ્તુરભાઈ લાલભાઈએ એ મતલબનું જણાવેલું કે મહાવીર જૈન વિદ્યાલય અને એ કોટિની અન્ય સંસ્થાઓમાંથી સારી સંખ્યામાં વિદ્યાર્થીઓ પસાર થાય છે અને જીવનમાં ઠીક ઠીક સ્થિર પણ થાય છે, પણ તેમાંથી આપણે અપેક્ષા રાખીએ તેવા ઉચ્ચ કોટિના ધર્મપરાયણ અને સમાજનું સાચું નેતૃત્વ કરે એવાં રત્નો પાકતાં નથી. આ વિધાનની આપણે થોડી સમીક્ષા કરીએ.

આપણે ત્યાં શિક્ષણસંસ્થાના નામ નીચે વિદ્યાર્થીને રહેવા ખાવાપીવાની સગવડ આપતા છાત્રાલયોથી માંડીને હાઇસ્કુલ અથવા કોલેજ સુધીનું આદ્યન્ત શિક્ષણ આપતી એમ સર્વ પ્રકારની સંસ્થાઓની સમાવેશ કરવામાં આવે છે અને તેથી આપણી વિચારણામાં ઘણી વાર ગોટાળો પેદા થાય છે.

મહાવીર જૈન વિદ્યાલય અને સદશ કોટિની સંસ્થાઓને શિક્ષણસંસ્થા કહેવી એમાં અત્યુક્તિનો દોષ થઇ જાય છે. આપણે મહાવીર જૈન વિદ્યાલયનો જ વિચાર કરીએ તો તેનું કાર્યક્ષેત્ર મેટ્રીક પછીનું ઉચ્ચ શિક્ષણ લેવા ઇચ્છતા જૈન-હાલના સંયોગોમાં માત્ર શ્વેતાંબર મૂર્તિપૂજક-વિદ્યાર્થીઓને રહેવા ખાવા પીવાની જરૂરી સગવડો પૂરી પાડવી તે છે. અમુક સંપ્રદાયની તે સંસ્થા હોઇને તે સંપ્રદાયના અમુક નિયમો-હંમેશા પૂજા કરવી, સૂર્યાસ્ત પહેલાં ભોજન કરવું, ભોજનમાં કંદમૂળ વગેરે અભક્ષ્ય ગણાતી વસ્તુઓ ન આપવી-આ નિયમો ફરજિયાત પળાવવામાં આવે છે. આ ઉપરાંત આ સંસ્થામાં ધાર્મિક શિક્ષણનો અમુક પ્રબંધ કરવામાં આવેલ છે અને તેને લગતી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને પસાર થવાનું હોય છે. આ ધાર્મિક શિક્ષણ માટે યોગ્ય શિક્ષકો મળતા નથી, મળે છે તો લાંબો વખત ટકતા નથી અને આજના વિદ્યાર્થીઓને આ રીતે અપાતા ધાર્મિક શિક્ષણમાં કોઇ ઉંડો રસ હોતો જ નથી. પરિણામે ત્યાં અપાતાં ધાર્મિક શિક્ષણની વિદ્યાર્થીઓના જીવન ઉપર કોઇ મહત્વની અસર પડે છે એમ માનવાને કશું કારણ નથી. આ સંસ્થાનો વહીવટ દર વર્ષે ચુંટાતી વ્યવસ્થાપક સમિતિ ચલાવે છે અને વિદ્યાર્થીઓના રીતભાત ઉપર દેખરેખ રાખવા તેમ જ તેમની સારસંભાળ લેવા મહામાત્ર, નિયામક વગેરે તંત્રની રચના કરવામાં આવેલ છે. વ્યવસ્થાપક સમિતિના સભ્યોમાં કોઇ કોઇ સેવાભાવી હોય છે, પણ તે દરેક એક યા અન્ય પ્રકારના દ્રવ્યોપાર્જક વ્યવસાયમાં પડેલા હોય છે અને આજે જે જીવનત્રુટિઓ વ્યાપકપણે દૃષ્ટિગોચર થાય છે તેથી આ સભ્યો મુકત હોય છે એમ હોતું જ નથી. તદુપરાન્ત જે ધાર્મિક નિયમોના પાલનનો વિદ્યાર્થીઓ પાસેથી આગ્રહ રાખવામાં આવે છે તે નિયમોને સંસ્થાના સંચાલકોના જીવનમાં મોટા ભાગે કશો અવકાશ હોતો નથી. તદુપરાન્ત મહામાત્ર કે નિયામકો પણ વેતનના પ્રબંધ ઉપર કામ કરતા હોય છે અને ધાર્મિક શિક્ષક પણ બહુધા સાધારણ કોટિના હોય છે. પરિણામે વિદ્યાર્થીઓના જીવનને વિશિષ્ટ ઘડતર મળે અને ઉન્નત જીવનની પ્રેરણા મળે એવું આવી સંસ્થાના વાતાવરણમાં બહુ ઓછું દેખાય છે.

આવી સંસ્થાના સંચાલકો ઉચ્ચ શિક્ષણ લેવા ઇચ્છતા પોતાની કોમના વિદ્યાર્થીઓ રહેવા ખાવાની કે અન્ય ખર્ચની સગવડના અભાવે રખડી ન પડે એવા શુભ હેતુથી પ્રેરાઇને આવી સગવડો આપતુ છાત્રાલય ચલાવે છે અને તે તદ્દન ઉચિત છે. આવી સંસ્થામાંથી પસાર થયેલા વિદ્યાર્થીઓમાંના ઘણા એવા છે કે જેમને આવું અવલંબન ન મળ્યું હોત તો ઉગતા જીવનમાં તેઓ કાંઇને કાંઇ અટવાઇ પડયા હોત અને જીવનનિર્વાહની અકળામણના ભોગ થઇ પડયા હોત.

ઉપર જણાવેલી મર્યાદાઓ નીચે કાર્ય કરતી મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થાનું કાર્યપરિણામ પણ આખરે મર્યાદિત જ હોય એ તદ્દન સ્વાભાવિક છે. આ રીતે વિચારતાં મહાવીર જૈન વિદ્યાલયે જે પરિણામ બતાવ્યું છે-આજે તેમાંથી પસાર થયેલા સંખ્યાબંધ વિદ્યાર્થીઓમાંથી કેટલાક સારા ડોકટર તરીકે કેટલાક કુશળ ઇજનેર તરીકે સુસ્થિર થયા છે; કેટલાકે કાયદાના ક્ષેત્રમાં તો કેટલાકે વ્યાપાર વા સરકારી વહીવટના ક્ષેત્રમાં ઉજળું નામ કાઢયું છે અને વિદ્યાલયને શરમાવું પડે એવો એક પણ વિદ્યાર્થી હજુ સુધી પાકયો જણ્યો નથી-આ પરિણામ વિદ્યાલયને જરૂર શોભા આપનારૂં છે. આથી વિશેષ આશા રાખવી કે પ્રદર્શિત કરવી એ શકયતાના પ્રદેશની બહારની વાતો કરવા બરોબર છે.

કારણ કે આખરે પાકનો આધાર ખેડુત અને ખેતર ઉભય કેવાં છે તેની ઉપર જ રહેલો છે. કોઇ પણ આદર્શસેવી મહાપુરૂષે વિશિષ્ટ કોટિની જીવન-ઉપાસનાના પરિણામે જે વિશિષ્ટ જીવનસત્યો પોતાને લાધ્યા હોય તે મૂજબ ઉછરતી પ્રજાને ઘડતર આપવાના હેતુથી જ્યાં વિદ્યાર્થીઓ રહે અને ભણે એવી એક શિક્ષણસંસ્થા કાઢી હોય અને ત્યાં ભણતા વિદ્યાર્થીઓ પણ એ મહાપુરૂષની જીવનચર્યામાંથી સતત પ્રેરણા મેળવતા હોય-ઉપનિષદ્‌નું સૂત્ર गुरोस्तु मौनं व्याख्यानं शिष्याः छिन्नसंशयाः । આ સૂત્ર વિદ્યાર્થીઓના જીવનમાં અને સંસ્થાના વાતાવરણમાં સતત મૂર્તિમન્ત બની રહ્યું હોય તેવી સંસ્થાના પાકમાં અને મહાવીર જૈન વિદ્યાલય જેવા માત્ર છાત્રાલયના આકારની સંસ્થાઓના પાકમાં અમુક મહત્વનો ફરક રહેવાનો જ. દા. ત. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે કાઢેલું શાન્તિનિકેતન, ગાંધીજીએ ઉભો કરેલો સત્યાગ્રહ આશ્રમ, નાનાભાઈ ભટ્ટની લોકભારતી. આવી સંસ્થાઓમાં જે વિદ્યાર્થીઓની પેદાશ થાય તે જુદા જ પ્રકારની હોય. ત્યાં દરેકના જીવન ઉપર ટાગોર કે ગાંધીજીની અમુક છાપ ઉઠયા વિના ન જ રહે. એ સંસ્થાના વિદ્યાર્થીઓ જીવનની જે મૌલિક ભાત બતાવે, અને જે કર્તૃત્વશકિતને આવીર્ભૂત કરે એ આશા મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થા પાસેથી ન રાખી શકાય. એક ઠેકાણે મહાન જ્યોતિર્ધર ધુણી ધખાવીને બેઠો હોય છે અને તેની જ્યોતનો પ્રકાશ દિગન્તમાં વિસ્તરી રહ્યો હોય છે. અન્યત્ર નથી જોવામાં આવતો કોઇ જ્યોતિર્ધર કે નથી અનુભવવામાં આવતો કોઇ વિમળ જ્યોતિનો પ્રકાશવિસ્તાર.

આમ છતાં પણ આજની વિષમ આર્થિક પરિસ્થિતિમાં અને જ્યારે જીવનના અન્ય ક્ષેત્રો માફક શિક્ષણનું ધોરણ વિસ્તૃત અને વધારે ખરચાળ થતું ચાલ્યું છે, ત્યારે ઉચ્ચ શિક્ષણ તરફ ગતિમાન થવા ઇચ્છતા સામાન્ય સ્થિતિના વિદ્યાર્થીઓને રહેવા વગેરેની સગવડ આપતા, તેમની બીજી રીતે પણ ઠીક ઠીક સંભાળ લેતા અને વિશિષ્ટ અભ્યાસાર્થે પરદેશ જવા તથા રહેવા માટે શિષ્યવૃત્તિઓનો પણ જ્યાં શકય હોય ત્યાં પ્રબંધ કરતા અને પોતપોતાના ક્ષેત્રની શૈક્ષણિક જરૂરિયાતોને પહોંચી વળવાને મથતા મહાવીર જૈન વિદ્યાલય જેવા છાત્રાલયોની ઉપયોગીતા અને સામાજિક સેવા કાંઇ ઓછી નથી. અને સામાજિક ક્ષેત્રે એવી સંસ્થાઓના સંચાલકોની સેવાનો ફાળો પણ કાંઇ નાનો સુનો નથી.

આ આખી ચર્ચાનો તાત્પર્યાર્થ એ છે કે કોઇ પણ સંસ્થાના કાર્યનું પરિણામ માપનારે કોઈ અન્તિમ આદર્શના માપદંડ વડે નહિ પણ એ સંસ્થાના વર્તમાન સંયોગો અને પાયાની મર્યાદાઓ વચ્ચે શું શકય હોઇ શકે એવા માપદંડથી સંસ્થાનું કાર્ય માપવું જોઇએ અને એ માપદંડથી માપતાં જેટલું અપૂર્ણ લાગે તે અપૂર્ણતા દૂર કરવા માટે વ્યવહારૂ સૂચનાઓ કરવી જોઇએ. આ સંસ્થામાંથી કોઇ લોકોત્તર પુરૂષો પાકતા નથી માટે, આ સંસ્થાની સેવા સંતોષકારક નથી એવો માન્યવર શેઠ કસ્તુરભાઇના કથનમાંથી જે ધ્વનિ ઉઠતો હતો તેના ઉત્તર રૂપે લખાયલું આ વિવેચન ઉચિત માર્ગદર્શન કરવામાં મદદરૂપ નિવડશે એવી આશા છે. **પરમાનંદ**

પુસ્તક પરિચય

જીવન ગીતા

(સંપાદક : શ્રી હેમન્તકુમાર નીલકંઠ તથા શ્રી નંદલાલ ભોગીલાલ શાહ, પ્રકાશક : શ્રી ચીમનલાલ માણેકલાલ શાહ, મહાજન બુક ડીપો, ફર્નાંડીઝ પૂલ નીચે, ગાંધી માર્ગ, અમદાવાદ કિંમત રૂ. ૧-૮-૦)

શ્રીમદ્ ભગવદ્ગીતા અનેક ચિન્તકો, વિવેચકો અને કવિઓને હંમેશા આકર્ષતી રહી છે અને તે આકર્ષણે અનેક વિવેચનગ્રંથો તેમ જ અનુવાદો નિર્માણ કર્યા છે. ગુજરાતી ભાષામાં ગીતાનો સૌથી પહેલો અનુવાદ કવિવર ન્હાનાલાલ દલપતરામે કર્યો. થોડાંએક વર્ષો પહેલાં સ્વ. કિશોરલાલ ઘ. મશરૂવાળાનો અનુવાદ નવજીવન પ્રકાશન મંદિર તરફથી પ્રગટ થયો. આ અનુવાદ સમશ્લોકી, અને સુગેય છે અને ગીતાના ભાવને યથાસ્વરૂપે પ્રગટ કરે છે અને તેથી ખુબ લોકપ્રિય છે. થોડા સમય પહેલાં શ્રી. જુગતરામ દવેએ રચેલી ગીતા ગીત મંજરી નામની એક પુસ્તિકા નવજીવન પ્રકાશન મંદિર તરફથી પ્રગટ કરવામાં આવી છે. આની અંદર ગીતામાં આવતા જુદા જુદા વિષયો લઇને ગાઇ શકાય એવા પદો ટીકા, ટીપ્પણ અને જરૂરી સમજુતી સાથે સંકલિત કરવામાં આવ્યા છે. ભાઇ જુગતરામનું ભાષાપ્રભુત્વ અને ગીતા મનનનો આ પુસ્તિકામાં આપણને સુન્દર પરિચય થાય છે. આ અનુવાદો અને પદ-સંગ્રહોમાં એક વિશિષ્ટ કોટિના અનુવાદનો તાજેતરમાં ઉમેરો થયો છે. એનું નામ છે જીવનગીતા. એ રચનાર વ્યકિત આમ તો સુવિદિત છે છતાં પોતાનું નામ અગોચર રહે એમ તેઓ ઇચ્છે છે અને તેથી તેમનું નામ આ પુસ્તકમાં આપવામાં આવ્યું નથી. આ જીવન ગીતામાં મૂળ ગીતાના અધ્યાયોના ક્રમ મુજબ જ અનુવાદ કરવામાં આવ્યો છે, પણ તેને સમશ્લોકી બનાવવાનો આગ્રહ રાખવામાં આવ્યો નથી. મૂળ અનુષ્ટુપના સ્થાને હરિ-ગીત, વસન્ततિલકા, ઉપજાતિ અને એવા બીજા છંદોનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેમ જ જ્યાં વિષય કઠણ અને શ્લોકો બહુ ટુંકાણમાં ઘણો ગૂઢ અર્થ સમાવતા લાગ્યા ત્યાં અનુવાદમાં જરૂરી વિસ્તાર કરવાની પણ અનુવાદકે છૂટ લીધી છે અને સામાન્ય વાંચનારને સરળ અવબોધ થાય અને પઠન-પાઠનમાં વધારે આનંદ આવે એ બે હેતુ આ બે પ્રકારની છુટથી સહજપણે સિધ્ધ થાય છે. મૂળ અનુવાદક ભકતહૃદયના, સેવાપરાયણ સજ્જન છે અને એક પ્રકારની સતત સાધના રૂપ એમનું જીવન છે. સામાન્ય જનતાના સતત સંપર્કમાં તેઓ રહે છે. પરિણામે અનુવાદની શૈલી કશા પણ પાંડિત્યના આડંબર વિનાની અને સામાન્ય બુધ્ધિના માનવીને પણ સહજ ગમ્ય બને તેવી છે અને અનુવાદ વાંચવો શરૂ કર્યો કે છેડે પહોંચ્યે જ છૂટકો એવી રોચક તેની પદ્યરચના છે.

શ્રમણ ભગવાન મહાવીર

(લેખક : શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ, પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ. કિં. રૂ. ૧-૪-૦)

શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ રચિત શ્રમણ ભગવાન મહાવીરની પહેલી આવૃત્તિ સરતુસાહિત્યવર્ધક મંડળે આજથી નવ વર્ષ પહેલાં પ્રગટ કરેલી. તેમાં કેટલાક સુધારા તેમ જ વધારા કરીને આ બીજી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. આ નાનાં સરખા પુસ્તકમાં ભાઇશ્રી ધીરજલાલે ભગવાન મહાવીરને એક ચમત્કારી દેવ તરીકે નહિ પણ એક લોકોત્તર માનવી તરીકે આલેખ્યા છે અને તેમનું ચરિત્ર લોકોત્તર હોવા છતાં કોઇ પણ સામાન્ય માનવીને તેમાંથી અનેક અનુકરણીય જીવનતત્ત્વો મળી શકે તેમ છે તે વાંચકના મનમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. આ નાનું સરખું પુસ્તક આઠ પ્રકરણોમાં વહેંચાયેલું છે. પહેલા ચાર પ્રકરણમાં ભગવાન મહાવીરનું ચરિત્ર આપવામાં આવ્યું છે. પાંચમાં પ્રકરણમાં ગોશાળકનું ચરિત્ર ઉપલબ્ધ સામગ્રીમાંથી તેમણે તારવ્યું છે. છઠ્ઠા પ્રકરણમાં ભગવાન મહાવીરે પ્રરૂપેલા ધર્મની સામાન્ય સમજણ આપવામાં આવી છે. સાતમાં પ્રકરણમાં 'શ્રેષ્ઠ શ્વેત કમળ' 'બે કાચબા' અને 'રોહિણી' એ ત્રણ રૂપકકથાઓ આગમગ્રંથોમાંથી ઉધ્ધૃત કરીને તેનો અનુવાદ સમાવિષ્ટ કરવામાં આવેલ છે. આઠમાં પ્રકરણમાં ભગવાન મહાવીરના સુભાષિતોનો એક નાનો સરખો સંગ્રહ રજુ કરવામાં આવ્યો છે. આ પુસ્તક માટે પં. ભેચરદાસ જીવરાજ દોશીએ એક ચિન્તનપ્રેરક આમુખ લખી આપ્યો છે.

પરંપરાગત મૂળ ચરિત્રમાં લેખકે પોતાની કલ્પના વડે થોડાક ફરફાર કર્યા છે, જેમાંના કોઇ ઠીક લાગે છે, કોઇ અઠીક લાગે છે. દા. ત. ભગવાન મહાવીર સર્વજ્ઞ થયા બાદ અપાપા નગરીના ઉદ્યાનમાં બીરાજ્યા અને એમની પાસે ગૌતમ વગેરે અગિયાર બ્રાહ્મણો સ્વાભાવિક કુતુહલથી આકર્ષાઇને આવ્યા અને ભગવાન મહાવીરના ઉપદેશથી મુગ્ધ બનીને તેમના દીક્ષિત થયા એમ મૂળ કથામાં આવે છે. આને બદલે લેખક ભગવાન મહાવીરને તે નગરીમાં ચાલી રહેલા સોમીલ બ્રાહ્મણના યજ્ઞ-સમારંભમાં ખેંચી જાય છે અને ગૌતમ વગેરે ૧૧ બ્રાહ્મણોનો ત્યાં સમાગમ થયાનું જણાવે છે. આ વાંચતાં જે યજ્ઞક્રિયાના ભગવાન મહાવીર મૂળથી વિરોધી હતા તે યજ્ઞમાં તેઓ શું કામ જાય એ પ્રશ્ન સહજપણે ઉપસ્થિત થાય છે અને તેનો સંતોષ-કારક ખુલાસો મળતો નથી.

ભગવાન પાર્શ્વનાથની પરંપરામાં અને ભગવાન મહા-વીરની પરંપરામાં શું તફાવત હતો તેનો આ પુસ્તકમાં કશો પણ ઉલ્લેખ નજરે પડતો નથી. ખાસ કરીને ચાર મહાવ્રતના બદલે પાંચ મહાવ્રત કરવામાં આવ્યા અને વસ્ત્રધારિત્વને બદલે નગ્નતા સ્વીકારવામાં આવી એ બાબત નો ઉલ્લેખ આ નાના પુસ્તકમાં પણ જરૂરી હતો.

આમ છતાં પણ ભગવાન મહાવીર અને તેમના તત્વ-જ્ઞાનને સમજવા માટે આવાં જ કોઇ નાનાં નાનાં પુસ્તકો બહાર પડ્યા છે તેમાં આ પુસ્તક જુદી ભાત પાડે છે અને જૈનેતર વાંચકોમાં ભગવાન મહાવીર વિષે કાંઇક જાણવાની જિજ્ઞાસા ઉભી થઇ છે તે જિજ્ઞાસાને તૃપ્ત કરવાની આ પુસ્તક યોગ્યતા ધરાવે છે.

પંચવર્ષીય યોજના

(લેખક: શ્રી વાડીલાલ ડગલી, પ્રકાશક: ગુજરાત ભારત સેવક સમાજ, પાનકોર નાકા, અમદાવાદ, કિંમત રૂા. ૦-૩-૦)

પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાની અમદાવાદ શાખાના મેનેજર શ્રી વાડીલાલ ડગલીએ, જ્યારે ભારત સરકાર તરફથી પંચવર્ષીય યોજના બહાર પાડવામાં આવી ત્યારે ટુંકાણમાં આખી યોજનાનું હાર્દ સમજી શકાય તે હેતુથી, એ યોજનાને લગતો એક નિબંધ તૈયાર કરેલો અને તે બે હપ્તાથી 'સંસ્કૃતિ'ના ૧૯૫૩ના જાન્યુ-આરી તથા ફેબ્રુઆરી માસના અંકોમાં પ્રગટ થયેલો. આ નિબંધ કોઇ પણ પક્ષપાતબુધ્ધિના પૂર્વગ્રહ સિવાય પંચવર્ષીય યોજના જેવી છે તેવી સમજાવવાનો એક અભ્યાસપૂર્ણ પ્રયત્ન છે. લેખક યુવાન હોવા છતાં લખાણમાં પ્રૌઢતા છે, વિષયની ઉંડી સમજણ છે. બહુજનસમાજમાં આ પંચવર્ષીય યોજનાની સમ-જુતી સારો ફેલાવો પામે અને હિંદના ભાવી આર્થિક નિર્માણ સંબંધે ભારત સરકારની શી કલ્પના છે અને તેને કેવી રીતે વ્યવહારૂ રૂપ આપવા માંગે છે તેની વ્યાપક આકારમાં સમજણ ફેલાય એ હેતુથી ભારત સેવક સમાજે (ગુજરાત) ત્રણ આના જેવી બહુ નજીવી કિંમત રાખીને આ પુસ્તિકા પ્રગટ કરી છે.

પરમાનંદ

ગુજરાતની સાંસ્કૃતિક પ્રતિભા

(ગતાંકથી ચાલુ)

જૈન સાહિત્ય વિદ્વત્તાભરી જ્ઞાનપરંપરાની સાથોસાથ બ્રાહ્મણધર્મના શૈવ અને શાકત સંપ્રદાયોને પણ ગુજરાતના રાજાઓએ ઉદારતાભરી બક્ષીસો વડે-દાન વડે ને વાજબી રીતે આશ્રય આપ્યો હતો. એક વસ્તુ નોંધવા જેવી છે કે ગિરનાર, આબૂ અને પાવાગઢની ટેકરીઓ ઉપર જૈન તીર્થંકરોનાં અને બ્રાહ્મણધર્મનાં દેવદેવીઓનાં દહેરાં બહુ જ પાસે પાસે અને એક-સાથે બાંધવામાં આવ્યાં છે. અંબાજીની ભકિત જૈનો અને હિન્દુઓ બંને સમાન દૃષ્ટિથી કરે છે. આધુનિક ગુજરાતમાંથી બૌધ્ધ ધર્મ લુપ્ત થયો છે, પણ આ બે ધર્મો તો પરસ્પર સાથે રહેતી આવી છે એટલું જ નહિ પણ પરસ્પરના સમાજ-જીવન ઉપર એકબીજાના પ્રત્યાઘાત પણ પડે છે. ગુજરાતના હિન્દુઓનાં શુધ્ધ શાકાહારીપણું અને અહિંસાની ભાવના દૃઢ-મૂલ થયેલી જોવામાં આવે છે. હિન્દુ જીવનપધ્ધતિ ઉપર જૈન-ધર્મના પડેલા પ્રત્યાઘાતનું આ એક પરિણામ છે. આ સંયુકત સંસ્કૃતિનું લક્ષ્ય આપણા એક અગ્રગણ્ય ગુજરાતી પંડિત ડૉ. ભોગીલાલ સાંડેસરારચિત "લિટરરી સર્કલ ઑફ મહા-અમાત્ય વસ્તુપાલ" નામના ગ્રંથમાંથી ટાંકું તો વધારે યોગ્ય લેખાશે. એ ગ્રંથ નોંધે છે કે "એ દિવસોમાં ગુજરાતની પંડિત સંસ્કૃતિ એવી અખંડિત હતી કે એમાં બ્રાહ્મણધર્મના અને જૈનધર્મના પંડિતોની અંદર પ્રશંસાપાત્ર સાંસ્કૃતિક સહકાર હતો. આપણને માલૂમ પડે છે કે રાજ્યદ્વારમાં બેસનો પુરોહિત સોમેશ્વર જૈનદહેરાસરની પ્રશસ્તિઓ લખે છે અને બાલચન્દ્ર જેવો જૈન સાધુ ભાગવત પુરાણ જેવા બ્રાહ્મણધર્મના મહાન ગ્રંથમાંથી સાહિત્યિક સામગ્રી ઊછીની લે છે. વળી આપણે એ પણ જોઇએ છીએ કે અમરચન્દ્ર નામનો એક જૈન સાધુ સમગ્ર મહાભારતને શ્લોકોમાં સારગ્રંથ કરે છે અને એકે એક અધ્યાય આરંભે વ્યાસની સ્તુતિ કરે છે. પતંજલિ અને બીજાઓએ જેનો નિર્દેશ કર્યો છે તે શ્રમણો અને બ્રાહ્મણો વચ્ચેનું વૈમનસ્ય ગુજરાતમાંથી જાણે લુપ્ત થઇ ગયું છે. સાહિ-ત્યની બાબતોમાં આ બીનસાંપ્રદાયિક દૃષ્ટિબિન્દુ કંઈ આકસ્મિક નહોતું આવ્યું. કિન્તુ સમકાલીન જીવનમાં પ્રશંસાપાત્ર લેખી શકાય એવી સહિષ્ણુતાની અને આપસેની જે ભાવના પ્રવર્તતી હતી તેમાંથી આ દૃષ્ટિબિન્દુ આવ્યું છે. આ સમકાલીન જીવનનાં લગભગ તમામ પાસાં આગામી પ્રકરણોમાં દર્શાવવામાં આવ્યાં છે તે પ્રમાણે વસ્તુપાલ જેવી મહાન વ્યક્તિમાં પ્રતિનિધિત્વ પામ્યાં છે. વિશેષમાં એ એમ પણ દર્શાવે છે કે જૈન ધર્મ અને સંસ્કૃતિ જેનો એક અંતર્ગત ભાગ બની રહ્યો છે તે હિંદુ સંસ્કૃતિ એક હતી, અને ગુજરાતનો સમગ્ર મધ્ય-કાલીન ઇતિહાસ જે ચિત્ર રજૂ કરે છે એમાં આપણને બ્રાહ્મણ-ધર્મ અને જૈનધર્મના પ્રવાહોનું નોંધપાત્ર કહી શકાય એવું એકીકરણ જોવા મળે છે. એ એકીકરણ સારા યે પ્રાંતના સાંસ્કૃ-તિક જીવન ઉપર એક ન ભૂંસાય એવી છાપ મૂકી ગયું છે."

પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતમાં સંસ્કૃત સાહિત્યનું જે ખેડાણ થયું છે તેનું સંક્ષિપ્ત આલેખન અહીં અપ્રસ્તુત નહિ ગણાય. "શિશુપાલવધ"ના સુપ્રસિદ્ધ કર્તા મહાકવિ માઘ શ્રીમાળના નિવાસી હતા તેનો નિર્દેશ હું અગાઉ કરી ચૂકયો છું. સાતમી સદીમાં જૈન પંડિત ધનેશ્વરસૂરએ પોતાની સુપ્રસિદ્ધ કૃતિ "શત્રુંજયમાહાત્મ્ય" લખી હતી પણ એ સદીનો સૌથી મહાન ગ્રંથ વલભીપુરના કવિ ભટ્ટીનો છે. જેણે 'ભટ્ટીકાવ્ય' તરીકે જાણીતું મહાકાવ્ય લખ્યું છે. એ મહાકાવ્યમાં રાવણવધની વાર્તામાં પાણિનિના વ્યાકરણનાં સૂત્રો ગૂંથી લેવામાં આવ્યાં છે. અગીઆરમી સદીમાં વડનગરના ઉવટ નામના બ્રાહ્મણે "પ્રાતિ-શાખ્ય સૂકતો" અને "વાજસનેયી સંહિતા" ઉપર ટીકાઓ લખી છે અને એજ શહેરના (વડનગરના) એક દ્રાવિડ બ્રાહ્મણે 'નીતિમંજરી' નામનો ગ્રન્થ લખ્યો છે. તે પછી આવે છે મહાન હેમચંદ્રાચાર્ય જેનો નિર્દેશ હું ઉપર કરી ગયો છું. એમના સમકાલીન વાગ-ભટ્ટે હેમચન્દ્રાચાર્યના "કાવ્યાનુશાસન" ના ધોરણે "વાગ્‌ભટ્ટ-અલંકાર" નામનો અલંકારવિષયક એક ગ્રંથ લખ્યો છે. એ બંને ગ્રન્થ ઉપર મમ્મટના 'કાવ્યપ્રકાશ' નો પ્રભાવ છે. હેમ-ચન્દ્રાચાર્યે જે નવા સાક્ષરજીવનનો સંચાર કર્યો તેણે તેરમી સદીમાં સંખ્યાબંધ નવા કવિઓ અને પંડિતોને જન્મ આપ્યો. એમાં સૌથી મોટામાં મોટા વિખ્યાત કવિ વડનગરનો નાગર બ્રાહ્મણ સોમેશ્વરદેવ છે. અંગત હકીકત જણાવવા માટે મને ક્ષમા આપવામાં આવે તો હું એટલું કહું કે તેઓ મારા કુટુંબના એક પૂર્વજ તરીકે પ્રતિષ્ઠિત છે. સુપ્રસિધ્ધ જૈન પ્રધાન વસ્તુપાળના તેઓ એક ગાઢ મિત્ર હતા અને એમણે "ગુર્જ-રેશ્વર પુરોહિત" એવું બિરૂદ પ્રાપ્ત કર્યું હતું. એમનાં બે કાવ્યો "પ્રીતિકૌમુદી" અને "સુરથોત્સવ" બંને કાવ્યકલાનાં સૌન્દર્ય અને શોભાથી તથા ખાસ કરીને ગુર્જરરાજ્ય લક્ષ્મી વિષેની એમની હૃદયદ્રાવક વિભાવનાથી ભરપૂર છે. વડનગર પાસેના એક શહેરનો નાનક પંડિત જે પણ એક નાગર બ્રાહ્મણ હતો તે એક બીજો સંસ્કૃત પંડિત અને કવિ હતો. અમરચન્દ્રસૂરિ અને મલ્લીસેનસૂરિ એ પણ આ સદીમાં સંસ્કૃતના આગેવાન જૈન પંડિતો હતા. ચૌદમી સદીમાં મેરૂતુંગાચાર્યે પોતાનો "પ્રબન્ધ-ચિંતામણિ" ગ્રન્થ લખ્યો હતો. એ ગ્રંથને હજી પણ એક પ્રમાણભૂત ઐતિહાસિક બૃહન્નિબંધ તરીકે ગણવામાં આવે છે. સત્તરમી અને અઢારમી સદીમાં બીજા કવિઓમાં દેવવિમલગણિ, હીરવિજયજી અને આચાર્ય યશોવિજયજી જુદાજુદા વિષયો પરત્વે સંસ્કૃતમાં ગ્રન્થો લખ્યા છે.

ભારતના મોટા ભાગના પ્રાન્તોની માફક ગુજરાતે ચૌદમી સદીમાં પોતાની સ્વાધીનતા ગુમાવી અને મુસ્લિમ શાસન હેઠળ એ મૂકાઇ ગયું. કોઇને કદાચ એમ લાગશે કે તે કાળથી એનું ગૌરવ ઓસરવા માંડયું હશે, પણ નોંધવા જેવું છે કે એ ગૌરવ ટકી રહ્યું એટલું જ નહિ પણ હિન્દુ અને મુસ્લિમ ધર્મોની એકીકૃત સંસ્કૃતિમાં એણે એક નવું જ કલાત્મક અભિવ્યકિતનું સ્વરૂપ ધારણ કર્યું. મુસ્લિમોએ ગુજરાત જિતી લીધું હતું તેમ છતાં એનો આત્મા અકબંધ રહ્યો હતો અને મુસ્લિમ સંસ્કૃતિનાં સારાં તત્ત્વો પોતાનામાં સમાવિષ્ટ કરી લેવામાં આવ્યાં હતાં. ગુજરાતનું પાટનગર પાટણથી નવા અમદાવાદશહેરમાં બદલવામાં આવ્યું. એ પછીની ત્રણ સદીનો કાળ શાંતિ અને સમૃદ્ધિનો હતો જેમાં કેવળ વિદ્યા જ સમૃદ્ધ નહોતી થઈ પણ કલા યે અસાધારણ હદે સમૃદ્ધ થઇ હતી. શરૂઆતથી જ અમદાવાદમાં નવાં ધાર્મિક અને બિનસાંપ્રદાયિક મકાનો એવી રીતે બંધાવા માંડયાં કે જેમાં હિન્દુ અને સારસેનિક ઢબની સ્થાપત્યકલાનું એકરસયુકત એકી-

વિષય સૂચિ		પૃષ્ઠ
સમાજમાં પ્રવર્તતા દુઃખનું કારણ. રતિલાલ મફાભાઇ શાહ		૧૩૫
આજના સમાજને સાધુસંસ્થાની જરૂર છે કે નહિ ?	તંત્રી	૧૩૬
માતાનું આક્રંદ	પરમાનંદ	૧૩૭
જોવા ખેડુત અને ખેતર તેવી ખેતી	પરમાનંદ	૧૩૮
પુસ્તક પરિચય	પરમાનંદ	૧૩૯
ગુજરા ની સાંસ્કૃતિક પ્રતિભા હરસિદ્ધભાઇ દીવેટિયા		૧૪૦

કરણ જોવામાં આવે છે, જેમાં મુસ્લિમ સ્થાપત્યકલાની બાહ્ય રેખાકની પાછળ હિન્દુ સંસ્કારતત્ત્વ જળવાઈ રહ્યું છે.

હિંદુ રાજાઓના કાળમાં આબૂપર્વત ઉપરનાં દેલવાડાનાં મંદિરોની અને મોઢેરાના સૂર્યમંદિરની વિસ્મયકારક શિલ્પકૃતિઓમાં પહાણ અને આરસપહાણ ઉપરની શિલ્પકળા ઉત્કૃષ્ટતાને શિખરે પહોંચી હતી. પ્રોફેસર નીલકંઠ શાસ્ત્રી એમના "હિંદના ઇતિહાસ"માં કહે છેઃ "મહમદ ગીઝનીના હુમલાઓને પરિણામે ઉત્પન્ન થયેલાં અવ્યવસ્થા અને વિનાસભાગમાંથી સ્વસ્થતા ઝડપથી પાછી આવી ગઇ અને બીજી સહસ્રાબ્દીનાં પહેલાં બે શતકોમાં તો સોલંકીઓના સુસ્થિર રાજ્યકાલમાં અને પરદેશો સાથેના વેપારમાં વધુ શાંતિ અને ભૌતિક અભ્યુદય પશ્ચિમ હિંદે પ્રત્યક્ષ કર્યાં અને ગુજરાત અને એના પડોશના પ્રદેશોમાં ધાર્મિક સ્થાપત્યની શૈલીનાં નોંધવા યોગ્ય સર્જન થયાં. આ વખતના સારામાં સારા બાંધકામો ઉપર પ્રકૃતિ અને મનુષ્યે કાળો કેર વર્તાવ્યો છે, છતાં જે કાંઇ બચી રહેવા પામ્યું છે તે સોલંકીયુગના મંદિરોની વિશિષ્ટ લાક્ષણિકતાનાં સ્વરૂપ અને ધ્યેયના બાહ્ય સૌન્દર્યો અને આંતરસંવેદનોની પૂરતી સાક્ષી પૂરે છે. અને તે દેવાલયો તેમના નિર્માણકૌશલ અને સાંસ્કારિક ગુણવત્તા માટે વિશ્વવિખ્યાત છે. એ બાંધકામો જૈનો અને હિંદુઓ બન્નેનાં છે; અને તેરમા શતકના આરંભમાં વસ્તુપાલ અને તેજપાલ એ બે ઇતિહાસપ્રસિદ્ધ ભાઇઓએ–જેઓ હિંદના સંસ્કારપ્રેરકો કહેવાય છે તેઓએ–તેમની સત્તા અને સમૃદ્ધિઓનો ગુજરાતની કલાઓને ઉત્તેજવામાં સદુપયોગ કર્યો. સોલંકી યુગનાં મંદિરો આમ છતાં એક દરે કોઇ એક નાના સમૂહના માનસોનું માત્ર સર્જન નહોતું, પણ એક સમસ્ત જાતિ મળીને તેની પ્રત્યેક વ્યક્તિ પોતપોતાની શક્તિઓ અનુસાર આ બાંધકામોમાં અંગત ને વ્યાપક રસ લઇને પ્રેરાઇ હતી એ આ વખતના ઐતિહાસિક લેખો ઉપરથી સ્પષ્ટ થાય છે, અને શિલ્પાવત યા સલાટ તરીકે ઓળખાતા જે ધંધાદારી કુશળ કડીઆકારીગરો પોતાની પાઠય-પોથીઓમાંના નિયમો અનુસાર કાર્ય કરતા હતા, તેઓએ રાજીખુશીથી તેઓની પરંપરાગત રૂઢિઓ મુસ્લિમ રાજ્ય થતાં ત્યજી દીધી ને મંદિરો મૂકીને મસ્જિદોમાં એમણે એમની કલાકારીગરીનો ઉપયોગ કર્યો."

આ પ્રમાણે પ્રતીત થશે કે મુસ્લિમ રાજ્યમાં જે કારીગરો મસ્જિદો અને મકબરાઓ બાંધવામાં કામે લગાડવામાં આવ્યા તેઓમાંના ઘણા ખરા હિંદુ હતા, અને તેઓએ જ સ્થાપત્યની જે એક નવી સળંગ શૈલી ઉત્પન્ન કરી છે તે એટલી તો શ્રેષ્ઠ અને સુડોળ છે કે એની કલાશ્રેષ્ઠતા ઉપર ફિર્ગ્યુસ, ફરગ્યુસન અને માર્શલ આશ્ચર્યમુગ્ધ થઈ આનંદ દર્શાવી ગયા છે. આમાંનાં કેટલાંક કલાધામો તમે આ શહેરમાં જોઇ શકો છો, દૃષ્ટાંત તરીકે, લાલ દરવાજાની બારીઓ, રાણી રૂપમતીની સીદીની મસ્જિદો, ગોમતીપુરનો ધ્રુજતો મકબરો, કાંકરીઆ-સરોવર, શાહઆલમનો રોજો,દાદાહરિરી વાવ, અને વળી શહેરના જુદાજુદા ભાગોની પરસાળો. કળાની આ શૈલી, વળી બહારની અસર છતાં મૂલની કળાને સુરક્ષિત એકસાનતામાં રાખવાનો એક વિશિષ્ટ નમૂનો છે. સંવાદિત આત્માના એક બીજા દૃષ્ટાંતની નોંધ પણ અહીં લેવી જોઇએ. જો કે ગુજરાતના લોકોના વ્યવહારિક અને રાડી સમઝદારીવાળા માનસે નિર્ભેળ બુદ્ધિવિષયક વાતાવરણમાં બહુ ઊંચે વિહાર કર્યો નથી, અને અમારાં મન બુદ્ધિની અગાધતાઓ અને વિવાદવિષયક ચર્ચાઓથી ઘડાયા નથી, છતાં અમારા ધર્મ એક એવી માનસિક ભૂમિકા ઉપર ખીલ્યા છે કે તે એક ઉંડાઉંડા ભક્તિભર્યા માનસના વિકાસ માટે તેમ જ જે જે ધર્મો અને પંથોએ અમારાં હૃદયો ઉપર સીધી અસર કરી છે તેની સહિષ્ણુતા માટે અનુકૂળ થઇ રહ્યો છે. અમારું સાહિત્ય, અમારું શિલ્પ, અમારું સંગીત, અમારી ચિત્રકલા–સૌએ આ દિશાએ પ્રગતિ કરી છે અને જીવનનાં સર્વ ક્ષેત્રોમાં સુસંવાદ અને મિષ્ટ સુકુમારતાને વૃદ્ધિંગત કર્યાં છે અને અમારી કવિતા માત્ર કાગળ ઉપર જ આલેખાવલી છે એમ નથી પણ એનાં પ્રતીકોને અમારા દેવાલયોમાં શિલ્પ અને સ્થાપત્યના પહાણો અને સંગેમરમર ઉપર તાદૃશ કર્યાં છે. અને તે તમે શેઠ હઠીસિંઘના મંદિરમાં, સ્વામીનારાયણના મંદિરમાં, શહેરનાં સંખ્યાબંધ બીજાં મહાલયોમાં અને વળી રહેવાનાં ઘરોમાં જોઇ શકો છો. હિન્દુધર્મના ભક્તિસંપ્રદાય જેવા કે શ્રી વલ્લભાચાર્યનો વૈષ્ણવ સંપ્રદાય, સહજાનંદ સ્વામીનો સ્વામીનારાયણ સંપ્રદાય આદિ જેટલા ગુજરાતમાં અભ્યુદય પામ્યા છે તેટલા બીજે પામ્યા નથી. જૈન સંપ્રદાયે પણ હિંદના બીજા પ્રાંતો કરતાં ગુજરાતમાં વધારે ભક્તિભાવભર્યું સ્વરૂપ ધારણ કર્યું છે અને આ લાક્ષણિકતાનો ખાસ નોંધવાલાયક પ્રકાર તો એ છે કે આ બધા સંપ્રદાયો એક જ કુટુંબમાં સાથેસાથે માનવામાં આવ્યા છે. ખરેખર, જુદા જુદા ધાર્મિક સંપ્રદાયો વચ્ચેનું એકબીજા પ્રત્યેનું માન એટલું બધું તો હતું કે એક જ કુટુંબનાં જુદાં જુદાં માણસો એક જ ઘરમાં રહીને જૈનસંપ્રદાય, વૈષ્ણવસંપ્રદાય કે શૈવસંપ્રદાય માને ને પાળે એ કોઇ રીતે એક અસામાન્ય બાબત ન કહેવાય. આવી ધાર્મિક ઉદારતા હોવા છતાં ગુજરાત મોટે ભાગે હિંસરક્ષક રહ્યો છે. જ્યારે વલ્લભાચાર્ય, સહજાનંદ સ્વામી અને બીજા ધાર્મિક આચાર્યોનો–જેઓ ભાગવત અને પૌરાણિક ધર્મ ઉપદેશતા હતા તેમનો–બીજે નહીં તેટલો સત્કાર ગુજરાતમાં થયો ત્યારે મહાન સુધારક સ્વામી શ્રી દયાનંદ સરસ્વતી ગુજરાતમાં જન્મ્યા હતા. એ જે મૂર્તિપૂજા વિરુદ્ધ ઉપદેશ કર્યો તો તેમને ગુજરાતનો ત્યાગ કરવો પડયો અને આર્યસમાજની સ્થાપના કરવાને બહાર પંજાબ જેટલે દૂર જતા રહેવું પડયું હતું.

મુસ્લિમ રાજ્યકાળ દરમિયાન ઇતિહાસનાં અને સંસ્કારનાં સાહિત્યનાં ક્ષેત્રોમાં મુસ્લિમ મૌલવીઓ અને વિદ્વાનોએ જે મોટો ફાળો આપ્યો છે તેનો નિર્દેશ કરવાનું મારે અહીં નહીં છોડી દેવું જોઇએ. પાછળ મીરાતે સિકંદરી અને મીરાતે અહમદીના તવારીખનવેશોએ ગુજરાતના વિગતવાર ઇતિહાસ આલેખ્યા છે તે ભવિષ્યના ઇતિહાસકારો માટે ખરી રીતે શિષ્ટ ગ્રંથો ગણુવામાં આવે છે, ઘણા મક મુસ્લિમ વિદ્વાનોએ હિંદુઓમાં ફારસી અને ઉર્દૂના અભ્યાસને લોકપ્રિય કર્યો અને બ્રિટીશ રાજ્યની સ્થાપના સુધી આ ભાષાઓ રાષ્ટ્રની રાજ્યભાષાઓ હતી. મેં આગળ કહ્યું છે તેમ ભૂતકાળમાં સંસ્કૃતમાં જે કુશળતા બ્રાહ્મણોમાં તેમ જ જૈનોમાં હતી તેને પાછળ હઠાવી દેવામાં આવી અને તે મુખ્યત્વે કરીને શાસ્ત્રીઓ અને પુરાણીઓમાં પુરાઈ રહી, અને હિંદુ અમલદારો અને વિદ્વાનોમાં ફારસી સાહિત્યનો અભ્યાસ કરવો, 'બુધ્ધ ફારસી ભાષામાં બોલવું અને લખવું', અને મુસ્લિમ વિદ્વાનોની પેઠે બેતબાઝી બેઆબરૂ એ એક જાતની નવી રસવૃત્તિ ગણવામાં આવી.

હિંદુ, જૈન અને મુસ્લિમ વિદ્વાનો વચ્ચે મિત્રાચારીના સંબંધો સચવાઇ રહ્યા. પોતાના શહેરની પ્રતિષ્ઠા વધારવા તેઓ એકમેક સાથે મળતા. હું આશા રાખું છું કે તમારી પ્રતીતિ કરવા મેં પૂરતું કહ્યું છે કે ગુજરાતની પ્રતિભા માત્ર વેપાર અને ઉદ્યોગમાં જ રોકી રોકાઇ નથી. તે ઉપરે વ્યાપારની સાહસવૃત્તિ અને ભક્તિમાર્ગી ધર્મે એનાં કળા અને સાહિત્ય ઉપર ઊંડી અસર કરી છે. તે આ પ્રાંતના સમાજજીવન સાથેસાથે જ રહ્યા છે. વૈવિધ્યોના મધ્યમાં સુસંવાદિત એકતા એક માર્ગ-દર્શિની પ્રેરણા તરીકે ગુજરાતી જીવનમાં હંમેશાં વાસો કરી રહી છે. બસ છે કે આથી આક્રમક કે વિવાદી તત્ત્વો નથી ખીલ્યાં પણ અન્ય સુસંયોજક લાભ તો ગુજરાતને મળ્યા જ છે. કોઇ પણ ગુજરાતી વ્યાપારી ધંધામાં ગમે તેટલો કહ્યું—

હૃદયનો હશે પરંતુ અન્યની જરૂરિયાતો અને એમનાં દુઃખો તરફ તે તેટલો જ લાગણીમય છે, મૃદુહૃદય છે. જૈનધર્મના અહિંસક તત્ત્વો તેમ જ વૈષ્ણવભક્તિની ઊંડી અસરો વર્ષો સુધી ગુજરાતના જીવનમાં ધબકતી રહીને એકરસ થઇ ગઇ છે તે એટલે સુધી કે તે માત્ર હવે મનના બોધમ ગુણો જ નથી રહ્યા પરંતુ તે દ્વારા મહાન વ્યકિતઓની સુવાસ પ્રસરાવતાં માનવ-જીવનના ઇતિહાસમાં સદાય સુવાસિત રહ્યા છે. પુણ્યશ્લોક ગાંધીજી આપણી ભારતીય સંસ્કૃતિનું અપ્રતિમ પ્રતીક હતા. પરંતુ તેઓ ગુજરાતમાં જન્મ્યા હતા તે પણ ઓછું મહત્ત્વનું નહોતું. એમનો અહિંસાવિષયક અણનમ સત્યાગ્રહ, પ્રભુ પ્રત્યેની અથાંગ અચળ દૃઢ અને ભવ્ય શ્રધ્ધા, તેમની કાર્યદક્ષ અને વિવાદયુકતને હંફાવી નાંખે એવી આપણા દેશની સમસ્યાઓને ઉકેલવાની શકિત, તેમનો આત્મપ્રેરક અને અગ્રાહ્ય માનવ-જીવનનો અભ્યાસ: આટલી બધી વિવિધ શકિતઓ એક જ માનવીના મનમાં તે ગમે તેટલો મહાન હોય છતાં પણ ન વસી શકે. પરંતુ મહાત્મા ગાંધીજીના જીવનમાં એ થોડીક વારસાથી અને થોડીક ગ્રહણ કરાયેલી હોવાથી એ દ્વારા આ શકિતઓએ અદ્‌ભુત આદર્શ અને વાસ્તવનું, નિષ્ક્રિય વિરોધ અને કાર્યયુકત વિપ્લવનું એકીકરણ યોજ્યું. એમના વ્યાવહારિક આદર્શવાદે અને સરદાર પટેલના પ્રાણવાન વાસ્તવવાદના સહ-યોગથી અહિંસક વિપ્લવ સફળ થયો તે સમગ્ર વિશ્વના ઇતિ-હાસમાં અપ્રતિમ ને અદ્વિતીય જ રહેશે.

આ શહેરનું એ મહાન સદ્‌ભાગ્ય હતું કે ગાંધીજીએ હિંદુસ્તાનમાં પાછા આવીને શરૂઆતમાં જ એમનું નિવાસસ્થાન અહીં બનાવ્યું હતું અને આમ સાબરમતી આશ્રમના નામને જગતના નકશા પર સ્થાન મળ્યું હતું. અમદાવાદની ઔદ્યોગિક પ્રગતિએ એના સંસ્કારમય તત્ત્વો સાથે સ્પર્ધા શરૂ કરી દીધી હતી. ગાંધીજીએ આપણી ભારતીય સંસ્કૃતિનું પુનર્વિધાન પ્રખ્યાત ગુજરાત વિદ્યાપીઠ અને ગુજરાત પુરાતત્ત્વ મંદિર સ્થાપીને કર્યું. આ સંસ્થાઓએ હિંદના ઘણા જિજ્ઞાસુ ને સુવિદિત વિદ્વાનો તથા કેળવણીકારોને આકર્ષ્યા અને આ શહેરના સંસ્કારી જીવનને વધુ મૂલ્યવાન બનાવ્યું. આ પુનરુત્થાનના યુગની શરૂઆત અમદાવાદમાં થઇ. અભ્યાસ અને સંશોધનકાર્યની પ્રગતિ અર્થે જે સંસ્થાએ આ સંમેલનને આમંત્ર્યું છે તે ગુજરાત વિદ્યાસભા જે આધુનિક ગુજરાતની જૂનામાં જૂની સંસ્થા છે તેણે ભારતીય સંશોધનકાર્યના અભ્યાસ માટે પણ કેન્દ્ર ખોલ્યું છે.

અમદાવાદના મિલમાલિકો તથા અન્ય ધનવાનોએ લગભગ બે કરોડ રૂપિયાનું ઉદાર સાહાય્ય ઉચ્ચ કેળવણીના વિકાસાર્થે આપ્યું છે. આથી "અમદાવાદ એજ્યુકેશન સોસાયટી" લગભગ પાંચેક કોલેજો આ શહેરમાં શ્રી. માવલંકર, શેઠ શ્રી. કસ્તુરભાઇ લાલભાઇ, શ્રી. અમૃતલાલ હરગોવનદાસ અને અન્યના ઉપયોગી અને પ્રજ્ઞાવંત માર્ગદર્શન દ્વારા ચલાવી રહી છે.

મેં આગળ કહ્યું છે તેમ સંશોધનકાર્ય અને વિદ્વત્તા પુરાતન ગુજરાતમાં ખૂબ જ વિકાસ પામ્યાં હતાં તે હવે નવા સ્વરૂપે છેલ્લાં સો વર્ષમાં ભારતીય સંસ્કૃતિના પ્રખર અભ્યાસીઓ પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી, આચાર્ય વલ્લભજી હરિદત્ત, મહા-મહોપાધ્યાય શંકરલાલ શાસ્ત્રી, દુર્ગાશંકર શાસ્ત્રી, ગિરિજાશંકર આચાર્ય અને અન્યો દ્વારા પુનરાવતાર પામ્યાં છે. ભાષાશાસ્ત્ર અને ઐતિહાસિક સંશોધનકાર્ય શ્રી. નરસિંહરાવ દીવેટિયા, શ્રી કેશવલાલ ધ્રુવ આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવ, કમળાશંકર ત્રિવેદી, હરિહર્ષદ ધ્રુવ, શ્રી કનૈયાલાલ મુનશી, શ્રીકૃષ્ણલાલ ઝવેરી કાકા કાલેલકર, પંડિત સુખલાલજી, મુનિશ્રી જિનવિજયજી, મુનિ પુણ્યવિજયજી, શ્રી રસિકલાલ પરીખ, રામનારાયણ પાઠક, રત્નમણિરાવ ભીમરાવ ભોગીલાલ સાંડેસરા, પંડિત બેચરદાસ, આર. જી. શાની, ગોવિંદલાલ ભટ્ટ, કે. કા. શાસ્ત્રી, પ્રહ્લાદ દિવાનજી, એમ. આર. મજમુદાર, ડી. આર. માંકડ અને અન્ય-દ્વારા વિકસ્યું છે. મારે અહીં બીજી અમદાવાદ બહારની સંસ્થાઓ જેવી કે મુંબઇમાં ભારતીય વિદ્યાભવન, વડોદરામાં ઓરિએન્ટલ ઇન્સ્ટીટયૂટ કે જેણે કેટલાંય પુસ્તકો ગાયકવાડ ઓરિએન્ટલ સિરિઝદ્વારા પ્રકાશિત કર્યાં છે, તેમ જ ફોર્બસ ગુજરાતી સભા, ગુજરાત રિસર્ચ સોસાયટી તથા આણંદમાં વલ્લભવિદ્યાનગર આદિના મૂલ્યવાન ફાળાનો ઉલ્લેખ કરવો જ જોઇએ. છેલ્લે ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના જે માત્ર હજી એની બાલ્યાવસ્થામાં જ છે છતાં આ પ્રાંતમાં ઉચ્ચ કેળવણીના વિકાસ અર્થે અને એના પ્રકાશાર્થે ઉજ્જ્વળ ભાવિની આશા આપે છે.

આપનામાંના ઘણાકને કદાચ આશ્ચર્ય લાગશે કે આટલી બધી આ પ્રાંતની પ્રાચીન સંસ્કૃતિ અને અ. શહેરની વિશિષ્ટ સંસ્કૃતિ પર મેં મારું વકતવ્ય કેમ કેન્દ્રિત કર્યું છે. મારો આશ હેતુ એ જ દર્શાવવાનો છે કે અખિલ ભારત પ્રાચ્યવિદ્યા પરિષદનું અધિવેશન જો કે ઘણું મોડું છતાંય એ આ શહેરમાં યોજાયું છે તે યોગ્ય જ છે. આ શહેર પાસે વિવિધ સાંસ્કૃતિક વિવિધતાને એના સમુહજીવનમાં એકરસ કરવાની પરંપરાગત શકિત છે, અને મારી દૃષ્ટિએ આ જ એકતા આધુનિક યુગમાં સ્થાપવાનો પ્રયાસ આ પ્રાચ્યવિદ્યા પરિષદ કરી રહી છે. પૌરસ્ત્ય વિશ્વને હવે ઘણું જ જલદી એના આત્માનું પ્રત્યક્ષીકરણ થતું જાય છે, એણે એનો ધર્મ અને તત્ત્વજ્ઞાન સમગ્ર વિશ્વને આપીને એના બદલામાં આધુનિક વૈજ્ઞાનિક, રાજકીય, આર્થિક અને સામાજિક જીવનની દૃષ્ટિ પ્રાપ્ત કરી છે. આજનું વિશ્વ જે પહેલાં કદાપિ નહીં પામેલું તેવી એકતા પ્રાપ્ત કરતું જાય છે તે હવે આજે વધુ ને વધુ સમજાતું થતું જાય છે કે એકલું પૂર્વ કે પશ્ચિમ કદી ટકી શકશે નહીં, અને આથી અન્યોન્ય મળી જાય છતાં અનિવાર્ય માનવજીવનના ભૌતિક અને સાંસ્કૃતિક તત્ત્વોને એકરસ કરવાનું કાર્ય કરી રહ્યાં છે. આપણાં જૂનાં સાંસ્કૃતિક તત્ત્વો જે માનવતાના વિકાસ માટે સ્થાયી મૂલ્યનાં છે તેને પ્રકાશમાં લાવીને આ પ્રશ્નના નિકાલની દિશાએ આપણે મહત્વનો ફાળો આપી શકીએ અને જે વિદ્વાનો પૂર્વ તરફથી આજની દુનિયાને નવી દોરવણી મળવાની આશા સેવી રહ્યા છે તેમના લાભાર્થે આ તત્ત્વોને વિશ્વવ્યાપી પ્રસિધ્ધિ મળે એ જોવાનું કામ 'યુનેસ્કો' જેવા આન્તરરાષ્ટ્રીય સંસ્થાઓનું છે.

હમણાં જે વિષય ઘણો જ પ્રધાનપણે આપણી સમક્ષ આવી પડયો છે તે સંસ્કારાત્મક અને વૈજ્ઞાનિક શબ્દોની એકસરખી ભાષા અને શબ્દકોષનો છે. જ્યારે હિંદી આપણી રાષ્ટ્રભાષા બનવાની છે ત્યારે આપણે એ જોવું જોઇએ કે તે સંસ્કારાત્મક સંબંધો દર્શાવવા જુદા જુદા વર્ગના આપણા લોકોને અનુકૂલ બને તેવું તેનું માધ્યમ રહે. આવી ભાષાનું સ્વરૂપવિધાન ટૂંકા સમયમાં ન જ થઇ શકે. ભાષાવિષયક ભૂમિમાં એનાં મૂળ જો ઊંડાં ઘાલવાં હોય તો એનો વિકાસ થવાને માટે અવકાશ હોવો જ જોઇએ. પ્રચલિત વૈજ્ઞાનિક વ્યાખ્યા અને નિયમોને દૂર કરીને એનું સ્થાન બીજા ઉચિત શબ્દોને આપવાની આપણે ઉતાવળ કરવી ન જોઇએ. એ નવા યોજાયલા શબ્દો સામાન્ય પ્રજા બરોબર સમજશે કે નહિ અને છુટથી વાપરશે કે નહિ તેની ધીરજ અને સંભાળપૂર્વક તપાસ કરવી અત્યન્ત જરૂરી છે. આ સંબંધમાં હું પૂછું છું કે થોડા વખત પહેલાં પૂનામાં મળેલા ભારતીય ભાષાઓના સંમેલને કરેલી ભળામણોની આ સંમેલન નોંધ લેશે.

સમાપ્ત

હરપ્રસાદભાઇ દીવેટિયા

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨.

છુટક નકલ : ત્રણ આના શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર રજીસ્ટર્ડ બી. ૪૨૬૬

પ્રબુદ્ધ જીવન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્ર. જીવન વર્ષ ૧૪ : અંક ૬
પ્ર. જીવન વર્ષ ૧૩ : ૧૬

મુંબઈ : ૧૫ ડીસેમ્બર ૧૯૫૩ મંગળવાર

વાર્ષિક લવાજમ રૂપિયા ૩-૪

પક્ષો, સત્તા અને ભૂદાન

પારડી કીસાન આંદોલનમાં રસ લેનાર એક જુવાન કાર્યકર્તા મિત્રે મને કાગળ લખ્યો છે તેનો સાર નીચે આપું છું.

થોડા અનુભવે પણ મેં જોયું કે સત્તાધારી પક્ષમાં ન હોય એવી વ્યકિત–પછી તે બીજા કોઈ રાજકીયપક્ષ સાથે જોડાએલ હોય કે ન હોય,–સત્તાધારી પક્ષની નજરમાં વિરોધી કે વીરોધીઓની સાગરીત જ હર છે ને તેને તથા તેના કામકાજને સત્તા–ગ્રહને જોરે કચડી તોડી નાંખવાના જ પ્રયાસો થાય છે. આમ ગરીબોના મૂળ પ્રશ્નનો ઉકેલ શોધવાના પ્રયાસો થવાને બદલે પ્રશ્ન રાજકીય પક્ષો વચ્ચેની સાઠમારીનો જ બની જાય છે. પરિણામે ગરીબોના પ્રશ્નનો અહિંસક ઉકેલ શોધનારા મારા જેવાને એ જ મંથન રહ્યા કરે છે કે:

(૧) લોકશાહીમાં રાજકીય પક્ષોની અનિવાર્યતા હોય તો પછી પક્ષોએ કેવી રીતે કામ કરવું?

(૨) કોઈ પણ પક્ષ કશી લોકસેવાની પ્રવૃત્તિ ઉપાડે તેમાં સત્તાધીશ પક્ષને સત્તા માટેની સાઠમારી જ દેખાય એનો ઉપાય શો?

(૩) પક્ષોથી પર રહીને કામ કરવાનો એક માત્ર માર્ગ સર્વોદયી કાર્યકર થવાનો છે. પણ એ રીતે વ્યકિતગત માર્ગે સમાજવ્યાપી ઇન્કલાબ શકય છે?

(૪) કેટલીક પ્રવૃત્તિઓ રાજકારણથી ને પક્ષોથી અલગ કહીને શરૂ કરવામાં આવે છે જેવી કે સહકારી પ્રવૃત્તિ, ભારત સેવક સમાજ, પણ તેમાં સુદ્ધાં રાજદ્વારી વ્યકિતઓ જોડાતાં જ પોતાના પક્ષના રાજકીય સ્વાર્થને જ પ્રધાન ગણી કામ થવા માંડે છે ને કોંગ્રેસમાં ન માનતા હોય તેવાઓને હકાલી કાઢી પ્રજારાશાહી જ સ્થાપવા માંડે છે. આ સ્થિતિમાં સાચો માર્ગ કયો?

(૫) તમે ભૂદાન કહેશો પણ મને તો ભય છે કે ભૂદાન પ્રવૃત્તિને પણ કોંગ્રેસવાળા ગળી જશે ને ભારત સેવકસમાજ વગેરે જેવા જ તેના પણ હાલ કરશે.

મારા જવાબનો મુદ્દાનો ભાગ આ નીચે આપું છું:

પારડી આંદોલનમાં કોંગ્રેસીઓએ તથા સરકારે આદિવાસીઓનાં દુઃખનું નિવારણ શોધવા કરતાં સમાજવાદીઓનું પાણી ઉતારવાની જ વધુ કાળજી કરી એનું મને દુઃખ છે. અત્યારના રાજદ્વારી સેટિંગમાં ગરીબોના પ્રશ્નોનો અહિંસક ઉકેલ માગનાર સ્વતંત્ર વ્યકિત સત્તાધારી પક્ષને હાથે વિરોધ કે વિરોધી પક્ષવાળાઓની સાગરીત ગણાઈને કુટાઈ જાય ને તેને કયાંએ ફાવે નહિ એમ કહો છો તે અંશતઃ સાચું છે. પણ સત્તાધારી પક્ષથી સ્વતંત્ર રહીને કામ કરી જ શકાય એમ નથી એ માનવું બરાબર નથી. દેશમાં અસંખ્ય રચનાત્મક કાર્યકરો તેમ કરી રહ્યા છે. ભૂદાનવાળા તો પક્ષનિરપેક્ષ છે જ. અથવા કહો કે બધા પક્ષોનો સહભાવ સાથે લઈને કામ કરી રહ્યા છે.

વાત એમ છે કે પ્રજાની સંગીન સેવા કરવા સારૂં રાજસત્તાનો કબજો અનિવાર્ય છે એવું માનનારા જેટલા રાજદ્વારી પક્ષો દેશમાં છે તેઓ કોઈને કોઈ રીતે રાજસત્તા કબજે કરવા ઉપર નજર નોંધીને જ કામ કરનારા હોવાથી તેમના કામમાં રાગદ્વેષ, કાવાદાવા, ઉશ્કેરણી, સાચાખોટા પ્રચાર, વગેરે દાખલ થયા વગર રહેતું નથી અને કોંગ્રેસવાળા આમાં અપવાદરૂપ નથી જ. એમાં પછી સેવા ગૌણ બનીને સત્તા મેળવવી કે ટકાવવી એ જ મુદ્દાની બાબત થઈ પડે છે. આવા લોકો ગમે તેટલી 'સેવા' કરી બતાવે તો પણ તેનાથી જનતાની કાર્યક્ષમતા વધી શકતી નથી.

હવે તમારા પ્રશ્નોના જવાબ:

૧. લોકશાહીમાં રાજકીય પક્ષોની અનિવાર્યતા હું ગણતો નથી. આપણી કરોડોની પ્રજાને સારૂ લોકશાહીનો નકશો આપણે પશ્ચિમની જૂના આદર્શ, પરંપરા ને ઇતિહાસ વાળી ટચુકડી પ્રજાઓના નકશા ઉપર ટ્રેસિંગ પેપર મૂકીને દોરવાની જરૂર નથી. આપણી પ્રજાની Genius, સંસ્કાર, પરંપરા અને ઇતિહાસકમને અનુરૂપ એવી લોકશાહી આપણી પ્રજા માટે આપણે ખીલવવી જોઈએ. પશ્ચિમની સંસ્થાઓનું આંધળું અનુકરણ કરવાના ગુલામી માનસમાંથી આપણે છૂટવું જ જોઈશે. તેમ કર્યા વગર પ્રજા સાચા અર્થમાં આઝાદ નહિ બની શકે.

૨. મારામાં કે મારા પક્ષમાં સત્તા કબજે કરવાની લોલુપતા નહિ હોય ને માત્ર મારી જ રીતે ને શરતે કામ કર્યે જવાનો આગ્રહ હશે તો સત્તાધારી પક્ષ મને શકની નજરે કેટલા દિવસ જોશે? ને તેમ છતાં મારી કે મારા કાર્યની ઉપેક્ષા કરશે કે મારા સહકારને તરછોડશે તો તેમાં તેમનું જ નુકસાન થશે. મારૂ તો કશું નુકસાન થવાનું નથી. જો મારે નિરપેક્ષ ભાવે પ્રજાની સેવા જ કરવા છે તો તે કરતાં મને કોઈ અટકાવી શકવાનું નથી. પક્ષ રચીને સત્તાનાં સૂત્રો હાથમાં લીધા વગર પ્રજાની સેવા થઈ શકે નહિ એ વાત દુન્યવી અભણખાઓના ક્ષેત્રની છે. એનું નૈતિક મૂલ્ય નથીવું છે. ગાંધીજીએ આપણા દેશમાં અસંખ્ય સ્ત્રીપુરૂષ કાર્યકરો છેલ્લાં ચાળીસ વર્ષમાં પેદા કર્યાં જેમણે સત્તાની કે પદની અપેક્ષા કદી ન રાખી અને છતાં પ્રથમ પંકિતની લોકસેવા કરી છે.

૩. સર્વોદયી કાર્યકર બનીને વ્યકિતગત માર્ગે સામાજિક એટલે સમાજવ્યાપી પરિવર્તન કરાવવું અશકય લાગતું હોય તો મારે મોટી મહત્ત્વાકાંક્ષા પડી મેલીને મારા પાડોસીની કે ગામની સેવા કરીને સંતોષ માનવો. એ mastar key (ગુરૂકિલ્લી) છે એનાથી બધાં તાળાં ઉઘડશે એવી શ્રદ્ધા રાખવી.

(2)

અને કદાચ ન ઉથડ્યાં તોયે મેં તો મારી ફરજ અદા કરી એનો સંતોષ મારા પદ્રમાં પડવાનો જ. સમાજવ્યાપી ક્રાંતિ મારે જ હાથે થવી જોઇએ એવું નિર્માણ હશે તો વખત આવ્યે મારે માટે માર્ગ ઉઘડશે જ એમ માની મારે મારું નાનકડું કામ કર્યે જવું.

૪. પક્ષથી પર હોવાનો દાવો કરીને પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવે છે પણ પાછળથી એમાં રાજકારણ ઘુસી પક્ષાપક્ષી શરૂ થાય છે ને તેને પક્ષનું હથિયાર બનાવવામાં આવે છે. તો આવો સડો દાખલ થાય ત્યારે પ્રમાણિકપણે દાખલ થએલી વ્યક્તિએ સ્પષ્ટ જાહેરાત કરી નીકળી જવું ને પછી પણ એ લોકોને ઉઘાડા પાડવા પાછળ ને તેવો પ્રચાર કરવા પાછળ રોકાઇ ન જતાં પોતાને રૂચતી પ્રવૃત્તિમાં પરોવાઈ જવું. શ્રી મિનુ મસાણી એક કાળે રશિયાના ઉત્સાહી તરફદાર હતા. પાછળથી સમસમી ઉઠ્યા ત્યારે તેમણે આમ કરેલું.

૫. સહકારી પ્રવૃત્તિ, ભારતસેવક સમાજ, વ. આજે નીમ-સરકારી બની ગયાં છે તેવા ભૂદાનના પણ હાલ થવાના. કોંગ્રેસીઓ અને કોંગ્રેસ સરકારો તેને ગળી જશે, એવી ધારણા રાખવામાં તમે ભીંત ભૂલો છો. એ તો કીડી મંકોડી હાથીને ગળી જશે કે ગજવામાં મૂકશે એવી વાત થઈ. કોઇ પણ તંત્ર કે સરકાર કરતાં પ્રજા અનંતગણી મોટી છે. દાંડી કૂચ વખતે દિલ્લી-સિમલાના ગોરા મોગલોએ ઠેકડી કરેલી કે 'ગાંધી દરિયે જઈ ચપટી મીઠું ઉપાડી ને ક્રાંતિ કરવા નીકળે છે ને ખિટિશોને હિંદમાંથી હાંકી કાઢશે. ભાઇઓ, હવે કીડીનાં દર ગેતો!' એ જ વડા હાકેમોના આઠ દિવસમાં છક્કા છૂટી ગયા ને આસેતુહિમાચલ 'નિમક કા કાયદા તોડ દિયા' નું આંદોલન આવરતાં આવરતાં એમને ભોંય ભારે થઇ પડી!

આ ભૂદાન પ્રવૃત્તિ પૈસો વેરીને કે વચનવાયદાઓની જયાફતોથી જનતાને ઝુંઝવતી પક્ષાપક્ષીના રાગદ્વેષ ગાળાગાળી કે ઉશ્કેરણી વાટે ચૂંટણીઓ જીતવાની કારવાઇ નથી. આમાં પક્ષના રાજકારણને નામે ગંદવાડ લે-વેચ કરી પોતાના પક્ષને બળવાન રાખવાનાં ને સત્તાસ્થાનોએ ચીટકી રહેવાનાં મેલાં સંગઠનોની વાત નથી. આ તો ઘર બાળીને તીરથ કરવા નીકળવાની હાકલ કરનારી યજ્ઞ પ્રવૃત્તિ છે. એના અધ્વર્યુ જેનામાં દેશની જનતા ગાંધીમહાત્માનાં જ દર્શન ફરીવાર કરી રહી છે એવા નરી દાઢી લંગોટીના ધણી સંત વિનોબા છે અને એના પ્રેષિતો પ્રજાહૃદયમાં સૂતેલી દૈવીસંપદને જગાડીને તેને હાથે જુગજુના અન્યાય ને અસમાનતાઓનું સ્વેચ્છાપૂર્વકનું પરિમાર્જન નર્યા સદ્‌ભાવને જે કરાવવા સારૂ બગલથેલીમાં મૂકી ચણા નાંખી પગપાળા આજે ગામડે ગામડે ટહેલ નાંખી રહ્યા છે :

કણીરાખડા બળદમેં સબકી માંગત ખેર
ના કાહૂ સે દોસતી, ના કહૂસે વેર'

'સબકી ખેર'—સર્વોદય ઉપરાંત એને કશું જોઇતું નથી. એકને ભોગે બીજાની બરકત એને ખપતી નથી. એથી એણે આ યજ્ઞ માંડ્યો છે, એની સિધ્ધિમાં ગાંધીજીના તમામ આદર્શની અને સ્વપ્નાની સિધ્ધિ છે. આ દૈવી આંદોલનને દુન્યવી સત્તાના વેંતિયા સત્તાધીશો બગલમાં મારી હાંડશે એ તો હાથીની હથેળિયે આકાશને આવરવાની વાત થઇ. નિમક આંદોલન કરતાં સહસ્રગણી તાકાત અને શક્યતાઓ વાળા આ આંદોલનનો જો એકવાર દુનિયાને ચેપ લાગ્યો તો સંસાર ભરની સરકારો એની આગળ ભગતરાં ફરવાની છે.

ગંગામાંથી ગંગાસાગર બનીને મહોદધિને મળવા ધસમસ્યે જતી આ પતિતપાવની પાપનાશિની ગંગામાં પોતાનાં પાપ ધોવાને હિસાબે જે કુળકી મારશે તે પાવન થશે ને તરી જશે. પણ જે કોઇ તેમાં પોતપોતાની આગવી આગમોટી, વહાણ મછવા ને નાની નાવડીઓ હંકારવા જશે તે બધા આ 'ટાઇટલ વેવ'માં ઊંધા વળશે.

આને ભલે મારી અંતરગત આસ્થાનો એકરાર માત્ર ગણજો!

સ્વામી આનંદ

સમસ્ત જૈનો માટે મુંબઇમાં થતી શારીરિક વ્યાયામની પ્રવૃત્તિ

શ્રી જૈન શારીરિક પ્રવૃત્તિ સંઘના પ્રચારમંત્રી શ્રી બચુભાઈ પી. દોશી જણાવે છે કે:—

"સ્વતંત્ર ભારતમાં યુવાનો કિશોરોને શારીરિક તેમજ સામુદાયિક વ્યાયામની આવશ્યકતા છે. આ માટે આપણાં જુદા જુદા સામાજિક મંડળો, જૈન શિક્ષણ સંસ્થાઓ, છાત્રાલયો, વિદ્યાલયો, શાળાઓ, જૈન સંઘો અને વ્યાયામ પ્રવૃત્તિમાં રસ લેતા કાર્યકરો વચ્ચે સંગઠન અને સહકારની અનિવાર્ય જરૂર છે આપણી ભારતીય રમતો, કસરતો પણ આપણાં તન-મનને તાજગી, સ્ફૂર્તિ અને આનંદ આપનારી છે. તંદુરસ્ત શરીર પ્રત્યે હજુ આપણા જૈન સમાજનું મન આકર્ષાયું નથી. સારું શરીર એ આજના યુગની અનિવાર્ય આવશ્યકતા છે. સબળ, મજબૂત અને જોમભર્યું શરીર કુટુંબ, સમાજ અને રાષ્ટ્રનું અમૂલ્ય ધન છે. તે પ્રાપ્ત કરવામાં આપણી ભારતીય રમતગમતો ખૂબ જ મહત્વનો ફાળો આપે છે. તેથી તેને પૂરતું ઉત્તેજન આપવું જોઇએ.

"રોગીઓની ચિકિત્સા માટે આપણે ધર્મ કે કોમના ભેદભાવ વગર દવાખાનાઓ શરૂ કરીએ છીએ, પરંતુ રોગ અટકે અને આપણાં શરીર સુદર અને નિરોગી બને તે માટે સાર્વજનિક વ્યાયામશાળાઓ કસરતશાળાઓની આવશ્યકતા છે અને તે દ્વારા જ આપણે તંદુરસ્ત સમાજ ન રચી શકીએ.

"જૈન સમાજનો રસ આ દિશામાં કેળવાય અને પોતાના સમાજની શારીરિક તાકાતનો ખ્યાલ આવે તે હેતુસર આ વખતે મુંબઇમાં પ્રથમ વાર જ સમસ્ત જૈન સમાજ માટે રમતગમતોની હરિફાઇઓ **રવિવારે** તા. ૩૧મી જાન્યુઆરી **૧૯૫૪** ના બપોરે બે વાગે રૂઇ કોલિયર્સ ગ્રાઉન્ડ (પરેલ ટ્રામ ટર્મીનસ) ઉપર યોજવાનું નક્કી કર્યું છે.

"મુંબઇની જૈન સમાજની દરેક સંસ્થાને તથા વ્યાયામની પ્રવૃત્તિમાં રસ લેતા દરેક ભાઇબહેનને વ્યક્તિગત પણ પ્રવૃત્તિમાં સક્રિય રસ લેવાનું હાર્દિક નિમંત્રણ છે. થોડાક કાર્યકરબંધુઓના સહકારથી અમોએ એ પ્રવૃત્તિ શરૂ કરી છે. પ્રથમ પ્રયત્ન જો સફળ થશે તો તેનું કાયમી સ્વરૂપ દરેકના સહકારથી આપી શકાશે.

હરિફાઇની વધુ વિગતો-પત્રક માટે શ્રી જૈન શારીરિક પ્રવૃત્તિ સંઘના કાર્યાલય સાથે સંપર્ક સાધવા વિનંતિ છે.

કાર્યાલયનું સરનામું

C/o મે. વેરાજી લખમશીની કું. ૮૩, કલાદન રોડ, દાણાબંદર, મુંબઇ ૯, છે.

આ ઉપરાંત નીચેના સ્થળેથી પણ આ પ્રવૃત્તિને લગતી જરૂરી માહિતી મળી શકશે.

૧ શ્રી કાન્તિલાલ કોરા, રજીસ્ટ્રાર, મહાવીર જૈન વિદ્યાલય, ગોવાલિયા ટેન્ક, મુંબઇ ૨૬.

૨ શ્રી બચુભાઇ પી. દોશી, જૈન કેળવણી મંડળ, ૧૪, મર્ઝબાન રોડ, કોટ મુંબઇ ૧.

૩ શ્રી બાબુ પન્નાલાલ જૈન હાઇસ્કૂલ-પાયધુની.

૪ શ્રી રત્નચિંતામણી સ્થા. જૈન સ્કૂલ-કેળવાડી, ગીરગામ-મુંબઇ ૪.

વ્યક્તિવિશેષ પરિચય

એક ઠાવકા રાજપુરૂષનો દેહોત્સર્ગ

ગયા નવેંબર માસની ત્રીસમી તારીખની વહેલી સવારે આંતરરાષ્ટ્રીય અદાલતના હિન્દી ન્યાયાધીશ શ્રી. બેનિગલ નરસિંગરાવનું સ્વીટ્ઝરલેન્ડમાં આવેલા ઝુરિચ ખાતે છાસઠ વર્ષની ઉંમરે અવસાન થયું. આમ તો, શ્રી. રાવ બહુ વગોવાએલા આઇ. સી, એસ. અમલદારોમાંના એક અમલદાર હતા; પણ હિન્દે સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા બાદ તેમણે બંધારણીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે દેશની એવી સેવા કરી કે સંસદની બહારના સભ્યના અવસાનની સંસદમાં નોંધ ન લેવાની પ્રથાને એક બાજુએ મૂકી વડા પ્રધાન શ્રી. નહેરૂ તથા ઉપ-પ્રમુખ ડો. રાધાકૃષ્ણને રાષ્ટ્રના સપુતને છાજે તેવી શ્રી. રાવને અંજલિ આપી.

શ્રી. રાવની સેવાઓની નોંધ લેતા શ્રી. નહેરૂએ કહ્યું કે શ્રી. રાવ આ દેશના બંધારણના એક "પ્રમુખ ઘડવૈયા" હતા. શ્રી. રાવ "સાવ એકનિષ્ઠ" કર્મચારી અને વહીવટકર્તા હતા અને હિન્દના આવા "અસાધારણ પુત્ર" ના અવસાન નિમિત્તે લોકસભા શોક વ્યકત કરે એ યોગ્ય જ છે એમ શ્રી. નહેરૂએ જણાવ્યું.

હિન્દ સ્વતંત્ર થયું તે પહેલાં સર બી. એન. રાવના નામથી ઓળખાતા શ્રી. રાવનો જન્મ ઈ. સ. ૧૮૮૭ના ફેબ્રુઆરીની ૨૬ મી તારીખે દક્ષિણ હિન્દના કાનડા જિલ્લામાં થયો હતો. શ્રી. રાવ એક પ્રતિભાશાળી કુટુંબમાં જન્મ્યા હતા. તેમના બીજા ત્રણે ભાઇઓ પોતપોતાના ક્ષેત્રે અગ્રસ્થાને છે. તેમના મોટા ભાઇ સંજીવરાવ હિન્દી સરકારના શિક્ષણખાતાં સનંદી અમલદાર હતા અને તે હમણાં જ બનારસની કવીન્સ કોલેજના પ્રિન્સિપાલપદેથી નિવૃત્ત થયા. બીજા ભાઇ શ્રી. રામારાવ રીઝર્વ બેંક ઓફ ઇંડિઆના ગવર્નર છે, જ્યારે સૌથી નાના શ્રી. શિવરાવ આ દેશના એક અગ્રગણ્ય પત્રકાર અને સંસદના સભ્ય છે.

શ્રી. બી. એન. રાવની વિદ્યાર્થી કારકીર્દી પૂરા અર્થમાં પ્રતિભાશાળી હતી. તેઓ સંસ્કૃત, અંગ્રેજી અને ગણિતશાસ્ત્ર એ ત્રણે વિષયોમાં ઝળકીસાથે પહેલાં આવી મદ્રાસ યુનિવર્સિટીના સ્નાતક થયા. બાદ ૧૯૦૭માં હિન્દી સરકારની શિષ્યવૃત્તિ મેળવી ઇંગ્લેન્ડની કેમ્બ્રીજ યુનિવર્સિટીમાં જોડાયા. (આ સમયે વડા પ્રધાન શ્રી. નહેરૂ પણ કેમ્બ્રીજમાં અભ્યાસ કરતા હતા). એક વર્ષમાં એમણે કેમ્બ્રીજમાં એવી પ્રગતિ કરી કે તે વર્ષ બાદ તેઓ ગણિતશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રના રેંગ્લર (wrangler) થયા અને તેમને તે વિષયોમાં વધુ અભ્યાસ કરવા શિષ્યવૃત્તિ મળી. પણ શ્રી. રાવે તે શિષ્યવૃત્તિ ન સ્વીકારી અને હિન્દી સનંદી અધિકારી (આઇ. સી. એસ.) ની પરીક્ષામાં બેઠા.

શ્રી. રાવ ૧૯૧૦માં સનંદી નોકરીમાં જોડાયા અને સોળ વરસ સુધી તેમણે બંગાળમાં નાયબ કલેકટર અને ન્યાયાધીશ તરીકે કામ કર્યું. ત્યારબાદ તેમણે આઠ વર્ષ સુધી આસામ સરકારના સૌથી વરિષ્ઠ અધિકારી તરીકે કામ કર્યું. આસામમાં તેમને કાયદા ઘડવાની પ્રક્રિયા વિષે સારી તાલીમ મળી. કેમકે આસામની ધારાસભાના તેઓ મંત્રી હતા અને આસામ સરકારના એડમિનિસ્ટ્રેટર-જનરલ હતા. ૧૯૩૩માં તેઓ હિંદી સરકારના કાયદા ઘડનારા વિભાગના સહમંત્રી થયા અને તેમણે વિસ્તૃત ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. બે વરસ બાદ શ્રી. રાવ કલકત્તા હાઇકોર્ટના ન્યાયાધીશ થયા અને તે સ્થાને તેઓ સનંદી નોકરીમાંથી ૧૯૪૪ માં નિવૃત્ત થયા ત્યાં સુધી રહ્યા. કલકતાની હાઇકોર્ટના ન્યાયધીશનું કાર્ય કરતાં કરતાં શ્રી. રાવે બીજી પણ કામગીરી બજાવી. જી. આઇ. પી. રેલ્વેના કામદારોની સ્થિતિ તપાસવાની સમિતિના તેઓ પ્રમુખ થયા. હિન્દુ-કાયદા સમિતિ અને બીજા કમિશનોના તેઓ પ્રમુખ થયા. જ્યારે રીઝર્વ બેંક ઓફ ઇન્ડિઆ અને સ્વાતંત્ર્ય પહેલાંની મધ્યસ્થ સરકાર વચ્ચે વિખવાદ ઉભો થયો ત્યારે ગવર્નર-જનરલે તે વિશે શ્રી. રાવને પોતાને સલાહ આપવા બોલાવ્યા. ૧૯૪૪ માં તેઓ નિવૃત થયા કે તુરત શ્રી. રાવ કાશ્મીરના વડા પ્રધાન બન્યા અને તે સ્થાને તેઓ જુલાઇ ૧૯૪૫ સુધી રહ્યા. જ્યારે હિન્દના સ્વાતંત્ર્ય વિશે વાટાઘાટ કરવા કેબિનેટ મિશન હિન્દમાં આવ્યું ત્યારે તેઓ હિન્દી સરકારના બંધારણવિષયક સલાહકારક બન્યા અને આ કાર્ય માટે પગાર લેવાની તેમણે ના પાડી.

શ્રી. રાવની વહીવટી અને બંધારણીય શકિત સ્વતંત્ર હિન્દના વાતાવરણમાં અસાધારણ ગતિએ વિકસી. હિન્દી બંધારણસભાના તેઓ બંધારણીય સલાહકાર થયા અને આ કામ માટે પગાર લેવાની ના પાડી. ૧૯૪૭ ના અંતમાં આયર્લેન્ડ અને અમેરિકાના બંધારણનો નિકટનો અભ્યાસ કરવા તેઓ દોઢ મહિના સુધી અમેરિકા અને આયર્લેન્ડમાં રહ્યા. જ્યારે શ્રી. રાવ બંધારણસભાના સલાહકાર હતા ત્યારે ડો. રાજેન્દ્રપ્રસાદ બંધારણસભાના પ્રમુખ હતા. ડો. રાજેન્દ્રપ્રસાદને વિચાર આવ્યો કે દુનિયાના મહત્વના રાષ્ટ્રોના બંધારણની અગત્યની બાબતો સમાવી લેતી એક પુસ્તિકા હોવી જોઇએ અને ડો. રાજેન્દ્રપ્રસાદને શ્રી. બી. એન. રાવે ગ્રેટબ્રિટન, અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, સોવિયેટ રશિયા, સ્વીટ્ઝરલેન્ડ અને સ્વીડનના બંધારણોના મહત્વના મુદ્દાઓ સમાવી લેતી પુસ્તિકા માત્ર ચાર દિવસમાં તૈયાર કરી આપી. એમ કહેવાય છે કે હિન્દનું બંધારણ ઘડવામાં શ્રી. બી. એન. રાવનો ડો. આંબેડકર કરતાં પણ મોટો ફાળો હતો. આથી જ બ્રહ્મદેશની સરકારે બ્રહ્મદેશનું બંધારણ ઘડવા શ્રી. બી. એન. રાવને વિનંતિ કરી અને તે કામ તેમણે એક પખવાડિયા કરતાં એ ઓછા સમયમાં પુરૂં કરી આપ્યું હતું.

શ્રી. બી. એન. રાવના જીવનનો સૌથી મહત્વનો તબક્કો ત્યારે આવ્યો કે જ્યારે વડા પ્રધાન શ્રી. નહેરૂએ ૧૯૪૬ના જૂનમાં સંયુકત રાષ્ટ્ર સંઘના વડા મથક લેઇક સકસેસ ખાતે હિન્દના કાયમી પ્રતિનિધિ તરીકે ઓસ્ટ્રેલીયાના હોદ્દા સાથે શ્રી. રાવની નિમણુંક કરી. શ્રી. રાવ સંયુકત રાષ્ટ્ર સંઘથી અપરિચિત ન હતા, કેમકે ૧૯૪૮ના નવેમ્બરમાં એ હિન્દી પ્રતિનિધિમંડળના એક સભ્ય તરીકે લેઇક સકસેસ ગયા હતા અને તેમની આંતરરાષ્ટ્રીય કાનૂન પંચના ઉપ-પ્રમુખ તરીકે ચુંટણી થઇ હતી. જમાનાના ખાધેલા મુત્સદીઓની વચ્ચે પણ શ્રી. રાવની પ્રતિભાનો સ્વીકાર થયો અને "સર બી. એન "ના નામે તેઓ જાણીતા થયા. પંડિત નહેરૂએ, શ્રી. રાવને સંસદમાં અંજલિ આપતાં કહેલું કે, શ્રી. રાવ પોતાની અપાર વિદ્વતા નમ્રતાપૂર્વક છુપાવતાં અને તે કદી અસ્વસ્થ થયા હોય એવું શ્રી નહેરૂએ જોયું ન હતું. આ વિદ્વતા, સ્વસ્થ રહેવાની શકિત અને જવાહરલાલ નહેરૂની પરદેશનીતિના ઉચ્ચ આદર્શોનો શ્રી. રાવમાં ત્રિવેણી સંગમ થયો અને એક ઉચ્ચ કક્ષાના વહીવટકર્તા મટી શ્રી. રાવ આંતરરાષ્ટ્રીય રાજકારણના બન્ને જૂથોને માન્ય એવા રાજપુરુષ બન્યા.

સંયુકત રાષ્ટ્રસંઘમાં શ્રી. રાવની મોટામાં મોટી કામગીરી તે એશિયન આફ્રિકન જૂથની રચના હતી. જ્યારે ઉત્તર કોરિયાએ દક્ષિણ કોરિયા પર આક્રમણ કર્યું ત્યારે ૧૯૫૦ના જુનની ૨૫-૨૭ તારીખની ઐતિહાસિક સલામતી સમિતિની

બેઠકના શ્રી. રાવ પ્રમુખ હતા. સંસ્થાનોનાં મુક્તિ, રંગભેદ-નાબુદી અને વિશ્વશાંતિ (જે ત્રણ મુદ્દાઓ હિન્દી પરદેશ નીતિના પાયા છે વિશે શ્રી. રાવે સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં ચિરસ્થાયી કાર્ય કર્યું છે હૈદ્રાબાદનો પ્રશ્ન, કાશ્મીર પર પાકિસ્તાની આક્રમણનો પ્રશ્ન, અણુશક્તિનું નિયમન અને પૂર્વ આફ્રિકામાં આવેલાં ઇટાલિયન સંસ્થાનોનો પ્રશ્ન અને નવા ચીનને સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં સ્થાન આપવાના પ્રશ્ન અંગે શ્રી. રાવે મહત્વનો ફાળો આપ્યો હતો તેમણે કોરિયામાં શાંતિ સ્થાપવા માટે જેટલા પ્રયત્ન કરેલા તેવા કોઇ મુત્સદ્દીઓએ કર્યા નથી એવું સંયુક્ત રાષ્ટ્ર સંઘના મુત્સદ્દીઓનું માનવું છે. ટૂંકમાં જવાહરલાલ નહેરુની પરદેશનીતિની ભાવનાઓને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ચરિતાર્થ કરવા શ્રી. રાવે મોટામાં મોટો ફાળો આપ્યો હતો.

ગયા વર્ષના ફેબ્રુઆરીમાં શ્રી. રાવને આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધીશ બનાવી સંયુક્ત રાષ્ટ્રસંઘે તેમનું બહુમાન કર્યું. સંયુક્ત રાષ્ટ્ર સંઘની કામગીરીએ તેમના શરીર પર અસર કરી હતી અને જ્યારે તેઓ આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધિશ બન્યા ત્યારથી તેમની તબિયત લથડવા માંડી હતી. પોણા બે વર્ષ સુધી શ્રી. રાવ આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધીશ રહ્યા અને પરદેશમાં જ તેમનો ગયા મહિને દેહવિલય થયો.

શ્રી. રાવે આમપ્રજાને સસ્તી વૈદકીય રાહત મળે તે માટે તેમની સનંદી નોકરીના સમય દરમિયાન યોજનાઓ ઘડીને અમલમાં મૂકી હતી. તેઓ પોતાના ખર્ચે રકતપિત્તીઓનું એક દવાખાનું ચલાવતા હતા. સારીએ જિંદગી, વહીવટ, બંધારણીય આંટીઘૂંટી અને કાયદાના અભ્યાસને સમર્પણ કરનાર શ્રી. રાવ અપરિણીત હતા. તેમણે લખેલા કેટલાંક કાયદાના પુસ્તકોમાં Constitutional Precedent જાણીતું છે.

નરદમ સ્વાર્થ અને જુગુપ્સાભરી આંટીઘૂંટી એનું નામ મુત્સદ્દીગીરી-એ કલ્પનાને હિન્દની પરદેશનીતિએ એક ક્રાંતિકારી આઘાત આપી માનવતાવાદી મુત્સદ્દીગીરીનો પુરસ્કાર કરવા પ્રયત્ન કર્યો છે. આ મુત્સદ્દીગીરીને સફળ બનાવવા માટે લથડતી તબિયતે પણ શ્રી. રાવે અણથક મથામણ કરી અને માનવતાવાદી મુત્સદ્દીગીરીના તેઓ એક પ્રસ્થાપક થઇ ગયા.

અમદાવાદ : ૮ ડીસેંબર, ૫૩ વાડીલાલ ડગલી

સ્વ. સર કીકાભાઇ પ્રેમચંદ

મુંબઇની વેપારી આલમમાં જેમનું મોભરે નામ હતું તેવા સર કીકાભાઇ પ્રેમચંદનું ૭૧ વર્ષની ઉમ્મરે તા. ૫-૧૨-૫૩ ના રોજ સાંજના પાંચ વાગે એકાએક હૃદય બંધ પડી જવાથી અવસાન થયું સુપ્રસિદ્ધ દાનવીર પ્રેમચંદ રાયચંદના તેઓ વંશજ થાય. વાંડલો દ્વારા મળેલી સમૃધ્ધિ અને પ્રતિષ્ઠામાં તેમણે વ્યાપારી કુશળતા વડે ખુબ વધારો કર્યો હતો. અનેક રાજારજવાડાઓ પોતાનું નાણું તેમની મારફત રોકતા અને વ્યાપાર ઉદ્યોગને લગતી બાબતોમાં તેમના સલાહ લેતા. અંગ્રેજ અમલના તેઓ ભારે ચાહક હતા અને આઝાદી પૂર્વેના વર્ષો દરમિયાન ચાલુ લોકમતની સામે થઇને પણ-પછી તે સાઇમન કમીશન હોય કે ૬-૬ ના હુંડિયામણનો પ્રશ્ન હોય-આવા અનેક પ્રસંગે તેમણે સરકારને સાથ અને સહકાર આપ્યો હતો. અને અંગ્રેજ સરકારે સરનો ઇલ્કાબ આપીને તેમની રાજ્યભક્તિની કદર કરી હતી. તેમની રહેણીકરણી પણ એક અંગ્રેજ ઉપરાવને અનુરૂપ હતી. બધું સુઘડ, સુન્દર, વ્યવસ્થિત, મોટા ભાગે અંગ્રેજી ઢબ ઉપર. તેમને મળીએ તો વીકટોરીયન યુગના અમીર ઉમરાવની સભ્યતાની તેમનામાં ઝાંખી થતી.

તેઓ જાહેર જીવનમાં બહુ પડ્યા જ નહોતા એટલે તેમના વિચારોની આપણને બહુ ઓછી પીછાણ છે. પણ આપણે ત્યાં એવી કેટલીએક વ્યક્તિઓ જોવામાં આવે છે કે જેમની રીતભાત મોટા ભાગે પશ્ચિમી ઢબની હોય, પણ ધાર્મિક બાબતોમાં તે અત્યન્ત સ્થિતિચુસ્ત હોય અને જેમનો આચાર પણ સાંપ્રદાયિક નિયમોને અનુસરીને ઘડાયેલો હોય. સર કીકાભાઇ આ ઢબની એક વ્યક્તિ હતા. જૈન ધર્મ વિષે તેમને ઉંડી શ્રદ્ધા હતી. સવારસાંજ તેઓ હંમેશા પ્રતિક્રમણ કરતા, તેમના ખાનપાનમાં પણ ધાર્મિક દૃષ્ટિએ કોઇ પણ નિષિદ્ધ પદાર્થોને કદિ સ્થાન હોય જ નહિ. હંમેશાં કોઇ જૈન પંડિત સાથે એક કલાક ધાર્મિક વાંચન કરવાનો તેમને મહાવરો હતો.

તેમણે પૂનામાં જૈનો માટે એક નમુનેદાર સેનેટોરિયમ બંધાવ્યું છે; સૂરતની કમર્શીયલ કોલેજ તેમના નામ સાથે જોડાયલી છે. મુબઇમાં માટુંગામાં જૈનો માટે તેમણે સસ્તા ભાડાના બ્લોકસ બંધાવ્યા છે. આ ઉપરાંત પોતાના જ્ઞાતભાઇઓને તેઓ દરમાસે બહુ મોટા પ્રમાણમાં નિયમિત તેમ જ વ્યવસ્થિત રીતે ખાનગી મદદ પહોંચાડતા હતા. દાનવીર પિતાનો વારસો તેમણે મર્યાદિત આકારમાં આ રીતે શોભાવ્યો હતો.

તેમનું ખાનગી જીવન સાદું અને શીલસંપન્ન હતું અને ધર્મપરાયણતાથી અંકિત હતું. તેમની નિકટમાં આવેલા સ્નેહી સંબંધીઓ પ્રત્યે તેમનું વર્તન પુરી સભ્યતા ભરેલું રહેતું. જૈન સમાજ આવી એક મોટી લાગવગ ધરાવનાર શકિતશાળી શ્રીમાન ગુમાવતાં દરિદ્ર બન્યો છે. તેમના આત્માને આપણે શાશ્વત શાન્તિ ઇચ્છીએ! પરમાનંદ

સૌરાષ્ટ્રના સાચા મિત્ર સદ્‌ગત મોહનભાઇ

રાજ્યસંસ્થા અને પ્રજાસંસ્થા-ઉભય વચ્ચે સાચા સેતુ બનવામાં જેમણે જીવનનો મોટો ભાગ વ્યતીત કર્યો તેવા ગઢડા નિવાસી શેઠ મોહનલાલ મોતીચંદના તા. ૮-૧૨-૫૩ ના રોજ નીપજેલ અવસાનથી સૌરાષ્ટ્રને જલ્દિથી ન પુરાય એવા એક વ્યક્તિવિશેષની ખોટ પડી છે. ભાવનગર રાજ્યનું સૌરાષ્ટ્રના એકમમાં વિસર્જન થયું તે પહેલાં સ્વ. સર પ્રભાશંકર પટ્ટણી અને શ્રી અનન્તરાય પટ્ટણીના વહીવટકાળ દરમિયાન તેમણે ભાવનગર રાજ્યની અને પ્રજાની અનેક સેવાઓ બજાવી હતી. ત્યાર બાદ સૌરાષ્ટ્રનું એકમ નિર્માણ થવા બાદ તેમના જીવનના અંત સુધી નવા રાજ્યતંત્ર પરત્વે પણ તેમણે એવી જ સેવાઓ બજાવેલી તેમની વાટાઘાટ અને દરમિયાનગીરીથી રાજા અને પ્રજા ઉભય અનેક કટોકટીમાંથી-પરિણામે પ્રજાનો જ ઉત્કર્ષ થાય એ રીતે-પાર ઉતર્યા હતા. પ્રજાના કલ્યાણની સાધના અને રાજ્યતંત્રની સ્થિરતા તથા સહીસલામતી એ જ તેમનું એકાન્ત જીવનધ્યેય હતું. શુધ્ધ નિ.સ્વાર્થ તેમની વૃત્તિ હતી. કોઇ મહત્વાકાંક્ષા તેમને સ્પર્શી નહોતી. એક જ બાબતમાં તેમણે પોતાની લાગવગનો પુરો ઉપયોગ કર્યો હતો અને તે પોતાનું વતન ગઢડાને ઊંચે લાવવામાં, તેને સગવડ-સમૃધ્ધ બનાવવામાં. મોહનભાઇના પ્રભુત્વના પ્રારંભ પહેલાં ગઢડા માત્ર સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરને લીધે જ જાણીતું હતું. પ્રજાની સુખાકારી કે શિક્ષણને માટે ત્યાં કોઇ સગવડ કે વ્યવસ્થા નહોતી. રેલ્વેસ્ટેશનથી દૂર પડેલું તે એક નાનું સરખું ગામડું હતું. આજે તે રેલ્વે-લાઇનથી સંકળાયલું છે અને એક નાના શહેરમાં જે કાંઇ હોવાની આપણે કલ્પના કરીએ તે બધું ગઢડા આજે ધરાવે છે. ગઢડાની પ્રજાના તેઓ સાચા પિતા હતા.

તેમને મેળવવામાં સર પટ્ટણી અને અનન્તરાય પટ્ટણી જેટલા સુભાગી હતા તેટલા જ સૌરાષ્ટ્રના મુખ્યપ્રધાન શ્રી ઉછરંગરાય ઢેબર પણ સુભાગી હતા. રાજા અને પ્રજા ઉભયના હિતની રક્ષા કરી શકે, ઉભયનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન

કરી શકે, રાજશાહી અને લોકશાહી ઉભયના ચોગઠામાં બેસી શકે–આવી વ્યક્તિ સૌરાષ્ટ્રમાં તો શું પણ ભારતભરમાં શોધી મળવી મુશ્કેલ છે. તેમની પાસે કોઇ ચોક્કસ વાદ કે વિચાર-સરણિ નહોતી. રાજ્યવહીવટમાં અવારનવાર ઉભી થતી ગુંચો ઉકેલવી, બન્ને પક્ષ વચ્ચેનો સંપર્ક જાળવી રાખવો, અને કોઇનું પણ અકલ્યાણ ન થાય એવો તોડ કાઢવો–આ તેમની નીતિ અને કાર્યપધ્ધતિ હતી. આ નીતિ અને કાર્યપધ્ધતિના પરિણામે ભાવનગર રાજ્યના અસ્તિત્વ દરમિયાન તે રાજ્ય અને ત્યાંની પ્રજા વચ્ચે સારો સુમેળ જળવાઈ રહ્યો હતો; અને સૌરાષ્ટ્ર–એકમના ઉદય બાદ અનેકવાર રાજા-પ્રજા વચ્ચેનાં ઘર્ષણો તીવ્રતર બનતાં અટક્યાં હતાં અને પરસ્પરના સુમેળને સારા પ્રમાણમાં અનુમોદન મળતું રહ્યું હતું. જેનું અસ્તિત્વ આસપાસની પ્રજાને અનેક રીતે સુખપ્રદ અને કલ્યાણકારી નીવડ્યું છે તેનું જીવન તેમ જ મરણ ધન્ય છે. સૌરાષ્ટ્રના રાજકારણી ઇતિહાસમાં તેમનું નામ કદાચ જોવા નહિ મળે, પણ તેમનું કામ તો કંઇ કાળ સુધી અંકિત થયેલું રહેવાનું જ છે. સાધારણ ટિની અને ઉચ્ચ શિક્ષણથી વંચિત, રાજદ્વારી કુનેહથી યુકત અને એમ છતાં છળકપટથી મુકત, સૌજન્યમૂર્તિ શ્રી મોહનભાઇને આપણાં અનેક વન્દન હો!

પરમાનંદ

આજની સભ્યતા અને જૈન સાધુઓનો આચાર

થોડા સમય પહેલાં એક હિંદી પાઠય પુસ્તકમાં કટાક્ષ રૂપે એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે જૈન સાધુઓના દાંત એવા ચીકણા હોય છે કે જો કોઇ ધાતુનો સીક્કો તે દાંતને લગાડયો હોય તો તે ચોંટી જાય. આની પાછળ જૈન સાધુઓને હીણા દેખાડવાનો મનોભાવ સ્પષ્ટ તરી આવતો હતો અને તેથી આ વિધાન અનુચિત અને સમભાવનું વિરાધક હતું અને તેથી તેનો વિરોધ કરવામાં આવ્યો તે યોગ્ય હતું. પણ સાથે સાથે જૈન સાધુઓ જોઇએ તેટલા સ્વચ્છ હોતા નથી, ગંદા હોય છે–આવી એક છાપ ચોતરફ પ્રચલિત છે, તો આપણા સાધુઓના આચારમાં એવું તે શું છે કે જેને લીધે આવી છાપ ઉઠવા પામી છે? આ પ્રશ્ન આજે ખાસ વિચારણા માંગે છે.

એક વખત એવો હતો કે જ્યારે જૈન સાધુ સંન્યાસી મેલો ઘેલો અને શરીર તથા પોષાકની બાબતમાં અવ્યવસ્થિત તેમ તેના ત્યાગ અને વૈરાગ્યની માત્રા ઊંચી લેખાતી. લોકો તેની આસપાસ ટોળે મળતા અને તેનામાં અપૂર્વતાનું–દીવ્યતાનું–દર્શન કરતા. તેના શરીરને સ્વચ્છતા સાથે કશો સબંધ ન હોય; વસ્ત્રો પણ જીર્ણ શીર્ણ હોય અને કંઇ દિવસો સુધી ધોવાયાં પણ ન હોય; દાઢી મૂછ જેમ તેમ વધેલાં હોય; ગાંજો, તમાકુ કે તપખીરનું વ્યસન હોય. આ બધા વૈરાગ્ય અને સંસાર વિષેની ઉદાસીનતાનાં લક્ષણો લેખાતાં અને તેના પ્રત્યે આને લીધે જ લોકોનો આદર ઘટવાને બદલે વધતો રહેતો. જેમ શરીરનિરપેક્ષતા વધારે તેમ તેના અસંસારીપણાનો આંક ઉંચો ગણાતો.

આજે સમય બદલાયો છે. શરીરની સ્વચ્છતા અને રહેણીકરણીની સુઘડતાને આપણે આજે વધારે મહત્વની ગણતા થયા છીએ. આપણો ચાલુ જીવન વ્યવહાર તપાસીશું–ખાસ કરીને શહેરોમાં વસતા ભાઇબ્હેનોનો–તો માલુમ પડશે કે આપણા દેશમાં પશ્ચિમના સંસર્ગના પરિણામે સ્વચ્છતા અને સુઘડતાનું ધોરણ છેલ્લાં પચ્ચાસ વર્ષ દરમિયાન ઉંચે ચડતું રહ્યું છે. સારી રીતે નાઇ ધોઇ શકાય અને શરીરને સ્વચ્છ રાખી શકાય તે માટે બાથરૂમ–સ્નાનઘર–ની સગવડ વિના આપણને ચાલતું નથી. વાળ, આંખ તેમ જ દાંતની ચોખ્ખાઇ વિષે આપણી કાળજી વધી છે. દાઢી મૂછ અઠવાડિયે નહિ પણ એકાન્તરે અને ઘણે ઠેકાણે હંમેશાં સાફ કરવામાં આવે છે. બુટ, સ્લીપર કે ચંપલ અવારનવાર પોલીશ કરાવીને સાફ રાખવામાં આવે છે. વસ્ત્રો ઓછાં હોય કે વધતાં હોય, ફેશનવાળા હોય કે ફેશન વિષે ઉદાસીનતાં દાખવતા હોય, પણ સ્વચ્છ અને સુઘડ તો જોઇએ જ—આ રીતે આપણો પહેરવેશ પહેલાં કરતાં વધારે વ્યવસ્થિત બન્યો છે. પહેલાં શૌચ માટે લોકો બહાર ખુલ્લી જગ્યામાં જતા. હવે ઘેર ઘેર પાયખાનાની આવશ્યકતા સ્વીકારવામાં આવીછે અને તે પણ મેટા શહેરોમાં ફ્લશની યોજનાથી દુર્ગંધ વિનાના બનાવવામાં આવે છે. આવી રીતે જેમ આપણા પોતાના જીવનમાં સ્વચ્છતા અને સુઘડતા વધી છે તેમ બીજી બાજુએ ગંદવાડ, અસ્વચ્છતા અને અસુઘડતા સામેની સુગ–અણગમો–આપણામાં ખૂબ વધતો જાય છે અને સભ્ય સમાજમાં સાધુ સંન્યાસીને વસવું અને ફરવું હોય તો તેમણે પણ સ્વચ્છતાનું અમુક ધોરણ સ્વીકારવું જ જોઇએ એમ આપણે વિચારતા થયા છીએ. જેને જંગલમાં રહેવું હોય અથવા તો જ્યાં આજની સભ્યતાનાં તત્વો પહોંચ્યા નથી એવા વર્ગો વચ્ચે રહેવું હોય તે કદાચ સ્વચ્છતાની બાબતમાં બેપરવા બનીને વર્તે તો ચાલે, પણ સભ્ય શહેરીસમાજ વચ્ચેનો વસવાટ અમુક સ્વચ્છ અને સુઘડ રીતભાતની તથા આચારની અપેક્ષા રાખે જ છે.

આ દૃષ્ટિએ વિચારતાં આજના જૈન સાધુઓના પરંપરાગત આચારમાં ચોક્કસ ફેરફારો કરવાની ખાસ જરૂર છે. એ જાણીતી વાત છે કે જૈન સાધુઓ દાતણ કરતા નથી; અને જળસ્નાન પણ કરી શકતા નથી. આના પરિણામે તેમના દાંત ચોખ્ખા હોતા નથી અને શરીરમાં પણ તેમની નજીક જઇએ તો અણગમો ઉપજાવે તેવી એક પ્રકારની ગંધ નીકળતી હોય છે. દાંત અને ચામડીના દર્દોથી પણ આ કારણે તેમનામાંના કેટલાક પીડાતા હોય છે. અમુક સંપ્રદાયના સાધુઓ પોતાનાં વસ્ત્રો સાબુ તથા પાણીથી ધોતા હોય છે અને તેના લીધે તેમના વસ્ત્રની સફાઇ વિષે ખાસ કહેવાપણું રહેતું નથી. પણ બીજા કેટલાએક સંપ્રદાયના સાધુઓનાં વસ્ત્રો ઘણું ખરું મેલાં અને લાંબા ગાળે ધોવાતાં હોય છે. અમુક સંપ્રદાયના સાધુઓનો આચાર એવો છે કે તેમને વહોરાવવામાં આવેલું વસ્ત્ર પહેર્યું, તે પહેર્યું કદિ ધોવાય જ નહિ; ફાટે અને પહેરવા લાયક ન રહે ત્યારે જ તે છુટે. જૈન સાધુઓની શૌચની પદ્ધતિ આજે કોઇને પણ તીવ્ર અણગમો ઉપજાવે તેવા હોય છે. પેસાબ કુંડીમાં કરીને ઘણીવાર શેરીઓમાં કે પોળમાં જાહેર રસ્તાઓ ઉપર ઢોળવામાં આવે છે અને આસપાસ વસતા લોકો આને લીધે ખૂબ ત્રાસ ભોગવતા હોય છે. વળી મ્યુનીસીપાલીટીના કાયદાકાનુનથી આ વિરૂદ્ધ છે અને ગુન્હાહિત કાર્ય ગણાય છે. પાયખાનાં કે મુતરડીનો તેઓ ઉપયોગ કરી શકતા નથી. મોટા શહેરમાં તેઓ જે ઠેકાણે વસતા હોય છે ત્યાં અલાયદી જગ્યામાં કે મકાનની અગાસી ઉપર સારા પ્રમાણમાં રેતી પાથરવામાં આવે છે અને તે ઉપર શૌચ કરવામાં આવે છે. આ સાફ કરવા માટે ભંગીને રોકવામાં આવે છે જે મેલું ઉપાડીને આસપાસની ગટરમાં ઠાલવી દે છે. કોઇ પણ ઠેકાણે જૈન સાધુઓ સમુદાયમાં જાય તો તેમના માટે ખાવાપીવાની વ્યવસ્થા કરવાની કોઇ મુશ્કેલી હોતી નથી, પણ તેમના શૌચ પેસાબને લગતી વ્યવસ્થા કરવામાં ખૂબ મુશ્કેલી પડે છે અને તે ખરચાળ પણ ઠીક ઠીક હોય છે.

આજે હવે સાધુઓના આચારમાં રહેલી આવી બધી અસ્વચ્છતાઓ જેમ બને તેમ જલ્દિથી દૂર કરવાની ખાસ જરૂર

છે. સભ્ય સમાજમાં વસતા આદમીએ–પછી તે ગૃહસ્થ હોય કે સંન્યાસી–સભ્યતાના પાયામાં રહેલો અમુક આચાર તો સ્વીકારવો જ જોઇએ. એમ ન કરે તો તે આદમી સમાજના અનાદરનો–અણગમાનો–પાત્ર બને છે, સમાજમાં રહેવા લાયક તે ગણાતો નથી. સભ્ય સમાજમાં વસતો કોઇપણ નાગરિક દાતણ ન કરતો હોય, નહાતો ન હોય, પોતાનાં વ । સાફ ન રાખતો હોય તે આપણે આજે કલ્પી જ શકતા નથી. આ ઉપરાંત ઝાડા પેસાબના નિકાલ માટેની ઉપર વર્ણવેલી પધ્ધતિ કોઇના પણ દિલમાં એકાંત ધૃણા પેદા કરે તેવી છે. તેમના માટે દરેક ઉપાશ્રયમાં વ્યવસ્થા થવી જ જોઇએ અને સાથે સાથે નહાવા ધોવાની પણ સરસી સગવડ કરવી જ જોઇએ.

આ ચર્ચા વાંચીને કોઇ એવું અનુમાન ન કરે કે આ બધી સૂચનાઓ પાછળ જૈન સાધુઓને તેમના આચારમાં શિથિલ બનાવવા તો દેહલક્ષી બનાવવાનો આશય રહેલો છે. સાધુઓ સંબંધમાં સંયમ ઉપર જેટલો ભાર મૂકાય તેટલો ઓછો છે. એમાં કોઇ શક નથી કે સાદાઇ, કરકસર, જરૂરિયાત, અને ખડતલપણું એ સાધુ જીવનનાં મુખ્ય લક્ષણો છે. સમાજને તેમનો ભાર બને તેટલો ઓછો લાગે તેમ જ તેમણે વર્તવાનું છે. પણ જૈન સાધુના આચારની મૂળ કલ્પના તેઓ જાણે કે જૈન સમાજ-નિરપેક્ષ જીવન ગુજારવાના હોય તેવા ખ્યાલ ઉપર રચાયેલી છે, જ્યારે આજે એ કલ્પના તદ્દન લુપ્ત થઇ ગઇ છે અને તેમનું જીવન, આચાર, વિચાર, વ્યવહાર, વિહાર બધું કાંઇ સમાજ-સાપેક્ષ બનેલ છે. તેઓ શબ્દથી 'સર્વવિરતિ'* કહેવાય છે, પણ આચારમાં તેઓ અનેક પ્રકારની સમાજ પાસેથી અપેક્ષા રાખતા હોઇને ગૃહસ્થની અપેક્ષાએ ઘણા જ મોટા પ્રમાણમાં પણ દેશવિરતિનું જીવન તેઓ ગાળે છે. સમાજ પણ તેમની પાસેથી અનેક પ્રકારની સીધી યા આડકતરી સેવાઓની અપેક્ષા રાખતો થયો છે, ગૃહત્યાગ કરીને દીક્ષા લેનાર સાધુ સમાજથી દૂર થતો જ નથી. સમાજ પ્રત્યેનું ઋણ તેમણે અદા કરવાનું જ છે. તેના જીવનની ભાંત બદલાતી હોઇને તેની સમાજસેવા માટેની યોગ્યતા ઘટવાને બદલે વધે છે. વળી સમાજની સભ્યતાનું ધોરણ ધ્યાનમાં લઇને તેમના આચારનું જરૂરી પરિવર્તન કરવામાં આવે તેથી તેઓ દેહલક્ષી બની જશે એવી આશંકા સેવવાનું લેશ પણ કારણ નથી. દાંત સાફ કરવા, નહાવું કે કપડાં સ્વચ્છ રાખવા એટલે કે શરીર માટેની આવશ્યક સ્વચ્છતાનો અમલ કરવો તે આત્મલક્ષીતાનું બાધક નથી પણ સાધક છે. Cleanliness is next to Godliness આ કહેવત બહુ સૂચક અને સાર્થક છે. ખાસ કરીને સમાજ વચ્ચે રહેનાર, ફરનાર અને સામાજિક કાર્યો કરવાની એષણા ધરાવનાર સાધુએ સમાજે નિશ્ચિત કરેલા સભ્યતા, સ્વચ્છતા, શુદ્ધતાના ધોરણના અમુક અંશને તો અપનાવવા જ જોઇએ.

આ રીતે વિચારતાં દિગંબર સાધુઓનું નગ્નત્વ પણ આજનો સમાજ સહન કરી ન શકે તેવો એક વિચિત્ર આચાર છે એમ જરૂર કહી શકાય. પરિગ્રહવિરમણવ્રત એટલે સંપૂર્ણ નગ્નતા એવો આત્યન્તિક અને એકાન્તિક અર્થ કરવાના પરિણામે સ્ત્રીઓ સંયમથી–સંન્યસ્ત જીવનથી–વંચિત બની છે અને પુરુષ સાધુઓની સંખ્યા અતિ અલ્પ રહી છે. નગ્નત્વ પૂર્વકાળમાં આદરનું નિમિત્ત કદાચ લેખાયું હશે, પણ આજે તો એકાન્ત ધૃણા ઉપજાવનારી પ્રથા લાગે છે. શહેરમાં વિચરવા ઇચ્છતા સાધુઓએ વસ્ત્ર ધારણ કરવાં જ જોઇએ. શરીરધારણ માટે જેમ અન્નજળની જરૂર છે તેવી રીતે વસ્ત્રો–આચ્છાદનની પણ જરૂર છે જ અને આજની સભ્યતા કોઇ પણ સંયોગમાં નગ્નતાને ક્ષન્તવ્ય ગણે તેમ છે જ નહિ. જે સમાજ સાધુસંસ્થાની આવશ્યકતા અને ઉપયોગીતા સ્વીકારતો હોય તે સમાજે પોતાનો સાધુસમુદાય વિશાળ સમાજમાં સ્વાભાવિક રીતે–કોઇની પણ સભ્યતાની વૃત્તિને દુભવ્યા સિવાય–અને કોઇના પણ ઉપહાસનું પાત્ર બન્યા સિવાય–વિચરી શકે એ દૃષ્ટિએ જરૂરી આચારનું પોતાના સાધુસમુદાય ઉપર બંધન નાખવું જ જોઇએ.

કેટલાએક સાધુઓ મોઢે મુખવસ્ત્રિકા બાંધે છે જેને જૈન પરિભાષામાં મુહપત્તી (મુખપટી) કહે છે. જરૂર આ રીવાજને કોઇ સ્વચ્છતા–અસ્વચ્છતા સાથે સંબંધ છે જ નહિ, પણ આ આ પ્રથા અસ્વાભાવિક અને તદ્દન બીનજરૂરી છે અને વાયુકાયની હિંસાના કાલ્પનિક ખ્યાલમાંથી ઊભી થયેલી છે. સાધુઓનો મુખ્ય જીવનવ્યવસાય અન્યને ઉપદેશ આપવાનો હોય છે. તે ઉપદેશ આપવાના કાર્યમાં, એટલું જ નહિ પણ ચાલુ સામાજિક પરસ્પરના વ્યવહારમાં, આ મુહપત્તી એક મોટા અન્તરાયની ગરજ સારે છે. માણસને જે અન્યને કહેવા યા જણાવવાનું હોય છે તે માત્ર શબ્દોથી જ વ્યક્ત કરવામાં આવતું નથી; આંખો મોઢું અને હોઠ પોતાના વિચારો અન્યને નિવેદિત કરવામાં બહુ ઉપયોગી ભાગ ભજવે છે–આ આપણા હરહંમેશના અનુભવનો મુહપત્તીના આચારમાં સમજણ વિનાનો ઇનકાર રહેલો છે. મુહપત્તીના કારણે જૈન સા. કોઇ વિલક્ષણ પ્રાણી જેવો દેખાય છે અને એ મુહપત્તીનો ખુલ્લા ... અન્યને કેવળ હાસ્યાસ્પદ લાગે છે.

બીજું હવે જૈન સાધુઓ જૈનેતર સમાજના સંમેલનોમાં–સભાઓમાં–ઠીક ઠીક ભાગ લેતા થયા છે; તેમનાં પણ જાહેર વ્યાખ્યાનો હવે ગોઠવાય છે. આ જરૂર આવકારદાયક છે, પણ જેમ 'જમાલભાઇનો જુદ્દો ચોતરો' તેમ જૈન સાધુઓ જ્યાં જાય ત્યાં તેમના માટે બેસવાની અલાયદી ગોઠવણ કરવી પડે છે. વળી તેમનાં આવવા જવાના માર્ગમાં જાજમ પાથરી હોય તો તે ઉપાડી લેવી પડે છે. કેટલાએક સાધુઓ આજના સ્વરક્ષક સાધનોનો ઉપયોગ કરવાની ના પાડે છે. આ બધું આ જમાના સાથે કેવળ અસંગત લાગે છે. જ્યાં ત્યાં જૈન સાધુઓને જુદા તારવવા પડે એવો વ્યવહાર આજે વિચિત્ર લાગે છે. જૈન સાધુઓ વિશાળ સમાજમાં ખૂબ જ ભળે, સાર્વજનિક લોકકલ્યાણની પ્રવૃત્તિમાં ખૂબ ભાગ લે, પોતાની વિદ્વત્તાનો પણ જનતાને ખૂબ લાભ આપે એ જરૂર ઇચ્છવાયોગ્ય છે, પણ તે જનતામાંના એક બનીને, સામાન્ય જનતાથી પોતે કાંઇક અલગ છે, જુદા છે, ઊંચા છે–એવી રીતભાત કે આડંબર ધારણ કરીને નહિ.

આજના વિશાળ સમાજ સાથે જૈન સાધુઓ એકરૂપ થાય, તેમની કેટલીક વિચિત્ર રીતભાતોના કારણે તેઓ અન્ય જનસમુદાયના અણગમા તથા અનાદરના ભોગ બને છે તે સ્થિતિ દૂર થાય, અને આજે નૂતન સામાજિક નવનિર્માણમાં ત્યાગ અને વૈરાગ્ય, જ્ઞાન અને ચારિત્ર્ય–ઉભયને મૂર્તિમન્ત કરવાનો મનોરથ તેમજ પ્રયત્ન સેવતા જૈન સાધુઓ પણ મહત્વનો ફાળો આપે એવી શુભભાવનાથી પ્રેરાઇને જૈન સાધુઓના પરંપરાગત આચાર પરત્વે અહિં કેટલીક સૂચનાઓ કરવાનું યોગ્ય ધાર્યું છે.

પરમાનંદ

* હિંસા, મૃષાવાદ, અદત્તાદાન (ચોરી), મૈથુન અને પરિગ્રહના દોષોથી સર્વાંશે મુક્ત જીવન જે ગાળે તે 'સર્વ વિરતિ' કહેવાય અને અંશતઃ મુક્ત જીવન ગાળે તે 'દેશવિરતિ' કહેવાય.

વિષય સૂચિ		પૃષ્ઠ
પક્ષો, સત્તા અને જ્ઞાન	સ્વામી આનંદ	૧૪૩
સમસ્ત જૈનો માટે મુંબઇમાં થતી શારીરિક વ્યાયામની પ્રવૃત્તિ		૧૪૪
વ્યક્તિવિશેષ પરિચય, એક ઠાવકા રાજપુરૂષનો દેહવિલય, સ્વ. સર કીકાભાઇ પ્રેમચંદ, સારાષ્ટ્રના સાચા મિત્ર સદ્‌ગત મોહનભાઇ,	ચાંદીલાલ ડગલી પરમાનંદ	૧૪૫
આજની સભ્યતા અને જૈન સાધુઓનો આચાર.	પરમાનંદ	૧૪૭
આજના સમાજને ભિક્ષાનિર્ભર સાધુસંસ્થાની જરૂર છે કે નહિ?	સંતબાલજી	૧૪૯
માતાનું આક્રંદ	અનુ૰પરમાનંદ	૧૫૦

આજના સમાજને ભિક્ષાનિર્ભર સાધુસંસ્થાની જરૂર છે કે નહિ?

(ગતાંકમાં રજુ કરવામાં આવેલ પ્રશ્નનો મુનિ સંતબાલજી નીચે મુજબ ઉત્તર આપે છે. **તંત્રી**)

આજની સાધુસંસ્થાના અનેક પાસાઓ પૈકી અહીં હું માત્ર ત્રણ પાસાંઓ ચર્ચીશ :—(૧) માણસની જરૂરિયાત ખોરાક, કપડાં, વસાહત, શિક્ષણ, આરોગ્ય ઉપરાંત જેમ આધ્યાત્મિક ખોરાક પણ છે જ. તેમ માનવસમાજને સારૂ આધ્યાત્મિક ખોરાકની જરૂરિયાત પણ છે જ. આવી જરૂરિયાત પૂરી પાડવા માટે એક વ્યવસ્થિત સંસ્થા જોઇએ. એવી સંસ્થાના લેબાશ કઈ જાતનો હોય તે ભલે યુગેયુગે ચર્ચાસ્પદ વિષય બને, પણ જેમ સૈનિકને પોતાનો અલગ પરિવેશ હોય છે, તેમ આવા શાંતિસૈનિકોને સારૂ કોઇને કોઇ જાતનો ગૃહસ્થ-સંસ્થા કરતાં જુદો વેશ જોઇએ કે જેથી તેનામાં કર્તવ્યોનો સ્પષ્ટ ખ્યાલ આવી રહે. પાર્શ્વનાથ અને મહાવીર વખતના વેશનહેતા યુગપોકાર હતા. જૈનસૂત્રો કહે છે:—"વેશ માત્ર ઓળખાણ સારૂ છે." "लोके लिंग प्रयोजनम्" જેમ હિંસ્રયુધ્ધે લડવા જનાર સૈનિકનાં આયુધો અને પરિવેશનો રંગ હિંસ્ર લડાઇને અનુકૂળ હોય છે, તે જ રીતે આવા અહિંસક સૈનિકનાં સાધનોમાં સાદાઈ, સંયમ અને પવિત્રતા વગેરે ભાવોને અનુકુળ પ્રતીકો હોય છે. (૨) સર્વાંગીણ દૃષ્ટિએ મૂલ્યાંકનોને જોનારૂં સામુદાયિક બળ. કોઇ પણ સમાજને સ્વચ્છ અને વ્યાપકભાવી રાખવો હોય તો આવા સામુદાયિક બળની જરૂર છે જ. સર્વાંગીણ દ્રષ્ટિથી મૂલ્યાંકનોને જોનારૂં આવું સમૂહબળ મોટે ભાગે નિવૃત્તિલક્ષી જોઇશે અને એક રીતે સમાજની સાથે રહેનાર છતાં બીજી રીતે સમાજપ્રશ્નોથી શકય તેટલા તટસ્થ રહેનાર પણ તેણે બનવું જોઇશે. આમાંથી માલિકીહકનાં ત્યાગ કે મર્યાદા આપોઆપ ઊભાં થાય છે. ભિક્ષાચરી અને પગપાળા પ્રવાસ આમાં ઉપયોગી થાય છે. "સંયમના હેતુથી યોગ-પ્રવર્તનો તેમ જ દ્રવ્ય, ક્ષેત્ર ને કાળભાવપ્રતિબંધ વિના વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો." એ શ્રીમદ્‌ની પંક્તિઓ આ રીતે ચિંતવવા લાયક અને વ્યવહારૂ છે. આ દૃષ્ટિએ જોતાં જેમણે માલિકીહકનો ત્યાગ અપનાવ્યો છે તેમની ઓછામાં ઓછી જરૂરિયાતને પૂરી કરવી તે સુવિહિત સમાજનું સહજ કર્તવ્ય બની જાય છે. આવો વર્ગ અવિવાહિત રહે અથવા બાલબચ્ચાંની ફરજોથી મુકત રહીને જીવી શકે એવી વ્યવસ્થા પણ સુયોગ્ય સમાજે કરવી જ રહી છે. લોકોની રોજબરોજની દાનવૃત્તિથી ન નભવું પડે તે માટે શ્રીમદ્‌ શંકરાચાર્ય પછીના વૈદિક સન્યાસીઓની સાથોસાથ મઠધારી મહંત સંસ્થાઓ હસ્તીમાં આવી, પણ એ સંસ્થાઓના અનુભવો જોતાં એમ લાગે છે કે તેમાંથી વિલાસિતાને લીધે અજાગૃતિ અથવા સમાજ-પ્રશ્નોની બેદરકારીને લીધે સમાજક્રાન્તિમાં નિષ્ફળતા—એ બન્ને ખામીઓ આવી ગઈ, જ્યારે પ્રમાણમાં સંન્યાસીઓ અને જૈન બૌદ્ધ શ્રમણો વધુ જાગૃત અને સમાજક્રાન્તિમાં અગ્રદૂત રહી શકયા. (૩) આજની દૃષ્ટિએ જોઇએ તો આ યુગે પ્રજાના નૈતિક લોકઘડતરની સૌથી મોટી જરૂર છે. લોકશાહીની દૃષ્ટિએ પણ સુબ્ધ અને સંગઠિત જાગૃત લોકમત જરૂરી છે. આ કામ પગપાળા અને ભિક્ષાચરી પર જીવતો મસ્ત સાધુ-સંન્યાસી વર્ગ જ કરી શકે, જેથી ધર્મ અને વ્યવહાર વચ્ચે છૂટાછેડા થઇ ગયા છે તેનું અનુસંધાન થાય. ભૂતકાળથી માંડીને આજપર્યંત જોઇએ તો ભારતની પ્રજાનું સંસ્કૃતિપ્રભીરૂ પણ ધર્મદ્રુષ ઊપર તૈયાર થયું છે. એને સાધુસંતો જે કહે છે, તે જ ગળે ઉતરે છે. આવા સાધુસંતો ગૃહસ્થોમાં પણ પાકી શકે, પરંતુ એની સંગઠિત સંસ્થાનું બળ તો સન્યાસી વર્ગમાંથી જ પેદા થયેલું કે થવાનું જોઇ અને કલ્પી શકાય છે. ગૃહસ્થ જીવનમાં પણ જેઓ આવું સમાજ ક્રાન્તિનું કામ કરી રહ્યા હોય છે તેઓમાં કુટુંબત્યાગ, આજીવિકામાં સમાજ પરનું અવલંબન, બ્રહ્મ-ચર્ય, અને માલકી હકકનો ત્યાગ—એવાં સત્યાસી સંસ્થાનાં અંગભૂત લક્ષણો તો પ્રાયઃ હોય જ છે. આ ત્રણેય મુદ્દાઓ પરથી જ એ સ્પષ્ટ જણાશે કે સાધુસંસ્થા જરૂરી છે એટલું જ નહિ પરંતુ આ દેશ માટે તો તેની અનિવાર્ય જરૂર છે. મારી પોતાની અનુભવગત સ્થિતિથી પણ હું કહી શકું કે આજની સાધુ-સંસ્થાઓ યુગની સાથોસાથ કે આગળ જવામાં સંસ્થા તરીકે ભલે પાછળ પડી હોય, પરંતુ તાજેતરના ભૂતકાળમાં અને આજે પણ આ સંસ્થામાંથી એવી વિરલ વ્યકિતઓ સાંપડે છે કે જે બહુ પ્રસિધ્ધિમા ન આવી હોય તો પણ સમાજનું નૈતિક ધોરણ ઉચું લાવવા માટે પોતાની મર્યાદાઓ બાળવા છતાં સારૂં એવું કામ કરી રહી હોય. હું જે વિશ્વવત્સલ સંઘની કલ્પના કરૂં છું એમાં આ સંસ્થાનો સામુદાયિક રીતે ઘણો ઉત્તમ ફાળો મેં કલ્પ્યો જ છે. માત્ર તેની વ્યકિતઓને સમાજનું યોગ્ય પીઠબળ ન હોવાને કારણે ચાલુ પ્રવાહમાંથી એકદમ નીકળીને બહાર તરી આવવું સમૂહગત રીતે તેમને માટે દુર્લભ છે. ગામડાંઓ ધર્મ-ક્રાન્તિ ઝીલવા શકે તવા બનશે એટલે આપોઆપ આ સંસ્થાનો પ્રભાવ દેશદેશાંતરમા ભારતની સંસ્કૃતિ મૂર્તિમંત પ્રચારવામાં અગ્રદૂત બનશે એ વાત મને પૂરી શ્રદ્ધા છે.

સંતબાલ

'सत्यं शिवं सुन्दरम्'

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ છેલ્લા ત્રીશ વર્ષ દરમિયાન અનેક વિષયો ઉપર લખેલા લેખોમાંથી પસંદ કરીને આશરે ૨૭૫ પાનાનો એક લેખસંગ્રહ શ્રી મુંબઇ જૈન યુવકસંઘ તરફથી થોડા સમયમાં પ્રગટ થનાર છે. તે લેખસંગ્રહનું નામ 'सत्यं शिवं सुन्दरम्' રાખવામાં આવ્યું છે અને તેની કીમત રૂા. ૩) નક્કી કરવામાં આવી છે. આમ છતાં પણ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને અને 'પ્રબુધ્ધ જીવન'ના ગ્રાહકોને આ પુસ્તક પોસ્ટેજ સિવાય રૂા. ૨) માં આપવાનું ઠરાવવામાં આવ્યું છે. જે કોઇ સભ્ય અથવા ગ્રાહક સંઘના કાર્યાલયમાં આગામી મે માસની પહેલી તારીખ પહેલાં નકલ દીઠ રૂા. ૨) ભરીને પોતાનાં નામ નોંધાવી જશે તેને આ લાભ મળી શકશે. તો સંઘના સભ્યોને તેમ જ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને આ પુસ્તકના આગળથી ગ્રાહક થવા વિનંતિ છે.

૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ, **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**
મુંબઇ ૩.

સ્વ.મણિભાઇ સ્મૃતિફંડ

જે સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહમાં વપરાવાનું છે.

૧૫૬૬૨		અગાઉ સ્વીકારેલા
૧૦૧	શ્રી	મંગળદાસ જેઠાભાઇ એન્ડ સન્સ
૧૦૧	,,	હીરાલાલ મંછાચંદ શાહ
૧૦૧	,,	જીવણલાલ હલ્લુભાઇ શાહ
૫૧	,,	પાસુભાઇ ખીમસી પુરિયા
૫૦૧	,,	મણિલાલ શામજી વિરાણી
૫૦૧	,,	અરૂણકુમાર મણિલાલ વિરાણી
૫૧	,,	પરમાનંદ કુંવરજી કાપડિયા
૧૦૧	,,	ચીમનલાલ મોતીલાલ પરીખ
૧૦૧	,,	ભીખાભાઇ ભુદરભાઇ ઠાકોરી
૧૦૧	,,	મનુભાઇ ગુલાબચંદ કાપડિયા
૫૧	,,	ચીમનલાલ પોપટલાલ શાહ
૧૨૫	,,	સુમતિચંદ્ર શિવજી શાહ
૫૦૧	,,	રતનચંદ ચુનીલાલ ઝવેરી
૧૦૧	,,	જે. પી પારેખ
૧૮૧૫૦		૧૫૨૨૫ વસુલ ૨૯૨૫ બાકી

માતાનું આક્રંદ

(ગતાંકથી ચાલુ)

(ગતાંકમાં આ મૂળ અંગ્રેજી લેખની ભૂમિકા આપવામાં આવી છે જે આ લેખ વાંચવો શરૂ કરતાં પહેલાં જોઈ જવા વાંચકોને વિનતિ છે. તંત્રી)

મૃત્યુની ઘટના હંમેશાં સૌ કોઇને એકાએક જીવન પ્રત્યે અભિમુખ કરે છે. કોઇ પણ ઘટના-બાળકના જન્મસરખી ઘટના પણ-મૃત્યુ જેટલી આપણને જીવનાભિમુખ બનાવી શકતી નથી.

જૉની મગજની ગાંઠ (Brain Tumour) થી પંદર મહીના સુધી રીબાયા કરતો હતો. તેને સત્તરમું વર્ષ ચાલતું હતું. વળતી સવારે હું તેને જોવા પામીશ કે નહીં એવી આશંકા સિવાય એક પણ રાત્રે હું તેનાથી છૂટી પડી નહોતી. નિત સવારે ઉઠીને તેને મળતાં જાણે મારી કૂખે તેનો નવો જન્મ થયો હોય, ઇશ્વરે મને તે ફરી ભેટ દીધો હોય એવી લાગણી મને થતી. તેના જીવનનો ઉગતો એકએક દિવસ ઇશ્વરની વિશિષ્ટ કૃપા સમાન હતો.

આપણા બાળકનું મૃત્યુ જ્યારે આપણા માથા ઉપર ઝૂમી રહ્યું હોય છે ત્યારે આપણા મનમાં-હૃદયમાં-આત્મામાં સવાલો પર સવાલો ઉભરાય છે. તે પાર વિનાના પ્રશ્નો ઉભા કરે છે, અને દરેકનો જવાબ વળી નવો જ પ્રશ્ન જન્માવે છે. આ જીવનનું રહસ્ય શું હશે ? વસ્તુ વસ્તુ વચ્ચે શો સંબંધ હશે ? જીવન અને મરણ વચ્ચે શો સંબંધ હશે ? વ્યકિત અને કુટુંબ વચ્ચે શો ? લગ્ન અને છૂટાછેડા વચ્ચે શો ? વ્યકિત અને રાજ્ય વચ્ચે શો ? દવા અને સંશોધન વચ્ચે શો ? વિજ્ઞાન અને રાજકારણ અને ધર્મ વચ્ચે શો ? વ્યકિત, સમષ્ટિ અને ઇશ્વર વચ્ચે શો ?

આ બધા સવાલો કોઇને કોઇ નિમિત્તે મારા મનમાં ઊઠી રહ્યા હતા; અને જોનીની પંદર મહીનાની ' મરણપથારી દરમિયાન તેની સાથે એક યા બીજી રીતે આ પ્રશ્નો હું ચર્ચતી હતી. તે માત્ર ધીમે ધીમે મરી રહ્યો હતો એમ જ નહિ, દિવસો દિવસ તે જાણે જીવતો હતો, મરતો હતો અને ફરી પાછો જીવિત બનતો હતો. અમને તે દરેક દિવસ કેટલો વહાલો લાગતો હતો ! રોજ રાત્રે છુટા પડતી વખતે હું જ્યારે તેને ચૂમવાને નીચે નમતી હતી ત્યારે "બા, આજે એક વધારે સરસ દિવસ પસાર થયો" એમ તે બોલી ઉઠતો.

આ સવાલોના અનેક જટિલ અને પાંડિત્યભર્યા જવાબો છે કે જે માણસો હજારો વર્ષથી વિચારી રહ્યા છે અને જેના વિષે તેમણે હજારો પુસ્તકો લખ્યાં છે.

પણ એ બધાંને અંતે જ્યારે એ સૌ પુસ્તકો અને શબ્દો બાજુએ મૂકીએ છીએ, અને જ્યારે આપણી જાતમાં અંતર્મુખ થઇએ છીએ, જ્યારે આપણે ઇશ્વરનું સાન્નિધ્ય અનુભવીએ છીએ ત્યારે આપણા હૃદયમાં શું ચાલી રહ્યું હોય છે ? માત્ર આટલું જ કે :

'મને એમ થાય છે કે જોનીને હજીયે વધારે ચારેક વરસ હોત તો સારું હતું ?'

જોનીના મૃત્યુ બાદ દુનિયાના દેશેદેશમાંથી, અનેક માયાળુ મિત્રો તરફથી સંખ્યાબંધ પત્રો અમને મળ્યા છે. પોતપોતાની આગવી રીતે આશ્વાસન આપતા પણ તેમાંના ઘણાખરામાં એક જ વિચાર વહેતો જણાયો છે-ઇશ્વરેચ્છાનો આ ગૂઢ પ્રહાર કે જેનો કોઇ ખુલાસો થઇ શકતો નથી, જે દેખાય છે અન્યાયી, છતાં ઇશ્વરેચ્છા હોઇને આપણી મર્ત્યમાનવીની મતિની પારની કોઇ મહાયોજનાનો એવો અંશ હશે કે જે કદાચ મરનારને માટે-બલકે અમારે માટે-'ડુંગીનું વિઘ્ન સોયે સર્યા' જેવો હશે-એવા એ પ્રહારને ઝીલી રહેલા અમે દંપતી પ્રત્યે સમસંવેદના.

ખરી રીતે પોતાના બાળકને આવી રીતે મૃત્યુશરણ થતો અનુભવતાં મને તો તેમાં બીજા અનેક તત્વો પડેલાં હોવાનું જણાયું છે.

એક તો એ કે મને એમ કદિ નથી લાગ્યું કે ઇશ્વરે કોઇ ખાસ હેતુસર-વૈરના કે ઉદ્ધારતાના-તેને અથવા તો અમને વીણી કાઢયા હતા. એક રીતે કહું તો મને એમ પણ લાગ્યું નથી કે આ ઘટનામાં ઇશ્વર અંગત રીતે જરાય સંડોવાયલો હતો. હું જીવનભર સામાન્ય માન્યતા કરતાં વધુ ડંડાણથી ને સાહજિકતાથી ઇશ્વરની વાસ્તવિકતાનું ભાન અનુભવતી આવી છું. દેવળમાં હોઉં ત્યારે કે બહાર, મૂઝવણમાં હોઉં ને ગમગીન હોઉં ત્યારે કે ખૂબ પ્રસન્ન હોઉં ત્યારે,-દરેક અવસ્થામાં મેં હંમેશાં ઇશ્વરની પ્રાર્થના કરી છે, મારું હૈયું તેની આગળ ઠાલવ્યું છે. જોનીની લાંબી માંદગી દરમિયાન, સ્વાભાવિક રીતે જ સતત ઇશ્વરની પ્રાર્થના કરતી રહી છું. ઇશ્વર સદોદિત ત્યાં હતો જ. અમે જ્યારે ડોકટરોનાં નિદાન સાંભળતા હોઇએ, ઓપરેશન થીએટરની બહાર પરિણામની રાહ જોતા લાંબા વખત સુધી બેઠાં હોઇએ, અથવા તેને થોડા વખત માટે સાજો થયેલો જોઇ તે ચમત્કારથી હરખાતાં હોઇએ કે વળી ડોકટરો હાથ ધોઇ નાંખે ત્યારે બધી આશા લુપ્ત થતાં વેદનાથી વલોવાતા હોઇએ,-એ બધા પ્રસંગે ઇશ્વર જાણે અમારી પડખે જ બેઠો છે એવું એનું સાન્નિધ્ય મેં અનુભવ્યું છે. જ્યારે ડોકટરો અસહાય બની જતા, અમે અસહાય થઈ જતાં ત્યારે અમારી આ મૂંઝવણ ની પળે અગાડી પડખે ઉભો રહેલો એ દયાળુ, કૃપાળુ, સર્વજ્ઞ, સર્વશકિતમાન પરમાત્મા હતો જાણે અસહાયતા દાખવતો અમને જણાતો.

જીવન એ રાસાયણિક, ભૌતિક અને આધ્યાત્મિક વિકૃતિઓનું અગણિત પરિણમન છે. અતિ જટિલતાથી ભરેલા અને છતાં તદ્દન સાદામીધા એવા જે જીવનધર્મો-જીવનનિયમો-જોનીનું નિર્માણ કર્યું હતું એ વિરલ અને મૂલ્યવાન આત્મા, એ માધુર્ય, એ પ્રસન્નતા, એ બહાદૂરી, એ ધૈર્ય; કારણ કે જેવી સરળ અને સીધી રીતે એ પોતાના રાસાયણિક પ્રયોગોની નોંધ કરતો હતો તેવી જ રીતે લખાઓલી તેની ડાયરીમાંથી તેના મૃત્યુ પછી અમને માલૂમ પડયું હતું કે પોતાની માંદગી કેટલી ગંભીર છે તેનો તેને પ્રારંભથી એક સરખો ખ્યાલ હતો અને જ્યારે બધું બરોબર છે અને તે તદ્દન સાજો થઇ ગયો છે એવો અમે તેની સાથે હસતા મોઢે ઢોંગ ચલાવતા હતા ત્યારે તે પણ અમારી સાથે એવો દેખાવ ધારણ કરીને વર્તતો હતો અને ગાયન ગાતા સૈનિક માફક અથવા તો રિમત વરસાવતા દાદા સન્ત પુરુષ માફક ધૈર્યપૂર્વક અમારો ભાર ઉપાડતો હતો. આવા જોનીને જેણે પેદા કર્યો હતો એ જીવનધર્મો-જીવનનિયમે જ પોતાનું કાર્ય કરતાં જોનીનો નાશ કર્યો હતો. ઇશ્વર પોતે પણ આપણાથી જરા પણ ઓછો કે ઉતરતો નહિ એવો એ ધર્મનો-એ નિયમનો-જ ભાગ હતો. જોની એક અસાધારણ આકર્ષણ ધરાવતો, સૌ કોઇને હેત આવે એવો ચેતનભર્યો માનવી હતો. તેનામાં કયું પાપ દેખાતું નહોતું. માત્ર તેજસ્વી પુણ્યમૂર્તિ જેવું તેનું દર્શન હતું. તેને જે કોઇ જાણતા હતા તે સર્વ કોઇ, લિંકન, રીવરડેઇલ અને ડીયરફીલ્ડના તેના મિત્રો અને અધ્યાપકો, મેડિસનના ગ્રામ્યવિભાગમાં વસતા અમારા પાડોશીઓ સૌ તેની ભદ્રમનસાઇ અને પ્રાણમયતાની ઉષ્મા અનુભવતા હતા. આમ છતાં શરીરના માત્ર એક જ અણુમાં વિકૃતિ શરૂ થતાં, તેને પરિણામે તેણે પોતાનો જાન ગુમાવ્યો. પણ વિવિધ સ્વરૂપો ધારણ કરતો વિકૃતિનો એ નિયમ વિશ્વનો જ નિયમ છે. તે બીનઅંગત છે. અનિવાર્ય છે. શોકને તેની સાથે કશી લેવાદેવા નથી. કાંઇ નહિ તો મારા શોકને તો તેની સાથે કશો જ સંબંધ નથી.

મારું દુઃખ, મને લાગે છે કે, આ વિશ્વવ્યાપી કાનૂન કે શક્તિ સામે બળવાની કે શૂન્યતાની કોઇ વૃત્તિ નથી. મારા દુઃખનું સ્વરૂપ મને વધારે સાદું અને છતાં વધારે ગમગીની ઉપજાવનારું લાગે છે. અનન્ત શક્તિના ધારણ કરનાર ઈશ્વર અને તેના વિશ્વવ્યાપી કાનૂનોનો જ્યારે હું વિચાર કરું છું ત્યારે હું ગંભીર બની જાઉં છું, પણ મારી આંખો અશ્રુભીની થતી નથી. પણ 'સાઉન્ડ' નદીના પટ પર થઇને વહેતી વેગભરી પવનલહરી, ખુશનુમા હવા, પ્રાતઃકાળનો મધુર આતપ, કોઇ સુન્દર જળનૌકા—આ પવન, આ ઉજળો તડકો, આ જળનૌકા—જોનીને કેટલી બધી ગમત! આવા વિચારો મને હલકાં મૂકીને મારી આંખોમાંથી આંસુ પડાવે છે.

જે કંઇ તે ચાહતો હતો તે સર્વ વસ્તુઓનું દર્શન મારા હૃદયને ચીરી નાંખે છે, કારણ કે તેનો ઉપભોગ કરવા માટે હવે તે આ દુનિયા ઉપર નથી. તે ચાહતો હતો તે બધી વસ્તુઓ! જેની ઉપર પાંઉ શેકાતા હતા તે ખુલ્લી સગડી, એક હાથમાંથી બીજા હાથમાં પસાર થતા સ્વાદિષ્ટ કેક, તાજા ફળો, પાકીને લાલકાળાં થતાં ચેરી ફળ, દૈનિક અને સામાયિક પત્રોનાં વિજ્ઞાન-લેખો, અભિનવ રોમાંચિક શોધો. વિશાળ સમુદ્રકિનારે અમે ચાંદનીમાં ફરતા હોઇએ ત્યારે સંભળાતો બર્કશાયરનો સંગીત સમારંભ—આ બધું તેને કેવું ગમતું! આજના સાંસ્કૃતિક પુનરુત્થાનકાળનાં અનેક બાળકોની માફક તેની બુદ્ધિ વિવિધ વિષયગામિની હતી. તે અનેક વસ્તુઓને ચાહતો હતો. રસાયનશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રનો તેને ખાસ શોખ હતો, પણ શિશુકાળના શાળાજીવન દરમિયાન તેણે પાણી ઉપર સરી રહેલી હોડીઓ અને સરકસોનાં ઉલ્લાસભર્યાં ચિત્રો ચીતર્યાં હતાં, નાચતાં રીંછો, ગેડી દેડે રમતું બાળક અને એવાં એવાં રમકડાં બનાવ્યાં હતાં, અને પીઆનો તથા વાયોલીન જેવાં વાજિંત્રો પણ તે વગાડતો. તે ટીકીટોનો સંગ્રહ કરતો, અને જાતજાતના પથ્થરો પણ સંઘરતો. આ પથ્થરો તેને ખૂબ વહાલા હતા. તે એનું જાતવાર વર્ગીકરણ કરતો અને પોતાની વર્કશોપમાં તેને ઘડી છોલીને પોલીશ પણ કરતો. અને કનેકટીકટના ટેકરાઓમાંથી પણ ગાર્નેટના સુંદર ટુકડાઓ ખોદી લાવતો.

પણ તેના દિલને સૌથી પ્યારી વસ્તુ તો તેની રસાયણશાસ્ત્રની પ્રયોગશાળા હતી. ગામડામાં કે શહેરમાં જ્યાં તે જતો ત્યાં તે ઉત્તરોત્તર વિકાસ પામતી હતી. પહેલાં કદિ નહિ થએલા અખતરા પ્રયોગો તે કરવા ચાહતો. વિજ્ઞાનના નિગૂઢ સિધ્ધાન્તોનું મનન કરવું તેને ખૂબ ગમતું હતું અને અનેક સિદ્ધાન્તોનો સમન્વય કરવા તે સતત મથતો હતો.

તેના દિલમાં અનેક આકાંક્ષાઓ હતી, જેને ફળીભૂત થયેલી જોવા પૂરતું તે જીવી ન શકયો. પણ તેણે એક મનોરથ તો જરૂર સિધ્ધ કર્યો; ડીઅરફીલ્ડમાંથી ઊંચા વર્ગ સાથે ડિગ્રીની પ્રાપ્તિ. દોઢ વર્ષ સુધી શાળાએ ન જઇ શકાય એવી લાંબી માંદગી હોવા છતાં હોસ્પિટલ તેમ જ ઘરમાં તેણે શિક્ષકો રાખીને પોતાના વિષયની આગ્રહપૂર્વક તાલીમ લીધી, પોતાના વર્ગની તેમ જ કોલેજની પરીક્ષાઓ આપી અને છેવટે પદવી લેવા માટે તે ડીઅરફીલ્ડ પણ ગયો. માથા ઉપર પાટો બાંધેલો એવો છતાં ઊંચા મસ્તકે ચાલતો તે પોતાનો ડીપ્લોમા લેવા માટે ઠેઠ મંચ સુધી ચાલતો ગયો ત્યારે તેના ફિક્કા છતાં જુવાન દેહ અને સિધ્ધિનો આનંદ ચમકાવતી ભૂરી આંખવાળી આકૃતિને વિદ્યાર્થીઓએ હર્ષનાદથી વધાવી લીધો હતો. ત્યાર બાદ એક જ પખવાડિયે તે પરલોક સિધાવ્યો.

આજે મારા હૃદયને વિદારી રહ્યું છે તે દુઃખ શું છે?

એ કોઇ મૃત્યુનો ભય નથી, કે હવે પછી શું થશે તેની કોઇ ચિન્તા નથી. ગયા ઉનાળે મેડીસનમાં એક રાત્રે ઊંઘ ન આવવાથી મારી ડાયરીમાં મેં લખેલું કે "મૃત્યુની સામે સીધેસીધું જો! મોતની આંખમાં આંખ પરોવીને જોવું અને લેશ પણ તેનાથી બીવું નહીં. જેટલું જીવનને તેટલું જ મૃત્યુને પણ મિત્રભાવે નિહાળવું, અનુભવવું. મૃત્યુ પણ જન્મની માફક જીવનનો એક અંતર્ગત ભાગ છે; એ કોઇ છેવટનો ભાગ નથી. મૃત્યુ એ અંતિમ દશા છે એમ હું માનતી નથી. સદાકાળ ચાલી રહેલા કોઇ નાટકના એક અંકનું તે છેલ્લું દૃશ્ય છે, મૃત્યુની સામે સીધેસીધું જો. તે એક મિત્રની આકૃતિ છે, માયાળુ આકૃતિ છે, તેમાં ગમગીની છે, સંકોચ છે, નાખુશી છે, પોતાનું આગમન પ્રિય નથી તે તે જાણે છે અને છતાં વખત આવ્યે પોતાનો ભાગ તેને ભજવવાનો છે એ પણ તે જાણે છે અને જાણે કે તે એમ કહેતું હોય છે કે તું ચાલી આવ; મારી સાથે ચાલી નીકળવું, તું ધારે છે એટલું, દુઃખદ નહિ લાગે બી માં; તને શું લાગે છે તે હું જાણું છું, છતાં આવ—સંભવ છે કે તને બીજા પણ ચમત્કારોનો અનુભવ થાય. મૃત્યુ વિષે કોઇ ભય ધરવાની જરૂર નથી, તેની સાથે લડવાની જરૂર નથી, તેની સામે શત્રુભાવ દાખવવાની જરૂર નથી. જીવન વિષે જેટલો જ મૃત્યુ વિષે મિત્રભાવ ચિન્તવવો યોગ્ય છે, પણ આ બધું મારા પોતાના મૃત્યુ વિષે બરોબર છે. પણ જોનીના મૃત્યુ વિષે—ઓ ઇશ્વર, તેના મૃત્યુ વિષે—એમ વિચારવું મારા માટે શકય જ નથી જીવનની અનેક બાજુઓના પ્રગટીકરણથી જીવનના અનેક સુમધુર તત્ત્વોથી તે તદ્દન વંચિત રહી જાય એટલી નાની તેની ઉમર હતી. અનેક આશ્ચર્યજનક ચમત્કારી વસ્તુઓ કરવાની, સંવેદવાની, જોવાની, સાંભળવાની, સ્પર્શવાની, સૂંઘવાની, આસ્વાદની, અનુભવવાની ભોગવવાની—આ સર્વથી શું તેણે વંચિત થવાનું? જીવનનો શો આનંદ છે? જીવનના આ આનંદની કેમ કોઇ વાત કરતું નથી? શા માટે તે આનંદને કોઇ પોકારતું નથી, ગાતું નથી, તે વિષે લખતું નથી? જોની સાથે વાંચવા માટે હું પુસ્તકો શોધું છું તો ગમગીની, કટુતા ભયત્રસ્તતા તિરસ્કાર, મૃત્યુ, નાશ, શાપ અને કંઇ નહિ તો જે બને તે તીવ્ર માયું રાખીને સ્વીકારી લેવું-આવું બધું આ પુસ્તકોમાં ભરેલું માલુમ પડે છે. જેમાં આનંદભર્યો હોય, જીવનનાં મહાન એકાંત સાદા આનંદને, વિનોદને આહલાદને, લીલાને જે વ્યકત કરતાં હોય એવાં કોઇ પુસ્તકો મળતાં જ નથી."

જોની અનેક વસ્તુઓ મારી સાથે, પોતાના મિત્રો સાથે, ઘરમાં તેમ જ નિશાળમાં માણતો હતો. બધી જ સાદી રોજીંદી વસ્તુઓ; ખાવું, પીવું, ઉંઘવું -જાગવું. અમે સાથે મળીને રાંધતાં, ભાતભાતની વાનીઓ રેસ્ટરેહના ફેરફાર સાથે તૈયાર કરતાં; અમે બાગબાની કરતાં મચ્છી પકડવા જતાં, હોડીમાં સહેલ કરતાં. અમે નાચતાં, ગાતાં અને રમતાં. ભાંગેલી વસ્તુઓની મરામત કરતા, બીજળીના તાર તથા બાગબાનીનાં સાધનો સમારતાં લાકડા ફાડતાં ને તાપણાં કરતાં. એક જૂના નાકાઘરમાં ઉભી કરેલી જાતજાતની કરામતોવાળી લેબોરેટરીમા—વર્કશોપમાં અમે સાદા તેમ જ જટિલ ભાતભાતના પ્રયોગો કરતાં.

અનેક પુસ્તકો અમે સાથે વાંચતાં: જૂની કથાનું સુન્દર બાળસાહિત્ય. કુમાર સાહિત્ય અને પછી મોટી વય માટેનું સાહિત્ય. અમે મોટેથી બર્નાડ શોનાં નાટકો વાંચતાં. હું વાળુ કરી લીધા પછીનાં વાસણો સાફ કરતી હોઉં અને છોકરાઓ 'મેન એન્ડ સુપરમેન' વાંચતાં કિલકિલાટ કરતાં હોય એ સાંભળીને ખુદ બર્નાર્ડ શોને પણ કેટલો બધો આનંદ થયો હોત! રીચાર્ડઝના 'બેઝીક ઇંગ્લીશ'માં અનુવાદિત કરેલું 'પ્લેટોનું રીપબ્લીક' અને રસેલ તથા સેઇન્ટ એક્ઝ્યુપેરીનાં પુસ્તકો વાંચતાં. રવિવારના દિવસોએ અમારે ઘેર જ અમે ચર્ચ બનાવી દેતાં. અમે ઘરબહાર સમુદ્રકિનારા ઉપર બેસતા અને 'બાઇબલ ઓફ ધ વર્લ્ડ'માંથી, 'જુના તેમ જ નવાં ટેસ્ટામેન્ટ'માંથી, 'પયગંબરો અને ઇશુ'માંથી તેમ જ બુધ્ધ, કોન્ફ્યુશિયસ અને મહમ્મદ પયગંબર વિષે પણ વાંચતાં. કદી કદી ફિપનોઝા, આઇન્સ્ટીન, જહાઇટહેડ, જીન્સ, ઓડિંગર અને મોમનું સાહિત્ય પણ વાંચતાં.

કામની અને નકામી, અર્થવાળી અને અર્થ વગરની અનેક બાબતોની ચર્ચા કરતાં. તાજા સમાચારો કે ઇતિહાસ—ખાસ કરીને અમેરિકન ઇતિહાસ—તથા તેની અનેક બાજુઓ વિષે ચર્ચા કરતા—જે બે કુળમાંથી તે જન્મેલો તે જર્મન અને હિબ્રુના બે મહાન વારતાનાં તત્ત્વો વિષે ભૂતકાળનાં અને વર્તમાનકાળનાં સામ્રાજ્યો

વિષે, હિંદની આઝાદીની અહિંસક લડત વિષે, અને પેલેસ્ટાઇનમાંના આરબ અને યહુદીઓ વચ્ચેના સમાધાન વિષે–આમ અનેક બાબતો વિષે અમે ચર્ચા કરતાં. માનસશાસ્ત્ર–ફ્રોઇડ અને તેના સિધ્ધાન્તોથી માંડીને સમાજમાં વિવિધ લોકોનાં ચિત્ર-વિચિત્ર વહેવાર વર્તન તથા છેક પિત્તળની બીલીઓ જેવી સામાન્ય બાબતો વિષે અમારી વાતો ચાલ્યા કરતી–અમે અર્થ વિનાની રમતો રમતાં, પાનાં ખેલતાં અને જાતજાતની ધમાલ ઉભી કરતાં.

અમે કદિ કદિ દરિયાના વિશાળ પટ ઉપર હોડીની સફરો કરતા : કદીક શાન્ત સાગર પટ ઉપર હોડી સ્થિર પડી રહેતી તો કદી દરિયાઇ તોફાનમાં સપડાઇ આમ તેમ ઝોલાં ખાવા માંડતી અને એ તોફાનમાંથી અમને બચાવીને કોઇ કિનારે લઇ આવતું અને મોટા સમુદ્રપ્રવાસોની તેમ જ ભાતભાતની બીજી યોજનાઓ પણ અમે અવારનવાર વિચાર્યા કરતા.

કોલેજના અભ્યાસો, કામધંધાના પ્રકારો, પ્રેમ અને તેમાંથી પરિણમતા લગ્નની સંસ્થા, સારા સમાજમાં સારું જીવન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય એવા એવા વિષયો અમે ચર્ચતા.

અમે વર્તમાન કાળથી પણ જરા આગળ નજર રાખીને હંમેશાં ચર્ચા કરતા. એક રીતે જેમ જેની પોતાનાં રાસાયણિક દ્રવ્યો વિષે કલ્પનાઓ કરતો હતો, જેમ ચિત્રકારો પોતાનાં સ્વભાવિક ચિત્રસાધનો વડે નવાં નવાં ચિત્રો પેદા કરે છે તેવી રીતે હું જેની સંબંધમાં પ્રયોગો કર્યા કરતી હતી. હું તેને એક નવીન પ્રકારનો માનવી, ભયમુકત અને સ્નેહયુકત એવો એક સચેત માનવી, પૃથ્વી ઉપરના ગમે તે ખૂણે ગોઠવાય એવો અને હંમેશાં અને સર્વત્ર જીવનને ચાહનારો એવો સુસંપન્ન માનવી બનાવવા મથતી હતી. આ અમારા પ્રયોગ વિષે પણ અમે સાથે મળીને ચર્ચા કરતાં હતાં.

અમારા આ પ્રયોગને સફળ બનાવવા માટે તે પણ પોતાનો ભાગ પુરેપુરી રીતે ભજવતો હતો. આજે જ્યારે તે હયાત નથી ત્યારે, મારી પોતાની ત્રુટિઓ, ઉણપો, તેની જરૂરિયાતને પહોંચી વળવામાં હું કેટલી બધી વાર નિષ્ફળ નીવડી હતી આ ખ્યાલ મારા મગજને ભમાવી મૂકે છે. મને લાગે છે કે પોતાના બાળકના મૃત્યુ પછી પોતે જીવી રહેલ છે–આ હકીકતનું–આ એક પ્રકારના પાપનું પણ–પોતાની ઉણપ માત્રનું–દરેક માબાપને ભાન હોવું જ જોઇએ. આપણને લાગે છે કે આપણું બાળક ગુજરી ગયા પછી આપણને જીવવાનો અધિકાર નથી. તેની જીંદગી બચાવવા માટે આપણા જીવનનો ભોગ આપવાનો કોઇ ને કોઇ રસ્તો આપણે શોધી કાઢવો જોઇતો હતો. આમ કરવાને અસમર્થ નીવડતાં તેની દુઃખી ટૂંકી જીંદગી દરમિયાન આપણે પોતે દાખવેલી ત્રુટિઓ આપણા માટે વધારે અસહ્ય માલુમ પડે છે. મને અવારનવાર મનમાં વિચાર આવ્યા કરે છે કે તે નાનો હતો અને પોતાની ચીજો અને પોતાના માબાપ સાથે તે ઘરમાં રહેવા માંગતો હતો ત્યારે મેં તેને નિશાળે ધકેલ્યો ન હોત તો કેવું સારું થાત ? જે લશ્કરમાંથી તેને બહુ ગમતું હતું એવું ઘર રચાયું હતું તે લશ્કર તેના જીવન સુધી મેં લંબાવ્યું હોત તો કેવું સારું થાત ? તે ગુજરી ગયો તે પહેલાં–પ્રોફેસર આઇન્સ્ટીન સાથેનો મેળાપ, હારવર્ડ યાર્ડની મુલાકાત, તેના મિત્ર મેરી સાથે એકાદું નૃત્ય-આવી તેના દિલની છેલ્લી ઇચ્છાઓ અમે પૂરી કરી શકયા હોત તો કેવું સારું થાત ?

આ ઇચ્છાઓ સાવ સાદી દેખાય છે. એમ છતાં તેને તે પૂરી થતાં કેટલો આલ્હાદ થયો હોત ? જીવનની સર્વ અદ્‌ભુત વસ્તુઓ એટલી બધી સાદી છે કે જ્યાં સુધી તે દુર્લભ ન બને, ત્યાં સુધી તેમાં રહેલી અદ્‌ભુતતાનું આપણને ભાન જ થતું નથી. જેની આ બધું ભોગવવાને મારી સમીપ નથી એ પ્રકારની વેદના હું આજે અનુભવી રહી છું ત્યારે જીવનના આનંદ, સૌન્દર્ય અને વિસ્મયકારીતાનું મને જેટલું તીવ્રપણે ભાન થાય છે તેટલું પહેલાં કદિ પણ થયું નહોતું.

આજે જ્યારે પોતાના બાળકોની પજવણીથી માબાપોને અધીરા બનતા, કંટાળતા, થાકતા હું નિહાળું છું, ત્યારે તેમને એમ કહેવાનું મને મન થાય છે કે "પણ તેઓ જીવતા છે–આ તમારું કેટલું મોટું ભાગ્ય છે તે વિચારો. તેમની તમારે સંભાળ લેવી પડતી હશે, તેમનો તમને ભાર લાગતો હશે, પણ વિચાર કરો, તેઓ જીવન્ત છે ! તમે તેમને સ્પર્શી શકો છો આ કેવો ચમત્કાર છે ! જ્યારે તમે હાર્લે-હારવર્ડમાં મેચ રમવાની છે એવા સમાચાર છાપામાં વાંચો છો ત્યારે તમારું બાળક એ હાર્લે-હારવર્ડની મેચ જોઇ શકવાનું નથી, પેરીસમાં જે ઘરમાં તે જન્મ્યું હતું તે ઘર કદિ જોઇ શકવાનું નથી, જે છોકરી ઉપર તેને સ્નેહ છે તેને તમારે ઘેર હવે લાવવાપણું નથી, અને તમારી પુત્રવધૂને ઘરેણાં ચડાવવાનાં નથી. અને પૌત્ર પાત્રોઓ સાથે રમવાનું અને ભાંગફોડ કરવાનું તમારા નસીબમાં નથી–આવા ખ્યાલોના કારણે આખમાં ઉછળી આવતાં આંસુઓને તમારા નસીબમાં રોકવાપણું નથી. આનો વિચાર કરો–મરી ગયેલાનો નહિ પણ જીવતાનો. આનંદો અને ગાઓ."

જે માબાપોએ બાળક ગુમાવ્યું છે તે હું શું કહેવા માંગું છું તે જરૂર સમજશે, અનુભવશે. બીજાઓ, સહ્રદયે, નહિ સમજી શકે. એમ છતાં પણ મને આશા છે કે, તેઓ પોતાનાં બાળકોને જરા વધારે ઉલ્લાસથી, ઉમળકાથી, આનંદની વધારે સચોટ સભાનતાથી ચુમશે, ભેટશે.

મને થાય છે કે જેની જીવતો હતો તે દરમિયાન અમે તેને વધારે ચાહી શકયા હોત. અલબત્ત, અમે જેનીને ખૂબ ચાહતા હતા. જેનીને તેની ખબર હતી. સૌ કોઇ આ હકીકત જાણતા હતા. જેનીને વધારે ચાહવું એટલે શું ? તેનો અર્થ શું ? આજે તેનો શું અર્થ હોઇ શકે ?

આખી દુનિયાના માબાપો કે જેમણે લડાઇમાં પોતાનાં સંતાનો ગુમાવ્યાં છે, તે સર્વના દિલમાં આ પ્રશ્ન ઉભો થયો છે અને તેનો જવાબ શોધવા તેમણે પ્રયત્ન કર્યો છે. મારા માટે, તેનો અર્થ જીવનને વધારે ચાહવું, જીવન વિષે, આપણા સહવાસી માનવબંધુઓ વિષે, જગત વિષે વધારે સભાન બનવું એ છે.

તેનો અર્થ, કાંઇક વિચિત્ર છતાં વાસ્તવિક રીતે, પાપના, દ્વેષના, મત્સરના ખ્યાલોને મનમાંથી ભુંસી નાંખવા અને તે ખ્યાલોનું દુઃખ અને યાતનાના રસાયણ વડે, વિશાલતા અને પ્રેમમયતાના ખ્યાલોમાં રૂપાન્તર કરવું તે છે.

તેનો અર્થ બીજા લોકો વિષે, ઘેર તેમ જ બહાર, આખી પૃથ્વી ઉપરના લોકો વિષે, વધારે ચિન્તા, સમતા ધરાવતા થવું એ છે. તેનો અર્થ ઇશ્વર વિષે વધારે ચિન્તા ધરાવતા થવું, વધારે સભાન થવું એ છે.

હું આશા રાખું છું કે અમારું મૃત્યુ થાય ત્યાં સુધી અમે જેનીને વધારેને વધારે ચાહી શકીશું અને તે જેમ મૂકી ગયો છે તેમ અમે પણ અમારી પાછળ પ્રેમ વિષે પ્રેમ–જીવન વિષે પ્રેમ–નો વારસો મૂકી જવા ભાગ્યશાળી થઇશું ?

મૂળ અંગ્રેજી : ફ્રાન્સીસ ગથર

સમાપ્ત

અનુવાદક : પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.